શ્રીમદ્
ભાગવત ચિંતન

ભાગવતાર્થ નિબંધ એવમ્ સુબોધિની આધારિત ચિંતન

ભાગ-૧

સંકલન એવમ્ આલેખન

ડો.જયેન્દ્ર સોની

શ્રીમદ્ ભાગવત્ ચિંતન

ભાગ-૧

આલેખક

ડૉ. જયેન્દ્ર સોની

એમ.એ., એડ.ડીપ્લોમા-વલ્લભ વેદાંત, એમ.એ. (ફીલોસોફી) પીએચ.ડી.

પ્રકાશક

શ્રીવલ્લભ પ્રકાશન

વલ્લભાશ્રય, ૧૦ બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ.વી. રોડ,
કાંદિવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮, મો. ૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com.
Website : www.pushtichetna.com

J:\ANAND SONI\april 2017\kaka mumbai\shreemad bhagawat chintan-01.cdr
Dt.9-4-2017 (first proof 408 page)

શ્રીમદ્ ભાગવત્ ચિંતન (ભાગ : ૧)

આલેખક : **ડૉ. જયેન્દ્ર સોની**
(એમ.એ., એડ. ડીપ્લોમા–વ.વેદાંત, પીએચ.ડી.)
મો. : +૯૧–૯૮૬૯૨૬૪૬૬૮

પ્રકાશક : **શ્રીવલ્લભ પ્રકાશન**
(શ્રીમતિ કલાવતી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ)

પ્રકાશન સહયોગ :

પ્રાપ્તિસ્થાન : **‘વલ્લભાશ્રય’**
૧૦, બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ. વી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨–૨૮૦૧૪૫૧૮,
મો. : +૯૧–૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

મુદ્રક : **ખુશી મલ્ટી પ્રિન્ટ્સ,**
એ/૬૦૮, જોયોસ હબટાઉન,
એસ.ટી. બસ ટર્મિનલ પાસે,
ગીતા મંદિર ચાર રસ્તા, અમદાવાદ.
ફોન : ૦૯૨૨૭૫૦૪૫૫૫

શ્રીમદ્ ભાગવત્ ચિંતન

(ભાગવતાર્થ નિબંધ એવમ્ સુબોધિનીના આધારે)

બે શબ્દ !

‘‘શ્રીમદ્ - ભાગવતં પુરાણતિલકં યદ્વૈષ્ણવાનાં ધનં
યસ્મિન્ પારમહંસ્ય મેવ મમલં જ્ઞાનં પરં ગીયતે,
યત્રજ્ઞાન-વિરાગ-ભક્તિ-સહિતં નૈષ્કર્મ્યમાવિષ્કૃતં
તચ્છૃણ્વન્ પ્રપઠન વિચારણ પરો ભકત્યા વિમુચ્યેન્નરઃ.’’

શ્રીમદ્ ભાગવત સર્વ પુરાણોમાં શ્રેષ્ઠ છે. વૈષ્ણવનું એ ધન છે. શ્રીમદ્ ભાગવતમાં પરમહંસોનું નિર્મલ પરમ જ્ઞાન ગાવામાં આવેલું છે. તેમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સહિત નિષ્કામ-કર્મ પ્રકટ કરવામાં આવ્યું છે. શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, પ્રયત્નપૂર્વક નિયમિત રીતે, એનો પાઠ કે અર્થનો વિચાર કરનાર ભક્તિથી મુક્તિ પ્રાપ્ત કરે છે. આ રસ મળતો નથી - સ્વર્ગમાં કૈલાસમાં કે વૈકુંઠમાં ! મળે છે - માત્ર પૃથ્વી ઉપર ! તે સદ્ભાગ્યશાળી લોકોને મળે છે, માટે એનું પાન કરો. ક્યારેય તેને છોડશો નહીં.

ભાગવતનો પરિચય આપવાનો ન હોય. ભગવાનનું વાંગ્મય સ્વરૂપ હોવાથી તે **‘સ્વયં પ્રકાશિત’** છે. **‘આનંદ રૂપ સાકાર શ્રી હરિની લીલાનું નિરૂપણ, એ ભાગવત્શાસ્ત્ર’**, એમ શ્રી મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે. વળી તેને **વેદરૂપ કલ્પવૃક્ષનું પાકેલું ફળ કહ્યું છે. તેથી તેનો ઘુંટડે ઘુંટડે પીવાનો નિર્દેશ કર્યો છે** શુકદેવજીએ. તેનો રસાસ્વાદ પૂર્ણ રૂપેણ લઈ શકાય, તે માટે શ્રીમદાચાર્ય ચરણે તેની વ્યાખ્યા કરી શ્રી સુબોધિનીજી આલેખ્યા છે. તેમના વિભિન્ન ગ્રંથોનું **પ્રમાણ-પ્રમેય-સાધન-ફળ** રૂપે વર્ગીકરણ કરતાં સુબોધિનીજીને **‘ફલ’** કહ્યું છે. તે જ તેની ઉત્કૃષ્ટતા પ્રમાણિત કરે છે.

‘પ્રમાણ ચતુષ્ટચ’માં શ્રી મહાપ્રભુજીએ ભાગવતને **‘સર્વસંદેહવારક પ્રમાણ’** ગણ્યું છે.

ભાગવતને સમજાવવા તેમણે તેના સાત પ્રકારે અર્થ કર્યા હોવાનો પોતાના વિશિષ્ટ ગ્રંથ **'તત્ત્વાર્થદીપ નિબંધ'**માં ઉલ્લેખ કર્યો છે. તેમણે ભાગવતના કરેલા અર્થો છે - **શાસ્ત્રાર્થ**, **સ્કંધાર્થ**, **પ્રકરણાર્થ**, **અધ્યાયાર્થ**, **શ્લોકાર્થ**, **શબ્દાર્થ** અને **અક્ષરાર્થ**. પ્રથમ ચાર પ્રકારના અર્થ તેમણે નિબંધના **'ભાગવતાર્થ પ્રકરણ'**માં સમજાવ્યા છે, જ્યારે બાકીના ત્રણ અર્થો **'સુબોધિનીજી'**માં આલેખ્યા છે. જોકે સુબોધિનીજી માત્ર પ્રથમ ત્રણ તેમજ દશમ સ્કંધ ઉપર જ ઉપલબ્ધ છે. તેમ છતાં તેને જ્ઞાનનો ભંડાર કહી શકાય. આપશ્રીના પ્રાકટ્યનો એક હેતુજ શ્રી ભાગવતના ગૂઢ અર્થને પ્રકાશિત કરવાનો હતો. તદર્થ જ શ્રી ગુસાંઈજીએ આપનું એક નામ **''શ્રી ભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણ''** બતાવ્યું છે.

મુંબઈ યુનિવર્સિટીના **'વલ્લભવેદાંત'**ના અભ્યાસક્રમથી જોડાયેલ કેટલાક મિત્રો સાથે મળી પાંચેક વર્ષ પહેલા અઠવાડિક સત્સંગનો ઉપક્રમ શરૂ કર્યો હતો, જેમાં વિવિધ વિષયોની ચર્ચા થતી હતી. ભાગવતના મર્મને શ્રીમદાચાર્યચરણોના દૃષ્ટિકોણથી સમજવાના સામૂહિક પ્રયાસરૂપે ત્રણેક વર્ષ પૂર્વે તેને મુખ્ય વિષય બનાવ્યો. તેથી દર અઠવાડિયે **ભાગવતજી** સાથે **'ભાગવતાર્થ નિબંધ'** એવમ્ **'સુબોધિનીજી'**ના આધારે સંક્ષિપ્ત નોંધ બનાવી જીજ્ઞાસુ મિત્રો સાથે ચર્ચા કરવાનો સિલસિલો શરૂ કર્યો હતો. તદ્‌વિષયક નોટ્સ ઝેરોક્ષ કરાવી સૌ મિત્રોને આપવામાં આવતી, અને તેના વાંચન સાથે છણાવટ કરવાની પધ્ધતિ અપનાવવામાં આવી હતી.

તે રીતે લગભગ બે વર્ષ પર્યંત અવિરતપણે આ કાર્યક્રમ ચાલ્યો. પરંતુ દૈવ યોગે ચાર સ્કંધ પૂરા કરી પાંચમા સ્કંધની શરૂઆત કરતાં જ હૃદયરોગના હુમલાના કારણે સત્સંગની પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ. **'ભાગવતચિંતન'**ની આ નોટ્સ મૂળ ભાગવતની સાથે ભાગવતાર્થ નિબંધ તેમજ સુબોધિનીજીને સંકલિત કરીને તૈયાર કરવામાં આવેલી હતી. સામાન્યત : તે બન્ને ગહન ગ્રંથો છે અને શ્રીમદાચાર્યચરણની કૃપાથી જ સમજી શકાય છે. તેને ભાગવતજીની મૂળ કથાને સાંકળી લઈ એક સાથે ચિંતન કરી શકાય તે રીતે આલેખન કરેલું હોવાથી વૈષ્ણવવૃંદને ઉપયોગી થઈ શકે તેવા વિચારથી તેનું પુસ્તકાકારે પ્રકાશિત કરવાનો વિચાર સ્ફુર્યો, જેના પરિણામ સ્વરૂપે આ **'શ્રીમદ્ ભાગવત-ચિંતન'** પુસ્તક તૈયાર થયું છે.

આ પુસ્તકના સંકલનમાં ગો.વા.શ્રી નવનિતપ્રિય શાસ્ત્રીજી દ્વારા આલેખિત **'ભાગવત રસાસ્વાદ'**, ગો.વા.શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી દ્વારા આલેખિત **'ભાગવત પિયુષ'**, પુષ્ટિમાર્ગીય પાઠશાળા, પાટણ દ્વારા પ્રકાશિત ભાગવત, તેમજ ગો.વા.શ્રી નાનુભાઈ ગાંધી દ્વારા આલેખિત **'ભાગવતાર્થ પ્રકરણ'**, તથા તેમના દ્વારા અનુવાદિત **'સુબોધિનીજી'**નો આધાર લેવામાં આવ્યો છે. તે સર્વે મહાનુભાવોનો હું હૃદયપૂર્વક આભાર પ્રકટ કરતાં આનંદ તથા કૃતજ્ઞતા અનુભવું છું, કારણ કે તેમાંના અનેક ઉધ્ધરણોને આ પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. મેં માત્ર સંકલન કર્યું છે.

શ્રી ગોપીનાથજી પંચશતાબ્દિના ઉપલક્ષમાં વિદ્વદ વરેણ્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી દ્વારા ક્રમશ ભાગવત-ચિંતનનો ઉપક્રમ આયોજીત કરવામાં આવેલો, જેના શ્રવણનો પણ લાભ પ્રાપ્ત થયેલો, જે આ આલેખનમાં ઉપયોગી નીવડ્યો છે. તેથી આપશ્રીનું પણ નતમસ્તકે ઋણ સ્વીકાર કરું છું.

સત્સંગ રૂપે પ્રથમ ચાર સ્કંધો પર જ નોટ્સ તૈયાર કરેલી હોવાથી તેમાં આવશ્યક ફેરફાર કરી તેને **ભાગ-૧** રૂપે અત્રે પ્રકાશિત કરવામાં આવેલ છે. છેલ્લા છ માસથી ભાગવત ચિંતનનો ઉપક્રમ **'દશમ સ્કંધ'**ના આધારે પુન : શરૂ કરવામાં આવ્યો છે. આ સત્સંગ ક્યાં સુધી ચાલુ રહેશે તે અનિશ્ચિત છે. પ્રભુ કૃપાથી સ્વાસ્થ્યની અનુકુળતા રહેશે અને દશમ સ્કંધ પૂરો કરી શકાશે તો તેને પણ પ્રકાશિત કરવાનો મનોરથ છે. આગળ ભગવદિચ્છા.

સુબોધિનીજી સહિત 'ભાગવત' જેવા ગહન ગ્રંથનું ચિંતન-મનન-સંકલન-આલેખન ભગવદ્ કૃપા તેમજ ગુરુજનોના અનુગ્રહ વિના તથા વડિલોના આશિર્વાદ વિના સંભવ ન જ બને. આ આલેખનમાં મારા પૂજ્ય ભગવદીયા માતૃચરણ 'કલા બા'ના આશિર્વાદ, જેમણે ભાગવતજીનું અવગાહન નિયમપૂર્વક કર્યુ હતું, ઉપરાંત દીક્ષાદાતા ગુરુદેવ નિ.લી.પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી)ની અહેતુકી કૃપા, એવમ્ શિક્ષાદાતા ગુરુદેવ પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઈ-કીશનગઢ)ના દ્વારા પ્રાપ્ત થયેલો વલ્લભવેદાંતનો યથાર્થ દૃષ્ટિકોણ જ પ્રેરકબળ રહ્યું છે. આપ સર્વે મહાનુભાવોને દૈન્યભાવથી દંડવત્ પ્રણામ કરી તેમના પ્રત્યે મારી હાર્દિક કૃતજ્ઞતા પ્રકટ કરું છું.

આશા છે, ભાગવત સાથે નિબંધ અને સુબોધિનીજીનું આ સંકલન તદ્વિષયક રૂચિ ધરાવનાર સુજ્ઞજનોને ઉપયોગી નીવડશે. ઉતાવળથી પ્રકાશન કરેલું હોવાથી તેમાં ક્ષતિઓ રહી જવા સંભવ છે, જેનું કારણ મારી મર્યાદા છે. વાંચકગણ તેને ક્ષમ્ય ગણાશે તેવી આશા છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રાકટ્ય ઉત્સવ અસ્તુ.
(સને ૨૦૧૭) **ડૉ. જયેન્દ્ર સોની**



શ્રીમદ્ ભાગવત્ ચિંતન

(ભાગવતાર્થ નિબંધ એવમ્ સુબોધિનીના આધારે)

શ્રી સુબોધિનીજીનું માહાત્મ્ય અને મહત્ત્વ કેટલું છે તે આપણે શ્રી હરિરાય મહાપ્રભુના આ વચનથી સારી રીતે સમજી શકીએ છીએ.

નાશ્રિતો વલ્લભાધીશો, ન ચ દૃષ્ટા સુબોધિની,
નારાધિ રાધિકા નાથો, વૃથા તજ્જન્મ ભૂતલે.
(જન્મ વૈફલ્ય નિરુપણાષ્ટકમ્)



જેણે શ્રી સુબોધિનીજીનું અવલોકન નથી કર્યું તેનો જન્મ નિષ્ફલ છે - નિરર્થક છે તેમ અહીં શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે. તેનું કારણ એ છે કે શ્રીમદાચાર્ય ચરણોના મૂલ ગ્રંથોનું **પ્રમાણ-પ્રમેય-સાધન** અને **ફલ** એ રીતે વર્ગીકરણ કરતાં **'સુબોધિની'**ને **'ફલ'** ગ્રંથ કહ્યો છે. વ્યાસજી રચિત અઢાર પુરાણમાં શ્રીમદ્ ભાગવતને **'મહાપુરાણ'** કહેવાય છે કારણ કે તે બધા પુરાણોના મુકુટસમ-શિરમોર છે. સુબોધિની એ શ્રી મહાપ્રભુજીએ કરેલી શ્રી ભાગવતજીની ટીકા-વ્યાખ્યા છે. આપશ્રીના ભૂતલ ઉપર પ્રાગટ્યના અનેક કારણોમાં એક કારણ શ્રીમદ્ ભાગવતના ગૂઢ રહસ્યને પ્રગટ કરવાનું હતું. તેથી જ શ્રી ગુસાંઈજી શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં એક નામ **'શ્રી ભાગવત ગુઢાર્થ પ્રકાશન પરાયણ'** કહે છે. આથી 'ભાગવત'નું તેમજ સુબોધિનીજીનું મહત્વ સમજી શકાય છે.

- **ભાગવત્ શું છે ?**
  - જ્ઞાનાવતાર વ્યાસજીના રૂપે સ્વયં ભગવાને કહેલું તે **ભાગવત**.
  - ભગવાન સાથે સંબંધ ધરાવે, ભગવાનને ઓળખે તે **ભાગવત**.
  - ભગવાનના ભક્તો ભગવાનનું કહેલું કહે તે **ભાગવત**.
  - ભગવાન જ જેનું ફલ છે તે **ભાગવત**.
  - ભગવાનનું વાંગ્મય - નામાત્મક સ્વરૂપ તે **ભાગવત**.

- ભગવાન અને તેમના સ્વરૂપભૂત ભાવભર્યા ભક્તો સંબંધી નિરૂપણ જેમાં છે તે **ભાગવત.**

શ્રીમદ્ ભાગવત ભગવાનની, ભગવાનના ભક્તોની, ભગવાનના ધર્મોની, ભગવાનની લીલાઓની ઓળખ અને તેમાં પ્રીતિ કરાવે છે, સંસારીને કંસારી (કંસના વેરી) ભગવાન શ્રીકૃષ્ણનો બનાવે છે. ગતાર્થને કૃતાર્થ કરે છે, શ્રાન્ત ને શાંત કરે છે, પતિતને પાવન કરે છે, અપાત્રને પાત્ર બનાવે છે, કુટિલને સરલ બનાવે છે, શુષ્કને રસાલ બનાવે છે.

શ્રીમદ્ ભાગવત વયને નહીં, વિત્તને નહીં, વપૂને નહીં, માત્ર વિદ્યાને નહીં પણ ભગવાન સાથેના સંબંધને જ મહત્ત્વ આપે છે.

ભાગવત કરતાં વધારે શુદ્ધિ કરનારું કોઈ સાધન નથી, અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય ત્યારે જ ભાગવત સાંભળવા મળે. દેવો પણ ભાગવત-લાભ ઝંખતા હોય છે.

ભગવાન અને ભગવદીય પદાર્થ યોગ-સમાધિ વગેરે પ્રયોગથી ન સમજી શકાય, ન મેળવી શકાય. એતો માત્ર ભગવદ્ કૃપાથી જ મળે, તેથી જ ભાગવત શાસ્ત્રને ભગવદ્ રૂપ માન્યું છે. ભાગવત ગ્રંથ નથી પણ સ્વયં ભગવાન છે.

શ્રીમદ્ ભાગવત સુજન સાથે સંધિ કરતાં શિખવે છે, તે કોઈની સાથે **વિગ્રહ** (કલેશ) કરાવતું નથી, પોતાનો **નિગ્રહ** (સંયમ) કરતાં શિખવે છે. સદ્વસ્તુનો **સંગ્રહ** કરતાં શિખવે છે, ઈન્દ્રિયોના **પ્રગ્રહ** (લગામ)ને હાથમાં રાખતાં શિખવે છે, પ્રભુનો **અનુગ્રહ** (કૃપા) મેળવી આપે છે, સઘળો **દૂરાગ્રહ** છોડાવે છે, વ્યર્થ સંકલ્પ વિકલ્પમાંથી પણ છોડાવે છે.

• ભાગવતજીની રચના

વ્યાસજીએ સત્તર પુરાણોની રચના કરી તેમ છતાં તેમને અંતઃકરણમાં સંતોષ થયો ન હતો. તેમનું મન ઉદ્વિગ્ત રહેતું હતું. એક સમયે નારદજી તેમને ત્યાં પધાર્યા અને વ્યાસજીને ચિંતાનું કારણ પૂછ્યું. તેમણે પોતાની મનઃસ્થિતિ નારદજી આગળ વ્યક્ત કરી કે **''મેં વેદોનું સંકલન-વિભાગીકરણ કર્યું, ચાર પુરુષાર્થો દેનારું મહાભારત રચ્યું, અનેક પુરાણો રચ્યા, છતાં મારા અંતઃકરણમાં પ્રસન્નતા નથી. હે નારદજી, આપ ભક્તિથી પરિપૂર્ણ છો. આપ મારામાં જે ખુટતું હોય તે વિચારીને કહો.''** નારદજી સ્પષ્ટ વક્તા અને સત્ય વક્તા હતાં, અને સંત હતા એટલે વ્યાસજીને સીધી વાત કહી દીધી કે **''આપે ભગવાનનો અમલયશ મુખ્ય રીતે ગાયો નથી, તેથી જ તમને સંતોષ થતો નથી. આ તમારામાં અધુરપ છે. તમે જેવું ધર્માદિનું વર્ણન કર્યું છે તેવું ભગવાન વાસુદેવના મહિમાનું વર્ણન કર્યું નથી. વ્યાસજી તમે સમાધિ લો. સર્વનો ઉધ્ધાર કરનાર ભગવાન સ્વયં પ્રકાશશે.''** આમ નારદજીના સૂચનથી વેદ વ્યાસજીને સમાધિમાં થયેલ ભગવદ્લીલાના દર્શનનું આલેખન તે **'શ્રીમદ્ ભાગવત'**.

• ભાગવતની ભાષા

ભાગવતમાં ત્રણ ભાષાઓ છે- (૧) સમાધિ ભાષા, (૨) મતાંતર અથવા પરમત ભાષા અને

(૩) લૌકિક ભાષા. વ્યાસજીએ જે વિષય સમાધિ દ્વારા જાણી-સમજીને તેનું વર્ણન કર્યું છે તે **‘સમાધિ ભાષા’** કહેવાય છે. શ્રી ભાગવતમાં **વેદ** અને **ઈતિહાસ** અંગે ઉભયનો સાર છે. જે ભાગમાં વેદનો સાર છે તે ‘સમાધિ ભાષા’ અને જેમાં ઈતિહાસનો સાર છે તે **‘મતાંતર’** અથવા **‘પરમત ભાષા’** છે. આમ સમાધિ ભાષાથી વિપરીત વિષયોનું વર્ણન તે ‘પરમત ભાષા’ છે. જ્યાં શુકદેવજી એમ કહે છે કે ‘હું બીજાઓનું કહેલું કહું છું’ તે ‘પરમત ભાષા’ છે. જ્યાં લોકમાં પ્રસિધ્ધ વિષયોનું વર્ણન છે તે **‘લૌકિક ભાષા’** છે. આ ત્રણે ભાષા કેટલે અંશે પ્રમાણ છે તેનો ખુલાસો શ્રી મહાપ્રભુજીએ ભાગવતાર્થ નિબંધની કારિકામાં કર્યો છે.

• ભાગવતનું પ્રયોજન

શ્રીમદ્ ભાગવત વેદ સમાન છે પણ વેદમાં સૌનો અધિકાર નથી ત્રૈવર્ણિક- **બ્રાહ્મણ**, **ક્ષત્રિય**, **વૈશ્ય** અને તેમાં પણ યજ્ઞોપવિત સંસ્કાર જેમને થયો હોય - તેમનો જ અધિકાર વેદમાં છે. વેદ અને ગાયત્રીનો ઉચ્ચાર કે અભ્યાસ તેઓ જ કરી શકે છે. પરમ કૃપાળુ ભગવાનની ઈચ્છા તેવા અધિકાર વિનાના નો પણ ઉધ્ધાર કરવાની થઈ, તેથી તેમણે પોતે વ્યાસરૂપે અવતાર લીધો. વેદવ્યાસજી ભગવાનના ચોવિસ અવતારોમાંના એક **‘જ્ઞાનાવતાર’** છે. ભાગવતની રચનાનું ભગવાનનું આ પ્રયોજન હતું.

ભગવાન પોતાના **‘રૂપ’** અને **‘નામ’** દ્વારા સૌનો ઉધ્ધાર કરે છે. અવતાર વખતે પોતાના **‘સ્વરૂપ’**થી અને અનવતાર દશામાં પોતાના **‘નામ’** દ્વારા ભગવાન ઉધ્ધાર કરે છે. પ્રાણીમાત્રનો ઉધ્ધાર કરવા માટે સર્વ અવતારના અવતારી ભગવાન શ્રી કૃષ્ણે ભૂતલ પર પધારી સૌને પોતાની લીલાથી કૃતાર્થ કર્યા છે. અવતાર લઈને પધારેલા ભગવાન શ્રી કૃષ્ણની ઓળખ સમગ્ર ભાગવતમાં લીલાગાન દ્વારા આપવામાં આવી છે.

• શ્રી ભાગવત ‘ભક્તિ’નો ગ્રંથ છે

ભાગવત **‘ભક્તિ શાસ્ત્ર’** છે. ઉપક્રમ અને ઉપસંહારથી એમાં ‘ભક્તિ’ જ છે. કર્મ-જ્ઞાન આદિ તેના અંગભૂત કહ્યા છે. પરીક્ષિતે પુછેલા પ્રશ્ન- ‘મનુષ્યનું જીવનભર અને અંત સમયે કર્તવ્ય શું?’ તેના જવાબમાં શુકદેવજી કહે છે- **‘‘શ્રોતવ્ય: કીર્તિતવ્યશ્ચ, સ્મરર્તવ્ય શ્ચેચ્છતા ભયમ્’’** (ભા.૨.૧.૫) અર્થાત્ સર્વાત્મા ભગવાન શ્રી હરિનું **શ્રવણ** કરવું, **કીર્તન** કરવું, **સ્મરણ** કરવું. આ ત્રણ ‘ભક્તિ’ના અંગ, વિશેષણ બતાવ્યા છે, કેમ કે શ્રુતિ વચન છે- **‘‘આત્મા વા અરે દ્રષ્ટવ્ય: શ્રોતવ્ય:’’** અર્થાત્ ‘આત્મા’ શબ્દનો અર્થ દેહ, મન, જીવાત્મા થાય, પણ એ શ્રોતવ્ય નથી, જે ‘સર્વાત્મા’ છે તે જ શ્રોતવ્ય છે. તેથી તેનું શ્રવણ કરવું, તે પણ કેવળજ્ઞાન રૂપ નહીં, પરંતુ જે **ઐશ્વર્ય**, **વીર્ય**, **યશ**, **શ્રી**, **જ્ઞાન** અને **વૈરાગ્ય**, એ ષટગુણ યુક્ત ભગવાન શ્રી હરિ છે, જેમાં દુ:ખ દુર કરવાનું અને ફળ આપવાનું સામર્થ્ય છે, જે **કર્તુમ્-અકર્તુમ્ અન્યથાકર્તુવ્ય**, સમર્થ છે, તે મૂળ રૂપનું શ્રવણ કરવાનો અહીં નિર્દેશ છે.

એ સર્વાત્મા ભગવાન શ્રી કૃષ્ણને કાનેથી સાંભળી શકાય, મુખેથી ઉચ્ચાર થઈ શકે. ભક્તે ગાયેલી તેમની 'લીલા'નું શ્રવણ-કીર્તન થઈ શકે. જો માત્ર 'કૃષ્ણ' શબ્દ સાંભળી લે તો તે તેની લીલા સાંભળી કહેવાય, અને તેનાથી અભય પ્રાપ્ત થાય, જગતમાં બંધન જેવું કાંઈ જ ન રહે. તેમ છતાં કૃષ્ણની લીલા અનંત છે, તેથી કહે છે- **''શેષો ધુનાપિ સમવસ્થતિ નાસ્ય પારમ્''** - અર્થાત્ શેષજી તેમના સહસ્ત્ર મુખેથી ગાન કરે તો પણ તે લીલાને પાર પામી શકે નહીં!

ભાગવતમાં ભગવાનની **'દશવિધ લીલા'**નું વર્ણન છે, જેમાં પ્રથમ પાંચ સ્કંધની લીલા **સર્ગ-વિસર્ગ-સ્થાન-પોષણ** (૩થી ૭) **'અન્વય'**થી અને બીજા પાંચ સ્કંધ **મન્વંતર-ઈશાનુ**કથા-**નિરોધ-મુક્તિ-આશ્રય** (૮થી ૧૨), **'વ્યતિરેક'**થી કહ્યા છે. પ્રથમ બે સ્કંધમાં **અધિકાર** અને **સાધન** બતાવ્યા છે, તે તેના અંગરૂપ છે. માટે ભાગવતનું શ્રવણ કરનારે સંપૂર્ણ શ્રી ભાગવતનું શ્રવણ કરવું જોઈએ. **''દ્વાદશાંગો વૈ પુરુષ:''** એ શ્રુતિ વચન પ્રમાણ શ્રી ભાગવતનો **''લીલા વિશિષ્ટ કૃષ્ણ''** એવો શાસ્ત્રાર્થ શ્રી વલ્લભાચાર્યજીએ કર્યો છે.

• પૂર્ણબ્રહ્મ શ્રી કૃષ્ણનું શ્રી ભાગવત વર્ણન કરે છે

શ્રી ભાગવત પતિપાદ્ય - કૃષ્ણનું સ્વરૂપ શ્રી વલ્લભાચાર્યજીએ મૂળરૂપ માન્યું છે. મૂળરૂપ એટલે જે પરમકાષ્ટાપન્ન સ્વરૂપ છે, જેનું નિર્ગુણ, નિર્વિકાર, નિરાકાર, ચૈતન્યઘન, અતિર્વચનીય એવા શબ્દોથી પ્રતિપાદન કરવામાં આવે છે તે જ બ્રહ્મ- **''કદાચિત્સ્વસૌન્દયં પ્રકટીકરિષ્યન પ્રાદુર્ભૂત: કૃષ્ણ ઈતિ''** - એ સ્વતંત્ર પરબ્રહ્મ નિરાકાર છતાં સ્વ સૌંદર્યને પ્રકટ કરવાની ઈચ્છાથી ભૂતળ ઉપર પધારે છે, ત્યારે **'કૃષ્ણ'** એવા નામ ધારણ કરે છે. પ્રત્યેક કલ્પના દ્વાપર યુગમાં પ્રાદુર્ભત પૂર્ણાનંદ, પરબ્રહ્મ પોતાના સમગ્ર સામર્થ્ય સહિત પ્રકટ થયા તે **'કૃષ્ણ'** ભિન્ન છે, જેમનું તેમજ તેમની લીલાઓનું નિરૂપણ **'શ્રીમદ્ ભાગવત'**માં કરવામાં આવ્યું છે.

તે મૂળરૂપને ભૂતળ ઉપર આવવાનું પ્રયોજન સમજાવતાં શ્રી વલ્લભાચાર્યજી સુબોધિનીજીમાં કહે છે કે **જે નિ:સાધન જીવો પોતાના સ્વબળથી કે શાસ્ત્રોક્ત સાધનો દ્વારા પોતાનો ઉધ્ધાર કરવા અસમર્થ છે, અથવા એવા સાધનોમાં જેમનો અધિકાર જ નથી તેનો ઉધ્ધાર કરવા માટે આપનું પ્રાકટ્ય છે.**

મહાભારતમાં ભીષ્મપર્વાન્તર્ગત - ભગવદ્ ગીતામાં ભગવાને બ્રહ્મજ્ઞાન - ભાગવતજ્ઞાન અર્જુનને આપ્યું તેનું વર્ણન વ્યાસજીએ ભગવદ્-ગીતામાં પોપટની પેઠે કર્યું છે, કેમ કે ભાગવતજ્ઞાન પ્રભુના અનુગ્રહ વગર થાય નહીં, તેથી જ તેમને અનિવૃત્તિ રહી, જ્યારે નારદજીએ વ્યાસજીને ભગવદ્ ગુણો-લીલાનું વર્ણનની આજ્ઞા કરી ત્યારે તેમણે ગીતાના વિસ્તારરૂપ ભાગવત પ્રકટ કર્યું. તે વેદરૂપ છે છતાં લોકોને પુરાણમાં વિશ્વાસ હોવાથી તથા એ ભાગવત સર્વોધ્ધારક હોવાથી તેમણે પુરાણમાં એને દાખલ કર્યું. આમ ભાગવત એ ગીતાજીનું જ **'સદષ્ટાંત વર્ણન'** છે, ગીતાના ગહન જ્ઞાનનું વિસ્તારપૂર્વક વિવેચન છે.

- **ભાગવત ભગવદ્રુપ છે**

શ્રુતિ કહે છે ભગવાન **'પુરુષ'** છે જે દ્વાદશ અંગ વાળા છે- **'દ્વાદશાંગો વૈ પુરુષઃ'.** ભગવાનના દ્વાદશ અંગો જ ભાગવતના બાર સ્કંધોથી પદર્શિત થાય છે. પ્રત્યેક સ્કંધ ભગવાનના એક એક અંગ સમાન છે. આમ, ભાગવત એ ભગવાનનું **'વાંગ્મય સ્વરૂપ'** છે. બાર સ્કંધ અને ભગવદ્ અંગોની સંગતિ નીચે મુજબ છે.

સ્કંધ	**ભગવદ્ અંગ**
પ્રથમ	જમણો ચરણ કમલ
દ્વિતિય	ડાબો ચરણ કમલ
તૃતીય	જમણો બાહુ
ચતુર્થ	ડાબો બાહુ
પંચમ્	જમણો ઊરુ
ષષ્ઠ	ડાબો ઊરુ
સપ્તમ્	જમણો કરકમલ
અષ્ટમ્	જમણું સ્તન
નવમ્	ડાબુ સ્તન
દશમ્	હૃદય
એકાદશ	મસ્તક
દ્વાદશ	ડાબો કરકમલ

શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણને અવતાર નહીં પરંતુ **'અવતારી પરબ્રહ્મ'** સ્વયં કહ્યા છે. તેથી તે પુર્ણપુરુષોત્તમ છે. અન્ય અવતારો તેમના ગુણાવતાર, અંશાવતાર, કલાઅવતાર કે આવેશાવતાર છે. ભાગવત કહે છે- **'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં'**. તેઓ જ ષડગુણ યુક્ત - **ઐશ્વર્ય**, **વીર્ય**, **યશ**, **શ્રી**, **જ્ઞાન** અને **વૈરાગ્ય** યુક્ત ભગવાન છે. આમ ભાગવત ભગવાનનું **'વાંગ્મય સ્વરૂપ'** છે.

પ્રભુને પ્રસન્ન કરવા કે પ્રાપ્ત કરવા માટે પ્રેમ સિવાય કોઈ મુખ્ય સાધન નથી. તે પ્રેમનું નિશ્ચિત સાધન છે - **શ્રીમદ્ ભાગવત.** સંસારમાં વૈરાગ્યપૂર્વક શ્રી ભાગવતના યથાર્થ તાત્પર્યને સમજીને મનનપૂર્વક સ્વયં વાંચન-પાઠ અથવા નિશ્વાર્થ ભાવથી કહેનાર સાત્વિક ભક્તમૂખેથી એક વખતના જ શ્રવણમાત્રથી કૃષ્ણમાં નિશ્ચિત પ્રેમ થાય છે. શ્રી ભાગવતાર્થના અજ્ઞાન કે અન્યથા જ્ઞાનથી ભક્તિ સંભવતી નથી. શ્રી ભાગવત દ્વારા ભક્તિ તો વેલની જેમ વધતી રહે છે, શીઘ્ર કૃષ્ણ-ફલને પ્રાપ્ત કરાવે છે, આનંદરૂપ હરિની આનંદરૂપા લીલા સર્વદુઃખ હરનારી, સુખરૂપા, સ્વતઃ પુરુષાર્થ રૂપા છે. શ્રી ભાગવત શબ્દતઃ અને અર્થતઃ શ્રીકૃષ્ણનું નામાત્મક સ્વરૂપ છે. તેના પાઠથી નિશ્ચિતપણે કૃષ્ણને ધારણ કરી શકાય છે, નિશ્ચિતપણે ભગવાન ભક્તિ પ્રદાન કરે છે.

• ભાગવતના મુખ્ય વક્તાઓ

શ્રીમદ્ ભાગવતજીના મુખ્ય ત્રણ વક્તાઓ છે (૧) **શ્રી શુકદેવજી**, (૨) **નારદજી** અને (૩) **સૂતજી**. શ્રી શુકદેવજીમાં દૃઢ વૈરાગ્ય છે તેથી તેઓ **'ઉત્તમ અધિકારી'** છે. સંસારમાં તેમને દૃઢ વૈરાગ્ય છે તેથી તેઓ ઉત્તમ અધિકારી છે. સંસારમાં જેને દૃઢ વૈરાગ્ય હોય તે શ્રી ભાગવતનું સેવન કરે તો તેને શ્રીમદ્ ભાગવતનું ફલ જલદી મળે. વ્યાસજીના પુત્ર શુકદેવજી સ્વયં ભગવાન શંકરનો અવતાર છે. તેમને શિવ અવતારમાં જ જ્ઞાન અને વૈરાગ્ય સિદ્ધ છે. વ્યાસજી સ્વયં ભગવાનની જ્ઞાન કલાનો અવતાર હોવા છતાં તેમને વૈરાગ્ય ન હોવાથી તેમનો અધિકાર ઉત્તમ નથી ગણ્યો.

ભાગવતની પરંપરા એવી છે કે સર્વ પ્રથમ ભગવાને બ્રહ્માને તે સંભળાવેલું. બ્રહ્માજીએ પોતાના માનસપુત્ર નારદજીને તે ભણાવ્યું. નારદજીએ વેદ વ્યાસજીને ભગવાનના યશનું ગાન કરવા - તેમના મનનો સંતાપ દૂર કરવા સૂચન કરવાથી તેમને જે સમાધિમાં સ્ફુર્યું તે આલેખિત કર્યું અને પોતાના પુત્ર શુકદેવજીને તે સંભળાવ્યું. શુકદેવજીએ રાજા પરીક્ષિતને સંભળાવ્યું. તે સમયે સૂતજી પણ ત્યાં હાજર હતાં, તેથી તેમણે તે શ્રવણ કરી શૌનકાદિ ૠષિઓને સંભળાવ્યું

• ભાગવતનું માહાત્મ્ય

જીવનમાં સુખ અને શાંતિ શોધતા માનવને શ્રીમદ્ ભાગવતના સેવનથી તેમાંથી તે જડે છે. તે પછી તેને કાંઈ શોધવાનું રહેતું નથી. ભગવાન ઓળખાય પછી કશું ઓળખવાનું બાકી ન રહે. ભાગવત દ્વારા ભગવાનમાં પ્રીતિ થાય. પ્રીતિ એ 'ભગવદ્ ધર્મ' છે. ભગવદ્ પ્રીતિથી રીતિ અને નીતિ આવે, બધી જ ભીતિ ટળે અને જગતમાં જીતી જવાય. ભાગવત શ્રવણથી 'મોક્ષ' પ્રાપ્ત થાય છે, 'ભક્તિ' મળે છે કારણ કે ભાગવત એ ભક્તિનું અદ્ભુત શાસ્ત્ર છે.

શ્રીમદ્ ભાગવત સેવન કરનારને અભય આપે છે. શ્રીમદ્ ભાગવતનું સેવન ત્રણ રીતે થઈ શકે છે- (૧) **શ્રવણ**, (૨) **કીર્તન** અને (૩) **સ્મરણ** અથવા **ચિંતન** દ્વારા. કોઈપણ રીતે જો મન શ્રીમદ્ ભાગવતમાં જોડી દઈએ તો મનને શાંતિ મળે, મલિનતા દૂર થાય, મૂંઝવણ મટી જાય, અભય સરલતાથી થઈ જવાય, દુ:ખ ટળી જાય અને ભવ ફળી જાય.

શ્રીમદ્ ભાગવતનું પ્રાકટ્ય સર્વનું કલ્યાણ કરવા માટે છે, ત્રણે સૃષ્ટિ **પુષ્ટિ**, **પ્રવાહ**, મર્યાદામાં રહેલા જીવોને કૃતાર્થ કરવા માટે છે.

શ્રીમદ્ ભાગવત દ્વારા માત્ર જીવવા મથનારા, પોતાનું કલ્યાણ મેળવવા મથનારા અને પ્રભુ સાથે પ્રીતિ ઈચ્છનારા- એ ત્રણેયને પોતાનું ઈચ્છેલું મળે છે. આ વાતની સ્પષ્ટતા માહાત્મ્યના મંગળાચરણમાં વ્યાસ મહર્ષિએ વ્યક્ત કરી છે-

''સચ્ચિદાનંદ રુપાય વિશ્વોત્પત્યાદિ હેતવે
તાપત્રય વિનાશાય, શ્રી કૃષ્ણાય વયં નુમ:''

અહીં **'સચ્ચિદાનંદ રૂપ'** અને **'વિશ્વોત્પત્યાદિ હેતુ'** એ બે પદથી **'મર્યાદા સૃષ્ટિ'**વાળા માટે

ભગવાનની ઓળખ કરાવી છે. મર્યાદાના બે ચરણ- **'શ્રુતિ** અને **સ્મૃતિ'**, **'પ્રમાણ** અને **પ્રવૃત્તિ'**, **'આચાર** અને **વિચાર'** છે. **'તાપત્રય વિનાશાય'** પદથી સુચવે છે કે **'પ્રવાહ સૃષ્ટિ'**વાળા માટે પણ ભગવાન ઉપકારક છે કારણ કે પ્રવાહમાં માત્ર પ્રવૃત્તિ છે અને **'શ્રીકૃષ્ણાય'** પદથી **'પુષ્ટિ સૃષ્ટિ'** માટે નિર્દેશ કરે છે, જેઓમાં માત્ર પ્રેમપ્રવૃત્તિ છે. છેવટે **'વયં નુમ:'** પદથી સ્વાન્ત: શરણાગતિ સુચિત થાય છે.

આમ અહીં સર્વ દુ:ખોનો વિનાશ કરનાર, વિશ્વની ઉત્પત્તિ આદિ હેતુરૂપ ભગવાન શ્રીકૃષ્ણને 'શ્રીકૃષ્ણાય' શબ્દથી ઓળખાવે છે. વેદમાં ઓળખાનાર જે તત્ત્વ છે, દર્શન શાસ્ત્ર પણ જેની ઓળખ કરાવે છે, જે મૂળરૂપ છે તે 'શ્રીકૃષ્ણ' છે તેવી અહીં સ્પષ્ટતા છે. 'કૃષ્ણ' એટલે **'સદાનંદ'**, 'શ્રી કૃષ્ણ' એટલે **'સચ્ચિદાનંદ'**. કૃષ્ણ વિપ્રયોગાત્મક સ્વરૂપ છે અને શ્રીકૃષ્ણ સંયોગાત્મક સ્વરૂપ પણ છે. શ્રીકૃષ્ણ એટલે **'સ્વામિનીજી સહિત કૃષ્ણ.'** આમ શ્રીકૃષ્ણ શબ્દ મુકીને વ્યાસ મહર્ષિજીએ ભગવાનનો અને ભાગવતનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો છે.

- **ભાગવતજીના ફલ-**

શ્રીમદ્ ભાગવતજીના મુખ્ય પાંચ ફલ છે-

(૧) પહેલું ફલ છે **'સાક્ષાત ભગવત્ પ્રવેશ- પ્રભુ પ્રાપ્તિ'**. ભગવાનને પ્રાપ્ત કરવા એ મુખ્ય ફલ છે.

શ્રી મહાપ્રભુજી 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથમાં પણ આજ્ઞા કરે છે **'ભગવાનેવ ફલમ્'**. ભગવાન સ્વયં જ ફલ છે પુષ્ટિમાર્ગમાં તે સિવાય અન્ય કાંઈ જ પ્રાપ્ત કરવાનું રહેતું જ નથી. ભગવાન બે રીતે પ્રાપ્ત થાય. (૧) **બહાર** અને (૨) **હૃદયમાં**. શ્રીમદ્ ભાગવતના સતત પ્રેમપૂર્વકના **શ્રવણ-કીર્તન-સ્મરણ**થી પ્રભુમાં શુદ્ધ, કપટરહિત પ્રીતિ થાય, ત્યારે ભગવાન કૃપાયુક્ત બનીને હૃદયમાં પ્રગટ થાય છે. જ્યારે પોતાના ભક્તોને પોતાના માટે કલેશ કરતાં જુએ ત્યારે પ્રભુ કૃપાયુક્ત બની જઈ હૃદયમાં રહેલા ભગવાન પોતાનું સ્વરૂપ ભક્ત પાસે પ્રગટ કરે છે. ઉદા. ગોપીગીત પછી પ્રભુનું પ્રગટ થવું.

(૨) બીજુ ફલ છે **'ભગવાનમાં પ્રીતિ'**. જ્યાં સુધી આપણને સંસારમાં આસક્તિ છે, સ્વજનમાં મોહરૂપ સ્નેહ છે, ત્યાં સુધી ભગવાનમાં પ્રીતિ થાય નહીં. ભગવાન એક જ પ્રીતિ કરવા યોગ્ય છે એમ સમજાવી ભાગવત ભગવાનમાં પ્રીતિ કરાવે છે. જેમ તાવમાં ભોજનનો સ્વાદ આવે નહીં, તેમ ભગવાનની સેવામાં અને કથામાં જ્યાં સુધી લોકાસક્તિ હોય કે સંસારમાં આસક્તિ હોય ત્યાં સુધી ભગવદ્ રસનો અનુભવ થાય નહીં, પ્રીતિ થાય નહીં. શ્રીમદ્ ભાગવતના સતત શ્રવણથી, કીર્તનથી અને સ્મરણ-ચિંતનથી લોકાસક્તિ અને મનની મલીનતા દૂર થાય, અંત:કરણ શુદ્ધ થાય. એવા શુદ્ધ અંત:કરણમાં જ પ્રભુમાં પ્રીતિ થાય. જેનાથી પ્રભુ સમજાય, તેને પ્રાપ્ત કરી શકાય તેવી સર્વથી અધિક અને સુદૃઢ હોય તે 'પરમ પ્રીતિ' કહેવાય, જે ભાગવતજીના

સેવનથી પ્રાપ્ત થાય છે.

(૩) ત્રીજુ ફલ છે- **'ભગવત્કૃપા'**. આપણે દુનિયામાં દેખાતાં અનેક પદાર્થો અને પ્રાણીઓને પદાર્થ અને પ્રાણીઓ તરીકે ઓળખીએ છીએ, અને ત્યાં સુધી આપણને કોઈમાં ભાવ અને કોઈમાં અભાવ આવે છે. કોઈક ગમે છે અને કોઈક પ્રત્યે અણગમો પણ થાય છે. વાસ્તવમાં જેમ ગીતાજીમાં કહ્યું છે- **'વાસુદેવ: સર્વમિતિ'**, તેમ જ શ્રુતિ પણ કહે છે- **'સર્વં ખલુ ઈદં બ્રહ્મ'** - આ છે તે બધું જ ભગવાન જ છે - બ્રહ્મ છે. વસ્તુ - વ્યક્તિ બધું જ ભગવાન છે. આ પ્રકારે જો સર્વમાં ભગવદ્‌ભાવ આવે તો આપણા મનમાં મલીનતા દૂર થાય, કાળજામાંથી કટુતા, કપટ, કઠોરતાં જતા રહે. મન નિર્મલ બને. પ્રભુ પોતાના અને સૌના આત્મારૂપ છે એવી પ્રતિતી થાય. વિશ્વની સર્વ વસ્તુમાં અને વ્યક્તિમાં કૃષ્ણના દર્શન કરાવી, તેમના પ્રત્યેની કઠોરતા, કટુતા, કપટ, અપેક્ષા વગેરે કાઢી નાખવાનું કાર્ય ભાગવતજી કરે છે. શ્રીમદ્ ભાગવત કોમલતા, મધુરતા, પ્રેમ આપે છે. ભગવદ્ ભાવ આપે છે. પ્રભુકૃપાથી જ આ સુલભ બને છે. કૃપા ભાગવત દ્વારા મળે છે.

(૪) ચોથું ફલ છે - **'નિ:સંશયતા'**. જ્યાં સુધી મનમાં સંદેહ હોય ત્યાં સુધી કાંઈ કામ કરવાનું મન ન થાય, સ્થિરતા ન આવે. કોઈપણ પ્રવૃત્તિ કરતાં અચકાવાય. અટકી જવાય. શ્રીમદ્ ભાગવત પ્રત્યેક પ્રકારના સંદેહને દૂર કરી દે છે. તેનું કારણ છે ભાગવત એ સર્વ વેદ-પુરાણ-ઈતિહાસનો સાર છે. ભાગવતનું ચિંતન કરનારને બધા જ સંદેહોનું સમાધાન એમાંથી જડી આવે. આપણે નિસંશય બની જઈએ છીએ.

(૫) પાંચમુ ફલ છે - **'શ્રીમદ્ ભાગવત સર્વત્ર અભય આપે છે'**. અભયની ઈચ્છાવાળા માટે દશલીલાયુક્ત ભગવાનનું શ્રવણ, કીર્તન અને સ્મરણ શ્રી શુકદેવજી આવશ્યક ગણાવે છે. આના અનેક ઉદાહરણો આપણને ભાગવજીની વિવિધ કથાઓમાંથી મળી રહે છે. કાલ અને સંસારના ભયમાંથી શ્રીમદ્ ભાગવતજી છોડાવે છે. આના અનેક પ્રમાણો ભાગવતજીમાં વર્ણવાયેલા છે.

• ભાગવતમાં દશવિધ લીલાઓ

શ્રીમદ્ ભાગવત શ્રીકૃષ્ણને અવતાર નહીં પરંતુ **અવતારી** પરબ્રહ્મ સ્વયં છે તેમ કહે છે- **'કૃષ્ણાસ્તુ ભગવાન સ્વયં'**. પરબ્રહ્મ પરમાત્માને પોતાના અંદર રહેલા પરમ સૌંદર્યને પ્રગટ કરવાની ઈચ્છા થઈ તેથી તેઓ સાકાર સ્વરૂપે શ્રી કૃષ્ણના રૂપમાં પ્રગટ થયા. **'પરમાનંદ સ્વરૂપ'** હોવાથી તેઓ **'પરમ ફલરૂપ'** પણ છે. તેઓ પ્રત્યેક કલ્પમાં દશવિધ લીલાઓ કરતાં રહે છે, અર્થાત્ પ્રત્યેક કલ્પમાં ભગવાનની લીલાઓ પ્રગટ થાય છે. પોતાના સર્વ ભક્તોનો ઉધ્ધાર કરવા ભગવાન પોતે સાકાર સ્વરૂપ ધારણ કરી પ્રગટ થાય છે. તે જ ભગવાનના અવતારનું પ્રયોજન છે.

અગાઉ આપણે જોયું કે શ્રી ભાગવત **'ભગવદ્‌રૂપ'** છે. શ્રુતિ ભગવાનને બાર અંગોવાળા પુરુષ બતાવે છે તેથી ભાગવતના બાર સ્કંધો ભગવાનના એક એક અંગ સમાન છે. ભગવાનની

દશવિધ લીલાઓનું વર્ણન ભાગવતમાં કરવામાં આવ્યું છે. તેથી તેના પ્રત્યેક સ્કંધમાં વિવિધ લીલાઓને વર્ણવામાં આવી છે. પ્રથમ બે સ્કંધમાં અનુક્રમે **'અધિકાર'** અને **'જ્ઞાન'** લીલાનું વર્ણન છે જે મુખ્ય નથી પરંતુ બીજી લીલાઓની પોષક છે. ત્રીજા સ્કંધથી બારમા સુધીમાં અનુક્રમે **સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વંતર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય** લીલાનું વર્ણન છે જેના પ્રકરણો-અધ્યાયો નીચે મુજબ છે.

	સ્કંધ	લીલા	પ્રકરણ	અધ્યાય
(૧)	પ્રથમ	અધિકાર	૩	૧૯
(૨)	દ્વિતીય	જ્ઞાન (સાધન)	૩	૧૦
(૩)	તૃતિય	સર્ગ	૧૦	૩૩
(૪)	ચતુર્થ	વિસર્ગ	૪	૩૧
(૫)	પંચમ	સ્થાન	૬	૨૬
(૬)	ષષ્ઠ	પોષણ	૩	૧૯
(૭)	સપ્તમ	ઊતિ (કર્મ-વાસના)	૩	૧૫
(૮)	અષ્ટમ	મન્વંતર	૪	૨૪
(૯)	નવમ	ઈશાનુકથા	૨	૨૪
(૧૦)	દશમ	નિરોધ	૫	૮૭
(૧૧)	એકાદશ	મુક્તિ	૨	૩૧
(૧૨)	દ્વાદશ	આશ્રય	૫	૧૩
		કુલ પ્રકરણો/અધ્યાયો-	૫૦	૩૩૨

દશમ સ્કંધના ત્રણ પ્રક્ષિપ્ત અધ્યાયો મળી ભાગવતના કુલ અધ્યાયોની સંખ્યા ૩૩૫ છે. તેમાં શ્લોકની સંખ્યા ૧૮૦૦૦ છે અને અક્ષરો ૫,૭૬,૦૦૦ છે.

(ભાગવતજીમાં દશમ સ્કંધના નેવું અધ્યાય છે પરંતુ શ્રી વલ્લભાચાર્યજી તેના ત્રણ અધ્યાય (૧૨, ૧૩, ૧૪)ને પ્રક્ષિપ્ત અર્થાત્ પાછળથી ઉમેરાયેલ માને છે), તેથી સુબોધિનીજીમાં સત્યાશી અધ્યાયો વર્ણવામાં આવ્યા છે.

શ્રી ભાગવતના બાર સ્કંધોની સંગતિ નીચે મુજબ વર્ણવામાં આવી છે-

પ્રથમ બે સ્કંધમાં **'અધિકાર'** અને **'જ્ઞાન'**નું વર્ણન કરવામાં આવ્યું છે, કારણ કે અધિકાર મુજબ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાન મળ્યા પછી ક્રિયા કરવી જોઈએ. ક્રિયા એટલે **'સર્ગ'**. અર્થાત્ સર્જન. ક્રિયા પુરુષાર્થને પ્રગટ કરે છે. પુરુષાર્થ એટલે **'વિસર્ગ'**, અર્થાત્ વિશેષ સર્ગ. પુરુષાર્થ પરાયણ મનુષ્ય યોગ્ય **'સ્થાન'** પ્રાપ્ત કરે છે. સ્થાન પ્રાપ્ત થતાં તેને ભગવાન દ્વારા **'પોષણ'** મળે છે. પોષણ એટલે પુષ્ટ થવું. પુષ્ટ થવાથી મનુષ્યને વાસના એટલે કે ઈચ્છા થાય. કર્મવાસના

એટલે '**ઊતિ**'. તેમાંથી શુદ્ધિ સદાચારથી થાય, જેને '**મન્વંતર**' કહે છે. સદાચારનું શિખર છે- 'ભક્તિ'. ભક્તિની પ્રાપ્તિ '**ઈશાનુકથા**'થી થાય. ભક્તિ કરનાર જગતને ભૂલી ભગવાનમાં આસક્ત બને. પ્રપંચની વિસ્મૃતિપૂર્વકની ભગવદ્ આસક્તિને '**નિરોધ**' કહેવાય જ્યારે એવો ભગવાનમાં 'નિરોધ' થાય ત્યારે જ જીવની ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થાય. તે જ '**મુક્તિ**' છે. અંતમાં ભગવાનના અંશ-દાસ તરીકે જીવનારને ભગવાનનો '**આશ્રય**' સિધ્ધ થાય, તે કૃતાર્થ થાય. આ પ્રમાણે '**અધિકાર**'થી '**આશ્રય**' લીલાનું વર્ણન શ્રીમદ્ ભાગવતમાં આલેખાયેલું છે.

- **ભાગવતજીમાં વર્ણવેલી દશવિધ લીલાઓ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે-**

૧. સર્ગ લીલા - 'સર્ગ'નું તાત્પર્ય છે - સૃષ્ટિના કારણ રૂપ તત્ત્વોનું સર્જન-ઉત્પત્તિ. દરેક પદાર્થમાં 'કારણ' તરીકે ભગવાનની સ્થિતિ તે તેનો '**સર્ગ**'. શરીર વિનાના ભગવાન પોતાની ક્રીડા માટે અનિત્ય, અવ્યાપક સ્વરૂપ ગ્રહણ કરે તે વસ્તુરૂપથી પ્રકટ થવાની શક્તિ, તેમનામાં દીનપણાનો અભાવ જણાવે છે. આમ પ્રત્યેકમાં અવ્યક્ત સદ્‌રૂપથી ભગવાનની સ્થિતિ, તેનું નામ 'સર્ગ'. આ તૃતીય સ્કંધનો વિષય છે જેમાં બ્રહ્મમાંથી પંચમહાભૂતો, તન્માત્રાઓ, ઈન્દ્રિયો અને બુધ્ધિની ઉત્પત્તિ વર્ણવી છે.

૨. વિસર્ગ લીલા - અનાયાસે કર્મ કરવામાં આવે તેને 'વિસર્ગ' કહેવાય. જડ દેહ અને ચેતનજીવનો સમાગમ તે '**વિસર્ગ**'. ચરાચર પ્રાણીઓના સમુહને જ વિસર્ગ કહે છે. આ ચતુર્થ સ્કંધનો વિષય છે. આ બન્ને લીલા જગતની '**ઉત્પત્તિની લીલા**' છે.

૩. સ્થાન લીલા - ઉત્પન્ન થયેલાનું તેમની મર્યાદાથી પાલન થાય તે '**સ્થાન**' છે. સર્વ વસ્તુમાં તેના સ્વરૂપથી અને મૂળરૂપથી મર્યાદા અનુસાર ભગવાન રહેલા છે તે 'સ્થાન' છે. આ સ્થાન અથવા સ્થિતી લીલાનું નિરૂપણ પાંચમાં સ્કંધમાં કરવામાં આવેલું છે.

૪. પોષણ લીલા - સ્થાનમાં રહેલાની સર્વ તરફથી વૃધ્ધિ થાય તે '**પોષણ**' કહેવાય. પોષણ એટલે 'પુષ્ટિ'. દરેક પદાર્થ કાર્યમાં ઉપયોગી થાય તે માટે સર્વ સમર્થ ભગવાન અવયવરૂપથી તેમાં પ્રવેશ કરે તે 'પુષ્ટિ' અથવા પોષણ. ભગવાનનો ભક્ત ઉપર '**અનુગ્રહ' તેનું નામ પોષણ**. આ લીલાનું વર્ણન છઠ્ઠા સ્કંધમાં કરવામાં આવેલું છે.

૫. ઊતિ લીલા - કર્મની વાસનાઓને 'ઊતિ' કહેવાય છે. ભગવાનની અહેતુકી કૃપા પ્રતિક્ષણ પ્રત્યેક જીવાત્મા પર વરસતી હોય છે છતાં જીવનું દુ:ખી થવાનું કારણ 'વાસના' છે, જે શુભ અને અશુભ બન્ને પ્રકારની હોય છે. ભગવદીયોનો સંગ મળે તો શુભ વાસના થાય છે સદ્‌ગુણ અને સદાચારથી વાસનાઓ- ઊતિઓને જીતીને શુભ બનાવવાથી જીવનમાં ભગવદ્-કૃપા પ્રાપ્ત થઈ શકે છે. આ લીલાનું વર્ણન સાતમાં સ્કંધમાં કરવામાં આવેલું છે.

૬. મન્વંતર લીલા - ભગવાનના અનુગ્રહને પ્રાપ્ત કરનારા વિવિધ મન્વંતરોના સ્વામીઓ રૂપી સત્પુરુષોનો ધર્મ તે '**મન્વંતર**' કહેવાય. તેમાં કાળ ગણના પણ કરવામાં આવી છે મનુષ્યના

૪૩,૨૦,૦૦૦ વર્ષોનો એક **'ચતુર્યુગ'** થાય. જે એક 'મન્વંતર' કહેવાય. ૧૪ મન્વંતરોનો એક **'કલ્પ'** થાય, જે બ્રહ્માનો એક દિવસ થાય. અર્થાત્ બ્રહ્માના એક દિવસમાં ૧૪ 'મનુ' બદલાય છે. અત્યારે ચાલી રહેલા **'શ્વેતવારાહ કલ્પ'**માં છ મનુઓ-સ્વાયંભુવ, સ્વરોચિષ, ઉત્તમ, તામસ, રૈવત અને ચાક્ષુષ થઈ ગયા છે. સાતમા **વૈવસ્વત** મનુ વર્તમાનમાં છે પ્રત્યેક મનુ પોતાના શાસન કાળમાં સદ્ધર્મનું રક્ષણ કરે છે. તે અધિકારી પુરુષોરૂપથી પ્રગટ થઈ તેના ઉધ્ધારનું સાધન બતાવે છે.

૭. ઈશાનુકથા લીલા - ભગવાનના તેમજ ભગવાનના ભક્તોના ચરિત્રોની કથાને **'ઈશાનુકથા'** કહેવાય છે. સૃષ્ટિ પછી પ્રલય અને પ્રલય પછી સૃષ્ટિ એવો ક્રમ અનાદિકાળથી ચાલ્યા કરે છે. જીવોએ ભગવાનનો આશ્રય લઈને આ ઘટનાક્રમમાંથી છૂટવાનું છે. ભાગવતમાં અનેક અવતારોનું તેમના ચરિત્રો-મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં અંશાવતાર, ગુણાવતાર, વ્યુહાવતાર, આવેશાવતાર વગેરે અવતારોના ભેદ બતાવ્યા છે. આ લીલાનું વર્ણન નવમા સ્કંધમાં કરવામાં આવ્યું છે.

૮. નિરોધ લીલા - પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવાનમાં ચિત્તનું આસક્ત થવું, તેને **'નિરોધ'** કહે છે. ભગવાનને પ્રાપ્ત કરવા માટે ઉપયોગી, ભગવાનનું ગુણગાન છે, જેનાથી તેમના ધર્મોનું સ્મરણ સિધ્ધ થાય છે અને એ ધર્મોના સામર્થ્યને લીધે ઈન્દ્રિયોનો વિનિયોગ પ્રભુ કાર્યમાં થાય છે. તે જ ભક્તોને જગતનું વિસ્મરણ કરાવી તેમના ચિત્તને ભગવાન સાથે જોડે છે. તેને જ 'નિરોધ' કહે છે. આ લીલાનું નિરૂપણ દશમ સ્કંધમાં કરવામાં આવ્યું છે.

આમ પાંચમાં સ્કંધની 'સ્થાન લીલા'થી દશમ સ્કંધની 'નિરોધ લીલા' પર્યંત, **'સ્થિતિ લીલા'** છે.

૯. મુક્તિ લીલા - જ્યારે અન્યથા રૂપનો ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં સ્થિતિ થવી, તેને **'મુક્તિ'** કહેવાય. જ્યારે 'જીવરૂપ' મટી ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થાય તે મુક્તિ છે. ભાગવતમાં **સાલોક્ય**, **સાર્ષ્ટિ**, **સામીપ્ય**, **સારૂપ્ય**, **સાયુજ્ય** એમ પાંચ પ્રકારની મુક્તિ બતાવવામાં આવી છે. આ લીલાનું વર્ણન એકાદશ સ્કંધમાં કરવામાં આવ્યું છે.

૧૦. 'આશ્રય લીલા' - આ જગતનો જેમાંથી આવિર્ભાવ થાય છે, તેમાં જ તેનો તિરોભાવ થાય છે, તે પરમાત્મા'ને **'આશ્રય'** કહેવાય છે. 'આશ્રય'નો અર્થ આશરો અથવા અવલંબન છે. આ જગતનો આધાર પરમાત્મા છે, તેથી તેમને આશ્રય કહેવાય. 'આશ્રય લીલા'નું વર્ણન બારમા સ્કંધમાં કરવામાં આવ્યું છે.

આ છેલ્લા બે સ્કંધ **'લય'** લીલાના છે.

• પ્રમાણ ચતુષ્ટયમાં ભાગવતનું સ્થાન

તત્ત્વાર્થદીપ નિબંધ ગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણમાં શ્રી મહાપ્રભુજી પોતાની વિચારધારાના

આધાર રૂપ ચાર શાસ્ત્રોને 'શબ્દ પ્રમાણ' તરીકે સ્વીકારવાની સ્પષ્ટતાં કરતાં કહે છે-

વેદાઃ શ્રી કૃષ્ણ વાકયાનિ વ્યાસ સુત્રાણિ ચૈવહિ,
સમાધિ ભાષા વ્યાસસ્ય, પ્રમાણં તચ્ચતુષ્ટયમ્

સમગ્ર વેદ, ગીતા, વ્યાસસૂત્રો અને ભાગવતને તેઓ પોતાની પ્રમાણ-વ્યવસ્થામાં સમાહિત કરે છે. અન્ય આચાર્યો એ પોતાની વિચારધારા પ્રવર્તિત કરવા પ્રથમ ત્રણ શાસ્ત્રોનો આધાર લીધો છે, પરંતુ શ્રી મહાપ્રભુજી ભાગવતને એક મહત્ત્વના પ્રમાણ રૂપ સ્વીકારે છે જેનું કારણ આપતાં નીચે મુજબ ખુલાસા કરવામાં આવ્યા છે-

ભાગવતને ચતુર્થ પ્રમાણ તરીકે સ્વીકારવાના કારણો-

૧) વેદનો અર્થ સર્વ પુરાણોમાં પ્રતિષ્ઠિત છે. પુરાણો વેદાર્થનો પ્રકાશ કરનાર છે. તેથી 'કૂર્મ પુરાણ'માં કહ્યું છે-

નાન્યથા જ્ઞાયતે ધર્મો, બ્રહ્મવિદ્યા ચ વૈદિકી
તસ્માધ્ધર્મ પુરાણં ચ શ્રધ્ધાતવ્ય મનીષિ ભિઃ

અર્થાત્- પુરાણ જાણ્યા વગર ધર્મ અને વૈદિક બ્રહ્મવિદ્યા સમજાતી નથી, માટે બુધ્ધિમાન પુરુષે પુરાણમાં શ્રધ્ધા રાખવી જોઈએ. આજ વાતની પુષ્ટિ બ્રહ્માંડ પુરાણમાં પણ મળે છે.

૨) બૃહદારણ્યક ઉપનિષદ કહે છે-

'અરેડસ્ય મહતો ભૂતસ્ય નિશ્વસિતમેતેદ્યદગ્વેદો યજુર્વેદઃ
સામવેદોડર્થગિરસ ઈતિહાસ પુરાણં વિદ્યા ઉપનિષદ શ્લોકાઃ
સૂત્રાણયનુખ્યાનાનિઃ વ્યાખ્યાના ન્ય સ્યૈ વૈતાનિ સર્વાણિ
નિશ્વસિતાની'

અર્થાત્- હે મૈત્રેયી, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, ઈતિહાસ, પુરાણ, વિદ્યા, ઉપનિષદ, શ્લોકો, સૂત્રો, અનુખ્યાન, વ્યાખ્યાન એ બધા મહાન સત્ય પરમાત્માના નિશ્વાસરૂપ છે.

છાંદોગ્ય ઉપનિષદમાં પણ કહ્યું છે-

નામવા ઋગવેદો યજુર્વેદે સામવેદ આથર્વણશ્ચતુર્થ
ઈતિહાસ પુરાણઃ પંચમઃ વેદાનાં વેદઃ

અર્થાત્ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ તેમ જ ઈતિહાસ પુરાણ પાંચમો વેદ છે.

૩) ભાગવત કહે છે-

નિગમ કલ્પતરાર્ગલિતં ફલં શુક મુખાદ્ અમૃત દ્રવ સંયુતમ્
પિબત ભાગવતં રસમાલયં મુહુર હો રસિક ભુવિ ભાવુકાઃ

અર્થાત્- પૃથ્વી પર રહેતા હે ભાવિક રસિકજનો - વેદરૂપી કલ્પવૃક્ષથી પરિપક્વ થઈને સ્વતઃ



ભરેલા શુકમુખને પ્રાપ્ત થયેલું ભાગવત રૂપ ફલના રસનું પુન : પુન : પાન કરો.

આમ, ભાગવત એ વેદરૂપી કલ્પવૃક્ષનું પરમ રસાત્મક ફલ છે.

૪) પદ્મ પુરાણમાં પણ કહ્યું છે કે-

'તત્કથરસુ તુ વેદાર્થ : શ્લોકે શ્લોકે પદે પદે

અર્થાત્- ભાગવત્‌ની કથા તો શ્લોકે શ્લોકે અને પદે પદે વેદનો જ અર્થ કરે છે.

૫) વળી એમ પણ કહેવાયું છે-

'શ્રીમદ્ ભાગવત પુરાણ તિલકં યદ્ વૈષ્ણવાનાં ધનમ્'

અર્થાત્- શ્રી ભાગવતને વૈષ્ણવોના પરમ ધનરૂપ અને પુરાણ તિલકરૂપ - પુરાણોમાં શિરમોર રૂપ કહેવામાં આવ્યું છે.

ઉપરોક્ત કારણોથી શ્રીમદ્ ભાગવતની વિશેષતાનો ખ્યાલ આવી શકે છે. વળી શ્રી વલ્લભાચાર્યજી ભાગવતને સર્વ શાસ્ત્રોના સાર રૂપ ગણાવી **'સર્વ સદેહવાહક'** કહે છે.

• ભાગવતજીના ગુઢાર્થનું પ્રકાશન

શ્રીવલ્લભાચાર્યજીના પ્રાગટચના અનેક હેતુઓમાંનો એક હેતુ હતો - શ્રીભાગવતજીના ગુઢ અર્થને સમજાવવા-પ્રકાશિત કરવાનો અને એટલે જ શ્રીગુસાંઈજી સર્વોત્તમજીમાં તેમનું એક નામ **'શ્રી ભાગવત ગુઢાર્થ પ્રકાશન પરાયણ'** બતાવે છે. ઉપરોક્ત ભાગવતજીમાં નિહિત દશવિધલીલાઓનું વર્ણન, પ્રત્યેક સ્કંધની ભગવાનના અંગ તેમ જ લીલા સાથેની સંગતિ, પ્રકરણ અને અધ્યાયોની સંખ્યાનું જે તે લીલાઓને અનુરૂપ વિવેચન અને તેથી આગળ વધીને પ્રત્યેક શ્લોક (વાક્ય), શબ્દ (પદ) અને અક્ષરના અર્થને શ્રી મહાપ્રભુજીએ સમજાવ્યા છે. આમ તેમણે શ્રી ભાગવતજીના સાત પ્રકારે અર્થ કર્યા છે- (૧) **શાસ્ત્રાર્થ,** (૨) **સ્કંધાર્થ,** (૩) **પ્રકરણાર્થ,** (૪) **અધ્યાયાર્થ,** (૫) **વાક્યાર્થ,** (૬) **પદાર્થ** અને (૭) **અક્ષરાર્થ.** જે રીતે ભગવાનના છ ગુણો છે- **ઐશ્વર્ય**, **વીર્ય**, **યશ**, **શ્રી**, **જ્ઞાન** અને **વૈરાગ્ય**, પરંતુ તે સર્વ ગુણોને ધારણ કરનાર તો ભગવાન એક જ છે, તેવી જ રીત આ સાતે પ્રકારના અર્થ કરી તેની એક વાક્યતા તેમણે બતાવી છે. જેઓ આ સાતેય પ્રકારના અર્થમાં વિરોધ રહીત એક જ અર્થને જાણે છે તે મુક્ત થઈ જાય છે, અને તેવી મુક્તિ ભક્તિ માટે આવશ્યક છે.

આ સાત પ્રકારના અર્થમાં શ્રી મહાપ્રભુજીએ પ્રથમ ચાર અર્થ- **શાસ્ત્રાર્થ**, **સ્કંધાર્થ**, **પ્રકરણાર્થ** અને **અધ્યાયાર્થ**નું નિરૂપણ નિબંધગ્રંથના **ભાગવતાર્થ** પ્રકરણમાં કર્યું છે, જ્યારે **વાક્યાર્થ**, **પદાર્થ** અને **અક્ષરાર્થ**ની છણાવટ તેમણે **શ્રી સુબોધિનીજી**માં કરી છે. ભાગવતાર્થ પ્રકરણ સંપૂર્ણ ભાગવત વિશે છે જ્યારે સુબોધિની કેવલ **પ્રથમ**, **દ્વિતિય**, **તૃતીય**, **દશમ સ્કંધ** અને **એકાદશ સ્કંધ**ના ચાર અધ્યાય ઉપર જ ઉપલબ્ધ છે.

શ્રી ભાગવતજીમાં આલેખાયેલી વિવિધ કથાઓનું આ પ્રકારનું વિસ્તારપૂર્વક વિશ્લેષણ કદાચ

અન્ય કોઈ ટીકાકાર દ્વારા કરવામાં આવ્યું નથી. શ્રી મહાપ્રભુજીના પ્રાકટ્ય વિના ભાગવતજીનું આવું ગૂઢ જ્ઞાન મનુષ્યને પ્રાપ્ત થઈ શક્યું ન હોત !

૧. ભાગવત શાસ્ત્રનો અર્થ – શાસ્ત્રાર્થ અથવા સર્વાર્થ

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **‘આનંદરૂપ હરિની લીલા’** એ સમગ્ર ભાગવતનો અર્થ છે અર્થાત્ આ તેનો **‘શાસ્ત્રાર્થ’** અથવા **‘સર્વાર્થ’** છે. ભગવાન આનંદરૂપ છે કારણ કે શ્રુતિ કહે છે **‘આનંદો બ્રહ્મેતિ વ્યજાનાત’** (તૈ.૩.૬.૧). આનંદરૂપ ભગવાનની લીલા પણ આનંદરૂપ જ છે. તેથી આવી આનંદરૂપ લીલા પોતે જ પુરુષાર્થરૂપ હોઈ સર્વના દુઃખ હરનારી, સુખરૂપ છે. આ જ સમગ્ર શ્રીભાગવત શાસ્ત્રનો અર્થ છે.

૨. સ્કંધાર્થ :

અગાઉ જોયું તેમ શ્રી હરિની લીલા દશ પ્રકારની હોવાનું ભાગવતમાં જ કહેલું છે :

અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાને પોષણમૂતય :
મન્વન્તરેશાનુ કથા નિરોધો મુક્તિરાશ્રય :

સર્ગ, **વિસર્ગ**, **સ્થાન**, **પોષણ**, **ઊતિ**, **મન્વંતર**, **ઈશાનુકથા**, **નિરોધ**, **મુક્તિ** અને **આશ્રય** એ દશ લીલાઓમાંની પ્રત્યેક લીલા એ તૃતીયથી દ્વાદશ સ્કંધના અર્થ છે એટલે કે એ સ્કંધોમાં અનુક્રમે એ દશવિધ લીલાઓનું નિરૂપણ કરેલું છે. તે ઉપરાંત **‘અધિકાર’** પણ ભગવાનની લીલા છે, જેનું નિરૂપણ પ્રથમ સ્કંધમાં અને **‘સાધન’** એટલે સર્વ પ્રકારના જ્ઞાન પણ ભગવાનની લીલા છે, જેનું નિરૂપણ દ્વિતિય સ્કંધમાં કરવામાં આવેલું છે. આ બે લીલાઓ મુખ્ય નથી પરંતુ મુખ્ય લીલામાં તે ઉપયોગી લીલા છે.

૩. પ્રકરણાર્થ અને ૪. અધ્યાયાર્થ

તેવી જ રીતે શ્રી મહાપ્રભુજીએ જે તે વિષયોને સાંકળી લઈ પ્રત્યેક સ્કંધના અધ્યાયોને વિવિધ પ્રકરણોમાં એકત્રિત કરી તે પ્રત્યેક પ્રકરણોનું તાત્પર્ય સમજાવ્યું છે અને તે પ્રત્યેક પ્રકરણોના અધ્યાયોનું પણ તેમાં નિરૂપિત જે તે વિષયોના સંદર્ભમાં સ્પષ્ટિકરણ કરેલું છે, અર્થાત્ પ્રત્યેક અધ્યાયનો અર્થ બતાવ્યો છે.

આ ચારેય પ્રકારોના અર્થ શ્રી મહાપ્રભુજીએ **‘તત્ત્વાર્થદીપ નિબંધના ભાગવતાર્થ પ્રકરણ’**માં સમજાવ્યા છે.

૫થી ૭ શ્રી સુબોધિનીજી (વાક્યાર્થ, શબ્દાર્થ, અક્ષરાર્થ)

શ્રી સુબોધિનીજી એ શ્રી મહાપ્રભુજીના મુખ્ય ચાર ગ્રંથો- (૧) **અણુભાષ્ય** (પ્રમાણ), (૨) **તત્ત્વાર્થદીપ** નિબંધ (પ્રમેય), (૩) **ષોડશગ્રંથો** (સાધન) અને **સુબોધિ**ની (ફલ) - એ પ્રમાણે વર્ગીકરણ કરતાં શ્રી સુબોધિનીજીને ફલરૂપ બતાવવામાં આવ્યો છે, તેમાં સમજાવેલ ભગવાનની લીલાઓનું મનન-ચિંતન સ્વયં જ ફલરૂપ છે. આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ કરેલું ચિંતન જો

હૃદયારૂઢ થાય તો ભગવદ્ આનંદનો અનુભવ થઈ શકે છે અને તે જ તો જીવનનું પરમોચ્ચ લક્ષ હોઈ શકે. ભગવદાનંદ - ભજનાનંદની અનુભૂતિ થયા પછી મનુષ્યે કાંઈ જ પ્રાપ્ત કરવાનું શેષ રહેતું નથી. તેથી જ આ ગ્રંથની વિશેષતા છે.

શ્રી સુબોધિનીજીમાં શ્રી મહાપ્રભુજીએ ભાગવતાર્થ પ્રકરણમાં બતાવેલ ચાર પ્રકારના અર્થો ઉપરાંત અન્ય ત્રણ પ્રકાર- (૧) **વાક્યાર્થ**, (૨) **શબ્દાર્થ** અને (૩) **અક્ષરાર્થ**ની છણાવટ કરી છે. જોકે શ્રીમદાચાર્યચરણ સંપૂર્ણ ભાગવતજીની વ્યાખ્યા કરી શક્યા ન હતા તેથી સુબોધિનીજી આપણને કેવળ પ્રથમ **દ્વિતિય**, **તૃતીય**, **દશમ સ્કંધ** અને **એકાદશ સ્કંધ**ના ચાર અધ્યાય પર જ પ્રાપ્ત છે.

શ્રી ભાગવત માહાત્મ્ય

(કથા સાર)

શ્રી વ્યાસજીએ ભાગવતના માહાત્મ્યને સમજાવવા કથાઓ કહી છે. પદ્મપુરાણમાં તેમજ સ્કન્દપુરાણમાં ભાગવતમાહાત્મ્ય ઉપલબ્ધ છે. એ માહાત્મ્ય સૂતજી દ્વારા તેમણે કરેલ નૈમિષારણ્ય ક્ષેત્રમાં કહેવાયેલી કથામાં કહેવાયું છે. શ્રી શુકદેવજીએ પરીક્ષિત રાજાને કહેલી એ પવિત્ર કથા શ્રીમદ્ ભાગવત નામથી પ્રસિદ્ધ છે. મોક્ષ મેળવવાનાં તમામ સાધનો કરતાં શ્રીમદ્ ભાગવત જ સર્વથી મહાન સાધન છે. એ શ્રીમદ્ ભાગવત પૂર્વે સનકાદિ મુનિઓએ નારદજીને સંભળાવ્યું હતું. નારદજી પુષ્કર, કાશી વગેરે અનેક તીર્થોમાં ભમ્યા, પણ પૃથ્વીલોકમાં સર્વત્ર કલિયુગનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. યમુનાજીના એક કાંઠે આવતાં તેમણે એક આશ્ચર્ય જોયું. એક જુવાન સ્ત્રી ત્યાં બેઠી હતી અને બે વૃદ્ધ પુરુષો બેભાન અવસ્થામાં તેની પાસે પડ્યા હતા. એ સ્ત્રી તે **‘ભક્તિ’** હતી અને બે વૃદ્ધ પુરુષો તેના **જ્ઞાન** અને **વૈરાગ્ય** નામના પુત્રો હતા. વ્રજભૂમિના પ્રતાપે ભક્તિ તો જુવાન સ્ત્રી જેવી થઈ હતી, પણ તેના પુત્રો તો એ પવિત્ર ભૂમિમાં પણ વૃદ્ધ હતાં. નારદજીએ તેને કહ્યું કે, ‘‘હે ભક્તિ ! કલિયુગના પ્રભાવથી તારી અને આ સંસારની પણ આવી અવદશા થઈ છે, પરંતુ તું તો ભગવાનને ખૂબ જ વહાલી છે. કલિયુગમાં તું જ મોક્ષ માટેનું ખરું સાધન હોવાથી ભગવાને તને આવી સુંદરતા બક્ષી છે. તારા પુત્રોરૂપી આ જ્ઞાન અને વૈરાગ્યની આ કલિયુગમાં લોકોએ ઉપેક્ષા કરવાથી તે વૃદ્ધો થઈ ગયા છે, હું ભગવાનનો દાસ હોવાથી આ યુગમાં સર્વ સ્થળે હું તારું સ્થાપન કરીશ.’’ ત્યાં આકાશવાણી સંભળાઈ : ‘‘હે નારદમુનિ ! તમે સત્કર્મો કરો. શીલવંત મહાપુરુષો તમને સત્કર્મોનો ઉપદેશ આપશે. એ પછી ભક્તિનો પ્રચાર થશે અને જ્ઞાન વૈરાગ્ય પણ જાગ્રત બની રહી યથાસ્વરૂપ ધારણ કરશે.’’ નારદજી પછી શીલવંત મહાપુરુષોની શોધમાં તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા. બદરિકાશ્રમમાં તેમને સનત્કુમારોનો સત્સંગ થયો. તેમણે કહ્યું : ‘‘હે નારદ ! મોક્ષ પામવા અંગે દ્રવ્યથી થનારા યજ્ઞો, તપથી થનારા યજ્ઞો, યોગથી થનારા યજ્ઞો વગેરે યજ્ઞોમાં ભાગવતની કથારૂપી યજ્ઞ સર્વશ્રેષ્ઠ છે. એ યજ્ઞ કરવાથી ભક્તિ અને વૈરાગ્ય

પ્રભાવશાળી બની રહેશે. શ્રીમદ્ભાગવતનો પારાયણરૂપી જ્ઞાનયજ્ઞ જ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી શકે એવું એકમાત્ર સાધન છે.

નારદજી સનત્કુમારોને હરિદ્વારમાં લઈ જઈ ત્યાં ગંગાના આનંદ ઘાટે પધરાવ્યા. સનત્કુમારો ભાગવતનું માહાત્મ્ય વિધિપૂર્વક સંભળાવતા હતા ત્યાં સભામાં સહસા ભક્તિ પ્રગટ થઈ અને પુત્રો સાથે પુષ્ટિ પામી. સનકાદિકુમારોએ ભક્તિને કહ્યું કે આ કલિયુગમાં તારે વૈષ્ણવોના હૃદયમાં વાસ કરવો. સંસારમાં તે જ ધન્ય છે કે જેના હૃદયમાં ભક્તિનો તેના પુત્રો સહિત વાસ છે.

સનત્કુમારોએ કહ્યું કે આ ભાગવતની કથાના શ્રવણથી તો દુરાચારી અને પાપીઓ પણ પવિત્ર થાય છે તથા મુક્તિ પામે છે. આ વિશે એક પુરાતન ઈતિહાસની કથા જેના શ્રવણથી મુક્તિ પામનાર એક પાપીની કથા નીચે પ્રમાણે કહી સંભળાવી :

તુંગભદ્રા નદીને તીરે આવેલા એક નગરમાં આત્મદેવ નામનો એક બ્રાહ્મણ નિવાસ કરતો હતો. તે વેદાદિ શાસ્ત્રોમાં પ્રવીણ, સત્યપરાયણ અને સત્કર્મ કરનારો હતો. તેની સ્ત્રી ધુંધુલી સુંદર અને ઉત્તમ કુળમાં જન્મેલી હતી પરંતુ એ સાથે તે હઠાગ્રહી, કંકાસપ્રિય અને કૃપણ પણ હતી. તેમને એક પણ સંતાન થયું ન હતું. પુત્રપ્રાપ્તિ માટે આત્મદેવે ઘણાં પુણ્ય કાર્યો કર્યાં, પણ સફળતા ન જ મળી. એક સમયે આત્મદેવ ઘરનો ત્યાગ કરી વનમાં જતો રહ્યો. તેના સદ્ભાગ્યે એક સંત પુરુષનો ભેટો થયો. આત્મદેવે પોતાની પરિસ્થિતિ કહી સંભળાવી. સંતપુરુષ યોગનિષ્ઠ હતા, તેમણે જોયું તો આત્મદેવના ભાગ્યમાં સંતાનનું સુખ ન હતું. આત્મદેવને તેમણે કહ્યું કે ''કુટુંબની આશા તું ત્યજી સંન્યાસ લઈ લે અને તારા આત્માને પ્રભુપરાયણ બનાવ.'' સંતપુરુષના કથનથી તે વધુ દુ:ખી થયો અને દેહત્યાગ કરી દેવા તત્પર બન્યો. સંતપુરુષને દયા આવી. તેણે કહ્યું : ''વિધિના લેખ ભૂંસવાથી દુ:ખનો પાર રહેતો નથી. પણ તું હઠ કરી રહ્યો છે તો તને આ એક ફળ આપું છું, આ ફળ તું તારી પત્નીને ખવડાવજે, એથી તેને પુત્ર થશે. ફળપ્રાપ્તિથી આત્મદેવના હર્ષનો પાર ન રહ્યો, ઘેર આવીને પત્નીને ફળ ખાઈ જવાની આજ્ઞા કરી.

ધુંધુલી વિચારમાં પડી ગઈ. તેને વિચાર આવ્યો : ફળ ખાવાથી ગર્ભ રહે, ગર્ભનો ભાર અને પ્રસૂતિની પીડા મારાથી સહન ન જ થાય. ના, મારે ફળ નથી જ ખાવું. એવામાં તેની બહેન તેને મળવા આવી. બહેને કહ્યું : ''તું આ ફળ ગાયને ખવડાવી દે. 'હું ગર્ભવતી છું' મને જે બાળક આવશે તે હું તને આપી દઈશ, આથી તારું કામ થઈ જશે.

નવ માસ પછી આત્મદેવે પુત્રનું નામ ધુંધુકારી પાડ્યું. ત્રણેક માસ પછી પેલી ગાયે પણ પુત્રને જન્મ આપ્યો. તેના કર્ણ માત્ર ગાયના કર્ણ જેવા હતા. બાળક ખૂબ તેજસ્વી હતું. આનંદ આશ્ચર્ય સહ આત્મદેવે તેને પણ સારી રીતે ઉછેર્યો અને તેનું નામ 'ગોકર્ણ' પાડવામાં આવ્યું. ગોકર્ણ વિદ્વાન અને સદાચારી બન્યો, જ્યારે ધુંધુકારી અતિશય લાડપ્રેમથી બગડી જઈ, સ્વચ્છંદી બની રહી ચોર અને વેશ્યાગામી બન્યો. પુત્રના દુ:ખે આત્મદેવ ખૂબ જ કંટાળી ગયો અને ઘર ત્યજી

દઈ વનમાં જતો રહ્યો.

એક વખત જુગારમાં હારી જતાં ધુંધુકારીએ માતા પાસે ધન માગ્યું અને ઘરમાં ધમાલ કરી મૂકી. તેણે માને ખૂબ મારી, આથી ખૂબ લાગી આવતાં દુ:ખ સહન ન થતાં ધુંધુલીએ અંતે આત્મહત્યા કરી. સાત્ત્વિક પ્રકૃતિના ગોકર્ણને આથી બહુ દુ:ખ થતાં તે તીર્થાટન કરવા ચાલી નીકળ્યો.

ધુંધુકારીએ પછી પાંચ વેશ્યાઓને ઘરમાં જ રાખીને દુરાચાર સેવવા માંડ્યો. વેશ્યાઓએ અલંકારોની માગણી કરી. ધુંધુકારી એ ગામમાં ચોરીઓ કરીને આભૂષણો ભેગાં કર્યાં. એક રાત્રે તે વેશ્યાઓએ સૂતેલા ધુંધુકારીને અતિ નિર્દયપણે મારી નાખ્યો અને એના શબને ઘરમાં જ ખાડો ખોદી એમાં દાટી દીધું. અકાળ મૃત્યુથી વાસનાભર્યો ધુંધુકારી મહાપ્રેત થયો અને ભૂખ તરસથી પીડાતો વંટોળિયાનું રૂપ લઈને બધી દિશાઓમાં દોડવા લાગ્યો.

તીર્થાટનથી પરત આવીને ભાઈની થયેલી એવી અવગતિથી ગોકર્ણ ખૂબ દુ:ખી બની રહ્યો. એના કલ્યાણને અર્થે ગોકર્ણે ભાગવતસપ્તાહનું આયોજન કર્યું. વ્યાસપીઠે બેસીને ગોકર્ણ જ કથા કહેવા લાગ્યા. એમની સૂચનાનુસાર પ્રેત થયેલો ધુંધુકારી સાત ગાંઠવાળા એક વાંસમાં પેસી શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક તે કથા સાંભળવા લાગ્યો. રોજ વાંસની એક એક ગાંઠ ફાટતી ગઈ. સાતમે દિવસે કથાની પૂર્ણાહુતિ પછી ધુંધુકારી દિવ્ય દેહ ધારણ કરીને સૌની સમક્ષ પ્રકટ થયો. તે ગોકર્ણને પગે લાગ્યો અને પછી કથાની ધન્યતા વર્ણાવી પોતાને લેવા આવેલા ભગવાનના પાર્ષદો સાથે દિવ્ય વિમાનમાં બેસી વૈકુંઠ લોકમાં સિધાવ્યો.

આ પછી સનત્કુમારોએ સપ્તાહ સાંભળવાનો વિધિ કહ્યો, વક્તા શ્રોતાઓએ પાળવાના નિયમો કહ્યા. જે ધર્માત્મા બ્રાહ્મણ વિરકત, વિષ્ણુભક્ત, વેદશાસ્ત્રોના વિરોધને દૂર કરનાર, દૃષ્ટાંત આપવામાં કુશળ, ધૈર્યવાન અને અત્યંત નિ:સ્પૃહ હોય તેને જ ભાગવતના વક્તા તરીકનું સ્થાન આપવું એમ સમજાવ્યું.

આ રીતે ભાગવતનું માહાત્મ્ય સવિસ્તર કહી તેની કથા સૂત પુરાણીએ શૌનકને કહ્યું કે આ જ ભાગવતની કથા શુકદેવજીએ પરીક્ષિત રાજાને કહી સંભળાવી હતી. આ કથા સાંભળવાથી જ સંસારનું - હું અને મારું એવા મમતા ભર્યા સંસારનું ચડેલું ઝેર ઊતરી જાય છે અને પછી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(શ્રીમદ્ ભાગવત-માહાત્મ્ય સમાપ્ત)

મંગલાચરણ

(ભાગવતાર્થ નિબંધ)

શ્રી વલ્લભાચાર્યજીએ સર્વ શાસ્ત્રોનું દોહન કરીને પોતે પ્રતિપાદિત **‘અખંડ બ્રહ્મવાદ’** જેને સામાન્યતઃ ‘શુદ્ધાદ્વૈત વેદાંત’ કહેવાય છે તેનું વિસ્તૃત નિરૂપણ પોતાના સ્વતંત્ર વિશિષ્ટ ગ્રંથ **‘તત્વાર્થદીપ નિબંધ’**માં કર્યું છે. આ ગ્રંથ **‘નિબંધ’** નામથી પણ ઓળખાય છે. આ સમગ્ર ગ્રંથ ત્રણ પ્રકરણોમાં આલેખાયેલ છે. (૧) **શાસ્ત્રાર્થ પ્રકરણ** અથવા **ગીતાર્થ પ્રકરણ**, (૨) **સર્વનિર્ણય પ્રકરણ** અને (૩) **ભાગવતાર્થ પ્રકરણ**. પ્રથમ શાસ્ત્રાર્થ પ્રકરણનો આધાર ‘ગીતા’ છે, તેને મુખ્ય શાસ્ત્ર બતાવી, તેનો અર્થ તેમણે આ પ્રકરણમાં બતાવ્યો છે, તેથી ‘શાસ્ત્રાર્થ પ્રકરણ’ કહેવાય છે. તેમજ તેમણે ત્રણ પ્રકરણોનો ઉલ્લેખ કર્યો છે. શ્રી મહાપ્રભુજીએ **‘ભાગવતજી’**ના સાત પ્રકારે અર્થ સમજાવ્યા છે- (૧) **શાસ્ત્રાર્થ**, (૨) **સ્કંધાર્થ**, (૩) **પ્રકરણાર્થ**, (૪) **અધ્યાયાર્થ**, (૫) **શ્લોકાર્થ**, (૬) **શબ્દાર્થ** અને (૭) **અક્ષરાર્થ**. પ્રથમ ચાર અર્થ તેમણે નિબંધના **‘ભાગવતાર્થ પ્રકરણ’**માં નિરૂપિત કર્યા છે જ્યારે બાકીના ત્રણ અર્થો તેમણે સુબોધિનીજીમાં વિસ્તારથી સમજાવ્યા છે. **ગીતા** તથા **ભાગવત** સિવાયના બાકીના સર્વે ભગવદ્ શાસ્ત્રો- વેદ, મીમાંસા, રામાયણ, ભાગવત, પંચરાત્ર ઈત્યાદિ ને દોહન કરી તેમણે તેનો સાર **‘સર્વ નિર્ણય પ્રકરણ’**માં નિરૂપિત કર્યો છે.

તદનુસાર ‘ભાગવત’ના ગૂઢ અર્થને સમજવા માટે નિબંધના ‘ભાગવતાર્થ પ્રકરણ’નો આધાર લેવો આવશ્યક છે.

‘ભાગવતાર્થ નિબંધ’નો પ્રારંભ કરતાં **મંગલાચરણ** કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે-

‘‘શ્રી કૃષ્ણં પરમાનંદં દશલીલાયુતં સદા,
સર્વભક્ત સમુધ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ’’

અર્થાત્ ‘સર્વ પ્રકારના ભક્તોનો ઉધ્ધાર કરવામાં જેઓ તત્પર છે અને જે **દશવિધ લીલાઓ** કરવાવાળો છે, તે પરમાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણને હું નમન કરૂં છું.’

અહીં શ્રીકૃષ્ણને ઉત્કટ તત્ત્વ બતાવ્યા છે, જેઓ બ્રહ્મના સાકાર રૂપથી, પૂર્ણ રૂપે પ્રાદુર્ભુત થયા છે. તેઓ પરમાનંદ રૂપ હોઈ ફલસ્વરૂપ છે. તેમના અવતારનું પ્રયોજન બધાજ ભક્તોના ઉધ્ધાર કરવાનું છે. અવતાર ધારણ કરનારને સ્તુતિ પ્રિય હોઈ અહીં શ્રીકૃષ્ણને નમન કર્યું છે. ભાગવતજીમાં પ્રત્યેક અવતાર સાથે તેમની ભક્તે કરેલી સ્તુતિનું વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રી મહાપ્રભુજી સમગ્ર ભાગવતનો અર્થ સમજાવતાં કહે છે- **'આનંદસ્ય હરે ર્લીલા શાસ્ત્રાર્થો દશધા હિ સા.'** અર્થાત્ આનંદરૂપ ભગવાનની આનંદમયી દશ પ્રકારની લીલા, એજ ભાગવતજીનો શાસ્ત્રાર્થ છે, એટલે કે સમગ્ર ભાગવતનો અર્થ ભગવાન શ્રીકૃષ્ણની આનંદમયી દશવિધ લીલા છે. તે સર્વના દુ:ખોને હરનારી છે, તેથી દુ:ખનો નાશ કરનારી અને સુખ (આનંદ)રૂપ ભગવાનની લીલા પોતે જ પુરુષાર્થ રૂપ છે. ભાગવતના પ્રથમ સ્કંધ **'અધિકાર લીલા'** છે અને દ્વિતિય સ્કંધ **'સાધન લીલા'** છે. તે પછીના તૃતીય સ્કંધથી દ્વાદશ સ્કંધ સુધી અનુક્રમે **સર્ગ**, **વિસર્ગ**, **સ્થાન**, **પોષણ**, **ઊતિ**, **મન્વંતર**, **ઈશાનુકથા**, **નિરોધ**, **મુક્તિ** અને **આશ્રય** એમ દશ પ્રકારની લીલાનું વર્ણન છે જે પ્રત્યેક જે તે સ્કંધનો અર્થ છે.

• સુબોધિની •

શ્રી મહાપ્રભુજી સુબોધિનીજીના પ્રારંભમાં ભગવાન શ્રી કૃષ્ણના ચારેય વ્યુહ- **સંકર્ષણ**, **વાસુદેવ**, **પ્રદ્યુમ્ન** તથા **અનિરૂધ્ધ**ની સ્તુતિ કરી, પોતાના પિતા શ્રી લક્ષ્મણ ભટ્ટને નમસ્કાર સાથે મંગલાચરણ કરે છે.

કારિકા - ૧**વન્દે શ્રી કૃષ્ણ દેવં મુરનરકભિદં વેદ વેદાંત વેદ્યં**
લોકે ભક્તિ પ્રસિધ્ધયૈ યદુકુલ જલધૌ પ્રાદુરાસીદ પાર :
યસ્યાડડસીદ્રુપમેવ ત્રિભુવન તરણે ભક્તિ વચ્ચ સ્વતંત્રં
શાસ્ત્રં રૂપં ચ લોકે પ્રકટયતિ મુદા ય : સનો ભૂતિ હેતુ :

અર્થાત્- હું પ્રભુ શ્રીકૃષ્ણ દેવને વંદન કરૂં છું જે પ્રભુ વિઘ્નરૂપ દોષવાળા મુર તથા નરક અસુરોનો સંહાર કરનારા છે તથા જેના સ્વરૂપ વેદ અને ઉપનિષદો દ્વારા જ જાણી શકાય છે. જેનો અંત નથી એવા શ્રી હરિ લોકમાં ભક્તિને પ્રસિધ્ધ કરવા માટે અને ત્રિભુવનના ઉધ્ધાર માટે યદુકુળમાં આનંદરૂપે પ્રગટ થયા છે. જેઓ પોતાના શાસ્ત્રાત્મક્ત સ્વરૂપને પણ પ્રગટ કરે છે, તે ભગવાન શ્રીકૃષ્ણ ભાગવતના યથાર્થ સ્વરૂપને અભિવ્યક્ત કરવામાં મને પ્રેરક બને.

કારિકા - ૨**કર્તા જ્ઞ : સકળસ્ય યો નિગમભૂ : સર્વ સ્વરૂપોડપિ સ**
ન્સર્વસ્યાડપિ વિધારણો વિજયતે નિર્દોષ સર્વેષ્ટદ :
યો લીલાભિરનેકધા વિતનુતે રૂપં નિજં કેવલ :
સોડયં વાચિ મમાડસ્તુ પૂર્ણ ગુણભૂ : કૃષ્ણાવતાર : પતિ :

અર્થાત્- જે શ્રી હરિ સકળ વિશ્વના કર્તા અને સર્વજ્ઞ છે, જે વેદાદિ શાસ્ત્રોનું કારણરૂપ છે, જે

દોષ વગરના છે, જેઓ પોતાના બધા જ મનોરથને પાર પાડીને બિરાજમાન છે, જે પ્રભુપુર્ણ ગુણાયુક્ત છે જે વિશુદ્ધ હોવા છતાં પણ પોતાના અનેક રૂપોનો વિસ્તાર કરે છે એવા કૃષ્ણાવતાર પ્રભુ મારી વાણીમાં પતિના રૂપમાં સ્થિતિ કરે.

કારિકા - ૩ **શ્રીમદ્ વલ્લભ વિદ્વદીશ વિલસ દ્વશાબ્ધિ પૂર્ણોન્દવે**
શ્રી ગોપીપતિવન્દિને સુમનસિ બ્રહ્માામૃતસ્યન્દિને
શ્રી મલ્લક્ષ્મણ ભટ્ટ સૂરિરિતિ યન્નામાડખિલાડભીષ્ટ દં
તસ્મૈ તાત મહાશયાય હરયે કુર્મો નમ : સિધ્ધયે

અર્થાત્- વિદ્વદ્ શિરોમણી પિતાશ્રી શ્રી વલ્લભના સમુદ્ર વંશરૂપી મહાસાગરમાંથી નીકળેલ પૂર્ણ ચંદ્રમા સમાન ગોપીજન વલ્લભ શ્રીકૃષ્ણને વંદન કરવાવાળા બ્રહ્માનંદ રૂપ પરાગમાંથી બહાર નિકળેલા સુંદર પુષ્પરૂપ નિર્મળ મનવાળા હરિસ્વરૂપ પિતૃચરણ જેમનું શ્રીમદ્ લક્ષણ ભટ્ટ સૂરિ જેવું પવિત્ર નામ બધાની સમસ્ત કામના પૂર્ણ કરે એવી સિધ્ધને લઈને હું નમસ્કાર કરું છું.

કારિકા - ૪ **શ્રીમદ્ ભાગવતાગમ : સૂરતલોકે ફલત્વં ગતો**
ભાષા ભેદ વિભેદ તસ્ત્રયમપિ સ્યાન્નો વિરુધ્ધં મહત્
ભકત્યંશે ફલતા પ્રમાણ સુબલે વેદત્વમર્થે પુન :
સ્કન્ધૈ દ્વાદશભિર્યુત : સુરતરુ : શાખાદ્વિવહ્નિદ્વયમ્

અર્થાત્- શ્રીમદ ભાગવત વેદરૂપ કલ્પવૃક્ષ છે તથા લોકોના ઉધ્ધાર માટે ફલરૂપ છે. તે મહાપુરાણ છે છતાં તેમાં લૌકિક ભાષા, પરમત ભાષા અને સમાધિ ભાષા એમ ત્રણ ભાષાના પ્રકારમાં એકબીજાના ભેદ હોવાના કારણે તેમાં તારતમ્ય છે. છતાં પણ તેની ફળરૂપતાથી તે વિરુદ્ધ નથી. કારણ કે ભક્તિના અંશમાં તે ફલરૂપ છે. પ્રમાણના વિશેષ બળમાં તે વેદરૂપ છે અને અર્થમાં બાર સ્કંધ રૂપ વૃક્ષની મુખ શાખાઓ સાથે અધ્યાયરૂપી ૩૩૨ શાખાઓ છે.

કારિકા - ૫ **અર્થ તસ્ય વિવેડચિતું નહિ વિભુવૈશ્વાનરાદ્વાકપતે**
રન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવચ્છ્રીપતિ :
દત્વા ડડ જ્ઞાં ચ કૃપાવલોકન પટુર્યસ્માદ તોડહં મુદા
ગૂઢાર્થ પ્રકટીકરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણો : પ્રિયમ્

અર્થાત્- અલૌકિક સુખોથી વંચિત આ વિશ્વના ઉધ્ધાર માટે ભાગવતનો સાચો અર્થ પ્રગટ કરવા માટે વાણીના પતિ વૈશ્વાનર શ્રીમદ્ વલ્લભાચાર્ય સિવાય બીજો કોઈ પણ સમર્થ નથી એટલે એ વિચાર કરીને શ્રીપતિ ભગવાને પોતાના અંશરૂપ મને શ્રી વેદ વ્યાસની માફક મનુષ્ય દેહ ધારણ કરીને શ્રીમદ્ ભાગવતના ઉત્તમ અર્થ પ્રગટ કરી, જેના કારણથી શ્રી વેદ વ્યાસની તથા વિષ્ણુને જેવી રીતે અત્યંત પ્રિય લાગે તેવી રીતે હું ભાગવતનો ગૂઢ અર્થ આનંદપૂર્વક ઘણા પ્રકારથી પ્રગટ કરૂં છું.

કારિકા - ૬ **લક્ષણાં નૈવ વક્ષ્યામિ ન ન્યુનાદન્ય પુરણમ્**
આર્થિક તુ પ્રવક્ષામિ પરોક્ષકથનાદતે

અર્થાત્- હું ભાગવતના અર્થ કોઈ પણ જગ્યાએ લક્ષણાથી કરીશ નહીં. તેવી રીતે અહીં અર્થ ખૂટે છે તો તેની પૂર્તિમાં બીજો અર્થ અગર તેનાથી સારા અર્થનું સંયોજન પણ કરીશ નહીં. પરોક્ષ કથન સિવાય જે વાક્યોનો અર્થ છે તે જ કરીશ, વાક્યનો અર્થ તોડમરોડ કરીને કરીશ નહીં પરંતુ યથાર્થ જે અર્થ થશે તે જ કરીશ.

કારિકા - ૭ **અવિરોધેન સપ્તાનામર્થાનામિહ સંગતિ :**
ઉત્તરોત્તર દૌર્બલ્યં વાચ્યં સંકોચત : પરમ્

અર્થાત્- ભાગવતાર્થ તેમ જ સુબોધિની બન્નેમાં જે સાત પ્રકારના અર્થ કહ્યા છે તેમાં પરસ્પર વિરોધ નહીં હોય તે રીતે અહીં બધા અર્થોની સંગતિ રહેલી છે. આ સાત પ્રકારે કરેલા અર્થમાં વ્યવહારની દૃષ્ટિથી આગળના અર્થની અપેક્ષા એ પાછળના અર્થમાં થોડી દુર્બળતા રહેશે. અર્થાત્ શાસ્ત્રાર્થ કરતાં સ્કંધાર્થમાં અધ્યાર્થ કરતાં વાક્યાર્થમાં અને વાક્યાર્થ કરતાં પદાર્થમાં તેમ જ પદાર્થ કરતાં અક્ષરાર્થ ઉત્તરોત્તર દુર્બળ હશે તેમ સમજવું જોઈએ.

કારિકા - ૮ **ભાષા ત્રય વિરોધશ્ચ કલ્પભેદા ત્સમાહિત :**
ભાષા ત્રય વિભેદશ્ચ લક્ષણૈર્જ્ઞાપ્યતે પુન :

અર્થાત્- ભાગવતમાં લૌકિક, મતાન્તર અને સમાધિભાષામાં જ્યાં જ્યાં વિરોધ આવે છે, ત્યાં ત્યાં તેના સમાધાન કલ્પભેદ વડે કરી લેવું જોઈએ અને આ ત્રણ ભાષાના ભેદમાં પણ તેના જે લક્ષણો બતાવેલ છે તદનુસાર તેને જાણી લેવા જોઈએ.

આમ કહી આ ગ્રંથ (સુબોધિની)ની શરૂઆત કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે-

કારિકા - ૯ **અર્થત્રયં તુ વક્ષ્યામિ નિબન્ધેડસ્તિ ચતુષ્ટયમ્**
અત્ર સન્ત : સ્વસન્તોષૈરાજ્ઞાં યચ્છન્તુ સિધ્ધયે

અર્થાત્- ભાગવતના ઉપરોક્ત સાત અર્થોમાં ચાર અર્થો નિબંધમાં જણાવવામાં આવેલ છે. બાકીના ત્રણ અર્થો અહીં સુબોધિનીજીમાં હું વ્યાખ્યા કરી રહ્યો છું જેને માટે સાધુ પુરુષ પોતાના સંતોષથી પોતાના હૃદયના ભાવથી અર્થ સિધ્ધિ માટે મને આજ્ઞા આપે.

ભાગવત શ્લોક (૧)

જન્માદ્યસ્ય યતોડન્વયાદિતરત શ્ચાર્થેષ્વભિજ્ઞ : સ્વરાટ્
તેને બ્રહ્મહૃદા ય આદિ કવયે મુહ્યન્તિ યત્સૂરય :
તેજો વારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસગૌમૃષા
ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ.

અર્થાત્ બ્રહ્મ, જે આ જગતના જન્મ વગેરે માટે **'સમવાયી'** તેમ જ **'નિમિત્ત'** કારણરૂપ છે,

જે બધા વિષયોને જાણે છે, જે વિષયોમાં રમણ કરતાં નથી અર્થાત્ વિષયોથી નિર્લેપ છે પરંતુ પોતાના સ્વરૂપાનંદમાં રમણ કરે છે એટલે કે આત્મરત છે જે **‘સ્વરાટ્’** છે - પોતેજ પ્રકાશમાન છે, તેમજ આ વિરાટ્માં રહેલા અર્થાત્ સ્વરૂપાનંદમાં વિહાર કરનારા છે, જે બ્રહ્મ ઉત્તમ વિદ્વાનોને પણ મોહિત કરવાવાળા વેદ, પુરાણો સહિત શબ્દ રસમાં નિપૂણ એવા આદિ કવિ બ્રહ્માને હૃદયસ્થ છે, જે બ્રહ્મમાં માયાના કાર્યરૂપ દેહ, ઈન્દ્રિય તથા અંત :કરણ વગેરે ધર્મોનું તથા તેના અધ્યાસની કલ્પના કરવી મિથ્યા છે, જે બ્રહ્મ સ્વરૂપની સ્ફૂરણાથી જીવોની અવિદ્યા નિવૃત્ત થાય છે, એવા પરમ સત્યરૂપ ત્રિકાલ અબાધિત બ્રહ્મનું અમે ધ્યાન ધરીએ છીએ.

આ શ્લોક તેમ જ પછીના બીજા બે શ્લોકો મંગલાચરણના છે જેને કથારૂપ ભાગવતની સાથે કોઈ જ સીધો સંબંધ નથી. ચોથા શ્લોકથી ભાગવતની કથા શરૂ થાય છે. **‘ભાગવત’** તેને કહેવાય જેનો પ્રારંભ ગાયત્રીથી થયો હોય. આ પ્રથમ શ્લોક ભાગવતની ગાયત્રી સમાન છે. જે રીતે ગાયત્રી વેદનું બીજ છે તેમ આ શ્લોક બીજરૂપ છે. ગાયત્રી મંત્રમાં જે અર્થમાં **‘સવિતા’** શબ્દ વપરાયો છે તે અર્થમાં અહીં **‘જન્માદ્યસ્ય યત :’** પદ મુકવામાં આવ્યું છે. ‘સવિતા’નો અર્થ છે ‘સર્વનો પ્રસવ’, એટલે કે જેમાંથી બધું ઉત્પન્ન થયું છે. ત્યાં સવિતા સૂર્યના અર્થમાં નથી. **‘જન્માદ્યસ્ય યત :’** પદથી એમ કહેવાયું છે કે ‘જેમાંથી જન્મ ઈત્યાદિ અર્થાત્ આ સૃષ્ટિનો આવિર્ભાવ થયો છે તે.’ આમ ગાયત્રીના શબ્દ ‘સવિતા’ એ ‘જન્માદ્યસ્ય યત : પદનું તાત્પર્ય છે. તેવી જ રીતે જો સમગ્ર ગાયત્રિ મંત્રના પ્રત્યેક પદનું વિશ્લેષણ કરવામાં આવે તો તેમાં આવતા **વરેણ્યં, ભર્ગ, દેવસ્ય, તત્** વગેરે પદોનું તાત્પર્ય આ શ્લોકમાં **‘અર્થેષ્વભિજ્ઞ :’ ‘સત્યં પંર’**, **‘તેજોવારિમૃદાં’** ઈત્યાદિ પદથી કહેવાયું છે. આમ, અહીં ગાયત્રીના શબ્દો ન ઉચ્ચારાતાં તેનો અર્થ કરીને ‘મંત્ર મર્યાદા’ તેમજ ‘શાસ્ત્ર મર્યાદા’ જાળવવામાં આવી છે. વેદ અને ભાગવત એક જ બીજવાળા હોવાથી જેમ વેદ છે તેવું જ ભાગવત છે. તે કારણથી આ શ્લોક દ્વારા ગાયત્રીનો અર્થ જણાવવાથી ભાગવત એ વેદથી વિરૂધ્ધ નથી કે વેદથી દુર્બળ નથી એમ જણાવ્યું છે. તે રીતે ભાગવતનો પ્રારંભ ગાયત્રીથી કરવામાં આવ્યો છે. જેમ વેદનું બીજ ગાયત્રી છે તેમ ભાગવતનું બીજ પણ ગાયત્રી છે. આમ ભાગવત વેદવત્ હોઈ તે પણ વેદની માફક પ્રમાણ છે, તે વેદથી સહેજ પણ ઓછું નથી, એ કહેવાનું તાત્પર્ય છે.

બ્રહ્મસૂત્રમાં પણ બીજુ સૂત્ર છે - **‘જન્માદ્યસ્ય યત : શાસ્ત્ર યોનિત્વાત્’** આ સૂત્રથી બ્રહ્મનું લક્ષણ બતાવવામાં આવ્યું છે. ભાગવત સર્વ વેદના સાર રૂપ હોઈ, તે પોતે જ શાસ્ત્ર છે માટે હેતુસૂચક પદ **‘શાસ્ત્ર યોનિત્વાત્’** અહીં કહ્યું નથી. ‘જન્માદ્યસ્ય’ પદમાં ‘અસ્ય’ શબ્દનો અર્થ આ દેખાતું જગત છે. જેમાંથી આ જગતનો આવિર્ભાવ ઈત્યાદિ થયું છે તે ‘બ્રહ્મ’ તે તેનું તાત્પર્ય છે. તેથી ‘જન્માદ્યસ્ય યત :’ પદથી બ્રહ્મ જ આ જગદ્રૂપે આવિર્ભાવ-તિરોભાવ પામીને લીલા કરે છે તેમ સમજાવ્યું છે.

જેમ વેદમાં સાધનરૂપ યજ્ઞસંબંધી પદાર્થોના યોગથી થતા ધર્મથી 'ફલ'નો અનુભવ થાય છે તેમ અહીં પણ ભાગવતમાં યોગથી થયેલ ધર્મથી શ્રી વેદ વ્યાસજીને (૧) પુરુષનો (પુરુષોત્તમનો), (૨) માયાથી થતા બંધનનો અને (૩) ભક્તિ દ્વારા બંધનમાંથી પ્રાપ્ત થતી મુક્તિનો, એ ત્રણેય બાબતનો સમાધિ દ્વારા સાક્ષાત અનુભવ થયો છે. આ વાતને સ્પષ્ટ કરવા માટે જ આ શ્લોકમાં **'પુરુષ'**, **'માયયાબન્ધો'**, અને **'મોચનં ભક્તિહેતુકમિતિ'**, **'અપશ્યત્પુરુષંપૂર્ણં'** ઈત્યાદિ પદોનો ઉલ્લેખ છે. આ કારણે જ ભાગવત એ વેદવ્યાસજીની **'સમાધિભાષા'** કહેવાય છે.

નારદ પંચરાત્રમાં **'ભક્તિ'**ની વ્યાખ્યા કરતાં કહ્યું છે- 'ભગવાનમાં, તેમના માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ' તેનું નામજ **'ભક્તિ'** છે. આ પ્રકારની ભક્તિથી જ મુક્તિ મળે છે, અન્યથા નહીં. **ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન ભગવાને રચેલ સૃષ્ટિ વગેરેને જાણવાથી થાય જ્યારે સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહને ભગવાનને આત્મા તરીકે જાણવામાં આવે ત્યારે થાય. આ બન્ને પ્રાપ્ત કરાવવા માટે વેદ વ્યાસજીએ ભાગવત સંહિતા રચી છે.** માહાત્મ્યનું જ્ઞાન અને સ્નેહ એ બન્ને ભક્તિના કારણ છે એમ જણાવવા ગાયત્રી બીજ, વેદ વૃક્ષ અને ભાગવત ફલ છે એમ કહેવામાં આવે છે. જેવી રીતે પૂર્વકાંડ અને ઉત્તરકાંડમાં અનુક્રમે યજ્ઞો અને બ્રહ્મનું આત્મા તરીકે જ્ઞાન એકબીજાના કારણભૂત છે તેમ અહીં માહાત્મ્યનું જ્ઞાન અને સ્નેહ બંને ભક્તિના કારણ છે, એમ જણાવવા ગાયત્રી **બીજ**, વેદ **વૃક્ષ** અને ભાગવત **ફલ** છે એમ કહેવામાં આવ્યું છે.

ગાયત્રીથી જગતની ઉત્પત્તિ દ્વારા કર્તૃત્વથી સર્વ કર્તૃત્વપણુ બતાવેલ છે. બ્રહ્મ સર્વજ્ઞ છે - તે **વરેણ્ય** - વરવા લાયક - સુંદર છે. **'ભર્ગ'** પદથી સંસારને નિવૃત્ત કરવાવાળા છે, અવિદ્યારૂપી માયાનો નાશ કરવાવાળા છે. **'દેવ'** પદથી તેનું અમે ધ્યાન કરીએ છીએ, **'ધિય:'** સર્વે ઈન્દ્રિયો અને મન સાથે રહેલી બુધ્ધિ ને તે પ્રેરણા કરે જે સર્વથા હિતસાધક હોઈ તેનું ધ્યાન અહીં કરે છે.

'જન્માદ્યસ્ય યત:' અર્થાત્ જેનાથી 'આદ્યસ્ય' એટલે આકાશનો જન્મ થયો એવો અર્થ શ્રુતિ કરે છે. ગાયત્રીના અર્થમાં **'પ્રસવ'** માત્ર અર્થ જ લેવામાં આવ્યો છે. સ્થિતિ તથા પ્રલય નહીં. **વરેણ્ય** અને **ભર્ગ** શબ્દો વડે સ્થિતિથી નાશ પછીથી સૂચિત કરવામાં આવે છે. શ્રુતિમાં પણ બ્રહ્મથી જગતની ઉત્પત્તિ તથા પ્રલય પ્રતિપાદન કરવામાં આવ્યું છે જેમ શ્રુતિ **યતો વા ઈમાનિ ભૂતાની જાયંતે - યેન જાતાનિ જીવન્તિ યત્ પ્રયત્યભિસં વિશંન્તિ.** (તૈ ૩/૧/૧) કહે છે.

મનથી પણ કળી ન શકાય એવા બ્રહ્મના હજારો રૂપ છે. તે તેનું માહાત્મ્ય છે એટલે બ્રહ્મને અવિકૃત કહે છે જેમ કે કામધેનુ, કલ્પવૃક્ષ, ચિંતામણી મંત્ર વડે ઉત્પન્ન થયેલા પદાર્થો દેખાય છે છતાં પણ તેમનામાં કોઈ વિકૃતિ દેખાતી નથી તેમ બ્રહ્મ પણ પોતાના કર્તૃત્વપણાથી જગતની ઉત્પત્તિ-સ્થિતિ અને પ્રલય કરતા દેખાય છે છતાં તેનામાં કોઈ પણ જાતની વિકૃતિ આવતી નથી, જેવી રીતે સોનાની લગડીમાંથી દાગીના ઘડાતા તેમાં સોનુ અકબંધ રહે છે. બ્રહ્મને કેટલાક

સમવાયિકારણ અને પ્રકૃતિને **નિમિત્તકારણ** કહે છે, કેટલા બ્રહ્મનું **કર્તુત્વ** એકલું જ સ્વીકારે છે તેના નિરાકરણમાં આ કહ્યું છે. **અન્વય - વ્યતિરેક**થી આ સમજાવે છે. બ્રહ્મ જગતનું કારણ હોવાનું પ્રત્યક્ષથી સિધ્ધ થતું નથી પરંતુ તે શ્રુતિથી સિધ્ધ થયેલું છે (ઉપર કહ્યું તેમ).

ભાગવત કહે છે-

યત્ર યેન યતો યસ્ય યસ્મૈ યદ્ યદ્ યથા યદા સ્યાદ્
ઈદં ભગવાન સાક્ષાત પ્રધાન પુરુષેશ્વર : (ભા. ૧૦/૮૫/૪. શા.નિ. ૧/૬૯)

અર્થાત્ - જેને વિષે, જે વડે, જેના થકી, જે સમ્બંધી, જેને અર્થે અને જે જે પ્રકારે જ્યારે થાય છે તે સર્વ પ્રધાન પુરુષના નિયન્તા એવા સાક્ષાત ભગવાન છે - અર્થાત્ જગતનું **અભિન્ન નિમિત્તોપાદાન** કારણ બ્રહ્મ જ છે. બ્રહ્મ જગતનું કારણ છે તે આ શ્રુતિ વાક્યોથી સિધ્ધ થાય છે.

ચાર પુરૂષાર્થોને સિધ્ધ કરવા માટે જગતની ઉત્પત્તિ છે, બધા જીવોને બધા પુરૂષાર્થ સિધ્ધ કરવા જગત છે. જ્ઞાન માર્ગમાં કેટલાક સ્વાર્થ માટે બધુ કરે છે એમ માને છે તેના નિરાકરણમાં કહે છે- જીવો પણ બ્રહ્મનું જ સ્વરૂપ છે છતાં તેમાં ભેદ છે તેથી તેમાં દોષ નથી. બ્રહ્મ પોતે પોતાનામાં જ સ્વરૂપાનંદમાં જ રમણ કરે છે. બીજા વિષયોમાં રમણ કરતાં નથી. એમ રૂપ પ્રપંચમાં જ રમણ કરે છે.

'નામ પ્રપંચ'માં અને **'રૂપ પ્રપંચ'**માં આ શક્તિવાળા જીવોના નિવારણ માટે ભેદ કહેવાયો નથી પરંતુ **બંધ** અને **મોક્ષ**નો પ્રકાર બતાવેલ છે.

જીવોને પ્રપંચથી બંધ અને વેદથી મોક્ષ મળે છે ભગવાન રૂપ પ્રપંચ અને નામ પ્રપંચ બન્ને રીતે રમણ કરે છે એ ભગવાનનું માહાત્મ્ય છે.

ભગવાન પૂર્ણ ગુણવાળા છે એ પ્રતિપાદિત કરીને તેનું નિર્દોષપણુ સિધ્ધ થાય છે. ભગવાનમાં માયા તથા માયાનું કોઈ કાર્યનું લેશ માત્ર કાર્ય નથી. એટલે જ વરણીય- **'વરેણ્ય'** છે. ભગવાન દોષ રહિત છે. શાસ્ત્રમાં બે પ્રકારના દોષ બતાવ્યા છે. **'સ્વતઃ દુષ્ટતા સંપાદન'** દોષનો ભગવાનમાં અભાવ છે. દેહ, ઈન્દ્રિયો અને અંત :કરણના ધર્મોનો પોતાનામાં સંબંધ કરવો એ દુષ્ટતા સંપાદન દોષ પ્રથમ છે. એ દોષને સાત્વિક, રાજસ અને તામસના ભેદથી બતાવવામાં આવ્યો છે. આ પ્રકારથી પૃથ્વી, જલ, તેજની એકબીજામાં પ્રતિતિ થાય છે એ પ્રકારની છે. ત્યાં કોઈ પદાર્થ છે જ નહીં. એ પ્રકારથી ભગવાનમાં અથવા ભગવત્ અવતારોમાં જેમને ફળની પ્રાપ્તિ થઈ છે એવા ભક્તોમાં દેહ, ઈન્દ્રિય, અંત :કરણના ધર્મોનો સંબંધ મિથ્યા છે. જેવી રીતે તેજમાં જળની બુધ્ધિ, જળમાં પૃથ્વીની બુધ્ધિ પૃથ્વીમાં તેજની બુધ્ધિ તેજમાં વસ્ત્રની બુધ્ધિ જોવાવાળાની બુધ્ધિનો ભ્રમ જ છે.

ખરેખર બ્રહ્મને શરીર ઈન્દ્રિયોનો સંબંધ છે જ નહીં. **''ધામ્ના સ્વેન''** - ભગવાન પોતાના સ્વરૂપની સ્ફૂર્તિથી બધા પ્રાણીઓના જીવોની અવિદ્યાનો નાશ કરે છે. બીજા કોઈ પણ સાધન

સિવાય સ્વયં ભગવાનનું સ્વરૂપ જ અવિદ્યાનો નાશ કરે છે તેમાં કળીયુગના દોષો પણ પ્રતિબંધ કરવામાં અસમર્થ છે કારણ કે અહીં સ્વરૂપ જ અવિદ્યાનો નાશ કરવાવાળું છે જેને પ્રમેય બળ કહે છે. **‘ભર્ગ’** શબ્દનો અર્થ થાય અવિદ્યાનો નાશ કરનાર છે.

ગાયત્રીમાં **‘તત્સવિર્તુવરણયમ્’**માં અહીં **‘તત્’** શબ્દની વ્યાખ્યા કરે છે - **‘સત્યં પરં ધિમહી’** જે કાળત્રય-ભૂત-ભવિષ્ય વર્તમાનથી અબાધિત છે. સર્વ લોકમાં પ્રસિધ્ધ છે અને પરમ સત્ય કહે છે. એ શ્રેષ્ઠ પુરુષોત્તમ સ્વયં સર્વવેદમાં પ્રસિધ્ધ છે એને **‘પર’** કહે છે. **‘ધિમહિ’**નો અર્થ છે- કાળત્રયા બાધિત સર્વ લોક તથા સર્વવેદ પ્રસિધ્ધ શ્રેષ્ઠ પુરુષોત્તમ છે તેનું અમે ધ્યાન કરીએ છીએ અથવા તેનામાં પ્રીતિ કરીએ છીએ.

ભાગવતમાં વૈદિકતત્ત્વ પ્રાપ્ત છે એ હેતુથી અહીં કહેવામાં આવે છે કે આ ભાગવત પુરાણ વેદ સમ્મત છે એ રીતે અહીં ગાયત્રીરૂપ બીજ ભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શ્લોક (૨)

ધર્મ પ્રોજિઝીતકૈતવોડત્ર પરમો નિર્મત્સરાણાં સતાં
વેદ્ય વાસ્તવમત્ર વસ્તુ શિવદં તાપત્રયો ન્મુલનમ્
શ્રીમદ્ ભાગવતે મહામૂનિકૃતે કિંવા પરૈરીશ્વર:
સદ્યો હૃદયરૂધ્યતેડત્ર કૃતિભિ: શુશ્રુષુભિસ્તત્ક્ષણાત્

અહીં ભાગવતમાં ભગવદ્ ભક્તિથી કપટાદિથી મુક્ત, માત્સર્યદિ દોષોથી રહિત, કૃપાલુ આદિથી યુક્ત ગુણોવાળા પરમધર્મનું નિવેદન કરવામાં આવ્યું છે. આ ભાગવત શાસ્ત્રમાં જે જાણવા યોગ્ય પરમ વસ્તુ તત્ત્વ એવા સ્વયં સાક્ષાદ્ ભગવાન છે, જે ત્રણેય પ્રકારના તાપનો મૂળમાંથી જ વિનાશ કરે છે, તેમનું નિરૂપણ કરવામાં આવેલું છે.

મહામૂની શ્રી વ્યાસજીએ આ દશવિધ લીલાયુક્ત ભાગવતનું સર્જન કરેલું છે. આપણને પ્રશ્ન થાય કે તો પછીથી બીજા શાસ્ત્રો જે અન્ય તત્ત્વોનું નિરૂપણ કરે છે તેનું પ્રયોજન શું છે? આ ભાગવતનું ઐશ્વર્ય જ એટલું બધું છે કે તેના શ્રવણની ઈચ્છા કરવાવાળા મહા ભાગ્યશાળી જીવ, તુર્તજ શ્રવણ કરતાંની સાથે જ ઈશ્વરને પોતાના હૃદયકમળમાં ધારણ કરી લે છે એટલે કે તેને તેઓ પોતાને વશ કરી લે છે.

ભગવાનની પ્રાપ્તિનો સરળ ઉપાય આ શ્લોકમાં બતાવવામાં આવ્યો છે. ધર્મ અને જ્ઞાન તે માટે સહાયરૂપ સાધન બની શકે છે. પ્રભુ પ્રકટ થાય અને પછી પોતાનામાં પ્રવેશ પ્રદાન કરે તે ફલ છે. આ ભાગવતથી જ શક્ય બને છે. જેમ કલ્પવૃક્ષ પોતાનું સેવન કરનારને ઈચ્છેલું ફળ આપે છે તેમ શ્રીમદ્ ભાગવતના સેવનથી પણ ઈચ્છેલું બધું જ મળે છે.

અહીં **‘પ્રોજઝીત કૈતવ: ધર્મ’** કહ્યું છે. તેનું તાત્પર્ય છે કે ભાગવતજીમાં કપટ રહિત ધર્મ છે. સામાન્યત: જ્યાં ધર્મ હોય ત્યાં કપટ ન જ હોય પણ અહીં કપટ વગરનો ધર્મ કહ્યો છે, તેનો મર્મ

સમજવો જોઈએ.

ધર્મ અને જ્ઞાન એ બે **'સાધન'** છે અને ભગવાનનું પ્રકટ થવું તે **'સાધ્ય'** છે. એટલે કે ધર્મ અને જ્ઞાનથી ભગવાનનો આવિર્ભાવ થાય છે, અર્થાત્ ભગવાનમાં પ્રવેશ કરવો એ જ ફલ છે જે ભાગવતથી જ સંભવ છે. કારણ કે ભાગવત એ એક વિશિષ્ટ પ્રકારનું 'કલ્પવૃક્ષ' છે. ધર્મમાં વેદ પ્રમાણ છે. વૈદિક ધર્મ યજ્ઞાત્મક છે. પૂર્વકાંડમાં યજ્ઞ યાજ્ઞાદિનું વિધાન છે. એ ધર્મશાસ્ત્ર છે. આચાર એ 'પૌરાણિક ધર્મ' છે. આચારનું પાલન કરવું તે પુરાણ શીખવે છે.

શાસ્ત્રોમાં **આચાર, સત્ય, તપ** વગેરે પણ **ધર્મો** બતાવવામાં આવ્યા છે, પરંતુ તે બધા ધર્મોમાં ક્યારેક તેમાં કહેલા ફલ કરતાં તેનું કાંઈ બીજુ પ્રયોજન પણ હોઈ શકે છે. વાસ્તવમાં જોઈએ તો યજ્ઞનું વિધાન શ્રીકૃષ્ણના આનંદની પ્રાપ્તિ માટે છે તેમ છતાં યજ્ઞાદિ ધર્મોનું વિધાન સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ માટે કરવામાં આવતાં હોય છે. એ અર્થમાં વૈદિક ધર્મમાં કપટની સંભાવના રહેલી છે. તેથી જ અહીં **'કપટ વગરના ધર્મ'**ની વાત કહી છે.

આચાર ધર્મમાં પણ શુધ્ધિ અશુધ્ધિના વિધાન છે. એક જ વસ્તુમાં પણ જુદી જુદી પરિસ્થિતિમાં શુધ્ધિ અને અશુધ્ધિ ક્યારેક બતાવવામાં આવતી હોય છે. આપણી પ્રવૃત્તિઓને ઓછી કરાવવા માટે વસ્તુના ગુણ બતાવ્યા પછી તેમાં રહેલા દોષનું વર્ણન પણ શાસ્ત્રમાં કરવામાં આવે છે. તેવી જ રીતે **'વિધિ'** સાથે **'નિષેધ'** પણ કહેવામાં આવ્યા હોય છે જે એક પ્રકારે કપટ છે. પ્રભુની પ્રસન્નતા માટે ધર્મ કરવાને બદલે કોઈ લૌકિક ફલ માટે થતાં ધર્મમાં પણ કપટ છે. પરંતુ અહીં શ્રીમદ્ ભાગવતમાં જે ધર્મ બતાવવામાં આવ્યો છે અર્થાત્ 'ભાગવત્' ધર્મમાં કોઈ કપટ નથી.

સત્યાદિ ધર્મમાં પણ ક્યારેક વ્યવહાર દશામાં અસત્ય રહેલું હોય છે એટલે તેમાં પણ કાપટ્ય છે. ઉદાહરણ રૂપે મહાભારતમાં સત્યવાદી યુધિષ્ઠિર ઉચ્ચારે છે- **'અશ્વત્થામા હતઃ'**. ગીતામાં પણ તપ આદિ ધર્મની નિંદા કરી છે. શરીરમાં રહેલા પંચ મહાભૂતોને તપ દ્વારા કષ્ટ આપે છે તે મૂઢ છે તેમ કહેવામાં આવ્યું છે. પરંતુ શ્રવણાદિ ધર્મોમાં આવું કોઈ પ્રકારનું કાપટ્ય નથી, તે અહીં સમજાવવામાં આવ્યું છે.

ભાગવતમાં શ્રવણાદિ પરમ ધર્મ છે, જેનાથી ભગવાનને જાણી શકાય-માણી શકાય. પ્રભુની કથા - **ભાગવત કથા પ્રભુમાં પ્રીતિ થાય તે માટે સાંભળવી જોઈએ, નહીં કે કેવળ વ્યવહાર જાળવવા, વક્તાની પરિક્ષા કરવા, કુતુહલવશ કે એવા કોઈ દુરાશયથી સાંભળવી ન જોઈએ.** ભાગવતજીમાં માત્ર લૌકિક કે પારલૌકિક ફલ આપે તેવો ધર્મ નથી પરંતુ તેમાં પ્રભુ પ્રસન્ન થાય, પ્રભુ પ્રાપ્ત થાય તેવો ધર્મ કહ્યો છે. શ્રવણધર્મ કપટ રહિત કેવળ ભાગવતમાં જ સિધ્ધ કરી શકાય છે અને તેના કારણે તે જ પરમ ધર્મ કહ્યો છે. આ ધર્મ ઉત્કૃષ્ટ છે તેનો નિર્દેશ અહીં કહેલી **'નિર્મત્સરાણાં સતામ્'** પદથી આપેલો છે. બીજાનો ઉત્કર્ષ ન સહન કરવો - બીજાની ઈર્ષા કરવી

તેને મત્સર દોષ કહ્યો છે. જે વ્યક્તિ દોષ રહિત તથા ગુણથી ભરેલી છે તે જ આ શ્રવણ ધર્મને માટે અધિકારી છે, તેમ અહીં સ્પષ્ટપણે કહે છે. મત્સર વગરના પુરુષો - અર્થાત્ જે સાધુ-સજ્જન છે, જેઓ અયોગ્ય પ્રવૃત્તિ ક્યારેય કરતા નથી, જેને ખરાબ વિચાર આવતા નથી, ખરાબ શબ્દો જેના મુખમાંથી નીકળતા નથી પણ સૌના પર દયા કરીને જે સૌનું કલ્યાણ કરે છે તે બધા સત્પુરુષો કહેવાય. તેમને માટે અહીં ધર્મ બતાવવામાં આવ્યો છે.

અહીં **'વેદ્ય'** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જેનો અર્થ થાય 'જાણવા જેવો'. સામાન્યત : જે ન જાણી શકાય એવા ભગવાન ભાગવત ધર્મમાં પોતાની ઈચ્છાથી પ્રગટ થાય છે. વાસ્તવમાં જે જાણવા જેવા હોતા નથી છતાં તેવા આપણાને લાગતા હોય છે, પરંતુ ભગવાન જ જાણવા જેવું તત્ત્વ છે તે બતાવવા અહીં **'વેદ્ય'** કહ્યું છે.

શાસ્ત્ર દૃષ્ટિથી જાણવા જેવી ચાર બાબત છે. (૧) **યજ્ઞ**, (૨) **બ્રહ્મ**, (૩) **કાલ** અને (૪) **પુરૂષ** - આ ચારેયનું મૂળ સ્વરૂપ વાસ્તવમાં ભગવાન પોતે છે. આ વાસ્તવિક વસ્તુને **'વેદ્ય'** કહેવાય. ભગવાનને જાણવા માત્રથી જ કલ્યાણ થઈ જાય. પછી કલ્યાણ માટે કોઈ બીજો પ્રયત્ન કરવો પડે નહીં. ભગવાનને જાણવા માત્રથી ત્રણ પ્રકારના તાપ મૂળમાંથી જ નીકળી જાય. ભગવાનને જાણવાથી દૂર થયેલા દુ :ખ ફરી ક્યારેય પાછા આવતા નથી. તે મૂળ સાથે જ ચાલ્યા જાય છે. જેમ ઝાડના મૂળ ઉખડી ગયા હોય તો ફરીથી તે ફલ આપે નહીં, તેમ દુ :ખના મૂળ અથવા પાપના મૂળ ઉખડી ગયા પછી પાપ કે દુ :ખ કોઈ પરિણામ આપી શકતું નથી. આધિભૌતિક, આધ્યાત્મિક તેમજ આધિ દેવ્યુ ત્રણેય પ્રકારના દુ :ખ ભગવાનને જાણવાથી નિર્મૂળ થઈ જાય છે તેમ કહેવાનો અહીં આશય છે.

મહામુનિ વ્યાસજીએ સમાધિમાં દર્શન કરીને જે તે લીલાના અનુક્રમ મુજબ શ્રીમદ્ ભાગવત પ્રકટ કર્યું છે. **'શ્રીમદ્ ભાગવત'**માં બે શબ્દ છે- 'શ્રીમદ્' અને 'ભાગવત'. અહીં બે વાત કરવામાં આવી છે. શ્રીમદ્ એટલે શોભાવાળું. દશ પ્રકારની લીલા એ ભાગવતજીની શોભા છે. રસાત્મક ભગવાનની શોભા 'રસાત્મક' છે. અહીં દશ પ્રકારના રસનું વર્ણન છે - સાહિત્ય શાસ્ત્રમાં આઠ પ્રકારના રસનું વર્ણન મળે છે - **શ્રૃંગાર, હાસ્ય, કરૂણા, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ** અને **અદ્ભૂત** તે ઉપરાંત **શાંત** નવમો અને **ભક્તિ** એ દશમો રસ છે.

ભાગવતના કર્તા વ્યાસજી મહામૂનિ છે અહીં કર્તાનો અર્થ 'બનાવનાર' કે 'સર્જક'ના અર્થમાં લેવામાં નથી આવ્યો, પરંતુ ભાગવત જે **'અવ્યક્ત'** હતું તેને તેમણે **વ્યક્ત** કર્યું, તે અર્થમાં તેમને કર્તા કહ્યા છે. લોકો તેનાથી અજાણ હતા પરંતુ તે હતું તો ખરૂં જ. તેને વ્યાસજીએ પ્રકટ કર્યું. તેથી તેમને **'મહામૂનિ'** કહ્યા છે. આનું તાત્પર્ય એ છે કે શ્રીમદ્ ભાગવત વ્યાસજીએ પોતાની બુધ્ધિથી નથી રચ્યું પરંતુ તેમણે સમાધિમાં જે નિહાળ્યું, જેના દર્શન થયા તેને તેમણે પ્રગટ કર્યું છે. અહીં ભાગવતમાં કાળક્રમ કે વ્યક્તિક્રમ મુખ્ય નથી પરંતુ ભગવાનની લીલાના ક્રમ પ્રમાણે બધી કથાઓ

છે.

મંત્ર શાસ્ત્ર અને પંચરાત્ર ઉપાસના કાંડ છે પરંતુ તેનાથી અધિક ભાગવતનો ઉત્કર્ષ છે. મંત્ર શાસ્ત્રમાં દેવતા મંત્રને આધિન હોય છે. પંચરાત્રમાં પણ દેવતા મંત્રને અધિષ્ઠાનરૂપથી સ્વાધિન થાય છે. પરંતુ અહીં ભાગવતમાં સાક્ષાત પુરુષોત્તમ ભક્તના હૃદયમાં અવરૂધ્ધ થાય છે, અર્થાત્ બંધાય છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે ભગવાન સિવાય બીજાનું પ્રતિપાદન કરવાવાળા શાસ્ત્રોથી પરમ ફળની સિધ્ધિ પ્રાપ્ત થતી નથી. ભગવાનમાં **કર્તુત્વ - અકતૃત્વ** અને **અન્યથા કતૃત્વ** સામર્થ્ય છે. એટલે જ શ્રી ભાગવતના શ્રવણ માત્રથી જ વિચાર અને ચિંતન કર્યા સિવાય તુર્તજ તે જ ક્ષણે ભગવાન હૃદયમાં પધારે છે. એ ભગવાનના સામર્થ્યનો પ્રતાપ છે.

'કૃતિભિ:/શુશ્રુષુભિ:' એ બે શબ્દોથી તાત્પર્ય છે કે જે કુશળ બુધ્ધિવાળા છે તથા શ્રવણની ઉત્કૃષ્ટ ઈચ્છાવાળા છે તેને ભાગવતનું જ્ઞાન થાય છે. બુધ્ધિનું કૌશલ ભાગવતના બોધનમાં ઉપયોગી છે તેમજ શ્રવણની ઈચ્છા પણ તેમાં ઉપયોગી છે. આ બન્ને હોવાથી ભગવાન તરત જ હૃદયમાં આરૂઢ થઈ જાય છે.

આવી રીતે પદ અને વાક્યોની ભગવદ્ પરતા જાણનાર કુશળ વ્યક્તિ શ્રીમદ ભાગવતને સાંભળે તો ભગવાન પોતે તુર્ત જ તેના હૃદયમાં પધારીને ત્યાં નિવાસ કરે છે. તેથી અહીં **'તત્ક્ષણાત'** કહ્યું છે. એ કારણે ભાગવત જ સર્વોમાં ઉત્કૃષ્ટ છે, તેમ અહીં સમજાવવામાં આવ્યું છે.

શ્લોક (૩)

નિગમ કલ્પતરો ર્ગલિતં ફલં શુક મુખાદમૃત દ્રવસંયુતમ્
પિવત ભાગવતં રસ માલયં મુહુરહો રસિકા ભૂવિ ભાવુકા:

આ શ્લોકમાં શ્રી ભાગવતની ફલરૂપતા બતાવી છે. શ્રીમદ્ ભાગવત એ નિગમ એટલે વેદરૂપી કલ્પવૃક્ષનું પાકી ગયેલું ફળ છે. અર્થાત્ વેદ કલ્પવૃક્ષ છે અને તેનું પરિપક્વ થયેલું ફલ તે 'ભાગવત' છે. ભાગવત સર્વ વેદના સારરૂપ છે. 'કલ્પતરૂ' શબ્દથી રૂપકનો આધાર લઈ વ્યાસજી ભાગવતની તુલના વેદથી કરીને સમજાવે છે. વેદને આપણે શબ્દ રૂપે અથવા ગ્રંથ રૂપે જાણીએ છીએ પરંતુ બ્રહ્મ લોકમાં વેદ સ્વયં પુરુષ આકારવાળા પણ છે. શૌનક મુનિએ પોતાના ગ્રંથ 'ચરણ વ્યુહ'માં વેદોના જુદા જુદા રૂપોનું વર્ણન કર્યું છે. વેદોનું વૃક્ષ તરીકે પણ એક સ્વરૂપ છે. વ્યાપિવૈકુંઠમાં 'નૈ:શ્રેયસ' નામના ઉદ્યાન (બાગ)માં પ્રણવ બીજવાળુ વેદવૃક્ષ છે. તે ઈચ્છા કરતાં પણ અધિક ફલ દેનારૂં કલ્પવૃક્ષ છે. તે વેદાત્મક કલ્પવૃક્ષ ઉપર આવેલું ફળ તે શ્રીમદ્ ભાગવત છે. વેદ શબ્દાત્મક છે તેથી તેના પર આવેલું ફળ ભાગવત પણ શબ્દાત્મક છે. જ્યારે ભગવાને વ્યાસરૂપે ભૂતલ ઉપર અવતાર ધારણ કર્યો ત્યારે જીવોના આનંદ માટે તેઓ એ આધિદૈવિક ફલ પણ સાથે લેતા આવ્યા. તેમ છતાં ભગવદ્ ઈચ્છાથી તેઓ તે વિશે ભૂલી ગયા. તેમની અશાંત

મનોદશાના ઉપાય તરીકે નારદજીએ તેમને યાદ કરાવ્યું અને સમાધિ કરવાનો આદેશ આપ્યો. જેમ ખોવાઈ ગયેલી વસ્તુ જડે તેમ વ્યાસજીને સમાધિમાં ભગવાનની વિવિધ લીલાઓનાં દર્શન થયાં. વ્યાસજીને ત્રણ બાબતનાં દર્શન થયા હતાં- (૧) **પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વયં**, (૨) **માયાથી થતું બંધન** અને (૩) **ભક્તિથી થતી મુક્તિ**. આ ત્રણેય બાબતોનું વ્યાસજીએ ભાગવતજીમાં વર્ણન કર્યું છે.

વેદરૂપી કલ્પવૃક્ષ રસાત્મક છે તેમ તેનું ફળ શ્રીમદ્ ભાગવત પણ રસાત્મક છે. જ્યારે ઝાડ પર રહેલા ફળમાં રસ પૂરેપૂરો ભરાઈ જાય અર્થાત્ તે પરિપક્વ થઈ જાય ત્યારે તે તેની મેળે નીચે પડી જાય. આનો અર્થ એ કે વ્યાસજી આવા પરિપક્વ ફળ શ્રીમદ્ ભાગવતજીને એક શુભશુકન તરીકે ભૂતલ ઉપર સાથે લઈ આવ્યા હતાં. ભાગવતના રહસ્યનું પ્રકટ થવું તે ફળનું ગળી પડવું છે. વળી જે ફળ પર પોપટ ચાંચ મારે તે વધારે મીઠું હોય. ભાગવતજી શ્રી શુકદેવજીના મુખમાંથી પ્રેમ પરવશ પણે ગાન રૂપે કહેવાયું છે. તેમના હૃદયમાં ભક્તિરસ બિરાજે છે. તેથી શ્રી શુકદેવજીના મુખમાંથી નીકળતું ભાગવત તેમના દિલમાં રહેલી ભક્તિ સાથે બહાર નીકળે છે. જેથી તે સાંભળતાની સાથે જ અધિકારી જીવના હૃદયમાં ભક્તિનો આવેશ થાય છે. આમ ભાગવત શ્રી શુકના મુખમાંથી નીકળતાં તે **'અમૃતદ્રવસંયુત'** છે. ભક્તિરસના મંથન રૂપ શ્રીમદ્ ભાગવત હોઈ, તે મોક્ષને પણ શિથિલ કરી દેનારો ભક્તિ રસ છે. તેથી તેને 'અમૃત દ્રવ' કહ્યું છે. મોક્ષથી મળતું સુખ પણ તેની તુલનામાં તુચ્છ લાગે. માટે અહીં **'પિબત'** કહી રસીકજનોને તે પીવાનો ઉપદેશ આપ્યો છે.

જ્યારે વ્યાસજીએ નારદના મુખથી ભાગવતનું શ્રવણ કર્યું અથવા તેમણે સમાધિમાં જેના દર્શન કર્યા ત્યારે કે જ્યારે પોતાના પુત્ર શ્રી શુકદેવજીને તે સંભળાવ્યું ત્યારે પણ તેમને જે આનંદ નહતો આવ્યો તેવો આનંદ, જ્યારે શુકદેવજી પરીક્ષિતની સભામાં ગંગાકિનારે ભાગવત કથા સંભળાવતા હતા અને ત્યાં વ્યાસજી પધાર્યા અને તે સભામાં તેઓએ એક શ્રોતા તરીકે ભાગવત સાંભળ્યું ત્યારે તેમણે તેનો રસાનુભવ થયો. તેથી જ તેમણે ભલામણ કરી કે **'પિબત ભાગવત'**, ભાગવતરૂપી રસનું પાન કરો. ભાગવતના શબ્દો કેવળ સાંભળવાના નથી પરંતુ તે રસને ઘુંટડે ઘુંટડે પીવાના છે.

આપણી ઈન્દ્રિયો દ્વારા રસને પોતાની અંદર ઉતારવું તેને 'પાન' કહેવાય. ભાગવત સાંભળ્યા પછી જો તે હૃદયમાં ઉતરે નહીં તો પાન કર્યું ન કહેવાય. ભાગવતજી કેવળ સાંભળવા માટે નથી, તેના ઉપદેશને હૃદયમાં ઉતારવા માટે છે, તે પાન કરવા માટે છે. પાન રસનું થાય તેથી અહીં **'રસં'** કહ્યું છે. ભાગવત રસનું પાન કરજો એક-બે વાર નહીં પરંતુ વારંવાર. આમ, વ્યાસજી કેવળ શ્રવણ કરવાનું કહેતા નથી પરંતુ પાન કરવાનું કહે છે.

'ભાગવત' એ આ ગ્રંથનું નામ છે. જેને ભગવાનનો સંબંધ થાય તેને 'ભાગવત' કહેવાય.

જ્યારે આપણે ચિત્તને પરોવીને કોઈ શબ્દ સાંભળીએ ત્યારે જ તેના અર્થનું જ્ઞાન થાય. આમ અર્થનું જ્ઞાન થાય તે ‘રસ’નું આસ્વાદન છે. જો અર્થ ખબર ન પડે તો જ્ઞાન ન થાય, અર્થાત્ રસનો આસ્વાદ મળ્યો તેમ ન કહેવાય. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે શબ્દાર્થના જ્ઞાનપૂર્વક ભાગવતજીનું પઠન કરવું જોઈએ. કેવળ શ્રવણ માત્ર જ નહીં. શ્રવણમાં જો મન જોડાયેલ ન હોય તો રસનો અનુભવ નહીં થાય. ભાગવતજી એવું ફલ છે જેમાં કેવળ રસ જ છે, તે સિવાય કશું જ નથી. ક્યારેક કોઈ ફળમાં ઠળીયા-છોતરા વગેરે કાઢી નાખવાનું હોય છે. પરંતુ ભાગવતજી તો દાડમના દાણાની માફક છે, તેમાં માત્ર રસ ભરેલો છે. રસાત્મક ભગવાનનો રસ એ જ ‘ભાગવત’ છે. તેથી તેનો ઉપરછલ્લો સ્પર્શ માત્ર જ નહીં પરંતુ તેનું પાન કરવું જોઈએ, એ કહેવાનું તાત્પર્ય છે.

શ્રીમદ્ ભાગવતનું પાન કરતાં પ્રભુમાં પ્રીતિ થાય, પ્રભુ પ્રકટ થાય. જીવનની છેલ્લી ક્ષણ સુધી અથવા મોક્ષની ઈચ્છાને પણ છોડીને ભાગવત રસનું પાન કરવું જોઈએ. આ રસ રસિકજનો માટે ભાવુક ભક્તો માટે છે. રસિકનો અર્થ છે લૌકિક કામનાઓ વગરના, કેવળ ભગવાનની કામનાવાળા જ. એવા લોકો જ ભગવાનના રસને સમજી શકે, જાણી શકે, માણી શકે. અર્થાત્ લૌકિક કામનાઓ છોડીને મોક્ષની પણ અપેક્ષા રાખ્યા વગર જો ભાગવત રસ વારંવાર પીવામાં આવે તો નિરંતર ભગવદ્ ગુણાનુવાદના અમૃતથી ભગવદીયોના લૌકિક ધર્મોની નિવૃત્તિપૂર્વક અવિદ્યાનો નાશ થાય છે, અને ત્યારે જ આપણા હૃદયમાં ભગવાન પધારે.

આમ ઉપરોક્ત ત્રણેય શ્લોકમાં અનુક્રમે **બીજભાવ**, **વૃક્ષભાવ** અને **ફળભાવ**નું નિરૂપણ કર્યા પછી આ અનુપમ શાસ્ત્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

પ્રથમ સ્કંધ

● અધિકાર લીલા ●

● પ્રથમ સ્કંધના અધ્યાય (કુલ અધ્યાય ૧૯)

૧. શૌનક ઋષિએ સૂતજીને પૂછેલા છ પ્રશ્નો.
૨. સાધન અને ફળ રૂપ ત્રણ કર્મોનો નિર્ણય.
૩. ભગવાનના અવતાર.
૪. શુકદેવજીના વૈરાગ્યનું કારણ અને વ્યાસજીની ચિંતા.
૫. ભક્તિનો મહિમા.
૬. નારદજીની ભક્તિનું સ્વરૂપ.
૭. અશ્વત્થામાના બાણથી પરીક્ષિતની રક્ષા.
૮. બ્રહ્માસ્ત્રથી રક્ષા અને કુંતીજીએ કરેલી ભગવાનની સ્તુતિ.
૯. શર પંજર પીડિત ભીષ્મની મુક્તિ - ભીષ્મ સ્તુતિ.
૧૦. પાંડવોનું સુખ.
૧૧. દ્વારકાવાસી ભક્તોનું સુખ.
૧૨. પરીક્ષિતના જન્મની કથા.
૧૩. વિદુરજીના ઉપદેશથી ધૃતરાષ્ટ્રનું નિર્ગમન.
૧૪. ઉત્પાત થવાથી યુધિષ્ઠીરની ચિંતા અને અર્જુનનું આગમન.
૧૫. ભગવાનનું સ્વધામ પધારવાના સમાચાર - યુધિષ્ઠીરાદિનું સ્વર્ગારોહણ
૧૬. કલિ દ્વારા પીડિત ભૂમિ પાસે પરીક્ષિતનું આગમન
૧૭. રાજા પરીક્ષિતે કલિને કરેલી શિક્ષા.
૧૮. પરીક્ષિત રાજાને ઋષિએ આપેલો શ્રાપ.
૧૯. પરીક્ષિતનો ગંગા તટ પર આગમન અને શુકદેવજીનું ત્યાં પધારવું.

● કથા સાર ●

એક વાર નૈમિષારણ્યમાં શૌનક વગેરે પવિત્ર ઋષિઓ યજ્ઞ કરવા બેઠા. તેમણે કથાઓ અને આખ્યાનો કહેવામાં કુશળ એવા **ઉગ્રશ્રવા** નામના સૂત પુરાણીને કથાઓ સંભળાવવાને માટે માનપૂર્વક નિમંત્ર્યા હતા. જિજ્ઞાસાપૂર્વક ઋષિઓએ એમને છ પ્રશ્નો પૂછતાં કહ્યું કે હે રોમહર્ષના પુત્ર! આપ ધર્માત્મા છો માટે મનુષ્યોના યથાર્થ કલ્યાણનું પરમ સાધન તમે શું માનો છો તે તથા

બધાં શાસ્ત્રોનો સાર શો છે તે તમે અમને કહેવાની કૃપા કરો. અમે શરૂ કરેલો આ યજ્ઞ અમને કદાચ સ્વર્ગ અપાવશે, પણ એવા અલ્પ સમયના સુખવાળા સ્વર્ગનું અમારે કામ નથી, અમારે તો ભગવાનના ચિર સાન્નિધ્યવાળા મોક્ષની પ્રાપ્તિ કરવી છે. આ કલિયુગમાં મનુષ્યો ઓછા આયુવાળા, આળસુ, મંદબુદ્ધિવાળા અને રોગગ્રસ્ત બની રહેલા છે અને શાસ્ત્રોમાં તો અનેક પ્રકારનાં કર્મોનું વર્ણન છે તો, એ સર્વ શાસ્ત્રોમાં જે વધુ સરલ હોય, સર્વેના સારરૂપ હોય તે આપ અમને સંભળાવો કે જેથી અમારી બુદ્ધિ નિર્મળ બની રહે. ભગવાનના અવતારોનું પ્રયોજન તથા એમનાં ચરિત્રો આપ અમને વિસ્તારથી કહી સંભળાવો. વિષ્ણુ ભગવાનનાં નારદ વગેરે ઋષિજનોએ ગાયેલાં દિવ્ય ચરિત્રો અમને સંભળાવો. પોતાની ઈચ્છાશક્તિરૂપ માયા વડે સ્વેચ્છાથી જ લીલાઓ કરનાર ભગવાન શ્રીહરિની અવતારકથાઓ અમારે સાંભળવી છે. ભગવાનનાં પરાક્રમોનું વર્ણન કરી અમોને પવિત્ર કરો. ભગવાન શ્રીકૃષ્ણ હવે પોતાના સ્વરૂપને પામ્યા છે ત્યારે ધર્મ હવે કોને શરણે ગયો છે તે બધું આપ અમને કહી સંભળાવવાની કૃપા કરો.

શૌનકાદિને સાંભળીને સૂત પુરાણી બોલ્યા : ‘ધર્મ માત્રનું ફળ ભગવાનને પ્રસન્ન કરવામાં જ છે. ભક્તિ વિનાનો ધર્મ કેવળ શ્રમ માત્ર છે. નિષ્કામ ભક્તિથી જ પુરુષો કર્મના બંધનથી છૂટે છે. પૃથ્વીનો ભાર ઓછો કરવા કૃપાસિંધુ ભગવાને ઘણા લીલાવતારો ધારણ કર્યા છે.’ એમ કહી સૂતજીએ સંક્ષિપ્તમાં ભગવાનના અવતારો બતાવ્યા. સર્વે વેદાદિ શાસ્ત્રોના અને ઈતિહાસોના સારરૂપ આ શ્રીમદ્ ભાગવત ભગવાન વેદવ્યાસે સર્જ્યું છે. એમણે તે પોતાના પુત્રને શુકદેવજીને કહ્યું હતું. શુકદેવજીએ ગંગાના તીરે અનશનવ્રત ધારણ કરીને બેઠેલા પરીક્ષિત રાજાને સંભળાવ્યું હતું. ભગવાન વેદવ્યાસે અનેક શાસ્ત્રો, કેટલાંક પુરાણો રચ્યાં, છતાં તેમને અંતરમાં કંઈક ઊણપ લાગતી હતી. એવામાં શ્રીનારદમુનિ ત્યાં ઉપસ્થિત થયા. વ્યાસજીએ પોતાની મૂંઝવણ એમને કહી સંભળાવી. નારદજીએ એમને કહ્યું કે તમે વેદના વિભાગ કર્યા, કર્મમાર્ગ મહાભારતની પણ અદ્‌ભુત રચના કરી, પરંતુ પરમતત્ત્વ પરમાત્મા પ્રત્યેની ભક્તિ વિશે તમે સર્જન કર્યું નથી. સત્કર્મોનું સાચું ફળ તો ભગવાનના ગુણોનાં શ્રવણ-કીર્તન-સ્મરણમાં જ છે માટે તમે ભગવાન પ્રત્યેની ભક્તિનો મહિમા ગાઓ. ભક્તિ વિનાનાં જ્ઞાન યોગ તેમ પુરુષાર્થ તો વ્યર્થ જ છે. ભગવાનના અનેક અવતારોની તથા ભગવાનના ભક્તોની કથાઓ એવી હૃદયંગમ હોય છે કે એને ભક્તિપૂર્વક ગાવાથી યા સાંભળવાથી જીવાત્મા પ્રસન્ન બની રહે છે. મારો જ દાખલો આપું. પૂર્વ જન્મમાં હું દાસીપુત્ર હતો, મારી માતા આશ્રમમાં કામ કરતી હતી. ચાતુર્માસમાં એ આશ્રમમાં ઘણા ઋષિઓ નિવાસ કરતા હતા અને ભગવત્કથાઓ કરતા જે તેમના અનુગ્રહ વડે હું સાંભળતો. પરિણામે મને શ્રીભગવાન પ્રત્યે પ્રીતિ થઈ. ચાતુર્માસ પછી ઋષિઓ આશ્રમમાંથી વિદાય થયા ત્યારે મને પણ તેમની સાથે જવાનું ખૂબ મન થયું હતું. દૈવયોગે એક રાત્રે મારી માતા સાપ કરડવાથી તત્કાળ મૃત્યુ પામી પછી હું આશ્રમમાંથી નીકળીને ઉત્તર દિશા તરફ રવાના થયો.

માર્ગમાં એક પવિત્ર નદીને તીરે મીઠું જળપાન કરી એક વિશાળ પીપળાના વૃક્ષ હેઠળ ઋષિઓ બેસતા હતા એવું આસન કરીને બેઠો અને શ્રી ભગવાનના સ્વરૂપ વિશે મન એકાગ્ર કરી ધ્યાનમાં મગ્ન બની રહ્યો. મેં ભગવાન નારાયણ વાસુદેવનું સ્વરૂપ મારાં મનશ્ચક્ષુ સમક્ષ પ્રત્યક્ષ થયું અનુભવ્યું. મારું સમસ્ત અસ્તિત્વ ભગવદ્-આનંદથી ઊભરાઈ રહ્યું. ત્યાં તો ભગવાન અદૃશ્ય થઈ ગયા. એકાએક મેં સાંભળ્યું : ‘હે વત્સ, તું તારા આ જન્મમાં મને પુન : નહિ જોઈ શકીશ. તારા, મારા પ્રત્યેના અનન્ય પ્રેમભક્તિના ભાવથી તને મારી અનુભૂતિ થઈ હતી. તારો આ દેહ છૂટી ગયા પછી તું મારું સાન્નિધ્ય પ્રાપ્ત કરી શકીશ અને તારો એ પ્રેમભાવ અખંડ બની રહેશે.’ મારું પાંચ ભૂતોનું શરીર પડી ગયું અને પછી હું ભગવાન નારાયણના શરીરમાં જ જાણે સમાઈ ગયો. એ પછી યુગોના અંતે ભગવાનમાંથી જ પ્રકટ થયેલા બ્રહ્માએ સ્મૃતિ થતાં જગત સર્જવા ઈચ્છા ધરી. ભગવદ્-ઈચ્છાથી મરીચિ આદિની સાથે હું પણ બ્રહ્માના પુત્ર તરીકે જન્મ્યો અને એમના આદેશાનુસાર અખંડ બ્રહ્મચારી એવો હું વીણા વગાડતો અને ભગવાનની લીલાઓ ગાતો સમસ્ત વિશ્વમાં ત્રણે લોકમાં વિચરું છું. હે વ્યાસમુનિ ! મેં કહ્યું આ સંસારસાગરમાં દુ :ખ નિરાશા અને ગ્લાનિભર્યા મનુષ્યો માટે નૌકારૂપ બની રહે એવું ભગવાનના અદ્ભુત ચરિત્રોવાળું સર્જન કરો.

વ્યાસમુનિ નારદજીનાં વચનો પર ચિંતન કરતાં ચક્ષુઓ બંધ કરી ભગવાન નારાયણમાં મન પરોવી ધીમે ધીમે સમાધિમાં લીન થઈ ગયા. મનમાં તેમણે ક્ષીરસાગરમાં શેષશય્યામાં પોઢેલા ભગવાન નારાયણનાં દર્શન કર્યાં અને સકલ સર્જન વિરાટ પુરુષનું, બ્રહ્માનું સમસ્ત વિશ્વનું, ભગવાનની વિભૂતિઓનું, ઘણા કલ્પો દરમિયાન જે જે બન્યું હતું તે બધું જોયું. એ પછી તેમણે મહાન ભાગવત પુરાણની રચના કરી. એ શ્રીમદ્ ભાગવત ગ્રંથને એમણે પ્રથમ પોતાના પુત્ર શુકદેવજીને ભણાવ્યો.

સૂતજી પછી કહેવા લાગ્યા કે મહારાજ પરીક્ષિત અર્જુનના પૌત્ર હતા. તેઓ માતા ઉત્તરાના ગર્ભમાં હતા તે વખતે અશ્વત્થામાએ મૂકેલા બ્રહ્માસ્ત્રથી તેમનું ભગવાન શ્રીકૃષ્ણે રક્ષણ કર્યું હતું. કૌરવો અને પાંડવોના યુદ્ધમાં અનેક યોદ્ધાઓ વીરગતિ પામ્યા હતા. કૌરવ પક્ષના માત્ર ત્રણ માણસો જીવતા હતા : કુલગુરુ કૃપાચાર્ય, કૃતવર્મા અને અશ્વત્થામા. પક્ષનો વિનાશ જોઈને અશ્વત્થામા સમર્થ બ્રાહ્મણ હોવા છતાં સારાસારનો વિવેક ભૂલી, ક્રોધવશ બની રાત્રે બધા ભરનિદ્રામાં હતા તે વખતે તે પાંડવોને મારવા તેમની છાવણીમાં છાનોમાનો ઘૂસી ગયો. દ્રૌપદીના પાંચ પુત્રો તથા દ્રુપદ રાજાના પુત્રો ત્યાં સૂતા હતા. અશ્વત્થામાએ શસ્ત્ર વડે એ બધાનો ક્રૂર સંહાર કરી નાખ્યો. પ્રાત :કાલે આ જાણતાં પાંડવપક્ષમાં હાહાકાર મચી ગયો. દ્રૌપદીના દુ :ખની તો કલ્પના જ થાય એમ ન હતું. અર્જુન દ્રૌપદીને ‘એ પાપીનું મસ્તક લાવીને તારે ચરણે ધરું છું’ એવું વચન આપી કૃષ્ણ સાથે રથમાં બેસીને નાસી રહેલા અશ્વત્થામા પાછળ ગયો અને તેને પકડી પાડ્યો. અર્જુન તેને બાંધીને દ્રૌપદી સમક્ષ લઈ ગયો અને કહ્યું : ‘આ પાપીને તારી સમક્ષ હાજર

કર્યો છે, તું કહે તે પ્રમાણે હું તેની સાથે વર્તું.'

દ્રૌપદી શોકનિમગ્ન હતી, પણ અશ્વત્થામાની માતા કૃપીના દુ:ખનો વિચાર કરીને એણે ગુરુપુત્રને છોડી મૂકવાની અર્જુનને સૂચના કરી તેથી તેને મારી ન નાંખતા અર્જુને તલવાર વતી અશ્વત્થામાના મસ્તક પરનો મણિ તેના કેશસહિત ઉતારી લીધા. મસ્તક મૂંડી નાખવું, તેનું ધન ખૂંચવી લેવું અને તેને કેશસહિત ઉતારી લીધા. મસ્તક મૂંડી નાખવું, તેનું ધન ખૂંચવી લેવું અને તેને સ્થાનભ્રષ્ટ કરી હાંકી મૂકવો એ બ્રાહ્મણના વધ સમાન જ છે. દુષ્ટ એવા અશ્વત્થામાએ દુષ્ટતા ન છોડી, પાંડવોનો વંશ ઉખેડી નાખવા એણે ઉત્તરાના ગર્ભ પર બ્રહ્માસ્ત્ર છોડ્યું. ભગવાન શ્રીકૃષ્ણે પોતાના સુદર્શનચક્ર દ્વારા તે બ્રહ્માસ્ત્રને શાંત કરી દઈ ગર્ભનું રક્ષણ કર્યું. ભગવાને તેનું રક્ષણ કર્યું હતું તેથી બધા તેને 'વિષ્ણુરાત' નામથી સંબોધવા લાગ્યા, પણ ગર્ભાવસ્થામાં તેને પોતાના સ્વરૂપનાં દર્શન થયાં હતાં તેથી શ્રી કૃષ્ણે તેનું નામ 'પરીક્ષિત' પાડ્યું હતું.

હસ્તિનાપુરના સમ્રાટપદે આરૂઢ થયા પછી શ્રી કૃષ્ણની સલાહ પ્રમાણે યુધિષ્ઠિરે કેટલાક યજ્ઞો કર્યા. જેથી ચારે દિશાઓમાં તેમનો પવિત્ર યશ ફેલાયો. પરંતુ યુધિષ્ઠિર સ્વયં અશાંત હતા. પિતરાઈઓ, ગુરુજનોના મૃત્યુ અને અભિમન્યુની થયેલી હત્યા વગેરે બનાવો તેમનાથી ભુલાતા ન હતા. તેમને થતી વ્યથા જોઈને શ્રીકૃષ્ણે એમને આશ્વાસન આપતાં કહ્યું કે 'જે કાંઈ બન્યું છે તે માટે તો નિયતિ કારણભૂત હતી. ભીષ્મે પણ કહ્યું કે 'તમારું જે જે અપ્રિય થયેલું છે તે સર્વ જેમ વાદળોની હાર વાયુને અધીન છે તેમ પાલન કરનારા સાથે લોક જેને અધીન છે તે કાળે કરેલું છે એમ હું માનું છું. ધર્મપુત્ર એવા તમે આટલાં વર્ષો સુધી અન્યાય સહન કર્યો છે અને સત્તા જમાવી શક્યા નથી એ બધી તો ભાવિની લીલા છે. આ શ્રીકૃષ્ણની વાત, જેને તમે મામાના પુત્ર, મિત્ર, ઉત્તમ સહાયક, સચિવ, દૂત તેમ સારથિ તરીકે માન્યા છે તે તો સાક્ષાત્ ભગવાન આદ્ય નારાયણ પુરુષ છે. સર્વમાં આત્માવાળા, સમદૃષ્ટિવાળા, દ્વૈત વિનાના, અહંકાર વિનાના અને પાપ રહિત એવા તેમના પ્રભાવને કોણ જાણી શકે એમ છે ? તેમણે આ બધું થવા દીધું છે, પણ વસ્તુત: તો તેમણે તમારું રક્ષણ જ કર્યું છે. અને એ માટે તમારી એમના પ્રત્યેની અપાર ભક્તિ જ કારણભૂત છે.

ભીષ્મને ભાવવિભોર બની રહેલા જોઈ શ્રીકૃષ્ણ બોલ્યા : હું તો તમારી પાસે કશુંક માગવા આવ્યો છું. તમારું બધું જ્ઞાન તમારી સાથે જ ચાલ્યું જાય એ ઈષ્ટ નથી તો તમે આ સમ્રાટ યુધિષ્ઠિરને તમે જે કાંઈ જાણો છો એ બધું જ શીખવો. ભીષ્મે વૈદિક, પૌરાણિક અને અન્વય તથા વ્યતિરેકથી સિદ્ધ થતા લૌકિક ધર્મોનું અનુક્રમે વર્ણન વર્ણ પ્રમાણે, આશ્રમ પ્રમાણે તેમજ પુરુષના સ્વભાવ પ્રમાણે કરવાના ધર્મો, વૈરાગ્ય દાનના ધર્મો, રાજાના ધર્મો, મોક્ષ માટેના ધર્મો, સંક્ષેપ અને વિસ્તારના પ્રકારથી સ્ત્રીના ધર્મો અને ભગવાનના સંબંધવાળા ધર્મો, ઉપાયો સાથે ધર્મ અર્થ કામ અને મોક્ષ અંગેનાં વિવિધ આખ્યાનો અને ઈતિહાસોમાં એ પોતે જે જે કાંઈ જાણતા હતા તે બધું

ભીષ્મે ચોપન દિવસ સુધી યુધિષ્ઠિરને કહ્યું અને પછી શ્રી કૃષ્ણની પૂજા કરી, દેહનો ત્યાગ કરી સ્વધામ તરફ પ્રયાણ કર્યું.

યુધિષ્ઠિરે પછી ઈન્દ્રની જેમ સમુદ્રની હદ સુધી પૃથ્વીનું રાજ્ય કરવા માંડયું. એમના રાજ્યમાં પ્રજાને આધિદૈવિક આધિભૌતિક અને આધ્યાત્મિક સુખોનો અનુભવ થવા લાગ્યો. કેટલાક માસ પછી શ્રીકૃષ્ણે દ્વારકા જવાની ઈચ્છા ધરીને સર્વની રજા માગી. કુંતીએ રજા આપતાં એમની જે સ્તુતિ કરી છે તે તો ભાગવતના એક મહત્ત્વના અંગ જેવી છે.

શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાંથી દ્વારકા જવા બહાર નીકળે છે. રેશમનું ધવલ છત્ર ધરી અર્જુન રથમાં ઊભો રહ્યો. ઉદ્ધવ અને સાત્યકિએ અદ્‌ભુત પંખાઓ ધારણ કર્યા. નગરજનો પણ પોતાના પ્રિયજનને વિદાય આપવા ઊમટ્યાં હતાં. દ્વારકાની દિશામાં માર્ગમાં વિવિધ સ્થળે ભગવાનની પૂજા થઈ. દીર્ઘ સમય પર્યંત દૂર રહેલાં પ્રિયજનોએ અપૂર્વ તેમનું સ્વાગત કર્યું. હસ્તિનાપુરમાં કુરુકુળનો વારસદાર પરીક્ષિત પણ દિનપ્રતિદિન વૃદ્ધિ પામી તેજસ્વી બની રહ્યો છે. દરેક પ્રદેશના રાજાઓ પણ યુધિષ્ઠિર પ્રત્યે આદરભાવ ધરાવતા અને અનુકૂળ બની રહેતા હતા. વ્યાસ મુનિએ યુધિષ્ઠિરને પાપનાશક અશ્વમેઘ યજ્ઞ કરવાની સૂચના કરી. દ્વારકાથી શ્રીકૃષ્ણને નિમંત્રણ મોકલી તેડાવી લીધા. શ્રીકૃષ્ણની સૂચનાનુસાર પૂર્વે ઉત્તર દિશામાં મરુતના યજ્ઞમાં દક્ષિણા તરીકે મળેલું અઢળક ધન લઈ આવવા ભાઈઓને મોકલવામાં આવ્યા. એ ધનમાંથી યુધિષ્ઠિરે ત્રણ વેળા યજ્ઞો કર્યા અને એ ધન બ્રાહ્મણોને દક્ષિણા તરીકે આપી દીધું. એ યજ્ઞોનું અધ્યક્ષસ્થાન વ્યાસ મુનિએ લીધું હતું અને પાંડવોના રિવાજ પ્રમાણે બધી જ વ્યવસ્થા શ્રીકૃષ્ણ દ્વારા થઈ હતી. યજ્ઞો પતી ગયા પછી શ્રીકૃષ્ણ દ્વારકા પાછા ગયા ત્યારે સાથે અર્જુનને પણ તેડી ગયા.

સાચી સલાહ આપવા અંગે દુર્યોધને વિદુરજીની અવગણના કરવાને કારણે વિદુરજી તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા હતા. તીર્થયાત્રામાં મૈત્રેય પાસેથી ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીને વિદુર હસ્તિનાપુર પરત આવ્યા. યુધિષ્ઠિરે તેમનું અપૂર્વ સ્વાગત કર્યું. એ વડીલનું રાજા યુધિષ્ઠિરે પૂજન કર્યું અને વિદુરને વિનમ્રપણે કહ્યું કે અમને તમે સંભારતા તો હશો જ, કેમ કે વિષ અગ્નિ વગેરે આપત્તિઓના સમૂહમાંથી માતાસહિત અમને તમે જ બચાવીને અમારું રક્ષણ કર્યું હતું. આપણા-અમારા મિત્રો યા બાંધવો જેવા યાદવો તમને મળ્યા હશે જ. તેઓ સુખરૂપ છે ને?' વિદુરજીએ રાજાને યદુકુલના થયેલા નાશ સિવાય તે સર્વ અનુક્રમે સારી રીતે વર્ણન કર્યું. વિદુરજીએ યદુકુળનો નાશ મુશલથી થયો તે હકીકત કહી નહીં. પછી મોટા ભાઈ ધૃતરાષ્ટ્રનું કલ્યાણ સાધવાની ઈચ્છતાં વિદુરજી સત્કાર પામતા કેટલોક સમય ત્યાં રહ્યા.

હસ્તિનાપુરની ગાદીએ આવેલા યુધિષ્ઠિરે છત્રીસ વર્ષ સુધી રાજ્ય કર્યું. પૌત્ર પરીક્ષિતે હવે રાજ્ય કરવા માટે યથાયોગ્ય બની રહ્યો છે. હવે તો ભગવાનના ચિંતનમાં જ રહેવું જોઈએ એવું વિચારવાને બદલે રાજ્યના દોષને લીધે યુધિષ્ઠિર ઘરમાં આસક્તિવાળા બની રહ્યા છે. વિદુરજીએ

ધૃતરાષ્ટ્રને હવે ઘરમાંથી નીકળી જવાનો આદેશ આપ્યો. તેમણે કહ્યું કે વૃદ્ધાવસ્થાએ ઝડપેલો દેહ હવે પારકા ઘરમાં પડ્યો રહે એ યોગ્ય નથી. તમારો દેહ હવે છૂટી જવાનો છે તો ધીર બનીને હવે વિવેક અને વૈરાગ્ય ધારણ કરી ઘર ત્યજી દો.

વિદુર દ્વારા થયેલા ઉપદેશથી ધૃતરાષ્ટ્ર પરિવારના દૃઢ બંધનોને કાપી ઘરમાંથી નીકળી ગયા. તેની પતિવ્રતા પત્ની ગાંધારી પણ હિમાલય તરફ જતા પતિની પાછળ ગઈ. વિદુરજીએ પણ હસ્તિનાપુર ત્યજી દીધું. મધ્ય રાત્રે તેઓ ત્રણે નીકળી ગયા.

દિવસ ઊગતાં રાજા યુધિષ્ઠિર વડીલોને વંદન કરવા એમના નિવાસસ્થાને ગયા, પણ ત્યાં વિદુર, ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને તેમને જોયાં નહીં. સંજય દ્વારા એ ત્રણે વડીલો છાનાં માનાં ચાલ્યાં ગયાં હોવાનું જાણી સૌને ભારે દુ:ખ થયું. નારદ દ્વારા તેમણે જાણ્યું કે એ ત્રણે તો ઉત્તર દિશામાં હિમાલય તરફ ગયાં છે. દ્વારકા ગયેલો અર્જુન પણ મહિનાઓ વીતી ગયા છતાં પણ પરત આવ્યો ન હતો. નારદજીએ સમજાવ્યું કે ‘હે રાજન્! તું કોઈનો પણ શોક ન કર, કારણ કે જગત ભગવાનને વશ છે. તે જ પ્રાણીઓને ભેગાં કરે છે અને તે જ છૂટાં પણ પાડે છે.’ નારદજીના આવા કથનથી રાજાનો શોક તો દૂર થયો. પણ તેમને ભયંકર ઉત્પાતો પ્રતીત થવા લાગ્યા હતા. તેમણે જોયું તો ઋતુઓના ધર્મોમાં પરિવર્તન આવી ગયું હતું. લોકો ક્રોધી, લોભી અને અસત્ય કથન કરનારા થયા હતા. એમની પાપવાળી આજીવિકા અપ્રામાણિક કમાઈવાળી બની રહી હતી. કુટુંબમાં ભાઈઓ વચ્ચે, પતિ પત્ની વચ્ચે કજિયાકંકાશ વધી ગયા હતા. તેમણે પોતાના ભાઈ ભીમને કહ્યું કે ‘તમારો નાનો ભાઈ અર્જુન સાત માસ વીતિ ગયા છતાં હજુ કયા કારણે પાછો ફર્યો નથી તે સમજાતું નથી. નજીકમાં જ દુ:ખદાયક બની રહેશે એમ લાગે છે. પશુઓ અને પક્ષીઓમાં પણ પરિવર્તન આવી ગયું છે. પૃથ્વી અને પર્વતોમાં કંપ વધી ગયો છે. નદીઓમાં, સમુદ્રોમાં તેમ સરોવરોમાં ખળભળાટ વધી ગયો છે. મને તો સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે આપણું સૌભાગ્ય હવે નષ્ટ થવાનું છે. રાજા આ બધું વિચારી રહ્યા હતા તે વખતે દ્વારકાથી અર્જુન પાછો આવ્યો. દુ:ખમગ્ન મુખવાળા, અસ્થિર પગલાં ભરતા, ચક્ષુઓમાંથી આંસુનાં ટીપાં પાડતા નાના ભાઈને આવી સ્થિતિમાં જોઈને યુધિષ્ઠિરે તેને પૂછ્યું : ‘દ્વારકામાં આપણા સંબંધીઓ, બધા જ યાદવો કુશળ તો છે ને? ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ તો લોકોના કલ્યાણ માટે સૌના રક્ષક છે, એમની પટરાણીઓ સાથે એ ઘણો આનંદ કરે છે ને? તું આમ તેજોહીન શાથી જણાય છે? તારું કોઈએ અપમાન કર્યું છે? અર્જુન ઘણા પ્રયાસથી શોકને રોકી કહેવા લાગ્યો : ‘મોટા ભાઈ! બંધુરૂપ શ્રીહરિથી હું વિખૂટો પડી ગયો છું, તેથી જ મારું તેજ નાશ પામી ગયું છે. હવે શ્રીકૃષ્ણે મને વિખૂટો પાડી દીધો છે. તેણે શ્રીકૃષ્ણે કરેલા વિવિધ કાર્યો યાદ કર્યા. જે ભગવાને મારા સારથિ બનીને ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય વગેરે મહારથીઓને મને નિમિત્ત માત્ર બનાવી, હરાવી તેમનું આયુ હરી લીધું હતું તે ભગવાનથી આજ હું વિખૂટો પડી ગયો છું. યાદવકુળની સ્ત્રીઓને લઈને

હું આવતો હતો, પણ દુષ્ટ આહીરોએ અબલાની પેઠે મારો પરાભવ કર્યો. કૃષ્ણથી રહિત બની રહેતાં મારા લૌકિક રથીપણાનો નાશ થયો છે. વિપ્રના શાપથી મૂઢ બની રહીને, વારુણી મદિરાનું પાન કરી, મદોન્મત્ત બની રહી, સામ સામે પ્રહારો કરી મરણ પામ્યા છે. આ બધું ભગવાનની ઈચ્છાથી જ બન્યું છે.

અર્જુને કહ્યું કે 'હે મહારાજ! દેશ અને કાલથી જે વાસ્તવિક સ્થિતિવાળાં નીતિનાં વાક્યો, હૃદયના તાપની શાંતિ કરનારાં અને ભગવાનનું માહાત્મ્ય દર્શાવનારાં ભગવાનનાં બોધરૂપે મને કહેલાં વાક્યોનું હવે મને સ્મરણ થઈ રહ્યું છે ત્યારે તે મારા ચિત્તને હરી લે છે.'

ભગવાન વૈકુંઠ પધાર્યા અને યદુકુળના પરસ્પરથી થયેલા સંહારના વૃત્તાન્તથી દૃઢ અંત:કરણવાળા યુધિષ્ઠિરે કાલના બળને ઓળખીને સ્વર્ગના માર્ગે જવાનું વિચાર્યું. ભગવાનના દેહત્યાગ પછી કલિયુગે શહેર, રાજ્ય, ઘર અને દરેકના દેહમાં પ્રવેશ કરેલો જોઈ એમનો એવો વિચાર નિર્ણયરૂપ બની રહ્યો. તેમણે પોતાથી ગુણોમાં ઊતરે નહીં એવા પૌત્ર પરીક્ષિતનો હસ્તિનાપુરમાં રાજ્યાભિષેક કર્યો. મથુરામાં અનિરુદ્ધના પુત્ર વજ્રને શૂરસેન દેશનો અધિપતિ કર્યો અને પછી મમતારહિત અહંકારરહિત બની સર્વ વસ્તુ માત્રનો ત્યાગ કર્યો અને હિમાલયની દિશા તરફ પ્રયાણ કર્યું. એમના ભાઈઓ અને પત્ની દ્રૌપદી પણ એમને અનુસર્યાં.

કુંતીએ પણ અર્જુને કહેલ યદુઓનો નાશ અને ભગવાનની સ્થિતિનું શ્રવણ કરીને અનન્ય ભક્તિથી અધોક્ષજ ભગવાનમાં અંત:કરણ સ્થિર કરી સંસારનો અંત આણ્યો, ભગવાનમાં સાયુજ્ય પ્રાપ્ત કર્યું.

આત્મજ્ઞાની વિદુરજીએ પણ પ્રભાસક્ષેત્રમાં આવી શ્રીકૃષ્ણમાં જ મનને સ્થાપીને દેહત્યાગ કર્યો.

આ પ્રમાણે સમ્રાટ બન્યા પછી રાજા પરીક્ષિત શ્રેષ્ઠ બ્રાહ્મણોના ઉપદેશાનુસાર પૃથ્વી પર રાજ્ય કરવા લાગ્યા. તેમણે પોતાના મામા ઉત્તરની કન્યા ઈરાવતી સાથે લગ્ન કર્યું હતું અને એનાથી એમને ચાર પુત્રો પ્રાપ્ત કર્યા હતા. પરીક્ષિત રાજાએ ગંગાકિનારે ત્રણ અશ્વમેઘ યજ્ઞો કર્યા. એમના એ યજ્ઞમાં ઉત્તમ યજ્ઞો તો ભગવાનના અંશરૂપ હોઈ તેમાં દેવો પણ પ્રત્યક્ષ થયા હતા. રાજા પરીક્ષિત કુરુજાંગલ દેશમાં હસ્તિનાપુરમાં હતા ત્યારે રાજ્યમાં કલિયુગનો થયેલો પ્રવેશ તેમણે સાંભળ્યો. આવી અપ્રિય વાત જાણી એ દુષ્ટને શિક્ષા કરવા એ શૂરવીર રાજાએ હાથમાં શરાસન લીધું અને દિગ્વિજય કરવા સેનાસહિત શ્યામ અશ્વોવાળા તથા સિંહની ધ્વજાવાળા રથમાં બેસી તેઓ નીકળ્યા. પૃથ્વીના અનેક પ્રદેશોને જીતી જે તે સ્થળોએ પૂર્વજોના શ્રીકૃષ્ણના માહાત્મ્યને સૂચવતો યશ ગવાતો સાંભળી, ભગવાનમાં ભક્તિભર્યા યશોગાન કરનારાઓને ધન, વસ્ત્રો, અલંકારોનું ઘણું દાન કર્યું. માર્ગમાં એક આશ્ચર્ય જોયું: જેના ત્રણ પગ ભાંગી ગયા છે અને જે એક પગે ચાલે છે એવો બળદ અને નિસ્તેજ એવી ગાયને જોયાં. બન્ને કશો વાર્તાલાપ કરી રહ્યાં

હતાં. એમાં બળદ તો સાક્ષાત્ ધર્મ હતો અને ગાય પૃથ્વી હતી. ધર્મે પૃથ્વીને પૂછ્યું હતું : ‘હે કલ્યાણી ! તમે રોગી નથી છતાં આમ નિસ્તેજ કેમ છો ? તમે કોની ચિંતા કરો છો ? પૃથ્વીએ પછી કહ્યું કે ‘હે ધર્મ ! તમે બધું જાણો છો પ્રથમ તમે તમારા સત્ય, દયા, તપ અને પવિત્રતારૂપી ચારે ચરણો વડે જગતમાં ફરતા હતા અને લોકોને સુખ શાંતિ આપતા હતા, હવે સત્ય સિવાયના તમારા ત્રણ પગ ભાંગી ગયા છે, ચોથો સત્યરૂપી પગ પણ અસ્થિર જેવો લાગે છે. એમ કહેતા પૃથ્વી ભગવાનના ગુણોને ગણાવે છે. વધુમાં કહે છે- હે ઉત્તમ દેવ ! હું મારો અને તમારો, દેવોનો, ઋષિઓનો, પિતૃઓનો, સત્પુરુષોનો, સર્વ વર્ણોનો તથા આશ્રમોનો શોક કરું છું. પૃથ્વી અને ધર્મ એ પ્રમાણે પરસ્પર કહી રહ્યાં હતાં તે વખતે પરીક્ષિત ત્યાં આવી પહોંચ્યા. તેમણે જોયું તો અનાથ, માર ખાતું, ગાય બળદનું એ જોડું અને રાજાનાં ચિહ્ન ધારણ કરેલા, હાથમાં દંડવાળા શુદ્રને જોયો. એ શુદ્રને રાજાએ પૂછ્યું કે ‘મારા રાજ્યમાં મારે શરણે રહેલા લોકમાં નિર્બલોને આમ મારનાર એવો દુષ્ટ બળવાન તું કોણ છે ?’ વળી પૂછવાથી બળદ તો ધર્મ છે અને ગાય પૃથ્વી છે જાણી રાજા પરીક્ષિતે અધર્મના કારણરૂપ કલિને મારવા હાથમાં તલવાર લીધી. કલિ એનાથી ગભરાઈ ગયો અને રાજાના વેશનો ત્યાગ કરી, રાજાના પગમાં પડી જીવનદાન માગ્યું. રાજાએ કહ્યું કે ‘મારો બ્રહ્માવર્ત દેશ તો વિદ્વાનોને યજ્ઞ કરવાનુ સ્થાન હોવાથી મારા દેશમાં હવેથી તારે રહેવું નહીં.’ તેને કહ્યું કે ‘હે અધર્મના બંધુ ! તારી સાથે લોભ, અસત્ય, ચોરી, અનાર્યપણું, કજિયા અને દંભ રહેલાં છે એટલે તારે મારે અધીન રહીને જુગાર, મદિરાપાન, વ્યભિચાર, હિંસા અને વેરઝેર ઊભાં કરનાર એવા લોકોમાં રહેવું.’ દીર્ઘ સમય સુધી પરીક્ષિત રાજાએ પ્રભુભજન કરતાં કરતાં તેમ સાત્ત્વિક વૃત્તિવાળા બની રહીને રાજ્ય કર્યું. વાસુદેવની કથા સાથેનું આ પરીક્ષિતનું આખ્યાન પણ સૂતજીએ શૌનક આદિ ઋષિઓને કહ્યું.

તેઓ કહે એક વખત પરીક્ષિત રાજા મૃગયા માટે અરણ્યમાં ગયા હતા. ભૂખ તરસથી તેઓ આકુળવ્યાકુળ બની ગયા હતા. ત્યાં તેમને એક આશ્રમ દેખાયો. રાજાએ ત્યાં જઈને જોયું તો શમીક ઋષિ ધ્યાનસ્થ દશામાં બેઠા હતા. એમનાં નેત્રો બંધ હતાં. તેમણે પોતાનાં પ્રાણ, મન, ઈંદ્રિયો અને બુદ્ધિને આત્મસ્વરૂપમાં જોડી દીધાં હતાં. તરસથી વ્યાકુળ રાજાએ એમની પાસે પાણી માગ્યું. સમાધિસ્થ ઋષિએ રાજાને બોલવું સાંભળ્યું નહીં. પરીક્ષિત રાજાને આથી પોતાનું અપમાન થતું લાગ્યું, ક્રોધમાં આવી ગયા. તેમણે આશ્રમ નજીક પડેલા એક મરેલા સાપને પોતાના ધનુષની અણીથી ઉપાડ્યો અને ઋષિની ડોકમાં નાખ્યો અને પોતે હસ્તિનાપુર તરફ પાછા વળ્યા.

શમીક ઋષિનો પુત્ર શૃંગી થોડી વારે આશ્રમમાં આવ્યો. પિતાના કંઠમાં મરેલા સર્પને જોઈ ક્રોધિત બની આવેશપૂર્વક જળનું આચમન લઈ શાપ આપ્યો કે ‘ધર્મની મર્યાદા ત્યજી મારા પિતાનો આવો અપરાધ કરનારને આજથી સાતમે દિવસે તક્ષક નામનો મહા ભયંકર સાપ કરડશે.’ શમીક ઋષિએ જાગ્રત બની સર્પને ગળામાંથી દૂર કરીને બધી હકીકત જાણી. પુત્રને ઠપકો આપતાં

ઋષિ બોલ્યા કે 'રાજાને શાપ આપીને તેં સારું કામ કર્યું નથી. પ્રજાનું સારી રીતે રક્ષણ કરનારો રાજા તો વિષ્ણુ ભગવાન જેવો ગણાય. આમ તારા શાપને યોગ્ય તે ન હતો.' એ શાપ તો મિથ્યા થાય એમ હતું જ નહીં એટલે ઋષિ શમીકે એક શિષ્યની સાથે એ ખબર રાજાને કહેવડાવી.

હસ્તિનાપુર ગયા પછી પરીક્ષિતને પણ પોતે કરેલા ઋષિના અપરાધથી અપાર દુઃખ થઈ રહ્યું હતું. તેવામાં શમીક ઋષિએ મોકલેલો શિષ્ય દ્વારા ઋષિપુત્ર શૃંગીએ આપેલા શાપના સમાચાર એમણે જાણ્યા. રાજાએ પોતાના જ અપકૃત્યના બદલામાં મળેલા શાપને તેમણે હિતકર જ માની લીધો અને પછી પુત્ર જનમેજયને હસ્તિનાપુરની ગાદી સુપ્રત કરી દઈ, અનશનવ્રત ધારણ કરીને તેઓ ગંગાકિનારે ગયા અને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા. એ સમયે મોટા પ્રભાવવાળા ઋષિઓ પણ શિષ્યો સાથે ત્યાં આવ્યા. એ ઋષિઓને રાજાએ 'હવે મારે શું કરવું યોગ્ય છે તે મને આપ સૌ કહો' એવી વિનંતી કરી. ત્યાં જ અવધૂત વેશવાળા વ્યાસના પુત્ર શુકદેવજી ત્યાં જ પ્રકટ થયા. શુકદેવજીને જોઈ રાજા અને ઋષિઓ એમના સન્માનમાં ઊભા થયા, ખૂબ શ્રદ્ધાપૂર્વક એમનું પૂજન કર્યું અને અત્યંત વિનય-પૂર્વક પૂછ્યું : 'હે મહામુનિ! સર્વથા મરણ પામવાની અણી પર આવેલા પુરુષનું એ સમયે શું કર્તવ્ય છે કે જે કરવાથી પુરુષને મોક્ષરૂપી સિદ્ધિ પ્રાપ્ત થાય? મારા મહદ્ ભાગ્યને લીધે જ આપનું દર્શન મને થયું છે તો મારા ઉપર કૃપા કરો અને મારા મનનું સમાધાન થાય એવું આપ કરો એવી હું આપને વિનંતી કરૂં છું.'

(શ્રીમદ્ ભાગવતનો સંક્ષિપ્ત કથા સાર સંપૂર્ણ)

❀ સ્કંધાર્થ

ભાગવતનો પ્રથમ સ્કંધ **'અધિકાર લીલા'** છે. 'અધિકાર' પણ ભગવાનની જ લીલા છે, પરંતુ તે મુખ્ય લીલા નથી, તેમ છતાં ભગવાનની મુખ્ય લીલામાં ઉપયોગી અંગરૂપ લીલા છે, કારણ કે સર્વ પ્રકારના જ્ઞાન, શ્રવણ વગેરે ભક્તિના અંગો છે. ભાગવતની પરંપરા અનુસાર ભગવાને બ્રહ્માજીને અને બ્રહ્માજીએ નારદજીને જેવું ભાગવત કહ્યું તેવું નારદે વ્યાસજીને અથવા તે પછી સુતજીએ શૌનકાદિ ઋષિઓને કહેલ નથી, પરંતુ તેઓ પોતે જેવો તેનો અર્થ સમજેલા તેવું પોતાના વચનથી કહેલ છે. તેથી ભાગવતનો અર્થ તેમણે પોત-પોતાના અધિકાર પ્રમાણે ઓછો અથવા વધારે જણાવેલ છે. ભાગવતના સંપુર્ણ અર્થનું જ્ઞાન થવા માટે મુખ્ય અધિકારની જરૂર છે તદર્થ આ સ્કંધમાં 'વક્તા' તેમજ 'શ્રોતા'ના અધિકાર વિશે નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમાં ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે- (૧) ઉત્તમ અધિકારી, (૨) મધ્યમ અધિકારી અને (૩) હીન અધિકારી. તદનુસાર આ સંપુર્ણ સ્કંધને ત્રણ પ્રકરણોમાં વિભક્ત કરવામાં આવ્યો છે.

❀ પ્રકરણાર્થ

અધિકાર લીલાના પ્રથમ સ્કંધને ત્રણ પ્રકરણોમાં વહેંચવામાં આવ્યા છે. (૧) **હીન અધિકારી પ્રકરણ**, (૨) **મધ્યમ અધિકારી પ્રકરણ** અને (૩) **ઉત્તમ અધિકારી પ્રકરણ.** પ્રથમ પ્રકરણમાં

અધ્યાય (૧) થી (૩) છે. બીજા પ્રકરણમાં અધ્યાય (૪) થી (૬) છે અને ત્રીજો ઉત્તમ અધિકારી પ્રકરણમાં અધ્યાય (૭) થી (૧૩) છે. આમ ત્રણ પ્રકરણોમાં અનુક્રમે હીન અધિકારી, મધ્યમ અધિકારી અને ઉત્તમ અધિકારી શ્રોતા-વક્તાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

- **ભાગવતના અધિકારી**

પૂર્વમાં શ્રીમદ્ ભાગવત ભગવાને બ્રહ્માજીને કહ્યું છે તેમ બ્રહ્માજીએ નારદજીને પણ કહ્યું છે. તે પછી નારદજી તથા સૂતજીએ અનુક્રમે વ્યાસજી તથા શૌનકાદિ ઋષિઓને તે સંભળાવ્યું છે પરંતુ તેઓ જે પ્રકારે ભાગવતને પોતે સમજ્યા તેમ કહ્યું છે. કારણ કે ભાગવતનો મર્મ સૌ પોતપોતાના અધિકાર મુજબ જ સમજી શકે છે. ભાગવત તેના સર્વાર્થનું જ્ઞાન કરાવે છે પરંતુ તે માટે શ્રોતા તેમ જ વક્તાના યોગ્ય અધિકારની આવશ્યકતા હોય છે. આ વાતનો ખુલાસો પ્રથમ સ્કંધમાં કરવામાં આવ્યો છે. માટે જ તેને **'અધિકાર લીલા'** કહી છે.

પ્રથમ સ્કંધના ત્રણ પ્રકરણનો હેતુ સાધન અને ફળનું નિરૂપણ કરવાનો છે. ભાગવતજીના પ્રસંગોનું વર્ણન જેની તેની પાસે ન કરવું જોઈએ પરંતુ જેઓ શુદ્ધ મનવાળા હોય અને તેમાં રૂચી રાખનારા અર્થાત જેઓ તેને માટે પ્રાર્થના કરે તેને જ ભાગવતજીના પ્રસંગો કહેવા જોઈએ અન્યથા તેની સાર્થકતા ન રહે, એટલે કે તે સફળ ન થાય. જેઓ જ્ઞાનાભિમાની હોય તેઓને ભાગવતજી સમજાવવા પ્રયત્ન ન કરવો જોઈએ, કારણ તેઓ તેનો અનર્થ કરતા હોય છે. જેઓ ભગવદ્ સાક્ષાત્કારની વાંચ્છના રાખતા હોય, સર્વ પ્રકારના સંદેહોથી રહીત હોય, ભગવાનની કૃપા પામવા, સર્વત્ર નિર્ભય બનવા માગતા હોય. તેવા ભાગવતરૂપ ફલને પામવાની ઈચ્છા રાખનાર પરીક્ષિત જેવા ઉત્તમ શ્રોતા બની શકે. જેઓ તીર્થ વગેરેમાં ભ્રમણ કરતાં હોય, મહાપવિત્ર હોય, ભગવદ્ કૃપાથી સત્સંગ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ હોય અને ભગવાન કૃષ્ણના ચરિત્ર જાણવાની ઈચ્છા રાખતાં હોય તેઓ જ પ્રથમ કક્ષાના અધિકારી છે.

જે શ્રોતાઓની સામાન્ય રૂપથી જીજ્ઞાસા હોય તેમને સૂતજીની માફક તેનું નિવારણ કરવું જોઈએ પરંતુ જો તેનામાં ઉત્કંઠા હોય, બધું જાણવાની તમન્ના હોય અને જીજ્ઞાસાપૂર્વક કથા વિષયમાં પ્રશ્ન કરે તેને જ ભાગવત કથા કહેવી જોઈએ. પ્રથમ **'અધિકારી વક્તા'**ના લક્ષણ બતાવતાં કહે છે કે જે શુકદેવજી જેવા સર્વજ્ઞ હોય, જેમણે સંપ્રદાયની પ્રણાલી મુજબ સંતના મુખેથી કથા શ્રવણ કર્યુ છે અને જેઓ ભક્ત તેમ જ અવિરક્ત હોય તે પ્રથમ કક્ષાના અધિકારી વક્તા કહેવાય. જો આવા વક્તાના મુખે ભાગવતજીનું શ્રવણ કરવામાં આવે તો શ્રોતા ગમે તેવો હોય છતાં મહાન થઈ જાય છે. અહીં શંકા થાય કે જ્યારે શુકદેવજીએ પરીક્ષિતને કથા શ્રવણ કરાવી ત્યારે ત્યાં સૂતજીએ પણ તે સાંભળી તો તેમાં ઉત્તમતા કેમ ન આવી, તેને હિન અધિકારી કેમ કહ્યા છે ? તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છએ કે તેઓ વ્યવસાયીક કથાકાર હોઈ તેમની વૃત્તિ ભાગવત કથા કરવાની હતી તેથી તેમનામાં ઉત્તમતા નહીં આવી. આપશ્રી અહીં

સ્પષ્ટપણે કહે છે- **''યદ્યપ્ય પ્યેપા ન વિક્રીતા નામ વિક્રયણાત્તથા''** અર્થાત્ ભાગવતજી એ ભગવાનનું નામાત્મકરૂપ હોઈ તેને જેઓ વેચે છે તેને તેનાથી જેટલો લાભ થાય તેથી વધુ લાભ થતો નથી. તેથી જ સૂતજીને **'હિન અધિકારી'** વક્તા કહ્યા છે.

આજ પ્રકારના પ્રશ્ન નારદજી માટે પણ ઊઠી શકે કે તેમણે બ્રહ્માજી દ્વારા ભાગવતનું શ્રવણ કર્યું છતાં તેઓમાં પણ ઉત્તમતા કેમ ન આવી? તેનો ખુલાસો કરતાં શ્રીમદાચાર્યચરણ સમજાવે છે કે તેઓ ઉત્તમાધિકારી હોવા છતાં તેઓ હંમેશ કાર્યના આવેશ યુક્ત રહ્યા છે અનેક પુરાણો આદિની રચના કરવામાં વ્યસ્ત રહ્યા છે, તેથી તેમનામાં વૈરાગ્ય દૃઢ થઈ શક્યો નહતો. જ્ઞાનમાં તેઓ પૂર્ણ હતા પરંતુ વૈરાગ્યના અભાવને કારણે તેઓ **'મધ્યમાધિકારી વક્તા'** બન્યા.

ભાગવતજીના ત્રણે વક્તાઓમાં સૂતજીને કેવળ શબ્દ જ્ઞાન હતું, નારદજીને ભાગવતના અર્થનું પણ જ્ઞાન હતું જ્યારે શુકદેવજીને તો વૈરાગ્ય યુક્ત ભાગવતનું જ્ઞાન હતું. તેવી જ રીતે રાજા પરીક્ષિતે વૈરાગ્ય સિધ્ધિ માટે કથાશ્રવણ કર્યું હતું જેનું વર્ણન પ્રથમ સ્કંધના સાતથી અઢાર અધ્યાય સુધી ઉત્તમાધિકારી પ્રકરણમાં કરવામાં આવ્યું છે અને તેથી જ તેમને ઉત્તમાધિકારી શ્રોતા તરીકે બતાવવામાં આવ્યા છે. આનું તાત્પર્ય એ કે વૈરાગ્ય સંપાદન કરવા માટે જ ભાગવત સાંભળવું જોઈએ અને તો જ તે માટેનો અધિકાર સફળ થઈ શકે.

અહીં સ્વાભાવિકપણે એ શંકા થઈ શકે કે પરીક્ષિતની સાથે વ્યાસજીએ પણ શુકદેવજી, જેઓ ઉત્તમાધિકારી વક્તા હતા, તેમણે ભાગવતકથા સાંભળી છતાં તેમનો તુર્તજ ભગવાનમાં પ્રવેશ કેમ ન થયો? આના સમાધાનમાં શ્રીમદાચાર્યચરણ ભાગવતાર્થનિબંધમાં કહે છે કે ભક્તોના મૃત્યુમાં ભગવાનની કથાથી જ રૂકાવટ આવે છે.

સૂતજી પાસેથી કથા શ્રવણ કરવા છતાં શૌનકજી વગેરે ઋષિઓને વૈરાગ્ય ઈત્યાદિ ઉત્પન્ન થયો ન હતો તેના ત્રણ કારણો બતાવે છે - (૧) **તેમને યજ્ઞમાં આસક્તિ હતી**, (૨) **તેઓ શિષ્યોનો સંગ્રહ કરતાં હતાં** અર્થાત્ અનેક શિષ્યો બનાવતાં હતાં અને (૩) **તેમને એવું અભિમાન હતું કે તેઓમાં સૂતજીથી વિશેષ જ્ઞાન હતું.** અહીં કોઈ વિચારે કે શું શૌનકાદિ ઋષિઓનું ભાગવત શ્રવણ વ્યર્થ ગયું? તેનો ઉત્તર આપતાં સમજાવે છે કે તેમનું શાસ્ત્રીય જ્ઞાન દૃઢ હતું જેના કારણે તેમની ભગવાનમાં ભક્તિ સિધ્ધ થઈ ગઈ, તત્પશ્ચાત ભગવાનની કૃપાથી ભક્તિયુક્ત કર્મો દ્વારા તેઓ મુક્તિ પ્રાપ્ત કરે છે. વ્યાસજી માટે પણ શંકા ઉત્પન્ન થાય કે તેમનામાં પણ વૈરાગ્ય ન હતો તો તેઓને હિન અધિકારી શા માટે ન ગણ્યા. આનો ખુલાસો કરતાં કહે છે કે તેમનામાં વૈરાગ્ય ન હોવા છતાં હિનઅધિકારીથી બે બાબતો અધિક હતી- એક તો તેમનામાં સ્વત: પરિજ્ઞાન હતું અને વસ્તુત: તેઓ તો ભગવાનના જ્ઞાનાવતાર હતા. તેથી તેમની ગણના **'મધ્યમ અધિકારી'**ના રૂપમાં કરવામાં આવી છે. નારદજીના ઉપદેશથી તેમણે જ્યારે સમાધિમાં ભગવાનની લીલાના દર્શન કર્યા ત્યારે તેઓએ તેનો **'પ્રમાણ'** તરીકે સ્વીકાર કર્યો,

નહીં કે **'પ્રમેય'** તરીકે, અને તે પણ તેમને મધ્યમાધિકારી ગણવાનું કારણ હતું.

રાજા પરીક્ષિતને યજ્ઞ વગેરે કર્મોમાં આસક્તિ ન હતી. તેમને શિષ્યો તો હતા જ નહીં કે ન કોઈ પ્રકારના જ્ઞાનનું અભિમાન હતું. શુકદેવજીના મુખેથી ભાગવતજીનું શ્રવણ કર્યું તેથી તેમને તેમાં કોઈ સંદેહ ન રહેવાથી શ્રવણનું ફળ મળ્યું. માટે જ તેઓને **'ઉત્તમ અધિકાર'**વાળા શ્રોતા ગણાવ્યા છે.

ભાગવતજીની શરૂઆત **'સૂત ઉવાચ'**થી થાય છે. તેમણે શોનક વગેરે ઋષિઓને ભાગવત સંભળાવ્યું છે પરંતુ પ્રથમ સ્કંધનું પ્રથમ પ્રકરણ શરૂઆતના ત્રણ અધ્યાયોનું છે, કેમ કે, શૌનક જે પ્રશ્નો કરે છે તેનો ઉત્તર સૂતજી સામાન્ય રીતે પોતાનો વક્તા તરીકેનો અધિકાર છે તે સિધ્ધ કરવા માટે આપે છે.

મધ્યમ પ્રકરણના પણ ત્રણ અધ્યાય છે. તેનું કારણ એ છે કે હજી ભાગવતની ઉત્પત્તિ થઈ નથી. જ્યારે તે વ્યાસજીના મુખેથી પ્રગટ થશે ત્યારે જ અધિકારનું નિરૂપણ થઈ શકે. તેથી પ્રથમ પ્રકરણની માફક અહીં પણ ત્રણ જ અધ્યાય છે. એ ત્રણેય અધ્યાયમાં પણ પ્રશ્નોત્તર આપવામાં આવ્યા છે. એક અધ્યાયમાં પ્રશ્ન અને તે પછીના બે અધ્યાયમાં તેના ઉત્તર કહ્યા છે.

ઉપર કહ્યું તેમ પ્રથમ અધ્યાય એ **'પ્રશ્ન અધ્યાય'** છે અને સમગ્ર ભાગવત એ તેનો ઉત્તર છે, ભાગવતજીનો પ્રતિપાદ્ય વિષય 'ભગવાન' જ છે, જે ષડ્ગુણો-ઐશ્વર્ય, વિર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય - એ છ ભગોવાળા છે. ભગવાન કૃષ્ણમાં આ છ ગુણો છે અને તે જ ગુણો ભાગવતમાં પણ છે, તેથી જ તે ભગવાનનું વાંગ્મય સ્વરૂપ કહેવાય. શૌનકાદિ ઋષિએ સૂતજીને પુછેલા છ પ્રશ્નો પ્રથમ અધ્યાયમાં નિરૂપિત છે. તે બધા જ પ્રશ્નો કૃષ્ણવિષયક જ પુછાયેલ છે. શ્રી કૃષ્ણનું જ લીલારૂપથી સર્વત્ર વર્ણન કરવામાં આવ્યું છે. તેથી જ આ ગ્રંથની સંગતિ ભગવદ્ સ્વરૂપથી નિરૂપિત કરવામાં આવી છે. ભગવાનના છ ગુણો કહ્યા છે જ્યારે ભાગવતજીના બાર સ્કંધો છે તેથી પ્રત્યેક બે સ્કંધમાં ઐશ્વર્યાદિ એક એક ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. તદનુસાર પ્રથમ અને દ્વિતિય સ્કંધમાં જ્ઞાનનું નિરૂપણ છે, જ્યારે સર્ગ-વિસર્ગ લીલા જેમાં પ્રતિપાદિત છે તેવા તૃતિય અને ચતુર્થ સ્કંધમાં વૈરાગ્યનું નિરૂપણ છે. બે પ્રકારના ધર્મનું પ્રતિપાદન સ્થાન અને પોષણ લીલામાં કરવામાં આવ્યું છે. ઐશ્વર્ય પ્રલ્હાદ-મનુ વગેરેની કથા જેમાં છે તે સપ્તમ અને અષ્ટમ સ્કંધમાં સૂચિત કરવામાં આવ્યા છે. નવમ અને દશમ સ્કંધમાં યશનું પ્રતિપાદન છે જ્યારે 'શ્રી'નું પ્રતિપાદન અગિયારમાં તથા બારમા સ્કંધમાં કર્યું છે.

શ્રીમદ્ ભાગવતજીના પ્રથમ સ્કંધના પ્રથમ સ્કંધના પ્રકરણાર્થ અધ્યાયાર્થ વિશે શ્રી મહાપ્રભુજી નિબંધના ભાગવતાર્થ પ્રકરણમાં સમજાવે છે તે આપણે અગાઉ જોયું. તેના અન્ય ત્રણ પ્રકારના અર્થ વાક્યાર્થ (શ્લોકાર્થ), પદાર્થ (શબ્દાર્થ) અને અક્ષરાર્થને આપશ્રીએ સુબોધિનીજીમાં સમજાવ્યા છે. સુબોધિનીજીમાં મંગલાચરણના પ્રથમ ત્રણ શ્લોકમાં અનુક્રમે ભાગવતજીના બીજભાવ,

વૃક્ષભાવ અને ફળભાવનું નિરૂપણ કરી શાસ્ત્રનો પ્રારંભ કરતાં કહે છે.

નૈમિશેડનિમિષક્ષેત્રે ઋષય: શૌનકાદય:
સત્રં સ્વર્ગાય લોકાય સહસ્ત્ર સમમાસત: (૪)

અર્થાત્ વિષ્ણુના ક્ષેત્ર નૈમીશમાં શૌનક વિગેરે ઋષિઓએ સ્વર્ગલોક પ્રાપ્ત કરવા માટે એક હજાર વર્ષ પર્યંત ચાલે તેવો સત્ર આરંભ્યો.

શ્રી વલ્લભાચાર્યજીએ ભાગવતજીના કરેલા સાત પ્રકારે કરેલા અર્થ કથા વસ્તુથી ભિન્ન છે તેથી અન્ય વિદ્વાનોએ કરેલી ટીકામાં આપણને તે પ્રાપ્ત થતાં નથી. **'આનંદરૂપ હરિની લીલા'**એ ભાગવતજીનો શાસ્ત્રાર્થ છે કારણ કે આ ભાગવત સંહિતા ભક્તિ ઉત્પન્ન કરનારી છે. **જો સૃષ્ટિ એ 'ભગવાનની લીલા' છે એમ સમજીએ તો જ ભક્તિ ઉત્પન્ન થાય, પરંતુ સૃષ્ટિને જો કેવળ 'બ્રહ્મનું કાર્ય' છે તેમ માનવામાં આવે તો ભક્તિ ઉદ્ભવી શકતી નથી.** એ જ કારણ છે કે ઉપનિષદ વગેરેમાં સૃષ્ટિને બ્રહ્મનું કાર્ય હોવાનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે અને તેથી તે શાસ્ત્રો દ્વારા ભક્તિ પ્રાપ્ત થતી નથી. ભાગવતની એ મહત્તા છે. માટે જ ભાગવતને ભક્તિનો ગ્રંથ કહ્યો છે. **ભગવાન જ્યારે કૌતુકવાળા થઈને પ્રયાસ વિના કોઈ કર્મ કરે તેને 'લીલા' કહેવાય.** તેવી દશ પ્રકારની લીલા ભાગવતજીના તૃતિયથી દ્વાદશ સ્કંધમાં વર્ણવામાં આવી છે. પહેલા સ્કંધમાં હિન, મધ્યમ અને ઉત્તમ અધિકારોનું વર્ણન કરવામાં આવ્યું છે કારણ કે સર્વને એક જ પ્રકારનું ભાગવતનું જ્ઞાન થતું નથી. સૂત અને શૌનકજીને એક પ્રકારનું (જેને 'હિન' બતાવવામાં આવ્યું છે), નારદ અને વ્યાસને 'મધ્યમ' પ્રકારનું અને શુકદેવજી તેમ જ પરીક્ષિતને ઉત્તમ પ્રકારનું જ્ઞાન થવાનું શ્રી મહાપ્રભુજી સમજાવે છે.

• 'ભાગવત'ના શ્રોતાગણ

પરીક્ષિત રાજાની સભામાં જ્યારે શુકદેવજીએ પુરાણ ગુહ્ય એવું શ્રીમદ્ ભાગવત સંભળાવ્યું ત્યારે ત્યાં ત્રણ પ્રકારના શ્રોતા હતા જેમાંના પ્રત્યેકનો અધિકાર જુદો જુદો હતો અને તે માટેના કારણ પણ ભિન્ન ભિન્ન હતા.

(૧) રાજા પરીક્ષિત અને અન્ય મહાપુરુષો- પાંડવો વગેરે જેઓ 'ભક્ત' હતા અને ભગવાન શ્રી કૃષ્ણના તેઓ સંબંધી પણ થતા હતા.

(૨) અનેક ઋષિ મુનિઓ જેઓ 'ગુરુ' પણ હતા અને ભગવદ્ભક્ત - 'વિષ્ણુજન' હતાં.

(૩) અનેક સંસારીઓ પણ હતાં જેઓ સંસારી હોવાના કારણે દોષવાળા તેમ જ અપાત્ર હતાં છતાં તેમના પર માત્ર કરુણાથી તેમ જ દયાથી તેમને શુકદેવજીએ શ્રવણ કરાવ્યું હતું. દીન પર દયા કરવી તે દૈવી પુરુષોનો સ્વભાવ હોય છે.

એ ત્રણેય પ્રકારના શ્રોતાઓને પોત-પોતાના અધિકાર મુજબ ફલ પ્રાપ્તિ થઈ હતી. રાજા પરીક્ષિતને અભય પ્રાપ્ત થયો અને પ્રભુમાં પ્રવેશ મળ્યો, ઋષિ-મુનિઓ જેઓ શુધ્ધ હતાં તેમને

કર્મયોગ્યતા મળી, પ્રભુમાં પ્રીતિ થઈ અને ભગવદ્ સિધ્ધાંત હૃદયારૂઢ થયો જ્યારે સંસારીઓના દોષ તથા તેમના મનની મલિનતા દૂર થયા.

❀ અધ્યાય-૧

● **અધ્યાયાર્થ**- પ્રથમ અધ્યાયના પ્રથમ શ્લોકમાં મંગલાચરણ કરી, શ્રી ભાગવતજીની શ્રેષ્ઠતા, ભાગવતજીનો પ્રસ્તાવરૂપ પ્રસંગ કહેવામાં આવ્યો છે. છથી આઠમા શ્લોકમાં સૂતજીની સ્તુતિ કરી, શૌનકાદી ઋષિએ પૂછેલા છ પ્રશ્નો પૈકી પહેલો 'ધર્મ' સંબંધી સાધારણ પ્રશ્ન કરવામાં આવ્યો છે. બીજો 'જ્ઞાન' સંબંધી પ્રશ્ન અને 'શ્રી કૃષ્ણસંબંધી' ચાર પ્રશ્નો કરવામાં આવ્યા છે.

પ્રથમ શ્લોકમાં ઋષિઓ સૂતજીને તેમણે જે મૂળ સંહિતાઓનો, પુરાણ, ઈતિહાસ ઈત્યાદિનો અભ્યાસ કર્યો છે તેને અનુલક્ષીને તેના રહસ્યોને સમજાવવા વિનંતી કરે છે. બીજા પ્રશ્નમાં તેઓ કહે છે કે કલિયુગમાં મોટે ભાગે લોકો સહજ સંસાર પરાયણ અને અલ્પ આયુષ્યવાળા તેમ જ મંદબુધ્ધિ અને આળસુ હોય છે, જેને દૂર કરનાર જે શાસ્ત્ર છે તેનો બુધ્ધિપૂર્વક વિચાર કરીને જણાવવા માટે વિનંતી કરે છે. આમ આ બે શ્લોકોમાં **ફળ** અને **સાધન** વિશે પ્રશ્નો કરવામાં આવ્યા છે. પ્રભુ પોતે જ ફળ અને સાધન બન્ને હોઈ તેના પ્રાકટયનું પ્રયોજન વિશે પૂછતાં તેઓ કહે છે કે ભગવાન સર્વતંત્ર-સ્વતંત્ર હોવા છતાં તેઓ શા માટે વસુદેવજીના પત્નીના ગર્ભ દ્વારા જ પ્રકટ થયા? આમ સાક્ષાત્ કે પરંપરાથી પ્રભુએ કહેલું કે ગુરુમુખથી સાંભળેલું ભગવાનના અવતારનું પ્રયોજન જણાવવા ઋષિઓ સૂતજીને વિનંતી કરે છે. ભગવાનનો અવતાર પ્રાણીમાત્રના સર્વ દુ:ખો દૂર કરવા, સર્વ સુખ દેવા માટે, અવિદ્યા દૂર કરવા તથા મોક્ષ દેવા માટે હોય છે. જ્ઞાનમાર્ગમાં ભગવાનનો આશ્રય ગુરુરૂપે અને ભક્તિમાર્ગમાં તેમના ચરણકમળનો આશ્રય બતાવવામાં આવ્યો છે. ભગવદાશ્રિત ભક્તો સૌને પાવન કરે છે તેવો સૂતજીને અનુભવ છે. તેથી ચોથા પ્રશ્નમાં ઋષિઓ અનેક કથાઓને ધારણ કરી લીલા માત્રથી અનેક ઉદાર કર્મો કરવાવાળા અને ભક્તોના દુ:ખ દૂર કરનાર ભગવાનના શુભ અવતારોની કથાઓ, તેમ જ તે અવતારોનું પ્રયોજન, તે અવતારો કઈ રીતે થયા ઈત્યાદિ જાણવાની જીજ્ઞાસા પ્રગટ કરે છે.

કૃષ્ણવતારમાં ભગવાને અવસ્થા અને સાધન વગર પણ અનેક અલૌકિક પરાક્રમ કર્યા છે તો સાથે આવેશરૂપ બળદેવજીનું રૂપ પણ ધારણ કર્યું છે તેમ જ બ્રહ્માજી અને મહાદેવજીને પણ સુખ દેનારી અનેક લીલાઓ કરી છે. આનંદમય કૃષ્ણ તો સાક્ષાત ભગવાન છે, કેમ કે ભાગવત કહે છે- **'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્'** તેમ છતાં લોકોની બુધ્ધિ મોહ પામે તે રીતે તેમણે પોતાના સ્વરૂપને મનુષ્યાકૃતિમાં ઢાળી અનેક પ્રકારની જે લીલાઓ કરી છે તે સંભળાવવા ઋષિઓએ સૂતજીને વિનંતી કરી છે. અંતમાં કહે છે કે કળિયુગ વિવેક, ધૈર્ય અને જ્ઞાનને હરી લેનારો છે, તેથી સત્વ ગુણ જતાં રજસ અને તમો ગુણથી નાશ અને વિક્ષેપ થાય છે. તેથી ઋષિઓ પૂછે છે કે જ્યાં સુધી ભગવાન ભૂતળ ઉપર બિરાજતા હતા ત્યાં સુધી તો તેઓ સ્વયં ધર્મની રક્ષા કરતાં હતાં

ધર્મની ગ્લાનિ થતાં ભગવાન અવતાર લઈને પધારે છે પરંતુ ભગવાનના સ્વધામ પધારી ગયા પછી પણ ધર્મના કાર્યરૂપ ભગવત્સંબંધી બુધ્ધિનો દેખાય છે, તો તે પછી ધર્મ કોને શરણે ગયો અથવા ત્યારે ધર્મની રક્ષા કોણે કરી ?

આમ, ભગવાન ષડ્ગુણયુક્ત હોઈ ઋષિઓએ સૂતજીને ભગવાનસંબંધી છ પ્રશ્નો પૂછ્યા છે જેનું વર્ણન આ પ્રથમ અધ્યાયમાં છે. અને એટલે જ તેને **'પ્રશ્નોધ્યાય'** કહેવાય છે.

નૈમિષારણ્ય જેવા પવિત્ર તીર્થમાં પ્રાત: કાળનો હોમ સંપન્ન કર્યા પછી શૌનક ઈત્યાદિ સર્વે ઋષિઓ સૂતજીને ઉપર્યુક્ત પ્રશ્નો કરતાં પહેલાં તેમની સ્તુતિ કરતાં ઋષિઓ કહે છે- 'હે સૂત, જ્ઞાનિમાં શ્રેષ્ઠ એવા મુનિ બાદરાયણ જે જાણે છે તથા ભૂત અને ભવિષ્યને જાણનારા મુનિઓ પણ જે જાણે છે તે બધું તમે અમને કહો.'

• ઋષિઓએ પૂછેલા પ્રશ્નો

'અનિમિષ' એટલે ભગવાન વિષ્ણુ જેના દેવતા છે, તેવા ગંગાજીના કિનારે નૈમિષારણ્ય ક્ષેત્રમાં શૌનક વગેરે ઋષિઓએ સ્વર્ગલોકની પ્રાપ્તિ માટે **'સહસ્ત્રસમ'** એવું હજાર વર્ષનું સત્ર આયોજીત કર્યું છે. આંખના પલકારા-નિમિષ-માત્રમાં જે સ્થળની મલિનતા દૂર થઈ જાય તેવું પવિત્ર સ્થાન તે **'નૈમિષારણ્ય'**. ત્યાં મંત્રદ્દષ્ટા ઋષિઓનું સત્ર આયોજાયેલું છે. આ સત્રમાં **રોમ હર્ષણ** સૂતજીના પુત્ર **ઉગ્રશ્રવા** પધારે છે. 'રોમહર્ષણ' એટલે જેમના રૂંવાડા હર્ષથી ઊભા થઈ જાય. સૂતજી મુખ્યત્વે પુરાણની કથા કરે છે. ઋષિઓએ સૂતજીનું સ્વાગત કરી આસન આપી આદરપૂર્વક કેટલાક પ્રશ્નો કર્યા છે. તેમણે પૂછેલા છ પ્રશ્નો નીચે મુજબ છે.

(૧) આ કળિયુગમાં સર્વ મનુષ્યો અલ્પઆયુવાળા છે, તેઓ આળસુ, મંદબુધ્ધિવાળા, મંદભાગ્ય તેમ જ રોગગ્રસ્ત વગેરે છે. તે સૌને માટે આપ સર્વ શાસ્ત્રોનું દોહન કરી એક એવું સુયોગ્ય સાધન બતાવો જેનાથી મનુષ્ય શાંતિ અને સદ્ગતિ પ્રાપ્ત કરી શકે.

(૨) સાધારણતયા ભગવદ્ અવતાર ભક્તના પાલન અને તેમને સમૃધ્ધ કરવા માટે થાય છે. ભગવાન છ ગુણવાળા છે, સર્વસમર્થ છે, સ્વતંત્ર છે. કાંઈ પણ કાર્ય કરવા માટે તેમને માટે દેહસંબંધ હોવો જરૂરી નથી, તેઓ અવતાર લીધા વિના પણ બધું જ કરી શકે છે તેમ છતાં તેઓ સામાન્ય લોકોની જેમ સ્ત્રીના ગર્ભ દ્વારા કેમ પ્રગટ થયા ?

(૩) બ્રહ્મા, રૂદ્ર ઈત્યાદિ અવતાર ધારણ કરવાવાળા ભગવાનના ઉદાત ચરિત્ર નારદ વગેરે મુનિઓએ ગાયા છે તો તેવા સાક્ષાત્ કે પરંપરાથી સ્વયં પ્રભુએ કહેલું કે ગુરુમુખથી સાંભળેલું 'અવતાર'નું પ્રયોજન આપ અમને જણાવો.

(૪) લીલા માત્રથી અનેક કલાઓને ધારણ કરવાવાળા ભગવાનના ઉદાર કર્મ આપ અમને સંભળાવો. ભક્તોના દુ:ખ દૂર કરનાર ભગવાનની શુભ અવતાર કથાઓ અમને કહો.

(૫) આનંદમય કૃષ્ણ સાક્ષાત્ ભગવાન છે પણ લોકોની બુધ્ધિને મોહ થાય તેમ પોતાના

સ્વરૂપને માનવ જેવું બતાવે છે. તો તે પ્રકારે ભગવાને કરેલી અનેક લીલાઓનું વર્ણન અમને સંભળાવો.

(૬) ભગવાન કૃષ્ણ 'યોગેશ્વર' અને 'બ્રહ્મણ્ય' છે. તેઓ જ્યાં સુધી ભૂતલ ઉપર બિરાજતા હતા ત્યાં સુધી તો તેઓ સ્વયં ધર્મ રક્ષા કરતાં હતાં પરંતુ તેમના સ્વધામ પધારી ગયા પછી પણ ધર્મરૂપી ભગવત્સંબંધી બુધ્ધિ તો જગતમાં દેખાય છે, તો ત્યાર પછી ધર્મ કોને શરણે ગયો? ધર્મની રક્ષા કોણે કરી?

પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયમાં ઋષિઓએ સૂતજીને આવા છ પ્રશ્નો પુછ્યા છે તેનું કારણ છે કે તે પ્રશ્નોના ઉત્તરથી ષડ્ગુણાયુક્ત ભગવાનના છ ગુણોનું જ્ઞાન થાય. આ અધ્યાયમાં મુખ્યત્વે આ છ પ્રશ્નોની વાત છે તેથી આ **'પ્રશ્નોધ્યાય'** કહેવાય છે. શ્રીમદ્ ભાગવતમાં આ પ્રશ્નો બીજરૂપ છે. આ છ પ્રશ્નોના ઉત્તરરૂપે જ શ્રીમદ્ ભાગવત છે. સૂતજીએ સંક્ષિપ્તમાં બીજા અને ત્રીજા અધ્યાયમાં આ પ્રશ્નોના જવાબ આપ્યા છે, અને તેમ કરી તેમણે પોતાનો 'વક્તા' તરીકેનો અધિકાર સિધ્ધ કર્યો છે. આમ સ્કંધના પહેલા પ્રકરણમાં માત્ર સૂતજીનો કથા કહેવાનો અધિકાર જણાવવામાં આવ્યો છે. તે પછી બીજા પ્રકરણમાં તેઓ ભાગવતની રચનાનું કારણ બતાવે છે અને ત્રીજા પ્રકરણમાં ભાગવતની ઉત્પત્તિ અને તેની પ્રવૃત્તિનું વર્ણન કરે છે.

અગાઉ કહ્યું તેમ આ સ્કંધ **'અધિકાર લીલા'** છે. તેમાં ત્રણ પ્રકારના વક્તા અને શ્રોતાના અધિકાર બતાવવામાં આવ્યા છે. જ્યારે બીજાના વચનો કહેવામાં આવે ત્યારે તે કહેનાર પોતે તે કહેવાનો અધિકારી નથી એમ સિધ્ધ થાય પરંતુ જો તે પોતે જ વચનો કહે તો તે કહેવાનો તેનો અધિકાર છે તેમ જણાય. પ્રથમ **'હિન પ્રકરણ'**માં સૂતજીને હિન પ્રકારના વક્તા અને શૌનકાદિ ઋષિને હિન પ્રકારના શ્રોતા બતાવ્યા છે. તે પછીના **'મધ્યમ પ્રકરણ'** જેમાં ચોથાથી છઠ્ઠા સુધીના ત્રણ અધ્યાય છે, ત્યાં વક્તા તરીકે નારદજી છે. તેઓ ભાગવત રચવાનું પ્રયોજન શ્રોતા વ્યાસજીને સમજાવે છે. ત્રીજા **'ઉત્તમ અધિકાર'**ના પ્રકરણમાં સાતથી ઓગણીસ સુધી તેર અધ્યાય છે. તેમાં શ્રોતા પરીક્ષિત છે અને વક્તા શુકદેવજી છે જેઓ ઉત્તમ અધિકારી છે.

ઋષિઓના ઉપરોક્ત પ્રશ્નો સાંભળીને સૂતજી ખુબ રાજી થાય છે કારણ કે તે પ્રશ્નો સામાન્ય નથી પરંતુ માનવ પુરુષાર્થમાં પરિણામ પામનારા છે, ભગવત્સંબંધી છે. આ પ્રશ્નો વક્તા અને શ્રોતા બન્ને ને ભક્તિપૂર્ણ બનાવનારા છે. પ્રશ્નો સાંભળી સૂતજી પ્રથમ મંગલાચરણ કરી કથાનો પ્રારંભ કરે છે. તેઓ પહેલા ગુરુવંદના અને પછી ગોવિંદની સ્તુતિ કરે છે. ગુરુનો અર્થ છે અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર. **'ગુ'** અક્ષર અંધકારવાચક છે અને **'રુ'** તેનો નિષેધક છે. એટલે કે તે વ્યક્તિ જેઓ અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાનનો પ્રકાશ કરે. સૂતજી પોતાના ગુરુને વંદન કરતાં તેમનું સ્મરણ પણ કરી રહ્યા છે. પોતાના ગુરુ શુકદેવજીનો વિચાર કરવાથી તેમના પોતાનામાં પણ ગુરુ જેવો વૈરાગ્ય આવે અને તે દ્વારા ભાગવતમાં તેમને અધિકાર પ્રાપ્ત થાય તે

ગુરુવંદનાનું પ્રયોજન છે. આપણે જેના વિચાર કરીએ તેની અસર આપણામાં આવ્યા વિના રહેતી નથી. માટે જ કહ્યું છે **'હરિ ચિંતવી હરિમય થવું, કીટભમરને ન્યાય.'** અર્થાત્ જે જેનું ચિંતન કરે તે તેનામય થઈ જાય.

સૂતજી, જેઓ જ્ઞાન વૈરાગ્યપૂર્ણ અને ભાગવતજ્ઞાનથી ભક્તિપૂર્ણ છે એવા ગુરુ શુકદેવજીને ઓળખાવવા તેમનું વર્ણન કરે છે. શુકદેવજી સોળ વર્ષના છે. યજ્ઞોપવિત વગેરે સંસ્કાર પણ તેમને થયા નથી. તેમના પિતા વિષ્ણુનો અવતાર છે. પુત્ર શુકદેવજીને જ્ઞાન તો પૂર્વજન્મથી જ સિધ્ધ થયેલ છે. તેઓ ભગવાન શંકરનો અવતાર છે. જન્મતાની સાથે જ તેઓ ચાલી નીકળે છે ત્યારે પિતા વિરહવ્યાકુળ થઈ તેમને પોકારતા પાછળ પાછળ દોડે છે. જ્ઞાન-વૈરાગી હોવા છતાં શુકદેવજીને ભગવદ્ અવતાર વ્યાસ મહર્ષિના આશ્રમમાં સંસારીઓના સંગનો ડર લાગ્યો અને તેના ભયથી તેઓ ચાલ્યા ગયા. સંસારીનો સંગ સંસાર પ્રેરક બને છે જે 'દુ:સંગ' કહેવાય. તેના સંગમાં આવનારને દોષ લાગે જ. અહીં પહેલા શુકદેવજીને 'મુનિ' કહ્યા છે પરંતુ જ્યારે પિતા દ્વારા તેમણે ભાગવતનું શ્રવણ કર્યું ત્યારે તેઓ ગુરુ બન્યા છે.

ભાગવત પ્રમેયરૂપ, પ્રમાણરૂપ, અસાધારણરૂપ અને ઉત્તમ સાધનરૂપ પણ છે, તે ભગવદ્રૂપ છે. ભગવાનનું પ્રતિપાદન ભાગવતમાં છે તેથી તે સર્વશ્રુતિનો સાર છે. અદ્વિતિય બ્રહ્મની જેમ, ભાગવત પણ અદ્વિતિય - એક જ અજોડ છે. તેને **'અધ્યાત્મ દીપ'** કહ્યું છે કારણ કે તે અંત:કરણનો એક એવો દીવો છે, જે જો હૃદયમાં બિરાજે તો બધી જ વાતો સ્પષ્ટ થઈ જાય, બધું જ્ઞાન મળે, આત્મસાક્ષાત્કાર થાય.

• સુબોધિની

અહીં શ્રી મહાપ્રભુજી સુબોધિનીજીમાં સમજાવે છે કે ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થોનું જ્ઞાન તો સૂતજીને વંશપરંપરાથી પ્રાપ્ત થયેલું છે પરંતુ મોક્ષશાસ્ત્ર તો બ્રાહ્મણો પાસેથી જ જાણી શકાય (સૂતજી બ્રાહ્મણ નથી પરંતુ શુદ્ર છે). જ્ઞાનીઓમાં જે શ્રેષ્ઠ છે તેવા બાદરાયણ મુનિ મોક્ષ સંબંધી શાસ્ત્રો જાણે છે. વ્યાસ આદિ ગુરુઓના અનુગ્રહથી સૂતજીએ બધા વિષયોને તત્વત: જાણી લીધા છે કારણ કે ગુરુ હંમેશ પ્રિય શિષ્યને ગુઢ રહસ્ય બતાવી દેતાં હોય છે. તેથી સૂતજીનું સર્વજ્ઞપણું બતાવીને ઋષિઓએ તેમની સ્તુતિ કરી ને પછી પ્રશ્નો કર્યા છે.

ઋષિઓએ બીજો પ્રશ્ન કરતા સાધનાના સંબંધમાં કલિયુગમાં જેઓ અલ્પ આયુવાળા, મંદ બુધ્ધિ અને ભાગ્યવાળા, આળસુ ઈત્યાદિ લોકોને અનુલક્ષીને પૂછ્યો છે. આ પ્રશ્ન ઋષિઓ સિવાય સામાન્ય લોકોના સંદર્ભમાં પૂછવામાં આવ્યો છે. જેઓ અલ્પ આયુષવાળા હોય તેમને એક હજાર વર્ષ ચાલે તેવા યજ્ઞ વગેરે સાધન ફાયદાકારક નીવડી શકે નહીં. 'કલિયુગમાં' એમ કહેવાનું તાત્પર્ય એ છે કે કલિના દોષથી મનુષ્યો અલ્પ આયુષ્યવાળા થયા છે, નહીં કે તેઓ સ્વભાવગત તેવા છે. અન્ય દોષો- આળસુ એટલે ચિત્તની જડતા, મંદ બુધ્ધિ એ જ્ઞાનેન્દ્રિયનો

દોષ, મંદભાગ્યવાળા એ કર્મેન્દ્રિયનો દોષ અને રોગથી પીડાતા એ શરીરનો દોષ છે. આવા દોષના નિવારણ માટે ઘણા સાધનો હોઈ શકે તેમાંથી અપૂર્વ અને સહેલાઈથી સમજાય તેવા સારરૂપ સાધન શું તે જણાવવા ઋષિઓ સૂતજીને વિનંતી કરે છે. આ શ્લોકમાં **'મનીષયા'** શબ્દ પ્રયોગનો અર્થ સમજાવતાં સ્પષ્ટતા કરે છે કે મનીષા એટલે મનની ચંચલતા દૂર કરવાવાળી બુધ્ધિ જે કામણ કરવાવાળી છે તેનાથી સાર કાઢીને કહો. **'ભગવાનેવ ફલં સાધનં'** - ભગવાન જ ફલ અને સાધન છે તે કેવી રીતે? તે સમજાવવા આગળના શ્લોકમાં ભગવાનના અવતારનું પ્રયોજન પૂછે છે. ઋષિઓ શંકા કરે છે કે છ ગુણોના ઐશ્વર્યવાળા બ્રહ્મને કાર્ય સિધ્ધ કરવા માટે દેહના સંબંધની જરૂર નથી કેમ કે જીવના ધર્મો બ્રહ્મમાં છે જ નહીં છતાં તેમનો પ્રાદુર્ભાવ દેવકીના જીવના ગર્ભથી જીવના જેવો જ કેમ થયો? દેવો, મુક્ત જીવો સાત્વતો (જેઓ સત્વ ગુણ યુક્ત છે) વગેરે બ્રહ્મના દેહમાંથી કે મનથી ઉત્પન્ન થયા છે તો આમ કેમ? વળી, કંસ વગેરેનો વધ તો બીજી રીતે પણ થઈ શકત તો ભગવાનના અવતારનું પ્રયોજન શું? ઋષિઓ કહે છે કે આ પ્રયોજન અમે યોગબળથી જાણી શકીએ છીએ પરંતુ તેનાથી તે જાણવાની ઈચ્છા મટતી નથી. વળી બધા યોગ કરી શકતા પણ નથી. ભગવાનના વાક્યો સિવાય યોગથી ભગવદ્ સંબંધી પદાર્થ જાણી શકાતો નથી તેથી જ પરંપરાથી ભગવાનના મુખથી કહેવાયેલું એ પ્રયોજન અમે તમારી પાસેથી સમજવા માગીએ છીએ કે ભગવાને અવતાર દ્વારા શા માટે દેહ ધારણ કર્યો?

ભગવાનના નામનું માહત્મ્ય સમજાવતાં કહે છે કે સાધારણ અવતારમાં દેવ, પક્ષી, મનુષ્યો વગેરે પ્રાણીમાત્રને સુખ આપવા અને તેમના દુ:ખની નિવૃત્તિ માટે તેમને મોક્ષ આપવા અને તેમની અવિદ્યા કરવાનું પ્રયોજન હોય છે, પરંતુ જ્યારે ભગવાન સ્વધામ પધારે છે ત્યારે અનવતાર દશામાં ઉત્પન્ન થયેલા જીવો માટે તો ભગવદ્ નામથી જ પુરુષાર્થ પ્રાપ્ત થાય છે. ઘોર સંસારને પ્રાપ્ત અથવા મહાવ્યાધિથી પીડાતા કોઈ પણ પ્રાણી ભગવદ્ નામોચ્ચારણ માત્રથી તત્ક્ષણ સંસારમાંથી મુક્ત થઈ જાય છે, કારણ કે મૃત્યુ સમયે કોઈક 'ભય' નામનો કાલનો અધિકારી મૃત્યુપાશથી તેને પકડે છે પરંતુ ભગવાનનું નામ લેવાથી તે તુર્ત જ મુક્ત થાય છે.

ભગવદ્ ભક્તોનો મહિમા સમજાવતાં પ્રશ્ન કરે છે કે ભગવાનના નામોચ્ચાર કરવાની શક્તિ જેમનામાં નથી તેવા વૃક્ષો કે પશુઓનો ઉધ્ધાર શી રીતે થઈ શકતો હશે? એવી શંકા થાય તેનું નિરાકરણ કરતાં કહે છે કે જેવી રીતે ગંગાજળ પોતાના સ્પર્શ માત્રથી ભગવદીયોને પવિત્ર કરી દે છે તેવી રીતે ભગવાનના ચરણવિંદનો આશ્રય લેવાવાળા તેમ જ કર્મ, જ્ઞાન અને ભક્તિયુક્ત ભક્તજનો પોતાના સ્પર્શથી તત્ક્ષણ બધાને પવિત્ર કરે છે. ભગવાનનો આશ્રય જ્ઞાનમાર્ગમાં પણ છે પરંતુ જ્ઞાનીઓને દેહનો અધ્યાસ હોતો નથી તેથી તેમના સ્પર્શથી મુક્તિ થતી નથી પણ તેમના ઉપદેશથી મુક્ત થાય છે.

પ્રભુ લીલા વડે જુદી જુદી કલાઓને ધારણ કરનારા છે. જેના ચરિત્રો સંભળાવવાની

ઋષિઓએ વિનંતી કરી છે. **વગર મહેનતે આનંદથી જે ચેષ્ટા થાય તેને 'લીલા' કહે છે.** તે લીલા વડે ભગવાન ક્ષણક્ષણમાં નવી નવી કલા ધારણ કરે છે. ભગવાનનું કીર્તન-યશોગાન કરનારની કીર્તિ પણ સૌને પાવન કરે છે તો તેમનું યશોગાન પાવન કરેજ. ભગવાન કાલથી પર છે તેથી કલિયુગથી આવતા બધા દોષ ભગવાનના યશોગાનથી દૂર થઈ જાય છે.

ભગવાનના કેટલાક અવતારોની કથા જુદા જુદા ઉપાખ્યાનોમાં ઓળખાયેલ છે. અવતારોની કથા એટલે કેવી રીતે અવતાર?, કોનો અવતાર?, ક્યાં અવતાર?, શા માટે અવતાર? ઈત્યાદિ સાંભળવાની ઈચ્છા ઋષિઓ રાખે છે. ભગવાને કેટલાક અવતારોમાં પોતાની મર્યાદા છોડીને લીલા કરી છે અને તેથી શ્લોકમાં ઈશ્વર શબ્દનો પ્રયોગ કર્યો છે, જે ભગવાનનું સર્વ સામર્થ્ય પ્રગટ કરે છે. **ભગવાનનું સર્વભવન સામર્થ્ય એ જ ભગવાનની માયા શક્તિ છે.** આ માયા દોષરૂપ નથી પરંતુ કારણરૂપ છે.

ભગવાનની કથાના સ્વરૂપોને જે જાણતા નથી તેઓ થોડો સમય કથા સાંભળી કંટાળી શકે છે પરંતુ કથા રસને જાણનારા કથારસમાંથી નિવૃત્ત થવાની ક્યારેય ઈચ્છા રાખતા નથી. ભગવદ્ કથા સાંભળનાર રસજ્ઞને પ્રત્યેક પદમાં અધિક આનંદ ઉપજે છે માટે રસનું જ્ઞાન પણ શ્રવણથી જ થાય છે. કથામાં જેવો જેનો અધિકાર હોય તે પ્રમાણે રસનો આવિર્ભાવ થાય છે. **જેમ જેમ અજ્ઞાન નિવૃત્ત થાય તેમ તેમ ભગવદ્ રસનો આસ્વાદ આવતો જાય છે, જેમ તાવવાળા પુરુષને તાવ ઉતરી ગયા પછી ધીરે ધીરે અન્નનો સ્વાદ આવે છે.**

આમ પ્રથમ અધ્યાયમાં ઋષિઓએ સૂતજીને કરેલા પ્રશ્નોની છણાવટ કરી હવે બીજા અધ્યાયમાં પ્રથમ બે કારીકાઓમાં ફલ અને સાધનાના પ્રકારો તેમ જ કર્મો એ ત્રણેય બાબતોનો નિર્ણય કહે છે. ઋષિ મુનિઓને પ્રશ્નોના ઉત્તર આપતાં પહેલાં દેવતા અને ગુરુને વૈરાગ્ય અને જ્ઞાન વડે નમસ્કારાત્મક મંગલાચરણ કરે છે. સૂતજી શૌનકાદિ ઋષિઓ બ્રહ્મવિષયક જે પ્રશ્નો પૂછે છે તેની પ્રસંસા કરી ભાગવત કહેવાનો પ્રારંભ કરે છે. પ્રથમ વૈરાગ્યના સ્વરૂપને સમજાવતાં શ્રી મહાપ્રભુજી સુબોધિનીજીમાં સમજાવે છે કે શ્રી ભાગવતમાં જેમ જેમ વૈરાગ્યવાળો થાય તેમ તેમ તે અધિકારી બને છે. શુકદેવજી તો પૂર્વજન્મમાં જ જ્ઞાન સહિત હતા અને તેથી યોગ્ય દેહ માટે ભગવદ્ અવતાર વ્યાસજીથી દેહ પ્રાપ્ત કરીને માતાના ગર્ભમાંથી બહાર આવતાં જ જનોઈ સંસ્કાર વગર ચાલી નીકળે છે કારણ કે બાહ્યસંગથી જ્ઞાનનો નાશ થઈ જાય તેવો તેમને ભય છે તેમના પૂર્વજન્મના સંસ્કાર પણ સુદૃઢ હતાં. વ્યાસજી વિચારે છે કે સંગભયથી આપ શુકદેવજીનું ચાલ્યા જવું અયોગ્ય છે તેથી તેમને વાળવા તેઓ તેમની પાછળ ચાલવા લાગે છે.

હૃદયમાં જ્યારે ભગવાનના ધર્મો પ્રવેશે ત્યારે ભક્તનો ભય દૂર થઈ જાય છે. શુકદેવજીના જન્મતાં જ જતાં રહેવાનું કારણ સમજાવતાં કહે છે કે તેમને કાંઈક કાર્ય કરવાનું રહેલ નથી, જો કારણ હોય તો જનોઈ લેવાની આવશ્યકતા હોત પરંતુ તેમને તો દેહ વિષ્ણુ પાસેથી (અવતાર

વ્યાસજી) પ્રાપ્ત થયેલ છે તેથી દેહને પુન : સંસ્કાર પ્રાપ્ત કરાવવાની જરૂરત નથી. વ્યાસજીને પુત્ર મોહ થયો હોવાનું કારણ તેમનું નામ **'દ્વૈપાયન'** છે તેમ કહે છે. વ્યાસજીનો જન્મ યમુનાજીના મધ્યમાં જ્યાં દ્વિપ છે ત્યાં થયો છે તેથી તેઓ દ્વૈપાયન કહેવાયા છે. નારદે કરેલા ઉપદેશ પહેલા વ્યાસજીને ભગવાનનું વિસ્મરણ થઈ ગયેલું તેથી તેઓ વિરહને લઈને લાચાર બની 'હે પુત્ર!' એમ ઉચ્ચાર કરે છે, પરંતુ પ્રેમને કારણે તેમનો કંઠ ક્ષીણ થઈ ગયેલ હોવાથી તેમના મોંમાંથી દીર્ઘ સ્વર નિકળતો નથી.

આમ, શુકદેવજી જ્ઞાની હતાં તેમ જ વૈરાગી હતાં. વળી તેઓ ભગવાન શંકરના અવતાર રૂપ હતાં તેમ છતાંય તેમને ભગવાન જ્ઞાનાવતાર એવા પિતા વ્યાસ મહર્ષિજીના આશ્રમમાં સંગનો ડર લાગ્યો અને તે ભયના કારણે ચાલી નીકળે છે. પુન : જ્યારે શુકદેવજી પિતા પાસે ભાગવત ભણી પરીક્ષિત રાજાની સભામાં પધારે છે ત્યાં અનેક સંસારીઓ પણ હતાં. સાધારણ રીતે સંસારી જીવમાં દોષ સ્વાભાવિક હોય અને તેના સંગમાં આવનારને પણ દોષ લાગે જ, છતાં શુકદેવજી સામે ચાલીને સંસારી પાસે સભામાં પધારે છે. તેમને સંસારીઓના સંગનો જર લાગ્યો નથી. કારણ કે જ્યારે ભગવદ્ ધર્મો હૃદયમાં પ્રવેશે ત્યારે બધો ભય દૂર ચાલી જાય છે અને અભય મળે છે. ભાગવત સેવનનું એ ફળ છે. શુકદેવજીને સંગનો ભય નિવૃત્ત થતાં અને ભગવાનનો આવેશ તેમનામાં પ્રવેશવાથી તેઓ વ્યાસજી સમીપ આવી અને ભાગવતનું અધ્યયન કરે છે. ભાગવતના સ્વરૂપનું ઉત્કર્ષ બતાવવા ત્યાં ચાર વિશેષણો પ્રયોજ્યા છે. (૧) **પ્રમેય રૂપતા**, (૨) **પ્રમાણ રૂપતા**, (૩) **અસાધારણપણુ** અને (૪) **સાધનોની ઉત્તમરૂપતા**નું ત્યાં ક્રમશ : પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

એ રીતે પ્રથમ જ્ઞાન અને વૈરાગ્યનું નિરૂપણ કરી પછી ભક્તિ વડે ભગવદ્ જ્ઞાન થતાં ભાગવતના સ્વરૂપનું ઉત્કર્ષ ઉપર કહ્યા તે ચાર વિશેષણો દ્વારા સમજાવે છે. ભાગવત એ ભગવાનનું જ રૂપ હોવાથી જેમ સર્વે ભક્તોમાં ભગવાનનો અસાધારણ પ્રભાવ હોય છે તેમ ભાગવતનો પણ અસાધારણ પ્રભાવ હોઈ તેનું જેઓ ચિંતન કરે છે તેમના ઉપર તેનો પ્રભાવ પડે છે. ભાગવત શ્રુતિના સાર રૂપ છે કારણ કે શ્રુતિના બે વિભાગ- કર્મકાંડ અને જ્ઞાનકાંડમાં જેનું પ્રતિપાદન છે તે ભક્તિના ઉદ્‌ગમ માટે જ છે અને શ્રુતિઓના તાત્પર્યરૂપ ભગવાનનું પ્રતિપાદન આ ભાગવતમાં છે તેથી જ તેને શ્રુતિના સાર રૂપ કહેવાય છે. આ ભાગવતની પ્રમાણરૂપતા છે.

આટલી ભૂમિકા પછી સૂતજી કથાનો પ્રારંભ કરતાં શૌનકાદિ ૠષિને સંબોધતાં કહે છે-

હે મુનિઓ, લોકના મંગલરૂપ તમે મને સારા પ્રશ્નો કર્યા છે કારણે તમે શ્રી કૃષ્ણસંબંધી જે પ્રશ્નો કર્યા છે તેનાથી ભગવાન ઘણા પ્રસન્ન થાય છે, કારણ કે ફળ તો 'શ્રી કૃષ્ણ જ' છે. પ્રાણીઓને આ લોક અને પરલોકના ફળને આપનારા પણ તેઓ જ છે. ભક્તિ, મુક્તિ, લીલાઓ, અવતારો અને ધર્મના રક્ષક પણ તે જ છે તેથી શરૂઆતના પ્રશ્નોનો અર્થ શ્રી કૃષ્ણ જ છે અને

બીજા પણ પ્રશ્નોમાં બીજા ફળ પણ તેઓથી જ થાય છે. કેમ કે ભગવાન અને ભગવાનના ધર્મોનો આવેશ થાય ત્યારે જ અંત:કરણની પણ પ્રસન્નતા થાય છે.

વળી, બીજા શાસ્ત્રોનું શ્રવણ થયા પછી મનન અને નિદિધ્યાસનથી જ કાર્યની સિધ્ધિ થાય છે પરંતુ અહીં ભાગવતમાં તો તે કાર્ય માત્ર પ્રશ્નો વડે જ સિધ્ધ થઈ જાય છે. એથી પ્રશ્નમાં જ શાસ્ત્રની સમાપ્તિ થઈ જાય છે. તે પછી ફળ અને સાધનને એક કરી પોતાના અધિકાર પ્રમાણે આગળના શ્લોકોમાં શાસ્ત્રના અર્થનું નિરૂપણ કરવામાં આવ્યું છે : શ્રી ભગવાનમાં સાક્ષાત્કાર થાય તે ફળ છે અને તે માટેના સાધનની પરંપરામાં પ્રથમ સાધન ‘ધર્મ’ છે જ્યારે અંતમાં ભગવદ્ અનુગ્રહ છે. જ્યારે ભગવાનનો મહાન અનુગ્રહ થાય ત્યારે ભગવાન પોતાના સ્વરૂપને ભક્ત આગળ પ્રગટ કરે છે. અહીં શુકદેવજી ભાગવત કથામાં રૂચી, શ્રવણાદિક અને ભગવાનમાં પ્રેમ એ ત્રણ પ્રકારની ભક્તિ બતાવે છે, તો બીજી બાજુ આત્મજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને ભગવદ્જ્ઞાન એ ત્રણ પ્રકારના જ્ઞાનનું વર્ણન કરે છે. અહીં ધર્મ અને વૈરાગ્ય એ બન્ને સાધનરૂપ છે, જેની પરંપરામાં યોગ્યતા પ્રમાણે પ્રવેશનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

એ રીતે સાધન પરંપરામાં પહેલે સ્થાને ધર્મ છે અને અંતમાં પ્રભુની કૃપા છે. ભગવાનનો સાક્ષાત્કાર એ ફલ છે. બધાં જ સાધનો પ્રભુ કૃપાના નિમિત્ત રૂપે છે. સાધન પરંપરાના અંતે પ્રભુ અત્યંત કૃપા કરે ત્યારે તે પ્રકટ થાય. આ અધ્યાયના ૬થી ૧૨માં શ્લોકમાં સાધનની એક પરંપરા બતાવવામાં આવી છે જ્યાં પ્રાથમિક જ્ઞાન અને ભક્તિ (તત્વજ્ઞાન અને રૂચિનું નિરૂપણ છે.) તેમાં ફલના બે પ્રકાર બતાવ્યા છે- **દૃષ્ટ** અને **અદૃષ્ટ**. શાસ્ત્રમાં બતાવેલ શ્રવણ વગેરે ધર્મરૂપ સાધનો દૃષ્ટ રીતે ભક્તિરૂપ ફલ આપે છે, જ્યારે સ્નાનાદિ ધર્મરૂપ સાધનો અદૃશ્ય રીતે ફલ આપે છે.

હવે ભક્તિનો વિષય અને તેનું પ્રયોજન સ્પષ્ટ કરતાં કહે છે- ભગવાન વાસુદેવમાં યોજેલો ઉત્તમ ભક્તિયોગ તરત જ વૈરાગ્ય અને હેતુ રહિતનું જ્ઞાન ઉત્પન્ન કરે છે. ભક્તિ કોની કરવી તેનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે. **‘તત્ત્વ’** શું તેની સ્પષ્ટતા કરવા અહીં **‘વાસુદેવ’** કહ્યું છે. શુદ્ધ સત્વરૂપ અંત:કરણમાં જેનો આવિર્ભાવ થાય છે તે વાસુદેવ છે. આ શબ્દથી અહીં છ ગુણવાળા ભગવાન જ ભક્તિનો વિષય છે, અન્ય અવતારરૂપ નહીં, તેમ સ્પષ્ટ કરે છે, ઐશ્વર્યવાળા ભગવાનમાં જ ભક્તિ હોવી જોઈએ. ‘**ભક્તિયોગ**થી’ એમ કહેવાનું અહીં તાત્પર્ય છે કે કેવળ રૂચિ ઉત્પન્ન થવી તેનું નામ ભક્તિ નથી પરંતુ ભગવદ્ કૃપા રૂપી પ્રસાદનો અહીં નિર્દેશ છે. રૂચિપૂર્વક શ્રવણ અને પ્રેમ એ ત્રણથી ભક્તિયોગ બને છે. અહીં એક વાતની સ્પષ્ટતા કરે છે કે જે ‘ધર્મ’ ભગવદ્ કથામાં જો મનુષ્યોની રતિ એટલે કે પ્રેમ ઉત્પન્ન નથી કરતો તે વાસ્તવમાં તો ‘શ્રમ’ માત્ર જ છે, કેમ કે ધર્મ સાધન છે અને કથામાં રૂચિ થવી એ સાધ્ય છે. ભગવાનની કોઈ પણ કથામાં પ્રેમ હોવો તે આવશ્યક છે. અહીં કહે છે કે પુત્રાદિકની ઈચ્છાથી કરેલ યજ્ઞાદિ ધર્મ તે ધર્મ જ નથી, કારણ કે, ત્યાં તો ફલરૂપ પુત્રાદિક છે જે અવિદ્યાના કાર્યરૂપ દુ:ખરૂપ છે. **ચિત્ત**

શુદ્ધ થયા વગર ધર્મનો અધિકાર પ્રાપ્ત થતો નથી. વિપરીત કર્મ કરવાથી તેમાં દૈવત્વ આવતું નથી. એટલે કે તે ક્રિયાનું સાધન અને ફલ બધું જ લૌકિક છે.

આમ, તત્ત્વનો એટલે કે ભગવાનનો વિચાર તે જીવનું ફલ છે તેને પરિણામે સાક્ષાત્કાર થાય છે. છતાં વિચાર માત્રથી સંદેહરહિત શબ્દ જ્ઞાન તો થાય પરંતુ અંતઃકરણના દોષ જ્યાં સુધી નિવૃત્ત ન થાય ત્યાં સુધી સાક્ષાત્કાર થઈ શકતો નથી. પહેલાં ધર્માચરણથી અંતઃકરણ શુદ્ધ થાય પછી વેદાદિમાં શ્રધ્ધા થાય, અહીં પણ જો અંતઃકરણ અશુદ્ધ હોય તો શ્રધ્ધા ન થાય, અને શ્રધ્ધા વિના ફલ ન મળે. એટલે શ્રધ્ધા પછી પ્રમાણરૂપ અર્થનું મનન, પછી નિદિધ્યાસનથી સાક્ષાત્કાર જેવું જ્ઞાન, તે પછી વિષય ભોગમાં વૈરાગ્ય, તે પછી શ્રવણાદિ સાધનશક્તિ, અને ત્યાર પછી પરમભક્તિ (પરાભક્તિ) પ્રાપ્ત થાય ત્યારે હૃદયમાં અને બહાર એમ સર્વત્ર ભગવાનનો સાક્ષાત્કાર થાય. જેમ જેમ શ્રવણ વધે, તેમ તેમ ભક્તિ વધે છે જેનાથી સર્વ ફલની પ્રાપ્તિ થાય છે.

❀ અધ્યાય-૨

- **અધ્યાયાર્થ-** ભાગવતજીના પ્રથમ સ્કંધના બીજા અધ્યાયમાં ૩૪ શ્લોકો છે. પ્રથમ ત્રણ શ્લોકોમાં મંગલાચરણ કરી સૂતજી ઋષિઓના પ્રશ્નોના પ્રત્યુત્તર આપે છે, ઋષિઓના પ્રશ્નોથી સૂતજી ખુબ રાજી થાય છે કારણ કે તેમણે પૂછેલા પ્રશ્નો સામાન્ય નથી, પરંતુ તે પુરુષાર્થ પ્રેરીત છે, મોક્ષ માં પરિણામ પામનારા છે, ભગવત્સંબંધી છે. તેઓ શ્રી શુકદેવજીને નમસ્કાર કરી કથાનો પ્રારંભ કરે છે. પ્રથમ પ્રશ્ન પૂછનાર શૌનક આદિ ઋષિગણને અભિનંદન આપી છ થી દશ એમ પાંચ શ્લોકોમાં ધર્મસંબંધી પ્રશ્નનો ઉત્તર આપે છે. વેદના પૂર્વકાંડમાં કર્મ પાંચ પ્રકારના બતાવેલ છે- (અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, નિરૂઢ પશુયાગ, ચાતુર્માસ અને સોમ). તે પછીના બાર શ્લોકોથી વેદના ઉત્તરકાંડના કથનાનુસાર જ્ઞાનસંબંધી પ્રશ્નોના ઉત્તર આપે છે. વેદમાં પુરુષને **'પુરુષો દ્વાદશવિધઃ'** - બાર પ્રકારના બતાવ્યા છે. આમ વેદમાં પ્રતિપાદિત કર્મ અને જ્ઞાનનું નિરૂપણ એ ૧૭ શ્લોકોમાં કરવામાં આવ્યું છે, કેમ કે શ્રુતિ કહે છે - **''સપ્તદશો વૈ પ્રજાપતિઃ''**. પ્રજાપતિ શબ્દ અહીં 'બ્રહ્મ' પરક છે. વેદમાં બ્રહ્મ માટે આવા અનેક નામો કહ્યા છે. એ રીતે શરૂઆતમાં વેદના અર્થનો ખુલાસો કરવા અહીં સત્તર શ્લોકો કહ્યા છે તેમ શ્રી મહાપ્રભુજી ભાગવતાર્થ નિબંધમાં જણાવે છે. એ રીતે ભાગવત વેદનો જ સાર છે તેમ પ્રતિપાદિત કરવાનો હેતુ છે. તેનું કારણ સમજાવતાં કહે છે કે જ્યારે કર્મ અને જ્ઞાન વિશે સમજ પડે ત્યારે જ આદરપૂર્વક કરેલા ભગવાનના ગુણોનું શ્રવણ અસરકારક બને, ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થાય જેથી ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય. ભગવત્પ્રસન્નતા જ તેમના અવતારમાં પરિણમે છે.

તે પછીના સાત શ્લોકોથી ભગવાનના સામાન્ય અવતારોનું કારણ બતાવવામાં આવ્યું છે. વાસ્તવમાં શૌનકજીએ કૃષ્ણાવતારનું પ્રયોજન પૂછ્યું હતું પરંતુ તેઓ કૃષ્ણના સ્વરૂપથી અજાણ હતાં. તેથી પ્રથમ ભગવાનના સામાન્ય અવતારોની વિવેચના અહીં કરી. જ્યારે કૃષ્ણનું સ્વરૂપ સમજાય ત્યારે જ તેમના જન્મનું પ્રયોજન કહેવું જોઈએ, અન્યથા તે નિરર્થક બને. પહેલા પાંચ શ્લોકોથી ભગવદ્લીલાના પાંચ પ્રકાર- **ઉત્પાદન**, **પ્રવેશ**, **નાનાત્વ** (અનેકત્વ) **ભોગ** અને **રક્ષણ**

બતાવી બીજા બે શ્લોકથી જે ગુણોથી પર છે એવા વાસુદેવના અવતારની વાત અહીં કહેવામાં આવી છે. શ્રી કૃષ્ણના સ્વરૂપ વિશેનું વર્ણન આગળ આઠમા અધ્યાયમાં આવેલી કુન્તીજીની સ્તુતિમાં કરવામાં આવ્યું છે. એ રીતે શ્રી મહાપ્રભુજી આ અધ્યાયનો અર્થ સમજાવે છે.

આનો સાર એમ કરી શકાય કે કૃષ્ણ જ ફલરૂપ છે, તે જ પ્રાણીમાત્રને આ લોક અને પરલોકમાં ફલ આપનાર છે. બધા જ અવતારો તેને જ લીધેલા છે, ધર્મ રક્ષક પણ તે પોતે જ છે. ભક્તિ અને મુક્તિ એ બન્ને ભગવાનની લીલા છે. સાધન પરંપરામાં એટલે કે વિવિધ સાધનોમાં સર્વ પ્રથમ ધર્મ (કર્મ) છે, અને છેલ્લે પ્રભુની પ્રસન્નતા અર્થાત્ કૃપા છે. **ભગવાનનો સાક્ષાત્કાર એ 'ફલ' છે.** બધા જ સાધનોમાં ભગવદ્ કૃપા જ નિમિત્તરૂપ છે. જ્યારે તે કૃપા કરે ત્યારે જ તે પ્રગટ થાય. ભગવાનમાં રૂચિ થવી, તેમના ગુણોનું શ્રવણ ઈત્યાદિ અને તેમનામાં પ્રેમ ઉદ્ભવવો, તે બધી ભક્તિની ઉત્તરોત્તર અવસ્થાઓ છે. જ્ઞાનના પણ ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે- **આત્મજ્ઞાન**, **તત્ત્વજ્ઞાન** અને **ભગવદ્જ્ઞાન**.

• સુબોધિની

આ અધ્યાયના શ્લોકાર્થ ઈત્યાદિ સમજાવતાં સુબોધિનીજીમાં શ્રી મહાપ્રભુજી કહે છે કે સૌ પ્રથમ દેવતા અને ગુરુને નમસ્કાર કરી સૂતજી ભાગવતજીનો પ્રારંભ કરે છે. શુકદેવજીના સ્વરૂપ વિશે સમજાવતાં કહે છે કે તેઓ પૂર્વજન્મમાં જ જ્ઞાનયુક્ત હતાં અને જન્મલેતાં જ વ્યાસાશ્રમમાં સંસારીઓના સંગના ભયથી ચાલી નીકળે છે કેમકે તેના કારણે તેમનું જ્ઞાન નષ્ટ થઈ જાય. વ્યાસજી દ્વારા થયેલા ભગવદ્ ધર્મના પ્રવેશથી તેમનો ભય દૂર થાય છે. તેમના દેહની ઉત્પત્તિ વિષ્ણુરૂપ વ્યાસજીથી થયેલ હોઈ તેમને ઉપનયન સંસ્કારની આવશ્યકતા ન હતી. વ્યાસજી પુત્ર પાછળ દોડે છે તે મોહનું કારણ સમજાવતાં કહે છે કે યમુનાજીના મધ્યમાં દ્વીપમાં તેમનો જન્મ થયો છે. (તેથી તેઓ 'દ્વૈપાયન' કહેવાય છે). પિતા પરાશરે જ્યારે ભગવાનનું ધ્યાન ધર્યું ત્યારે ભગવાને વ્યાસરૂપે અવતાર લીધો. વ્યાસજીને નારદજીના ઉપદેશ પહેલાં પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થઈ ગઈ હતી, તેથી તેઓ મોહવશ પુત્ર પાછળ દોડે છે. વિષ્ણુ સ્વરૂપ વનસ્પતિ હોઈ જવાબ વૃક્ષોએ આપ્યો છે.

શુકદેવજીને જ્યારે સંગ ભય નિવૃત્ત થયો ત્યારે તેઓ વ્યાસજીની સમીપ આવે છે અને ભાગવતનું અધ્યયન કરે છે. તે પછી જ તેમને 'મુનિઓના ગુરુ' કહ્યા છે. ભાગવતના સ્વરૂપનો ઉત્કર્ષ બતાવવા ચાર વિશેષણો - પ્રમેયરૂપતા, પ્રમાણરૂપતા, તેનું અસાધારણપણુ અને સર્વ સાધનોમાં ઉત્તમરૂપતાનું ક્રમશ : અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ભાગવત ભગવાનનું જ રૂપ હોવાના કારણે ભગવાનની જેમ જ ભાગવતનો સર્વ ભક્તોમાં અસાધારણ પ્રભાવ છે. તે સર્વ શ્રુતિના સારરૂપ હોઈ વેદના કર્મકાંડ અને જ્ઞાનકાંડમાં જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે જ ભાગવતમાં નિહિત છે, અને તેથી જ તેની પ્રમાણરૂપતા છે. ભાગવત અધ્યાત્મદીપ છે, એટલે કે

જેવી રીતે ઘરમાં દીવો રાખવાથી ઘરમાં રહેલા બધા પદાર્થોનો બોધ થાય છે (દેખાય છે), જેને માટે અન્ય કોઈ સાધનની આવશ્યકતા રહેતી નથી, તેમ શ્રી ભાગવત પ્રાપ્ત થયા પછી બીજા કોઈ સાધનની - ગુરુની પણ જરૂર રહેતી નથી. માટે ઘોર અંધકારરૂપ ભવસાગરને તરવાની ઈચ્છાવાળા મનુષ્યોના અંતરને અજવાળતો દીવો ભાગવત છે. એજ તેનું અસાધારણપણુ અને ઉત્તમપણુ સૂચવે છે.

ભાગવતની વિશેષતા એ છે કે જ્યારે બીજા શાસ્ત્રોનું શ્રવણ થયા પછી મનન અને નિદિધ્યાસનથી કાર્યની સિધ્ધિ થાય છે, જ્યારે ભાગવતમાં તો તે કાર્યસિધ્ધિ પ્રશ્નો વડે જ થઈ જાય છે. અહીં પૂછાયેલ પ્રશ્નોના ખુલાસા જ ભગવદ્ પ્રાપ્તિ કરાવનાર છે.

ભક્તિના વિષય અને પ્રયોજન સ્પષ્ટ કરતાં ભાગવત કહે છે- **''ભગવાન વાસુદેવમાં યોજેલો ઉત્તમ ભક્તિ યોગ તરત વૈરાગ્ય અને હેતુ રહિત જ્ઞાન ઉત્પન્ન કરે છે.''** (૧.૨.૭) અહીં 'ભગવાન' શબ્દથી શુદ્ધ સત્ત્વરૂપ વાસુદેવ શ્રી કૃષ્ણનું પ્રયોજન છે. કેવળ રૂચિ જ નહીં પણ કૃષ્ણ સાથે જોડાઈ જવું એ હેતુથી 'ભક્તિયોગ' શબ્દ પ્રયોજ્યો છે. ઉત્તમપણું કહેવાનું તાત્પર્ય ભગવાનમાં લાંબા સમય સુધી પ્રેમ ચાલુ રાખવો છે જેના કારણે તરત જ વિષયોમાં વૈરાગ્ય અને ભગવાનનું જ્ઞાન જે હેતુરહિત, એટલે અનુમાનથી પ્રાપ્ત થાય તેવું નહીં પરંતુ સાક્ષાત્કારરૂપ હોય છે, તેમ નિર્દેશ કરે છે. ધર્મ સાધન છે. સૌ પ્રથમ શ્રવણાદિ ધર્મથી કથામાં પ્રેમ પ્રાપ્ત કરવાનો છે. જો પ્રેમ ઉત્પન્ન ન થાય તો તે નિરર્થક છે. પુત્ર ઈત્યાદિની કામનાથી કરવામાં આવતો શ્રવણાદિ ધર્મ વાસ્તવમાં ધર્મ જ નથી કારણ કે તેનું ફલ અવિદ્યાનું કાર્ય હોઈ દુ:ખરૂપ છે. કામનાઓ થવી એ અવિદ્યાનું કારણ છે. વાસ્તવમાં ધર્મ તો એ છે કે જેનાથી ઈન્દ્રિયો વડે જેને ન જાણી શકાય તેવા ભગવાનમાં હેતુ વગરની અને કોઈપણ પ્રકારના અવરોધોથી પણ અટકે નહીં તેવી ભક્તિ થાય, જે પ્રભુની પ્રસન્નતામાં, તેમની કૃપા પ્રાપ્ત કરવામાં પરિણમિત થાય. જો કોઈ સ્વાર્થ સિધ્ધ કરવા માટે ભક્તિ કરીએ તો તે કામ પતી ગયા પછી ભક્તિ રહે નહીં. તેથી હેતુ વગરની ભગવાનની ભક્તિ કરવી જોઈએ, એવો અહીં નિર્દેશ છે. ભક્તિમાં કોઈ કારણ ન હોવું જોઈએ, કે બદલામાં કશુંક મેળવવાની અપેક્ષા ન હોવી જોઈએ.

ભાગવતજીમાં મહાભારત કરતાં જુદો સાધન પરંપરા રૂપે પુરુષાર્થોનો ક્રમ બતાવવામાં આવ્યો છે, જેનો ક્રમ '**કામ**, **અર્થ**, **ધર્મ** અને **મોક્ષ**' છે. જે વિશેની શાસ્ત્રમાં પ્રેરણા કરવામાં આવી હોય તે 'ધર્મ' છે. જે ક્રિયાની પાછળ શાસ્ત્રનું પ્રમાણ ન હોય તેને 'ધર્મ' કહી શકાય નહીં. તેથી કહ્યું છે- **''ધર્મોહિ ચોદનાલક્ષણ:''**. લૌકિક અનુરાગવાળી ક્રિયાઓ, સ્વર્ગ-ધન પ્રાપ્તિ વગેરે માટે કરાતી ક્રિયાઓ ધર્મ નથી. જે ધર્માચરણ ભગવાનની કથામાં પ્રીતિ ન કરાવે તે 'શ્રમ' માત્ર છે. ભાગવત સમજાવે છે કે 'ધર્મ' જેનાથી થઈ શકે તેવા 'અર્થ'નું ફલ 'કામ' નથી, કારણ કે 'કામ'નું ફલ ઈન્દ્રિયોની પ્રસન્નતા માત્ર જ નથી. 'કામ'નું ફળ અથવા લાભ જીવન ટકી રહે

તેટલા પૂરતું છે. ખરેખર તો **‘તત્ત્વજીજ્ઞાસા’** એ જીવને માટે ફલરૂપ છે. ઈન્દ્રિયોની પોતપોતાના વિષયોમાં અનુકુળતાથી સુખ થાય તેવી પ્રવૃત્તિનું નામ ‘કામ’ છે, તેથી શરીર ટકી રહે તે હેતુથી આહાર ઈત્યાદિની પ્રવૃત્તિ તે ‘કામ’ છે. માટે જ અહીં સર્વ પ્રથમ ‘કામ પુરુષાર્થ’ બતાવ્યો છે. કામથી અર્થરૂપ જીવન છે, અર્થાત્ જીવન પ્રાપ્તિ એ જ ‘અર્થ’ છે અને જીવનથી ધર્મ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે જેના દ્વારા અંતે ‘મોક્ષ’ પ્રાપ્તિ થઈ શકે છે. એ રીતે ભાગવતજીમાં કામ, અર્થ, ધર્મ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની વિવેચના કરવામાં આવી છે. જેટલાથી જીવન ટકે તેટલા અને તેવા આહાર-વિહાર કરવા તે **‘કામ પુરુષાર્થ’** છે. તેનાથી નભતું જીવન તે **‘અર્થ-પુરુષાર્થ’** છે. જીવનમાં તત્ત્વને અર્થાત્ ભગવાનને ઓળખવાની ઈચ્છા રાખવી તે જીવનનું ફળ છે - તે જ **‘ધર્મ-પુરુષાર્થ’** છે, એ જ આ જીવનનું ફલ છે. આ તત્ત્વ વિદ્યાના પરિણામે જ ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. તેમ છતાં વિચારથી સંદેહરહિત શબ્દજ્ઞાન થાય તો પણ જો અંત : કરણ અશુદ્ધ હોય તો સાક્ષાત્કાર થઈ શકે નહીં. તે માટે પ્રથમ ધર્માચરણથી અંત :કરણ શુદ્ધ થવું જોઈએ તે જરૂરી છે. તે પછી જ વેદાદિમાં શ્રધ્ધા હોવી આવશ્યક ગણાય કેમ કે શ્રધ્ધા વિના ફળ પ્રાપ્તિ ન થાય. મનન અને નિદિધ્યાસનથી ભગવત્સાક્ષાત્કાર જેવું જ્ઞાન થાય અને તે પછી વિષય ભોગમાં વૈરાગ્ય પ્રાપ્ત થતાં શ્રવણાદિ **‘સાધન ભક્તિ’** અને તે પછી **‘પરાભક્તિ’** પ્રાપ્ત થતાં ભક્તના હૃદયમાં અને બહાર-સર્વત્ર ભગવાનનો સાક્ષાત્કાર થાય છે.

‘તત્ત્વ’ વિશે ખુલાસો કરતાં ભાગવત કહે છે-

‘‘વદન્તિ તત્તત્ત્વવિદ સ્તત્ત્વં યજજ્ઞાનમ દ્વવ્યમ્
બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે.’’ (૧.૨.૧૧)

અર્થાત્ જેનું જ્ઞાન દ્વૈત વિનાનું છે એટલે કે કોઈ બે બાબતો વિશે મનમાં અસમંજસ ન હોય અને જે **‘બ્રહ્મ’**, **‘પરમાત્મા’**, **‘ભગવાન’** એમ શબ્દો દ્વારા બોલાય છે તેને તત્ત્વને જાણનારાઓ **‘તત્ત્વ’** કહે છે. સૌ કોઈ પોતપોતાના શાસ્ત્રમાં ‘તત્ત્વ’ને જાણનારા તરીકે પ્રખ્યાત હોય છે, પરંતુ વેદ પ્રમાણબળથી સર્વ શાસ્ત્રને નભાવનાર હોવાથી જેઓ વેદને જાણે છે તે ‘તત્ત્વવિદ્’ કહેવાય, અર્થાત્ વેદમાં અન્ય સર્વ શાસ્ત્રો સમાહિત છે. ઘણા ૠષિઓ વેદનો અર્થ કરનારા છે પરંતુ જેઓના મતમાં એક અક્ષર માત્રમાં પણ વેદનો વિરોધ નથી તેઓ જ સાચા અર્થમાં તત્ત્વને જાણનારા કહી શકાય. તત્ત્વજ્ઞાન મોક્ષ પ્રાપ્તિ કરાવનાર હોઈ શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોમાં ભિન્ન ભિન્ન નામથી તત્ત્વને સંબોધવામાં આવે છે, જે અનુક્રમે બ્રહ્મ પરમાત્મા અને ભગવાન એમ બોલાય છે પરંતુ તે સર્વ શબ્દોનો અર્થ એક જ છે. આ રીતે સામાન્ય ધર્મનું સાધનપણુ બતાવ્યા પછી આગળના શ્લોકમાં વર્ણાશ્રમ રૂપ વિશેષ ધર્મનું સાધનપણુ કહેવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ પોતપોતાના કર્મોના આધારે ચાર વર્ણ બતાવવામાં આવી છે. તેમ જ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ ચાર આશ્રમોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

તદનુસાર પ્રત્યેકના જુદા જુદા ધર્મો બતાવવામાં આવ્યા છે, જેને વર્ણાશ્રમ ધર્મ કહેવાય છે. તે ધર્મોના આચરણનું ફળ પણ પ્રભુની પ્રસન્નતા જ છે. **ધર્માચરણ વિના અંતઃકરણની શુદ્ધિ કે પ્રભુમાં રૂચિ થાય નહીં.** ધર્મના અનેક ગૌણ ફળો હોવા છતાં મુખ્ય ફળ પ્રભુની પ્રસન્નતા જ છે. જો પ્રભુ પ્રસન્ન થાય તો જ ધર્મ સફળ થયો કહેવાય નહીં તો તે વ્યર્થ ગણાય.

આપણે જાણીએ છીએ કે બધા જ અલૌકિક પદાર્થોના માહાત્મ્યને સાંભળવાથી તેમાં રૂચિ ઉત્પન્ન થાય છે. યોગાદિ પ્રક્રિયામાં ભગવદ્ ધ્યાન પ્રસિધ્ધ છે જે તલવારરૂપ છે, એટલે કે પ્રભુનું ધ્યાન ધરવું એ જ તલવાર છે. તેથી તે મનુષ્યના કર્મોને તે કાપી નાંખે છે અર્થાત્ તેનો નાશ કરે છે. જ્યાં સુધી કર્મ રહેલા હોય ત્યાં સુધી જન્મ-મરણ નિશ્ચિત છે અને કર્મો જો ભોગવાય નહીં ત્યાં સુધી જન્મ-મરણ નિશ્ચિત છે અને કર્મો જો ભોગવાય નહીં ત્યાં સુધી તેનો ક્ષય થતો નથી. જો કર્મોને ભોગવીને તેનો ક્ષય કરવા વિચારીએ તો તે દરમ્યાન બીજા કર્મો એકઠાં થઈ જાય, તેથી કર્મને કાપવું કઠીન છે છતાં ભગવદ્ ધ્યાન દ્વારા તે કપાય છે તેમ ભાગવત સમજાવે છે. જેઓ ભગવાનના ધ્યાન રૂપી તલવારવાળા છે, તેઓ કર્મની ગાંઠ કાપી શકે છે. ભગવાનના માહાત્મ્યના કારણે જ તેમના ધ્યાનનું માહાત્મ્ય છે. જેઓને પ્રભુની કથામાં પ્રીતિ નથી કરતાં તેઓને પ્રભુના માહાત્મ્યની ખબર જ નથી એમ જાણવું.

આમ પ્રાથમિક અને મધ્યમ જ્ઞાન અને ભક્તિનું નિરૂપણ કરી આગળના શ્લોકમાં તેનો ઉત્તમ પ્રકાર બતાવે છે, જે માટે વૈરાગ્ય આવશ્યક છે. તેથી આરંભમાં ઘરનો ત્યાગ કરી તીર્થોમાં ભ્રમણ કરવાની વાત કરી છે, અન્યથા (ઘર ન છોડ્યું હોય તો) મહાપુરુષોની (ભક્તોની) સેવા કરવાની સલાહ આપવામાં આવી છે. મહાપુરુષોનો સંગ, તેમની સેવા, ભગવદ્કથાનું શ્રવણ, તેમાં રૂચિ થવી અને તેમાં શ્રધ્ધા રાખવી એવો ક્રમ અહીં બતાવવામાં આવ્યો છે. મહાપુરુષોની સેવાથી અને પવિત્ર તીર્થોના સેવનથી ભગવાનની કથામાં રૂચિ થાય છે. ભગવાનની કથા ભગવાનનું જ સ્વરૂપ છે. કથા શ્રવણથી પ્રીતિ દ્વારા ભગવાન વશ થાય. **ભગવદ્ ગુણાનુવાદના શ્રવણ-કીર્તનથી હૃદયમાં દોષ કે પાપવૃત્તિ ઉત્પન્ન ન થાય અને હોય તો તે દૂર થઈ જાય.** જ્યાં સુધી કામાદિ દોષ દૂર ન થાય ત્યાં સુધી ભગવાનની ભક્તિ થાય નહીં. ભગવાનના ભક્તોની સેવાથી ભગવાનની ભક્તિની પ્રાપ્તિ થાય. શ્રી મહાપ્રભુજી સુબોધિનીજીમાં સમજાવે છે કે ભગવદ્ કથાઓ સ્વરૂપવત્ કથા છે. તે કથાનું પોતાનું સ્વતંત્ર માહાત્મ્ય હોવાના કારણે ભગવાન એ કથાઓને આધિન રહે છે અને તેથી જ તેના શ્રવણથી પાપોનો નાશ થવાની વાત કહી છે. શ્રવણ-કીર્તન દ્વારા પાપોની નિવૃત્તિ થતાં, શુદ્ધ હૃદયમાં ભગવાન પ્રવેશ કરે છે. વધુ ખુલાસો કરતાં કહે છે કે પ્રભુ જો કેવળ બહાર રહે તો ભક્તના હૃદયની અંદરનું કાર્ય થાય નહીં અને જો પ્રભુ પોતાની ઈચ્છાથી જ તે કાર્ય કરે (જે માટે તેઓ સક્ષમ છે) તો લોકોને તેની પ્રતિતિ ન થવાથી કોઈ પણ ભગવાનનું ભજન ન કરે. માટે ભક્તોના હૃદયમાં બિરાજી પ્રભુ જ ભક્તોના પાપ ધુવે છે. આમ અહીં ત્રણ સાધન

પરંપરા બતાવવામાં આવી. પ્રથમ ગૃહત્યાગથી લઈ ભગવદ્ ભક્તોની સેવા-શુશ્રુષા, બીજી પ્રભુ હૃદયમાં બીરાજી કામાદિ દોષોની નિવૃત્તિ કરે છે અને ત્રીજી ભગવદ્કથાના શ્રવણ દ્વારા ભગવાનમાં નૈષ્ટિકી ભક્તિ થવી તે.

આપણું ચિત્ત ત્રિગુણાત્મક સત્વ, રજ, તમ ગુણોથી મુક્ત છે. જ્યાં સુધી ગુણોનો પ્રભાવ હોય ત્યાં સુધી તેમાં નિર્ગુણ પ્રભુ પધારી શકે નહીં. પરંતુ જે રીતે પારસમણીથી લોઢું સુવર્ણમય બની જાય છે તેમ ભક્તિનો સ્પર્શ થતાં ત્રિગુણાત્મક ચિત્ત સત્ત્વગુણોવાળુ બને છે, જેના કારણે તેમાં ભગવદ્ પ્રવેશ સંભવ બને છે.

ભગવાન શુદ્ધ પરબ્રહ્મ છે. સૃષ્ટિની રચનામાં ભગવાનનું સહજ કર્તૃત્વ છે જેને **'લીલા'** કહેવામાં આવે છે. લીલાર્થે ભગવાન પોતાની ઈચ્છાથી પ્રકૃતિના ગુણો સ્વીકારે છે, અર્થાત્ સૃષ્ટિના નિર્માણમાં પ્રકૃતિનો સાધન તરીકે પ્રભુ ઉપયોગ કરે છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય માટે તે પોતે સત્વ, રજ અને તમ એ ત્રણે ગુણોને સ્વીકારે છે જેના અધિષ્ઠાતા દેવો અનુક્રમે વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ છે. તે ભગવાનના ગુણાવતારો છે. પ્રત્યેક દેવો અનુક્રમે સત્વ, રજ અને તમ ગુણોને ધારણ કરનારા છે. સત્વ ગુણ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ થાય છે, રજોગુણ દ્વારા કર્મ સંપાદન થાય છે અને તમો ગુણ દ્વારા ભગવાન ભોગ દે છે. પોતાના પુરુષાર્થની સિધ્ધિ માટે મનુષ્ય ધર્મ માર્ગને અનુસરીને ભગવાનના વિવિધ સ્વરૂપોને સેવે છે. પ્રત્યેક પોતાના જેવી પ્રકૃતિવાળા દેવાદિને ભજે છે. રજો ગુણ અને તમો ગુણોના કારણે અનેક કામનાઓ અને ઈચ્છાઓ મનુષ્યને થતી હોય છે જેની પૂર્તિ માટે પ્રત્યેક તેવા ગુણોવાળા દેવાદિને ભજે છે, અને તદનુસાર ફળની પ્રાપ્તિ કરે છે. આ સમગ્ર પ્રક્રિયા ભગવાનની લીલારૂપ છે. લીલાની આ સમગ્ર પ્રક્રિયા - સર્ગથી આશ્રય પર્યંત, ભાગવતમાં આલેખાયેલી છે.

વાસ્તવમાં **વેદ**, **યજ્ઞ**, **યોગ**, **ક્રિયા**, **જ્ઞાન**, **તપ**, **ધર્મ** અને **ગતિ** એ સઘળાં પ્રમાણ ભગવાન વાસુદેવ પરક છે, જેઓ નિમ્ન પાંચ પ્રકારની લીલા કરે છે :

(૧) **સમગ્ર વિશ્વનું ભગવાન સર્જન કરે છે**, (૨) **સર્જન કર્યા પછી એ ભગવાન સૌમાં પ્રવેશ કરે છે**, (૩) **પોતે એક હોવા છતાં અનેક રૂપે દેખાય છે**, (૪) **તે સર્વમાં બિરાજીને ભોગ કરે છે** અને (૫) **વિવિધ અવતારો ધારણ કરીને ભગવાન ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે, તેમની રક્ષા કરે છે.**

❀ અધ્યાય-૩

- **અધ્યાયાર્થ**- આ અધ્યાયમાં ભગવાનના વિવિધ અવતારોનો વિચાર કરવામાં આવ્યો છે. તેમાં ભગવાનના અવતાર સંબંધી ઋષિઓએ કરેલા પાંચમાં પ્રશ્નનો ઉત્તર આપવામાં આવ્યો છે. ભગવાનના અવતારો છે- **મત્સ્ય**, **કૂર્મ**, **વરાહ**, **વામન**, **પરશુરામ**, **મન્વંતરોમાંના અવતારો** (જેની સ્પષ્ટતા શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીજીના શ્લોક-૨૭માં કરી છે) **વ્યાસ**, **રામચંદ્ર**,

કપિલ, **દત્તાત્રય**, **ઋષભ**, **શિશુમાર**, **યજ્ઞ-નારાયણ**, **શ્રી કૃષ્ણ**, **હંસ**, **મોહિની**, **હયશીર્ષ**, **વડવામુખ**, **કલ્કિ**, **ધનવન્તરી** વગેરે.

'અવતાર'નો અર્થ છે અવતરણ કરવું, વૈકુંઠમાંથી જગતમાં પધારવું. જેવી રીતે અક્ષય નદીના જલમાંથી ઘણી નહેરો નીકળે છે તેમ ભગવાનના અસંખ્ય અવતારો થાય છે. જ્યારે જે કાર્ય કરવું હોય ત્યારે તે કાર્ય કરવા ભગવાન કોઈકના દેહમાં પ્રવેશ કરે તે ભગવાનના **'આવેશાવતાર'** કહેવાય, જેવા કે- **લક્ષ્મી**, **શેષ**, **ગરુડ**, **ઈન્દ્ર**, **કામદેવ**, **સૂર્ય**, **ચન્દ્ર**, **દક્ષ**, **મનુ**, **નારદ**, **કશ્યપ**, **સનક** ઈત્યાદિ. **શ્રી** કૃષ્ણ એ અવતાર નથી પરંતુ સ્વયં અવતારી પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ સ્વયં છે. તેથી જ ભાગવત કહે છે- **''એતે ચાંશ કલા પુંન્સઃ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં.''**

શ્રી મહાપ્રભુજી ભાગવતાર્થ નિબંધ (૫૪)માં સમજાવે છે કે **'આવિર્ભાવ'** અને **'અવતાર'** એ બન્નેના અર્થ સમાન છે. જેવી રીતે કોઈ મહારાજા પોતાના દેશમાં ફરતો ફરતો પોતે બનાવેલ ઘરમાં રહે છે તો ક્યારેક પોતાના મહેલમાં રહેતો હોય છે. જે ઘરમાં રહે તેને 'રાજગૃહ' કહેવાય. તેથી પોતાનો મહેલ કે કોઈપણ ઘર જ્યાં પોતે નિવાસ કરતો હોય તેમાં કોઈ અંતર નથી હોતું. તેવી જ રીતે 'આવેશ' અને 'અવતાર' તે બન્નેમાં કોઈ અંતર નથી. ભગવાન ક્યારેક પોતાની 'જ્ઞાનશક્તિ'થી અવતાર ગ્રહણ કરે છે તો ક્યારેક પોતાની ક્રિયાશક્તિથી. **દત્તાત્રય**, **વ્યાસ**, **કપિલ** વગેરે ભગવાનના **'જ્ઞાનાવતાર'** છે તો **વહાહ**, **કૂર્મ**, **નૃસિંહ** ઈત્યાદિ તેમની ક્રિયાશક્તિના અવતારો છે. શ્રી કૃષ્ણ જ્ઞાન અને ક્રિયા ઉભયયુક્ત સ્વયં ભગવાન છે. ભગવાનની ક્રિયા ભક્તોના બહારના દુ:ખોને દૂર કરે છે અને જ્ઞાન તેમની અંદરના દુ:ખોને દૂર કરે છે, અને તે માટે જ ભગવાન વિવિધ અવતારો ધારણ કરે છે.

આ અધ્યાયના ૪૪ શ્લોકો છે. આ અધ્યાયની શરૂઆતમાં પાંચ શ્લોકોમાં પુરુષાવતારની કથા કહેવામાં આવી છે. 'પુરુષ' શબ્દનો અર્થ ત્રણ પ્રકારે થાય- (૧) પુરમાં રહે તે પુરુષ; 'પુર' એટલે પંચમહાભૂતનો દેહ અને તેમાં રહેલ 'આત્મા' તે પુરુષ, (૨) પુરમાં-દેહમાં રહેલા પાપનું જે દહન કરે તે 'પુરુષ' અને (૩) પૂર્વમાં હતા તે જ પુરુષ. પ્રથમ અર્થ જીવાત્માના સંદર્ભમાં છે જ્યારે બીજા બે અર્થ પ્રમાણે ભગવાનને 'પુરુષ' કહ્યા છે. તે પછીના છઠ્ઠાથી પચીસમાં અધ્યાય પર્યંત ભગવાને લીધેલા વિવિધ અવતારોની કથા છે. એ રીતે પ્રથમ અવતારો ધારણ કરવાનું સામાન્ય પ્રયોજન કહ્યું છે તે પછી ભગવાનના માહાત્મ્યનું વર્ણન કરવામાં આવ્યું છે, જે જાણવાથી જીવને મુક્તિ પ્રાપ્ત થાય છે.

• સુબોધિની

બીજા અધ્યાયની સુબોધિનીમાં શ્રી મહાપ્રભુજીએ ફલ અને સાધન વિશે પાંચ પ્રકારની લીલાનું નિરૂપણ કર્યા પછી હવે અન્ય અવતારો, પુરુષાર્થો અને ધર્મો વિશે ખુલાસો કરતાં કહે છે કે 'અવતાર'નું તાત્પર્ય છે ભગવાનનું વ્યાપિ વૈકુંઠમાંથી પ્રપંચ (જગત)માં પ્રગટ થવું. ભગવાન દેવ,

પશુ, માનવ અથવા મિશ્ર જાતિમાં પણ અવતાર લે છે. અસુરોનો વધ ઈત્યાદિ કાર્ય તો પ્રભુ સર્વ સમર્થ હોવાના કારણે પોતે પ્રગટ થયા વગર પણ કરી શકે છે પરંતુ ભક્ત કાર્ય માટે ભાવવશ થઈ ભગવાન ભૂતલ પર પધારે છે. અનાયાસે, હર્ષપૂર્વક થતી પ્રભુની ચેષ્ટા તેમની **'લીલા'** કહેવાય છે. તેમ છતાં અક્ષરબ્રહ્મ, કાલ, કર્મ, સ્વભાવ તત્ત્વો રૂપે ભગવાન જ આવિર્ભૂત થાય છે પરંતુ તેમાં અવતારપણુ નથી કારણ કે તેમાં યોનિત્વાદિના કારણે દ્વિરૂપતા છે. પ્રકૃતિ અને પુરુષના સંયોગથી મહત્ તત્ત્વ ઈત્યાદિ પ્રક્રિયા થાય છે. મહત્ તત્ત્વમાંથી અહંકાર, તન્માત્રાઓ, એકાદશ ઈન્દ્રિયો, પંચમહાભૂત ઈત્યાદિ તત્ત્વો ભગવાનનું કારણ કોટી સ્વરૂપ છે. એ ભગવાનની આદ્યસૃષ્ટિ છે.

ભગવાને આ બ્રહ્માંડ રૂપ દેહ ધારણ કર્યો છે. ભગવાનને પ્રાકૃત રૂપ નથી પરંતુ તે તેમનું શુદ્ધ સત્વાત્મક શરીર છે. આપણી પ્રાકૃત આંખથી આપણે તેને જગતરૂપ દેખીએ છીએ પરંતુ યોગીઓ પોતાના દિવ્ય જ્ઞાન નેત્ર વડે તેમના અદ્‌ભૂત પુરુષરૂપના દર્શન કરી શકે છે. તે સર્વ અવતારોના બીજરૂપ અર્થાત આધારરૂપ છે. એ ભગવાન આદિ-નારાયણ પોતાની યોગનિદ્રા નામની શક્તિને પોતાના શરીરમાં વ્યાપ્ત કરીને જલરૂપ શૈયામાં પોઢ્યા હતા ત્યાં તેમની ત્રૈલોક્યાત્મક નાભિકમલમાંથી બ્રહ્માજી પ્રગટ થયા. પ્રથમ કાર્ય રૂપ હોઈ તે 'બ્રહ્મ' શબ્દથી ઓળખાય છે પરંતુ સૃષ્ટિના કર્તા તરીકે તેમને 'બ્રહ્મા' કહ્યા છે. આમ, **આદિ-નારાયણ** અને **બ્રહ્મા** એ બે ભગવાનના પ્રથમ અવતારો છે અને તે પછી બીજા બાવીસ અવતારોની કથા આ અધ્યાયમાં બતાવ્યા છે. ભગવાનના ઉપરોક્ત મૂળ સ્વરૂપનું અવતરણ જ તેમના વિવિધ અવતારો છે.

ભગવાનના બાવીસ લીલા અવતારો અને તેમની લીલા

આ અવતારોમાં પ્રથમ છ અવતારો બ્રાહ્મણ તરીકે, બીજા ત્રણ અવતારો ક્ષત્રિય રૂપે, તે પછીના ચાર અવતારો વૈશ્યના રૂપમાં છે. ભણાવું-ભણાવવું, યજ્ઞ કરવા-કરાવવા અને દાન દેવું અને લેવું તે છ ધર્મો બ્રાહ્મણના છે જે તેમના પ્રથમ છ અવતારોમાં પ્રગટ થાય છે.

સૌથી પહેલો અવતાર બ્રહ્માના મનમાંથી ઉત્પન્ન થયેલા **ચાર કુમારો (સનત્કુમારો)** છે જેઓના નામ અનુક્રમે **સનક**, **સનત્કુમાર**, **સનત્સુજાત** અને **સનંદન** છે. તેઓ આવેશાવતાર છે. તેમનું પ્રયોજન બ્રહ્મચર્ય છે જેના કારણે તેઓ હંમેશાં કુમાર અવસ્થામાં રહે છે.

બીજો અવતાર ભગવાને બ્રહ્માજીના નાકમાંથી પ્રગટ થયેલ **'વરાહ'** રૂપે ધારણ કરેલો છે. લોભરૂપ હિરણ્યાક્ષને મારી રસાતલમાં ગયેલી પૃથ્વીનો તેમણે ઉધ્ધાર કર્યો હતો. તે યજ્ઞના અધિષ્ટાતા ધર્મરૂપ ભગવાનનો અવતાર છે કારણ કે ક્રિયાની ઉત્પત્તિ તેમનાથી થાય છે.

ત્રીજો **નારદજી**નો આવેશાવતાર છે. ભગવાનની સેવાનું નિરૂપણ ભગવાન સિવાય બીજાથી થઈ શકે નહીં માટે તેમણે નારદજીમાં આવેશ કરી વૈષ્ણવતંત્ર-પંચરાત્રને પ્રગટ કર્યું છે. સેવામાં બધા જ કર્મો તેના અંગભૂત હોઈ તે ભગવદ્‌રૂપ થતાં તેના કર્મપણાનો નાશ થાય છે. (તે કર્મ

બંધનરૂપ બનતા નથી.)

ચોથો અવતાર આશ્રમ સંન્યાસનો ધર્મ જણાવનાર એવા **નર અને નારાયણ**નો છે. બ્રહ્મચર્ય, યજ્ઞ, ભગવાનની સેવા અને આત્માની શાંતિ એ અનુક્રમે ચારેય આશ્રમોના ધર્મો છે. ધર્મનું મૂળ વેદ છે તેથી ભગવાન ઋષિના રૂપથી નરનારાયણરૂપે પ્રગટ થયા છે.

કપિલમુનિનો પાંચમો અવતાર છે, જેમણે તત્ત્વોના સમૂહનો જેમાં નિર્ણય બતાવવામાં આવ્યો છે તે 'સાંખ્યયોગ' માતા દેવહૂતિને સમજાવ્યો અને તેમનો ઉધ્ધાર કર્યો.

છઠ્ઠા અવતારમાં ભગવાને અગ્નિ ઋષિ અને અનસૂયાની ભગવાન જેવા પુત્રકામનાને પૂર્ણ કરવા તેમના પુત્ર રૂપે **દત્તાત્રય** તરીકે પ્રગટ થયા. તેમણે રાજા અલર્ક અને પ્રલ્હાદને આત્મવિદ્યા શીખવી.

આમ છ પ્રકારના બ્રાહ્મણોના અવતાર બતાવ્યા પછી ક્ષત્રિયના ત્રણ ધર્મો- શત્રુજ્ય, ધર્મનિષ્ઠા અને પ્રજાપાલનના પ્રયોજનથી **યજ્ઞનારાયણ**, **ઋષભદેવ** અને **પૃથુરાજા**રૂપે ત્રણ અવતારો થયા.

સાતમા અવતારમાં ભગવાન રૂચિનામના ઋષિની પત્ની સ્વયંભૂવ મનુની પુત્રી આકૃતિને ત્યાં **'યજ્ઞ'** પુત્ર રૂપે પ્રગટ થયા. બ્રાહ્મણો દ્વારા કરાતો યજ્ઞ ક્ષત્રિયને ફલ આપે છે તેમ અહીં ભગવાન યજ્ઞનારાયણે પ્રથમ મન્વન્તરની રક્ષા કરી ક્ષત્રિય ધર્મ સિધ્ધ કર્યો છે.

આઠમા અવતારમાં વીર પુરુષોના માર્ગને દર્શાવવા નાભિરાજાને ત્યાં મેરૂદેવીમાં ભગવાન **ઋષભદેવ** તરીકે પ્રગટ થયા. ઋષભનો અર્થ જ શ્રેષ્ઠ થાય છે. આ અવતાર ધૈર્ય બતાવવા માટે છે.

નવમા અવતારમાં પ્રભુ **પૃથુરાજા** સ્વરૂપે પધાર્યા છે. તેમણે ઋષિઓની પ્રાર્થનાથી આ અવતાર લીધો છે. આ આવેશાવતારમાં ભગવાને ગાયરૂપી પૃથ્વીનું દોહન કર્યું છે અને સૌને ઈચ્છેલા સુખ દઈને સંતુષ્ટ કર્યા છે.

ઉપરોક્ત ત્રણેય અવતારો ક્ષત્રિય રૂપમાં હતા. તે પછીના ચાર અવતારો વૈશ્યના ધર્મને દર્શાવવા ભગવાન લે છે. ઠગીને કાર્ય સિધ્ધ કરવું તે વૈશ્યનું લક્ષણ છે. આ અવતારોમાં પોતે ભગવાન છે તેમ ન ઓળખાય અને છતાં પોતાનું કાર્ય કરે.

ચાક્ષુસ મન્વન્તર પછી થયેલા પ્રલયમાં ભગવાને **મત્સ્ય**નું રૂપ ધારણ કરી પૃથ્વીરૂપ નાવમાં વૈવસ્વત મનુને બેસાડી તેમનું રક્ષણ કર્યું છે. ભક્તનું પાલન કરવું તે આ દશમા અવતારનું પ્રયોજન છે.

અગિયારમાં અવતારમાં સમુદ્રનું મંથન કરતાં દેવો અને દાનવો માટે ભગવાને **કાચબા**નું રૂપ ધારણ કરી પોતાની પીઠ ઉપર મંદરાચલ પર્વતને ધારણ કર્યો છે. અમૃત મેળવવા માટે મંથન કરવાની પ્રવૃત્તિ જે કપટયુક્ત હતી, તેથી આ અવતારને વૈશ્યરૂપ કહ્યો છે.

તે પછીના બે અવતારો- **ધન્વન્તરિ** અને **મોહિની** (સ્ત્રી) રૂપમાં થયો છે. ધન્વંતરિ એટલે

આયુર્વેદ અને મોહિનીજી એટલે સ્વરૂપાકર્ષણી. ધન્વન્તરિ પાસેથી દાનવોએ અમૃતનો કળશ ઝુંટવી લીધો ત્યારે દેવોને અમૃતપાન કરાવવાનું પોતે વચન આપ્યું હતું, તે પૂર્ણ કરવા ભગવાને ધન્વન્તરિ સ્વરૂપમાં જ મોહિની રૂપના દાનવોને દર્શન કરાવી મોહ પમાડ્યો હતો. દેવોને આ સ્વરૂપના દર્શન થયા નથી.

આમ ચાર વૈશ્યના અવતાર પછી ભગવાનનો ચૌદમો અવતાર **'નૃસિંહ અવતાર'** છે. આ અવતાર પુષ્ટિ અવતાર છે કારણ કે ભગવાને પોતાના દ્વારપાલે ધારણ કરેલા હિરણ્ય કશ્યપુને હણીને તેના પુત્ર પ્રહ્લાદનું રક્ષણ કર્યું છે. પુષ્ટિમાર્ગમાં ભક્તિ જ મુખ્ય છે અને પ્રહ્લાદ ભક્ત હતો. જે રીતે સાદડી બનાવનાર નેતરને ચીરી નાંખે તેમ ભગવાન નૃસિંહે દૈત્યેન્દ્ર એવા હિરણ્ય કશ્યપુને પોતાની સાથળ ઉપર રાખી નખોથી ચીરી નાંખ્યો હતો. સાદડી બનાવનાર નેતરને લોકોના હિત માટે ચીરે છે જે ઉત્તમ કાર્ય છે તેનું અહીં દૃષ્ટાંત આપ્યું છે.

નૃસિંહ અવતારથી લઈ અવતારો ભક્તિમાર્ગીય મુખ્ય અવતારો છે. ભક્તિમાર્ગીય અવતારોમાં નૃસિંહ મુખ્ય હોવાથી તેમને મૂળરૂપ ગણાવ્યા છે. તે પછીના ત્રણ અવતારો બ્રહ્મભાવે, ત્રણ ક્ષત્રિયભાવે અને એક વૈશ્યભાવથી બતાવ્યા છે.

પંદરમાં અવતારમાં ભગવાને **વામન**નું રૂપ ધારણ કરી બલિરાજાના યજ્ઞમાં પધારી ત્રણ પગલામાં તેની પાસેથી સર્વસ્વ લઈને તેને ભક્ત બનાવ્યો છે. વામન ન હોવા છતાં વામનનો દેહ ધારણ કરી ભક્તના હિત માટે ભગવાને પોતાના ઐશ્વર્ય ધર્મનો ત્યાગ કરી નૃસિંહ અવતારથી પણ ઉત્તમપણું દેખાડ્યું છે. આ મર્યાદાનો લોપ તેમનું પુષ્ટિકાર્ય હતું કેમ કે ભગવાને ભક્ત માટે સ્વરૂપ અને સ્વધર્મ બન્ને છોડ્યા છે.

સોળમાં અવતારમાં ભગવાને **પરશુરામ**નું રૂપ લઈ બ્રાહ્મણોનો દ્રોહ કરનારા રાજાઓને જોઈને ક્રોધાયમાન થઈ એકવીસ વખત ક્ષત્રિયોનો નાશ કર્યો હતો. આ વૈશ્વાનરનો અવતાર છે. પોતાના પિતાનો અપરાધ ક્ષત્રિઓએ કર્યો હતો તે નિમિત્ત માત્ર હતું પરંતુ વાસ્તવમાં બ્રાહ્મણનું રક્ષણ, સન્માન અને આજીવિકા સંપાદન એ સમાજનું અનિવાર્ય કર્તવ્ય છે, જે આ અવતારનું પ્રયોજન હતું.

સત્તરમાં અવતારમાં ભગવાન જ્ઞાનાવતાર તરીકે **વ્યાસજી** સ્વરૂપે પ્રગટ થયા. માછીમારની કન્યા સત્યવતી અને ઋષિ પરાશરથી તેમનો જન્મ થયો હતો. ભક્તિ કાર્યોના પ્રયોજનમાં આ ત્રીજો અવતાર છે. તેમણે વેદની અનેક શાખાઓ કરી જેથી, જોકે બ્રાહ્મણોએ સમગ્ર વેદ ભણવો જોઈએ છતાં પ્રમેયબળનો આધાર લઈ જેમ એક મૂર્તિ બધી મૂર્તિઓ થાય તેમ એક શાખાથી વેદનું અધ્યયન કરી બાકીનો સમય તે ભગવાનની ભક્તિ કરી શકે તેવો અહીં આશય છે, અથવા તે રીતે વેદના વિભાગ કે શાખાઓ કરવાનું અહીં પ્રયોજન બતાવ્યું છે.

અઢારમાં અધ્યાયમાં ભગવાન **રામ** તરીકે પ્રાદૂર્ભત થયા. આ ક્ષત્રિય અવતારમાં ભગવાને

સમુદ્રને વશ કરવાનું, પરશુરામ ઉપર વિજય કરવાનું અને વાલિનો વધ, તેમ જ રાવણ વધ કર્યો છે. શાસ્ત્ર મર્યાદા મુજબ સમુદ્ર ઉલ્લંઘન નિષેધ છે છતાં રામાવતાર ધારણ કરી સમુદ્ર ઓળંગી ભગવાને પુષ્ટિ કાર્ય કર્યું છે.

હવે પછીના, ઓગણીસમાં અને વીસમાં અવતારોમાં ભગવાને વૃષ્ણિ કુળમાં **બલરામ** અને **કૃષ્ણ** નામથી પ્રગટ થયા છે. બલરામ ભગવાનના આવેશાવતાર હતા તો કૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા અવતારી સ્વયં હતા. અહીં ભૂમિનો ભાર ઉતારવા આ અવતારનું લોક પ્રસિધ્ધ કાર્ય છે તેમ બતાવે છે.

જેમને વેદમાં અધિકાર નહોતો તેવા લોકોએ જ્યારે વેદમાં પ્રવૃત્તિ શરૂ કરી અનર્થ આરંભ્યો ત્યારે તેમને યુક્તિપૂર્વક અટકાવવા અર્થાત્ દેવોના શત્રુઓને મોહ પમાડવા ભગવાને **બુધ્ધ** અવતાર ધારણ કર્યો. ભાગવતનું આલેખન આ અવતારો પૂર્વનું હોઈ અહીં આ અવતાર ભવિષ્યકાળમાં થશે તેમ કહ્યું છે. તેવી જ રીતે ભવિષ્યવાણી કરી છે કે યુગોની સંધિમાં રાજાઓ જ્યારે મોટાભાગે લૂંટારા બનશે, એટલે કે કલિયુગની સંધ્યા ટાણે વિષ્ણુયશા નામના, શંભવ ગામમાં રહેતા કોઈ વૈષ્ણવ બ્રાહ્મણને ત્યાં ભગવાન 'કલ્કિ' નામે પ્રગટ થશે, જે તેમનો બાવીસમો અવતાર હશે.

પૂર્વના બે અવતારોને ગણી લેતાં આમ ભગવાનના ચોવિસ અવતારો અને તેના પ્રયોજનનું વ્યાસજીએ આ અધ્યાયમાં નિરૂપણ કર્યું છે. સુબોધિનીમાં ઉપસંહાર કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે ઉપર પ્રમાણે ભગવાનના આટલા લીલા-અવતારો ગણાવ્યા પરંતુ વાસ્તવમાં તો સર્વકાંઈ ભગવદ્રૂપ હોવાના કારણે ભગવાનના અવતારો અનેક-અગણિત છે. ઋષિઓ, મનુઓ, દેવો, મનુપુત્રો, પ્રજાપતિ વગેરે બધા જ ભગવાનના કલારૂપ અવતારો છે, પરંતુ પુરુષ રૂપ - પૂર્ણ પુરુષોત્તમ તો ભગવાન શ્રી કૃષ્ણ જ છે જે સમય સમય પર અવતાર લઈ લોકોના દુખ દૂર કરી સુખનું દાન કરે છે, ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે. જેવું પ્રયોજન હોય તે વખતે તેવા રૂપે પોતે પ્રગટ થઈ વિવિધ લીલા કરે છે, તેમ છતાં કૃષ્ણાવતારનું પ્રયોજન ગોપ્ય છે, જેનો ખુલાસો પાછળથી કરવામાં આવ્યો છે.

શ્લોક ૩૦થી ૪૪ સુધીની સુબોધિનીજીમાં શ્રી મહાપ્રભુજી બ્રહ્મનું સ્વરૂપ તેમ જ જડજીવનું અને ભગવાનની લીલાના રહસ્યને ઉજાગર કરે છે.

આ બ્રહ્માંડ એ બ્રહ્માત્મક હોઈ સત્યયુક્ત ભગવાનનું જ રૂપ છે. ભગવાન અને ભગવાનનું રૂપ એ બે જુદા નથી. ભગવાનનું રૂપ એટલે ભગવાન પોતે અને તેથી 'અરૂપ' કહ્યા છે. ભગવાનનું બ્રહ્માંડાત્મક સ્વરૂપ તેમની આધિદૈવિકરૂપ (પુરુષોત્તમ)ની શક્તિ માયાના સત્વ-રજ :- તમ : ગુણોથી થયેલા મહત્તત્ત્વ વગેરેના કાર્યથી બનેલું છે. જેવી રીતે તપાવેલા લોખંડના ગોળામાં અગ્નિસ્થિત હોય તેવી રીતે આ સમગ્ર બ્રહ્માંડમાં ભગવાન બિરાજે છે. આની પ્રતીતિ સૌ કોઈને - જેઓ મૂઢ, અજ્ઞાની છે તેવાઓને થતી નથી પરંતુ મહાપુરુષોને થાય છે. બ્રહ્માંડરૂપ ભગવાનનું

શરીર દશ્ય છે પણ તે દષ્ટાથી તે વ્યાપ્ત છે. સાચુ જ્ઞાન આપણને નથી તેથી આપણાને આ જગત દશ્ય તરીકે દેખાય છે અથવા તેને આપણે દશ્ય માનીએ છીએ. 'જગત જડ છે' એવી સમજ એ આપણી ભ્રાંતિ છે, વાસ્તવમાં જગત ભગવદ્રૂપ છે. જડ પદાર્થ પણ ભગવદ્રૂપ છે, તે જ પ્રકારે જીવ પણ ભગવદ્રૂપ છે.

ભગવાનનું જે બાહ્યરૂપ- સ્થૂળ બ્રહ્માંડ રૂપ દેખાય છે તેનાથી જુદું તેમનું સૂક્ષ્મરૂપ છે જે આપણી ઈન્દ્રિયોથી ગ્રાહ્ય નથી એટલે તેને 'અગોચર' કે 'અવ્યક્ત' કહીએ છીએ. તેના હાથ-પગ વગેરે આકાર ન હોવા છતાં ભગવાનના સ્વાભાવિક ગુણોથી એ વ્યાપ્ત છે. તે અદશ્ય હોઈ જડ પદાર્થ નથી તેમ છતાં તેનું અસ્તિત્વ છે જેને આપણે જીવાત્મા તરીકે જાણીએ છીએ. ભગવાન અંતર્યામી રૂપે તેની નિકટ રહીને તેને પોષે છે. વાસ્તવમાં સર્વ કાંઈ ભગવાન પોતે જ છે.

વેદમાં પણ ગોપ્ય ભગવાનના ચરિત બતાવવામાં આવ્યા છે. તે અજન્મા હોવા છતાં જન્મ ધારણ કરે છે (અવતરણ થાય છે) અકર્તા હોવા છતાં બધા જ પ્રકારની લીલા કરે છે, તે ભગવાનનું માહાત્મ્ય છે. તેમાં વિરૂધ્ધ ધર્માશ્રયત્વ છે, સર્વભવન સામર્થ્ય છે તેથી તે બધું જ બની શકે કે કરી શકે છે. **ભગવાન જ કાલ કર્મ-સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષ રૂપ ધારણ કરી આ જગત રૂપે આવિર્ભૂત થાય છે, અને અનેક પ્રકારની લીલા કરે છે.**

જીવ 'અજ્ઞ' હોવાથી ભગવાનની લીલા જાણી શકતો નથી. અનેક પ્રકારના દોષથી ઘેરાયેલ હોવાના કારણે, મોહગ્રસ્ત તે ભગવાનની આ અહેતુકિ લીલાથી અજાણ હોવાથી પોતાને કર્તા-ભોક્તા માની અહંતા-મમતા ત્મક સંસારથી આવૃત બને છે, બંધનમાં આવે છે.

ભગવાન સર્વ રસોનો ભોગ કરે છે અર્થાત્ સર્વવસ્તુઓમાં રસના રૂપથી ભગવાને જ પ્રવેશ કરેલો હોવાના કારણે તેમાં ઉત્તમપણું કે અધમપણું હોતું નથી. ભગવાનની લીલાને કોઈ પણ જાણી શકતું નથી, જ્ઞાની એવા બ્રહ્મા પણ તેને જાણતા નથી, કોઈપણ સાધનથી પણ તે જાણી શકાતાં નથી. જે પુષ્ટિમાર્ગને નથી જાણતો એટલે કે આ કૃપા માર્ગથી જે અનભિજ્ઞ છે તે કઈ રીતે ભગવાનની લીલાને જાણી શકે ?

અહીં શંકા થાય કે જો જીવ ભગવદ્ લીલાને ન સમજી શકે તો તેનો ઉધ્ધાર કઈ રીતે થાય? તેના ખુલાસામાં શ્રી મહાપ્રભુજી કહે છે કે જે નિષ્કપટ ભાવથી ભગવાનના ચરણાર્વિંદને સેવે છે તે જ પ્રભુની લીલાને સમજી શકે છે. ભગવાનનું સ્વરૂપ લૌકિક કાર્યોના અનુમાનથી જાણી શકાતું નથી, તેઓ બધા પ્રમાણોથી દૂર રહેલા છે માટે ભગવાનને જાણવાનો માર્ગ-કૃપામાર્ગ સમજવો જોઈએ. આ વિશ્વરૂપ રથની નીચે કાલચક્ર રૂપી (જે ભગવાનનું જ રૂપ છે) તે ધરીનો આધાર હોય છે. જેમ રથમાં બેસનાર નીચેના આધારને જોઈ શકતાં નથી તેમ આ જગતમાં રહેનાર મનુષ્યો પણ ભગવાનને જાણી શકતાં નથી. ભગવાનની કપટ વિનાની સેવા કરવાથી જ ભગવાનને જાણી શકાય છે. જેઓ ભગવાનનું ભજન કોઈ ફલ મેળવવાની બુધ્ધિ રાખી કરે છે તેનાથી પ્રભુ

છેતરાતા નથી કારણ કે તે ચતુર શિરોમણી છે. ભગવાનના ચરણકમળનો આશ્રય જ ભક્તિમાર્ગ છે તેથી જેઓ ચરણાર્વિંદનું નિરંતર ભજન કરે છે તે જ ભગવાનની ગતિને પામી શકે છે.

ભગવાનની ઈચ્છા એટલે કે વૃત્તિને અનુસરીને સેવા કરીએ તેનું નામ જ **'અનુવૃત્તિ'** છે. સામાન્યત: આપણે આપણા શરીરને સાનુકુળ રહીને સેવા કરીએ છીએ. તેને 'અનુવૃત્તિ' ન કહેવાય. પોતાને પ્રતિકુળ હોવા છતાં ભગવાનની મનોવૃત્તિને અનુસરીને - ભગવાનની ઈચ્છાને જાણીને સેવા કરે તે અનુવૃત્તિ છે. સાદરપૂર્વક નિરંતર ભગવાનની સેવાના પરિણામે પ્રભુ અંત:કરણમાં પ્રેરણા કરે ત્યારે ભગવાનની વૃત્તિ શું છે તે સમજી શકાય. તેમ ન સમજાય ત્યાં સુધી ગુરુની આજ્ઞા મુજબ સેવા કરે તેની પર કૃપા થાય - તે જ ભગવાનની લીલા સમજી શકે. પોતાની કલ્પના મુજબ સેવા કરવાથી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થઈ શકતી નથી.

ભગવાન સંબંધી ઋષિઓના પ્રશ્નોની પ્રશંસા કરતાં કહે છે કે તમે ભગવાનમાં શ્રધ્ધાવાળા છો તેથી ધન્ય છો. જે ભગવાનની ભક્તિ અને જ્ઞાન માટે યોગ્ય હોય તેને **'ધન્ય'** કહેવાય. અહીં **'વાસુદેવ'** અને **'સર્વલોકનાનાથ'** શબ્દ પ્રયોગોથી સર્વના ઈશ્વર અને વેદાન્તોથી જે જાણીતા છે તેમ સૂચવે છે. **જેઓ સર્વલોકનાનાથ ભગવાન વાસુદેવમાં સર્વસ્વરૂપ આત્મભાવથી માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ સ્નેહ કરે છે તે ધન્ય છે** કેમકે ભગવાનની ભક્તિમાં ભગવાન સંબંધી જ્ઞાન જ સાચું ધન છે, અને જે તે ધનને યોગ્ય હોય તે 'ધન્ય' કહેવાય. તેના વગર ગમે તેટલું ધન હોવા છતાં તે નિર્ધન જ કહેવાય. જેને આવું ધન પ્રાપ્ત થાય તેને પુન: પુન: જન્મ અને મરણ પ્રાપ્ત થતાં નથી.

સૂતજી કહે છે કે **આ ગ્રંથનું નામ 'ભાગવત' છે જે બ્રહ્મ અને વેદ સંમત છે. તેમાં કહેલી વિવિધ પ્રાસંગિક કથાઓ પણ કૃષ્ણ કથા જ છે.** ભગવાન વેદ વ્યાસજીએ સમાધિમાં તેમને થયેલ અનુભવના આધારે તે કહેલું છે. તેમણે શ્રેષ્ઠ જીતેન્દ્રિય એવા પોતાના પુત્ર શુકદેવજીને તે ભણાવ્યું, જેમણે સર્વ વેદો અને ઈતિહાસના સારરૂપ એવું આ ભગવદ્ ચરિત્ર ગંગાજીના તટ પર અન્ન ત્યાગ કરીને મૃત્યુની રાહ જોતા અને અનેક ઋષિગણોની મધ્યમાં બિરાજેલ ઉત્તમ કક્ષાના શ્રોતા પરીક્ષિતને સંભળાવ્યું છે.

છેલ્લે છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર આપતાં સૂતજી કહે છે કે **જ્યારે ધર્મ અને જ્ઞાન વગેરે સાથે ભગવાન સ્વધામ પધાર્યા ત્યારે અંધકારરૂપ કલિયુગમાં** નષ્ટ થઈ ગયેલી દૃષ્ટિવાળાને **પ્રકાશ આપવા આ ભાગવત પુરાણરૂપી સૂર્ય આ લોકમાં પ્રકટ થયો છે.** જેની દૃષ્ટિ ચાલી જાય તે અંધકારમાં અટવાય છે તેવા લોકો માટે પુરાણરૂપ આ સૂર્ય આજે ઉદય પામ્યો છે. જેમ સૂર્યોદય થતાં લોકોની પ્રવૃત્તિ શરૂ થાય છે તેમ **શ્રીમદ્ ભાગવત**નો ઉદય થતાં લોકોની ભગવાન માટેની પ્રવૃત્તિનો પ્રારંભ થાય છે, તે સૂર્યની માફક જ જીવનદાતા છે, તે મનુષ્યના અંત:કરણના સઘળા દોષોને દૂર કરી ભગવદ્ પ્રાપ્તિ કરાવનારો છે.

આ પ્રમાણે સૂતજીએ ઋષિઓના છએ પ્રશ્નોના ઉત્તર આપી પોતાના અધિકાર મુજબ વક્તાપણાનો પોતાનો અધિકાર સિધ્ધ કર્યો અને ઋષિઓની જિજ્ઞાસા તપાસવા મૌન થયા.

❀ અધ્યાય-૪, ૫, ૬

- **અધ્યાયાર્થ**- પ્રથમ સ્કંધના અધ્યાય ચારથી છ એ **'મધ્યમ અધિકારી પ્રકરણ'** છે. સૂતજીએ કહેલી અગાઉની કથાથી પ્રસન્ન થઈ સર્વના પ્રતિનિધિ તરીકે શૌનક ઋષિએ ચાર પ્રકારના પ્રશ્નો કર્યા છે. (૧) **ભાગવત સંબંધી**, (૨) **ભાગવતના કર્તા સંબંધી**, (૩) **ભાગવતના વક્તા સંબંધી** અને (૪) **ભાગવતના સ્વરૂપ, તેની ઉત્પત્તિ અને કારણ સંબંધી.** અહીં ચોથા અધ્યાયમાં ભાગવતની રચનાનું કારણ કહ્યું છે, પાંચમા અધ્યાયમાં ભાગવત રચવાની યોગ્યતા જણાવી છે અને છઠ્ઠા અધ્યાયમાં નારદજી વ્યાસજીને ભાગવત રચવાની પ્રેરણા કરે છે.

કથા અનુસાર ચોથા અધ્યાયમાં વ્યાસજીની મનોદશાનું વર્ણન છે. તેમણે વેદના ચાર ભાગ કર્યા, ઈતિહાસ અને પુરાણરૂપ પાંચમો વેદ રચ્યો, સ્ત્રીઓ અને શુદ્રોને વેદના અધ્યયન વગેરેનો અધિકાર ન હોવાથી તેમના કલ્યાણ માટે મહાભારતની રચના કરી તેમ છતાં તેમના મનમાં તેઓ સંતુષ્ટ ન હતાં. તેમને પ્રસન્નતા પ્રાપ્ત થઈ ન હતી તેથી તેનું કારણ વિચારતાં તેઓ સરસ્વતીને કિનારે ખેદ કરતાં બેઠા હતાં ત્યાં નારદજી તેમની પાસે આવ્યા. પાંચમાં અધ્યાયમાં વ્યાસજીએ નારદજીને પોતાની અપ્રસન્નતાનું કારણ પૂછ્યું ત્યારે નારદજી ઉત્તર આપતાં કહે છે કે ''તમે સત્તર પુરાણો-મહાભારત આદિ રચવા છતાં ભગવાનના ગુણોનું ગાન કર્યું નથી, તે તમારી આ ચિંતાનું કારણ છે. તેથી સમાધિ દ્વારા ભગવાનની ભક્તિ ઉત્પન્ન કરે તેવું તેમના ચરિત્ર જાણી, તેનું સ્મરણ કરો અને તમારા અવતારનું પ્રયોજન જાણી તેનું વર્ણન કરો.

આ પ્રકરણમાં **વ્યાસજીને મધ્યમ પ્રકારના શ્રોતા અને નારદજીને મધ્યમ વક્તા હોવાનું જણાવવામાં આવ્યું છે.** વ્યાસજીને થયેલ ખેદ તેમની ભગવદીયતા પ્રગટ કરે છે કારણ કે જે ભગવાનથી ઉદાસીન હોય તેને એવો ખેદ ન થાય. ભગવદીય હોવું એ મધ્યમ અધિકારી હોવાનું ફલ છે. નારદજીને પણ ભગવદીયત્વ ત્રણ કારણોથી પ્રાપ્ત થયેલ છે- સાધુ સમાગમ, સંતોની પૂજા અને કુટુંબ (માતા)માં અનુરાગનો અભાવ.

નારદજી સમજાવે છે કે ભગવદીયતા બે પ્રકારની હોય છે, **જ્યારે ભગવાન પોતાને માટે કાંઈક કરે છે ત્યારે ભક્તને માટે સાધનની અપેક્ષા રહેતી નથી અર્થાત્ ભગવદ્ કૃપાથી જ તે ભગવદીયતા પ્રાપ્ત કરે છે, પરંતુ જ્યારે ભગવાન પોતાના માટે કાંઈ ન કરે ત્યારે ભક્ત પોતાના સાધન દ્વારા ભગવદીય બને છે.** આ વાત સમજાવવા નારદજી પોતાનું જીવન વૃતાંત સંભળાવતાં કહે છે કે મને સાધન રૂપે સંતોનો સમાગમ પ્રાપ્ત થયો જેના કારણે મને જીવના સ્વરૂપનું અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થયું. તે પછી મને ભગવાનનો અનુભવ થયો કે ભગવાન સર્વત્ર હોવા છતાં તેમની માયાના પ્રભાવથી તેઓ પ્રકટ થતા નથી. મને સંતોના સમાગમ તેમ જ તેમની સેવાથી ભગવદીયપણુ પ્રાપ્ત થવા છતાં 'હું નારદ છું' એવી માન્યતા ગઈ નહીં. તે માટે હું

ભગવાનનો દાસ છું તેવી માન્યતા કેળવવા મેં મારા કર્મો ભગવાનને સમર્પણ કરવાનું સાધન કર્યું અને સમાધિમાં ભગવાનનો અનુભવ કર્યો.

અહીં શંકા ઉત્પન્ન થઈ શકે કે વ્યાસજી તો ભગવાનનો જ્ઞાનાવતાર હોવાને કારણે તેમનામાં ભગવદીયતા તો સ્વત: જ હોવી જોઈએ તો તેમને નારદજી દ્વારા શ્રવણથી ભગવદીયતા કેમ આવે? તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે અહીં તેઓ **'મધ્યમ અધિકારી શ્રોતા છે'** તેથી શ્રોતા હોવાનું ફલ તેમને શ્રવણ બાદ જ પ્રાપ્ત થાય. આ પ્રકરણમાં ભાગવતની રચનાની વાત નથી કરવામાં આવી કેમ કે તે તો ઉત્તમાધિકારી માટે છે જે આગળના પ્રકરણમાં કહેવાશે. ભગવદીયતા એતો આનુલાંગિક કે પ્રાસંગિક ફલ છે જેનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે. વ્યાસજીની પુત્રમાં આસક્તિ પ્રતિબંધ રૂપ હતી જે તેમના દ્વારા નારદજીનું પૂજનરૂપ સાધન કરવાથી દૂર થયો, અને તેમને ભગવદીયતા પ્રાપ્ત થઈ.

વળી, એમ પણ શંકા થાય કે જેવી રીતે સૂતજીએ પરંપરાથી ભાગવતનું શ્રવણ કરી શૌનકાદિ ઋષિને સંભળાવ્યું તેમ નારદજીએ શા માટે પોતાને બ્રહ્માજીથી પ્રાપ્ત થયેલ ભાગવત ન સંભળાવ્યું અને સમાધિમાં ભગવાનનું અનુસ્મરણ કરવાનું કહ્યું? તેનો ખુલાસો કરતાં કહે છે કે ત્યારે લોકમાં એવી ભાગવતની પરંપરા પ્રચલિત ન હતી. જ્યારે વ્યાસજીએ **'અહો દેવર્ષિર્ધન્ય:'** એમ નારદજીની સ્તુતિ કરી ત્યારે જ નારદજીની વાત તેઓની સમજમાં આવી ગઈ. આ સ્તુતિથી એમ જણાય છે કે નારદે જે કહેલ તે વ્યાસજીના હૃદયમાં ઉતર્યું.

આ રીતે ભાગવતાર્થ નિબંધમાં શ્રી મહાપ્રભુજીએ **'મધ્યમ અધિકારી પ્રકરણ'**નો ખુલાસો કર્યો છે.

• સુબોધિની – (અધ્યાય ૪)

અગાઉના ત્રણ અધ્યાયોમાં સૂત પુરાણી એ પોતાના અધિકાર મુજબ ભાગવતનો અર્થ કરી શૌનકાદિ ઋષિઓને સંભળાવ્યું. હવેના બીજા ત્રણ અધ્યાયમાં - મધ્યમાધિકારનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અહીં વક્તા નારદજી છે અને શ્રોતા વ્યાસજી છે. આ અધ્યાયમાં વ્યાસજીની ચિંતાનું નિરૂપણ છે. શૌનકજી સૂતજીને આદરપૂર્વક સૂતજીને ભાગવત વિશે પુન: પ્રશ્ન કરતાં પૂછે છે કે ભાગવતની કથા કયા યુગમાં, કયા સ્થાને, કયા કારણથી અને કોના કહેવાથી વ્યાસજીએ કહી છે તે બધું અમને જણાવો. આમ અહીં (૧) **ભાગવત વિશે**, (૨) **તેના રચનાર વિશે**, (૩) **વક્તા વિશે** અને (૪) **શ્રોતા વિશે** એમ ચાર પ્રકારનો પ્રશ્ન કરવામાં આવ્યો છે.

શુકદેવજી જેઓ વ્યાસજીના પુત્ર મોટા યોગી, સમદષ્ટિવાળા તેમ જ સંદેહરહિત જ્ઞાનવાળા, બુધ્ધિશાળી, એકાંતમાં રૂચીવાળા અને અન્યના સંગથી અલિપ્ત હતા. તેમના વ્યક્તિત્વને જણાવવા એક આખ્યાયિકા કહે છે. કોઈક સમયે કોઈ સરોવરમાં નગ્ન અપ્સરાઓ સ્નાન કરતી હતી. ત્યાં નગ્ન પુત્રની પાછળ જતાં વ્યાસને જોઈને તે અપ્સરાઓએ વસ્ત્ર પહેરી લીધા પરંતુ તેમના યુવાન

પુત્ર નગ્ન હોવા છતાં તેઓ એમ જ સ્નાન કરતી રહી તે વિશે પુછતાં તે અપ્સરાઓએ જવાબ આપેલો કે ''તમને સ્ત્રી અને પુરુષનો ભેદ છે જે તમારા પુત્રને નથી. તમને સંદેહરહિત શાસ્ત્રોનું અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન હોવા છતાં સંસારનું ભાન છે જ્યારે શુકજી તો 'વિવક્ત' એટલે ભગવાન સિવાયના સ્પર્શ વિનાની દૃષ્ટિવાળા છે. તેઓ ગૌદોહન કરવામાં આવે એટલો સમય જ ગૃહસ્થમાં રહી તેને તીર્થરૂપ કરનારા સંન્યાસી એવા મહાભાગ્યવાળા છે. શ્રોતા પરીક્ષિતનું વર્ણન કરતાં કહે છે કે તેઓ અભિમન્યુ એટલે જેમને બહાર ક્રોધ છે (જે ક્ષત્રિયનો ધર્મ છે) પરંતુ ભીતરમાં નથી તેવા વૈષ્ણવના પુત્ર છે, જેઓએ લોકના આચરણનો ત્યાગ કરીને માત્ર ભગવાનમાં જ ચિત્તને પરોવ્યું છે તેવા ઉત્તમ ભક્ત છે. પાંડવોની કીર્તિ વધારનાર પરીક્ષિત સામ્રાજ્ય અને લક્ષ્મીનો ત્યાગ કરી ગંગા કાંઠે બેઠા છે. લોકમાં પ્રાણ કરતાં પણ ધન છોડવું મુશ્કેલ છે પરંતુ પરીક્ષિતે તે છોડ્યું છે. કોઈ પાપ કર્યું હોય તો તેની નિવૃત્તિ માટે લોકો પ્રાયશ્ચિત કરતાં હોય છે પરંતુ પરલોક સાધવા માટે પરીક્ષિત સર્વસ્વનો ત્યાગ કરી શુકદેવજી પાસે આત્મકલ્યાણાર્થે આવ્યા છે.

ઋષિના પ્રશ્નોનો ખુલાસો કરતા સૂતજી કથાનો પ્રારંભ કરતાં વ્યાસજીના જન્મ વિશે જણાવે છે. બ્રહ્મ કલ્પના પહેલા મન્વન્તરના યુગોના ત્રીજા ફેરામાં દ્વાપર યુગમાં ભક્ત પરાશર અને વસુની પુત્રી વાસવી (સત્યવતિ) દ્વારા વ્યાસજીનો જન્મ થયો હતો. અહીં **'યોગી'** શબ્દ તેમને માટે કહેવામાં આવ્યો છે તે તેમના અવતારનું પ્રયોજન બતાવે છે કેમ કે તેમણે યોગની પ્રવૃત્તિ કરવાની હતી. **'કલયા હરે :'** શબ્દ પ્રયોગ પણ સર્વ દુખ દુર કરનાર શ્રી હરિની જ્ઞાન કલાનો અવતાર સૂચવે છે. જ્ઞાનનું ફલ ભક્તિ હોઈ, ભક્તિની પ્રવૃત્તિ કરાવવા તેમનો અવતાર છે તેમ સ્પષ્ટતા કરી છે. ક્યારેક ત્રણેય માર્ગોનો નાશ થતાં વ્યાસજીને પોતાને પણ જ્ઞાનનું વિસ્મરણ થઈ જતાં તેઓ સરસ્વતી નદીના પવિત્ર જલનું આચમન કરી કિનારે એકાંતમાં મનની સ્થિરતા માટે બેઠા હતા ત્યારે તેમણે સમાધિમાં કાલથી ધર્મ અને પદાર્થના નાશને જોયો. તેમણે જાણ્યુ કે કલિયુગમાં લોકો શક્તિ અને સ્વાધ્યાય વગરના, ખેતી અને વરસાદ વગર પીડાતા, શ્રધ્ધા, બલ અને વિવેક વગરના બુધ્ધિ રહિત છતાં અભિમાનથી ભરેલા, અલ્પ આયુવાળા દુર્ભાગ્યવાન થશે. પોતાની દિવ્ય દૃષ્ટિથી તેમણે આવું દૃશ્ય નિહાળ્યું તેથી સર્વ વર્ણો અને આશ્રમોને માટે જે હિતકારી હતું તેનું ધ્યાન ધર્યું. કર્મથી ભાગ્ય ઉત્પન્ન થાય છે, યજ્ઞ જ સર્વ વર્ણો અને આશ્રમોનું હિત કરનારો છે કારણ કે શ્રુતિ પ્રમાણે યજ્ઞ ખરેખર વિષ્ણુ છે અને આધિ દૈવિક કાલ અથવા કાલને વશમાં રાખનાર વિષ્ણુ ભૌતિક કાલે કરેલા દોષો દૂર કરવાની શક્તિવાળા છે તેથી સૌના હિત વિચારી યજ્ઞનો વિસ્તાર થાય તે માટે વ્યાસજીએ એક વેદને ચાર પ્રકારવાળો કર્યો અર્થાત્ તેના ચાર ભાગ- **ઋગવેદ**, **યજુર્વેદ**, **સોમવેદ** અને **અથર્વવેદ** કરી પોતાના શિષ્યોને આપ્યા. તે ઉપરાંત તેમણે ઈતિહાસ પૂરાણ રૂપ પાંચમો વેદ પ્રગટ કર્યો. **પુરાણ** પણ બ્રહ્માજીના મુખમાંથી પ્રકટ્યું છે.

વ્યાસજીએ તેના વિભાગો કર્યા છે. વ્યાસજીના શિષ્યોએ વેદના પુન: વિભાગો કર્યા પરંતુ વેદનો અધિકાર જેમના યજ્ઞોપવિત સંસ્કાર થયા હોય તેમને જ અધિકાર છે. સ્વતંત્રપણે સ્ત્રી, શૂદ્ર, પતિત, સંસ્કાર રહિત બ્રાહ્મણ વગેરેને શ્રુતિ શ્રવણનો અધિકાર નથી. તેથી તેઓના કલ્યાણ માટે વ્યાસજીએ **'મહાભારત'**ની રચના કરી તેમાં વેદના અર્થને પ્રગટ કર્યો.

વ્યાસજી વિચારે છે કે 'મેં બ્રહ્મચર્યના વ્રતો અને વેદમાં વ્રતો ધારણ કરેલા છે, તે પ્રમાણનું આચરણ કર્યું છે, ગુરુઓને પણ પ્રસન્ન કર્યા છે. તેમની આજ્ઞાનું પાલન કર્યું છે. અગ્નિઓમાં સારી રીતે હોમ કર્યો છે. પોતાનામાં 'બ્રહ્મ તેજ' હોવા છતાં તેમને શાંતિ કેમ નથી મળતી તેમ તેઓ ખેદ કરે છે.' અહીં **'બ્રહ્મવર્ચસ્ય સત્તમ:'** અર્થાત્ **'બ્રહ્મતેજવાળો સાર રહિત'** એમ કહ્યું છે તેનું તાત્પર્ય છે કે તેઓ બ્રહ્મના તેજવાળા હોવા છતાં તેમને ફલ પ્રાપ્તિ થઈ નથી તેમ જણાય છે. સામાન્યત: કાર્ય થાય ત્યારે તેનું કારણ અવશ્ય હોવું જોઈએ. તેથી પોતાને ફલ પ્રાપ્ત ન થવાનું કારણ જાણવાની ઈચ્છા થતાં યોગ દ્વારા જાણી ને વિચારે છે કે શું મેં ભાગવત ધર્મોનું નિરૂપણ નથી કર્યું? જે ભાગવત ધર્મો પરમહંસોને પ્રિય છે તે જ ધર્મો ભગવાનને પણ પ્રિય છે. ભાગવત ધર્મો પ્રમાણ, સાધન અને ફલથી ભગવાનના સંબંધવાળા છએ. તેનું મેં અનુષ્ઠાન કર્યું છે પરંતુ નિરૂપણ કર્યું નથી. તેમણે જે પણ શાસ્ત્રોની રચના કરી તેમાં સંન્યાસીઓ અને અવધૂતોના ધર્મોનું નિરૂપણ કર્યું છે. પરંતુ પરમહંસોના ધર્મોનું નિરૂપણ નથી કર્યું. ઉત્તમપણું ભગવદીયપણાને લીધે જ છે. બીજા ધર્મો પરમહંસપણુ પ્રાપ્ત કરાવનાર છે. પરંતુ પરમહંસપણુ પ્રાપ્ત થયા પછી ભગવાનના સંબંધવાળા જ ધર્મો પ્રિય થાય છે. વ્યાસજી જ્યારે આવી વિષાદયુક્ત મનોદશામાં વિચારી રહ્યા હતા ત્યાં નારદજીએ તેમના આશ્રમમાં પ્રવેશ કર્યો. વ્યાસજી મુનિવર નારદજીને જોઈ ત્વરીત ઊભા થઈ જાય છે અને તેમનું વિધિવત્ પૂજન કરે છે.

• સુબોધિની – (અધ્યાય–૫)

વ્યાસજીએ સ્તુતિ કર્યા બાદ દેવર્ષિ નારદજી તેમની પાસે સુખપૂર્વક બિરાજ્યા. તેમને ખિન્ન જોઈ તેઓ પૂછવા લાગ્યા- 'હે પરાશરના પુત્ર, હે મહાભાગ્યવાળા. આપ શરીરથી સુખી અને મનથી પ્રસન્ન તો છો, તમારા પોતાનાથી સંતુષ્ટ છો? તમે લોકોના હિત માટે આખા કલ્પ સુધી લોકોનો ઉપકાર સિધ્ધ થાય તેવું અદ્‌ભૂત કાર્ય કર્યું છે. તમે ધર્મને જાણો છો કેમ કે ધર્મના જાણનાર જૈમીની ઋષિએ કહેલા કર્મનો અર્થ કરી બ્રહ્મ વિષયક વિવેચના કરી છે. જે ધર્મ માટે ચાર પુરુષાર્થરૂપી પ્રયત્ન નથી કરતો તેને શોક થાય, પરંતુ તમે તો જ્ઞાની અને ધર્મવાળા છો, મહાભારત પુરાણ આદિની રચના કરી છે તો તમારા મુખ પર શોક શા માટે વર્તાય છે?'

બ્રહ્મર્ષિ વ્યાસજી નારદજીના પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે 'તમે મારા વિશે જે કાંઈ કહ્યું તે બિલકુલ બરાબર છે. મેં કરેલા સાધનમાં **બ્રહ્મ જીજ્ઞાસા** અને **ધર્મ જીજ્ઞાસા** કરવા છતાં પણ ફલ નહીં મળવામાં જે કારણ છે તે મને સમજાતું નથી. તમે તો ભગવાનના પૌત્ર છો, સાક્ષાદ

ભગવાનના અવતાર છો, ભગવાનના સેવક પણ છો તેથી હું તમને મારી અશાંતિનું કારણ પૂછું છું. તમે બધી ગુપ્ત હકીકત જાણો છો, તમને વેદોનું ગુપ્તજ્ઞાન છે, તમે પુરુષોત્તમની સેવા કરેલી છે અને સેવ્ય પ્રભુમાં રહેલું સામર્થ્ય સેવાથી સેવકમાં આવે છે તેથી તમારામાં પુરુષોત્તમના ગુણો આવેલા છે. તમે બહાર અને અંદરનું સર્વ કાંઈ જાણો છો કારણ કે તમે બધા લોકમાં ફર્યા કરો છો, અને યોગ દ્વારા અંદરનું જ્ઞાન પણ છે. આપે કહ્યું તે બધું જ મેં કર્યું છે છતાં મારા અંત:કરણમાં પ્રસન્નતા નથી. તેથી મને મારામાં જે ખુટતું હોય તે કહો.'

વ્યાસજીની ઉપરોક્ત વાણી સાંભળી નારદજી કહે છે કે હે બ્રહ્મર્ષિ તમે ભગવાનનો અમલ યશ લગભગ ન કહ્યા જેવો કહેલો છે. તેના કારણે જ તમારા આત્માને સંતોષ થયો નથી. તે તમારા જ્ઞાનનું ન્યુનતા હોવાનું હું માનું છું. જેમ દીવો કે સૂર્ય વિના બહારનો પ્રકાશ થતો નથી તેમ ભગવાનનો યશ કહેલો છે તેમ ગીતામાં પણ તે વિસ્તારથી કહ્યો છે તેમ છતાં તે બીજા વિષયના અંગ તરીકે વર્ણવ્યો છે, તેથી તે લગભગ ન કહ્યા બરોબર ગણાય. મહાભારતમાં ભગવાનના યશનું અહીં તહીં પ્રતિપાદન છે પરંતુ તેમાં ભગવાનના યશનું સ્વતંત્ર પ્રકરણ નથી. ત્યાં અનુશાસનિક પર્વમાં પણ ભગવાનના ધર્મનું જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે ધર્મપણાથી છે, યશપણાથી નથી. જેમ કોઈ કાવ્ય રચનામાં વિચિત્ર પ્રકારના પદો હોય જ્યાં તેના અર્થની વિશેષતા ન હોય અને કેવળ પદોની વિલક્ષણતા હોય તો તે હીનપણુ બતાવે છે. તેવા કાવ્યોમાં રહેલો અભિપ્રાય ગ્રહણ કરવા યોગ્ય હોતો નથી. સાધારણ માણસોને પવિત્ર કરનાર મહાભારત હોઈ શકે પરંતુ પતિતોને શુદ્ધ કરનાર તે નથી તેમ જ શુકદેવજી જેવા જીવન મુક્ત આત્માઓ માટે પણ તે ઉપયોગી નથી. પ્રકારના વચનોને વિવેકી પુરુષો કાગડાનું તીર્થ કહે છે જેમાં સુંદર સ્થાનમાં નિવાસ કરવાવાળા હંસો રમણ કરતાં નથી. આ પ્રકારના વચનોથી મહાભારત આદિ શાસ્ત્રો અંત:કરણને શુદ્ધ કરનારા નથી તેમ નારદજી સમજાવે છે. વળી કહે છે કે ભક્તિથી ભક્ત વાણીની રચના કરે તે ઉત્તમ કહેવાય. ભગવાનના અનંત નામો છે જે નામ માત્ર નથી પરંતુ તેમાં ભગવાનના યશનું સૂચન થયેલું હોય છે. ભગવાનના નામો જ્યારે ગાવામાં કે સાંભળવામાં આવે તેથી તેમાં તેના અર્થનું બળ રહેલું હોય છે જે ઉપકારક બને છે, અને તેથી જ ભગવાનના શબ્દો જ ઉત્તમ છે. આગળ કહે છે કે ભગવાનની ભક્તિ વગરનું જ્ઞાન, ચાહે તે સાંખ્યનું હોય કે વેદનું હોય પરંતુ જો તે ભક્તિથી શણગારેલું ન હોવાથી તે શોભતું નથી જેમ સોનાની પૂતળીને પણ વસ્ત્ર અલંકારથી શણગારવામાં ન આવે તો તે શોભતી નથી તેમ જ વ્યાસજી ભગવાનના જ્ઞાનાવતાર હોવા છતાં તેઓ પણ ભક્તિ વગર શોભા આપતા નથી. **'નિરીશ્વર સાંખ્ય' મતમાં ઈશ્વર ન હોવાનું માનવાથી ત્યાં ભક્તિ નથી પરંતુ તેના અર્થમાં શ્રધ્ધા માત્ર જ છે જ્યારે સેશ્વર સાંખ્ય મતમાં સગુણ ઈશ્વર છે. નિર્ગુણ નથી તેમ માને છે.** વૈદીક માર્ગમાં પણ યજ્ઞાદિ કાર્યમાં યજમાનાદિમાં દેવતાનો આવેશ ન હોવાથી તેમાં લૌકિકપણું જ રહે છે. ભગવાનની ભક્તિ સિવાય કર્મની શોભા

નથી, માટે કામનાથી કરાતું કર્મ, કે જ્ઞાનના અંગરૂપ કર્મ, બધામાં ભક્તિની અપેક્ષા રહે છે. **ભક્તિ વગર જ્ઞાન કે કર્મ ફલસાધક નથી તેથી મુખ્ય રીતે ભક્તિનો ઉપદેશ કરવો જોઈએ.**

નારદજી કહે છે કે હે ભાગ્યવાન વ્યાસજી, જ્ઞાનવાળા, પવિત્ર, કીર્તિવાળા જે સત્ય ભગવદ્ ચરિત્રો છે તે અમે જાણવા છતાં તેને કહેવાનો અધિકાર અમને નથી પરંતુ તમારો તે અધિકાર છે. લોકો સ્વભાવથી કાલપાસથી બંધાયેલ છે તેમને બંધનમાંથી છોડાવવા તે મોટો ઉપકાર છે. તે કાલના પણ જે નિયામક છે તે ભગવાનના ઉદ્દાત ચરિત્રોના આવેશથી જ સંભવી શકે છે. તેના ઉપાય માટે હે મુનિશ્રી, તમે તે ચરિત્રોનું, ભગવાનની વિવિધ લીલાઓનું સમાધિ ધારણ કરી સ્મરણ કરો જેનાથી સર્વનો ઉધ્ધાર કરનાર ભગવાન સ્વયં પ્રકાશશે. ભગવાને જ સૃષ્ટિમાં વિવિધ રૂપ અને નામો પ્રકટ કર્યા છે. તે બધું જ ભગવાનનું ચરિત્ર છે. ભગવાનના ચરિત્ર સિવાય બીજું કાંઈ પણ કહેવાની ઈચ્છનારની બુધ્ધિ સ્થિર થતી નથી, તે ભટક્યા કરે છે. જે પ્રકારે પાણીમાં પવનની થપાટોથી ઘૂમતી નાવ સ્થિર થતી નથી તેમ વ્યર્થ વિચારોથી બુધ્ધિ સ્થિર થતી નથી. ભગવાન વગર બીજું કાંઈ પણ કહેવું તે પાપમાં કારણ રૂપ છે. વાસ્તવમાં બ્રહ્મસુખ શુકદેવજી જેવા સર્વ ત્યાગીને મળે છે પરંતુ આધુનિક લોકોમાં વૈરાગ્ય હોવો કઠિન છે તેથી કોઈક વિચક્ષણ પુરુષ જ દેશકાલની મર્યાદાથી રહિત ભગવત્સુખને જાણીને માણી શકે છે. જે પુરુષો દેહાદિ ધર્મોના વિષયોમાં પ્રવૃત્ત છે તેને તે સુખ પ્રાપ્ત થતું નથી. તેવાઓના ઉધ્ધાર માટે તમારે ભગવદ્ ગુણોનું વર્ણન કરવું જોઈએ. ભગવાન વિભુ છે, સર્વ સમર્થ છે.

શંકા ઉત્પન્ન કરતાં કહે છે કે ભગવાનની કથા કોણે સાંભળવી? ધર્મ કરનારાઓએ કે જેઓ લૌકિકમાં રચ્યા પચ્યા છે અથવા જે અધર્મ કરનારાઓ છે તેમણે? લૌકિક પુરુષો લોકના કામકાજમાં પડેલા હોય છે તેથી તેઓને તો ભગવદ્ કથા સાંભળવાની ફૂરસદ જ નથી હોતી. અધર્મ કરનારાઓએ અવશ્ય ભગવાનના ચરિત્રો સાંભળવા જોઈએ કારણ કે ધર્મનો ત્યાગ કરીને પણ જો ભગવાનનું ચરિત્ર સાંભળે તો હજારો જન્મોના તપ વડે ભગવાનમાં ભક્તિ થાય છે. કોઈક વિચક્ષણ પુરુષ જ દેશ કાલની મર્યાદાથી રહિત ભગવદ સુખને જાણી શકે છે. દેહ ઈન્દ્રિયના ધર્મોથી પ્રવૃત્તિ કરનારને તે સુખ મળતું નથી માટે જ સર્વ લોકોના ઉધ્ધાર માટે ભગવાનના ગુણો ગાવા જોઈએ. **જીવ ભગવાનનો અંશ હોઈ તેનો દાસ છે તેથી ભક્તિમાર્ગમાં ભગવાનની સેવા તેનો સ્વાભાવિક ધર્મ છે.** ભગવાનથી વિમુખ બનાવનાર કોઈપણ ધર્મ સર્વથા ત્યાજ્ય છે.

મનુષ્યે લૌકિક સુખની પ્રાપ્તિ કે દુ:ખની નિવૃત્તિ માટે જ પ્રયત્ન કરવાનો નથી કારણ કે તે કાળને આધિન છે, પરંતુ ભગવાન કાલાતીત હોઈ જેઓ તેમનું ભજન કરે છે તેને કાલ બાધા કરતો નથી. ક્યારેક ભગવાનની ભક્તિ કરનારને પણ જન્મ લઈને આવવું પડે છે જેવી રીતે **જય** અને **વિજય**ને વૈકુંઠમાં ગયા પછી તેમને પૃથ્વી પર આવવું પડ્યું હતું, પરંતુ તેમનું તે પુનરાગમન

ભગવાનના અવતારની સાથે જ હોઈ તે પરમાનંદરૂપ હોવાથી ફલરૂપ જ ગણાય. **જે ભગવાનનો સેવક છે તેને અન્ય સેવકોની માફક સંસાર પ્રાપ્ત થતો નથી કેમ કે ભક્તિમાર્ગ એવો બલિષ્ઠ છે.** ભરત રાજાને હરણનો જન્મ પ્રાપ્ત થયો ત્યારે તેમણે પોતાના પરિકરને છોડી દીધો હતો પરંતુ ભગવન્માર્ગ છોડ્યો ન હતો.

ભગવાનના સ્વરૂપ અને ચરિત્રનું નિરૂપણ કરતાં કહે છે કે તે બન્ને અભિન્ન છે. **આ જગત અને ભગવાનને જુદા હોવાની પ્રતિતી અધમાધિકારીને થાય છે જ્યારે જગત ભગવાન હોય તેવું લાગે છે તેમ મધ્યમાધિકારી માને છે. પરંતુ આ જગત એ ખરેખર ભગવાન છે તેવો નિશ્ચય ઉત્તમાધિકારીને થાય છે.** એમ અધિકારી ભેદ બતાવ્યો છે. આમ એક જ જગત વિશે ભિન્ન ભિન્ન અભિપ્રાય કેમ તેનો ખુલાસો કરતા કહે છે કે બ્રહ્મસૂત્રમાં **'જન્માદ્યસ્ય યત:'**થી જગતની ઉત્પત્તિસ્થિતિ અને લય બ્રહ્મથી છે તેમ કહ્યું છે તેમાં ભગવાનથી જગતની ઉત્પત્તિ થાય છે તેથી કાર્ય અને કારણ વચ્ચેનો તાદાત્ય સંબંધ સૂચવે છે પરંતુ અધમાધિકારીને એવો બોધ થાય છે કે જગતનો પ્રલય કરનાર ભગવાન છે. તેથી જગતનો નાશ થાય છે પરંતુ ભગવાન નિત્ય હોવાથી તે જગતથી જુદા છે. નારદજી કહે છે કે ભગવાન પોતે સર્વ ભક્તોનો ઉધ્ધાર કરવા માટે પોતાના જ્ઞાન કલારૂપ એવા તમને પ્રગટ કર્યા છે તેથી જો તમે ભગવદ્ચરિત્રનું વર્ણન ન કરો તો તમારા અવતારનું પ્રયોજન રહે નહીં. ભગવાનનું ચરિત્ર ભગવાનના સંબંધ રાખનારના સંબંધિઓમાં પણ મોટો પ્રભાવ ઉત્પન્ન કરે છે તેથી તેમને મહાનુભાવ કહેવાય છે. ભગવાનના ચરિત્રનું શ્રવણ તપ વિગેરેની બરાબર ગણાય. સ્વરૂપથી, સાધનથી અને ફલથી શ્રવણ કરનારને ભગવદીયપણુ પ્રાપ્ત થાય છે કેમ કે સાંભળવાવાળા માટે સ્વરૂપ, સાધના અને ફલ બધું જ ભગવાન છે.

નારદજીએ ભગવદ્-ગુણાનુવાદનો મહિમા પોતાને થયેલ અનુભવથી કહેવા માંડ્યો. અતિહીન મનુષ્યને પણ અતિ ઉત્કૃષ્ટ પદની પ્રાપ્તિ પ્રભુના ગુણાનુવાદથી થાય છે.

તેઓ પૂર્વજન્મમાં બ્રાહ્મણોની દાસીના પુત્ર હતા. પોતાનું હીનપણુ બતાવવા તેમણે પિતાનું નામ કહ્યું નહીં. આવી સ્થિતિમાં દિકરાને સમાજમાં કોઈ આદર મળે નહીં. આદરથી ભક્તિમાં અવરોધ આવે. ભક્તિમાર્ગમાં લોકો જેમ જેમ અનાદર કરે તેમ તેમ કાર્ય સિધ્ધિ જલ્દી થાય. લોકો તિરસ્કાર કરે, લોકોના અનાદરથી દીનતા આવે ત્યારે ભગવાન પ્રેમથી પુરસ્કાર કરે, પ્રભુ પાસે જલ્દી પહોંચાય. લોકોના આદરથી અભિમાન આવે તો પ્રભુથી વિમુખ થવાય. તેઓ આશ્રમમાં બ્રાહ્મણોની સાથે ચાર માસ રહ્યા. તે દરમ્યાન ત્યાં ચાર સાધુપુરુષો આવ્યા, જેઓ ભવિષ્યના સનત્કુમાર હતાં, યોગનિષ્ઠ હતા. બ્રાહ્મણોએ પાંચ વર્ષના નારદજીને તેઓની સેવા સોંપી. ભગવાનના માર્ગમાં પહેલું સાધન સેવા માટે સત્સંગ છે. સેવાથી પાપનો નાશ થાય અને ધર્મમાં પ્રીતિ થાય જે અંતરંગ સાધનો છે. તેઓ ચારેય યોગીઓનું ઉચ્છિષ્ટ ભોજન એક વખત કરતાં જેના કારણે તેમના પાપનો નાશ થયો. મહાપુરુષોનું ઉચ્છિષ્ટ અતિ પવિત્ર અને શુદ્ધ હોય છે,

તેનાથી પવિત્ર થવાય પ્રસન્નતા મળે. કોઈ પણ પરિગ્રહ રાખવો નહીં, કોઈનો સંગ કરવો નહીં અને ભગવાનનું ચિંતન કરવું તે યોગીઓનો ધર્મ હતો, તેથી તેમને પ્રેરણા મળી અને તેમાં રૂચિ થઈ ; માટે અહીં **'વિશુદ્ધ ચેતસા'** શબ્દ પ્રયોગ કર્યો છે.

આમ અહીં સત્સંગ કરવા લાયક વ્યક્તિ માટેના લક્ષણો બતાવ્યા છે- (૧) **કૃપાલુતા**, દોષ ન દેખે પણ દયા કરે, પ્રેમના પુનિત પ્રવાહથી પ્રાણીમાત્રને પાવન કરે, તેને સન્માર્ગે વાળે, શ્રી હરિમાં પ્રિતી કરાવે, (૨) **બ્રહ્મવિદ્યા** - સંતોને ભગવાનનું જ્ઞાન હોય, શાસ્ત્રોના રહસ્યને જાણનાર હોય, (૩) **મનન** - જે શાસ્ત્રોના પરંપરાથી પ્રાપ્ત થયેલા અને ભગવાનના સ્વરૂપના મનનમાં હંમેશા મગ્ન રહેતો હોય. તેવી જ રીતે જેઓ સત્સંગ ઈચ્છતા હોય તેઓમાં આ દોષ ન હોવા જોઈએ. - (૧) **ચપળતા**, (૨) **વિષય સંબંધ** જે ઈન્દ્રિય તથા કાલકૃત નિયતદોષ છે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જે પાંચ જ્ઞાનેન્દ્રિયોથી અનુભવાય છે, (૩) **સુખના સાધનોનો સંચય** - મનને અને ઈન્દ્રિયોને અનુકુળ લાગે - એશઆરામ મળે તેવા ભોગના કે સુખના સાધનોનો સંગ્રહ. સત્સંગ ઈચ્છનારમાં ચાર ગુણ હોવા જોઈએ - (૧) **દીનતા**, (૨) **અનુવર્તન** - સામાની સાનુકુળતા, તેના મનને સમજી તેને અનુસરતું વર્તન, (૩) **સુશ્રુષા** - સેવા કરવાની પ્રબળ ઈચ્છા અને (૪) **અલ્પભાષણ** - જરૂર પુરતું, મધુર, સત્ય, ધર્મયુક્ત બોલવું.

સંતોમાં અને નારદજીમાં એ સર્વે ગુણો હતા. નારદજી કહે છે કે હું હંમેશાં તેમની કથા સાંભળતો, તેનાથી મારા મનને આનંદ મળતો, મારી શ્રવણભક્તિ સિધ્ધ થઈ, મને એક દાસી પુત્રમાંથી 'નારદપણુ' પ્રાપ્ત થયું. શ્રવણ પછી મને કીર્તન ભક્તિ મળી. તેથી પછી સ્મરણ સિધ્ધ થાય, જેનાથી ભગવદ્ સાયુજ્ય પ્રાપ્ત થાય. શ્રધ્ધા વડે શ્રવણ કરવાથી મને ભગવાનમાં પ્રીતિ થઈ, તેથી અહીં **'પ્રિયશ્રવસ'** પદ કહ્યું છે. તેનું ફળ ભગવાનને યથાર્થ રૂપે જાણવું, જેનાથી કીર્તનનો ભાવ આવે. જ્યાં સુધી કીર્તનનો આરંભ ન થાય ત્યાં સુધી શ્રવણ કરવું જોઈએ. મને રૂચી થવાથી મારી ઈન્દ્રિયો પોતાનાથી જ ભગવાનમાં લાગી ગઈ. રૂચીથી ભગવાનના અનુભવ માટે યત્ન થવા લાગે. એવી રીતે ભગવાનના ભાવને પ્રાપ્ત થયેલાઓને હંમેશાં પ્રવૃત્ત થતાં શ્રવણ વડે જ્ઞાન અને ભક્તિ થવાથી ભગવાનમાં પરમ સ્નેહ ઉત્પન થાય છે.

આમ નારદજીને રૂચિપૂર્ણ શ્રવણથી નિ :સંદેહ અને અન્ય વિષયોના વિચાર વગરની સ્થિર બુધ્ધિ ભગવાનમાં થઈ. તેથી 'હું જ બ્રહ્મ છું' અને મારામાં સઘળું છે પણ તે માયાથી પરિકલ્પિત છે તો સામાન્ય અધિકાર રૂપ અનુભવ થવા લાગ્યો. પછી નિરંતર શ્રવણથી જ્ઞાન-ભક્તિ દ્વારા પ્રભુમાં પ્રેમ થયો. ચાતુર્માસ પૂરો થતાં તે દીન વત્સલ સંતો જતા હતા ત્યારે તેમણે નારદજી પર દયા કરી સેવાના ફળરૂપ ભગવાને કહેલુ ગુહ્યજ્ઞાન આપ્યું.

તેમણે કહેલું કે **ભગવાન વાસુદેવ છે જેઓ ભક્તના હૃદયમાં આધિદૈવિકરૂપે વિદ્યમાન રહે છે છતાં માયાના પ્રભાવથી તે સ્ફૂરતા નથી.** કથામાં રૂચી ન થવાના કારણમાં કર્મ અને કાલ પણ

બાધ કરે છે તેનો પ્રતિબંધ દૂર કરવાનો ઉપાય છે - મહાપુરુષોની સેવા જેનાથી તેમની કૃપા થતાં ધર્મમાં શ્રધ્ધા થાય, ભગવદ્ કથા સાંભળવા મળે જેથી ભગવાનમાં પ્રીતિ થાય. **જેમ ઝેર સર્વનો નાશ કરનાર હોવા છતાં બીજા દ્રવ્યોની ભાવના વડે જો ચિકિત્સા કરવામાં આવે તો રોગ દૂર થાય તેમ કર્મ પણ સર્વનો નાશ કરનારૂં હોવા છતાં તેને ભગવાન સાથે જોડવાથી દરેક પ્રકારના બંધનો છુટી જાય છે કેમકે ભગવાન ઈશ્વર-ઐશ્વર્ય યુક્ત છે.** કર્મ વડે બંધ થાય છે પણ તે જ કર્મો જો ભગવાનને અર્પણ કરવામાં આવે તો તે પુરુષને પવિત્ર કરે છે. ભગવાનને અર્પણ કરેલા કર્મથી ત્રણ તાપનો નાશ થાય છે તેમ પૂર્વ કર્મો (પ્રારબ્ધ કર્મો) પણ ભગવાનને સમર્પણ કરવાથી તેના સ્વરૂપનો નાશ થાય છે, જેથી તે ફરી તાપને ઉત્પન્ન કરી શકતા નથી. જેમ અગ્નિમાં ઘાસ પડે તો તે નષ્ટ થઈ જાય છે તેમ કર્મ જો ભગવાનને અર્પણ કરવામાં આવે તો તેનું સ્વરૂપ જ રહે નહીં તો પછી તે બંધનકર્તા બની શકતા નથી. વળી કહે છે કે ભગવાનને સંતોષ થાય તેવું કર્મ કરાય, તેમ જ ભગવાનને આધિન અને ભક્તિયોગથી યુક્ત જ્ઞાન જ્ઞાન દ્વારા કર્મનો નાશ થાય છે. આ વાત ગીતામાં પણ કહી છે કે જે જ્ઞાન ભક્તિયોગથી યુક્ત છે તે જ્ઞાન ભગવાનને પ્રસન્ન કરનારા કર્મને આધિન છે તેથી તેઓ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી દે છે. આવી જ વાત વ્યાસ સૂત્રમાં પણ કહેલું છે તે સૂત્રનું નારદજીએ વ્યાસજીને સ્મરણ કરાવ્યું. અહીં નારદજીએ મહાભારતના પ્રસંગો તેમને યાદ કરાવ્યા છે. અંતમાં ચતુર્વ્યુહ સહિત ભગવાનને નમન કરી વ્યાસજીને કહે છે કે વેદ વ્યાસજી, મેં જેમ ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું તેમ તમો પણ તેમની આજ્ઞાનું પાલન કરી તેમના ચરિત્રોનું વર્ણન કરો જેના વડે સર્વ કલેશોની નિવૃત્તિ થાય છે.

• સુબોધિની - (અધ્યાય-૬)

પાંચમા અધ્યાયમાં નારદજીના વચન સાંભળી વ્યાસજીએ વધુમાં પૂછ્યું કે તે સંતોના ચાલ્યા ગયા પછી આપે શું કર્યું, કેવી રીતે શરીર - નિર્વાહ કર્યો, કેવી રીતે શરીરનો ત્યાગ કર્યો? નારદજી ઉત્તર આપતાં કહે છે કે ત્યારે હું બાળક હતો. મારી માતાનો એક માત્ર પુત્ર હતો. માતા મૂઢ હતી. દાસી હોવાથી હંમેશા કામમાં રોકાયેલી રહેતી હતી. હું માતાના સ્નેહથી બંધાયેલ હતો અને તેની નિવૃત્તિની રાહ જોતો હતો. એક સમયે ગાય દોહતી હતી ત્યારે મારી માતાને સર્પદંશ થયો અને તે મૃત્યુ પામી તેથી માતાનો પ્રતિબંધ દૂર થયો. હું માતાના મૃત્યુને ભગવાનનો ઉપકાર માની ઉત્તર દિશામાં ચાલી નીકળ્યો. **ભગવાન હંમેશાં ભક્તોનું કલ્યાણ જ કરે છે.** જ્યારે કોઈ પ્રતિબંધ દૂર થાય ત્યારે તે ભગવાનનો મોટો અનુગ્રહ જાણવો. નારદજીને થયું હવે નિરાંતે ભગવાનનું ભજન થશે. ઉત્તર દિશા દેવ-મનુષ્યોની શાંત દિશા છે. રસ્તામાં અનેક સમૃધ્ધ નગર, વ્રજ વાડી વગેરે આવ્યા જે પ્રલોભન રૂપ હતા પરંતુ નારદજી લલચાયા નહીં. આગળ એક ઘોર વન આવ્યું. ક્યારેક કોઈ મુસાફર મળતાં પણ પછી તે દેખાતા બંધ થયા છતાં તેમને ભય ન લાગ્યો. ભગવાનના માર્ગે જતા ક્યારેક એકલા પડી જવાય, બધાનો સાથ છૂટી જાય તો પણ

ભગવાનના ભક્તને ભય લાગતો નથી. તેને વિશ્વાસ હોય છે કે ભગવાન બધી જ રીતે, બધે સમયે, બધે સ્થળે તેની રક્ષા કરશે.

નારદજી ભૂખ્યા-તરસ્યા થાકીને નદી કાંઠે એક પીપળાના ઝાડ નીચે બેઠા અને ભગવાનને યાદ કરવા લાગ્યા. જેમ ગંગાજળમાં ગંગાદેવીનું ધ્યાન ધરતાં સાક્ષાત્ મૂર્તિ પ્રગટ થાય છે તેમ આત્મરૂપ અને આત્મામાં રહેલા ભગવાનના ધ્યાનથી ભગવાનનો આવિર્ભાવ થાય છે. ઘણી વખત ભગવાનનું ધ્યાન ધરતાં ભગવાન પ્રગટ થયા તેથી હું આનંદમાં ડુબી ગયો ભગવાનનું સ્વરૂપ પોતાના ભક્તોના મનને પોતાની તરફ આકર્ષે છે. ભક્તોના મનની સ્વાભાવિક ગતિ ભગવાનના સ્વરૂપ તરફ જ જાય છે. **જ્યાં સુધી મનની ગતિ ભગવાનના સ્વરૂપમાં સ્થિર ન થાય ત્યાં સુધી ભક્તિ આપણામાં આવતી નથી.** પ્રભુના દર્શનની ઈચ્છાથી નારદે પુન: પ્રયાસ કર્યો પણ પ્રભુ ન દેખાયા. પરંતુ તેને ભગવદ્ વાણી સંભળાઈ, ભગવાન કહે છે કે ‘‘મેં તને મારા રૂપના દર્શન એક વખત એટલા માટે કરાવ્યા કે તારા મનમાં મારા વિશે કામના જાગે.’’ એક વાર ઈચ્છા થયા પછી તેમાં પ્રવૃત્ત થયા સિવાય રહી શકાતું નથી. ભગવાનની કામના કરે તેના હૃદયના દોષ ધીમે ધીમે નીકળી જાય છે. માટે ભગવાન મેળવવાની એક માત્ર ઈચ્છા રાખવી, જેથી નિર્દોષ થવાય. લૌકિક વસ્તુઓ મેળવવાની ઈચ્છાથી હૃદયના દોષ વધે છે.

ભગવાન કહે છે - ‘‘તેં સાધુપુરુષોની સેવા થોડો સમય કરી છે, જેથી મારામાં તારી બુદ્ધિ સ્થિર થઈ છે. એટલે હવે જ્યારે તું આ લોક છોડીને મારો પાર્ષદ બનશે, મારામાં સ્થિર થયેલી મતિ ક્યારેય નષ્ટ થતી નથી. તેથી પ્રલય થશે ત્યારે પણ મારી કૃપાથી તારી સ્મૃતિ નષ્ટ નહીં થાય.’’

ત્યાર પછી નારદજી અંત:કરણના કષાયો પરિપક્વ બને તે માટે સાધના કરવા લાગ્યા. **અંત:કરણના દોષો ત્રણ પ્રકારના છે - (૧) રાગ, અન્યના પ્રત્યે આકર્ષણ, (૨) વાસનાઓ અને (૩) અવિદ્યારૂપ અજ્ઞાન - ‘હું અને મારૂં’ - અહંતા મમતારૂપ સંસારની પ્રાપ્તિ જે બંધન કરાવે છે.** એ ત્રણે દોષો ક્રમશ: કર્મ, ભક્તિ અને જ્ઞાનથી નાશ પામે છે. સત્કર્મ કરવાથી રાગદ્વેષ નીકળી જાય, ભક્તિથી ભગવાનના દર્શન થાય, જેથી વાસનાઓ જાય અને જ્ઞાનથી અવિદ્યા કે અજ્ઞાન દૂર થાય. નારદજી જ્યાં જ્યાં જતાં ત્યાં હંમેશ ભગવાનના નામનું ઉચ્ચારણ કરતાં કારણ કે તે માટે દેશ કે કાલની જરૂરત રહેતી નથી. જેમ ભગવાનના સ્વરૂપ અનંત છે તેમ તેમની લીલાઓ અને નામ પણ અનંત છે. જુદા જુદા નામ બોલવાથી તેમની ભિન્ન ભિન્ન લીલાઓનું અનુસંધાન થાય છે. તેથી ચિત્તમાં ભગવાનનો પ્રવેશ થાય છે. નામોચ્ચાર કરતાં નારદજી પૃથ્વી પર અનેક સ્થળે પરિભ્રમણ કરતા હતા. જો કોઈ જગ્યાએ સ્થિર થાય તો કોઈકનો સંગ થાય અને ભગવાનના ભજનમાં ભંગ થાય. આમ પર્યટનથી કૃષ્ણમાં મતિ થાય છે, તેથી વિષયોમાં આસક્તિ થતી નથી. કૃષ્ણમાં રૂચિ થઈ જવાથી અને વિષયોમાંથી આસક્તિ દૂર થવાથી

તેમનું અંત:કરણ શુદ્ધ થઈ ગયું. તેમનો દેહ છુટી ગયો. તેનો કલેશ તેમને જણાયો નહીં. પ્રલયકાળે બ્રહ્માજી સાથે ભગવાનમાં નારદનો પણ પ્રવેશ થયો.

બીજી સૃષ્ટિ વેળા નારાયણના નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી બ્રહ્માજી થયા અને ભગવાને પોતાના માનસપુત્રોની સૃષ્ટિ રચવાની શરૂઆત કરી ત્યારે નારદજીને જોયા. નારદજી કહે છે કે સૃષ્ટિ કરતી વખતે બ્રહ્માજીના શરીરના અવયવોથી **મારિચિ ઋષિ** અને તેઓ ઉત્પન્ન થયા. આમ તેમની ઉત્પત્તિ બ્રહ્માજીના ખોળામાંથી થઈ. દેવોએ નારદજીને સ્વરબ્રહ્મ વિભુષિત વીણા આપી જેનું નામ **'મહતી'** છે. તેઓ કહે છે કે ભગવાનના પરાક્રમના ગાન કરતા ભગવાન પોતે મારા હૃદયમાં શીઘ્ર પધારે છે અને મને દર્શન આપે છે. ભક્તિ કરવાથી નારદજી દેવર્ષિ બની ગયા. તેમનું દેવર્ષિ બનવું તે ભક્તિનું પ્રત્યક્ષ ફળ છે. નારદજીની વાણી સાંભળી વ્યાસજીના હૃદયમાં પણ ભક્તિમાર્ગ સ્ફૂર્યો અને તેથી જ તેમણે તેમના ઉપદેશાનુસાર ભગવાનના નિર્મલ યશનું જ્ઞાન ભાગવતજીરૂપે કર્યું.

• અધ્યાયાર્થ (અધ્યાય–૭થી ૧૯)

પ્રથમ સ્કંધના ૭થી ૧૯ અધ્યાયો **'ઉત્તમાધિકારી'**નું ત્રીજું પ્રકરણ છે. આ પ્રકરણને ચાર વિભાગમાં વહેંચી શકાય. (૧) ૭થી ૯ - ત્રણ અધ્યાયો, (૨) ૧૦થી ૧૨ - ત્રણ અધ્યાયો, (૩) ૧૩થી ૧૫ - ત્રણ અધ્યાયો અને (૪) ૧૬થી ૧૯ - ચાર અધ્યાયો, જેથી તેમાં વર્ણવેલી કથા વસ્તુ મુજબ તે અધ્યાયોનો અર્થ કરી શકાય.

શુકદેવજીએ શ્રી ભાગવત પરીક્ષિતને સંભળાવ્યું છે જેના જન્મની કથા બારમા અધ્યાયમાં આવે છે તે પહેલાના પાંચ અધ્યાયો (૭થી ૧૧)ની કથા અનુક્રમે અર્જુનનો અશ્વત્થામા પર વિજય, કુન્તી સ્તુતિ, ભીષ્મની મુક્તિ, ભગવાનનું દ્વારકા જવા પ્રયાણ અને દ્વારકામાં તેમનો પ્રવેશ બતાવ્યો છે. આ પાંચ અધ્યાયો અગ્નિરૂપ શુદ્ધ કરનારા છે, જે બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા છે, તે જન્મથી જ શુદ્ધ હતો તેમ બતાવવા માટે છે કારણ કે તેથી તેને મુક્તિ પ્રાપ્ત થવામાં કાંઈ અંતરાય ઉદ્ભવે નહીં. બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મ સમયે ભગવાને પોતે તેના પર કૃપા કર્યાનું વર્ણન (શ્લોક ૭થી ૧૨) છે, જે સૂચવે છે કે પરીક્ષિતની સર્વ પ્રકારે શુદ્ધિ હતી. તે પછીના પાંચ અધ્યાયો (૧૩થી ૧૭)માં પરીક્ષિત દ્વારા સર્વનો ત્યાગ બતાવ્યો છે અને બે અધ્યાયો (૧૮-૧૯)માં તેને થયેલ સત્પુરુષોના સંગનું વર્ણન છે. આમ આ ત્રણેય સાધનો - ઉત્તમ શુદ્ધિ, સર્વનો ત્યાગ અને સત્પુરુષોનો સંગ ભાગવતના શ્રવણમાં મુખ્ય અંગ છે તે બતાવ્યું છે. એ કારણથી જ શ્રી મહાપ્રભુજી પરીક્ષિતને શ્રોતાને ઉત્તમ અધિકાર પ્રાપ્ત થયેલો બતાવે છે.

અહીં શંકા થાય કે સનકાદિ સંતો સ્વત: શુદ્ધ જ્ઞાનીઓ હતા તો તેમની ચર્ચા ન કરતાં શા માટે પરીક્ષિતને જ ઉત્તમ શ્રોતા કહ્યા? - તેના ખુલાસામાં કહે છે કે અહીં કેવળ અધિકાર બતાવવાનું જ પ્રયોજન નથી પરંતુ શ્રી ભાગવતથી જ સર્વનો ઉધ્ધાર થાય છે એમ પણ સિધ્ધ કરવાનું છે. **જ્યાં**

સુધી ભગવાન શ્રીકૃષ્ણ અવતાર ધારણ કરી ભૂતળ ઉપર બિરાજ્યા ત્યાં સુધી તો તેમણે પોતાના સ્વરૂપથી સર્વને મુક્તિ પ્રાપ્ત કરાવી પરંતુ તેમના સ્વધામ પધારી ગયા પછી શ્રી ભાગવત જ મુક્તિ પ્રાપ્ત કરવાનું સાધન છે તેમ બતાવવાનું અહીં તાત્પર્ય છે. આ અધ્યાયોમાં અશ્વત્થામાનો પ્રસંગ અને પાંડવોના વર્ણનનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે અશ્વત્થામાને સ્વબળથી જીતવાનું સામર્થ્ય પાંડવોમાં ન હતું, તેઓ સ્વયં પોતાની રક્ષા કરવા સમર્થ ન હતા પરંતુ ભગવાન શ્રી કૃષ્ણ જ તેમના રક્ષક હતા તે અહીં સ્પષ્ટ કર્યું છે. વળી, પાંડવોની મુક્તિની કથા પણ એટલા માટે અહીં કહી છે કારણ કે તેઓની મુક્તિ પરીક્ષિતની મુક્તિનો અધિકાર દર્શાવવા હતી.

• અધ્યાય ૭થી ૯ – ત્રણ અધ્યાયોનો અર્થ

આમાં પાંડવોને પડેલા દુખોનું વર્ણન છે, જે આ પ્રકારનું હતું - (૧) **દેહથી જુદા એવા પુત્રાદિથી** અને (૨) **પોતાના દેહ**થી જેમાં પણ બે પ્રકાર છે - એક **પોતાના અજ્ઞાન**ના કારણે અને બીજુ **શત્રુ દ્વારા.** આ ત્રણેય પ્રકારના દુ:ખો દુર કરવા ત્રણ અધ્યાયો અહીં કહેલા છે. અહીં અર્જુને ભગવાનની સ્તુતિ કરી છે જેના કારણે ભગવાને પ્રસન્ન થઈ તેના દુ:ખ દુર કર્યા છે. અશ્વત્થામાએ પ્રયોજેલા બ્રહ્માત્રથી ભગવાને ઉત્તરાના ગર્ભની રક્ષા કરી ત્યારે કુંતીએ એ સુખના પ્રસંગે કરેલી સ્તુતિથી પાંડવોનું બ્રહ્મસંબંધી અજ્ઞાન દુર થયું એમ જણાવેલ છે. પોતાને મોક્ષ પ્રાપ્ત થાય તે માટે ભીષ્મે કરેલી સ્તુતિને અંતે તેમને મોક્ષ પ્રાપ્ત થાય છે તેથી તેમના જીવન સંબંધી દુ:ખ દુર થયાનું જણાવેલ છે. અર્જુન દ્વારા અશ્વત્માને હણવા બાબત ભગવાને આપેલી સલાહના સંદર્ભમાં ખુલાસો કર્યો છે કે ભગવાનના ભક્તોએ પણ શું કરવું યોગ્ય છે તે શાસ્ત્રથી જાણી લેવું જોઈએ.

• અધ્યાય ૧૦થી ૧૨ – ત્રણ અધ્યાયોનો અર્થ

આ ત્રણ અધ્યાયોમાં પાંડવોને થયેલ સુખની પ્રાપ્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. દશમા અધ્યાયમાં યુધિષ્ઠિરના કૃષ્ણ પ્રત્યે પ્રેમ અને રાજ્ય સંબંધી સુખ બતાવી જ્યારે ભગવાનનો વિયોગ થયો તેનાથી તે પ્રેમની ઉત્કટતા વર્ણવી છે કેમ કે કૃષ્ણના સુખમાં જ પાંડવોનું સુખ હતું. ભગવાન ભક્તોનો ઉધ્ધાર કરવા પધારે છે. શ્રી કૃષ્ણ જે કાર્ય માટે હસ્તિનાપુર પધારેલા તે કાર્ય કરીને સુખી થાય છે. બારમા અધ્યાયમાં પુત્ર પરીક્ષિતની પ્રાપ્તિ થતા યુધિષ્ઠિરને સુખ થાય છે તેનું ખાસ વર્ણન કર્યું છે. આમ, આ અધ્યાયોમાં જ્ઞાન દરેક વાક્યનો અર્થ વિચારવાથી થાય તેમ તેનું નિરૂપણ કરેલું છે.

• અધ્યાય ૧૩થી ૧૫ – ત્રણ અધ્યાયોનો અર્થ

આ ત્રણ અધ્યાયોમાં **બીજ**, **કાર્ય** અને **ફલ**થી મુક્તિનું વર્ણન સ્પષ્ટરૂપે કરવામાં આવ્યું છે. પહેલા ધૃતરાષ્ટ્રનું ઘરમાંથી નીકળી જવું તે જ મુક્તિ છે જે બીજરૂપ છે તેમ બતાવ્યું છે કેમકે તેમની મુક્તિથી અન્ય સૌને પોતાની મુક્તિમાં વિશ્વાસ બેસે છે. તે પછી પાંડવોની મુક્તિ એ ફલરૂપ છે એમ અંતમાં કહે છે. પાંડવો ઘર છોડી વનમાં જઈ મુક્તિ મેળવે છે તેમ પરીક્ષિત પણ ત્યાગ કરે

ત્યારે તેનો શ્રી કૃષ્ણમાં લય એટલે મુક્તિ થાય એ વાત અહીં સ્પષ્ટ કરવામાં આવી છે. પંદરમાં અધ્યાયમાં અર્જુને શ્રી કૃષ્ણના સ્વરૂપનું નિરૂપણ કરેલું છે, તેનું કારણ પાંડવો શ્રી કૃષ્ણમાં ચિત્તવાળા હતા તેમ દર્શાવવાનું છે. **શ્રી પુરુષોત્તમજીએ ખુલાસો કર્યો છે કે જ્યાં મર્યાદાથી મુક્તિ થાય છે ત્યાં નિયમ એવો છે કે પૂર્વજોની મુક્તિ થયા પછી જ તે પછીનાની મુક્તિ થાય.** અહીં શંકા થાય કે પાંડુની મુક્તિ થઈ નથી તો પાંડવોની કેમ થઈ તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે આ એક દૃષ્ટાંત રૂપ છે કે જે માર્ગનું અનુસરણ પૂર્વજો કરતા આવ્યા છે તેવું તેમના સંતાનોએ કરવું જોઈએ. પૂર્વજોએ જેવો ત્યાગ કર્યો તેમ પરીક્ષિતે ત્યાગ કરવાથી તેની મુક્તિ સહજ બની, તેમાં અંતરાય ન આવ્યો તે કહેવાનું અહીં તાત્પર્ય છે.

આમ, ઉપરોક્ત નવ ગુણરૂપ અધ્યાયોનું વર્ણન કરી પરીક્ષિતની મુક્તિ થવામાં ઉપયોગી તથ્યોનો ખુલાસો કરી છેવટના ચાર અધ્યાયોમાં પરીક્ષિતની ફલ મુક્તિનો અધિકાર દર્શાવે છે.

• અધ્યાય ૧૬થી ૧૯ – ચાર અધ્યાયોનો અર્થ

આ અધ્યાયોમાં પરીક્ષિતના રાજ્યનું અને તેને કરેલા તેના ત્યાગનું વર્ણન છે. લૌકિક અને અલૌકિક એવા બે પ્રકારનું તેનું સામર્થ્ય અહીં બતાવ્યું છે. પહેલા આખી પૃથ્વી પર તેમજ કલિયુગ પર વિજય મેળવવાની વાત કરી છે અને પછી પૃથ્વી અને ધર્મના સંવાદનું વર્ણન કરેલું છે, જેમાં પૃથ્વી અને ધર્મ બન્ને કલિથી ભય પામેલા છે તેમ બતાવ્યું છે. અહીં એ સમજાવ્યું છે કે જે પૃથ્વી ઉપર રહે છે તેઓ ધર્મથી કૃતાર્થ થાય છે પરંતુ કલિયુગના પ્રભાવથી તે નષ્ટ થાય છે પણ પૃથ્વી નિવાસીઓના રક્ષક હોવાથી તેમ જ કલિયુગનો નિગ્રહ કરવાથી પરીક્ષિત ઉત્તમ પુરુષ છે તેમ પ્રતિપાદન કર્યું છે. કાલ ઉપર અને મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરનારને ભાગવતની કથાથી મોક્ષ પ્રાપ્તિ સંભવે છે તે અહીં સ્પષ્ટ કર્યું છે. આમ ભાગવત કથાનો અહીં મહિમા બતાવ્યો છે.

અહીં શંકા થાય કે જેના પર ભગવાનની કૃપા દૃષ્ટિ હતી તેવા પાંડવો 'કલિ'નો નિગ્રહ ન કરી શક્યા, જે પરીક્ષિતે કર્યું તેથી તે ઉત્તમ હતો અને તેવાને શુકદેવજીએ ભાગવતની કથા સંભળાવી. તેમ કહી અહીં ભાગવતની પ્રતિષ્ઠા વધારવાનું પ્રયોજન હોઈ શકે તેનો ખુલાસો કરતા કહે છે કે પાંડવોની તો કૃષ્ણમાં જ આસક્તિ હતી તેથી તેમણે કલિના નિગ્રહમાં કોઈ ઉત્સાહ જ ન હતો, પરંતુ શ્રી શુકદેવજીએ પરીક્ષિતને ભાગવત સંભળાવવાનું પ્રયોજન એ હતું કે **જેઓ કલિયુગના દોષોથી દબાયેલ છે તેમની શ્રધ્ધા ભગવાનને લીલાઓ શ્રવણમાં ન રહે માટે પરીક્ષિત ઉત્તમ અધિકારી હોવાથી તેને સંભળાવી.** પરીક્ષિતનું પણ સામર્થ્ય તેના પૂર્વજ પાંડવોથી જ પ્રાપ્ત થયેલું હતું. વળી, એમ પણ કોઈ વિચારે કે જો ભાગવતનું સામર્થ્ય મુક્તિ આપવાનું છે તો જે પણ તે સાંભળે તેને તે ફલ પ્રાપ્ત થાય તો અહીં પરીક્ષિતને સંભળાવવાનું શું પ્રયોજન? તેનો ખુલાસો કરતાં કહે છે કે જેઓ કલિયુગના દોષથી ઘેરાયેલા હોય છે તેઓને ભગવાનના ગુણાનુવાદમાં શ્રધ્ધા હોતી નથી પરંતુ પરીક્ષિતને ભાગવતમાં શ્રધ્ધા હતી તેમ જણાવવા જ તેના

અધિકારનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે.

એમ પણ શંકા થાય કે કલિયુગના પ્રભાવથી પરીક્ષિતને પણ દુર્બુધ્ધિ થઈ કે તેને ઋષિના ગળામાં મરેલો સર્પ નાખ્યો તો કલિયુગ ભાગવત શ્રવણથી પણ બીજાઓને કઈ રીતે મુક્ત થવા દે ?, આનો ખુલાસો કરતાં કહે છે કે **પરીક્ષિતને દુર્બુધ્ધિ કલિએ ઉત્પન્ન કરી ન હતી પરંતુ સ્વયં ભગવાને જ તે ઉત્પન્ન કરી હતી.** પરંતુ ભગવાન આમ શા માટે કરે? તેની સ્પષ્ટતા કરતાં કહે છે કે **પરીક્ષિતે દુષ્ટ ‘કલિ’ને રહેવાનું સ્થાન આપ્યું હતું. એટલે કે તેના આવા ‘અધર્મ’ વર્તનથી તેની બુધ્ધિ એ પ્રકારની થઈ ગઈ.** અહીં વળી પ્રશ્ન થાય કે કલિયુગ એ કાળરૂપ છે અને કાલનું તો કોઈ મૂર્તિરૂપ હોતું નથી તો તેને સ્થાન આપવું અને તેનો નિગ્રહ વગેરે વાત કેમ સંભવે? તેનું સમાધાન એ છે કે ‘કાલ’નો અભિમાની જે દેવતા છે તેના નિગ્રહ અને તેને સ્થાન આપવાની વાત અહીં કહેવામાં આવી છે. પરીક્ષિતના રાજ્યકાલમાં કલિયુગનો પ્રભાવ ન હતો તે તેના નિગ્રહના કારણે અને તેના સ્વરૂપની રક્ષા કરી એ તેને સ્થાન આપવાની વાત છે.

બીજી શંકા એમ પણ થાય કે પરીક્ષિતે અધર્મરૂપ કલિને સ્થાન આપ્યું જેના કારણે ઋષિનું અપમાન થયું તો પછી તેનો મોક્ષ કેમ સંભવે. આના સમાધાન માટે કહે છે કે કલિ અતિ દુષ્ટ નથી. યજ્ઞાદિ ધર્મો માટે દેશ, કાલ દ્રવ્ય કર્તા ઈત્યાદિ શુધ્ધ હોવા જરૂરી છે પરંતુ તેની શુધ્ધિ દેશ અને કાલ પ્રમાણે કરવાની હોય છે. કલિકાળમાં એ શુધ્ધ હોવાની જરૂર નથી, કેમ કે તેમાં ભગવાનના સ્મરણ માત્રથી મનુષ્ય સાધન વિના જ પોતાની મેળે શુધ્ધ થઈ જાય છે. માટે જ કલિયુગમાં કરવામાં આવતા બધા જ તામસ કર્મોથી પણ મુક્તિ પ્રાપ્ત થઈ જાય છે અને તેથી જ કલિયુગને મહાન કહ્યો છે.

ચાર યુગોમાં સતયુગ સાત્વિક, ત્રેતા - રાજસ અને સાત્વિક, દ્વાપર રાજસ્ અને તામસ્ અને કલિયુગ પૂરો તામસ છે. તેનું રક્ષણ તામસ કાર્યથી થાય તેથી રાજાને ઋષિના ગળામાં સર્પ નાખવાનું સૂઝ્યું અને પોતાનું મૃત્યુ પણ સર્પદંશથી થયું. જેવી રીતે કચરાવાળા જલથી કોઈ પદાર્થ ધોવામાં આવે તો તે શુધ્ધ થતો નથી તેમ કલિમાં કરેલ ધર્મથી ચિત્તની શુધ્ધિ થતી નથી. કલિયુગમાં તેથી દૃષ્ટ ફલ પ્રાપ્ત થતું નથી પરંતુ અદૃષ્ટ ફલ પ્રાપ્ત થાય છે. કલિયુગનો ઉત્તમ ગુણ એ બતાવ્યો છે કે તેમાં શ્રી કૃષ્ણ કીર્તન કરવાથી જ મનુષ્ય બંધનમાંથી મુક્ત થઈ ભગવાનને પ્રાપ્ત કરે છે. આ કથન છેલ્લે બારમા સ્કંધમાં કહ્યું છે કેમ કે ભાગવત શાસ્ત્રની કથા દ્વારા જ ભગવાનના કીર્તનમાં આદર થાય અને તેનાથી જ કાર્યની સિધ્ધિ સંભવી શકે. અહીં પ્રથમ સ્કંધની કથા ભાગવતની પ્રવૃત્તિ પહેલાની કથા છે તેથી અહીં કલિયુગના ઉત્તમ ગુણોનું વર્ણન નથી જે છેલ્લે બારમા સ્કંધમાં કરવામાં આવ્યું છે.

ઉત્તમ અધિકારી પ્રકરણનો ઉપસંહાર કરતા કહે છે જ્યારે શુકદેવજીએ પરીક્ષિતને કથા સંભળાવી ત્યારે વ્યાસજી અને નારદજી બન્ને ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. તેનું કારણ તેઓ સર્વજ્ઞ

હતા અને જાણતા હતા કે ક્યાં અને ક્યારે શુકદેવજી પરીક્ષિતને ભાગવતનું શ્રવણ કરાવશે. તેથી યોગ્ય સમયે તેઓ ત્યાં હાજર થયા હતા. તેઓ મધ્યમ અધિકારવાળા હતા કારણ કે તેઓને વૈરાગ્ય ન હતો, પરંતુ ભાગવત કથાની પ્રવૃત્તિથી પ્રેરીત થઈ તેઓ ઉપસ્થિત રહ્યા હતા. તેવી જ રીતે **પરશુરામ પણ ભગવાનની ક્રિયાશક્તિનો અવતાર હોઈ** તેઓ પણ ભાગવતજીનું શ્રવણ કરવા ત્યાં હાજર રહ્યા હતા.

એક એવી શંકા ઉદ્ભવે કે ભગવાન તો સર્વોત્તમ છે તો તેમના જુદા જુદા અવતારો - વ્યાસ, નારદ, પરશુરામ વગેરે ભગવદ્ અંશ હોવા છતાં તે બધામાં ભેદ શા માટે ?, શાથી શુકજી ઉત્તમ વક્તા અને વ્યાસજી નહીં? આ પ્રશ્નનું સમાધાન કરતાં કહે છે કે **શુકજી મહાદેવજીનો અવતાર છે જે ભગવાનનો ગુણાવતાર હોઈ ઉત્તમ છે. મહાદેવજીએ ભાગવતજીનું પ્રચલન કરવાના હેતુથી જ અવતાર લીધો છે. શ્રી કૃષ્ણના અવતારનો હેતુ સર્વને મુક્તિ પ્રદાન કરવાનો હતો. જ્યારે તેઓ ભૂતલ ઉપરથી સ્વધામ પધારી ગયા ત્યારે પોતાના સ્થાને શિવજીને મુકતા ગયા. માટે શ્રી ભાગવતની પ્રવૃત્તિ માટે જ શિવજી જ શુકદેવજીરૂપે પ્રગટ થયા.** શિવજીને **'વૃષધ્વજ'** કહેવાય છે. 'વૃષ' એટલે ધર્મ અને 'ધ્વજ' એટલે ધજા. ધર્મ જેની ધજા છે તે વૃષધ્વજ, માટે ધર્મના પ્રકારે સર્વને મુક્તિ આપવા તેમણે શુકદેવજી રૂપે અવતાર લીધેલ છે. આમ, શુકદેવજી ૩૨ લક્ષણો યુક્ત હોઈ તેમની મહાપુરુષતા સિધ્ધ થયેલી છે.

• સુબોધિનીજી – (૭થી ૧૯ અધ્યાય)

અગાઉ વ્યાસજી અને નારદજીના આ સંવાદની કથા શૌનક ઋષિએ સાંભળી પુન : સૂતજીને પ્રશ્ન કર્યો કે નારદજીએ વ્યાસજીને ભગવદ્ ગુણાનુવાદનું યથાર્થ પ્રતિપાદન કરતો ગ્રંથ રચવાનો ઉપદેશ આપી ગયા પછી વ્યાસજીએ શું કર્યું. અહીં વ્યાસજી માટે 'બાદરાયણ' શબ્દ પ્રયોગ કર્યો છે કેમ કે તેમણે 'બોર' ખાઈને તપ કર્યું હતું. વ્યાસજીના વચન મુજબ તેમણે ભક્તિયોગ વડે પોતાના મનને સ્થિર કર્યું ત્યારે તેમણે ભગવાન પુરુષોત્તમના દર્શન કર્યા, જે બ્રહ્મનું સાકાર અને શુધ્ધ સ્વરૂપ છે અને તેની ઉત્તમ શક્તિ માયા છે. આમ, કરોડો બ્રહ્માંડોથી વ્યક્ત પૂર્ણ પુરુષો તેમના દર્શનની સાથે ભગવાનના મુખ્ય આશ્રય યુક્ત માયા પણ તેમણે જોઈ. એ માયાથી ભગવાનના અંશરૂપ જીવનો મોહ જોયો. મોહથી જન્મમરણ રૂપ અનર્થ થતો જોયો. જેમ આપણે દર્પણમાં જોઈએ ત્યારે તેમાં આપણું મુખ દેખાય છે જે વાસ્તવમાં ત્યાં નથી, તે આપણું પ્રતિબિંબ છે છતાં જ્યાં સુધી દર્પણ રહે, તેમાં દેખાતું આપણું મુખ ત્યાં રહે છે તેમ **જીવને પ્રાપ્ત થતો જન્મ-મરણ રૂપ અનર્થ માયાના કારણે છે તેથી જ્યાં સુધી માયા નિવૃત્ત થાય નહીં ત્યાં સુધી માયા મુલક અનર્થ શાંત થાય નહીં.** જેમ દર્પણ ખસેડી દેતાં મુખનું પ્રતિબિંબ દેખાતું બંધ થશે તેમ મૂળ માયા દૂર થાય ત્યારે જ આ અનર્થની શાંતિ થાય. જ્ઞાનીઓના ચિત્તને પણ આ માયા મોહ કરાવે છે, તેને જીતવાનો ઉપાય ભગવાને ગીતાજીમાં બતાવ્યો છે કે **'જે મારે શરણે આવે તે જ માયાને**

તરી જાય છે.' બીજા સાધનોથી માયા તરી શકાતી નથી. તેથી વ્યાસજીએ અજ્ઞાની લોકો માટે **'સાત્વતસંહિતા'** ભગવાને કહેલા પદાર્થો જણાવનારી વેદરૂપ સંહિતા રચી. આ વેદરૂપી શ્રી ભાગવતને સાંભળતાં જ શોક-મોહ અને ભયને દૂર કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે.

આ સંહિતા (ભાગવત) વ્યાસજીએ પોતાના પુત્ર જે નિવૃત્તિવાળા અને મનનશીલ છે તેવા શ્રી શુકદેવજીને ભણાવી. જેને વિષયોનો આવેશ હોય તેને ભાગવતનો અધિકાર સિધ્ધ થાય નહીં માટે વ્યાસજીએ નિવૃત્તિ પરાયણ એવા શુકદેવજીને આ સંહિતા સંભળાવી. અહીં શૌનકજી પ્રશ્ન કરે છે કે શુકદેવજી તો કોઈપણ પ્રકારની અપેક્ષા વિનાના, આત્મામાં રમણ કરનારા મુનિ હતા તો તેમણે કયા પ્રયોજનથી આ સંહિતાનો અભ્યાસ કર્યો? તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ભગવદ્ ગુણોનું જો ક્રમબધ્ધ ગ્રંથરૂપે સંગ્રહ કરવામાં ન આવે તો શુકદેવજીને પોતાની બુધ્ધિથી તેનું સ્મરણ કરીને કલ્પના કરવી પડત અને તેથી કલેશ થાત, પરંતુ આ રીતે વ્યાસજીએ ભાગવતની ગ્રંથરૂપે રચના કરેલી હોઈ તેનું સ્મરણ તેમને સુલભ થઈ ગયું, તેથી તેઓ ભાગવત સંહિતા ભણ્યા. ભાગવતની રચના વ્યાસરૂપે વિષ્ણુએ કરી અને શુકદેવ રૂપે મહાદેવજીએ અવતાર લઈ તેની પ્રવૃત્તિ કરવા તેઓ આ મોટું 'આખ્યાન' ભણ્યા.

અધ્યાય ૭થી ૧૯ સુધી ૧૩ અધ્યાયના આ પ્રકરણમાં શ્રોતા-વક્તાનું ભગવદ્પણુ બતાવ્યું છે. **દઢ વૈરાગ્ય એ ઉત્તમાધિકારીનું લક્ષણ છે.** રાજા પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે જેમના જન્મનો પ્રસંગ બારમા અધ્યાયમાં વર્ણવ્યો છે. ત્યાં બતાવ્યું છે કે ભગવાને સ્વયં માતા ઉત્તરાના ઉદરમાં પધારી તેના પુત્રની - પરીક્ષિતની રક્ષા કરી છે. ભગવાન ભક્ત મનોરથપૂરક છે, સર્વના દુ:ખ હરી તેમને ભક્તિ દેનારા સર્વને મુક્ત કરનારા, સર્વોત્તમ છે. આનું વર્ણન વ્યાસજીએ ૭થી ૧૨ અધ્યાયમાં કર્યું છે. અહીં બતાવ્યું છે કે ભગવાને પરિશ્રમપૂર્વક શ્રોતા પરીક્ષિતની રક્ષા કરી છે. સનત્કુમાર વગેરે જ્ઞાનથી સ્વત: શુધ્ધ હતા પરંતુ પરીક્ષિત રાજા જ ભાગવતના શ્રોતા થયા છે. પાંડવોના પ્રસંગોથી અહીં બતાવ્યું છે કે તેમનો ઉધ્ધાર ભગવાને સ્વરૂપથી કર્યો પરંતુ તેમના સ્વધામ પધારી ગયા પછીથી ઉધ્ધાર કરનાર એક માત્ર શ્રીમદ્ ભાગવત જ છે. આ વાત સ્પષ્ટ કરવા પ્રભુના પધાર્યા પછી તરત પરીક્ષિતનો જન્મ અને ભાગવત શ્રવણથી તેની મુક્તિની કથા કહી છે.

મહાભારતની કથા મુજબ દૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યને યુદ્ધમાં માર્યો, તેનું વેર લેવા અશ્વત્થામાએ દ્રોપદીના પુત્રોનો શિરચ્છેદ કરી પોતાના સ્વામી દુર્યોધનને બતાવવા લઈ ગયો. અહીં દ્રૌપદી માટે **'કૃષ્ણા'** શબ્દ પ્રયોગ કર્યો છે કારણ કે ગીતામાં કહ્યું છે તેમ જે **દેવ ઉપર શ્રધ્ધા હોય તેને તે દેવપણુ પ્રાપ્ત થાય.** કૃષ્ણ પર અતૂટ શ્રધ્ધાના કારણે દ્રૌપદી પણ કૃષ્ણમયી બની ગઈ હતી. પુત્રો પ્રત્યેના સ્નેહના કારણે તે રડવા લાગે છે. સ્ત્રીનો શોક પતિએ દૂર કરવો જોઈએ, તેથી અર્જુન અશ્વત્થામાને હણીને દ્રૌપદી પાસે લાવવાની પ્રતિજ્ઞા કરે છે, અને જેના મિત્ર સારથી **અચ્યુત-**

ભગવાન શ્રી કૃષ્ણ છે તેની સાથે રથ પર સવાર થઈ તે દુશ્મનને હણવા તેની પાછળ દોડ્યો. અશ્વત્થામા અપરાધી હતો તેથી તેને અર્જુન સાથે યુદ્ધ કરવાનો ઉત્સાહ ન રહ્યો. એ પોતાના પ્રાણની રક્ષા કરવા પૃથ્વી પર જ્યાં સુધી જઈ શકાય તેમ દોડ્યો. બચવાના આખિર ઉપાય તરીકે તેણે, તેમ જાણવા છતાં કે પાછું વાળવાનું જ્ઞાન ન હતું તો પણ, અર્જુન પર બ્રહ્માસ્ત્ર છોડ્યું. આ જોઈ ગભરાઈ ગયેલા અર્જુને ભગવાનની સ્તુતિ કરી. ભગવાન પ્રત્યે આદર બતાવવા બે વખત **'કૃષ્ણ, કૃષ્ણ'** બોલે છે, તેમની ક્રિયાશક્તિની અધિકતા બતાવવા **'મહાબાહુ'** તરીકે સંબોધે છે. તે કહે છે કે તમે પ્રકૃતિથી પર પુરુષ, આદી ઈશ્વર છો, જન્મમરણરૂપ સંસારને છોડાવનાર છો, બીજાનો દોષની નિવૃત્ત કરનાર છો, સ્વતંત્ર છો, સર્વ દોષ રહિતને અભીષ્ટ દેવા વાળા છો. ભગવાનના અવતારના બે પ્રયોજન છે. એક પૃથ્વીનો ભાર દૂર કરવો અને અનન્ય ભાવવાળા સેવકો તેમનું સદા ધ્યાન કરે તે છે. તમે દેવોના કાર્યને પણ સિધ્ધ કરનારા છો. ભગવાન અર્જુનને કહે છે કે 'તારા ગુરુના પુત્ર અશ્વત્થામાએ આ બ્રહ્માસ્ત્ર છોડ્યું છે જેને તું જાણે છે અને તેનો પ્રતિકાર બ્રહ્માસ્ત્ર સિવાય અન્ય કક્ષાથી થઈ ન શકે તેથી તું સામે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર.' અર્જુને પણ સામે બીજું બ્રહ્માસ્ત્ર છોડતાં બન્ને બ્રહ્માસ્ત્રોનું તેજ પરસ્પર મળી ગયું. દક્ષ ઈત્યાદિ અન્ય સૌએ જાણે પ્રલય થયો હોય તેમ અનુભવ કર્યો. અર્જુન તથા અશ્વત્થામા બન્નેએ દ્રોણ પાસેથી બ્રહ્માસ્ત્રના પ્રયોગની વિદ્યા જાણી હતી. બન્ને બ્રહ્માસ્ત્રોના તેજનો ઉપસંહાર થતાં અર્જુને અશ્વત્થામા પાસે જઈ તેને દોરી વડે જેમ પશુને બાંધે તેમ બાંધ્યો, કારણ કે તે ક્રુર હોવાથી અર્જુનને મારે કે તેને શાપ આપે. તેથી તેને મારી નાંખવા અર્જુને વિચાર કર્યો કેમ કે જો તેને શિબીરમાં લઈ જવાશે તો દ્રૌપદી દયાળુ છે, તેને તે છોડાવશે, માટે તેને અહીં જ મારી નાંખવો ઉચિત છે.

અહીં ભગવાન અર્જુનને સમજાવે છે કે **જો નીતિકાર્યનો વિચાર કરીએ તો તેને મારવો જોઈએ પરંતુ ધર્મકાર્યનો વિચાર કરે તો તેને બાંધવો પણ ઉચિત નથી.** વળી, શત્રુને પોતાના ઘેર લઈ જવાય નહીં, કારણ કે જો અસાવધાન રહેવાય તો તે તેનું અનિષ્ટ કરી શકે. ભગવાન સમજાવે છે કે હે પાર્થ, તું મારો સંબંધિ થાય છે તેમ ભક્ત પણ છે. અશ્વત્થામાને મારવામાં દોષ નથી તેના બે કારણો છે ; તે **'બ્રહ્મ બંધુ'** (બ્રાહ્મણનો બંધુ - ક્ષત્રી) છે, જેમાં બ્રહ્મ તેજ સ્થિર રહેતું નથી અને બીજુ તેણે દ્રૌપદીના સુતેલા બાળકોને મારેલ છે. વળી, **મદીરા પીને મત્ત થયેલો, અસાવધાન, ભૂતાદિથી મત્ત થયેલા જડ જેવા, સૂતેલા હોય તે, સ્ત્રી હોય, જે શરણે આવેલા હોય છે, રથ વગરના - 'સાધન રહિત' હોય, ભય પામેલા હોય તેવા શત્રુને મારવા યોગ્ય ન ગણાય.** પરંતુ અશ્વત્થામામાં આમાંના કોઈ લક્ષણ ધરાવતો નથી, અને અધર્મનું યુદ્ધ કરનાર છે માટે તેને મારવો યોગ્ય જ છે. વળી, જે **મારવા આવતો હોય તેને નીતિ મુજબ મારવામાં બાધા નથી, જેનામાં ધર્મ ન હોય તેના પર દયા કરવી યોગ્ય નથી.** માટે અશ્વત્થામાને મારવામાં દોષ નથી. તેં તો દ્રૌપદી આગળ તેને મારી નાખવાની પ્રતિજ્ઞા લીધી છે. તેનું પાલન કરવું તે તારો મોટો

ધર્મ છે, તે બધી રીતે વિચાર કરતાં અશ્વત્થામાને મારી નાંખવો જ યોગ્ય જ છે. આ અશ્વત્થામા તારા પુત્રોને હણનાર **‘આતતાયી’** છે તેથી તેને મારવો જ યોગ્ય ગણાય. આમ ભગવાને બે રીતે અર્જુનને સમજાવ્યો. અશ્વત્થામાને મારવાના કારણો બતાવ્યા અને ન મારવાની પણ સલાહ આપી.

ભગવાનના આ વચનો અર્જુનની ધર્મ પરીક્ષા લેવા માટે **કહેવાયા** છે તેનું સૂતજીને જ્ઞાન હોવાથી તેઓ કહે છે કે કૃષ્ણે આમ અર્જુનને અશ્વત્થામાને મારી નાખવા પ્રેરીત કરવા આવા વચનો કહ્યા છતાં ધર્મજ્ઞ અર્જુને અશ્વત્થામા પોતાનો ગુરુનો પુત્ર હોવાથી તેને મારવાની ઈચ્છા ન કરી. અહીં શંકા થાય કે અર્જુને બાણવડે અશ્વત્થામાનું મસ્તક લાવીશ તેમ પ્રતિજ્ઞા કરી હતી તેની પૂર્તિ કેવી રીતે થઈ ? તેનો ખુલાસો કરતાં કહે છે કે તે અશ્વત્થામાના દેહને બાંધીને મસ્તક સાથે દ્રૌપદી સમક્ષ લાવ્યો હતો. અર્જુન શોકમાં હોવા છતાં તેને ધર્મનું જ્ઞાન હતું. દ્રૌપદીને અર્જુન અશ્વત્થામાને બાંધીને લાવ્યો તે ગમ્યું નહીં. ઉલટાનું પશુની માફક પાશ વડે બાંધેલા અપરાધ કરનાર ગુરુપુત્રને જોઈ તેણે તેને નમસ્કાર કરી કહ્યું કે ‘આને છોડી દો, છોડી દો.’ દ્રૌપદીના નમન કરવાથી અશ્વત્થામાને વિશ્વાસ બેઠો કે તે તેને મરાવશે નહીં. તે સતી સ્ત્રી હતી અને પતિ ભૂલ કરે તો તેને સતીએ સુધારવી જોઈએ તે તેની ફરજ છે. દ્રૌપદી કહે છે કે ‘દેહના વિચારથી તેની સાથે શત્રુપણુ છે પણ ધર્મના વિચારે તે બ્રાહ્મણ છે. ધર્મના મૂળમાં ગુરુ છે જે ભગવદ્‌રૂપ છે તેથી તેનો આદર કરવો જોઈએ.’ તે અર્જુનને યાદ કરાવે છે કે બ્રહ્માસ્ત્રનું જ્ઞાન પણ તેણે ગુરુ દ્રોણાચાર્ય પાસેથી જ મેળવ્યું છે જેણે પોતાના પુત્રને પણ સંપુર્ણપણે આપ્યું નથી. અત્યારે પુત્રના રૂપમાં આ દ્રોણાચાર્ય સ્વયં જ ગણાય. વેદમાં કહ્યું છે : ‘‘પિતા જ પુત્રના નામથી છે.’’ પુત્ર રૂપથી તેની માતાનો પતિ જીવે છે. તેથી તેને મારવાથી કૃપી- દ્રોણાચાર્યની પત્ની વિધવા થશે અને તેનો વંશ રહેશે નહીં તો તે દુ :ખી થશે, જેવી રીતે મારા પુત્રો મરવાથી હું શોક કરૂં છું તેમ ગૌતમી પણ શોકગ્રસ્ત થાય અને તે રડે. તેથી તેવી પતિવ્રતા સ્ત્રીનું નેત્ર જળ જો પૃથ્વી પર પડે તો પૃથ્વી વિર્ય વગરની થઈ જાય. શોક તત્ત્વજ્ઞાનથી દૂર થતો નથી.’’ આમ, અનેક રીતે તે ગુરુનું માહાત્મ્ય અને કૃપીના શોકની સ્થિતિ બતાવી અશ્વત્થામાને ન મારવા અર્જુનને સમજાવે છે.

સૂતજી કહે છે કે દ્રૌપદીના વાક્ય સત્યનો નિર્દેશ કરે છે કેમ કે તે ધર્મયુક્ત, ન્યાય યુક્ત અને દયા યુક્ત છે, કપટ વગરના છે. દ્રૌપદીના આ વચનો સાંભળી ભીમસેન ક્રોધ કરતાં બોલ્યા કે અશ્વત્થામાએ સૂતેલા બળકોને નિરર્થક માર્યા છે તેથી તેનો વધ કરવો જ યોગ્ય ગણાય, કારણ કે તેને અધર્મ કર્યો છે. ભીમસેન વાયુનો અવતાર-પ્રાણરૂપ છે. તેણે દ્રૌપદીના વચન સ્વીકાર્યા નહીં. ભગવાને કહેલા વચન ‘તત્વરૂપ’ હતા તો ભીમના વચન પ્રમાણરૂપ હતા. કારણકે ભીમ વેદરૂપ છે. **અહીં ભગવાનને ચર્તુભુજ કહ્યા છે કારણ કે દ્રૌપદીના વચન અને ભીમસેનના વચન ધર્મમાં પરસ્પર વિરોધી હોવાથી બન્નેનું સમાધાન થાય તે માટે બે ક્રિયાશક્તિ પ્રગટ કરવા માટે ભગવાને ચારભૂજા ધારણ કરી.** અર્જુન તરફ જોઈ હસતાં કહ્યું કે અશ્વત્થામા આતતાયી હોવાથી

વધને યોગ્ય છે, પરંતુ બ્રાહ્મણ હોવાથી તે મારવા યોગ્ય નથી. આમ, ભગવાને બન્ને બાબત સિધ્ધ થાય તેમ હોઈ બન્ને અભિપ્રાયને કબુલે છે, કારણ કે તેઓ સર્વના આત્મા છે. તેથી અર્જુનને કહે છે કે તું મારો મિત્ર છે એટલે આ બન્ને વાતને સમજીને તું મારી આજ્ઞાનું પાલન કર. તેથી અર્જુને બધી બાબતનો વિચાર કરી અશ્વત્થામાના મસ્તકમાંથી મણી કાઢી લીધો અને તેનું મુંડન કરાવી તેને છોડી દીધો. જેથી ભીમસેનની તેને મારવાની વાત રહી અને તેને છોડી મુક્યો તેથી દ્રૌપદીનું વચન પણ રહ્યું. **બ્રાહ્મણનું મુંડન કરવું, ધન લઈ લેવું અને તેને સ્થાન ભ્રષ્ટ કરવો તે તેના વધ સમાન ગણાય.**

તે પછી પાંડવો મૃત પુત્રોનો અગ્નિસંસ્કાર કરે છે. તેને ત્રણ અંજલી જળ આપે છે કારણ કે તેનાથી પ્રેતાત્માના આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક દાહ શાંત થાય. તે માટે તેઓ ગંગાજીમાં જાય છે. સ્ત્રીઓ પણ રડીને મૃતાત્માઓને **'દાહાંજલી'** આપે છે કેમ કે અશ્રુપૂર્વક વિલાપ કરવો જોઈએ એવું શાસ્ત્રમાં કહેલું છે તેથી જેમને ખેદ નથી તેઓ પણ વિલાપ કરે છે. સૌ ગંગાજીમાં સ્નાન કરે છે. ત્યાર પછી ભગવાન એમ કહીને કે કાળથી પેદા થયેલા પ્રાણીઓમાં કાળની ગતિનો ઉપાય થઈ શકતો નથી એવું તત્ત્વજ્ઞાન આપી, શોકથી ગ્રસ્ત સર્વ કોઈને સાંત્વન આપે છે.

ભગવાન લક્ષ્મીના પતિ છે. **દરેક સ્ત્રીઓ લક્ષ્મીજીના અંશ છે.** સ્ત્રીઓને સાંત્વન આપવું તે પતિનું કર્તવ્ય છે, તેથી ભગવાન પતિરૂપે બધાને સાંત્વન આપે છે. અહીં શંકા થાય કે ભગવાન સર્વકર્તા છે, બધું કરવા સમર્થ છે તો આ સમગ્ર ઘટનાને કેમ ન રોકી? તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે કાલને ભગવાને જ અધિકાર આપેલો છે એટલે **કાળથી પેદા થયેલા જીવોને કાળ જ દંડ આપે છે**, તેનો પ્રતિકાર ભગવાન કરતાં નથી કારણ કે તેમણે આપેલા અધિકારમાં તેઓ હસ્તક્ષેપ કરતા નથી.

યુધિષ્ઠિરનું પોતાનું રાજ્ય કપટથી દુર્યોધન વગેરેએ લઈ લીધું હતું તે તેમને પાછુ અપાવ્યું, દ્રૌપદીના કેશના સ્પર્શના કારણે જેમનું આયુષ્ય નષ્ટ થયું હતું તે દુષ્ટ રાજાઓને મરાવીને અને તે પછી અશ્વમેઘ યજ્ઞ કરાવીને યુધિષ્ઠિરના યશ-કીર્તિ પુન : સ્થાપિત થતાં ભગવાનનું સર્વ કાર્ય પૂર્ણ થયું એટલે પુન : દ્વારકા પધારવાની તેઓ રજા લે છે. તે સમયે ઉત્તરા-અભિમન્યુની પત્ની ભયથી વિહ્‌વળ થઈ દોડીને ભગવાન પાસે આવી તેની રક્ષા કરવા ભગવાનને વિનંતી કરે છે. 'મારી રક્ષા કરો, મારી રક્ષા કરો' તેમ કહે છે. ભગવાન કહે છે કે 'તમારા સસરા (યુધિષ્ઠિર) વગેરે સર્વે વિદ્યમાન છે તો મારી પ્રાર્થના શા માટે કરે છે ?' તેના ઉત્તરમાં કહે છે કે 'હે પ્રભુ જગતમાં તમારા સિવાય નિર્ભય કોઈ છે જ નહીં. તેથી હું આપને શરણે આવી છું, મારી રક્ષા કરો. જો મારા મૃત્યુનો કોઈ ઉપાય ન હોય તો મૃત્યુ ભલે મને બાળી નાંખે પરંતુ મારા ગર્ભની રક્ષા કરો.

ભગવાને જાણ્યું કે અશ્વત્થામાનું અપમાન થવાથી તેણે જગતમાં એક પણ પાંડવ ન રહેવો જોઈએ એમ વચન કહેલું, એટલે તેણે જ બ્રહ્માજીના મસ્તકનું અસ્ત્રપણુ-'બ્રહ્માસ્ત્ર' પુન : છોડ્યું

છે. તેનો પ્રતિકાર કરવા ભગવાનનું સુદર્શન પ્રવૃત્ત થયું, પરંતુ અહીં રક્ષા ઉત્તરાના ગર્ભની કરવાની છે. તેથી ભગવાને માયાથી તે ગર્ભને એવી રીતે ઢાંકી દીધો જેથી તેમાં કોઈ દોષ ઉત્પન્ન ન થાય, તેના પર તેમનું આવરણ રહે. અહીં યોગબળ વડે ભગવાને ગર્ભની રક્ષા કરી છે કેમ કે જો તેમ ન કરે તો બ્રહ્માસ્ત્ર અને શરીરનો સંબંધ થાય તો તેનો દોષ શરીરને લાગે. માટે જ ભગવાનને **'હરિ'** કહ્યા છે, દરેકના દુ:ખ દુર કરવાનો તેમનો સ્વભાવ છે. અહીં **'સ્વમાયયા'** શબ્દપ્રયોગ કર્યો છે તેનું તાત્પર્ય છે કે ભગવાને પોતાની આધિન રહેલી માયા જે કરોડો બ્રહ્માંડના ભ્રમને નિવૃત્ત કરનાર જ્ઞાનરૂપ અગ્નિને આવરણ કરનારી છે, તેના દ્વારા ઉત્તરાના ગર્ભનું રક્ષણ કર્યું છે.

બ્રહ્માસ્ત્રનો સ્વભાવ બાળવાનો જ છે છતાં અહીં તે ગર્ભને તો ન બાળી શક્યું પરંતુ અન્ય વસ્તુઓને (દેહાદિ ને) કેમ બાળી ન શક્યું તેનો ખુલાસો કરતાં કહે છે કે બ્રહ્માસ્ત્ર બાળવાને સમર્થ હોવા છતાં અહીં અદ્‌ભૂત વાત બની છે. અહીં **'વૈષ્ણવે તેજ અસાદ્ય'** કહેવાયું છે. જેવી રીતે પરમ સાત્વિક વૈષ્ણવ તેજને પ્રાપ્ત કરીને તેમાં એક થઈ જાય તેમ અહીં બ્રહ્માસ્ત્ર શાંત થઈ ગયું છે. વળી શંકા થાય કે જો બ્રહ્માસ્ત્ર ભગવાનના સંબંધથી શાંત થઈ જતાં હોય તો યુદ્ધમાં એમ શા માટે ન બન્યું?, જ્યારે અહીં બ્રહ્માસ્ત્રથી પરીક્ષિતની રક્ષા કરી, એ આશ્ચર્ય કહેવાય. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ભગવાન **કર્તૃમ-અકર્તૃમ-અન્યથાકર્તૃમ** છે. વિરુદ્ધ ધર્મોના આશ્રયરૂપ ભગવાન છે. તે વિપરીત કરવાને માટે પણ સમર્થ છે. માયા ભગવાનની શક્તિ છે જેના વડે ભગવાન જગતની ઉત્પત્તિ-સ્થિતિ લય કરે છે. એક જ વસ્તુ કોઈની સહાયતા વગર એક ભાવના અનેક ભાવો પેદા કરે છે.

આ અધ્યાયમાં કુંતિ-સ્તુતિ ખુબ જ મહત્ત્વની છે ૨૬ શ્લોકમાં તેઓ ભગવાનની સ્તુતિ કરે છે. કુંતિજી વિચારે છે કે ભગવાને લૌકિક બાબતોમાં તો અમારી રક્ષા કરી છે, પરંતુ ભક્તિ માટે પણ અમારી રક્ષા કરે તે માટે તેઓ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે 'હે કૃષ્ણ, તમે મારા ભાઈના પુત્ર છો પરંતુ વાસ્તવમાં પ્રાણીમાત્રમાં રહેલ **'પુરુષ આદ્યમ'** - આદ્યપુરુષ છો ઈશ્વર છો તેથી આપને નમન કરૂં છું. તમે મૂળરૂપ, તેજરૂપ, સર્વના કારણરૂપ છો, આત્મારૂપ છો.' કુંતિજી કહે છે 'આમ સર્વવસ્તુમાં વસ્તુ સ્વરૂપે હોવા છતાં પણ, પોતાની શક્તિરૂપ માયાથી વસ્તુરૂપે દેખાઓ છો, ભગવાનરૂપે નહીં, તેથી સૌ કોઈ આપને ઓળખી શકતો નથી. મને પણ બહિર્મુખપણાને કારણે જ્ઞાન નથી. સર્વવસ્તુરૂપ ધારણ કરવા છતાં આપનો વિનાશ નથી, આપ અવ્યય છો! જેવી રીતે નાટકનું પાત્ર ભજવતા ચતુર નટને સૌ ઓળખી શકે નહીં તેમ પુરુષ રૂપને પ્રગટ કરતાં આપને ભગવાન તરીકે મૂઢ દૃષ્ટિવાળા જાણતા નથી.'

• સુબોધિની – (અધ્યાય ૮)

કુંતિજી પોતાના પરિવાર પર આવેલી અનેક આપત્તિઓનું વર્ણન કરી કેવી રીતે ભગવાને તેમાં સહાય કરી તે યાદ કરે છે. ભગવાનની અદ્‌ભૂત લીલા બતાવતાં કહે છે કે આપત્તિના

સમયમાં ભગવાન પરમાનંદના દર્શન કરાવે છે અને જ્યારે વિપત્તિ ન હોય ત્યારે તેને તિરોહિત કરી નાંખે છે. તેથી વિપત્તિઓ સારી છે તેમ હું સમજુ છું. આ તમારી અદ્‌ભૂત લીલા છે જે બતાવે છે કે ભગવાન દૂષ્ટો માટે દુર્જ્ઞેય છે. કુંતિજીની આ સ્તુતિમાં નવ પ્રકારના ધર્મ નવધા ભક્તિના કારણરૂપ છે તે બતાવ્યું છે. ભગવાનનું સ્વરૂપ જણાય ત્યારે તેમનું શ્રવણ, ગુણગાનથી કીર્તન, લીલા જાણવાથી સ્મરણ, તેમની સમીપમાં જવું તેથી પાદ સેવન - ચરણની સેવા સિધ્ધ થાય, ત્યારે પૂજન (અર્ચન) વંદન અને દાસ્ય થાય. અને તે પછી સખ્ય અને આત્મનિવેદન થાય છે. **સારા કુળમાં જન્મ, ઐશ્વર્યાદિની પ્રાપ્તિ, શાસ્ત્રોનો અભ્યાસ, સંપત્તિ, એ ચારથી મદ થયેલા જીવ ભગવાનનું નામ લેવાને યોગ્ય હોતા નથી.**

અહીં શંકા થાય કે એમ કહેવાય છે કે જે જન્મ અને કર્મથી શુદ્ધ હોય તેને જ વેદનો અધિકાર છે, પરંતુ તેઓ પણ જો ભગવાનનું નામ લે તો તેમને યમયાતના ભોગવવી પડતી નથી, તેનું નિરાકરણ કરતાં કહે છે કે **એવા લોકોને ભગવાનના નામોચ્ચારનું ઉત્તમ ફળ - 'ભગવાનને પ્રાપ્ત કરવાનું ફળ' પ્રાપ્ત થતું નથી કેમ કે તેઓનો ભગવદ્ નામોચ્ચાર જેમ શૌચક્રિયામાં ગંગાજળને વાપરે તેમ છે.** વિષયમાં પરાયણ જીવો ભગવાનને જાણતા હોય તો, તેઓ કાળને તાબે થાય નહીં, પરંતુ જેઓ ભગવાનને જાણતા નથી તે કાળને આધિન થાય છે, કારણ કે દરેક સ્થળે કાળની આજ્ઞા આપે છે કારણ કે કાળ ભગવદ્‌રૂપ છે આદિ અને અંત, પહેલાં અને પછી એ કાળ ભગવદ્ સ્વરૂપ છે કેમકે વેદ કહે છે કે આ જગત પહેલા બ્રહ્મરૂપ હતું, ત્યાં સત્-અસત્ બન્ને ન હતા. અહીં કાળનો નિર્દેશ છે જે ભગવદ્‌રૂપતા સિધ્ધ કરે છે.

કુંતિજી ભગવાનને દામન લીલાની સ્મૃતિ કરાવી તેમના માટે મોહ ઉત્પન્ન કરે તેવા સ્વરૂપની સ્મૃતિ કરાવી છેલ્લા શ્લોકમાં સ્તુતિનો સાર સમજાવતાં કહે છે- ભગવાન સદાનંદ સાકાર છે તેમને **'કૃષ્ણસખા'** કહી સંબોધ્યા, કારણ કે નાનપણમાં પાંડુરાજા અર્જુનને 'કૃષ્ણ' કહેતાં, **'અવનિ ધ્રુગ્ રાજન્ય વંશ દહન'**, કહ્યા કારણ કે તેઓ પૃથ્વીનો **દોહ** કરનારા રાજાઓના વંશને બાળનારા - ભારરૂપ તેવાઓનો નાશ કરનારા કહ્યા, અનંત પરાક્રમવાળા, ગાયોના શરણાગત, યોગેશ્વર-યોગથી બધું જ કાર્ય કરનારા, **'અખિલ ગુરો'**- સર્વના ગુરુ ઈત્યાદિ સંબોધન કરી કુંતિજી સ્તુતિ પુરી કરે છે. તેમની ઈચ્છા ભગવાન ભક્તિ આપે તેમ હતી. ભગવાન પોતાના સ્વરૂપ વડે ભક્તોને કૃતાર્થ કરે છે. કુંતીજીએ ભગવાનના અદ્‌ભૂત કર્મનું નિરૂપણ કર્યું પરંતુ તેને જ્ઞાન ન આપ્યું પણ પોતાની માયા વડે મોહ ઉત્પન્ન કર્યો.

• સુબોધિની – (અધ્યાય ૯)

નવમા અધ્યાયમાં ભિષ્મ સ્તુતિની વાત આવે છે. ભગવાન કુરુક્ષેત્રમાં નરકસજા ભોગવતા, બાણશૈયા પર સૂતેલા દાદા ભિષ્મ પાસે પાંડવોને સાથે લઈને પધારે છે. ભગવાને અગાઉ કહેલું કે **'મારા ભક્તોનો જે દ્વેષ કરે છે તે મારો દ્વેષ કરે છે.'** ભિષ્મે પાંડવોનો દ્વેષ કરેલો તેથી તેની મુક્તિ

કેમ થાય તે બતાવવા અહીં ભિષ્મની મુક્તિનું વર્ણન કરેલું છે. ભક્તનો અપરાધ દૂર કરવા ભક્તવત્સલ ભગવાન સામેથી પધારે છે. યુધિષ્ઠિરને પણ પોતાના પિતામહ, ગુરુજનો ઈત્યાદિના મૃત્યુના કારણે તેના મનમાં મોહથી ખૂબ ખેદ થયેલો, તે પણ તેને ઉપદેશ આપી દૂર કરવાનું એક કાર્ય હતું. યુધિષ્ઠિર જે કુબેરની માફક શોભતો હતો છતાં જે મનથી સંતપ્ત હતો, તેની સાથે ભગવાન રથમાં બિરાજ્યા, જેનો સારથી અર્જુન હતો. ભિષ્મ પાસે પહોંચી પાંડવોએ તેમને વંદન કર્યા. કૃષ્ણે પણ વંદન કર્યા. ભગવાનના દર્શન કરી ભિષ્મ ઘડીભર પોતાને તીક્ષ્ણ તીરથી થતી વેદના ભૂલી ગયા. તેઓ બાણશૈય્યા પર છે જ નરકની યાત્રા છે. આવા અપરાધીનો પણ ઉધ્ધાર ભગવાન કૃષ્ણ કરે છે. તે સમયે સર્વજ્ઞ ઋષિઓ - વ્યાસજી, પરશુરામ, ભૃગુ, નારદ વગેરે પણ પોતાના શિષ્યો સાથે ભિષ્મની ધર્મનિષ્ઠા જોવા ત્યાં આવ્યા છે.

ભિષ્મ ભગવાન કૃષ્ણના પ્રભાવને જાણતા હતા. તેમણે ભગવાનનું પ્રેમપૂર્વક પૂજન કર્યું. પાંડુપુત્રો જે વિનય અને પ્રેમવાળા હતાં તેઓ તેમની નજીક આવ્યા. ભિષ્મની આંખોમાં આંસુ છલકાઈ આવ્યા. તેમણે પાંડવોને ઉપદેશ આપતાં કહ્યું : ‘‘**માણસને સુખ કે દુ:ખ ત્રણ કારણે મળે છે- (૧) પિતાને કારણે, (૨) માતાને કારણે અને (૩) સ્વભાવને કારણે.** કર્મનો વિચાર કરીએ તો પાંડવોને દુ:ખ થવું ન જોઈએ, કેમકે તેમણે એવા દુષ્કર્મો કર્યા ન હતાં. વળી યુધિષ્ઠિર ધર્મપુત્ર હતો તેથી તેમના દુ:ખનું કારણ તેમના પિતા નથી. માતા કુંતી તો પુત્રોની રક્ષા કાજે સતી નથી થઈ, તેથી માતાના કારણે પણ તેઓ દુ:ખી નથી. તેમ જ પાંડવોએ તો ધર્મનું જ આચરણ કર્યું છે તેથી સ્વભાવ દોષ પણ નથી, કારણ કે જે સ્વભાવથી દુષ્ટ હોય તે ત્રણ પ્રકારે ધર્મનો આશ્રય કરતા નથી. **ધર્મ ત્રણ પ્રકારનો છે- (૧) નીતિસંગત, (૨) સ્વભાવ શુદ્ધ અને (૩) ઈશ્વરના સંબંધવાળો.** એ ત્રણેયમાં એકનો પણ જે આશ્રય કરે તે દુ:ખ પામતો નથી તો પાંડવોએ તો એ ત્રણેયનો આશ્રય કર્યો છે તો તેમના દુ:ખનું કારણ શું? અહીં ખુલાસો કરે છે કે તેનું કારણ છે ‘કાલ’ છે. કાલ ભગવાનની આજ્ઞાનુસાર બધું કરે છે. ભગવદિચ્છા ન હોય તો કાલ કાંઈ કરી શકે નહીં. કોઈ પ્રસંગ બન્યા પહેલા આપણે કહીએ છીએ કે ભગવદિચ્છા આમ હશે. તેથી જ આપણે અનુમાન કરી શકીએ કે ભગવાન જ ‘કાળરૂપ’ છે. જો આમ હોય તો ભગવાન વિશ્વાસ રાખવા યોગ્ય કેમ ગણાય તેવો સંદેહ થાય. શું ભગવાને પાંડવોને દુ:ખ આપ્યું? શું તેમણે કૌરવોનું હિત કર્યું?, એવો પ્રશ્ન થાય. આવી રીતે મનમાં, સર્વ બાબતમાં તર્ક સંભવ છે. જો પાંડુએ પહેલેથી યુધિષ્ઠિરને રાજા બનાવી દીધો હોત તો કદાચ દુ:ખ ન આવત, ધર્માગ્રહથી યુધિષ્ઠિરે દ્યુતનો આગ્રહ ન રાખ્યો હોત તો આપત્તિ ન આવત, ભીમસેન જો મહા-બળવાન ન હોત તો દુર્યોધનને ઈર્ષા ન થાત અને દુ:ખનો અવસર ન આવ્યો હોત, અર્જુને મત્સ્યવેધ વગેરે પરાક્રમ ન કર્યા હોત તો પણ અદેખાઈ ન થાત અને વેર ન વધત, દુ:ખ ન આવત. એ પ્રકારે અનેક તર્ક થઈ શકે. તેથી ખુલાસો કરતાં કહે છે કે કાલ એ ‘શ્રી કૃષ્ણ’ છે, શ્રી કૃષ્ણ ભગવાન

છે, ભગવાન પુરુષોત્તમ છે, પુરુષોત્તમ નારાયણ છે અને નારાયણ પોતાની મેળે પ્રકાશતા પુરુષ છે, જે પોતાના શરીરે ભાર જણાતાં તેને દૂર કરવા યાદવરૂપ ધારણ કરી કોઈ પણ ન જાણે તેમ માયા વડે માનવની ચેષ્ટાઓથી લોકમાં મોહ ઉત્પન્ન કરતાં, પોતાનું ભગવાનપણું સંપૂર્ણ પ્રકારે છુપાવીને સર્વનું ભક્ષણ કરવા ફરે છે. આમ, ભગવાનનો પ્રભાવ બતાવતાં ભિષ્મ પાંડવોને કહે છે કે તમે જેને 'મામાનો પુત્ર માનો છો, એ તો આદ્ય નારાયણ છે, જેનો પ્રભાવ ભગવાન શંકર જાણે છે. સમગ્રનો સંહાર કરવા છતાં કૃષ્ણાનું સ્મરણ કરવાથી શિવ 'કલ્યાણકારક' ગણાય છે. દવર્ષિ નારદ સૌને સંઘર્ષ કરાવે છતાં તેમને દોષ નથી લાગતો, તે બધાના હિતેચ્છુ ગણાય છે. ભગવાન કપિલે સાંખ્યશાસ્ત્રનું જ્ઞાન આપી પુરુષનું કારણપણું હોવા છતાં તેનું નિવારણ કરી પ્રકૃતિનું કારણત્વ બતાવ્યું, છતાં તેમને દોષ ન લાગ્યો. કેમ કે કૃષ્ણ સાત્વિક, રાજસ, તામસ એ ત્રણે ગુણોનો પ્રભાવ હોવા છતાં તેમને 'ગુણાતીત' કહ્યા છે. યુધિષ્ઠિરને ભિષ્મ સમજાવે છે કે જેને તમે સ્નેહ કરો છો, જેને સચિવ, દૂત, સારથિ બનાવ્યા તે કૃષ્ણ તો અહંકાર વગરના સમદષ્ટિવાળા સર્વાત્મ રૂપ છે. તેમનામાં વૈષમ્ય નથી. તેઓ આજે મારા જેવા અપરાધી પર કૃપા કરવા મારા અંત સમયે પધાર્યા છે કારણ કે કૃપા કરવી તે તેમનો અસાધારણ ગુણ છે. આમ કૃષ્ણના અનેક ગુણોનું વર્ણન કરતાં તેમની સ્તુતિ કરે છે.

ભગવાનની સ્તુતિ કરતાં ભિષ્મ તેમને પોતાના અંત સમય સુધી ત્યાં જ બિરાજવા વિનંતી કરે છે. ભિષ્મ પૂર્વજન્મે ૮ વસુઓમાંના એક દેવ છે, જ્યારે ભગવાન દેવાધિદેવ છે. તેથી તેમની ભક્તિ તો પ્રાચીન છે. માટે તેમને વરદાન પ્રાપ્ત થયું છે તેમ સ્વેચ્છાથી તેઓ દેહ છોડે ત્યાં સુધી કૃષ્ણને રોકાઈ જવા વિનંતી કરે છે. તેથી **ભગવાન જેમ દેવકીજી પાસે ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા હતા તેમ મૂળ સ્વરૂપે ભગવાને ભિષ્મને પણ દર્શન આપ્યા.** વચમાં યુધિષ્ઠિરની જીજ્ઞાસા સંતોષવા ભિષ્મે **ધર્મોના પ્રકાર બતાવ્યા- (૧) વેદમાં કહેલા ધર્મ (૨) પુરાણમાં કહેલા ધર્મ અને (૩) લૌકિક ધર્મો. વૈદિક ધર્મના પણ ત્રણ પ્રકાર બતાવ્યા- (૧) શરીર અધિકારથી વર્ણાશ્રમ ધર્મ (૨) આંતરપ્રવૃત્તિરૂપ વૈરાગ્ય અને (૩) પોતાના રક્ષણાદિ સ્વતંત્ર ધર્મ.** તેઓ સમજાવે છે કે સગુણ કર્મથી બંધન થાય અને નિર્ગુણ કર્મથી મોક્ષની પ્રાપ્તિ થાય. લોકમાં કર્મથી ફળ મળે તેમ બતાવવા ભગવાન જેને ઊંચે લઈ જવા ઈચ્છે તેની પાસે સારા કર્મ કરાવે છે અને જેનું અધ:પતન કરવા ઈચ્છે તેની પાસે હીન કર્મ કરાવે છે એ શ્રુતિ પ્રમાણ કહી સમજાવે છે કે ઈશ્વર સર્વકર્તા છે, અને જીવને પોતાના કર્મના ફળનો અનુભવ થાય છે. આમ, પુરુષાર્થના સાધન બનેલા સર્વ પ્રકારના ધર્મોનું વિસ્તારથી તેઓ વર્ણન કરે છે.

ભગવાનમાં પ્રેમ થાય તે માટે પ્રાર્થના કરતાં ભિષ્મ કહે છે કે 'હે ત્રણે ભુવનમાં સુંદર, તમાલના જેવા રંગવાળુ, સૂર્યના કિરણો જેવા ગૌર ઉત્તમ વસ્ત્ર ધારણ કરેલા છે અને કેશથી જેમનું મુખ કમલ શોભાયમાન છે તેવા આપનામાં મારો નિર્દોષ પ્રેમ હો.' યુદ્ધના પ્રસંગને યાદ કરતાં

ભિષ્મ કહે છે કે તમે યુદ્ધમાં શસ્ત્ર ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞા લીધી હોવા છતાં મને મારવા તમે રથનું પૈડુ ધારણ કર્યું અને મેં પ્રતિજ્ઞા લીધી હતી કે હું કોઈપણ પ્રકારે તમને શસ્ત્ર ધારણ કરાવીશ, તેથી તમે મારી પ્રતિજ્ઞાનું પાલન કરાવવા પોતાની ઉત્તમ પ્રતિજ્ઞાનું પાલન કર્યું. તમે કહેલું કે 'હું ભક્તને પરાધીન છું', તેથી તમે મને હણ્યો નહીં. પોતાની પ્રતિજ્ઞા તજીને મારી પ્રતિજ્ઞાને સત્ય ઉત્તમ કરવા અર્થાત્ પોતે ભક્તાધિન છે તે બતાવવા રથમાંથી નીચે ઉતરી જ્યારે રથનું ચક્ર ધારણ કર્યું ત્યારે તેમનું ઉપવસ્ત્ર પડી ગયું. ઉપવસ્ત્ર વગર ભોજન ન થાય (ભિષ્મને હણવો તે ભક્ષ કરવા બરાબર ગણાય) તેવો નિયમ હોવાથી ભગવાને ભિષ્મને તેમને હણ્યો નહીં.

આમ એક શ્લોકથી પોતાના સર્વસ્વનું સમર્પણ કરી ભિષ્મે અનેક પ્રકારે નવશ્લોકોમાં ભગવાનની નવધાભક્તિનું વર્ણન કર્યું. છેલ્લા શ્લોકમાં આત્મનિવેદન છે. અહીં અધિકાર લીલામાં ભિષ્મ- પિતામહનું **'પ્રાથમિક આત્મનિવેદન'** છે જે બૌધ્ધિક છે. વસ્તુઓમાં પોતાનો માલિકીની સમજ દૂર કરીને 'સઘળું ભગવાનનું છે' તેમ સમજણ કેળવવાની વાત છે. આગળ મન્વંતર લીલામાં બલિરાજાનું **'મધ્યમ આત્મનિવેદન'** બતાવ્યું છે જે વાસ્તવિક છે. બલિરાજાએ પોતાનું સર્વસ્વ પ્રભુને સોંપી દીધું છે તેમાં સત્યનિષ્ઠા છે. સધ્ધર્મ માટે આગ્રહપૂર્વકના ત્યાગ સહિતનું ત્યાં નિવેદન છે. જ્યારે દશમા સ્કંધની નિરોધલીલામાં શ્રી ગોપીજનોનું **'ઉત્તમ આત્મનિવેદન'** છે જે ભાવાત્મક છે. ત્યાં દેહ-ગેહને ભૂલી ગોપીજનો ભગવાન પ્રત્યેના સ્નેહમાં નિમગ્ન બને છે. પ્રભુ સિવાય કાંઈ જ તેમને પોતાનું લાગતું નથી. તેમની બુધ્ધિ પ્રભુમાં દૃઢપણે આસક્ત છે ત્યાં સ્વરૂપનિષ્ઠા તેમ જ સ્નેહનિષ્ઠા છે.

ભિષ્મ કહે છે કે 'હે પ્રભુ આમ મારી નિકટમાં જ બિરાજતાં હતાં છતાં મારી આંખ માયાના કારણે મોહથી બંધ થઈ ગઈ હતી તેથી મેં આપને ઓળખ્યા નહીં. આજે મારા પર આપની કૃપા થતાં મારો મોહ અને ભેદ દૂર થયા ત્યારે આપના દર્શન થયા. જ્યાં સુધી ભેદ દૃષ્ટિ જતી નથી અને મોહ જતો નથી ત્યાં સુધી ભગવાન ઓળખાતા નથી. આજે મેં આપને જાણ્યા છે તેથી હું મારો આત્મા આપને સમર્પણ કરૂં છું.'

જ્યારે ભગવાનના મૂળરૂપ કૃષ્ણમાં ભિષ્મે પોતાનો દેહ-વાણી અને મનની વૃત્તિઓને જોડી ત્યારે તેમનો દેહ છુટ્યો.

ભગવાન ભીતરમાંથી પ્રગટ થયા અને ભિષ્મનો આત્મા તેમાં ભળી ગયો. તે સમયે એક વિશિષ્ટ આભા સૌ કોઈએ જોઈ અને ભિષ્મના બ્રહ્મમાં ભળી જવાની બધાને પ્રતિતી થઈ. આવા પરમ પુરુષાર્થના સમયે કોઈ વિઘ્ન ન થાય તેથી સૌ શાંત રહ્યા. તે પછી યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ સાથે હસ્તિનાપુર જઈ ધૃતરાષ્ટ અને ગાંધારીને સમાચાર આપી સાંત્વન આપ્યું.

• સુબોધિની – (અધ્યાય ૧૦)

આગળના અધ્યાયમાં ભિષ્મની મુક્તિનું વર્ણન કરી હવેના બે અધ્યાયોમાં ભક્તોના સુખનું

નિરૂપણ છે. જેનું સુખ શ્રીકૃષ્ણને આધીન હોય તેને 'સુખી' કહેવાય. દશમા અધ્યાયમાં પાંડવોના સુખની વાત છે, અને તે પછી યાદવોનું સુખ બતાવવામાં આવ્યું છે.

યુધિષ્ઠિર ભગવદ્ ભક્ત છે. ભક્તની ઈચ્છા હંમેશા ભગવદિચ્છાને અનુકુલ જ હોય. યુધિષ્ઠિરે ભગવદિચ્છા મુજબ રાજ્ય કર્યું છે, જેના કારણે તેમને રાજ્ય કરવા છતાં કોઈ પ્રકારનો દોષ થયો નથી. ભગવાને યુધિષ્ઠિરને તેમને પરંપરાથી પ્રાપ્ત થયેલું રાજ્ય પાછુ અપાવ્યું, એટલું જ નહીં પરંતુ તેમના વંશની પણ રક્ષા કરી છે. તેનું કારણ બતાવતાં કહે છે કે 'અપુત્ર'ને લોકની પ્રાપ્તિ થતી નથી એમ શ્રુતિ-સ્મૃતિ વાક્યો પ્રમાણે વંશ ન હોય ત્યારે પિતૃઓની રડારોળને લીધે તેની મુક્તિ ન થાય. **'હરિ'** સર્વ દુ:ખ દૂર કરનારા છે. ભગવાન માટે **'અભવઃ'** શબ્દ પ્રયોગ કર્યો છે, અર્થાત્ 'મોક્ષ આપનારા છે.' 'ઈશ્વર' શબ્દથી તેઓ શક્તિવાળા છે, જે બીજાને સુખી કરી શકે છે, તેમ બતાવ્યું છે. પરીક્ષિતનું રક્ષણ અને યુધિષ્ઠિરને રાજ્ય પાછું અપાવીને ભગવન પ્રસન્ન થાય છે. લોકો સુખ મેળવવા અનેક કર્મ કરે છે પણ તેમને સુખ મળતું નથી, દુ:ખ જતું નથી, એ સૌનો અનુભવ છે. કારણ કે તેઓ ભગવદ્વશ સુખ શોધતા નથી. સામાન્યતઃ લોકો **''ભગવદિચ્છા''** શબ્દ પ્રયોગ ત્રણ રીતે કરે છે- સંસારીઓ ભગવાનને ન જાણવા છતાં અપવાદવશ બોલવા ખાતર આમ બોલે છે, સમજુ લોકો આમ બોલી આશ્વાસન મેળવે છે, જ્યારે ભક્તો તો એમાંથી 'આહલાદ' મેળવે છે. જે બને છે તે ભગવાનની લીલા છે તેમ માની તેઓ તેને વધાવી લે છે. કૃષ્ણના સુખમાં જેનું સુખ સમાઈ જાય તેનું સુખ **'કૃષ્ણાધીન'** કહેવાય.

સૂતજી યુધિષ્ઠિરના રાજ્યની સ્થિતિનું વર્ણન કરતાં કહે છે કે તેમણે ચારેય ભાઈઓને સાથે રાખી ઈન્દ્રની જેમ રાજ કારભાર સંભાળ્યો ત્યારે સારી વર્ષા થતી, નદીઓ, સમુદ્રો ઊભરાવા લાગ્યા, વેલો, વનસ્પતિઓ પોતપોતાના સમયમાં ફળવા લાગ્યા, લોકોને મનની કે શરીરની ચિંતા ન રહી, ત્રણેય પ્રકારના તાપ- આધિ, વ્યાધિ, ઉપાધિ તેમના રાજ્યમાં જોવામાં ન આવતાં. સર્વ પ્રકારની સુખાકારી જોઈ ભગવાને પાંડવો પાસે દ્વારકા જવા રજા માગી. સમાન ઉંમરવાળાને પ્રભુ ભેટ્યા. નાની ઉંમરવાળાને પ્રણામ કર્યા. સુભદ્રા, દ્રૌપદી, કુંતી, ગાંધારી, ધૃતરાષ્ટ, સાત્યકિ, કૃપાચાર્ય, નકુલ, સહદેવ, ભીન વગેરે વિયોગના કારણે શોકાતુર થયા. લાંબા સમયથી દર્શન, સ્પર્શ, વાતચીત, ઉઠવુ-બેસવું, ભોજન ઈત્યાદિ ક્રિયાઓ ભગવાન સાથે થતી તેથી વિદાય વેળા પાંડવોનું ચિત્ત ભગવાન પાછળ દોડે તે સ્વાભાવિક છે. કૌરવોની સ્ત્રીઓ પણ પ્રેમ, લજ્જાના કારણે હવેલીના ઉપરના ભાગ પર ચઢી ભગવાનના દર્શન કરવા લાગી, બ્રાહ્મણોએ આશિર્વચન કહ્યા.

ભગવાનમાં જેઓનું ચિત્ત છે તેઓ સ્વાભાવિકપણે ભગવાનની જ વાતો કરે છે. ઉત્સવમગ્ન સ્ત્રીઓ પણ ભગવાનની જ વાતો કરતાં કહે છે કે **''જેમને જાણવાથી સર્વ જણાઈ જાય છે''** એ શ્રુતિ પ્રમાણે ભગવાનને જાણવા જોઈએ. તેમ **''આ કૃષ્ણ જ ભગવાન છે''**, જે લોક-વેદ પ્રસિધ્ધ

છે. વેદમાં પુરુષમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ કહી છે, તેથી તેઓ જ જગત્કર્તા છે, સર્વના આત્મા છે, તે બ્રહ્મ, ભગવાન છે. વ્યાસે જેમને સમાધિમાં જોયા છે. તે ક્ષર અને અક્ષરથી શ્રેષ્ઠ પુરુષોત્તમ છે તે એક અને અદ્વિતિય છે. તે સજાતિય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત છે. તે જ કાલ-કર્મ-સ્વભાવ રૂપે જગતમાં અસ્તિત્વ ધરાવે છે. તે જ શક્તિરૂપ અને કર્મરૂપ બને છે. તેમનામાં જ જીવ જગત અપ્રગટ રૂપે હતા અને પોતાની ઈચ્છાથી તેમનો સૃષ્ટિકાલમાં આવિર્ભાવ અને પ્રલયકાળે તેનો તિરોભાવ કરે છે.

આમ, પૂર્વની સ્થિતિ જણાવી પછી ભક્તિ સાથેની સૃષ્ટિની અવસ્થા બતાવતાં કહે છે કે બધા બ્રાહ્મણ અને યોગી પુરુષો પોતાના મનનો નિરોધ કરી ભગવાનનું દર્શન કરવા મથે છે. **જ્યાં સુધી ભગવાનનો અવતાર ન થયો હોય ત્યાં સુધી સમાધિ સાધવા મથે છે, પરંતુ જ્યારે ભગવાન અવતાર લઈને પધાર્યા છે તેમ જાણે ત્યારે સમાધિ છોડી પ્રભુના દર્શન કરવા આવે છે.** ભક્તયોગીઓ ભક્તિયુક્ત થઈ અંત:કરણમાં પ્રકટ થયેલા પ્રભુના દર્શન કરે છે. ભગવાન સ્વરૂપથી બહાર બિરાજતા હોય તેવી દશામાં પણ તેમના દર્શન આંખથી નહીં અંત:કરણથી થાય છે. અંત:કરણ નિર્મલ હોય તો પ્રભુને જોતા પ્રેમ ઉત્પન્ન થાય. જ્યાં સુધી કેવળ આંખ પ્રભુના દર્શન કરે છે ત્યારે તેની સ્મૃતિ કાયમ રહેતી નથી પરંતુ તે પછી ભગવાન ભૂલાઈ જાય છે. સ્વરૂપ સ્મરણમાં રહેતું નથી. હૃદયમાં એની કોઈ અસર થતી નથી, પણ અંત:કરણથી જ્યારે દર્શન કરે ત્યારે તે તેમાં ઉતરી જાય છે, સ્થિર થઈ જાય છે, જેના કારણે જીવના વાસના આદિ દોષો નાશ પામે છે.

ભગવાન પોતાની લીલા માટે જગતને સર્જે છે, તેનું રક્ષણ કરે છે અને તેનો લય કરે છે પરંતુ તેમાં તેઓ આસક્ત થતા નથી. ભગવાન જીવ સ્વરૂપથી ભોગવનાર થાય છે. જીવોને માટે જ આ પ્રપંચ ભોગ્ય તરીકે બતાવેલ છે. જીવની અહંતામમતાના કારણે તેને સંસારાસક્તિ થાય છે, તે બંધનમાં આવે છે.

કોઈ મુર્ખ વ્યક્તિ પણ પ્રયોજન વિના કોઈ કાર્ય ન કરે તો ભગવાને કોઈ પ્રયોજન વિના માત્ર જીવો માટે આ જગતરૂપી કાર્ય શાથી ઉત્પન્ન કર્યું તેવી શંકાના સમાધાનમાં કહે છે કે **જ્યારે ભગવાન એવું ચરિત્ર બતાવે જેનું ભાગવતમાં વર્ણન કરવામાં આવ્યું છે, તેનું જ્યારે સત્પુરુષો કીર્તન કરે જેથી એ ભગવદ્રૂપ કથા દ્વારા જીવોને મુક્તિ આપવાનું કાર્ય થાય.** કૃપાથી બીજાઓનું દુ:ખ દુર કરવા ભગવાનની આ પ્રવૃત્તિ છે તેમ અહીં સમજાવ્યું છે. આનું પ્રમાણ શું ?, તેનો ખુલાસો કરતાં કહે છે કે ગીતા ઉપનિષદમાં એવા અનેક વાક્યો છે- 'જે આત્માને જાણે છે તેઓ અમૃત થાય છે,' 'ભક્તિથી મને જાણે છે, શ્રવણ કરે છે, ગાન કરે છે, મારા વીર્યોનો આદર કરે છે તે મને પામે છે' વગેરે વચનો જે છુપા રાખવા યોગ્ય વેદમાં છે તેને ભાગવત દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે. શાસ્ત્રોમાં છુપાયેલ આવા અનેક ભેદ ભાગવતમાં પ્રગટ કર્યા છે.

ભગવાનના ભૂતલ પર પધારવાનું પ્રયોજન સમજાવતાં કહે છે કે યુગે યુગે **જ્યારે તમોબુધ્ધિવાળા રાજાઓ અધર્મમય જીવન જીવે છે ત્યારે સત્વગુણાથી અવતાર ધારણ કરીને ભગવાન ષડધર્મ યુક્ત બની સત્ય, ઋત, દયા અને યશ તથા કલ્યાણ માટે પૃથ્વી પર પધારે છે.** ‘ભગ’- ઐશ્વર્યાદિ ધર્મોથી અધર્મનું આચરણ કરનાર રાજાઓનો વધ, ‘ઋત્’ એટલે આચરવામાં આવતો ધર્મ, જે વેદના પૂર્વકાંડનો અર્થ, પ્રવૃત્તિના સ્વભાવવાળા પ્રમાણોના બળનું પોષણ કરનારો છે, ‘સત્ય’ જે નિર્ણય કરાવનારો, ઉત્તરકાંડનો અર્થ નિવૃત્તિ કરાવનારા પ્રમાણોના બળનું પોષણ કરનારો જ્ઞાનરૂપ ધર્મ છે, દયા, વ્યવહારનું પોષણ કરનારો લૌકિક ધર્મ છે, યશ જે ભક્તિ પ્રાપ્ત કરાવનાર પુષ્ટિનો ધર્મ છે. આ પાંચ ભગવાનની ઈચ્છા, ધર્મ, જ્ઞાન, દયા અને ભક્તિ એવા વિદ્યાના અંશો પ્રજાના કલ્યાણ માટે ભગવાન ધારણ કરે છે.

ભગવાનના વિવિધ અવતારનું પ્રયોજન સમજાવતાં કહે છે કે ભગવાન જે અવતાર લે તે કોઈ વંશમાં લે, કોઈક દેશમાં, કોઈક સ્થળે રહે, કેટલાક લોકો સાથે વ્યવહાર કરે છતાં પણ તે અવતાર લેનારનું તેમાં તાત્પર્ય નથી, તેઓ માત્ર ભગવાનના સંબંધથી જ કૃતાર્થ થાય છે.

આમ, અનેક પ્રકારે ભગવાનની વાતો કરતી કૌરવવંશની નારીઓ થાકતી નથી. તેઓ કૃષ્ણાને નીરખ્યા કરે છે. ભગવાન યદુવંશમાં પ્રકટ થયા હોવાથી યદુરાજાનું કુળ પ્રશંસા પાત્ર બન્યું છે. તેઓ મધુવનના માર્ગે પ્રશસ્ત થઈ તેને પુણ્યતમ્ બનાવી દ્વારકા પધારે છે. શત્રુઓની શંકાથી અજાતશત્રુ યુધિષ્ઠિર રાજાએ ભગવાન સાથે હાથી, ઘોડા, રથ અને પાયદળવાળી ચતુરંગિણી સેના મોકલી આપી, ભગવાને દ્વારકા તરફ પ્રયાણ કર્યું.

• સુબોધિની – (અધ્યાય ૧૧)

આ અધ્યાયમાં દ્વારકાવાસી ભક્તોના સુખનું વર્ણન છે. ભગવાને વિવિધ દેશોમાં થઈ આનર્ત ગામ પાસે આવી શંખનાદ કર્યો. ગોધુલીવેળાએ મંગળ મુહુર્તમાં ભગવાને નગર પ્રવેશ કર્યો. અહીંથી ‘જલદુર્ગ’ એવા દ્વારકામાં પ્રવેશ થાય. શંખના મધુર ધ્વનિથી આનંદિત થઈ પોતાના સ્વામીના દર્શને ભેટ લઈ પ્રજા દોડતી ત્યાં આવી, કારણકે ભેટ ધરતાં પ્રભુનો સ્પર્શ કરવા મળે. ભગવાન લક્ષ્મીપતિ-આત્મારામ છે પરંતુ સૌને કૃતાર્થ કરવા લોકોની ભેટ સ્વીકારે છે. આ ક્રિયા સૂર્યને દીવો ધરવા સમાન છે. સૂર્યને લક્ષમાં રાખી દીપનું દાન કરવાનું શાસ્ત્રમાં વિધાન છે જે એ સૂચવવા કે જ્યારે ‘તમે (સૂર્ય) ન હો ત્યારે અમે આનાથી (દીવાથી) જીવીએ છીએ’, એવો દૈન્યભાવ પ્રગટ થાય.

પ્રજાજનો પોતાનો ભગવાન પ્રત્યે રહેલો સ્નેહ પ્રગટ કરવા તેમની સ્તુતિ કરે છે. અહીં ‘પ્રેમથી ખીલેલા મુખવાળા’ એમ કહેવાનું તાત્પર્ય છે કે ભગવાનના વિરહથી મુરઝાએલા પ્રજાજનો ભગવાનના પધારવાથી આનંદિત થઈ ઊઠ્યા છે. ભગવાનનું સ્વાગત કરવા ત્રણ પ્રકારના પુરુષો- જ્ઞાની, ભક્ત અને વિષયી, ઉપરાંત સ્ત્રીઓ પણ છે. તે ચારેય ક્રમશ : ચાર શ્લોકમાં ભગવાનની

સ્તુતિ કરે છે. **જેમનું આસન ગરુડ છે તેને શું આપી શકાય, માટે ભગવાનના દર્શન થાય ત્યારે તેમને નમન જ કરવું જોઈએ.** બ્રહ્માદિ દેવોએ પણ ભગવાનને નમન કરેલા છે. સંસારના પ્રવાહમાં રક્ષણ ઈચ્છનારાઓને આશ્રયરૂપ ભગવાનનું ચરણ છે, જેને નમન કરતાં કાલ પીડા આપતો નથી. ભગવાન જ સર્વના માતા, પિતા, મિત્ર, પતિ, ગુરુ, દેવ સર્વસ્વ છે, જેને અનુકુળ થવાથી કૃતાર્થ થવાય છે. તેઓજ સર્વના ઉધ્ધારક છે, માટે તેમના દર્શન કરવા યોગ્ય છે. આમ વિષય પરાયણ પુરુષોએ ભગવાનની સ્તુતિ કરી છે, જેમાં માતા-પિતા ઈત્યાદિના રૂપમાં ભગવાનને સંબોધવાના સંદર્ભમાં શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીજીમાં તે પ્રત્યેકના વિશિષ્ટ ગુણોનો ખુલાસો કર્યો છે. જેમ 'માતા' કહેવાનું તાત્પર્ય, માતાના ઉદરમાંથી મનુષ્ય બહાર આવે છે તેમ જીવની ઉત્પતિ ભગવાનમાંથી જ થયેલી છે, જેમ દેવ ફલ આપે છે તેમ ભગવાન ફલ આપનાર છે, ઈત્યાદિ પ્રત્યેક સંબોધનના ખુલાસા આપશ્રીએ અહીં કર્યા છે. ભક્તો કહે છે કે જેના દર્શન સ્વર્ગમાં રહેનારાઓને પણ દુર્લભ છે, તેવા સૌને મોહ પમાડે તેવા સુંદર મુખકમલવાળા આપના અમને દર્શન થયા તે અમારૂં પરમ સૌભાગ્ય છે. સ્ત્રીઓ પ્રાર્થના કરતાં કહે છે કે ''હે અચ્યુત, હે કમલનયન જ્યારે આપ કુરુદેશમાં અને મથુરામાં સ્નેહીજનોને મળવા પધારો છો ત્યારે જાણે પ્રત્યેક ક્ષણ કરોડો વર્ષ જેવી લાંબી થઈ જાય છે. યોગી પુરુષ યોગ દ્વારા સમાધિમાં બેસે ત્યારે તેઓ નેત્રો બંધ કરે છે. કરોડો વર્ષ સુધી તેઓ સમાધિમાં હોય ત્યાં સુધી તેના દેહમાં કાંઈ ફેરફાર થતો નથી. જ્યારે તેમની આંખ ખુલે ત્યારે જાણે પલકવારમાં કરોડો વર્ષ પસાર થઈ ગયા હોય છે. તેવો જ અનુભવ દ્વારકાવાસીઓને પ્રભુના વિરહમાં થાય છે.

આમ પ્રજાની વાણીનું શ્રવણ કરી ભગવાન દ્વારકાનગરીમાં પ્રવેશ કરે છે. ત્યાં ઉત્સવ ઉજવાઈ રહ્યો હોય તેવી શોભા છે. સરોવરમાં કમલ ખીલ્યા હતાં. ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હતાં. વાતાવરણ સુગંધથી મહેકી રહ્યું હતું. મુખ્ય દ્વારે મંગલ તોરણ બાંધવામાં આવ્યા હતાં. ધ્વજા-પતાકાઓ ફરકતી હતી. મંગલ સાથીયા પ્રત્યેક આંગણામાં પૂરવામાં આવ્યા હતા. દીપક પ્રગટાવવામાં આવ્યા હતા. રાજમાર્ગ, શેરીઓ, આંગણા સ્વચ્છ કરાયેલ હતા. પ્રભુનું સ્વાગત કરવા વસુદેવ, અક્રુર, ઉગ્રસેન, બલરામ, પ્રદ્યુમ્ન જાંબુવતીના પુત્ર સાંબ ઈત્યાદિ સૌ કુટુંબીજનો, નગરવાસીઓ મંગળ દ્રવ્યો લઈને વેદોચ્ચાર સાથે સામા આવ્યા. તે સમયે સેંકડો નૃત્યાંગનાઓ, નટો, ગંધર્વો, ભાટ-ચારણો ઈત્યાદિ ભગવાનના ઉત્તમ ચરિત્રોનું ગાન કરતાં હતાં. ભગવાને તે સર્વ-બંધુઓ, નગરવાસીઓ અને સેવકોને વિધિવત માન આપી, સૌને તેઓએ ઈચ્છેલા વરદાન આપી પુરીમાં પ્રવેશ કર્યો. શ્રીકૃષ્ણ જ્યારે રાજમાર્ગે આવ્યા ત્યારે કુળવાન સ્ત્રીઓ તેમના દર્શન કરવા મેડીઓ ચઢી. ભગવાનના દર્શન એ જ જાણે મહોત્સવ હતો. આનો ખુલાસો કરતાં કહે છે કે ભગવાન સદા ઉત્સવરૂપ હોય છે. ઉત્સવ ઘણો જ આનંદ કરાવનાર હોય છે. ભગવાનના દર્શન કરવા છતાં સ્ત્રીઓને તૃપ્તિ થતી ન હતી. અર્થાત્ સંતોષ થતો ન હતો. પહેલી ક્ષણમાં થયેલું

દર્શન બીજી ક્ષણમાં પુનઃ દર્શન કરવાની રૂચી ઉત્પન્ન કરે છે. તેથી દ્વારકાવાસીઓને દર્શન કરવા છતાં તેમના નેત્ર તૃપ્ત થતાં ન હતાં. દર્શન ભૂલીને ‘દૃષ્ટિએ’ પોતાનું સ્થાન ભગવાનના સ્વરૂપમાં શોધવા માંડ્યું, પરંતુ હૃદયમાં તો લક્ષ્મીજી બિરાજે છે એટલે ત્યાં સ્થાન ન મળે. લક્ષ્મીજી પોતાના નેત્રરૂપ ભ્રમર દ્વારા ભગવાનના મુખકમલનું રસપાન કરે છે માટે તે પણ રીક્ત નથી. ભગવાનનો મધ્યભાગ વસ્ત્રાદિથી ઢંકાયેલો છે એટલે દૃષ્ટિને ત્યાં સ્થાન મળતું નથી. બાકી રહ્યા ચરણ કમળ, જેમાં એક તો વામન અવતારમાં પૃથ્વી માપતાં ભેદેલા બ્રહ્માંડમાંથી બહાર આવતું જલ અટકાવવા કાયમ માટે રોકાયેલું છે, એટલે બાકી રહ્યું બીજુ ચરણ. પરંતુ તે પણ ‘સારંગ’ લોકોએ અર્થાત્ સદાચારી, કર્મનિષ્ઠો અને જ્ઞાનીઓ ઈત્યાદિઓએ કબજો જમાવેલો છે. જ્ઞાનીઓ ત્યાં વસે છે, ભગવાનના યશનું ગાન કરનાર ભક્તો પણ ત્યાં વસે છે આમ એક ચરણ ઉપર આટલા બધા લોકો અધિકાર જમાવે તો ત્યાં સુખ ક્યાંથી મળે? ત્યાં પોતાનું સ્થાન ક્યાં? માટે જ ભગવાનના દર્શન કરતી દૃષ્ટિને સંતોષ થતો નથી તેમ અહીં સમજાવ્યું છે.

અદ્ભુત શોભાવાળા ભગવાન પ્રથમ પોતાના પિતાના ઘરમાં પધાર્યા. દેવકી સહિત સાત માતાઓ (દેવકીની છ બહેનો સાથે) અને વસુદેવજીની અન્ય અગિયાર સ્ત્રીઓ મળી કુલ અઢાર માતાઓને એક સાથે ભગવાને વંદન કર્યા. તે પછી ભગવાન, જેમાં સોળ હજાર પત્નીઓના મહેલ હતા તેવા વિશ્વકર્માએ રચેલા અદ્ભૂત મહેલમાં પધાર્યા. અહીં પ્રભુ ઈશ્વર તરીકે નહીં પરંતુ પતિ તરીકે પધાર્યા છે જેને નિહાળી સર્વે પત્નીઓ એકાએક ઊભી થઈ ગઈ. લજ્જાથી તેમના નેત્ર અડધા બીડાયેલ હતાં. તે બધી જ પત્નીઓએ એક સાથે મનથી ભગવાનનું આલિંગન કર્યું. ભગવાનની લીલા નિત્ય નૂતન છે. પ્રભુ પૃથ્વીનો ભાર ઉતારી, શસ્ત્ર-સંન્યાસ લઈ પધાર્યા છે. જે સ્ત્રી-રત્નોને જોતા કામદેવ પણ મોહ પામીને પોતાના આયુધ મૂકી દે છે તેવી ઉત્તમ પ્રમદાઓ અનેકવિધ વિલાસો કરવા છતાં ભગવાનને ચલિત કરવા સમર્થ થઈ શકતી નથી.

મૂર્ખ લોકો ભગવાનને સંગ રહિત હોવા છતાં પોતાના જેવા સંગવાળા માને છે. તેથી **‘મનુષ્ય જેવી ચેષ્ટા કરનારા’** એમ કહ્યું છે. અવિદ્યાના કારણે જીવરૂપ ઉપાધિને લીધે અહીં ‘મનુષ્યનું અજ્ઞાનીપણુ’ જણાવ્યું છે. વિષયોના સંબંધથી ‘જીવપણુ’ પ્રાપ્ત થાય છે. ભગવાનનો વિષયો સાથેનો સંબંધ તો તેમનું ઈશ્વરપણુ જણાવનારો છે, કારણ કે નિશ્ચિત કાર્ય કરનાર વિષયોનો સંબંધ તેમનામાં કાર્ય કરતો નથી, અર્થાત્, તેનાથી ભગવાનને કાંઈ અસર થતી નથી. વિષયોમાં રમણ કરતા હોવા છતાં પણ તેમનામાં (વિષયોમાં) કર્તાને વશ કરવાપણુ, સ્વરૂપની હાનિ કે દોષ ઉત્પન્ન કરનાર હોવાપણુ, વગેરે વિષયોના ગુણો સાથે ભગવાન સંબંધમાં આવતા નથી. ભગવાન સર્વના આધાર હોવાથી પ્રકૃતિના ગુણો તેમની પોતાની અંદર જ રહેલા હોય છે. જેવી રીતે મહારાજાની પાસે રહેલા શસ્ત્રો, બંધનો વગેરે પોતાના આશ્રય રૂપ મહારાજાને કાંઈ કરતાં નથી. કારણ કે બીજાઓના પ્રયોજનથી જ તેમનો સંગ્રહ થયેલો હોય છે **તેમ શ્રી પુષ્ટિ, વાણી, કાંતિ,**

કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા અને માયાથી સેવાતા, **'વિદ્યા અને અવિદ્યા'** એ મારા તનુ છે, તેમ ભગવાન એકાદશ સ્કંધમાં કહે છે. **મતિ એટલે વિદ્યા** અને **અમતિ એટલે અવિદ્યા.** તે ભગવાનના આશ્રયે રહેલી હોઈ ભગવાનમાં પોતાનું કાર્ય કરતી નથી, તેવી જ રીતે આ વિષયો પણ ભગવાનમાં પોતાનું કાર્ય કરતાં નથી. જેમ આંધળાઓ હાથીને સ્પર્શથી વિચારે પરંતુ એને નયનથી જ જાણવો જોઈએ, તેમ **ભગવાનના શાસ્ત્રોથી જ ભગવાનને જાણવા જોઈએ, નહીં કે અમુક સ્થિતિવાળી ક્રિયાથી તેમને જાણવા જોઈએ.**

જેમ જ્ઞાનીઓ પોતાના તર્કથી ભગવાનને ખોટી રીતે જાણે છે- નિરીશ્વર સાંખ્યવાદીઓ કહે છે કે ઈશ્વર છે જ નહીં, વેદને નહીં માનનારા પણ આમ જ કહે છે, પૂર્વમીમાંસકો યજ્ઞ વગેરે જ ઈશ્વર હોવાનું કહે છે, વૈશેષિકો વગેરે ઈશ્વરને માત્ર 'કર્તા' કહે છે, તો વળી કેટલાક ઈશ્વર અમુક જીવ જ હોવાનું માને છે. તેમ બધાને મૂળ પ્રમાણનું જ્ઞાન ન હોવાથી પોતાના અનુમાનથી તેવું માનનારા છે. તેવી જ રીતે ભગવાનને ન ઓળખનાર સ્ત્રીઓની માન્યતા પણ એવી જ હતી.

- **સુબોધિની – (અધ્યાય ૧૨)**

આ અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા આવે છે. શૌનક ઋષિ સૂતજીને પૂછે છે કે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી હણાયેલા ઉત્તરાના ગર્ભને ભગવાને તેના ગર્ભમાં જ બિરાજીને તેની રક્ષા કરી તે મહાત્મા અને મહાબુદ્ધિશાળી પરીક્ષિતના જન્મ કર્મ અને મૃત્યુની કથા અમને સંભળાવો. **'મહાબુદ્ધેઃ'** શબ્દથી તેમણે પૂર્વ જન્મમાં પ્રાપ્ત થયેલ જ્ઞાન વિશે અને **'મહાત્મા'** શબ્દથી તેમના શુભકર્મોનો નિર્દેશ કરે છે. પરીક્ષિત ભગવદીય હોવાથી શ્રધ્ધાવાન છે અને માટે જ શુકદેવજીએ તેને ભાગવતનું જ્ઞાન આપ્યું છે, તેમ અમને, શ્રદ્ધાવાળાને, તમે તે કથા સંભળાવો તેમ ઋષિ વિનંતી કરે છે. (ઋષિઓ પણ શ્રધ્ધાવાળા છે.)

સૂતજી કથા આરંભતાં કહે છે કે યુધિષ્ઠિર પોતાના પિતાની જેમ પ્રેમથી પ્રજાને પ્રસન્ન રાખતાં હતાં. પોતાના ધર્મ અને વિષ્ણુની ભક્તિથી બધુ ઉત્તમ થાય છે. **વિષયોમાં તૃષ્ણા ન રહેવી તે જ ભક્તિ સૂચવે છે.** રાજા ઉત્તમ હોવાથી તેનું રાજ્ય, તે કાલ અને વંશ ઉત્તમ હતાં. તેથી તેમની પ્રજા પણ ઉત્તમ હતી. તેના રાજ્યમાં સર્વ સ્થળે શ્રી કૃષ્ણની સેવા જ પ્રસરેલી હતી. તેથી તે દેશ ઉત્તમ હતો. **રાજામાં 'વૈરાગ્ય' સાધન તરીકે ન હતો પરંતુ તે ભક્તિના અંગરૂપ સ્વાભાવિક હતો.** યુધિષ્ઠિર પાસે બધી સમૃધ્ધિ હતી પણ તેના મનમાં કોઈ કામના ન હતી. તેમનું મન ભગવાનમાં મગ્ન હતું. યુધિષ્ઠિરના આવા મંગળ રાજ્યમાં પુત્રવધૂ ઉત્તરાના ઉદરમાં તેનો ગર્ભ બ્રહ્માસ્ત્રથી બળતો હતો. તેમ છતાં તે (પરીક્ષિત) વીર હોવાથી તેણે અંગુષ્ઠ માત્ર પ્રભુના દર્શન કર્યા. ભગવાન ઉત્તરાના ઉદરમાં પ્રવેશ કરીને ચક્કર મારતાં હતાં. ભક્તની રક્ષા કરવા અંગુષ્ઠ જેટલા સ્વરૂપે ભગવાન ઉત્તરાના ઉદરમાં પધાર્યા હતા. મલીન સ્થાનમાં પધાર્યા છતાં તેઓ અમલ રહ્યા.

તેમણે મસ્તકે મુકુટ ધારણ કર્યો છે, પીળુ પીતાંબર પહેર્યું છે, કાને સોનાના કુંડળ ધારણ કર્યા છે. ક્રોધના કારણે તેમના લોચન રાતાં બનેલા છે. પ્રાણરૂપ અથવા વાયુરૂપ ગદા તેમના હાથમાં છે અને તે ઘુમાવતાં તેઓ ભક્તની રક્ષા કરી રહ્યા છે, અને બ્રહ્માસ્ત્રના તેજને શાંત કરી રહ્યા છે. જેમ સૂર્યથી ઝાકળ શમે પછી તેની કોઈ નિશાની રહેતી નથી તેમ પરીક્ષિતના દેહ ઉપર બ્રહ્માસ્ત્રથી બળવાની કોઈ નિશાની રહી નથી. દશ માસ સુધી ઉદરમાં બાળકની રક્ષા કરી ભગવાન અંતર્ધ્યાન થઈ ગયા. પ્રસૂતિકાળે ગ્રહો સાનુકુળ હતાં તેથી યથા સમયે પાંડુ રાજા જેવો કુમાર પ્રગટ થયો.

પૌત્રનો જન્મ છતાં યુધિષ્ઠિર પ્રસન્ન થયા. ધૌમ્ય વગેરે બ્રાહ્મણોને સાથે રાખી તેમના જાતક વગેરે કર્મો કરાવ્યા. પુણ્યાહવાચન કરાવી દાન આપી બ્રાહ્મણોને સંતુષ્ટ કર્યા. સર્વજ્ઞ વસિષ્ઠ મુનીએ સમજાવ્યું કે **'કુરૂ'** વૈષ્ણવ હતાં, તેમના પૂર્વજો પિતૃભક્ત હતાં. તેમના વંશની હાનિ ન થાય માટે ભગવાને કેવળ તેમના ઉપર કૃપા કરવા માટે જ બાળકની રક્ષા કરી છે. યુધિષ્ઠિરે પૂછ્યું કે 'શું તેમનો આ દીકરો યશસ્વી થશે, સાધુ પુરુષો એ દીકરાને માન આપશે?.' તેના જવાબમાં બ્રાહ્મણો કહે છે કે આ દીકરો પ્રજાની રક્ષા કરનારો થશે, તે પ્રજાનું પાલન કરનાર, શત્રુ અને મિત્ર પ્રત્યે સમાનભાવ રાખનાર શરણે આવનારનું રક્ષણ કરનાર **'શરણ્ય'** થશે. આવા ગુણો સમજાવવા તેમના પૂર્વજોના પ્રસંગો કહે છે. તે તે મનુપુત્ર ઈક્ષ્વાકુ જેવો વંશપ્રવર્તક, રામ જેવો સત્ય પ્રતિજ્ઞાવાળો, બ્રાહ્મણ પ્રિય, શિબિ-રાજા જેઓ આશ્રય આપનાર અને દાની, દુષ્યન્ત પુત્ર ભરત જેવો અનેક યજ્ઞ કરીને કીર્તિનો વિસ્તાર કરનાર, અર્જુન જેવો શ્રેષ્ઠ ધનુર્ધારી, સિંહ જેવો પરાક્રમી, ક્ષમા કરવામાં પૃથ્વી જેવો ઉદાર, વિચાર વગર કૃપા કરવામાં ભગવાન શંકર જેવો થશે, ને યયાતિ જેવો ધાર્મિક, રંતિદેવ જેવો ઉદાર, બલિરાજા જેવો ધૈર્યવાન, પ્રલ્હાદ જેવો ભગવાનમાં શ્રધ્ધા રાખનાર થશે. અંતકાળે તે શ્રીમદ્ ભાગવતને સાંભળીને કૃષ્ણને સમજનારો થશે, તે ભગવાનથી વિમુખ નહીં થાય, જે પરીક્ષિત નામે પ્રખ્યાત થશે. વળી તેને ત્યાં રાજર્ષિ દીકરાઓ થશે, તે કલિનો નિગ્રહ કરશે. પૃથ્વીને સુખ આપશે, ધર્મની રક્ષા કરશે પરંતુ તે બ્રાહ્મણના શાપથી તક્ષક દ્વારા તેનું મૃત્યુ થશે છતાં તે વ્યાસજીના દીકરા શુકજી પાસેથી પોતાના સ્વરૂપનું અને બ્રહ્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી ભગવદ્ ચરણાર્વિંદને પ્રાપ્ત કરશે. બ્રાહ્મણો આ પ્રમાણે પરીક્ષિતના ગુણો કહી તેના વિશે ભવિષ્યવાણી કરી વિદાય થયા.

• સુબોધિની – (અધ્યાય ૧૩)

ઉપર જણાવ્યું તેમ ભાગવતનું શ્રવણ કરનાર પરીક્ષિતના દેહની ઉત્પત્તિનું વર્ણન કર્યા પછી તેની મુક્તિ થાય તે હેતુથી તેના ત્રણ વડવાઓની મુક્તિની કથા કહે છે. તેના પિતાની, પ્રત્યેક દાદાઓની અને તે પહેલાં તેમના પ્રપિતામહની મુક્તિ કહેવામાં આવી છે, કારણકે જેમના પિતાઓ મુક્ત થયેલા ન હોઈ તેઓ મુક્તિ પ્રાપ્ત કરતા નથી. માટે તેમના ચિત્તની શુદ્ધિ બાબત જણાવે છે :

મહાભારતના યુદ્ધ સમયે તીર્થયાત્રામાં ચાલ્યા ગયેલા કાકા વિદુરજી હસ્તિનાપુર પાછા ફર્યા છે. માંડવ્ય મુનિના શાપથી યમરાજાને સો વર્ષ માટે શૂદ્રત્વ મળેલું તે વિદુરજી તરીકે જન્મ્યા હતાં. જ્યારે તીર્થયાત્રા સમાપન થઈ ત્યારે તેમનું ચિત્ત શુધ્ધ થતાં તેઓ ઉધ્ધવજીના ઉપદેશથી ભગવાનની ચેષ્ટા (નિર્હેતુકી ક્રિયા)નો અર્થ ‘લીલા’ છે તેમ જ્ઞાન પ્રાપ્ત કરી હસ્તિનાપુરમાં આવ્યા. તેમણે ભાગવતનો ત્રીજો અને ચોથો સ્કંધ મૈત્રેયજીના મુખથી શ્રવણ કરેલો તેથી. તેઓ સમજી ચુક્યા હતા કે બધું જ ભગવાનને વશ છે, પ્રભુ જે કરવા ઈચ્છે તેમ જ થાય છે. માટે કેવળ તેમના શરણે રહેવું અને તેઓ જેમ પ્રેરણા કરે તેમ કરવું, તેવું જાણીને તેઓ હસ્તિનાપુર આવ્યા હતાં. કાકા વિદુરજીને આવેલા જોઈને યુધિષ્ઠિરે તેમનું સ્વાગત કર્યું. તેમના કુશળ-મંગળ પૂછ્યા અને તેમણે કઈ રીતે પોતાનો નિર્વાહ ચલાવતાં, કયા મુખ્ય તીર્થક્ષેત્રોનું સેવન કર્યું, તેમ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી.

અહીં ખુલાસો કરે છે કે ભગવાનના ભક્તો સ્વયં જ તીર્થરૂપ છે તેઓ જ તીર્થોની શુદ્ધિ કરી તેને તીર્થરૂપ બનાવે છે, તેનું માહાત્મ્ય વધારે છે. **તીર્થમાં જઈને સામાન્ય લોકો પાવન થાય છે. તેમના પાપ તીર્થમાં એકઠાં થાય પરંતુ જ્યારે ભક્તો ત્યાં આવે ત્યારે તેમના હૃદયમાં બિરાજતાં ભગવાન તે પાપોને દૂર કરે છે, જેના કારણે તીર્થને પુનઃ તેમનું તીર્થરૂપ માહાત્મ્ય મળે છે.** માટે જ જેના હૃદયમાં પ્રભુ પ્રકટ બિરાજે છે તેવા ભક્તોથી પ્રભુની સ્પષ્ટ આજ્ઞા ન હોય તો તીર્થયાત્રા કરવા જવાય નહીં, કારણ કે પ્રભુની આજ્ઞા વગર જવાથી તીર્થના પાપ દૂર કરવાનું કાર્ય, પોતાની ઈચ્છા વગર પણ ભગવાને કરવું પડે, જેને પરિશ્રમ કહેવાય. **જે કાર્ય સ્વેચ્છાથી થાય, સહજપણે થાય તેમાં જ આનંદ આવે, તેને જ ‘લીલા’ કહેવાય.** આમ ભક્તોનું માહાત્મ્ય બતાવ્યું.

વળી, યુધિષ્ઠિરે વિદુરજીને યાદવોના કુશળ મંગળના સમાચાર પણ પુછ્યા, પરંતુ તેમણે યદુકાળના વિનાશની વાત કર્યા સિવાય અન્ય સર્વે વૃતાંત કહ્યો. અહીં **‘સુહૃદ’** શબ્દ યાદવોને પોતાના બાંધવો ગણી તેમના વિશે જાણવાની ઈંતેજારી બતાવી છે. અહીં કહે છે કે પુછેલું બધું જ કહેવું જોઈએ પરંતુ સત્ય કહેવું, પ્રિય કહેવું પણ સત્ય હોય છતાંય અપ્રિય ન બોલવું, પણ પ્રિય બોલવું છતાં અસત્ય ન બોલવું જોઈએ, એ નીતિ છે. વિદુરજીએ વિચાર કર્યો કે ભગવાનના પધારી ગયાના અને યદુકુળના નાશ થયાના સમાચાર જો યુધિષ્ઠિરને આપીશ તો તેને અસહ્ય દુઃખ થશે. તે સત્ય છે પરંતુ અપ્રિય છે. વિદુરજી ભક્ત હોવાથી તે કોઈનું દુઃખ જોઈ શકે નહીં, તેથી તે વિશે તેમણે કાંઈ કહ્યું નહીં કારણ કે અપ્રિય સત્ય બોલવું પડે ત્યારે મૌન રહેવું જોઈએ. વાસ્તવમાં સંપત્તિ કે સ્વજન ગયાનું દુઃખ સંસારીને થાય જ્યારે ભગવાનના ગયાનું દુઃખ ભક્તોને થાય. માટે વિદુરજીએ યુધિષ્ઠિરને ભગવાન સ્વધામ પધારી જવાની વાત ન કરી.

યુધિષ્ઠિરે ભાઈઓ સાથે અને પોતાના પૌત્ર પરીક્ષિત સાથે પોતાના ઘરમાં આસકિત થઈ ૨૬ વર્ષ રાજ્ય કર્યું. ભગવત્કાર્યમાં યુધિષ્ઠિરની અસાવધતા વિદુરજીએ જોઈ. સત્તા-સંપત્તિનો મોહ

અને ભોગ પ્રભુનું ભજન ભુલાવે છે. યોગ્ય સંતાનોને બધું સોંપી દઈને નિવૃત્ત થવાની વૃત્તિ જો ન થાય તો કલિયુગના પ્રભાવથી બુધ્ધિ નાશ થાય છે, અંતે કલહ થાય તે જાણી વિદુર ચેતી ગયા અને ધૃતરાષ્ટ પાસે આવ્યા, અને તેને ઉપદેશ આપ્યો. અત્યાર સુધી તેમના ઉપદેશની અસર થઈ ન હતી પરંતુ આજે ભગવદ્ ઈચ્છાથી થવાની હતી, તેથી તેમણે ધૃતરાષ્ટને કહ્યું કે આ આવેલા ભયને જુઓ. તે સર્વનો નાશ કરનારો 'કાળ' છે. તેણે કૃષ્ણરૂપે તમારા પુત્રનો સંહાર કર્યો, હવે કાળરૂપે તમને મારશે. આજે ભગવાન કાળરૂપે આવ્યા છે જે કોઈને છોડશે નહીં. તમારા બધા સ્વજન મરાયા, ઘડપણ આવ્યું પરંતુ જીવવાની જીજીવિશા તમારી ગઈ નથી. કુતરાની જેમ ભીમ આવી તમને પિંડ મુકી જાય છે તે તમે ખાવો છો. કુતરાને લોકો ગળામાં પટો પહેરાવે તેનો મોહ તે તેના જીવનની હાર છે. જે પાંડવોના તમે પ્રાણ લેવા પ્રયાસ કર્યા તે તમને પ્રાણ આપે છે, તેવા જીવનનું શું પ્રયોજન? જે દેહ હવે કશાને લાયક નથી તેનો બંધનમાંથી મુક્તિ મેળવી, વિરક્ત બની જે છોડી દે તે ધીરપુરુષ કહેવાય. માટે હૃદયમાં પ્રભુને પધરાવી વૈરાગ્યપૂર્વક અહીંથી ચાલ્યા જવું જ તમારે માટે શ્રેષ્ઠ છે.

વિદુરજીનો ઉપદેશ માની ધૃતરાષ્ટ તરત જ ઘરમાંથી બહાર નિકળી ગયા. તેની સાથે તેમની પતિવ્રતા સાધવી સતી ગાંધારીએ પણ પતિ સાથે હિમાલય તરફ પ્રયાણ કર્યું.

વિદુરજીની સલાહ માની ધૃતરાષ્ટ્ર ગાંધારી સાથે ચાલી નિકળ્યા પછી સવારમાં યુધિષ્ઠિર પ્રથમ માતા કુંતીને નમન કરી પોતાના બન્ને કાકાઓને નમસ્કાર કરવા તેમના ભવનમાં ગયા ત્યારે તેઓને ત્યાં ન જોતા તે વ્યાકુળ થઈ ગયા. તે અજાતશત્રુ છે કારણ કે તેને કોઈની સાથે વેરભાવ નથી. તે ધૃતરાષ્ટ્રને જ રાજા કહેવડાવે છે અને તેમના મહેલને જ 'રાજમહેલ' કહેવડાવે છે. ત્યાં બેઠેલા સંજયને કાકાઓ વિશે પૂછતાં શંકા કરી કે શું તેઓ ગંગાજીમાં પડ્યા? સંજય પોતે જ ધૃતરાષ્ટ્રને ન જોતા મુર્છા પામ્યો હતો છતાં યુધિષ્ઠિર રાજા હોઈ દંડ આપશે તેવા ભયથી તેણે કહ્યું કે તે સૌએ શું નિર્ણય કર્યો હશે તે હું જાણતો નથી. આપની ક્રિયાશક્તિ મારાથી અધિક હોવા છતાં જો આપ તે નથી જાણતા તો હું કેવી રીતે જાણી શકું?

તે સમયે નારદજી ત્યાં પધાર્યા. યુધિષ્ઠિરે ઊભા થઈ તેમને નમન કરી પોતાના બે પિતા અને માતાઓ ક્યાં ગયા હશે તે વિશે દુ:ખી થઈ પૂછ્યું. નારદજી ધર્મરાજાને સાંત્વના આપતાં કહે છે કે **આ સમગ્ર વિશ્વ ઈશ્વરને વશ છે. તેથી જ આ જગતમાં પ્રાણીઓને ભેગા કરે છે અને છૂટા કરે છે. ભગવાન જ તેનું નિયંત્રણ કરે છે. તે કોઈનો વિરોધી નથી તેમ મિત્ર પણ નથી. તે સર્વનું હીત કરનારો જ છે. તે પોતાની લીલા સિધ્ધ કરવા સર્વ કરે છે. તે જે કાંઈ કરે તેમાં સર્વનું હીત હોય છે.** પોતાનો પુત્ર મરી જાય ત્યારે ભગવાને હીત કર્યું કેમ કહેવાય? તેવી શંકાના સમાધાનમાં કહે છે કે પુત્રમાંથી મમતા દૂર થાય માટે તેમ ભગવાન કરતાં હોય છે માટે તેને હીત જ જાણવું જોઈએ. સર્વ કાંઈ ભગવાનને આધિન હોવાથી પોતાનો કોઈ પ્રકારે શોક કરવો જોઈએ નહીં

કારણ કે ઉદ્‌વેગ કરવાથી ભગવાન નારાજ થાય. પોતાને માટે ભગવાન જે કાંઈ કરે તે તેમની ‘લીલા’ છે. અહીં શંકા થાય કે ભગવાનની લીલા તો ઘણા સમય સુધી લંબાયેલી હોવાથી દુ:ખની પરંપરા થાય તેથી શોક સ્વાભાવિકપણે થાય. તેના ખુલાસામાં કહે છે જેવી રીતે કોઈ નાનું બાળક રમવા બેસે ત્યારે તે પોતાની ઈચ્છાથી રમકડાને પોતાની પાસે લાવે અને દૂર પણ કરે. એકઠા પણ કરે અને છુટા પણ કરે. તે બધું તેની ઈચ્છાનુસાર તે કરે છે. તેવી જ વાત ભગવાનને વશ બધા પ્રાણીઓની છે. તેમણે જ પોતાની લીલા માટે આ બધું જ સર્જ્યુ છે, અને તે રમકડાવત્ તેની સાથે ખેલે છે. આ બધી ક્રીડાથી ભગવાનની લીલા જ સિધ્ધ થાય છે. જો ભગવાનની લીલામાં દોષ જોઈએ તો તે બહુ દુ:ખ આપે. એ વાત સમજાવતા કહે છે કે જેવી રીતે બળદોને નાકમાં દોરી નાંખી વશમાં કરાય છે તેમ અહંતા-મમતા રૂપ દોરડીથી વિષયરૂપ નાકમાં પરોવાયેલી ઈન્દ્રિયો રૂપ રાંઢવાથી બંધાયેલા જીવો ભગવાનને વશ રહે છે.

ભગવાને જીવોને પોતાની ક્રીડા માટે સર્જેલા છે. તે બધા ભગવાનના રમકડાં છે અને તેઓ ઈચ્છે તેમ તેમની સાથે ખેલે છે. માટે તે માટે શોક કે હર્ષ કરવો યોગ્ય નથી. કેટલાક ઈશ્વર નથી એવા મતવાળા હોય છે, તેઓએ વેદને ન માનનારા માટે પણ શોક કરવો યોગ્ય નથી. કોઈ જગતને નિત્ય માને છે, કોઈ અનિત્ય માને છે, કોઈ ન હતું, નથી, નહીં હોય, તેથી નિત્ય નથી અને અનિત્ય નથી, પરંતુ મિથ્યા છે એમ માને છે. તેથી ધૃતરાષ્ટ્ર, વિદુર અને ગાંધારી, કોઈના પણ વિશે શોક કરવો યોગ્ય નથી કેમ કે જે નિત્ય હોય તેનો શોક કરવો યોગ્ય નથી, પાણીના પરપોટા જેવું જે અનિત્ય હોય તેનો પણ શોક કરવો યોગ્ય નથી, વળી જો સસલાના શીંગડા જેવું મિથ્યા હોવાનું વિચારતા હોય તો તો જરા પણ શોક ન થવો જોઈએ અને જો નૈયાયિકોના વિકલ્પ પ્રમાણે શોક થવો સંભવ છે તો તેને માટે કહે છે કે શત્રુનું મરણ થાય ત્યારે શા માટે શોક નથી થતો અને મિત્રના મરણનો શોક થાય છે, તેનું કારણ સ્નેહ છે, અર્થાત્ અનિષ્ટ કરનાર સ્નેહ છે માટે તેનો ત્યાગ કરવો જોઈએ.

રાજા શંકા કરે છે કે તેઓ રક્ષક વિનાના કેવી રીતે પોતાની આજીવિકા કરતાં હશે? તેનો જવાબ આપતાં નારદજી સમજાવે છે કે તું રક્ષા કરનાર છે તે વિચાર જ અયોગ્ય છે, કારણ કે રાજાનો અર્થ ‘દેહ’ છે. આ દેહ કાળને આધીન છે પરંતુ કાળતો માત્ર નિમિત્ત છે. વાસ્તવમાં દેહ કર્મને અધીન છે. પણ કાળની પ્રેરણાથી જે કર્મ કરેલું હોય તેનું ફળ ભોગવવાનું તેને માટે જરૂરી છે. કર્મ પણ તેના સ્વભાવ મુજબ થતું હોઈ કર્મ પણ નિમિત્ત જ બને છે. આમ ત્રણે દોષો - કાળ, કર્મ અને સ્વભાવથી ઘેરાયેલો આ પંચ મહાભુતોના વિકારરૂપ દેહ રક્ષણ કરવા યોગ્ય કેવી રીતે હોઈ શકે ? પંચમહાભુતો તો સ્વયં ભક્ષણ કરનારા છે, જેમણે આત્માનું અધ્યાસો દ્વારા ભક્ષણ કર્યું છે તો તે રક્ષક કેવી રીતે બની શકે. આ પ્રકારે ભગવાનની જ સર્વત્ર વ્યવસ્થા છે માટે તેમાં કોઈને માટે શોક કરવા જેવું છે જ નહીં.

તેઓ શું ખાતા હશે તેવી પણ ચિંતા છોડી દે કારણ કે જીવ જ જીવની આજીવિકા છે. હાથ વગરના હાથવાળાની, પગ વગરના ચાર પગવાળાની નાના મોટા જીવોની આજીવિકા છે. માટે તે વિશે ચિંતા કરવી નિરર્થક છે.

અહીં વળી શંકા કરે કે ભગવાન પોતે જ સર્જેલા જીવો માટે આવું કેમ કરતાં હશે ? એક જીવ બીજાને ખાઈને રહે તેવી વ્યવસ્થા શા માટે - તેવા પ્રશ્નના સમાધાન માટે કહે છે કે 'આવો વિચાર કરવો યોગ્ય નથી. **ભગવાનમાં નથી પક્ષપાત કે નથી ઘાતકીપણું, કારણ કે તે પોતે જ જગદ્રૂપ છે. આ જગત જ ભગવાને લીધેલું રૂપ છે, જે કારણથી સર્વ સર્વનો ખોરાક થાય છે તેથી એક બીજાનું ભક્ષણ કરે છે તેમ ન કહેવાય.** પોતે બનાવે અને પોતે જ તે ભક્ષણ કરે તે ભગવાન માટે અયોગ્ય છે તેવી શંકાના સમાધાનમાં કહે છે કે **જે સર્જવાના છે અને સર્જનારા છે તે જુદા નથી. સર્જેલા પણ જુદા નથી કારણ કે જેવી રીતે કાચબો પોતાના અંગોને પોતાની અંદર પ્રવેશ કરાવે છે તેવી જ રીતે ભગવાન કરતા હોવાથી તેને દોષ નથી.** અહીં **'આત્મા'** શબ્દપ્રયોગ થયો છે તેનો અર્થ બધું વ્યાપ્ત રહે છે તેમ છે. તેથી બહાર રહેલાને પોતાની અંદર પ્રવેશ કરાવે અને અંદર રહેલાને બહાર પ્રગટ કરે અર્થાત્ **ભગવાન પોતાની અંદર જ પોતે અંદર અને બહાર રહેલ છે** તેથી ભગવાન દોષી ઠેરતા નથી. ભગવાનની સ્થિતિ ક્યાં છે તે બતાવવા **'અંતરો-અનંતરો'** કહ્યું છે અર્થાત્ **અંદર અને બહાર તેઓ પ્રકાશે છે.**

છેવટે શ્રીકૃષ્ણનું ચરિત્ર કહીને ઉપસંહાર કરતાં નારદજી કહે છે કે તારા પિતાઓ - વિદુર અને ધૃતરાષ્ટ્ર પોતાની પત્ની ગંધારીને લઈને હિમાલયની દક્ષિણે ઋષિઓના આશ્રમમાં ગયેલ છે, જ્યાં સ્વર્ગની નદી (ગંગા) એ સાત પ્રકારે સાત પ્રવાહો કર્યા છે, તેમાં તેઓ સ્નાન કરીને, વિધિ પ્રમાણે હોમ કરીને વાનપ્રસ્થ આશ્રમમાં ખેડ્યા અને રાંધ્યા વિનાના અન્નથી આરંભી વાયુ ભક્ષણ સુધીના આહાર જે શાસ્ત્રમાં કહ્યા છે તે કરે છે. તેમણે અષ્ટાંગ યોગ સિધ્ધ કર્યો છે. તેઓ જરૂર કૃતાર્થ થશે. તમે તેમાં કોઈ પ્રકારનો વિઘ્ન ન કરશો. પાંચમે દિવસે ધૃતરાષ્ટ્ર દેહ છોડશે, ગાંધારી પતિ સાથે સતી થશે અને તે પછી વિદુરજી તીર્થસેવન માટે નીકળી જશે. આમ કહી નારદજી સ્વર્ગમાં પધાર્યા.

• સુબોધિની – (અધ્યાય ૧૪)

તેરમા અધ્યાયમાં ધૃતરાષ્ટ્રની મુક્તિનું વર્ણન કરી હવેના બે અધ્યાયોમાં પાંડવોની મુક્તિ અને તેના કારણ બતાવવામાં આવ્યા છે. ચૌદમા અધ્યાયમાં ભૂમિનો ત્યાગ કરી ભગવાનના સ્વધામ પધારી જવાની વાત છે. આ અધ્યાયમાં યુધિષ્ઠિરને ચોતરફ અમંગળ થવાના એંધાણથી પુન : શોક થાય છે. અર્જુન દ્વારકાથી આવી ભગવાનના નિજધામ પધારી જવાના સમાચાર સંભળાવે છે. ભગવાન શું કરે છે તે જાણવા અર્જુન દ્વારકા ગયેલો અને તેને આવવામાં વિલંબ થતાં અને અપશુકનો થતાં યુધિષ્ઠિર ચિંતીત બને છે. શોક છોડવો સહેલો નથી, એક છુટે અને બીજો આવે

તેવી યુધિષ્ઠિરની સ્થિતિ થઈ ગઈ છે.

અર્જુનને દ્વારકા ગયે સાત મહિના થઈ ગયા હતા છતાં તે કૃષ્ણના સમાચાર લઈને પાછો આવ્યો ન હતો. ચારે તરફ અમંગળ ચિન્હો દેખાતાં હતાં. કાળની ગતિ ભયંકર દેખાતી હતી. સર્વત્ર ક્રોધ અને લોભ સૌના અંતરમાં ઊભરાતાં હતાં. લોકોનો વ્યવહાર કપટ ભરેલો હતો. સ્નેહ જાણે સુકાઈ ગયો હતો. માતા-પિતા, મિત્રો, ભાઈઓ, દંપત્તિઓમાં પરસ્પર કલેશ થતો હતો, આવા અનિષ્ટ થવાના ચિન્હો જોઈ યુધિષ્ઠિર વિચારમાં પડ્યા અને ભીમસેનને પુછ્યું કે હજી અર્જુન કેમ નહીં આવ્યો હોય? શું નારદે કહ્યો હતો તે કાળ આવી ગયો? પૃથ્વી પર સર્વત્ર અમંગળ વર્તાય છે. મારૂં ડાબુ અંગ ફરકે છે. પૃથ્વી જાણે કાંપતી હોય તેમ જણાય છે. નદી-સરોવરના નીર જાણે ક્ષોભ પામ્યા હોય તેમ લાગે છે. અગ્નિમાં ઘી હોમવા છતાં તે સળગતો નથી. ગાયોએ દૂધ દેવાનું બંધ કર્યું. આમ સર્વ પ્રકારે જાણે ઉત્પાત થતો હોય તેવા વાતાવરણનું યુધિષ્ઠિરે વર્ણન કરી શોકાતુર થયો ત્યાં તેણે અર્જુનને આવતો જોયો. તે નિસ્તેજ થયેલો હતો. તે રડતો હતો.

યુધિષ્ઠિરે શંકા કરતાં દ્વારકામાં સૌ સંબંધિઓના કુશળ મંગળ પૂછ્યા. પ્રત્યેકના નામ દઈ દઈને તેમની કુશળતા જાણવા પ્રશ્નો કર્યા. કૃષ્ણ વિશે પૂછતાં કહે છે કે ‘બ્રાહ્મણોનું સદા હિત કરનાર, ભક્તો ઉપર પ્રેમ રાખનાર, લોકોનું સદા મંગળ કરનાર, યાદવોના કલ્યાણ અને સમૃધ્ધિ માટે, સદા ચિંતિત રહેનારા એવા આદ્યપુરુષ - જે આ સૃષ્ટિના મૂળ કારણરૂપ છે, જે સ્વયં જ કાળ, કર્મ અને સ્વભાવરૂપ છે તેમના વિશે મને કહે.’ અર્જુનની શોકાતુર સ્થિતિ જોતા પૂછે છે કે ‘તું આમ નિસ્તેજ કેમ દેખાય છે ?, શું તું નિરોગી છે ?, તારા સાસરે શું તારો (લાંબા સમય સુધી ત્યાં રહેવાના કારણે) તિરસ્કાર થયો છે ?, શું તું કોઈ અયોગ્ય સ્ત્રી સાથે સંબંધ બાંધવાથી અપમાનિત થયો છે ? શું તેં યાચકને આપવાનું કહી તેને દીધું નથી, શું બ્રાહ્મણ, બાળક, ગાય, વૃધ્ધ, રોગી, સ્ત્રી વગેરે શરણાગતનો ત્યાગ કર્યો છે ?, શું બાળક, ગુરુજન, વિપ્રને પોતાના પહેલા જમાડાય છતાં તેમને છોડીને જમ્યો છે ? કે પછી સર્વથી અધિક પ્રિય એવા આત્માના બંધુ, અંતર્યામી અર્થાત્ ભગવાન સ્વયં હવે રહ્યા નથી તેથી તું નિરાશ થઈ આમ દુ :ખી થાય છે ? શું ખરેખર એ જ કારણ છે ? અન્યથા તું આટલો દુ :ખી ન હોઈ શકે, તે સિવાય તને આટલો શોક સંભવે નહીં.

• સુબોધિની – (અધ્યાય ૧૫)

આ અધ્યાયમાં યુધિષ્ઠિરની મુક્તિનું વર્ણન છે. અહીં ભક્તિથી મુક્તિની વાત કહેવામાં આવી છે. યુધિષ્ઠિરના પ્રશ્નો સાંભળી અર્જુન રડતો રહ્યો. તે ભગવાન શ્રી કૃષ્ણનો સખા હતો. કૃષ્ણના સ્વધામ પધારી ગયાથી - તેમના વિયોગથી દુબળો થયેલો હતો. જેની કાંતિ નાશ પામેલી છે તેવો અર્જુન તરત ઉત્તર આપી શક્યો નહીં. તેના હૃદયમાં રહેલી ભક્તિ અર્જુનને ભગવાનના સ્વધામ પધાર્યાના સમાચાર આપતા રોકતી હતી, પરંતુ પ્રભુના સ્મરણની પ્રબળતાના કારણે અર્જુને

ગદ્ગદ્ કંઠીથી પોતાના અશ્રુ લૂછતાં ભગવાનના અનેક ઉપકારોને યાદ કરતાં કહ્યું કે ‘મહારાજ, બંધુરૂપ ભગવાને મને છેતર્યો છે.’ ભગવાન માટે તેણે **‘સખ્યં, મૈત્રીં, સૌહૃદં ચ’** શબ્દોનો પ્રયોગ કર્યો છે. જે સરખા સ્વભાવવાળા, આપત્તિમાં આવી પડેલાનો ત્યાગ ન કરે તેવા, સારા હૃદયના ભાવવાળા અને જેમાં સ્વામીપણું, ગુરુપણું છે તેવા - આદિ શબ્દથી સહાય કરવાવાળા, દૂતપણુ, યુદ્ધભૂમિમાં અનુસરણ કરનારા એવા ભગવાનના ગુણોનું સ્મરણ કરતાં કહે છે. તેમને માટે ‘હરિ’ શબ્દનો પ્રયોગ પણ કરે છે, કેમ કે તે સર્વ દુ :ખ હરનારા છે. તે કહે છે કે ‘ભગવાને મારું તેજ હરી લીધું છે.’ તેનું કારણ સમજાવતાં કહે છે કે હકીકતમાં તેમ કરી ભગવાન પરમકૃપાળુ છે, તેમ દર્શાવ્યું છે. તેમણે અર્જુન પર કૃપા કરી છે. **જો તેનું તેજ ન હરે તો આગળ જતાં તે અભિમાનથી ઉધ્ધત બને, તેનો સર્વનાથ થાય, તેને મુક્તિ ન મળે.** આવી સ્થિતિ ટાળવા ભગવાને તેનું તેજ હરી લીધું. ભગવાન કાંઈપણ લઈ લે કે દઈ દે તેને ભગવાનની કૃપા જ માનવી. મનુષ્ય મોહથી છેતરાય છે, પરંતુ ભગવાનની કૃપાથી જ તેને સાચું જ્ઞાન થાય છે.

અર્જુન કહે છે કે સત્વ, રજ આદિ ગુણોના નવ પ્રકારના ભેદથી શ્રીકૃષ્ણે અમારા ઉપર ઉપકાર કરેલ છે. અહીં અર્જુન દ્રૌપદીના સ્વયંવરથી માંડી અનેક પ્રસંગોમાં ભગવાને કરેલા ઉપકારો વિસ્તારપૂર્વક ગણાવે છે. તે બધું યાદ કરતાં કહે છે કે તેમના આશ્રયથી જ તેણે દ્રૌપદીને પ્રાપ્ત કરી હતી, ખાંડવ વનમાંથી તેમણે જ બચાવ્યા હતા, ભીમે જરાસંઘને માર્યો હતો, દ્રૌપદીના સર્વોકૃષ્ટ કેશકલાપને સ્પર્શ કરનાર દુષ્ટોની પાસેથી છોડાવ્યા હતાં. દુર્વાસાના ક્રોધથી બચાવ્યા હતા. તેમના તેજના કારણે મેં દિવ્યાસ્ત્ર મેળવ્યા હતાં, ઈન્દ્રાસન પર સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અર્જુનને આ સમયે ભગવાનના અનેક સુમધુર સંબોધનો યાદ આવ્યા. ક્યારેક ‘હે પાર્થ’ કહે, ક્યારેક ‘સખે’ કહે. ક્યારેક ‘કુરુનંદન’ કહે તો વળી ‘અર્જુન’ કહીને પણ સંબોધે છે. પોતે અપરાધ કરે, ઉપહાસ કરે, છતાં કૃષ્ણ ક્રોધ ન કરે પરંતુ મીઠો ઠપકો આપતાં હસી પડે. આ બધું તે યાદ કરે છે.

તે યુધિષ્ઠિરને સંબોધીને કહે છે- **‘‘હું હવે પુરુષોત્તમ, સખા પ્રિય અને સુહૃદ વિનાનો થયો છું’’** આ ચાર શબ્દોનું તાત્પર્ય કે ઉત્તમ, મધ્યમ અને અધમ કાર્યથી બાતલ થયેલ છું એમ જણાવે છે. પ્રિય માણાસ પ્રિયનું હલકુ કાર્ય પણ કરે છે. સુહૃદ કહેવાનું તાત્પર્ય ‘હૃદયથી નિરાશ થયેલો’ એમ કહે છે. એ રીતે ભગવાનથી વિખુટો થવાથી હવે હું તે ધનુષ્ય, બાણો, રથ, જેના કારણે રાજાઓ મને નમન કરતાં હતાં તે સર્વ ઐશ્વર્ય વિનાનો થઈ ગયો છું. દ્વારકામાં યાદવોથી સ્થિતિ વર્ણવતાં કહે છે કે યાદવો શાપના કારણે મૂઢ થયેલા, વારુણી મદિરા પીને વિવેક ભૂલેલા તેઓ બીજા પ્રદેશ-પ્રભાસમાં થઈ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. હવે માત્ર ચાર-પાંચ અર્થાત્ તેમના શરીરમાં નવ દ્રવ્યો - **પંચમહાભૂત તથા કાળ, દિશા, આત્મા અને મન** રહેલા છે. પ્રાણીઓ જેમ પરસ્પરને હણે તેમ તેઓ એક બીજાને હણે છે અને પરસ્પર રક્ષણ પણ કરે છે. આનો ખુલાસો

કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે ભગવાન સર્વના કર્તા અને રક્ષણ કરનાર હોવાથી તેઓ જ આ કાર્યના કર્તા હોવાનો નિશ્ચય છે. 'કાળ' આ કાર્ય કરી રહ્યું છે પરંતુ 'કાળ' પણ ભગવાનનું જ રૂપ છે. રક્ષણ કરે તે 'પ્રેરક' એવા અંતર્યામીનું કાર્ય છે. યાદવોનો નાશ ભગવાનનું કાર્ય કેમ હોઈ શકે તે શંકાના સમાધાનમાં કહે છે કે જેમ મૂઢ થયેલા માછલા એક બીજાને માટે છે, નાનાને મોટા મારે છે, તેમ બળવાન યાદવો દુર્બળને હણે છે.

એ રીતે અર્જુન ગાઢ સ્નેહપૂર્વક શ્રીકૃષ્ણના ચરણકમળનું ચિંતન કરતો હતો ત્યારે તેની બુધ્ધિ શાંત અને સ્વચ્છ થઈ. તે સ્વસ્થ થયો. તેને ભગવાને મહાભારતના યુદ્ધ સમયે ગીતા દ્વારા તેને જે જ્ઞાન આપેલું, જે તે કાળ, કર્મ અને તમો ગુણોના કારણે ભૂલી ગયા હતાં તે તેના હૃદયમાં સ્ફૂરી આવ્યું. તેનો શોક દૂર થયો અને તેને બ્રહ્મભાવ સિધ્ધ થયો. પ્રભુના સ્વધામ પધારી જવાનું અને યદુકુળના સંહારનું વૃત્તાંત સાંભળી યુધિષ્ઠિરે પણ હવે દેવ માર્ગે જવાનો નિશ્ચય કર્યો. કુંતિજીએ પણ અર્જુન દ્વારા આ સમગ્ર વૃત્તાંત સાંભળીને ભગવાનમાં એકચિત્ત થઈ પરમ પ્રેમને લીધે પ્રકટ થયેલા ભગવાનમાં સાયુજ્ય પ્રાપ્ત કર્યું.

ભગવાન ના ભૂતળ ત્યાગ વિશે ખુલાસો કરતાં કહે છે કે જેમ નર પોતાના દેહને જ જુદા જુદા પ્રકારની ક્રીડા કરવા સ્ત્રી ઈત્યાદિના રૂપ ધારણ કરે છે અને કાર્ય પુરું થતાં તે રૂપો - આકારો સમાપ્ત કરે છે તેમ જે રૂપથી ભગવાને ભૂમિનો ભાર ઉતાર્યો તે ક્લેવરનો ત્યાગ કર્યો. **સર્વને મોક્ષ આપવા અવતરેલા ભગવાન જ્યારે મોક્ષ આપીને પધારી ગયા ત્યારે કલિના ગુણો પ્રગટ થયા.** કળિયુગ પ્રવૃત્ત થયો. યુધિષ્ઠિરે સર્વત્ર તેને પ્રસરતો જોયો. **લોભ, જુઠાણુ, કુટિલતા, હિંસા, અધર્મચક્ર ને તેમણે એક સાથે જોયું.** તેથી તે પણ સર્વ કાંઈનો ત્યાગ કરવાની ઈચ્છા કરી પોતાના પૌત્ર પરીક્ષિતનો હસ્તિનાપુરમાં અભિષેક કર્યો. અનિરુદ્ધના પુત્ર વજનો મથુરામાં અભિષેક કર્યો. પોતાના વસ્ત્ર, કડા વગેરે જે કાંઈ પોતાનું ઐશ્વર્ય હતું તેનો ત્યાગ કરી, મમતા રહિત - અહંકાર રહિત થઈ સર્વ બંધનોનો ત્યાગ કરીને તેઓ ઉત્તર દિશામાં ચાલી નીકળ્યા. આમ, સર્વ કાંઈ ભગવાનને સમર્પણ કરી દઈને દેહનો ત્યાગ કરવા નગરની બહાર નીકળી ગયા. હવે તેઓ નિરાધાર થયા હતાં. તેમણે વાણી બંધ રાખી, વાળ ખુલ્લા કરી, શરીરને જડવત્ દર્શાવી શ્રીકૃષ્ણના ચરણકમલનું ધ્યાન ધરતાં નગરમાંથી બહાર નીકળી ગયા. અહીં આહાર વિનાના, કહ્યા છે તેનાથી પ્રાણનો સંયમ તેમ જ વાણીનો સંયમ અને કેશ છુટા રાખવાથી દેહનો સંયમ એમ ત્રણ સંયમ બતાવ્યા છે. જડવત્ કહેવાનું તાત્પર્ય જડભરતની માફક અંતઃકરણના વિવેકવાળા તેમ છે. **'અનવેક્ષમાણઃ'** શબ્દથી આડુ અવળું ન જોતા પોતાનામાં જ ચિત્ત રાખેલા, એવા 'બધિર' જેવા બહેરાંની માફક ન સાંભળતાં. અર્થાત્ બ્રહ્મને જાણનારાઓ બહાર ઈન્દ્રિયોથી પદાર્થનું ગ્રહણ ન કરે તેવી અવસ્થામાં તે હતાં તેમ કહ્યું છે. નાનાભાઈએ મોટાને અધીન જ છે તેથી બધા ભાઈઓ યુધિષ્ઠિરને અનુસર્યા. તેમણે પણ ભૂમિ પર અધર્મના મિત્ર એવા કલિથી

પ્રભાવિત થયેલી પ્રજાને જોઈ મોટાભાઈઓની પાછળ સર્વ ત્યાગ કરવાનો નિશ્ચય કરી લીધો. તેમણે સાધુ પુરુષોના સંગથી સર્વ પુરુષાર્થો - ધર્મ-અર્થ-કામ અને મોક્ષ સિધ્ધ કરી લીધા હતા. ભક્તિએ પાંચમો પુરુષાર્થ છે તેમ જાણીને તેમણે શ્રીકૃષ્ણના ચરણાર્વિંદને જ મનમાં ધારણ કર્યું જેના કારણે તેઓને ભગવત્પ્રાપ્તિ થઈ. વિદુરજી પણ પ્રભાસમાં દેહ છોડી સદ્ગતિ પામ્યા. ભગવદ્ ભક્ત દ્રૌપદીએ પણ હવે તેમના પતિઓને પોતાની જરૂર નથી તેમ જાણી, ભગવાનનું ધ્યાન ધર્યું અને હૃદયમાં પ્રકટ થયેલા પ્રભુમાં પ્રવેશ કર્યો. આ રીતે પરીક્ષિતની મુક્તિમાં જે બીજરૂપ છે તેવી પાંડવોની મુક્તિના કથા સૂતજીએ શૌનકાદિ ઋષિઓને સંભળાવી.

• સુબોધિની – (અધ્યાય ૧૬)

અગાઉના અધ્યાયમાં પિતૃઓના લીધે પરીક્ષિતની મુક્તિમાં પરલોક સંબંધી બાધા ન આવે માટે, તેમની મુક્તિ બતાવી છે. પરીક્ષિતને રાજાનો અધિકાર પ્રાપ્ત થવાથી આલોકમાં બંધન થવાનો સંભવ હોઈ તે કેવી રીતે દૂર થાય તેનું નિરૂપણ કરવામાં આવે છે. પરીક્ષિત ચક્રવર્તી સમ્રાટ બન્યો છે, તેને લોકાધિકાર મળ્યો છે જેને કારણે તે બંધનમાં આવી શકે છે. તેથી હવેના બે અધ્યાયોમાં તેના બંધન દૂર કરવાની કથા કહી છે. તેને અધિકારથી અને કલિના દોષના કારણે - એમ બે પ્રકારે બંધન થયું હોવાથી, બે અધ્યાયોમાં તે વાત કહી છે. અધિકાર મનમાં વિકાર લાવે છે, તેમ જ કલિના કાલદોષથી પણ મતિ મલિન બને છે. પરીક્ષિતે સ્વભાવથી ધર્મનું પાલન કર્યું છે પણ ધર્મનું કારણ 'કાલ' હોવાથી એનો દોષ હોય ત્યાં સુધી કાલના પ્રતિબંધથી ધર્મને વધારવામાં અડચણ પડે, માટે દોષના મૂળને મટાડવું જોઈએ. **જ્યાં સુધી ભૂમિ, ધર્મ અને કલિના આધિદૈવિક સ્વરૂપોનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી ભગવાનનું સ્વરૂપ જે આધિદૈવિક છે તેનો સાક્ષાત્કાર થાય નહીં.** માટે પ્રથમ આધિદૈવિકનો સાક્ષાત્કાર થવાનું કહે છે.

પરીક્ષિતને માટે **'મહાભાગવત'** વિશેષણનો પ્રયોગ કર્યો છે કારણ કે તે નારાયણમાં ચિત્તવાળા અને ગુહ્ય ધર્મનું સુક્ષ્મ જ્ઞાન ધરાવનાર ભગવાનના ભક્ત એવા ઉત્તમ બ્રાહ્મણો એ કરેલા ઉપદેશને હૃદયમાં ધારણ કરનાર હતો. તેને ભૂમિનું રક્ષણ કર્યું હતું અને તે ભવિષ્યમાં ચાલુ રહે માટે તેણે જન્મેજય વગેરે ચાર પુત્રો તેણે ઉત્પન્ન કર્યા, જેઓ ચારેય દિશાઓનું રક્ષણ કરી શકે. તેણે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એમ ત્રણેય પ્રકારના દોષોની નિવૃત્તિ માટે શારદ્વતને ગુરુ કરીને ત્રણ અશ્વમેઘ કર્યા, જેને માટે **'ઘણી દક્ષિણાવાળા'** એમ શબ્દ પ્રયોગ કરાયા છે જેનું તાત્પર્ય આધિદૈવિક યજ્ઞ સંપન્ન થયો તેમ કહેવાનું છે. જ્યાં મંત્રનું પ્રાધાન્ય હોય તે આધ્યાત્મિક યજ્ઞ હોય છે જ્યારે જ્ઞાનવિનાનાઓથી કરાતા, કેવળ કર્મના અંગરૂપ યજ્ઞ આધિભૌતિક હોય છે. ઉત્તમ યજ્ઞો તો ભગવાનના અંશરૂપ હોઈ ભગવાન પેઠે તેમાં દેવો પ્રત્યક્ષ થાય છે.

ધર્મના વિરોધી-કલિનો પરાભવ પરીક્ષિતે કર્યો તેમ આગળ કહે છે. કલિના ત્રણ રૂપો છે.

(૧) **પાપ**, (૨) **શુદ્ર** અને (૩) **તે બન્ન જેમાં છે તેવો રાજા**. તેમાં રાજા કલિનું આધિદૈવિક રૂપ છે. માટે અહીં 'કલિ' માટે રાજાનું રૂપ ધારણ કરેલ એમ કહ્યું છે. પરીક્ષિતે 'કોઈક સ્થળે' એટલે કુરુક્ષેત્રમાં રાજાનું રૂપ ધારણ કરેલા 'કલિ' જે ગાય અને બળદની જોડીને પગેથી મારતો પોતાના દેશમાં લઈ જતો હતો, તેનો પરાભવ કર્યો. આ કાર્ય પરીક્ષિતે પોતાના વિજય દરમ્યાન કર્યું, જેમાં રાજાઓને તેણે જીતવાના હોય છે. અહીં શૌનક ઋષિ પ્રશ્ન કરે છે કે જે પગથી ગાયને મારતો હતો તે રાજાનું ચિન્હ ધારણ કરનાર શુદ્ર કોણ હતો. ઋષિ કહે છે કે જો આ બાબતમાં ભગવાનની કથા હોય તો તે અમને કહો, બાકી જીવનને વ્યર્થ બનાવતી વૃક્ષા વાતોનું શું પ્રયોજન ?

કલિયુગમાં લોકો પોતાના જીવનને વ્યર્થ વેડફી દે છે. તેઓ તેના સદુપયોગ માટે સાવધ નથી, તેમને સમજ નથી અને સમય પણ નથી. લોકો મંદબુદ્ધિવાળા અને આળસુ છે. સૌ પોતાના સ્વાર્થના કામમાં મશગુલ છે. વાસ્તવમાં લોકોમાં સાચી સમજ કે જ્ઞાન નથી. તેઓ મંદ આયુષ્યવાળા છે. તેમનામાં માત્ર ભક્તિનો ઊભરો આવે છે, પરંતુ તેઓ અંત :સ્પર્શી ભક્તિવાળા નથી. તેમની રાત્રિ નિંદ્રામાં અને દિવસ વ્યર્થ કામમાં વેડફાઈ જાય છે. જો આમાંથી બચવું હોય તો વૃથા વાતો, વૃથા ક્રિયા અને વૃથા વિચારોને સદંતર છોડી દેવા જોઈએ. જે બાબત જીવનનો વ્યવહાર ચલાવવામાં અનિવાર્ય ન હોય તેવું, પ્રભુના સંબંધ વિનાનું સર્વ કાંઈ વૃથા છે. હકીકતમાં વૃથા વાતો, વિચારો અને વ્યવહાર જીવનને માત્ર ખરાબ દેખાડતાં જ નથી પણ વ્યર્થ બનાવે છે, અને તેમ છતાં આપણે તે બધું છોડતાં નથી. તેને દૂર કરવાનો પ્રયત્ન કરતાં નથી. અજાણતાં પણ આપણે અનર્થોનું પોષણ કરીએ છીએ, અને તેને જીવનમાં ચલાવીએ છીએ. તેના પરિણામે આપણું જીવન વ્યર્થ બની જાય છે.

શૌનકજીની ઉપરોક્ત હકીકતની વાત સાંભળી સૂતજીએ પરીક્ષિતના દિગ્વિજયની કથા દ્વારા ખુલાસો કરતાં કહ્યું- જ્યારે પરીક્ષિતને ખબર પડી કે તેના રાજ્યમાં કલિયુગ આવ્યો છે ત્યારે તેને તે ન ગમ્યું, કેમ કે તેના પ્રભાવથી પ્રજામાં અધર્મ આવે જેના કારણે લોકો દુ :ખી થાય; પણ તે વાત ગમી પણ ખરી, કારણ કે તેને હવે પ્રભુકથા સાંભળવા મળશે. **'કલિ'**નો અર્થ છે- **'કલહ'**. તેનાથી અધર્મ થાય. તેણે તે વિશે સાંભળ્યું છે પણ તેને હજી નજરે જોયો નથી. તેમ છતાં તે તેને દૂર કરવા તત્પર થાય છે કારણ કે રોગ અને દોષને ઊગતાં જ દાબી દેવા જોઈએ. વધ્યા પછી તે અનર્થ કરે. તે ધનુષ-બાણ લઈ તૈયાર થાય છે અને પોતાની સેના સાથે દિગ્વિજય કરતાં નીકળી પડે છે. વિજયકૂચમાં તેણે લોકોને ભક્તિ કરતાં જોયા. ભેટ વગેરે આપી તેણે લોકોનો ઉત્સાહ વધાર્યો, તેણે ભક્તિ માટે પોષણ આપ્યું. પરંતુ આ વિજય યાત્રામાં પરીક્ષિતે એક આશ્ચર્યજનક ઘટના જોઈ. તેણે એક પગવાળા બળદના રૂપમાં **'ધર્મ'** અને ગાયરૂપમાં **'પૃથ્વી'** વચ્ચે થઈ રહેલો સંવાદ સાંભળ્યો. તે પશુઓની ભાષા જાણતો હતો. એક પગ એટલે સત્ય, અને 'અશ્રુ' પૃથ્વીની અંદરની પીડા બહાર છલકાતી હતી તેમ બતાવે છે. બળદ રૂપી ધર્મ, પૃથ્વી રૂપ ગાયને પૂછે છે કે

તારો દેહ નિરોગી નથી? તારુ મુખ કરમાયેલ કેમ દેખાય છે, શું તું તારા કોઈ દૂર રહેલા બંધુનો શોક કરે છે કે મને ત્રણ પગ વિનાનો જોઈ દુ:ખી થાય છે. શું તું શુદ્રોની માલિકી હોવાનો શોચ કરે છે કે યજ્ઞભાગ વગરના દેવોનું દુ:ખ કરે છે? શું તને વરસાદ વગર વ્યાકુળ થતી પ્રજાની પીડાનું દુ:ખ છે કે રાક્ષસી લોકોથી પીડાતી દુ:ખી સ્ત્રીઓની કે તેમના બાળકોની ચિંતા છે? શું તું વેદરૂપ વાણીદેવીનો શોક કરે છે કેમકે તે કુકર્મ કરનાર બ્રાહ્મણોના કુળમાં રહે છે? શું તને દોષવાળા ક્ષત્રિયોનું દુ:ખ છે કે વિધીનિષેધ-યોગ્યાયોગ્યતાના ભાન વગરના માત્ર ખાવા-પીવામાં રત, જેમ તેમ જીવન ટકાવી રાખી મોજ શોખથી પહેરવા-ઓઢવામાં મગ્ન થયેલા વિલાસ પરાયણ લોકોને જોઈ શોક ઉત્પન્ન થયો છે? કે શું તારો ભાર ઉતારવા જેમણે અવતાર લીધેલો તેમના ચરિત અત્યારે અધિકાર વગરનાઓના હાથમાં ગયા હોવાથી મુક્તિ દેવામાં સક્ષમ નથી રહ્યા તેનું તેને દુ:ખ છે? તારું દુ:ખનું જે પણ કારણ હોય તે તું મને જણાવ. આ રીતે ધર્મ દુ:ખનાં ચૌદ સંભવિત કારણો વિશે - જે દશ ઈન્દ્રિયો અને ચાર અંત:કરણના વિભાગોને કારણે ઉદ્‌ભવવા સંભવ છે તે વિશે પ્રશ્નો કર્યા.

પૃથ્વીએ એ બધા દુ:ખના કારણોને સ્વીકાર્યા અને જવાબ આપ્યો કે હે ધર્મ, તારા આચરણથી લોકો સુખ પામતા હતા તે તારા ચાર ચરણો - **તપ, દયા, પવિત્રતા** અને **સત્ય**માંથી સતયુગથી ત્રેતા યુગ સુધીમાં એક એક ખરી પડ્યા અને આ કલિયુગમાં માત્ર એક - **'સત્ય'** પરાણે રહેલું છે, જેના વડે તું ઊભો છે. હમણાં જે શોક છે અને પહેલાં જે હર્ષ હતો તેના કારણે ભગવાનના તે ગુણો છે જે ગણાવતાં તે કહે છે - (૧) **સત્ય** - યથાર્થ બોલવું, (૨) **શૌચ** - (શુદ્ધતા) પવિત્રતા, (૩) **દયા** - અન્યના દુ:ખ દૂર કરવાની ઈચ્છા, (૪) **શાંતિ** - ક્રોધમાં ચિત્ત-સંયમ, (૫) **ત્યાગ** - યાચકો પ્રત્યેની ઉદારતા, (૬) **સંતોષ** - મળે તેમાં પર્યાપ્ત બુદ્ધિ, (૭) **આર્જવ** - સરળતા, (૮) **શમ** - મનની નિશ્ચલતા. (૯) **દમ**-બાહ્ય ઈન્દ્રિયોની નિશ્ચળતા, (૧૦) **તપ** - સ્વધર્મ, (૧૧) **સામ્ય** - સૌ તરફ સમાનતા, (૧૨) **તિતિક્ષા** - અપરાધ સહન કરવાની વૃત્તિ, (૧૩) **ઉપરતિ** - લાભ-પ્રાપ્તિમાં ઉદાસીનતા, (૧૪) **શ્રુત** - શાસ્ત્ર વિચાર, (૧૫) **જ્ઞાન** - આત્માની ઓળખ, (૧૬) **વિરક્તિ** - તૃષ્ણાનો અભાવ, (૧૭) **ઐશ્વર્ય** - નિયામક ભાવ, (૧૮) **શૌર્ય** - સંગાથનો ઉત્સાહ, (૧૯) **તેજ** - પ્રભાવ, (૨૦) **બળ** - નિપુણતા, (૨૧) **સ્મૃતિ** - કર્તવ્ય - અર્થોનું સંધાન, (૨૨) **સ્વાતંત્ર્ય** - અપરાધીનતા, (૨૩) **કૌશલ** - ક્રિયા નિપુણતા, (૨૪) **ક્રાંતિ** - સૌંદર્ય, (૨૫) **ધૈર્ય** - અવ્યાકુળતા, (૨૬) **માર્દવ** - ચિત્તની કોમળતા, (૨૭) **પાગલ્ભ્ય** - અતિશય પ્રતિભા, (૨૮) **પ્રશ્રય** - વિનય, (૨૯) **શીલ** - સુંદર સ્વભાવ, (૩૦) **સહ** - મનનું બળ, (૩૧) **ઓજ:** - ઈન્દ્રિયનું બળ, (૩૨) **બલ** - શરીરનું સામર્થ્ય, (૩૩) **ભગ** - ભોગાસ્પદ-પણુ, (૩૪) **ગાંભીર્ય** - ક્ષોભનો અભાવ, (૩૫) **સ્થૈર્ય** - અસંચલતા, (૩૬) **આસ્તિકપણુ** - શ્રધ્ધા, (૩૭) **કીર્તિ** - યશ, (૩૮) **માન** - પૂજ્યત્વ અને (૩૯) **અનહંકૃતિ** - અભિમાનનો અભાવ. આ રીતે બધા જ

ગુણો ભગવાનમાં નિત્ય બિરાજે છે. જેમણે પણ આ જગતમાં મહત્વ મેળવવું હોય તેમણે આટલા ગુણોમાંથી કોઈક ગુણો મેળવવા માટે ભગવાનની પ્રાર્થના કરવી જોઈએ. જો આમાના એકાદ ગુણનો પણ અલ્પ અંશ મળી જાય તો માનવ મહાન કહેવાય છે.

વળી પૃથ્વી કહે છે કે ભગવાન કૃપા કરીને જીવને આ ગુણો આપે તો પણ તેમનામાંથી આ ગુણો જરાય ઓછા થતા નથી. આ ગુણો યુક્ત હોવાના કારણે જ **ભક્તિ** - ભગવદ્‌રૂપ છે. આ સર્વ ગુણોની સમાનતા લક્ષ્મીજીમાં પણ છે પરંતુ પ્રભુના પધારી જતાં આ બધા ગુણો અને લક્ષ્મીજી પણ આ ગુણો સહિત ભૂતલ પરથી ચાલ્યા ગયા છે અને તેના બદલે દોષો આવ્યા છે જેને કલિએ આ લોકમાં પોતાનામાં ધારણ કરી લીધેલ હોઈ હું આ લોકનો શોક કરૂં છું.

પોતાના શોકનું મુખ્ય કારણ બતાવતાં પૃથ્વી કહે છે કે બ્રહ્માજી વગેરે દેવો પણ જેનો કૃપા કટાક્ષ પ્રાપ્ત થાય તેવી ઈચ્છા સેવે છે. તે પ્રભુમાં અનુરાગવાળા લક્ષ્મીદેવી પોતાનું રહેઠાણ - કમલવનને ત્યજી દઈને, જે ભગવાનના ચરણાર્વિંદ, **વજ**, **અંકુશ**, **ધજા**ના ચિન્હયુક્ત છે તેને મેળવવા તપ કરી રહ્યા છે. લક્ષ્મીજીના કટાક્ષથી પાંચ પદાર્થો એક સાથે મળે છે - (૧) **ભગવાન**, (૨) **ભગવત્કામ**, (૩) **ભગવત્સ્નેહ**, (૪) **લક્ષ્મી** અને (૫) **સૃષ્ટિ**. ભગવદીયોમાં લક્ષ્મીજી મુખ્ય છે. તેથી ભગવાન તેનો ત્યાગ કરતાં નથી, કારણ કે લક્ષ્મીજી પ્રભુના ચરણ કમળનો આશ્રય કરે છે - તેને સેવે છે. ભગવાન જેનો ત્યાગ કરે તે ભવસાગરમાં ડુબી જાય છે. 'ચરણ' પૃથ્વીરૂપ છે તેથી લક્ષ્મીજી પૃથ્વીની પણ સેવા કરે છે, કેમ કે પૃથ્વી ભગવદીયોમાં ઉત્તમ છે.

ભગવાનના ચરણકમલમાં મકરંદ રૂપ (રસ) રહેલો છે, જેને સર્વથી નિર્દોષ હોય તેવો અધિકારી ભક્ત જ પ્રાપ્ત કરે છે. ચરણમાં રહેલું **વજ** પાપરૂપ પર્વતને તોડે છે, જ્યારે તેમાંનું **'અંકુશ'** ભક્તના મનને વશ કરનાર છે. **'ધ્વજ'** ભક્તને અભય પ્રદાન કે છે. પૃથ્વીના સર્વાંગ ભગવાનના ચરણાર્વિંદથી સુશોભિત છે, તે પૃથ્વીનું સૌભાગ્ય છે, જેનો પ્રભુએ ત્યાગ કર્યો તેનું તેને દુ:ખ છે. તેને ગાયના રૂપમાં પૃથ્વી બળદ રૂપમાં 'ધર્મ' આગળ વ્યક્ત કરે છે.

વધુમાં પૃથ્વી જણાવે છે કે મારા ઉપર ઘણા ભાર રૂપ એકસો અક્ષોહિણી સેનાનો ભગવાને નાશ કર્યો છે અને તે રીતે ભગવાને પૃથ્વીનો ભાર હળવો કરી ધર્મનું સંસ્થાપન કર્યું છે. પરંતુ ભગવાન હવે ભૂતલ ઉપરથી વિદાય થતાં પૃથ્વી જેમ સ્ત્રી પતિનો વિરહ સહન ન કરી શકે તેમ તેની સ્થિતી થઈ છે. તેવા વચન બળદનું રૂપ લીધેલા 'ધર્મ'ને તે કહે છે.

'ધર્મ' અને પૃથ્વીનો આ સંવાદ ચાલતો હતો ત્યાં જ્યારે રાજા પરીક્ષિત સરસ્વતી નદીના કિનારે કુરુક્ષેત્રમાં આવ્યો તો તેમણે એ અતિવિચિત્ર દૃશ્ય જોયું. એક ગાડા સાથે એક તરફ ગાય અને બીજી તરફ એક પગવાળો બળદ જોડાયેલ હતા અને તેમાં આગળના ભાગમાં રાજાના વેશમાં એક શુદ્ર બેઠેલો હતો જે પગથી ગાયને લાત મારતો હતો અને હાથમાં રહેલ દંડથી તે બળદને મારતો હતો.

• સુબોધિની – (અધ્યાય ૧૭)

પરીક્ષિતે તે રાજાના ચિન્હ જેના દેખાતાં હતાં તે શુદ્રને જોયો. તેને થયું કે આમાં અંદરનું સ્વરૂપ જુદુ દેખાય છે અને બાહ્ય-વ્યવહાર જુદો છે. આ **'પાખંડ-ધર્મ'**નું લક્ષણ છે. આ જરૂર કલિનું જ રૂપ છે. ગાય-બળદનું જોડું એકદમ દીન દેખાતું હતું. બળદ કમળના તાંતણા જેવો સફેદ હતો. તે એક પગથી ધ્રૂજતો હતો, આનું કારણ કે જ્ઞાન સાથે તપ વગેરે પણ ન હોવાથી તે માત્ર 'સત્ય'ના આધારે જ ઊભો હતો. આનું તાત્પર્ય એ છે કે પદાર્થોના સ્વરૂપનું જ્ઞાન ન હોય તો કેવળ જડતાથી ધર્મકાર્ય દૃઢ ન થાય. કાલવશપણે હીન લોકોએ કરેલા ધર્મકાર્ય પાખંડરૂપ જ હોય છે, તેથી ધર્મને પ્રહાર-પીડા થાય છે. સંયમ વગરના લોકો શૂદ્રવત છે તેમનું ધર્માચરણ પણ પાખંડરૂપ બને છે. ગાયને પણ રાજાએ ભયથી કાંપતી જોઈ. પૃથ્વી સ્વભાવથી ઉત્તમ છે. કામધેનુ જેવી ઈચ્છેલા ઉત્તમ ફળ આપનારી છે. સ્વર્ગલોકમાં તો ધર્મથી થયેલા પુણ્યનો ભોગ પ્રાપ્ત થાય છે પણ 'ધર્મ' રૂપી પુણ્ય તો માત્ર પૃથ્વી પર જ થઈ શકે છે. અહીં ગાય રૂપી પૃથ્વી છ અંગોમાં ખામીવાળી હતી તેમ બતાવે છે. (૧) દેશ વગેરેની સંપત્તિવાળી ભૂમિ પુષ્ટ હોય, જેના અભાવથી તે ખામીવાળી કહેવાય. (૨) ઉત્તમ દેશોમાં દુષ્ટોના નિવાસથી તે 'દીન' હતી. (૩) પાખંડ યુક્ત વ્યવહારોથી તે કાળથી પીડિત હતી. (૪) મંત્ર હીનતાના કારણે તેનું મૂખ અશ્રુવાળુ હતું. (૫) દ્રવ્ય ન હોવાથી તે દુબળી હતી અને (૬) યજ્ઞભાગ ન મળવાને કારણે તે કર્મહીન હતી. અહીં એ સૂચવ્યું છે કે ધર્માદિ કરનારને છ પ્રકારની શુદ્ધિ આવશ્યક છે - **દેશ**, **કાલ**, **કર્તા**, **મંત્ર**, **દ્રવ્ય** અને **કર્મ**. આ છ શુદ્ધ હોય અને યજ્ઞાદિ ક્રિયારૂપ ધર્મ કરે તો તેનું ફલ પ્રાપ્ત થાય, જેની કલિયુગમાં ખામી હોવાથી 'આધિદૈવિક ફલ' પ્રાપ્ત થતું નથી. કલિયુગમાં ઉપર કહ્યું તેમ એ છએ અંગની વિકલતા બતાવી છે.

ઉપરોક્ત દૃશ્ય જોઈ, અનર્થ થઈ રહ્યો છે તેમ જાણી, રાજાએ ધનુષ્ય પર બાણ ચઢાવીને મેઘસમાન ગર્જના કરી ગંભીરવાણીથી પ્રશ્ન કર્યો કે ''મારા રાજ્યની અંદર આમ નિર્બળને વગર કારણે પીડા આપનારો તું કોણ છે ?'' તેણે બળદ તેમજ ગાય માતાને સાંત્વન આપતાં કહ્યું કે તમે ચિંતા કરશો નહીં. તે બળદને પૂછે છે કે તારા ત્રણ પગ કોણે કાપી નાંખ્યાં ? આવો અપરાધ જો ઈન્દ્રે કર્યો હશે તો તેના પણ બાહુ હું કાપી લાવીશ.

પરીક્ષિતનો આવો પડકાર સાંભળી રાજાના વેશધારી કલિને લાગ્યું કે આનામાં અભિમાન આવ્યું લાગે છે. અભિમાન એ અધર્મનું પોષક છે અને કલિને થયું કે અધર્મ તો મારો મિત્ર છે, તે કલહ કરાવે છે. આ અભિમાનરૂપ અધર્મ આ રાજામાં હોઈ, મને તેની પાસે આશ્રય મળશે. **જ્યાં અલ્પ પણ અધર્મ હોય ત્યાં અનેક અધર્મની પરંપરા સર્જાઈ જાય છે.**

બળદે જવાબ આપતા કહ્યું કે ''હે રાજા, તારૂં વચન પાંડવોના વંશજને શોભે તેવું છે. અન્યને પીડા થાય તેવો ધર્મ ન હોય. પાપ અથવા પ્રભુનો અપરાધ કલેશના કારણરૂપ હોય છે, તેમાં

નિમિત્તતો કોઈ અન્ય દેખાય છે પણ તેનો નિયામક કોણ? બળદ, કારણ કે તે ધર્મનું સ્વરૂપ હતો, તેથી કહે છે કે **વ્યષ્ટિ**, **સમષ્ટિ**, **પુરુષ**, **કાલ** અને **પુરુષોત્તમ**, એ પાંચ નિયામક હોઈ શકે છે. પ્રત્યેક પોતપોતાની બુધ્ધિ પ્રમાણે વિચાર કરે છે, એટલે અનેક પ્રકારના અભિપ્રાયથી કોઈ નિર્ણય થઈ શકતો નથી. વળી, ભગવાન તો સર્વત્ર બિરાજે છે. તેજ સર્વ કાંઈ કરે છે, પરંતુ જેમ સાકરની મીઠાશ અનુભવથી જ સમજી શકાય, તેમ ભગવાન વિશે શાસ્ત્ર તેનું પ્રતિપાદન કરે છે તો પણ સૌ કોઈને તેમના વિશે હૃદયમાં સ્પષ્ટ થતું નથી. માટે તમે પણ તમારી જાતે તમારી બુધ્ધિ મુજબ વેદાનુફલ હોય તેમ વિચાર કરો.''

રાજા તો બળદની આ વાણી સાંભળી વિચાર કરવા લાગ્યો કે મેં તો એક સામાન્ય રીતે આને પ્રશ્ન કર્યો અને તેણે તો જવાબ કાંઈ જુદો જ આપ્યો. તેથી તેને અનુમાન કર્યું કે નિયામક વગેરે ભલે ગમે તે હોય પરંતુ આ ગાડા પર બેઠેલો જે રાજા જેવો દેખાય છે, તે જ આના પગ કાપનાર હોવો જોઈએ. વળી જે આમ જુદી રીતે બોલ્યો હોય તે **'ધર્મ'** જ હોવા જોઈએ, અન્યથા આવી વાણી ઉચ્ચારી ન શકે. એટલે તેણે બળદને સંબોધતા કહ્યું કે 'હે ધર્મજ્ઞ, તમે જે કહ્યું તેવું સૂક્ષ્મ ધર્મનું જ્ઞાન, સ્વયં ધર્મ સિવાય અન્યને ન હોઈ શકે, માટે જરૂર તમે બળદના રૂપમાં સ્વયં 'ધર્મ' જ છો. સાધારણ લોકોને દેવ-માયાની પ્રવૃત્તિ અગોચર હોય છે. તેથી ધર્મયુક્ત કહેનાર તમે સ્વયં ધર્મ છો તે નિશ્ચિત છે. પહેલાંતો તેમાં ચાર ચરણ- **તપ:**, **પવિત્રતા**, **દયા** અને **સત્ય** હતાં. રાજાને હવે નિશ્ચય થયો કે આ બળદના રૂપમાં 'ધર્મ' છે, ગાયના રૂપે પૃથ્વી છે અને આ શુદ્ર જે રાજાનો સ્વાંગ ધરી બેઠો છે તે જરૂર 'કલિ' છે.

જુદા જુદા યુગને અનુસરીને ધર્મ જુદા જુદા પ્રકારનો હોવાથી તેનું નિરૂપણ કરતાં કહે છે- (૧) શરીરની પીડા વગેરે **'તપ'** છે, (૨) **'શૌચ'** એટલે સંપૂર્ણ શુદ્ધપણું, તે કરાવનાર **'આચાર'** છે, (૩) બીજાના દુ:ખનો નાશ કરવાની ઈચ્છા **'દયા'** છે અને (૪) **સત્ય** એટલે હંમેશાં સાચું બોલવું, સાચાનો પક્ષ લેવો. આ ચાર ગુણો 'ધર્મ'ના છે. ધર્મના છે. ધર્મનો વિરોધી તે **'અધર્મ'**. અધર્મ કરનારને જે સ્થાન મળે, તે અધર્મની સૂચના કરનારને પણ મળે. લોકોના દોષની વાતો કરનાર અને પાપની વાતોમાં રસ લેનાર પોતાના મનમાં, પાપ જ સંઘરે છે. **તનના આચાર અને અંત:કરણના વિચાર બન્ને જો પવિત્ર હોય તો તે 'સદાચાર' કહેવાય.** આચાર સારા હોવા છતાં પણ જો વિચારમાં વિકાર હોય તો તે 'મિથ્યાચાર' છે. વિચાર સારા હોય પરંતુ આચારમાં શિથિલતા હોય તો તે 'પ્રમાદ' છે. આચાર પવિત્રતાનો પાયો છે.

ઉપરોક્ત ધર્મના ચાર ચરણ જો આચરણમાં દેખાય તો જ તેને 'ધર્મચરણ' કર્યું કહેવાય.

ધર્મની માફક અધર્મના પણ ચાર ચરણ બતાવ્યા છે (૧) **ગર્વ**, (૨) **સંગ**, (૩) **મદ** અને (૪) **અસત્ય**. જો આ ચાર બાબત ધર્મના અંગભૂત હોય તો ઉપકારક બને. ભગવાનના દાસપણાનો ગર્વ, સત્સંગ, ભગવાનના ચરિત ગાનમાં હર્ષથી મદ અને ગાય-બ્રાહ્મણાદિની હિંસા અટકાવવા

માટે બોલાતું અસત્ય તે ધર્મના અંશ છે. ધર્મનું સ્વરૂપ બળદનું છે તો અધર્મનું સ્વરૂપ ગદર્ભનું છે. બળદની ખરીમાં બે ભાગ હોય છે જ્યારે ગધેડાની ખરી એકજ હોય છે. તે સૂચવે છે કે ધર્મ બે ભાગમાં વહેંચાયેલ છે - ‘પ્રમાણ’ અને ‘પ્રવૃત્તિ’, અર્થાત્ પ્રમાણને અનુકુળ પ્રવૃત્તિ હોય ત્યાં ધર્મ છે, પરંતુ ગધેડાની એકજ ખરી - ‘પ્રવૃત્તિ’ સૂચવે છે, તેમાં પ્રમાણ કશું નહીં, મરજી ફાવે તેમ વર્તવું.

ધર્મના સ્વરૂપ વિશે કહ્યા પછી ગાયરૂપ ભૂમિ વિશે બતાવે છે કે તેનો ભાર પહેલાં ભગવાને ઉતારેલો હતો, તેથી તે તેમના ઉપકારવશ છે. તે ભગવાનમાં શ્રધ્ધાવાળી છે અને ભગવાને જ તેને શોભાવાળી બનાવી છે. તેથી તે આનંદિત હતી, પરંતુ હવે ભગવાને તેનો ત્યાગ કરવાથી (ભગવાન સ્વધામ પધારી ગયાથી) તે શોક યુક્ત, દુર્ભાગ્યવાળી છે. એ રીતે ધર્મ અને પૃથ્વીને સાંત્વન આપી રાજા પરીક્ષિતે અધર્મના કારણરૂપ ‘કલિ’નો નાશ કરવા હાથમાં તલવાર લીધી. કલિને થયું કે હવે રાજા તેને મારશે. તેણે વિચાર કરી રાખ્યો હતો કે રાજામાં અભિમાન છે, જે અધર્મનું રૂપ છે. તે ગાડામાંથી નીચે ઉતર્યો, તેણે ધારણ કરેલા રાજાના ચિન્હનો ત્યાગ કર્યો અને પરીક્ષિતના ચરણમાં પડી કપટપૂર્વક તેને તાબે થઈ, ‘હું શરણે આવેલો તમારો સેવક છું’ તેમ કહ્યું. તેને થયું કે જો રાજાને ધર્મ પ્રેરણા કરશે અથવા મારૂં કપટ જાણશે તો મને મારશે. પગે પડવાના કારણથી- રાજાને કલિનો સ્પર્શ થતાં તેનામાં દુર્બુદ્ધિ ઉત્પન્ન થશે જેનાથી તે કલિને સ્થાન દેવાનું તામસ-કાર્ય કરશે એમ સૂચવે છે. ‘ધર્મ’ (બળદના રૂપમાં) સમીપમાં હોવાથી રાજાને પોતાના ક્ષત્રિય ધર્મનું ભાન રહ્યું, પોતાનો ધર્મ સાચવતાં કલિ માટે આશ્રય આપવા યોગ્ય છે, તેમ લાગ્યું પરંતુ વડવાઓની કીર્તિનું રક્ષણ કરવાની બુદ્ધિ તેને ન થઈ.

કલિને ધ્રુજતો જોઈ, તેનો ભય દૂર કરવા પરીક્ષિત તેને કહે છે કે ‘હું મારા દાદા અર્જુનનો યશ ધરાવનાર છું તેથી તને ભય પામવાની આવશ્યકતા નથી, પરંતુ તારે મારા ક્ષેત્રમાં રહેવાનું નથી, કારણ કે તું અધર્મનો બંધુ છે. જ્યારે અધર્મને અટકાવવામાં આવે અથવા સજા કરવામાં આવે ત્યારે આ ‘કલિ’ અપકાર કરશે એમ અહીં સૂચન કરવામાં આવ્યું છે. માટે જ સાંપ્રત સમયમાં પણ પાખંડીઓનો વિરોધ કરવામાં આવે ત્યારે વિરોધ કરનારને ભય લાગે છે.

કલિયુગ અધર્મને પોષનારો છે. જ્યાં કલિ-કલહ આવે ત્યાં તેનો મિત્ર અધર્મ અવશ્ય આવે, એટલું જ નહીં તેના નવ કુટુંબીજનોને પણ સાથે લાવે છે. તે બધા પરસ્પર સંબંધિત પણ છે અને અધર્મના આધારરૂપ પણ છે. તે છે- (૧) **લોભ** - અધિક લાભ માટે બીજાનું અન્યાયથી પણ લઈ લેવાની ઈચ્છા, (૨) **અનૃત** - જુઠાણું, ખોટું બોલવું, (૩) **ચૌર્ય** - ચોરી, યુક્તિપૂર્વક બીજાનું પડાવી લેવું, (૪) **અનાર્ય** - આર્યોને યોગ્ય નહીં તેવું વર્તન, અર્થાત્ દુર્બળ હોય તો બળપૂર્વક છીનવી લેવાની ધૃષ્ટતા, (૫) **અહં :** - પાપ, સામાને નુકસાન કરવાનો પ્રયાસ, (૬) **જ્યેષ્ઠા** - સામાને દરિદ્રય બનાવી દેવો, (૭) **માયા** - કપટ-જાળમાં ફસાવવું, (૮) **કલહ** - કલેશ અથવા

ઝઘડો અને (૯) **દંભ** - સારા દેખાવા મથવું.

રાજાએ કલિને આજ્ઞા કરી કે - કેમકે અહીં (મારા રાજ્યમાં) કાયિક, વાચિક અને માનસિક - ધર્મ સતત પ્રવૃત્ત રહે છે, આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક યજ્ઞ ચાલે છે, ભગવાનનું યજન ચાલે છે માટે તું અહીંથી ચાલ્યો જા. આ સાંભળી કલિએ કાંપતા સ્વરે બે હાથ જોડી પરીક્ષિતને વિનંતી કરી કે ‘‘તમે મને જીવન આપ્યું છે, તો તમે જ્યાં કહેશો ત્યાં હું રહીશ. મને તે સ્થાન બતાવો જ્યાં હું તમારી આજ્ઞાનું પાલન કરતાં સદા રહું.’’ તે ચતુરાઈપૂર્વક કહે છે કે ‘તમને ધનુષ્યબાણ ધારણ કરેલા ન જોઉં એવું સ્થાન મને આપો’ - તાત્પર્ય કે મને જોવામાં આવતાં જ તમારે ધનુષ્ય મુકી દેવું પડે. કલિ જાણે છે કે પરીક્ષિતની આજ્ઞાથી રહેવાનું સ્થાન મળે તો તે નિશ્ચિતપણે રહી શકે અને તેની આજ્ઞાનું પાલન કર્યું પણ કહેવાય. આમ ઉપરોક્ત વચનમાં ઠગાઈ છે. તેનો હેતુ એ હતો કે કલિયુગે કરાવેલ અધર્મનું બધું પાપ પરીક્ષિતને લાગે, કારણ કે તેને રહેવાનું સ્થાન આપવા તે સ્વયં જ નિમિત્ત બને.

કલિની પ્રાર્થનાથી પરીક્ષિત રાજાએ તેને રહેવાના પાંચ સ્થાન આપ્યા- (૧) **દ્યુત** એટલે જુગાર જ્યાં હારજીતથી કલહ થયા વિના રહે નહીં, (૨) **મદ્યપાન** - જેનાથી માદકતા આવે, કેફ ચઢે, (૩) **સ્ત્રી** - સંસારમાં અભિમુખ રહેનાર અને કુટુંબને સંસારમાં અભિમુખ કરનાર સાધારણ સ્ત્રી, જે પતિપરાયણ કે પ્રભુપરાયણ ન હોય, તે ઘરમાં કલહ લાવ્યા સિવાય રહે નહીં. (૪) **હિંસા** - માત્ર કોઈને મારી નાંખવું જ નહીં પણ કોઈનું મન દુભાવવું તે પણ હિંસા જ છે, જેનાથી કલેશ થાય. આ ચાર સ્થાનોથી કલિને સંતોષ ન થતાં રાજાએ તેને પાંચમું સ્થાન આપ્યું, તે **સોનુ**. આમ **અસત્યરૂપ જુગાર**, **મદરૂપ મદિરાપાન**, **કામરૂપ સ્ત્રીઓ**, **રજઃ એટલે ક્રોધ રૂપ હિંસા** અને **વેરરૂપ સુવર્ણમાં** કલિ વસ્યો.

ઉપરોક્ત સ્થાનો રાજાએ કલિના વાસ માટે નિર્દેશ કરી તે ઉપદેશ પણ આપે છે કે આ પાંચ સ્થાનો ક્યારેય પણ સેવવા નહીં. તે પછી તે પૃથ્વીને આશ્વાસન આપી, ધર્મના તુટેલા ત્રણ પગ - તપ, શૌચ અને દયા સાંધી દઈ પરીક્ષિત પોતાના રાજ્યમાં પાછા પધાર્યા. તેણે ભક્તિમાર્ગ વધાર્યો, ભગવત્ કૃપા અને ભાગવતના પ્રભાવથી બ્રહ્મભૂત થઈ હસ્તિનાપુરના રાજસિંહાસનને શોભાવ્યું.

• સુબોધિની – (અધ્યાય ૧૮)

આ અધ્યાયમાં રાજા પરીક્ષિતના શાપની કથા છે. શ્રધ્ધાપૂર્વક કહેવાયેલ તથા શ્રવણ કરાયેલા ભાગવતના જેવું **‘ફલ’** આપનારૂં અન્ય કશું જ નથી. તેથી અલૌકિક તક્ષકરૂપ અગ્નિથી જ્ઞાની એવા પરીક્ષિતના દેહનો નાશ કરવા જે શ્રી હરિનું રૂપ છે તેવા ‘બ્રાહ્મણ’નો શાપ નિમિત્ત બન્યું તે - તેનું (પરીક્ષિતનું) ઉત્તમપણું બતાવે છે.

ભગવાન શ્રીકૃષ્ણની લીલા અદ્‌ભૂત છે. જે પ્રભુએ માતાના ગર્ભમાં બ્રહ્માસ્ત્રના પ્રકોપથી રક્ષા

કરી તેમણે જ પરીક્ષિતને કથામૃતનું પાન કરાવી ગંગાકિનારે તેનો ઉપસંહાર કર્યો, તેને કૃતાર્થ કર્યો. બ્રાહ્મણ દ્વારા શાપ અપાયા છતાં રાજાને મોહ થયો નહીં કારણ કે તેણે અંત:કરણ ભગવાનને સમર્પણ કરેલું હતું. તેણે સર્વનો ત્યાગ કર્યો, સંગ છોડ્યો અને અંતે ગુરુ કૃપાથી તેને ભગવાનનું સ્વરૂપજ્ઞાન થયું અને પોતે દેહનો ત્યાગ કર્યો. તે સમયે પરીક્ષિતને કોઈ ગભરાટ કેમ ન થયો તેનું કારણ જણાવતાં કહે છે કે ભગવાનના ચરિત જ એવા છે કે તેમની વાર્તા (કથા) કહેનારા, તે કથારૂપ અમૃતનો આનંદ લેનારા અને તેમના ચરણકમળને ભજનારાઓને અંતકાલે પણ ગભરાટ થતો નથી. ગભરાટ સંનિપાતનું પરિણામ છે પણ દેહ, ઈન્દ્રિયો અને અંત:કરણથી ભગવાન સંબંધી કાર્ય કરવામાં આવે ત્યારે સંનિપાત જતો રહે છે. ભગવદીયોનો સ્વભાવ સાત્વિક હોવાથી તેઓ ભગવાનના સંબંધવાળી જ વાર્તા કરે છે, જે સાત્વિક છે. તેથી ભગવાનની વાતો કરનારા, તેમના કથામૃતનું સેવન કરનારા, તેમને ભજનારાઓને અંત સમયે, કોઈ ભ્રમ ઉત્પન્ન થતો નથી.

ભ્રમ સંનિપાતનું કાર્ય છે, જેને ટાળવાના ત્રણ ઉપાય બતાવ્યા છે. 'હું' અને 'મારૂં' એવી સમજ સંનિપાત છે, જે મનુષ્યને તે જીવે ત્યાં સુધી રહે છે, અને અંતકાળે પણ તેમને સતાવે છે. ઉપર બતાવેલ ઉપાયો દ્વારા ભગવત્સ્વરૂપનો હૃદયને સ્પર્શ થતાં 'હું અને મારા'નો ભ્રમ જતો રહે. જેમ પારસમણીના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય તેમ ભગવાનના સ્વરૂપમાં આસક્ત થવાથી ગભરાટ ઉત્પન્ન થતો નથી.

ભગવદીયો કાલને વશ કેવી રીતે રાખી શકે તેનો ખુલાસો કરતાં કહે છે કે જે દિવસે જે સમયે ભગવાન પૃથ્વી તજી સ્વધામ પધાર્યા તેજ સમયે અધર્મની જેમાંથી ઉત્પત્તિ થાય છે તે 'કલિ'એ પ્રવેશ કરેલો. તેમ છતાં, જ્યાં સુધી પૃથ્વી પર મહાન ચક્રવર્તી પરીક્ષિત રાજાએ રાજ કર્યું ત્યાં સુધી કલિનો પ્રભાવ ચાલ્યો નહીં. કલિ અને પરીક્ષિતમાં ભગવદીયપણુ સમાન હોવા છતાં કાર્યની ગણનામાં કાલના ગુણો ઉત્તમ હોવાથી રાજાએ કલિને માત્ર અટકાવ્યો, પરંતુ પોતાના દેશમાંથી કાઢી ન મુક્યો. ભગવાને કરેલ કાલને, પણ, રાજા અટકાવી કેમ શકે ? તેના સમાધાનમાં કહે છે કે ભગવાને પરીક્ષિતમાં (માતાના ગર્ભમાં તેના બચાવ વખતે) પ્રવેશ કરેલ હોવાથી તેને પોતાનું ઐશ્વર્ય આપેલું હોઈ તે **'ઈશ'** હતો, તે કરવાને, ન કરવાને અને કરેલું ફેરવવાને શક્તિમાન હતો. વળી ભગવાને કાલને અને રાજાને- બન્નેને અધિકાર આપેલા છતાં રાજાને તેમણે **'મહાન'** બનાવ્યો હતો, તેથી તે કાલને અટકાવે તે યોગ્ય જ છે.

જેમ કલિયુગના દોષો આગળ બતાવ્યા, તેમ તેમાં ગુણો પણ રહેલા છે. તે બતાવતાં કહે છે કે - કલિયુગમાં બધા જ દોષો છે, પરંતુ એક મોટો ગુણ એ છે કે ભગવદ્ભક્તિ કલિયુગમાં સુલભ છે તથા સત્કર્મનું ફલ તરત જ મળે છે. કલિયુગમાં પાપ કર્યા પછી એક વર્ષે ફલ મળે, દ્વાપર યુગમાં એક મહિને અને સત્યુગમાં પાપ કર્યા પછી તત્ક્ષણ ફલ મળે છે. પરંતુ પુણ્યના ફલમાં

તેનાથી ઊલટો ક્રમ છે. સતયુગમાં પુણ્ય કર્યા પછી વર્ષે ફલ મળે, ત્રેતામાં એક માસે ફલ મળે, દ્વાપરમાં બાર દિવસે જ્યારે કલિયુગમાં તત્કાલ જ ફલની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે પરીક્ષિતની પુણ્ય કથા સંભળાવી સૂતજી ઋષિઓને કહે છે કે **જેઓ પ્રભુના થવા ઈચ્છતા હોય તેમણે ગુણ અને કર્મનો આશ્રય કરીને પ્રવૃત્ત થયેલી ભક્તિ વધારે તેવી ભક્તોની કથાવાળી ભગવાનની કથાઓ સાંભળવી જોઈએ.** ઋષિઓ ઉત્સાહમાં આવી કહે છે કે ભગવાન સાથે જેનો સંગ છે એવા ભક્તના સ્વલ્પ સંગને અમે સ્વર્ગ અને મોક્ષની તુલ્ય ગણતા નથી. ભગવાનના ગુણોની પાર કોઈ પહોંચી શકે નહીં. ભગવાનના ચરિત સર્વની શુદ્ધિ કરનારા છે માટે આપ અમને શ્રી શુકદેવજીએ કહેલા જે ભાગવત દ્વારા રાજા પરીક્ષિત ભગવદ્ ચરણાર્વિંદને પ્રાપ્ત થયા તેની રસમય કથા અમને સંભળાવો.

સૂતજી પણ ઉત્સાહમાં આવી કહે છે કે ભગવાનનું નામ સર્વને કૃતાર્થ કરે છે. તેમના ગુણો અનંત છે, તેમની સમાન કોઈ નથી, તો અધીકતો શેના હોય? લક્ષ્મીજીને મેળવવા સૌ ઝંખે છે પરંતુ લક્ષ્મીજી સૌનો ત્યાગ કરી પ્રભુને પ્રેમથી ભજે છે. તે પ્રભુમાં જો અનુરાગ થાય તો અંત:કરણની આગ શમે, જીવન યજ્ઞરૂપ બને, દેહાદિમાં વૈરાગ્ય આવે, સૌ કોઈ પોતાની શક્તિમુજબ પ્રભુના ગુણોનું ગાન કરીને કૃતાર્થ થાય છે. તેમ કહી પરીક્ષિતની કથા આગળ વધારી.

એક દિવસ હાથમાં ધનુષ્ય-બાણ લઈને રાજા પરીક્ષિત વનમાં પારધિની માફક શિકાર કરવા દોડતાં પશુઓની પાછળ પડ્યો. રાજાના પોતાના દોષથી ‘શાપ’ થયો છે તેમ જણાવવા અહીં તેણે પોતાના સ્વભાવથી કરેલી ક્રિયા દુ:ખ ઉપજાવનારી છે તેમ કહ્યું છે.

શોકમય મૃગોના સંગથી રાજાને પણ શોક ઉત્પન્ન થયો તેમ જ તે થાકી પણ ગયો હતો, અને તે તરસ્યો તેમ જ ભુખ્યો પણ હતો. જે અનેક યુદ્ધો કરવા છતાં જેનું બળ ઘટતું ન હતું તેવા વીરપુરુષને થાક કેમ લાગે? તેનું કારણ એ શોકમય મૃગલાઓની પાછળ દોડતાં, એમના ધર્મો - શોકથી ભુખ, તરસ, થાક રાજામાં આવ્યા. ખૂબ તરસ લાગી. આસપાસ ક્યાંય કોઈ જલાશય ન દેખાયું. જલાશયો દેવરૂપ હોવાથી અદૃશ્ય બન્યા. પાણી હોવા છતાં તેને દેખાયું જ નહીં. ત્યાં એક ઋષિનો આશ્રમ નજરે આવતાં તે રજા વગર તે આશ્રમમાં પ્રવેશ્યો. આ એજ સ્થાન હતું જ્યાંથી અશ્વત્થામાએ પાછું ન વાળી શકાય તેવું બ્રહ્માસ્ત્ર ઉત્તરાના ઉદર તરફ ફેંક્યું હતું. તેણે ત્યાં એક મુનિને નિદિધ્યાસનમાં બેઠેલાં જોયા. તેના નયન મીચાયેલાં હતાં. અહીં મુનિ સમાધિમાં હતાં. રાજા દોષથી ઘેરાયેલ હતો તેથી તેને સત્પુરુષના દર્શન થવા છતાં સારી બુદ્ધિ ઉત્પન્ન ન થઈ. **જાગ્રત**, **સ્વપ્ન**, **સુષુપ્તિ** અને **સમાધિ** એમ જીવની ચાર અવસ્થાઓ છે જેમાં ભગવાનના બે કાર્ય ગુણો અને સ્વરૂપ અનુક્રમે પ્રગટ થાય છે. જાગ્રતસ્થિતિમાં બહારના કાર્ય અને સ્વપ્નમાં અંદરના કાર્ય જણાય છે. સુષુપ્તિમાં ગુણો અને સમાધિમાં ભગવાનના સ્વરૂપ જણાય છે. જેમાં બહારના

વિષયોનું ભાન ન રહે, **માત્ર ભગવાનનું ભાન થાય તે સમાધિ અવસ્થા છે.** આમ ઋષિ સમાધિમાં નિર્વિકાર હતાં.

રાજા રજા વગર ઋષિના આશ્રમમાં આવ્યા, તે તેમણે અપરાધ કર્યો. તૃષાથી તેનું તાળવું સુકાતું હતું. તેણે ઋષિ પાસે પાણી માંગ્યું. તેણે ઋષિ પાસે પોતાના સ્વાગતની અપેક્ષા સેવી હતી. રાજાએ પાણી માંગી પોતાના શરીર સુખ માટે પ્રભુ કાર્યમાં મગ્ન ઋષિને ધ્યાનભગ્ન કરવાની કોશિષ કરી, જે અનુચિત હતું. **સામાન્યતઃ સત્પુરુષના ઘરમાંથી અતિથીના આદર માટે આસન, અન્ન અથવા ફળ, જલ અને મીઠીવાણીની અપેક્ષા રખાય.** પરંતુ રાજાને તે ન મળ્યા. તેણે તેમાં પોતાનું અપમાન લાગ્યું. ઋષિ ખરેખર સમાધિમાં હતા પરંતુ તેણે તેઓ ડોળ કરતાં હોય તેમ લાગ્યું. બ્રાહ્મણાની અદેખાઈ ક્યારેય ન કરાય પરંતુ રાજાથી થઈ ગઈ, તેને ઋષિની શાંતિ ખૂંચી. જેના કારણે ક્રોધ આવ્યો. દશ પ્રકારના અપરાધ રાજા કરી ચૂક્યો કારણકે કલિને સ્થાન દેવાથી તેની બુદ્ધિ બગડી હતી. તેણે ગુસ્સામાં ત્યાં જતા એક સાપને મારી તે મરણ પામેલા સર્પને ધનુષ્યના છેડાથી ઉપાડી ઋષિના ખભા પર મૂકી દીધો. સમાધિના પ્રભાવથી સાપ બ્રહ્મરૂપ મસ્તક પર ન પડ્યો. જો સાપ માથે મુક્યો હોત તો તે તત્ક્ષણ જ મૃત્યુ પામ્યો હોત પરંતુ ભગવદ્ ઈચ્છાથી ઋષિના સાત છીદ્રો - બે નેત્ર, બે કર્ણ, બે નાસિકા અને મુખ ખાલી રહ્યા, જેના કારણે તેને સાત દિવસ જીવવાની અવધિ મળી.

ઋષિનો તેજસ્વી પુત્ર અન્ય બાળકો સાથે આશ્રમના છેડે ફરતો હતો. તેનામાં શાપ આપવાનું સામર્થ્ય હતું તે જણાવવા **'તેજસ્વી'** કહ્યું છે. તેણે રાજાએ પોતાના પિતાનો અપરાધ કરેલો છે તેમ જાણી કૌશિકી નદીના જળનું આચમન કરી મંત્રોચ્ચાર પુર:સર બ્રાહ્મણોનું મૂળભૂ,ત વાગ્વજ ફેંક્યું- **''મારા પિતાનો દ્રોહ કરનાર કુળાંગાર પરીક્ષિતને સાતમે દિવસે મારો પ્રેરેલો તક્ષક નાગ બાળશે.''**

અહીં **'અહો'** શબ્દ પ્રયોગ કર્યો છે જે આશ્ચર્ય દર્શાવે છે કેમ કે ધર્મનું પાલન કરનારા અધર્મનો નાશ કરે છે પરંતુ તે પોતે અધર્મ કરતાં નથી. દ્વારનું પાલન કરવા કૂતરાઓ રાખેલ હોય અને તે અજ્ઞાનથી સ્વામીને જ કરડે તો અપરાધ થાય તેમ રાજાનું કાર્ય રાજ્ય કરવા, પ્રજાનું પાલન કરવાનું છે તેને બદલે તે જ આવો જઘન્ય અપરાધ કરે તે આશ્ચર્યજનક કહેવાય. તેથી અહીં રાજાને કૂતરા જેવો કહ્યો છે.

સ્વધામ પધારતાં શ્રી કૃષ્ણે પોતાનો અનુભવ કરાવવા માટે જ બ્રાહ્મણોને પોતાના સ્થાનમાં સ્થિત રાખ્યા હતાં, જેઓ મર્યાદાઓનો ભંગ કરનારને સજા કરતાં હતાં. પોતાનું એવું સામર્થ્ય છે એમ બતાવવા ઋષિપુત્ર પોતાનામાં પ્રગટ થયેલું બ્રહ્મ તેજ પોતાના મિત્રોને પણ દેખાડે છે. પાંડવોના કુળમાં ઉત્પન્ન થયેલા પરીક્ષિતને તક્ષક કેમ બાળી શકે ? તેવી શંકાના સમાધાનમાં તેને (પરીક્ષિત) માટે **'કુળાંગાર'** શબ્દ વાપરે છે. જો તેને હમણા બાળવામાં ન આવે તો તે આવો

બીજો અપરાધ કરે ત્યારે યાદવોની પેઠે તે આખા કુળનો નાશ કરશે. તેથી પાંડવો ઉપર ઉપકાર કરવા માટે જ 'તક્ષક' તેને બાળશે તેમ કહ્યું છે. 'મેં પ્રેરેલો' એ શબ્દ પ્રયોગ કરવાનું કારણ પરીક્ષિતની પ્રાર્થનાથી તેને તક્ષક બાળ્યા વિના નહીં રહે તેમ સ્પષ્ટતા કરે છે. આ પ્રમાણે શાપ આપી તે બાળક શાંત ન થતાં પિતાની પાસે આવ્યો અને મુક્ત મને રડવા લાગ્યો. અવાજ સાંભળીને ઋષિ જાગ્યા. ગળામાંથી સાપ દૂર કર્યો અને રડવાનું કારણ પૂછ્યું. દિકરાએ રાજાને શાપ આપ્યો છે તેમ જાણી ઋષિને દુઃખ થયું અને તે બોલ્યા- **''મુર્ખ, આવા અમસ્તા અપરાધના બદલામાં પ્રાણ લેવાનો દંડ ન અપાય. જેવો અપરાધ હોય તેવી જ સજા કરાય. વધારે ન થાય. વધારે સજા કરવામાં આવે તો અપરાધ થાય.''**

તેમણે પુત્રને સમજાવ્યો કે 'ભગવદંશરૂપ રાજાને આવો દંડ ન અપાય. જો રાજા ચાલ્યો જશે તો લોકોના બધા જ પુરુષાર્થો નષ્ટ થઈ જશે. પરીક્ષિત તો અશ્વમેઘ-યજ્ઞ કરનાર ભગવાનનો ભક્ત છે. તે કદાચ ભુખ્યો-તરસ્યો હશે. તેથી તેણે આવેશમાં આવી જઈ આવી ભૂલ કરી હશે. આપણાથી તેને શાપ ન અપાય. ભૂલ કરનારને ક્ષમા આપવી તે તો બ્રાહ્મણનું ભૂષણ કહેવાય. તેં શા માટે આમ કર્યું?' ઋષિને પોતાને પુત્રના કાર્યથી ક્ષોભ થયો. તેણે ભગવાન પાસે ક્ષમા માંગી કારણ કે ભક્તનો દ્રોહ કરવાથી ભગવાન નારાજ થાય - ક્રોધે ભરાય. તેણે પ્રાર્થના કરી, ''હે ભગવન્ આ અપક્વ બુદ્ધિના બાળકે ભક્તનો અપરાધ કર્યો છે, આપ એને ક્ષમા કરજો.'' ઋષિએ પુત્રે કરેલા પાપનો પસ્તાવો કર્યો. તેણે રાજાના અપરાધનો વિચાર ન કર્યો.

• સુબોધિની – (અધ્યાય ૧૯)

પ્રથમ સ્કંધ - અધિકાર લીલાના ઉત્તમ અધિકારી પ્રકરણનો આ છેલ્લો અધ્યાય છે. ગત અધ્યાયમાં રાજા પરીક્ષિત અને મુનિ, જેમના ગળામાં તેમણે મૃત સર્પ નાંખ્યો હતો તે બન્ને **સત્પુરુષો** છે. સામાન્ય રીતે સત્પુરુષો લોકમાં બીજાઓએ ઊભા કરેલા દ્વન્દ્વોના સંબંધમાં ન તો દુઃખી થાય છે, ન હર્ષ પામે છે કારણ કે તેઓ જાણે છે કે આત્મા તે ગુણોનો - સુખદુઃખનો આધાર હોતો નથી. જે કાંઈ બન્યું તે ઈશ્વર ઈચ્છાથી જ બન્યું હશે.

રાજા પરીક્ષિત હસ્તિનાપુર આવ્યા. રાજસિંહાસને બેસતાં જ ભક્ત પાંડવોના આસનનો સ્પર્શ થતાં જ તેમની તામસ થયેલી બુદ્ધિ નિવૃત્ત થઈ અને સદ્બુદ્ધિનો ઉદય થયો. તેઓ શોકાર્ત બની પોતે કરેલા કુકર્મ વિશે પસ્તાવો કરવા લાગ્યા. તેમની પોતાની ભૂલનું ભાન થયું. તેઓ વિચારવા લાગ્યા કે 'મેં એક અનાર્યની માફક બ્રાહ્મણનો અપરાધ કરી પાપ કર્યું છે જેની મને સજા મળવી જોઈએ.' **ભગવાનના ભક્તો અપરાધ કર્યા પછી માત્ર ક્ષમા નથી માંગતા પરંતુ તેની સજાની અપેક્ષા રાખે છે. તેઓ પોતાના દુઃષ્કર્મના ફલની ઈચ્છા કરે છે.** તેઓ હજી આમ પશ્ચાતાપ કરી રહ્યા હતાં એટલામાં ઋષિએ મોકલેલો તેનો એક શિષ્ય સંદેશો લઈને આવ્યો અને રાજાને કહ્યું કે તેને સાતમે દિવસે સાપ કરડવાનો છે. આ સમાચારથી રાજા ભયભીત થવાને બદલે તેણે ઋષિનો

ઉપકાર માન્યો. ભગવાનના ભક્તોનું એ લક્ષણ છે કે તેઓ દોષમાંથી પણ ગુણ શોધી કાઢે છે. તેઓ શાપને પણ આશિર્વાદ ગણે છે.

ભક્ત પરીક્ષિતે વિચાર્યું કે ઋષિનો શાપ તો ખરેખર મારા માટે આશિર્વાદરૂપ છે, કારણ કે તેનાથી મારી સંસારના વિષયોમાં થયેલી આસક્તિ દૂર થઈ મને વૈરાગ્ય ઉત્પન્ન થશે. તેથી તેને આ સમાચાર પ્રિય લાગ્યા. તેણે તત્ક્ષણ રાજ્યનો પરિત્યાગ કર્યો. પુત્ર જન્મેજયનો રાજ્યાભિષેક કરી રાજ્યની સર્વે જવાબદારી તેને સોંપી દીધી. તેણે વિચાર્યું કે **આ લોક અને પરલોકના પદાર્થો અને તેના ફલના ભોગમાં વૈરાગ્ય અને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે નથી પરંતુ તે ભગવાનની સેવા કરવા માટે છે.** તેથી અહીં તેના વિશે **'શ્રીકૃષ્ણના ચરણની સેવાને અધિક માનનાર'** એમ કહ્યું છે, અર્થાત્ આલોક અને પરલોક બંને ભગવાનની સેવા માટે ત્યાગ કરવા જેવા છે, તેમ તેણે પહેલેથી જ વિચારી રાખેલું, કારણકે તે ભક્ત છે. વૈરાગ્ય રાજાના હૃદયમાં પહેલેથી જ હતો અને શાપના કારણે ત્યાગની ક્રિયારૂપે તે પ્રકટ થયો. માત્ર શરીરથી ભગવાનની સેવા કરવાનું વિચારી, તે શરીરનો બીજી ક્રિયામાં ઉપયોગ ન થાય તે માટે તેણે **'અનશનવ્રત'** ધારણ કર્યું. પરંતુ શરીર અન્નમય હોવાથી અને અન્ન ન લેવાંતા વ્યાકુળતા વધે તો સેવા ન થઈ શકે એવી શંકાથી તેણે **'અમર્ત્ય'** એટલે દેવોની નદી ગંગાની સમીપ બેસવાનો વિચાર કર્યો, કારણ કે ગંગાના કાંઠે જન્મેલા અમર્ત્ય થાય છે, તેવું તેનું માહાત્મ્ય છે. તેથી અનશન તેને બાધારૂપ નહીં બને અને તેનું શરીર ભગવાનની સેવામાં ફળ પ્રાપ્ત કરવાના અધિકારવાળું બનશે, તેમણે તેમ વિચાર્યુ, અને તે ગંગાના કિનારે આવ્યા. ગંગા અમર બનાવી શકતી હોય તો હાલના જીવોને અમરત્વ પ્રાપ્ત કેમ થતું નથી?, તેવી શંકાના સમાધાન કરતાં કહે છે કે તેમના દેહો તથા દૃષ્ટિ આધિભૌતિક હોઈ તેમને આધિભૌતિક ગંગા તેવું પ્રાપ્ત કરાવતી નથી. લક્ષ્મીજીએ સમર્પણ કરેલી તુલસી ભગવાનના ચરણાર્વિંદમાં રહેલી અને તેની સાથે ભળેલી શ્રી કૃષ્ણના ચરણની રેણુ ગંગાજીમાં વહે છે, તેથી તે ભક્તના શરીરને 'ભક્તપણા'નો અને 'ભક્તિ'નો સહજ સંબંધ કરાવનાર છે. ગંગાજી ત્રણેય લોકને અંદરથી અને બહારથી બન્ને બાજુએ સિંચનથી પવિત્ર કરે છે. તેથી જ જે મરવા પડેલો હોય, દોષ યુક્ત દેહનો ત્યાગ કરવા ઈચ્છતા હોય તેવા જીવો ગંગાનો આશ્રય કરે છે.

આવા ગંગાજીનું સેવન કોણ ન કરે?, તેવો નિર્ણય કરી રાજાએ મુકુંદ ભગવાનનું ધ્યાન ધર્યું. અનન્ય ભક્તિ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારી હોવાથી **'બીજા કોઈમાં ભાવ ન રાખનારા'** એમ અહીં બતાવ્યું છે. રાજાને **'મુનિવ્રતવાળા સર્વ સંગ ત્યજેલા'** કહ્યા છે જેનાથી તેમની વાણીનો અને શરીરનો સંયમ બતાવ્યો છે. **'મુનિના જેવું વ્રત' એટલે નકામી વાતચીત ન કરવી તે, અથવા, મનનશીલ મુનિ વિના બીજા સાથે ન બોલવું, તે 'મૌન' છે.** તેમણે સર્વ સંગ છોડ્યો, તે કહેવાનું તાત્પર્ય એ કે બન્ને પ્રકારનો સંગ તનનો તથા મનનો; ત્યાગથી 'તનનો સંગ' છૂટે, વૈરાગ્યથી 'મનનો સંગ' છૂટે. એવા પરીક્ષિત રાજા ગંગા કિનારે આવીને બેઠા. પોતે પોતાનું કર્તવ્ય કર્યું,

બાકી ભગવાન જ કરશે તેવી તેમને શ્રધ્ધા હતી.

સર્વજ્ઞ એવા ઋષિઓએ જાણ્યું કે રાજા પરીક્ષિત જ્યાં ગંગાને કિનારે બેઠા છે ત્યાં ભગવદ્ વાર્તા થશે અને કથા શ્રવણનો લાભ પ્રાપ્ત થશે. નિમંત્રણ ન હતું છતાં તે વિશ્વને પાવન કરનારા મુનિઓ પોતપોતાના શિષ્યો સાથે ત્યાં પધાર્યા. **'મોટા પ્રભાવવાળા'** વિશેષણથી તેમનું પવિત્ર કરવાનું સામર્થ્ય બતાવ્યું છે. તેઓ શિષ્યો સાથે આવ્યા તેમ કહેવાનું પ્રયોજન તેમને ફરી બોધ કરવાનું ન રહે અને ભવિષ્યમાં રસિકપણાથી કથા કરી શકાય તેમ છે. ઋષિઓના નામ ગણાવતાં કહે છે- **અત્રિ**, **વશિષ્ઠ**, **ચ્યવન**, **શરદ્વાત**, **અરિષ્ટનેમિ**, **ભૃગુ**, **અંગિરા**, **પરાશર**, **વિશ્વામિત્ર**, **પરશુરામ**, **ઉતથ્ય**, **ઈન્દ્રપ્રમદ**, **મેધાતિથિ**, **દેવલ**, **આર્ષ્ટિલેણ**, **ભારદ્વાજ**, **ગૌતમ**, **પિપ્પલાદ**, **મૈત્રેય**, **ઔર્વ**, **કવલ**, **અગત્સ્ય**, **ભગવાન વ્યાસ** અને **નારદજી** તથા બીજા પણ અનેક **દેવર્ષિ**, **બ્રહ્મર્ષિ** અને **રાજર્ષિયો** ત્યાં પધાર્યા. આમાં બ્રહ્મર્ષિથી ભગવદ્ ભક્ત સુધીના સૌ ગણાવ્યા, જેમાં અત્રિથી વિશ્વામિત્ર સુધીના જ્ઞાનપ્રતિપાદક છે, પરશુરામથી પિપ્પલાદ સુધીના ધર્મ પ્રતિપાદક છે, મૈત્રેયથી નારદ પર્યંત ભક્તિ પ્રતિપાદક છે. ભાગવતમાં આ ત્રણેય પ્રકારના ઋષિઓનું પ્રતિપાદન કરેલું હોવાથી સૌ શ્રવણ માટે પધાર્યા છે તેમ કહ્યું છે.

આમ રાજાએ પોતાનું કર્તવ્ય કર્યું, અર્થાત્ તેઓ ગંગા કિનારે આવીને બેઠા અને ભગવાને પોતાનું કર્તવ્ય નભાવ્યું કેમકે તેમણે ઋષિઓને પ્રેરણા કરી પધરાવ્યા. અર્થાત્ ઋષિઓના રૂપમાં ભગવાન સ્વયં હાજર થયા. વ્યાસજી અને નારદજી એ બન્ને જ્ઞાનરૂપ છે, તેઓ ભગવાનની જ્ઞાનશક્તિના અવતારો છે, પરશુરામ ભગવાનની ક્રિયાશક્તિનો અવતાર છે, અને જ્ઞાન અને ક્રિયા ઊભય શક્તિવાળાઓને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ ક્રિયા શક્તિવાળા ભગવાન શ્રીકૃષ્ણને જાણવાની ઈચ્છાથી સર્વ ઋષિઓ ત્યાં પધાર્યા છે.

રાજાએ સૌનું સ્વાગત કર્યું, સામૂહિક પૂજન કરી નમસ્કાર કર્યા અને બે હાથ જોડી અને વિજ્ઞપ્તિ કરી. રાજા કહે, 'રાજાઓમાં અમે અન્યન્ત ધન્ય છીએ, અર્થાત્ સર્વ પુરુષાર્થોની પ્રાપ્તિ અમને થયેલી છે. પ્રભુના અનન્ય ભક્તોએ કૃપા કરવા યોગ્ય આચરણવાળા છીએ. આપ સૌ કૃપા કરી સ્વયં ચાલીને મારી પાસે પધાર્યા છો. રાજાઓના કુળમાં કોઈકનું નિંદિતકર્મ ન પણ હોય પરંતુ હું તો તેવા નિંદિત કાર્ય કરનારો છું. પહેલા મારામાં ક્ષત્રિયપણું હતું પરંતુ હમણા હું કુળના અંગારારૂપ હોવાથી પાપરૂપ છું. ભગવાને કૃપા કરી છે કારણ કે **ઘરમાં અત્યન્ત આસક્તિવાળાનું તો માત્ર પતન જ થાય જ્યારે મને તેમાંથી અભય કરાવનાર વૈરાગ્યના કારણરૂપ વિપ્રનો શાપ મળ્યો છે.** હે વિપ્રો, તમે મને ભગવાનમાં ચિત્ત રાખનારો અને ગંગાદેવીને શરણે આવેલો જાણો : બ્રાહ્મણે પ્રેરેલો તક્ષક ભલે મને ડંખે, આપ સૌ ભગવાનની ગાથા ગાઓ. નિવૃત્તિ માર્ગવાળા બધા મુક્તિ ઈચ્છે છે, પરંતુ પરીક્ષિત મુક્તિની પ્રાર્થના કરતો નથી, કારણકે તે અપરાધી હોવાથી મુક્તિ થવી સંભવીત નથી, તેમ તે જાણે છે, અને ભગવદીય

હોવાથી તેને મુક્તિની ઈચ્છા નથી. તે કહે છે કે રાજ્યનો રસ અને ભક્તિનો રસ એકબીજાના વિરુદ્ધ ગુણવાળા છે, તેથી મને ભગવાનમાં પ્રેમ જ થાઓ. હું જેજે સૃષ્ટિમાં જન્મ લઉં ત્યાં મને ભગવાનમાં પ્રેમ જ થાય તેમ હું ઈચ્છું છું. તે ભગવાનના ભક્તોનો સંબંધ ઈચ્છે છે કારણ કે તે પોતે ભગવાનની સમીપ રહેવાનું પ્રાપ્ત કરવા યોગ્ય ન હોવાથી તે ભગવાનના ભક્તો દ્વારા તેમ થાય તે ઈચ્છે છે. તે **‘સર્વ સાથે મૈત્રી થાઓ’** તેમ પ્રાર્થના કરે છે કારણ કે પ્રાણીઓનું અપમાન કરવું તે ફલ પ્રાપ્તિમાં વિઘ્ન કરનારૂં છે કેમ કે તેમ કરવાથી ભગવાનની પ્રસન્નતા થતી નથી. ભગવાન પ્રસન્ન થયેલ ન હોય ત્યારે ભક્તિ થતી નથી. મૈત્રી હોય ત્યારે જ અપમાન ન થવાનું સંભવે. ‘હું દ્વિજોને નમસ્કાર કરૂં છું’ તેમ કહેવાનું તાત્પર્ય એ છે કે ઉત્તમ પુરુષોને પ્રણામ અપરાધની ક્ષમા કરાવનારૂં છે.

આ પ્રમાણે વચનો કહી, ભૂમિ સર્વ સ્થળે રાક્ષસોથી ઘેરાયેલી હોવાથી મરણ સમયે તેમનો આવેશ ન થાય તેવા વિચારથી તે કુશો (દર્ભ) ઉપર બેઠો. દેવો ઉત્તમ ભક્તિના અધિકારીઓ હોવાથી, પોતાને પિતૃલોક નહીં પરંતુ દેવલોક પ્રાપ્ત થાય તે માટે તે પૂર્વ તરફ જેનો અગ્રભાગ હતો તેવા દર્ભવાળા આસન ઉપર બેઠો. ત્યારે દેવો વિમાનમાં બેસીને આકાશમાં આવ્યા. ભૂમિ પર પુષ્પવૃષ્ટિ કરી, દુન્દુભિ વગાડ્યા અને રાજાને અભિનંદન આપ્યા. મહર્ષિઓએ પણ રાજાનું હિત પૂર્ણ કરનાર તરીકે આવેલા, એટલે તેઓ રાજાનું વૈકુન્ઠ ગમન ન થાય ત્યાં સુધી તેઓ બિરાજશે તેમ કહ્યું. તેમણે રાજાની પ્રશંસા કરતાં કહ્યું કે ‘‘હે ઉત્તમ રાજર્ષિ, સર્વનો ત્યાગ કરીને ભગવાનમાં ચિત્ત પરોવવું એ તમારૂં કર્મ આશ્ચર્યકારક નથી કારણ કે તમે શ્રીકૃષ્ણને અનુસરનારા છો. જે પાંડવોએ રાજસિંહાસનનો રાજ મુકુટવાળા સાર્વભૌમનો ભગવાન પાસે જવાની ઈચ્છાથી ત્યાગ કર્યો હતો તેમ તમારે પણ ભગવાનની પાસે જવું યોગ્ય જ છે. જ્યાં સુધી આ મહાભૂતોના સમૂહને અર્થાત્ શરીરને છોડી તમે ભગવાનના સ્થાનમાં જશો ત્યાં સુધી અમે અહીં જ રહીશું. ઋષિઓના આ વચનમાં ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરાવનાર ચાર ગુણો હતાં. (૧) **એક સમાનતાવાળું એટલે કે પોતાનું અને રાજાનું સરખી રીતે હીત વિચારનારૂં,** (૨) **સર્વ પ્રકારે ભગવાનની સમીપ જશો તેમ મધઝરતું,** (૩) **અર્થસભર** અને (૪) **કપટ વિનાનું હતું.**

ભગવાનના ચરિત સાંભળવા ઈચ્છતા રાજાએ વિનંતી કરી ‘‘સત્યલોકમાં સાક્ષાદ્ વેદ હોય તેવા વેદજ્ઞ વિપ્રો, આપ અમારે આંગણે પધાર્યા છો, કૃપા કરવાનો આપનો સ્વભાવ છે. આપ પૂછવા યોગ્ય છો માટે હું આપને પૂછું છું.

માનવે જીવન પર્યંત હંમેશાં સર્વ પ્રકારે શું કરવું જોઈએ ? અને મરતા માનવે અંતકાળે શું કરવું તે બાબત વિચાર કરી આપ કહો. ઋષિઓએ રાજાને પ્રત્યુત્તર ન આપ્યો. સર્વ ત્યાગ કરનાર રાજા પરીક્ષિતના ગુરુ પણ ત્યાગ-રહિત ન હોઈ શકે માટે ત્યાં પ્રભુ પ્રેરણાથી સાક્ષાત ભગવાન વ્યાસજીના પુત્ર શ્રી શુકદેવજી પધાર્યા. પોતાની ઈચ્છા પ્રમાણે પૃથ્વી ઉપર ભ્રમણ કરનારા,

અપેક્ષા રહિત, મહાપુરુષોના ચિન્હવાળા, પોતાના લાભથી સંતોષ માનનારા, બાળકોથી વીંટળાયેલા અર્થાત્ ફરવાનું જેમને માટે ક્રીડારૂપ છે, એવા અવધુત અર્થાત્ જેમનામાં મૂર્ખપણાનો અંશ ન હતો તેવા વેખવાળા શુકદેવજી ત્યાં પધારે છે.

શ્રી શુકદેવજીમાં વ્યક્ત અને અવ્યક્ત બધા મળીને બત્રીસ લક્ષણો છે. તેનું વર્ણન કરતાં કહે છે- (૧) **સર્વત્ર સ્વેચ્છાથી બિરાજવાનું** - પ્રકટ થવાનું સામર્થ્ય, (૨) **ષડગુણ સંપન્ન**, (૩) **ભગવદીયપણુ**, (૪) **સ્વેચ્છાથી લીલા કરનાર**, (૫) **નિરપેક્ષ**, (૬) **અદ્દશ્ય થવાના સામર્થ્યવાળા**, (૭) **આત્મલાભ** અને (૮) **સંકોષ**, એમ આઠ તેમનામાં અંતસ્થિત ગુણો છે. તદ્દુપરાંત- (૯) **સોળ વર્ષની સદા વયવાળા**, (૧૦) **વિકાર વિનાના**, (૧૧) **સુકુમાર પાદવાળા**, (૧૨) **કર**, (૧૩) **ઊરુ**, (૧૪) **બાહુ**, (૧૫) **ખભા**, (૧૬) **કોમલ-નિદોષ ગાત્ર**, (૧૭) **વિશાળ નેત્ર**, (૧૮) **ઊંચી નાસિકા**, (૧૯) **સમાનકર્ણ**, (૨૦) **સુંદર ભ્રકુટીવાળુ મુખ**, (૨૧) **સુંદર કંઠ**, (૨૨) **ઢંકાયેલ હાંસડીના હાડકાં**, (૨૩) **ઉન્નત વક્ષસ્થલ**, (૨૪) **ગોળાકાર નાભિ**, (૨૫) **પીપળાના પાન જેવું ઉદર**, (૨૬) **દિશાઓ જ જેમના વસ્ત્ર** છે (નિવસ્ત્ર) (૨૭) **વિખરાયેલ વાળવાળા**, (૨૮) **ઢીંચણ સુધી લાંબા બાહુવાળા**, (૨૯) **ભગવાન વિષ્ણુ** જેવી **'કાંતિ'**-વાળા, (૩૦) **શ્યામવર્ણ**, (૩૧) **તારુણ્યની શોભાવાળા**, (૩૨) **મુખ ઉપર સ્મિતવાળા**. આવા ૩૨ લક્ષણાવાળા, લૌકિક રીતે ન ઓળખાય તેવા શ્રી શુકદેવજીને જોઈ મુનિઓ પોતાના આસન ઉપરથી ઊભા થઈ જઈ તેમને માન આપ્યું. રાજાએ પણ આવેલા અતિથિને નમસ્કાર કર્યા.

રાજા માટે **'વિષ્ણુએ રક્ષણ કરેલા'** એમ વિશેષણ તેને પોતાનું રક્ષણ ભગવાને કરેલું તેવું જ્ઞાન હોવાનું સૂચન કરે છે. શુકદેવજી માટે **'અતિથિ'** કહ્યા, કારણ કે તેમના આવવાનો સમય અચોક્કસ હોવાનું બતાવે છે. તેમને શું આપવું તેવો વિચાર કરતાં રાજાને પોતાનો **'આત્મા'** જ આપવા યોગ્ય છે તેમ સમજાતાં તેમણે માથું નમાવી પૂજન કર્યું, એટલે કે માથું તેમને સમર્પણ કર્યું. એવો અર્થ છે. ત્યાં બ્રહ્મર્ષિ, રાજર્ષિ અને દેવર્ષિઓના સમૂહોથી વીંટાયેલા ઉત્તમોત્તમ, જેમ ગ્રહો નક્ષત્રો અને તારાઓના સમૂહોથી વીંટાયેલ ચંદ્ર શોભે તેમ શુકદેવજી શોભતા હતાં. ઉત્તમોત્તમ એટલા માટે કે તેઓ જ્ઞાનીઓને પણ જ્ઞાન આપનાર હતાં. **'પૂર્ણ કરનાર ભગવાન'** શબ્દનું પ્રયોજન તે પ્રાકૃત ગુરુ ન હતાં તે સૂચવે છે.

ભક્ત રાજા પરીક્ષિત શુકદેવજીની પાસે આવ્યા. 'પ્રશાંત' અર્થાત્ શાંતપૂર્ણ, જે જ્ઞાનનું પરિણામ છે, 'બેઠેલા' વિશેષણથી વ્યગ્રપણાનો અભાવ જણાવે છે, 'મેધ:' શબ્દથી જેઓની બુદ્ધિ પ્રાકૃત કે મંદ નથી એવા મુનિ-મનન જેનું સાધન છે, તેની પાસે આવી મસ્તકથી પ્રણામ કરી, બે હાથ જોડી મધુરવાણીથી રાજાએ વિનંતી કરતાં કહ્યું કે આપે અતિથીરૂપે પધારી અમને તીર્થરૂપ પાવન કર્યા, આપના સ્મરણ માત્રથી દેહ અને ગેહ બન્ને પાવન બની જાય, જ્યારે આપના સાક્ષાત દર્શન મળે, સ્પર્શ મળે, વાર્તાલાપનું શ્રવણ મળે આપની સેવાનો સુયોગ થાય તો અમારૂં કેટલું

સદ્‌ભાગ્ય ?

હે મહાયોગીન ! આપના સાનિધ્ય માપથી પાપીજનોના પાપ નિવૃત્ત થઈ જાય, મા કુંતિ ઉપર દયા કરનાર પાંડવોના પ્રિય એવા ભગવાન કૃષ્ણે આજે મારા ઉપર દયા કરી લાગે છે, નહીં તો અવ્યક્ત ગતિવાળા આપના દર્શન અમને ક્યાંથી મળે? યોગીઓના પરમ ગુરુ આપને અમે પૂછીએ છીએ એમ કહી રાજા શુકદેવજીને કુલ બાર પ્રશ્નો પૂછે છે.

૧) **અહીં ગૃહસ્થાશ્રમમાં રહીને જીવતાં પુરુષનું જે કાર્ય હોય તે કહો.**

૨) **મરતા પુરુષનું સર્વથા આવશ્યક જે કર્તવ્ય હોય તે કહો.**

૩) **મરવા પડેલાએ અથવા જીવતાએ જે શ્રવણ કરવા યોગ્ય હોય તે કહો.**

૪) **વાણી અને મનની જોડીથી કરવા યોગ્ય જે 'જપ' હોય તે બતાવો.**

૫) **માત્ર કર્મેન્દ્રિયોનું કર્તવ્ય- જે કરવા યોગ્ય હોય તે સમજાવો.**

૬) **અંદરનું કાર્ય અર્થાત્ સ્મરણ કરવા યોગ્ય હોય તે અને**

૭) **બહારનું કાર્ય જે ભજન કરવા યોગ્ય હોય તે કહો.**

૮)થી ૧૨) **જે ન કરવાના પણ હોય તેવા પાંચ કાર્યો બતાવો**, કારણ કે એક ન કરવાનું કહેવાથી બાકી રહેલાનું કરવાનું અનુમોદન થાય. તેથી બન્ને કરવા યોગ્ય અને કરવા યોગ્ય કહેવા જરૂરી છે.

પરીક્ષિત રાજાની આમ મધુરવાણી દ્વારા પૂછાયેલા પ્રશ્ન સાંભળીને ધર્મજ્ઞ એવા બાદરાયણ વ્યાસના પુત્ર ભગવાન શુકદેવજીએ પ્રત્યુત્તર દેવાનો પ્રારંભ કર્યો કારણ કે તેઓ પણ ધર્મજ્ઞ છે, કોઈની અપેક્ષા રાખ્યા વિના સૌનું કલ્યાણ કરવા ભગવદ્ ગુણાનુવાદ કરનાર છે, સૌને ભગવદભિમુખ કરવાનો ધર્મ જાણનારા છે.

આ પ્રથમ સ્કંધની સુબોધિનીજી પૂરી કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મુરના શત્રુ એવા ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલોમાં, સુજ્ઞ પુરુષોની સમક્ષ બે હાથ જોડી વિજ્ઞપ્તિ કરતાં દૈન્યભાવે કહે છે કે મારી આ વિવૃતિ ઉચ્છુંખલ હોવા છતાં તે શ્રીકૃષ્ણના યુગ્મ ચરણોમાં ધરેલી હોઈ વિચાર કરવા યોગ્ય છે.

સ્કંધ-૧ સંપૂર્ણ

દ્વિતીય સ્કંધ

• જ્ઞાન અથવા સાધન લીલા •

• દ્વિતીય સ્કંધના અધ્યાય (કુલ ૧૦ અધ્યાય)

૧. દશલીલા યુક્ત શ્રી હરિનું સ-અંગ શ્રવણ એ જ મનુષ્ય કર્તવ્ય છે.
૨. સાધનથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય.
૩. ભગવત્કથા શ્રવણમાં સાધન.
૪. પરીક્ષિતનું સ્વરૂપ તથા શ્રી શુકદેવજીનું જ્ઞાન.
૫. બ્રહ્માજી અંતર્યામીના પ્રાકટ્યનો પ્રકાર કહે છે.
૬. પુરુષસૂક્તમાં કહેલા ભગવાનના વિરાટ દેહનું વર્ણન.
૭. અંતર્યામીના અવતારોની કથા.
૮. રાજાના પ્રશ્નો ઉપરથી પ્રાપ્ત થતાં વિચાર.
૯. ચતુ:શ્લોકી ભાગવત.
૧૦. પુરાણાદિકના લક્ષણ

• કથા સાર •

આગળના અધ્યાયમાં પરીક્ષિત રાજાના કલ્યાણવિષયક પ્રશ્નથી શુકદેવજી મહારાજ પ્રસન્ન બની બોલ્યા : હે રાજન! તમે કરેલો પ્રશ્ન અત્યંત શ્રેષ્ઠ અને લોકહિતજનક છે. આ સંસારમાં રચ્યાપચ્યા પુરુષો અંતસમયે શું થશે એ વિચારવાનું ભાન ગુમાવી બેઠેલા હોય છે. એવા લોકો વર્ષો સુધી જીવે છે, પણ એમનાં રાત્રિદિવસ નિદ્રામાં, સ્ત્રીસંગ સંબંધી કાર્યોમાં તથા ધનલાલસામાં જ વીતી જાય છે. પરંતુ **મોક્ષની ઈચ્છાવાળાએ સર્વ-નિયંતા, અનંતકલ્યાણગુણયુક્ત ભગવાન શ્રીકૃષ્ણનાં શ્રવણ કીર્તન અને સ્મરણમાં જ નિમગ્ન બની રહેવું જોઈએ.** શ્રવણનો વિષય ભગવાન વાસુદેવની દશ પ્રકારની લીલાઓ છે. શ્રવણ કીર્તન સ્મરણ ત્રણેનો પરસ્પર માટે નિર્વાહ છે. શ્રુતિમાં મનન-નિદિધ્યાસનું વિધાન છે જે વસ્તુત: શ્રવણને માટે જ થાય છે. ભગવાન સ્વતંત્ર છે, ભક્તિ વગરનાં સાધનોથી તેઓની ઉપલબ્ધિ અસંભવિત છે. ભક્તિમાર્ગીય શ્રવણાદિ દ્વારા જ એઓનો સાક્ષાત્કાર થાય છે. શુકદેવજી કહે છે **ભક્તિપ્રધાન ભાગવત વેદ સમાન છે,** જેનું અધ્યયન દ્વાપરયુગના આદિકાલમાં અમારા પિતા દ્વૈપાયન વ્યાસ દ્વારા નિયમપૂર્વક કર્યું હતું. ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓમાં અમારું મન ખેંચાઈ જતું હોવાથી અમે પુન: પણ ભાગવતનું અધ્યયન કર્યું. સર્વ રીતે જે નિર્ભય બની રહેવા ઈચ્છે છે એવા યોગીઓએ નિર્ણયાત્મકપણે ભગવાનનાં શ્રવણ-કીર્તન-સ્મરણમાં નિમગ્ન બની રહેવું જોઈએ. પૂર્વે ખટ્વાંગ નામનો એક

રાજા થઈ ગયો તેણે દેવોનો પક્ષ લઈને દૈત્યોને હરાવ્યા. દેવોએ પ્રસન્ન બની રહીને વરદાન માગવાનું કહ્યું, રાજાએ દેવો દ્વારા જાણ્યું કે પોતાનું આયુષ હવે એક મુહૂર્ત પૂરતું જ છે તેથી વરદાનની પરવા કર્યા વિના ખટ્વાંગ રાજા સ્વર્ગલોકમાંથી તરત જ કર્મભૂમિ એવા ભૂતલમાં આવતો રહ્યો અને પછી શ્રીહરિના સ્મરણમાં જ નિમગ્ન બની રહેતાં એને ભગવાનની પ્રાપ્તિ થઈ. આથી સમજવાનું છે કે ભગવાન તો બે ઘડી સ્મરણ કરનારને પણ પોતાની પ્રાપ્તિ કરાવે છે. તમારા જીવનના તો હજુ સાત દિવસ બાકી છે. જીવમાત્રને પ્રતીત થાય કે હવે અંત:કાલ નજીક છે તો તેણે દેહ અને દેહનાં સંબંધીઓ પ્રત્યેની મમતા-સ્પૃહા યા આસક્તિ નષ્ટ કરી દેવી અને બુદ્ધિ દ્વારા મનને ભગવાનના સ્વરૂપમાં સ્થાપવું. ઈન્દ્રિયગ્રાહ્ય પદાર્થો પ્રત્યે મનને ભટકવા ન દેવું. પરમાત્માના સ્વરૂપમાં એકાગ્રતા સિદ્ધિ કરવા માટે અષ્ટાંગયોગ એ પ્રાથમિક સાધન છે. આ યોગ ભક્તના જીવનનો ભાગ બની જવો જોઈએ. આવા ભક્તો અનંત શેષનાગ પર પોઢેલા નારાયણના સ્વરૂપને અનુભવી શકે છે અને એ સ્વરૂપને પોતાના મન-હૃદયમાં ધારણ કરી શકે છે. વાસ્તવમાં ભગવાન અને દેહનો સ્વસ્વામિભાવ સંબંધ છે. દેહાદિ સર્વ પદાર્થ સ્વભોગ્ય છે અને ભગવાન સર્વના સ્વામી ભોક્તા છે. વિદ્વાન પુરુષે ભોગ્ય પદાર્થોનું સુખ વાસ્તવિક નથી એમ માની એ પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવો, શરીરનિર્વાહ પૂરતું જ એમાં પ્રયોજન રાખવું. ભગવાનની સેવા માટે રાખેલો દેહ બીજા કાર્યમાં વાપરવો ઈષ્ટ નથી. ભગવાન તો અંત:કરણમાં જ સ્થિત છે.

શ્રવણનાં ત્રણ અંગો શુકદેવજીએ દર્શાવ્યા : (૧) **ભગવાનના સ્વરૂપનું તત્ત્વો સહિત ચિંતન કરવું**, (૨) **શ્રવણ કરનાર અને કરાવનાર બન્નેને હૃદયમાં ઉલ્લાસ યા શ્રદ્ધા હોવી જોઈએ** અને (૩) **વિમર્શ એટલે વિચાર અથવા મનન કરવું જોઈએ.** સર્વના આત્મા, ભગવાન, હરિ યા ઈશ્વરનું પ્રમાણ અને પ્રમેયથી તેમ સાધન અને ફલથી શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવાનું અને તે પણ આજીવન દેહ પડે ત્યાં સુધી. જેણે પોતાની નિર્મળ બુદ્ધિ ભગવાન શ્રીકૃષ્ણમાં જ સમર્પિત કરી છે, મમતા માત્રનો ત્યાગ કર્યો છે એવા પરીક્ષિતે પછી શુકદેવજીને જણાવ્યું કે ભગવાન પોતાની માયા શક્તિ વડે દેવો પણ જાણી શકતા નથી એ રીતે આ જગત સર્જે છે અને મહાન શક્તિવાળા એ પરમાત્મા જે રીતે એમાં રમણ કરે છે એ બધું જાણવાની મારી ઈચ્છા છે. આ જગતનો આવિર્ભાવ તેમ તિરોભાવ સમજાવો. પરીક્ષિતની આ જિજ્ઞાસામાં પાંચ પ્રશ્નો સમાયા છે : (૧) **ભગવાન ઐશ્વર્ય વગેરે છ ગુણો પૈકી કયા ગુણરૂપી સાધનથી કાર્ય કરે છે ? (૨) જો ગુણોથી કરતા હોય તો એ ગુણોનું ક્રમપૂર્વક ગ્રહણ કરે છે કે એકસાથે ? (૩) સર્વ ગુણો એકસાથે તો ઉત્પન્ન થતા નથી કે લય પામતા નથી, સમૂહથી ધારણ કરે છે ? (૪) પોતે તો એકલા છે તો શું પાછા અનેક થઈને એકસાથે વગેરેના પ્રકારથી ગ્રહણ કરે છે ? (૫) જુદા જુદા જન્મો લઈ કર્મો કરતાં કર્મને અધીન રહીને એમ કરે છે ?**

શ્રીશુકજી કહે છે : પ્રથમ જે એકલા જ હતા, ત્યાર પછી એ જ '**પુરુષ**' થયા, પછી '**હું બહું**

થાઉં' એવી ઈચ્છાથી ઘણા થયા. પછી જગતના ઉત્પત્તિ સ્થિતિ અને લયની ક્રીડા કરવા પોતાની માયાના ગુણરૂપ ત્રણ શક્તિઓનો સ્વીકાર કર્યો. પછી અંદર જ અંતર્યામીરૂપે પ્રવેશ કર્યો, અને સર્વથી કે કોઈથી પણ જેમનો માર્ગ જાણી શકાતો નથી તેવા પરમપુરુષને નમસ્કાર. સૃષ્ટિ, સ્થિતિ, લય, ભોગ અને મોક્ષ થાય એ માટે ભગવાનના **મૂળરૂપ**, **સમષ્ટિરૂપ**, **વ્યષ્ટિરૂપ**, **અંતર્યામીરૂપ** અને **ફલરૂપ** એવાં પાંચ રૂપો કહ્યાં.

પ્રથમ સાત શ્લોકોમાં નમન કરી સર્વ શાસ્ત્રોનો નિર્ણય કહ્યો, સ્વરૂપથી અને પ્રમાણથી સર્વ સંદેહો દૂર કર્યા અને પાંચ શ્લોકોમાં શુકદેવજી પાંચ પ્રાર્થનાનાં વાક્યોથી ભગવાનના માહાત્મ્યનું વર્ણન કર્યું છે.

આ પ્રમાણે પ્રાર્થના દ્વારા ભગવાનનું માહાત્મ્ય દર્શાવીને પછી શુકદેવજી પોતાના ગુરુ-પિતા ભગવાન વ્યાસને એક શ્લોકથી નમસ્કાર કરતાં કહે છે :

સર્વને મોક્ષ આપવા માટે જ ભગવાન વ્યાસનો અવતાર થયો છે તે સાક્ષાત્ વાસુદેવ રૂપ હોઈ જ્ઞાનમય અર્થાત્ સર્વ વસ્તુઓનું જ્ઞાન કરાવનારી શબ્દપ્રકારની સૃષ્ટિ જેમણે રચી છે એવા સર્વના ગુરુ વ્યાસજીને નમસ્કાર કરૂં છું. પછી કહ્યું કે હે રાજન ! પૂર્વે આ જ પ્રશ્ન નારદે બ્રહ્માને કર્યો હતો તે ઉપરથી બ્રહ્માએ પોતે સાક્ષાત્ શ્રી હરિ પાસેથી સાંભળેલી કથા સ્વયંભૂ એવા એ વેદગર્ભ નારદજીને કહી હતી.

નારદે પૂછ્યું હતું કે આત્માના તત્ત્વના વિચારવાળું જે જ્ઞાન તે જણાવો. એ તત્ત્વ કેવા રૂપનું, કયા અધિષ્ઠાનવાળું, આ જગત જેમાંથી યા જેનાથી સર્જાયું, જેના આશ્રયવાળું છે, જેમાં લય પામે છે, જેને અધીન છે અને જેવું છે તે યથાર્થપણે મને કહો. આપનું જ્ઞાન કોનાથી ? આપનો આધાર કોણ ? આપનો નિયામક કોણ ? આપનું સ્વરૂપ શું ? તમારાથી પણ ઉત્તમ બીજો કોણ છે ? અહીં સુધીમાં નારદે તેર પ્રશ્નો કર્યા છે. જ્ઞાનના પ્રશ્નો, તત્ત્વસંબંધી છ પ્રશ્નો, બ્રહ્માસંબંધી ચાર પ્રશ્નો અને જે સર્વોચ્ચ છે તે અંગેનો પ્રશ્ન. બ્રહ્માએ કહ્યું કે તારા બધા જ પ્રશ્નોના ઉત્તર ભગવાન જ છે. ભગવાન તો નિર્ગુણ છે, પણ સ્થિતિ સર્ગ અને લય માટે એ ગુણો પોતાની પેલી મોહ કરનારી નહીં, પણ માત્ર જગત રચનારી માયા શક્તિથી ગ્રહણ કરેલ છે. ભગવાન તો વિકારરહિત અને સર્વ સ્વરૂપવાળા છે. ભગવાન બધાના અને મારા ઈશ્વર છે. ભગવાનના વિરાટ સ્વરૂપનું વર્ણન પ્રથમ અધ્યાયમાં ટૂંકાણમાં થયેલું છે. અહીં બ્રહ્માનું, સૃષ્ટિલીલાઓ અને એ વિરાટપુરુષની વિભૂતિનું વર્ણન કરવામાં આવ્યું છે.

પાંચમા અધ્યાયમાં મૂર્ત પદાર્થોના જન્મરૂપ ઉત્પત્તિ કહી, છઠ્ઠા અધ્યાયમાં અમૂર્ત જીવોના મૂર્ત પદાર્થ સાથેનો સંબંધ કહેવાયો છે. શ્રીમદ્ ભાગવતમાં યથાસ્થાને એ અવતારોની કથાઓ વિસ્તારપૂર્વક આલેખાઈ છે.

પરમ પુરુષ પરમાત્માની યોગમાયાને એમના અનુગ્રહના પ્રતાપે બુદ્ધિથી ધ્યાન કરનારા બ્રહ્મા,

ભગવાન મહાદેવ, પ્રહ્‌લાદ, સ્વયંભુવ મનુ, ધ્રુવ, ઈક્ષ્વાકુ, મુચુકુંદ, ઉદ્ધવ, પરાશર, હનુમાન, ઉપેન્દ્ર વગેરે શ્રેષ્ઠ પુરુષો પરમાત્માની યોગમાયાને જાણે છે અને તરી પણ જાય છે. **ભગવાન જ સર્વ કલ્યાણોના ફલપ્રદાતા છે.** પૃથ્વી આદિ મહાભૂતોનો વિયોગ થતાં શરીર નાશ પામે છે છતાં શરીરમાંનું આકાશ નાશ પામતું નથી તેમ શરીરમાં રહેલો આત્મા પણ નાશ પામતો નથી. **ભગવાન જ સર્વ છે, ભગવાનમાંથી જ સર્વ થયેલ છે.**

શ્રી ભગવાને કહેલું આ ભાગવત નામનું પુરાણ છે. એ વિભૂતિઓનો સંગ્રહ છે. આનો વિસ્તાર શ્રી હરિમાં મનુષ્યોની ભક્તિ થાય એવી રીતે સંકલ્પ કરીને એનું વર્ણન કરજે.

પરીક્ષિત રાજાએ કહ્યું : હે શુકદેવજી ! નિર્ગુણ ભગવાનના ગુણો કહેવા બ્રહ્માએ પ્રેરણા કરી એટલે દેવતુલ્ય એવા નારદે પછી જેને જેને ભાગવતકથા કહી હોય તે જાણવાની મને ઈચ્છા છે. બ્રાહ્મણોના શાપથી તેમ અનશન વ્રતથી મારું મન વ્યાકુળ થતું નથી. સર્વના આત્મા ભગવાન શ્રીકૃષ્ણમાં મારું સંગરહિત મન મૂકીને હું દેહનો ત્યાગ કરીશ. આ આત્મા મહાભૂતોના સંબંધથી રહિત છે તો પછી એને પાંચ મહાભૂતોના સંબંધ દ્વારા જે દેહ પ્રાપ્ત થાય છે તે કોઈ કારણ વિના થાય છે કે કારણ વડે થાય છે ? કલ્પ અને વિકલ્પ કેટલા છે ? કાલનું માપ શી રીતે થાય ? કોનો આવિર્ભાવ થાય છે અને તે કેટલા સમય રહે છે ? કર્મોનું મિલન કોનામાં થાય છે ? અને કેવી રીતે કોનાથી તેનો સ્વીકાર થાય છે ? તત્ત્વોની ગણના અને યોગેશ્વરો વિશે, વેદો, ઉપનિષદો, ધર્મશાસ્ત્રો, ઈતિહાસ, પુરાણોનાં લક્ષણ અને પરીમાણ કહો. આત્માના બંધ અને મોક્ષ તથા તેના સ્વરૂપને સમજાવો.

શ્રી શુકદેવજી બોલ્યા : આત્મા જ્યારે કાલ અને એના ચિદ્અંશની શક્તિ એવી મોહ કરનારી માયાથી પર એવા પોતાના મહિમા વિશે જ સંમોહ વિનાનો થઈ રમણ કરે ત્યારે હું અને મારું એ બન્નેનો ત્યાગ કરી ઉદાસીન થાય છે, તેનામાં આસક્તિ કરતો નથી ત્યારે મોક્ષ પામે છે. જગતના પરમગુરુ એવા બ્રહ્માએ પોતાના કમલાસન પર બેસી બ્રહ્માંડ રચવાની ઈચ્છાથી જોયું ત્યારે એને અનુરૂપ યથાર્થ જ્ઞાન એમને પ્રાપ્ત ન થયું. તેઓ ચિંતન કરતા હતા તે સમયે બે અક્ષરોવાળું તપ એવું વચન બે વખત બોલાયેલું સાંભળ્યું. બોલનારને શોધવા બ્રહ્માએ દિશામાં જોયું, પણ અન્ય કશું જ દેખાયું નહીં. તપનો આદેશ સ્વીકારી બ્રહ્માએ દિવ્ય એવું એક હજાર વર્ષ સુધી તપ કર્યું. જેનાથી પ્રસન્ન થયેલા ભગવાન સ્વયં પોતે બ્રહ્મા સમક્ષ પ્રકટ થયા. ભગવાનના દર્શનથી આનંદ પામી બ્રહ્માએ એમના ચરણમાં નમન કર્યું. ભગવાને એમને કહ્યું કે હે વેદગર્ભ! સૃષ્ટિ રચવાની ઈચ્છાથી સુદીર્ઘ સમય પર્યંત કરેલા તપથી હું પ્રસન્ન થઈ રહ્યો છું. તપ કરવાનો આદેશ મેં જ આપ્યો હતો. તમે મારી પાસે ઈચ્છિત વર માગો. બ્રહ્માએ માગ્યું : આપના મૂલ સ્વરૂપનું મને જ્ઞાન થાય, સૃષ્ટિ રચવાની આપની આજ્ઞા હું પાળ્યા કરું એટલું જ હું માગું છું : મારી બુદ્ધિમાં કદી પણ અભિમાનનો અંશ પણ પ્રવેશ ન પામે. ભગવાને કહ્યું : તથાસ્તુ. ભગવાને ચતુ :શ્લોકી ભાગવત સંભળાવ્યું.

ભગવાને બ્રહ્માને કહેલા સારરૂપ ચતુ:શ્લોકીથી કહેલું ભાગવતના ઉપદેશવાળું, પુત્ર નારદને દશ લક્ષણોવાળું ભાગવત પુરાણ કહ્યું તે પછી મુનિ વ્યાસને નારદે ભાગવત કહ્યું અને મારા પિતા એવા વ્યાસ પાસેથી એ ભાગવત હું ભણયો છું. આ પરંપરા કહીને પછી શુકદેવજીએ પરીક્ષિતને કહ્યું શ્રીમદ્ ભાગવતનું પ્રયોજન આનંદરૂપ શ્રીહરિની લીલા જ દર્શાવવાનું હોવા છતાં પણ તત્ત્વદર્શનમાંયે અન્ય પુરાણો કરતાં તેનું મહત્ત્વ વધારે છે. શ્રીમદ્‌ભાગવતમાં દશ લક્ષણોનું વિવરણ કરવામાં આવ્યું છે એ કારણે ભાગવતને ‘મહાપુરાણ’ કહેવામાં આવે છે.

આ ભાગવતમાં (૧) **સર્ગ**, (૨) **વિસર્ગ**, (૩) **સ્થાન**, (૪) **પોષણ**, (૫) **ઊતિ**, (૬) **મન્વન્તરો**, (૭) **ઈશાનુકથા**, (૮) **નિરોધ**, (૯) **મુક્તિ** અને (૧૦) **આશ્રય** આ દશ પદાર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે ગુણથી દશ પ્રકારથી જણાતું શ્રીહરિનું સ્વરૂપ દર્શાવીને પછી શુકદેવજી બીજું જીવનું સ્વરૂપ ‘**આધ્યાત્મિક ભેદ**’થી અને ગુણથી પણ ત્રણ પ્રકારનું કહે છે.

આ પ્રમાણે શુક અને પરીક્ષિતનો સંવાદ ચાલ્યો ત્યારે આ ભાગવતી કથાનું શ્રવણ કરતાં શૌનકે સુતને પહેલાં કહેલી કથા સંબંધી પ્રશ્ન કર્યો કે હે સૂત! **તમે કહેલું કે વિદુરજી દુસ્ત્યજ સગાં સંબંધીઓનો ત્યાગ કરી યાત્રા કરવા નીકળી પડ્યા હતા ત્યારે તેમને મૈત્રેય ઋષિ સાથે તેમનો આધ્યાત્મિક સંવાદ ક્યાં થયો હતો? તે મૈત્રેય ઋષિએ તેમના પૂછવાથી તેમને કયું તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું હતું? વિદુરજીએ પછી શું શું કર્યું? તે સર્વ ચરિત્ર તમે અમને કહો.**

(ઈતિ શ્રીમદ્ ભાગવતના દ્વિતિય સ્કન્ધનો કથા સાર સંપૂર્ણ)

• દ્વિતિય સ્કંધની ભૂમિકા •

પ્રથમ સ્કંધના અંતમાં રાજા પરીક્ષિત શ્રી શુકદેવજીને જે પ્રશ્ન કરે છે તેની પ્રશંસા કરતાં શુકદેવજી રાજાને કહે છે કે ‘તમારો પ્રશ્ન શ્રેષ્ઠ છે કારણ કે તેનાથી લોકોનું હિત થાય તેવો છે.’ તે પછી તેઓ ‘**તત્ત્વધ્યાન**’નો ઉપદેશ આપે છે, જેના વિશે રાજા વધુ ખુલાસો કરવા વિનંતિ કરે છે. શુકદેવજી વિસ્તારપૂર્વક ‘**શ્રી હરિની દશવિધલીલાનું શ્રવણ કરવું એ જ મનુષ્યનું પરમ કર્તવ્ય છે**’ તેમ પહેલા અધ્યાયમાં સમજાવે છે. **બીજા અધ્યાય**માં ‘**સાધન**’ દ્વારા ‘**વસ્તુસ્વરૂપ**’નો નિર્ણય કહે છે. તે ‘સાધન’ એટલે ‘**આલોક અને પરલોકના ફળભોગની ઈચ્છા છોડીને ભગવાનનું ભજન કરવું**’ તે છે, કારણ કે તે જ સર્વને કૃતાર્થ કરનારું છે. શુકદેવજી મનુષ્ય અને પશુના સ્વભાવનો ભેદ સમજાવી કર્મફળના અનર્થમાંથી ઉગારવા ભગવાનના સ્વરૂપનું ધ્યાન ધરવાનો ઉપદેશ આપે છે. અધ્યાયના અંતમાં તેઓ કહે છે કે જે ભગવાનની કથાનું પાન કરે છે તેઓ પ્રભુના ચરણકમલની સનિધ્ધિમાં પહોંચી જાય છે.

ત્રીજા અધ્યાયમાં શ્રવણમાં શ્રેષ્ઠ સાધન તરીકે ભગવત્કથાનું પ્રતિપાદન કરે છે. વિવિધ

પ્રકારની કામનાવાળા મનુષ્યો જુદા જુદા દેવોની પૂજા કરે છે, તેમ સમજાવી કહે છે કે જેઓ નિષ્કામ થવાને ઈચ્છતા હોય તે પરમાત્માનું ભજન કરે છે. શુકદેવજીના આ વચનો સાંભળી શૌનક ઋષિ, તે સિવાય રાજા પરીક્ષિતે બીજું શું પૂછ્યું, તે વિશે સુતજીને પ્રશ્ન કરે છે. તેઓ કહે છે કે રાજાએ **'આત્મવિદ્યા'** પરત્વે જે સારો પ્રશ્ન કર્યો હોય અને શુકદેવજીએ તેનો જે ઉત્તર આપ્યો હોય તે અમને જણાવો. આ પ્રશ્નનો ઉત્તર આપતાં **ચોથા અધ્યાય**માં સુતજી પરીક્ષિતનું સ્વરૂપ તેમ જ શુકદેવજીનું જ્ઞાન અને ગુરુ ભક્તિનું વર્ણન કરે છે. રાજાએ શુકદેવજીને પુન : પ્રશ્ન કર્યો છે કે અનંત શક્તિવાળા ભગવાન કઈ રીતે લીલા કરતાં વિશ્વની **ઉત્પત્તિ**, **સ્થિતિ** અને **લય** કરે છે? તેઓ અવતાર કઈ રીતે લે છે? રાજાના પ્રશ્નથી પ્રસન્ન થઈ શુકદેવજી તેર શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરે છે. અંતમાં રાજાને સંબોધીને કહે છે કે **''તમે જે પૂછ્યું તે જ નારદજીએ બ્રહ્માજીને પૂછેલું અને બ્રહ્માજીએ નારદજીને તે કહેલું, કે જે ભગવાને બ્રહ્માજીને કહ્યું હતું. તે જ હું તમને કહી રહ્યો છું.''**

પાંચમાં અધ્યાયમાં નારદજી અને બ્રહ્માજીનો સંવાદ છે. નારદજીએ બ્રહ્માજીને પ્રશ્ન કર્યો કે **''આપને તપ કરવાની જરૂરત કેમ પડી?''** તે સિવાય તેમણે એક જ્ઞાનસંબંધી, એક આત્મસંબંધી, છ તત્ત્વસંબંધી, ચાર બ્રહ્મસંબંધી, એમ બીજા કુલ બાર પ્રશ્નો પૂછ્યા. બ્રહ્માજીએ તેના વિસ્તારપૂર્વક જવાબ આપ્યા. **છઠ્ઠા અધ્યાય**માં બ્રહ્માજી વેદના **'પુરુષ સુકત'**માં કહેલા ભગવાનના વિરાટ દેહનું વર્ણન કરે છે. **સાતમા અધ્યાય**માં ભગવાનના અવતારોની કથા કહે છે, અને અંતમાં નારદજીને કહે છે કે **'આ ભાગવત ભગવાને મને કહેલું છે જે મેં તમને ટૂંકમાં સંભળાવ્યું. ભગવાનની આ કથાના શ્રવણ કરનારને મોહ ઉત્પન્ન નહીં થાય અને સૌને ભગવાનની ભક્તિ પ્રાપ્ત થશે.'**

પુન : **આઠમા અધ્યાય**માં રાજા શુકદેવજીને વિનંતી કરે છે 'નારદજીએ જેને જેને બ્રહ્માજીની પ્રેરણાથી આ ભગવાનની કથા જે પ્રકારે કહી તે હું જાણવા ઈચ્છું છું, તો આપ મને તે કહો.' રાજાની વિનંતી સાંભળી શુકદેવજીએ **નવમા અધ્યાય**માં તેમને **ચતુ:શ્લોકી ભાગવત** સંભળાવ્યું, જે ભગવાને બ્રહ્માજીને કહ્યું હતું. બ્રહ્માજીએ ભગવાન પાસે ચાર વરદાન માગ્યા હતાં જેના અંતે ભગવાને તેમને ચાર શ્લોકોમાં જે શિક્ષા આપી હતી તેની કથા આ અધ્યાયમાં છે. આ સ્કંધના અંતમાં **દસમા અધ્યાય**માં શુકદેવજી પુરાણાદિકના લક્ષણો જણાવતાં ભાગવતમાં **સર્ગ**, **વિસર્ગ**, **સ્થાન**, **પોષણ**, **ઊતિ**, **મન્વન્તર**, **ઈશાનુકથા**, **નિરોધ**, **મુક્તિ** અને **આશ્રય** એ દશ પદાર્થો કહ્યા છે તેનું વર્ણન કરે છે.

શૌનકજી સુતજી પાસે આ સ્કંધ/ અધ્યાયના અંતમાં વિદુરજીએ વિભિન્ન તીર્થોમાં કરેલા પરિભ્રમણ દરમ્યાન મૈત્રેયજીએ જે તત્ત્વનો ઉપદેશ કર્યો હતો તે વિશે જાણવાની ઈચ્છા પ્રકટ કરતાં, શુકદેવજીએ તે વિષયમાં જે કહ્યું હતું તે કહેવાની તત્પરતા બતાવી. અને તે રીતે આ

દ્વિતિય સ્કંધ પૂરો થાય છે.

❀ સ્કંધાર્થ

પ્રથમ સ્કંધના અંતમાં ઉત્તમ શ્રોતા પરીક્ષિતે ઉત્તમ વક્તા શ્રી શુકદેવજીને જે પ્રશ્નો કર્યા હતાં તેના ઉત્તરમાં તેઓ આ સ્કંધમાં 'શ્રી ભાગવતનું અંગો સહિત શ્રવણ કરવું જોઈએ' તેમ કહે છે. પરીક્ષિતનો પ્રશ્ન સાંભળતાં જ શુકદેવજી અતિ પ્રસન્ન થાય છે. રાજાનો પ્રશ્ન સૌને માટે ઉપકારક છે, જીવતા માનવે કૃતાર્થતા માટે શું કરવું જોઈએ તે જાણવું પ્રત્યેક માટે જરૂરી છે. પ્રથમ સ્કંધમાં શ્રોતા-વક્તાના અધિકાર બતાવ્યા છે તો આ દ્વિતિય સ્કંધમાં તે અધિકારીના કર્તવ્યનો નિર્ધાર કર્યો છે. કર્તવ્યનો વિચાર બે પ્રકારે થઈ શકે- (૧) જેને આચરણમાં મૂકી શકાય અર્થાત્ **'અનુષ્ઠેય'**, અને (૨) **'પ્રમેય'** રૂપ, જે જાણવા જેવું હોય. પ્રથમનો વિચાર બીજા સ્કંધમાં છે, જેમાં દસ પ્રકારે લીલાવાળા ભગવાનનું શ્રવણ અને બીજાનું વર્ણન ત્રીજા સ્કંધથી બારમા સ્કંધમાં કરવામાં આવ્યું છે. શ્રી ભાગવતના દસ અંગો હોવાથી આ સ્કંધના દસ અધ્યાયો છે. તેથી શ્રી ભાગવતના અંગોનું નિરૂપણ એ આ સ્કંધનો અર્થ છે. દ્વિતિય સ્કંધનો અર્થ **'સિધ્ધાંત-કર્તવ્યનિર્ધાર-શ્રવણ'** છે. તેને **સાધનલીલા** અથવા **જ્ઞાનલીલા** કહેવાય. શ્રીનાથજીના **વામચરણકમળ** રૂપ આ સ્કંધ છે.

❀ પ્રકરણાર્થ

આ સ્કંધમાં ત્રણ પ્રકરણો છે - (૧) **તત્ત્વનિર્ધાર અથવા તત્ત્વધ્યાન** (૨) **શ્રધ્ધા અથવા હૃત્પ્રસાદ** અને (૩) **વિમર્શ અથવા મનન**. આ સ્કંધનું વિહંગાવલોકન નીચે મુજબ કરી શકાય-


સાધન-જ્ઞાનલીલા (કુલ ૧૦ અધ્યાય)
પ્રથમ પ્રકરણ - (બે અધ્યાય)
તત્ત્વધ્યાન (વસ્તુનિર્ધાર)
દ્વિતિય પ્રકરણ - (બે અધ્યાય)
હૃત્પ્રસાદ (શ્રધ્ધા)
તૃતિય પ્રકરણ - (છ અધ્યાય)
મનન (વિમર્શ)
સ્થુળ ધ્યાન
(અધ્યાય-૧)
સૂક્ષ્મ ધ્યાન
(અધ્યાય-૨)
શ્રોતાનો હૃત્પ્રસાદ
(અધ્યાય-૩)
વક્તાનો હૃત્પ્રસાદ
(અધ્યાય-૪)
ઉત્પત્તિ
(અધ્યાય-૫, ૬, ૭)
ઉપપત્તિ - તર્ક reasoning
(અધ્યાય-૮, ૯, ૧૦)
અનિત્યમાં પ્રાકટ્ય
પરિચ્છિન્નમાં સમાગમ
નિત્ય અપરિચ્છિન્નમાં પ્રાકટ્ય
આશંકા
ઉત્તર
ફળ
આવેશ
અવતાર

ઉપર કહ્યું તેમ દ્વિતિય સ્કંધનો 'કર્તવ્ય નિર્ધાર' ભાગવતનું શ્રવણ છે. માટે 'શ્રવણ' એટલે શું તે સમજાવતા કહે છે કે શબ્દો અને વાક્યોના **'શક્તિ'** અને **'તાત્પર્ય'**નો નિશ્ચય એટલે **'શ્રવણ'**. અહીં શક્તિનો અર્થ છે શબ્દની પોતાનો અર્થ જણાવવાની સત્તા, જેના ત્રણ પ્રકાર છે- (૧) **'અભિધા'** - અર્થાત્ શબ્દનો જે અર્થ સામાન્યત: સમજાતો હોય, (૨) **લક્ષણા** - જ્યાં કુદરતી અર્થ બંધ બેસતો ન હોય ત્યાં રૂઢિ કે પ્રયોજનથી જે અર્થ જણાતો હોય તે, અને (૩) **'વ્યંજના'** એટલે જ્યાં આગળ-પાછળના સંબંધથી જે અર્થનું સૂચન થાય તે. વળી શ્રવણના ત્રણ અંગ બતાવ્યા છે - (૧) **તત્ત્વધ્યાન**, (૨) **હૃદયની પ્રસન્નતા** અને (૩) **મનન**. તેથી આ સ્કંધના ત્રણ પ્રકરણો છે જે ઉપર કહ્યું તેમ આ ત્રણ અંગોનું અનુક્રમે નિરૂપણ કરે છે.

તત્ત્વના સ્વરૂપનું ચિંતન એટલે **'તત્ત્વધ્યાન'**, જ્યારે ચિત્તની શુધ્ધિને **'ઋત્ પ્રસાદ'** કહે છે. તત્ત્વના બે પ્રકાર બતાવ્યા છે- **'સ્થૂલ'** અને **'સૂક્ષ્મ'**. તેથી પહેલા અધ્યાયમાં **'સ્થૂલ તત્ત્વ'**નું ધ્યાન છે તો બીજા અધ્યાયમાં **'સૂક્ષ્મ તત્ત્વ'**નો નિર્ધાર બતાવ્યો છે. આ બે મળીને પહેલા પ્રકરણનો અર્થ થાય. બીજા પ્રકરણ - **'શ્રધ્ધા'** અથવા **'ઋત્પ્રસાદ'** પ્રકરણમાં ત્રીજા અધ્યાયમાં શ્રોતાના હૃદયની પ્રસન્નતા દર્શાવેલી છે. આ હકીકત આ બન્ને અધાયાયોમાં અનુક્રમે 'પ્રશ્નો'થી અને ભગવાનને કરેલ 'નમન'થી સ્પષ્ટ થાય છે. ત્યાર પછી ત્રીજા પ્રકરણમાં પાંચથી દશ સુધીના છ અધ્યાયમાં **'વિમર્શ'** અર્થાત્ **'મનન'** બાબત સમજાવ્યું છે. મનન બે પ્રકારે થઈ શકે - (૧) **ઉત્પત્તિથી** - એટલે **તે વસ્તુના સ્વરૂપથી** અને (૨) **ઉપપત્તિથી** - એટલે કે **'શાસ્ત્રયુક્તિ'** અથવા તર્ક દ્વારા.

અહીં **પ્રથમ પ્રકરણ**માં ભગવાન જ સર્વ કાંઈ બન્યા છે, તે બતાવ્યું છે. **બીજા પ્રકરણ**માં શ્રોતા-વક્તાની શ્રધ્ધા બતાવી, જ્યારે **ત્રીજા પ્રકરણ**માં જડ-જીવ-બ્રહ્મના ક્રમશ: સમાગમ અને પ્રાકટ્યથી ભગવાન જ સર્વ કાંઈ બન્યા છે તેમ ઉત્પત્તિથી બતાવીને તર્ક દ્વારા તે સિધ્ધ કર્યું છે. છેલ્લે **દસમા અધ્યાય**માં ભાગવતના સ્વરૂપનો અર્થાત્ ફલનો વિચાર કર્યો છે.

અહીં એક શંકા ઉત્પન્ન કરી છે કે આ સ્કંધમાં ભગવાનની દશવિધ લીલાઓનું શ્રવણ કરવાનું કહ્યું છે પરંતુ વેદમાં **'આત્માનું શ્રવણ કરવું જોઈએ'** (બ્રહ્મસૂત્ર) તેમ કહ્યું છે, તો તેનું સમાધાન શું? તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી જણાવે છે કે ભગવાનના બે રૂપ છે - એક **'ગુણાતીત'**, જેનું નિરૂપણ વેદમાં કરવામાં આવ્યું છે એટલે ત્યાં તેમનું જ શ્રવણ પ્રાપ્ત કરવાની આજ્ઞા કરવામાં આવી છે જ્યારે પુરાણમાં બ્રહ્મના **'સગુણ'** સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેથી અહીં તેમની દશવિધ લીલાઓના શ્રવણનો નિર્દેશ કરાયો છે.

બીજો ખુલાસો એ પણ કરવામાં આવ્યો છે કે શ્રધ્ધાના અભાવમાં શ્રવણ નિરર્થક બની રહે, તે માટે શ્રોતા તથા વક્તા બન્નેમાં **શ્રધ્ધા** આવશ્યક છે. શ્રોતાની અગર અન્યત્ર (દશવિધલીલા કરનારથી જુદા દેવ વગેરેમાં) શ્રધ્ધા હશે તો તેનું શ્રવણ વ્યર્થ જાય, માટે શ્રોતામાં શ્રધ્ધા હોવી જોઈએ. વક્તાની શ્રધ્ધા તો તે ભગવાનને નમન કરે છે (અધ્યાય ૪/૧૨-૧૩માં) અને તેમના પ્રતિ

આદર દર્શાવી પોતાનો કથા કહેવાનો ઉત્સાહ પ્રકટ કરે છે, તેથી સ્પષ્ટ થાય છે.

ત્રીજા પ્રકરણમાં **'ઉત્પત્તિ'**થી કરેલું ચિંતન અને **'ઉપપત્તિ'** (તર્ક)થી કરેલું ચિંતન વર્ણવ્યું છે, જે બન્નેના ત્રણ-ત્રણ અધ્યાયો છે. તેમાં ભગવાન **'સર્વરૂપ'** છે, એટલે કે ભગવાન જ પદાર્થમાત્ર બનેલા છે, અને તે સર્વથી જુદા પણ છે તેમ નિર્ણય સમજાવ્યો છે. જેવી રીતે વૃક્ષમાંથી બીજ થાય અને બીજમાંથી વૃક્ષ થાય તેમ ભગવાન પદાર્થમાત્રનું **'ઉપાદાન કારણ'** હોઈ, સર્વ પદાર્થરૂપ છે, તો કોઈ ઉત્પત્તિ કરનાર રહેજ નહીં, અર્થાત્ ભગવાનનું કોઈ જુદુ કર્તૃરૂપ રહેજ નહીં. આમ જો ભગવાનના જુદા સ્વરૂપની ઉત્પત્તિ ન હોવાથી અને તે સિધ્ધ કરનાર તર્ક ન હોવાથી, તેનો નિર્ણય 'ફલ'થી થાય છે. **'અંગો'** (ભગવાનની દશલીલાઓ) કહેવાથી જ **'અંગી'** (તે લીલાઓ કરનાર ભગવાન)નું સ્વરૂપ જણાવાયેલું છે, તેમ જાણવું.

• અધ્યાયાર્થ (અધ્યાય ૧-૨)

પ્રથમ સ્કંધના છેલ્લા અધ્યાયમાં પરીક્ષિત દ્વારા પુછાયેલા પ્રશ્ન સાંભળી શ્રી શુકદેવજી અતિ પ્રસન્ન થયા. પરીક્ષિતનો તે અભિનંદનીય પ્રશ્ન હતો- **''સર્વાત્મના શું કરવું?''** અર્થાત્ **માનવે જીવન પર્યંત હંમેશાં સર્વ પ્રકારે શું કરવું?** અને **મરતા માનવે અંતકાળે શું કરવું?** 'સર્વાત્મના કર્તવ્ય' એટલે તે જે કર્યા વગર મનુષ્યનો કોઈ પુરુષાર્થ સફળ ન થાય, જે જીવતા માનવીએ કૃતાર્થ થવા માટે કરવું જરૂરી છે. શ્રી શુકદેવજી રાજાને અભિનંદન આપતાં ખુશ થઈને કહે છે કે **''તમારો પ્રશ્ન અતિ શ્રેષ્ઠ છે, ઉપકારક છે, લોકોનું હિત કરનાર છે.''** તેઓ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે **મનુષ્યે સર્વના આત્મા એવા ભગવાન શ્રી હરિનું સર્વદા શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું જોઈએ**, કારણ કે અંતકાળે તેનાથી જ જન્મનો ઉત્તમ લાભ મળે છે. અંત સમયે નારાયણનું સ્મરણ થાય એ જ સર્વોત્તમ લાભ ગણાય. જેમને કર્મના બંધન નથી એવા નિર્ગુણ અવસ્થાવાળા મુનિઓ પણ ભાગવતના ગુણોનું કીર્તન કરવામાં આનંદ માને છે, એવો શ્રી ભાગવત પુરાણનો ઉપદેશ છે.

પરીક્ષિતના બીજા પ્રશ્નના ઉત્તરમાં ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી ભાગવતાર્થ નિબંધમાં અંતકાળમાં બુધ્ધિ સારી રહે તે માટે ત્રણ ઉપાય સુચવે છે- (૧) **ગૃહત્યાગ**, (૨) **તીર્થોમાં નિવાસ** અને (૩) **યોગાભ્યાસ**. મરણાસન્ન સ્થિતિમાં ચિત્ત ભગવાનથી અન્ય ક્યાંય ન ભટકે તે આવશ્યક છે. કેટલાક લોકો અંત સમયે **'ભગવાનની લીલાઓનું શ્રવણ કરવાની'** સલાહ આપે છે, તો કોઈ **'યોગની'** અથવા કેટલાક - **'તે બન્નેની'**. કોઈ વળી પોતાના અધિકાર મુજબ અનુસરવું જોઈએ તેમ કહે છે. શુકદેવજીએ પૂર્વજન્મમાં શિવરૂપથી યોગનું આચરણ કરેલું અને તેમણે પિતા પાસેથી ભાગવતનું શ્રવણ પણ કરેલું. તેથી તેઓ, તે બન્ને પ્રકારે સલાહ આપે છે. શંકા થાય કે શુકદેવજી જ્ઞાનમાર્ગને છોડી **'ભક્તિયોગ'**નો ઉપદેશ શાથી આપી રહ્યા છે? તેના સમાધાનમાં શ્રી મહાપ્રભુજી ભાગવતાર્થ નિબંધમાં સમજાવે છે કે જેણે **'તત્વમસિ'** જેવા શ્રુતિ

વાક્યના આધારે બ્રહ્મને જાણી લીધા હોય તેને કોઈ કર્તવ્ય બાકી રહેતું નથી, પરંતુ તેને બ્રહ્મના આનંદનો અનુભવ થતો નથી. તે મેળવવા તેણે બીજું સાધન શોધવું પડે. તેવું સાધન છે- **'શ્રવણ ભક્તિ'**. **'આત્મા જ બ્રહ્મ છે'** એવો મત અનુભવથી વિરુદ્ધ છે કારણ કે તેનું શ્રવણ કરવાથી આનંદ થતો નથી. જેમ કોઈ મૂર્તિમાં વિષ્ણુ હોવાની બુધ્ધિ થાય તેમ આત્મામાં બ્રહ્મ હોવાની બુધ્ધિ મનના કારણે થાય છે. તેથી પહેલાં મનની ચંચલતા દૂર કરવા યોગ દ્વારા તેને સ્થિર કરવાનો ઉપદેશ આપેલો છે, અને તે પછી શ્રી હરિની માનસી મૂર્તિને વિરાટરૂપમાં કે અંતર્યામી રૂપે પોતાના હૃદયમાં ધ્યાન દ્વારા સ્થાપિત કરવી જોઈએ. તેનાથી ચિત્ત સત્ત્વગુણવાળું બને ત્યારે પરમાનંદ પ્રકટ થાય છે. જેઓ **'ઈચ્છા મૃત્યુ'** ઈચ્છતા હોય તેવા માટે આ ઉપક્રમ બતાવવામાં આવ્યો છે.

જેઓની યોગના દ્વારા આયુષ્યની વૃધ્ધિ થાય તેવાઓ જો બુધ્ધિપૂર્વક દેહ ત્યાગ કરવા ઈચ્છતા હોય, તો તેના બે પક્ષ બતાવ્યા છે - (૧) **કોઈપણ કામના રહિત થઈ દેહ ત્યાગની સાથે લીંગદેહનો પણ ત્યાગ કરવાથી 'સદ્યોમુક્તિ' પ્રાપ્ત થાય છે**, અને (૨) **કોઈક કામનાઓ હોય ત્યારે પ્રથમ સ્થુળ દેહનો ત્યાગ કરવા છતાં લિંગ દેહ રહે, જે ભવિષ્યમાં કામના રહિત બન્યા પછી મુક્તિ પામે છે, જે 'ક્રમમુક્તિ'નો પ્રકાર છે.** જેમણે સ્વર્ગાદિ પ્રાપ્ત કરવા માટે ધર્મો કર્યા હોય તેમને યોગ સાધ્યા પછી પણ ફળના સંબંધમાં વાસના રહી જતી હોય છે, જે દૂર થયા પછી સ્વર્ગાદિની પ્રાપ્તિ **'ક્રમ મુક્તિ'**ના માર્ગે થાય છે. ભગવાનના વિભિન્ન સ્વરૂપના ધ્યાન દ્વારા વિભિન્ન ફળ પ્રાપ્ત થાય છે. અહીં શંકા થાય કે યોગ દ્વારા જ જો મુક્તિ થઈ જાય તો શ્રવણાદિ ભક્તિમાર્ગનું તાત્પર્ય શું? તેનું સમાધાન કરતાં કહે છે કે અષ્ટાંગ યોગમાં પણ 'ભગવાનનું ધ્યાન' જ ફળ પ્રાપ્ત કરાવનારું છે. જેનું ધ્યાન ધરવામાં આવે તે ભગવાનના સ્વરૂપનું જ પ્રાબલ્ય છે. જો મનથી કલ્પેલી મૂર્તિ પણ મુક્તિ આપનારી છે તો પછી ભક્તિમાર્ગમાં સાક્ષાત્ ભગવાનના શ્રવણ વગેરેથી મુક્તિ પ્રાપ્ત થાય તેમાં આશ્ચર્ય નથી, કારણ કે શ્રવણાદિથી ભગવાન પોતે સાક્ષાત્ પ્રકટ થાય છે. ભગવાનની સ્થુળ બ્રહ્માંડરૂપ મૂર્તિનું ચિત્તમાં ચિંતન કરવાથી ભગવાનમાં ભક્તિ થાય છે. તેના કારણે ભગવાનના સૂક્ષ્મ અંતર્યામી સ્વરૂપમાં તે પ્રવેશ કરે છે. આમ સ્થુળ મૂર્તિનું ધ્યાન ભક્તિનું અંગ છે.

અહીં એક શંકા ઉત્પન્ન થાય કે જ્યારે શ્રવણ અથવા યોગ તે બન્નેમાંથી એક સાધન કરવું જોઈએ તેમ કહેવામાં આવ્યું છે તો 'શ્રવણ'ની આવશ્યકતા શું? તેનો ખુલાસો કરતાં કહે છે કે- મૃત્યુનો સમય ક્યારે આવે તે અનિશ્ચિત હોવાના કારણે (સમય લંબાતા) યોગ આચરનાર દુ:ખી થાય છે. માટે 'શ્રવણ-કીર્તન-સ્મરણ' જે સહજતાથી થઈ શકે. તેથી સુખ થઈ શકે છે. ઉપર કહ્યું તેમ સ્થુળ સ્વરૂપના ધ્યાનથી ભક્તિ પ્રાપ્ત થયા વિના સૂક્ષ્મ સ્વરૂપનું ધ્યાન થતું નથી, તેથી શ્રવણ કરવું જોઈએ. શ્રવણથી પ્રસન્ન થયેલા ભગવાન પોતે જ ફલ પ્રાપ્ત કરાવે છે.

આમ પહેલા બે અધ્યાયમાં ભગવાન શ્રી કૃષ્ણનું ભજન કરવાનો ઉપદેશ કર્યો છે. આ પ્રથમ પ્રકરણના આરંભમાં અને અંતમાં **‘શ્રોતવ્ય: કીર્તિતવ્યશ્ચ સ્મર્તવ્ય:’** કહ્યું છે અર્થાત્ **શ્રવણ, કીર્તન** અને **સ્મરણ** કરવાનો ઉપદેશ શ્રી શુકદેવજીએ આપ્યો છે તેથી આ પ્રકરણને **‘તત્વધ્યાન પ્રકરણ’** કહ્યું છે.

• સુબોધિની – (અધ્યાય ૧)

શ્રી મહાપ્રભુજી પ્રથમ અધ્યાયની સુબોધિનીમાં કહે છે કે શ્રી શુકદેવજીએ પરીક્ષિતના બીજા પ્રશ્નોને વખાણ્યા નથી, તેથી તે ગૌણ હતાં તેમ સૂચવે છે. તેઓ પરીક્ષિતને કહે છે કે માણસો ઘરમાં અર્થાત્ સંસારમાં બુધ્ધિ રાખી આત્માના તત્ત્વને ભૂલે છે ત્યારે તેને ઘર સંબંધમાં અનેક બાબતો સાંભળવાની હોય છે. સંસારીને સાંભળવા અને કરવા જેવું અનેક હોય છે પણ તેનાથી **‘કૃતાર્થ’** થવાતું નથી. ભગવાન સૌની નિકટમાં છે, તેના હૃદયમાં જ બિરાજે છે, પણ આત્માનું સાચું સ્વરૂપ સૌ સમજી શકતાં નથી. દેહને જ સૌ મુખ્ય સમજી બેઠા હોય છે. સૌ દેહના સુખ માટે જ મથે છે. તે માટે તેઓ ઘર અને કુટુંબીઓને સંભાળે છે અને તેમાં જ રચ્યા પચ્યા રહે છે. ગૃહસ્થ લોકોની રાત્રિ નિંદ્રામાં જાય છે, દિવસ પૈસા મેળવવામાં અને પોતાના કુટુંબનું પોષણ કરવામાં જાય છે. સત્સંગને સિધ્ધ કરવાનો તેને સમય જ નથી મળતો. બાલ્યકાળ અને વૃધ્ધાવસ્થા તો સાવ નકામો જ જાય છે કારણ કે નાનપણમાં અજ્ઞાનવશ કલ્યાણ કરવાનું સુઝતું નથી અને ઘડપણમાં કલ્યાણ માટે કાયા કામ નથી આપતી. યુવાનીમાં મનુષ્ય માયાથી લપટાયેલો રહે છે.

શુકદેવજી પરીક્ષિતને સમજાવે છે કે જેઓ અભયની ઈચ્છાવાળા હોય તેણે ભગવાનનું **શ્રવણ, કીર્તન** અને **સ્મરણ** કરવું જોઈએ. પરીક્ષિતને તેમણે **‘ભારત’** શબ્દથી સંબોધન કર્યું છે, જે તેમના વિશિષ્ટાધિકારનું દ્યોતક છે. ભરત રાજાના વંશમાં તે જન્મેલો, જેઓ માયાને તરી ગયા હતાં. તેથી તેને મોહ ન હોવાથી કથામાં વિશ્વાસ હોય તે સ્વાભાવિક છે તેમ અહીં સૂચવે છે.

અહીં શંકા કરે છે કે વેદમાં તો અગ્નિહોત્રાદિ કર્મનો બોધ આપ્યો છે જ્યારે અહીં શ્રવણાદિની વાત કરી રહ્યા છે જે અવૈદિક કહેવાય તો આવો વેદ વિરુધ્ધ ઉપદેશ શા માટે આપવામાં આવ્યો ? તેનું સમાધાન કરતાં કહે છે કે **‘પ્રમાણ’** બળ કરતાં **‘પ્રમેય’** બળ મોટું છે, જેનો આગળ ખુલાસો કરવામાં આવ્યો છે. (વેદ આજ્ઞા **‘પ્રમાણ’** છે જ્યારે ભગવદ્ આજ્ઞા **‘પ્રમેય’** છે.) સર્વના આત્મા ભગવાન છે. તેથી ભગવાનના સંબંધવાળો ઉપાય કહેવો જોઈએ, તે અહીં સમજાવવામાં આવ્યું છે. આત્માનું નિશ્ચયપૂર્વક શ્રવણ કરવું જોઈએ, કારણ કે આત્માના લાભથી ઉત્તમ કોઈ ફળ નથી. (**‘આત્મા’** શબ્દ અહીં બ્રહ્મ અથવા ભગવાનના અર્થમાં છે) શ્રુતિ પણ કહે છે **‘આત્માને જાણનાર શોકને તરી જાય છે.’** બ્રહ્મસૂત્રમાં વ્યાસજી કહે છે **‘ફલવતઉપપત્તે’** - ભગવાન ફલરૂપ છે, કેમ કે સર્વના ફલ તે જ છે. શ્રી મહાપ્રભુજી **‘પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ’** ગ્રંથમાં પણ કહે છે- **‘ભગવાનેવ ફલમ્’**. માટે કેવળ જ્ઞાનથી મોક્ષ થતો

નથી, પરંતુ જ્યારે ભગવાનના ગુણ ગાઈએ ત્યારે ભગવાન પ્રસન્ન થઈને મોક્ષનું દાન કરે છે. સગુણ બ્રહ્મ - કૃષ્ણના ગુણાનુવાદ સાંભળવાનું અર્થાત્, શ્રવણનું તાત્પર્ય સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે જો ભગવાન **નિર્ધર્મક** હોય તો તે ફળ ન આપી શકે; તેથી ફળ દેવામાં સમર્થ હોય તેવા આત્માના શ્રવણનું શ્રુતિ વિધાન કરે છે. એટલે જ ગુણવાળા સમર્થ **'સગુણ'** ભગવાનનું શ્રવણ કરવાનું શ્રુતિ કહે છે. અહીં આત્મા કેવળ 'ચિત્શક્તિ' (જીવ)ના અર્થમાં લેવાનો નથી, પરંતુ વેદનો અર્થ એટલે કે **આત્મા** શબ્દથી છ **'ગુણવાળો આત્મા'** અથવા ભગવાન લેવો એવો અમારો મત છે, એમ શ્રી મહાપ્રભુજી સમજાવે છે.

આ વાતની વધુ સ્પષ્ટતા કરતાં કહે છે કે શ્રવણ એવા ભગવાનનું કરવું જે દુ:ખને હરનાર પણ હોય; તેથી અહીં શ્લોકમાં **'હરિ'** શબ્દ કહ્યો છે. તેમાં **'ઈશ્વર'** શબ્દ પણ કહ્યો છે, તે ઐશ્વર્ય સૂચક છે, જેથી તે શ્રવણ કરનારને બધા સુખોનું દાન કરશે તેમ સમજાવે છે. બીજી શંકા એ કરે છે કે ભાગવત તો **'ભક્તિફલક'** શાસ્ત્ર છે, જેમાં શ્રવણાદિ ભક્તિ છે, તે ધર્મરૂપ (સાધન) માત્ર નથી, કારણ કે શ્રી શુકદેવજી તો ઉત્તમ વક્તા છે. તો અહીં **'નવધા ભક્તિ'**નો ઉપદેશ નહીં કરતાં માત્ર **શ્રવણ-કીર્તન-સ્મરણ** જ કેમ કહ્યાં? તેના ખુલાસામાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે બધા સાધનો પ્રેમ થયા પછી જ થાય; માટે પ્રેમ થવા માટે પ્રથમ ત્રણ જ ભક્તિ કહી છે. એ **શ્રવણ**, **કીર્તન** અને **સ્મરણ** કરવાથી ભગવાનમાં સ્નેહ થશે, જેના કારણે વગર કહે 'સ્નેહ' જ આગળ **'ભક્તિ'** કરાવશે.

શુકદેવજી કહે છે-

> **''તસ્માદ્ ભારત સર્વાત્મા ભગવાન હરિરીશ્વર**
> **શ્રોતવ્ય કીર્તિતવ્ય શ્ચ સ્મર્તવ્ય શ્ચીચ્છભવયત્''.**

અર્થાત્, હે ભારત (પરીક્ષિત), સર્વના આત્મા ભગવાન 'શ્રી હરિ' તેમ જ 'ઈશ્વર' છે તેથી જેઓ 'અભય' થવા (મોક્ષ પ્રાપ્તિ) ઈચ્છતા હોય તેમણે તેમનું '**શ્રવણ**, **કીર્તન** અને **સ્મરણ**' કરવું જોઈએ.

આ શ્લોકમાં '**શ્રોતવ્ય**, **કીર્તિતવ્ય** અને **સ્મર્તવ્ય**' કહ્યું છે, તો શું એ ત્રણેય કરવાની આવશ્યકતા છે?, તેમ પ્રશ્ન થાય. તેનો ખુલાસો કરતાં કહે છે - 'ભગવાનમાં પ્રેમ કરવાથી **'અભય'** અર્થાત્ **મોક્ષ** સિધ્ધ થાય'. તે માટે આ ત્રણેય દ્વારા અભય સિધ્ધ થશે તેમ માનવું યોગ્ય નથી, કારણ કે પરીક્ષિતને તો **'શ્રવણ'** માત્રથી જ મોક્ષ પ્રાપ્ત થયો હતો. વાસ્તવમાં આ ત્રણેય- **શ્રવણ**, **કીર્તન** અને **સ્મરણ** એ અન્યોન્ય નિર્વાહક છે. માટે ત્રણ કરવાનું વિધાન કરવામાં આવ્યું છે. કીર્તનના વિધિ વિના 'શ્રવણ' ન થઈ શકે. કીર્તન કરનારને સાંભળનાર મળશે તો શ્રવણ સિધ્ધ થશે એમ ન કહેવાય, કારણ કે પરીક્ષિતે કીર્તન કર્યું નથી, છતાં તેને અભય પ્રાપ્ત કર્યું છે. શુકાદિની કીર્તનમાં પ્રવૃત્તિ થાય તે હેતુથી કીર્તનની વિધિ જરૂરી છે. તેના દ્વારા કીર્તનની વિધિ થઈ

ત્યારે જ પરીક્ષિતને **શ્રવણ** પણ સહજમાં સિધ્ધ થયું. શ્રવણ, કીર્તન અને સ્મરણ એ ત્રણેયમાં પ્રત્યેકનું ફળ મોક્ષ છે. મોક્ષ એટલે ભગવાનમાં પ્રવેશ એમ સમજવું. અને ત્યારે જ સર્વ ભયથી મુક્ત થવાય. અહીં વળી પ્રશ્ન થાય કે **શ્રવણ-કીર્તન**ની વિધિ આવશ્યક છે પરંતુ **'સ્મરણ'** વિધિની શી જરૂરત? તેનો ખુલાસો કરતાં કહે છે કે 'શ્રવણ' કર્યા પછી જો તેને યાદ ન કરીએ તો તે ભૂલાઈ જાય, અને ત્યારે કીર્તન નહીં થઈ શકે. માટે 'સ્મરણ'ની પણ આવશ્યકતા છે. જો સ્મરણ કરવામાં આવે તો જ 'શ્રવણ' અને 'કીર્તન' સદા બન્યા કરે, અને તેના કારણે અન્ય દોષો હૃદયમાં પ્રવેશ કરે નહીં. તેથી **'શ્રવણ-કીર્તન-સ્મરણ'** દેહપાત પર્યંત અર્થાત્ મૃત્યુ પર્યંત કરવા જોઈએ, તો જ મોક્ષ પ્રાપ્ત થશે. છેવટ સુધી એટલે દેહ પડે ત્યાં સુધી તે કરવા જોઈએ. મનુષ્યને સંસારનો ભય ઉત્પન્ન થયો કે તરત જ શ્રવણાદિનો આરંભ કરી દેવો જોઈએ, અને નિરંતર તેનું આવર્તન કરવું જોઈએ. તેને જ 'અભ્યાસ' કહે છે. એકવાર ભગવાનમાં સ્નેહ થયા પછી આવૃત્તિની જરૂરત ન રહે, કારણ કે ત્યારે તો સ્વતઃ તે થયા કરે તેમ સામાન્યતઃ લાગે પરંતુ ક્યારેક સંસારમાં અન્યાસક્તિ થવાનો સંભવ રહે છે. **'અન્ય સ્મરણ'** ન થાય તે માટે જ **'ભગવદ્ સ્મરણ'**નું વિધાન અહીં કરેલું છે. માટે અહીં દેહ પડે ત્યાં સુધી **'શ્રવણ, કીર્તન, સ્મરણ'**નું વિધાન કરવામાં આવ્યું છે.

અહીં બીજો પ્રશ્ન થાય કે **'મનન'** અને **'નિદિધ્યાસન'**નો વિધિ અહીં કેમ કહેવામાં આવ્યો નથી? મોક્ષ 'જ્ઞાન સાધ્ય' છે, તેમ અહીં શા માટે નથી કહ્યું? તેનું સમાધાન કરતાં કહે છે કે **મનન** અને **નિદિધ્યાસન** તો 'શ્રવણ'ના જ અંગ હોવાથી તે શ્રવણમાં આવી જાય છે. તેનો ખુલાસો આગળ કહેલો છે. શબ્દનું જ્ઞાન અહીં **'સાધન'** છે - **'સાધ્ય'** નથી. જ્ઞાનમાર્ગમાં શબ્દનું જ્ઞાન 'સાધ્ય' છે, કારણ કે **'તત્વમસિ'** શબ્દના જ્ઞાનથી ત્યાં **'બ્રહ્માનુભવ'**ની વાત કહી છે. (છાંદોગ્ય ઉપનિષદમાં પિતા પુત્ર શ્વેતકેતુને 'બ્રહ્મ તત્ત્વ' સમજાવતાં વારંવાર **'સ આત્મા તત્ત્વમસિ શ્વેતકેતુ'** કહે છે - અર્થાત્ તે બ્રહ્મ તું જ છે.) અહીં પ્રેમપૂર્વક શ્રવણાદિ કરવાથી ભગવાનનો સાક્ષાત્કાર પણ થાય, તે જ ફળ છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે વાક્યથી સ્વપ્નની જેમ **'હું બ્રહ્મ છું'** (અહં બ્રહ્માસ્મિ) એવો બોધ થાય અને તેમ થતાં સર્વ **'અવિદ્યા'** નિવૃત્ત થાય, અને પોતે કૃતાર્થ થાય, એમ જેઓ કહે છે, તે જ્ઞાનદુર્બળો મનોરથની વાત કરે છે. કારણ કે શુકદેવજી તથા સનકાદિ ઋષિઓ આજ પર્યંત પરિભ્રમણ કરે છે, પરંતુ તેઓ કૃતાર્થ થયા નથી. શ્રુતિ કહે છે, તેમ **'બ્રહ્મૈવ સત્ બ્રહ્માપ્યેતિ'**, પોતે બ્રહ્મરૂપ થઈ બ્રહ્મને પામે છે, તે શ્રુતિવાક્ય નિરર્થક થઈ જાય.

આમ અહીં એ વાત સ્પષ્ટ કરી છે કે **'શ્રવણ'**ના નિર્વાહ માટે **'કીર્તન'** આવશ્યક છે. **'શ્રવણ-કીર્તન'** સદા થયા કરે, તે માટે **'સ્મરણ'** પણ આવશ્યક છે. પ્રેમપૂર્વક તેમાંથી કોઈ એક કરવાથી અભય મળે, પરંતુ 'શ્રવણ કીર્તન અને સ્મરણ' જો નિરંતર થયા કરે, તો વચમાં મનમાં

કોઈ દોષ ઘૂસી ન જાય, અને જેમ ભરતજીને હરણમાં આસક્તિ થઈ હતી તેવી દશા ન થાય. માટે જ દેહ પડતાં સુધી **ભગવાનને સાંભળવા આવશ્યક છે, ભગવાનને ગાવા આવશ્યક છે** અને **ભગવાનનું સ્મરણ કરવું આવશ્યક છે**. એ ત્રણેય એકબીજાના નિર્વાહક છે. એ ત્રણેય સતત કર્યા કરવાથી ભગવાનમાં પ્રીતિ થાય, પછી શ્રવણ, કીર્તન અને સ્મરણ પ્રયત્નપૂર્વક ન કરવા પડે, સહજ - સ્વત: થયા કરે. શ્રવણ કર્યા પછી તેનું કીર્તન અને તે પછી તેનું સ્મરણ જો જીવનના અંત સુધી કરવામાં આવે તો પરિણામે પ્રભુમાં પ્રેમ થાય, જે પ્રવૃધ્ધ થતાં પ્રભુ પ્રકટ થાય, તેમ કહેવાનું અહીં તાત્પર્ય છે. વળી સમજાવે છે કે ઉપરના શ્લોકમાં **‘સ્મરણ’**ને **‘ચ’** કારથી છુટું પાડી કહ્યું છે, કારણ કે શ્રવણ-કીર્તન તો મનુષ્ય કોઈ પણ હેતુથી કરી શકે, પરંતુ તે બેથી વિશિષ્ટ ‘સ્મરણ’ છે, કારણ કે સ્મરણ **‘સ્નેહ’**નું સૂચક છે. સાચો સ્નેહ જ સ્મરણ કરાવે. જ્યારે શ્રવણ દ્વારા પ્રભુ કાનમાં થઈ હૃદયમાં પધારે અને પછી હૃદયમાંથી મુખ દ્વારા બહાર પુન: પધારી ફરી કાનમાં પ્રવેશે ત્યારે જ તે સારી રીતે સ્થિર બને. તેમ થતાં પ્રભુમાં સ્નેહ સમૃધ્ધ થાય તો ભગવાન સહજ રીતે યાદ આવે. તે માટે પ્રયત્ન કરવો ન પડે. ભગવાનની યાદ વગર પ્રયત્ને આવ્યા કરે તે **‘ફલદશા’** છે.

બીજી વાત જે શ્રી મહાપ્રભુજી એ સમજાવી તે એ છે કે ‘અભય’ ઈચ્છનાર સૌ માટે ભગવાનનાં શ્રવણ-કીર્તન-સ્મરણ જ સરળ ઉપાય છે. જેને અભય જોઈએ તેને ભાગવત સાંભળવું જોઈએ. એટલે કે મનુષ્યની સ્વતંત્ર ઈચ્છાનો અહીં નિર્દેશ કર્યો છે કારણ કે **‘‘ધર્મ પરાણે પળાવાય નહીં, તે વ્યક્તિના અંત:કરણના ઉલ્લાસથી દૃઢતાપૂર્વક પળાવવું જોઈએ, અને તો જ તેનું ફળ પ્રાપ્ત થાય.’’**

શુકદેવજી આગળ કહે છે કે **સાંખ્ય, યોગ** અને **સ્વધર્મ**માં નિષ્ઠાપૂર્વક જો અંત સમયમાં નારાયણનું સ્મરણ થાય તો તે જન્મમાં પરમ લાભદાયક છે. આનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સુબોધિનીજીમાં સમજાવે છે કે સાંખ્ય, યોગ, વ્રત વગેરે ભગવદ્ ધર્મના પાલન દ્વારા અંતિમ દેહ મળે, જે પ્રભુના સંસ્મરણ માટે ઉપયોગી બને, પરંતુ જો કોઈ દેહ મળ્યો છે, તેના અંતકાલે જો ભગવત્સ્મરણ થાય, તો તે દેહ પણ ‘અંતિમ’ બની જાય. ભગવાન ગીતામાં કહે છે કે **‘બહુ જન્મના અંતે જ્ઞાન થયા પછી જે મારે શરણે આવે છે તે મારી ભક્તિ પામે છે’**, એમ સાંખ્યનું તાત્પર્ય અંતિમ જન્મ સિધ્ધ કરવાના સાધનરૂપ છે. ભગવદ્ ધર્મો - વ્રતોપવાસાદિનું તાત્પર્ય ભગવદીય દેહ સિધ્ધ કરવામાં છે. અહીં અંતિમ દેહ મળે તે **‘સ્વરૂપાત્મક’** હોઈ **‘ફલ સાધક’** બનશે એમ ન સમજવું જોઈએ, કારણ કે અંતમાં **‘જેવી બુધ્ધિ તેવી ગતિ’** થાય છે, એ ન્યાયે ગીતામાં કહ્યું છે તેમ **‘‘જે જે ભાવનું સ્મરણ કરતો જીવ દેહ છોડે તેને તે (ભાવને અનુરૂપ ફળ) પામે છે,’’** તેમ કહેવાનું તાત્પર્ય છે. અંતિમ **‘ભગવત્સ્મરણવાળો દેહ’** કહેવાનું તાત્પર્ય એ છે કે અંત સમયમાં જો નારાયણનું સ્મરણ થાય, જેના વડે અંતે ‘ભગવત્સ્મરણ’ થાય, તે ‘જન્મ’ વિશેષ

લાભરૂપ ગણાય. પુષ્ટિ જીવને અનુલક્ષીને એક વધુ ખુલાસો શ્રી મહાપ્રભુજી એ કરે છે કે, **જે સાક્ષાત ભગવાનની કૃપાથી પુષ્ટિમાર્ગમાં પ્રવિષ્ટ હોય. તેનું 'ભગવદીયત્વ' તો ફળરૂપ છે**, છતાં અહીં અંતમાં નારાયણનું સ્મરણ કરવાનું એટલા માટે કહેવામાં આવ્યું છે, કે સાંખ્ય યોગ ઈત્યાદિ સાધનો દ્વારા જેણે અંતિમ દેહ સિધ્ધ કર્યો હોય તેને તે દેહ અંતિમ સ્મરણ કરાવે તો લાભરૂપ થાય, અન્યથા તેનો જન્મ લાભરૂપ ન ગણાય. પરંતુ 'જેઓ પ્રભુના કૃપાપાત્ર ભગવદીયજનો છે તો તેઓ 'ભગવદીયપણા'થી જ કૃતાર્થ છે.' તેમને કાંઈ મેળવવાનું બાકી રહેતું નથી. તેમને માટે તો 'ભગવદ્ ભજન' જ - પરમ પુરુષાર્થરૂપ મોક્ષ છે, તે સિવાય તે અન્ય કશાની સ્પૃહા રાખતો નથી. (માટે જ શ્રી મહાપ્રભુજી **''સ્મરણં ભજનં ચાપિનત્યાજ્યં''** - પુષ્ટિમાર્ગીય મોક્ષ રૂપે ચતુ:શ્લોકી ગ્રંથમાં સમજાવે છે.)

ઉપર પ્રમાણે સ્મરણ વિશે ચર્ચા કરી શ્રી મહાપ્રભુજી શુકદેવજીના એ કથન કે **'ઘણુ કરીને મુનિઓ વિધિ અને નિષેધને છોડીને પોતે નિર્ગુણ ભગવનિષ્ઠ બનીને ભગવદગુણાનુવાદમાં જ પ્રવૃત્ત રહે છે.'** તેનો ખુલાસો કરતાં કહે છે કે- ભગવાનનું કીર્તન તો તેથી પણ અધિક છે. જીવન મુક્ત-ગુણાતીતો - મુનિ લોકો પણ 'શ્રવણ' કર્યા પછી ભગવાનના ગુણાનુવાદ - કીર્તનમાં પરમાનંદનો અનુભવ કરે છે. જેઓ ગુણોથી પર એવા ભગવાનમાં એકનિષ્ઠ થયેલા **'જીવનમુક્ત'** મુનિજનો છે, તેઓ ભગવાનના કીર્તન કરતાં વિચારે છે કે 'જો સાધન દશામાં કીર્તન દ્વારા આવો સુખાનુભવ થાય છે તો તે ફળદશામાં કેવો અનુભવ હશે? તેમ વિચારીને જ તેઓ કીર્તન કરતા જ રહે છે. અહીં શ્લોકમાં **'રાજન'** શબ્દ કહી શુકદેવજી પરીક્ષિતને યાદ અપાવે છે કે 'તમે જેના ગળામાં સર્પ નાંખ્યો હતો તે શમીક ઋષિ સમાધિવાળા હતાં, જેઓ યોગ દ્વારા સિધ્ધિ મેળવવામાં તત્પર હોવાથી ભગવત્ કીર્તનાદિ કરતાં નથી. અને તેથી અહીં **'પ્રાયેણ'** - ઘણું કરીને, એમ કહ્યું છે.

આમ શ્રવણ-કીર્તન અને સ્મરણની આવશ્યકતાનો ખુલાસો કરી શ્રી શુકદેવજી કહે છે કે હું મારા પિતા પાસેથી 'શ્રીમદ્ ભાગવત્' પુરાણ ભણ્યો. શ્રી શુકદેવજીને સમાધિમાં શાન્ત સુખનો અનુભવ થતો હતો પરંતુ ભાગવત ભણ્યા પછી અપ્રાકૃત પરમાનંદરસનો અનુભવ થયો. **ભાગવત શબ્દ 'યોગિક' છે, અર્થાત્ તે ભગવાને કહેલ, ભગવાનને કહેનાર અથવા ભગવાન જેનું ફલ છે એવો તેનો અર્થ થાય. તે વેદતૂલ્ય છે માટે 'બ્રહ્મ સમ્મિતમ્' કહ્યું છે અર્થાત્ તે સ્વયં વાંચી ન લેવાય પરંતુ વિદ્યારૂપ હોવાથી ગુરુ દ્વારા તે પ્રાપ્ત થવું જોઈએ**, જે બતાવવા શુકદેવજી કહે છે કે હું તે મારા પિતા વ્યાસજી પાસે ભણ્યો. શુકદેવજી નિર્ગુણ-બ્રહ્મમાં નિષ્ઠાવાળા હતા પરંતુ સમાધિમાં પ્રાપ્ત થતાં બ્રહ્મરસ કરતાં ભગવાનની લીલા શ્રવણ દ્વારા પ્રાપ્ત થતો રસનો આનંદ અનેરો લાગ્યો. **જેમ કોઈ જલમાં ડુબે તેને જલનો સ્વાદ જણાતો નથી પરંતુ તે જલ બહાર કાઢીને પીનારને જલ પોતાનો સ્વાદ આપે છે. ભગવાન 'આનંદઘન' છે, જીવ તેમાં લીન થાય**

તો તેવો આનંદ ન આવે જે તેઓ પ્રકટ થઈ નૃત્યાદિ દર્શન આપે તેમાં જ રસાનુભવ થાય.

શ્રી શુકદેવજી બીજી એ સ્પષ્ટતા કરે છે કે 'તમે (પરીક્ષિત) મહાપુરુષ (પાંડવોના) સંબંધી છો માટે તમને આ કથા સંભળાવીશ.' જ્યારે સાનુકુળ - સુપાત્ર - શ્રોતા મળે તો ગુણગાનનો આનંદ અદ્ભુત અનુભવાય. તેમને ભાગવત સંભળાવતાં પોતે પણ તેના રસનું પાન કરશે તેવો પોતે ખુલાસો કરે છે, કારણ કે ભગવાનની લીલાઓમાં - ભાગવતમાં શ્રધ્ધા રાખવાથી, ભગવદ્ રસાસ્વાદ લેવાથી અન્યત્ર ભટકતી બુધ્ધિ સ્થિર થાય છે. જેમ સતી સ્ત્રી પતિને છોડી અન્યત્ર પરિભ્રમણ ન કરે તેમ શ્રીમદ્ ભાગવતની કથા દ્વારા મુક્તિ આપનાર અથવા સ્વરૂપાનંદ દેનારા ભગવાનને છોડી બુધ્ધિ બીજે ક્યાંય ભટકે નહીં. ભાગવત શ્રવણ-કીર્તન કરવાથી ભગવાન સિવાય બીજું કાંઈ યાદ ન આવે, અન્ય વિચાર ન સ્ફૂરે. માટે જ સર્વ દુ:ખો દૂર કરનારા હરિના રસનું પહેલા પાન થાય અર્થાત્ શ્રવણ અને પછી ગાન થાય - કીર્તન, વૈરાગ્ય કે બ્રહ્માનંદને ઈચ્છનાર માટે પણ આજ મહત્ત્વની વાત છે.

પરીક્ષિત શંકા ઉત્પન્ન કરે છે કે તેનું તો સાતમે દિવસે મૃત્યુ થવાનું છે તો તે આ રસાનંદનો અનુભવ કેવી રીતે કરી શકશે?. તેનો ખુલાસો કરતાં શ્રી શુકદેવજી કહે છે કે આવો ખેદ નિરર્થક છે કારણ કે અંત નજીક છે - નિશ્ચિત છે તેમ જાણવાથી તેટલા વખતમાં રસ લઈને તે રસમાં પ્રવેશ થતાં પશ્ચાતાપ રહેશે નહીં. **જે સ્વાર્થમાં સાવધાન નથી તેને બહુ વર્ષમાં પણ મરવું છે તેવું જ્ઞાન થતું નથી, પણ બે ઘડી પછી મરવું છે એમ જાણનાર બે ઘડીમાં તે પોતાનું શ્રેય સાધી શકે છે.** આ વાત સમજાવવા શ્રી શુકજી અયોધ્યાના ચક્રવર્તી રાજા ખટ્વાંગનું દૃષ્ટાંત આપે છે. તે ખુબ સમર્થ હતો. દેવો પણ તેની મદદ લેતાં હતાં. એક સમયે તેણે દેવોના રક્ષણાર્થે દૈત્યોને માર્યા ત્યારે દેવોએ વરદાન માંગવા કહ્યું, રાજાએ દેવોને પોતાના આયુષ્ય વિશે પૂછ્યું ત્યારે જવાબ મળ્યો કે 'એક મુહુર્ત', (બે ઘડી). રાજા કહે મને હમણાં જ મારા નગર અયોધ્યામાં મુકી દો. અયોધ્યામાં આવી બધું જ છોડી દઈને અભયરૂપ હરિસ્મરણ કરતાં તે મુહુર્ત માત્રમાં પ્રભુપદ પામ્યો. શુકદેવજી સમજાવે છે કે તમારે તો સાત દિવસ જીવવાનું છે. પ્રેમથી પ્રભુ તો પલમાં પણ મળે અને તપથી મુનિજનને કરોડો વર્ષે ન પણ મળે. રાજા ખટ્વાંગને મરવાની ખબર પડી તેમ તમારું મરણ પણ નિશ્ચિત છે. માટે સાત દિવસમાં તમારે પારલૌકિક સાધન કરી લેવું જોઈએ.

રાજા એ પુછેલા અંતકાળના કર્તવ્યનો બોધ આપતાં પહેલા શુકદેવજી શ્રવણ પહેલાના ઉપકારી અંગ-મનન અને નિદિધ્યાસન વિશે સમજાવતાં કહે છે કે **'મનન' એટલે યુક્તિ વડે અનુચિંતન કરવું.** અંતકાળે ભગવાનનું જ સ્મરણ થાય તે કેમ નક્કી થઈ શકે તેથી બીજા કશાનું સ્મરણ ન થાય તે માટે ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગ કહ્યો છે અને તેના અંગરૂપ ધ્યાન કરવાની વાત કરે છે. અંતકાળ એટલે આયુષ્યનો છેવટનો સમય. તે આવ્યો જાણી ભયને છોડવો તે પહેલું સાધન છે. **અંતકાળે કોઈનોય સંગ કરવો નહીં. દેહ-સંબંધીઓમાંથી બધી ઈચ્છાઓ કાઢી**

નાંખવી, ઘર છોડી, તીર્થમાં જઈ યોગાભ્યાસ કરવો, નિર્ભય થઈ, વૈરાગ્યપૂર્વક સ્પૃહા છોડી, સર્વનો ત્યાગ કરી બધી પ્રતિકુળતાઓને સહન કરવી. વિષયોના દોષોનો બુધ્ધિથી વિચાર કરવાથી મન વિષયોમાં ન દોડે. ભગવાનની શુભ માનસમૂર્તિના સર્વ અવયવોમાં મન લગાડવું તે ધ્યાનની સ્થિતિ છે જેનાથી મન વિષય વાસના રહિત બને. તે પછી અન્ય કાંઈ યાદ ન કરવું. આથી યોગ સિધ્ધ થાય. આમ થતાં ચિત્ત ધ્યાનાકારે પરિણામ પામે, પ્રસન્ન થાય. ભગવાનનું ધ્યાન ધન્ય બનાવે, વિષયોનું ધ્યાન પતન કરાવે. ભગવાનનું ધ્યાન કરવાથી બધા વિચારો દૂર થાય. શ્રવણના ફલમાં ઉપકારક મનન અને નિદિધ્યાસન છે. **યુક્તિપૂર્વક અનુચિંતન 'મનન' છે અને સાક્ષાત્કાર જેવું જ્ઞાન જેનાથી થાય તેવો ચિંતનપ્રવાહ 'નિદિધ્યાસન' છે.** શુકદેવજી યોગની સંપુર્ણ ક્રિયા-સમજાવતાં વૈરાગ્યપૂર્વક તીર્થમાં વાસ કરી, ધીરજ રાખી ટાઢ-તડકો વેઠવો તે યમ, પવિત્ર જલમાં સ્નાનનો નિયમ, કુશના આસન પર બેસી ધ્યાનના અભ્યાસની અને પ્રાણાયમની પ્રક્રિયા બતાવે છે. તેઓ કહે છે મન વડે ઈન્દ્રિયોને વિષય તરફ જતાં રોકી રાખવાથી તેની મેળે તે પ્રસન્નતા પામે છે. વળી ભગવાનના સર્વ અંગોમાં જેની ચિત્તવૃત્તિ લાગી હોય તે યોગીને ભક્તિ લક્ષણવાળો કહ્યો છે કારણ કે તેમાં ધારણાના આશ્રયરૂપ ભગવાનનું રૂપ હોય છે. માટે ભગવાનનું ધ્યાન કરવાથી ભક્તિયોગ સિધ્ધ થાય છે.

શ્રી શુકદેવજી સમજાવે છે કે જેમ લોખંડના ગોળામાં અગ્નિ રહેલો હોય અથવા મહેલની અંદર રાજા રહેલો હોય તેવી રીતે આ વિરાટ બ્રહ્માંડની અંદર 'પુરુષ' અર્થાત્ ભગવાનનું અસ્તિત્ત્વ છે જે યોગીઓને તેમના અધિકાર પ્રમાણે ધ્યાન ધરવાથી પ્રત્યક્ષ થાય છે. **પાતાલ** એ પ્રભુનું પાદમૂળ છે, અંદરની રેખાઓ વાસુકિ નાગ છે. પાની-પંજો તે પાતાલની ઉપર **રસાતલ** નામનું પાતાળ છે. **'મહાતલ'** એ ઘૂંટણ છે. ઘૂંટણ અને ઢીંચણ વચ્ચે **'તલાતલ'** નામનું પાતાલ છે. બે ઢીંચણ **સુતલ** છે **'વિતલ'** અને **'અતલ'** બે ઉરુ છે, **મહીતલ** એટલે પૃથ્વી, જઘન છે. આમ ઊભેલા પુરુષના આકારમાં આ અંગો ઓળખાવ્યા છે. તેવી જ રીતે ઉપરના લોક સમજાવતાં કહે છે - ભગવાનનું ઉર:સ્થળ જ્યોતિર્મય છે, ગ્રીવા (ડોક) **મહર્લોક** છે, વદન **જનલોક** છે, લલાટ **તપોલોક** છે, જે સુખ મેળવવાનું સ્થાન છે. ભગવાનનું મસ્તક **સત્યલોક** છે. તેવી જ રીતે અન્ય સર્વે ઈન્દ્રિયો કાન-નાક-મુખ ઈત્યાદિ પણ વિવિધ દેવોના રૂપે સમજાવ્યા છે. વર્ણની પણ વ્યાખ્યા કરતાં બતાવે છે કે **બ્રાહ્મણ ભગવાનનું મુખ છે.** જેનામાં બ્રહ્મભાવ રૂપ ધર્મ કે બ્રાહ્મણ્ય નામે દેવતા સંસ્કારાદિથી પ્રકટ હોય તે બ્રાહ્મણ ગણાય. **ક્ષત્રિય ભગવાનના બાહુ છે, વૈશ્ય ઉરુરૂપ છે, શુદ્ર ચરણરૂપ છે,** ભગવાનથી જુદુ કાંઈ જ નથી. જેઓ સર્વ બુધ્ધિ વૃત્તિથી સત્યરૂપ, આનંદપૂર્ણ પ્રભુનું ભજન-ધ્યાન કરે છે તેનું પતન થતું નથી.

રાજા પરીક્ષિતે પ્રથમ સ્કંધના ૧૯મા અધ્યાયના અંતમાં પૂછ્યું હતું કે 'જે સાંભળવા યોગ્ય, જે જપ કરવા યોગ્ય, યાદ કરવા યોગ્ય અને ભજવા યોગ્ય હોય તે કહો' તેના ઉત્તરમાં શુકદેવજીએ

'શું કરવું' એ પ્રશ્નમાં સાંભળવાનું અને સ્મરણ કરવાનું, કીર્તનમાં જપ કરવાનું, કર્તવ્ય ઈત્યાદિનો ઉત્તર આપ્યો. હવે ભજનીય કોણ તેનો ખુલાસો કરતાં કહે છે કે સ્વપ્નમાં અનેક દેહોને જોનાર આત્મા એક છે, તેમ તે વિરાટ સર્વાત્મા હોવાથી સર્વની બુધ્ધિવૃત્તિમાં રહી સર્વનો અનુભવ કરનાર છે. તે સત્ય તેમ જ આનંદના નિધિ છે, તેજ ભજનીય છે. **જેઓ બીજામાં આસક્ત થાય છે તેનું પતન થાય છે અર્થાત્ સંસારી બને છે માટે ભગવાનને છોડી બીજામાં આસક્ત ન થવું જોઈએ.**

• સુબોધિની – (અધ્યાય ૨)

પ્રથમ અધ્યાયમાં સર્વ વસ્તુનો નિર્ધાર કરવા માટે **'પ્રમાણ'** અને **'પ્રમેય'** બતાવ્યા અને આ બીજા અધ્યાયમાં કયા રૂપથી ભગવાન **'સાધન'** બને છે અને તેમનું કયું રુપ **'ફલરુપ'** છે તેનો વિચાર કર્યો છે. આ અધ્યાયના ૩૭ શ્લોકો છે જેમાં **સદ્યોમુક્તિ** તથા **ક્રમમુક્તિ** કેવી હોય અને કેવી રીતે થાય તેનું વર્ણન છે.

શ્રી શુકદેવજી કહે છે કે પહેલાં બ્રહ્માજીની સ્મૃતિનો નાશ થઈ ગયો હતો ત્યારે એ પ્રમાણોની ધારણાથી સંતુષ્ટ થયેલા ભગવાન પાસેથી તે (સ્મૃતિ) મેળવીને બ્રહ્માજીએ પહેલાંની જેમ અર્થાત્ પ્રલય પૂર્વમાં જેમ સૃષ્ટિ રચેલી હતી તેમ ફરીથી આ જગત રચ્યું. તેઓ સમજાવે છે કે **વેદોની કલ્પના કરીને અર્થ ન કરવા પરંતુ શબ્દના જે પ્રમાણે થતાં હોય તેવા જ અર્થ કરવા.** સર્વ વિષયોના ત્યાગ માટે આ લોક અને પરલોકના ફલભોગની ઈચ્છા છોડીને ભગવાનનું ભજન કરવું જોઈએ તેમ અગાઉ કહ્યું છે. વેદમાં જે ફલનું નિરૂપણ છે તે વૈદિક ફલ કહેવાય જ્યારે લોકસંબંધિ ફલ લૌકિક રૂપ કહેવાય. સામાન્ય લોકો તેમાં જ આસક્ત હોય છે અને તેઓને વૈદિકનું જ્ઞાન ન હોવાથી તે ફલ પ્રાપ્ત થતા નથી. જ્ઞાનીઓને લૌકિક આસક્તિ હોતી નથી છતાં તેમને વૈદિક રૂપની લાલસા થાય છે. વેદ તો ભગવાનનું જ્ઞાન અને મુખ્ય ફલ રૂપે ભક્તિ પ્રદાન કરવા માટે છે છતાં પણ લોકો પશુ, પુત્ર - ધન ઈત્યાદિમાં આસક્ત હોવાથી તેઓને વેદમાં કહેલા જુદા જુદા કર્મના ફલરૂપ પશુ-પુત્ર વગેરે સમજાય છે. લોકો વૈદિક કર્મ એટલે કે યજ્ઞ-યાગદિમાં પ્રવૃત્ત થાય છે, જેના કારણે તેઓ અવૈદિક કર્મોમાંથી તો છુટે છે તેમ છતાં વૈદિક ફલ રૂપે જ્ઞાન-ભક્તિ મળે, પરંતુ તેઓ પોતાની વાસનામાં મગ્ન હોવાના કારણે પશુ-પુત્ર ઈત્યાદિ ક્ષુલ્લક વસ્તુઓ માટે વલખા મારતા હોય છે. યજ્ઞ વગેરે કર્મોનું ફલ તેઓ તેને જ માને છે.

આનાથી શુકદેવજી સમજાવે છે કે જે વિરાટ સ્વરૂપનું અગાઉ પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે જ ભગવાન યજ્ઞ રૂપ પણ છે તેથી જે સ્થુલ ધારણા કહેવામાં આવી તે જ વાત વેદ પણ કહે છે પરંતુ અજ્ઞાનવશ લોકો વેદનો વાક્યાર્થ કે સંબંધ સમજ્યા વગર પશુ-પુત્ર વગેરે નામ-માત્રને જોઈએ તેને મેળવવા માટે યત્નશીલ બને છે. તેનું ધ્યાન કરે છે. લોકો વેદના સાચા અર્થને સમજતા નથી. જે તે વાક્યોમાં રહેલ નામો વડે તે સ્વર્ગાદિ શબ્દનો વાક્યાર્થમાં સંબંધ નથી છતાં તે પદાર્થનો પોતાની રીતે નિશ્ચય કરીને તેને સાધન માનીને તે સ્વર્ગ, પશુ પુત્રાદિની ઈચ્છા કરે છે. વાસ્તવમાં

વેદ તો સિધ્ધ અર્થનો અનુવાદક છે. તેમાં બતાવેલ ફલો લોકમાં સિધ્ધ છે. માટે તેના યુક્તિયુક્ત સાધનો તે તે ફલને માટે કરવા જોઈએ.

વળી આગળ ખુલાસો કરે છે કે **મનુષ્યે ઓછામાં ઓછી જરૂરિયાતથી જીવવું જોઈએ તેથી તેને ભગવાનના ભજનનો સમય મળી શકે.** ભગવાને સૂવા માટે આ પૃથ્વીરૂપી પથારી આપી છે, હાથનું ઓશીકું છે, તેનો ખોબો અન્નપાત્ર છે, દિશાઓ એ વલ્કલ-વસ્ત્ર છે તો શા માટે તકિયા, વાસણ, વસ્ત્રોની જંજાળ કરવી જોઈએ? વૃક્ષો ભોજન માટે ફલ દેનાર છે, નદીઓમાં તરસ છીપાવવા જલ છે અને રહેવા માટે પર્વતની ગુફાઓ છે. સ્વયં ભગવાન સમર્થ રક્ષક છે. આમ ભગવાને સર્વત્ર વ્યવસ્થા કરી છે તો શા માટે ધનના મદવાળા તેનાથી આંધળા બનેલા લોકોની ભક્ત કે જ્ઞાની ખુશામત કરે? સામાન્ય સંસારી આ બધા ગાદલા, ઓશિકા, વસ્ત્ર, ભોજન વગેરે મેળવવાની મથામણમાં અને તેનો સંગ્રહ કરવામાં ડૂબેલો રહે છે પણ **ઓછામાં ઓછી જરૂરિયાત રાખીને જે માણસ જીવે છે એને ભગવાનનું ભજન કરવાનો સમય મળે છે. તેને કોઈની ખુશામત કરવી પડતી નથી તે સ્વસ્થ ચિત્તે ભગવાનને ભજી શકે છે.**

વધુમાં સમજાવે છે કે પ્રભુની સેવામાં મુખ્યત્વે પાંચ વસ્તુની આવશ્યકતા દેખાય છે- (૧) **આત્મા**, (૨) **દેહ**, (૩) **ધન**, (૪) **પ્રભુ** અને (૫) **નિત્ય કર્મ** - હકીકતમાં આ પાંચે રૂપે ભગવાન સ્વયં જ છે. **ભગવાન જ સર્વ વેદાર્થ, સર્વ ધનરૂપ, સર્વ વસ્તુરૂપ, સર્વ નિવૃત્તિરૂપથી સર્વ નિવર્ત્તક છે.** જો માનવ કોઈ એકાદમાં પ્રીતિ કરે તો તે સંપૂર્ણ ન થાય તેથી સર્વરૂપ એક માત્ર પ્રભુમાં જ પ્રીતિ કરવી. સર્વાત્મ ભાવથી પ્રભુને ભજવા, તેમાં પ્રીતિ રાખવી તે જ ભગવદ્ ધર્મ છે. વાસ્તવમાં ભગવાને બધા જ જીવને સુખાનુભવ માટે સ્વલ્પ પ્રીતિ પ્રદાન કરી છે. હકીકતમાં જ્યાં પ્રીતિ થાય ત્યાં પ્રસન્નતા અનુભવાય, સુખની પ્રતિતી થાય. પરંતુ પદાર્થ કે પ્રાણી દ્વારા સુખનો અનુભવ થતો હોય છે. જો અનંત, અકલ્પ્ય સુખનો અનુભવ કરવો હોય તો અન્ય બધામાંથી પ્રીતિ છોડવી અને પ્રભુમાં તે જોડવી જોઈએ.

વળી ભગવાન ષડગુણ સંપન્ન છે, નિત્ય છે, સર્વત્ર બિરાજે છે. એવા ભગવાનને ભજનાર ભક્ત **'નિવૃત્ત'** એટલે કે ભગવાન સિવાય અન્ય કોઈની જેને અપેક્ષા ન હોય અને જેને સૌનો મોહ-પ્રીતિ છોડી પ્રભુમાં પ્રીતિ જોડી હોય તે, અને **'નિયતાર્થ'** અર્થાત્ જેનું જીવન ધ્યેય નક્કી છે, જેને ભગવાન એ જ પુરુષાર્થ તરીકે નિયત કરેલા છે, જેમ શ્રી મહાપ્રભુજી પુષ્ટિ-પ્રવાહ-મર્યાદામાં કહે છે **'ભગવાનેવ ફલમ'** - માટે તો ભગવાન જ જોઈએ, એવું ધ્યેય જેણે નક્કી કર્યું છે તે. આ બન્ને લક્ષણો ભગવાનને મેળવવા માટે આવશ્યક છે. જેણે આવું ધ્યેય નક્કી નથી કર્યું તે જન્મ અને મરણ વચ્ચે ધક્કા ખાયા કરે છે. શુકદેવજી સમજાવે છે કે **જેમણે ભગવાનનું ચિંતન છોડી દેહાદિની વ્યર્થ ચિંતા કરનાર પશુ સમાન છે કારણ કે આહાર, નિંદ્રા, ભય અને મૈથુન એ ચાર બાબતોમાં માનવ અને પશુ સમાન છે. જે સમય આ ચાર માટે વેડફાય તેટલો વખત માનવ**

વાસ્તવમાં પશુનું જીવન જીવે છે. વળી પશુમાં એક વિશેષતા એ છે કે તે પહેલા વધુ ખાઈ લે છે અને પછી ખોરાક પાછો બહાર કાઢી વાગોળે છે. તેવી જ રીતે મનુષ્ય પણ ભૂતકાળમાં બની ગયેલા પ્રસંગો-વાતો-વિચારોને પુનઃ વાગોળ્યા કરે છે તે પશુના જ લક્ષણ છે. જો આપણે ભગવાનના વિચારો કરીએ તો છ ભગવદ્ ઐશ્વર્યાદિ ગુણોનો લાભ થાય પરંતુ કેવળ શરીર સંબંધથી વિચારીએ તો છ દોષો - **ઉત્પત્તિ** (જન્મ), **નાશ** (મરણ), **દુઃખ** (પ્રતિકુળતા), **કર્મ**, **પરિતાપ** (શોકાદિ) અને **હિનતા** પ્રાપ્ત થાય છે. એ અનર્થમાંથી ઉગરવા માટે **શ્રવણાદિ** કરવા જોઈએ.

કેવા સ્વરુપનું ધ્યાન - ભજન કરવું જોઈએ તે સમજાવવા શુકદેવજી વર્ણવે છે કે પોતાના દેહની મધ્યમાં હૃદયાકાશમાં રહેતા ચતુર્ભુજ સ્વરુપ જેમણે કમળ, ચક્ર શંખ અને ગદા એ ચાર આયુધોને ચાર શ્રી હસ્તમાં ધારણ કર્યા છે તેવા પ્રસન્ન મુખવાળા, કમળની પાંખડી સમાન વિશાળ નેત્રવાળા, કદંબના પુષ્પના તાંતણાઓ જેવી રેખાઓ યુક્ત મોતીથી ગૂંથાયેલ પીતાંબર જેમણે ધારણ કર્યું છે, મોટા રત્ન જડીત સોનાના બાજુબંધવાળા અમૂલ્ય રત્નજડિત કિરીટ મુકુટ અને કુડળોથી શોભતા, હૃદયરૂપ કમળની મધ્યમાં યોગેશ્વરોએ જેને આસન આપ્યું છે તેવા લક્ષ્મીના ચિન્હવાળા, વક્ષસ્થળો જેમણે કૌસ્તુભ મણીને ધારણ કર્યો છે તથા તાજા ફૂલોની માળાથી પૂજાયેલા, જેઓ ધારણ કરેલા કટિમેખલા અને વીંટઓથી શોભી રહ્યા છે, તેમ જ શ્રી હસ્તમાં કંકણો અને ચરણાર્વિંદમાં નુપુર ધારણ કર્યા છે, જેમના મસ્તકે શુદ્ધ અને સ્નિગ્ધ વાંકડિયા કેશ શોભે છે તેવા મુખ પર હાસ્યથી મનોહર લાગે છે. આવા પ્રભુને મન જ્યાં સુધી સ્થિર રહે ત્યાં સુધી નિહાળવા, એક એક અંગનું ધ્યાન કરતાં બુધ્ધિ શુદ્ધ થાય એટલે આગળ ધારણ કરતાં જવું અને આમ સ્થુળ રૂપનું ધ્યાન કર્યા પછી સૂક્ષ્મરૂપનું ધ્યાન કરવું. જ્યાં સુધી દોષ દૂર થયા ન હોય ત્યાં સુધી આનંદનો અનુભવ થતો નથી માટે પહેલા સ્થુળ ધ્યાન અને પછી પોતાના અંતરમાં સૂક્ષ્મ ધ્યાન કરવાથી યોગી લોકો તે મુક્તિ મેળવે છે.

અંતકાળે દોષોના પરિહાર માટે યોગ સાધીને બુધ્ધિપૂર્વક મરણનો પ્રકાર બતાવતા કહે છે કે સ્થિર અને સુખરૂપ આસન ઉપર બેઠેલા સંન્યાસી જ્યારે આ લોક છોડવાની ઈચ્છા કરે ત્યારે દેશ-કાલમાં મનને ન લગાવે પ્રાણોનું નિયમન કરે, મનથી પાણને રોકે, બુધ્ધિ વડે મનને આત્મામાં કેન્દ્રિત કરી આત્માને પરમાત્મામાં જોડી ધીર થઈ શાંતિ મેળવતો બધા પ્રયત્નો છોડી વિરક્ત થાય. સમાધિ કરી પાછો ન આવે.

મુક્તિના બે પ્રકાર બતાવ્યાં છે - (૧) **સદ્યોમુક્તિ**, (૨) **ક્રમમુક્તિ**. પ્રથમમાં યોગી લોકો લિંગ દેહને છોડીને વૈષ્ણવ પદ પામે છે તે **'સદ્યોમુક્તિ'**, જ્યારે બીજામાં યોગી ભોગ ભોગવવા પોતાના લિંગ દેહને સાથે લઈને જાય છે. વાસના બાકી હોય તો તેનો નાશ ભોગથી થાય તેમ માનતા યોગીજનો જુદા જુદા લોકોના ભોગ ભોગવતા પસાર થાય છે.

સદ્યોમુક્તિના પ્રકારમાં સર્વપ્રથમ અંત:કરણમાંથી રાગાદિનું નિરાકરણ કરી, હૃદયને શુદ્ધ કરીને તે શુદ્ધ ચિત્તે દેહ છોડવા પ્રયત્ન કરે છે. પોતાના પગની પાની વડે મુખાધારને દબાવી દે છે. ત્યાં કુંડલિનીને જગાડે અને ત્યાં રહેલા વાયુને ઉંચે શરીરના અન્ય ચક્રોમાં લઈ જાય. શરીરમાં વાયુને રહેવાના છ ચક્રો છે - **મુલાધાર**, **સ્વાધિષ્ઠાન**, **મણિપુર**, **અનાહત**, **વિશુદ્ધિ અગ્નિચક્ર** (આજ્ઞા ચક્ર) અને **સહસ્ત્રદલ.** આ ચક્રોમાં વાયુને ક્રમશ ઉપર ચઢાવી મસ્તકે રહેલા સહસ્ત્ર દળ ચક્રને ભેદીને તે પ્રાણને બહાર કાઢે છે અને સતત ધ્યાન દ્વારા ભગવાનમાં સાયુજ્યને પ્રાપ્ત કરે છે.

ક્રમમુક્તિના પ્રકારમાં આકાશમાર્ગે પ્રથમ દેવતાના લોકમાં અર્થાત્ સ્વર્ગમાં જાય છે. ત્યાં તેના મેલ દૂર થાય છે, ત્યારે ત્યાં ભગવાનનું 'શિશુમાર ચક્ર' છે ત્યાં જાય છે. વિષ્ણુનું ચક્ર વિશ્વની નાભિરૂપ છે તેને ઓળંગીને, જ્યાં રહેનાર કલ્પજીવી હોય છે, બ્રહ્મને જાણનાર જેને નમન કરે છે ત્યાં **મહર્લોક**માં સૂક્ષ્મ લિંગ શરીર લઈને જાય છે. ત્યાં કલ્પ પર્યંત રહ્યા પછી જ્યાં સિધ્ધેશ્વરો નિવાસ કરે છે એવા **બ્રહ્મલોક**માં તે જાય છે. જ્યાં શોક નથી વૃધ્ધાવસ્થા નથી, મૃત્યુ નથી, મનની પીડા નથી, ઉદ્વેગ નથી.

શ્રી શુકદેવજી અંતમાં પરીક્ષિતને સમજાવે છે કે સંસારમાં સરનાર માટે પ્રભુમાં પ્રીતિ થાય તેવો આ સિવાય બીજો કલ્યાણકારક માર્ગ નથી. શ્રવણાદિથી પ્રભુમાં સ્નેહ થાય, મનન અને નિદિધ્યાસન રૂપ ધ્યાનથી સર્વભાવરૂપ સ્નેહ થાય, સૂક્ષ્મ ધ્યાનથી હૃદયમાં પ્રભુ પધારતાં તેમાં પ્રવેશ કરાવનારો પરમ પ્રેમ થાય. તેથી સૌએ સર્વત્ર સર્વદા સર્વાત્મ પણ દુ:ખ દૂર કરનાર ભગવાન હરિનું **શ્રવણ**, **કીર્તન** અને **સ્મરણ** કરવું આવશ્યક છે. જ્યારે કાન રૂપી પડીયામાં ભરીને ભગવાનની આ કથાનું પાન કરે છે તેના વિષયના વિષથી વિશેષ પ્રકારે દૂષિત થયેલા અંત:કરણને પાવન કરે છે અને પ્રભુના ચરણ કમળની સન્નિધિમાં પહોંચી જાય છે.

❀ પ્રકરણ – ૨

બીજા સ્કંધનું બીજુ પ્રકરણ છે - **'હૃત્ પ્રસાદ પ્રકરણ'**, પહેલા પ્રકરણમાં ભગવાન સર્વ પદાર્થ માત્ર બનેલા હોઈ બધા પદ વગેરેનો અર્થ **'ભગવાન'** છે તેમ થાય, જ્યારે બીજા પ્રકરણમાં શ્રવણમાં **'શ્રધ્ધા'** કેમ ઉપયોગી થાય તે સમજાવ્યું છે. શ્રવણ કરનારને દશવિધ લીલા કરનાર ભગવાન સિવાય બીજા સ્વરૂપમાં શ્રધ્ધા ન હોવી જોઈએ, તેનું આ શ્રધ્ધાના પ્રકરણમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

• અધ્યાયાર્થ (અધ્યાય 3)

ત્રીજા અધ્યાયમાં શૌનક ઋષિના ઉત્સાહનું નિરૂપણ કરી ચોથા અધ્યાયમાં રાજા પરીક્ષિતના ઉત્સાહનું વર્ણન કરવામાં આવ્યું છે. ભિન્ન ભિન્ન કામનાઓવાળા અલગ અલગ દેવોનું ભજન કરે છે. એ કામનાઓની પૂર્તિ શ્રી કૃષ્ણના ભજનથી પણ થાય છે. શ્રી શુકદેવજી દ્વારા પરીક્ષિતનો

ભજન માટેનો ઉત્સાહ વધાર્યા પહેલા તેમની મમતાના નાશનું નિરૂપણ કરવામાં આવ્યું. તેણે પોતાના રાજ્યનો ત્યાગ કર્યો હતો જ, તો મમતાના નાશની વાત ક્યાંથી આવી? તેવી શંકાના ખુલાસામાં કહે છે કે વિષયોનો ત્યાગ કરવા છતાંય મનુષ્યના હૃદયમાં જે વિષયો રહેલા હોય છે તેની નિવૃત્તિ જ્ઞાન દ્વારા જ થઈ શકે. જ્ઞાનથી સંપૂર્ણ મમતા દૂર થાય, માટે રાજાએ તદ્‌વિષયક પ્રશ્ન કરી પોતાનો ઉત્સાહ પ્રકટ કર્યો છે, તેથી જ તો આગલા સ્કંધમાં તેને 'ઉત્તમ વક્તા' બતાવ્યા છે, અને શ્રી શુકદેવજીનો ઉત્સાહ તો તેમણે ભગવાનને કરેલ નમન અને પ્રાર્થનાથી જ સિધ્ધ થાય છે. શૌનક ઋષિના કથન (શ્લોક - ૧૭-૨૪), જ્યાં તેઓ કહે છે કે ભગવાનના ભજન વિના આયુષ્ય, દેહ અને ઈન્દ્રિયો નિષ્ફલ છે, તે તેમની શ્રવણમાં શ્રધ્ધા અને તેમાં તેમના ઉત્સાહનો નિર્દેશ છે. તેમણે કરેલા પ્રશ્નનું તાત્પર્ય એ છે કે જ્યાં સુધી પ્રભુના સ્વરૂપ-ગુણ-કર્મનું જ્ઞાન ન થાય ત્યાં સુધી ભગવાનનું ભજન થઈ શકતું નથી.

ત્રીજા અધ્યાયમાં જુદા જુદા પદાર્થોની કામનાવાળાઓ શ્રીકૃષ્ણ સિવાય જુદા જુદા દેવોનું ભજન કરે છે તે કહેલું છે. બીજા દેવોનું ભજન કરવું જરૂરી નથી, તેમજ તે ન કરવામાં આવે તો તેથી ભગવાનનું ભજન કરવામાં કાંઈ અડચણ થતી નથી. જુદી જુદી કામના પૂરી પાડનાર જુદા જુદા દેવોનું ભજન કરવામાં આવે છે. તે બધી કામનાઓની પૂર્તિ શ્રીકૃષ્ણના ભજન કરવાથી પણ થાય છે. **જો શ્રીકૃષ્ણની સેવા ન કરવામાં આવે તો સર્વ ઈન્દ્રિયો વિફલ પણ થાય છે, તેથી બે કાર્ય ન કરવા જોઈએ- (૧) બીજા દેવોનું ભજન અને (૨) ઈન્દ્રિયોથી શ્રીકૃષ્ણની સેવા ન કરવી તે.**

અહીં સમજાવ્યું છે કે ભગવાનનું ભજન ન કરવામાં આવે તો જ્ઞાનીના દેહ અને ઈન્દ્રિય ફલ રહિત છે.

વળી, આ અધ્યાયમાં શ્રી ભાગવતનું શ્રવણ કરનારનું તેમાં શ્રધ્ધા હોવાનું જરૂરી છે તેમ જણાવ્યું છે. રાજા પરીક્ષિતને શ્રવણમાં શ્રધ્ધા છે. કેમ કે પ્રથમ સ્કંધમાં તેને શ્રવણનો ઉત્તમ અધિકારી કહ્યો છે. જો શ્રધ્ધા ન હોય તો શ્રવણ કરવામાં ઉત્સાહ ન હોય. બીજા દેવોનું ભજન પીને ઈન્દ્રિયોનો દોષ શ્રવણ વગેરેમાં નડતરરૂપ થાય છે. શ્રી કૃષ્ણનું ભજન (શ્રવણ વગેરે) કરવાથી આ બન્ને અટકી જાય છે. માટે ભગવાનનું ભજન અવશ્ય કરવું જોઈએ. જ્યાં સુધી પ્રભુના સ્વરૂપ-ગુણ-કર્મ સારી રીતે જાણવામાં ન આવે ત્યાં સુધી ભજન થવામાં સંશય રહે છે. માટે શ્રવણનું મહત્ત્વ સમજાવ્યું છે.

ચોથા અધ્યાયમાં પરીક્ષિતની મમતાનો નાશ થયો છે એમ જણાવી, તેમનો ભજન (શ્રવણ વગેરે) કરવામાં ઉત્સાહ બતાવ્યો છે. તેને ટકાવી રાખવા શુકદેવજી ભગવાનનું સ્વરૂપ વગેરે કહેવાનું મૂકી પહેલા બ્રહ્માજી અને નારદજીનો આ વિષયમાં થયેલો સંવાદ કહે છે.

- **સુબોધિની (અધ્યાય ૩)**

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે પૂર્વ અધ્યાયમાં શ્રી શુકદેવજીએ **'વસ્તુતત્વ'** વિશે ચર્ચા કરી,

હવે આ અધ્યાયમાં શ્રવણ સિવાયના અન્ય સાધનને બતાવે છે. તેઓ કહે છે કે **'શ્રવણ'** પરમ ફલરૂપ છે છતાં સૌ કોઈને તેમાં રસ હોતો નથી અને તેથી તે માટે પ્રયત્ન કરતાં નથી. તેનું કારણ શું હોઈ શકે ? વાસ્તવમાં શ્રવણ તો ભગવાનનું કરવાનું છે, જેમાં કોઈ દોષ નથી તો તે ઈન્દ્રિયો કે તેના નિયામક દેવોનો દોષ હોવો જોઈએ. તેમ માની તેઓ ઈન્દ્રિયના દેવોને પ્રસન્ન કરવાનું વિચારતા હોય છે પરંતુ દેવો તો અલ્પ-નિયત-રૂપ આપવાવાળા છે અને તેમને લૌકિક કામનાઓથી જો ભજવામાં આવે તો બહિર્મુખ થવાય, જેથી પાછો નવો દોષ વધે.

જેવી રીતે કોઈ ચક્રવર્તી સમ્રાટ પોતાના રાજ્યમાં વિવિધ વ્યવસ્થાઓ માટે જુદા જુદા અધિકારીઓની નિમણુક કરે છે તેમ ભગવાને આ સૃષ્ટિની વ્યવસ્થા કરવા માટે પોતાની વિભૂતિ રૂપ દેવોને જુદા જુદા અધિકાર આપ્યા છે. તદનુસાર **પ્રત્યેક દેવમાં પોતાનું ભજન કરનારને ફલ આપવાનું સામર્થ્ય હોય છે. દેવો પોતાના અધિકારથી વિશેષ બીજું કાંઈ ફલ આપી શકતા નથી.** ભાગવત મતમાં ૨૮ દેવો **'તત્ત્વરૂપ'** બતાવ્યા છે. વેદમાં ૩૩ દેવો કહ્યા છે જેના **૮ વસુઓ, ૧૧ રુદ્રો, ૧૨ આદિત્યો, ૧ ઈન્દ્ર** અને એક **પ્રજાપતિ** છે. ૨૮ તત્ત્વોમાં આ ૩૩ વૈદિક દેવોનો અંતર્ભાવ રહેલો છે. કયા દેવની આરાધનાથી કઈ કામના સંતોષાય તે સમજાવતાં કહે છે-

બ્રહ્મતેજની કામનાવાળો બ્રહ્માને પૂજે, ઈન્દ્રિય સુખની કામનાવાળો ઈન્દ્રની પૂજા કરે, લક્ષ્મી મેળવવાની ઈચ્છાથી માયારૂપી દેવીને પૂજે. જેમને દ્રવ્યની લાલસા હોય તે વસુની પુજા કરે, રુદ્રોને પૂજનારને બળ પ્રાપ્તિ થાય, અન્ન-ભોજનની પ્રાપ્તિ અદિતિની પૂજાથી થાય, દ્વાદશ આદિત્યો સ્વર્ગની પ્રાપ્તિ કરાવે, રાજ્યની કામનાવાળા વિશ્વ દેવોનું પૂજન કરે. પ્રજા પર નેતૃત્વ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનાર સાધ્યાના પુત્રો સાધ્ય દેવોનું યજન કરે. જેઓને લાંબા આયુષ્યની કામના હોય તેઓ અશ્વિનીકુમારોનું પૂજન કરે છે અને શરીરની સ્થૂળતાની ઈચ્છા રાખનાર ભૂમિનું પૂજન કરે. જે પુરુષ અર્થાત્ મર્દ હોય તે લોક-પ્રતિષ્ઠાની ઈચ્છાથી પૃથ્વી તેમ જ લોકમાતૃકાઓનું પૂજન કરે છે. સૌંદર્યની આકાંક્ષા સેવનાર ગંધર્વોને પૂજે, જ્યારે સુંદર સ્ત્રીની કામનાવાળો ઉર્વશી નામક અપ્સરાને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે. બધાનું આધિપત્ય ઈચ્છતો હોય તો પરમેષ્ટી-બ્રહ્માનું યજન કરે, જ્યારે કીર્તિ - યશ પ્રાપ્ત કરવા ઈચ્છા ધરાવનારા યજ્ઞ-પુરુષને આરાધે. જેઓ ભંડાર -ખજાનો મેળવવાની ઈચ્છા રાખે તે વરુણની આરાધના કરે તો વિદ્યા અર્જન કરવા માગનાર મહાદેવનું પૂજન કરે. દામ્પત્ય પ્રીતિની ઈચ્છા રાખનાર ઉમા-સતી પાર્વતીની પૂજા કરે. ધર્મની આકાંક્ષા સેવનાર ઉત્તમ શ્લોક ભગવાનની આરાધના કરે. વૃંશવૃધ્ધિની ઈચ્છા રાખનાર પિતૃઓને પૂજે તો રક્ષણની ઈચ્છાવાળા પુણ્યજન નામના યક્ષોનું યજન કરે. રાજ્યાધિપત્યની કામના કરનાર મનુની પૂજા કરે તો ઈન્દ્રિય સામર્થ્ય પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનાર દિતિના પુત્રો મરુદ્ગણને પૂજે. શત્રુને મારવાનો પ્રયોગ - અભિચાર કરતો માણસ મૃત્યુ દેવની પૂજા કરે, જ્યારે કામની કામના કરનાર ચંદ્રનું યજન કરે છે. પરંતુ જે નિષ્કામ થવા

ઈચ્છતો હોય તે માણસ સ્વયં પરમાત્માનું ભજન કરે છે.

આ રીતે ભગવાનના વિવિધ અંશોથી ભક્તોની જે તે કામના પૂર્ણ થાય છે જ્યારે સકામ અથવા સર્વકામ હોય કે જેને મોક્ષની કામના હોય તેવો ઉદાર બુધ્ધિવાળો તીવ્ર ભક્તિ યોગ વડે પરમ પુરુષ - પુરુષોત્તમને ભજે છે. **ભગવાન પુરુષોત્તમથી જ સાધન સહિત સાધ્ય સફળ થાય. માટે સાધન સહિત ભક્તિથી સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે પણ ભગવાનનું જ ભજન કરવું જોઈએ.**

ઉપરોક્ત ભગવદ્ ભજનમાં જે સાધનો બતાવ્યા તે મુખ્યત્વે બે સાધનો અંતર્ગત છે - (૧) **ભગવાનમાં અચલ ભાવ** અર્થાત્ **પ્રીતિ** અને (૨) **ભક્ત સંગ.** જો આ બે સાધનો સિધ્ધ થાય તો બીજા સાધનોની કામના કરવી ન જોઈએ એમ શ્રી મહાપ્રભુજી સમજાવે છે. જો જીવનમાં આ બે મળે અર્થાત્ ભગવાનમાં પ્રીતિ થાય અને ભક્તનો સંગ મળે તો અન્ય કશાની અપેક્ષા ન રહે. ભગવાનમાં ક્ષણિક ભાવનો ઊભરો તો ઘણાને આવી જાય પરંતુ તે સ્થિર ન રહે. તેથી અહીં અચલભાવ - સ્થિરભાવ કહ્યું છે. ભાવ સ્થિર હોય તો જ ભગવાનનો અનુભવ થાય. તે માટે ભગવદ્ ભક્તનો સંગ પણ બીજું સાધન કહ્યું છે જેનાથી ભગવદ્ ભાવમાં સ્થિરતા આવે. માટે જ ભક્ત કવિએ ગાયુ છે - **''મોહે ભરોંસો હૈ દોઉ ઠોર કો, એક હરિ ભક્તન કો, દૂજો નંદકિશોર કો.''** આનું કારણ એ કે અવતાર દશામાં તો ભગવાન સ્વયં, પરંતુ અનવતાર દશામાં ભગવાનના ભક્તો પણ સૌનો ઉધ્ધાર કરે છે. તેથી જ ભગવાનને પોતાના ભક્તો કરતાં પણ અધિક ભક્તના ભક્તો પ્રિય લાગે છે. ભગવાનની કથામાં પ્રીતિ કરવાથી ભગવાનમાં અચલભાવ થાય અને ભગવાનના ભક્તનો સંગ પણ મળે. એટલું જ નહીં પરંતુ ભગવદ્ કથાથી બીજા પણ ઘણા ગૌણ ફળ પ્રાપ્ત થાય છે. તેનાથી રાગ દ્વેષ ટળે, અવિદ્યા દૂર થઈ જ્ઞાનનો ઉદય થાય, અંત :કરણ પ્રસન્ન થાય, પ્રાકૃત ગુણોમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય, તેમ જ મોક્ષ દેનારી ભક્તિ મળે, વગેરે.

આટલો ઉપદેશ આપી શુકદેવજી અટકી ગયા. તેમણે વિચાર્યું કે હવે જો રાજા આગળ પ્રશ્ન કરે તો કહેવું. સૂતજી પણ પોતાની કથામાં શૌનકજીના મનમાં શું છે તે જાણવા મૌન થયા, એટલે શૌનકે પ્રશ્ન કર્યો કે તો પછી પરીક્ષિતે શ્રી શુકદેવજીને બીજું શું પૂછ્યું? કારણ કે શુકદેવજી વ્યાસજીના પુત્ર છે. મંત્રદ્રષ્ટા છે અને પરમ વિદ્વાન છે. માટે તેમણે જે કાંઈ સારું કહ્યું હોય તે અમને કહો. સૂતજી સમજાવે છે કે રાજા પરીક્ષિત ભક્ત વંશમાં જન્મ્યા છે. નાનપણથી જ તેઓ ભગવાનના સેવક હોય તેવી ઉધ્ધવજીની માફક જ ભગવાનની સેવાની રમત રમતા હતા. આમ શ્રોતા ભગવદીયોના વંશનો હોઈ ભક્ત હતો તેમ વક્તા શુકદેવજી પણ ભગવાનના પુત્ર હતા અને આવા શ્રોતા-વક્તા બન્ને જ્યાં મળે ત્યાં સ્વાભાવિક રીતે જ ભગવત્કથા થાય. ભગવાનના ભજન વિના ઈન્દ્રિયો પણ વ્યર્થ છે તે સમજાવતાં કહે છે કે **ઊગતા અને અસ્ત થતાં બધાના આયુષ્યને સૂર્ય સાથે લઈ જાય છે અર્થાત્ જેઓ ભગવાનના નામ વિના વખત વિતાવે છે તેઓનું**

આયુષ્ય હરાઈ જાય છે, પરંતુ ક્ષણ માત્ર પણ કથાશ્રવણ થાય તો મનુષ્યનું આખુ આયુષ્ય સફળ થાય છે. વળી કહે છે કે જેઓ ભગવાનની કથા શ્રવણ નથી કરતાં તેમના કાન સાપને રહેવાના રાફડા સમાન છે કારણ કે સંસાર સાપ છે. કથા ન સાંભળનારના કાનમાં સંસારની વાતો આવીને ભરાઈ જાય છે, ત્યાંથી તે અંતરમાં ઉતરે છે અને અનેક અનર્થો સર્જે છે. **જેવી રીતે સાપ સુંવાળો હોય છતાં ભયાનક હોય તેમ સંસારની વાતો સાંભળવી ગમે પરંતુ તે પ્રભુથી વિમુખ બનાવનારી હોય છે. જીભ પણ જે ભગવદ્ ભજન નથી કરતી તે દેડકા જેવી છે.** જેમ દેડકા ક્રૂર હોઈ, નાના પ્રાણીઓને મારતા હોય છે અને વ્યર્થ અવાજ કરતાં હોય છે તેમ ભગવાનનું નામ ન દેનારી જીભ પણ કઠોર, કર્કશ, કડવું, નિંદાત્મક વ્યર્થ બોલનારી હોય છે. ભગવાને જીભનું રક્ષણ કરવા બત્રીસ દાંત આપ્યા છે પરંતુ ભગવાનનું ભજન ન કરનારી જીભ 'સતી' નહીં પરંતુ 'અસતી' જેવી છે, જે પોતાના પતિ-પ્રભુની સ્તુતિ કરતી નથી. માથુ પણ જો ભગવાનના ચરણાર્વિંદમાં ન નમે તો ભારરૂપ છે. હાથ પણ ભગવાનની સેવા ન કરતા હોય તો તે કંકણથી સુશોભિત હોવા છતાં શબના હાથ હોય તેવા ગણાય. મંત્ર પણ જો ભગવાન કે તેમના ભક્તોના દર્શન ન કરતાં હોય તો મોરપિચ્છના ચાંદલા સમાન છે. પગ પણ જો તીર્થક્ષેત્રમાં ન જતાં હોય તો કેવળ થાંભલા જેવા છે. એ રીતે ભગવદ્ ભજન વગર શરીરની નિરર્થકતા સમજાવે છે. વળી અંત:કરણની વિફલતા સમજાવતાં કહે છે કે **જો ભગવાનનું નામ લેતા જેના નેત્ર સજલ થતા નથી, જેના શરીરમાં રોમાંચ થતો નથી, જેનો કંઠ ગદ્ગદ્ થતો નથી તેનું હૃદય કઠણ લોઢા જેવું છે.** જો હૃદય ભગવદીય બન્યું હોય ત્યારે ભગવાદ નામ લેતાં તેના આંખમાં અશ્રુ આવે, શરીરમાં રોમાંચ થાય, તેની વાણી ગદ્ગદ્ થઈ જાય અને ત્યારે જ તેના હૃદયમાં પ્રભુ પધારવાનો સંભવ બને. આમ શૌનક ઋષિના ઉત્સાહના કારણે સૂતજીએ સમજાવ્યું અને તે ઉત્સાહને આગળ વધારતાં ચોથા અધ્યાયમાં શુકદેવજીએ પરીક્ષિતને આપેલો ઉપદેશ સંભળાવે છે.

• અધ્યાયાર્થ (અધ્યાય ૪)

અધ્યાય ૪માં પરીક્ષિતના ઉત્સાહનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પરીક્ષિતની મમતાનો નાશ થયેલો છે તે સામાન્ય રીતે તેની શ્રવણમાં શ્રધ્ધા છે તેમ સૂચવે છે. અહીં ખુલાસો કર્યો છે કે વિષયનો ત્યાગ કરવા છતાં તે મનમાં રહેલો હોય છે, જે જ્ઞાન પ્રાપ્ત થવાથી જ દૂર થાય છે. જ્યારે એમ સમજાય કે ભગવાન સર્વ કાંઈ થયેલા છે, તેથી ભગવાન હરિ જ ભજન કરવા યોગ્ય છે એવું જ્ઞાન થાય ત્યારે મનમાં વધી જતી મમતાનો ત્યાગ કર્યો એમ કહેવાય. પરીક્ષિતે રાજ્ય વગેરે વિષયમાં મમતાનો ત્યાગ કર્યા પછી કર્તવ્ય વિશે જાણવાનો ઉત્સાહ બતાવ્યો હતો. સૂતજીએ શ્રી ભાગવતનું શ્રવણ કરેલ હોવાથી માત્ર જ્ઞાન જ હતું જ્યારે શુકદેવજીએ તો ત્યાગ સાથે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેથી શુકદેવજી પોતાના અધિકાર પ્રમાણે પરીક્ષિતે કરેલા નમન તથા આદર અને પ્રાર્થનાના વચનોથી ઉત્તર આપ્યો છે.

આ પ્રમાણે શ્રવણ-કીર્તનમાં સર્વનો ઉત્સાહ થયેલો હોઈ પરીક્ષિતને વિશ્વાસ રહે તે માટે શુકદેવજી પ્રથમ ભગવાનનું સ્વરૂપનું વર્ણન કરતાં પહેલાં બ્રહ્મા અને નારદના સંવાદ વિશે નિરૂપણ કરે છે.

• સુબોધિની (અધ્યાય ૪)

આ અધ્યાયમાં ૨૫ શ્લોકો છે. તેમાં શ્રોતાની માફક વક્તાના હૃદયની પ્રસન્નતાનું નિરૂપણ કરે છે અને શુકાચાર્યે કરેલી સ્તુતિનું વર્ણન કરે છે. શુકદેવજી સમજાવે છે કે રાજા પરીક્ષિતે પોતાના રાજ્યનો ત્યાગ કર્યો હતો પરંતુ એમાંથી તેમની મમતા ગઈ નહોતી. વસ્તુ ત્યાગ કઠીન છે, પરંતુ વસ્તુત્યાગ પછી પણ તેમાંથી મમતાનો ત્યાગ અને ત્યાગ કર્યાના અભિમાનનો ત્યાગ તો વધારે કઠીન છે. મનુષ્યને 'આ મારું છે' તેવો વિચાર - તેવી મમતા મરતાં સુધી મૂંઝાતા રાખે છે. પરંતુ જો આપણી મમતા ભગવાનમાં જાગે, આપણે પ્રભુને પોતાના ગણીએ તો પ્રભુ પણ આપણને પોતાના ગણે, આપણી સર્વ મૂંઝવણમાંથી માર્ગ બતાવે, જીવનને મધુર બનાવે. જેમાં પોતાપણું લાગે તેમાં જ પ્રીતિ થાય. રાજાને પણ પ્રભુ પોતાના લાગ્યા, પ્રભુમાં પ્રીતિ દૃઢ થઈ. તેનાથી તેને ત્રણ બાબતની સ્પષ્ટતા થઈ કે કથા શ્રવણ દ્વારા તેનું પોતાનું અજ્ઞાન દૂર થયું, તેને ખાત્રી થઈ કે શુકદેવજીએ આ કથા પોતાના વિશે કહી અને તે ભગવાનની કથા કહી, ભગવાનના ગુણાનુવાદ સંભળાવ્યા. જ્યારે મનુષ્યને પોતાને કાંઈ સાચી સમજનો લાભ થતો લાગે, તેને પોતાના હિત માટે પ્રયત્ન થતો દેખાય અને પ્રભુ સંબંધી ઉત્તમતાની ખાતરી થાય તો તેના ઉત્સાહમાં વધારો થાય છે.

ઉત્સાહ વધતાં રાજા શુકદેવજી આગળ પોતાના પાંચ સંદેહો રજૂ કરે છે અર્થાત્ ઉત્પત્તિ, સ્થિતિ, લય, આધાર અને સાધનો સંબંધી પાંચ પ્રશ્નો કરે છે. તેઓ પૂછે છે કે ભગવાન આ જગતને કેમ સર્જે છે ? આ દુનિયામાં પાંચ પ્રકારે ઉત્પત્તિ કરતાં દેખાય છે - (૧) **કુંભાર જેમ ઘડો રચે તેમ બ્રહ્માંડ રચે છે.** (૨) **સિધ્ધ પુરુષો જેમ સૃષ્ટિ રચે તેમ રચે છે.** (૩) **પ્રકટ કરે છે.** (૪) **યોગીની માફક મનથી રચે છે** અથવા (૫) **કલ્પવૃક્ષની માફક રચે છે.** આવા જ પ્રશ્નો તેઓ પાલન અને સંહારના સંદર્ભમાં પણ કરે છે. શુકદેવજીને રાજા વિનંતી કરતાં કહે છે કે તમે તો **'શબ્દબ્રહ્મ'** અને **'પરબ્રહ્મ'** બન્નેના નિષ્ણાત છો, **શાસ્ત્રજ્ઞ** છો માટે મારા આ પ્રશ્નોનું સમાધાન કરો. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે અહીં પરીક્ષિતે **'બ્રહ્મન'**, **'ભગવત્'** અને **'હરિ'** શબ્દોથી સંબોધન કર્યું છે તેનું તાત્પર્ય છે કે શુકદેવજી **'બ્રહ્મરૂપ'** છે તેથી રાજાના પ્રશ્નમાં કાંઈ અતિશયોક્તિ જોઈને ક્ષોભ નહીં પામે, અને તે દુ:ખ દેનારા નહીં પણ સુખ આપનારા છે તે **ભગવત્** અને **હરિ** શબ્દથી સ્પષ્ટ થાય છે. ભગવાન અદ્‌ભૂત કર્તા છે, કરે બીજું અને થાય બીજું, તેથી ડાહ્યામાં ડાહ્યો પુરુષ પણ મૂંઝાય. ભગવાન કયા સાધન વડે સઘળુ કરે છે ? જો ગુણોથી કરતાં હોય તો ગુણોને કયા ક્રમથી લે છે કે ત્રણેય ગુણોને એક સાથે લે છે ? બધા સાથે જન્મતા

નથી તેમ સાથે મરતાં નથી. વળી ભગવાન પોતે જ જન્મો લઈ કર્મો કરે છે કે અનેક જન્મો લઈને કર્મ કરાવે છે કે કરે છે ? અથવા કર્મને આધિન થઈને કરે છે ?

રાજાના પ્રશ્ન સાંભળી શ્રી શુકદેવજીએ પ્રસન્નતા વ્યક્ત કરી પ્રભુની તેર શ્લોકોમાં સ્તુતિ કરી. અહીં **'ઉપામંત્રણ'** શબ્દ પ્રયોગ થયો છે તેનો અર્થ પ્રાર્થના છે, જે સર્વ સંદેહોને દૂર કરનાર છે. પ્રભુ બુધ્ધિપ્રેરક છે. તેમને પ્રથમ સાત શ્લોકમાં નમન કર્યું છે, જેમાં સર્વ શાસ્ત્રનો નિશ્ચય બતાવ્યો છે, કારણ કે ભગવાનને નમન કરવાથી સર્વ સંદેહનો નાશ થાય છે. એક શ્લોકમાં જ્ઞાન દેનારા ગુરુ - વ્યાસજીએ શુક્જીએ વંદન કર્યું કારણ કે ગુરુની પ્રસન્નતાથી શાસ્ત્રના રહસ્ય સમજાય છે, અને સંદેહ દૂર થાય છે. પ્રાર્થના કરતાં શુકજી કહે છે કે પરમ પુરુષને હું નમું છું. જે સદ્રૂપ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લયને માટે પ્રાણશક્તિને ધારણ કરે છે. જે પ્રાણીઓના ભીતર પ્રકટ થાય છે અને જેના માર્ગને કોઈ જાણી શકતું નથી તેવા મોટા મહિમાવાળા ભગવાનને મારા નમસ્કાર છે.

પ્રથમ ભગવાન એક માત્ર સ્વયં જ હતા, જેમણે બહુરૂપ થવાની ઈચ્છા કરી અને જગતરૂપ થયા. તેની ઉત્પત્તિ - સ્થિતિ અને લયને માત્રે ત્રણ પ્રકારની માયાના ગુણોને ધારણ કર્યા. અંતર્યામી રૂપથી પ્રાણીમાત્રમાં પ્રગટ થયા અને **નામ** અને **રૂપ** એમ બે પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરી. અહીં તેમણે ભગવાનના **મૂળરૂપ**, **સમષ્ટિરૂપ**, **વ્યષ્ટિરૂપ**, **અન્તર્યામિરૂપ** અને **ફલરૂપ** એમ પાંચ રૂપ બતાવ્યા છે. ભગવાન અંતરમાં રહીને તો પાપનો નાશ કરે જ છે પણ બહાર રહીને પણ નાશ કરે છે તેથી **'ભૂય :'** શબ્દ પ્રયોગ કર્યો છે. વળી સત્પુરુષો ભગવાનના સંબંધથી સત્વને પ્રાપ્ત કરે છે પરંતુ તેઓ ચિદાનંદને પામતા નથી. તેઓએ પુન : જગતમાં ન આવવું પડે, અર્થાત્ તેમનો પૂનર્જન્મ ન થવા માટે ભગવાન પ્રકટ થાય છે. ભગવાન **'ભક્તવત્સલ'** છે તેમ કહી ભગવાનનું ભજનીયરૂપ બતાવ્યું છે. વળી કેવલ ભક્તના ઉધ્ધાર માટે જ નહીં પણ જ્ઞાનીને માટે પણ ભગવાન પધારે છે. નમસ્કારનો મર્મ સમજાવતાં કહે છે કે જીવ તે સિવાય અન્ય કશું કરી શકતો નથી કેમ કે કહ્યું છે કે **'કિમાસનં તે ગરુડાસનાય'** - જેનું આસન ગરુડ છે, જેના વક્ષમાં કૌસ્તુભ મણી છે, જેમના ચરણાર્વિંદમાં લક્ષ્મી છે તેને ભક્ત બીજું શું આપી શકે ? માટે બધા સાધનોમાં નમનને મુખ્ય સાધન કહ્યું છે. અહીં નમન વિશે સુબોધિનીમાં શ્રી મહાપ્રભુજીએ વિસ્તારથી વિવેચન કરી **'નમસ્કાર'**નો મર્મ સમજાવ્યો છે. તેથી જ શુકદેવજી કહે છે કે 'જેનું કીર્તન, જેનું સ્મરણ, જેનું દર્શન, જેનું વંદન, જેનું શ્રવણ, જેનું પૂજન લોકના પાપને તરત દૂર કરે છે એવા કલ્યાણ-યશવાળા ભગવાનને વારંવાર નમન હો'. કીર્તન તો કહેનાર અને સાંભળનારા બધાના પાપનો નાશ કરે છે, તેથી **'કીર્તન'**ની મહત્તા બતાવવા સર્વ પ્રથમ તેમ કહ્યું છે. તે પછી જેનાથી કીર્તન કરી શકાય, જે પોતાના અંત :કરણથી સિધ્ધ થાય, જે આધ્યાત્મિક પાપને દૂર કરે એવા **'સ્મરણ'**ને બીજે નંબરે મુક્યું છે. કીર્તન અને સ્મરણ કરતાં ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થાય

તો ભગવાનના **દર્શન** થાય અને દર્શનથી આધિદૈવિક પાપ નિવૃત્ત થાય. અહીં શ્લોકમાં **‘ઈક્ષણ’** શબ્દથી **‘પાદસેવન ભક્તિ’** બતાવી છે તેમ જ **‘વંદન’** કરવાથી ભગવદીયના અપરાધ રૂપ દોષ મટે છે. જીવ ભગવાનનો સેવક થાય પણ જો તે ઘણા સમય સુધી સેવા વગર રહે તો તેના દાસપણાના કર્તવ્યના અભાવમાં તે તેનો ‘અધર્મ’ બને છે. તેના ઉપાય તરીકે ‘દર્શન’ કર્યા પછી ‘વંદન’ અને તે પછી ભગવદીયના મુખથી ભગવદ્ ગુણાનુવાદ સાંભળવાથી તેના અજ્ઞાનરૂપ મૂળ પાપની નિવૃત્તિ થાય તેમ સમજાવે છે. તે પછી **‘અર્ચન’** અથવા **‘પૂજન’** એ શરણાગતિરૂપ છે. આમ છ પ્રકારની ભક્તિ છ પ્રકારના પાપને દૂર કરનાર છે તેમ સમજાવ્યું છે. આવી ભક્તિ કરતાં કરતાં જ્યારે ભક્ત ભગવાનના ચરણમાં રહી આલોક અને પરલોકના સંગને છોડે છે ત્યારે તેના અંત:કરણને ખેંચનાર અન્ય કશું ન રહેતાં જીવને ભગવાન પાસે જવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

ભગવાન પોતાના ધામ અક્ષરબ્રહ્મમાં વિરાજે છે. તેઓ પોતાની **‘‘રાધસ્’’** નામની સિધ્ધિ સાથે નિત્ય વિહારો કરે છે. આ શક્તિની સમાન કે અધિક બીજી કોઈ શક્તિ નથી. તે સર્વ શ્રેષ્ઠ છે. ‘રાધસ’નું સ્ત્રીલિંગ **‘રાધા’** થાય. પોતાના ધામમાં વિહાર કરતાં ભગવાનના લીલા રસની પ્રાપ્તિ ‘રાધા’ અર્થાત્ **શ્રી સ્વામિનીજી** દ્વારા જ થાય છે.

એ રીતે શ્રી શુકદેવજી જ્ઞાન અને ભક્તિનો મહિમા સમજાવી ભજનની આવશ્યકતાનો નિર્દેશ કરતાં કહે છે કે તપ કરનાર, દાન દેનાર, યશ માટે પ્રયત્ન કરનાર, વાવ, કૂવા, ધર્મશાળા બનાવનાર, મંત્ર જાણનાર, યોગીઓ તથા સદાચારથી ચાલનારા જેને અર્પણ કર્યા વગર તપ આદિના ફળ પ્રાપ્ત કરી શકતા નથી તેવા કીર્તિવાળા પ્રભુ-પરમેશ્વરને વારંવાર હું નમસ્કાર કરું છું.

ભગવાન છ પ્રકારના લોકોના પતિ છે - **લક્ષ્મીના**, **યજ્ઞના**, **પ્રજાના**, **બુધ્ધિના**, **સ્વર્ગાદિ લોકના**, **પૃથ્વીના** તેમ જ **અન્ધક**, **વૃષ્ણિ** અને **સાત્વત** નામના યાદવકુળના પતિ તેમ જ ગતિરૂપ છે. તેથી એવા ભગવાનની શુકદેવજી પ્રાર્થના કરે છે, કારણ પ્રાર્થના કર્યા વગર ભગવાનના ચરણના ધ્યાનરૂપ સમાધિથી બુધ્ધિને શુધ્ધ કરવાથી પણ ન સમજાય તેવું જે આત્મતત્ત્વ છે તે ભગવાનનું સ્વરૂપ છે. બુધ્ધિ વસ્તુનો પ્રકાશ કરનારી છે. તે ભગવાનના યુગ્મ ચરણાર્વિંદના ચિંતનથી શુધ્ધ થાય ત્યારે આત્મતત્ત્વનું વાસ્તવિક દર્શન થઈ શકે છે, અને ભગવાન મુકુન્દ જેઓ મોક્ષ આપનારા છે તેની પ્રસન્નતા પામે છે. જેમની પ્રેરણાથી વેદાત્મક વાણી બ્રહ્માજીના મુખમાંથી સ્પષ્ટ રીતે પ્રકટ થઈ તે સર્વશ્રેષ્ઠ સર્વેન્દ્રિયપ્રેરક પ્રભુ પોતાના ઉપર પ્રસન્ન થાય તેવી વિનંતી કરતાં શુકદેવજી અંતમાં રાજા પરીક્ષિતને કહે છે કે તમે જે પ્રશ્ન કર્યા હતાં તે જ નારદજીએ બ્રહ્માજીને પૂછ્યું હતું. બ્રહ્માજી પ્રમેયબળથી પુષ્ટ છે અને કારણ કે તેમના પેટમાં બધા વેદો સમાહિત છે તેથી તેઓ પ્રમાણબળથી પણ પુષ્ટ છે, તેવા તેમણે સ્વયં ભગવાને તેમને કહેલી વાણી નારદજીને સંભળાવી હતી. અહીં **‘સાક્ષાત’** શબ્દ પ્રયોગથી એમ સૂચવે છે કે જ્યારે કોઈ વાત પરંપરાથી

એકથી બીજાને કહેવામાં આવે ત્યારે તે વાણીમાં દોષ આવી જતો હોય છે (અર્થાત્ તે ઉત્તરોત્તર કહેવામાં ફરક પડી જતો હોય છે), પરંતુ અહીં તો ભગવાને સ્વયં જે વાત બ્રહ્માજીને કહી તે જ વાત કહેવાઈ રહી છે જેથી કોઈ દોષ રહ્યો નથી તેમ સ્પષ્ટતા કરે છે.

❀ પ્રકરણ – ૩

દ્વિતીય સ્કંધના ત્રીજા **'વિમર્શ'** પ્રકરણમાં (૫) થી (૧૦) સુધીના છ અધ્યાયો છે જેને બે વિભાગોમાં વર્ણવ્યા છે - (૧) **ઉત્પત્તિથી કરેલું ચિંતન** અને (૨) **તર્ક અથવા ઉપપત્તિથી કરેલું ચિંતન.** પ્રત્યેક વિભાગમાં ત્રણ-ત્રણ અધ્યાયો છે. સમગ્ર પ્રકરણમાં આ બન્ને પ્રકારે ભગવાન સર્વરૂપ છે અને સર્વથી જુદા પણ છે એમ ચિંતન કરવામાં આવ્યું છે.

પ્રથમ ત્રણ અધ્યાય - (૫થી ૭)માં **'ઉત્પત્તિ'**ના પ્રકાર બતાવવામાં આવ્યા છે - (૧) અનિત્ય અર્થાત્ જડ પદાર્થની ઉત્પત્તિ જેને **'જનન'** કહેવાય, (૨) નિત્ય પદાર્થ (જીવ)નો **'સમાગમ'** થાય છે અને (૩) દેહમાં ભગવાનનું **'પ્રાગટ્ય'** થાય છે, જે બે પ્રકારે હોય - **'આવેશથી'** અને **'પોતાની મેળે'**. અન્ય ત્રણ અધ્યાય (૮થી ૧૦)માં **'ઉપપત્તિ'**થી એટલે કે તર્ક દ્વારા વિચાર કરવામાં આવ્યો છે જેના પણ ત્રણ પ્રકાર છે - (૧) **શંકા દ્વારા**, (૨) **શંકાનું સમાધાન બતાવીને** અને (૩) **તેનું ફળ કહીને.** આમ આ પ્રકરણમાં પહેલાં ઉત્પત્તિથી અને પછી તર્ક દ્વારા ભગવાન સર્વરૂપ હોવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

• અધ્યાયાર્થ (અધ્યાય ૫–૭)

પાંચમા અધ્યાયમાં બ્રહ્માજી અને નારદજીના સમાગમ, સત્સંગની કથા છે અને આદિ સૃષ્ટિનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. શ્રી શુકદેવજી ભગવાનને નમસ્કાર કરી તેમનો મહિમા ગાઈ રાજા પરીક્ષિતને કહે છે કે 'તમે મને પૂછ્યું હતું કે ભગવાન આ સૃષ્ટિ કેવી રીતે રચે છે ?, કોનો આધાર લે છે ?, કયા સાધનો વાપરે છે ?' તેનો હું અહીં ખુલાસો કરી રહ્યો છું.

આ અધ્યાયના પ્રારંભમાં નારદજીએ બ્રહ્માજીને જે પ્રશ્ન કર્યા તેથી સમજાય છે કે **ભગવાન જ પદાર્થ માત્ર છે અને તે જ ભજન કરવા યોગ્ય છે તેવું જ્ઞાન કેવળ ભાગવતથી જ થાય છે.** નારદજી સર્વજ્ઞ હોવા છતાં તેમણે ભાગવતનું શ્રવણ કરેલ ન હોવાથી મનમાં સંદેહના કારણે બ્રહ્માજીને પૂછે છે કે 'આપને તપ કરવાની શું આવશ્યકતા હતી?' કારણ કે તેઓ જ વિશ્વના રચનારા છે એમ નારદજી સમજતા હતા. નારદજીએ બ્રહ્માજીને **આત્મા**, **જગત** અને **ભજન**ના નિર્ધાર માટે જુદા જુદા તેર પ્રશ્નો પૂછ્યા છે.

અધ્યાય ૫થી ૭માં ઉત્પત્તિના ત્રણ પ્રકાર- **'જનન'** અર્થાત્ ઉત્પન્ન થવું, **'સમાગમ'** દ્વારા જીવોની ઉત્પત્તિ અને ભગવાનના **'પ્રાકટ્ય'**ના બે પ્રકાર- (૧) આવેશ દ્વારા અને (૨) પોતાની મેળે, બતાવવામાં આવ્યા છે.

ભગવાન જ પદાર્થ માત્ર છે જે ભજન કરવા યોગ્ય છે તેવું જ્ઞાન ભાગવતથી જ પ્રાપ્ત થાય છે,

અન્ય પ્રકારે થતું નથી. પાંચમાં અધ્યાયમાં નારદજીએ બ્રહ્માજીને કરેલા પ્રશ્ન ઉપરથી સમજાય છે કે- **'સર્વ શાસ્ત્રોના અર્થનો નિર્ણય સામાન્ય રીતે કહેવામાં આવે તો પણ ભાગવતનું શ્રવણ કર્યા વિના તે જાણવામાં આવતો નથી.'**

મૂળ સ્વરૂપની ભક્તિ કરવાથી જ ભક્તિમાર્ગ પ્રમાણે ભજન થાય છે. તેથી પુરુષોત્તમની ભક્તિ થઈ શકે માટે બધા અવતારોના પ્રાકટ્યની કથા કહેવામાં આવી છે. સર્વ અવતારોનું મૂળ શ્રી કૃષ્ણ જ છે એવો બોધ કરવાથી તર્કથી શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એમ સિધ્ધ કરેલું છે.

- **સુબોધિની (અધ્યાય ૫)**

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'વિમર્શ'**ના બે પ્રકાર છે **એક ઉત્પત્તિથી વિચાર**, જેમાં પણ સ્થુલ અને અથવા **'મૂર્ત'** અને અંતર્યામી અર્થાત્ **'અમૂર્ત'** એવા બે ભેદ છે. પાંચમાં અધ્યાયમાં સ્થુલરૂપનો **'ઉત્પત્તિ'**નો નિર્ણય કહ્યો છે. નારદજી બ્રહ્માજીને **'દેવાધિદેવ'** કહી - દેવતા તેમ જ ગુરુરૂપ ગણી નમસ્કાર કરી ચાર પ્રશ્ન કરે છે - (૧) **બધા 'જ્ઞાન' જ્ઞાન કરે છે તે શું છે?** (૨) **સાક્ષાત્કાર કોનો? આત્મા કે ભગવાનનો? - તો આત્મા શું છે** (૩) **'તત્ત્વ'નું સ્વરૂપ શું** અને (૪) **'વિમર્શ'નું લક્ષણ અને તેની પરીક્ષા શું?**, તેઓ કહે છે કે આપ આ બધું જાણો છો. આપ જ ત્રણે કાળમાં પ્રાણીઓને પેદા કરનાર છો. જેવી રીતે હાથમાં આમળાનું ફૂલ રાખ્યું હોય તો તેનું જ્ઞાન થાય તેમ આ સૌ બાબતનું આપને જ્ઞાન છે. વળી એ પણ બતાવો કે આપને આ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થયું? આપનો આધાર - નિયન્તા કોણ છે? આપનું પોતાનું સ્વરૂપ શું છે? વાસ્તવમાં તમારાથી ભિન્ન કે ન્યુનાધિક કે સમાન કોઈ હોઈ શકે નહીં તેમ હું માનું છું. તમારાથી શ્રેષ્ઠ કે હીન કાંઈ હોય નહીં કેમ કે તમે સમર્થ છો. તેમ છતાં આપને ઘોર તપ કરતાં જોઈએ મને આશ્ચર્ય થાય છે કે શું તમારો પણ કોઈ નિયામક છે? આમ નારદે જ્ઞાન વિષયક, 'આત્મા'ના બાબતમાં, તત્ત્વ વિશે છ પ્રશ્નો, બ્રહ્મ વિષયક ચાર પ્રશ્નો અને આ છેલ્લો પ્રશ્ન કે બધું વિચારીને મને સમજાય તેમ કહો - એવા તેર પ્રશ્નો કર્યા.

બ્રહ્માજી નારદનો સંદેહ દૂર કરવા જવાબ આપતાં કહે છે કે **'તારા બધા પ્રશ્નનો એક જ ઉત્તર એ છે કે ભગવાન છે તે જ જ્ઞાન વગેરે સર્વ કાંઈ છે.'** તેના બાર આંતર્ ભેદ છે જે બાર સ્કંધોના અર્થરૂપે પર્યવસાન પામશે. તારા બધા પ્રશ્નોનો ઉત્તર ભગવાન થાય જેના વિવિધ રૂપોનું વર્ણન આગળ કહેવામાં આવશે. નારદજીના આ પ્રશ્નોથી સંતોષ પામી બ્રહ્માજી ઉત્તર આપતાં કહે છે કે 'મારા પણ **''આરાધ્ય દેવ''** છે જેને તમે જાણતા નથી, તેથી તમે કહ્યું કે 'તમારાથી કોઈ મોટો નથી.' પરંતુ તે સત્ય વચન નથી કારણ કે જેનાથી હું આટલો મોટો ગણાઉં તે મારો નિયામક છે, જેના સંબંધથી મારામાં તમે જે ઉત્કૃષ્ટ ધર્મો ગણાવ્યા તે આવ્યા છે. તેનું નામ જ **'ભગવાન'** છે.' જ્ઞાન સર્વપ્રકાશ છે જે બ્રહ્માને - દીવાને પણ પ્રકાશ આપે છે તેવા સર્વપ્રકાશ એવા ચૈતન્યને ભગવદ્ રૂપ જ્ઞાન કહેવાય છે. તેનાથી જ સમગ્ર વિશ્વ પ્રકાશયુક્ત છે. ગીતા કહે

છે- **'યદાદિત્ય ગતં તેજઃ'** તેમ પ્રકાશ આપનાર 'ભગવાન' જ છે. એવા જ્ઞાન સ્વરૂપ ભગવાનને ભક્તિથી નમન કરી બ્રહ્માજી વધુમાં કહે છે કે લોકવેદમાં પ્રસિધ્ધ જે **'તત્'** શબ્દથી ઓળખાય છે તે જ ભગવાન છે. તેનું જ્ઞાન ધર્મરૂપ કે અંશરૂપ નથી પણ તે **'સ્વરૂપાત્મક'** છે. તે વાસુદેવનું જ સર્વ કોઈ ધ્યાન ધરે છે. વળી મને લોકો જગતનો ગુરુ કહે છે તેનું કારણ ભગવાનની 'માયા'નો મોહ છે. ભગવાનની કોઈક શક્તિનું નામ **'માયા'** છે જે જગત્કર્તાથી જુદી છે અને જેનું કાર્ય જગતને મોહ કરવાનું છે. તે માયાને **'સ્ત્રી'** બતાવી છે કારણ કે તે પોતે ભગવાનની સાથે 'રમણ' કરવા બીજાને મોહ પમાડે છે. ભગવાન તેના આ દોષને જાણે છે તેથી ભગવાન સામે જોવામાં તેને લાજ આવે છે. માટે જ **જે ભગવત્સન્મુખ જીવો છે તેને તે મોહ નથી કરતી, પરંતુ જેઓ બહિર્મુખ છે તેઓની બુધ્ધિમાં મોહ ઉત્પન્ન કરે છે. માટે જો ભગવાનની કૃપા દૃષ્ટિ થાય, શરણાગતિ મળે તો માયા મોહ ન કરાવે.**

હવે આત્માને સમજાવવા **'તત્ત્વ'** વિશે કહે છે કે **'દ્રવ્ય'** (ભૂતાદિ), **કર્મ** (જન્મનું નિમિત્ત, **કાલ** (ગુણ ક્ષોભક), **સ્વભાવ** (પરિણામનો હેતુ) અને **જીવ** એ પાંચ વસ્તુ ભગવાન વાસુદેવથી જુદી નથી. દ્રવ્ય અર્થાત્ મહાભૂત વગેરેનું સમવાયિ કારણ (પ્રકૃતિ), કર્મ જે જગતમાં જન્મ આપવાનું નિમિત્ત બને છે, કાલ જે પ્રકૃતિના ગુણોનો ક્ષોભક છે (ચેષ્ટા),સ્વભાવ પરિણામના હેતુરૂપ છે તથા જીવ જે ભોક્ત ભગવાનનો અંશ છે (પુરુષ), (જેનો ખુલાસો શ્રી મહાપ્રભુજીએ નિબંધમાં કર્યો છે). આ બધા દેવ સ્વરૂપ ભગવાનના જ રૂપાંતર હોવાથી તેને માટે **'તત્ત્વતઃ'** શબ્દ મુક્યો છે. તેમાં અન્યપણુ પ્રતિત થવા છતાં અન્ય નથી કારણ કે અસ્તિત્વ તેનું જ છે. આ સર્વનું 'તત્ત્વ' એક જ ભગવાન છે તેમ બતાવતા કહે છે-

નારાયણપર વેદા દેવા નારાયણાંગજાઃ
નારાયણ પરા લોકા નારાયણ પરા મખાઃ ।।૧૫।।
નારાયણ પરા યોગા નારાયણ પરં તપઃ
નારાયણ પરં જ્ઞાનં નારાયણ પરા ગતિઃ ।।૧૬।।

અર્થાત્- નારાયણ પરાયણ વેદ છે, દેવો નારાયણના અંગથી ઉત્પન્ન થયા છે, લોકો નારાયણ પર છે યજ્ઞ નારાયણ પર છે, યોગનું તાત્પર્ય નારાયણ છે. તપ નારાયણ પર છે, જ્ઞાનની પરાકાષ્ટા નારાયણ છે. બધાંની ગતિ માત્ર નારાયણ છે. આમ અહીં વેદ ભગવત્સ્વરૂપ છે, તેના અર્થરૂપ દેવો છે, વૈદિક કર્મના ફલરૂપ લોક છે તે નારાયણ પર હોવાથી ફલ પણ ભગવાન છે, સ્વર્ગાદિ લોકના સાધનરૂપ યજ્ઞ છે તે પણ નારાયણ અર્થાત્ ભગવાન છે, યોગ અને તપ સાધનરૂપ છે અને નારાયણને 'પરા ગતિ' કહી બધાનું ફલ નારાયણ છે તેમ અહીં નિશ્ચયપૂર્વક કહે છે.

આ રીતે **'વિમર્શ'** કહીને (વિમર્શ = વિચારણા), બ્રહ્માજી નારદજીના પ્રથમ ચાર પ્રશ્નોનો

ખુલાસો કરતાં બતાવે છે કે ભગવાનને જે સર્જવાનું છે તે તેની પ્રેરણાથી હું સર્જું છું. ઈશ્વર દ્રષ્ટા છે, કૂટસ્થ છે, સર્વરૂપ છે અને હું ભગવાનની જ્ઞાનદૃષ્ટિથી પ્રેરાયેલ છું. કૂટસ્થ કહેવાનું પ્રયોજન ભગવાનમાં વિકાર નથી તેમ છે. તેઓ કામધેનુ, કલ્પવૃક્ષ કે ચિંતામણિ અથવા યોગી જેમ મનથી સર્જે છે. ભગવાન જાતે સૃષ્ટિનું સર્જન નથી કરતાં કારણ કે તેમાં પ્રયોજનનો વિરોધ આવે. જો તેઓ પોતાના માટે કરે અને જીવને ઉત્પન્ન ન કરે તો ભક્તિમાર્ગનો વિરોધ આવે કારણ કે બન્ધ-મોક્ષ ન થાય તો વિચિત્રતા ન રહે. પોતાના અંશ કરે તો પોતાનું આનંદપૂર્ણ પણું જતું રહે. જો પરાર્થ સૃષ્ટિ કરે તો શમ્ય અને નૈર્ધૃણ્યનો દોષ ભગવાનને લાગે. પરંતુ ભગવાન બધાના આત્મા છે તેથી આત્માની સૃષ્ટિમાં તેવા દોષ ન હોય, તેમ જ **'અખિલરૂપ'** (ખિલ એટલે ઓછાપણું) હોઈ તેમનામાં આનંદદિનો વિરોધ પણ ન આવે. આમ પોતે દોષ મુક્ત રહેવા માટે મને ઉત્પન્ન કરી નેત્રના ઈશારાથી મને જણાવી મારા દ્વારા સર્વ સર્જીને પોતે તો મૂળ રૂપે જ રહ્યા છે. મેં ભગવાન પાસેથી જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ લઈને તેમની દૃષ્ટિથી પ્રેરણા લઈ સર્જન કર્યું છે. નારદજીના પ્રશ્ન કે ભગવાન તમને (બ્રહ્માજીને) કે બીજાને કેમ ઉત્પન્ન કરે છે તેના ખુલાસામાં કહે છે કે ભગવાન જગતની સ્થિતિ ઉત્પત્તિ અને સંહારને માટે પોતે નિર્ગુણ હોવા છતાં માયા વડે સત્વ, રજ અને તમોગુણને ધારણ કરે છે કારણ કે તે માટે પોતે સમર્થ છે. માયા ભગવાનને અધિન છે. ભગવાનને પ્રકૃતિના ત્રણ ગુણોથી કોઈ જાણી શકતું નથી કારણ કે તેનાથી તે બંધાતા નથી. **કાળ**, **કર્મ** અને **સ્વભાવ એ ભગવાનના જ રૂપો છે. તે અક્ષરબ્રહ્મના ભેદો છે, અર્થાત્ એ ત્રણેય અક્ષરબ્રહ્મના રૂપાંતર છે. અનેક રૂપ થવા ઈચ્છતા ભગવાને એ રૂપોનો સ્વીકાર કર્યો છે.** કાલથી ગુણોનો સંપર્ક થયો, પછી સ્વભાવના સંબંધથી ગુણો પરિણામ વાળા બન્યા, તેમાં જન્મ નિમિત્ત કર્મનો સંબંધ થતાં **'મહત્-તત્ત્વ'** ઉત્પન્ન થયું. આ સ્થુળ રૂપે ઉત્પન્ન થયેલા મહત્ તત્ત્વમાંથી **અહંકાર** ઉત્પન્ન થયો, માયાના ત્રણ ગુણો મહત્ તત્ત્વમાંથી તેમાં આવતાં અહંકાર ત્રણ ગુણ વાળો બન્યો. **સાત્વિક**, **રાજસ** અને **તામસ** જે ક્રમશ: **જ્ઞાનશક્તિ**, **ક્રિયાશક્તિ** અને **દ્રવ્યશક્તિ**ના નામથી ઓળખાય છે.

તામસ અહંકારમાંથી ક્રમશ: પાંચ મહાભૂતો થયા. પ્રથમ **આકાશ**, તેમાંથી **વાયુ**, તેમાંથી **તેજ**, તેમાંથી **જલ** અને તેમાંથી **પૃથ્વી**. રાજસ અહંકારમાંથી ૧૦ ઈન્દ્રિયો થઈ અને સાત્વિક અહંકારમાંથી ઈન્દ્રિયોના દેવો અને મન ઉત્પન્ન થયા. બ્રહ્માજી પ્રત્યેક ઈન્દ્રિયોના દેવતાનું વર્ણન કરતાં કહે છે - શ્રોત્રના **દિક્**, ઘ્રાણના **અશ્વિનીકુમાર**, જિહ્‌વાના **વરુણ**, હાથના **ઈન્દ્ર**, પગના **ઉપેન્દ્ર**, ત્વચાના **વાયુ**, દૃષ્ટિના **સૂર્ય**, વાણીના **અગ્નિ**, ઉપસ્થના **બ્રહ્મા** અને પાયુના **મિત્ર**. અહીં મન આત્માની નિકટ હોવાથી તેના દેવતા આત્મા છે. આ બધા તત્ત્વો ભેગાં થઈ જ્યારે કાંઈ ઉત્પન્ન ન થયું ત્યારે ભગવાનની આજ્ઞા શક્તિથી પ્રેરાઈ અન્યોન્ય બધા તત્ત્વો મળી એક **'અંડ'** બન્યું જેને ભગવાને હજારો વર્ષ સુધી જળમાં જીવાડ્યું અને પછી પોતે તેમાં પ્રાણસહિત પ્રગટ કરી

એ વિરાટ પુરુષ રૂપ પ્રગટ થયું.

- **સુબોધિની (અધ્યાય ૬)**

આ અધ્યાયના ૪૫ શ્લોકો છે જેમાં ઋગ્વેદના **'પુરુષ સુક્ત'** મુજબ ભગવાનના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. પાંચમાં અધ્યાયમાં મૂર્ત પદાર્થની ઉત્પત્તિ કહી, હવે આ અધ્યાયમાં અમૂર્તરૂપ સ્થાનના સંબંધરૂપ ઉત્પત્તિ કહેવામાં આવી છે. અગાઉ જે સામાન્ય રીતે કહેવામાં આવ્યું તેનો અહીં વિસ્તાર કરવામાં આવ્યો છે. આ અધ્યાયમાં વેદમાં કહેલા **''પુરુષ સૂક્ત''**નો અર્થ સૂચવેલો છે તેથી વેદે કહ્યું છે તે જ શ્રી ભાગવત વિસ્તારથી કહે છે એવું નક્કી થાય છે. સુબોધિનીમાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે અગાઉના અધ્યાયમાં ભગવાનને ઉદ્દેશીને જગતરૂપ બનવાનું વર્ણન કરવામાં આવ્યું છે જ્યારે આ અધ્યાયમાં જગતને ઉદ્દેશમાં રાખીને ભગવાનપણું સમજાવ્યું છે. ભગવાનનું મૂળ બે પ્રકારનું છે - **'ઈન્દ્રિયરૂપ'** અને **'ગોલકરૂપ'**. તેમાં તત્ત્વ - ઉત્પાદિતપણાના નિરૂપણ માટે ગોલકરૂપે બ્રાહ્મણપણુ અગાઉના અધ્યાયમાં બતાવી દીધું છે. અહીં ઈન્દ્રિયરૂપ મુખ સમજાવતાં કહે છે કે તે 'વાણી' અને 'અગ્નિ'નું સ્થાન છે. **ગાયત્રી**, **જગતી**, **ઉષ્ણિક્**, **ત્રિષ્ટુપ**, **અનુષ્ટુપ**, **પંક્તિ** અને **બૃહતી** એ સાત છંદનું સ્થાન **ત્વચા**, **માંસ**, **રૂધિર**, **મેદ**, **મજ્જા**, **સ્નાયુ** અને **અસ્થિ** એ સાત ધાતુઓ છે. જિહ્વા (જીભ) એ **હવ્ય** (દેવને આપવાનું અન્ન), **કવ્ય** (પિતૃઓને આપવાનું અન્ન) અને **અમૃત** (તે બન્ને ને આપ્યા પછી બચેલું અતિથી - મનુષ્યો માટેનું અન્ન) તે બધા અન્ન અને મધુર વગેરે છ રસનું સ્થાન છે, જેના દેવતા વરુણ છે. નાસિકા વાયુ, સુગંધ - દુર્ગંધ અને અશ્વિનીકુમારનું સ્થાન છે. **એ રીતે સમગ્ર ઈન્દ્રિયો અને તેના કાર્યોની સ્થિતિ ભગવાનમાં છે. ભગવાનથી કશુંય ભિન્ન નથી. તે રીતે સમગ્ર જગત્ ભગવદ્‌રૂપ છે. શ્રી મહાપ્રભુજીના મતે આ જ બ્રહ્મવાદનો સિધ્ધાંત છે.**

ઉપરોક્ત વર્ણન કરવાનું તાત્પર્ય એ છે કે ભગવાન વિશ્વથી આવૃત્ત નથી પણ વિશ્વ ભગવાનથી આવૃત્ત છે. તેનાથી વિશેષ છે. વિશ્વમાં વ્યાપી રહેલા પ્રભુ સ્થુલ ધ્યાનમાં કહ્યા તેથી વિશેષ પ્રભુ સૂક્ષ્મધ્યાનમાં રહેલા બતાવ્યા, અને તે બન્નેથી સંપૂર્ણ ભગવાન ઓળખાય છે તેમ અહીં સ્પષ્ટતા કરી છે. આનો વિસ્તાર કરતાં કહે છે- વનસ્પતિઓનું સ્થાન પ્રભુના રુવાડાં છે, શિલા, લોહ, વાદળ, વીજળીના સ્થાન પ્રભુના કેશ અને દાઢી-મૂછ છે, લોકપાલોનું સ્થાન તેમના બાહુ છે, તેમના પાદ (પગ) **ભૂ:** (પૃથ્વી), **ભવ્:** અને **સ્વ:** (સ્વર્ગ)નું સ્થાન છે, તે આશ્રિતનું રક્ષણ - શરણ, મોક્ષનું સ્થાન છે. જલ, વીર્ય, સર્ગ, વૃષ્ટિ, પ્રજાપતિ એ બધાનું સ્થાન ઉપસ્થ (જનનેન્દ્રિય) છે. હિંસાનું, મૃત્યુનું, નરકનું સ્થાન ગુદા છે. તેવી જ રીતે પરાજય, અધર્મ, અજ્ઞાન અથવા અંધકાર, એ બધાનો આશ્રય વિરાટ્ પુરુષનો પાછળનો ભાગ છે, ભગવાનની નાડીઓ નદીઓના સ્થાનરૂપ છે, પર્વતો ભગવાનના અસ્થિરૂપ છે, સમુદ્રો પંચમહાભૂતો અને પ્રલયમાં પ્રવેશ કરવાનું સ્થાન ભગવાનનું ઉદર છે. મનનું સ્થાન ભગવાનનું હૃદય છે, ધર્મનું સ્થાન સ્તન

અને સનકાદિકુમારો, મહાદેવનું સ્થાન પરમાત્માનું અંત:કરણ છે. વળી બ્રહ્માજી સમજાવે છે કે ‘**હું**, **તું**, તારા મોટા ભાઈઓ - **સનકાદિ**, **મહીષી** વગેરે **સુર**, **અસુર**, **નાગ**, **નગ**, **પક્ષીઓ**, **મૃગો**, **સર્પો**, **ગાંધર્વો**, **અપ્સરાઓ**, **વૃક્ષો**, **રાક્ષસો**, **ભૂતગણો**, **પશુઓ**, **પિતૃઓ**, **સિધ્ધો**, **વિદ્યાધરો**, **ચારણો**, અનેક **વિધ જીવો**, **જળચર**, **સ્થળચર** અને **આકાશમાં ફરનારા ગ્રહો**, **ધૂમકેતુઓ**, **તારાઓ**, **વીજળીઓ**, **મેઘગર્જના**ઓ એ સર્વ તે પુરુષરૂપ - ભગવદ્રૂપ છે. જે થયું હશે અને થાય છે તે બધું તે પુરુષ જ છે, અર્થાત્ આ સમગ્ર બ્રહ્માંડ તે બ્રહ્મથી મપાયેલ છે. આથી જ પુરુષ સુક્તની ઋચા - **‘પુરુષ એવેદં સર્વમ્’** કહે છે.

બ્રહ્માજીએ નારદને કહ્યું કે વિરાટ પુરુષના નાભિકમલમાંથી હું પ્રકટ થયો. મને ભગવાનને પ્રસન્ન કરવા માટે યજ્ઞ કરવાની ઈચ્છા થઈ. તે વિરાટ સ્વયં જ યજ્ઞરૂપે પ્રકટ થયા. તેમના બધા જ અવયવો યજ્ઞની સાધન સામગ્રી - પશુઓ, કુશ, યજન, શુભકાળ, વસ્તુ, ઔષધી, સ્નેહ, રસ, લોટ, જલ, માટી, બધા વેદના મંત્ર, સંકલ્પ, દક્ષિણા, વ્રત, દેવતા, અનુક્રમ, કલ્પ, પ્રાયશ્ચિત, સમર્પણ, એ બધું જ પુરુષના અવયવમાંથી પ્રકટ થયું. અર્થાત્ તે બધું જ ભગવત્મય છે.

પ્રભુના ઊરુમાંથી પશુઓ, રોમમાંથી વૃક્ષો, પરસેવા સાથેના રોમમાંથી કુશ, ચરણમાંથી યજ્ઞભૂમિ, પાંપણોમાંથી કાલ, હોઉમાંથી વિવિધ વસ્તુઓ, દૃષ્ટિમાંથી સ્નિગ્ધ પદાર્થો, રસના (જીભ)માંથી રસ, નાસિકામાંથી માટી, નાડીઓમાંથી જલ, કાન અને મસ્તકમાંથી વેદત્રયી, મનમાંથી ચાતુહોત્રિ, પ્રાણમાંથી સૂત્ર, જ્ઞાનેન્દ્રિયમાંથી મતિ, કર્મેન્દ્રિયમાંથી પ્રાયશ્ચિત, આત્મામાંથી સમર્પણ ઉત્પન્ન થયા અને તે રીતે પ્રજાપતિએ તે સર્વ દ્વારા પ્રભુનું યજન કર્યું.

એ રીતે સર્વ પદાર્થોની ઉત્પત્તિ ભગવાનમાંથી બતાવી સ્થિતિનું વર્ણન કરતાં કહે છે કે ભગવાન નારાયણમાં આ જગત રહ્યું છે. સૃષ્ટિ કરવામાં ભગવાને માયાના મોટા ગુણોને ધારણ કર્યા છે છતાં તે સ્વત: નિર્ગુણ છે. જો ભગવાન ઉત્પત્તિ કરે અને પાળે છે તો પ્રલય પણ તે જ કરે છે. બ્રહ્માજી કહે છે કે ભગવાનની આજ્ઞાથી હું જગતને ઉત્પન્ન કરૂં છું તેમ મહાદેવજી તેને તાબે રહીને જગતનો લય કરે છે. જેમ પદાર્થોને પેદા કરવા ભગવાન મને આજ્ઞા કરે છે તેમ સંહાર કરવા મહાદેવને આજ્ઞા કરે છે પરંતુ જેઓને ભગવાને ઉત્પન્ન કર્યા છે તેના વંશના જે હોય તેને તો ભગવાન જ મારે, મહાદેવ તેને ન મારે, તે માટે ભગવાન અવતાર ધારણ કરે છે. પાલન તો ભગવાન સ્વયં જ કરે છે. તે પુરુષરૂપે વિશ્વનું ચારે તરફથી પરિપાલન કરે છે.

હવે ઉપસંહાર કરતાં બ્રહ્માજી કહે છે કે જે કાંઈ તમે મને પૂછ્યું તે બધું મેં તમને કહ્યું. ભગવાન વગર કાર્ય - કારણાત્મક જગત વગેરે કાંઈ થતું નથી. અહીં શંકા થાય કે સર્વના આધારરૂપ અને સર્વ વસ્તુના સ્વરૂપરૂપ તો બીજાઓ પણ ભગવાનને માને છે તો પછી ‘ભાગવત માર્ગ’ વિશેષ શું છે ? તેનો ખુલાસો કરતાં કહે છે કે સદ્-અસદ્ વ્યવહાર યોગ્ય ઘટ આદિ અને શશ શૃંગાદિ અને ભ્રમનો વિષય હોય તે પણ બ્રહ્મ છે, તેથી જ્યાં મિથ્યા હોય તેનો વિષય પણ

ભગવાન છે. ભાગવતથી તેનું ભાન અને જ્ઞાન થાય છે. બ્રહ્માજી કહે છે કે મારી વાણી કદી ખોટી પડતી નથી, મારા મનમાં કદી ખોટી વાત આવતી નથી, મારી ઈન્દ્રિયો ખોટે રસ્તે જતી નથી કારણ કે મેં મારા હૃદયમાં શ્રી હરિને ધારણ કર્યા છે જેને લીધે આ બધું સામર્થ્ય મારામાં આવ્યું છે. વળી હે નારદ ! હું અને તમે જેની સાચી ગતિને જાણતા નથી એમ શિવજી પણ મોટા હોવા છતાં તેની ગતિને ન જાણે તો બીજા દેવો તો તેની ગતિને ક્યાંથી જાણે ? વાસ્તવમાં જેની માયામાં મોહિત થયેલ બુધ્ધિવાળા આપણે આ ભગવાને બનાવેલ જગતને આપણી બુધ્ધિને અનુસરીને જાણીએ છીએ. માટે જેના અવતારો અને કર્મોને આપણે બધા ગાઈએ છીએ પણ જેને યથાર્થરૂપે આપણે જાણી શકતા નથી તે ભગવાનને હું નમન કરૂં છું. આમ અંતમાં બ્રહ્માજીએ નમન કર્યું કારણ કે તેમને નમન સિવાય કોઈ અન્ય સાધન ન દેખાયું. ભગવાનના ચરણ પ્રાપ્ત કરવા માટે કોઈ પણ યોગ્ય પ્રયત્ન કરનારનો સંસાર તે કાપી નાંખે છે, જેથી ફરી સંસારમાં આથડવા તેને આવવું પડતું નથી. આ લોક અને પરલોકમાં સર્વત્ર તેનું કલ્યાણ થાય છે. પ્રભુના ચરણમાં નમન માત્રથી કૃતાર્થ થવાય છે. માટે જ કહે છે -

''યાદૃશોડ સિ હરે કૃષ્ણ તાદૃશાય નમો નમ :
યાદૃશોડ સ્મિ હરે કૃષ્ણ તાદૃશં માં હિ પાલય''

અર્થાત્ 'હે હરે, હે કૃષ્ણ, તમે જેવા છો તેવા તમને નમન, નમન; હે હરે ! હે નાથ, હું જેવો છું તેવા મને આપ જ રક્ષો !

- **સુબોધિની (અધ્યાય ૭)**

આ અધ્યાયમાં ભગવાનના વિવિધ અવતારોનું ગુણગાન કરવામાં આવ્યું છે. ભગવાનના ધર્મ અને સ્વરૂપમાં ભેદ ન હોવાથી તેમના ધર્મોમાંથી, તેમના અંગોમાંથી અને અલંકારોમાંથી ભગવાનના વિવિધ અવતારો થયેલા છે. **ભગવાન કૃષ્ણ અવતારી છે, તેઓ 'અવતાર' નથી. તેમણે જ વિવિધ અવતારો ધારણ કર્યા છે.** પૂર્વના બે અધ્યાયોમાં ભગવાન સિવાયના અનિત્ય અને નિત્ય છતાં પરિચ્છિન્ન એવા ભેદથી જુદા સર્વ પદાર્થોની ઉત્પત્તિનું વર્ણન કર્યું. હવે આ સાતમા અધ્યાયમાં ભગવાનના વ્યાપક રૂપથી - તેના ધર્મથી અને મૂળરૂપથી પ્રાકટ્યરૂપ ઉત્પત્તિનું વર્ણન કરવામાં આવે છે. ઉપાસનામાં ભગવાનના ધર્મો સ્વરૂપથી અને ગુણથી જાણવા જોઈએ. ઉપાસ્યનું સ્વરૂપ તથા તેના ધર્મો જાણીને પછી તેની ઉપાસના કરવી જોઈએ. માટે આ અધ્યાયમાં ધર્મરૂપ અવતારોનું સ્વરૂપ અને તેના ગુણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. **ભક્તિમાર્ગમાં તો સ્નેહ જ પ્રયોજક છે, ગુણાદિની અપેક્ષા નથી**, એમ પણ અહીં સૂચવવામાં આવ્યું છે. અવતારીના અંગરૂપ વિવિધ અવતારો છે તેનું માહાત્મ્ય અહીં કહેવાયું છે જેથી અવતાર વિશિષ્ટ અવતારીનું વિશિષ્ટ માહાત્મ્ય સમજી શકાય.

ભગવાનના ૨૪ અવતારો નીચે મુજબ થયા છે.

(૧) **વરાહ** - (ભૂંડ) અવતાર
(૨) યજ્ઞરૂપ - 'સુયજ્ઞ' નામે અવતાર
(૩) **કપિલ ભગવાન** (સાંખ્ય શાસ્ત્રના પ્રવર્તક)
(૪) **દત્તાત્રય ભગવાન** - અત્રિના પુત્ર રૂપે
(૫) **સનત્કુમારો** - ચાર કુમાર રૂપે અવતાર
(૬) **નર-નારાયણ**નો અવતાર
(૭) **ગરુડગામી** - ધ્રુવજીને ધ્રુવગતિનું વરદાન આપનાર
(૮) **પૃથરાજા** - વેન રાજાના પુત્ર તરીકે
(૯) **ઋષભદેવ** - નાભિરાજાના પુત્ર
(૧૦) **હયગ્રીવ**નો અવતાર
(૧૧) **મત્સ્યાવતાર** - વેદોને પાછા મેળવનાર
(૧૨) **કૂર્માવતાર** (કાચબાના રૂપે) - સમુદ્રમંથન સમયે
(૧૩) **નૃસિંહ અવતાર** - પ્રહ્લાદની રક્ષા કરી - હિરણ્યકશ્યપૂનો વધ
(૧૪) **શ્રી હરિ રૂપે** - ગજેન્દ્ર મોક્ષ
(૧૫) **વામન** અવતાર - બલિરાજાના પ્રસંગે
(૧૬) **હંસાવતાર**
(૧૭) **'મનુ'**નો અવતાર
(૧૮) **ધન્વન્તરી** અવતાર
(૧૯) '**પરશુરામ**' રૂપે ક્ષત્રિયોનો નિર્વંશ કરનાર
(૨૦) **રામચંદ્રજી** સ્વરૂપે - રામાવતાર
(૨૧) **શ્રી કૃષ્ણાવતાર** - અવતારી રૂપમાં
(૨૨) **વેદ - વ્યાસજી** - જ્ઞાનાવતાર
(૨૩) **બુધ્ધાવતાર**
(૨૪) **કલ્કિ** અવતાર - ભવિષ્યમાં થનાર

(૧) બ્રહ્માજી કહે છે કે તેમણે ભગવાનની આજ્ઞાનુસાર 'સૃષ્ટિ'ની રચના કરવી હતી, જેના આધારરૂપ પૃથ્વી સમુદ્રમાં ચાલી ગઈ હતી. તેને ઉપર લાવવા તેમણે ભગવાનનું ધ્યાન ધર્યું. તેમાં અંતર્યામી રૂપે ભગવાન પ્રાદેશમાત્રના (અંગુઠા અને તર્જની વચ્ચેના માપ જેટલા), દર્શન થયા. તેઓ બ્રહ્માની નાસિકાના છિદ્રમાંથી અંગુઠાના ટેરવા જેટલા બહાર નીકળ્યા અને પછી મોટું રૂપ ધારણ કર્યું. **ભગવાન તો અનન્ત છે જે દેશકાલથી માપી શકાતા નથી. તેમને રૂપ ગ્રહણ માટે દેશ-કાલ કે વસ્તુની અપેક્ષા નથી.** ભગવાને ઈચ્છા માત્રથી જ વરાહરૂપ ધારણ કર્યું અને જલમાં

નીચે ગયા જેમાં પૃથ્વીને જોઈ. પોતાની દાઢથી જળમાંથી પૃથ્વીને બહાર લાવવાનું કાર્ય કર્યું. પશુઓમાં ભગવાને **'વરાહપણુ'** સ્વીકાર્યું તેને **'મન્યુ'** કહેવાય છે. પશુના ક્રોધને 'મન્યુ' કહેવાય. તે સર્વ યજ્ઞમય ગણાય છે. યજ્ઞમાં વેદ વિરોધીઓને મારવા જોઈએ કેમ કે દૈત્યો જ ભૂમિને પાતાળમાં લઈ ગયા હતા, તેથી તેનો વધ કરવો જોઈએ. દૈત્યો ઘણા હતા તો કોને મારવો જોઈએ. શાસ્ત્ર કહે છે - **'મુખ્યે કાર્ય સંપ્રત્યય:'** મુખ્યથી કામ લેવું એ ન્યાયથી ભગવાને પ્રથમ જ દૈત્યપણાને પામેલા આદિદૈત્ય હિરણ્યાક્ષને ચીરી નાખ્યો. ભગવાને તેને પોતાની દાઢથી માર્યો કારણ કે દાઢ યમનું રૂપ છે, તેથી તેની મુક્તિ ન થાય. ભગવાન તેને મુક્તિ આપવા નહતા ઈચ્છતા.

(૨) બીજો અવતાર પુરુષરૂપ **'સુયજ્ઞ'**નો અવતાર છે. વરાહ 'રૂપાત્મક યજ્ઞ' છે જ્યારે સુયજ્ઞ 'નામાત્મક યજ્ઞ' છે. ભગવાને પુરુષના રૂપો પોતાની રૂચિથી કર્યા, તેથી **'રૂચિ'** નામના બ્રહ્માના મનુની મોટી દીકરી **'આકૃતિ'**થી પુત્ર રૂપે પોતે પ્રકટ થયા, જેમણે **'દક્ષિણા'** નામની સ્ત્રીથી **'સુયમ'** નામના દેવોને ઉત્પન્ન કર્યા. સુંદર યજ્ઞ કરે તેને 'સુયજ્ઞ' કહેવાય. અવતારનું કારણ બતાવતાં કહે છે કે જગતમાં વૃષ્ટિ થતી ન હતી, યજ્ઞો થતા ન હતાં તેથી સુયજ્ઞે તે મુશ્કેલી મટાડી, વૃષ્ટિ કરી, યજ્ઞ પ્રચલિત કર્યા, વૈદિક કર્મનો પ્રચાર કર્યા, જે ત્રણે કાર્યો કરીને લોકોના દુ:ખ દૂર કર્યા. સુયજ્ઞ બ્રહ્માના પુત્ર હોવાથી બ્રાહ્મણ પુત્ર અને મનુની દીકરીના પુત્ર, જેમનું મનુએ પાલન કર્યું. તેથી તેઓ 'ક્ષત્રિય' પણ થયા. આમ ભગવદ્ અવતાર હોઈ તેઓ એક સાથે **બ્રાહ્મણ** અને **ક્ષત્રિય** બન્ને રહ્યા, બન્નેના અધિકાર ભોગવ્યા.

(૩) ત્રીજો અવતાર **'કપિલ'** ભગવાનનો થયો. બ્રહ્માજીની છાયામાંથી **'કર્દમ'** થયા છે. 'કર્દમ' એટલે કાદવ, જેનું ઘર 'જલ' હોય, તેથી કપિલજીની ઉત્પત્તિ અતિ શુદ્ધ બતાવી છે, કારણ કે જેમ કમળ પાણીમાં રહે છતાં નિર્લેપ રહે તેમ, તેઓ નિર્લેપ હતાં. કર્દમ શબ્દ 'કૃ' ધાતુ પરથી બન્યો છે, જે 'કર્તા' પણુ સુચવે છે. **'દમ'** નો અર્થ 'દમન' અથવા નિયમન થાય. તેથી '**કરે** અને **ન કરે**' એવો અર્થ **'કર્દમ'**નો છે. તેવા શ્રુષિને ત્યાં મનુની બીજી કન્યા **દેવહુતિ**થી કપિલજીનો જન્મ છે. દેવહુતિનો અર્થ પણ **'દેવાનાં હુતિર્યસ્યામ'** દેવોને જેમાં આહ્‌વાન થાય તે, તેથી દેવતામયી એવી 'દેવહુતિ'. કપિલ ભગવાનના અવતારનું પ્રયોજન બતાવતાં કહે છે કે જેના હૃદયમાંથી **સાંખ્ય શાસ્ત્ર** નીકળે તે જ મુખ્ય અધિકારી, છતાં એવી બુધ્ધિ ન થવા માટે આત્મસ્વરૂપ સાંખ્ય તેમણે માતાને કહ્યું. તેમની માતા દેવહુતિ કપિલોપદેશની મુખ્ય અધિકારિણી છે, જેઓએ ઉપદેશ મળતાંની સાથે જ ગુણના સંગરૂપી દોષને તત્ક્ષણરૂપ છોડી કપિલ જેવા બની ગયા. ભગવાન સૌના હૃદયમાં સ્થિતિ કરે છે. તે નિવાસરૂપ અવતાર તે કપિલ ભગવાન છે.

(૪) ચોથો અવતાર **દત્તાત્રયજી**નો છે. ભગવાન 'ચતુર્ભુજ' છે. તેમની ચાર ક્રિયાશક્તિ-ઉત્પત્તિ, સ્થિતિ, પલય અને તપ એ ચાર ભૂજારૂપ ભગવાન છે. ભગવાન પોતે **'દાતા'** અને

'**દેય**' બન્ને છે, તે બતાવવા માટે કૃષ્ણ પોતે આપનાર હોવાથી તે ચારભુજા ધરનાર પોતે '**ચતુર્ભુજ**' નામધારી છે. પ્રજાની ઈચ્છાથી ઋષિ અત્રિ તપ કરતાં હતાં. પોતાને ત્રણ પુત્રો અવશ્ય થવા જ જોઈએ તેમ ન હોવાથી તેઓ ભગવાનની પ્રાર્થના કરતાં હતાં તેથી '**અત્રિ**' કહેવાયા. અથવા તેમની સ્ત્રી અને સ્વયં બેજ હતાં, પણ પુત્ર નથી, તેથી પણ પોતે 'અત્રિ' છે. ભગવાને વિચાર્યું કે આ અત્રિ પુત્રની ઈચ્છા કરે છે તો તેની સિધ્ધિ માટે હું તેને મારો આત્મા જ આપું. એવું નહીં કરૂં તો તેની '**અપત્યત્વ**'ની ઈચ્છા છે તે સિધ્ધ નહીં થાય. '**અપગતિ ત્યાજયતિ ઈતિ અપત્યમ્**' પોતાની અપગતિ ટાળવી તે '**અપત્ય**'. પોતાનાથી પિતૃલોકની પ્રાપ્તિ થતાં તેની દુર્ગતિ થાય તેવું શાસ્ત્રીય વિધાન છે માટે તેમણે પુત્રની ઈચ્છા કરી. ભગવાને વિચાર્યું કે જો લૌકિક દીકરો હશે તો પિતાની દુર્ગતિને તે રોકી ન શકે, એટલે પોતાનો **અભ્યુદય** અને **નિ:શ્રેયસ** તે બન્ને એક સાથે મેળવવાની ઈચ્છા અત્રિની છે. ભગવાને પોતાનું '**દત્ત**' નામ કહ્યું તેનું તાત્પર્ય કે હું તમને પુત્ર નથી આપતો, મારો આત્મા જ આપું છું. - કહ્યું '**મયા અહં દત્ત**' (મેં મને આપ્યો). આમ **કર્તા** અને **કર્મ** એ બન્ને ભગવાન સિવાય અન્ય કોઈ હોઈ ન શકે. આમ અત્રિને ત્યાં ભગવાનના અંશથી પુત્ર થયો તેથી તેનું નામ '**દત્ત**' રાખ્યું છે. ધર્મશાસ્ત્રમાં 'આત્મા' ને '**અદેય**' ગણ્યો છે. (ધર્મદાસ, મોટો દીકરો, સ્ત્રી, પોતાનો દેહ, સર્વસ્વ ગુરુ વર્ગ એ '**અદેય**' છે એવી ધર્મની મર્યાદા છે). ભગવાને અત્રિને પોતાનો આત્મા આપ્યો માટે તે '**દત્ત**' થયા. પિતાના નામ સાથે તેઓ '**દત્તાત્રેય**' કહેવાયા. અવતારનું પ્રયોજન સમજાવતાં કહે છે કે જેના ચરણની રજથી યદુના ગુરુ **અવધુત** અને **હૈહય સહસ્ત્રાર્જુન** (જે યાદવ હતો અને ઐહિક સમૃધ્ધિમાં હજાર હાથ મેળવ્યા છતાં) તેણે ભગવાન દત્તાત્રય દ્વારા '**સદ્યોમુક્તિ**' તેમ જ '**ક્રમ મુક્તિ**'રૂપ યોગ સમૃધ્ધિ પામી હતી.

(૫) પાંચમો અવતાર '**ચાર સનત્કુમારો**'નો છે. ભગવાનની ચાર ભુજામાં રહેલ આયુધ ચાર તત્ત્વ. **પૃથ્વી**, **જલ**, **વાયુ** અને **તેજ**રૂપ છે. મુખ્ય તત્ત્વ પૃથ્વીરૂપ **ગદા**, જલ તત્ત્વ **શંખ**, તેજ તત્ત્વ **સુદર્શન** અને વાયુ તત્ત્વ **કમળ**. 'તપ' ભગવાનનું હૃદય છે. બ્રહ્માજી કહે છે કે મેં પ્રાણીઓના શરીર ઉત્પન્ન કરવા તપ કર્યું, જે મેં ભગવાનને અર્પણ કર્યું. તપદાનથી ભગવાન જ ચાર '**સન**' વાળા થઈને જન્મ્યા. ('**ષણ**' ધાતુ દાનના અર્થમાં છે.) તે ચારેયના નામ છે- **સનક**, **સનંદન**, **સનાતન** અને **સનત્કુમાર**. એ ચારેય નામમાં ભગવાન આવિષ્ટ થયા છે. અવતારનું પ્રયોજન સમજાવતાં કહે છે કે પૂર્વકલ્પમાં આત્મજ્ઞાન નાશ પામ્યું હતું, જે આ કલ્પમાં સનકાદિ ઋષિઓએ પરિપૂર્ણ કર્યું. તેમણે આપેલા જ્ઞાનથી મુનિઓ આત્માનો સાક્ષાત્કાર કરવા લાગ્યા.

(૬) તે પછીનો ભગવાનનો અવતાર '**નારાયણ**' અને '**નર**' નામના બે રૂપે થયો. દક્ષની પુત્રી '**ધર્મ**'ની પત્ની છે. ભગવાનનું મૂળ બે પ્રકારનું હોય છે. એક જળના આધારરૂપથી તે સર્વ રસ ગ્રહણ કરે છે અને બીજુ સૂત્રાત્માથી વાણીથી વ્યવહાર કરે. આમ બે ભેદ વાળુ મૂળ 'નર-

નારાયણ’ રૂપે પ્રકટ થયું. દક્ષ યજ્ઞમાં પ્રવિણ છે તેમાં જે ક્રિયાશક્તિ છે તે શ્રધ્ધાદિથી જુદી છે તે જ તેની પુત્રી **‘મૂર્તિ’**. તેમાં બે રૂપ- નર અને નારાયણ પ્રકટ્યા છે. તપ એ મુખનું કાર્ય છે. કહ્યું છે- **‘તપો નાનશનાત્ પરમ્’** અર્થાત્ ભૂખ્યા રહ્યા જેવું બીજું તપ નથી. તપની સાથે રહેનારો સહજદોષ ક્રોધ છે. ક્રોધનો અત્યંત પ્રભાવ હોય તે તપનો અનુભવ કહેવાય. સકામના તે તપનો બહારનો દોષ કહેવાય પરંતુ તેનો અભાવ એટલે નિષ્પાપ - એ તપનો ગુણ કહેવાય. મહાદેવ જેવા મહાપુરુષો કામને બાળીને ભસ્મ કરે છે. કામને જીતનાર રોષ દૃષ્ટિથી કામને બાળે છે. રોષ એટલે ક્રોધ. અર્થાત્ **જેઓ કામને બાળે તે ક્રોધને આશ્રય આપે પરંતુ કામ કરતાં ક્રોધ દુષ્ટ છે. કામનો હૃદયમાં વ્યાપ્ત થાય, જ્યારે ક્રોધ જ્ઞાનમાં વ્યાપ્ત થાય છે. તેથી જ્ઞાન નાશ પામે તો તે મોટું નુકસાન ગણાય. કામ અને ક્રોધમાં એક સમાન ધર્મ છે કે તે બન્ને પરલોકના નાશક છે.** કામને જીતનારો ક્રોધ નારાયણના હૃદયમાં આવતાં ભય પામે છે, કે હું પણ કામની જેમ શરીર વગરનો બનીશ. આમ કહે છે કે કામ ક્રોધ કૃત પદાર્થો ભગવત્મુખમાં પ્રવેશ કરતા નથી.

(૭) હવે નલિન જેવા મોટા નેત્રવાળા - **‘નલિનાયતેક્ષણ’** ભગવાન જેમણે ગરુડ ઉપર પધારી ધ્રુવજીને તેમની સ્તુતિથી પ્રસન્ન થઈ દર્શન આપ્યું અને તેમને સ્થિર સ્થાન આપ્યું, તેમનો અવતાર બતાવે છે. અપર માતાના કટૂ વચનથી ધ્રુવને અસહ્ય વેદના થઈ અને તપ કરવા વનમાં નિકળી પડ્યો. તેની સ્તુતિથી ભગવાન પ્રસન્ન થયા. ભગવાન તપથી પ્રસન્ન નથી થતાં પરંતુ એક બાળક સ્તુતિ કરે છે તે જોઈને પ્રસન્ન થાય છે અને તેને **‘ધ્રુવગતિ’** આપે છે. ધ્રુવે નિંદાના વચનથી દુ:ખી થઈ તપ કર્યું. ભગવાનની સ્તુતિ કરી, ભગવાને તેને સ્તુતિ સર્વદા થાય એવું સ્થાન આપ્યું જ્યાં સ્વર્ગમાં રહેનારા સપ્તર્ષિઓ પણ નીચે રહીને સ્તુતિ કરે છે.

(૮) હવે સર્વની ઈચ્છા પૂર્ણ કરનાર **‘પૃથુરાજા’**ના અવતાર જે પ્રભુના પીતામ્બર રૂપનો છે તે સમજાવે છે. તે આઠમો અવતાર છે. વેન રાજાએ જ્યારે વેદ વિરુદ્ધ રસ્તો અપનાવ્યો ત્યારે બ્રાહ્મણોના વાક્યરૂપી વજ્રોના પ્રહારથી તેના ભાગ્ય અને પુરુષાર્થ નષ્ટ થયા અને તે નરકમાં પડવા લાગ્યો તે સમયે મુનિજનોએ ભગવાનની પ્રાર્થના કરી જેથી ભગવાન જ તેના પુત્રપદને પામ્યા. વર્ષાઋતુમાં પૃથ્વીને તાપથી સંતોષ થાય ત્યારે વરસાદ આવે છે. તેવી જ રીતે પૃથ્વીના દોહનથી સર્વ પદાર્થો પેદા થાય છે તે મનુષ્યોના સંતાપકારક છે. તે પીતામ્બરરૂપ છે. રાજા પૃથ્વીનો રક્ષક છે. જો તે તેની સારી રીતે રક્ષા ન કરે તો તે તેજહીન થાય. રાજા વેનને પુત્ર થાય છે. તેનું નામ **‘પૃથુ’**. પુત્ર પિતાને ‘પું’ નામના નર્કમાંથી તારે છે, અર્થાત્ નર્કમાં પાયુસ્થાન છે, તેનું આચ્છાદન કરે તે **‘પીતામ્બર’** કહેવાય. વેન રાજાએ અન્યાયનો માર્ગ ગ્રહણ કર્યો હતો. બ્રાહ્મણોને રંજાડતો હતો તેથી બ્રાહ્મણોના વાક્યરૂપ વજ્રથી તેના પૌરુષ અને ભાગ્ય નષ્ટ થઈ ગયા હતા અને તે નરકગામી બન્યો હતો. તે વખતે તેના હાથના મથનથી પ્રકટ થઈને પ્રભુએ જગતનું પાલન કર્યું હતું. પૃથુરાજા જિતેન્દ્રિય હતો તેથી તેણે તેના સ્વભાવથી બધાનું રક્ષણ કર્યું.

(૯) 'ઋષભદેવ'નો અવતાર આઠમો છે. તેમના ચરિત્રમાં 'જડયોગ'નો આચાર દેખાડ્યો છે. તેમણે સર્વત્ર બ્રહ્મભાવ જોયો. જડયોગનો આચાર એટલે જેને લોકો **'પરમહંસ'** પદ કહે છે તે માર્ગમાં ચાલનારના જે આવશ્યક સાધનો છે તે. તેઓ તેવા પોતે જ થયા. તેમણે સૌ પ્રથમ બધાનો સંગ છોડ્યો, જેનાથી તેની ઈન્દ્રિયો શાંત થઈ. તેઓ પ્રાણીમાત્રમાં વાસુદેવ દૃષ્ટિવાળા બન્યા. તેઓ નાભિરાજાના પુત્રરૂપે અવતર્યા છે. તેમનું સ્વરૂપ **'અંગદ'** અર્થાત્ બાજુબંધનું છે, જે બાહુ પર ધરાય છે. બાહુ ભગવાનના બલનો આધાર છે. પરમહંસનું પદ જ્ઞાન અને કર્મની વચ્ચે છે. આમ આ ભગવાનના આભુષણનું સ્વરૂપ છે.

(૧૦) તેવી જ રીતે ભગવાનના 'કિરીટ કુંડલ રૂપ' તે **'હયગ્રીવ'**નો અવતાર છે. કિરીટ - ઘોડાનું મસ્તક અને કુંડલ બાકીનો દેહ તે બે મળીને 'હયગ્રીવ' એટલે કિરીટ કુંડલ ગણાય. સાંખ્યયોગનો આધારભૂત મનુષ્યનો દેહ છે, અખિલ એટલે ન્યુનતા રહિત દેવો બ્રહ્માદિ તે ભગવાનના મસ્તક છે જે પરમેષ્ઠીનું સ્થાન કહેવાય છે, જે હયગ્રીવ કરે છે. તેનું પ્રાગટ્ય યજ્ઞમાંથી થયું છે. હયગ્રીવ નામે દૈત્ય પણ થયો છે પરંતુ યજ્ઞમાંથી બીજા કોઈનો આવિર્ભાવ ન થાય તેથી 'હયગ્રીવ'ને ભગવાન કહ્યા છે. આમ તે યજ્ઞપુરુષ છે, અર્થાત્ સર્વ યજ્ઞના અધિષ્ઠાત્રી દેવતા, જેમનો વર્ણ સુવર્ણ જેવો હતો. તેમને અહીં **'તપનીય'**, **'છંદોમય'**, **'મખમય'** એમ કહ્યા છે જેનો અર્થ અનુક્રમે **સોનું**, **'વેદાત્મક'** અને **'યજ્ઞાત્મા'** થાય. અખિલ દેવતાના આત્મારૂપ બતાવ્યા છે તેનું તાત્પર્ય પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળરૂપ છે તેમ સમજાવે છે. તેમના બે નાકમાંથી શ્વાસ લેતાં વેદરૂપી વાણી નીકળે છે.

(૧૧) 'મત્સ્યાવતાર'નું પ્રયોજન સમજાવતાં કહે છે - દ્રવિડેશ્વર રાજા સત્યવ્રત, જે પાછળથી મનુની સંજ્ઞા ધરાવે છે (મત્સ્ય ભગવાનની કૃપાથી) તેમણે હાથની અંજલીમાં બારીક મત્સ્યનું બચ્ચું જોયું. અહીં તેની ઉત્પત્તિ બતાવી નથી તેથી 'જોયું' એમ કહ્યું છે. ભગવાનના ચરણ બધાના આશ્રયરૂપ છે તે પૃથ્વી નૌકારૂપ થાય છે તેમાં બધા જીવો જે વિષયોથી ખંડિત થયેલ નથી, તેઓ તેમ જ રાજા સત્યવ્રત અને સપ્તર્ષિયો વગેરે સૌ તે પૃથ્વીરૂપી નૌકામાં બેઠા, જે સંસારરૂપ સમુદ્રને તરવાનું સાધન છે. પૂર્વમાં પલયના ભયમાં બ્રહ્માના મુખમાંથી પડી ગયેલા વેદોને **'હયગ્રીવ'** નામનો દાનવેંદ્ર લઈ ગયો હતો તેને **'મત્સ્ય ભગવાને'** માર્યો અને તેની પાસેથી વેદો પાછા લીધા. યજ્ઞોપયોગી વેદોનો 'હયગ્રીવ' ભગવાને ઉધ્ધાર કર્યો તેમ સર્વોપયોગી વેદોનો ઉધ્ધાર મત્સ્ય ભગવાને કર્યો.

(૧૨) હવે **'કુર્માવતાર'**નું વર્ણન કરતાં કહે છે કે જ્યારે દેવો અને દાનવોએ અમૃત મેળવવા માટે ક્ષીરસાગરનું મંથન કરવા લાગ્યા ત્યારે આદિદેવ ભગવાને કુર્મ (કાચબા)નું રૂપ ધારણ કરી ડુબતા મંદરાચલ પર્વતને, જેણે વલોણું બનાવ્યું હતું તેને પોતાની પીઠ પર ધારણ કર્યો. ક્ષીરસાગરમાં અમર અર્થાત્ દેવો અને દાનવોના સેનાપતિઓ મંથન કરવા લાગ્યા જેમનો હેતુ

અમૃત મેળવવાનો હતો. ત્યાં આધિદૈવિક દેવ એટલે કે દેવોનો પક્ષ લેનારા કાચબાનું રૂપ ધારણ કરનાર ભગવાને પોતાની પીઠ ઉપર મંદર પર્વતને ધારણ કર્યો, જે મોટો ભારરૂપ હતો. આવું વજન શા માટે ભગવાને પોતાના ઉપર લીધું, તેનો ખુલાસો કરતાં કહે છે કે તે નિંદ્રાનો સમય હતો અને ઘર્ષણ થાય તો ખંજવાળ શાંત થાય અને જલદી નિદ્રા આવે, કારણ કે ઘસાવાથી સુખ થાય.

(૧૩) તેરમો અવતાર **નૃસિંહ** ભગવાનનો છે, જેમના કંઠમાં કૌસ્તુભ નામનું રત્ન ધારણ કર્યું છે. તેના કિરણો તેમની કાંધ પર પડે તે કેશવાળી જેવા દેખાય. ભગવાનના આભરણમાં વપરાતું કૌસ્તુભનું પ્રયોજન દૈત્યોને મારવા માટે અને ભક્તોના ઉધ્ધાર માટે ધરે છે. બધા ભગવાનના જીવોનું સમષ્ટિરૂપ કૌસ્તુભ મણિ છે. જો ભગવાન તેને કંઠમાં સ્થાપન ન કરે તો મૃત્યુના સાધનરૂપ કર્મ કરતાં કરતાં તેઓનું મૃત્યુ થાય, તેથી મૃત્યુરૂપી હાથીને પાછો વાળવા ભગવાને નૃસિંહરૂપી કેસરી સિંહનું રૂપ ધારણ કર્યું છે. તેઓ ભક્ત પ્રલ્હાદના રક્ષક અને શત્રુ હિરણ્યકશ્યપુના મારક છે. ભક્તો બે જાતના હોય - ગ્રામવાસી અને જંગલવાસી. નર ગ્રામવાસી અને સિંહ વનવાસી, તે બન્નેનો ઉધ્ધાર કરવા બે જાતનું એકરૂપ ભગવાને ધારણ કર્યું છે. ચંચલ ભૃકુટીથી ભયંકર કરાલ દાઢોથી બિચનાર નૃસિંહનું મુખ છે. હિરણ્ય કશ્યપુને મારવાને તેનો કાળ આવ્યો છે તે ભગવાનની ભ્રકુટીમાં બેઠો છે, તેથી તે ચંચળ થાય છે. તેની સાથે તેની દાઢો પણ ભય પમાડે છે. તે યમરૂપ છે. આમ બન્ને યુક્ત મુખ છે તે કહેવાનું પ્રયોજન કે જે કોઈ ભક્તનો દ્રોહ કરનાર છે તે બધા આવું ભયંકર મોઢું જોઈને ભક્તનું અહિત નહીં કરે. પ્રહાર માટે તેમણે હાથમાં ગદા લીધી છે અને પોતાની સાથળ ઉપર હિરણ્યકશ્યપુને લઈ પોતાના નખો વડે ચીરી નાખે છે. તેની મુક્તિ ન થાય તેથી નખથી માર્યો છે.

(૧૪) ચૌદમો અવતાર ગજેન્દ્રનો મોક્ષ કરનાર **'શ્રી હરિ'** ભગવાનનો છે. આ અવતાર ભગવાનના કંઠની ક્યારેય ન કરમાતી વનમાલામાંથી થયો છે. વનમાળા કીર્તિમયી છે. તેની કાંતિ ઝાંખી પડતી નથી. **ભક્તો ગજેન્દ્રનો ભગવાને મોક્ષ કર્યો એ કીર્તિ સાંભળીને સર્વદા ભગવદ્ભજનમાં પ્રવૃત્ત થાય છે.** ગજેન્દ્રને ભગવાને કેવળ મોક્ષ આપ્યો છે, તેણે તે માટે અન્ય દેવોની પ્રાર્થના કરી નથી. તે **હાથીમાં ભગવાનને પ્રીતિ થાય તેવા કોઈ લૈકિક ગુણો પણ ન હતાં, છતાં ભગવાને કેવળ કૃપા દ્વારા જ તેને બચાવ્યો હતો.** તે તળાવમાં પડેલો હતો. તે અત્યંત બળવાળો હોવા છતાં 'દેવલ મુનિ'ના શાપથી થયેલા ગ્રાહે તેને પકડ્યો હતો, તેથી તે છૂટી શકે તેમ ન હતો, કે તેને કોઈ છોડાવી શકે તેમ ન હતું. તેણે સૂંઢમાં ભગવાનને ધરવા કમળ પકડી રાખ્યું હતું, જેથી તેમાં ન તો ક્રૂરતા હતી કે ન કોઈ અન્ય બચવાનું સાધન. ભગવાનને પ્રાર્થના કરતાં તેણે વિનંતી કરી કે આપ મૂળ પુરુષ છો, સર્વલોકનું પાલન કરવું તમારે હાથ જ છે. આપ કીર્તિવાળા છો, આપની કીર્તિનું સ્મરણ કરતાં જ અમારા સઘળા પાપો ધોવાઈ જાય છે. આપનું નામ સાંભળતાં જ મંગળ થાય છે. વૈકુંઠમાં રહેતા ભગવાને 'ગજ'ના વચન સાંભળ્યા. તેમને જોયું

કોઈ દુ :ખી મારું શરણ માગે છે. તેથી ભગવાન તુર્તજ ગજેન્દ્રનો ઉધ્ધાર કરવા ગરુડ પર બિરાજી ચાલી નીકળ્યા. સુદર્શન ચક્રથી ગ્રાહને મારીને પ્રથમ મુક્તિ આપે છે, પછી ભગવાને હાથથી હાથીની સૂંઢ પકડી તેને બહાર કાઢ્યા. ભગવાનના સ્પર્શ માત્રથી તે હાથી ચાર ભૂજાવાળો થઈ ગયો અને ભગવાન તેને સાથે લઈ ગયા. જીવ કાંઈ સાધન કરી શકતો નથી પણ ભગવાન કૃપા કરે છે. પારકા દુ :ખને મટાડવાની ઈચ્છા કૃપા કહેવાય. ભગવાનની કીર્તિ ભક્તોનો ઉધ્ધાર કરે છે. આવું ભગવદ્ ચરિત્ર જ ભક્તિનું કારણ બને છે.

(૧૫) ભગવાનનો પંદરમો અવતાર **'વામનજી'**નો છે. તે ભગવાનની **'મેખલા'**નું રૂપ છે. મેખલા કટીબંધ છે, ભગવાન તેને પોતાની કમર પર ધારણ કરે છે. **પીતાંબર ભગવાનની કીર્તિરૂપ છે.** તેને મેખલા દ્રઢ કરીને રાખે છે. પુરુષની નાભિની ઉપરનો હિસ્સો પવિત્ર છે અને નીચેનો અપવિત્ર - અર્થાત્ ત્યાં દૈત્યોનો વાસ છે. મેખલા પવિત્ર અને અપવિત્રનો પરિચ્છેદ બતાવે છે. બલિરાજા દૈત્ય સંતાન છે અને સ્વગાદિની પ્રાપ્તિ માટે યજ્ઞ કરે છે. ભગવાન તેઓ સ્વર્ગપ્રાપ્તિ કરી ઈન્દ્રાદિ દેવો પર વિજય પ્રાપ્ત કરે તેમ ઈચ્છતા નથી. તેથી યજ્ઞ-સ્વરૂપ પોતે **વામન અવતાર** ધારણ કરી - મેખલારૂપે તેને અટકાવે છે. ભગવાન વામનરૂપ ધારણ કરે છે - **'વામન'** એટલે ઠીંગણા. તે બહુ થોડી ભૂમિને પણ ટપી શકે નહીં, પરંતુ છળપૂર્વક સમગ્ર પૃથ્વીને માપી લે છે. તેમણે ત્રણ ડગલામાં ત્રણે લોકનું આક્રમણ કર્યું. વામનજી બલિ સાથે જે વાક્યો બોલ્યા તેમાં ભ્રમ થાય તેવા પદ બોલ્યા, જેથી લોકમાં બીજી રીતે સમજાય. તેથી ભૂમિની માગણી એક જાતનું છળ છે. 'માયા' અસૂરોનો ભગવાન છે, તેથી ભગવાન સત્ય બોલ્યા પણ અસૂરને છળ લાગ્યું. ભગવાને બલિને પહેલા વચનથી બાંધી લીધો અન્યથા પાતાલાદિનું સ્વામિત્ત્વ અસૂરોનું હોવાથી ભગવાન તે ગ્રહણ ન કરી શકે. શ્રી મહાપ્રભુજી કહે છે કે શંકા થાય કે ભગવાને આમ છળ કરી ભક્તિ માર્ગથી વિરુદ્ધ વર્તન કેમ કર્યું? **ભગવાનના ગુણો ભક્તિ કરાવનારા છે અને તેને ભક્તો ગાય છે, આદર કરે છે. ભગવાન ભક્તિથી વિરુદ્ધ કાંઈ કરતાં જ નથી એવો શાસ્ત્ર અર્થ કરે છે.** આનો ખુલાસો કરતાં તેઓ કહે છે કે ભક્તિનો વિરોધ તો ત્યારે આવે જ્યારે કોઈ બાબત ભક્તિથી પ્રતિકૂળ હોય. ભક્તનું ધન ભગવાનના ઉપભોગમાં આવે તેનાથી ભક્તને દુ :ખ થતું નથી, કેમ કે ભક્તનું બધું ભગવાન માટે જ હોય છે. લોક રીતે તે વિરોધ જણાય છતાં તે દોષ નથી પણ ગુણ છે. ભક્ત જો તેને વિરુદ્ધ માનતા હોય તો તેના મનનો દોષ દૂર કરવો જોઈએ. ભગવાન અભિમાનવાળા ભક્તોને પણ જે અભિપ્રેત હોય તે છોડાવવું એ તેના સુખ માટે છે. ભક્ત બલિરાજા પોતે જ **'બલિ'** એટલે પૂજારૂપ છે. પૂજા પણ જો ભગવદ્ સંબંધમાં ન આવે તો ભગવાનની પ્રીતિ સંપાદન કરનાર થતી નથી. તેથી દૈત્યોનો સંબંધ અહીંથી છોડાવવાનું અહીં ભગવાનનું પ્રયોજન છે. બલિરાજા ત્રણે લોકના આધિપતિ છે. ભગવાન પધારે ત્યારે તેના ચરણમાં ધરવા બલિરાજાએ તેને સ્વીકાર્યા હતાં. અહીં તેણે ભગવાનના ચરણ ધોયા અને ત્રણે

લોક ચરણમાં ધરી દીધાં. તેના ચરણનું જળ પોતાના મસ્તકે ધારણ કરતાં તેમાં ભગવદીયપણું આવ્યું, અર્થાત્ તેવા શરીરની પ્રાપ્તિ થવાની યોગ્યતા તેમાં આવી. **ગીતાજીમાં ભગવાન કહે છે કે ‘જે મને જેવી રીતે ભજે, હું તેને તેમ ભજું છું.’** ભગવાનને દાન કરવાથી તે અનંતગુણવાળું થાય છે તેમ બલિરાજાને સિધ્ધ થયું. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે પૂર્વમાં ભગવાને ત્રણ લોકનું રાજ્ય મહાદેવજીને આપેલું. તેમણે ચરણોદક રૂપ ગંગાજીને મસ્તકે સ્થાપન કરી પોતે ઐશ્વર્યાદિથી વિરક્ત થઈ ચરણનું જ ધ્યાન ધરવા લાગ્યા. આ બલિએ પણ તેમજ કર્યું. બન્ને એ દાસ્યપદ માટે ચરણોદક મસ્તકે ધારણ કર્યા છે. માટે જ ત્રીજા પગને માટે બલિરાજાએ પોતાનું મસ્તક ભગવાનને આપ્યું. ભગવાને ત્રીજો પગ તેના મસ્તકે ધારણ કરી તેનું દૈત્યત્વ છોડાવ્યું. દેવોમાં સત્ય રહ્યું છે, દેવોમાં ‘અનૃત’ રહ્યું છે. આમ ભગવાને અનૃતનું સત્ય કર્યું ત્યારે બલિરાજા સત્યમાં રહીને ભગવદ્ ધર્મને પ્રાપ્ત થયો. તેણે પોતાના દેહને મસ્તકની સાથે ભગવાનને સમર્પિત કર્યા. આ ગુણોને લઈને બલિને ભક્તિ સિધ્ધ થઈ તેથી અહીં ભક્તિમાં વિરોધ નથી તેમ સમજાવ્યું છે. એ રીતે બલિરાજાનો ભગવાને ઉધ્ધાર કર્યો છે.

(૧૬) સોળમા અવતારનું પ્રયોજન બતાવતાં શુકદેવજી નારદજીને કહે છે કે ‘તમારા વૃધ્ધિ પામતા ભાવથી પ્રસન્ન થઈ ભગવાને તેમને ‘યોગ’ કહ્યો છે.

ભગવાન ચતુર્ભુજ સ્વરૂપ છે. તેમના શ્રી હસ્તના વીસ આંગળામાં વીસ **‘વીંટી’** - મુદ્રિકા તેમણે ધારણ કરી છે. જો ભગવાનને અનંત ભુજાવાળા ગણીએ તો તેમને અનંત વીંટીઓ ધારણ કરી હોય છે. નારદજી જેવા ભક્ત સ્વરૂપ ભગવાન છે. તેને **‘અંગલીયક’** કહ્યું છે જે અવયવના અંતમાં તેનો ઉપયોગ થાય છે. તે ભક્તો સંસારના છેડે બેઠા હોય છે, તેથી સર્વાત્મા ભગવાનના ભક્તો તેમની અંગુલીના ઘરેણાંરૂપ છે. તે આંગળીઓ સર્વ શરીરની ઉપકારક છે, શરીરના બધા કામ તેનાથી જ થાય છે તેથી ‘અંગલીયક’ અતિ કીંમતી ધન છે. શુકદેવજી નારદને સંબોધીને કહે છે કે તમારા ઉપયોગ માટે અને બીજાના ઉપયોગ માટે ભગવાને તમને યોગ કહ્યો છે કારણ કે તેઓ તમારી ઉપર બહુ પ્રસન્ન થયા છે. જો કોઈ ખુશ ન હોય તો પોતાની મૂલ્યવાન વસ્તુ ન આપે. ચાર આંગળી સાથે એક અંગુઠો હોય છે, જે ચાર આંગળી સમાન વીર્યવાળો એક અંગુઠો છે જેનું મૂલ્ય ‘ભક્તિ’ છે. પ્રત્યેક આંગળી યોગ, જ્ઞાન, સેવા અને શારીર જ્ઞાન છે જેનાથી ભક્તનું હિત કરનાર પમાય છે. તે ભક્તિથી પણ પ્રાપ્ત થાય છે. શ્રવણાદિથી નિરંતર ભાવ વધવાથી તે માર્ગમાં પ્રીતિ થાય જે બધા હૃદયને પૂર્ણ કરી દે અને જ્યારે તે ઊભરાય ત્યારે તે પ્રેમનો અનુભવ થાયછે. આમ ભાવ વધવાથી ભગવાન પ્રસન્ન થાય છે. આમ ભગવાને તેમને ‘યોગ’ કહ્યો, જેનું તાત્પર્ય ઉપાય છે, જેનાથી ભગવાનના દર્શન થાય છે. બાહ્ય દર્શનમાં ભક્તિ જ કારણ છે જ્યારે આંતરદ્ દર્શનનું કારણ ‘યોગ’ છે. **ભગવાન નિર્ધર્મક અને સર્વ ધર્મ વિશિષ્ટ એમ બન્ને સ્વરૂપે પોતાની મેળે પ્રકટ થાય છે.** અહીં શંકા ઉત્પન્ન થાય કે યોગ, યજ્ઞ, જ્ઞાન ઈત્યાદિ તો પહેલેથી જ સિધ્ધ છે

અને અનેક લોકોએ તેના પર પ્રકાશ કરેલો છે તો તેને માટે ભગવાનના અવતારની શી આવશ્યકતા હોય? તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે નારદને માટે ભગવાને જે પંચરાત્રાદિ શાસ્ત્રો કહ્યા છે તે એવાં છે કે વાસુદેવના આશ્રયવાળા ભક્તો, વાસુદેવ જેના અધિષ્ઠાતા દેવ છે તેને શરણે જવા માત્રથી જ તપ આદી ઉપક્રમ કર્યા વિના જ સુગમ માર્ગથી ભગવાનને જાણી શકે છે. જે ભક્તો ભગવત્પરાયણ હોય અને કર્મ યોગ કે જ્ઞાનમાં શ્રધ્ધા ધરાવતા ન હોય તેને માટે ભગવાને નારદજીને આ યોગ કહ્યો છે જેઓ, કેમ કે તે ભગવાને કહેલો છે માટે પરમ શ્રધ્ધાથી તેમાં પ્રવૃત્ત થતાં તે માર્ગે ચાલી તેઓ કૃતાર્થ થાય છે.

(૧૭) સત્તરમો અવતાર **'મનુ'**નો છે, જેમાં ભગવાન પોતાના તેજ અર્થાત્ 'પાલન સામર્થ્ય'ને ધારણ કરી સૃષ્ટિનું પાલન કરે છે. અહીં સમજાવે છે કે એક મન્વંતરમાં ૭૧ ચતુર્યુગ-કાલ થાય છે. તેમાં કલિયુગમાં શુદ્રાદિ ભાવ થતાં મન્વંતર નષ્ટ થાય છે. તેથી ભગવાન સ્વયં જ તેને પાળે છે. આમ ભગવાન જ મનુ વંશમાં પૃથ્વીનું પાલન કરે છે. વળી કહે છે કે પાલક તરીકે મનુ-ઋષિ, દેવ અને ઈન્દ્ર એમ ચાર ભેદથી ભગવાન પોતે પાલન કરે છે. ભગવાન આજ્ઞા ચક્રરૂપ ધારણ કરીને જેમ લોકનિયમન માટે રક્ષા કરવા સેનાને સહાયતા માટે રાખવામાં આવે છે તેમ ભગવાન આજ્ઞારૂપી ચક્ર દશેદિશાઓમાં સ્થાપન કરે છે. જેને જ્યાં રાખવો ઘટે ત્યાં રાખે છે. તેનું વિશેષ કાર્ય એ છે કે જે પાલક દોષ કરે તેને તે દંડ આપે છે. આમ મનવંતરોમાં ઘણા અવતારો થાય છે તે ભગવાનના વિવિધ અવયવોના ઘરેણારૂપ છે અને તે રીતે ભગવાન સૃષ્ટિનું નિયમન-સંચાલન કરે છે.

(૧૮) ભગવાનનો અઢારમો અવતાર **'ધન્વંતરી'**નો છે. ભગવાનનું મુખ ધર્મના આધાર રૂપ બ્રાહ્મણોનું છે. શરીર નરવું હોય તો ધર્મસિધ્ધિ થાય તે આ અવતારનું પ્રયોજન છે. **'ધન્વન્તરિ'** નામનું સ્મરણ કરવાથી જ બધા રોગ ચાલ્યા જાય છે. તેથી તે ઉપકારક હોવાથી પોતે જ કીર્તિરૂપ છે અને માટે તેનું સ્ત્રીરૂપ પણ છે. તેનો ધર્મ જ કીર્તિરૂપ નથી પરંતુ મોટા રોગીઓના રોગોને તે નામ માત્રથી જ મટાડે છે. ધન્વન્તરિ તેમણે આરોગ્યરૂપ ધર્મ કર્યો તેથી યજ્ઞમાં ભાગ મળ્યો કારણ કે જે દેવો ઉપકાર કરનારા છે તે વાયુ વગેરેના યજ્ઞમાં ભાગ ઠરાવેલ હોય છે. તેઓ કાશીરાજાને ત્યાં અવતર્યા છે અને આયુર્વેદ ગ્રંથ તેમણે પ્રગટ કર્યો. તેવા બીજા પણ ગ્રંથો તેમણે રચ્યા છે. આ અવતાર ધર્મરૂપ છે પરંતુ તેઓ ધર્મીપણું નથી.

(૧૯) હવે **'કુંચિતનીલકુંતલ'**રૂપ પરશુરામના અવતારનું વર્ણન કરે છે, જેમના અનેક ચરિત્રો બતાવ્યા છે. 'કુંચિતનીલત્વ'એ 'કુંતલ' (અંબોડા)નો ધર્મ છે. **'કુંચિત'** એટલે વાંકડિયા. **નીલ** એટલે **'શ્યામતા'** (કાળુ). ક્ષત્રિયોને મારે તે કુટિલતા અને ભૂમિના જે કંટક રૂપ - કાંટા રૂપ છે તેનો ઉધ્ધાર કરે તે તેમાં શ્યામતા છે. 'ધન્વંતરિ' સ્વરૂપ પણ ચાર વિશેષણ વિશિષ્ટ કુંતલ રૂપ છે. કારણ તે સમુદ્રમંથન કરતાં અમૃત લઈને આવ્યા- તેથી સ્ત્રી બન્યા; તેમણે યજ્ઞ ભાગ ભોગવ્યો

અને અવતાર ધર્યો તેમ તે ચાર વિશેષણથી વિશિષ્ટ બન્યા. મંથન કરતાં પ્રકટ્યા તે તેમની શ્યામતા સૂચવે છે. સ્ત્રીરૂપ ધર્યુ તે કુટિલતા બતાવે છે. યજ્ઞભાગ ભોગવવાથી અમલતાનો નિર્દેશ છે અને 'આયુર્વેદ' પ્રકટ કરવાથી તેમણે સર્વમાં સ્નેહ બતાવ્યો.

પરશુરામ ભગવાનના મુખનો અર્થાત્ **'અગ્નિ'**નો અવતાર છે. માટે તેઓ ક્ષત્રિયના ભક્ષક છે. દૈવે અર્થાત્ વિધિએ ક્ષત્રિયોનો ક્ષય કરવાની ઈચ્છા કરી ત્યારે તેઓ બ્રાહ્મણોનો દ્રોહ કરવા લાગ્યા. જેના કારણે તેઓ નાટકના ભોગ ભોગવવાની ઈચ્છા કરતા થયા, વેદ માર્ગને છોડવા લાગ્યા, પૃથ્વીને માટે કંટક રૂપ બન્યા. તેમણે પોતાનો માર્ગ છોડ્યો તેથી બ્રાહ્મણનો દ્રોહ કરવાની બુધ્ધિ થઈ. તેમને સન્માર્ગે ઠેકાણે લાવવા જોઈએ, તેમ કરવાને બદલે તેમનો સંહાર કર્યો તેનો ખુલાસો કરતાં કહે છે કે ભાગ્ય હોય તો તેઓ સન્માર્ગે પાછા વળે, પરંતુ તેઓને તો નરકના દુ:ખોનો અનુભવ કરવાની ઈચ્છા થઈ. જેને પરલોકના દુ:ખને કબુલીને પણ ખરાબ માર્ગે ચાલવું છે તેને સદ્બોધ કામ લાગતો નથી. માટે જે ભાગ અપવિત્ર છે તેનું શુદ્ધિકરણ અહીં સૂચવ્યું છે. મુઢ લોકો જે દેખાય તેમાં વિશ્વાસ રાખે છે, મહાત્માઓ છેવટના પરિણામને જોનારા છે. પરશુરામ યજ્ઞ કરનાર છે. તેઓ જુઓ છે કે બ્રાહ્મણો પૃથ્વીના કંડક રૂપ છે. પૃથ્વી ભગવાનના ચરણરૂપ છે. સૌ પોતાના પગમાં કાંટો વાગ્યો હોય તો તેને કાઢવાનો પ્રયત્ન કરે છે. ક્રૂરતા દેખાડ્યા વિના કંટકોધ્ધાર થઈ ન શકે, પરંતુ તેથી તે નિર્દય ન કહેવાય. પરશુરામે ફરસી દ્વારા સાત વાર નાશ કર્યો ત્યારે પૃથ્વી નિષ્કંટક થઈ. કોઈ શસ્ત્રથી મારે તો તેને પરલોક પ્રાપ્ત થાય તેથી 'પરશ્વેધ' અર્થાત્ તીખીધારવાળી ફરસીથી પરશુરામે બ્રાહ્મણોનો વધ કરી પૃથ્વીના કંટકરૂપ તત્ત્વોને દૂર કર્યા છે.

(૨૦) ભગવાનનું મુખ કુંતલોથી શોભાયમાન અને હસવાથી સુંદર લાગે છે. તે **'હાસ્ય સ્વરૂપ'** રામચંદ્રજીનો અવતાર વીસમો છે. **હાસ્ય ત્રણ પ્રકારે ઉપકારક છે** - (૧) **બીજાનો ગર્વ મટાડનાર છે**, (૨) **બીજાને મોહ પમાડનાર** અને (૩) **કૃપાવૃષ્ટિ કરનાર.** કૃપાનો ગુણ ધરાવનાર હાસ્ય સ્વરૂપ તે શ્રી રઘુનાથજીનું છે. શુકદેવજીએ તેમના ચરિત્રને ત્રણ રીતે- સાત્વિક ચરિત્ર, રાજસ ચરિત્ર અને તામસ ચરિત્ર વર્ણવ્યા છે.

'સાત્વિક ચરિત્ર' સમજાવતાં કહે છે કે તેઓ બ્રહ્માદિના ઉપર કૃપા કરવા માટે પ્રસન્નમુખવાળા છે. તેથી તેઓ બ્રહ્માની પ્રાર્થનાથી પધાર્યા છે. તેઓ કલાયુક્ત એટલે પરમ કાંતિરૂપ સીતાની સાથે પ્રકટ્યા છે. લોક રક્ષા એ ભગવાનનું અલ્પકાર્ય છે. ભગવાનની કલા વૈકુંઠમાં રહીને સર્વનું પાલન કરે છે. અહીં કલા ઋષિના અર્થમાં છે તેથી જ્યારે તેમને સંકટ આવ્યું ત્યારે ભગવાન તેના પતિ હોવાથી તેનું નિરસન કરવા પોતે પધાર્યા. તેઓ સર્વકળામાં નિપુણ લક્ષ્મીરૂપ સીતા સાથે ઈશ્વર કુળમાં પ્રકટ થયા. નૃસિંહપૂરાણ મુજબ **'ઈક્ષ્વાકુ'** ભક્ત હતાં. ભક્તોનો ઉધ્ધાર કરવો, દેવોના હિતનું કાર્ય કરવું, ધર્મજ્ઞાનાદિ સહિત પધારવું, ગુરુની આજ્ઞા

માની વનવાસ કરવો વગેરે સાત્વિક કાર્યો છે. જ્યાં સત્વનો વિરોધ આવે ત્યાં તપનો લય થાય તે યોગ્ય જ ગણાય. માટે ગુરુ તુલ્ય પિતા દશરથની આજ્ઞાનું પાલન કર્યું. આ તેમનું વ્રત હતું. તેઓને વનમાં જવાનું અન્ય પ્રયોજન ન હતું પરંતુ પિતાની આજ્ઞાથી તેઓ વનમાં રહ્યા. ત્યાં વસવું એ જ તેમનું કર્મ હતું. વનમાં તેમને કોઈની સહાયતાની જરૂર ન પડી. રાવણે શ્રી રઘુનાથજી સાથે નિમિત્ત માત્ર વિરોધ કર્યો જેનું કારણ ભગવાન ન હતાં, ન પોતે તે વેરના પ્રયોજક હતાં. રાવણે વિરોધ કર્યો ત્યારે તે દશમાથાવાળો હતો, અર્થાત્ શક્તિશાળી હતો છતાં તે મર્યો કારણ કે મોટાપણું કે બહુપણું તેના સામર્થ્યનું પરિચાયક નથી તે બતાવ્યું. શ્રી રઘુનાથજીએ વનવાસ કર્યો તેના ત્રણ કારણ હતાં એક - દેવની કામના રાવણને મારી તેના અહંકારનું ખંડન કરવાની હતી અને તેથી તેમના હરણને નિમિત્ત બનાવવા ભગવાને સીતાજીને સાથે લીધા, બીજું તેના હરણને નિમિત્ત બનાવી તેને માર્યો. ઈન્દ્રજીતને જીતવા-જેને કોઈથી ન જીતી શકાય તેવું વરદાન હતું, તેને મારવા માટે લક્ષ્મણને સાથે લીધા હતા. શાસ્ત્ર પ્રમાણે સ્ત્રી સાથે પુરુષનો વનવાસ મુખ્ય ન ગણાય, તેમ પુરુષ સાથે સ્ત્રીનો વનવાસ પણ પૂર્ણ ન કહેવાય. તેથી ભગવાનને રાવણે વિયોગ કરાવ્યો તે વિરોધથી દેવનું કાર્ય ભગવાને કર્યું.

'રાજસ ચરિત્ર'નું વર્ણન કરતાં કહે છે રાવણ જ્યારે સીતાને લઈ ગયો ત્યારે રાવણને મારવા રઘુનાથજીને લંકામાં આવવું પડ્યું, જે માટે સમુદ્ર વચમાં વિઘ્નરૂપ હતો. સમુદ્ર સૂર્યવંશીઓએ કરેલો હોવાથી તેમાં પગ ન મુકી શકાય તેથી ભગવાન સમુદ્ર કિનારે બેઠા. તેમણે વિચાર કર્યો કે અમારા પૂર્વજોએ સમુદ્ર કર્યો તેથી જો અમને તેમાં ઉતરવાનો ઉપાય ન જણાય તો રાક્ષસોને કેવી રીતે મારી શકાય? તેનો ઉપાય કરવા રામચંદ્રજીએ બાણ ધનુષ્યમાં ચઢાવ્યું ત્યારે તેમના નેત્રો લાલ થઈ ગયા જેથી સમુદ્રને ડર લાગ્યો. ભગવાનનું માહાત્મ્ય જણાવતાં ભયાદિક સમુદ્રમાં પેઠા ત્યારે તેણે માર્ગ આપ્યો. મહાદેવજી જો પોતાનો ભક્ત જાણી રાવણની સહાય કરે તો મહાદેવ સાથે લંકાને બાળવાનો વિચાર કર્યો, પરંતુ સીતા જે નગરમાં હતાં તેને બાળવામાં આવે તો સીતાજી દુ:ખ ભોગવે, તેમ અન્ય સર્વેને દુ:ખ થાય. જેમ દહીંને મથ્યુ ન હોય તો ક્યાંક ઘાટું પાણી રહે અને ક્યાંક મઠો, પણ મંથન કરીએ તો એકરૂપતા થાય. તેમ પહેલા બહુ વિચાર કરતાં સીતાનો ઉધ્ધાર એ મુખ્ય કર્તવ્ય હોવાથી તેમણે રોષ પર કાબુ મેળવ્યો.

'તામસ ચરિત્ર'નું વર્ણન કરતાં કહે છે કે જ્યારે ઈન્દ્રનો હાથી ઐરાવત રાવણની છાતીમાં દાંત મારવા ગયો ત્યારે તેના દાંતના ભુક્કા ઊડી ગયા અને બધી દિશાઓમાં વિખરાઈ ગયા જેનાથી બધી દિશાઓ ધોળી થઈ ગઈ. રાવણને મનમાં ગર્વ થયો કે મારા જેવો કોણ છે તેથી તે હસવા લાગ્યો અને પોતાના સૈન્ય મધ્યે ફરવા લાગ્યો, પરંતુ ભગવાન રામચંદ્રજીએ તેના પ્રાણ સાથે તેના ગર્વનો પણ ધનુષના ટંકારથી નાશ કર્યો. પ્રાણ સાથે ગર્વને દૂર કરવાના પ્રયોજન સમજાવતા કહે છે કે ભગવાનની પત્ની સીતાને રાવણ ઊઠાવી ગયો હતો તે આતતાથી હોવાથી

તેને મારવા માટે બાણની જરૂર નથી પણ ધનુષનાં ટંકારથી તે મરી જશે. ભગવાને રાવણને બન્ને સેના વચ્ચે અહંકારથી ફરતા અને બાણરૂપ મળને છોડતો હતો તેથી તેની ગતિનું નિવારણ કર્યું. જ્યારે રાવણના વક્ષસ્થળનો સ્પર્શ કરતાં ઐરાવત હાથીના દાંતો ભાંગી ગયા ત્યારે તેને બધી દિશાઓનો વિજય થયેલો માન્યું અને તેથી તે હાસ્ય કરવા લાગ્યો - જે તેના બે સામર્થ્યને પ્રગટ કરે છે - એક પોતાના શારીરિક બળનું અને બીજું શત્રુંજય રૂપ સમર્થ્ય. પરંતુ આવો તેનો ગર્વ તેના પ્રાણ સાથે ગયો. ભગવાનના હાસ્યની શોભા આગળ અન્ય કોઈ હાસ્ય ટકી શકે નહીં.

(૨૧) એકવીસમો અવતાર **'શ્રીકૃષ્ણ'**નો છે. તે સ્વયં **'અવતારી'** છે, પોતે જ ભગવાન છે - **'કૃષ્ણાસ્તુ ભગવાન સ્વયં.'** આ અવતારનું વર્ણન કરતાં કહે છે- **'અદીનલીલાહસિક્ષણોલ્લસદ્ ભ્રૂભંગં સંસૂચિત ભૂર્યનુગ્રહમ.'** અહીં એક જ અવતારમાં અપરિમિત ચરિત્રો બતાવ્યા છે. ઉપરોક્ત પદમાં ભગવાનની દશવિધ લીલાઓનું વર્ણન છે જેનું વર્ણન ભાગવતના તૃતીયથી દ્વાદશ સ્કંધમાં કરવામાં આવ્યું છે. **'અદીન'** પદ **સર્ગ** લીલા સૂચવે છે, **'લીલા'** શબ્દ **વિસર્ગ** સમજાવે છે. **'હસિત'**થી **સ્થાન**નું સૂચન છે. **'ઈક્ષણ'** - **પોષણ** લીલા સૂચવે છે, **'ઉલ્લસત્'**થી **ઊતિ** લીલા, **'ભ્રૂ'** - **મન્વન્તર** લીલાનું સૂચક છે, **'ભગ્ન'** - **ઈશાનુકથા** રૂપ છે, **'સંસૂચિત'** - **નિરોધ** લીલા સૂચક છે, **'ભૂરિ'** - **મુક્તિ** લીલા સૂચવે છે અને **'અનુગ્રહ'** - પદ **આશ્રય**નું સૂચક છે. આ દશે લીલા સહિત ભગવાન કૃષ્ણ અવતારી છે જેમાંથી બધા અવતારો પ્રકટ થાય છે.

તૃતીય સ્કંધથી દ્વાદશ સ્કંધમાં સર્ગ, વિસર્ગ ઈત્યાદિ પ્રત્યેક લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે અને તેમાં અનેક પ્રસંગોને આવરી લેવામાં આવ્યા છે તથા દશમ સ્કંધમાં ભગવાન શ્રી કૃષ્ણની વિવિધ લીલા- પ્રસંગોના ચરિત્ર આલેખાયેલ છે જેનો મર્મ શ્રી મહાપ્રભુજીએ વિસ્તારથી દશમ્ સ્કંધના સુબોધિનીમાં સમજાવ્યો છે પરંતુ આ અધ્યાયમાં વિવિધ અવતારોના તાત્પર્યને સમજાવતાં અવતારી શ્રી કૃષ્ણની દશ-વિધ લીલાનો મર્મ પ્રત્યેક સ્કંધના પ્રસંગોના સંદર્ભથી તેમજ દશમ સ્કંધની વિવિધ લીલાઓના રહસ્ય સાથે તેમણે સમજાવી છે.

પ્રથમ દશવિધ લીલાઓનું વર્ણન જે ઉપરોક્ત શબ્દોથી કર્યું છે તેનો ભાવ સમજાવતાં કહે છે-

(૧) **'અદીન'** - કોઈની પાસે આવશ્યક વસ્તુ ન હોય તેથી તે દીન-દુખીયારો બને છે, પરંતુ તેને જરૂરી વસ્તુ મળી જતાં તે દીન નથી રહેતો. ભગવાન સુખરૂપ સર્વ વસ્તુ રૂપે પોતે જ પ્રગટ થયા છે, તેમને બધું જ સુલભ છે. કોઈ વસ્તુની કમી નથી તેથી તેઓને **'અદીન'** કહ્યા છે. આમ સર્વ રૂપે પ્રકટ થવું તેને જ **'સર્ગ'** કહે છે. તેથી 'અદીન' શબ્દ સર્ગલીલાનો સૂચક છે.

ભગવાન અશરીર હોવા છતાં શરીરનો સ્વીકાર કરે છે, તે **'સર્ગ'** કહેવાય. જ્યારે દૈત્યો-દાનવ-રાક્ષસોએ પૃથ્વીને બહુ રીતે દુ :ખી કરી ત્યારે તેના કલેશને દૂર કરવા તેઓ સ્વયં પરમાનંદ રૂપે પૃથ્વી પર પધારે છે. ભગવાન ચતુર્ભુજ સ્વરૂપે પધાર્યા છે તેનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે **'સંકર્ષણ'** રૂપે તામસ શક્તિ વડે દૈત્યોનો સંહાર કરવા, પુત્ર થઈને, વંશ વધારવા **'પ્રદ્યુમ્ન'** થયા,

ધર્મની રક્ષા માટે નારાયણના અંશ રૂપે 'અનિરુદ્ધ' થયા અને ભક્તોની પ્રસન્નતા માટે **'વાસુદેવ'** થયા. આમ ચતુર્મૂર્તિનું ચરિત્ર વર્ણન કર્યું છે. માટે આ અધ્યાયના ર૬મા શ્લોકમાં કહે છે - અસૂરોની સેનાના પાદ પ્રહારથી ચગદાયેલ ભૂમિનો કલેશ દૂર કરવા માટે ભગવાન 'સિતકૃષ્ણ કલેશ' પ્રકટ્યા જેના માર્ગને કોઈ જાણી શકતું નથી. તે પોતાના મહિમા વધારનારા કર્મો કરશે.

(૨) **'લીલા'** - કૃષ્ણના જન્મનું તાત્પર્ય સમજાવી તેમણે કરેલ **પૂતના મોક્ષ** અને **શકટાસૂર** વધની કથા, તેમ જ **'યમલાર્જુન મોક્ષ'**ની લાલા રૂપ વિસર્ગને સમજાવે છે. તેથી કહે છે કે ભગવાન છ દિવસના થયા ત્યારે પૂતનાને મારી, ત્રણ માસના થતાં ગાડાને ઊંધું વાળ્યું અને ઘૂટણે ચાલતાં થયા ત્યારે 'અર્જુન' વક્ષને ઉખેડી 'નળકુબેર - મણીગ્રીવ'નો ઉધ્ધાર કર્યો. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ભગવાન ચતુર્મૂર્તિ ન હોય તો આ કાર્યો કરી ન શકે. પૂતનાના પ્રાણ રૂપી દૂધનું પાન કરી તેનો મોક્ષ કર્યો, શકટને ઊંધું વાળી શકટાસૂરને મોક્ષ આપ્યો, યમલાર્જુન સુધી ઘૂંટણી ચાલી વૃક્ષોને મૂળમાંથી ઉખેળી નાંખી તે બધામાં **'વાસુદેવ'**નું સામર્થ્ય હતું. **સંકર્ષણ** વિના સ્પર્શ માત્રથી નાશ ન થઈ શકે, **અનિરુદ્ધ** ન હોય તો નારદજીના શાપથી થયેલા યમલાર્જુન વૃક્ષની પાસે આવી તે બન્ને વૃક્ષની વચ્ચે પેસી ન શકે, અને **પ્રદ્યમ્ન** વિના તેના શાપનું નિરાકણ કરી તેમને પુનઃ દેવતારૂપ ન બનાવી શકે. તેઓ ખુલાસો કરે છે કે **સાધન વિના સાધ્ય થાય તે પરબ્રહ્મરૂપ જ હોઈ શકે કારણ કે પરબ્રહ્મ જ સર્વ થવાને સમર્થ છે.** જો કોઈ વાતે ન્યૂન હોય તો અન્ય કોઈ સન્માર્ગ વિરોધીને મુક્તિ આપી ન શકે. અહીં ભગવાને સાધન ન હતું છતાં મુક્તિરૂપ સાધ્ય સિધ્ધ કર્યું તે વાત તેમના સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણ હોવાનું સિધ્ધ કરે છે. ગાડું ઊંધું પાડવાની ક્રિયા ભગવાનમાં રહેલી પૂર્ણ ક્રિયાશક્તિનું સૂચક છે. પૂતનામાં ભગવાનના મુખનો સંબંધ હતો, જ્યારે શકટમાં ચરણનો સ્પર્શ હતો, પરંતુ અર્જુન વૃક્ષમાં તો તેટલો પણ સંબંધ ન હતો. માત્ર ઉખલ વૃક્ષને અડકવા માત્રથી જ વૃક્ષો મૂળમાંથી ઉખળી ગયા છે તે ભગવાનની ઈચ્છાશક્તિનું સૂચક છે. ભગવાનની આ લીલામાં **જ્ઞાન**, **ક્રિયા** અને **ઈચ્છા** બતાવે છે **'વિસર્ગ'**નું લીલાનું સ્વરૂપ છે.

(૩) **'હસિત'** શબ્દથી હવે **'સ્થાન લીલા'**નું સ્વરૂપ સમજાવતાં ર૮માં શ્લોકમાં કાલીય મર્દનથી વ્રજના પશુઓ અને ગોપબાલોને અનુગ્રહપૂર્વક દૃષ્ટિમાત્રથી જીવાડવાનો પ્રસંગ કહે છે. વ્રજની ગાયો, પશુઓ અને બાળકો કાલીનાગના ઝેર યુક્ત યમુનાજીના જળથી મૃત પામેલા તેને ઉગાર્યા છે. તેણે ભગવાનના ભક્તો તથા પશુઓને ઝેરી જળ પીવડાવ્યું તે તેનો અપરાધ હતો. **'કાળ'** જે ભક્તનો દ્રોહ કરે તેને જ ગળે છે. ગોપબાલોની બુધ્ધિ એવી હતી કે અમે કૃષ્ણને પાળીએ છીએ, પરંતુ જ્યારે કૃષ્ણ 'કાલીય હ્રદ'માં પડ્યા ત્યારે તેમણે વિચાર્યું કે જોઉં છું તે બાળકો અને વ્રજસ્થો મને કેવી રીતે બચાવે છે ? પરંતુ જ્યારે તેઓ કાંઈ ન કરી શક્યા ત્યારે ભગવાન તેને હસે છે. **'હસિત'** શબ્દનું આ તાત્પર્ય છે.

(૪) **'ઈક્ષણ'**. આ શબ્દનું તાત્પર્ય સમજાવતાં **'દાવાગ્નિ પાન'**નો પ્રસંગ કહે છે. રાતમાં

જ્યારે બધા નિંદ્રાધીન હતા ત્યારે અચાનક વનમાં અગ્નિ પ્રગટ્યો ત્યારે જાણે કાળ આવ્યો હોય તેમ થયું પરંતુ ભગવાને વ્રજવાસીઓને આફતમાંથી બચાવ્યા હતાં. ભગવાનનું કર્મ દેવોના જેવું છે. દેવલોકમાં થાય તે દિવ્ય કહેવાય. ગ્રીષ્મ ઋતુમાં જ્યારે દાવાગ્નિ પ્રગટ્યો ત્યારે નિદ્રામાં સૂતેલા વ્રજને ભગવાને ત્યાંથી અન્યત્ર ખસેડ્યા. બીજીવાર મુંજાટવીમાં ગાયોને ચરાવતા હતા ત્યારે પણ અગ્નિમાંથી સૌને બચાવ્યા હતાં. 'ઈક્ષણ' શબ્દ આંખથી જોવાના અર્થમાં છે તે બે આંખથી થાય છે. આ લીલા ભગવાને બે વાર કરી તેથી ઈક્ષણ શબ્દ પ્રયોગ કર્યો છે. આ **'પોષણ લીલા'**નું સૂચક છે.

(૫) **'ઉલ્લાસ'**નું તાત્પર્ય સમજાવતાં બે લીલાનું વર્ણન કરે છે - એક ભગવાનને દોરડાથી બાંધવાની અને બીજી જ્યારે ભગવાને બગાસું ખાધું ત્યારે તેમનું મુખ ખુલતાં યશોદાજીએ તેમાં સમગ્ર બ્રહ્માંડને જોયું. આ બન્ને ચરિત્રો ભગવાનનું **'બ્રહ્મપણુ'** સિધ્ધ કરે છે. શ્રી મહાપ્રભુજીએ અણુભાષ્યમાં પણ બે અધિકરણમાં આની ચર્ચા કરી છે. ભગવાનને બાંધવા યશોદાજીએ જે દોરડું લીધું તે ભગવાનને બાંધવામાં ઉપયોગી થઈ શકે નહીં, કારણ કે દોરડાની આદિ અને અંતમાં ભગવાન હોવાથી તે ભગવાનને પોતાની અંદર લઈ શકતું નથી. ભગવાનનું દેખાતું પેટ તે સર્વ વસ્તુનું સ્થાન છે. વસ્તુના 'સ્વરૂપ ભૂત' છે. તે વસ્તુના આદિ અંતમાં આવી જાય છે માટે તેનું માપ થઈ શકે નહીં. વળી જ્યારે યશોદાજીએ, ભગવાને જ્યારે બગાસું ખાધું, ત્યારે તેમનું મુખારવિંદ ખુલ્લુ થયું. ત્યારે તેમાં બધા લોક જોયા. તેથી તેમને પોતાના પુત્રપણામાં શંકા થઈ અને **'ભગવત્ત્વ'**નો બોધ થયો. આ બન્ને ચરિત્રોથી ભગવાન વિશ્વના આધાર છે અને અનુભવમાં મોહ ઉત્પન્ન કરાવે છે. તે સર્વ ભૂતોમાં રહીને સર્વ ભૂતને પોતાની અંદર રાખે છે. આ જ ભગવાનનો ઉલ્લાસ છે. જે તેમની **'ઊતિ'** લીલાનું સૂચન કરે છે.

(૬) **'ભ્ર'** શબ્દ **'મન્વન્તર લીલા'** સમજાવે છે. અહીં ભયરૂપ વરુણના બંધનમાંથી ભગવાન નંદરાયજીને છોડાવે છે. એકાદશી વ્રતમાં અને અંબિકાની યાત્રામાં ભગવાન સિવાય અન્ય કર્તવ્ય તે **'અસ્વધર્મ'** છે, **સ્વધર્મ** કેવળ ભગવાનની સેવા છે તેમ સમજાવે છે. ભગવાન નંદજીને વરુણના પાશમાંથી છોડાવે છે. તે જ રીતે જ્યારે વ્યોમાસુર ગોવાળીઆનું રૂપ ધરી રમત રમતાં ગોવાળીયામાં સામેલ થઈ જાય છે, જેમાં કેટલાક ગોવાળો ઘેટા બન્યા છે. તે ઘેટારૂપ ગોવાળોને લઈ જઈ ગુફામાં ગોંધી રાખે છે. તે ગુફામાંથી પાતાળનો માર્ગ છે. ભગવાને તેમને છોડાવી વ્યાપિ વૈકુંઠમાં લઈ જઈ તેમનો ઉધ્ધાર કરે છે. આવું ચરિત્ર ન યોગથી બને, ન માયાથી કે ન કાળથી. તેથી આ **'બ્રહ્મ ચરિત્ર'** છે જે **'મન્વન્તર લીલા'** સૂચક છે.

(૭) હવે **'ભ્રંગ'** શબ્દથી **'ઈશાનુંકથા'**નું સૂચન કરે છે. જ્યારે ભગવાને ઈન્દ્ર યાગ બંધ કરાવ્યો ત્યારે વ્રજનો નાશ કરવા ઈન્દ્રે વ્રજ પર વૃષ્ટિ કરી. ત્યારે સાત વર્ષનું આયુ ધરાવતા ભગવાને સાત દિવસ સુધી એક શ્રી હસ્તથી **'ઉચ્છિલીન્દ્ર'** (બીલાડીના ટોપ)ની માફક ગિરિરાજ

ધારણ કરી વ્રજભક્તોની રક્ષા કરી. ગોવાળો સદા ઈન્દ્રનો યજ્ઞ કરતાં. દેવતા પ્રસન્ન થાય તે યજ્ઞનું ફળ છે. ભગવાને યજ્ઞ બંધ કરાવ્યો તેથી તેના દ્વારા રક્ષા કરનાર ઈન્દ્ર ન રહ્યો. તેના પ્રત્યાઘાત રૂપે વરસાદ વરસવા લાગ્યો અને વ્રજનો નાશ થવા લાગ્યો. તેથી ભગવાને તેની રક્ષા કરવાની ઈચ્છા થવાથી માત્ર સાત વર્ષની વય હોવા છતાં સાત દિવસ સુધી ગોવર્ધનને એક હાથમાં ધારણ કર્યો. અહીં **'ઉચ્છિલીન્ધ્ર'** ચોમાસામાં થતાં 'ટોપ' જે એકદમ હલકા હોય છે, તેવા વજન ન લાગે તેવી રીતે ભગવાને ગોવર્ધનને ઉંચક્યો. 'સાત દિવસ'નું તાત્પર્ય એ છે કે ઈન્દ્રના સપ્ત તંતુ યજ્ઞનો બાધ કર્યાથી ઈન્દ્રે જે દુખ આપ્યું તે મટાડવું હોય તો સાત દિવસ નિરંતર દુ :ખનો અનુભવ થાય ત્યારે તે સારું થાય. તેથી સાત દિવસ ભગવાને ગિરિરાજ ધારણ કર્યો. ભગવાને એક હાથમાં રાખ્યો તે ભગવાનની **'ક્રિયાશક્તિ'**નો દ્યોતક છે. ત્યાં **'તૈરયં સાધ્યતાં મખ :'** એમ કહ્યું છે **જેનું તાત્પર્ય છે કે ભગવાન જ આ ક્રિયા કરનાર હોવાથી તેની ઈચ્છા માત્રથી જ ગોવર્ધન અધ્ધર રહ્યો. હાથનો તો માત્ર દેખાવ માત્ર કર્યો છે કારણ કે શાસ્ત્ર મુજબ હાથ વિના કાંઈ અધ્ધર રહી ન શકે માટે તે શાસ્ત્ર સાચા કરવા માટે ભગવાને હાથ ગ્રહણ કર્યો છે.** ગોવાળો ગિરિરાજ નીચે સાત દિવસ ભૂખ્યા ન રહે તે માટે તેમણે **'વેણુવાદન'** લીલા કરી. વેણુ સાત છીદ્રવાળી છે તેમાં અમૃત પૂરી ભક્તોના કર્ણ દ્વારા તેમનું પોષણ કરી ભગવાને તેમના પ્રાણ બચાવ્યા.

(૮) હવે **'સંસૂચત'** શબ્દથી **'નિરોધ'** લીલા સમજાવે છે. તે ભગવાનના સ્વરૂપમાં ફલનું સૂચન કરે છે. અહીં ગોપીઓ સંબંધવાળુ ભગવચ્ચરિત્રનું **'રાસલીલા'**નું વર્ણન છે. વૃંદાવનમાં રાતના સમયે જ્યારે લૌકિક-વૈદિક બધા કામ સમાપ્ત થાય છે ત્યારે ભગવાન રમે છે. આ નિવૃત્ત કરનાર ભક્તિ છે માટે શ્લોકમાં **'નિશાકર'** શબ્દ કહ્યો છે. ચંદ્ર મનોરૂપ છે. મનની ઈચ્છારૂપ ચંદ્રકિરણો ભક્તિના વિવિધ પ્રકારો છે જેનાથી રાત્રીઓ ઉજ્જવલ થઈ ગઈ છે. આવા અલૌકિક વાતાવરણમાં ભગવાનને 'રાસ'ની ઉત્કંઠા થઈ છે. રાસનો અર્થ છે **'રસપૂર્ણ'**, અન્ય સંબંધ રહિત પદાર્થ. અનેક ભગવત્પ્રયાસોએ કરેલ નૃત્ય વિશેષ તે **'રાસ.'** તેમાં કેવળ શૃંગારરસનો અભિનિવેશ જોઈએ, જેમ ભક્તના ગુણો અને સૌંદર્યમાં જ મનનો નિગ્રહ બતાવ્યો છે અને ત્યારે જ ભગવાને અંદર રસપૂર્ણ થઈ તે ભક્તોને રસ પ્રકટ કરવા માટે અવ્યક્ત મધૂરપદવાળી તાન છેડી હતી. ભગવાન જેના વિષય છે એવા કામમાં ભગવદધર્મનો પ્રવેશ થતો નથી તેથી એવી ગોપીઓને ભગવત્સંબંધમાં પ્રતિબંધ કરનાર કામનો અધિદેવરૂપ **'ધનદ'** (કુબેર) રૂપ અર્થાધિષ્ટાત્રી દેવતાનો ભાઈ છે. કુબેરથી નાનો છે તે એ ગોપીઓના કામમાં પ્રતિબંધક બન્યો, તેમ છતાં ભગવાન પોતાની ઈચ્છાથી રાસમાં પ્રવૃત્ત થયા. ભગવાને વ્રજ સીમન્તિનીઓના મનમાં કામના રોગને ફેલાવનાર કુબેરના નોકર શંખચૂડના મસ્તકને ઉડાવી તેમને લૌકિક કામ મુક્ત કર્યા છે. આમ ગોપીઓ સંબંધી ચરિત્રો **'સંસૂચક'** હોઈ તેમણે **'નિરોધ લીલા'** બતાવી છે.

(૯) હવે **'ભૂરિ'** શબ્દથી **'મુક્તિ'** અને **'અનુગ્રહ'** શબ્દ દ્વારા **'આશ્રય'** લીલાના તાત્પર્યને

સમજાવતાં કહે છે કે પ્રલંબ, ખર, દદુર, કેશી, અરિષ્ટ, મલ્લ, કુવલયાપીડ, કંસ, યવન, ભૌમ, પૌણ્ડ્રક તેમ જ શાલ્વ, દ્વિવિદ, બલ્લવ, દંતવકત્ર, શંબર, વિદૂરથ, રુકમી જેવા અનેક દૈત્યો અને દૈત્યાંશ રાજાઓને ભગવાને માર્યા ત્યારે તે સૌ ભગવાનના ધામમાં ગયા છે. કેટલાકને બલભદ્રે માર્યા તેઓ પણ ભગવાનનું મુખ જોતા પ્રાણ છોડનારા હોઈ મુક્તિ પામ્યા છે. ધર્મયુદ્ધમાં જેઓ અર્જુનના બાણથી મરાયા તેઓને પણ વૈકુંઠ પ્રાપ્તિ થઈ છે. શ્રી મહાપ્રભુજીએ અહીં પ્રત્યેકના સ્વરૂપને સમજાવી તેમને મુક્તિ મળવાના કારણો બતાવ્યા છે. યુદ્ધમાં ભગવાન જેમાં અર્જુનના સારથી હતા તેઓ બીજા નિમિત્તથી મર્યા હતાં, તેવા, તથા જેઓ ભગવાનના દ્વેષી હતાં તેઓની મુક્તિ પણ સમજાવી છે.

(૨૨) ભગવાનની ચિંતા અથવા ચિંતનરૂપ અવતાર **'વ્યાસજી'**નો છે. તેઓ વેદના અર્થનો નિશ્ચય કરીને ભગવદ્ સ્વરૂપનો લોકમાં ઉપદેશ કરે છે. દ્વાપર યુગ બેઠો ત્યારે લોકનું જ્ઞાન ઢંકાઈ ગયું, જેથી લોકો વેદનું તાત્પર્ય ન સમજી શકે માટે વ્યાસજીએ વેદના વિભાગો કર્યા, પુરાણોની રચના કરી અને ચતુર્યુગની વ્યવસ્થા બતાવી.

(૨૩) હવે **'બુધ્ધાવતાર'**નો મર્મ સમજાવે છે. તેઓ કહે છે કે વેદ માર્ગથી અણુ માત્ર પણ જેઓની વિરોધવાળી કૃતિ હોય તેને પાખંડી સમજવો. તેઓ જ વેદની નિંદા કરનારા છે એમ જાણવું. દૈત્યો વેદ માર્ગમાં વ્યવસ્થિત રહ્યા હતાં. જોકે દૈત્યોને મોહ પમાડવા વેદે ઘણા પ્રકારો કહ્યા હતા પરંતુ સામાન્ય રીતે વેદથી 'વિરુદ્ધ' કરવા માટે જ 'બુધ્ધાવતાર' થયો છે. તેઓ એમ પ્રતિપાદિત કરતાં કે અમે જ વેદ જાણનાર છીએ, એમ કહી પોતાને વૈદિક બતાવી લોકમાં મોહ ઉત્પન્ન કરતાં. 'માયા' મય નામના દાનવે પ્રવર્તાયેલી છે તેથી તે દૈત્યો લૌકિક વૈદિક બન્ને માર્ગોનો નાશ કરે છે. કેવલ લોકોને મારવારૂપ દેવ દ્રોહનું જ તેમનું આચરણ નથી પરંતુ તે ભગવાનની સૃષ્ટિનું રૂપાંતર કરી નાંખે છે. તેનો સ્વરૂપથી નાશ કરે તો પાછી એની સૃષ્ટિ થાય, માટે તેને નહીં મારતાં તેની બુધ્ધિ ને બદલાવી દે છે, મોહ ઉત્પન્ન કરે છે. તેમણે બુધ્ધિમાં લોભ પેદા કર્યો, થોડું સઘન કરતાં અત્યંત ફળ બતાવનારા શાસ્ત્રો રચ્યા, બુધ્ધનો વેષ ધારણ કર્યો, હું સર્વજ્ઞ છું એમ લોકોને બતાવીને વિશ્વાસ સંપાદન કર્યો. આમ પાખંડનું પ્રવર્તન કર્યું.

(૨૪) **'કલ્કિ અવતાર'**. શુકદેવજી સમજાવે છે કે સત્પુરુષોના ઘરમાં જ્યારે ભગવાનની કથાઓ બંધ થશે, ત્રૈવર્ણિકો પાખંડી બનશે, રાજાઓ શુદ્રો થશે, સ્વાહા, સ્વધા અને વષટ્ એ યજ્ઞ શબ્દો સંભળાવા બંધ થશે ત્યારે કલિયુગના અંતમાં ભગવાન બધાને સીધા કરવા માટે પ્રકટ થશે. કલિયુગના આરંભમાં જ પરીક્ષિત રાજામાં ભગવાન આવિષ્ટ થયા તેથી તેમણે કલિનો નિગ્રહ કર્યો પરંતુ તેમની પકડમાં બરાબર આવ્યો નહીં કારણ કે તે સમયેભગવત્કથાનો પ્રચાર હતો. કલિયુગના કારણે ધર્મનો અભાવ માત્ર થયો નથી પરંતુ તેના પ્રભાવથી વૈદિક ધર્મ પણ લોકમાંથી ગયો. ધર્મને ઉત્પન્ન કરનાર બ્રાહ્મણો છે અને તેનું પાલન કરી ચલાવનાર ક્ષત્રિયો છે. તે બન્ને તો

કલિયુગમાં નષ્ટ થઈ ગયા. રાજાઓ શુદ્ર થવાથી તેઓ પણ ધર્મનાશક થયા. ધર્મનો અને વેદનો નાશ કરવા માટે તેઓ વૈદિક કર્મો કરે છે. અનુકરણના રૂપમાં વિધિઓ થાય છે. તે ધર્મ નહીં ધર્માભાસ છે. ધર્મનો દેખાવ માત્ર છે. દેવો પ્રત્યક્ષ થતા નથી તેથી યજ્ઞ બંધ થવા માટે **'સ્વાહા'** ઈત્યાદિ શબ્દો સંભળાતા નથી. ધર્મભાવ, ભક્તિનો અભાવ, વેદનો અભાવ જ્યારે ચરમ સીમા પર પહોંચશે ત્યારે 'કલ્કિ' અવતાર રૂપે ભગવાન પુન : જન્મ લેશે અને આ ચતુર્યુગ પૂરો થતાં યુગાંતરે ફરી સત્યયુગનો પ્રારંભ થશે, જ્યારે ભગવાનના બધા ધર્મો પ્રકટ થશે.

ભગવાનના ૨૪ અવતારોનું વર્ણન કરી હવે બ્રહ્માજી નારદને સમજાવે છે કે ભગવાન પોતાના ગુણો વડે અને કાળના ભેદથી અનેક પ્રકારના રૂપો ધારણ કરે છે, તે સર્વદા એકરૂપ રહેતા નથી. **ભગવાન જ્યારે જગદ્રૂપે પ્રગટ થાય છે ત્યારે તેમ થવામાં નિમિત્ત બનવા પોતાની 'માયાશક્તિ'નો ઉપયોગ કરે છે.** સર્વ થવાને સમર્થ ભગવાનની માયાશક્તિ (**સર્વભવન સામર્થ**) છે. ભગવાનની ઈચ્છા બધાનું કારણ છે, છતાં તે ઈચ્છા દેખાતી નથી, પરંતુ તેના નિયામક ભગવાનના વિવિધ રૂપો અથવા વિભૂતિઓ છે. તેઓ સમજાવે છે કે પૃથ્વીના રેણુ (કણો)ને ગણી શકાય પરંતુ વિષ્ણુના પરાક્રમોની ગણના થઈ શકે નહીં. આ કાર્યરૂપ જગતમાં સમર્થ જીવોની ગણનામાં **'બ્રહ્મા'** મુખ્ય છે, જેને તત્ત્વો (૨૮)ની સહાયતાથી આ બ્રહ્માંડની રચના કરી અનેક જીવોને ઉત્પન્ન કર્યા છે. ભગવાનના અંતને કોઈ પામી શકતું નથી, હું પણ નથી પામતો કે સનદાદિ ઋષિઓ પણ, જેઓ માયાના બળવાળા છે તેઓ નથી પામી શકતા તો બીજા તો ક્યાંથી પાર પામી શકે. સહસ્ત્ર મુખવાળા **શેષ** પણ ભગવદ્ ગુણ ગાય છે પરંતુ આજ પર્યંત તે પાર નથી પામી શકતા તો એક જીભવાળાનું તો સામર્થ્ય ક્યાંથી હોય? ભગવાન માયાના ધણી છે. તેનાથી ઓછા પરાક્રમવાળા કાલાદિ તો તેનો મહિમાને કેમ પાર પામે? તે તો ભગવાનની 'ચેષ્ટારૂપ' છે, છતાં તેનું તે સામર્થ્ય નથી. શેષ વેદના અભિમાનીની દેવતા છે, જે પદાર્થને હજાર રીતે કહેવાનું સામર્થ્ય ધરાવે છે. તેણે જ્યારથી સૃષ્ટિનો આરંભ થયો ત્યારથી ગુણ ગણવાનો આરંભ કર્યો છે પરંતુ હજી તેનો અંત આવ્યો નથી. આમ કહી ભગવાનનું માહાત્મ્ય બતાવે છે. આવા ભગવાનની ક્ષણ માત્ર પણ **'ધારણા'** કેવી રીતે સંભવે? આમ છતાં ભગવાન સર્વ માર્ગના પ્રવર્તક છે, મોક્ષને આપનારા છે તેથી તેમની ધારણા તો અવશ્ય પ્રવર્તાવવી જોઈએ. તે સમજાવવા કહે છે કે ભગવાન પોતાની ઈચ્છાથી દયા કરે છે. ભગવાનનો આશ્રય કરનાર પર ભગવાન દયા કરે છે અને તેવાઓ ભગવાનની માયાને તરી જાય છે. જો સર્વના ઉપર દયા કરે તો બધા જ મુક્તિ પામે, અને તો ભગવાનનું 'અનંતપણુ' ન રહે. ભગવાન **'દયાવાળા'** છે તો ધારણા શા માટે કરવી પડે? તેનો ખુલાસો કરતાં કહે છે કે ભગવાન સાધનથી કાર્ય કરે છે. માટે સાધનનો ઉપદેશ કરે છે જેઓ ભગવાનને હૃદયમાં ધારણ કરે તેના પર ભગવાન દયા કરે છે. ભગવાનની ઈચ્છા દયાને અનુકુળ રહેવાથી બીજા સાધનોની સિધ્ધિ એની મેળે થઈ રહે છે. માટે જ કહે છે કે સર્વભાવપૂર્વક

'ભગવત્-પ્રપત્તિ' અર્થાત્ **શરણાગતિ** સ્વીકારવી. જેઓ સર્વાત્મ પ્રકારે ભગવાનના ચરણનો આશ્રય કરે છે અને તેમાં ફલની ઈચ્છા કે કોઈ જાતનું કપટ ન હોય, તે ફળ પ્રાપ્તિ કરે છે. માટે જ કપટ છોડીને ભગવાનનું ભજન કરવું જોઈએ. ભગવાનની **'નિષ્કામ ભક્તિ'** કરનાર જ્યારે દુસ્તર માયાને તરે છે ત્યારે તેને ભગવદ્ ભક્તિ અને જ્ઞાન સિધ્ધ થાય છે. તેનામાં આત્મબુદ્ધિ રહેતી નથી, કોઈ પ્રકારની મમતા રહેતી નથી. અહીં કૂતરા-શિયાળને ખાવા લાયક દેહ કહ્યો છે તેનું એ તાત્પર્ય છે કે તે તેનું છેલ્લું ફલ છે, અર્થાત્ આ દેહનો છેલ્લો ઉપયોગ તે જ હોઈ શકે, માટે તેમાં મમતા ન રહેવી જોઈએ.

આગળ ભક્તોના પ્રકાર બતાવ્યા છે જેમાં પ્રથમ **'બ્રહ્મા'**થી છેલ્લે **'શુક'** સુધીનો ઉલ્લેખ કર્યો છે. શુકના અધિકારથી બ્રહ્મા સુધીના અધિકારો પગથી શરૂ કરીને કહે છે. પ્રથમ ચરણની સેવા બ્રહ્માને મળી છે તેમણે ચરણને ધોઈ, પૂજા કરી ગંગાને ઉત્પન્ન કરી. હંસ શુકાદિ ભગવાનના ચિત્ર રૂપો છે જેના ત્રણ પ્રકાર - સાત્વિક-રાજસ-તામસ છે. ભગવાનના જ્ઞાનમાં ભક્તિમાર્ગ મુખ્ય છે તેથી અહીં ભક્તોને જ ગણાવ્યા છે. આ જગત ઉત્પન્ન કરવાની જેને આજ્ઞા થઈ છે તે **'યોગમાયા'** છે જે ભગવાનની આજ્ઞાકારિણી છે. તેનું સ્વરૂપ જાણવાથી ભગવાનને જાણી શકાય છે. તેની મારફત લોકમાં ભગવાન પ્રકટ થાય છે. અહીં માયાનું 'આધિદૈવિકપણુ' બતાવવા તેને **'યોગમાયા'** કહી છે. આમ ભગવાનના વિવિધ રૂપ તેમ જ ત્રિવિધ પ્રકારના સાત્વિક-રાજસ-તામસ ભક્તોનું નિરૂપણ કર્યું છે. અંતમાં બ્રહ્માજી નારદજીને કહે છે કે મેં તને આવા વિશ્વભાવન ભગવાનનું વર્ણન ટૂંકમાં સંભળાવ્યું. આ અનેક વિભૂતિનો સંગ્રહ છે, તે તમે વિપુલ કરજો અર્થાત્ વિસ્તારથી સમજાવજો. ભગવાન જ સર્વરૂપ છે અને સર્વ કાંઈ ભગવાનનું જ સ્વરૂપ છે. ભગવાનની આ **'સર્વભવન સામર્થ્ય'**રૂપ માયાનું શ્રદ્ધાથી શ્રવણ કરનારને મોહ ઉત્પન્ન થતો નથી. ભગવાનમાં સૌને ભક્તિ થાય એવો સંકલ્પ કરીને તમે ભગવાનના ગુણોનું વર્ણન કરજો. કારણ કે ભગવાનની લીલાઓનું શ્રવણ-કીર્તન સૌને ભક્તિ દઈને કૃતાર્થ કરે છે. આટલું કહી નારદજી બ્રહ્માજી પાસેથી વિદાય થઈ સર્વત્ર પ્રભુના ગુણગાન કરવા લાગ્યા.

આ રીતે અહીં દ્વિતીય સ્કંધના તૃતીય 'મનન' પ્રકરણનું **'ઉત્પત્તિ'** દ્વારા બ્રહ્મના તત્ત્વનો નિર્ધાર કરી હવે **'ઉપપત્તિ'**થી ત્રણ અધ્યાયમાં વિચાર કરે છે. તેમાં **'આક્ષેપ' - (શંકા)**, **'સિધ્ધાંત'** અને **'ફલ'** વડે યુક્તિપૂર્વક કહેવામાં આવ્યું છે. આઠમા અધ્યાયમાં સંદેહ કરતાં પરીક્ષિતનો પ્રશ્ન 'આક્ષેપ પૂર્ણ' છે અને બીજા પણ રાજાના આક્ષેપ મૂલક પ્રશ્નો છે તેને સમજાવવામાં આવ્યા છે.

• અધ્યાયાર્થ (અધ્યાય ૮-૧૦)

અગાઉના ત્રણ અધ્યાય ૫થી ૭માં **ઉત્પત્તિ**થી વિચાર કરી હવે ૮થી ૧૦ એ ત્રણ અધ્યાયમાં **ઉપપત્તિ** અર્થાત્ તર્કથી વિચાર કરવામાં આવ્યો છે. 'તર્ક'ના ત્રણ પાસા હોય છે- (૧) શંકા, (૨)

સમાધાન, (૩) ફળ.

ભગવાને આ સર્વ જગત બનાવેલ છે, તે અગાઉ પાંચમા અધ્યાયમાં કરોળિયાના દૃષ્ટાંતથી બતાવ્યું હતું જે અહીં પણ લાગુ પડે છે કારણ કે ભગવાન જ સર્વનું મૂળ અર્થાત્ ઉપાદાન કારણ છે. પરંતુ ભગવાનનું મૂળ શું એવો તર્ક કોઈ કરે તો બ્રહ્માજીએ તપ કર્યુ ત્યારે ભગવાને તેમને પોતાના દર્શન કરાવ્યા છે. ભાગવતનું સ્વરૂપ સર્ગ ઈત્યાદિ ભગવાનની દશ લીલાઓ યુક્ત છે તેથી અંતિમ ક્ષણોમાં શ્રી ભાગવતનું શ્રવણ કરવું જોઈએ કારણ કે તે ફળ રૂપ છે. અહીં દશમા અધ્યાયમાં પદાર્થો અને સ્વરૂપ સાથે ભાગવતનું નિરૂપણ કરેલું છે તેથી ભાગવતમાં ફળરૂપ ભગવાનની કૃપાનું નિરૂપણ છે તેમ સમજાવે છે, તેથી તેનું શ્રવણ અવશ્ય કરવું જોઈએ. અહીં કહે છે કે વિદુરજીએ માત્ર સર્ગ અને વિસર્ગ એ બે લીલાઓનું જ શ્રવણ કરવાથી પણ સંપૂર્ણ ફળ પ્રાપ્તિ થયેલ હતી તો પછી સંપૂર્ણ ભાગવતનું શ્રવણ કરે તેને ઉત્તમ ફળ પ્રાપ્ત થાય તેમાં શંકાને સ્થાન નથી.

• સુબોધિની (અધ્યાય ૮)

પરીક્ષિત શુકદેવજીને કહે છે કે ''ઉપરોક્ત અધ્યાયમાં બ્રહ્માજીએ નારદજીને ગુણાતીત ભગવાનના જે ગુણોનું વર્ણન કરવા પ્રેરણા આપી, જેથી તેમણે જેને જેને આ ગુણો કહ્યા તે વિશે મને જણાવો.'' આમ અહીં યુક્તિપૂર્વકનું મનન કહે છે. નારદજી બે વાર **''યસ્મૈ''** પદનો પ્રયોગ કરી એમ સૂચવે છે કે જેને જેવો અધિકાર હોય તેને તેવું તત્ત્વ સમજાય અર્થાત્ જુદા જુદા અધિકારવાળા સૌને ભગવાનની કથા સાંભળવાનો અધિકાર છે. અગાઉ શ્રી શુકદેવજીએ **''તસ્માત્ ભારત''** એ શ્લોકમાં **'ઈચ્છતાડભયમ્'** અર્થાત્ જેને અભયની ઈચ્છા હોય તેવા લોકોને આ ભગવાનના ચરિત્ર સાંભળવા જોઈએ તેમ કહ્યું હતું, જ્યારે અહીં તો બ્રહ્માજી નારદજીને કહે છે કે તમે આ ભગવાનના ગુણાનુવાદ સર્વની આગળ કરો. આમ બે અલગ અલગ આજ્ઞાઓનો સમન્વય કેવી રીતે થઈ શકે તેમ પરીક્ષિત શંકા ઉત્પન્ન કરે છે. રાજાએ આ પ્રકારના અનેક પ્રશ્નો પૂછ્યા છે જેમાં અનાદર નથી પરંતુ શ્રધ્ધાપૂર્વક શંકાનું સમાધન તેઓ ઈચ્છે છે. તેમનામાં 'પરીક્ષા બુદ્ધિ' નથી પરંતુ વિરોધાભાસી કથનોનો ખુલાસો તેઓ ઝંખે છે. તેઓ શુકદેવજીને વિનંતી કરે છે કે આ વાતનો ખુલાસો કરો, જેથી મારૂં મન સંગરહિત બને, કૃષ્ણમાં પરોવાય અને હું અંતે શરીર છોડું.''

અહીં શંકા ઉઠાવે છે કે **'સર્વ દુ:ખના હરનાર ભગવાનની કથા સર્વ પુરાણોમાં પ્રસિધ્ધ છે, તો અહીં તેને વિશેષરૂપે કહેવાનું તાત્પર્ય શું?'** આના ઉત્તરમાં સ્પષ્ટતા કરે છે કે ભગવાનનું ચરિત્ર એટલું બધું સરળ નથી, કેમ કે આપણે જોઈએ છીએ કે તે કરે છે બીજું અને થાય કાંઈક જુદું જ. કેટલાક પ્રસંગો માત્ર પુરુષને મંગલરૂપ હોય છે જેવા કે રક્ષાબંધન વગેરે, જ્યારે કેટલાક કુલનું મંગળ કરનારા હોય છે. જેમ કે પુત્રજન્મ ઈત્યાદિ. પરંતુ **ભગવાનની કથા તો સર્વનું**

મંગળ કરનારી છે, સર્વત્ર મંગળ કરનારી છે. શુકદેવજી સમજાવે છે કે શ્રીકૃષ્ણનું ચરિત્ર એવું અટપટું છે કે તેને આપણે જાણીએ છીએ તેવા તે નથી, અર્થાત્ વાસ્તવમાં આપણે તેને જાણતા જ નથી. આપણે તો તેને પરિચ્છિન્ન જાણીએ છીએ. પરંતુ તે સર્વના આત્મા છે. તેને જો સર્વના આત્મારૂપ જાણી શકીએ તો જ તેને જાણ્યા કહેવાય. તેથી માત્ર તેમાં સાધારણ મન લગાડવાની વાત નથી પરંતુ તેને સર્વાત્મપણાથી તેની ઉપાસના કરવી જોઈએ અને ત્યારે જ બધું કાર્ય આપોઆપ સિધ્ધ થાય. **જો શ્રધ્ધાપૂર્વક નિત્ય તેમની લીલાઓનું શ્રવણ કરાય અને તેમની લીલાઓનો ઉચ્ચાર થાય અથવા કીર્તન કરવામાં આવે તો થોડા સમયમાં ભગવાન જરૂરથી હૃદયમાં પધારે.** અહીં શ્રવણ અને કીર્તન એ બન્નેની મહત્તા બતાવી છે. આમ ભગવાનને હૃદયમાં પધારવાના ઉપાયો બતાવી તેનું ફલ સમજાવતાં કહે છે કે કીર્તનમાં પણ શ્રવણ રહેલું છે, કારણ કે જ્યારે મુખમાંથી ભગવાનના ગુણના શબ્દો નીકળે છે ત્યારે કર્ણરૂપી છિદ્રો - જેને માટે **'રન્ધ્ર'** શબ્દ વપરાયો છે તેમાંથી પુનઃ તે હૃદયમાં પ્રવેશ કરે છે. આમ નિરંતર શ્રવણ કરવાથી હૃદયમાં ભક્તિનો વિકાસ થાય છે જે સરોવરરૂપ બની જાય છે. 'સાધન ભક્તિ' શ્રવણ સંપુટથી બીજરૂપ થઈ હૃદય સરોવરમાં આવી જતાં તે કમલરૂપ થઈ જાય છે જે ભગવાનને બિરાજવાનું આસન છે. તે જ ભગવાનનું ઘર બની જાય છે જેથી ત્યાં પ્રવેશ કરતાં બધી પાપરૂપ શામલતા દૂર થઈ જાય છે. અહીં **'કૃષ્ણપાદમૂલમ'** પદ કહ્યું છે તેમાં **''મૂલ''** પણ ભક્તિનો સર્વ વિલાસ સદાનંદ મૂલક છે તેમ સૂચવે છે તે પછી વ્યાપિ વૈકુંઠમાં શ્રી કૃષ્ણના ચરણાર્વિંદમાં રસામૃતથી તૃપ્ત થઈને જીવ સદા ત્યાં રહે છે, એમ ફલિત થાય છે. અહીં **'પરિ'** શબ્દનું તાત્પર્ય કલેશની લેશ પર શંકા નથી, અર્થાત્ જીવનું **'અભીષ્ટ'** જ થાય છે. સર્વ સિધ્ધ થવાથી કલેશની શંકા રહેતી નથી, જેને માટે **'સર્વ'** શબ્દ મુક્યો છે. **'સ્વ શરણં'** શબ્દ ભગવદ્ શરણ અથવા **'ઘર'** થાય. આમ ભગવાન જીવનો આશ્રય છે તેમ સૂચવે છે.

શુકદેવજી કહે છે કે કથાનું સેવન કરનાર માટે બે પરિણામ પ્રાપ્ત થાય છે - (૧) **તેનું મન નિઃસંગ બને** અને (૨) **તેનું મન પ્રભુમાં પરોવાય.** કેટલાક લોકો જપ-પ્રાર્થના ઈત્યાદિ કરી મનને પ્રભુમાં પરોવવા કોશિષ કરતાં હોય છે પરંતુ તેમાં સફળતા ન મળતાં તે કંટાળીને છોડી દે છે. **મનને પ્રભુમાં જોડતા પહેલાં તેને નિઃસંગ બનાવવું જરૂરી છે, તે પછી જ તે પ્રભુમાં પરોવાઈ શકે. તે માટે નિરંતર લાંબા સમય સુધી શ્રધ્ધાપૂર્વક - આદરપૂર્વક ભગવદ ગુણાનુંવાદનું શ્રવણ આવશ્યક ગણાય અને ત્યારે જ ફલ સિધ્ધિ થાય છે, સાથે સાથે એ પણ જરૂરી છે કે તેણે ભગવાનના ચરણાર્વિંદનો આશ્રય દઢપણે કરી રાખવો જોઈએ, ક્યારેય છોડવો જોઈએ નહીં.**

હવે જીવ વિશે પ્રશ્ન કરતાં પરીક્ષિત પૂછે છે કે **'જીવને દેહનો સંબંધ કેમ થાય છે, તથા ઈશ્વરને પણ દેહસંબંધ શા માટે ? જો એમ કહે કે તે તેમની ઈચ્છાથી દેહ ધારણ કરે છે તો તેવી**

ઈચ્છાનું કારણ શું?'

શુકદેવજી ખુલાસો કરતાં કહે છે કે ભગવાનના ઉદરમાંથી લોકને રહેવા માટે (સૃષ્ટિ માટે) કમળ ઉત્પન્ન થયું. કમળ લોકનો આધાર છે, પરંતુ **'આધેય'** વગર **'આધાર'** ન રહી શકે, તેથી જો કમળ ઉદરમાંથી પ્રગટ થયું તો ભગવાનને શરીર હોવાનું સિધ્ધ થાય છે. બ્રહ્મનું આવું સાકાર સ્વરૂપ 'પ્રકટ થયું' તેમ ન કહેવાય કારણ કે જેમ પ્રાકૃત પુરુષને વિવિધ અવયવો હોય છે તેવા વિવિધ પરિમાણવાળો આ **'પુરુષ'** છે. જો આને **'આવિર્ભાવ'** માનીએ તો મનુષ્યના પ્રાકૃત દેહનો પણ **'આવિર્ભાવ'** માનવો પડે, પરંતુ તેમ ન માની શકાય કારણ કે તેનો **'તિરોભાવ'** થતાં તેના કર્મ ફળની સંભાવના ન રહે. પૂર્વમાં ભગવાનના સહસ્ત્ર ભૂજા, સહસ્ત્ર મસ્તક, આંખ વગેરે કહ્યા છે, જે પ્રાકૃત દેહ માટે સંભવ નથી. એટલે કે ભગવાનનો દેહ પ્રાકૃતથી જુદો છે, જે બ્રહ્માની ઉપર કૃપા કરવા **'પ્રસાદ રૂપે'** થયેલ છે. માટે બ્રહ્માને **'અજ'** કહ્યા છે. તે ભગવાનના અનુગ્રહ રૂપ છે જે સર્વ ભૂતોના આત્મારૂપ છે. અર્થાત્ વ્યષ્ટિ જીવોનો તે **'આત્મા'** છે. આમ અહીં શુકદેવજીએ પ્રભુના સ્થૂળ અને સુક્ષ્મ રૂપ તેમ જ જીવનું નિરૂપણમાં શ્રધ્ધાના પ્રભાવને બતાવતા કર્યું છે જે બુદ્ધિનો વિષય નથી. મુખ્ય બે પ્રશ્નો - (૧) **જીવને શરીર-સંબંધ કઈ રીતે?** અને (૨) **ભગવાનને શરીર સંબંધ શા માટે?** તેના ખુલાસા તેઓ આગળ નવમા અને દશમા અધ્યાયમાં કરે છે.

નારાયણના ઉદરમાંથી કમળની ઉત્પત્તિ અને તેમાંથી બ્રહ્મા પ્રગટ થઈ સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ બને છે તે સમજાવતાં શુકદેવજી નારાયણનું સ્વરૂપ સમજાવે છે.

બ્રહ્માના કારણરૂપ નારાયણના પ્રસાદથી જ તેમના નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે. બ્રહ્માજીનું શયન પણ નારાયણના રૂપમાં જ થાયછે. તેઓ દરરોજ ઊઠે છે અને શયન કરે છે આમ તેમની સ્થિતિ ભગવાનમાં જ રહેલી છે. તેઓ વિશ્વની **ઉત્પત્તિ**, **સ્થિતિ** અને **નાશ** કરનારા માયાના **'ઈશ'** અર્થાત્ પતિ છે. વાસ્તવમાં માયાના નિયામક **'અંતર્યામિ'** છે જે સર્વના હૃદયમાં વાસ કરીને રહ્યા છે, જેને **નારાયણ** પણ કહે છે. તેઓ પ્રલયકાળમાં શયન કરે છે. તેનો અર્થ એ થાય કે ત્યારે તેની અવસ્થા પ્રાકૃત જેવી થઈ તેથી તે દેહવાળા છે તેમ સિધ્ધ થાય છે. ભૂલોક, પાતાળ લોક ઈત્યાદિ વિવિધ લોકથી નારાયણનું સ્વરૂપ બતાવ્યું છે. ભગવાનનું 'પાદતલ' એ પાતાળ છે. તેમ 'લોક'થી સર્વ અવયવો બતાવ્યા છે. **ભૂત**, **ભવ્ય** અને **ભવત્** શબ્દથી **'કાલ'**નું સ્વરૂપ સમજાવતાં કહે છે 'કાલની' **સૂક્ષ્મ** તેમ જ **સ્થુલ** ગતિ છે. સ્વભાવથી 'કાલ' જણાતો નથી પરંતુ કાર્ય દ્વારા જ તેનું અનુમાન થઈ શકે છે. સ્થુલ કાર્યો નિત્ય હોવાથી કાલમાં ભેદ જ નથી છતાં કાલનો ભેદ જણાય છે. હમણાં ગયો, ઘણા દિવસે ગયો તે પ્રયોગોથી કાલ ચાલે છે.

વળી બીજા અનેક પ્રશ્નો કર્મ વિશે, સૃષ્ટિના પરિમાણ વિશે, ધર્મો વિશે, તત્ત્વોની સંખ્યા વિશે તેના સ્વરૂપ લક્ષણ અને કાર્ય લક્ષણ વિશે, પ્રલય વિશે, મહાપ્રલય વિશે, ચતુર્વિધ પુરુષાર્થો વિશે,

જીવના બંધન-મોક્ષ વિશે. રાજાના પ્રશ્નો છે. તેઓ કહે છે કે અહીં જે મુનિઓ વિદ્યમાન છે તે બધા સર્વજ્ઞ છે અને અનેક રીતે ખુલાસા કરી શકે છે પરંતુ આ વિષયમાં આપ જ પ્રમાણરૂપ છો, જેમ ભગવાનથી થયેલ બ્રહ્મા જગતમાં પ્રમાણરૂપ ગણાય છે. રાજા જણાવે છે કે 'હું ભોજન કરતો નથી છતાં મારા પ્રાણ દેહમાંથી જતા નથી કારણ કે ભગવાન રૂપ અમૃત અથવા ભગવાનની કથારૂપ અમૃતનું હું સેવન કરૂં છું તે મારી બધાથી રક્ષા કરે છે છતાં કોપના કારણે તક્ષકને મારી પાસે મોકલશે તો તેનાથી તે અમૃત મારી રક્ષા નહીં કરી શકે.'

શ્રી મહાપ્રભુજી સુબોધિનીમાં આ બધા પ્રશ્નોની સાર્થકતા સમજાવે છે કે આ આઠમો અધ્યાય **'વિચાર'**નો અધ્યાય છે. અગાઉના ત્રણ અધ્યાયોમાં **'ઉત્પત્તિ વિમર્શ'** કહ્યો (મનન કર્યું). હવે અહીં **'ઉપપત્તિ વિમર્શ'** કહેવામાં આવી રહ્યો છે જે **આક્ષેપ**, **સિધ્ધાંત** અને **ફલ**ના ભેદથી ત્રણ પ્રકારની **ઉપપત્તિ** બતાવી છે. તેમાં પ્રથમ અહીં **'આક્ષેપ'** - સંદેહજનક બાબત કહેવાઈ રહી છે તેથી અનેક પ્રશ્નો અહીં પ્રસ્તુત કરવામાં આવ્યા છે. અગાઉના સાત અધ્યાયોમાં **'પ્રમેય'**નું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં જે નિરૂપણ છે તે **'પૂર્વપક્ષ'** વત છે તેમ માની અહીં તેના ખુલાસા કરવામાં આવ્યા છે.

પ્રથમ અનેક શંકાઓ ઉત્પન્ન કરતાં કહે છે કે આપે કહ્યું કે જીવને સ્વભાવ અને ક્રિયા વડે અનર્થ થાય છે જે અસંગત લાગે કારણ કે પહેલાં તો એ જાણવું જોઈએ કે જીવને **'સ્વભાવ'**થી દેહસંબંધ થાય છે કે **'ઈશ્વર ઈચ્છા'**થી. જો સ્વભાવથી દેહ સંબંધ થતો હોય તો જીવનો સંસાર કદી છૂટે જ નહીં અને તેને મોક્ષ પ્રાપ્તિ થઈ ન શકે, અને જો ઈશ્વરેચ્છાથી દેહનો સંબંધ થાય છે તો તેની જોખમદારી જીવને માથે રહેતી નથી, કેમ કે એ દેહ તો ભગવાને આપ્યો છે અને તેથી તે ભગવાન છોડાવે ત્યારે તે છૂટે. વળી ભગવાનના ઉદરમાંથી કમળ થવાનું કહ્યું તો તે ભગવાન પદ્મના આધાર થયા તેથી તેઓ પદ્મથી જુદા થયા અને માટે જગતનું આધાર **'પદ્મ'** થયું તો ભગવાન સર્વના આત્મા કઈ રીતે કહેવાય? આપે કહ્યું કે બ્રહ્મા ભગવાનનો અનુગ્રહ મેળવીને સૃષ્ટિ કરે છે, કેમ કે તેમનો જન્મ જીવની માફક નથી. તેમ માયા વિશે પણ ઘણી મૂંઝવણ છે. કલ્પના ભેદો પણ વિદ્યમાન છે. દરેક કલ્પમાં ઈન્દ્રાદિ ઘણા થયા છે. અનેક વિકલ્પો, યુગભેદો છે. કહ્યું છે કે ભગવાનના બે કાન તે દિશાઓ છે. તે દિશાઓ ચોક્કસ નથી તેને કાન કહેવું ઘટે નહીં. 'દિશાઓનો કરનાર સૂર્ય છે' એમ કહ્યું છે, તેથી જે દિશામાં સૂર્ય ઊગે તે પૂર્વ દિશા કહેવાય. તેથી સૂર્ય તો કાળના માનરૂપ છે, જો તેનો વિચાર કરીએ તો દિશાઓ જ નથી તો તેને ભગવાનના **'કાન'** કેમ કહેવાય. શબ્દોની પ્રવૃત્તિ પણ કાળના ભેદથી થાય છે - જેમ કહ્યું **'ભૂતભવ્યભવચ્છબ્દ :'** તો શબ્દ **ક્ષોત્રેન્દ્રિય** કેવી રીતે થઈ શકે.' આવી જ સ્થિતિ ભગવાનના અન્ય અવયવો નાસિકા જેને 'અશ્વિનીકુમાર'નું સ્વરૂપ બતાવ્યું છે, તે વિશે છે.

આમ, અનેક રીતે રાજાએ દલીલો કરી **'પૂર્વપક્ષ'**ને રજુ કર્યું જેનાથી શુકદેવજીને સંતોષ થયો

પરંતુ ક્રોધ આવ્યો નહીં. આ બધા પ્રશ્નોના ખુલાસામાં **'ભગવન્માહાત્મય'** સ્થિર થાય છે. તેથી શૌનકાદિ ઋષિઓને સંબોધતા સૂતજી બોલ્યા કે 'આ પ્રમાણે જ્યારે પરીક્ષિતે શુકદેવજીને પ્રાર્થના કરી ત્યારે ભગવાનની કથામાં પ્રેરાયેલા શુકદેવજી સભામાં અત્યંત પ્રસન્નતાથી બોલ્યા કે બ્રહ્મકલ્પમાં ભગવાને કહ્યું હતું તે **ભાગવત** નામનું પુરાણ જે **'વેદ તૂલ્ય'** છે તેનો ઉપદેશ આપતાં શુકદેવજીએ પરીક્ષિતના પ્રશ્નોનો ખુલાસો કર્યો. ભાગવત **'વિષયાત્મક'** તો અનેકધા છે પરંતુ **'વિચારાત્મક'** બે પ્રકારનું છે. તેમાં **'ઉત્પત્તિ'**ના પ્રકારથી કહેલું તે બ્રહ્માએ નારદજીને કહ્યું જ્યારે **'ઉપપત્તિ'**ના પ્રકારથી બ્રહ્માને ભગવાનને કહ્યું છે. હવે આગળના અધ્યાયોમાં પરીક્ષિત દ્વારા પૂછાયેલ પ્રશ્નોનો ખુલાસો શુકદેવજી યુક્તિઓ પૂર્વક કર્યો છે.

- **સુબોધિની (અધ્યાય ૯)**

દ્વિતીય સ્કંધના **'ઉપપત્તિ - વિમર્શ'** પ્રકરણના ત્રણ અધ્યાયમાં આ બીજો અધ્યાય છે. આ સ્કંધના આઠમા અધ્યાયમાં પરીક્ષિતે ઉત્પન્ન કરેલા **'સંદેહ'**ના ખુલાસા શુકદેવજી આ અધ્યાયમાં કરી રહ્યા છે. સૌ પ્રથમ **'જીવ'** તથા **'બ્રહ્મ'** સ્વરૂપ વિશે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપે છે. અગાઉ જે સ્થૂલરૂપોનું સ્વરૂપ સમજાવ્યું હતું તેમાં શુક-પરીક્ષિત, નારદ-વ્યાસ-બ્રહ્મા વગેરેની કથા સંભળાવી હતી તેનું તાત્પર્ય એ છે કે **'શ્રોતા-વક્તા'**ની અધિક શુદ્ધિ હોય તો ભાગવત બરાબર સમજાય. કથાની પરંપરા બતાવવાનો મર્મ એ છે કે તેમાં 'સંદેહ' ન રહે.

સૌ પ્રથમ પરીક્ષિતનો પ્રશ્ન **'જીવ-બ્રહ્મ સંદેહ'** મૂલક છે, તેથી તેનું **'વારણ'** એટલે કે ખુલાસો કરે છે. પ્રથમ અહીં **'ભગવત્સ્વરૂપ જીવ'**ની બુધ્ધિમાં આવે તે માટે સૃષ્ટિની પ્રક્રિયા સમજાવે છે. જ્યારે ભગવાને 'સૃષ્ટિ' ઉત્પન્ન કરવાની ઈચ્છા કરી ત્યારે પોતાના સ્વરૂપાત્મક **'સચ્ચિદાનંદ'**માંથી બે વિભાગ કર્યા- એક **'સદાનંદ'** સ્વરૂપ અને બીજો **'ચૈતન્યાંશ'** અથવા **'ચિદ્રુપ'**. ભગવાનની **'માયા'** શક્તિના બે રૂપ છે. એક **'વ્યામોહિકા'** - જે 'ચૈતન્યાંશ'ને મોહ કરાવે છે, જેના કારણે તેમાં **'જીવપણુ'** આવે છે. પ્રાણ ધારણ કરવાવાળો, જીવવા મથતો જીવ ભગવાનની 'વ્યામોહિકા' માયાથી મોહિત થયેલો, વ્યાકુળ થયેલો હોયછે. તે **'સદાનંદ રૂપ'** ભગવાને કરેલી સૃષ્ટિમાં **'સૂત્રાત્માક આસન્ય'** નામના **'મુખ્ય પ્રાણ'**ને અવલંબીને તેના આધારે રહે છે ત્યારે તેને **'જીવ'** કહે છે. પ્રાણ દશ પ્રકારના બતાવ્યા છે. જેમ કે **પ્રાણ**, **અપાન**, **વ્યાન**, **ઉદાન**, વગેરે, જે દશ ઈન્દ્રિયોને ટેકો આપે છે. આમ ભગવાનનો **'ચિદંશ'** વ્યામોહિકા માયાને આધીન થઈને રહે છે ત્યારે તે **'જીવ'** કહેવાયો. આનું પ્રમાણ **'તૈત્તિરિય ઉપનિષદ'**માં મળે છે. જ્યાં કહે છે - **'બહુ સ્યામ, પ્રજાયેય'**. આ પ્રક્રિયા **'યથાગ્નેઃ ક્ષુદ્રા વિસ્ફુલિંગાઃ'** કહી **'બૃહદારણ્યક ઉપનિષદ'**માં સમજાવી છે. પ્રથમ ભગવાન એક માત્ર જ હતાં- **'એકમેવાદ્વિતિયમ'**. તેમને બહુરૂપ થવાની ઈચ્છા થઈ, આ ઈચ્છા તે જ ભગવાનનું **'સર્વભવન સામર્થ્ય'**. તે ભગવાનની સ્વાભાવિક અદ્ભૂત શક્તિરૂપ છે. ભગવાનના **'સદંશ'**ની શક્તિ

'ક્રિયારૂપ' છે, અને **ચિદંશ**ની શક્તિ **'વ્યામોહિકારૂપ'** છે, જ્યારે **'આનંદરૂપ'**ની શક્તિ **'જગત્કારણ રૂપા'** છે. આ ત્રણેય શક્તિનું એકરૂપપણું તે જ ભગવાનનું **'સચ્ચિદાનંદ પણુ'** છે.

શ્રુતિમાં **'સોડકામયત'** કહ્યું છે તદનુસાર ભગવાનની ઈચ્છા **'કાલ'** રૂપ બને છે, તે 'સચ્ચિદાનંદ'માંથી ત્રણેય અંશને જુદા પાડે છે - **'સદંશ'**માંથી **જડ**, **'ચિદંશ'**માંથી **જીવ** અને **'આનંદાંશ'**માંથી **'અન્તર્યામી'** પ્રકટ થાય છે. આમ ધર્મો (અંશો), ધર્મીને ભેદીને જુદા થાય છે, છૂટા પડે છે, તેમ છતાં તે એકત્રિત હોય તેમ **'અખંડ'** દેખાય છે. ભગવાનનું **'આનંદ'** તત્ત્વ મુખ્યછે કારણ શ્રુતિ કહે છે **'આનંદ જ બ્રહ્મ છે'**, અર્થાત્ ભગવાન **'આનંદમય'** છે, આનંદ મુખ્ય છે. તેથી **'સત્'** અને **'ચિત્'** એ બે અંશો જાણે **'આનંદ'**ના સેવક બની તેની સેવા કરે છે. તે બન્નેના ધર્મો અનુક્રમે **'ક્રિયા'**, **'જ્ઞાન'** તે ભગવાનની શક્તિ રૂપ થાય છે અને આનંદ પોતે (અંતર્યામી રૂપે) જ્ઞાન-ક્રિયા-શક્તિમાન થાય છે. જ્યારે **'ચિદંશ'**ની શક્તિ 'જ્ઞાન' ધર્મને મોહ પમાડે છે ત્યારે તે **'ભગવદંશ'** 'જીવ' થઈ જાય છે અને **'સદંશ'** - ભગવાનની ક્રિયા નામની શક્તિ અવ્યક્ત થઈ **'પ્રકૃતિ'** રૂપ ધારણ કરી લે છે.

'ક્ષર' અને **'અક્ષર'**થી ભગવાન શ્રેષ્ઠ છે, (ભગવાન ગીતામાં પણ કહે છે) **'યસ્માત્ક્ષર મતીતોડ હમક્ષરાદપિ ચોત્તમ'** ભગવાનની ઈચ્છાથી ચિદંશરૂપ જીવમાંથી ભગવાનના **'ષડ ધર્મો'** તિરોહિત થાય છે. તે છ ધર્મો છે - **ઐશ્વર્ય**, **વીર્ય**, **યશ:**, **શ્રી**, **જ્ઞાન**, અને **વૈરાગ્ય**. ચિદંશરૂપ જીવમાં **'ઐશ્વર્ય'**નો અનુભવ ન રહેતાં, તેને દીનતા અને પરાધીનતાનો અનુભવ થાયછે, **'વીર્ય'**ના તિરોભાવથી સર્વ દુ:ખ સહન કરવા પડે છે. **'યશ:'**ના તિરોભાવથી સર્વ પ્રકારની હીનતા આવે છે. **'શ્રી'**ના તિરોભાવથી જન્મ વગેરે સર્વ આપત્તિ આવે છે. **'જ્ઞાન'**ના તિરોભાવથી દેહાદિમાં ''હુંપણું'' અને વિપરીત જ્ઞાન થાય છે. **'વૈરાગ્ય'**નો તિરોભાવ થવાથી વિષયાશક્તિ થાય છે. આનંદ તો પહેલેથી જ તિરોહિત થઈ જવાથી **'જીવભાવ'** આવે છે. આ બધું ચૈતન્યને મોહના કારણે બને છે જેનાથી તેને દેહ સંબંધ થાય છે, અર્થાત્ વ્યામોહિકા માયાથી મોહિત થવાથી જીવને દેહાદિ સાથે સંબંધ થાય છે. જેમ સ્વપ્નમાં ભગવાને રચેલી માયિક સૃષ્ટિને જીવ જુએ છે અને તેનો અનુભવ કરે છે, તેમ અહીં પ્રભુનો અનુભવ કરવાને બદલે જીવ અનેક વસ્તુઓનો અનુભવ કરે છે. તે **'હું'** અને **'મારું'** એવી બુદ્ધિથી બંધાય છે. પરંતુ જ્યારે પુન: ભગવાનની કૃપાથી (**યમે વૈશ વૃણુતે તેન લભ્ય** - શ્રુતિવાક્ય) જીવ ભગવાનની શરણાગતિ સ્વીકારી નિ:સંદેહ થઈ **''ભગવાન મારા સ્વામી છે,''** તેમ તેને સમજાય ત્યારે માયાથી થયેલો તેનો મોહ દૂર થાય, તેની અહંતા-મમતા છૂટી જાય, સંસારમાં આસક્તિ ન રહે તો તેને પ્રભુનો સાનુભાવ થાય અને જીવ **કૃતાર્થ** બને.

આમ જીવ સંબંધિ સંદેહ દૂર કરી પછી **'બ્રહ્મસંદેહ'**નું નિરાકરણ કરતાં કહે છે કે બ્રહ્માજીના નિષ્કપટ વ્રતથી પ્રસન્ન થઈ ભગવાને તેમને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું. સામાન્યત: **'વ્રત'**

શબ્દ કોઈ નિયમ વિશેષમાં વપરાય છે, પરંતુ અહીં તે સર્વ ઈન્દ્રિયોના અને પ્રાણના વિષયોને છોડાવવામાં અને તે દ્વારા **‘નિરોધ’** કરવામાં વપરાયો છે. ભગવાન સચ્ચિદાનંદ પ્રથમ એકલા જ હતાં. તેમણે સર્જનની ઈચ્છા કરી અને પોતાના સ્વરૂપમાંથી જલ પ્રકટ કર્યું. અને તેમાં શેષશૈયા પર પોતે પોઢ્યા. તેમની નાભિમાંથી ‘કમલ’ ઉત્પન્ન થયું. તેમાંથી ચાર મોંવાળા બ્રહ્માજી પ્રકટ થયા. તેથી તે **‘‘સ્વયંભૂ’’** કહેવાયા. તેમણે વિચાર્યું કે **‘હું ભગવાનને માટે સૃષ્ટિનું સર્જન કરીશ’.** પરંતુ ભગવાન ઈચ્છતા ન હતાં કે બ્રહ્મા પોતાની ઈચ્છાથી સૃષ્ટિની રચના કરે, તેથી તેમની બુદ્ધિમાં સૃષ્ટિ રચવા માટેના પદાર્થો સ્ફૂર્યા નહીં. તેઓ સમજતા હતાં કે ‘હું બધામાં મોટોછું, ગુરુ છું, તેથી મને સાધનોની આવશ્યકતા શું ? તેમણે વિચાર્યું, સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે કે ઉપાદાન વિષયક અપરોક્ષ જ્ઞાન જ તેમાં સાધન હોઈ શકે, જેને માટે તેમણે તેવા જ્ઞાન માટે ચિંતન કરવા માંડ્યું, કારણ કે જેમ ભગવાનનું ચિંતન કરતાં ભગવાન પ્રત્યક્ષ થાય, તેમ સાધનના ચિંતનથી સાધન પણ પ્રત્યક્ષ થવું જોઈએ. શ્રી મહાપ્રભુજી અહીં સમજાવે છે કે જે સાધનનું ચિંતન કરે છે પરંતુ સાધનના ‘સાધન’નો વિચાર કરતો નથી તે **‘પાગલ’** કહેવાય. તેથી ભગવાને બ્રહ્માજીને **‘સાધના’**નો ઉપદેશ કર્યો. બ્રહ્માજી ચિંતન કરતાં હતાં ત્યાં તેમણે બે અક્ષરનો શબ્દ બે વાર સંભળાયો. તે શબ્દ માટે અહીં **‘‘સ્પર્શેષુ યત્ષોડશમેકવિશં’’** પદ કહ્યું છે. **‘સ્પર્શ’** એટલે વ્યંજનના બે અક્ષરો, **‘ષોડશ’**- સોળમો અને **‘એકવિશં’**- એકવીસમો, અર્થાત **‘ત’** અને **‘પ’**. આ બે મળવાથી **‘તપ’** શબ્દ બને છે. આ પદ બે વાર બોલાયું તેથી તે **‘વાક્યરૂપ’** થયું. તેથી **‘વચ :’** કહ્યું છે. અર્થાત્ ‘તપ’ કરવાની ભગવાને આજ્ઞા કરી. ‘તપ’નો અર્થ થાય નિષ્કિંચનનું **‘ધન’**. અહીં ‘તપ’ શબ્દ **‘સંતાપાર્થક’** છે. જેને કાંઈ નથી તે **‘અકિંચન’** કહેવાય. **‘કિંચન’** અર્થાત્ જેની પાસે તાપને મટાડે તેવું કાંઈ ન હોય તે **‘અકિંચન’** હોય, તેથી આ અક્ષરોનો શબ્દ ‘તપ’ ‘ધન’ના રૂપમાં કહેવાયું છે, કારણ કે તપ ‘ધન’નું કાર્ય કરે છે. આનાથી જ **‘તપોધન’** જાતીનું નામ છે- તપ જેનું ધન છે તે ‘તપોધન’.

બ્રહ્માજીના કાને **‘તપ’** શબ્દ અથડાયો, તેથી તે બોલનારને જોવાની ઈચ્છાથી તેમણે ચારેય દિશામાં જોયું. બોલનારને શોધી કાઢવા તેમણે સ્થળાંતરમાં ભ્રમણ કર્યું, અર્થાત્ કમળની દાંડીમાં અંદર પ્રવેશી તપાસ કરવા છતાં કાંઈ ન દેખાયું તેથી પાછા પોતાના આસને આવી, બોલનારની ચિંતા છોડી તે **‘પદ’**નો અર્થ વિચારવા લાગ્યા. ભાષાની દૃષ્ટિથી આ પદનો વિચાર કરી તેમણે નિશ્ચય કર્યો કે મને **‘તપ કર’** તેમ આજ્ઞા કરવામાં આવી છે. તેથી તેમણે તે ઉપદેશ ગ્રહણ કર્યો. બ્રહ્માજીએ દેવતાના હજાર વર્ષ સુધી સાવધ થઈને ક્રોધ, ગ્લાનિ કે ઉદ્વેગ ન થાય તેમ અનશનપૂર્વક **‘તપ :’** કર્યું. આથી ભગવાને એમના ઉપર પ્રસન્ન થઈ કૃપા કરી, તેમને દર્શન આપ્યા અને તેમને સૃષ્ટિની રચના કરવાનું અભિમાન ન આવે તે માટે સૌ પ્રથમ પોતાના **‘ભગવત્લોક’** (વૈકુંઠ લોક)નું દર્શન કરાવ્યું. ભગવાન એવા લોકમાં નિવાસ કરે છે જેનું નિર્માણ

બ્રહ્મા ન કરી શકે, તેથી તેનો ગર્વ મટાડવા ભગવાને પોતાનો લોક બતાવ્યો. અહીં **'સ્વ લોક'** કહ્યું છે તેનો મર્મ **'વ્યાપિ વૈકુંઠ'** છે તેમ શ્રીમદાચાર્ય ચરણ સમજાવે છે. વ્યાપિ વૈકુંઠ **'રમાવૈકુંઠ'**થી પર છે. તે બ્રહ્મસ્વરૂપ અથવા **'અક્ષર બ્રહ્મ'** છે. અહીં સ્પષ્ટતા કરી છે કે ભગવાનના લોકમાં રજોગુણ - તમોગુણની પ્રવૃત્તિ દેખાતી નથી કે નથી તેનાથી મળેલું **'સત્વ'** પણ ત્યાં નથી. ત્યાં કેવળ **'શુદ્ધ સત્વ'** છે. ત્યાં કાળનું પરાક્રમ પણ ચાલતું નથી. કાળ પણ સત્વની જેમ રહે છે. તેથી આચાર્યચરણ નિબંધમાં **'આનંદાંશ તિરોભાવઃ સત્વમાત્રેણ તત્ર હિ'** કહે છે. ત્યાં સત્વ માત્રથી આનંદ અંશનો તિરોભાવ થાય છે, તેથી તે 'ચૈતન્યરૂપ' છે, તેમાં **'ગણિતાનંદ'** છે. આ વૈકુંઠમાં હરિની પાછળ જેનું વ્રત છે એવા લોકો રહે છે અર્થાત્ બધા લોકો અહીં **'ભગવદ્રુપ'** છે. તે લોકો ભક્તિનો ઉપદેશ કરવા માટે, પોતાના આવેશથી ભક્તિ પેદા કરવા માટે પ્રકટ થાયછે. અહીં ભગવાનના બધા સેવકો શ્યામ અને શુદ્ધ છે. તેમના નેત્ર 'કમળ દળ' સરખા છે, જેઓ પીતાંબર ધારી, ઉજ્જવલ કાંતિવાળા, અતિ કોમળ, કાનમાં કુંડળ અને મસ્તક પર મુકુટથી શોભાયમાન છે. આમ ભગવાનના સેવકોનું વર્ણન કરી વૈકુંઠના ગુણોનું વર્ણન કરતાં કહે છે કે મહાપુરુષોથી શોભતા વિમાનોથી આ લોક દેદીપ્યમાન બને છે તેમ ઉત્તમ સ્ત્રીઓની કાંતિથી આ લોક શોભી રહ્યો છે. ભગવાન જ્યારે શક્તિરૂપે પ્રકટ થાય છે ત્યારે તે શક્તિઓમાં મુખ્ય **'લક્ષ્મીજી'** પણ પ્રકટ થયા છે, જેમનું શરીર બ્રહ્માનંદ રૂપ છે, તેઓ ભગવાનના અક્ષરબ્રહ્મરૂપે ચરણનું સેવન કરે છે.

હવે ભગવાનનું વર્ણન કરતાં શુકદેવજી કહે છે કે તે વ્યાપિ વૈકુંઠમાં **'સર્વ ભક્તોના પતિ'**, **'યજ્ઞના પતિ'**, **'જગતના પતિ' સુનંદ**, **નંદ**, **પ્રબળ**, **અર્હણ** ઈત્યાદિ અનેક મુખ્ય પાર્ષદોથી સેવાયેલા ભગવાનનું બ્રહ્માજીએ દર્શન કર્યું. ભગવાન ચારેય પુરુષાર્થોના અધિપતિ છે. તેઓ પોતાની લીલા માટે બધુ પ્રકટ કરે છે. ભગવાનનો અવતાર મુખ્યત્વે ભક્તો માટે થાય છે માટે અહીં **'અખિલ સાત્વતાં પતિ'** કહી 'ભક્તોના સ્વામી' તરીકે ઓળખાવ્યા છે. **'શ્રિયઃ પતિ'** દ્વારા 'લક્ષ્મીના પતિ' તરીકે સંબોધ્યા છે. **''યજ્ઞપતિ''** શબ્દથી 'ધર્મના પતિ' (યજ્ઞ = ધર્મ) બતાવ્યા છે અને **''જગત્પતિ''**થી ભગવાન પોતે ક્રીડા કરવા જગતની ઉત્પત્તિ કરે છે, તેથી 'જગતના પતિ' છે એમ સૂચવે છે. આમ સમગ્ર રૂપે ભગવાન સ્વામી હોવાથી તેઓ ઈચ્છે તેને સર્વ પુરુષાર્થો દઈ શકે છે તેમ સ્પષ્ટતા કરી છે. અર્થાત્ પ્રભુની કૃપા વિના કોઈ પુરુષાર્થ સિધ્ધ થઈ શકતો નથી. ભગવાનના પાર્ષદો ભક્તિમય છે. તેઓ હંમેશ પાર્ષદોથી વીંટળાયેલ રહે છે. અહીં ચાર પાર્ષદો ગણાવ્યા છે તે અલગ અલગ ભક્તિના સ્વરૂપ છે. **સુનંદ**ન પાર્ષદ **'કીર્તન ભક્તિ'**નું સ્વરૂપ છે, **નંદ** પાર્ષદ **'શ્રવણ ભક્તિ'** રૂપ છે, **પ્રબળ** પાર્ષદ 'સ્મરણ' અને **અર્હણ** એ **'પૂજન-અર્ચન'** ભક્તિનું સ્વરૂપ છે. ''આદિ'' શબ્દ મુક્યો છે તે અન્ય ભક્તિરૂપ પાર્ષદોને સૂચિત કરે છે.

ભક્ત ઉપર કૃપા કરવા ઉત્સુક પ્રભુનું મુખાર્વિંદ છે જે પ્રસન્ન હાસ્યયુક્ત સુંદર નેત્રોવાળું છે.

પ્રભુએ **શંખ, ચક્ર, ગદા** અને **પદ્મ** પોતાના ચારેય શ્રી હસ્તોમાં ધારણ કર્યા છે. વિવિધ અલંકારો - કિરીટ, કુંડલથી શોભી રહ્યા છે. પીત પીતામ્બર ધારણ કર્યું છે, વક્ષસ્થળમાં કૌસ્તુભ સાથે લક્ષ્મીજી બિરાજે છે. ભગવાનનું અક્ષરાત્મક સ્વરૂપ મુખ્ય નિયામક છે તે **લોકાત્મક, ચરણાત્મક** અને **આસનાત્મક** છે. બ્રહ્મના 'કારણ કોટી' તત્ત્વો ભગવાનમાં આવરણરૂપ છે. તે બતાવવા કહે છે - **પ્રકૃતિ, પુરુષ, મહતત્ત્વ** અને **અહંકાર** એ ચાર પાંખડીવાળા કમળના આકારનું પ્રથમ આવરણ છે. **એકાદશ ઈન્દ્રિયો** અને **પાંચ તન્માત્રઓ** સોળ પાંખડીનું કમળ તે બીજું આવરણ છે. **પંચમહાભૂતરૂપ** પંચદળનું કમળ હોયતેવું તૃતીય આવરણ છે. તે આવરણોની મધ્યમાં ભગવાન **'અક્ષરબ્રહ્મરૂપ'** આસન પર બિરાજેલ છે. આ આવરણોનું અતિક્રમણ કરે તે પ્રભુ પાસે પહોંચી શકે અર્થાત્ પ્રભુને પ્રાપ્ત કરી શકે. ભગવાનમાં **ઐશ્વર્યાદિ** ષડધર્મો રહેલા છે જે નિત્ય છે અને તેથી ભગવાનનું ભગવત્ત્વ એક સરખું છે. ભગવાન પોતાના સ્વરૂપમાં જ રમણ કરી રહ્યા છે કારણ કે તે **'આનંદમય'** સ્વરૂપ છે. તેઓ **'આનંદ'** છે અને **'આનંદનું ધામ'** પણ છે. તે પોતે જ **તેજરૂપ** છે અને **પ્રકાશક** પણ પોતે જ છે, તે **સર્વરૂપ** છે અને **સર્વના નિયન્તા - નિયામક** પણ છે. આવા ભગવત્સ્વરૂપને જોઈએ બ્રહ્માને આનંદનો અનુભવ થયો, જે હર્ષ અને સંતોષ થયો તેનાથી તેમનું અંત:કરણ ભરાઈ ગયું. તેથી તેમણે ભગવાનને નમસ્કાર કર્યા.

બ્રહ્માજીને તપ ફળ્યું. જ્યારે કોઈ કામના માટે કરવામાં આવે ત્યારે તે કામનાથી હૃદય અપૂર્ણ રહે. પરંતુ અહીં તો બ્રહ્માને આનંદનો અનુભવ થયો તેથી તેમનું અંત:કરણ ભરાઈ આવ્યું. તેમના અંતરનો આનંદ બહાર પણ દેખાયો. તેમના રોમ ઊભા થઈ ગયા. પ્રેમાશ્રુ દ્રવી પડ્યા. પ્રેમના ભારથી જળરૂપે પ્રેમ બહાર આવ્યો. જે સ્વભાવથી ન સ્રવે તેને **'અશ્રુ'** કહેવાય. બ્રહ્માને પ્રેમના ભારથી અશ્રુ આવ્યા. તેઓ ભગવાનના ચરણાર્વિંદમાં નમી પડ્યા. અહીં શંકા ઉદ્‌ભવિ શકે કે ભગવાનના સાક્ષાત દર્શન થતાં તેઓ તેમાં મળી કેમ ન ગયા, સાયુજ્ય પ્રાપ્ત કેમ ન થયું? તેનું સમાધાન કરતાં આચાર્યચરણ કહે છે કે તેમને સૃષ્ટિનું નિર્માણ કરવાનું હતું. જ્યાં સુધી કાંઈક કરવાનું બાકી હોય ત્યાં સુધી સાયુજ્ય સંતાવે નહીં. ચરણાર્વિંદના દર્શન થવા છતાં સાયુજ્ય ન થવાનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે જો ભગવદ્ ચરણાર્વિંદના દર્શન **'પરમહંસના માર્ગ'** વડે થયું હોય તો સાયુજ્ય થાય પરંતુ આ તો **'લોક'**નું સર્જન કરવાના હેતુથી ચરણ બ્રહ્માએ જોયું તેથી સાયુજ્ય અહીં સંભવ ન બને.

પોતાના દર્શન કરી બ્રહ્માજીને પ્રસન્ન થયેલા જોઈને ભગવાને સ્મિત સાથે તેમનો હાથ પોતાના શ્રી હસ્તમાં લઈ તેઓ બોલ્યા- **''હે વેદ ગર્ભ, નિષ્કપટયોગથી સર્જન કરવાની ઈચ્છાથી તમે ઘણા કાલ પર્યંત તપ કરી મને સારી રીતે સંતોષ આપ્યો છે, માટે હું તમારું કલ્યાણ ઈચ્છું છું. તમે ઈચ્છિત વરદાન માંગો. કલ્યાણ માટે જ્યાં સુધી મારું દર્શન ન થાય ત્યાં સુધી જ બધો પરિશ્રમ કરવો પડે છે. મારાં દર્શન પછી તે માટે પ્રયત્ન કરવાનો રહેતો નથી. તમને મારા**

લોકનું દર્શન થયું તે તમારા તપનું ફલ નથી પરંતુ તેને મારી ઈચ્છાનો પ્રતાપ સમજો. એકાંતમાં તમે સાંભળેલો શબ્દ 'તપ' એ પણ મારી ઈચ્છાથી જ થયું કારણ કે 'તપ' મારું સાક્ષાત હૃદય છે. હું પોતે જ તપનો આત્મા છું.''

શ્રીમદાચાર્યચરણ સમજાવે છે કે જ્યાં **'સાધન'** અને **'ફલ'** બન્ને ઈચ્છિત હોય ત્યાં પ્રારબ્ધ ફલની સિધ્ધિ માટે પ્રોત્સાહન દેવું જોઈએ. તેથી ભગવાન બ્રહ્માને વરદાન માંગવાનું કહી સાધન કરવાનો ઉપદેશ આપે છે. સૃષ્ટિ કરવાની ભગવાનને પોતાની ઈચ્છા છે તેથી બ્રહ્માની ઈચ્છા ઉત્પન્ન કરાવવા **'વરદાન'** માંગવાનું કહે છે. ભગવાનના દર્શન થતાં જ બ્રહ્મા પ્રસન્ન થઈ ગયા અને તેમને પોતે તપ કર્યાનો કલેશ થયો નહીં. જો મનમાં કલેશ રહે તો ભગવાન આજ્ઞા ન કરે, તેથી બ્રહ્માની સ્વરૂપ યોગ્યતા જોઈ ભગવાને હસીને તેમની સાથે વાત કરી. તેમણે બ્રહ્માનો હાથ પોતાના હાથમાં લીધો તે ભગવાને પોતાની **'ક્રિયાશક્તિ'** બ્રહ્મામાં દાખલ કરવાનું સૂચવે છે. **'જ્ઞાનશક્તિ'** તો ભગવાન તેમની સાથે વાક્ય બોલ્યા તેથી જ આવી ગઈ. આમ **'જ્ઞાન-ક્રિયાશક્તિ'** બ્રહ્મામાં આવી જવાથી તે ભગવાનની ઈચ્છા પ્રમાણે સૃષ્ટિને ઉત્પન્ન કરશે તે વાત નક્કી થઈ જાય છે.

સૃષ્ટિના સર્જન માટે બ્રહ્માએ **'તપ'** કર્યું તો ભગવાનનું વરદાન શા કામનું?, તેવી શંકાના ઉત્તરમાં આચાર્યચરણ સમજાવે છે કે ભગવાને કહ્યું કે **''હું તપથી પ્રસન્ન થયો છું.''** આ જ ભક્તિશાસ્ત્રનો મુખ્ય સિધ્ધાંત છે. જે પ્રયત્નપૂર્વક ભગવત્કાર્ય કરે તે **'મુખ્ય'** ગણાય, જે ભગવાનની સેવા કરે તે **'મધ્યમ'** ગણાય અને જે સ્વાર્થ માટે ભગવાનને સેવે તે **'અધમ'** ગણાય. સૃષ્ટિ સર્જનનું ભગવાનનું કાર્ય બ્રહ્માજીએ કર્યું તે મુખ્ય પક્ષ છે, જેના કારણે ભગવાન તેમના પર પ્રસન્ન થયા. બ્રહ્માજીને ભગવાન **'વેદગર્ભ'** કહી સંબોધે છે, કારણ કે તેમના હૃદયમાં વેદો સ્થિર છે, તેઓ વેદના અર્થને જાણનારા છે. ભગવાન બ્રહ્માને વરદાન માંગવાનું કહે છે તેનો મર્મ સમજાવતાં કહે છે કે બ્રહ્માજી વિચારે કે પહેલા તપથી ભગવાન પ્રસન્ન થયા તો હજુ તપ કરશે તો બધું કામ થઈ જશે, પરંતુ ભગવાનનો આશય તેઓ વરદાનથી જે પ્રાપ્ત કરશે તેનો ઉપયોગ પોતાને (ભગવાનને) માટે કરશે જેથી તેમનું શ્રેય થશે, (ભગવદ્ કાર્ય ઉત્તમ બતાવ્યું). **'તપ'થી બ્રહ્માજીને જે પ્રાપ્તિ થઈ તે તપના પ્રતાપે નહીં પરંતુ ભગવાનની પ્રસન્નતાથી થઈ છે.** આ વાત સમજાવવા ભગવાન બ્રહ્માને કહે છે કે **મારા લોકનું દર્શન તેમને થયું તે તેમની ઈચ્છાનો પ્રભાવ છે. અન્યથા- ભગવાન કહે છે કે- 'જો હું એવી ઈચ્છા ન કરું તો મારા અક્ષરાત્મક લોકને હજાર ઉપાય કરવા છતાં આંખથી દેખી શકાય નહીં.'** યોગીઓ પણ આંખથી પ્રકાશને જોઈ શકતા નથી.' તપ અને ઈચ્છા એ બન્ને તુલ્ય એટલે કે બરાબર છે કારણ કે તે બન્ને ભગવાનની શક્તિઓ છે. સર્વ શક્તિઓમાં **'ઈચ્છાશક્તિ'** ઉત્કૃષ્ટ છે. તે માટે સર્વ શક્તિઓનું મૂળ છે. અન્ય શક્તિઓ ઈચ્છાશક્તિનો અનુભાવ છે. અહીં શંકા થાય કે જો ભગવાને પોતાની ઈચ્છાથી જ

‘વ્યાપિ-વૈકુંઠ’ના દર્શન કરાવ્યા તો બ્રહ્માજીનું તપ વ્યર્થ ગયું કહેવાય, તેના સમાધાનમાં કહે છે કે ‘તપ’નો ઉપદેશ પણ ભગવાને જ કર્યો હતો. બે વાર ‘‘તપ તપ’’ કહેવાનું તાત્પર્ય જ ઉપદેશ આપવાનું છે. તપનો ઉપદેશ સાંભળ્યા પહેલાં બ્રહ્મા કર્મમાં મૂંઝાયા હતા. તે કર્મજનિત મોહ મટાડવા જ ભગવાને ‘તપ’નો ઉપદેશ આપ્યો હતો, તે સૃષ્ટિ કરવા માટે નહીં. તપનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે ભગવાન છ ગુણવાળા છે, તેમ તપના પણ છ ગુણ છે. **ભગવાન કહે છે કે ‘તપ’ એ મારી અંતરંગા શક્તિ છે, તેથી તેને પોતાનું હૃદય કહે છે.** શ્રુતિ કહે છે- **‘‘યસ્ય જ્ઞાનમયં તપઃ’’.** હૃદય એ જ્ઞાનરૂપ છે. તેથી ભગવાન કહે છે- **‘હૃદય મારું ઐશ્વર્ય છે.’** ભગવાનના અવતાર જેવું તપ પણ તેમનું રૂપાંતર છે. ભગવાન કહે છે- **‘આ જગતને હું તપ વડે ઉત્પન્ન કરું છું, તપ વડે તેનો નાશ કરું છું અને તપ વડે જ હું તેને ધારણ કરું છું. દુઃસહ તપ એ મારું પરાક્રમ છે.’** ભગવાન સ્પષ્ટતા કરે છે કે ‘મારું કાંઈક સ્વરૂપ ‘ક્રિયા’થી અભિવ્યક્ત થાય છે, કાંઈક સ્વરૂપ ‘જ્ઞાન’થી પ્રકટ થાય છે. તેમાં તપ એ ક્રિયાભિવ્યંગ્ય મારૂં રૂપ છે. તેથી મારા ઉપદેશથી જે થાય તે મારાથી જ થાય છે.’ (આ વાત વેદના પૂર્વ કાંડ અને ઉત્તર કાંડથી સિધ્ધ થાય છે.)

ભગવાનની આવી ખુલાસાપૂર્વકની વાણી સાંભળી તેમણે કરેલી આજ્ઞા મુજબ બ્રહ્માજીએ ભગવાનની પ્રાર્થના કરી :

‘‘હે ભગવાન, આપ પ્રાણીમાત્રના હૃદયમાં બિરાજીને તેમના ઈચ્છિત કર્તવ્યને જાણો છો, હે નાથ, હું આપના કાર્ય કારણ રૂપને હું જાણું, આપ નિરાકાર છતાં સાકાર કેવી રીતે બનો છો તે મને સમજાવો, આપ અનેક પ્રકારની શક્તિ વડે, આત્મમાયાના યોગ વડે આ જગતને ઉત્પન્ન કરો છો, તેનું રક્ષણ કરો છો, અને સંહાર પણ કરો છો, જેમ કરોળિયો પોતાના મુખમાંથી લાળ કાઢી રમે તેમ આપ આ જગતમાં ક્રીડા કરો છો, આપને જાણવામાં ઉપયોગી બુદ્ધિ મને આપો, આપે શીખવ્યા મુજબ હું વિના આળસ આ જગતને બનાવું છતાં તેમાં ન બંધાઉં તેનો મારી ઉપર આપ અનુગ્રહ કરો.’’

બ્રહ્માજીની આ પ્રાર્થનો મર્મ સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે **‘ભગવન્’** શબ્દથી બ્રહ્માજી સાક્ષાત ભગવાનને સંબોધી રહ્યા છે તે સ્પષ્ટ કરે છે. ‘તમે બધાના અંદર આત્મારૂપે રહેલા છો.’ તેમ કહેવાનું તાત્પર્ય છે કે તમે બધાના વિચારો જાણો જ છો, તેથી મારે શું જોઈએ છે તે પણ તમારી જાણમાં છે જ, છતાં હું માગું તો જ આપ આપવાના હો, (ભગવાને વરદાન માંગવાનું કહ્યું છે), તો મારે પ્રાર્થના કરવી જરૂરી છે. આમ પ્રાર્થના કરવાનો દોષ ન લાગે માટે આ પ્રાર્થના છે. બ્રહ્માજી સ્પષ્ટતા કરે છે કે **સર્વ કાર્યમાં પ્રેરક અથયા નિયામક ભગવાન છે, તેઓ સર્વાધ્યક્ષ છે તેથી કામના ઉત્પન્ન થાય તેના ઉત્પાદક પણ ભગવાન જ છે અને તેની પૂર્તિ પણ તેઓ જ કરે છે.** વળી જ્ઞાનની ઉત્પત્તિના સ્થાને, તેમ જ ઈચ્છાના ઉત્પાદક પણ આપ છો તેથી કોઈને પૂછવાનું

કે કહેવાનું કામ નથી તો પણ આપની વરદાન માગવાની આજ્ઞા થઈ છે તેથી આપની આજ્ઞા પાલન માટે માગી રહ્યો છું.

'નાથ' સંબોધનને સમજાવતાં કહે છે કે ભગવાન સ્વામી છે અને સ્વામી સેવકને જરૂર આપે કેમ કે તે સિવાય તેની બીજી કોઈ ગતિ નથી. તેથી બ્રહ્માજી બે વાત માંગે છે. તેઓ પ્રથમ ભગવાનના બે રૂપો **'પર'** અને **'અપર'** અર્થાત્ **'પુરુષોત્તમ'** અને **'અક્ષર'** રૂપ, અથવા **'આવિર્ભૂત'** અને **'અનાવિર્ભૂત'** રૂપ કે 'અવતાર રૂપ' અને 'અવતારી રૂપ' જાણવા માટે પ્રાર્થના કરે છે, જેના ઉપયોગથી મને સૃષ્ટિ કરવાની સુગમતા થાય. તેઓ કહે છે કે પુરુષોત્તમની માયા 'કાર્ય-કારણ' રૂપિણી 'અનન્તા' છે. તેનો સર્વત્ર યોગ થતાં તે ત્રણ ગુણવાળી છે તેથી તેના સંબંધથી 'ઉત્પત્તિ' આદિનો નિભાવ થઈ શકે. ભગવાન **કર્તૃ**, **કર્મ** અને **કારણ** રૂપે ક્રીડા કરે છે તે ક્રીડાનું તેમને જ્ઞાન થાય તેમ તેમની પ્રાર્થના છે. કરોળિયાનું દૃષ્ટાંત આપી બ્રહ્માજી સમજાવે છે કે જે કરોળિયો પોતાના શરીર સિવાયમાં નિરપેક્ષ રહી સ્વરૂપાત્મક **'ઊર્ણા'**થી ક્રીડા કરે છે, તેનું ઉત્પાદન કરે છે, સ્થાપન કરે છે અને પાછું ગળી થાય છે તેમ ભગવાન પણ એવી જ ક્રિડા આ સૃષ્ટિના સર્જનમાં આત્માને વિશે કરે છે. 'હે માધવ', એમ સંબોધનનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે - **'મા'** એટલે 'લક્ષ્મી' અને **'ધવ'** એટલે 'ધણી', અર્થાત **'લક્ષ્મી પતિ'** હોઈ 'તમે મારા બાપ છો', અને તેથી 'હું કહું તે બાપે કરવું જોઈએ', માટે ભગવાને મને 'આવી રીતે સૃષ્ટિ કર' એમ શીખવવું જોઈએ. શિક્ષાનો અર્થ છે- 'જ્ઞાન કરાવે તેવી ક્રિયા.' તે શિક્ષા આપનાર **'શિક્ષક'** કહેવાય. તેથી બ્રહ્માજી સૂચવે છે કે જગતમાં જેવી શિક્ષા યોગ્ય હોય તેવી શિક્ષા આપો તે મળ્યા પછી હું મારે કરવાનું યોગ્ય હોય તે કરું.

આમ બ્રહ્માજીએ ભગવાન પાસેથી ચાર વરદાન માગ્યા છે- **'પર'** - **'અવર'** જ્ઞાન, **'ક્રીડા જ્ઞાન'**, **'શિક્ષા'** અને **'ગર્વાભાવ'**.

(૧) ભગવાનના પુરુષોત્તમ રૂપ સાકાર સ્વરૂપ અને અક્ષર સ્વરૂપ નિરાકાર રૂપ - અર્થાત્ પ્રકટ થયેલા અને થવાના સઘળા સ્વરૂપનું જ્ઞાન વરદાનરૂપે માગ્યું.

(૨) અનેક શક્તિઓવાળા, સફળ સંકલ્પવાળા ભગવાન સર્વની ઉત્પત્તિ, સ્થિતિ, લય કરીને પોતે જ કરોળિયાની જેમ ક્રીડા કરે છે તેનું જ્ઞાન-ક્રીડાજ્ઞાન પણ વરદાન તરીકે માગ્યું.

(૩) શિક્ષા - અન્ય વિષયને દૂર કરીને ઈચ્છેલા વિષયને સમજાવતી ક્રિયા છે - ''અમુક રીતે સૃષ્ટિ કર'' - તેમ કરતાં ભગવાન શીખવે તેવી પ્રાર્થના કરી છે.

(૪) આનું અમથું કામ કરવામાં સમજ-શક્તિ વગેરેનું અભિમાન આવે, જેનાથી દાસભાવ દૂર થાય અને અનેક અનર્થ આવે જે સૃષ્ટિના સર્જન જેવું અતિશય ભવ્ય કાર્ય અભિમાન ન આપે અને ''બધું પ્રભુની દયાથી થાય છે'', તેવું ભાન રહે તે માટે ગર્વનો અભાવ તેમણે માગ્યો.

આમ બ્રહ્માની આ સ્તુતિ (પ્રાર્થના) ખુબ મહત્ત્વપૂર્ણ છે જેના જવાબમાં ભગવાને બ્રહ્માજીને

'ચતુઃશ્લોકી ભાગવત' સંભળાવ્યું છે.

બ્રહ્માજીએ ઉપરોક્ત ચાર વરદાન માંગતા ભગવાન કહે છે કે **'મારું પુરુષોત્તમનું જ્ઞાન પરમ ગુહ્ય છે, અર્થાત્ કોઈને કહેવાય તેવું નથી. મારું પુરુષોત્તમ સ્વરૂપ મારા વગર કોઈ જાણતું નથી, એટલે હું કહું તો જ તમે તેને જાણી શકો.'** ભગવાનનું જ્ઞાન તો કોઈ કહે તો પણ તેમની કૃપા વિના હૃદયમાં આવી શકતું નથી. આ જ્ઞાન **'વિજ્ઞાન'** સહિત અર્થાત્ વિવિધ જ્ઞાન સહિત છે, જે અગાઉ **'અખિલ સાત્વતાં પતિમ'**થી ચાર જાતના પતિનું જ્ઞાન કરાવ્યું તે છે. ભગવાન કહે છે કે **''હું પ્રમાણથી અને પરિમાણમાં જેવડો છું, મારું કારણરૂપ, કાર્યરૂપ, સર્વશક્તિરૂપ ઈત્યાદિ મારા જેટલા પણ રૂપો છે, જેટલા ગુણો, જેટલા કર્મો તે સર્વ તત્ત્વોનું જ્ઞાન મારા અનુગ્રહથી તમને પ્રાપ્ત થાય.''**

આમ કહી ભગવાન ચાર શ્લોકથી બ્રહ્માજીને શિક્ષા આપે છે જેને **'ચતુઃશ્લોકી ભાગવત'** કહેવાય છે. ભગવાન કહે છે-

''જગત્ ઉત્પન્ન થયું તે પહેલાં પણ હું હતો. અત્યારે પણ હું છું. આ રૂપ જે દેખાય છે (જગતરૂપ), ત્યારે પણ હું જ છું. 'સૃષ્ટિ' ઉત્પન્ન થતાં જે જુદા જુદા પદાર્થો દેખાય છે, તે પણ હું જ છું અને પ્રલય થતાં જ્યારે કશું નહીં હોય ત્યારે પાછળથી જે સર્વશિષ્ટ (બાકી) રહે તે પણ હું જ છું.'' આમ ભગવાન જ સર્વત્ર, સર્વદા, સર્વરૂપે બિરાજે છે. જીવ રૂપે અને જડ રૂપે જે કાંઈ જગતમાં અસ્તિત્વ ધરાવે છે તે બધું જ માત્ર ભગવાન જ છે. શ્રુતિ વાક્યો- **'એકમેવાદ્વિતીયમ્'**, **'સર્વમ્ ખલુ ઈદમ્ બ્રહ્મ'** ઈત્યાદિ આ તથ્યનું જ સમર્થન કરે છે. શ્રી વલ્લભાચાર્યજીનો આ જ મુખ્ય 'બ્રહ્મવાદ'નો સિધ્ધાંત છે. તેમનો **'અવિકૃત પરિણામવાદ'**નો સિધ્ધાંત આ કથનને સિધ્ધ કરે છે. સોનામાંથી જેમ જુદા જુદા આકારના અલંકાર બને, તેના જુદા જુદા નામ હોય, છતાં સર્વ સ્થિતિમાં તે સોનું જ છે. તેવી જ રીતે અનેક રૂપ-નામ-કર્મ ધારણ કરવા છતાં બધું જ ભગવાનનું સ્વરૂપ છે. શ્રુતિ કહે છે- **'યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે...'** અર્થાત્ જગત ભગવાનમાં જ ઉત્પન્ન થાય છે, રહે છે અને લય પામે છે. ભગવાન જ સર્વ રૂપે વિલસે છે. સ્વરૂપથી આ જગત મૂળભૂત બ્રહ્મરૂપ છે, સત્ય છે, પણ પ્રતીતિથી તે માયારૂપ છે. માયા પદાર્થરૂપે ભગવાનનું જ સ્વરૂપ હોવા છતાં જીવને તે ઓળખવા દેતી નથી. માયા જીવને તેના અંતઃકરણ - બુધ્ધિને મોહ કરાવે છે.

ભગવાનમાં **'સર્વભવન સામર્થ્ય'** અને સર્વ ધર્મો બિરાજે છે. સૃષ્ટિ કરવાની ઈચ્છાથી ભગવાન સર્વરૂપ થયા છે. જે વસ્તુમાં જેટલા ગુણધર્મો આવશ્યક હોય, તેટલા જ પ્રકટ રાખીને, બીજા ગુણધર્મો તિરોહિત કરીને ભગવાન જ સર્વ વસ્તુરૂપે વિલસે છે. આમ, જુદા જુદા ગુણધર્મો સહિત ભગવાન જ સર્વત્ર વિદ્યમાન છે. તે કારણે બધા જ પદાર્થ (જડ-જીવ ઈત્યાદિ) અને તેના ગુણધર્મો સર્વ કાંઈ ભગવાન જેટલા જ સત્ય છે. શ્રુતિ કહે છે તેમ- **''સર્વં ખલ્વિદં બ્રહ્મ''** - આ

બધું ખરેખર બ્રહ્મ જ છે, છતાં બધી વસ્તુઓ આપણી બુધ્ધિમાં ભગવાન તરીકે ઓળખી શકાતી નથી, પરંતુ તે વસ્તુ તરીકે જ ઓળખાય છે. આમ તે વસ્તુની પ્રતીતિ ભગવાનની વ્યામોહિકા માયાના કારણે થાયછે. વસ્તુ સાચી હોવા છતાં માયાના કારણે તેની પ્રતીતિ ખોટી છે. **બ્રહ્મ સત્ય છે. બ્રહ્મ જ વસ્તુરૂપ બન્યું હોવાથી વસ્તુ અને તેના ગુણધર્મો પણ સત્ય છે. આમ વસ્તુરૂપ જગત્ સત્ય છે**, પણ તેની પ્રતીતિ ખોટી હોવાથી તેને મિથ્યા કહે છે, અર્થાત્ **બ્રહ્મની સત્તાથી વિષયરૂપ જગત્ સત્ય છે પરંતુ વિષયતારૂપ જગત્ મિથ્યા છે.**

આ વાત ઉદાહરણથી સમજી શકાય. પંખો હવા પ્રસરાવવા ઉપયોગમાં આવે છે. તે પણ ભગવાનનું જ રૂપ છે કારણ કે વિશ્વમાં જુદા જુદા રૂપે સર્વ રૂપ ભગવાન જ છે. પરંતુ પંખામાં જેટલા ગુણધર્મો જરૂરી હોય તેટલા તેમાં પ્રકટ રાખીને બાકીના ધર્મો ભગવાને તિરોહીત કર્યા છે. તેથી પંખો બ્રહ્મરૂપે ઓળખાતો નથી, પરંતુ પંખા તરીકે જ ઓળખાય છે. આ ઓળખ મિથ્યા છે, પંખો સત્ય છે. અર્થાત્ તેની ઓળખ મિથ્યા છે, વસ્તુ સત્ય છે. **આમ સમગ્ર વિશ્વ બ્રહ્મરૂપ હોવાથી સત્ય છે પરંતુ તેની પ્રતીતિ વસ્તુરૂપે થાયછે - તે મિથ્યા છે. આવી પ્રતીતિ કરાવનારી વ્યામોહિકા માયા જીવને મોહ કરાવનારી ભગવાનની શક્તિ છે. તે જીવની બુધ્ધિને મોહ પમાડે છે તેથી પદાર્થનું સાચું જ્ઞાન થતું નથી.** આમ વિશ્વના બધા જ પદાર્થો ભગવાનના સ્વરૂપ છે તેથી વિષય ભગવાન છે. પણ તેમાં ભ્રાંતિ કરાવનાર વિષયતા - ઉદાહરણમાં પંખો હોવાની પ્રતીતિ - માયા જનિત છે.

માયાની વિષયતાના બે પ્રકાર છે - (૧) **આચ્છાદિકા** - એટલે કે વસ્તુના મૂળ સ્વરૂપને ઢાંકી દે છે. તે વસ્તુની બ્રહ્મરૂપતાને જણાવવા દેતી નથી. તેના પર આવરણ મુકી દે છે. (૨) **અન્યથા પ્રતીતિ હેતુ રૂપા** - અર્થાત્ તે બ્રહ્મનું ભાન કોઈ વસ્તુરૂપે કરાવે છે. આ એક પ્રકારની છેતરામણીની સ્થિતિ છે. આવી અન્યથા પ્રતીતિ વિષયતાથી - બુધ્ધિ મોહથી થાય છે.

ભગવાન કહે છે કે જેમ પંચમહાભૂતોનો એકબીજામાં પ્રવેશ થાય છે, છતાંય તે ભિન્ન પણ રહે છે તેમ 'હું' બધામાં છું, અને 'હું' બધામાં નથી. જ્યારે એક ઘડો બનાવ્યો હોય તો તેની અંદર આકાશ, પૃથ્વી, જલ વગેરે પંચમહાભૂતો છે. તેમાં આકાશ પ્રવેશ કરે છે, તેથી તે પોલો દેખાય છે. ઘડામાં રહેલા આકાશથી બહાર પણ આકાશ જુદું છે. તેવી જ રીતે **બ્રહ્મ આ જગતના કારણરૂપ હોવા છતાં તે જગતને સજર્યા પછી તેમાં પ્રવેશ પણ કરે છે અને તેનાથી ભિન્ન સ્વરૂપ પણ અસ્તિત્ત્વ ધરાવે છે.**

ભગવાન સમજાવે છે કે તત્ત્વજિજ્ઞાસુએ આત્માસંબંધી એટલું જાણવું જોઈએ કે **'અન્વય'** અને **'વ્યતિરેક'**થી તે સર્વત્ર અને સર્વદા રહેલો છે. **'અન્વય'નો અર્થ છે કોઈ વસ્તુના હોવાથી તે છે, અને 'વ્યતિરેક'નો અર્થ કે અમુક વસ્તુના ન હોવાથી તે નથી.** આપણે કહીએ કે તીજોરીમાં ઘરેણા છે, તો તીજોરી છે તો તેમાં ઘરેણા છે. આને 'અન્વય' કહેવાય. ક્યાંક રસ્તામાં ઘરેણા

નથી, કારણ કે ત્યાં તીજોરી નથી. આને 'વ્યતિરેક' કહેવાય. **જે સર્વરૂપ થઈને સર્વથી જુદુ પડે તે બ્રહ્મ છે. જે સર્વત્ર અને સર્વદા હોય, દેશકાલ જેનો પરિચ્છેદ ન કરી શકે, તેમાં અન્વય-વ્યતિરેકથી જે રહે તે બ્રહ્મ.** ભગવાન માયામાં પણ છે, માયા તિરિક્તમાં પણ છે એમ કાળમાં પણ ભગવાન છે. વિષયરૂપ ઘડામાં સત્કારણ છે, સત્કાર્ય છે, સદાધાર છે, સત્ આધેય છે. 'સત્' હોવા છતાં ઘડો તેનાથી અતિરિક્ત પણ છે. ભગવાનનો કાર્યમાં સર્વદા પાંચ પ્રકારે 'અન્વય' તેમ જ 'વ્યતિરેક' છે. ઘટ પરથી વ્યતિરેક છે, કારણથી પણ વ્યતિરેક છે, બીજા ઘડાથી પણ વ્યતિરેક છે, આવિર્ભાવ-તિરોભાવથી પણ વ્યતિરેક છે, કેમ કે ઘડાનો આવિર્ભાવ થાય છે, તેમ તિરોભાવ પણ થાય છે. આમ દશ પ્રકારે ભગવાન આવિર્ભાવ-તિરોભાવથી રહે છે તે સૂચવે છે કે **સર્વત્ર દશ લીલાયુક્ત ભગવાન છે. આમ સર્વત્ર અને સર્વદા જાણવા લાયક 'એક જ તત્ત્વ' - ''બ્રહ્મ'' છે. ભગવાનને જાણ્યા પછી કાંઈ જાણવાનું બાકી રહેતું નથી. તેને માણ્યા પછી કાંઈ માણવાનું બાકી રહેતું નથી.**

આમ 'શિક્ષા' આપી ભગવાન ગર્વ ન થવા માટે કહે છે કે **''આ મારો મત તમે પરમ સમાધિથી હૃદયમાં ધારણ કરો તો તમારા મનમાં સંકલ્પ-વિકલ્પ નહીં થાય અને તમે કદી મોહમાં પડશો નહીં.''** અર્થાત્ સર્વ ભગવાન છે, અન્યથા દેખાય તે માયા છે, એમ ચિત્તની એકાગ્રતાથી વિચાર કરતાં ક્યારેય પણ મોહ નહીં થાય તેમ નિશ્ચય જાણો.

આ પ્રમાણે ભગવાને પોતાના સ્વરૂપના અને વૈકુંઠના દર્શન કરાવી, ઉપદેશ આપી પોતાને તિરોહિત કરી દીધા. બ્રહ્માજીએ ભગવાનને નમસ્કાર કરી પૂર્વવત્ સૃષ્ટિનું સર્જન કર્યું.

તત્પશ્ચાત **નારદજીની સેવાથી પ્રસન્ન થઈ બ્રહ્માજીએ આ બધું જ્ઞાન તેમને આપ્યું. નારદજીએ એ જ્ઞાન સરસ્વતીના કિનારે બિરાજી પરબ્રહ્મનું ધ્યાન કરતાં તેજસ્વી મહર્ષિ વ્યાસને આપ્યું. તેમને પુરુષોત્તમનું ધ્યાન ધરતાં ભાગવત સમાધિમાં પ્રાપ્ત થયું જે પોતાના પુત્ર શુકદેવજીને ભણાવ્યું.** શ્રી શુકદેવજીએ આ પરંપરા જણાવી પુરુષમાંથી સર્વ જે રીતે ઉત્પન્ન થયું તે અને પરીક્ષિતના બીજા પ્રશ્નનો ઉત્તર આપવા માંડ્યો.

• સુબોધિની (અધ્યાય ૧૦)

અગાઉના અધ્યાયમાં કહ્યું કે ભગવાનનું રૂપ દશ પ્રકારનું જણાય છે. તેથી તે અહીં સ્વરૂપથી અને લક્ષણથી બતાવે છે. શુકદેવજી કહે છે - **''અત્ર સર્ગો વિસર્ગશ્ચ, સ્થાનં પોષણમૂતયઃ, મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ''** અર્થાત્, આ ભાગવતમાં **સર્ગ**, **વિસર્ગ**, **સ્થાન**, **પોષણ**, **ઊતિ**, **મન્વન્તર**, **ઈશાનુકથા**, **નિરોધ**, **મુક્તિ** અને **આશ્રય** એ દશ પદાર્થો કહેવામાં આવ્યા છે. શ્રીમદાચાર્ય ચરણ સમજાવે છે કે આ પ્રત્યેક લીલાના અર્થો તે તે સ્કંધમાં વિસ્તારથી કહેવામાં આવશે, પરંતુ અહીં સામાન્ય રીતે તેનું નિરૂપણ કરતાં કરે છે. જ્યારે અશરીરી '**પુરુષ**' શરીરનો સ્વીકાર કરે તેને '**સર્ગ**' કહેવાય. પુરુષથી 'બ્રહ્માદિ'ની ઉત્પત્તિ તે '**વિસર્ગ**'. ઉત્પન્ન

થયેલાનું મર્યાદા વડે પાલન તે **‘સ્થાન’**. સ્થિતિ કરીને રહેલા આની અભિવૃધ્ધિનું કાર્ય તે **‘પોષણ’**. પોષણ પામેલાઓનું આચરણ તે **‘ઊતિ’**. તેમાં પણ જે સદાચાર છે તે **‘મન્વન્તર’**. તેમાં પણ જે ભગવાનની ભક્તિ કરનાર છે તે **‘ઈશાનુકથા’** ભક્તોને **‘પ્રપંચ’** એટલે કે જગતની વિસ્મૃતિ તે **‘નિરોધ’**. જેમને પ્રપંચનો અભાવ સિધ્ધ થાય તેમને પોતાનો સ્વરૂપ લાભ થવો તે **‘મુક્તિ’** અને છેલ્લે તે મુક્તાત્માઓનું બ્રહ્મના સ્વરૂપમાં સ્થિત થવું તે **‘આશ્રય’**. પ્રથમ પાંચ પ્રકારે **‘અન્વય’** રૂપે સર્વ વસ્તુમાં ભગવાનની લીલા બતાવી અને તેવી જ રીતે બીજા પાંચ પ્રકારે **‘વ્યતિરેક’** રૂપે દરેક પદાર્થમાં ભગવાનની લીલાનું નિરૂપણ છે.

‘સર્ગ’ વગેરે દશ લીલાઓના લક્ષણ બતાવતાં કહે છે કે-

(૧) **સર્ગ** - પંચમહાભૂતો - પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ, પાંચ તન્માત્રાઓ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, પાંચ કર્મેન્દ્રિયો - પાંચ જ્ઞાનેન્દ્રિયો અને અંત:કરણ રૂપ મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચોવીસ તત્ત્વો તથા તેના કારણ રૂપ ત્રણ ગુણો - સત્વ, રજ, તમ અને તે બધાનું મૂળ કારણરૂપ બ્રહ્મ. એમ કુલ ૨૮ તત્ત્વો બ્રહ્મમાંથી આ બધાનો જન્મ તે ‘સર્ગ’. તેનું નિરૂપણ તૃતિય સ્કંધમાં છે જેના ૩૩ અધ્યાય છે.

(૨) **વિસર્ગ** - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ સિધ્ધ કરનાર પુરુષોની કથા તે ‘વિસર્ગ’. ૮ વસ્તુઓ, ૧૧ રૂદ્રો અને ૧૨ આદિત્યો મળી ૩૧ થાય. તેથી ચતુર્થ સ્કંધના અધ્યાય ૩૧ છે.

(૩) **સ્થાન** - વૈકુંઠ ભગવાનનો વિજય એ સ્થિતિ છે જે ૨૪ પ્રકારે છે એટલે કે સૌને મર્યાદામાં સ્થાપવાની કથા તે પંચમ સ્કંધના ૨૪ અધ્યાય.

(૪) **પોષણ** - આ પુષ્ટિ લીલા છે. કાલ, કર્મ, સ્વભાવથી પર પ્રભુના સામર્થ્યરૂપ અનુગ્રહનું વર્ણન ષષ્ઠ સ્કંધમાં છે જેમાં ૨૬ અધ્યાય છે.

(૫) **ઊતિ** - તેનો અર્થ થાય ‘કર્મ વાસના’. સૌ કોઈ સારી, ખરાબ કે મિશ્ર વાસના પ્રમાણે વર્તે છે. વર્તન પ્રમાણે સૌને ફળ મળે, તેનું વર્ણન આ સપ્તમ સ્કંધમાં છે. જેમાં ૧૫ અધ્યાય છે.

(૬) **મન્વન્તર** - તેનો અર્થ થાય સત્પુરુષોનો ધર્મ. તે કથા, વાણી અને મનથી કરેલો ત્રણ પ્રકારનો હોય. બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ થાય. તેમણે પ્રસિધ્ધ કરેલા ધર્મો તે સદ્‌ધર્મ છે. સદ્‌ધર્મથી કર્મ વાસનાનો નાશ થાય. આ ‘અષ્ટમ્ સ્કંધ’ના ૧૯ અધ્યાય છે.

(૭) **ઈશાનુકથા** - આ બે પ્રકારની છે - ઈશ્વરની અને તેના ભક્તોની. ભગવાન **‘સર્વ દુ:ખ નિવારક’** છે તેથી ઈશને **‘હરિ’** એવું વિશેષણ આપ્યું છે. તેમ જ તેમના ‘અનુવર્તી’ ભક્તો પણ દુ:ખ મટાડનાર છે. આ ‘નવમ્ સ્કંધ’ના ૨૪ અધ્યાયો છે.

(૮) **નિરોધ** - દેહની ૭૨ નાડીઓ છે. ભગવાનની **શ્રી**, **કીર્તિ**, **ગિરા** ઈત્યાદિ ૧૨ શક્તિઓ છે અને **જાગૃત**, **સ્વપ્ન** અને **સુષુપ્તિ** એમ ત્રણ પ્રકારનું ‘શયન’ છે. આમ ૮૭ ભેદ છે.

ભગવાનનું પોતાની શક્તિઓ સાથે **'અનુશયન'** - પોઢવું તે **'નિરોધ લીલા'** છે. આ દશમ્ સ્કંધના ૮૭ અધ્યાય છે. (ભાગવતમાં કુલ ૯૦ અધ્યાય છે, જેમાં ત્રણ પ્રક્ષિપ્ત છે.)

(૯) **મુક્તિ** - ભગવાનનું અન્યથારૂપનો ત્યાગ કરી **'સ્વરૂપ'**માં સ્થિતિ તે મુક્તિ લીલા છે. આ એકાદશ સ્કંધના ૩૧ અધ્યાય છે.

(૧૦) **આશ્રય** - જેનાથી ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે બ્રહ્મમાં સ્થિર થવું, તે **'આશ્રય લીલા'** છે. આશ્રયના બે પ્રકાર છે. શાસ્ત્ર માર્ગમાં 'પ્રપત્તિ' (શરણાગતિ)થી આશ્રય થાય. જ્ઞાનમાર્ગમાં 'સાયુજ્ય'થી આશ્રય થાય છે. અહીં **'આભાસશ્ચ નિરોધશ્ચ'** કહ્યું છે તેનાથી 'ઉત્પત્તિ' આદિ (વૃધ્ધિ, પરિણામ વગેરે)નો નિર્દેશ છે અને નિરોધથી 'પ્રલય'નો નિર્દેશ છે, (વિષયતાનો નિરોધ કહ્યો છે). ભગવાન **સત્**, **ચિત્**, **આનંદ** છે. તેનાથી **અસ્તિ**, **ભાતિ** અને **પ્રિય** એ ત્રણ ધર્મો થાય છે. જુદા જુદા શાસ્ત્રોમાં ભગવાનના અનેક નામો છે તેમાં વેદમાં **'પરબ્રહ્મ'** અને સ્મૃતિ (ગીતા વગેરેમાં) **'પરમાત્મા'** કહે છે. અહીં **'સ આશ્રયઃ પરબ્રહ્મ પરમોત્મેતિ શબ્દ્યતે'** કહ્યું છે. અર્થાત્ આ શબ્દનો ભેદ છે, અર્થ તો એક જ છે. બધાથી ભગવાનનો જ 'બોધ' થાય છે.

આ દશ પ્રકારની લીલાવાળુ ભાગવત છે. તેનાથી **'આનંદાત્મક ભગવાન'** ઓળખાય છે. વિશ્વાત્મક ભગવાન ત્રણ સ્વરૂપે સર્વત્ર વ્યાપક છે. તેથી તેની ઓળખ ત્રણ પ્રકારે છે. ઈન્દ્રિય, પ્રાણ અને અંત:કરણ. એ ત્રણેય આત્માને આધારે રહે છે. તે **'અધ્યાત્મ'** છે. તેનો અભિમાની દેવ **'આધ્યાત્મિક'** છે. **તેને પ્રેરણા દેનાર દેવતા (અંતર્યામી) 'અધિદેવ' છે. તેનો અભિમાની આધિદૈવિક છે. એ બન્ને એક જ હોવા છતાં તેમાં ભેદ પાડનાર આધિભૌતિક દેહ છે. વાસ્તવમાં આ ત્રણેય પ્રભુના જ સ્વરૂપ છે.** ત્રણેયને એકબીજાની જરૂરત પોત પોતાનું કાર્ય કરવા માટે રહે છે. એકલા તે કાંઈ કરી શકતા નથી. શરીરમાંથી જીવ **'લિંગ દેહ'** સાથે બહાર નીકળે તે પછી દેહ કાંઈ કરી શકે નહીં. તેમ જીવ પણ કાંઈ કરી ન શકે. આ ત્રણેયને જાણનાર **'આત્મા'** - ભગવાનનું એક સ્વરૂપ છે, જેને બીજાના આશ્રયની જરૂર નથી, પરંતુ તે સર્વનો આશ્રય છે.

આ પ્રકારે દશ લીલાઓનું વર્ણન કરી હવે **'બ્રહ્મ કલ્પ'**ની કથા કરતાં કહે છે કે સૃષ્ટિના આરંભમાં ચોવીસ તત્ત્વનું અંડ થયું. જેવી રીતે નાળિયેરના 'કોચલા'ને ફોડીને ગોટો બહાર નીકળે તેમ **'વિરાટ પુરુષ'** પ્રકટ થયા. તેને **'નર'** કહે છે. તેને પોતાને રહેવાનું સ્થાન જોઈએ, જેની ઈચ્છા કરતાં તે પોતે પવિત્ર જળને ઉત્પન્ન કરીને તેમાં રહેવા લાગ્યા. તે **'નારાયણ'** કહેવાયા. જળ **'નર'**થી થયું તેને **'નાર'** કહેવાય. તેથી પ્રથમ નરથી જળ થયું માટે આ અવતારને **'નારાયણ'** કહ્યો. આમ પ્રથમ 'પુરુષ' થયો તે નારાયણની પહેલા થયો. તે **'નર'** કહેવાયો. તેમાં ભગવાનનો આવેશ હતો. તેનાથી જળ થયું તેનું નામ 'નાર' કહેવાયું. આમ **'નારાયણ'** નામ પડ્યું. શુકદેવજી

સમજાવે છે કે **દ્રવ્ય, કર્મ**, **કાળ**, **સ્વભાવ** અને **જીવ** એ પાંચ પદાર્થ ભગવદ્‌રૂપ છે, અને ભગવદ્ કૃપાથી જ તે પોતપોતાનું કાર્ય કરે છે. **'દ્રવ્ય'** એટલે આધિભૌતિક પંચમહાભૂત વગેરે, **'કર્મ'** આધ્યાત્મિક અદષ્ટાદિ, અને **'કાળ'** આધિદૈવિક નિયંતા, જે સર્વ પદાર્થોના નિમિત્તરૂપ છે. **'સ્વભાવ'** એ પરિણામનો હેતુ અને **જીવ** એ ભોક્તા. આ પાંચ પદાર્થો સૃષ્ટિની ઉત્પત્તિના મૂળમાં છે. અહીં એવી શંકા થાય કે જ્યારે ભગવાન અનન્ત છે તો ભગવાને સૃષ્ટિ શા માટે ઉત્પન્ન કરી? તે સમજાવવા સૃષ્ટિના પ્રકારનું નિરૂપણ કરે છે.

ભગવાન એકલા જળમાં પોઢેલા હતા. તેઓ શૈય્યામાંથી બેઠા થઈ પોતે અનેકરૂપ થવાની કરવાની ઈચ્છા કરી. તેમણે ઈચ્છા માત્રથી પોતાની અંદર રહેલું વીર્યરૂપ બીજ, જે **'સચ્ચિદાનંદરૂપ'** છે, તેને ત્રણ ભાગમાં વહેંચ્યું, જે **અધિદેવ**, **અધ્યાત્મ** અને **અધિભૂત** રૂપે થયું. પ્રથમ અધિદેવ એટલે **'આનંદાંશ રૂપ'** થયું. તે પછી **'ચિદ્રૂપ'** થયું. આમ થવાનું કારણ પ્રભુનું **'સામર્થ્ય'** બતાવે છે. તેમની ઈચ્છા માત્રથી જ ત્રણ પ્રકાર બની જાય છે. **'પુરુષ'**ના હૃદયસ્થાનરૂપ **'આકાશ'** છે, જેના વડે તેણે **'ચેષ્ટા'** કરી. તેના પરિણામ રૂપે **'ઈન્દ્રિયાદિ શક્તિ'** અને **'પ્રાણ'** થયા. જેવી રીતે રાજાની પાછળ તેના નોકર જાય તેમ ભગવાનની ઈન્દ્રિયો કામમાં જોડાવાથી જગતની ઈન્દ્રિયો કામ કરવા લાગે. પ્રાણે અંદર રહેલી વસ્તુઓને બહાર ફેંકવા માંડી જેનાથી **ભૂખ** અને **તરસ** ઉત્પન્ન થયા. અર્થાત્ પાણી પીવાનું અને ખોરાક ખાવાનું મન થયું. માટે પ્રથમ **'મુખ'** નીકળ્યું, તેમાં તાળવું થયું, જીભ થઈ અને અનેક **રસ** ઉત્પન્ન થયા જેને જીવ્હાથી જાણી શકાય. ભગવાને બોલવાની ઈચ્છા કરી ત્યારે મુખમાં અગ્નિદેવ ઉત્પન્ન થયા જેનાથી **વાક્ ઈન્દ્રિય** થઈ. અહીં સમજાવે છે કે ભગવાનને વેદરૂપ વાણી બોલવાની ઈચ્છા થઈ ત્યારે મુખમાંથી વાણી પ્રકટ થઈ. **વાણી** સ્ત્રી છે. તેના ધણી વગર તે રહે નહીં. તેથી પ્રથમ અગ્નિદેવની ઉત્પત્તિ બતાવી. 'વાક્' ઈન્દ્રિય થઈ જેનો વિષય બોલવું છે. બોલવાની અર્થાત્ વાણીના ચાલવાની ક્રિયાથી અંદર **વાયુ** ઉત્પન્ન થયો. વાયુ ભરાઈ જવાથી તે બહાર નિકળવા **'નાસિકા'**ની ઉત્પત્તિ બતાવી, જેનો ઉપયોગ ભગવાનની સુગંધ લેવાની ઈચ્છાની પૂર્તિ પણ કરે છે. તે પછી જ્યારે જોવાની ઈચ્છા કરી ત્યારે તેને બે **'નેત્ર'** થયાં જેમાં સૂર્યદેવતા છે. અહીં ચક્ષુ ઈન્દ્રિય છે અને રૂપ તેનો વિષય. જ્યારે તેમને ઋષિ લોકોની સ્તુતિ સાંભળવાની ઈચ્છા થઈ ત્યારે **બે કાન** ઉત્પન્ન થયા. તેમાં શ્રોત્ર એ ઈન્દ્રિય છે, દિશા દેવતા છે અને શ્રવણ તેનો વિષય થયો છે.

આમ, ગોલક સમાન ઈન્દ્રિયોની ઉત્પત્તિ બતાવી, 'વ્યાપક ઈન્દ્રિયો'નું વર્ણન કરતાં કહે છે કે વસ્તુની કોમળતા, કઠિનતા, હલકા-ભારે પણુ, ઉષ્ણ-શીતલતા વગેરે જાણવા માટે વિરાટ પુરુષને **'ત્વચા'** નિકળી. વૃક્ષો તેના દેવો થયા. અહીં સ્પર્શ અને તેના પ્રકારનું વિસ્તારથી નિરૂપણ શ્રી મહાપ્રભુજીએ કર્યું છે.આમ **'જ્ઞાનેન્દ્રિય'**નો ઉદ્‌ભવ બતાવી **'કર્મેન્દ્રિયો'**ની ઉત્પત્તિ સમજાવે છે. અનેક કર્મો કરવાની ઈચ્છા થતાં જેમ વૃક્ષમાં ડાળ ફૂટે તેમ **'હાથ'** ઊગ્યા. હાથ દેહરૂપી

વૃક્ષમાં શાખારૂપ છે. તે બળરૂપ ઈન્દ્રિય છે જેના દેવતા ઈન્દ્ર છે. ગ્રહણ કરવા રૂપ ‘કર્મ’ તેનો વિષય છે. તેવી જ રીતે ઈચ્છામાં આવે ત્યાં જવાનું મન થતાં બે **‘પગ’** થયા, જેના દેવતા સ્વયં **વિષ્ણુ** છે. અનેક સ્થાને જવાની ઈચ્છા તેનો વિષય છે. તે પણ હાથની માફક શાખા રૂપે ઉત્પન્ન થયા. મનુષ્ય કર્મ કરીને **‘હવ્ય’** અગ્નિમાં હોમે છે જેને **‘યાગ’** કહે છે. તે યાગ કરનાર જીવને લઈને તે ‘હવિષ’ બીજા લોકમાં જાય છે. જેને માટે પગની આવશ્યકતા છે. ‘યાગ’માં વિષ્ણુ જ આવિષ્ટ છે- **‘‘યજ્ઞો વૈ પુરુષઃ’’** કહ્યું છે. તે યજ્ઞ જ સ્વર્ગમાં લઈ જનાર છે. માટે પગની આવશ્યકતા બતાવી છે. પ્રજા અને આનંદરૂપ અમૃતની ઈચ્છા થતાં **જનનેન્દ્રિય**નો ઉદ્‌ભવ બતાવ્યો જેના દેવતા પ્રજાપતિ છે. ધાતુઓનો મેલ નિષ્કાષિત કરવા **‘પાયુ’** નામની ઈન્દ્રિય થઈ જેના અધિષ્ટાતા ‘મિત્ર’ છે. અન્ન અને પાન લેવાની ઈચ્છા થતાં પેટ અને આંતરડા ઉત્પન્ન થયા. નદી અને સમુદ્રો તેના દેવ થયા જેના આશ્રયમાં **તુષ્ટિ** અને **પુષ્ટિ** થયા. આમત્ય માયાનું ધ્યાન કરતાં હૃદય થયું. તેનાથી **મન** થયું જેના દેવ ચંદ્ર છે અને સંકલ્પ અને કામ તેના વિષય છે, તે તેનાથી ઉત્પન્ન થાય છે.

શુકદેવજી પરીક્ષિતને સમજાવે છે કે મેં આમ ભગવાનના **‘સ્થુળ’** અને **‘સૂક્ષ્મ’** એ બે રૂપોનું વર્ણન કરીને બતાવ્યા. વિદ્વાન લોકો આને માયાની સૃષ્ટિ સમજી તેને ગ્રહણ કરતાં નથી કારણ કે સાક્ષાત્સ્વરૂપને જાણનારા ભગવાનના આ બે રૂપો અપેક્ષિત નથી. ભગવાન જેઓ **‘અનામરૂપ’** હતાં તે **‘વાચ્યવાચક રૂપ’** થયાં, તેમણે **નામ** અને **રૂપ**ને ધારણ કર્યા. તેઓ સચ્ચિદાનંદ સ્વરૂપ હોવા છતાં સર્વ જીવને નામરૂપ ક્રિયા ધરે છે, નામરૂપ ક્રિયા વડે પોતાના જેવા બધાને કરે છે. તેઓ પોતે **‘સકર્મા’** થાય છે પરંતુ તે તેવા જ રહેતા નથી કારણ કે ખરી રીતે તેઓ ‘અકર્મા’ છે. સર્વ કર્મ રહિત અને સર્વના નિયામક છે.

શુકદેવજી સમજાવે છે કે ભગવાન ત્રણ પ્રકારે રૂપ-ગુણ ધારણ કરે છે - તેઓ **પ્રજાપતિઓ**, **મનુઓ**, **દેવો**, **ઋષિઓ**, **સિધ્ધો**, **ચારણો**, **ગંધર્વો**, **વિદ્યાધરો**, **સુરો**, **કિન્નરો**, **અપ્સરાઓ**, **નાગે**, **સર્વો**, **માતૃકાઓ**, **રાક્ષસ**, **પિશાચ**, **પ્રેત**, **ગ્રહો**, **પક્ષીઓ**, **મૃગો**, **પશુઓ**, **વૃક્ષો**, **પર્વતો**, **પેટે ચાલનારા**, **જળચર** અને **આકાશમાં ઊડનાર પક્ષીઓ**ના રૂપ અને ગુણ ધારણ કરે છે. તેમાં પ્રકૃતિના ત્રણે પ્રકારના ગુણો - **સાત્વિક**, **રાજસ**, **તામસ** રહેલા છે. કર્મની ગતિ સમજાવતાં તેઓ કહે છે કે તે ત્રણ પ્રકારની છે - કુશળ, અકુશળ અને મિશ્રરૂપ, જે અનુક્રમે સત્વ, તામસ અને રાજસ ગતિરૂપ છે, જેઓ **‘દેવો’**, **‘મનુષ્યો’** અને **‘નારક’** રૂપે કર્મોમાં પરિણત થાય છે. ભગવાન આ જગતને ત્રિવિધ ગુણોથી પાલન કરે છે, ઉત્પત્તિથી અંત સુધી તેનું ક્ષણ-ક્ષણમાં પોષણ કરે છે. છેવટે ભગવાન પ્રલય કાળના અગ્નિરૂપ, રૂદ્રરૂપ ધારણ કરી પોતે બનાવેલા જગતનો નાશ કરે છે, જેવી રીતે પવન ક્ષણવારમાં વાદળાના દળોને ઉડાવી દે છે. તેઓ કરોળિયાની જેમ પોતે સર્જેલા જગતને સંકેલી દે છે જેને માટે કાળને કારણ બતાવે છે, જેથી

ઉત્પાદનમાં **'માયા'**ને સાધન બતાવે છે, પાલનમાં **'અવતારો'**ને સાધન બતાવે છે, તેમ સંહારમાં **'કાળ'**ને સાધન બતાવે છે.

શુકદેવજી રાજાને કહે છે કે ભગવાન ક્યારેક જગત રૂપે પોતે જ થાય છે એ આ **'બ્રહ્મ કલ્પ'**ની કથા છે. વિકલ્પ અર્થાત્ બ્રહ્મકલ્પના અવાંતર કલ્પમાં તો માયા વડે તેઓ સર્વરૂપ થાય છે. આગળ કાળનું પરિમાણ, કલ્પનું લક્ષણ તથા તેનું સ્વરૂપ બતાવીશ. હવે **'પાદ્મકલ્પ'**ની સાંભળ.

આમ શુકદેવજી અને પરીક્ષિતના સંવાદ પૂરો થતાં સૂતજી આગળ કથા સાંભળી રહેલા શોનકાદિ ઋષિઓને ભગવાનની કથા સાંભળવાની વ્યગ્રતા થઈ તેથી શોનક બોલ્યા કે 'હે સૂતજી, ભગવાન મૈત્રેયે વિદુરને જે કથા કરી હતી, જેના કારણે વિદૂરજી પોતાના ભ્રાતાઓને છોડી પૃથ્વીના તીર્થો કરતાં તેમને મળ્યા હતાં, તે ક્યાં મળ્યા હતાં, તેમનો તે આધ્યાત્મિક કથા-સંવાદ ક્યાં થયો હતો, તેમણે પૂછેલા પ્રશ્નોના જવાબ મૈત્રેયે શું આપ્યા હતાં, ઈત્યાદિ સર્વ કથા અમને સંભળાવો'. શૌનકાદિ ઋષિઓએ જે પૂછ્યું તેનો ઉત્તર તો શુકદેવજીએ જે પરીક્ષિતે જે પ્રશ્ન કર્યો હતો અને તેનો ઉત્તર જે તેમણે આપ્યો હતો, તે જ હું તમને કહીશ, તેમ સૂતજીએ જણાવ્યું.

આ સ્કંધની સુબોધિનીના અંતમાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે **''શાસ્ત્ર જેના હૃદયમાં છે એવા ભક્તોને હું નિવેદન કરૂં છું કે જો તમને શાસ્ત્રાર્થથી ભગવાન ઈચ્છિત હોય તો તમે આ ભગવદ્ ગુણના વિસ્તારરૂપ વિવૃત્તિને જુઓ, જે વિવૃત્તિ સંદેહને દૂર કરે છે અને વિચારથી મનને પ્રસન્ન કરે છે.''**

દ્વિતીય સ્કંધ સંપૂર્ણ

તૃતીય સ્કંધ

• સર્ગ લીલા •

• તૃતીય સ્કંધના અધ્યાયો (કુલ ૩૩ અધ્યાય)

૧. બદ્રિકાશ્રમ જતાં ઉધ્ધવજીને ગંગાજી ઉપર વિદુરજીનો મેળાપ થાય છે.

૨. ભગવાનનું સંક્ષિપ્ત ચરિત ઉધ્ધવજી વિદુરજીને કહે છે.

૩. ભગવાનની મથુરા - દ્વારકા લીલાનું વર્ણન.

૪. ઉધ્ધવજી વિદુરજીને ભગવદ્ જ્ઞાન મેળવવા મૈત્રેયજીને મળવા કહે છે - વિદુર-મૈત્રેય મિલાપ.

૫. વિદુરજીના પ્રશ્નો - મૈત્રેયે વિદુરજીને કહેલો સૃષ્ટિ ક્રમ.

૬. તત્ત્વદેવોમાં ચેષ્ટારૂપે પ્રભુના પ્રવેશથી બ્રહ્માંડ રૂપ આદિ નારાયણ.

૭. નિર્ગુણ - આપ્ત કામ બ્રહ્મની ક્રિયા અને માયા સંબંધી વિદુરજીના પ્રશ્નોનો મૈત્રેયનો જવાબ.

૮. શ્રી ભાગવતજીની બીજી પરંપરા - બ્રહ્માજીએ કરેલ ભગવાનની સ્તુતિ.

૯. ભગવાને આપેલ વરદાનથી બ્રહ્માજીએ કરેલ સૃષ્ટિનો આરંભ.

૧૦. કાલની ઉત્પત્તિ - ત્રણ પ્રકારનો કાલ - ભગવાનની શક્તિ.

૧૧. કાલના સ્થુળ - સૂક્ષ્મરૂપનું વર્ણન.

૧૨. ભગવાનની લીલારૂપ - ત્રિવિધ સૃષ્ટિ.

૧૩. યજ્ઞાત્મક ‘વરાહ ભગવાન’નો પ્રાદુર્ભાવ.

૧૪. યુદ્ધસંબંધી વિદુરજીનો પ્રશ્ન - દૈત્યોની ઉત્પત્તિ.

૧૫. બ્રહ્માજીએ દેવોને સંભળાવેલ કથા - સનત્કુમારોને શાપ.

૧૬. સનત્કુમારો પર પ્રભુએ કરેલી કૃપા.

૧૭. હિરણ્યાક્ષ - હિરણ્યાકશ્યપુના જન્મનું વર્ણન.

૧૮. ભગવાન વરાહ - હિરણ્યાક્ષનું યુદ્ધ.

૧૯. હિરણ્યાક્ષ દૈત્યનો વધ.

૨૦. બ્રહ્માજીએ રચેલ સૃષ્ટિમાં મનુનો અવતાર.

૨૧. મનુવંશ અને કર્દમ-દેવહુતિજીની કથા.

૨૨. દેવહુતિ કર્દમને સોંપી મનુએ પરમહંસ-ધર્મ સ્વીકારવાની કરેલી સ્પષ્ટતા.



૨૩. કર્દમ દ્વારા દંપતી - ગાર્હસ્થ્યનું વર્ણન.
૨૪. ભગવાન કપિલનું પ્રાકટ્ય.
૨૫. કપિલ ભગવાને દેવહુતિને ઉપદેશેલ ‘ભક્તિયોગ’.
૨૬. કપિલ મુનિએ માતાને ઉદ્દેશી કરેલો ‘સાંખ્ય’નો ઉપદેશ.
૨૭. પુરુષનું સ્વરૂપ અને તેને જાણવાના ઉપાય.
૨૮. ભગવદ્ધ્યાન રૂપ યોગ અને તેના સાધન.
૨૯. કપિલ દેવજીએ માતાને વૈરાગ્ય માટે બતાવેલ ‘કાલ’નું સ્વરૂપ.
૩૦. ગૃહસ્થને કાલથી થતાં દુ :ખ.
૩૧. જીવને દેહ પ્રાપ્તિ, ગર્ભાવસ્થા, ગર્ભની ભગવાનને સ્તુતિ.
૩૨. ગૃહસ્થના ધર્મ.
૩૩. દેવહુતીની મુક્તિ.

• કથા સાર •

આ સ્કંધમાં પરીક્ષિત રાજાએ શ્રી વિદુરજીએ કરેલા પોતાના ઘરના પરિત્યાગ અંગે યાત્રા દરમિયાન ઋષિ મૈત્રેય સાથે થયેલા મિલન અને એમની સાથે થયેલા સંવાદ અંગે પ્રશ્ન કરવાથી શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજા ધૃતરાષ્ટ્રે પોતે આપેલી સાચી સલાહની અવગણના કરવાથી તથા દુષ્ટબુદ્ધિના દુર્યોધને અપમાન કરવાથી વિદુરે હસ્તિનાપુર છોડ્યું, તે જ દિવસે તેમણે ભારતની તમામ પવિત્ર નદીઓની યાત્રાએ જવાનો સંકલ્પ કર્યો. સૌ-પ્રથમ તેઓ વૃંદાવન ગયા. ત્યાંથી તેઓ ઉત્તર તરફ વળ્યા. તેમણે અવધૂતનો વેશ લીધો હતો એટલે એમને કોઈ ઓળખી શકે તેમ ન હતું. ફરતા ફરતા તેઓ પ્રભાસ તીર્થ શ્રીકૃષ્ણનું પ્રિય સ્થળ હતું ત્યાં આવતાં તેમણે સાંભળ્યું કે પોતાના સંબંધીઓનો પરસ્પર સ્પર્ધાના નિમિત્તે વિનાશ થયો છે, ભગવાન શ્રીકૃષ્ણની સહાયથી રાજા યુધિષ્ઠિર આખી પૃથ્વીનું એકછત્ર અખંડ રાજ્ય કરે છે.

પછી તે શોકનિમગ્ન વિદુર સરસ્વતી નદીના કિનારા તરફ ચાલતા થયા. અગિયાર તીર્થોનું તેમણે સેવન કર્યું અને યમુના નદીના કિનારે પહોંચ્યા. ત્યાં તેમને શ્રીકૃષ્ણના પરમ સખા ઉદ્ધવજી મળ્યા. વિદુરે યાદવોના કુશળ સમાચાર પૂછ્યા. શ્રીકૃષ્ણના વિરહની ઉત્કંઠાના આવેશથી ઉદ્ધવ એકદમ તો જવાબ આપી શક્યા નહીં. બાલ્યાવસ્થાથી જ તેઓ શ્રીકૃષ્ણના સખા હતા. તેઓ બોલ્યા : ‘‘હે વિદુર ! તમે જે પૂછ્યું એનો હું શો જવાબ આપું ? યાદવો તો દુર્ભાગી છે. શ્રીકૃષ્ણ હવે નથી. શ્રીકૃષ્ણ પધારી ગયા છે.’’ આ સાંભળી વિદુર સ્તબ્ધ બની ગયા. ઉદ્ધવજીએ કહ્યું-

જગતના માનવીઓએ શ્રીકૃષ્ણને પણ એક મહાન મનુષ્ય તરીકે જ ઓળખ્યા છે. અમારા યાદવોએ પણ શ્રીકૃષ્ણને એક શ્રેષ્ઠ યાદવ તરીકે જ જાણ્યા છે. ભગવાને તો મારા તમારા

જેવાઓનું કલ્યાણ કરવા જ માનવદેહ ધારણ કર્યો હતો. ભગવાન અજન્મા હોવા છતાં ભૂતસ્વરૂપે નિત્ય સિદ્ધ એવો અગ્નિ જેમ કાર્યમાં ઉત્પન્ન થાય છે તેમ મહત્તત્ત્વ જેનો અંશ છે એવી પોતાની માયાશક્તિથી યુક્ત થઈને આવિર્ભાવ પામ્યા હતા. તેમણે શ્રીકૃષ્ણના જીવનની તમામ ઘટના કહી સંભળાવી.

પછી ઉદ્ધવજી બોલ્યા: એક સમયે દ્વારકામાં યદુવંશી અને ભોજવંશી મદોન્મત્ત એવા જુવાનોએ રમત રમતમાં મુનિઓને કોપાવ્યા એટલે તેમણે યાદવોને શાપ આપ્યો. કેટલાક મહિના પછી શ્રીભગવાને મોહ પમાડેલા એ સર્વ નાના મોટા યાદવોએ તે ઉન્મત્ત થઈ વારુણીનું વધુ પડતું પાન કર્યું અને પછી જ્ઞાનભ્રષ્ટ બની રહી એમનાં મન ભમી ગયાં હોવાથી તેઓ પરસ્પર જાણે ઓળખતા જ ન હોય એમ પરસ્પર શત્રુઓની જેમ લડી મૂઆ. બધા યાદવોનો એ રીતે નાશ થયા પછી ભગવાન શ્રીકૃષ્ણ ત્યાંથી ચાલ્યા ગયા અને એક વૃક્ષની નીચે બેઠા. હું પણ તેમની પાછળ પાછળ ગયો હતો. મેં તેમને કહ્યું હતું કે હું તમારી સાથે આવીશ, પણ તેમણે તો મને બદરિકાશ્રમ જવાની આજ્ઞા કરી. તે વખતે પરમભક્ત અને સિદ્ધ મુનિ મૈત્રેયજી પણ ત્યાં અચાનક આવ્યા. તે મુનિના સાંભળતાં ભગવાને મને કહ્યું કે ઉદ્ધવ! તારે પ્રચારક બની મોટું કામ કરવાનું છે. હું તને બ્રહ્મવિદ્યા શિખવાડીશ, પરમ સત્યનું જ્ઞાન આપીશ. આ તારો હવે છેલ્લો જન્મ છે. હું હવે આ લોક ત્યજી દેવાનો છું. પૂર્વે બ્રહ્માને જે જ્ઞાન આપ્યું હતું તે જ્ઞાન હું તને પણ આપીશ.

મેં હાથ જોડી કહ્યું: મને તો હવે કશી જ ઈચ્છા રહી નથી. હું તો આપના ચરણની સેવાનો જ ઉત્સુક છું. આપ અજન્મા છો છતાં જન્મ ધર્યો. હે સ્વામિન્! તમે બ્રહ્માને જે જ્ઞાન આપ્યું હતું તે અંગે જો હું યથાયોગ્ય છું એવું આપને લાગતું હોય તો તે તમે કહો.

મારી વિનંતી પછી તેમણે મને મહાન વિદ્યા ભણાવી અને પોતાનું સત્ય સ્વરૂપ મને સ્પષ્ટ રીતે કહી બતાવ્યું. હવે પછી જ્યાં નર અને નારાયણે લાંબું તપ કર્યું હતું એવા પ્રભુને પ્રિય એવા બદરિકાશ્રમ તરફ જઈશ.

ઉદ્ધવજી પાસેથી વૃત્તાન્ત સાંભળી વિદ્વાન વિદુરજીએ ઉત્પન્ન થયેલા શોકને વિવેકબુદ્ધિથી શાંત કરીને કહ્યું કે હે ઉદ્ધવ: શ્રીકૃષ્ણે તમને જે જ્ઞાન કહ્યું તે મારે જાણવું છે તો તમે મને કહો.

પરંતુ ઉદ્ધવજીએ કહ્યું કે હે સુહૃદ! ભગવાને કહેલી એ ભાગવતી કથા તો તમારે મૈત્રેય ઋષિ દ્વારા જાણવી પડશે.

આ પ્રમાણે કહીને બીજે દિવસે ઉદ્ધવજી બદરિકાશ્રમ જવા ત્યાંથી ચાલી નીકળ્યા.

શુકદેવજીએ કહ્યું કે ભગવાને વિચાર્યું હતું કે આ લોકમાંથી હું વિદાય લઈશ એટલે મારામાં રહેલા જ્ઞાનને ગ્રહણ કરવા માટે એકલા ઉદ્ધવ જ સાક્ષાત્ યોગ્ય છે, માટે મારા જ્ઞાનનો પ્રચાર કરવા ઉદ્ધવ ભલે પૃથ્વી પર રહે. તેથી તો તેઓ જીવિત રહ્યા હતા. વિદુરજી ત્યાંથી નીકળી ગંગાકિનારે આવેલા મૈત્રેય મુનિના આશ્રમ તરફ વળ્યા.

મૈત્રેય મુનિને પ્રણામ કરીને ઉદ્ધવ સાથેના મિલનની વાત કરી કહ્યું કે ભગવાને ઉદ્ધવ અને તમને આપેલું જ્ઞાન મારે તમારી પાસેથી પ્રાપ્ત કરવું એવી ભગવાન શ્રીકૃષ્ણની ઈચ્છા હતી.

વિદુર બોલ્યા : હે બ્રહ્મન્ ! પ્રાણી માત્ર સુખને માટે કર્મો કરે છે, પણ એનાથી સુખ મળતું નથી તેમ દુ:ખની નિવૃત્તિ પણ થતી નથી તો આ સંસારમાં શું કરવા જેવું છે તે આપ મને કહો. ભગવાન શ્રીહરિએ અવતારો લઈ જે જે લીલાકાર્યો કર્યાં છે તેથી પૂર્વે આદિ કાળમાં ભગવાને જે રીતે આ જગતનો આવિર્ભાવ કર્યો, એની સ્થિતિ કરી અને કલ્પને અંતે એને પોતાનામાં જ લીન કરી દઈ એનો તિરોભાવ શી રીતે કરે છે તે મને વિસ્તારથી સમજાવો. હે મૈત્રેય ! કલ્યાણ અને તીર્થરૂપ શ્રીહરિની કથાઓનું મૂળભૂત રહસ્ય આપ મને સમજાવો.

મૈત્રેય બોલ્યા : તમે તો વેદવ્યાસના પુત્ર છો તમે તો પ્રજાઓને નિયમમાં રાખનાર ભગવાન યમદેવ છો. માંડવ્ય ઋષિના એક સો વર્ષ સુધી શુદ્ર બની રહેવાના શાપથી તમે વિચિત્રવીર્યની સ્ત્રીની દાસીમાં વ્યાસ ભગવાન દ્વારા ઉત્પન્ન થયા છો. શ્રીભગવાનને તમને જ્ઞાનોપદેશ કરવાની ભગવાને મને આજ્ઞા કરી છે. પહેલાં ભગવાન એકલા જ હતા. એમણે વિચાર્યું કે ‘હું બહું થાઉં.’ પરિણામે પોતાની માયાશક્તિથી એમણે આ જગત સર્જ્યું. ભગવાનની અદ્‌ભુત ક્રિયા કરવાના સામર્થ્યવાળી હોવાથી પ્રકૃતિશક્તિ કહેવાય છે. બહુ થવાની ઈચ્છાવાળા ભગવાન મહત્તત્ત્વરૂપે પ્રગટ્યા, મહત્તત્ત્વ જગતને પ્રકાશ કરનારું અને અજ્ઞાનને દૂર કરનારું છે. એમાં વિકાર થયો એટલે અહંકારતત્ત્વ ઉત્પન્ન થયું. સાત્ત્વિક રાજસ અને તામસ એવાં ત્રણ પ્રકારના અહંકારમાં વિકાર થતાં મન ઉત્પન્ન થયું અને ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ પણ ઉત્પન્ન થયા એ સાત્ત્વિક અહંકારમાંથી થયા, રાજસ અહંકારથી જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો ઉત્પન્ન થઈ, તામસ અહંકારથી આકાશ સિદ્ધ થયું, એ રૂપાંતર પામી તેમાંથી વાયુની ઉત્પત્તિ થઈ. તેમાંથી રૂપ તન્માત્રા દ્વારા તેજ ઉત્પન્ન કર્યું, તેજ રસ તન્માત્રા દ્વારા જળ ઉત્પન્ન કર્યું અને જળ વિકાર પામતા ગંધ ગુણ દ્વારા પૃથ્વી ઉત્પન્ન કરનારું થયું. આકાશાદિ મહાભૂતોમાંના કાર્યરૂપ તત્ત્વો પૂર્વપૂર્વના કારણરૂપ તત્ત્વથી યુક્ત છે.

અનંત લીલાવાળા ભગવાને એ ત્રેવીસ તત્ત્વોના સમુદાયમાં અંતર્યામીસ્વરૂપે પ્રવેશ કર્યો. પરિણામે એ તત્ત્વની ક્રિયાશક્તિ જાગ્રત બની અને વિરાટ પુરુષરૂપે ભગવાન પ્રકટ્યાં. એ વિરાટ પુરુષ પ્રાણી માત્રના આત્મા-પરમાત્માના અંશરૂપ એમનો પ્રથમ અવતાર છે. છઠ્ઠા અધ્યાયમાં વિરાટ પુરુષની વિભૂતિના રૂપમાં એ સ્થાનો પુરુષસૂક્તના આધારે સર્વનિર્ણયરૂપમાં વર્ણવાયાં છે.

હે વિદુર ! આ પુરાણ સાક્ષાત્ ભગવાન સંકર્ષણે સનત્કુમારોને કહ્યું હતું, સનત્કુમારોએ આ ભાગવત સાંખ્યાયન ઋષિને સંભળાવ્યું, સાંખ્યાયને મારા ગુરુ પરાશરને અને બૃહસ્પતિને સંભળાવ્યું હતું, પછી પરાશરે મને કહ્યું છે, જે હું તમને કહું છું.

મહાપ્રલય પછી સૃષ્ટિની ફરી રચના થઈ. પ્રલય વખતે સમગ્ર પૃથ્વી જળમાં ડૂબી ગઈ હતી, ભગવાન વાસુદેવ પરમાત્મા એકલા જ શેષનાગની શય્યામાં પોઢેલા હતા અને યોગનિદ્રામાં હતા. હજારો વર્ષો સુધી તેઓએ સ્થિતિમાં રહ્યા. ભગવાને પછી સૃષ્ટિની રચના કરવા માટે અવ્યક્તને યાદ કર્યું. તે અવ્યક્ત રજોગુણ વડે ક્ષોભ પામવાથી સમતોલ હતા એવા ત્રણે ગુણોમાં વિક્ષેપ ઊભો થયો અને સમતુલા ખંડિત થઈ. પછી એ રજોગુણ ભગવાનની નાભિમાંથી કમળના આર્વિભાવ પામ્યો. પછી એ નારાયણ ભગવાન એક અંશરૂપે કમળમાં પ્રવેશ્યા અને એ બ્રહ્મારૂપે પ્રગટ થયા. બ્રહ્માને પોતે સ્વયંભૂ છે પછી તે અજન્મા બ્રહ્માએ એ કમળના સ્તંભ-નાળમાં પ્રવેશ કર્યો પણ કશું જ જોઈ શક્યા નહીં. બ્રહ્મા પાછા ફરી કમળમાં સ્થિત થયા અને આસનસ્થ થઈ સો વર્ષ સુધી ધ્યાનમગ્ન દશામાં તપ કર્યું. એકાએક તેમણે પોતાના હૃદયમાં ભગવાન વિષ્ણુને પ્રગટ થયેલા જોયા. પોતાના અંત:કરણમાં ભગવાનના સ્વરૂપમાં જ જોઈ અને આપોઆપ તેમના મુખમાંથી નારાયણની સ્તુતિ સરી પડી.

પ્રકટ થયેલા ભગવાને બ્રહ્માને કહ્યું કે વેદગર્ભ ! તમે હવે સૃષ્ટિ રચવાનો ઉદ્યમ કરો. તમે હજુ વિશેષ તપ કરો, એથી મત્સંબંધી યથાર્થ જ્ઞાન તમે પ્રાપ્ત કરી શકશો.

મૈત્રેય બોલ્યા: બ્રહ્માએ પછી ભગવાનની આજ્ઞા પ્રમાણે પ્રથમની જેમ જ ભગવાનને અંત:કરણમાં ધારણ કરીને દેવોનાં દિવ્ય શતવર્ષ તપશ્ચર્યા કરી. પછી બ્રહ્મા કમળના કોશમાં પ્રવિષ્ટ થઈ ગયા. એના સત્ત્વાદિ ભેદે ત્રણ અને પ્રસિદ્ધ લોકવ્યવહાર - ભેદે ચૌદ વિભાગ કર્યા. પહેલાં આ જગત ભગવાનની ઈચ્છાથી લીન બની રહી ભગવાનમાં બ્રહ્મરૂપે સ્થિત હતું તેને પોતાના અવ્યક્ત કાલ દ્વારા ભગવાને ફરી હૃદયરૂપથી પૃથક્ કરીને પ્રકટ કર્યું. આ રીતે બ્રહ્મ જ જગતનું સૂક્ષ્માવસ્થારૂપ છે, અર્થાત્ પૂર્વાવસ્થા બ્રહ્મ અને ઉત્તરાવસ્થા જગત છે. આત્માથી પ્રથમ સૃષ્ટિ તો ગુણોની વિષમતારૂપ મહત્તત્ત્વની થઈ છે. બીજી સૃષ્ટિ અહંકારની થઈ. ત્રીજી સૃષ્ટિ તન્માત્રા રૂપ મહાભૂતોની છે. ચોથી સૃષ્ટિ જે ઈન્દ્રિયોની છે. પાંચમી દૈવી સર્ગત્વની સૃષ્ટિ છે. છઠ્ઠી તામસી સૃષ્ટિ છે તે અવિદ્યારૂપ છે. સાતમો મુખ્ય સર્ગ છે, સાધારણ પ્રાણીઓની, આઠમી સૃષ્ટિ અઠ્ઠાવીસ પ્રકારની છે, એ ઘ્રાણેન્દ્રિયો દ્વારા જ પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. મનુષ્યો એ નવમી સૃષ્ટિ છે. જે વિકારથી ઉત્પન્ન થયા છે તે દશમો પ્રકાર છે. આ દશે પ્રકારની સૃષ્ટિઓ બ્રહ્માએ રચેલી છે.

પછી પૃથ્વીના જ પરમાણુથી થયેલા કાલના વિભાગો કહે છે. અનંત બ્રહ્માંડોથી આવૃત એવા ભગવાનનું નામ અક્ષરબ્રહ્મ છે. એ અક્ષરબ્રહ્મ કારણોનું પણ કારણ છે. ભગવાન વિષ્ણુનું સાક્ષાત્ પરમધામ છે, નિવાસસ્થાન છે. ભગવાનનો એ અક્ષરરૂપી દેહ સામાન્ય દેહ નથી, સાક્ષાત્ સ્વરૂપ જ છે. **મૂલભૂત ભગવાન સાકાર છે.**

ભગવાનના કાલ સ્વરૂપનો મહિમા દર્શાવી હવે બ્રહ્માએ જે આઠ પ્રકારની સૃષ્ટિ રચી છે તે

ક્રમશઃ કહે છે. **તેમણે ભગવાનના ધ્યાન વડે પવિત્ર મનવાળા બની રહીને સનક, સનાતન, સનંદન અને સનત્કુમાર એ ચાર મુનિઓનું સર્જન કર્યું અને તેમને બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કરવાનું કહ્યું. એ સનત્કુમારો સદૈવ બ્રહ્મચારી, કાર્યરહિત અને વાસુદેવપરાયણ હોવાથી એમણે સૃષ્ટિ રચવાની ના પાડી. સનત્કુમારોની ના સાંભળી એમને ક્રોધ ઊપજ્યો. તે ક્રોધ બે ભ્રૂકુટિની વચ્ચે થઈને નીલલોહિતવર્ણ કુમારરૂપે પ્રકટ થયો. એ જ ભગવાન શિવ, મહાદેવ જન્મીને રડવા લાગ્યા. બ્રહ્મા બોલ્યા: તમે ઉદ્વેગ ધરી રડ્યા એટલે તમારું નામ 'રુદ્ર' થશે. પ્રજાપતિ એવા તમે ઘણી પ્રજા ઉત્પન્ન કરો. પિતાની આજ્ઞાથી ભગવાન રુદ્રે બલ, પ્રકૃતિ અને સ્વભાવથી પોતાના જેવી જ ઘણી પ્રજાનું સર્જન કર્યું. એ પ્રજાએ ચારે તરફથી જગતને ગ્રસવા માંડ્યું, આથી ભયભીત બની બ્રહ્માએ તત્કાલ રુદ્રનું એવું સર્જનકાર્ય અટકાવી દીધું અને ભગવાનની તપશ્ચર્યા કરવાની આજ્ઞા કરી.**

એ પછી બ્રહ્માએ દશ પુત્રોનું સર્જન કર્યું: મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વશિષ્ઠ, દક્ષ અને દશમા નારદ. મરીચિ આદિ ઋષિઓ ઘણા જ પરાક્રમી હતા, પણ એમનાથી સૃષ્ટિનો વિસ્તાર ન થવાથી એમણે ઈશ્વરકૃપાની રાહ જોવા માંડી. તેવામાં તેમના શરીરના બે વિભાગ થયા: એ બે રૂપના વિભાગોમાંથી સ્ત્રી પુરુષનું યુગલ થયું. એમાં જે પુરુષ હતો તે ચક્રવર્તી રાજા સ્વાયંભુવ મનુ હતા અને સ્ત્રી હતી તે શતરૂપા નામની એ મહાપુરુષની મહારાણી હતી. એમના મિથુનધર્મથી પ્રજાઓની શરૂઆત થઈ. મનુને શતરૂપાથી પ્રિયવ્રત અને ઉત્તાનપાદ એમ બે પુત્રો અને આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ એમ ત્રણ કન્યાઓ થઈ. આ ત્રણ કન્યાઓની સંતતિથી પછી ક્રમશઃ આખું જગત પરિપૂર્ણ બની રહ્યું.

સ્વાયંભુવ મનુ ઉત્પન્ન થયા પછી બ્રહ્માજી પાસે ગયા અને પોતાનું કર્તવ્ય શું છે તે પૂછ્યું. બ્રહ્માજીએ કહ્યું તમો બન્ને તમારા જેવા જ સંતાનો ઉત્પન્ન કરો, ધર્મપૂર્વક પૃથ્વીનું પાલન કરો અને યજ્ઞો વડે શ્રીહરિનું પૂજન કરો.

મનુએ કહ્યું: આપની આજ્ઞા પ્રમાણે હું વર્તીશ, પણ મારા માટે તથા મારી પ્રજા માટે રહેવાનું સ્થળ આપ બતાવો. પૃથ્વી તો આ અગાધ જળમાં ડૂબી ગઈ છે.

બ્રહ્મા પૃથ્વીને જળમાં ડૂબેલી જોઈ ઊંડા વિચારમાં પડી ગયા: હું સૃષ્ટિ સર્જવા માટે તૈયાર બની રહ્યો એટલામાં તો જળે ડુબાડેલી પૃથ્વી છેક રસાતલમાં પહોંચી ગઈ છે. ભગવાન નારાયણ જો મને સહાય કરે તો જ આ બને. બ્રહ્મા આમ વિચારે છે ત્યાં એકાએક તેમના નાકમાંથી અંગૂઠા જેટલું વરાહનું એક બચ્ચું નીકળી પડ્યું અને જોતજોતામાં તો હાથીના કદનું થઈ ગયું. લીલાવતારી ભગવાને પછી પૃથ્વીનો માર્ગ શોધીને જળમાં પ્રવેશ કર્યો. ખૂબ ઊંડે રસાતલમાં રહેલી પૃથ્વીને પોતાની દાઢ પર ચડાવીને પછી તે ઉપર આવવા લાગ્યા. ધીમી ગતિએ તેઓ ઉપર સપાટી તરફ આવતા હતા ત્યાં તો હિરણ્યાક્ષ નામનો અસુર હાથમાં ગદા લઈને તેમની ગતિને રોકવા લાગ્યો.

અસહ્ય પરાક્રમવાળા એ દૈત્યને રમતમાત્રમાં ભગવાને મારી નાખ્યો. બ્રહ્મા આદિ બધાએ તેમની સ્તુતિ કરી.

ભગવાન સૌની પ્રાર્થના સાંભળ્યા પછી પૃથ્વીનું સ્થાપન કરીને સૌની નજર સમક્ષથી અદૃષ્ટ થઈ ગયા.

વિદુરે એ દૈત્ય કોણ હતો એનો વધ કરવા ભગવાનને જ શાથી વરાહ-અવતાર લેવો પડ્યો એ જાણવાની ઈચ્છા પ્રકટ કરી.

મૈત્રેય બોલ્યા : દક્ષની તેર પુત્રીઓને મરીચિના પુત્ર કશ્યપઋષિ સાથે પરણાવી હતી, તેમાં એક દિતિ હતી. એક વખતે કામથી પીડિત એ દિતિએ પુત્રપ્રાપ્તિની ઈચ્છાથી સૂર્યાસ્ત સમયે પતિને કામભોગ માટે ઈચ્છા દર્શાવી. કશ્યપઋષિ તે વખતે અગ્નિરૂપી જીતવાળા યજ્ઞપતિ વિષ્ણુ ભગવાનનું દૂધથી પૂજન કરી સમાધિ અવસ્થામાં બેઠા હતા. દિતિને સમજાવતાં કશ્યપે કહ્યું કે હમણાં સંધ્યાનો સમય યોગ્ય નથી માટે ધીરજ રાખ.

પણ દિતિ ઋષિનું કશું સાંભળવા તૈયાર ન હતી. તેણે પતિને વારંવાર આગ્રહ કર્યો. પરિણામે ઋષિએ અનિચ્છાએ પણ સ્ત્રીની ઈચ્છા સંતોષી. કામેચ્છાથી અંધ બનેલી દિતિને કામની તૃપ્તિ પછી સારાસારનું ભાન થતાં જે કાંઈ થયું તે સારું થયું નથી એવી પ્રતીતિ થઈ. હવે શું પરિણામ આવશે એ વિશે એણે પતિને પૂછ્યું. ઋષિએ કહ્યું કે તને બે દુષ્ટ પુત્રો અવતરશે. નારાયણ ભગવાન અવતાર લઈને એમને મારશે. પરંતુ તારો પૌત્ર ભગવાન નારાયણનો મહાન ભક્ત થશે.

દિતિ એ દુષ્ટ પુત્રોને જન્મ આપવા ઈચ્છતી ન હતી, નહીં જન્મી શકતાં એ બાળકોનો તાપ એટલો ઉગ્ર હતો કે ચિંતિત દેવો સર્જનહાર એવા બ્રહ્મા પાસે ગયા, એમની સ્તુતિ કરી. ભગવાન બ્રહ્માએ મધુર વાણીથી વિનંતી કરી- હે દેવો ! તમારા પહેલાં મારા મનથી ઉત્પન્ન થયેલા મારા પુત્રો સનત્કુમાર ભગવાન વિષ્ણુના દર્શનાર્થ એક વખત વૈકુંઠલોકમાં શ્રીહરિદર્શન કરવા ગયેલા. છ દ્વાર ઓળંગી સનત્કુમારો સાતમા દ્વારમાં પ્રવેશવા જતા હતા તે વખતે તેમને ત્યાંના જય અને વિજય નામના દ્વારપાલોએ અટકાવ્યા. તેમણે શાપ આપતાં કહ્યું- સત્પુરુષોનું અપમાન કરવા જેટલા અંધ બન્યા છો તો હવે સત્પુરુષો તમારાથી ઘણા દૂર રહેશે.

બન્ને દ્વારપાલો ભયભીત બની એમના ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા અને ક્ષમા કરવા પ્રાર્થના કરવા લાગ્યા. તે વખતે ભગવાન પોતે લક્ષ્મીજી સાથે ત્યાં પધાર્યા. ઋષિઓએ હર્ષપૂર્વક એમને પ્રણામ કર્યા. તેઓ બોલ્યા : અમે આપના આ દ્વારપાલોને શાપ દઈ બેઠા છીએ. ભગવાન વિષ્ણુ બોલ્યા : મારા આ જય વિજય પાર્ષદોએ કરેલા અપરાધના કારણે આપે આપેલો શાપ હું માન્ય રાખું છું. જે કાંઈ થયું છે એનું નિર્માણ મેં જ કર્યું છે એમ માનજો, તમારો કશો જ અપરાધ નથી.

ત્યાર પછી દ્વારપાલોને ભગવાને કહ્યું કે બ્રાહ્મણોએ આપેલો શાપ તો મિથ્યા નહીં થાય. તમે

વેરભાવે મારું સ્મરણ કરજો. યથા સમયે હું તમને મારી પાસે બોલાવી લઈશ.

નિસ્તેજ જય-વિજયે વૈકુંઠમાંથી નીચે પડી દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યો. પિતાના આદેશ પ્રમાણે દિતિએ ગર્ભને સો વર્ષ પૂરાં થતાં જોડકારૂપે બે પુત્રોને જન્મ આપ્યો. તે બન્ને અસુરો જન્મ્યા. તે બે બાળકો ક્રમશઃ ઝડપથી વધવા લાગ્યા. કશ્યપે તેમના હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ એવાં નામ પાડ્યાં. બ્રહ્માના વરદાનથી હિરણ્યકશિપુએ કોઈથી ન મરી શકે એવો બની ઉદ્ધતપણે લોકપાલો સહિત ત્રણ લોકને જીતી લઈ વશ કર્યો, તેનો ભાઈ હિરણ્યાક્ષ તેનું પ્રિય કરનારો હોઈ હાથમાં ગદા ધરી યુદ્ધ માટે સર્વત્ર ઘૂમતો ઘૂમતો સ્વર્ગમાં ગયો. એ દૈત્યે મદોન્મત્ત હાથીની જેમ સમુદ્રમાં પ્રવેશ કર્યો અને વરુણ દેવની પાસે જઈ એમની પાસે યુદ્ધ માગ્યું. કહ્યું હે અસુરશ્રેષ્ઠ ! યુદ્ધમાં તને સંતોષ આપી શકે એવા તો એક વિષ્ણુ ભગવાન જ છે. તું એમને શોધી કાઢ અને એમની સાથે યુદ્ધ કર. વરુણનું આ પ્રમાણે કથન સાંભળી હિરણ્યાક્ષ નારદની પાસે ગયો અને તેમના દ્વારા ભગવાનનો પતો મેળવીને રસાતળમાં જઈ પહોંચ્યો. રસાતળમાં દાઢની અણી ઉપર પૃથ્વીને ઉપાડીને તેને બહાર લાવતા વરાહ ભગવાનને તેણે જોયા. બોલ્યા : આ પૃથ્વી તો બ્રહ્માએ અમને આપી દીધી છે તો તું તેને છોડી દે. મારી આ ગદા તારું માથું છૂંદી નાખશે. તું મરી જઈશ.

વરાહ ભગવાને હિરણ્યાક્ષના શબ્દોની અવગણના કરી બહાર નીકળવા માંડ્યું. અસુર હિરણ્યાક્ષે ક્રોધથી રાતો પીળો બનીને બળપૂર્વક શ્રીહરિને ગદાનો પ્રહાર કર્યો. ભગવાને વાંકા વળી જઈને પ્રહારને વ્યર્થ બનાવ્યો અને પછી પોતે સામે આક્રમણ કરી હિરણ્યાક્ષની જમણી ભ્રૂકુટિ પર ગદાનો પ્રહાર કર્યો. આ રીતે બન્ને યોદ્ધાઓ ગદાયુદ્ધ કરવા લાગ્યા. અંતમાં દૈત્યના કર્ણના મૂળ ભાગમાં ભગવાને વજ્રમૂઠ્ઠીનો પ્રહાર કર્યો. પરિણામે વાયુએ ઉખેડી નાખેલા મહાવૃક્ષની જેમ એ દૈત્ય નિષ્પ્રાણ થઈને પૃથ્વી પર પડ્યો.

પછી મૈત્રેય બોલ્યા : જીવોના પ્રારબ્ધને કારણે નિયંતા પુરુષથી તથા કામથી ભગવાન ત્રિગુણમય પ્રકૃતિમાં ક્ષોભ પામ્યા એટલે કાર્ય ઉત્પન્ન થઈ શકે તેવો વ્યાપાર ઊપજ્યો. પહેલું મહત્તત્ત્વ ઉત્પન્ન થયું, મહત્તત્ત્વમાંથી અહંકાર ઉત્પન્ન થયો અને તે અહંકારે પાંચ તન્માત્રા, પાંચ ભૂતો પાંચ જ્ઞાનેન્દ્રિયો અને તે તે ઈન્દ્રિયોના દેવતાઓ એમ પચીસ તત્ત્વો ઉત્પન્ન કર્યાં. આ બધાં તત્ત્વો પરસ્પરથી અલગ રહીને કશું જ કરવા સમર્થ ન હતાં એટલે તેઓએ ભગવાનની શક્તિથી પરસ્પર સંગઠિત બની રહીને બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું. એ પછી ભગવાને એમાં પ્રવેશ કર્યો ત્યાર પછી તે નારાયણ ભગવાનની નાભિમાંથી હજારો સૂર્યના જેવું અતિ ક્રાંતિવાળું કમળ ઉત્પન્ન થયું તેમાંથી બ્રહ્માનો આવિર્ભાવ થયો. બ્રહ્માએ પોતાના જેવી કાંતિથી પ્રકાશતી સત્ત્વગુણી પ્રજાઓ ઉત્પન્ન કરી તેઓ દેવ કહેવાયા. ત્યાર પછી બ્રહ્માએ અસુરો ઉત્પન્ન કર્યા, પણ આ અસુરો તો ઉત્પન્ન થઈને બ્રહ્માને જ મારવા દોડ્યા. ભગવાનની આજ્ઞાથી બ્રહ્માએ એ શરીરનો ત્યાગ કર્યો. બ્રહ્માએ ભૂતોને,

પિશાચોને, દેવોના ગણોને, પિતૃઓને તથા સિદ્ધો અને વિદ્યાધરોને ઉત્પન્ન કર્યા, પછી તે શરીરનો ત્યાગ કર્યો. એ શરીરમાંના વાળમાંથી સર્પો ઉત્પન્ન થયા. એ પછી બ્રહ્માએ મનુને ઉત્પન્ન કર્યા. બ્રહ્માએ પોતાનો પુરુષદેહ મનુને આપ્યો. પછી બ્રહ્માએ ઋષિઓ સર્જ્યા એમાં સમાધિ, યોગ, ઐશ્વર્ય, તપ, ઉપાસના અને વૈરાગ્ય હતાં. એ ઋષિઓમાંના એક કર્દમને બ્રહ્માએ કહ્યું : તમે પ્રજાને સર્જો. એથી કર્દમે સરસ્વતીના તીરે વસીને દશહજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી. શ્રીહરિ તેમના પર પ્રસન્ન થયા અને દર્શન આપ્યાં. ભગવાનના શ્રીચરણોમાં દંડવત્ પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા. મારા પિતા એવા બ્રહ્મા દ્વારા આપે મને પ્રજાઓ સર્જવાની આજ્ઞા કરી હોવાથી હું શીલવાળી અને ગૃહસ્થાશ્રમમાં ધર્મ-અર્થ-કામરૂપ ત્રણ પુરુષાર્થોને આપનારી સહધર્મચારિણીને ઈચ્છું છું.

ભગવાન બોલ્યા : હે ઋષિ કર્દમ્ ! સ્વાયંભુવ મનુ બ્રહ્માવર્તમાં રહી સાત પૃથ્વીનું પાલન કરે છે. તે ધર્મજ્ઞ રાજર્ષિ એની મહારાણી શતરૂપા સાથે પરમ દિવસે તમને મળવા આવશે અને તેમની રૂપ ગુણ યૌવન અને શીલવાળી, વિવાહને યોગ્ય થયેલી કન્યા એના માટે યથાયોગ્ય એવા તમને અર્પણ કરશે. દેવહૂતિ નામની એ મનુની પુત્રી તમારી ઘણી સેવા કરશે. એનાથી તમને નવ કન્યાઓના પિતા બનશો અને તમારી એ કન્યાઓ પણ મરીચિ આદિ ઋષિઓને પરણી પુત્રો ઉત્પન્ન કરશે. એ કન્યાઓ પછી હું મારાં અંશ-કળારૂપે તમારે ત્યાં અવતાર લઈશ અને નવું સાંખ્યશાસ્ત્રનું સર્જન કરીશ.

ભગવાને કહ્યા મુજબ મનુ પોતાની પત્ની અને પુત્રી સાથે યથાસમયે સુવર્ણના સાજવાળા રથ પર બેસી કર્દમના આશ્રમે આવ્યા. મનુ બોલ્યા : મારા સદ્‌ભાગ્યે આપ જેવા મહાન તપસ્વી બ્રાહ્મણ દેવતાનાં મને દર્શન થયાં છે. હે મહામુનિ ! આપને એક વિનંતી કરવા હું અહીં આવ્યો છું. આ મારી પુત્રી છે એનું નામ દેવહૂતી છે. એના પતિરૂપમાં આપ જ સુયોગ્ય છો તેથી હું શ્રદ્ધાપૂર્વક આપને મારી આ કન્યા આપું છું તો આપ તેનું ગ્રહણ કરો.

કર્દમ બોલ્યા : હે રાજન ! તમારી આ પુત્રી સ્ત્રીઓમાં રત્નરૂપ છે એનો હું સહર્ષ સ્વીકાર કરું છું. મારી ઈચ્છા લગ્ન કરવાની છે જ. મારા પિતા બ્રહ્માએ પણ મને ‘‘તમે પ્રજા સર્જો’’ એવી આજ્ઞા આપી છે એટલે તમારી આ પુત્રીને સંતાનોત્પત્તિ થાય ત્યાં સુધી હું તેની સાથે ગૃહસ્થાશ્રમમાં રહીશ અને પછી હું સંન્યાસીના ધર્મો પાળીશ.

મનુએ પોતાની મહારાણી તથા પુત્રીની પણ સંમતિ હોવાથી કર્દમ ઋષિ સાથે પોતાની કન્યાનું લગ્ન કર્યું. પછી દેવહુતિ જેમ પાર્વતી ભગવાન શંકરની સેવા કરે તેમ, પ્રેમપૂર્વક કર્દમની સેવા કરવા લાગ્યાં. પ્રિયાનું પ્રિય કરવા ઈચ્છતા કર્દમ ઋષિએ પછી યોગબળથી ઈચ્છાનુસાર સર્વત્ર જઈ શકે એવું એક વિમાન પ્રકટ કર્યું. એ વિમાન સર્વ પ્રકારની સુવિધાઓથી પૂર્ણ હતું. કર્દમે એમની દાસીઓ સાથે વિમાનમાં બેસાડ્યાં અને પછી એ મહાન ભાગ્યવાળાં દંપતીએ મેરુ પર્વતની

ગુફામાં દીર્ઘ સમય સુધી વિહાર કર્યો. કર્દમે વિમાનમાં બેસીને પ્રિય પત્નીને દ્વીપો ખંડો વગેરે અતિ આશ્ચર્યજનક એવું સમગ્ર ભૂમંડળ બતાવ્યું અને પછી પોતાના આશ્રમ તરફ પાછા ફર્યા. પછી દેવહૂતીએ નવ કન્યાઓને જન્મ આપ્યો. સંતાનોત્પત્તિ પછી મુનિ સંન્યાસ લેવાના હતા એથી દેવહૂતિએ પતિને કહ્યું : હે ભગવંત ! આપે મને ઘણું સુખ આપ્યું છે, પરંતુ આપ વનમાં પધારો એ પહેલાં મને ઉપદેશ કરીને મારો ઉદ્ધાર કરી શકે એવો એક પુત્ર આપતા જાઓ.

મુનિ કર્દમ કહેવા લાગ્યા : હે તું આ રીતે ખેદ કરીશ નહીં. તું પતિવ્રતા સન્નારી છે. તારી ઈચ્છા પૂરી થશે. તું શ્રદ્ધા અને સંયમપૂર્વક સ્વધર્મનું આચરણ કર અને ભગવાનનું આરાધન કર. થોડા વખતમાં અવિનાશી ભગવાન અંશરૂપે તારા પુત્ર તરીકે અવતરશે.

યથાસમયે ભગવાને આપેલા વચન પ્રમાણે માતા દેવહૂતિના પેટે અવતર્યા તે સમયે સર્વત્ર જયજયકાર વર્તાયો. સ્વયંભૂ બ્રહ્મા મરીચિ વગેરે ઋષિઓ તે વખતે કર્દમના આશ્રમે આવ્યા. બ્રહ્માએ કર્દમ ઋષિને કહ્યું કે ‘‘હે પુત્ર ! તેં મારું વચન આદરપૂર્વક પાળ્યું છે. હે વત્સ ! અતિ સુંદર એવી તમારી આ નવ પુત્રીઓને આ મરીચિ વગેરે ઋષિઓ સાથે પરણાવી. પ્રાણી માત્રના કલ્યાણપ્રદાતા આદ્ય પુરુષ પરમાત્મા તારે ત્યાં અવતર્યા છે એ ભગવાન જ્ઞાન અને વિજ્ઞાન દ્વારા કર્મોની વાસનાને નષ્ટ કરશે.

કર્દમે પોતાની પુત્રીઓ મરીચિ વગેરે ઋષિઓ સાથે જેવો જેનો સ્વભાવ અને જેવી જેની રૂચિ તે પ્રમાણે પરણાવી.

એ પછી કર્દમ મુનિ પોતાને ત્યાં અવતરેલા કપિલ ભગવાનને મળવા એકાંતમાં તેમની પાસે ગયા. કપિલ ભગવાન બોલ્યા : હે મુનિ ! હું જ્ઞાનોપદેશ માટે જ તમારે ઘેર અવતરેલો છું. તમારી ઈચ્છા પ્રમાણે તમારે જવું જ હોય તો ભલે જાઓ, પણ કર્મો માત્ર મને સમર્પણ કરી દેજો અને મારું અહર્નિશ ભજન કરજો. તમે મોક્ષપદ પામશો જ. માતા દેવહૂતિને પણ યથાસમયે આધ્યાત્મિક જ્ઞાનનો ઉપદેશ આપીશ અને એથી એ પણ હું અને મારું એવા મિથ્યા સંસારથી મુક્ત બની રહી પરમાનંદ પામશે.

દેવહૂતિજીએ શાંતિથી બેઠેલા પુત્ર નજીક જઈને કહ્યું : હે ભૂમન્ ! હે પ્રભુ ! મેં મારું સમસ્ત જીવન ઈન્દ્રિયોને સંતોષવામાં વિતાવ્યું છે અને એ કારણે અજ્ઞાનરૂપી અંધકારમાં હું પડેલી છું. તેમાંથી મારો ઉદ્ધાર કરવા તમે જ સમર્થ છો. પ્રકૃતિ અને પુરુષનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી હું શરણાગતવત્સલ એવા આપની સમક્ષ આવી છું. મને શાંતિનો માર્ગ-મુક્તિનો માર્ગ દર્શાવો.

માતા દેવહૂતિને માટે સંતપુરુષોનો સત્સંગ થવો અસંભવિત હોવાથી એમને શાસ્ત્રાર્થનું જ્ઞાન આપ્યું. એ માટે કપિલજી હવે તેમને સાંખ્યનું તત્ત્વજ્ઞાન આપ્યું.

મૈત્રેય બોલ્યા : હે વિદુર, માતાને અને માતા નિમિત્તે જગતમાં સર્વને માટે સાંખ્યનો પ્રચાર કરવાનું કપિલનું શ્રેષ્ઠ અવતારકાર્ય પૂરું થયું. જ્ઞાન અને ભક્તિથી સમૃદ્ધ બની રહેલાં દેવહૂતિએ

કપિલજીની વિવિધ પ્રકારે સ્તુતિ કરી. એ પછી કપિલજી માતાની રજા લઈને ત્યાંથી વિદાય થયા. પુત્રે આપેલા ઉપદેશ પ્રમાણે દેવહૂતિજીએ શેષ જીવન વિતાવવા માંડ્યું.

માતાની આજ્ઞા લઈ કપિલ ભગવાન વાયવ્ય દિશા તરફ ગયા. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં સિદ્ધો, ચારણો, ગંધર્વો અને મુનિઓએ તથા નાગોએ એમની પૂજા-અર્ચના કરી. અંતમાં કપિલજી ત્રણે લોકને શાંતિ પ્રદાન કરવાને માટે યોગ માર્ગનું અવલંબન કરી સાંખ્યાચાર્યોથી સ્તુતિ કરાતા સમાધિમાં સ્થિત થઈ ગયા.

(શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કન્ધનો કથા સાર સંપૂર્ણ)

❀ સ્કંધાર્થ

પ્રથમ બે સ્કંધમાં **'અધિકાર'** અને **'સાધન'** લીલાનું વર્ણન કરી ત્રીજાથી બારમાં સ્કંધ સુધી જેનું શ્રવણ કરવાનું છે તે દશવિધ લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્રીજા સ્કંધમાં **'સર્ગ'** એટલે કે કારણોની ઉત્પત્તિ બતાવી છે, જેના ૩૩ અધ્યાયો છે. તેમાં **'લૌકિક'** તથા **'અલૌકિક'** એમ બે પ્રકારના સર્ગ બતાવ્યા છે. આ સર્ગમાં સર્જેલા બધા પદાર્થો ભગવદ્રૂપ છે.

સર્ગની વ્યાખ્યા કરતાં કહે છે કે ''બ્રહ્મમાં ગુણોમાં વૈષમ્ય પ્રકટ થવાને કારણે મહાભૂતો, તન્માત્રાઓ, ઈન્દ્રિયો તથા બુધ્ધિનો જન્મ થાય છે તેને **'સર્ગ'** કહે છે.'' ગુણોનું વૈષમ્ય રજોગુણને લીધે જ થાય છે કારણ કે રજોગુણ જ સૃષ્ટિના કારણરૂપ - સૃષ્ટિ કરાવનારો છે. તેથી કહે છે કે-

(૧) રજોગુણવાળા ભગવાનની જગતના કારણોનો જન્મ કરાવનારી લીલા તે સર્ગ છે. આમ 'કારણો'ની ઉત્પત્તિ તે 'સ્વર્ગ' છે.

(૨) સર્ગ મુખ્ય (ગુણાતીત) બ્રહ્મની લીલા પણ છે.

(૩) ભગવાન કાલરૂપ હોવાથી કાલે રચેલી સૃષ્ટિ પણ ભગવાનની લીલા છે.

(૪) જીવ પણ સૃષ્ટિ રચવામાં કારણરૂપ હોવાથી તે પણ પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે, મોક્ષ પ્રાપ્ત કરે તે પણ સૃષ્ટિ રચવાનું પ્રયોજન હોવાથી, જીવની સ્વરૂપમાં સ્થિતિ એટલે મુક્તિનો પણ સર્ગમાં સમાવેશ થાય છે.

સર્ગના કુલ દસ પ્રકારો બતાવ્યા છે- (૧) ગુણાતીત (ગુણથી પર) દેવની સૃષ્ટિ (૨) સગુણ (ગુણવાળા) દેવની સૃષ્ટિ, (૩) અહંકાર વગેરે તત્ત્વોની સૃષ્ટિ, (૪) અમુક્ત જીવોની અથવા કાલની સૃષ્ટિ, (૫) મુક્ત જીવોની સૃષ્ટિ. તે સિવાય વિભૂતિરૂપ પાંચ પ્રકાર બતાવ્યા છે.

સૃષ્ટિનું નિરૂપણ નીચે મુજબના અધ્યાયોમાં કરવામાં આવ્યું છે-

(૧) એક સૃષ્ટિ ગુણાતીત દેવમાંથી થાય છે, જે અધ્યાય ૫ અને ૬માં બતાવી છે.

(૨) બીજી સૃષ્ટિ સગુણ બ્રહ્મમાંથી થાય છે જેનું નિરૂપણ અધ્યાય ૮ અને ૯માં કરવામાં આવ્યું

છે.

(૩) ત્રીજી સૃષ્ટિ કાલની જે અધ્યાય ૧૦-૧૧માં કહેલી છે.

(૪) ચોથી જીવોની સૃષ્ટિ અધ્યાય ૧૨માં કહેલી મુક્ત જીવોની બતાવી છે.

(૫) નામ સૃષ્ટિ અધ્યાય ૧૨માં બતાવવામાં આવી છે.

• તૃતીય સ્કંધની ભૂમિકા •

'ભાગવત'ના તૃતીય સ્કંધથી દ્વાદશ સ્કંધ સુધીમાં ભગવાનની દશવિધ લીલાઓનું વર્ણન છે - જે અનુક્રમે **સર્ગ**, **વિસર્ગ**, **સ્થાન**, **પોષણ**, **ઊતિ**, **મન્વન્તર**, **ઈશાનુકથા**, **નિરોધ**, **મુક્તિ** અને **આશ્રય** લીલા છે. દ્વિતીય સ્કંધના સાતમા અધ્યાયની સુબોધિનીમાં શ્રી વલ્લભાચાર્યજીએ આ લીલાઓને '**અદીન લીલા હસિ લક્ષણોલ્લસદ્- ભ્રૂભંગં ભૂર્યનુગ્રહમ્**' શબ્દો દ્વારા કર્યું છે, જેની અગાઉ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે.

તૃતીય સ્કંધમાં શ્રી શુકદેવજીએ વિદુરજી અને મૈત્રેયજીના સંવાદની કથાની પ્રસ્તાવના કરી છે, કારણ કે રાજા પરીક્ષિતનું આયુષ્ય માત્ર સાત દિવસનું જ છે અને કોઈ અઘટિત પ્રસંગ બને તો રાજા કથા સાંભળ્યા વિના ન રહી જાય! તેથી જે બે સ્કંધની કથા સાંભળીને વિદુરજી કૃતાર્થ થયા હતા તેમ પરીક્ષિત પણ કૃતાર્થ થાય. આનો સૂચિતાર્થ એ પણ થાય કે **શ્રીમદ્ ભાગવતની લીલાનો અલ્પ અંશ સાંભળનારને પણ ભગવાનમાં ભક્તિ થાય છે.**

પ્રથમ સ્કંધની શરૂઆતમાં જ આપણે જોયું કે શૌનકજીએ સૂતજીને ૬ પ્રશ્નો પૂછ્યા હતાં, જે ભગવાનના છ ગુણોને સૂચિત કરે છે. તે પ્રત્યેકનું વર્ણન બબ્બે સ્કંધોમાં કરવામાં આવ્યું છે. તેમ છતાં વિદુરજીએ માત્ર બે સ્કંધ '**સર્ગલીલા**' અને '**વિસર્ગ લીલા**'ના શ્રવણ માત્રથી કૃતાર્થતા અનુભવી તે સિધ્ધ કરે છે કે ભાગવતજીના પ્રત્યેક સ્કંધમાં ભગવાનના છ ગુણો છે. આમ તો '**સર્ગ**' અને '**વિસર્ગ**' બન્ને એક પ્રકરણ જેવા કુલ ચોસઠ અધ્યાયમાં ભગવાનની ૬૪ કલાનું નિરૂપણ છે, પરંતુ ભગવાનની પ્રત્યેક લીલા સ્વતંત્ર છે, અલૌકિક છે, તેથી આ બન્ને લીલાઓનું વર્ણન અલગ અલગ સ્કંધો - ત્રીજા અને ચોથામાં કરવામાં આવેલું છે.

આ તૃતીય સ્કંધમાં **સર્ગ** લીલાનું નિરૂપણ કરવામાં આવ્યું છે જેના કુલ તેત્રીસ અધ્યાય છે. સ્વરૂપ દૃષ્ટિથી વિચારતાં આ ભાગવતનો '**દક્ષિણબાહુ**' છે. '**સર્ગ**'નો અર્થ થાય '**સૃષ્ટિના મૂલ તત્ત્વરૂપ ઉત્પત્તિ**'. આ સ્કંધના બધા જ ૩૩ અધ્યાયોમાં કારણોની ઉત્પત્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. 'સર્ગ'ના બે પ્રકાર બતાવવામાં આવ્યા છે - (૧) **લૌકિક સર્ગ** અને (૨) **અલૌકિક સર્ગ**. બન્ને પ્રકારના સર્ગ - પ્રત્યેકમાં ૩૩ કારણરૂપ તત્ત્વો રહેલા છે. '**લૌકિક સર્ગ**'માં મૂળભૂત ૨૮ તત્ત્વો (કારણ કોટીમાં જે બતાવવામાં આવ્યા છે) તે ઉપરાંત ૪ પ્રકારના પ્રાણીઓના બીજ (મૂળ કારણ) અને '**કાલ**' જેને માટે નિમિત્ત છે, એમ કુલ ૩૩ થાય છે. તેવી જ રીતે '**અલૌકિક સર્ગ**'માં પણ ૩૩ દેવતાઓ સ્વરૂપાત્મક છે. ૮ **વસુઓ**, ૧૧ **રૂદ્ર**, ૧૨ **આદિત્ય**, ઉપરાંત **ઈન્દ્ર** અને

પ્રજાપતિ જેનો ઉલ્લેખ વેદમાં છે. આમ બન્ને પ્રકારના સર્ગની સંખ્યા ૩૩ હોવાથી આ સ્કંધના ૩૩ અધ્યાય છે. શ્રી મહાપ્રભુજી ભાગવતાર્થ નિબંધમાં સર્ગને ત્રણ વિશેષણોથી સંબોધે છે - (૧) **સ્વાભિપ્રેત** એટલે કે ભગવાને પોતે જેવો ઈચ્છેલો, અર્થાત્ બીજા પુરાણોમાં જે 'સર્ગ' કહેવામાં આવ્યો છે તેવો નહીં પરંતુ **'લૌકિક'** તેમ જ **'અલૌકિક'** એમ બે ભેદવાળો, (૨) **સવિશેષ** અર્થાત્ અસાધારણ ગુણવાળો, એટલે કે તેમાં સર્વ પદાર્થ ભગવદ્રૂપ છે. અને (૩) **સ્વોપયુક્તાર્થ સંયુત** અર્થાત્ પોતાને ઉપયોગી થાય તેવા મોક્ષ ઈત્યાદિની ફલ પ્રાપ્તિ કરાવનારો છે.

બીજા સ્કંધના દસમાં અધ્યાયમાં 'સર્ગ'ની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે 'બ્રહ્મ'માં ગુણોમાં વૈષમ્ય પ્રકટ થવાને લીધે મહાભૂતો, તન્માત્રાઓ, ઈન્દ્રિયો તથા બુદ્ધિનો જન્મ થાય છે તેને **'સર્ગ'** કહે છે. બ્રહ્મમાંથી ઉત્પન્ન થતાં તે સર્વ કાંઈ **'કારણરૂપ'** અને **'કાર્યરૂપ'** એમ બે પ્રકારના હોય છે. જે **'કાર્યરૂપ'** છે, તેમનો જન્મ તે આ સર્ગ નથી પરંતુ **'કારણરૂપ'** મહાભૂત વગેરેનો જન્મ એટલે કે જગતના કારણોનો જન્મ કરનારી 'લીલા'ને 'સર્ગ' કહે છે. (૨/૧૦/૩)

આનો ખુલાસો કરતાં કહે છે કે જગતના મૂળ કારણરૂપ મહાભૂતાદિના જન્મરૂપ સૃષ્ટિ થાય તે **'બંધન'** આપે, તેથી તેને **'બંધ સૃષ્ટિ'** કહે છે, અને જ્યારે બ્રહ્મમાં ગુણની વિષમતા ન થાય, અર્થાત્ ક્ષોભ ન થાય ત્યારે તેમના સ્વરૂપથી જે 'સૃષ્ટિ' થાય છે તે **'મુક્તિ'** આપે છે, તેથી તેને **'મુક્તિ સૃષ્ટિ'** કહે છે. એ રીતે સૃષ્ટિના બે પ્રકાર છે- (૧) **બંધ સૃષ્ટિ** અને (૨) **મુક્ત સૃષ્ટિ**. 'સર્ગ'માં બાહ્ય ઉત્પત્તિ (બંધન) અને 'મુક્તિ' એ બન્નેની કથા છે. મોક્ષ પ્રાપ્તિ પહેલા યોગ્ય દેહની પ્રાપ્તિ અને તેની મોક્ષની યોગ્યતા પણ બતાવવી પડે. તૃતીય સ્કંધમાં **દેવહુતિ** અને **કર્દમ** જેઓ ગૃહસ્થાશ્રમી છે તેનો પ્રસંગ છે. ગૃહસ્થાશ્રમીને મુક્તિ પ્રભુની પ્રસન્નતાથી મળે છે. જેના ચાર ઉપાય તરીકે પંચપર્વા વિદ્યા અંતર્ગત **ભક્તિ**, **યોગ**, **જ્ઞાન** અને **ભગવાનની આજ્ઞાનું પાલન**, જેમાં **તપ** અને **વૈરાગ્ય** સમાહિત થઈ જાય છે. આ પાંચેય ન બને તો એમાંની એકથી પણ દૃઢ રીતે ભગવાનનું ભજન કરે તેને તો અવશ્ય મુક્તિ પ્રાપ્ત થાય.

વેદમાં **કર્મ**, **જ્ઞાન**, **ભક્તિ** માર્ગ બતાવેલ છે તે ત્રણેય મુક્તિના સાધન છે, પરંતુ પ્રભુ-ઈચ્છાથી 'સર્ગ' લીલા માટે તે ત્રણેયનો નાશ થતાં 'બંધન'માં પરિણમે છે જેના અનેક ઉદાહરણો ભાગવતના પ્રસંગમાં આલેખાયેલ છે. ભગવાનની **'વિરૂદ્ધધર્માશ્રયી લીલા'**માં ભગવાન મુક્ત થયેલ જીવોને ઉત્પન્ન કરે છે અને ઉત્પન્ન થયેલાને મુક્ત કરે છે. ગીતાજીમાં ભગવાને **'યદ્ગત્વા ન નિવર્તન્તે'** કહ્યું છે - **'યદગતાઃ ન વિવાર્યન્તે'** નથી કહ્યું. વૈકુંઠમાં ગયા પછી જીવ પોતાની ઈચ્છાથી પાછો નથી આવી શકતો, પરંતુ ભગવાને ઈચ્છ્યું તો ગોવાળીયાઓને વૈકુંઠ દર્શન કરાવી પાછો ગોકુળમાં તેઓ લઈ આવ્યા છે. ઉત્પન્ન થયેલા જીવો સૃષ્ટિ-બંધનમાં આવે તેની કથા **'બંધ સૃષ્ટિ-પ્રકરણ'**માં છે. ઉત્પન્ન થયેલાની મુક્તિમાં કર્દમ-દેવહૂતિની કથા - બંધન રૂપ સૃષ્ટિમાંથી મુક્ત થયેલા કથા છે, જેનો ખુલાસો **'મુક્ત-સૃષ્ટિ-પ્રકરણ'**માં કરેલો છે. પ્રભુ માટે

આ માત્ર **‘રમત’** અર્થાત્ **‘લીલા’** જ છે, કારણ કે લીલા માટે જ પ્રભુ પોતે અવતાર લઈને પધારે છે. સૃષ્ટિ ભગવાનની ઈચ્છાનુસાર થાય છે અને આલોક-પરલોકના ફલ પણ તેઓ જ આપે છે.

સર્ગ લીલાનો અર્થ **‘સર્જન’** છે, જેને માટે ભગવાનની **‘ક્રિયાશક્તિ’** અને **‘જ્ઞાનશક્તિ’** કાર્ય કરે છે. ક્રિયા દ્વારા ઉત્પત્તિ થાય, જ્ઞાનથી ઉત્કૃષ્ટતા આવે. બંધ-સૃષ્ટિમાં **ક્રિયાત્મા** - **યજ્ઞ સ્વરૂપ** - **વરાહનારાયણ**ની કથા છે અને મુક્તસૃષ્ટિમાં **ભગવાન કપિલદેવજી**નું વર્ણન છે, જેઓ મહર્ષિ વ્યાસજીની માફક ભગવાનના **‘જ્ઞાનાવતાર’** છે. તેઓ ભગવાનની ‘જ્ઞાનકલા’ના **પૂર્ણાવતાર** છે જ્યારે ભગવાન કપિલદેવ જ્ઞાન કલાના (મર્યાદા) **‘અંશાવતાર’** છે.

❀ પ્રકરણાર્થ

આ સ્કંધના પ્રકરણોને બે વિભાગમાં વહેંચી શકાય - (૧) **બંધ પ્રકરણ**, (૨) **મુક્તિ પ્રકરણ.** આ સ્કંધની કથા ચાર મુખ્યત્વે પ્રકરણોમાં વહેંચાયેલી છે તે છે - (૧) **અધિકાર** પ્રકરણ, (૨) **સૃષ્ટિ** પ્રકરણ, (૩) **ઉપપત્તિ** પ્રકરણ અને (૪) **ફલ** અથવા **મુક્તિ** પ્રકરણ. આ ચાર સ્થુલ પ્રકરણો છે અને સૂક્ષ્મ પ્રકરણોને ગણત્રીમાં લેતાં આ સ્કંધના દસ પ્રકરણો થાય છે.

‘બંધ સૃષ્ટિ’નું વર્ણન ૧થી ૧૯ સુધીના અધ્યાયોમાં કરવામાં આવ્યું છે. તેને પાંચ વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે.

(૧) **ગુણાતીત સૃષ્ટિ** - ભગવાનમાં ષડ ગુણો હોવાના કારણે તેના પ્રથમ છ અધ્યાયો (૧થી ૬) છે. (૨) **સગુણ સૃષ્ટિ** - ત્રણ ગુણોના કારણે તેના ત્રણ અધ્યાયો (૭થી ૯) છે. (૩) **કાલ સૃષ્ટિ** - કાલ બે પ્રકારનો છે - સ્થૂલ અને સૂક્ષ્મ, તેથી તેના બે અધ્યાય (૧૦-૧૧) છે. (૪) **મુક્ત જીવ સૃષ્ટિ** - જે બે પ્રકારે કહેવાયેલી છે - પહેલી બે ભગવાને સ્વતંત્રપણે કરી છે અને પછીની ત્રણ ભગવદ્ ઈચ્છાથી થયેલી છે તેનું વર્ણન ૧૨મા અધ્યાયમાં છે અને (૫) **મુક્તિ પ્રકરણ** - જેમાં મુક્ત જીવો પણ ભગવદ્ ઈચ્છાથી પુન : જન્મ લે છે, તેના ઉધ્ધારની કથા સાત અધ્યાયો (૧૩થી ૧૯)માં બતાવવામાં આવી છે.

તે પછી બીજા વિભાગ - **‘મુક્તિ પ્રકરણ’**ની કથા ૨૦થી ૩૩ અધ્યાયોમાં છે જેને પણ પાંચ વિભાગોમાં વર્ણવામાં આવી છે. (૬) **તત્ત્વ મુક્તિ** - પ્રકરણ જે (૨૦થી ૨૪) અધ્યાયોમાં વર્ણવામાં આવી છે કારણ કે ચાર પ્રકારે ‘મુક્તિ’ સમજાવી છે. (૭) **કાલ મુક્તિ પ્રકરણ** - જેનું વર્ણન ૨૫માં અધ્યાયમાં છે. (૮) **ગુણાતીત પ્રકરણ**નું વર્ણન ૨૬ અને ૨૭ એ બે અધ્યાયમાં કરવામાં આવ્યું છે, (૯) **સગુણ મુક્તિ પ્રકરણ** ૨૮માં અધ્યાયમાં વર્ણિત છે અને (૧૦) **જીવ મુક્તિ પ્રકરણ** જે પાંચ અધ્યાયો (૨૯થી ૩૩)માં વર્ણવવામાં આવ્યું છે. આમ કુલ ૩૩ અધ્યાયોમાં તૃતીય સ્કંધની **‘સર્ગ લીલા’** સમજાવવામાં આવી છે.

આ સમગ્ર સર્ગ લીલાના આ સ્કંધના અધ્યાયો અને પ્રકરણોનું વિશ્લેષણ નીચેના કોષ્ટકથી સમજી શકાય-


લૌકિક અને અલૌકિક સર્ગ (કુલ 33 અધ્યાય)
(A) બંધ સૃષ્ટિ (અ. ૧થી ૧૯)
(B) મુક્તિ સૃષ્ટિ (અ. ૨૦થી 33)
(A) બંધ સૃષ્ટિ (અ. ૧થી ૧૯)
ગુણાતીત સૃષ્ટિ (અ. ૧થી ૬) પ્ર. ૧
સગુણ સૃષ્ટિ (અ. ૭થી ૯) પ્ર. ૨
કાલ સૃષ્ટિ (અ. ૧૦, ૧૧) પ્ર. ૩
તત્વ સૃષ્ટિ (મુક્ત જીવ સૃષ્ટિ) (અ. ૧૨) પ્ર. ૪
ઉપોદ્‌ઘાન (મુક્ત જીવ સૃષ્ટિ) (અ. ૧૩થી ૧૯) પ્ર. ૫
(B) મુક્તિ સૃષ્ટિ (અ. ૨૦થી 33)
તત્વ મુક્તિ (અ. ૨૦થી ૨૪) પ્ર. ૬
કાલ મુક્તિ (અ. ૨૫) પ્ર. ૭
ગુણાતીત મુક્તિ (અ. ૨૬, ૨૭) પ્ર. ૮
સગુણ મુક્તિ (અ. ૨૮) પ્ર. ૯
જીવ મુક્તિ પ્ર. ૧૦
પુરુષ (અ. ૨૯થી ૩૧) પ્ર. ૧૦
સ્ત્રી (અ. ૩૨, ૩૩)

• અધ્યાયાર્થ (અધ્યાય ૧)

શ્રી મહાપ્રભુજી ભાગવતાર્થ પ્રકરણમાં સમજાવે છે કે આ તૃતીય સ્કંધના પહેલા ચાર અધ્યાયોમાં સૌપ્રથમ **'અધિકાર'**ની વાત કહેવામાં આવી છે. મોક્ષ પ્રાપ્તિના અધિકારી બનવા એ જરૂરી છે કે **'મોક્ષ'** માટે જે પ્રતિબંધો હોય તે દૂર થવા જોઈએ. તદુપરાંત મોક્ષ પ્રાપ્ત કરનારની બાહ્ય તેમ જ આંતર શુદ્ધિ થવી પણ જરૂરી છે પરંતુ સૌથી આવશ્યક વાત છે તે **'કૃષ્ણ કૃપા'** તેના વિના 'મોક્ષ' સંભવ નથી. આ પહેલા અધ્યાયમાં વિદુરજીનો 'ગૃહત્યાગ' વર્ણવામાં આવ્યો છે, કારણ કે ઘરમાં આસક્તિ એ મોક્ષ માર્ગમાં સૌપ્રથમ પ્રતિબંધ ગણાય. આ પ્રતિબંધ દૂર કરવા માટે ભગવદ્ ઈચ્છાથી એવા સંજોગો સર્જાય જે વિદુરજીને 'ગૃહત્યાગ' કરવા પ્રેરે છે. તદુપરાંત તેઓ તીર્થાટન કરે છે. જેનાથી તેમની બાહ્ય શુદ્ધિ થાય છે અને અનેક સંત-મહાત્માઓના સમાગમથી 'હરિકથા' શ્રવણનો લાભ તેમને પ્રાપ્ત થાય છે જે તેમની આંતર શુદ્ધિનું કારણ બને છે. આ ત્રણેય હકીકતોથી તેમને ભગવાનની કૃપા પ્રાપ્ત થતાં વિદુરજી 'મોક્ષ'ના ઉત્તમ અધિકારી હોવાનું ભાગવતકાર કહે છે.

અહીં શંકા થઈ શકે કે વિદુર દાસીપુત્ર-શુદ્ર હતા, જ્યારે પરીક્ષિત તો ક્ષત્રિય હતા; તેમ જ ભગવદીય હતા છતાં વિદુરને ઉત્તમ અધિકારી શા માટે કહ્યો? તેનો ખુલાસો કરતાં કહે છે કે વિદુર પહેલા સો વર્ષ જ શુદ્ર હતા. તેઓ 'યમ'ને શાપને કારણે એક સો વર્ષ સુધી શુદ્રત્વ પ્રાપ્ત

થયેલું હતું, તે જ વિદુર રૂપે અવતરીત થયા હતા, પણ તે પછી તે ક્ષત્રિય થયેલા કારણ કે તેનો જન્મ બ્રાહ્મણ-વ્યાસજી દ્વારા થયેલો હતો, અને આ કથા ઘટી રહી છે ત્યારે વિદુરજીની ઉંમર સૌથી વધુ હોવાથી તે શુદ્ર ન રહેતા ભાગવતનું શ્રવણ કરવાના અધિકારી હતાં. (આ બાબત મહાભારતના ઉદ્યોગપર્વમાં જણાવેલી છે.)

આ પ્રથમ અધ્યાયની કથા મુજબ ધૃતરાષ્ટ્રે વિદુરજીને મંત્રણા કરવા માટે બોલાવેલ છે ત્યારે દુર્યોધન તેમનું અનેક શબ્દોથી અપમાન કરે છે. તેના કારણે તેમને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, જે તેમના ગૃહત્યાગનું નિમિત્ત બને છે, અને તેઓ ઘર છોડી તીર્થયાત્રા માટે નીકળી પડે છે. કોઈ પોતાની મેળે વૈરાગ્ય ઉત્પન્ન થતાં ગૃહત્યાગ કરે તો પાછો કોઈક સમયે ઘરમાં આવે પણ ખરો, પરંતુ દુર્યોધન દ્વારા ઘોર અપમાન થવાના કારણે વૈરાગ્ય ઉત્પન્ન થવાનું અહીં જણાવે છે તેથી તેને પુન : ઘરમાં આવવાની વૃત્તિ ન થાય તેમ સૂચવે છે. જો તે કોઈ અન્ય સ્થળે જઈને રહે તો ત્યાં પણ તેને સંસારસક્તિ થઈ શકે છે તેથી વિદુરજી તીર્થાટન માટે જતા રહેવાથી અને તીર્થોને સેવવાથી તેમની બુદ્ધિ વિશુદ્ધ અને કામના રહિત થઈ જતાં તેઓ પોતાની ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરે છે. વળી, દરમ્યાન તેમને ઉધ્ધવજીનો સમાગમ થાય છે જેનાથી તેમને અતુલ આનંદ પ્રાપ્ત થાય છે.

યમુના કિનારે ઉધ્ધવજીનો મેળાપ થતાં તેમને એટલા માટે આનંદિત બને છે કારણ કે તેમના દ્વારા તેમને ભગવાનની, પોતાના કુટુંબિજનોની કુશળતાના સમાચાર પ્રાપ્ત થશે એટલું જ નહીં તેઓ ભગવાનના અનન્ય સખા-ભક્ત હોવાથી ભગવાનના ચરિત સાંભળવાનો પણ લાભ પ્રાપ્ત થશે. આ કારણે વિદુરજી ઉધ્ધવજીને ત્રણ પ્રશ્નો પૂછે છે- (૧) **ભગવાનની કુશળતા સંબંધી**, (૨) **અન્ય સૌ પરિવારજનોની કુશળતા સંબંધી** અને (૩) **ભગવાનના ચરિત સંબંધી.**

આ પ્રશ્નોના ઉત્તર ઉધ્ધવજીએ તે જ ક્રમમાં આપેલા નથી, પરંતુ સૌ પ્રથમ તેઓ ભગવાનના ચરિત્ર સંબંધી વર્ણન કરે છે, કારણ કે બીજા બન્ને પ્રશ્નો તેનાથી જોડાયેલ છે. આ ચાર અધ્યાયોમાં આ પ્રશ્નોના ખુલાસા તેઓ આપે છે જેનાં બીજા અધ્યાયના આરંભમાં ભગવાનના ખાસ કુશળ સંબંધી પ્રશ્નોના ઉત્તર આપેલા છે, તે પછી ભગવાનનું બન્ને પ્રકારનું (એટલે કે **'બંધ'** અને **'મોક્ષ'**ના ભેદવાળુ) ચરિત્ર કહે છે અને ચોથા અધ્યાયમાં યાદવોને કુશળ સમાચાર સંભળાવે છે.

અહીં પૂન : એક પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે વિદુરે ઘરમાંથી આસક્તિ દુર કરી શુદ્ધિ પ્રાપ્ત કરી છતાં ભગવદીયપણામાં તો તેઓ અને પરીક્ષિત બન્ને સરખા હોવા છતાં તેમને પરીક્ષિત કરતાં ઉત્તમ અધિકારી શા માટે ગણાવ્યા છે ! તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે વિદુરે પ્રથમ ભગવાનની ઘણી સેવા કરેલી હતી, તેઓએ ભગવાનની આજ્ઞા મુજબ પાંડવોનું રક્ષણ પણ કરેલું તેમ જ ભગવાનના માહાત્મ્યનું શ્રવણ પણ ઘણું કર્યું હતું જે ગુણો પરીક્ષિતમાં ન હતા. તેથી વિદુર પરીક્ષિત કરતાં ઉત્તમ હતાં.

• સુબોધિની (અધ્યાય ૧)

વિદુરજી માટે શુકદેવજી **'ક્ષત્તા'** શબ્દ પ્રયોગ કરે છે. 'ક્ષત્તા' શબ્દનો અર્થ છે **'અંત :પુર-રક્ષક.'** પહેલાના સમયમાં રાજાઓના રાણીવાસમાં જે રક્ષકો રાખવામાં આવતા તેઓ 'વ્યંઢળ' હોય અથવા જિતેન્દ્રય પુરુષ હોય. વિદુરજી એક સંનિષ્ઠ અને સંયમી વ્યક્તિત્વ ધરાવતાં હતાં. તેથી તેમને અંત :પુરના રક્ષક બનાવવામાં આવ્યા હતાં. તેથી, રાજા શુકદેવજીને પ્રશ્ન કરે છે કે 'ક્ષત્તા' (વિદુરજી)ને ભગવાન 'મૈત્રેય' સાથે ક્યાં મેળાપ થાય છે અને તેમની સાથે શું સંવાદ થયો હતો?

અગાઉ કહ્યું તેમ દુર્યોધનથી અપમાનિત થતાં વિદુરજીએ ગૃહત્યાગ કર્યો, પરંતુ તે માટે તેમને જરા પણ મનમાં ક્લેશ થયો ન હતો. તેઓ રાજ્યના મંત્રી હતાં અને તેમનું ઘર સમૃધ્ધ હતું. કોઈ વાતનો અભાવ ન હતો છતાં નિષ્પૃહ થઈને તેમણે ઘર છોડ્યું તે તેમની ઉત્તમ યોગ્યતા દર્શાવે છે. ઈન્દ્રના ઘરથી પણ ઉત્તમ દુશાસનનું ઘર હોવા છતાં ભગવાને તેમને ત્યાં ન પધારતાં વિદુરજીના ઘરને પોતાનું માન્યું હતું અને તેથી વિદુરજીનું ઘર ઉત્તમ હતું. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'ઘર માત્ર કોઈ ભગવદીય હોવાથી જ તેમાં રહેવું તે ઉત્તમ નથી પરંતુ ભગવાનની સાથે અથવા ભગવાનના કાર્ય માટે તેમાં રહેવાનું હોય ત્યારે જ તે ઉત્તમ છે. તેમ ન હોય તો ઘરમાં ન રહેવું જોઈએ તેવો નિયમ છે.'** અહીં જે પ્રસંગ ઉદ્‌ભવે છે અને જેના કારણે વિદુરજીને ગૃહત્યાગ કરવાની ફરજ પડે છે તે માટે પણ શ્રી મહાપ્રભુજી કહે છે કે **'ભગવાનના વિરોધીઓ સાથે રહેવું યોગ્ય નથી.'** દુર્યોધન ભગવાનનો વિરોધી હતો. ગૃહત્યાગનું કારણ સમજાવતાં વળી કહે છે કે ધૃતરાષ્ટ્રનું વર્તન પણ ધર્મશાસ્ત્રથી, લોકશાસ્ત્રથી, નીતિથી વિરુદ્ધ હોવાના કારણે તે ઈશ્વર આજ્ઞાના ઉલ્લંઘન સમાન હતું; કારણ કે તેણે દુર્યોધનના અપશબ્દોનો પ્રતિકાર કર્યો ન હતો કે તેને અટકાવ્યો ન હતો. **'જેને અટકાવેલ ન હોય તે મંજુર રાખેલું ગણાય.'** આ કારણથી ધૃતરાષ્ટ્ર અપરાધી હતા. તેથી તેઓ કહે છે કે **'ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન એ મુખ્ય અપરાધ છે, અને જીવ માટે સ્વભાવથી તેમ કરવું યોગ્ય નથી.'**

શુકદેવજીએ અહીં રાજાના તામસ, રાજસ અને સાત્વિક દોષોની વિસ્તૃત ચર્ચા કરી છે. દુષ્ટમાં દુષ્ટતા હોય તેતો સ્વાભાવિક છે, પરંતુ જેઓ પોતાને સજ્જન ગણાવે છે, ધર્મપરાયણ હોવાનો દાવો કરે છે અને છતાં દુષ્ટતા તરફ દુર્લક્ષ રહે છે, અધર્મના મુક શાક્ષી બને છે, મૌન સંમતિ દે છે તે અસહ્ય ગણાય. આવો દુષ્ટ દાહક બને છે. ભગવાનના ભક્તો તેવાના સંગમાં ક્ષણ પણ રહેવાનું પસંદ કરતા નથી અને તેથી વિદુરજી બધી માયા મુકી નિકળી ગયા. જતા પહેલાં તેમણે પોતાના ધનુષ્ટને બારણે મુકી દીધું તે સુચવે છે કે તેઓ જઈને પાંડવોના પક્ષમાં ભળી જવાનાનથી. વિદુરનો ગૃહત્યાગ એ વાતનો સંકેત છે કે પેઢીઓનું પુણ્ય પરવારી ચુક્યું હતું અને ત્યારે જ સાધુપુરુષ નારાજ થઈને સંગ છોડી દે. તે ઘરમાંથી જાય ત્યારે તેની સાથે બધા પુણ્ય

પણ જાય છે.

ગૃહત્યાગ કરી વિદુરજીએ પુણ્ય કરવાની ઈચ્છાથી પૃથ્વી પરના તીર્થોમાં પરિભ્રમણ કર્યું. પુણ્ય કરવાની ઈચ્છાનું તાત્પર્ય એ કે વિદુરજીને મૂળમાં તત્ત્વનું જ્ઞાન ન હતું. તેથી જ્ઞાન પ્રાપ્ત કરવા અથવા પરમેશ્વરની પ્રાપ્તિના સાધન તરીકે તેઓ અનેક તીર્થોમાં ફર્યા. સંસારી પોતે પુણ્ય કરવા યાત્રા કરે છે જ્યારે સંતો ભૂમિને પુણ્યરૂપ કરવા માટે યાત્રા કરે છે. તીર્થોના વિશેષ ગુણો વર્ણવતાં કહે છે કે તે પુણ્ય ઉપવનો કુંજો, જલક્રીડા કરવા યોગ્ય, વિવિધ વ્રતો આચરવા યોગ્ય, પવિત્ર એકાંત સ્થાનો હતા, જ્યાં વિદુરજી ભ્રમણ કરતા રહ્યા. આમ ઘણા કાળ સુધી તીર્થયાત્રા કરતા અંતે તેઓ પ્રભાસમાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે પોતાના સગાંઓનો વિનાશ થયેલો સાંભળ્યો. તે પછી પવિત્ર સરસ્વતિ નદીના કિનારે આવ્યા. ત્યાંના ચાર તીર્થોમાં ભ્રમણ કર્યું. (૧) **ત્રિતકુપ - જ્યાં કુવામાં પડેલા ત્રિતનો ઉદ્ધાર થયો હતો.** (૨) **શુક્રાચાર્યે મૃત સંજીવની વિદ્યા મેળવી હતી તે સ્થળ.** (૩) **સ્વયંભૂ મનુને જ્ઞાન મળ્યું હતું તે સ્થળ** અને (૪) **પૃથુના સર્વ દોષ દૂર કરનાર તીર્થ.** આ ચાર તીર્થોના સેવનથી તેમનો શોક શાંત થયો. તે પછી અગ્નિનું અસિતનું, વાયુનું, સુદાસનું. ગાયોનું અને વૈવસ્વતમનુનુંના ભગવત્સ્થાનોમાં જ્યાં વિષ્ણુના મુખ્ય આયુધના ચિન્હોવાળા મંદિરો છે તે બધાનુ સેવન કરતાં સૌરાષ્ટ્ર, સોધીર, મત્સ્ય અને કુરુક્ષેત્રના પ્રદેશને વટાવી અંતે યમુના નદીના કાંઠે આવી પહોંચ્યા, જ્યાં તેમને ઉદ્ધવજીના દર્શન થયા. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે વિદુરજીને આ પરિભ્રમણથી બાહ્ય તથા આંતર શુદ્ધિ થઈ. તેમને પૃથ્વી ઉપર પરિભ્રમણ કર્યું તેનાથી પાંચ ગુણવાળા પૃથ્વી તત્ત્વની શુદ્ધિ થઈ, ઉપવનથી **ગંધ**, કુંજોમાં **સ્પર્શ**, સરિતા અને સરોવરમાં **રસ**, લીલા ચિન્હોથી **રૂપ** અને ભગવદ્ભાવે મૌન થતાં **શબ્દ**ની શુદ્ધિ થઈ. યાત્રાથી સાત ધાતુની શુદ્ધિ થઈ, વ્રતથી અંતઃકરણની શુદ્ધિ થઈ. આમ તીર્થયાત્રાથી થતાં અનેક લાભો અહીં સૂચવે છે.

ઉધ્ધવજીના સમાગમથી તેમની પ્રભુમાં પ્રીતિ દૃઢ થઈ. પ્રભુસંબંધી જ્ઞાન મળ્યું, વિદુરજી કૃતાર્થ થયા. તેઓ ઉધ્ધવજીને ભેટી પડ્યા. તેમના ઉત્સાહમાં વધારો થયો અને ઉપર કહ્યા તે ત્રણ પ્રશ્નો તેમણે ઉધ્ધવજીને પૂછ્યા. ભગવાનની કુશળતા ઉપરાંત પોતાના સંબંધીઓ યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ-સહેદવ વગેરે તમામના નામ દઈ તેમની કુશળતા વિશે પૂછ્યું.

• અધ્યાયાર્થ (અધ્યાય ૨)

આ બીજા અધ્યાયમાં વિદુરજીએ પૂછેલા સામાન્ય પ્રશ્નનો ઉત્તર આપવામાં આવેલો છે. તેમાં ભગવાનનું માહાત્મ્ય વર્ણવવામાં આવેલું છે. જો આને જીવસંબંધી પ્રશ્ન ગણાવામાં આવે તો તે અર્થ એમ નીકળે કે ભગવાનસંબંધી પ્રશ્ન પણ સર્વ જીવ **સંબંધી** પ્રશ્ન છે. અન્ય સંબંધીઓના નામ દઈને પ્રશ્ન કર્યા તેમ ભગવાનની કુશળતાનો પ્રશ્ન છે તેમ સમજવાથી ભગવાન પણ સામાન્ય જીવ **જેવા જ** છે તેમ અર્થ થાય. તેથી વિદુરજીને ભગવાનમાં વિશ્વાસ થાય તે માટે ઉધ્ધવજી એ સૌ

પ્રથમ ભગવાનનું ચરિત્ર કહે છે, કારણ કે તે બીજા પ્રશ્નના ઉત્તરના અંગરૂપ છે. વિદુરજીને ભગવાનનું માહાત્મ્ય દૃઢ થાય, તે વિશે વિશ્વાસ બેસે તેથી આ અધ્યાયમાં પુતના વગેરેને કરાવેલ ફળ પ્રાપ્તિ વિશે પણ નિરૂપણ કરે છે. આમ ભગવાનના ચરિત્ર વિશેની કથા કહેવી તે આ અધ્યાયનું તાત્પર્ય છે. આ અધ્યાયમાં મુખ્યત્વે ચાર વિષયોનો ઉલ્લેખ છે - (૧) ઉધ્ધવજીના પોતાના વ્યક્તિત્વ અને તેમનો ભગવાનમાં પ્રેમ વિશે, (૨) ભગવાનની કુશળતા વિશેનો ઉત્તર, (૩) ભગવાનનું માહાત્મ્ય અને (૪) ભગવાનનું ચરિત્ર. એ રીતે આ અધ્યાયના ૩૪ શ્લોકોમાં વર્ણન કરવામાં આવ્યું છે.

• સુબોધિની (અધ્યાય ૨)

જ્યારે વિદુરજીએ ઉધ્ધવજીને ભગવાન વિશે પ્રશ્ન કર્યો ત્યારે તેમને પોતાના પ્રિય પ્રભુનું સ્મરણ થઈ આવ્યું. પોતાની પૂર્વ દશા યાદ આવી. તેઓ જ્યારે પાંચ વર્ષના હતાં ત્યારથી તેમને પ્રભુની સેવા કરી હતી. તેમાં તેમની અત્યંત પ્રીતિ હતી. તેઓ ભગવાનની સેવામાં એટલા બધા ઓતપ્રોત રહેતા કે તેમની માતા તેમને ભોજન કરવા માટે બોલાવતી તો તેઓ ભગવાનની સેવામાં લીન હોવાના કારણે પરવા કરતાં નહીં. માતા તેમને સમજાવી પરાણે ભોજન કરાવતી. આ સૂચવે છે કે તેમને લૌકિક કે વૈદિક ધર્મની દરકાર ન હતી. (ભોજન કરવું લૌકિક ધર્મ અને માતાની આજ્ઞાનું પાલન એ વૈદિક ધર્મ.) શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે અહીં એ બતાવ્યું છે કે **'લૌકિક પદાર્થો કરતાં ભગવદીય પદાર્થો ઘણા બળવાન હોય છે.'** ભોજનથી મળતું બળ અને સ્વજનથી મળતાં (સ્નેહરૂપ) ફળ કરતાં પણ અધિક બળ અને ફળ (સ્નેહ), ભગવાનના ભજનથી મળે છે. હવે ઉધ્ધવજી વૃદ્ધ થયા હતાં. જન્મથી જ તેઓને ભગવદીય પદાર્થોથી શક્તિ પ્રાપ્ત થતી હતી. તેથી તીવ્ર ભક્તિયોગથી તેઓ શ્રી કૃષ્ણના ચરણની સુધામાં સારી રીતે ડૂબેલા હોઈ એક મુહૂર્ત શાંત રહી પછી વિદુરજીને જવાબ આપે છે. ભગવાનની સ્મૃતિ થતાં તેમને પોતાના અંગોમાં રોમાંચ થયો. આંખો સજલ બની ગઈ. તેઓ ભક્તિના પ્રવાહમાં જાણે તણાઈ ગયા અને પોતે વ્યાપિ વૈકુંઠમાં હોય તેવી અનુભૂતિ થઈ. પરંતુ પુનઃ સ્વસ્થ થયા. ભગવાનના લોકમાંથી પાછા નરલોકમાં આવી ગયા અને નેત્ર ચોળી- અર્થાત્ જાણે ઊંઘમાંથી ઊઠી વિદુરજીને જવાબ આપવા લાગ્યા.

ઉધ્ધવજી કહે છે કે જેવી રીતે સૂર્ય ક્યારેય ભૂમિ પર આવતો નથી છતાં આકાશમાં રહીને આ જગતને પ્રકાશિત કરે છે તેવી રીતે વ્યાપિ વૈકુંઠમાં રહેલા ભગવાન જ પૃથ્વીનું પાલન કરે છે, પરંતુ સદાનંદ કૃષ્ણરૂપ સૂર્ય આથમતાં, અંધકારરૂપ અજગર સૌને ગળી ગયો છે. ઘરમાંથી લક્ષ્મી ચાલ્યા ગયાં છે. આ લોક દુર્ભાગી છે તેમાંય યાદવો વિશેષ દુર્ભાગી છે. તેઓ ભગવાન સાથે વસતાં હોવા છતાં તેમને જાણી શક્યા નહીં. જેવી રીતે સમુદ્રમાં રહેતાં માછલા સાથે રહેલા અમૃતમય ચંદ્રને જાણતા નથી. કારણ કે તેઓ એ દુષ્ટનો અર્થાત્ ભગવાનની નિંદા કરનારો જ

આશ્રય કરેલો. 'અહીં બધાનો નાશ થયો તેમ કહેવાથી ભગવાનના અવતારનું ફળ ન થયું.' તેવી શંકા થાય તેનો ખુલાસો કરે છે કે તેઓ બધાની બુદ્ધિ ભમાવવા શક્તિમાન ન હતા પરંતુ ભગવાનમાં દૃઢ ભાવ વિનાના અને શાસ્ત્ર વચનમાં ન માનનારા હોવાથી ભ્રાંત હતાં. ભગવાનની માયાથી ભાન ભૂલેલાઓ ભણેલા હોવા છતાં ભગવાનને ભૂલીને ભટકે છે. અન્યત્ર આધાર રાખીને આથડે છે. જેઓ પ્રભુના ચરણ કમળમાં જ ચિત્ત લગાડીને રહે છે તેવા ભક્તો અન્યત્ર આઠડતા નથી. જેમ જમીનમાં વાવેલું બીજ ગમે ત્યાં પ્રચંડ પવનમાં પણ ચલિત થતું નથી, ફેંકાઈ જતું નથી, જ્યારે મૂળ વગર ઉગેલુ ઘાસ ફંગોળાય છે તેમ કામ, કર્મ, સ્વભાવ વગેરેની કઠીનતા કે વિપરીતતા પણ પ્રભુના ચરણમાં એકતાન હોય તેવા ભક્તોને ચલિત કરતી નથી, પણ જેઓ સંસારી છે તેઓને તે સ્થિર થવા દેતી નથી.

ઉધ્ધવજી સમજાવે છે કે **જેઓ પ્રભુ માટે સંતાપમાં શેકાઈને પક્વ થયા ન હોય તેમને પ્રભુ દર્શન દેતા નથી.** જેવી રીતે અગ્નિમાં પકવેલો ન હોય તેવા કાચા ઘડામાં, તે પાસે હોય છતાં કોઈ પાણી ભરે નહીં કેમ કે જો ભરે તો ઘડો અને પાણી બન્ને નકામા થઈ જાય. તેમ સેવા, શ્રવણ, કીર્તન, સ્મરણથી પ્રભુની પાસમાં રહેવા છતાં જો હૃદયમાં પ્રભુ પ્રાપ્તિનો સંતાપ ન હોય તેવા અપક્વ લોકોને પ્રભુ દર્શન દેતા નથી. અર્થાત્ **શ્રવણ કીર્તનાદિ કરવાની સાથે પ્રભુ પ્રાપ્તિની અદમ્ય ઝંખના પણ આવશ્યક છે.** લોકો મોટે ભાગે બહિર્મુખ હોય છે, અંતર્મુખ કે ભગવદભિમુખ હોતા નથી. તેઓની વૃત્તિઓ અને પ્રવૃત્તિ સંસારાનુકુળ હોય છે અને પ્રભુથી પ્રતિકુળ હોય છે. લોકો ગાડરીયા પ્રવાહમાં જીવે છે. એકબીજાનું સંધાનુકરણ કરે છે. સંસાર સુખ અને વ્યવહારને મુખ્ય માનીને વગર વિચારે એકબીજાને અનુસરે છે. તેમાં જ તેઓ સંતોષ માની લે છે. સેવા-શ્રવણાદિમાં પણ પ્રાયઃ પ્રવાહમાં ઘસડાનાર જ હોય છે. સાચું સમજીને આચરનારા બહુ ઓછા હોય છે. કેટલાક દેખાદેખી, બીજાનું અનુકરણ કરીને માત્ર જીવતરથી સંતોષ માની લે છે. લોકોની દર્શન કરવાની યોગ્યતા ન હોવા છતાં પરમોદાર પ્રભુ પોતાના સામર્થ્યથી કૃપા કરી અવતાર લઈને પોતાના દર્શન કરાવ્યા અને પછી અંતધાન થઈ ગયા.

ઉધ્ધવજી સમજાવે છે કે ભગવાન સચ્ચિદાનંદરૂપ છે. ભૂતલ પર લીલામાં ઉપયોગી થાય તેવું મનુષ્યના જેવું પોતાનું શુદ્ધ સદ્રુપ ભગવાને પ્રકટ કર્યું. પોતાની યોગમાયાના બળથી પ્રભુએ કૃષ્ણરૂપે અદ્‌ભૂત રૂપ ધારણ કરેલું જે જોઈને પ્રભુ પોતે પણ આશ્ચર્ય પામ્યા હતા. તેઓ અણિમા આદિ અષ્ટ ઐશ્વર્યોથી યુક્ત હતાં, કૌસ્તુભાદિ અદ્‌ભુત અલંકારો ધારણ કરેલા હતાં. જેનાથી તેમનું સર્વોત્તમ સૌંદર્ય સ્વાભાવિક રીતે નિખરેલું હતું. ભગવાનના દેદીપ્યમાન રૂપનું વર્ણન કરતાં કહે છે કે તેમના હાસ્યપૂર્વક રાસમાં ભગવાનના લીલાકટાક્ષોથી માન પામેલા ગોપીજનોના બધા કામ અધૂરા રહી ગયેલા, દૃષ્ટિ સાથે તેમની બુધ્ધિ અને ચેતના પણ પ્રભુના એકતાન થઈ જતાં, તેઓ પ્રતિક્ષણ પ્રભુમાં તન્મય બની જતાં, તેમને પોતાના શરીરનું પણ ભાન રહેતું નહીં. તેઓ

પ્રભુના શ્રી મુખના દર્શન કરવામાં ખોવાઈ જતાં. ભગવાનના આવા અદ્‌ભુત સચ્ચિદાનંદ સ્વરૂપનું વર્ણન કરી કહે છે **ભગવાનની દૃષ્ટિ કોઈના પ્રત્યે ભેદવાળી હોઈ શકતી નથી કે તે કોઈકને મારે અને બીજાને તારે, કારણ કે જગતમાં અસ્તિત્વ ધરાવતાં બધા જ પ્રાણીઓએ ભગવાનને જ ધારણ કરેલા તેમના સ્વરૂપો છે.** તેમાં કેટલાક ઉગ્ર છે તો બીજા શાંત. જ્યારે પણ શાંત સ્વરૂપનો તેમના ઉગ્ર સ્વરૂપો પીડા આપે છે ત્યારે તે શાંત સ્વરૂપને સુખ આપવા અથવા રક્ષા કરવા અને તેવી જ રીતે ઉગ્ર સ્વરૂપોને શાંત કરવા ભગવાન અવતાર લઈને પધારે છે અને જેતે અવતાર કાર્ય કરે છે. **જેવી રીતે કોઈ પિતા પોતાના દોષવાળા સંતાનના હિતમાં તેને સજા કરે છે તેમ ભગવાન પણ ઉગ્રરૂપવાળા અસૂરોને પ્રભુ મારે છે, તે છતાં અંતતો ગત્વા તો તેને તારે છે, અર્થાત્ મોક્ષ આપે છે.** જેવી રીતે પગમાં વાગેલા કાંટાને કાઢવા તેને હાથથી દબાવીએ તો તે ક્રુરતા ન કહેવાય, તેવી જ વાત ભગવાન તેવા ઉગ્ર સ્વભાવવાળા રૂપોની અસૂરતા દૂર કરવા તેમનો સંહાર કરે છે, તે નતો કોઈ પ્રકારનો પક્ષપાત છે કે ન તેને ક્રૂરતા કહેવાય. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'જેવી રીતે સૂર્યોદય થતાં જ તેના પ્રારંભના કિરણોથી જ બધા અંધકારનો નાશ થાય છે અને સૂર્ય તો તે અંધકારને જોતો પણ નથી તેવી રીતે ભગવાન ભક્તોના દુ:ખને જોતા પણ નથી અને દૂર કરે છે.'**

ભગવાનના અન્ય અનેક ચરિત્રોનું વર્ણન કરતાં ઉધ્ધવજી કહે છે કે તેમનું વસુદેવજીને ત્યાં જન્મ લેવાનું, કંસના ભયના કારણે વ્રજમાં પધારવાનું, તેમનું મા-બાપની સેવા ન કરવા બદલ ક્ષમા યાચના કરવાનું, લોકવત્ અનુકરણ વાસ્તવમાં ખેદ કરાવનારૂં છે. તેમની વિવિધ લીલાઓના ઉદાહરણથી તેઓ સમજાવે છે જેમણે શરણાગતને અભય બનાવ્યા છે, લોક-પરલોકના સર્વ સુખ અને મોક્ષ પ્રદાન કર્યા છે, અનધિકારીઓનો પણ ઉધ્ધાર કર્યો છે, અન્યને કૃતાર્થ કરવા પોતાની બધી મર્યાદાઓનો લોક કર્યો છે, દ્વેષિ શિશુપાલને પણ યોગીલોકો જેની સ્પૃહા કરે તેવી મુક્તિ આપી છે. યુદ્ધમાં જેઓ અર્જુનના બાણથી મરતાં તેવા સૈનિકોને પણ પોતાના મુખદર્શન કરાવી તેમને પવિત્ર કરી વૈકુંઠની પ્રાપ્તિ કરાવી છે તેવા પ્રભુના ભૂતલ ત્યાગથી થતો વિરહ કેમ સહન થઈ શકે ?

આથી પણ વિશેષ સર્વ સાધન રહિતને પણ પૂર્ણ ફલદાન કરનાર શ્રી કૃષ્ણના ઉદ્દાત ચરિત્રને વર્ણવતાં ઉધ્ધવજીનો ઉદ્‌ગાર સરી પડે છે-

''અહો બકીયં સ્તન કાલ કૂટં જિંઘાસયા પાયપદાય સાધ્વી,
લેભે ગતિં ધાત્ર્યુમિતાં તતોન્યં કં વા દયાલું શરણં વ્રજેય.''
(ભા. ૩.૨.૨૩)

ભગવાનની દયાલુતાની પરાકાષ્ટા તો જુઓ- ''આ દુષ્ટ બકી (બકાસૂરની બહેન પૂતના), જેણે મારી નાંખવાની ઈચ્છાથી પોતાના સ્તન પર કાલકૂટ ઝહેર લગાવ્યું છે, તેમ છતાં તેને

માતાને જે ફલ પ્રાપ્ત થાય તેનું ફલ પ્રાપ્ત કરાવ્યું છે. તેમનાથી બીજા કયા દયાલુને શરણે આપણે જઈએ!

આશ્ચર્યમગ્ન ઉધ્ધવજીને પોતાની ભાવદૃષ્ટિમાં ભગવાનને સાથે પૂતનાનું સ્મરણ થઈ આવ્યું. તેને 'બક'દૈત્યની બહેન કહી કારણ કે 'બક' (બગલો) ઢોંગનું પ્રતિક છે. **ભગવાનને દંભ સહેજે ન ગમે.** તેવા બકાસૂરની બહેન એવી પૂતના, જેના પ્રત્યે તેમને પૂરેપૂરી નફરત સહજ રૂપે હોય. તે પોતાના વક્ષસ્થળ પર કાલકૂટ જહેર - કાલ અર્થાત્ મૃત્યુનો સમૂહ - એક બિંદુ માત્ર હજારોનું મૃત્યુ નીપજાવી શકે, તે લગાવીને મારવાની ઈચ્છાથી આવી છે, તે 'અસાધ્વી' અર્થાત્ જેમાં ધર્મનો છાંટો નથી, જે દોષના દરીયા જેવી છે, તેમ છતાં, કારણ કે તેની આકૃતિ અને કૃતિ બન્ને મા યશોદા જેવી છે, માતા સમાન ગતિ આપી. પ્રભુએ તેની પ્રકૃતિ કે વિકૃતિનો વિચાર ન કર્યો. શ્રી મહાપ્રભુજી કહે છે કે **'હરકોઈ પ્રકારે પણ સંબંધમાં આવેલું ભગવાનનું સ્વરૂપ બીજા સાધનની દરકાર રાખ્યા વિના ફળ પ્રાપ્ત કરાવે છે. વળી ભગવાન ગુણોને જ ગ્રહણ કરે છે. દોષોને (ગ્રહણ કરતા) નથી. તેથી તે ઘણા દયાળુ છે.'** જગતમાં દયાળુ તો ઘણા હોય છે, પરંતુ તે બધા દયાપાત્રમાં દીનતા, નમ્રતા, દોષરહિતપણું હોય તે જોઈને દયા કરે છે. કલ્યાણ કલ્પતરૂ એવા કૃષ્ણે એવી કોઈ આકાંક્ષા પૂતના પાસે રાખી નથી! અને માતાને ઉચિત ગતિ તેને આપી દીધી.

ઉધ્ધવજી ભગવાનના ચરિત્રોના ગુણગાન કરતાં થાકતા નથી. આશ્ચર્ય મગ્ન થઈ તેમણે અસૂરોને પણ ભગવાનના ભક્ત ગણાવી દીધા. તેઓ કહે છે અસૂરો ગમે તેટલું ભગવાન સાથે વેર રાખે, તેમની સાથે યુદ્ધ કરે, શસ્ત્ર દ્વારા તેમના પર પ્રહાર કરે, પ્રભુને તેમની સાથે યુદ્ધ કરવા પરિશ્રમ કરવો પડે, તેમ છતાં ભગવાન અસૂરોને માર્યા પછી તેમને મોક્ષ આપ્યો છે. **જે મોક્ષ પ્રાપ્તિ માટે મુનિઓને અથાગ પરિશ્રમ કરવો પડે, યોગ-સાધના કરવી પડે તે મોક્ષ અસૂરોને અનાયાસ મળે છે.** ફરક એટલો છે કે ભક્તોને ભગવાન જીવતાં મળે, પ્રેમપૂર્વક મળે, તેમને પોતાની લીલાનું પ્રત્યક્ષ સુખ આપે જ્યારે અસૂરોને જીવતા દુ:ખ ભોગવવું પડે અને મર્યા પછી પ્રભુ તેને માત્ર મોક્ષ આપે, પોતાની લીલાના આનંદની અનુભૂતિ ન કરાવે. વળી બધા જ અસૂરોને મોક્ષ મળે તેવું પણ નથી, જેને પ્રભુ ઈચ્છે કે મારે તેને જ મોક્ષ પ્રાપ્તિ થાય. અસૂર જ્યારે ગરુડ પર બીરાજેલ ભગવાનના દર્શન કરે ત્યારે સર્વ પ્રથમ તો ગરુડના દર્શન થાય, જે કાળનું રૂપ છે. અર્થાત્ પહેલા તેને 'કાલ'નો સ્પર્શ થાય જેના કારણે તેનું મૃત્યુ થાય, અને તે પછી તેને મુક્તિ મળે. ભક્તની બાબતમાં આનાથી વિપરીત સ્થિતિ હોય છે. ભક્તને પ્રથમ ભગવાનના દર્શન થાય અર્થાત્ પ્રથમ ભગવાન મળે. તે પછી તેનો દેહ છુટતાં તેને ભગવદ્ લીલાની પ્રાપ્તિ થાય છે.

હવે પછી ૨૫મા શ્લોકથી ભગવાનના જન્મની વાત કહી, તેમના વ્રજમાં નંદરાયજીને ત્યાં પધારવાની સ્થિતિ, ત્યાં તેમણે કરેલી વ્રજલીલા, પૌગંડ અવસ્થાની લીલા, નાગદમન,

ઈન્દ્રમાનભંગ તેમ જ વ્રજાંગનાઓના રાસના મનોરથનું સંક્ષિપ્ત વર્ણન ૩૩મા શ્લોક સુધીમાં સંક્ષિપ્તમાં ઉધ્ધવજી કરે છે.

તેઓ કહે છે કે પૃથ્વીનો ભાર ઉતારવા માટે બ્રહ્માજીની પ્રાર્થનાથી પ્રેરીત થઈ ભગવાને ભક્તોધ્ધાર માટે તેમ જ અન્ય સર્વની પ્રાર્થનાથી સર્વોધ્ધાર માટે ભગવાન વસુદેવજીના પત્ની દેવકીજીથી કંસના કેદખાનામાં પ્રાદુર્ભૂત થયા. પિતા વસુદેવ કંસથી ભયભીત હતા તેથી તેમણે પોતાના મિત્ર નંદરાયજીને ત્યાં ગોકુળમાં પ્રભુને પધરાવ્યા, જ્યાં તેમણે બલરામ - પોતાના મોટાભાઈ સાથે અગિયાર વર્ષ વિતાવ્યા અને અનેક લીલાઓ કરી વ્રજભક્તોને અનેક પ્રકારનું સુખ આપ્યું, અનેક પ્રકારે તેમની રક્ષા કરી કંસના ત્રાસમાંથી તેઓને મુક્ત કર્યા, અનેક દૈત્યોનો સંહાર કર્યો, ગોચારણ લીલા, યમુના નદીને ઝેરી નાગથી મુક્ત કરાવી, ઈન્દ્રયાગ બંધ કરાવી વ્રજવાસીઓનો અન્યાશ્રય દૂર કર્યો સાથે ગોવર્ધન લીલા દ્વારા ઈન્દ્રના માનનો ભંગ કર્યો, વેણુનાદ દ્વારા અલૌકિક રસ વ્રજજનોને પ્રદાન કરી તેમને ભજનાનંદનું દાન રાસ લીલા દ્વારા કર્યું એમ અનેક પ્રકારે વિહારો કરી વ્રજજનોને અનહદ સુખ આપ્યું. ભગવાને સ્વયં વિનિયોગનું આચરણ કરી બતાવ્યું. આમ અંતે ભગવાનની અનેક વિવિધ લીલા દર્શન ઉધ્ધવજીએ વિદુરજીને કરાવ્યું.

- **અધ્યાયાર્થ (અધ્યાય ૩)**

આ અધ્યાયમાં ભગવાનના ચરિત્રનું નિરૂપણ કરેલું છે. પહેલા છ શ્લોકમાં ઉધ્ધવજીનો ભગવાન પ્રત્યેનો પ્રેમ વર્ણવ્યો છે, સાતમા શ્લોકમાં કુશળતા સંબંધી ઉત્તર આપી બાકીના શ્લોકથી ભગવાનના માહાત્મ્ય અને ચરિત્રનું વર્ણન કર્યું છે.

- **સુબોધિની (અધ્યાય ૩)**

ઉધ્ધવજી ભગવાનના મથુરા પધારવાનું પ્રયોજન બતાવતાં કહે છે કે તેઓ પોતાના માતાપિતાનું પ્રિય કરવા મથુરા પધાર્યા હતાં, જેથી મામા કંસનો વધ કર્યો પછી સાન્દીપનિ ઋષિના આશ્રમમાં જઈ વેદ-વેદાંગનો અભ્યાસ કર્યો અને ગુરુ દક્ષિણારૂપે તેમના મૃત પુત્રોને પાછા લાવી આપ્યા. આમ બ્રહ્મચર્યાશ્રમનું પાલન કરી બીજા આશ્રમરૂપ ધર્મ-ગૃહસ્થાશ્રમના પાલન માટે ભીષ્મક્ની કન્યા રુકમણિ સાથે ગાંધર્વ તેમ જ રાક્ષસ વિવાહ કર્યો. રુકમણિ પૂરતો તે ગાંધર્વ વિવાહ હતો પરંતુ બીજાઓના સંબંધમાં બલાત્કારે કન્યાનું હરણ કરેલ હોવાથી તે રાક્ષસ વિવાહ કહેવાય. રુકમણિ ભગવત્પરાયણ બુદ્ધિરૂપ છે, જે ચંદ્રવંશમાં જન્મી હતી. તે પછી સૂર્યવંશમાં જન્મેલી નગ્નજીતની પુત્રીને ભગવાન આખલાઓના નાક વીંધી, તેમને વશ કરીને સ્વયંવરમાં પરણ્યા. આ પણ ગાંધર્વ તેમ જ રાક્ષસ વિવાહ હતો. આ નગ્નજીતી બ્રહ્મરૂપ બુદ્ધિની દેવતા છે. જેના નિશ્ચિત સાત વ્યસનરૂપ દોષો અને અનંત અનિશ્ચિત દોષો છે - તે **‘નગ્નાન’** એટલે પાખંડીઓ ઉપર ‘જયતિ’ અર્થાત્ વિજય મેળવે તે **‘નગ્નજીત’** કહેવાય. આમ ભગવાને ચંદ્રવંશ અને સૂર્યવંશ બન્ને સાથે સાથ સાધી લીધો છે. પાખંડ ઉપર વિજય મેળવે એ વેદ ધર્મરૂપ નગ્નજીત.

તે પછી સત્યભામાનું પ્રિય કરવા ભગવાન સ્વર્ગમાંથી **'પારિજાત'** વૃક્ષને પધરાવ્યું, જેનો વિરોધ કરવા ઈન્દ્ર પોતાના ગણો સાથે યુદ્ધ કરવા આવ્યો. અહીં ઈન્દ્ર માટે **'વજ્ર'** શબ્દ પ્રયોગ કર્યો છે કારણ કે વજ્ર એ તેનું હથિયાર છે. ઈન્દ્ર સર્વજ્ઞ દેવ બ્રહસ્પતિનો શિષ્ય છે છતાં તેને **'ક્રીડામૃગઃ'** અર્થાત્ 'સ્ત્રીઓનો વાંદરો' કહ્યો છે કારણ કે વાંદરો, તેને જે કહેવામાં આવ્યું હોય તે પ્રમાણે જ કરે, પરંતુ કાંઈ પણ વિચાર કરતો નથી. 'પારિજાત' સ્વર્ગમાં રહેવા યોગ્ય અને દેવોથી ભોગ કરવા યોગ્ય છે તેવી તેની મર્યાદા છે પરંતુ પોતાની પ્રિયા-સત્યભામા માટે તેઓ સ્વર્ગમાંથી હરિ લાવ્યા અને દ્વારકામાં પધરાવ્યું, જેના મર્મ બતાવતાં કહે છે કે **'ભગવાન ભોગ પણ ભક્તોને ઈચ્છેલું પ્રાપ્ત થાય તે માટે જ કરે છે.'**

ભગવાન પોતાના બધા સેવકોનું બધુંએ કાર્ય પોતે કરે છે એવું ભગવાનનું ચરિત્ર છે. તેથી ભગવાને શરીરથી આકાશને ગળી જતા નરકાસુરનો વધ કરી, તેને સાયુજ્ય આપી તેની કેદમાં પુરાયેલી સોળ હજાર દેવસ્ત્રીઓનો સ્વીકાર કર્યો. નરકાસુરને હણ્યો તે માટે **'યુદ્ધ'** શબ્દ પ્રયોગ કર્યો છે. કારણ કે **સંગ્રામમાં હણવાથી ક્ષત્રિઓને દોષ લાગતો નથી.** એ દિવ્ય સ્ત્રીઓને ભૌમાસૂર લઈ આવેલો જેમને બંદીખાનામાં રાખવામાં આવેલી. તેઓને માત્ર ભગવાનના દર્શન કરતાં પોતાનું સર્વ દુ:ખ ભૂલાઈ ગયું, અને કરોડો કામદેવના લાવણ્યવાળા ભગવાનને પોતાના પતિ તરીકે સ્વીકાર્યા. ભગવાન ભગવદીયોના મિત્રને આ પ્રકારે નિશ્ચયરૂપ વલણ અપનાવનારૂં કહે છે. તેથી ભગવાને પોતાની માયાથી અનેકરૂપ ધારણ કરી એક મુહૂર્તમાં જુદા જુદા ઘરોમાં આ સ્ત્રીઓને વિધિવત્ ગ્રહણ કરી. આ લગ્ન પણ ગાંધર્વ વિધિથી થયેલ હોવાનું જણાવે છે, જે ક્ષત્રિયોમાં મુખ્ય છે. પ્રકૃતિની વધવાની ઈચ્છાથી તે એકએક સ્ત્રીમાં ભગવાને સર્વ પ્રકારે પોતાની સમાન દશ દશ સંતાનો ઉત્પન્ન કર્યા. અહીં **'સર્વ પ્રકારે'** કહેવાનું તાત્પર્ય છે કે શરીરથી, ઈન્દ્રિયથી, પ્રાણથી, અંત:કરણથી અને સ્વરૂપથી એમ એક એકમાં દશ દશ ઉત્પન્ન કર્યા, તે 'વેદની આજ્ઞા'નું પાલન કર્યું છે. અહીં **'પ્રકૃતિની વધવાની ઈચ્છાથી'** શબ્દ પ્રયોગમાં સંખ્યાના સંબંધનું સાધન સમજાવ્યું છે કારણ કે તેણે (પ્રકૃતિએ) એકવાર જ એક પુરુષને ભોગવીને **'મહત્તત્ત્વ'** ઉત્પન્ન કરેલું, અને ફરીથી સંબંધ કરવાનું પ્રયોજન ન હોવાથી પ્રકૃતિ કામવાળી જ રહેલી. હવે જ્યારે ભગવાન અનંતરૂપોવાળા થયા ત્યારે તેની ભોગ કરવાની ઈચ્છા પાર પડી. તે ભોગમાં પણ ભોગ કરવાની ઈચ્છા કારણ હોતી નથી પરંતુ વધારે થવાની ઈચ્છા **(એકોહં બહુસ્યામ્ પ્રજાયેય)** જ કારણ હોય છે, એમ સમજાવે છે. આમ ભગવાનના અનેક થવાની પ્રક્રિયાને અહીં સમજાવી છે. દશ-દશ પુત્રો રૂપે બાહ્યેન્દ્રિયનો નિર્દેશ કર્યો છે. ભગવાને અનેક દુષ્ટોનો વધ કર્યો છે. તેમણે પોતાનું તેજ પોતાના પક્ષના વીરોમાં પધરાવીને અનેક અસૂરોનો વધ કરાવ્યો છે. ભીમસેન, પ્રદ્યુમ્ન, બલરામ વગેરે એ દુષ્ટોને માર્યા છે તે ભગવાને જ માર્યા ગણાય. ભગવાને શંબર, દ્વિવિદ, બાણ, મૂર અને બલ્વલ, દંતવક્ત્ર વગેરેને હણાવ્યા છે. શંબરને

પ્રદ્યુમ્ને, દંતવક્ત્રને બલભદ્રે હણેલા, જે ભગવાનના સામર્થ્યથી જ હણ્યા હતા તેથી શ્રી મહાપ્રભુજી કહે છે કે **‘ભગવદીઓએ ભગવાનનું કાર્ય ભગવાનની આજ્ઞાથી કરવાનું હોય છે.’** જેઓ પ્રભુના બને તેને પ્રભુ જ સામર્થ્ય આપે છે. તે સામર્થ્યનો ઉપયોગ પ્રભુના કાર્યમાં જ કરાય, સ્વાર્થ માટે નહીં, કે પોતે પૂજાવા માટે નહીં. જગતમાં જે કાંઈ ઉત્તમતા દેખાય છે તે પ્રભુની જ વિભૂતિ છે તેમ નિશ્ચિતપણે જાણવું.

ભગવાને **‘સકર્ણ’** એટલે ‘કર્ણ’ સહિત દુર્યોધન, દુ:શાસન, **‘સૌબલિ’** એટલે મામો શકુની, એમ ચારેય દુષ્ટ હતાં, જેમની દુષ્ટ મંત્રણાના કારણે લક્ષ્મી અને આયુષ્યનો નાશ થયો, તે સૌને મરાવ્યા હતાં. આ સર્વેનો નાશ ભગવાને કરી પૃથ્વીનો ભાર પોતાના અંશરૂપ વીરો (પાંડવો)થી ઉતાર્યો છે. શ્રી મહાપ્રભુજી કહે છે કે **‘કોઈ અધમનો નાશ કરવા જો અધમના ગામમાં કોઈ રાજા આવે તો તેની સેનાથી જ ગામનો નાશ થાય છે. ત્યાં રહેનાર અધમ તો અલ્પ જ નાશ કરે છે, પરંતુ સૈનિકો સર્વનો નાશ કરે છે.’** તેથી ભગવાન કહે છે કે મેં સાધનરૂપ મારા અંશોથી ભૂમિનો ભાર ઉતાર્યો છે. વળી યાદવનો પણ ભાર પૃથ્વી પર અસહ્ય બનવાથી તેમને પરસ્પર વિરોધ કરાવી, લડાવીને તેમને પણ ભગવાને મુક્ત કર્યા. **‘ભગવાન જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે વ્યાપિવૈકુંઠમાં રહેલા ભક્તોને પોતાની સાથે લાવે છે અને ભક્તિમાર્ગને પ્રવર્તિત કરવા તેઓ ભૂતળ ઉપર સ્વામી-સેવક ભાવને પ્રકટ કરે છે.’**

ભગવાને યુધિષ્ઠિરને તેમના બાપદાદાથી પ્રાપ્ત થયેલ તેમના પોતાના રાજ્યને પાછું અપાવ્યું. અહીં **‘ધર્મપુત્ર’** શબ્દથી યુધિષ્ઠિરના લૌકિક વિષયો જ પૂર્ણ ન હતા કર્યા પરંતુ વૈદિક માર્ગથી પણ તેમને આનંદવાળા કર્યા હતાં તેમ કહી તેને પ્રવાહ અને મર્યાદા માર્ગને પણ સ્થિર કર્યો તેમ સૂચન કરે છે. વળી પુષ્ટિમાર્ગને પણ સ્થિર કર્યો તે બતાવવા, પૂરુવંશ જે અભિમન્યુથી ઉત્તરાના ગર્ભસ્થાપિત થયેલ ગર્ભ હતો તે અશ્વત્થામાના બ્રહ્મસ્ત્રથી ઉચ્છેદ થયેલ હોવા છતાં ભગવાને તેનું રક્ષણ કર્યું, તે વાત કહે છે. ભગવાને ઉત્તરાના ગર્ભમાં બીજુ બીજ મુકીને જુદી જ સંતતિ ઉત્પન્ન ન કરી પરંતુ પોતે ગર્ભમાં પ્રવેશ કરી, તે સંતતિને મૂલરૂપ હોય તેમ રક્ષા કરી, શાસ્ત્ર મર્યાદાનો ભંગ ન કર્યો. શ્રી મહાપ્રભુજી માટે કહે છે કે **‘જ્યારે પ્રવાહથી મર્યાદાનો ભંગ થાય ત્યારે જ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ થાય છે.’** તેથી જ સામર્થ્યવાન ભગવાને ધર્મના પુત્ર એવા યુધિષ્ઠિર પાસે ત્રણ અશ્વમેઘ યજ્ઞ કરાવ્યા. જેને કારણે તે પણ તેના બધા ભાઈઓ સાથે પૃથ્વીનું રક્ષણ કરતાં શ્રી કૃષ્ણનો સેવક બની રહ્યો. ‘યજ્ઞ ભગવાનની પ્રેરણાથી કરવામાં આવ્યો,’ તેમ કહેવાનું તાત્પર્ય ભગવાન યજ્ઞમાં દેવતાઓને હાજર કરતાં હતાં. યુધિષ્ઠિર વગેરે ભગવાને આપેલું રાજ્ય ભોગવતા હતા, તેમ ભગવાન પણ ઈચ્છેલા પદાર્થો ભોગવતા હતાં, ત્યાં ભગવાન માટે **‘વિશ્વાત્મા’** વિશેષણનો પ્રયોગ કર્યો છે. તેનું તાત્પર્ય એ છે કે ભગવાન વિશ્વનો વિષય તરીકે ભોગ કરતા ન હતાં, પરંતુ વિશ્વના આત્મા તરીકે ભોગ કરતાં હતાં, કારણ કે તેઓ **‘દેશ, કાલ,**

વિષય અપરિચ્છિન્ન' છે. ઈચ્છેલા પદાર્થોનો ભોગ કરવામાં આવે ત્યારે કર્મબંધનમાંથી છૂટવાનો માર્ગ રહેતો નથી તો ભગવાને જીવની પેઠે ઈચ્છેલા પદાર્થોનો ભોગ કેમ કર્યો? એવી શંકાના સમાધાનમાં અહીં **'આસક્તિવિના'** અને **'સાંખ્ય'** શબ્દોનો પ્રયોગ કર્યો છે, જે કર્મ-જ્ઞાનના વિરોધને દૂર કરે છે.

ઉધ્ધવજી ભગવાનના **'પુરુષોત્તમરૂપ'**થી અને **'પુરુષરૂપ'**થી એમ બન્ને રીતે રમણ કરાવે છે તેમ વર્ણવતાં ભગવાન સ્નેહવાળી અને હાસ્યવાળી દૃષ્ટિથી, અમૃતતૂલ્ય વાણીથી, દોષ રહિત ચરિત્રથી અને લક્ષ્મીના ધામરૂપ પોતાના દેહથી આલોકને અને પરલોકને આનંદ કરાવતા, યાદવોને આનંદ કરાવતાં અને સ્ત્રીઓને (નીજ પરિકર)ને સુખ આપતાં હતાં તેમ કહે છે. તે પછી ભગવાનના **'સંકર્ષણ વ્યુહ'**નું ચરિત્ર સમજાવતાં કહે છે કે એ પ્રમાણે વર્ષો સુધી રમણ કરતાં તેમને ઘરમાં બુદ્ધિ કરાવનાર ઉપાયોમાં વૈરાગ્ય થયો. અર્થાત્ પ્રભુએ સ્મિતપૂર્વક કૃપા કટાક્ષથી દૈવીજીવોને પ્રીતિ દીધી. મંદ હાસ્યથી માયામોહથી લૌકિક જીવોને મોહ કરાવ્યો, અમૃત જેવી વાણીથી મર્યાદામાર્ગના જીવોને સુખ આપ્યું અને પુષ્ટિસ્થ ભક્તોને નિર્મલ લીલાઓથી સુખ દીધું. આમ વર્ષો પર્યંત વિહાર કર્યા પછી પ્રભુએ વૈરાગ્ય પ્રકટ કર્યો. લોકમાં વૈરાગ્ય બે રીતે સંભવે- (૧) **વસ્તુની અનિષ્ટતા કે દોષની સમજથી** અને (૨) **તે વસ્તુ મેળવી શકાય તેમ નથી તેવી સમજથી.** ભક્તોમાં ભગવદ્ભાવથી વૈરાગ્ય હોય, દેહ ભોગ્ય વિષય અને પોતાને ભોક્તા માનતો જીવ દૈવાધીન છે. તે પોતાના પ્રયત્નથી કાંઈ જ કરી શકે તેમ નથી તેથી આજે મળતી બધી અનુકુળતાઓ કાલે ન પણ હોય તેવા અસ્થિર ભોગમાં વિશ્વાસ ન રહેતા વૈરાગ્ય સહજપણે આવે છે. આમ વૈરાગ્યનું સ્વરૂપ સમજાવી યદુવંશના કુમારોના ઉધ્ધત વર્તનના કારણે તેમને ઋષિઓએ ભગવદિચ્છાથી શાપ આપ્યાનું કહી, ભગવાન પ્રભાસમાં આવ્યા અને તીર્થમાં જલથી પિતૃઓ, દેવો અને ઋષિઓનું તર્પણ કરી બ્રાહ્મણોને દક્ષિણામાં ગાયોનું દાન કરી આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક સંતોષ પ્રાપ્ત કરવાની વાત કહી.

- **અધ્યાયાર્થ (અધ્યાય ૪)**

આ અધ્યાયમાં ઉધ્ધવજી વિદુરજીને ભગવદ્જ્ઞાન મેળવવા માટે મૈત્રેયને મળવાનું કહે છે અને તેથી વિદુર-મૈત્રેયના મેળાપની કથા કહેવામાં આવી છે. પ્રથમ વિદુરજીએ યાદવોના નામ દઈ તેમની કુશળતાના પ્રશ્નનો સામાન્ય ઉત્તર આપે છે. તે પછી ભગવાને યાદવોનો વધ કરાવી તે ભક્તોનો ઉધ્ધાર જ કરેલો તેમ સમજાવે છે. અહીં પરીક્ષિતને સંદેહ થાય છે કે બ્રાહ્મણના શાપથી આખા યાદવ કુળનો નાશ થવાનો હતો તો ઉધ્ધવ કેવી રીતે બચી ગયા? તે રાજાનો સંદેહ દૂર કરી છેલ્લે વિદુર-મૈત્રેયના મેળાપની વાત કરે છે. આમ આ અધ્યાયમાં છ વિષયોનું વર્ણન છે. જ્યારે ભગવાને જ્ઞાન આપ્યું ત્યારે ત્યાં ભક્ત ઉધ્ધવ હાજર હતાં, વિદુર ન હતાં, અને જો ભગવાને આ બન્નેનો તથા બીજાઓનો મોક્ષ થાય તેવું (જે આગળ અગિયારમા સ્કંધમાં બતાવ્યું છે) જ્ઞાન આપ્યું

ન હોત તો ભગવાને યાદવોનો સંહાર કરાવેલ હોવાથી તે ક્રૂર ગણાય અને તેથી તેઓ ભજન કરવાને યોગ્ય ગણાત નહીં તેનો ખુલાસો કરે છે. વિદુર-મૈત્રેયના મેળાપમાં વિદુરને શ્રવણનો અધિકાર અને મૈત્રેયને ભગવાનની લીલાઓ કહેવાનો અધિકાર કેવી રીતે પ્રાપ્ત થયો તે સમજાવે છે. જ્યારે ભગવાને ઉધ્ધવને ઉપદેશ આપ્યો ત્યારે તે સમયે મૈત્રેય પણ હાજર હોવાથી તેમણે પણ તે શ્રવણ કરેલો અને ભગવાને ત્યારે તે ઉપદેશ વિદુરને કહેવાની મૈત્રેયને આજ્ઞા પણ કરેલી તેમ ખુલાસો કરે છે.

• સુબોધિની (અધ્યાય ૪)

ઉધ્ધવજીએ વિદુરજીને જણાવ્યું કે યાદવોએ ભોજન કરી ભગવદ્ઈચ્છાથી થાક ઉતારવા વિચાર કરી **'મૈરેય'** નામનું માદક પીણું પીધું. પૂર્વ વાસનાના કારણે તેમને અસદ્બુદ્ધિ થઈ જેના કારણે શાસ્ત્રમાં નિષિધ્ધ **'વારુણી'** પાન કરવાથી તેમના જ્ઞાનનો નાશ થયો, કેમ કે બુદ્ધિ બગડે તેનું બધું બગડે જેથી બધા સાધનો પણ ઉન્નતિને બદલે અવનતિમાં ઉપયોગી થાય. તેથી શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'જો બુદ્ધિનો નાશ થાય તો બધુ સાધન વ્યર્થ છે. તેવા સમયે પુરુષોને નક્કી કરવા યોગ્ય કાંઈ રહેતું નથી.'** તેઓ કહે છે કે ભગવદ્રૂપ જ્ઞાનની ઉત્પત્તિ અનેક પ્રકારે થાય છે, જે અનંત હોવા છતાં દશવીધ લીલાઓની માફક તેના દસ પ્રકારો છે. યાદવોને પહેલાં બુદ્ધિના આધારવાળુ આવું જ્ઞાન હતું જે મદિરાપાનથી નષ્ટ થયું. તેથી ભાન ભૂલેલા તેઓએ પરસ્પર મર્મવેધક શબ્દો કહ્યા. તેના કારણે યુદ્ધ આરંભાયુ.

ભગવાને પોતાને શરણે આવેલા અન્ય સેવકોને પ્રભાસ જવાનું કહ્યું અને ઉધ્ધવજીને 'બદરી' જવાની આજ્ઞા કરી, પરંતુ ઉધ્ધવજી પ્રભુને છોડવા તૈયાર ન થતાં ભગવાનની પાછળ પ્રભાસ ગયા, જ્યાં તેમણે પ્રભુને 'શોધતા' એકલા બેઠેલા જોયા. **'શોધતા'** શબ્દ ભગવાનના દર્શન તેમની ઈચ્છાથી જ થાય છે તેમ સૂચવે છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **ચિંતનના સમયે સર્વ પ્રાણીઓમાં રહેલા એકલા ભગવાનનું જ ચિંતન કરવું. તે પછી તે આ સર્વના આત્મા હોવાથી 'પ્રિય' જણાય છે ત્યારે બ્રહ્મ આત્મા છે એવું જણાય ત્યારે તે 'પતિ' તરીકે જણાય છે કારણ કે પુરુષોત્તમ અક્ષરના પણ પતિ છે.**

ભગવાન પીપળાના વૃક્ષનો આશ્રય લઈ ડાબા સાથળ પર જમણુ ચરણકમલ સ્થાપન કરીને બીરાજેલ છે. પીપળાના વૃક્ષનો આશ્રય કર્મના ફલનો ત્યાગ સૂચવે છે. અહીં **'પિપ્પલં'** શબ્દ કર્મના ફલનો ત્યાગ અર્થાત્ 'વૈરાગ્ય' સૂચવે છે. **'પિપ્પલં'**ની વ્યત્પત્તિ સમજાવતાં શ્રી મહાપ્રભુજી **'પિપઃ'** (કાલનુ) **'પાન્તિ'** (રક્ષણ કરે તે), તે **'પિપ્પાઃ'** (કર્મો). કાલ સર્વનું ભક્ષણ કરે છે. તેનું રક્ષણ કરનારા કર્મો છે. કર્મ ફલને જ ગ્રહણ કરે છે કારણ કે ફલ પ્રાપ્તિ માટે જ કર્મ કરવામાં આવે છે. માટે બધા કર્મના ફલ ત્યાગ કરવા યોગ્ય છે તે જણાવવા (પિપ્પલં = કર્મનું ફલ) કહ્યું છે.

ઉધ્ધવજી કહે છે કે જ્યારે મને ભગવાનના દર્શન થયા તે સમયે 'મૈત્રેયજી' ત્યાં આવ્યા કારણ કે ભગવાન તેને વિદુરનો ઉધ્ધાર કરવા લાવેલા. ભગવાને **બ્રહ્મા, ઉધ્ધવજી** અને **મૈત્રેયજી** એ ત્રણેયને જ્ઞાન દીધું છે. ભગવાનની લીલા શ્રવણથી ત્રણેય કૃતાર્થ થયા છે. ભગવાનની લીલા આશ્રયરૂપા છે. વિદુરજી મૈત્રેય પાસેથી જ્ઞાન મેળવી કૃતાર્થ થયા. મુનિ મૈત્રેય વેદ વ્યાસ, શુકદેવજી અને નારદજીની સમાન છે. મૈત્રેયે પરાશર પાસેથી પુરાણ-જ્ઞાન મેળવ્યું હતું. મૈત્રેય પ્રેમનિમગ્ન હતાં. તેમની હાજરીમાં પ્રભુએ કૃપા કરી. અનુગ્રહ અને ઉપદેશની વાતો જાહેરમાં ન થાય. ભગવાન ઉધ્ધવજીને કહીરહ્યા છે જે મૈત્રેય પણ શ્રવણ કરી રહ્યા છે. તેઓ પ્રેમમગ્ન, પ્રભુના ચરણ દર્શન રત હતાં. તેમને અન્ય કાંઈ ધ્યાન નથી, મસ્તક નમેલું છે, આંખમાં આંસુ છે અને શરીરે રોમાંચ થઈ રહ્યો છે. ભગવાને ઉધ્ધવજીને કહ્યું કે તમે જ્યારે દેવોએ **'સહસ્ત્ર સમયાગ'** કર્યો હતો તે સમયે **'પુરુષોત્તમ મારા થાય'** તેવી અપેક્ષા સેવી હતી. તે અન્ય માટે તો દુર્લભ છે. તે સમયે તમને યાગનું ફલ નહતું મળ્યું પરંતુ અત્યારે તમને મારી સેવા મળી માટે હવે તે યજ્ઞ ફલ આપું છું. આ તમારો છેલ્લો જન્મ છે, તેથી તમને મારી કૃપા પ્રાપ્ત થઈ છે. માટે હવે અહીં એકાંતમાં મનુષ્ય લોકમાંથી અંતર્ધાન થતું મારું દર્શન તમને થયું છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'ભગવાનની કૃપા થાય તો જ ફરી જન્મ ન લેવો પડે. ભગવાનનો સાક્ષાત્કાર, ભગવદીયત્વ તેમ જ અંતકાળે પ્રભુની સ્મૃતિ વગેરેથી પણ ફરી જન્મ લેવો ન પડે.'** સ્વાભાવિક રીતે જેટલું ભગવાનનું ભજન થઈ શકે તેના કરતાં પણ જેને વિશેષ ભજન કરવાનું ગમે અને કરે એવા સાત્વિક ભગવદ્ભક્તોનો છેલ્લો જન્મ હોય છે. તેથી તેઓ છેલ્લા જન્મવાળા ભક્તોના ત્રણ લક્ષણો બતાવે છે - (૧) **સત્સેવા - ભગવત્સેવા**માં રૂચી (૨) **ભગવદ્શાસ્ત્ર નિષ્ઠા** અને (૩) **ભગવત્સ્વરૂપ-જીજ્ઞાસા**. એવા લક્ષણ ધરાવનારનો જ છેલ્લો જન્મ સંભવે છે.

ભગવાન ઉધ્ધવજીને કહે છે કે બ્રહ્મકલ્પમાં સર્જીત થયેલ સૃષ્ટિમાં સૌબ્રહ્મજ્ઞ, બ્રહ્મરૂપ હતા, ત્યારે મેં જે પરમજ્ઞાન બ્રહ્માને આપેલું તે જ તનેઆપી રહ્યો છું. તેમાં જ મારું પુરુષોત્તમપણુ, માહાત્મ્ય પ્રતિપાદક ગુણો, કર્મ, શક્તિઓ, અલૌકિક સામર્થ્ય સ્વરૂપ, એ સર્વ કાંઈ સમાયેલું છે. આને જ વિદ્વાનો **'ભાગવત'** કહે છે.

આમ ઉધ્ધવજીએ ભગવાનનો અતુલ અનુગ્રહ અનુભવ્યો. તેમના હૃદયમાં ભગવદ્ કૃપાના તરંગો ઉછળવા માંડ્યાં. કૃપાના તરંગો પણ ભક્તના હૃદયમાં જ સમાય છે અને તેથી જ તે **'કૃપાપાત્ર'** બની જાય છે. ઉધ્ધવજી ભગવાનના કૃપાપાત્ર હતા. તેમણે વિચાર્યું કે ભગવાને બ્રહ્માને જ્ઞાન દઈ બ્રહ્માંડના સર્જનનું કાર્ય સોંપ્યુ હતું. જો મને પણ કોઈ બીજા બ્રહ્માંડના નિર્માણનું કાર્ય સોંપશે તો, ભલે બ્રહ્મા જેવા અધિકાર કદાચ મળે, પરંતુ તેથી મને શો લાભ? **બ્રહ્મને છોડીને બ્રહ્માંડને શું કરવાનું?** ભગવાનને છોડી ભાગ્ય મળે તો તેનો શો હેતુ? મને એવા ભાગ્યની

અપેક્ષા નથી. તેથી તેણે ભગવાનના ચરણાવિંદમાં વિનંતી કરી કે 'હે પ્રભુ, જેઓને આપના ચરણ કમળમાં વાસ મળે તેનો કયો પુરુષાર્થ બાકી રહે ? માટે હું આપના ચરણકમલની સેવા કરવા માટે જ ઉત્સુક છું. મને તે સિવાય અન્ય કશાની કામના નથી. મને માત્ર આપની ચરણસેવા પ્રાપ્ત થાય એ જ ઈચ્છું છું.'

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **ભગવાનના ચરણ કમલ ભક્તોને ફલરૂપ છે. તેમની સેવામાં થતા દોષ વિઘ્નરૂપ બને છે, માટે તેવા વિઘ્ન દૂર કેમ થાય તે વિશે જ વિચાર કરવો જોઈએ.** ઘણું કરીને સામાન્ય લોકો દોષનું પોષણ કરતાં હોય છે, તેને દૂર કરતા નથી. સામાન્યત : ભગવાનના 'વિરુદ્ધ લગતાં કર્મ' બુદ્ધિમાં સ્ફૂરે છે, તેથી શંકા ઉદ્‌ભવે છે, અને તેથી ભગવાનમાં શ્રધ્ધા થતી નથી. આ એક દોષ છે. ઉદાહરણ આપતાં કહે છે કે પૂર્ણબ્રહ્મનું પૂતનાના પ્રાણ સાથે પય :પાન કરવું, નિર્વિકાર પ્રભુના સર્વ વિરાટરૂપ જન્મ, દુશ્મનના ભયથી નાસી જવું, તથા કિલ્લામાં રક્ષણ લેવું, આત્મારામ પ્રભુ હોવા છતાં અનેક સ્ત્રીઓ સાથેના વિહારો, એ પાંચ લીલાઓ જોતા ભગવાનને બ્રહ્મરૂપે જોનાર-જાણનારની બુદ્ધિ પણ મૂંઝાઈ જાય છે કુંઠીત થઈ જાય છે. ભગવાનનું સ્વરૂપ ન જાણતા, મનમાં વિપરીત ભાવ આવે છે.

ઉધ્ધવજી ભગવાનને કહે છે કે ''આપ સર્વજ્ઞ હોવા છતાં મંત્રણામાં મારી સલાહ માગો છો, તે હકીકત જ મને મોહ કરાવે છે. હે પ્રભુ આપની માયા વગેરે શક્તિ અને આપની વિવિધ ક્રિયાઓનો મર્મ આપ કોને કહો છે તે મને સમજાતું નથી. માટે આપ સ્વામી છો, મારો કોઈ અધિકાર આપને પૂછવાનો નથી, છતાં કૃપા કરી આપ મને કહો.'' ઉધ્ધવજીનો પ્રશ્ન સાંભળી ભગવાને પરમ આશ્રયરૂપ પોતાની સ્થિતિ વિસ્તારથી કહી અને જ્ઞાન આપ્યું. ઉધ્ધવજીએ કૃતાર્થતા અનુભવી. ભગવાનને વંદન કર્યા. તેમની પરિક્રમા કરી. તેમણે વિચાર્યું કે હું કઈ રીતે અહીં આવ્યો તે મને પોતાને ખબર નથી. પરંતુ હું કૃતાર્થ થયો. હવે હું ભગવદ્ આજ્ઞા મુજબ બદરીકાશ્રમ જઈશ. વિદુરજીએ ઉધ્ધવજીને વિનંતી કરી- ''**ભગવાનના ભક્તો તો પોતાના ભક્તોને કૃતાર્થ કરવા સર્વત્ર ફરે છે**. મને આપ ભગવાને તમને જે જ્ઞાન આપેલું તે આપો.'' ઉધ્ધવજી કહે કે પ્રભુએ મૈત્રેયને તમને જ્ઞાન દેવાની આજ્ઞા કરી છે માટે તેઓની સાથેના વાર્તાલાપનો લાભ મળતાં તે સઘળુ જ્ઞાન તમને આપશે. આમ કહી ઉધ્ધવજીએ બદરીકાશ્રમ તરફ પ્રયાણ કર્યું અને પ્રેમ વિહ્‌વળ વિદુરજી ગંગાકિનારે આવ્યા.

● અધ્યાયાર્થ (અધ્યાય ૫)

પ્રથમ ચાર અધ્યાયના **'અધિકાર પ્રકરણ'**માં વિદુરજીનો મોક્ષ પ્રાપ્તિના અધિકારની ચર્ચા કરી, તેમને ઉત્તમ શ્રોતા બતાવ્યા. હવે ૫ અને ૬ અધ્યાયમાં મુખ્ય ગુણાતીત સૃષ્ટિનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેથી તેને **'ગુણાતીત પ્રકરણ'** કહે છે. પાંચમા અધ્યાયમાં જેના કુલ ૫૨ શ્લોકો છે, તત્ત્વોની ઉત્પત્તિ બતાવી તે પછીના- છઠ્ઠા અધ્યાયમાં 'કાર્ય'ની અર્થાત્ પુરુષના

શરીરની ઉત્પત્તિ કહેવામાં આવશે. જગતની ઉત્પત્તિના કારણમાં તત્ત્વો તથા પુરુષના શરીર જીવ માત્રનું સ્થાન રૂપ છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. પાંચમાં અધ્યાયમાં વિદુરજીના પ્રશ્ન સંબંધી વિચાર કરવામાં આવ્યો છે. તેઓ મૈત્રેયને પ્રશ્ન કરે છે જેનું સમાધાન કરતાં મૈત્રેય કહે છે કે **જગતના ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ભગવાનની લીલા છે.**

વિદુરજી મૈત્રેયને ત્રણ પ્રશ્ન પૂછે છે- (૧) **મનુષ્યે કેવા કર્મ કરવા જોઈએ.** (૨) **પ્રાણીમાત્રનું કર્તવ્ય શું?** અને **જો એનો ઉત્તર એમ હોય કે ભગવાનનું ભજન કરવું જોઈએ તો કેવા પ્રકારે કરેલું ભગવદ્ ભજન ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન કરે** અને ત્રીજો પ્રશ્ન ભગવાનના અવતારોના ચરિત્ર સંબંધી પૂછે છે. ભગવાન અવતાર લીધા વિના જે ચરિત્ર પ્રગટ કરે છે તેના છ ભેદ કહે છે - (૧) **ઉત્પત્તિ**, (૨) **સ્થિતિ**, (૩) **પ્રલય**, (૪) **વિચિત્રતા**, (૫) **જુદા જુદા તત્ત્વોથી ઉત્પન્ન અલગ અલગ કાર્ય** અને (૬) **બધા જ કાર્યોમાં ભિન્ન ભિન્ન કારણસંબંધિ.** આમ એ સ્પષ્ટ થાય છે કે મુખ્યત્વે પ્રથમ બે પ્રશ્નો જીવે પોતાને માટે કરવાના કર્મો સંબંધી તથા ભગવાનને પ્રસન્ન કરવાના કર્મો સંબંધી છે જ્યારે ત્રીજો પ્રશ્ન ભગવાનના કર્મો સંબંધી છે જે પોતે અવતાર લીધા વિના તેમ જ અવતાર લઈને જે કર્મો કરે છે તે વિશે ચર્ચા કરી છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **લોકમાં બે બાબતો પ્રસિદ્ધ છે, એક સુખની પ્રાપ્તિ અને દુ:ખની નિવૃત્તિ**, મૈત્રેય વિદુરજીને ઉત્તર આપતા તેમની પ્રશંસા કરે છે અને કહે છે કે તમે લોકોના કલ્યાણાર્થે પ્રશ્ન કર્યા છે. તમારા ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં જ પ્રથમ બેના ઉત્તર સમાહિત છે કારણ કે ભગવાનના કથા શ્રવણથી જ સુખ પ્રાપ્ત થાય છે, દુ:ખનું નિવારણ થાય છે અને તેનાથી જ ભગવાનની પ્રસન્નતા પણ પ્રાપ્ત થાય છે. આ અધ્યાયના ૩૮થી ૫૦મા શ્લોક સુધી તત્ત્વોએ ભગવાનની સ્તુતિ કરેલી છે તેનો મર્મ સમજાવતાં કહે છે કે તત્ત્વો સૃષ્ટિ રચવામાં સ્વતંત્ર નથી, તેથી ભગવાન તેમને સૃષ્ટિ રચવાની શક્તિ આપે તે માટે તેઓ સ્તુતિ કરે છે.

• સુબોધિની (અધ્યાય ૫)

ઉધ્ધવજીના બદ્રિકાશ્રમ તરફ પ્રયાણ કરતાં પ્રેમ વિહ્‌વળ વિદુરજી ગંગાજીના કિનારે બ્રહ્મકુંડ પાસે આવ્યાં, જ્યાં તેમણે જેમનું અગાધ જ્ઞાન છે તેવા મુનિ મૈત્રૈયને બેઠેલા જોયા, જેથી તેમને સંતોષ થયો કારણ કે ઉધ્ધવજીએ કહેલું કે તેઓ (મૈત્રૈય) તેમના પ્રશ્નોનું સમાધાન કરશે. તેમણે મૈત્રૈયજીને વૈરાગ્ય માટે શું ઉપાય કરવો જોઈએ, તે ઉપરાંત બીજા અનેક પ્રશ્નો પૂછ્યા. તેઓએ પૂછ્યું કે લોકમાં સુખ પ્રાપ્ત કરવા માટે કર્મો કરે છે અને દુ:ખ દૂર કરવા ઝંખે છે, પરંતુ દુ:ખ દૂર થતું નથી. સુખ મેળવવા મથામણ કરવા છતાં દુ:ખ જ વધતું લાગે છે, તો એમ શાથી બનતું હશે? તેઓ મૈત્રેયને વિનંતી કરે છે કે આ વિષયમાં જે કાંઈ કરવા યોગ્ય હોય તે આપ મને કહો. સુખનો સ્પષ્ટ ઉપાય બતાવો. વધુમાં કહે છે કે જેઓ ભગવાન કૃષ્ણથી વિમુખ છે, જેઓ દૈવયોગથી સ્વભાવથી જ અધર્મનું આચરણ કરનારા છે અને દુ:ખની જ વાતો અને વિચારોમાં

ડૂબેલા છે તેવા લોકોને તો દુ:ખનો અંત દેખાતો જ નથી. પરંતુ ભગવાનના ભક્તો આવા લોકો પર કૃપા કરવા માટે જ સર્વત્ર ફરતા હોય છે. તેઓ આવા લોકોનું અજ્ઞાન દૂર કરી પ્રભુમાં પ્રીતિ કરાવી તેમને દુ:ખરૂપ જન્મમાંથી છોડાવે છે. વિદુરજી મૈત્રેય માટે **'હે સાધો'** શબ્દ પ્રયોગ કરે છે કારણ કે **'સાધુ માત્ર જે હિતકારી હોય તે જ કહે છે.'** જે ભગવાનનો ભક્ત હોય, બ્રહ્મને જાણનાર હોય તે જ કરી શકે, કેમ કે તે સર્વને પોતાના આત્મા જેવા જાણે છે. ભગવાનના આવા ભક્તો જે લોકોનું ભાગ્ય ન હોય તો પણ તેમના ભાગ્યરૂપ બને છે. **ભગવાન દુ:ખી લોકોના દુ:ખ દૂર કરવા માટે જ આવા ભક્તોને ભૂતલ ઉપર જન્મ આપે છે, જેમાંથી તેઓ સૌના બધા જ દુ:ખ દૂર કરી તેમને સુખનો સાચો માર્ગ બતાવે છે.** આવો માર્ગ કયો હોઈ શકે તેનો ખુલાસો કરતાં કહે છે કે તે ભગવાનનું ભજન છે, જે ચોક્કસ પણે ફલદાયી નિવડે છે. વિદુરજી શાસ્ત્રમાં બતાવેલ કર્મ વિશે ન પૂછતાં, જે રીતે પ્રભુ પ્રસન્ન થાય, જેનાથી બ્રહ્મભાવરૂપ જ્ઞાન થાય તેવો સ્થિર ઉપાય પૂછે છે. ભગવાન જેઓ અવતાર લઈને વિવિધ કર્મો અર્થાત્ લીલાઓ કરે છે અને અપ્રકટરૂપ પ્રભુએ કરેલા સૃષ્ટિના ઉત્પત્તિ, સ્થિતિ અને લય તેમ જ પદાર્થોમાં પ્રવેશ કરી જુદા જુદા રૂપે દેખાય છે તે સંબંધી ભગવાનના વિવિધ કાર્યો વિશે જાણવાને ઉત્સુક છે.

વિદુરજી કહે છે કે મેં ક્ષુલ્લક સુખ દેનારા વ્રતો વિશે, વ્યાસજીએ જેનું વર્ણન મહાભારતમાં કર્યું છે તે સાંભળ્યું છે. તેઓએ લોકોને આકર્ષવા માટે અનેક વ્યવહારુ રીતે ભગવાનની વાતો તેમાં કહી છે તેમ છતાં જે લોકોનું મન પ્રભુમાં રહેતું નથી, પ્રભુમાં રુચી થતી નથી, તે લોકો વધુ દુ:ખી અને મૂંઝાયેલ શોકરૂપ છે કારણ કે તેમનું જીવનધન વેડફાઈ જાય છે, કામ તેમનું આયુષ્ય હરી લે છે. તેમનું જીવન **વૃથાવાદ**, **વૃથાગતિ** અને **વૃથાસ્મૃતિ**થી નષ્ય થઈ જાય છે. આ બાબતનો વિસ્તાર કરતાં તેઓ કહે છે કે-

૧. **વૃથાવાદ** - એટલે નકામી વાતો કે ચર્ચાઓ, સામાન્ય વ્યવહાર કે વ્યવસાયની વાતો, ભગવાન સંબંધી ન હોય તેવી નિરર્થક વાતો એ વૃથાવાદ છે.

૨. **વૃથાગતિ** - અર્થાત્ વગર જોયતી ક્રિયાઓ કે તેની સમજ, લૌકિક ક્રિયાઓ અથવા તે વિશેની સમજ, તેમ જ પ્રભુસંબંધી ક્રિયાઓ કે સવજ સિવાયની અન્ય બધી ક્રિયાઓ એ વૃથાગતિ છે.

૩. **વૃથાસ્મૃતિ** - ભગવાનની યાદ સિવાયની યાદ, લૌકિક યાદો તે વૃથાસ્મૃતિ છે. ઘણુ કરીને બધા કોઈની કડવાશ, કઠોરતા, કનડગત વધુ યાદ રાખતા હોય છે. પરિણામ સ્વરૂપ તેમનું મન ડહોળાયેલું રહે છે. તેઓ અકળામણ અનુભવે છે. જેઓનું મન સંસારમાં ડૂબેલું રહે છે તેઓને કડવા અનુભવોથી વેર, દ્વેષ, ઈર્ષા વગેરે વધે છે. તેનાથી તેના દુ:ખમાં વધારો થાય છે, તેઓનું મન અશાંત થાય છે. આમ લોકો વૃથાવાદ, વૃથાગતિ અને વૃથાસ્મૃતિમાં વખત વેડફે છે. જેના પરિણામ સ્વરૂપ લોકોને પ્રભુ ભજનમાં સમય વિતાવવાનો અવસર રહેતો નથી. જ્યાં સુધી આ

ત્રણેય બાબતમાં રૂચિ હોય ત્યાં સુધી લોકોને ભગવાનની કથા કે સેવામાં રૂચિ થતી નથી.

ભગવાનના કર્મોનું તાત્પર્ય સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે **'ભગવાનના કર્મો ધર્મરૂપ છે, અને તેનાથી મનથી વિચારેલા કર્મો મનના યજ્ઞોરૂપ છે, કીર્તન કરેલા તે વાણીના યજ્ઞો છે અને શ્રવણ કરેલા તે જ્ઞાનના યજ્ઞો એ કહેવાનો હેતુ છે. ''અવતારભેદૈ :''** શબ્દપ્રયોગથી જુદા જુદા પ્રકારના અવતરો જે જ્ઞાનવાળા અને ક્રિયાવાળા એવા ભેદથી છે - જેમ **'વ્યાસજી'** એ જ્ઞાનની કલાવાળો અવતાર છે તો **'વરાહ'** એ ક્રિયાની કલાવાળો અવતાર છે, જ્યારે 'કૃષ્ણ' એ 'જ્ઞાન' અને 'ક્રિયા' એ બન્ને કલાયુક્ત અવતાર છે. વિદુરજી આ અવતારોના કર્મોનું તાતર્પ્ય સમજાવવા કહી રહ્યા છે. વળી જ્યારે તેઓ કહે છે કે તેમણે વ્યાસજીના મુખે અનેક વ્રતોની વાતો સાંભળી છે, જે અલ્પ સુખ અપનારા હોય છે તેનો ખુલાસો કરતાં કહે છે કે **'ઈચ્છા વિષય પ્રમાણે થાય છે, અને તે પ્રાપ્ત થતાં તે મટી જાય છે. જેમ કીડીની ભૂખ અલ્પ જ હોય છે તેથી તે સર્વત્ર સર્વ ખાવા યોગ્ય પદાર્થોનો ભોગ કરવા યોગ્ય નથી. તેથી તે કીડીની ભૂખ થોડાથી જ દૂર થાય છે. પરંતુ હાથી તો કરોડો કીડીઓના ખાવાના અન્નથી પણ ધરાતો નથી. તેથી ભગવાનના સંબંધવાળી જે ઈચ્છા તે ભગવાન અનંત ગુણોવાળા હોવાથી ઘણા સમયે પણ તેમના સર્વ ગુણને ગ્રહણ કરવાની શક્તિવાળી ન હોવાથી પૂરી થતી નથી, તેથી દૂર થતી નથી.'** વિદુરજી મૈત્રૈયને વિનવે છે કે શાસ્ત્રોમાં આલેખાયેલી 'હરિ'ની કથા લૌકિક કથા સાથે ભળેલી હોય છે તો જેમ પુષ્પોમાં જ મકરંદ (રસ) અંદર રહેલો હોય છે પણ ભ્રમર જ તેનું પાન કરે છે અને મધમાખી તેને બહાર કાઢીને રાખે છે તેમ જોકે આપ ભ્રમરની પેઠે તેનું પાન કરો છો, છતાં પણ તેમ કરવાથી પરોપકાર થતો ન હોવાથી, મધમાખીની પેઠે તે બહાર કાઢીને કહો.

મૈત્રૈયજી વિદુરની આવી વિનમ્રવાણી સાંભળીને રાજી થયા. તેમનામાં ભગવાનનો આવેશ છે તેથી તેમને **'સભગવાન'** કહી શુકદેવજી સંબોધે છે. ભગવાન સિવાય બીજું કોઈ તેમની બધી લીલા જાણી શકે નહીં. વિદુરજીના વખાણ કરતાં તેઓ કહે છે કે સત્પુરુષ તમે લોકો ઉપર અનુગ્રહ કરવા ખુબ સરસ પ્રશ્ન કર્યો છે : **'શાસ્ત્રોમાં પરોપકાર મુખ્ય સાધન બતાવ્યું છે.'** 'ઈન્દ્રિયોથી જ્ઞાન થઈ શકે નહીં તેમ કહેવાનું તાત્પર્ય છે કે તમારો પ્રશ્ન બીજાઓને પણ હિતકારી હોવાથી સારો છે. તમે સામાન્ય પુરુષ નથી, પરંતુ ધર્મરાજા છો. તમે શ્રી હરિનો અનન્યભાવથી આદર કરેલો છે. તમને માંડવ્ય મુનિના શાપથી વ્યાસજી દ્વારા દાસીપુત્ર તરીકે જન્મ લીધો છે. તેમની પૂર્વજન્મની યાદ અપાવતા કહે છે કે માંડવ્ય મુનિ જ્યાં તપ કરી રહ્યા હતા ત્યાં ચોરલોકો રાજ્યમાં ચોરી કરી લાવેલ માલ સૈનિકોના ભયથી તેમની પાસે મુકી ગયા જે તેમણે સમાધિમાં હોવાથી જાણ્યું નહીં. સૈનિકોએ મુનિને પકડ્યા અને શૂળી પર ચઢાવવાની આજ્ઞા કરી ત્યારે પોતાના યોગબળથી તેમણે યમરાજાને કારણ પૂછ્યું. યમે તેમને જણાવ્યું કે નાનપણમાં તમે પતંગીયાને શૂળ ભૌકી હતી, મુનિ કહે- **બાળપણનું પાપ પિતાનું ગણાય**, તો મને તમે વ્યર્થ સજા

કરી માટે તેમને શાપ દીધો કે સો વર્ષ પર્યંત તમે શુદ્ર થજો. યમનો બીજો જન્મ તે વિદુર અને તેઓ જ્યારે મૈત્રૈયને મળ્યા ત્યારે 'સો વર્ષ' પૂરા થઈ ચૂક્યા હતા.

સાધનરૂપ યોગમાયાથી થતી ભગવાનની લીલા સમજાવતાં મૈત્રૈય મુનિ કહે છે કે જગતની ઉત્પત્તિ પૂર્વે ભગવાન એક માત્ર જ હતા. આ જગત-પ્રવાહ અનાદિ હોવાના પ્રકારી આવિર્ભાવ અને તિરોભાવવાળુ આરંભ વિનાનું અને અનંત એવું ભગવાનનું એક રૂપ છે. સર્વ જીવોના આત્મા ચિદ્રુપ ભગવાન છે. તેમાં સદ્રુપ સંલગ્ન છે અર્થાત્ જીવો ભગવાનના સદંશ અને ચિદંશનો આવિર્ભાવ છે. શ્રુતિ કહે છે તેમ ભગવાને અનેકરૂપ થવાની ઈચ્છા કરી અને પોતાની માયા નામની શક્તિ પ્રકટ કરી. અર્થાત્ પોતે **'પ્રકૃતિ'**રૂપ બન્યા જેમાં કામના પ્રભાવથી ક્ષોભ થયો. ભગવાને પોતાનું **'પુરુષ'**રૂપ પ્રકટ કર્યું, જેને નિમિત્ત બનાવી ભગવાને પ્રકૃતિમાં પ્રવેશ કર્યો જેનાથી **'મહત્તત્વ'** ઉત્પન્ન થયું. ભગવાને **કાલ**, કારણ ગુણો (તત્ત્વો), **પુરુષ**, **જીવ** એમ ચતુમૂર્તિરૂપ અનેક રૂપો ધારણ કર્યા. તેમાંથી **'અહં તત્ત્વ'** થયું. તે ત્રિવિધ થતાં **મન**, **ઈન્દ્રિય** અને **મહાભૂત** રૂપ થયું. ઈન્દ્રિય અને તેના દેવતા એકરૂપ ગણીને દસ, મહાભૂત અને તન્માત્રાઓ મળીને દસ, મહતત્ત્વ, અહંકાર અને મન મળીને ત્રણ એમ ૨૩ તત્ત્વો પ્રકટ થયાં તે સર્વ દેવતારૂપ હોઈ ભગવાનના અંશ રૂપ છે. એ તત્ત્વો ત્રિવિધ હોવાથી પોતાની મેળે સૃષ્ટિની રચના ન કરી શક્યાં. તેથી આ બ્રહ્માંડના નિર્માણરૂપ સેવા કરી શકે તે માટે હાથ જોડીને તેમણે પ્રભુની સ્તુતિ કરી. જેમાં તત્ત્વો દ્વારા ભક્તિનો, બ્રહ્માજી દ્વારા જ્ઞાનનો અને ઋષિઓ દ્વારા યજ્ઞ અર્થાત્ કર્મનો નિર્ણય સમાહિત છે.

તત્ત્વદેવતાઓએ કરેલી અવ્યક્ત ભગવાનની સ્તુતિ

અહીં ૧૩ શ્લોકમાં આ તત્ત્વોએ કરેલી ભગવાનની સ્તુતિ વર્ણવે છે. કાલયુક્ત ભક્તિ ૧૩ પ્રકારની છે તેથી તે ૧૩ શ્લોકમાં કહે છે. સૌ પ્રથમ શરણરૂપ ઉત્તમ ભક્તિ - જે સાત્વિક છે તેનું નિરૂપણ કરતા તત્ત્વદેવતા ભગવાનને નમસ્કાર કરતાં કહે છે કે હે દેવ, શરણાગતના સંતાપને શમાવનાર છત્રરૂપ આપના ચરણકમળને, જે મૂળમાં આશ્રય લેનાર યતિઓ પોતાના અંત:કરણમાં ભરેલા સંસારના અનેક દુ:ખોને સરળતાથી બહાર ફેંકી દે છે, તેને અમે નમસ્કાર કરીએ છીએ. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે- (૧) **સેવા કરવા યોગ્ય સમજીને પ્રેમપૂર્વક ચરણમાં થતાં નમસ્કાર ભક્તિમાર્ગીય છે.** (૨) **સ્વરૂપની મહત્તાથી થતા નમસ્કાર મર્યાદા માર્ગીય છે.** અને (૩) **સ્વરૂપમાં રહેલા ઐશ્વર્ય વગેરે ગુણોને લીધે થતા નમસ્કાર એ લૌકિક છે.**

આ તત્ત્વો ભગવાનના સ્વાભાવિક ગુણ બનેલા છે. તે સર્વના સામાન્ય રીતે કારણ હોવાપણું હોઈ તે ભગવાનનો સ્વાભાવિક ગુણ કહેવાય છે. ભગવાનનું કારણપણુ પચ્ચીસ પ્રકારે બતાવેલું છે. અર્થાત્ અગાઉ બતાવ્યો તે ત્રેવીસનો સમૂહ અને ઉપરાંત **'કાલ'** તેમ જ **'માયા'** (પ્રકૃતિ)

એમ પચ્ચીસ થાય.

તત્ત્વો ભક્તિપૂર્વક ભગવાનને વંદન કરે છે. અહીં ભગવાન માટે **''દેવ''** શબ્દ પ્રયોગ થયો છે. તેની વ્યુત્પત્તિ છે- **''દિવ્યતિ ઈતિ દેવ''**. જે લીલા કરે તે 'દેવ'. ભગવાન પોતાની લીલા માટે સૃષ્ટિનું સર્જન કરે છે. **કાર્યથી કંટાળો આવે પણ 'લીલા'માં આનંદ જ હોય.** જ્યાં દેવપણુ દેખાય ત્યાં વંદન થાય. તેની ભક્તિ કરાય. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **સૃષ્ટિને પ્રભુના કાર્ય તરીકે વિચારીએ તો ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થાય અને પછી તેમાં પ્રેમ ઉત્પન્ન થતાં વિલંબે ભક્તિ થાય. પણ જો આખી સૃષ્ટિને ભગવાનની લીલા રૂપે વિચારીએ તો તરત ભક્તિ પ્રાપ્ત થાય.** તત્ત્વો અપ્રકટ પ્રભુને નમસ્કાર કરે છે માટે **'પદારવિંદ'** એમ એક વચનનો પ્રયોગ કર્યો છે. **ભગવાનના ચરણાર્વિંદ શરણાગત અને ભક્ત બન્નેના ક્લેશ દૂર કરનારા છે. જેઓ ત્યાગ કરવા સમર્થ નથી હોતા તેનો શરણાગતિમાં અધિકાર છે અને જેઓ પ્રભુ માટે ત્યાગ કરવા સમર્થ છે તેમનો ભક્તિમાં અધિકાર છે.** આમ ભગવાનના ચરણાર્વિંદ શરણાગત અને ભક્ત બન્નેના મનના અને બહારના સર્વ પ્રકારના તાપનું શમન કરવાનું સામર્થ ધરાવે છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે શરણાગત જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેના સંતાપને શાંત કરવા માટે ભક્તપરવશ ભગવાનનું ચરણ છત્રરૂપે બનીને તેની પાછળ પાછળ જાય છે. કાલથી થતાં દુ:ખમાં પ્રભુના ચરણ છત્રરૂપ બને છે, સ્વભાવના કારણે ઉત્પન્ન થતાં દુ:ખમાં પ્રભુના ચરણ છત્રરૂપ બને છે, સ્વભાવના કારણે ઉત્પન્ન થતાં દુ:ખમાં તે અમૃતરૂપ છે અને કર્મથી થતા દુ:ખમાં પ્રભુના ચરણ ઔષધરૂપ છે, આમ શરણાગતની પ્રભુ પોતે પ્રકટ થઈ સર્વ પ્રકારે રક્ષા કરે છે.

વળી સમજાવે છે કે જો આપણે ભગવાનના ચરણકમલની છાયામાં જઈએ, તેમને શરણાગત થઈએ તો શીતળતા મળે. **ભગવાન પોતાના ચરણકમળનો આશ્રય લેનારની રક્ષા માટે પોતે પરિશ્રમ લે છે અને શરણાગતને સુખ આપે છે.** જેઓ વિરક્ત ભક્તો છે તેવા ભગવદીયો તો ભગવાનના ચરણકમલ નીચે જ વાસ કરે છે અને અન્ય કશાનો આશ્રય કરતા નથી. તેઓને લૌકિક સુખાદિની અપેક્ષા હોતી નથી. તેઓ લૌકિક સાધનનો સંપૂર્ણપણે ત્યાગ કરી તન અને મનના સંતાપને દૂર ફેંકી દે છે કારણ કે ભક્તો માટે પ્રભુનું ચરણકમલ જ સર્વ પુરુષાર્થ રૂપ હોય છે.

તત્ત્વદેવો ભગવાનની પ્રાર્થના કરતાં કહે છે કે આ સંસારમાં જીવો સુખ મેળવતા નથી તેથી અમે આપના ચરણની છાયાનો આશ્રય કરીએ છીએ. ભગવાનના ચરણકમલમાં સઘળા તીર્થો બિરાજે છે. સ્વર્ગ, પૃથ્વી અને અંતરિક્ષના સર્વે તીર્થો ગંગાજીમાં બિરાજે છે અને ગંગાજી પ્રભુના ચરણમાં બિરાજે છે. શ્રધ્ધા અને શ્રવણથી પુષ્ટ થયેલી ભક્તિ દ્વારા શુદ્ધ થયેલું અંત:કરણ ચરણ કમલો આધાર છે તેવા નિર્ણયના કારણે જ જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત જ્ઞાની પુરુષો ધીર બને છે. આપના કથામૃતના પાનથી વૈરાગ્યના સારરૂપ જ્ઞાન મેળવનારો અક્ષરબ્રહ્મમાં સાયુજ્ય પામે છે.

તત્ત્વો પોતાને **'સત્પ્રમુખા'** બતાવે છે અર્થાત્ તેઓ પોતાનામાં સાત્વિક અહંકાર નામના

તત્ત્વને મુખ્ય રાખી જે ભગવાનની સેવા ઈચ્છે છે, જેથી લોકો પણ સત્પુરુષને મુખ્ય બનાવે, અનુસરે અને તેમના સહવાસમાં પોતાનું કાર્ય કરે તો સન્માર્ગ મળે અને ભગવાનની સાચી સેવા સંભવી શકે.

• અધ્યાયાર્થ (અધ્યાય ૬)

અધ્યાયાર્થ કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે બધા જ અવતારોનું મૂળ 'પુરુષ' છે. તેમાંથી જ સર્વ અવતારો થયા છે. તેથી છઠ્ઠા અધ્યાયમાં **'પુરુષ'** (સમષ્ટિ)નું નિરૂપણ કરવામાં આવ્યું છે. અહીં ભગવાનના બધા અવતારોએ કરેલા કર્મોની કથા કહેવામાં આવી છે આમ અગાઉના પાંચમા અને આ છઠ્ઠા એમ બે અધ્યાયોથી **'ગુણાતીત'** ભગવાને કરેલી સૃષ્ટિલીલાનું વર્ણન છે. મૈત્રેય ઋષિએ સમજાવ્યું છે કે ભગવાને જોયું કે ૨૩ તત્ત્વોના સમુદાયે, જેમણેતેમની સ્તુતિ કરી તેમાં લોકની રચના કરવાનું જ્ઞાન નથી તેથી પોતે 'કાળ' નામની દૈવી શક્તિને ધારણ કરી તે તત્ત્વોમાં પ્રવેશ કર્યો.

• સુબોધિની (અધ્યાય ૬)

અગાઉના અધ્યાયમાં **'તત્ત્વો'** એ કરેલ ભગવાનની પ્રાર્થનાનું વર્ણન હતું. તેનો ઉપસંહાર કરતાં કહે છે કે આમ તે તત્ત્વો જેઓ અલગ અલગ હતાં. તેમની શક્તિઓને **'તાસાં'** શબ્દથી સ્ત્રી રૂપ હોવાનું સૂચન કરે છે, જે અલગ અલગ હોવાથી પોતાની જાતે સૃષ્ટિ ઉત્પન્ન કરવાની શક્તિવાળી ન હતી. તેથી ભગવાને **'કાલ'** નામની શક્તિ ધારણ કરી અને તે ત્રેવીસ તત્ત્વોના સમૂહમાં જેમ લોઢામાં અગ્નિનો પ્રવેશ થાય તેમ પ્રવેશ કર્યો. તેના કારણે સૃષ્ટિ ઉત્પન્ન થઈ, તેથી તત્ત્વોના સમૂહે કરેલું કાર્ય ભગવાનનું કાર્ય ગણાય. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'કર્મ કાલને જ અધીન છે, તેથી જ અમુક કાલે અમુક કર્મ કરવાની શાસ્ત્રોમાં આજ્ઞા છે.'** અહીં તત્ત્વોમાં ભગવાનના પ્રવેશને **'ચેષ્ટા'** રૂપ કહ્યો છે. **'ચેષ્ટા' એટલે પ્રયત્ન**. સ્વભાવથી જ સર્વવસ્તુઓમાં વસ્તુના સ્વરૂપરૂપ ભગવાન છે, કાર્ય કરવામાં ઉપયોગી જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન રૂપથી ભગવાને તે તત્ત્વોમાં પ્રવેશ કરીને તે સમૂહને તેમણે એકઠો કર્યો. અહીં **'સુપ્તં કર્મ પ્રબોધનમ્'** શબ્દોથી 'જડ થયેલા કર્મને જાગૃત કરતાં' કહ્યું. અર્થાત્ પ્રાણીઓનું કર્મ જે જડ થયેલું તેને 'કાલશક્તિ'થી જાગૃત કરતાં ભગવાને તત્ત્વોમાં પ્રવેશ કર્યો તેમ સમજાવે છે. આમ કર્મ જાગૃત થતાં બધા તત્ત્વોનું સંયોજન થયું જેના કારણે **'બ્રહ્માંડ'** ઉત્પન્ન થયું. અહીં ભગવાનના બે કાર્યો સુચવ્યા છે - એક બધા તત્ત્વોને એકઠા કરવાનું અને તેમને પ્રેરણા કરવી. ભગવાનની પ્રેરણાથી તત્ત્વોના સમૂહે બ્રહ્માંડ કરેલું હોવાથી તે ભગવાનનું જ રચેલું છે તેમ સ્પષ્ટતા કરી છે.

ભગવાને પોતાની અંદર પ્રવેશ કર્યો તેથી વિશ્વની રચનારો સમૂહ ખળભળ્યો, જે કહેવાનું તાત્પર્ય એ છે કે અન્યથા બ્રહ્માંડના વિભાગ થાત તેથી પ્રત્યેક તત્ત્વમાં અન્ય બાવીસ તત્ત્વોનો પ્રવેશ થયો, જેનાથી **'અખંડ બ્રહ્માંડ'**ની રચના થઈ. બ્રહ્માંડનો આત્મા **'હિરણ્યમય'** એટલે કે

સુવર્ણમય હતો. પૃથ્વી, જલ અને તેજના સરખા અંશોથી એટલે કે એકબીજાનો પરાભવ ન થાય તેવી રીતે જે કાર્ય થાય છે તે 'સુવર્ણ' કહેવાય. એકબીજાના ગુણને દબાવ્યા વિના પૃથ્વી, જળ અને તેજના સમાનાંશપણે મળવાથી થતું કાર્ય **'સુવર્ણ'** થાય. જો જળ વધે તો **'રુપુ'** થાય અને પૃથ્વી વધે તો અન્ય ધાતુઓ થાય.

બ્રહ્માંડના આત્મારૂપ સુવર્ણમય વિરાટ પુરુષે નારીયેળના ફલની માફક બ્રહ્માંડથી જુદા રહીને એક હજાર વર્ષ સુધી બ્રહ્માંડના કોશમાં પોતે રચેલા જળમાં શયન કર્યું. એ જ **'પ્રપંચ'**ના આધારરૂપ, પ્રથમ અવતાર ભગવાન નારાયણ છે. વિશ્વ રચનારા તત્ત્વોનો તે ગર્ભ, જે શક્તિરૂપ હતો. તે ત્રણ પ્રકારની શક્તિવાળો હતો જેણે પોતાના જ ત્રણ વિભાગ કર્યા- (૧) કેટલાકને આત્માને આધિન કર્યા તે **આધ્યાત્મિક**, (૨) કેટલાક દૈવને એટલે 'કાલ'ને અધીન કર્યા તે **આધિદૈવિક** અને કેટલાક ક્રિયાને અધીન કર્યા તે **આધિભૌતિક**. વળી વિરાટનો પ્રાણ દશ પ્રકારનો અને એક હૃદય, તેમજ **'ચ'** અક્ષરથી **મન**, **બુદ્ધિ**, **અહંકાર** અને **ચિત્ત** - **અંતઃકરણ**નો બોધ કરે છે.

ભગવાનના તેજથી તપેલા તેમાંથી દેવોના કેટલાક સ્થાનો દેખાયા. પ્રથમ તેનું મુખ દેખાયુ. તેમાં અગ્નિએ પોતાના અંશ એવી 'વાણી' સાથે તે સ્થાનમાં પ્રવેશ કર્યો. વાણી એ અગ્નિનું આધ્યાત્મિક રૂપ છે. વિરાટના તાળવામાં **વરૂણે** પોતાના 'જીભ' રૂપ અંશ સાથે પ્રવેશ કર્યો જેનાથી રસ પ્રાપ્ત થાય છે. તે પછી દેખાય બે નસ્કોરા રૂપ સ્થાનમાં બે **અશ્વિનીકુમારો**એ પોતાના અંશ નાક સાથે પ્રવેશ કર્યો જેનાથી ગંધનું જ્ઞાન થાય છે. તેની બે આંખોમાં **'ત્વષ્ટા'** લોકપાલે પ્રવેશ કર્યો જેનાથી રુપોનું જ્ઞાન થાય છે. (ત્વષ્ટા એટલે સૂર્ય) ચામડીના છિદ્રોમાં લોકપાલ **વાયુએ** પ્રવેશ કર્યો જેનાથી સ્પર્શનું જ્ઞાન થાય છે. બે કાનરૂપ દેખાયેલ સ્થાનમાં દિશાઓએ **'શ્રોત્ર'** અંશ સાથે પ્રવેશ કર્યો, જેનાથી શબ્દનું જ્ઞાન થાય છે. ત્વચારૂપ સ્થાનમાં ઔષધીઓએ પોતાના અંશરૂપ રુવાડાઓ સાથે પ્રવેશ કર્યો જેનાથી 'ચળ' પ્રાપ્ત થાય છે. ચળ એટલે ચામડીને ઘસવાથી પ્રાપ્ત થતું સુખ. લિંગરૂપ સ્થાનમાં પ્રજાપતિએ વીર્ય અંશ સાથે પ્રવેશ કર્યો જેનાથી આનંદ પ્રાપ્ત થાય છે. ગુદારૂપ સ્થાનમાં લોકપાલના ઈશ **મિત્રે** પોતાના અંશરૂપ 'પાયુ' સાથે પ્રવેશ કર્યો. તે પછી દેખાયેલ બે હાથમાં સ્વર્ગપતિ **ઈંદ્રે** પોતાના અંશરૂપ વાર્તા સાથે પ્રવેશ કર્યો જેનાથી પુરુષ વૃત્તિ પ્રાપ્ત કરે છે. બે પગમાં લોકના ઈશ **વિષ્ણુએ** પોતાના અંશ 'ગતિ' સાથે પ્રવેશ કર્યો જેનાથી પુરુષ જવાના સ્થળે પહોંચે છે. તે ઉપરાંત બુદ્ધિરૂપ સ્થાનમાં વાણીના ઈશે પોતાના **'બોધ'** અંશ સાથે પ્રવેશ કર્યો જેનાથી જાણવાનું જ્ઞાન થાય છે, ચાર અંતઃકરણ - મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એક ગોલખ રૂપ છે તે જ પોતાના અંશ-ભેદથી બુધ્ધિ વગેરે શબ્દથી ઓળખાય છે. હૃદયરૂપ સ્થાનમાં ચંદ્રમાટે પોતાના અંશ 'મન' સાથે પ્રવેશ કર્યો જેનાથી 'વિક્રયા' થાય છે. હૃદય ગોલક, ચંદ્રમાં દેવતા છે, મન ઈન્દ્રિય છે. વિક્રિયા એટલે સંકલ્પ - વિકલ્પરૂપ જાતજાતની ક્રિયા. આત્મારૂપ

સ્થાનમાં અભિમાને પોતાના અંશ રૂપ કર્મ સાથે પ્રવેશ કર્યો જેનાથી કર્તવ્ય પ્રાપ્ત થાય છે. સત્વરૂપ દેખાયેલ સ્થાનમાં **'મહત્તત્વે'** પોતાના 'ચિત્ત' અંશ સાથે પ્રવેશ કર્યો જેનાથી 'ચેતનપણુ' પ્રાપ્ત થાય છે. તદુપરાંત માથામાંથી **સ્વર્ગ**, બે પગમાંથી **પૃથ્વી** અને નાભિમાંથી **અંતરિક્ષ** ઉત્પન્ન થયા. દેવોમાં અધિક સત્વગુણ હોવાથી તેમણે સ્વર્ગ પ્રાપ્ત કર્યું અને મનુષ્યોએ રાજસ સ્વભાવને કારણે પૃથ્વી પ્રાપ્ત કરી.

હવે વિવિધ અવયવોમાંથી ઉત્પન્ન થયેલા વર્ણોને ગુણભેદથી વર્ણવે છે. ભગવાનના મુખમાંથી દેવતારૂપ શુદ્ધ સત્વનું કાર્ય બની 'બ્રહ્મ' નીકળ્યું જેનો આશ્રય કરવાથી બ્રાહ્મણો થયા. સ્મૃતિમાં પણ ગુણ-કર્મથી વર્ણ કહેલું છે. સંસ્કારથી 'દ્વિજપણુ' કહેલું છે. જે બ્રહ્મોન્મુખ હોય તે **'બ્રાહ્મણ'**. જે 'ઉન્મુખ' - ઉપદેશ માટે ઉચું મુખે હોય તે બ્રાહ્મણ. તેના ઉન્નતિ કે ઉર્ધ્વગમન પણ અર્થ થાય. તે અધ્યન કરાવે, ઉપદેશ આપે તે બ્રાહ્મણ. ભગવાનના બાહુમાંથી લોકરક્ષા રૂપ **'ક્ષત્રિય'** ઉત્પન્ન થયા. 'ક્ષત્ર-દેવતા' જેનામાં હોય, જે આપત્તિમાંથી ધર્મ અને અન્યનું રક્ષણ કરે તે ક્ષત્રિય. ભગવાનના ઊરુમાંથી **વૈશ્ય** થયા. તે બધા વર્ણોની આજીવિકા સંભાળે, ખેતી, ગોપાલન, એ બે ઉત્પાદનરૂપ આજીવિકા છે. વ્યાપાર અને વ્યાજ એ બે વધારો કરનારી આજીવિકા છે. ચરણમાંથી **શુદ્ર**ની ઉત્પત્તિ છે. સેવા તેનો ધર્મ. આમ ચારેય વર્ણો ભગવાનના વિવિધ અંગોમાંથી ઉત્પન્ન થઈ છે જેનું કાર્ય સમાજનું સુચારુ રૂપે સંચાલન કરવાનું છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે જ્ઞાન, રક્ષણરૂપ ક્રિયા, આજીવિકા અને સેવા (કાયાની ક્રિયારૂપ પરિચર્યા), એ ચાર પદાર્થો સર્વરૂપ ભગવાનને વહાલા છે. પછી ભગવાનના બે ચરણમાંથી ભગવાનની ભક્તિરૂપ, કાંઈક અંતરંગ શક્તિ, શુશ્રુષા, નામની સેવારૂપ ઉત્પન્ન થઈ જેનું પ્રયોજન ધર્મ માટે છે. **''ગુરુની સેવા, દેવતાની સેવા, અરણ્યની સેવા, આત્માની સેવા, એવી સેવાથી જ ધર્મ થાય છે. પતિવ્રતાપણુ વગેરે બધાએ ધર્મો પણ સેવામાં જ પરિણમે છે, તેથી ધર્મ થાય તે માટે ગતિ આપનારી સેવા, ભગવાન પ્રતિ ગતિ થાય તે માટે ઉત્પન્ન થઈ છે. વળી, વૈશ્ય અર્થ પ્રાપ્ત કરાવનાર, ક્ષત્રિય કામ પ્રાપ્ત કરાવનાર અને બ્રાહ્મણ મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે. તેથી જ બ્રાહ્મણોને જ મુક્તિ, ક્ષત્રિયને ભોગ, વૈશ્યને અર્થ અને શુદ્રને ધર્મ પ્રાપ્ત થાય છે. પાછળનું પહેલાને પ્રાપ્ત કરાવનારું હોવાથી પાછળનું દૂર થાય તે માટે જ પહેલાનું ગ્રહણ કરે છે. તેથી બ્રાહ્મણ મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ ધર્મ વગેરે બીજા ધર્મો આચરે છે. તેવી રીતે ક્ષત્રિય ભોગ માટે જ ધર્મ વગેરે કરે છે. તે પ્રમાણે વૈશ્ય ધન માટે જ ધર્મ કરે છે. શુદ્ર તો ધર્મ માટે જ સેવા ધર્મ આચરે છે. તેથી બીજા પુરુષાર્થ માટે ધર્મ કરતો નહીં હોવાથી આ શુદ્ર ઉત્તમ છે તેથી જ જેની વૃત્તિથી હરિ પ્રસન્ન થાય છે એમ કહ્યું છે. વળી હરિ સર્વના દુ:ખ હરનારા છે, અને સેવા કરવાથી દુ:ખ થાય છે. તેથી પોતે કરવાનું (શુદ્ર) કરે છે તેથી પણ હરિ પ્રસન્ન થાય છે.''**

આમ પોતપોતાના વર્ણધર્મનું આચરણ પ્રભુને પ્રસન્ન કરે છે. પ્રભુ સર્વના દુ :ખ દૂર કરનારા **''હરિ''** છે. પ્રભુની પ્રસન્નતાથી જ બધુ મળે. સેવા ન કરનારને માત્ર શોક મળે. **વાણી દ્વારા વિપ્ર સેવા કરે, રક્ષા દ્વારા ક્ષત્રિય સેવા કરે, સેવોપયોગી પદાર્થ દઈને વૈશ્ય સેવા કરે, એના દ્વારા શુદ્ર સેવા કરે, સ્વધર્મના આચરણથી પ્રભુની સેવા થાય.** તેથી શ્રી મહાપ્રભુજી સર્વનિર્ણય નિબંધમાં કહે છે- **'સ્વધર્માચરણંશકત્યા'**. અહીં વર્ણાશ્રમ ધર્મના આચરણને તેમણે આચરવાની આજ્ઞા કરે છે. પ્રભુને પ્રસન્ન કરવા માટે પણ સેવા જ કરવી જોઈએ. શુદ્ધ અંત :કરણથી સેવા કરતાં સઘળું સુલભ બને. **અંત :કરણની શુદ્ધિથી ઉત્તમ અધિકાર મળે છે.**

ઉપસંહાર કરતાં મૈત્રેયજી કહે છે કે 'મેં મારી વાણીને કૃતાર્થ કરવા આ બધું તમને પ્રભુની કીર્તિનું જ્ઞાન યથામતિ આપ્યું.'' તેઓ કહે કે આપણે બધી ઈન્દ્રિયોનો ઉપયોગ ભગવાન માટે કરતાં હોઈએ છીએ તેમ છતાં આપણે પોતાના શરીર માટે પણ તેનો ઉપયોગ કરવો પડતો હોય છે. માત્ર 'વાણી' અને 'ક્ષોત્ર' અર્થાત્ કાનનો ઉપયોગ શરીર માટે અનિવાર્ય નથી. તેથી તે બન્નેને સાચવી રાખવા જોઈએ. તેને લૌકિકમાં વેડફી નાંખવાની નહીં અને તેને શુદ્ધ રાખી પ્રભુના ગુણગાન કરવા અને સાંભળવા. તેનાથી એક માત્ર પ્રભુને પ્રાપ્ત કરવા માટે જ ઉપયોગ કરવો જોઈએ. સાંભળવામાં પણ ખુબ જ સાવધાની રાખવાની જરૂર હોય છે.

જે વિદ્વાન હોય, ભાગવતના મર્મને સારી રીતે જાણતો હોય અને પ્રેમપૂર્વક કહેતા હોય તેના દ્વારા જ કથા સાંભળવી જોઈએ. અજ્ઞાની તો હોય, પરંતુ કાંઈક વિપરીત જ પોતાની બુદ્ધિ પ્રમાણે કલ્પનાથી જે કહે, પ્રભુ-સંબંધ વગરની વાતો કહે, તો તે ઉપયોગી ન થાય, એટલું જ નહીં આપણી શ્રોત્રેન્દ્રિય પ્રભુને ઉપયોગી ન બને અને વ્યર્થ જાય. શ્રી મહાપ્રભુજી આ બાબત સ્પષ્ટ કરવા કહે છે કે **''ભગવાનની કથાનું જ શ્રવણ કરવું, તેમાં પણ પ્રેમથી કરેલી અમૃતરૂપ અને તે પણ વિદ્વાને જ કહેલી કથા સાંભળવી. તેમ ન હોય તો અજ્ઞાનીઓ ખોટી કથા કહે તેવો સંભવ હોવાથી તે તેમણે કહેલા પદાર્થો વાસ્તવિક રીતે ભગવાનના સંબંધવાળા ન હોવાથી ભગવાનની કથામાં તે સાંભળવામાં કાનનો વ્યભિચાર જ થાય.**

અંતમાં કહે છે કે **'આત્માનો'** એટલે ભગવાન વાસુદેવનો મહિમા આદિકવિ બ્રહ્માજીએ પણ એક હજાર વર્ષ સુધી તપ અને યોગ આચરીને પરિપક્વ થયા ત્યારે તે પરિપક્વ થયેલ બુદ્ધિથી પણ શું જાણયો છે? અર્થાત્ નથી જાણયો, તો પછી બીજો કોણ જાણી શકે? ભગવાનને નમસ્કાર કરતાં કહે છે કે **હે હરિ! હે કૃષ્ણ! આપ જેવા હો તેવાને વારંવાર નમસ્કાર હો. હે હરિ, હે કૃષ્ણ, હું જેવો હોઉં તેવાનું મારું આપ રક્ષણ કરો.**

• અધ્યાયાર્થ (અધ્યાય ૭થી ૯)

આ ત્રણ અધ્યાયમાં **સગુણ** (દેવ)માંથી થયેલી સૃષ્ટિની પ્રસ્તાવના કરી છે. વાસ્તવમાં સગુણ સૃષ્ટિનું નિરૂપણ દશમા અધ્યાયથી કરે છે. સાતમા અધ્યાયમાં વિદુરજીની શંકાઓ રજુ કરી છે કે

સ્વયં નિર્ગુણ બ્રહ્મને માયાનો સંબંધ કેમ થયો ? આઠમા અધ્યાયમાં નાભિકમલમાં રહેલ બ્રહ્માજીને ભય લાગતાં તેઓ ભગવાનની સ્તુતિ કરે છે તેનું વૃત્તાંત મૈત્રેયજી વિદુરજીને કહે છે અને નવમા અધ્યાયમાં બ્રહ્માજીના તપથી પ્રસન્ન થતાં ભગવાન તેમને વરદાન આપી સૃષ્ટિના પ્રારંભ કરવાની આજ્ઞા કરે છે તે વિશે જણાવે છે. ભાગવતાર્થ નિબંધમાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે **'સગુણ સૃષ્ટિ'**નું નિરૂપણ કરતાં સૃષ્ટિ અને ભગવાનની વચ્ચે ગુણોની સૃષ્ટિ રચવાની સત્તા સાતમા અધ્યાયમાં કહી છે, તે પછી આઠમા અને નવમા અધ્યાયમાં કારણની ઉત્પત્તિ અને કાર્યની ઉત્પત્તિ સમજાવવામાં આવી છે. અહીં 'કારણ' બ્રહ્મા છે અને સર્વ જગત **'કાર્ય'** છે. બ્રહ્માજીએ કરેલી ભગવાનની સ્તુતિના કારણે તેઓને જગત રચવાનો ઉપાય જણાયો અને તેઓ જગત રચી શક્યા.

અગાઉ કહી તે **'ગુણાતીત દેવે'** કરેલી સૃષ્ટિની લીલા છે તે ભગવાનની આજ્ઞાથી મૈત્રેયજીએ વિદુરને કહી. પરંતુ તેનાથી વિદુરજીની જિજ્ઞાસા સંતોષાઈ નહીં અને તેમાં તેમને કેટલાક સંદેહ થયા, જેનું વર્ણન સાતમા અધ્યાયમાં છે. અગાઉ સુતજીએ શૌનકાદિ ઋષિઓને તેમ જ શુકદેવજીએ પરીક્ષિતને કહ્યું હતું કે **શ્રી ભાગવત જ સર્વ સંદેહને દૂર કરનારું છે** તેથી મૈત્રેયજી વિદુરજીને ભાગવત કહેવાનો પ્રારંભ કરે છે. આ ભાગવત મૂળમાં **સંકર્ષણ** ભગવાને સનત્કુમારોને કહેલું, જેમણે સાંખ્યાયનને કહ્યું હતું, અને તેની પાસેથી પારાશરે સાંભળેલું, જે તેમણે મૈત્રેયજીને કહેલું. જોકે બ્રહ્માજી આ પરંપરામાં નથી આવતા છતાં શ્રી કૃષ્ણે જે પુરાણ મૈત્રેયને કહ્યું તે **'ભાગવત'** જ છે કારણ કે ભગવાન સિવાય બીજા કોઈના મુખથી કોઈપણ સમયે શ્રી ભાગવતની ઉત્પત્તિ થઈ શકે નહીં, કારણ કે અન્ય કોઈ ને ભાગવતની લીલાનું જ્ઞાન હોઈ શકે નહીં. અહીં 'સંકર્ષણ' **વાસુદેવ** સ્વરૂપના અર્થમાં જ છે.

શ્રી મહાપ્રભુજી ખુલાસો કરે છે કે ભગવાન શ્રી કૃષ્ણે ઉધ્ધવજી અને મૈત્રેયને જે ઉપદેશ કરેલ તે વિદુરજીને કહેવાની મૈત્રેયને આજ્ઞા કરેલી. તેથી તેઓ તે વિદુરજીને સંભળાવી રહ્યા છે. **આમ ભાગવત બે રીતે પ્રગટ થયેલું છે. એક તો ભગવાને પોતાના મૂળ (આદિ) સ્વરૂપથી બ્રહ્માજીને ભાગવત કહેલું અને બીજું તેમણે અવતાર લઈને શ્રી કૃષ્ણરૂપે મૈત્રેયને અને ઉધ્ધવજીને કહેલું.** તેથી મૈત્રેયજી તે ભાગવત વિદુરજીને સંભળાવી રહ્યા છે.

સામાન્યત : જેનું ચિત્ત અત્યન્ત શુદ્ધ હોય તેને જ શ્રી ભાગવત ફલ આપે, પરંતુ વિદુરજી તેવા ન હતા. જેઓનું ચિત્ત શુદ્ધ હોય તેઓને ભાગવતમાં સંશય થતો નથી અને તેનું જ્ઞાન દૃઢ થવા માટે તેને કોઈ તર્કની આવશ્યકતા રહેતી નથી તેથી મૈત્રેયજીએ ભગવાન પાસેથી જ્યારે ભાગવત સાંભળ્યું ત્યારે તેમને કોઈ સંદેહ ઉત્પન્ન થયો ન હતો, પરંતુ વિદુર અત્યંત શુદ્ધ ચિત્તવાળા ન હોવાથી તેમને સંદેહ થાય છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **ભાગવતનો અર્થ જાણવાનો જેને અધિકાર ન હોય તેને તેમાં સંદેહ ઉત્પન્ન થાય છે પરંતુ જેટલું કહેવાથી જે અર્થ સમજે, તેને તેટલું જ કહેવું જોઈએ.** તેથી

મૈત્રેય પણ વિદુરની બુદ્ધિના આધારે તેના સંદેહનું સમાધાન કરે છે. વિદુરજીને સંદેહ થાય છે કે કારણરૂપે **ગુણાતીત બ્રહ્મ** અને **કાર્યરૂપ જગત** જુદા જુદા પ્રકારના છે, અર્થાત્ બ્રહ્મ ગુણ રહિત છે, જ્યારે કાર્ય-જગત ગુણવાળુ છે. વળી લોકમાં કાર્ય કરવાનું પ્રયોજન **'કામ'** છે જ્યારે 'કામ' ગુણાતીત બ્રહ્મમાં નથી. તેથી તેનાથી સૃષ્ટિ કઈ રીતે થાય? પ્રથમ સંદેહના સંદર્ભમાં અહીં કહે છે કે **''આ તે ભગવાનની માયા છે કે જે તર્કના વિરોધવાળી છે.''** તેનાથી એમ જણાવે છે કે ભગવાનનો અને માયાનો સંબંધ **નિત્ય** છે. પરંતુ આથી શંકા થાય કે તેમ હોય તો **'ભગવાનપણુ'** જ ન રહે, પરંતુ તેનો ખુલાસો કરતાં કહે છે કે **'ભગવાનની માયા'** કહેવાનું તાત્પર્ય તે ભગવાનની **'શક્તિ'** છે, જે દાસીની પેઠે ભગવાનથી જુદી રહે છે અને તેથી માયાના ગુણો ભગવાનમાં આવતા નથી. બીજી શંકા કે **'કામના'** હોય તો જ કર્તવ્ય બને છે, પરંતુ બ્રહ્મ **'ગુણાતીત'** છે તો કામનાના અભાવમાં **'કાર્ય-જગત'**ની ઉત્પત્તિ કેમ સંભવે? જગત રૂપ કાર્ય તો દૃશ્યમાન છે જે કર્તા વગર ન થાય, અને કર્તા હોય તો કાર્ય કરવાની ઈચ્છા પણ હોવી જ જોઈએ. પરંતુ બ્રહ્મમાં કર્તવ્ય તો માનીએ છીએ અને કામનાનો અભાવ એમ બન્ને કેવી રીતે સંભવે? આવી વિરોધી વાતને શ્રી મહાપ્રભુજી **બ્રહ્મમાં 'દૂષણ' નહીં પણ 'ભૂષણ' ગણાવે છે, જે બ્રહ્મના સ્વભાવનો ઉત્કર્ષ અને સામર્થ્યનો બોધ કરે છે.** માયા **'વિરુદ્ધ કાર્ય'** કરવાવાળી છે, જેમ જાદુગર કોઈનું માથું ઉડાવી દે, તેના આંતરડા બહાર કાઢી દે, છતાં માણસ જીવિત રહે છે. તેથી જે **'વિરોધ દેખાય તે વાસ્તવિક નથી, પરંતુ પ્રતીતિ માત્ર જ છે.'** બ્રહ્મમાં સર્વ થવાની શક્તિ છે અને માયા તેવા બ્રહ્મની શક્તિ છે, તેથી જીવરૂપે ઈશ્વરમાં લાચારી વગેરે વિરુદ્ધ કાર્યો દેખાય છે.

જીવનું સ્વરૂપ તેથી બધી અવસ્થાઓમાં જાણી શકાય છે પરંતુ ઈશ્વરનું સ્વરૂપ જાણી શકાતું નથી. બીજા સ્કંધની સુબોધિનીમાં કહ્યું કે 'સ્વપ્ન જોનાર ભગવાન જ છે' (૨/૧/૩૯), અને જ્ઞાની જીવ પોતે ઈશ્વરથી જુદો નથી એમ જાણે છે. તેથી તેને પણ સ્વપ્નમાં માથું કપાતું હોય તેમ જણાય છે, જ્યારે વાસ્તવિક રીતે તો તેનું માથું કપાતું નથી, પરંતુ જીવને સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ શરીરનું માથું કપાય છે એમ ઈશ્વર જુએ છે, અને અજ્ઞાની જીવ ઈશ્વરથી અલગ ન હોવાથી તે જુએ છે. અજ્ઞાની જીવને પોતાનું સ્વરૂપ (ઈશ્વર જ છે તેમ) ન જાણતાં, તેને પોતાનું માથું કપાતું હોવાનો અહેસાસ થાય છે. બ્રહ્મને જાણનાર જ્ઞાની ગાઢ નિદ્રામાં અને શરીરમાંથી નીકળી જવાના સમયે જ પોતે ભગવાનથી જુદો હોવાનું જાણે છે, જ્યારે બીજાઓને તે સમયે ભાન હોતું નથી. આમ જેવી રીતે સ્વપ્નમાં પોતાનું માથું કપાતું દેખાય છતાં તે વાસ્તવમાં કપાતું ન હોવા છતાં તેવું ભાન થાય છે, તે વિરુદ્ધ વાત છે. તેમાં કોઈ યુક્તિથી તેનું સમાધાન થતું નથી. તેમ જીવમાં અસ્તિત્વ ન ધરાવતા ક્લેશ વગેરે ધર્મો પણ માયાસંબંધથી લાગે છે, અર્થાત્ ભાસે છે. બીજુ દૃષ્ટાંત આપતાં કહે છે કે પાણીના હાલવાથી તેમાં રહેલું પ્રતિબિંબ હાલતું દેખાય છે, તેમાં ન તો ચંદ્ર કે તેનું

પ્રતિબિંબ હાલે છે પણ પાણીના કંપવાથી તે કંપતુ હોય તેમ લાગે છે. તેવી જ રીતે કલેશ વગેરે માયા-સંબંધથી જીવમાં ભાસે છે. માયા-સંબંધ છૂટી જતાં એ બધું મિથ્યા ભાન જતું રહે છે.

આવા પ્રતીતિરૂપ માયા-સંબંધ દૂર કરવાના ત્રણ ઉપાય મૈત્રેયજી બતાવે છે. (૧) **નિવૃત્તિ-ધર્મથી**, (૨) **ભગવાનની દયાથી** અને (૩) **ભગવદ્‌ભક્તિથી.** મૈત્રેયજી સમજાવે છે કે માત્ર નિવૃત્ત થઈ જવાથી માયાસંબંધ જતો નથી, પરંતુ તે માટે **'નિવૃત્તિ ધર્મો'** આચરવા જોઈએ. કોઈ કારણસર નોકરી-ધંધો છૂટી જાય અથવા વય વધતાં શરીરની શિથિલતાના કારણે ન છૂટકે નિવૃત્ત થઈ જવું પડે તેને નિવૃત્તિ ન ગણાય. તેનાથી કલેશ દૂર થતો નથી પરંતુ તેને માટે કેટલાક નિવૃત્તિ ધર્મો બતાવ્યા છે તેનું આચરણ આવશ્યક છે. (૧) **શાસ્ત્રમાં કહેલી રીતે પરિત્યાગ** (૨) **માત્ર જીવન નિભાવવા માટે જ ઉપયોગી વસ્તુનો સંગ્રહ** (૩) **એકલા રહેવું** (૪) **તીર્થસેવન** (૫) **મૌન ધારણ કરવું** (૬) **ભગવાન કૃષ્ણનું યથાર્થ રીતે ચિંતન** (૭) **કાલ-કર્મ-સ્વભાવ વગેરેથી મળતા દુઃખો સહન કરવા** (૮) **કશાનો સામનો - પ્રતિકાર ન કરવો** (૯) **દયા** (૧૦) **સંતોષ** (૧૧) **અંતકરણનો જય અર્થાત્ વાસના દૂર કરવી.** આ મુખ્ય ધર્મો નિવૃત્તિમાં આચરવા જોઈએ. તે પછી પ્રભુકૃપાથી પ્રભુભક્તિ થાય તો આ જન્મમાં સાધનબળના પ્રમાણમાં માયા-સંબંધ દૂર થઈ શકે. આમ કર્મમાર્ગની રીત સમજાવી.

માયા-સંબંધ જલદી દૂર કરવાના બીજો પણ ઉપાય છે. તે સમજાવતાં કહે છે કે **બધી ઈન્દ્રિયો વિષયભોગ છોડી દે, પોતે જ પ્રકૃતિને વશમાં રાખનાર છે તેમ અનુભવાય, ત્યારે પ્રભુપણાના અનુભવથી બધા કલેશો શાંત થઈ જાય.** આમ જ્ઞાનમાર્ગની રીત સમજાવી, હવે ભક્તિમાર્ગની રીતે ક્લેશ દૂર કરવાનો ઉપાય બતાવતાં કહે છે કે ''મુરારિ'' શ્રી કૃષ્ણના ગુણાનુવાદનું શ્રવણ માત્રથી પ્રભુમાં પ્રીતિ થાય છે અને બધા દુખોનો નાશ થાય છે તો પછી તેમના ચરણકમલની રજની સેવામાં પ્રીતિ થાય તેમાં આશ્ચર્ય શું, કારણ કે **ભગવાનના ગુણોનું કીર્તન કરવાથી સર્વને પરમાનંદનો અનુભવ થાય છે.** ભગવાનના ગુણો શ્રવણ કરવાનું સાધન સહેલાઈથી પ્રાપ્ત થાય છે કારણ કે સર્વ સ્થળે સત્પુરુષો સદા ભગવાનના ગુણોનું કીર્તન કરતા હોય છે. ભગવદ્ ચરિત્રના કીર્તનના શ્રવણથી જ ભગવાનનો સાક્ષાત્કાર થાય છે પરંતુ તે દુર્લભ છે, અને તેથી જ્ઞાનમાર્ગ પણ કહેલો છે, જેનાથી ભગવાન આત્માથી જુદા હોવાનું સ્ફુરતું નથી. આ બન્ને માર્ગનું સાધન ભગવાનની સેવા છે, તે કારણે ભગવાનની સેવા કરવાથી બન્ને પ્રાપ્ત થાય છે. તે સેવા પણ શાસ્ત્રના મૂલવાળી અર્થાત્ પંચરાત્ર વગેરેમાં જણાવેલ પ્રકારે કરેલી હોવી જોઈએ. પોતાની ઈચ્છાથી હર કોઈ પ્રકારે કરેલી હોવી ન જોઈએ. આમ પ્રથમ આરંભ કરેલી સેવા, આરંભમાં કરવી જોઈએ, જે પાછળથી ભગવાન કૃપા કરે ત્યારે ભગવાન કહે તે પ્રકારે સેવા કરવી જોઈએ.

મૈત્રેયજીનો ખુલાસો સાંભળી વિદુરજી પ્રસન્ન થયા. તેઓ કહે- ''આપે મારો સંશય દૂર કર્યો. વિશ્વ ભગવાનથી વિલક્ષણ દેખાવા છતાં ભગવદ્‌રૂપ છે. સામાન્ય સંસારીઓને તે સમજવું સહેલું

નથી.'' તેઓ મૈત્રેયને વધુ પ્રશ્નો પૂછે છે- ''અમને ભગવાનની વિભૂતિ (બ્રહ્માદિ)ની કથા કહો જેમાં પ્રજારૂપ પુત્ર-પુત્રાદિથી આ વિશ્વ વ્યાપ્ત થઈ ગયું. સર્ગ, અનુસર્ગ, મન્વન્તર, વંશ, વંશાનુચરિત્ર, જીવના પ્રકાર, પ્રભુના વિવિધ અવતાર, જીવની ગતિ, પુરુષાર્થ, કાલસ્થિતિ, આપદ્ ધર્મ ઈત્યાદિ વિષયોનું વર્ણન કરો. પ્રભુ પ્રસન્ન કેમ થાય તે સમજાવો. પ્રભુની લીલાને હૃદયમાં રૂઢ કરવા હું આ બધું પૂછું છું, કેમ કે હું અજ્ઞાની છું.

અહીં વિદુરજી બ્રહ્માને ભગવાનની વિભૂતી કહે છે, કારણ કે જે સાત પ્રકારે ભગવાનના સંબંધી થાય તે ભગવાનની વિભૂતી છે, તે નિમ્ન પ્રકારે છે-

૧. બ્રહ્માની ઉત્પત્તિ ભગવાનમાંથી થઈ.
૨. ભગવાને તેમને સૃષ્ટિ રચવાનો ઉદ્યમ કરવાની અને તે માટે તપ કરવાની આજ્ઞા કરેલી.
૩. બ્રહ્માએ તપ કરી ભગવાનને પ્રસન્ન કર્યા.
૪. બ્રહ્માએ ભગવાનની સ્તુતિ કરી.
૫. તેમણે તેમની પ્રાર્થના કરી વરદાન માગ્યા.
૬. ભગવાને તેમને સૃષ્ટિ કેવી રીતે રચવી તે સર્વ જણાવ્યું.
૭. બ્રહ્માજીએ ભગવાનની આજ્ઞા મુજબ પહેલાની માફક સૃષ્ટિ રચી.

આમ આ સાત પ્રકારે બ્રહ્મા ભગવાનના સંબંધમાં આવ્યા તેથી તેઓ ભગવાનની વિભૂતિ છે.

વિદુરજીના પ્રશ્નો સાંભળી મૈત્રેય પ્રસન્ન થઈ આઠમા અધ્યાયમાં જ્ઞાનપ્રધાન 'ભગવાન સંકર્ષણ' દ્વારા શ્રી ભાગવતની બીજી પરંપરાનો ખુલાસો કરે છે. તેઓ કહે છે કે સંસારીઓ તો સાધારણ સુખ શોધે છે, પરંતુ તેને માટે તેઓ ભારે દુ:ખ વહોરી લે છે. તે બધા દુ:ખ દૂર કરવા માટે હું તમને સાક્ષાત ભગવાને ઋષિઓને જે પુરાણ કહેલું તે કહી રહ્યો છું. ભગવાન સંકર્ષણને તત્ત્વ વિશે જાણવા ઈચ્છતા સનત્કુનારો સહીત મુનિઓએ તે પૂછ્યું હતું. જે **'દૃષ્ટા'** અને **'દશ્ય'**નું સારી રીતે આકર્ષણ કરે તે **'સંકર્ષણ'** છે. તે ગુણાથી તામસ છે અને પ્રલયકાળમાં સંહાર કર્તા છે. તે વાસ્તવમાં ભગવાનનું ચોથું વ્યૂહ-સ્વરૂપ છે. તેમનો સત્વગુણ કુંઠીત થતો નથી, કે ઘટતો નથી. જ્ઞાનીઓ આ જાણે છે, તેથી તેઓ સંકર્ષણને જ્ઞાન-પ્રધાન માની તેમની પાસે ગયા. ભગવાન **સંકર્ષણે** નિવૃત્તિ પરાયણ **સનત્કુમારો**ને આ ભાગવત કહ્યું. સનત્કુમારે વ્રતપરાયણ એવા **સાંખ્યાયન**ને તે કહ્યું અને સાંખ્યાયને સુયોગ્ય **પરાશર**જીને તેમ જ **બૃહસ્પતિ**જીને કહ્યું અને પરાશર-મુનિએ તે મૈત્રેયને સંભળાવ્યું, જે તેમણે શ્રધ્ધાળુ અને સેવાપરાયણ વિદુરજીને સંભળાવ્યું. આમ આ ભાગવતજીની બીજી પરંપરા છે. પહેલી પરંપરા, બીજા સ્કંધમાં કહી તે બ્રહ્માજી ને ભગવાને ભાગવત કહ્યું તે છે. **બન્ને ભાગવત, 'શબ્દ'થી જુદા છે પરંતુ 'અર્થ'થી એક છે.** જેમ વેદ અનંત છે તેમ ભાગવત પણ અનંત છે. **'ભગવાન કહે તે ભાગવત.'** તેથી ગીતા પણ ભાગવત કહેવાય. તેમ છતાં ગીતાનું આલેખન સ્મરણ દ્વારા કરવામાં આવ્યું હોવાથી તેને **'સ્મૃતિ'**

કહે છે. તે પુરાણ નથી, જ્યારે શ્રીમદ્ ભાગવત્એ પુરાણ છે.

ઉપરોક્ત બન્ને પરંપરાવાળુ ભાગવત તો ભગવાને જ કહેલું છે અને તે બન્ને પુરાણરૂપ છે. તે બન્નેમાં કોઈ વિરોધ નથી. પ્રથમ મૈત્રેય મુનિએ પરાશર પાસેથી અને તે પછી સાક્ષાત ભગવાન કૃષ્ણ પાસેથી પણ શ્રવણ કર્યું હતું. ભગવાને અવતાર લેતા પહેલાં તે બ્રહ્માજીને સંભળાવ્યું અને અવતાર લીધા પછી ઉધ્ધવજી તેમ જ મૈત્રેયજીને સંભળાવ્યું, જે તેમણે વિદુરજીને કહ્યું. તેઓ શુદ્ધ ચિત્તવાળા હતા તેથી તેમને તેમાં કોઈ સંદેહ થયો નથી. જે પ્રશ્નો વિદુરજીએ પૂછ્યા તે પદાર્થો **'બ્રહ્મ કલ્પ'**માં નથી પરંતુ તેવી લીલા **'પદ્મકલ્પ'**માં ભગવાને કરી છે. બ્રહ્માજીનો એક દિવસ તે **'કલ્પ'** કહેવાય. તેમના માસના ૩૦ દિવસના જુદા જુદા નામ છે, અને જે દિવસે જેની મુખ્યતા હોય તેના નામ પરથી તે દિવસ અર્થાત્ કલ્પનું નામ પડે. પ્રત્યેક કલ્પમાં પદાર્થો જુદી જુદી રીતે ઉત્પન્ન થાય અને તેથી તેના વર્ણનમાં પણ ફરક હોય. બ્રહ્માના વર્ષરૂપ પણ 'કલ્પ' હોય છે તેમાં ૩૬૦ અવાન્તર (દિવસરૂપ) કલ્પ સમાઈ જાય છે પણ મુખ્ય ત્રણ કલ્પો છે. **બ્રહ્મ કલ્પ, પદ્મ કલ્પ** અને **આદિવરાહ કલ્પ**. બીજા કલ્પો તેમના રૂપાંતર જેવા છે. બ્રહ્મ કલ્પમાં પૃથ્વી વિરાટના જઘન રૂપ, પદ્મ કલ્પમાં તે પ્રભુના નાભિકમળ રૂપ અને આદિવરાહ-કલ્પમાં **'ભગવાન વરાહે'** જળ નીચેના અતલ નામના પાતાળ નીચેથી માટીલાવીને કમલ પત્ર પર પાથરી, તે પૃથ્વી થઈ છે. આમ કલ્પભેદથી વિરોધવાળી વાતોનું સમાધાન થઈ શકે છે. બધા જ કલ્પોમાં જગતનું મૂળ કારણ તો 'ભગવાન' જ છે.

અગાઉ આપણે જોયું તેમ બ્રહ્મ કલ્પમાં ભગવાનના **'પુરુષ'** સ્વરૂપમાંથી સર્વની ઉત્પત્તિ થાય છે. સમુદ્ર વગેરે બધું જ તેમના સ્વરૂપમાં છે તેથી તે **'હરિરૂપ'** છે. **પદ્મકલ્પ**માં કમલમાંથી જગત ઉત્પન્ન થાય છે. તે વિરાટના અવયવરૂપ હોતું નથી. ત્યારે નારાયણ અદૃશ્ય રહે છે અને માત્ર કમલ દેખાય છે. તે કમલમાં બ્રહ્માંડ રહેલું હોય છે. જીવો ભગવાનની માયા સાથે મળેલા ઉત્પન્ન થાય છે. ત્યાં પ્રભુ પોઢેલા છે. **'વરાહ કલ્પ'**માં ભૂમિ જુદી પણ ઉત્પન્ન થાય છે ત્યાં પ્રભુ ક્યારેક પોઢેલા હોય છે. બ્રહ્માનો દિવસ પુરો થાય ત્યારે પ્રલય થતાં પોતાનામાં જળ પ્રકટ કરી તેમાં નારાયણ પોઢે છે. ત્યારે વિરાટ સ્વરૂપનો નિદ્રાનો કાળ હોય છે. ભૌતિક પદાર્થોનો પ્રલયમાં નાશ થાય જ્યારે અધ્યાત્મિક-પદાર્થો નારાયણમાં રજોરૂપથી રહે જે ભગવાનની દૃષ્ટિ પડતાં પુનઃ ઉત્પન્ન થાય. ગુણાતીત સૃષ્ટિમાં જેમ 'મહત્તત્વ' હોય છે તે પદ્મકલ્પમાં કમળ છે જેમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે.

પ્રલય પણ બહુ પ્રકારના બતાવ્યા છે. **'તામસ કલ્પ'**ના અંતે આગળની સૃષ્ટિ માટે ભૂતો બળે છે, **'રાજસકલ્પ'**માં પાણીમાં ડૂબે છે અને **'સાત્વિક કલ્પ'**માં જો પૂનઃ આગળ સાત્વિક કલ્પ થવાનો હોય તો બધા પદાર્થો નિવૃત્ત થઈને પડી રહે છે. નેત્ર બંધ કરી જલમાં પોઢેલા પ્રભુ પોતાના સ્વરૂપમાં રહેલી કાલશક્તિને પ્રેરણા કરે ત્યારે પુનઃ સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે.

ભગવાને જ્યારે સૃષ્ટિનું સર્જન કરવાની ઈચ્છા કરી ત્યારે ક્ષીરસાગરમાં પોઢેલા ભગવાનની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું જે સૂર્ય જેવું તેજસ્વી હતું. તેમાં વિષ્ણુ સ્વરૂપ નારાયણ પ્રવેશ્યા, જે 'સ્વયંભુ બ્રહ્માજી' કહેવાયા. તેમણે ચારેય દિશામાં જોયું. તેથી તેમના ચાર મુખ થયા. તેમને કાંઈ દેખાયું નહીં. તેથી તેઓ કમળનાળમાં અંદર પ્રવેશ્યા, પણ કાંઈ જડ્યું નહીં. તેથી તેમણે યોગ સમાધિ કરી જેના ફળસ્વરૂપે ભગવાને તેમને દર્શન આપ્યા. સૃષ્ટિ રચવાનું સામર્થ્ય દેવા માટે પ્રભુ દરેક કલ્પમાં બ્રહ્માને દર્શન આપે છે. તેમને પોતાના હૃદયમાં પ્રભુના દર્શન થાય છે, ત્યારે તેઓ પ્રભુના નાભિકમળમાં બિરાજે છે. હૃદયમાં પધારેલ પ્રભુ શેષ શય્યા પર પોઢેલા છે. શેષ નારાયણની ફણાઓ વિકસિત છે. છત્રથી શોભાયમાન છે. તેના માથે મણિ બિરાજે છે. આવી શેષનારાયણની શૈયામાં પ્રભુ પોઢેલા છે, જેમણે પીળુ અંબર ધારણ કર્યું છે, મસ્તકે સુવર્ણનો મુકુટ છે, ઈન્દ્રધનુષ જેવી પચરંગી માળા પહેરી છે. ચરણાર્વિન્દના નખચંદ્ર પ્રકાશી રહ્યા છે. મુખ પર મધુર, દુ:ખ દુર કરનારું, સ્મિત છે અને અનેક અલંકારોથી તેઓ અલંકૃત છે. તુલસી અને પુષ્પથી બનેલી, નવરત્નોથી શોભતી શ્રીકંઠથી ચરણ સુધી લાંબી વનમાળા ધારણ કરી છે. આવા પ્રભુ પાસે વિશ્વસર્જન કરવા ઈચ્છતા બ્રહ્માજીએ પ્રભુકૃપા મેળવવા સ્તુતિ કરી.

નવમા અધ્યાયમાં બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી છે, જે ભગવાનના સ્વરૂપનો નિર્ણય કરાવનારી છે. આ અધ્યાયમાં બ્રહ્મા ૨૧ શ્લોકોથી સ્તુતિ કરે છે, જે બ્રહ્મનું સાકારત્વ સૂચવે છે. ભગવાનના શ્રી હસ્તની દશ અને ચિરણાર્વિંદની ૧૦ એમ વીસ આંગળીઓ અને એકવીસમો આત્મા એમ 'પુરુષ એકવીસ અંગવાળો છે,' એ દર્શાવે છે. તેથી ભગવાનનું સદા ભજન કરવું જોઈએ, તે જ ફળરૂપ છે તે સિધ્ધ કરે છે. બ્રહ્માજી ૨૨થી ૨૫ એમ ચાર શ્લોકોથી ભગવાનને પ્રાર્થના કરે છે, જે ભગવદ્કૃપા પ્રાપ્ત કરાવનારી છે. પ્રાર્થના દ્વારા તેઓ ચાર પદાર્થો પ્રભુ પાસે માંગે છે- (૧) **સાત્ત્વિકપણુ અથવા જ્ઞાન પ્રાપ્તિ**, (૨) **ભગવાનના ગુણોમાં આસક્તિ** જેથી પોતે ભગવાનના ચરિત્રોના કીર્તનમાં રચ્યા પચ્યા રહેવાય, (૩) **બ્રહ્મના સ્વરૂપને જણાવનાર વેદને તેઓ ભૂલી ન જાય** અને (૪) **બધા જ પ્રસંગોમાં પોતાને ઉદ્વેગ ન થાય** અર્થાત્ શોકનો નાશ થાય. આ ચાર બાબતો ભગવાન જ આપી શકે, અન્ય કોઈ પાસેથી તે પ્રાપ્ત ન થાય તેમ ભાગવતાર્થ નિબંધમાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે.

ઉપરોક્ત પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપ ભગવાને પુન: બ્રહ્માજીને તપ કરવાનો ઉપદેશ આપ્યો, પરંતુ તે પ્રાર્થના દ્વારા અપેક્ષિત પદાર્થો ન આપ્યા, કારણ કે બ્રહ્માએ ભગવાનની પ્રેમથી સેવા કરી ન હતી. તપ કરવાથી સાત્વિકતા તેમ જ જ્ઞાન પ્રાપ્ત થાય, જ્ઞાનથી ભગવાનના ગુણોમાં આસક્તિ થાય, તેમ જ વેદને ન ભૂલવાનું પણ જ્ઞાન વડે જ સંભવે અને એ ત્રણેયના ફળ સ્વરૂપે શોકની નિવૃત્તિ થાય અર્થાત્ તે દ્વારા શોક ન ઉદ્ભવે. ભગવદ્ લીલાના જ્ઞાન દ્વારા હૃદયમાં ઉત્સાહ વધે. શ્રી મહાપ્રભુજી ખુલાસો કરે છે કે **શ્રી કૃષ્ણમાં આસક્તિ હોવી તે ઉદ્વેગ ન થવાનું કારણ છે**

કારણ કે 'હરિ' હંમેશાં ભક્ત ઉપર પ્રસન્ન રહે છે. તેઓ પોતાના પર નિત્ય પ્રેમ રાખનાર ભક્તને ઉદ્વેગ થવા દેતા નથી. ભગવાન આઠ શ્લોકોથી બ્રહ્માજીને ઉપદેશ આપી, જે સ્વરૂપે બ્રહ્માને દર્શન આપેલા તે સ્વરૂપથી જ તિરોહિત થઈ ગયા, જે સૂચવે છે કે ભગવાનનું સ્વરૂપ નિત્ય છે.

નવમા અધ્યાયમાં સગુણ દેવથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિનું વર્ણન કરવાને બદલે દશમાં અધ્યાયમાં **'કાલ-પ્રકરણ'**માં કરે છે, તેનું કારણ સમજાવતાં શ્રી મહાપ્રભુજી ખુલાસો કે છે કે વિદુરજીએ સાતમા અધ્યાયમાં પ્રશ્ન કરેલા, તે પછી મૈત્રેયે ભગવાનનું ચરિત્ર તેમને સંભળાવ્યું ત્યારે વિદુરજીનું ચિત્ત ભગવાનમાં લાગ્યું. તે દરમ્યાન વિદુરજીએ કોઈ પ્રશ્ન ન કર્યો, તેથી મૈત્રેયે ઉત્તર પણ ન આપ્યો. અને તે પછી જ્યારે ભગવાનના ચરિત્રનું શ્રવણ પૂરું થયું ત્યારે છેક દશમાં અધ્યાયના પ્રારંભમાં વિદુરજીએ પ્રશ્ન કર્યો ત્યારે મૈત્રેયે ઉત્તર આપ્યો. માટે એ સૃષ્ટિનું નિરૂપણ પાછળથી કર્યું. અહીં એ સૂચવે છે કે **જ્યારે પ્રસંગને લીધે પણ ભગવાનની કથાનું શ્રવણ પ્રાપ્ત થાય ત્યારે ભગવાનના ભક્તોએ ચાલતા પ્રસંગમાં ઉદાસીનતા રાખવી. વચ્ચે કોઈ પ્રશ્ન કરવા જોઈએ નહીં.** અહીં વિદુર ભક્ત છે કે નહીં તેની પરિક્ષા કરવા માટે જ મૈત્રેયે વચ્ચે ભગવાનની કથા સંભળાવી જેના પછી જ વિદુરજીએ પ્રશ્ન કર્યો, જેથી મૈત્રેય પ્રસન્ન થયા અને વિદુરજીએ કરેલ પ્રશ્નોના ઉત્તર આપ્યા.

- **સુબોધિની (અધ્યાય ૭)**

વિદુરજીએ મૈત્રેયને પ્રશ્ન કર્યો કે ભગવાન નિર્ગુણ હોવા છતાં તેમની લીલાઓમાં પણ ગુણ અને ક્રિયાનો સંબંધ કેમ સંભવે? લીલાને નાના બાળકની રમત જેવી સમજીએ તો પણ બાળક તો રમવાની કામનાથી રમે છે પરંતુ ભગવાન તો **'આપ્તકામ'** છે. પોતે પોતાનાથી જ તૃપ્ત છે તો પછી ભગવાનને જન્માદિ પરિશ્રમ કેમ સંભવે? લીલાનો મર્મ સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે **લીલા એટલે વિલાસ કરવાની ઈચ્છા, પ્રયોજન વિના જ કરેલી કૃતિ. અંતઃકરણમાં પૂર્ણ આનંદ થતાં તેના ઉલ્લાસથી ઉત્પન્ન કરતી હોય તેના જેવી કોઈક ક્રિયા ઉત્પન્ન થાય તે 'લીલા'**. તેમાં ભગવાનને કોઈ પ્રયોજન ન હોવાથી તેમનાથી કાર્યરૂપ જગત ઉત્પન્ન થવાનો મત યોગ્ય નથી. જો તે માટે માયાનો સ્વીકાર કરવામાં આવે તો ભગવાને જગત ઉત્પન્ન કર્યા વિશેના જે દોષો (કાળ આદિના) દુર થઈ જાય પરંતુ તેમ સ્વીકારી શકાય નહીં, કારણ કે ભગવાનને માયાનો સંબંધ હોવાનું કહેવું અશક્ય છે, કેમ કે માયા અજ્ઞાનરૂપ છે અને જ્યાં જ્ઞાન ન હોય ત્યાં માયા હોય, પરંતુ ભગવાનને તો જ્ઞાન ન હોવાનું સંભવી શકતું નથી. તેનો ખુલાસો કરતાં કહે છે કે ભગવાને ગુણોથી ભરેલી પોતાની માયાથી આ વિશ્વ રચ્યું, જેનું સ્થાપન તેઓ કરે છે અને લય પણ કરશે. પરંતુ ભગવાનના જ્ઞાનનો **દેશ, કાલ, અવસ્થા** પોતાનાથી કે બીજાથી નાશ થતો નથી તેવા **'આત્મા'** તેઓ છે, તો માયાનો સંબંધ તેમને કેવી રીતે થાય? જો ભગવાનનો માયા સાથેનો

સંબંધ સ્વીકારવામાં આવે તો તેમનું **‘ભગવાનપણું’** જ નષ્ટ થઈ જાય છે. વિદુરજીની આવી શંકાનું સમાધાન કરતાં મૈત્રેયે ભગવાનમાં ચિત્ત પરોવી, ગર્વ રહિત થઈ પ્રથમ તો વિચાર્યું કે ‘આ લોકો (વિદુરજી જેવા) મહાભારતમાંથી શું સમજ્યા?’ પછી તેમનું સમાધાન કરતાં બોલ્યા કે **‘ભગવાન પોતે જ અવિકૃત રીતે બધું કરે છે.’ ભગવાનનું સ્વરૂપ જ એવા પ્રકારનું છે. તેમાં માયા વગેરેની કલ્પના નથી.** અહીં **‘ભગવતો માયા’** એમ કહ્યું છે **‘ભગન્માયા’** નથી કહ્યું. તેથી **‘ભગવાનની આ માયા’** એવો અર્થ છે. જો ત્યાં **‘ભગવન્માયા’** એમ કહ્યું હોત તો માયાની મુખ્યતા થા અને ભગવાન ગૌણ થઈ જાત. તેથી અહીં સ્પષ્ટ છે કે **ભગવાનની મુખ્યતા છે અને માયા ગૌણ છે. ભગવાન સ્વામી છે અને માયા તેમની દાસી છે. તેથી માયાના ગુણો ભગવાનમાં આવતાં નથી.** માયા ભગવાનની ઉપાધિ થઈ શકતી નથી તેથી ભગવાનમાં કોઈ વિકૃતિ આવતી નથી. વધુ સ્પષ્ટતા કરતાં કહે છે કે જેમ લોહચુંબક પાસે ભમવાનું લોઢાને પ્રયોજન ન હોવા છતાં તે તેની સમીપમાં ભમ્યા કરે છે તેમ પ્રયોજન ન હોવા છતાં ભગવાન ક્રીડા માટે સૃષ્ટિ કરે છે. બ્રહ્મથી જુદી ન હોવા છતાં તેથી વિરુદ્ધ ગુણવાળી છે. તેવી જ રીતે જેમ દર્પણ નજીક હોય ત્યારે મુખ તેમાં ઉલટું દેખાય છે, તેમ માયા નજીક હોવાથી આત્મા વિપરીત ભાસે છે. જેમ સ્વપ્નમાં પોતાનું શિર કપાતુ દેખાય તેમ તે (આત્મા) જુદા પ્રકારનો દેખાવાનું કારણ માયા જ છે કારણ કે શિર કપાયેલ હોવાનું સંભવતું નથી, તેમ તે જોઈ શકાતું નથી કારણ કે આંખ તે શિરમાં જ રહેલી છે, અને છતાં તેવું ભાન થાય છે. આમ આ વિષય પરસ્પર વિરુદ્ધ છે, તેમાં તર્ક નથી. એવું જ માયાના સંબંધથી એવો ભાવ છે. બંધન વગેરે માયાના ગુણો આત્મામાં કેમ આવે એવી શંકાના સમાધાનમાં બીજું ઉદાહરણ આપતાં કહે છે કે જેમ જલમાં ચંદ્ર પ્રતિબિંબથી પ્રવેશ કરે છે તેમ આત્માનો માયામાં પ્રવેશ પણ દેખાવ પૂરતો જ છે. જલ ના હાલવાથી તે ચંદ્રનું પ્રતિબિંબ હાલે છે પણ સ્વભાવથી તે હાલતો નથી, તેવી રીતે માયાના સંબંધને લીધે આત્મામાં નથી તેવો પણ ગુણ દેખાય છે. આવો સંબંધ દૂર થવાના ઉપાય તરીકે તે **નિવૃત્તિ ધર્મથી**, **વાસુદેવની કૃપાથી** અને **ભગવાનની ભક્તિ**ના યોગથી એમ ત્રણ પ્રકાર બતાવ્યા છે જે અગાઉ વર્ણવવામાં આવ્યા છે.

વિદુરજી પ્રસન્ન થઈને કહે છે કે ‘ભગવન્, આપે મારો સંશય દૂર કર્યો.’ વિશ્વ, ભગવાનથી વિલક્ષણ દેખાવા છતાં તે **‘ભગવદ્રૂપ’** છે, પરંતુ સામાન્ય સંસારીઓને તે સમજવું સહેલું નથી. પરંતુ જેણે જ્ઞાન માટે ભલે પ્રયત્ન ન કર્યો હોય પરંતુ પ્રેમથી પ્રભુની સેવા કરે છે તે તરી જાય છે. જેઓ સંદેહ રાખ્યા વગર સઘળુ સમજે છે અથવા જેણે સદ્ગુરુ દ્વારા, ભગવદ્ કૃપાથી અને બુધ્ધિના મોહથી પર થઈને પ્રભુને ઓળખ્યા છે, તે સાચું સુખ અનુભવે છે, પણ જે માત્ર પોતાની સમજને જ સાચી અને સંપૂર્ણ માને છે તેવા અર્ધદગ્ધ સંસારીઓને તો માત્ર કલેશ જ મળે છે. તેથી જ ‘**હું કહું છું**, **કરું છું**, કે **સમજું છું** તે જ સાચું છે’ તેમ માની લેનારને સાચી વાત સમજમાં આવતી

નથી. તેથી ન તો તેને શાંતિ મળે છે ન ફલ મળે છે. **પ્રભુ કૃપા વગર કે ગુરુ કૃપા વગર કાંઈ સમજાય નહીં તેથી ભક્તિમાર્ગમાં ગુરુ કૃપા આવશ્યક છે.** એવા સન્માર્ગ સુઝાડનાર ગુરુજન તેમ જ તેમની સેવા પણ સહેલાઈથી સૌને મળતી નથી.

- **સુબોધિની (અધ્યાય ૮)**

મૈત્રેયજીનો ખુલાસો સાંભળી વિદુર રાજી થયા અને તેમણે વધુ પ્રશ્નો પૂછ્યા- ભગવાનની વિભૂતિ ઈત્યાદિ વિશે તે અગાઉ કહેવાયું છે. ભગવાનની જે પ્રકારની બુદ્ધિ છે તેનું અહીં આઠમા અધ્યાયમાં વર્ણન કરવામાં આવ્યું છે. બુધ્ધિ વિજ્ઞાનરૂપ છે અર્થાત્ તે ઉત્તમ જ્ઞાનરૂપ છે અને **તે ભગવાનની જ્ઞાન શક્તિ છે** તે તેનું તાત્પર્ય છે. **ભગવાનની બુદ્ધિ છ પ્રકારની બતાવી છે** (૧) **સ્વરૂપમાં પ્રીતિવાળી**, (૨) **જગતના સંબંધવાળી**, (૩) **ક્રિયાવાળી**, (૪) **લૌકિક ઉપાયથી ઉત્પન્ન થયેલી**, (૫) **તર્ક અને ક્રિયાના વિભાગથી ઉત્પન્ન** અને (૬) **ભગવદ્ સાક્ષાત્કાર જેનાથી થાય.** આ શ્લોક ૧૦થી ૨૨ પર્યંત વર્ણન કરવામાં આવ્યું છે. મૈત્રેયજી ખુશ થતા વિદુરજીને કહે છે કે તમારા પ્રશ્નો ભગવાનના યશને વધારનારા હોય છે. સુખ પ્રાપ્તિ માટે લોકો કર્મ કરે છે. તેમ તમે પૂછેલા પ્રશ્નો ભગવાન સંબંધી કર્મ કરવામાં ઉપયોગી થાય તેવા હોય છે. તે સર્વ પદાર્થો સામાન્ય રીતે ભગવાનના કર્મના સંબંધવાળા હોય છે કારણ કે **'નજીવા સુખની ઈચ્છાથી કરેલા કર્મો સ્વભાવથી ઘણું દુઃખ ઉત્પન્ન કરે છે (પરંતુ) તે જ કર્મો જો ભગવાનના સંબંધવાળા હોય તો ભગવાનના સંબંધવાળા તરીકે કરેલા (હોવાથી) દુઃખને દૂર કરી ઘણાં સુખરૂપ ફળ આપનારા થાય છે'**, એમ શ્રી મહાપ્રભુજી ખુલાસો કરે છે. મૈત્રેય કહે છે કે 'જે સાક્ષાત ભગવાને' ઋષિઓને કહેલું તે હું તમને કહીશ. મૂળભૂત ભૂમિ પર બિરાજેલા 'ભગવાન સંકર્ષણ'ને તત્ત્વ જાણવાની ઈચ્છા રાખનાર સનત્કુમારો સહિત મુનિઓએ તે વિશે પૂછ્યું હતું. તે સંકર્ષણ અભિમાનના આધિદેવ હોવાથી, અભિમાન તેમનામાં પ્રવેશ કરતું નથી. તેથી તે પોતાથી પણ ઉત્તમ **વાસુદેવ**નું સદા ધ્યાન કરતાં જ રહે છે. તેઓ દૃષ્ટા અને દૃશ્યનું સારી રીતે આકર્ષણ કરનારા **'સંકર્ષણ'** છે. તે ગુણથી તામસ છે, પ્રલયકાળે **'સંહાર કર્તા'** છે. વાસ્તવમાં તે ભગવાનનું ચોથુ વ્યૂહ-સ્વરૂપ છે. તેમનો સત્વગુણ કુંઠિત થતો નથી કે ઘટતો નથી. જ્ઞાનીઓ આ વાત જાણે છે તેથી સંકર્ષણને જ્ઞાન પ્રધાન માનીને સનત્કુમારો ઈત્યાદિ તેમની પાસે ગયા.

ભગવાને કૃપા કટાક્ષ દ્વારા તેમનો સત્કાર કર્યો. ઋષિમુનિઓએ ગંગા જળથી ભીંજાયેલ પોતાની જટાકલાપથી પ્રભુની ચરણ પીઠિકાનો સ્પર્શ કરી ગદ્‌ગદ્ વાણીથી તેમનું સ્તવન કર્યું. તેમના કરૂણારૂપ મસ્તકે હજારો મુકુટ બિરાજે છે અને નાગકન્યાઓ જેમનું અર્ચન કરે છે તેવા ભગવાન સંકર્ષણે ઋષિઓના વચન સાંભળી તેમને ભાગવત સંભળાવ્યું. સનત્કુમારોએ વ્રતપરાયણ સાંખ્યાયનને સંભળાવ્યું, જેમણે સુયોગ્ય તેવા પરાશરજીને અને બૃહસ્પતિજીને ભાગવત કહ્યું. પરાશર મુનિએ તે મૈત્રેયને સંભળાવ્યું એમ પરંપરાગત રીતે ભાગવતનું જ્ઞાન

મૈત્રેયને પ્રાપ્ત થયું. આ ભાગવતની બીજી પરંપરા છે. આ બન્ને ભાગવત શબ્દથી જુદા હોવા છતાં અર્થથી બન્ને એક છે. **જેમ વેદ અનંત છે તેમ ભાગવત પણ અનંત છે. સર્વત્ર ભગવદ્‌વાણી ભાગવતરૂપ છે.**

સંખ્યાયન પરમહંસના ધર્મો પાળનારામાં મુખ્ય હતાં. પરમહંસોએ શ્રવણ અને કીર્તન અવશ્ય કરવા જોઈએ. તેથી ભગવાનની વિભૂતિ રૂપ **'મુનિ પરાશર'** અને **બૃહસ્પતિ** બન્નેને કહ્યું, જેથી ભૂલોકમાં તેમ જ દેવલોક બન્ને જગ્યાએ ભાગવતનો પ્રચાર થાય **બ્રહ્માજી** અને **સનક** વગેરે ભાગવત કહેનારા ઉપરના લોકમાં છે, ધ્રુવ લોક સુધી **બૃહસ્પતિ** છે, જ્યારે ભૂમિ પર **પરાશર** અને પાતાળમાં **ભગવાન સંકર્ષણ** સ્વયં જ છે. તેથી ચૌદલોકમાં ભગવાનનું ચરિત્રરૂપ ભાગવત પ્રસરેલું છે તેમ કહેવાનું તાત્પર્ય છે.

મૈત્રેયજી તેમને પ્રાપ્ત થયેલું ભાગવતનો પ્રારંભ કરતાં કહે છે કે જેમની જ્ઞાનશક્તિનો લોપ થયેલ નહતો તેવા ભગવાન શેષજીરૂપ પલંગ (શેષ શૈય્યા) ઉપર પોઢેલા હતાં, ત્યારે ક્રિયારહિત તેઓ પોતાના સ્વરૂપમાં જ રમણ કરવાની ઈચ્છાથી જ્યારે નિદ્રાને લીધે નયન બંધ કર્યા, ત્યારે આ વિશ્વ જલમાં ડૂબેલું હતું. વિદૂરે પૂછેલા પદાર્થો **બ્રહ્મકલ્પ**માં ન હોવાથી અને ભગવાનનું તે ચરિત્ર **પદ્મકલ્પ**માં હોવાથી આ વિશ્વ જળમાં ડૂબેલું હતું એમ કહે છે. **'નિદ્રાને લીધે નયન બંધ કર્યા'** તેમ કહી પ્રલયનું કારણ કહ્યું છે. **'જ્ઞાન શક્તિ'**નો લોપ થયો ન હતો, તેનાથી બંધ નયનવાળા ભગવાન જાગતાં હતાં તેવો અર્થ છે. આનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે જ્યારે ભગવાનને સ્વરૂપમાં રમણ કરવાની ઈચ્છા થાય તે **'આત્મરતિ'**ની ક્રીડા છે. ભગવાન કોઈ સમયે વ્યાપિવૈકુંઠમાં લક્ષ્મી સાથે ક્રીડા કરે છે અને કોઈ સમયે પોતાના જ આનંદનો અનુભવ કરે છે. જ્યારે સ્વરૂપના આનંદનો અનુભવ કરે છે ત્યારે સર્વ ક્રિયા બંધ કરવી એ જરૂરી ગુણ છે તેથી અહીં **'ક્રિયા રહિત'** એમ કહે છે. ભગવાન ક્રિયા કરવાનો પ્રયત્ન કરતા ન હતાં એમ જણાવવા પોઢેલા હતાં તેમ કહે છે.

ચાર યુગો એક હજાર વાર થઈ જાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય. બ્રહ્માની રાત્રી પણ તેટલી જ હોય. તેટલા સમય સુધી ભગવાને શયન કર્યું. જ્યારે ભગવાને સૃષ્ટિનું સર્જન કરવાની ઈચ્છા કરી ત્યારે જલશાયી ભગવાનની નાભિમાંથી સૂર્ય જેવા તેજવાળું તેજસ્વી કમલ પ્રગટ થયું. તેમાં વિષ્ણુરૂપ નારાયણે પ્રવેશ કર્યો જેમણે ચારેય દિશામાં જોયું. તેથી તેના ચાર મુખ થયા. તેઓ **'સ્વયંભુ બ્રહ્મા'** કહેવાયા. તેઓ વિચારવા લાગ્યા કે જેની સપાટી ઉપર હું છું તે આ કમળ જલમાં એકલું ક્યાંથી આવ્યું? આ જેના આધારે રહેલ છે તે અહીં નીચે કંઈક હશે, તે ખરેખર **'સત્'** હોવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરીને તે કમળમાં દાંડીના પોલાણમાં તેમણે જળમાં પ્રવેશ કર્યો, પરંતુ તે દાંડાનો કોઈ આધાર તેમને જડ્યો નહીં. આમ અંધકારમાં શોધતાં તેમને ઘણો કાળ થયો, અને તેઓ પાછા ફર્યા અને ધીરે ધીરે શ્વાસ રોકી, શાંત ચિત્તવાળા થઈ, સમાધિ સુધીનો યોગ

આચરી તેઓ બેઠા. ઘણા કાળ સુધી યોગમાં સ્થિર થયેલ જ્ઞાનવાળા તે બ્રહ્માએ, જેમને પહેલા જોયેલા ન હતાં, તેમને, પોતાની મેળે તેમના હૃદયમાં પ્રકાશતા જોયા. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે પહેલાં પ્રયત્ન કરવા છતાં ભગવાનના દર્શન થયા ન હતાં, પરંતુ ભગવાન પોતે જ માયાના પડદાને દૂર કરી બ્રહ્માના હૃદયમાં પ્રકાશ્યા. બ્રહ્માને થયેલ દર્શનવાળા ભગવાનનું વર્ણન કરતાં કહે છે કે તેમનામાં ત્રણેય લોકનો સમાવેશ થાય તેવા લંબાઈમાં અને પહોળાઈમાં માપવાળા પોતાના દેહથી ઓળખાતા અને વિવિધ દિવ્ય આભરણો તથા વસ્ત્રોથી થતી શોભાએ જેનો આશ્રય કરેલો તેવા દેહવાળા ભગવાનને તેમણે જોયા. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે આભરણો વગેરેથી થતી શોભા ભગવાનના વેષનો જ આશ્રય કરે છે, પરંતુ આભરણોથી ભગવાનનો વેશ શોભતો નથી, **''આભરણોના આભરણ હોવું એ ભગવાનનો ગુણ છે.''** ભગવાનના ગુણનું વર્ણન કરતાં કહે છે કે પોતાની કૃપાથી નખરૂપ ચંદ્રના કિરણોથી જુદા જણાતા આંગળીઓરૂપ સુંદર પાનવાળું કામનાઓ પોતાનું ચરણ કમલ દેખાડતા ભગવાનને તેમણે જોયા. અહીં ભગવાનનું ચરણકમલ કેવું છે તે જણાવવા કહે છે. નખરૂપ ચંદ્રના કિરણોથી જુદા જણાતા આંગળીઓ રૂપ સુંદર પાનવાળું, એટલે કે નખો જ જાણે ચંદ્રો છે અને આખા દેહથી જુદી જણાતી આંગળીઓ તે જ સુંદર પાન છે જેના તેવું **'ચરણ કમળ'**, કમલના પાંદડાઓ ચંદ્રના કિરણોથી સંકોચાયેલા છે તેથી નખરૂપ ચંદ્ર અલૌકિક હોવાથી હૃદયના અલૌકિક અંધકારનો પણ નાશ કરે છે. શ્રીમહાપ્રભુજી ખુલાસો કરે છે કે **''ચરણ સર્વ દેહથી જુદા પ્રકારનો હોવાથી, ભક્તિમાર્ગ સર્વ માર્ગોમાં ઉત્તમ છે. એમ પણ કહેવાયું છે કે ભક્તિ જ સ્વતંત્ર પ્રકારે ફળ આપનારી હોવાથી, ભગવાન પોતે ફલ ન આપતાં તેમની પૂજન કરનારાઓની કામનાઓ પૂર્ણ થાય અને તેમને દુ:ખ ન રહે તે માટે તેઓએ ઉપાસના કરવા યોગ્ય ચરણ જ તેમને દેખાડે છે.''**

આ પ્રમાણે ભજનારાઓનું ફળ કહીને પ્રત્યક્ષ ભજન કરનારાઓનું ફળ કહેતા સમજાવે છે કે ભગવાન (૧) લોકોનું દુ:ખ હરે તેવા સ્મિતવાળા, (૨) સર્વ તરફ પ્રકાશતાં કુંડલોથી શોભતા, (૩) સ્હેજ લાલ, (૪) અધરમાં સ્વરૂપની કાંતિવાળા (૫) શોભિતા નસ્કોરાવાળા અને (૬) શોભતી ભ્રમરવાળા મુખથી સામો આદર આપતા હતાં, જેના દર્શન બ્રહ્માને થયા.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે સર્વ તરફ પ્રકાશના કુંડલોથી શોભતું ભગવાનનું મુખ કહેવાનો આશય છે કે **'સાંખ્ય'** અને **'યોગ'** એ બે કુંડલો છે. **''જીવોના આ લોકના અને પરલોકના કાર્યો સિધ્ધ થાય તે માટે સર્વ તરફ પ્રકાશે છે.''** અર્થાત્ વૈદિક માર્ગ પ્રમાણે પણ જે દુ:ખ થાય તે **'યોગ'**થી દૂર કરે છે અને **'સાંખ્ય'**થી સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. ભગવાનના બે નસ્કોરા **અશ્વિનીકુમારો** (દેવોના વૈદ્યો) છે અને ભ્રમર 'કાલ' છે. અર્થાત્ **'ભગવાન રોગ અને કાલને દૂર કરે છે.''** વળી ભગવાનનું સર્વ સૌંદર્યનું વર્ણન કરતાં કહે છે કે કદંબના કેસરના જેવા પીળા વસ્ત્રથી, નિતંબ ઉપર મેખલાથી અને વક્ષસ્થળ પણ કિંમતી હારથી શણગારાયેલા, હાથમાં

બાજુબંધના કિંમતી ઉત્તમ મણિઓ ધારણ કરેલા, પોતાની કીર્તિથી ભરપૂર વનમાલા કંઠમાં ધારણ કરેલા તેમ જ સૂર્યાદિ આવરણ અને આયુધોથી શોભી રહેલા ભગવાનને જોઈ વિશ્વસર્જન કરવા ઈચ્છતા બ્રહ્માજીએ પ્રભુકૃપા મેળવવા ભગવાનની સ્તુતિ કરી. અહીં બ્રહ્માજીએ જગતના કારણરૂપ ‘સાકાર બ્રહ્મ’ને જોઈ તેમનું વર્ણન કર્યું છે, જે સૃષ્ટિના વિવિધ પદાર્થોના સ્વરૂપમાં છે.

- **સુબોધિની (અધ્યાય ૯)**

આ અધ્યાયમાં ‘સાકાર બ્રહ્મ’ના ચરણની દશ આંગળીઓ શ્રી હસ્તની દશ આંગળીઓ અને આત્મા સહિત ૨૧ અંગના કારણે ૨૧ શ્લોકોમાં ભગવાનનું સ્તવન બ્રહ્માજીએ કર્યું છે.

બ્રહ્માજી કહે છે કે ‘‘હે ભગવાન, ઘણા લાંબા સમય પછી મેં આપને આજે જાણ્યા. દેહધારી માનવ પ્રભુની ગતિ જાણી શકતો નથી. કારણ કે તે જાણવી કઠીન છે.’’ ભગવાનને જાણી શકાય, પરંતુ તેમની ગતિ જાણવી મુશ્કેલ છે. અને જો જાણી શકાય તો તે પછી જાણવાનું બીજું કાંઈ બાકી રહેતું નથી. માયાના ગુણોના પરસ્પર સંબંધથી આપ અનેક રૂપે ભાસો છો. આપનું આ રૂપ (જે રીતે સમગ્ર સૃષ્ટિમાં આપ વ્યાપ્ત છો) જ બ્રહ્મ છે. અનેક અવતારોના તે બીજરૂપ છે. આનંદ એ જ માત્ર આપનું સ્વરૂપ છે. આપની ઈચ્છાથી જ આપનું દર્શન થાય છે. આપની સેવા કરનારનું મંગળ કરવા માટે જ આપ પોતાનું દર્શન કરાવો છો. જેમની બુદ્ધિ દુ:સંગના કારણે બગડે છે તેવા નરકમાં જનારા લોકો આપનો અનાદર કરે છે. પરંતુ આપનો શ્રુતિઓમાં વર્ણવેલો ‘યશ’ સાંભળનારને આપનામાં પ્રીતિ થાય છે, જે પરિપક્વ થતાં આપ તેવા ભક્તોના હૃદય કમળને છોડી ક્યાંય બીજે પધારતાં નથી.

આપના ચરણાર્વિંદ અભય દેનારા છે. જ્યાં સુધી માનવી આપના ચરણાર્વિંદનો આશ્રય કરતો નથી ત્યાં સુધી તેને ભય રહે છે. લોકોને દ્રવ્ય, દેહ અને સ્વજનસંબંધી ભય અને ચિંતા સતાવે છે. આપની શરણાગતિ ન સ્વીકારે ત્યાં સુધી માનવીનો શોક, ઈચ્છા અને તેની અહંતા-મમતા દૂર થતી નથી. તેના દુ:ખનું મૂળ તેનો દૂરાગ્રહ છે. તેની **‘હું’** અને **‘મારું’** એવી ખોટી ભ્રમણા છે. તે ‘હું’ અને ‘મારું’ એ જ તો ‘સંસાર’ છે, જે દુ:ખનું કારણ બને છે, અને તેનાથી અનેક દુ:ખોની શ્રુંખલા સર્જાય છે. જો મનુષ્ય એવો વિચાર કેળવે કે **‘‘ભગવાન મારા છે અને હું ભગવાનનો છું’’**, તો તેના દુ:ખોનો અંત આવી શકે. આવો વિચાર ધરાવવો એ **‘સદાગ્રહ’** છે. સંસારનો સંતાપ કરાવનારો દુરાગ્રહ ભગવાનની શરણાગતિ સ્વીકાર્યા વગર જાતો નથી. તેથી સંસારના દુ:ખોની નિવૃત્તિ માટે આપની શરણાગતિ સ્વીકારવી એ જ એક માત્ર ઉપાય છે.

જેમની બુદ્ધિ દુર્ભાગ્યવશ બગડે છે તેઓ આપનાથી વિમુખ રહે છે અને મોજ-શોખમાં મસ્ત બને છે. તેવા લોકો લૌકિક લાલચથી ઈચ્છેલા તુચ્છ સુખ મેળવવા માટે અનેક અશુભકાર્યો હંમેશાં કરતાં રહે છે. તેઓ એ નથી જાણતાં કે લૌકિક ઈચ્છાઓ અગ્નિ જેવી હોય છે જે સદા મનમાં સળગ્યા કરે છે, તે ક્યારેય બુઝાતી નથી. તેના કારણે સૌ મનમાં મુંઝાતા હોય છે. જો જ્ઞાની કે

ઋષિ પણ સમર્થ મંત્રદ્રષ્ટા હોવા છતાં પણ, લૌકિક-લાલચમાં લપટાયતો તેમને પણ ક્યાંય શાંતિ મળતી નથી. પ્રભુથી વિમુખ બનેલા તેવા લોકો સંસારમાં અથડાયા કરે છે.

બ્રહ્માજી કહે છે કે ભગવાન ભાવભર્યા ભક્તોના હૃદયકમલમાં ભક્તોના ભાવાનુસાર સ્વરૂપ ધારણ કરી તેમના પર કૃપા કરે છે. **ભગવાન પ્રાણીમાત્ર પર દયા રાખવાથી પ્રસન્ન થાય છે. તે સિવાય અન્ય ઉપાયથી પ્રસન્ન થતાં નથી. તેથી પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે પ્રાણી માત્ર પર દયા કરે.** તેથી બ્રહ્મા વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપ લીલા વિહાર કરનાર પ્રભુને નમન કરે છે. તેઓ કહે છે કે પ્રાણ જવાના અંત સમયે વિવશપણે જેઓ પ્રભુનું સ્મરણ કરે છે, તેમને સ્મરણ માત્રથી સહજમાં મુક્તિ મળે છે. માટે તેવા પ્રભુનું હું શરણ સ્વીકારું છું. તેઓ ભગવાનને વિનંતી કરતાં કહે છે કે આપ ભુવનરૂપ (જગતરૂપ), કાલાત્મક, યજ્ઞરૂપ તેમ જ પુરુષોત્તમ એવા નારાયણ છો. આપની લીલામાં જ મારૂં મન સદૈવ રહે તેવી આપ મારા પર કૃપા કરો, જેનાથી મને સૃષ્ટિ સર્જનનું અભિમાન ન થાય અથવા પ્રમાદના કારણે કોઈ ભૂલ ન થાય. 'હે પ્રભુ, આપ એવી કૃપા કરો કે જેથી હું વેદોનું જ્ઞાન વિસરી ન જાઉં. હે પુરાણ પુરુષ આપ દયાળુ છો. આપના પ્રેમભર્યા સ્મિત વડે મધુરવાણીથી વચન કહી મારા વિષાદને શાંત કરો, જેથી મને સૃષ્ટિના સર્જનની પ્રેરણા મળે.' શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'ભક્તના દુઃખનું સ્મરણ થવાથી ભગવાનની પ્રીતિ ભક્ત ઉપર ઘણી વધે છે. ભક્તને દુઃખ ન થાય અને તે શાસ્ત્રનો આગ્રહ ત્યજે તે માટે ભગવાન તેને કાંઈક મોહ પણ ઉત્પન્ન કરે છે.'**

આ પ્રમાણે બ્રહ્માજીએ સ્તુતિ કરી તેમાં તેમણે ભગવાનના ભજન-સેવાની માંગણી કરી. આ સંસારમાં ભગવદ્ ભજન દુર્લભ છે. ભગવદ્ ભજનમાં ઉપયોગી એવી ચાર બાબતો છે - (૧) **સાત્વિકતા અર્થાત્ જ્ઞાન** (૨) **ભગવાનની લીલામાં આસક્તિ**, (૩) **ભગવાનને ઓળખાવનાર વેદ** અર્થાત્ **ભગવદ્ જ્ઞાન વિસરી ન જવાય** તે અને (૪) **લૌકિક શોકનો નાશ** અર્થાત્ કોઈ પણ પ્રસંગમાં મનને ઉદ્વેગ ન થવો તે. આ ચારેય વસ્તુ માત્ર ભગવદ્ કૃપાથી જ પ્રાપ્ત થઈ શકે છે.

ઉપરોક્ત બ્રહ્માજીની સ્તુતિ સાંભળી ભગવાન કહે છે કે ''હે વેદગર્ભ, (અર્થાત્ બ્રહ્મા) તું આળસ ન કર અને સૃષ્ટિ રચવાનો ઉદ્યમ કર, કારણ કે જેની તું મને પ્રાર્થના કરે છે, તે મેં આગળથી કરી રાખેલું છે.'' **મનુષ્ય નિષ્ક્રિય કે નિરાશ બની બેસી રહે તે ભગવાનને ગમે નહીં, પરંતુ તે પ્રયત્નશીલ બને, પોતાના પ્રયત્નમાં પ્રભુની કૃપા યાચે તે પ્રભુને પસંદ પડે.** પુરુષાર્થનું તેથી જ મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. **કેવળ પ્રારબ્ધના આધારે બેસી રહેવાથી કે પ્રમાદથી પ્રભુ પ્રસન્ન ન થાય, પણ પ્રામાણિક પ્રયત્ન અને પ્રેમપૂર્ણ પ્રાર્થનાથી પ્રભુ પીગળે છે અને બધુ સાનુકુળ બનાવી દે.** ભગવાન તેથી જ ગીતામાં કહે છે- **''સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિધ્ધિમ્ લભતે નરઃ''** ભગવાને બ્રહ્માને પુનઃ ભારે તપ કરવાની આજ્ઞા કરી. તેમને માંગેલ આપ્યું નહીં, પરંતુ સાધન અર્થાત્ પ્રયત્ન કરવાનું કહ્યું, અર્થાત્ ફરીથી વધારે તપ કરો અને તેમાં શ્રધ્ધા રાખો.

મારી ઉપાસના માટે વિદ્યાનો અર્થાત્ જ્ઞાનનો આશ્રય કરો. શ્રધ્ધા અને જ્ઞાન એ બેના કારણે તમે હૃદયમાં સર્વલોકને જોશો જેમાં તમે મને વ્યાપેલો જોશો. મારા દર્શન કરી તમે જે મારું સ્તવન કર્યું તે મારી કૃપાનું જ પરિણામ છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે કોઈપણ સત્કાર્ય આપણી બુદ્ધિથી કે આપણા સાધનથી થતું નથી. માત્ર પ્રભુની કૃપાથી જ બને છે. સામાન્યત : લોકો ન બને તેમાં ‘‘પ્રભુની ઈચ્છા’’ માને છે પરંતુ જો સરળતાથી બને તેમાં પોતાનું સામર્થ્ય કે સફળતા સમજે છે. અને તેથી અભિમાન આવે છે. આપશ્રીની વાણી **‘‘અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિ’’**, આ જ વાત કહે છે. અશક્યમાં શરણ સ્વાભાવિક છે. પરંતુ સુશક્યમાં પણ ‘શરણની ભાવના રાખવી આવશ્યક છે. શરણની યાદથી સત્કાર્યમાં કે સ્વકાર્યમાં સફળ થવા છતાં અભિમાન ન આવે કે અનર્થ ન થાય તે આશય છે. ભગવદ્ આશ્રયથી કાર્યમાં કઠીનતા હોવા કે કષ્ટ પડવા છતાં ક્રોધ ન આવે કે કાર્ય અધુરું મૂકી દેવાનું મન ન થાય અને દઢતા રહે. ભગવાનના બ્રહ્માજીને આપેલ ઉપદેશનો આ આશય છે.

ભગવાને બ્રહ્માજીને કહ્યું કે ‘‘હું પ્રસન્ન થયો છું. તમારું કલ્યાણ થાવ. હું સર્વના આત્મારૂપ છું. સૌને અતિપ્રિય પણ છું. સૌને દેહ વગેરે મારે લીધે જ પ્રિય લાગે છે. તેથી મારામાં પ્રીતિ રાખી મારામાં રહેલી પ્રજાને પહેલાની માફક ઉત્પન્ન કરો.’’ શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે બધી જગ્યાએ પ્રભુ બિરાજે છે. **પ્રભુ પોતાનું પ્રિયપણું જેને માટે, જેમાં પ્રકટ કરે તેને તે પ્રિય લાગે. પ્રીતિથી જ પ્રસન્નતા વર્તાય છે.** પ્રભુ સ્વયં પ્રીતિરૂપ હોવાથી તે નિત્ય પ્રસન્ન જ હોય છે. ભક્તે પ્રભુની પ્રસન્નતાનો લાભ લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો પ્રમાદવશ પ્રયત્ન ન કરે તો તેને પ્રભુની પ્રસન્નતાનો લાભ મળે નહીં. **પ્રભુ તો કૃપાળુ છે જ પરંતુ જીવના પક્ષે પ્રયત્ન અપેક્ષિત છે.** તેથી જ પ્રભુએ બ્રહ્માને પણ પ્રમાદ છોડીને પ્રયત્ન કરવાની આજ્ઞા કરી. પ્રભુ પ્રાપ્તિ માટેનો પ્રયત્ન **‘તપ’** છે. તેનાથી **‘સાત્વિકતા’** આવે, **જ્ઞાન** થાય, ભગવાનની લીલામાં **આસક્તિ** થાય. વેદાદિ ભૂલી ન જવાય, ઉત્સાહ ઊભરાય. તેથી ભગવાનનું ભજન થઈ શકે, ભજનથી ભવ તરી જવાય, કૃતાર્થ થવાય. ભગવાન **‘કમલનાભ’**, બ્રહ્માને આટલો ઉપદેશ આપી દર્શન દેતા બંધ થયા.

- **અધ્યાયાર્થ (અધ્યાય ૧૦-૧૧) (કાલ સૃષ્ટિ પ્રકરણ)**

નવમા અધ્યાયમાં બ્રહ્માજી દ્વારા સ્તુતિ કર્યા પછી ભગવાને પ્રસન્ન થઈ તેમને ‘તપ’ કરવાનો આદેશ આપી તેઓ અંતર્ધ્યાન થઈ ગયા. દસમા અધ્યાયમાં વિદુરજીએ મૈત્રેયજીને પૂછેલા અન્ય પ્રશ્નોના ખુલાસા કરી પોતાના સંદેહ દૂર કરવા વિનંતી કરી. ગુણાતીત અને સગુણ સર્ગ અગાઉના અધ્યાયોમાં સમજાવી હવે દસમા અધ્યાયમાં કાળની ઉત્પત્તિ સમજાવે છે અને અગિયારમાં અધ્યાયમાં કાળના સ્થૂલ તેમ જ સૂક્ષ્મ રૂપનું વર્ણન કરે છે.

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે હવે ‘કાળ’ દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ કહેવામાં આવી રહી છે. ‘કાળ’નો જન્મ ‘કાર્ય’થી અર્થાત્ કાળમાં ઉત્પન્ન થતા પદાર્થોથી થાય છે કેમ કે ‘કાર્ય’ કાળની

ઉપાધિવશ હોય છે. ઉત્પત્તિ ત્રણ પ્રકારે સંભવે છે - **'જનન'**, એટલે કે પ્રકટ થવું અથવા દેખાવું, **'સમાગમ'**, તેમ જ **'પ્રાકટ્ય'**. કાળ **'અવ્યક્ત'** એટલે કે દેખાતો નથી, ભગવદાવતાર હોવાથી જીવોની માફક સમાગમ રૂપ ઉત્પત્તિ નથી, તેમ જ તેનું પ્રાકટ્ય પણ નથી, અર્થાત્ આ ત્રણમાંથી કોઈ પ્રકારે કાળની ઉત્પત્તિ થતી નથી. તો પછી આ સૃષ્ટિના પ્રકરણમાં 'કાળ'ની વાત કેમ આવી ? તેમ પ્રશ્ન થાય તેનો ખુલાસો કરતાં કહે છે કે 'કાળ'નું કારણત્વ અનુભવ સિદ્ધ છે. **'જેના ભયથી આ પવન થાય છે', 'જેના ભયથી આ સૂર્ય તપે છે',** એવા શાસ્ત્ર વચનોથી કાલની પ્રતીતિ થાય છે. તેથી કાળ સંબંધી વિદુરે કરેલ પ્રશ્ન અને મૈત્રેયે આપેલ ઉત્તર યોગ્ય છે. સર્વ જગત 'બ્રહ્મરૂપ' છે તેથી તે અપરિચ્છિન્ન હોવું જોઈએ, પરંતુ જગત પરિચ્છિન્ન છે તેથી 'કાળ' સર્વ પદાર્થની સીમા બાંધે છે, અને તેના કારણે કહી શકાય કે 'કાળ' જ સર્વ પદાર્થો રચનારો છે.

'કાળ'ને આવું સામર્થ્ય કેવી રીતે પ્રાપ્ત થયું તેવી શંકાના સમાધાનમાં કહે છે કે જેમ 'નાટ્ય'માં રસ પ્રકટ કરવા માટે હાથની વિવિધ ચેષ્ટાઓ કરવામાં આવે છે જેના દ્વારા સર્વ પદાર્થો દેખાડવામાં આવે છે તેમ બ્રહ્મ સર્વ પદાર્થ તરીકે પ્રકટ થાય, તે માટે પદાર્થોની હદ ભગવાનની ચેષ્ટારૂપ **'કાળ'** બાંધે છે. કેટલાક લોકો 'કાળ'ને ભગવાનનો આવિર્ભાવ કરાવનાર તત્ત્વ માને છે, તે સાચું નથી કારણ કે બ્રહ્મનો આવિર્ભાવ તો સ્વયં બ્રહ્મ જ કરે છે, બ્રહ્મનો આવિર્ભાવ કે તિરોભાવ બ્રહ્મની પોતાની ઈચ્છાથી જ થાય છે, તે માટે કાળ નિમિત્ત નથી. કાળ તો માત્ર પદાર્થોની હદ બાંધવાનું જ કાર્ય કરે છે.

દસમા અધ્યાયમાં કાળનું સામાન્ય રીતે વર્ણન કરવામાં આવ્યું છે, જ્યારે અગિયારમાં અધ્યાયમાં તેનું વિશેષ પ્રકારે વર્ણન કરાયું છે. કાર્યોથી કાળનું વર્ણન એ જ તેનું સામાન્ય વર્ણન કરેલું ગણાય. અહીં દસ પ્રકારની સૃષ્ટિ વર્ણવી છે તેનું કારણ એ કે આખુંયે જગત કાળનું કાર્ય છે પણ એમ કહેવાથી સર્વ કાર્યોનું જ્ઞાન સહેલાઈથી થઈ શકે નહીં, માટે કશોક આધાર લઈ કાર્યોની ગણના કરવી જોઈએ, તેથી દસ પ્રકારની સૃષ્ટિ બતાવી છે. આનો વિસ્તાર સુબોધિનીમાં બતાવ્યો છે. ભગવાન અનેક પ્રકારની સૃષ્ટિ રચે છે. તેમાં કેટલાક સુખી અને કેટલાક દુ:ખી હોવાથી તે પક્ષપાતી અને ક્રુર હોવાનો દોષ દેખાય છે, એવી શંકાના સમાધાનમાં કહે છે, કેમકે ભગવાન પોતે જ 'સર્વરૂપ' થયા હોવાથી તેવા દોષ તેમને લાગે નહીં. કોઈ પણ વ્યક્તિ પોતાનો જ પક્ષપાત કરે અથવા પોતાની ઉપર ક્રુરતા કરે છે, એમ કહેવાય નહીં.

અગિયારમાં અધ્યાયમાં 'કાળ'નું વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે જેમાં **'પરમાણુ'**ની વ્યાખ્યા તેમ જ **સંવત્સર, પરિવત્સર** ઈત્યાદિનો વિસ્તારથી ખુલાસો કરવામાં આવ્યો છે. સંખ્યાની ગણતરી તો **'પરાર્ધ્ય'** સુધી જ છે તેથી સંવત્સર ગણનાથી બ્રહ્મના દિવસ ગણવા શક્ય નથી. તેથી યુગોની કલ્પના કરવામાં આવી છે. અલગ અલગ યુગોમાં અલગ અલગ ધર્મો બતાવવામાં આવ્યા છે, તેમાં દિવસ અને રાત્રીના ધર્મો પણ સૂચવ્યા છે. વિવિધ કલ્પોમાં પણ કાર્યભેદ બતાવવામાં આવ્યા

છે. ધર્મ વગેરેની સિધ્ધિ માટે **'મન્વન્તર'**નું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. છ અલગ અલગ મન્વન્તરો છે, જે મનુ, મનુના પુત્રો વગેરે જુદા જુદા છે, તે સર્વની પ્રતિષ્ઠા રહે, તે માટે ભગવાનના કાર્ય આદિનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. **પ્રલય** પણ ભગવાન જ કરે છે, તેનું કારણ જણાવતાં કહે છે કે પ્રલયમાં ભગવાન શયન કરે છે. સદા જન્મ અને મરણ થયા કરતાં હોવાથી તેનાથી દુ :ખી થયેલા જીવો ભગવાન શયન કરે ત્યારે જ સુખ પ્રાપ્ત કરે છે.

સમગ્ર બ્રહ્માંડ એ બ્રહ્માનો દેહ છે. પદ્મકલ્પના અંતે બ્રહ્મા શયન કરે છે. બ્રહ્માના ત્રણ સ્વરૂપ બતાવ્યા છે. છેલ્લો **'પદ્મકલ્પ'** હતો તેમાં કમળમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થઈ છે. ભગવાનની નાભિમાંથી નિકળેલા કમલમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા અને સત્યલોકમાં રહેલા બ્રહ્મા એમ ત્રણ બ્રહ્મા બતાવ્યા છે અર્થાત્ શયન કરનાર, ત્રણ લોકનો ભોગ કરનાર અને ત્રણ લોક રચનાર બ્રહ્મા જુદા જુદા છે. આખું બ્રહ્માંડ - બ્રહ્માંડના અભિમાનવાળા બ્રહ્માનો દેહ છે. દૈનન્દિન પ્રલય થાય ત્યારે બ્રહ્માંડ રચનાર બ્રહ્મા કમળ દ્વારા નારાયણના ઉદરમાં જઈ સુખી થાય છે, જ્યારે ભોગ કરનાર બ્રહ્મા સત્યલોકમાં રહે છે. એમ બ્રહ્માના સ્વરૂપ જુદા જુદા બતાવ્યા છે. જ્યારે એક પદ્મકલ્પના અંતે બીજો પદ્મકલ્પ થાય છે ત્યારે બ્રહ્મા પહેલાના પદ્મકલ્પની માફક ફરી સૃષ્ટિની રચના કરે છે. 'વરાહ કલ્પ'માં વળી જુદા પ્રકારથી સૃષ્ટિ સર્જાય છે તેનું વર્ણન આગળના સ્કંધમાં આવશે. અહીં એમ શંકા થાય કે ભગવાનની એક સૃષ્ટિનું નિરૂપણ કરવાથી જ ભગવાનની લીલા સિધ્ધ થાય છે, તો અનેક સૃષ્ટિઓનું નિરૂપણ શા માટે કરવામાં આવ્યું છે ? આનો ખુલાસો કરતાં કહે છે કે બ્રહ્માંડમાં **બ્રહ્મકલ્પ**, **પદ્મકલ્પ** અને **વરાહકલ્પ** એમ ત્રણ કલ્પો થઈ ગયા છે. પહેલા બ્રહ્મકલ્પમાં સૃષ્ટિ રચનાર બ્રહ્મા 'વેદરૂપ' છે, તેથી **'નામ સૃષ્ટિ'**નું વર્ણન કરેલ છે, પરંતુ તે **'રૂપસૃષ્ટિ'** ઉપર આધાર રાખનારું છે, જેથી નામસૃષ્ટિથી રૂપસૃષ્ટિનું વર્ણન થઈ જાય છે. આગળના બારમા અધ્યાયમાં કહ્યું છે કે **'શબ્દબ્રહ્મ'** કોઈ સમયે સ્પષ્ટ હૃદયવાળુ અને કોઈ સમયે અસ્પષ્ટ હૃદયવાળુ હોય છે, તેનાથી ભગવાનનું **'આધિદૈવિક સ્વરૂપ'** બતાવ્યું છે તેથી 'નામ સૃષ્ટિ' ભગવાનનું જ વર્ણન કરે છે.

અહીં જે કાળનું વર્ણન કરવામાં આવ્યું છે ત્યાં કાળનું પ્રભુત્વ બતાવવામાં આવ્યું છે, તો શું **'અક્ષર બ્રહ્મ'** ઉપર પણ કાળનું પ્રભુત્ત્વ હશે ? તેમ પ્રશ્ન થાય. તેનું સમાધાન કરતાં કહે છે કે **'અક્ષર'** ઉપર કાળનું પ્રભુત્ત્વ નથી કારણ કે જ્યાં ભેદ હોય ત્યાં કોણ અધિક છે તેનો નિર્ણય સંખ્યાથી થાય, પરંતુ બે **'પ્રરાર્ધ'**થી અધિક સંખ્યા છે જ નહીં. તેથી આધ્યાત્મિક અને આધિભૌતિક પ્રકારની જે સૃષ્ટિઓ કાળથી થાય છે, તેવા ભેદ 'અક્ષર'માં નથી. ભગવાનમાં કાળની પ્રવૃત્તિ થતી જ નથી અને અક્ષર એ બ્રહ્મનું જ બીજું સ્વરૂપ છે.

• સુબોધિની (અધ્યાય ૧૦)

ભગવાનના અંતર્ધ્યાન થયા પછી બ્રહ્માજીએ કેટલા પ્રકારની દૈહિક કે માનસિક સૃષ્ટિની

રચના કરી તે વિશે વિદુરે મૈત્રેયજીને પ્રશ્ન કર્યો. તેઓ ખુલાસો કરતા કહે છે કે બ્રહ્માએ ભગવાનને અંત :કરણમાં રાખી તેમની આજ્ઞા મુજબ એકસો વર્ષ સુધી તપ કર્યું. 'તપ' દ્વારા તેમને જ્ઞાન થયું કે જે કમળ ઉપર તેઓ બેઠેલા હતા તે અને જે જલમાં સ્થિત હતું, તે બન્ને વાયુથી કંપાયમાન થતાં હતાં. બ્રહ્માએ તે વાયુનું જળ સાથે પાન કર્યું. તે કમળ આકાશમાં વ્યાપેલું હતું, તે જોઈને તેમણે વિચાર્યું કે તેનાથી હું લોકોને ઉત્પન્ન કરીશ. પહેલાના કલ્પમાં પણ તેમણે કમલથી જગત બનાવેલું હતું. (અગાઉ આવી ગયું કે કમળ એ **'મહતત્ત્વ'**નું પ્રતીક છે.). અહીં બતાવે છે કે **પ્રજ્ઞા, પ્રયત્ન** અને **પ્રેરણા** એ ત્રણેય પ્રાસાદિક પરિણામ (ભગવદ્ કૃપા) પ્રાપ્ત કરે છે. તેથી જ **'નિરાશ થયા વિના બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરનારને પરિણામે સફળતા મળે છે.'** 'પ્રજ્ઞા' અને 'પ્રયત્ન' પુરુષના અને 'પ્રેરણા' અને 'પરિણામ' પ્રભુના હોય છે. મનુષ્યે કોઈ લોલુપતા વગર પ્રભુ જેમ બુદ્ધિ પ્રેરે તેમ પ્રયત્ન કરવો જોઈએ. પરિણામની લાલસા રાખ્યા વિના 'ફલ'ની પ્રાપ્તિ પ્રભુ ઉપર છોડવાની અહીં વાત કહે છે. (તે જ ઉપદેશ ગીતામાં- **'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'**માં છે.) **'પ્રતિકૂળતામાં પ્રયત્ન કદી પડતા મુકવા ન જોઈએ'.** માટે જ કમળમાંથી સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું બ્રહ્માએ વિચાર્યું. તેમણે કમળના અનેક પ્રકારે વિભાગ કર્યા. ગુણોને લઈને સત્વ વિગેરે ત્રણ વિભાગો થાય, તેમ જ લોકના પ્રસિધ્ધ વ્યવહારથી ચૌદ પ્રકારે વિભાગ થાય. આમ જુદા જુદા 'લોક' થયા. બ્રહ્માને આવું સામર્થ્ય એકસો જન્મથી પ્રાપ્ત કરેલ એક હજાર 'અશ્વમેઘ યજ્ઞ' નિષ્કામ ભાવે કરવાનું ફળ છે, અર્થાત્ 'બ્રહ્મપદ'ની પ્રાપ્તિ જે સો જન્મ પર્યંત એક હજાર 'અશ્વમેઘ' યજ્ઞ નિષ્કામ ભાવે કરે તેને થાય છે.

વિદુરજી વધુમાં પૂછે છે કે અનેક રૂપ ધારણ કરનારા 'અદ્‌ભૂત કર્તા' શ્રી હરિનું **'કાળ'** નામનું જે લક્ષણ છે તેનું આપ વર્ણન કરો. તે 'કાળ' ભગવાનનો અસાધારણ 'ગુણ' તેમ જ 'રૂપ' હોવાથી મૈત્રેયજી બતાવે છે કે ભગવાન 'કાળ' શક્તિથી જ સઘળુ કાર્ય પ્રકટ કરે છે. 'કાળ' એ ભગવાનનો **'અમૂર્ત'** ગુણ છે. તેથી તે પ્રત્યક્ષ નથી. માત્ર કાર્યથી જ 'કાળ'નું અનુમાન થાય છે. કાળ ગુણોની ભેળસેળરૂપ અભિજ્ઞાનવાળો છે. રૂના તાંતણા (દોરા)નું જેમ તાણા-વાણાથી વસ્ત્ર બને છે તે રીતે ગુણો પ્રકૃતિથી છૂટા પડી, એકબીજાથી ભળી જાય છે, તે ભેળસેળવાળી ગુણોની અવસ્થા જેનાથી થાય છે તે **'કાળ'** છે. આમ 'કાળ'નું લક્ષણ બતાવી, ભગવાને તે ગુણ શા માટે ધારણ કરેલો છે તેનો ખુલાસો કરતાં કહે છે કે કારણરૂપ **'પુરુષ'** ભગવાન છે. તે પોતાના જ ગુણોને **'કર્તાપણુ'** વગેરે સ્થિતિવાળા કરીને જગતની રચના કરે છે. તેમાં **'કર્તાપણુ'** એ સ્વરૂપનો ગુણ જ છે, જ્યારે તેમની **'ક્રિયાશક્તિ'** તેનો નિર્વાહ કરનારી છે. જેમ ઘડામાં માટીરૂપ પૃથ્વી વિકાર વિનાનું **'સમવાયિ કારણ'** છે. તેમ 'કાળ' રૂપ ભગવાનની ક્રિયાશક્તિ જ જગતનું **'સમવાયિ કારણ'** છે. 'કાળ'ની આવશ્યકતા સમજાવતાં કહે છે કે બ્રહ્મ જેની **'તન્માત્રા'** છે, તેવું કાર્ય તે આ વિશ્વ છે. જેવી રીતે **'મહાભૂતો'**માં **'શબ્દ'** વગેરે સૂક્ષ્મ અવસ્થામાં રહેલા હોવાથી

તેમની **'તન્માત્રાઓ'** છે, તેમ વિશ્વની સૂક્ષ્મ અવસ્થાનું રૂપ પણ બ્રહ્મ જ છે, કારણ કે પહેલાની અવસ્થા બ્રહ્મ છે અને પછીની અવસ્થા જગત છે. કર્તાપણાના ગુણ સિવાયનો ભગવાનનો ગુણ, જેમ શ્રુતિ કહે છે- **'તેમણે પોતાને પોતાની મેળે કર્યા'** (**''સ આત્માનં સ્વયં કુરુત્''** - તૈ.ઉ. ૨/૭), તે **'કાળ'** છે. આ શ્રુતિમાં **'કર્તાપણુ'**, **'કર્મ'** અને **'ક્રિયા'** કહેલા છે. **'કર્તાપણુ' ભગવાનમાં છે, 'કર્મપણુ' જગતમાં છે.** તેથી તે બે ગુણો સિવાયનો **'કર્યા'** શબ્દથી જે ક્રિયારૂપ અર્થ પ્રાપ્ત થયો, તે **'કાળ'** છે. તેથી સિધ્ધ થાય છે કે ભગવાનની ઈચ્છાથી હદવાળી, ભગવાનની બહારની **'ચેષ્ટા'**રૂપ જે ક્રિયા તે 'કાળ'. ભગવદ્રૂપ 'જગત'ની હદ બાંધનારો કોઈક હોવો જોઈએ. જો તેમ ન હોય તો બ્રહ્મસૂત્ર (૨-૧-૨૬)નું કથન **'બ્રહ્મ અવયવ રહિત'** છે, તેવા વાક્યો ખોટા ઠરે. તેથી ભગવાનનો જ અસાધારણ પ્રકારનો કોઈ એક ગુણ કે જેનાથી ઉત્પન્ન થયેલું હદવાળુ થાય છે, તેવું સીમા બાંધનારુ ભગવાનનું જ એક સ્વરૂપ તે 'કાળ' છે, તેમ સમજાવે છે. 'કાળ'ને કાર્યનું ઉપાદાન કારણ દર્શાવતાં કહે છે કે **આ 'જગત જેવું હમણાં છે, તેવું પહેલા પણ હતું, અને પછી પણ આવું હશે.'** કાળ નિત્ય હોવાથી તે જેનું ઉપાદાન કારણ છે, તેવું જગત પણ નિત્ય જ છે. **'ભૂત'** વગેરે સંજ્ઞાઓ અર્થાત્ - **ભૂત - વર્તમાન - ભવિષ્ય**, એ સદા વિદ્યમાન કાળ, જળના પ્રવાહની માફક વહેતાં પછીનો, 'તેની પહેલાનો' લોપ કરે છે, તેમ છે.

આ પ્રમાણે 'કાળ' જગતનું 'ઉપાદાન કારણ' કહી તેનું આધિદૈવિક સ્વરૂપ સમજાવ્યું. હવે તેના આધિભૌતિક સ્વરૂપ બતાવતાં તેના પ્રકારો બતાવે છે. તેનું આધ્યાત્મિક સ્વરૂપ અધ્યાય અગિયારમાં સમજાવેલું છે. **પ્રાકૃત** એટલે **'આધિભૌતિક સૃષ્ટિ'** છ પ્રકારની છે. **'વૈકૃત'** એટલે કે **'આધ્યાત્મિક સૃષ્ટિ'**, ત્રણ પ્રકારની છે. આમ કુલ નવ પ્રકારની સૃષ્ટિનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે. **છ પ્રકારની પ્રાકૃત સૃષ્ટિ** - (૧) **મહતત્ત્વનો સર્ગ** - સર્વોપયોગી બુદ્ધિની સૃષ્ટિ, (૨) **અહંકારનો સર્ગ**, (૩) **ભૂતસર્ગ** (પંચમહાભૂત) અને પાંચ તન્માત્રા રૂપ, (૪) **ઈન્દ્રિય સંબંધી સર્ગ** (જે કાર્યમાં ઉપયોગી બને) - પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય, (૫) **દેવસર્ગ**, જે સ્વરૂપથી ઈન્દ્રિયોને પ્રેરણા આપવા માટે છે. (૬) **તામસ સર્ગ**, અજ્ઞાનથી થતી સૃષ્ટિ. જેને ભગવાનની લીલા બતાવવામાં આવી છે, તે આ સર્ગોનો ઘટનાક્રમ સમજાવતાં કહે છે કે પદાર્થોનો વિચાર સૌ પ્રથમ બુધ્ધિમાં થાય. તે પછી તેની રચનાનો સંકલ્પ (અહંકાર) થાય. તત્પશ્ચાત પંચમહાભૂતોની રચના થાય અને તેના વિષયરૂપ તન્માત્રા તેની સાથે જોડાયેલ હોય. તે પછી ઈન્દ્રિયો દ્વારા તેનું ગ્રહણ થાય, જે ઈન્દ્રિયોના દેવો તેને તેવી પ્રેરણા કરે. અવિદ્યા તેમાં હેતુભૂત બને, જેથી ભગવાન રજોગુણોનો સ્વીકાર કરે, ત્યારે આવી **'લીલા'** થાય.

ઉપર પ્રમાણે **'પ્રાકત સર્ગ'**ના છ પ્રકાર બતાવી હવે ત્રણ પ્રકારનો **વૈકૃત-સર્ગ** અને **'દેવસર્ગ'**નું નિરૂપણ કરતાં સૌ પ્રથમ **'સ્થાવરસૃષ્ટિ'** જે ક્રમમાં સાતમી છે તે બતાવે છે. પ્રભુ પરમ ઉદાર છે, તેથી તેમણે માનવને જન્મ દેતા પહેલાં તેના ભોજનની વ્યવસ્થા કરી. તેમણે

ભક્ષ્યરૂપ સ્થાવર સર્ગ પહેલા પ્રકટ કર્યો, જેના છ પ્રકાર છે. પાંચ કર્મેન્દ્રિય અને છઠ્ઠું 'મન'. તે ખાનારને સ્થિર બનાવે છે, તેનું જીવન ટકાવે છે, માટે તેને **'સ્થાવર'** કહે છે. તે વનસ્પતિરૂપ છે. (૭) **'સ્થાવર સર્ગ'**માં- **૧.** વિવિધ વનસ્પતિ - જેમ કે પીપળો વગેરે, પુષ્પરહિત અને ફળવાળી, **૨.** વિવિધ ઔષધિ - ડાંગર વગેરે ધાન જે ફળરૂપ છે અને તે પાકે ત્યાં સુધી રહે છે. તે અન્નરૂપ છે, જઠરાગ્નિને શાંત કરે છે, પ્રસન્ન કરે છે. તે સર્વ ઔષધિ ગણાય. **૩.** લતા-વેલના રૂપમાં જેમ કે કોળુ, કાકડી વગેરે **૪.** ત્વકસાર-વાંસ વગેરે. **૫.** વીરુધ્ - સોમવલ્લી, ઘાસ ઈત્યાદિ. **૬.** દ્રુમ-આંબો વગેરે પુષ્પવાળા ફળદાયી વૃક્ષો. આ બધામાં પોષણ માટે તેઓમાં પાણી વગેરે આહારની ગતિ ઉર્ધ્વ-ઉપરની દિશામાં હોય છે. તેથી તેને **'ઉત્સ્રોતસ'** કહેવાય છે. તે ઘણું કરીને અજ્ઞાન-જડ જેવા હોય છે, પરંતુ તેમાં અંત:સ્પર્શજ્ઞાન હોય છે. વૃક્ષોનું સર્વસ્વ-સર્વેન્દ્રિયત્વ **દેવતા-પરક** છે. (૮) **તિર્યંકસર્ગ** છે જેનો આહાર સંચાર આડો થાય છે, અર્થાત્ તે આડા શરીરવાળા પ્રાણીઓ છે. તેના ૨૮ પ્રકારો બતાવ્યા છે. આ પ્રકારવાળામાં કર્તવ્ય-અકર્તવ્યનું જ્ઞાન હોતું નથી. તેમાં ગાય વગેરે નવ પ્રકાર જે બે ખરીવાળા 'સાત્વિક' છે, એક ખરીવાળા - ગદર્ભ વગેરેના છ પ્રકાર છે જે 'રાજસ' છે, અને બાકીના કૂતરા વગેરે ૧૩ પ્રકાર જે પાંચ નખવાળા છે તે 'તામસ' છે. (૯) **અર્વાક - સ્રોતસ્ સર્ગ**, જેનો આહાર સંચાર આગળથી છે, અને રજોગુણની અધિકતા છે તે **'માનવસૃષ્ટિ'**. તે દુ:ખ-સુખની લાગણીવાળા, કર્તવ્યપરાયણ છે અને છેલ્લો (૧૦) **દેવસર્ગ**, તેના આઠ વિભાગ છે. તે છે - **૧.** દેવો, **૨.** પિતૃઓ અને અસુરો, **૩.** ગંધર્વો અને અપ્સરાઓ, **૪.** સિધ્ધો, **૫.** યક્ષો અને રાક્ષસો તથા ચારણો, **૬.** ભૂત, પ્રેત અને પિશાચો, **૭.** વિદ્યાધરો, **૮.** કિન્નરો. તે અમોધ સંકલ્પવાળા ભગવાનના જ આ સ્વરૂપે છે.

'ભગવાન આ પ્રમાણે અનેક પ્રકારની સૃષ્ટિઓ શા માટે અને ક્યારે કરે છે ?' એવી શંકાનું સમાધાન કરતાં કહે છે કે અહીં શ્લોકમાં 'કલ્પોના આરંભોમાં પોતાનામાંથી પોતે જ પ્રકટ થયેલા સત્ય સંકલ્પવાળા હરિ રજોગુણથી વ્યાપ્ત થઈ સૃષ્ટિ રચનાર પોતે જ પોતાથી પોતાને રચે છે.' એમ કહેલ છે. 'કલ્પોના આરંભોમાં' એમાં બહુવચન, ભગવાન તત્ત્વો સાથેના અનેક બ્રહ્માંડો રચે છે તેમ સૂચવે છે. રજોગુણ પણ ભગવાન પોતે જ હોવાથી પોતે જ સાધન થાય છે. તે પ્રમાણે કર્મ કાલ વગેરે સાધન પણ પોતે જ છે. જગત પણ પોતે જ થાય છે. પુરુષ પણ પોતે જ હોવાથી પોતે જ કર્તા છે. એ સર્વ કાંઈ ભગવાન પોતે જ હોવાથી આવી શંકાનું કોઈ કારણ નથી એમ શ્રી મહાપ્રભુજી સમજાવે છે.

• સુબોધિની (અધ્યાય ૧૧)

કાળનું સ્વરૂપ અને ઉત્પત્તિનું વર્ણન અધ્યાય ૧૦માં કરી હવે કાલના સૂક્ષ્મ-આધ્યાત્મિક સ્વરૂપનું નિરૂપણ આ અગિયારમા અધ્યાયમાં કરે છે. કહેવાય છે કે અણુ ઘડિયાળ સેકન્ડનો દસમો ભાગ પણ માપી શકે છે પરંતુ આપણા ઋષિ મુનિઓએ તો તેથી પણ અત્યંત સૂક્ષ્મ વિચાર

કર્યો છે. મનુષ્યથી આરંભી બ્રહ્મા સુધીના બધાની ઈન્દ્રિયો રૂપ પોતપોતાના દેહમાં આસક્તિ ઉત્પન્ન કરાવી તેને જે હણે છે તે માટે **'આયુષ્ય'** શબ્દથી ઓળખાતું કાળનું રૂપ અને **'આધ્યાત્મિક'** એટલે બ્રહ્માના આયુષ્યની હદ બાંધનારું કાળનું જે રૂપ, તે ત્રણ પ્રકારે- **પર**, **પરાર્ધ** અને **કલ્પ** છે. કાલ **'ગતિરૂપ'** ધર્મવાળો છે તેથી તેને બ્રહ્માના આયુષ્યની હદ બાંધનારો કહ્યો છે.

અહીં સૂર્યગતિથી કાળના ભેદનો વિચાર કરવામાં આવ્યો છે. સૂર્ય તેનો 'આધિદેવ' છે અને ગતિથી થતા તેના ભેદ 'આધ્યાત્મિક' છે. મનુષ્યોના દિવસ-રાત રૂપ કાલ પૃથ્વીની સૂર્ય સામે આવવાથી કે બીજી બાજુ રહેવાથી સમજાય છે. તેનો ભેદ સમજાવવા માટે પરમાણુરૂપ કાળથી પરમ મહાન કાળનું નિરૂપણ કરે છે **'સત્'** પદાર્થ (જેમ કાર્યરૂપ ઘડો વગેરે), ના ભાગ કરતાં તેના અવયવોનો છેલ્લો ભાગ જેના વધારે ભાગ થઈ ન શકે તેને **'પરમાણુ'** કહે છે. તે સજાતીય પરમાણુઓ સાથે સમુદાયરૂપ ન થયેલો, 'કાર્ય' અવસ્થાને પ્રાપ્ત ન થયેલો, કોઈની સાથે જોડાયેલ ન હોય, અને હંમેશા જુદો જ રહે એનું નામ **'પરમાણુ'** છે. તેનાથી માનવને દેહ સાથે એકતાનો ભ્રમ અર્થાત્ **'દેહાધ્યાસ'** થાય છે. આત્મા સાથે દેહના એકપણાનો ભ્રમ એટલે 'દેહાધ્યાસ'. કાર્ય માત્ર સંપૂર્ણ બ્રહ્માંડ ભગવાનના સ્વરૂપમાં રહેલું છે. તે પ્રકટ ન હોય ત્યારે તેની **અવિશેષ** નિરંતર એકતા, અર્થાત્ તે માત્ર એક જ છે તે **'પરમ મહાન'** છે, એટલે કે ભગવાન 'પરમ મહાન' છે. 'અવિશેષ' એટલે જેના સંબંધમાં આ અમુક પદાર્થ છે તેવી બુદ્ધિ થતી નથી તેવો અને **'નિરંતર'** શબ્દથી તે ભેદ રહિત છે તેમ સૂચવે છે. તે ભગવાનને **'પરમ મહાન'** અહીં કહેવામાં આવ્યા છે. તેને સમજાવવા કહે છે કે સૂર્યનો પ્રકાશ જેટલે જાય છે તે બધું 'પરમ મહાન' છે. હકીકતમાં 'પરમાણુ' અને 'પરમ મહાન' એ બન્ને આપણે જાણી શકતા નથી, પરંતુ જે પદાર્થો પર તેમનો અધિકાર છે, તે આપણાને તેમનો બોધ કરે છે, તેથી આપણે તેમના અસ્તિત્વનું અનુમાન કરીએ છીએ. તેવી જ રીતે **'કાલ'**નું પણ તેમની હદ બાંધનાર તરીકે અનુમાન કરવું જોઈએ.

પરમાણુનું પરિમાણ સમજાવતાં કહે છે કે- જે માર્ગે સૂર્યના રથનું ચક્ર જાય છે, તે માર્ગમાં તે જેટલા સમયમાં પરમાણુ પ્રદેશનું ઉલ્લંઘન કરે છે અર્થાત્ તેટલું અંતર કાપતા જેટલો સમય લાગે તેને **'પરમાણુ કાળ'** કહે છે. જેટલા સમયમાં બે પરમાણુ પ્રદેશનું ઉલ્લંઘન કરે છે તેને **'અણુ કાળ'** કહે છે. આમ કહી પરમાણુ કાળથી વર્ષ પર્યંતની ગણાની નીચે પ્રમાણે બતાવી છે.

૨ પરમાણુ = ૧ અણુ; ૩ અણુ = ૧ ત્રસરેણુ, ઘરના જાળીયામાં કે નળીયામાંથી આવતાં પ્રકાશના નાના રજકણો ઊડતાં દેખાય છે, તે જમીન પર પડતાં નથી પરંતુ આકાશ તરફ ઊડતાં દેખાય છે તેને **'ત્રસરેણુ'** કહે છે.

૧ ત્રસરેણ = ૧ ત્રુટિ ; ૧૦ ત્રુટિ = ૧ વેધ
૩ વેધ = ૧ લવ ; ૩ લવ = ૧ નિમેષ (આંખનો પલકારો)

૩ નિમેષ = ૧ ક્ષણ; ૫ ક્ષણ = ૧ કાષ્ઠા
૧૫ કાષ્ઠા = ૧ લઘુ; ૧૫ લઘુ = ૧ નાડી
૨ નાડી = ૧ મુહૂર્ત; ૬ કે ૭ નાડી = ૧ પ્રહર

આમ ૬ કે ૭ નાડીઓનો મનુષ્યોનો ૧ પ્રહર થાય છે. રાત્રી અથવા દિવસનો ચોથો ભાગ સાત નાડીઓનો હોય છે. રાત અને દિવસની બાવન નાડીઓ થાય છે.

નાડી અથવા ઘડીનો સમય નક્કી કરવા કહે છે કે છ **'પલ'** તાંબાનું પાત્ર બનાવી તેમાં ૪ માસા જેટલા વજનના સુવર્ણના ચાર આંગળ લાંબા તારના વ્યાસ જેટલું છિદ્ર કરી તેને જળમાં તરતું મુકીએ ત્યારે આ પાત્રને ડૂબતા જેટલો સમય લાગે તેને **'ઘડી'** અથવા **'નાડી'** કહે છે.

'પલ'નું માપ સમજાવતાં કહે છે- ૩ યવ = ૧ ગુંજા (ચણોઠી), ૫ ગુંજા = ૧ માસા, ૧૬ માસા = ૧ સુવર્ણ, ૪ સુવર્ણ = ૧ પલ. આમ 'પલ' એટલે ચાર સુવર્ણના સિક્કા (= ૪ ચાર તોલા), એક તોલો ૧૬ માસાનો થાય.

૪ + ૪ = ૮ પ્રહર = ૧ અહોરાત્ર (મનુષ્યના દિવસ - રાત્રી)
૧૫ અહોરાત્ર = ૧ પક્ષ
૨ પક્ષ = ૧ માસ (પિતૃના દિવસ - રાત)
૨ માસ = ૧ ઋતુ
૩ ઋતુ = ૧ અયન
૨ અયન = ૧ વર્ષ (દેવના દિવસ -રાત)

દેવ-પિતૃ-મનુષ્યનું આયુષ્ય તેમના ૧૦૦ વર્ષનું ગણાય, પરંતુ જો કાળ આયુષ્યનું હરણ ન કરે તો આયુષ્ય ૧૦૦ વર્ષથી વધે. પાપથી કાલ સાથે પાપ આયુષ્યનો ભોગ કરે અર્થાત્ નાશ કરે, તેથી આયુષ્ય ઘટે છે.

શ્રી મહાપ્રભુજી સુબોધિનીમાં ખુલાસો કરે છે કે **''વૃદ્ધિ અથવા ક્ષય ન થાય તો એકસો વર્ષ તો મનુષ્યોનું મોટામાં મોટું આયુષ્ય છે. 'પુરુષ ખરેખર એકસો વર્ષના આયુષ્યવાળો છે', એ શ્રુતિ પ્રમાણે એક વર્ષે કાલ એક આયુષ્યનો ભોગ કરે છે, ધર્મ કરવામાં આવે તો કાળથી થતો આયુષ્યનો ભોગ ધર્મને અટકાવે છે, ત્યારે પુરુષ એકસો વર્ષથી પણ વધારે જીવે છે. પાપ કરવામાં આવે, તો પણ - જો તે કાળની સમાન હોય તો - મનુષ્યનો ભોગ કરે છે, અને કાળ પણ તેનો ભોગ કરે છે. જો પાપ કાળથી અધિક બળવાળુ હોય તો કાળથી વધારે આયુષ્યનો ક્ષય કરે છે.''**

આમ 'કાળ'નું નિરૂપણ કરી ઉપસંહાર કરતાં કહે છે કે ગ્રહ, નક્ષત્ર અને તારાઓના ચક્રની આસપાસ ફરે છે અને જગતનો ભોગ કરે છે, અર્થાત્ કાળ આગળ વધે છે. વર્ષની સમાપ્તિ સૂચવનારા માસો પાંચ પ્રકારના બતાવ્યા છે. (૧) **સંવત્સર** - ચાંન્દ્ર, (૨) **પરિવત્સર** - વૈષ્ણવ,

(૩) **ઈડાવત્સર** - સૌર, (૪) **અનુવત્સર** - નાક્ષત્ર અને (૫) **વત્સર** - દેવ. સૂર્યનો રથ આકાશ મંડળમાં ફરી રહે તે સમયને **‘સંવત્સર’** કહેવાય. **‘પ્રભવ’** વગેરે નામથી ઓળખાતાં ૬૦ સંવત્સર બ્રહસ્પતિની ગતિથી માપ કાઢવામાં પ્રસિદ્ધ છે. બ્રહસ્પતિ બાર રાશિવાળુ કાળ ચક્ર બાર વર્ષે ફરી રહે. ૬૦ વર્ષમાં તે પાંચ વાર ભ્રમણ થાય, તેથી વર્ષના પાંચ પ્રકારના ભેદ ગણવામાં આવ્યા છે. આ ગણત્રી કરતાં બ્રહ્માના આયુષ્યની ગણાત્રીમાં ગૂંચવાડો થાય, કારણ કે સંખ્યા **‘પર’** (પરાર્ધ - વધુમાં વધુ ગણાત્રી બતાવી છે) થી વધારે નથી તેથી જ **‘યુગ’** અને ‘કલ્પ’ ગણવામાં આવે છે. બ્રહ્માજીનું આયુષ્ય બે **‘પરાર્ધ’** બતાવવામાં આવ્યું છે જે અક્ષરબ્રહ્મનો નિમેષ માત્ર જ છે. યુગોનો ખુલાસો કરતાં કહે છે - ૪૦૦૦ દેવવર્ષ = સત્ય યુગ; ૩૦૦૦ દેવ વર્ષ = ત્રેતાયુગ; ૨૦૦૦ દેવ વર્ષ = દ્વાપર યુગ અને ૧૦૦૦ દેવ વર્ષ = કલિયુગ થાય. દરેક યુગના આરંભમાં અને અંતમાં સંધિનો કાળ પણ અનુક્રમે ૪૦૦, ૩૦૦, ૨૦૦ અને ૧૦૦ વર્ષ બતાવવામાં આવ્યો છે. આ બધાનો સરવાળો કરતાં (સંધિકાળ બન્ને તરફ ગણતાં) કુલ ૧૨૦૦૦ દેવ વર્ષનો એક **‘ચતુર્યુગ કાળ’** થાય. ચાર યુગોના નામનો સંદર્ભ સમજાવતાં કહે છે કે અમુક કાળનું નામ કાંઈક **‘કૃત’** એવું છે. તે સમયમાં કાલે જે કરવાનું છે અથવા તેનો જે ઉપાય કરવાનો છે, તે કરેલ જ છે, તે યુગમાં ઉત્પન્ન થયેલાઓને કાંઈ કરવાનું બાતી રહેતું નથી. **‘ત્રેતા’**એટલે ત્રીજા ભાગનું (૧/૩) કરવાનું રહે તે. **‘દ્વાપર’** એટલે બે ભાગનું (૧/૨) કરવાનું રહે તે અને **‘કલિ’** એટલે કલહ - કજીઓ, બધું એ વિવાદનું સ્થાન રહે. ‘કાંઈ પણ નક્કી થયેલ ન હોય’ એવો અહીં અર્થ છે. આમ ‘ધર્મ વિભેદ’થી ‘કાળભેદ’ ઓળખાવ્યો છે. મનુષ્યોમાં કાળપ્રેરિત ધર્મ દેખાય છે. સત્યયુગમાં સંપૂર્ણ ધર્મ જેના ચાર ચરણ છે, ત્રેતામાં ત્રણ દ્વાપરમાં બે, અને કલિમાં અધર્મ સંપૂર્ણપણે હોય છે.

ધર્મને પ્રકટ કરનાર મનુરૂપ ભગવાન છે. દરેક મન્વન્તરનો તે ‘ધર્મ’ ગણાય જે છ અંગવાળો છે. - **દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, કર્મ** અને **મંત્ર.** ધર્મ પ્રવર્તક મનુનો કાળ **‘મન્વન્તર’** કહેવાય છે જેના છ અંગ છે- **મનુ, ઋષિ, દેવ, મનુપુત્ર, ઈન્દ્ર** અને **ભગવદવતાર**. આ બધા ભગવાનની જ કળારૂપ છે. એક મન્વન્તર ૭૧ ચતુર્યુગનો થાય. પરંતુ આ ત્રિલોકની બહાર એક દિવસના ૧૦૦૦ ચતુર્યુગ ગણાય, જેમાં ૧૪ મનુઓ - મન્વન્તર થાય. તે છે બ્રહ્માજીના દિવસ-રાતનું માપ. બ્રહ્માજીના દિવસે સૃષ્ટિનું સર્જન થાય અને રાત્રિમાં લય. તેને **‘દૈનન્દિન પ્રલય’** કહેવાય. ‘ઉત્પત્તિ’ અને ‘લય’ એ પ્રભુની લીલા જ છે. ‘લય’માં નાશ દેખાય પરંતુ તે પ્રભુની ક્રૂરતા નથી પરંતુ દયા છે. જન્મ અને મરણમાં આથડ્યા કરતાં પ્રાણીમાત્રને તેમાં વિરામ મળે છે.તે આથડતાં અટકે છે. **ભગવાન દિવસ પૂરો થતાં પોતાના પરાક્રમ ને રોકી રાખી ભગવાન જેમનામાં કાળને લઈને આ જગત લય પામે છે તેઓ તમોગુણને ધારણ કરી શાંત રહે છે. તે સમયે ભગવાન કાર્ય કરવાની તત્પરતા તજીને શાંત થઈ જાય છે**. પ્રલયની પ્રક્રિયા સમજાવતાં કહે છે કે

જ્યારે ભગવાન શયન કરવાની ઈચ્છાવાળા થાય છે ત્યારે તેઓ તમોગુણને ધારણ કરે છે. આટલી જ ભગવાનની ક્રિયા થાયછે (તમોગુણને ધારણ કરવું તે) બીજું બધું પોતાની મેળે જ થાય છે. તમોગુણ ધારણ કરવાથી આળસને લીધે ભગવાનનું પરાક્રમ રોકાય છે. ત્યારે રક્ષણ કરનાર કોઈ ન રહેવાથી, **કાળ ભક્ષણ કરનારો હોવાથી જગત પોતાની મેળે લય પામે છે.** આમાં વાસ્તવમાં કાળ ભક્ષણ કરનારો નથી પરંતુ તે ભય ઉત્પન્ન કરનાર હોવાથી લય થવામાં નિમિત્ત કારણ બને છે. જગત ભગવાનની અંદર પ્રવેશ કર્યા પછી પણ ભગવાન તેનું પાલન કરવા પ્રયાસ કરતાં નથી, પરંતુ શાંત જ રહે છે. તેથી જેમ ઉજ્જડ ગામની ભીંતો નાશ પામે તેમ જગત નાશ પામે છે. ત્યારે સૂર્ય અને ચંદ્ર પણ ખીલેથી છૂટા પડતાં બંધન રહિત થાય છે જેના કારણે અંધકારની પ્રવૃત્તિ થાય છે અને રાત્રી શરૂ થાય છે. ત્યારે **'સંકર્ષણ વ્યુહ'**ના મુખમાંથી નીકળેલો અગ્નિ ત્રણ લોકનો દાહ કરે છે. મનુષ્યો અને ઈન્દ્રિયોના અભિમાનવાળા દેવો તો પહેલાં જ નાશ પામે છે જ્યારે બાકીના જડ (પદાર્થો)ને અગ્નિ બાળે છે. ત્યાર પછી ભગવાનને વશ રહેલા મેઘો વૃષ્ટિ કરે છે જેના કારણે વડવાનલ (અગ્નિ) શાંત થાય છે પરંતુ તેનાથી વૃદ્ધિ પામેલા સમુદ્રો ત્રણેય ભૂવનને ડૂબાડી દે છે, કારણ પ્રચંડ વાયુથી સમુદ્રોમાં મોજા ઉત્પન્ન થાય છે અને અનંત આસનવાળા, અર્થાત્ અનંત જેમનું આસન હતું તેવા પોતાની અંદર રહેલા સર્વ લોકોનું દુ:ખ હરનારા, યોગનિંદ્રાથી નયન મીચીને રહે છે, અર્થાત્ શયન કરે છે. આ પ્રમાણે બ્રહ્માના રાત દિવસની વ્યવસ્થા કરી બ્રહ્માનું આયુષ્ય બતાવે છે.

બ્રહ્માજીનો એક દિવસ તે **''કલ્પ''** કહેવાય. તેમાં સૃષ્ટિ ઉત્પન્ન થાય, અને રાત્ર લય થાય. જેવી રીતે મનુષ્ય દિવસભર કામ કરે અને રાત્રે બધું સમેટિને સૂઈ જાય અને બીજે દિવસે સવારે ફરીથી સામાન્ય રીતે કાર્ય શરૂ થાય તેમ બ્રહ્માજીનું આ રોજિંદુ કાર્ય ચાલ્યા કરે છે. બ્રહ્માજીનું આયુષ્ય તેમના દિવસ પ્રમાણે ૧૦૦ વર્ષનું ગણાય છે જેને **''પર''** કહેવાય છે. તેનો અર્ધો ભાગ એટલે **''પરાર્ધ''**. અત્યારે બ્રહ્માજીનો પહેલો 'પરાર્ધ' પૂરો થયો છે અને બીજો ચાલે છે. **અર્થાત્ બ્રહ્માજીનું ૫૧મું વર્ષ ચાલે છે.** તેમાં **'બ્રાહ્મકલ્પ'** પ્રથમ પરાર્ધના પ્રારંભે થયો હતો. તેમાં આગળના સ્કંધમાં કહ્યું તેમ ભગવાન પોતે જ બ્રહ્મારૂપે પ્રકટ થયેલા. તેને જ **'શબ્દ બ્રહ્મ'** કહે છે કારણ કે ત્યાં શબ્દોથી કલ્પ કરાવનારું બ્રહ્મનું રૂપ કહેવાયું છે. તેનું સ્વરૂપ આગળના બારમા અધ્યાયમાં વર્ણવવામાં આવ્યું છે. તે પછી જેને **'પાદ્મકલ્પ'** કહે છે, જેનાં કમળથી ઉત્પત્તિ બતાવી છે તેથી અહીં 'નાભિરૂપ સરોવર' એમ કહ્યું છે. તેમાં ભગવાનના નાભિ કમળમાંથી ઉત્પન્ન બ્રહ્માથી સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન કર્યું છે. તેના પછી બીજા પરાર્ધનો કલ્પ જે **'વારાહ'** નામથી જાણીતો છે તે કલ્પ કહ્યો. આમ પહેલા પરાર્ધનો પહેલો વેદરૂપ **'બ્રાહ્મકલ્પ'** અને બીજો પરાર્ધનો 'અર્થરૂપ' **'વારાહ કલ્પ'**નું વર્ણન કર્યું. વરાહ એટલે 'સૂકર'. અહીં શ્લોકમાં **'હરિ'** શબ્દનું તાત્પર્ય બ્રહ્મા વગેરેના દુ:ખ દુર કરવા એ તેવો અવતાર લેવાનું પ્રયોજન હતું તેમ સૂચવે છે. તેમાં

પહેલો **'આદિ વરાહ કલ્પ'**, બીજો **'વારાહ'**, અને ત્રીજો **'શ્વેતવારાહ'**, જે અત્યારે ચાલે છે. આમ સર્વ સૃષ્ટિની કથાનો સમાવેશ કરવા ભગવાનની વિભૂતિ રૂપે ત્રણે બ્રહ્માનીકથા મૈત્રેયજીએ વિદુરજીને કહી જેમાં શયન કરનાર, ભોગ કરનાર, રચના કરનાર બ્રહ્મા જુદા છે. અત્યારે **'વૈવસ્વત મન્વનંતર'** ચાલે છે અને ૨૮મા કળિયુગનો પ્રથમ ચરણ (ભાગ) છે.

તે પછી **'અક્ષર'**ના આયુષ્યનો ખુલાસો કરતાં કહે છે કે આ બે 'પરાર્ધ' નામનો કાલ 'અક્ષર'ના આયુષ્યનો **'નિમેષ'** છે, અર્થાત્ નયનો ખોલી બંધ કરવાનો સમય છે. પરંતુ તેમાં કાળની ગણાત્રી સંભવ નથી કેમ કે **'અક્ષર બ્રહ્મ'** સંપૂર્ણ રીતે હદ રહિત છે. તે **'અવ્યાકૃત'** છે, અર્થાત્ તેનો આવિર્ભાવ થાય નહીં તેવું છે. આવિર્ભાવ અને તિરોભાવ વચ્ચેના કાળને 'આયુષ્ય' કહેવાય. પરંતુ તેનો નતો **'આવિર્ભાવ'** ન **'તિરોભાવ'** છે તેથી તેનું આયુષ્ય જ નહીં હોવાથી ગણાત્રી સંભવે નહીં. જે હદવાળું હોય તેની ગણાત્રી થાય. પરંતુ તે અનંત છે, એટલે આરંભ પણ નથી. **'અક્ષર'** જગતના **આત્મા-કાલ** વગેરે જે હદ બાંધનારા છે, તેનો પણ 'આત્મા' છે. જેમ આયુષ્ય દેહનું હોય, આત્માનું ન હોય, તેથી 'અક્ષર'નું આયુષ્ય હોવાનું કોઈ પ્રકારે સિધ્ધ થતું નથી.

આમ કાળથી 'અક્ષર'ની હદ બંધાતી નથી તેમ જણાવી તેનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે પચાસ કરોડ વિસ્તારવાળો બ્રહ્માંડનો કોશ અને બીજા કરોડો બ્રહ્માંડના સમૂહો જેમાં પ્રવેશ કરી અંદર રહેલા પરમાણુ જેવા દેખાય છે તેને **'અક્ષર બ્રહ્મ'** કહે છે. તે સર્વ કારણોનું કારણ અને ભગવાન વિષ્ણુ (પરબ્રહ્મ)નું સાક્ષાત્ ઉત્તમ ધામ છે. 'એકાદશ ઈન્દ્રિયો' અને તેના આવરણમાં મહાભૂતોનો ઉપયોગ થતો હોવાથી તેની 'પાંચ તન્માત્રાઓ' એ સોળ વિકારો છે. તન્માત્રાઓ ઉત્પત્તિમાં મુખ્ય છે, તેથી તેને ગણાત્રીમાં લીધી છે. પૃથ્વી વગેરે અનેક વિશેષોથી વીંટળાયેલ આ બ્રહ્માંડના કોશનું સ્વરૂપ વચ્ચેથી તેમ જ બહારથી પચાસ કરોડના વિસ્તારવાળુ, ગોળ છે, જેનું વર્ણન છ 'ગોળ'ના રૂપમાં જ્યોતિષશાસ્ત્રમાં કરેલું છે- **ભૂગોળ, ખગોળ, દગ્ગોળ, નક્ષત્ર ગોળ, આવરણ ગોળ અને અંડગોળ** (બ્રહ્માંડ ગોળ). અહીં જે વર્ણન કરવામાં આવ્યું છેતે બ્રહ્માંડ (અક્ષરબ્રહ્મ)ના પ્રદેશની હદ બાંધનારું નથી એમ જણાવવા તેનું સ્થૂળપણુ બતાવ્યું છે. પૃથ્વી, જળ વગેરે આવરણો સાથેનું બ્રહ્માંડ અક્ષરના રૂંવાડાના ઉંડાણમાં પ્રવેશ કરેલા પરમાણુ જેવું દેખાય છે અને તે ઉંડાણની અંદર બીજા પણ આવા કરોડો બ્રહ્માંડના કોશો જોવામાં આવે છે. એ પ્રમાણે જેમના રૂંવાડાનું ઉંડાણ અનંત બ્રહ્માંડોથી ભરપુર છે તે ભગવાન 'અક્ષર' શબ્દથી ઓળખાય છે. તેનો ખુલાસો **બ્રહ્મસૂત્રો** (૧-૩-૧૦/૧૧)ના અધિકરણમાં કરવામાં આવ્યું છે જેમાં 'અક્ષરબ્રહ્મ'નું સ્વરૂપ સમજાવ્યું છે, કારણ કે પુરુષ વગેરે સર્વ કારણોનું કારણ તે જ છે. જ્યારે તે જ અક્ષર માયાના ફળરૂપથી બે પ્રકારનું થયું ત્યારે એક ભાગ **'પુરુષ'** થયો અને બીજો **'પ્રકૃતિ'** થઈ. તે અક્ષર પરબ્રહ્મ પુરુષોત્તમના દેહને યોગ્ય અને ઘરને યોગ્ય સ્થાન છે. તેથી સિધ્ધ થાયછેકે

ભગવાનના આયુષ્યની હદ હોઈ શકતી નથી. **અક્ષર** ભગવાનનું સાક્ષાત સ્થાન છે. એ સર્વનું મૂળ બનેલ ભગવાન સાકાર છે એમ જણાવવા 'પુરુષ' શબ્દ કહ્યો છે. તેમના દેહરૂપ અક્ષરને ઉત્તમ કહેલ છે, જેના આત્મા બનેલા ભગવાન પુરુષ રૂપે સર્વ સ્થાને રહેલા છે, સર્વ થવાની શક્તિવાળા છે.

- **અધ્યાયાર્થ (અધ્યાય ૧૨)**

અધ્યાય ૧૦અને ૧૧માં કાલ સૃષ્ટિનું વર્ણન કરી હવે બારમા અધ્યાયના ચોથા પ્રકરણમાં **'જીવ સૃષ્ટિ'** સમજાવે છે જેમાં બ્રહ્માજીએ ઉત્પન્ન કરેલા સનકાર્ષદનું વર્ણન કરવામાં આવ્યું છે. જીવોના બે પ્રકાર છે **'મુક્ત'** અને **'અમુક્ત'**. અમુક્ત જીવોનું નિરૂપણ આગળ 'મુક્તિ પ્રકરણ'માં કરવામાં આવ્યું છે કારણ કે તેઓ સૃષ્ટિનું કારણ નથી. મુક્ત જીવો સૃષ્ટિનું કારણ હોવાથી તેમનું નિરૂપણ આ અધ્યાયમાં કરવામાં આવ્યું છે. શ્રી મહાપ્રભુજી ભાગવતાર્થ નિબંધમાં સમજાવે છે કે મુક્ત જીવો ભગવાનની સમીપ રહેતા હોવાથી જ્યારે ભગવાન સૃષ્ટિ રચવાની ઈચ્છા કરે ત્યારે પોતાની લીલા માટે તેઓને પ્રેરણા કરે છે જેથી ભગવદ્ઈચ્છાને વશ તેઓ જગતનું કારણ બને છે !

મુક્ત જીવોના પણ બે પ્રકાર છે- (૧) **લોક થી પર** અને (૨) **લૌકિક.** આ બન્નેમાં જે મુક્ત જીવો લોકથી પર છે તેઓ વૈકુંઠમાં પણ વૈરાગ્યવાળા થઈને રહે છે. તેથી તેઓની સંસારમાં ઉત્પત્તિ થવી મુશ્કેલ છે, તેમ છતાં તેઓ જ્ઞાનના અંશને ગ્રહણ કરીને જ સંસારમાં અવતરે છે, જેઓને મોહ કરાવવા તેમનામાં અવિદ્યા ઉત્પન્ન કરવામાં આવે છે, જેનો હેતુ લોકથી પર મુક્ત જીવોની ઉત્પત્તિ કરાવવાનો છે. ભગવાને અવિદ્યા ઉત્પન્ન કરી ત્યારે બ્રહ્મા સિવાયના કોઈ જીવનું અસ્તિત્વ જ ન હતું. તેથી સૌ પ્રથમ તો બ્રહ્માને જ મોહ કર્યો જેમણે ભગવાન શ્રીકૃષ્ણાનું ધ્યાન ધર્યું. તેથી લોકથી પર મુક્ત જીવો સનક ઈત્યાદિ ઉત્પન્ન થયા. તેમને બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી, પરંતુ તેઓ ભગવત્પરાયણ અને મોક્ષ ધર્મવાળા હોવાથી, તે આજ્ઞાને ઠુકરાવી દીધી. તેના કારણે બ્રહ્માને ક્રોધ ઉત્પન્ન થયો, પરંતુ તે મુનિઓને જગતને જ્ઞાન આપવા માટે જ ઉત્પન્ન કર્યા છે એવો વિચાર આવતાં બ્રહ્માએ ક્રોધને રોકવા પ્રયાસ કર્યો પરંતુ તે ક્રોધ આધિદૈવિક હતો તેથી તે બ્રહ્માના શરીરને બાળવા તત્પર થયો. તેમ છતાં બ્રહ્માએ શ્રી કૃષ્ણાનું ધ્યાન ધરવાના કારણે તે તેનાથી બચી રહ્યા. ક્રોધ બ્રહ્માજીનું અહિત ન કરી શકતાં તે આધિદૈવિક ક્રોધરૂપ કુમાર, જે ભગવાન શંકરનો અવતાર હતો, તેમણે જેઓ ભગવાનની કૃપારૂપ અંશ હતા, તેમણે રડવા માંડ્યું અને બ્રહ્માને કહ્યું કે ''મારાં નામ પાડો અને સ્થાન રચો.' **તેમના રૂદનનું કારણ એ હતું કે તેમના દ્વારા સંસારમાં ઉપયોગી ન હોય તેવી પ્રજા રચાશે તેમ તેઓ જાણતાં હતાં**, પરંતુ બ્રહ્મા આ ભેદ ન જાણતાં સનકાદિની માફક તેમને પણ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી. તેથી તેમણે અનેક પ્રતિકૂળ પ્રાણીઓની રચના કરી.

બ્રહ્માએ જાણ્યું કે આ પ્રાણીઓથી સૃષ્ટિના કારણોનો નાશ થતાં સૃષ્ટિ રચાશે નહીં. તેથી તેમણે મહાદેવજીને અટકાવ્યા અને તપ કરવાની આજ્ઞા કરી અને પોતે ભગવાનનું ધ્યાન ધરી પોતાના શરીરના જુદા જુદા અવયવોમાંથી 'મરીચિ' વગેરે વિવિધ ઋષિઓને ઉત્પન્ન કર્યા. છેલ્લે બ્રહ્માએ જે જીવોને ઉત્પન્ન કર્યા તેઓમાં ધર્મથી મૈથુન થઈ શકે તે માટે મુખમાંથી વાણી રૂપ એક સ્ત્રી ઉત્પન્ન કરેલી, અને બીજા બધા પુરુષ ઉત્પન્ન કર્યા. બ્રહ્મા પાસે અવિદ્યા હતી જ અને સૃષ્ટિ ઉત્પન્ન કરવા તેમનું મન ચોંટેલું હોવાથી તેમના હૃદયમાં કામ ઉત્પન્ન થયો, અને મૈથુન કરવાની બુધ્ધિ પેદા થઈ. પરંતુ, આ પ્રકારે મૈથુનથી તામસી સૃષ્ટિ ઉત્પન્ન થાય, તેથી ભગવાને બ્રહ્માને તેમ કરતાં અટકાવ્યા. તેથી બ્રહ્માએ પોતાની એ મનોવૃત્તિનો ત્યાગ કર્યો અને પુન: ભગવાનનું ધ્યાન ધર્યું તેથી વેદોની ઉત્પત્તિ થઈ. બ્રહ્માએ પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તર એમ ચારેય દિશામાં મુખ કર્યા જેથી શબ્દોના લૌકિક અને અલૌકિક પ્રકારોની ઉત્પત્તિ થઈ જે નામ સૃષ્ટિરૂપ પ્રકટ થઈ. આ અધ્યાયના અંતમાં જીવની રૂપ-નામની સૃષ્ટિ થતાં, નામોની અખંડ પ્રવૃત્તિ બની રહે તે માટે સૃષ્ટિનું મૂલ **'શબ્દબ્રહ્મ'** હોવાનું જણાવી તેનું સ્વરૂપ કહી ઉપસંહાર કર્યો છે.

એ પ્રમાણે ગુણસૃષ્ટિનું નિરૂપણ કરી, એકલા ગુણોથી રચેલી સૃષ્ટિથી પ્રપંચ બ્રહ્મરૂપ થાય, તેથી બ્રહ્માએ મિશ્રણવાળી સૃષ્ટિ રચવાનો ઉદ્યમ કર્યો, જેને માટે તેમને ભગવાનની જરૂર પડી. તેથી ભગવાનનું ધ્યાન ધર્યું, ત્યારે ભગવાનની ઈચ્છાથી બ્રહ્માના શરીરના ધ્યાન અને ઈચ્છા એમ બે વિભાગ થયા, જે બેનું જોડકું થયું જે પુરુષ મનુ અને સ્ત્રી શતરૂપા હતાં. ત્યાર પછી મૈથુનની પ્રક્રિયાથી સૃષ્ટિ પોતાની મેળે વધવા લાગી. તે પછી બ્રહ્માની કે બીજા કોઈની આજ્ઞાની જરૂર રહી નહીં. આમ, આ અધ્યાયમાં ચાર પ્રકારે સૃષ્ટિ બતાવી. જે ૧. **સનકાદિ**, ૨. **મરીચિ** વગેરે, ૩. **નામ સૃષ્ટિ** અને ૪. **મનુ અને શતરૂપા**. એ ચાર પ્રકારની મુક્ત જીવોની સૃષ્ટિ બતાવી, જેના અંગરૂપ 'નામ સૃષ્ટિ' બતાવી છે.

• સુબોધિની (અધ્યાય ૧૨)

મૈત્રેય વિધુરને કહે છે કે મેં પરમાત્માના 'કાળ' નામના મહિમાનું વર્ણન કર્યું. હવે **'વેદગર્ભ'** બ્રહ્માજીએ આ રચી તેનું રહસ્ય સમજાવ્યું છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે જેવી રીતે બ્રહ્મા ભગવાનનો ગુણાવતાર છે તેમ જ 'કાળ' પણ ભગવાનનો જ અમુક ગુણ-મહિમા છે. લોકમાં **'પ્રસિધ્ધિ'** ગૌણ છે પરંતુ **'વસ્તુનું સ્વરૂપ'** જ મુખ્ય છે તેથી **'કાલાખ્ય'** 'કાલ નામના' શબ્દ વાપરે છે. વળી **'પરમાત્મન:'** શબ્દથી સ્પષ્ટ કરે છે કે તે અક્ષર બ્રહ્મનો નહીં પરંતુ **'પુરુષોત્તમ'**નો ગુણ છે. **'વેદગર્ભ'**થી વેદાનુસારી સૃષ્ટિનું સર્જન બ્રહ્માજી કરે છે, તેમ સૂચવે છે. બ્રહ્માજીએ વેદની આજ્ઞાનુસાર સૃષ્ટિ રચી છે, જે મુક્તિ મેળવે છે તે **'મર્યાદાસૃષ્ટિ'** છે. આગળ કહી તે 'કાલસૃષ્ટિ' કાળને અનુસરનારી બતાવી. તેમાં પરિસ્થિતિને અનુકુળ થઈને જીવનારા લોકો હોય છે. તેઓ જન્મ-મરણના પ્રવાહમાં ઘસડાઈ અથડાતા રહે છે. તે **'પ્રવાહિસૃષ્ટિ'** છે.

પરંતુ સાક્ષાદ ભગવાને કરેલી સૃષ્ટિ **'પુષ્ટિ સૃષ્ટિ'** છે. તે ભગવાનને અનુકુળ રહી, તેમની સેવા કરનારી હોય છે. તેઓ પ્રભુને પ્રાપ્ત કરી કૃતાર્થ થાય છે.

ભગવાનની ચેષ્ટારૂપ **'કાળ'** છે. ભગવાન ઈચ્છા માત્રથી મનથી **'કાળસૃષ્ટિ'** ઉત્પન્ન કરે છે. તેમાં પોતાની મરજી મુજબ જીવનારા લોકો માટે જન્મ-મરણનો અવિરત પ્રવાહ હોય છે. તેથી જ તેને 'પ્રવાહ સૃષ્ટિ' કહેવાય છે. વેદની આજ્ઞાનુસાર જે જીવે તો તેને **'પ્રવાહસૃષ્ટિ'** કહેવાય છે. વેદની આજ્ઞાનુસાર જે જીવે તો તેને આથડવાની હદ - અર્થાત્ મર્યાદા પૂરી થાય. તેઓએ મર્યાદામાં જીવવું પડે, વેદની આજ્ઞાનું પાલન કરવું પડે. તેઓને ધર્માનુકુલ ફળ પ્રાપ્તિ થાય. તેમાં મર્યાદા છે અને વધુમાં વધુ મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થાય, તે **'મર્યાદા સૃષ્ટિ'** છે. પરંતુ પુષ્ટિમાં પ્રભુની કૃપા જ નિયામક છે. તેમાં ફળની કોઈ મર્યાદા નથી, બધું જ પ્રભુની કૃપાથી જ થાય છે. પ્રભુની પ્રસન્નતા માટે જ સર્વ પ્રયત્ન હોય છે. તે **'પુષ્ટિસૃષ્ટિ'**, જેમાં અમર્યાદિત પૂર્ણાનન્દ અને ભગવદ્લીલાનો અનુભવ થાય.

ભગવાનની **'અવિદ્યા'**ના સ્વરૂપને સમજાવતાં કહે છે કે સૌ પ્રથમ **અંધતામિસ્ર**, પછી **તામિસ્ર** અને **મહામોહ**, તથા **મોહ** અને **તમઃ** એ અજ્ઞાનના કાર્યના **'નિમિત્તો'**ની રચના કરી છે. **'પ્રમેય'** (જાણવાનો પદાર્થ), અને **પ્રમાતા** (જાણનાર પુરુષ)ના ભેદથી પ્રથમ સમજાવે છે. પુરુષને જ્ઞાન કરાવનાર 'નયન'ની જરૂર છે અને વિષયનું જ્ઞાન કરાવનાર 'તેજ', એ બન્નેનો અભાવ તેને, અર્થાત્ બાહ્યજ્ઞાનનો અભાવ તે **'અન્ધતામિસ્ર'** કહેવાય; **'તમઃ'** એટલે અજ્ઞાન, પોતે કોણ છે, તે ન જાણવું તે અવિવેક; 'તામિસ્ર' એટલે વિષયોમાં મોહ, જેનાથી ક્રોધ ઉત્પન્ન થાય; **'મોહ'** એટલે 'મારું' છે તેવો ભાવ, અર્થાત્ અંતઃકરણનો વિભ્રમ; **'મહામોહ'** એટલે વસ્તુની યથાર્થતા જાણવા છતાં તેમાં ઐક્ય બુદ્ધિ, દેહાદિમાં અહંભાવ (વિષયભોગની ઈચ્છા), અવિદ્યાના આ પાંચ પર્વોને જ દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિ કહે છે.

પ્રથમ બ્રહ્માજી એકલા હતાં તેથી તેમને અવિદ્યાનો મોહ કરાવ્યો. તેનાથી બચવા માટે બ્રહ્માજીએ ભગવાનનું ધ્યાન ધર્યું. **સાક્ષાત્ ભગવાનનું ધ્યાન અનર્થને અટકાવે છે, અને સન્માર્ગ સૂઝાડે છે.** ભગવાનના ધ્યાનથી વિકાર દૂર થાય, મન મંગલ બને, મધુર બને શાંત થાય. તેથી બ્રહ્માજીએ ધ્યાન ધર્યા પછી પોતાના મનથી ચાર કુમારોને પ્રકટ કર્યા. તે કુમારોના નામ હતાં- (૧) **સનક**, (૨) **સનંદ**, (૩) **સનાતન** અને (૪) **સનત્કુમાર**. આ કુમારો મનનશીલ, નિષ્ક્રિય, નૈષ્ઠિક બ્રહ્મચર્ય પરાયણ હતાં. તેથી તેમને **'મુનિઓ'**, **ક્રિયારહિત**, **'સદા બ્રહ્મચર્ય પાળનારા'** એ વિશેષણોથી સંબોધ્યા છે. તેમના કર્તવ્ય તરીકે **'મનન'**, એકલું જ હતું અર્થાત્ 'વેદનો ઉત્તરકાંડ', જ તેમનો વિષય હતો, **'ક્રિયારહિત'**થી વેદના પૂર્વકાંડનો વિષય તેમણે કરવાનો ન હતો, એમ સૂચવે છે અને તેમણે મનથી પણ વીર્ય દ્વારા સૃષ્ટિ ન રચી તેમ જણાવવા **'સદા બ્રહ્મચર્ય**

પાળનારા' કહ્યું છે.

બ્રહ્માજીએ પોતાના આ ચારેય દીકરાઓને આજ્ઞા કરી કે **'તમે સૃષ્ટિનું સર્જન કરો.'** પરંતુ ભગવત્પરાયણઆ પુત્રોને પિતાની આજ્ઞા પસંદ ન પડી. તેમને અંતરમાં તેવી ઈચ્છા ન થઈ, તેથી મૌન રહ્યા. **જેઓ પ્રભુપરાયણ હોય તેને લૌકિક વ્યવહાર કરવો ન ગમે.** અહીં ભગવાનનું કાર્ય કરવાની તેમને ઈચ્છા કેમ ન થઈ ? તેવી શંકાના સમાધાનમાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે તેથી જ અહીં શ્લોકમાં **'મોક્ષધર્મવાળો'** કહ્યું છે. પણ શંકા થાય કે ભગવાનનું કાર્ય કરવું તે પણ મોક્ષ પ્રાપ્ત કરાવનારું જ હોય, તો આમ અવજ્ઞા શા માટે કરી હશે. તેના ખુલાસામાં કહે છે કે અહીં **'વાસુદેવમાં આસક્ત'** કહ્યું છે. વાસુદેવ જ્ઞાન આપીને મોક્ષ આપનારા છે. તે જ્ઞાનના કાર્ય રૂપ સૃષ્ટિની તેમને જરૂર ન હતી. જેઓ પ્રભુ પરાયણ હોય તેમને લોકવ્યવહાર કરવો ગમતો નથી. તેવા સૃષ્ટિ રચનારને **'કૈવલ્ય'** નામના મોક્ષરૂપ ફળ પ્રાપ્તિ થાય છે પરંતુ ભગવાનનો સંતોષ પ્રાપ્ત થાય છે તેથી જ બ્રહ્માને પ્રત્યુત્તર ન આપતાં તેઓ મૌન રહ્યા. તેઓ શાંત રહ્યા. બ્રહ્માજી પ્રથમ જ અવિદ્યાની સૃષ્ટિથી ખેદ પામેલા હતાં, અને તેમને શાંતિ પ્રાપ્ત થાય તે હેતુથી આ પુત્રોને ઉત્પન્ન કર્યા, પરંતુ તેઓ તેમના કાર્યમાં ઉપયોગી ન થતાં તેમને અતિશય ક્રોધ થયો. ક્રોધ ઉત્પન્ન થયા પછી 'ભગવાનનો શું અભિપ્રાય હશે, આ સૃષ્ટિ કેમ રચતા નથી' એવી ભગવાનની ઈચ્છાના સંબંધવાળી બુદ્ધિ થઈ. તેમણે જાણ્યું કે તામસ સૃષ્ટિની પછી ભગવાનની આસુરી સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા હશે એવો અભિપ્રાય સમજીને તેમણે ક્રોધ રોકવાનો આરંભ કર્યો.

મનનાં બે કાર્ય છે- (૧) **જ્ઞાન** અને (૨) **ક્રિયા.** તે પૈકી જ્ઞાનથી બ્રહ્માએ ક્રોધને રોક્યો, ક્રિયાથી નહીં, તેથી ક્રિયાનો નાશ ન થયેલો હોવાથી અને તેને અંદર સમાવવા તે શક્તિમાન ન હતાં. **અજ્ઞાન હોય ત્યાં ગુસ્સો અવશ્ય આવે, ક્રોધ તો સ્નેહનો શત્રુ છે. કામ ક્રોધથી નષ્ટ થાય, પરંતુ ક્રોધને શાંત કરવો કઠીન છે.** ક્રિયાથી ક્રોધનો નાશ થયેલ ન હોવાથી તે બ્રહ્માની બે ભ્રમરોની વચમાં ભગવાનના **'આજ્ઞાચક્ર'**નું સ્થાન હોવાથી તેમાંથી ભગવાનના અંશરૂપ કુમાર ભૂખરા રંગનો કુમાર ઉત્પન્ન થયો. ક્રોધ રજોગુણથી ઉદ્‌ભવે, જેનો રંગ સ્હેજ લાલ અને સત્ત્વમય ભગવાનનો રંગ શ્યામ, તેથી તે બન્ને ભેગાં થતાં કુમારનો રંગ ભૂખરો હતો. તે કુમાર દેવોમાં પ્રથમ થયો. જે સ્વાભાવિક સૃષ્ટિમાં ઉપયોગી કામને બાળનારા થયાં. તે **'જીવ અંશ'**વાળા નથી **'ભવ'** શબ્દથી **'ભવતિ'** અર્થાત્, જે સર્વત્ર છે, તેમ સૂચવે છે. તેમણે જન્મતાંની સાથે જ રડવા માંડ્યું. રડ્યા તે જ રુદ્રનો રુદ્રત્વ. તેમના પર ભગવાનની કૃપા છે અને તે પણ સર્વત્ર કૃપા કરે છે તેમના રુદનમાં પણ કૃપા છે. ''પોતાનાથી ઉત્પન્ન થયેલી પ્રજા સૌને પીડનારી થશે.'' એમ વિચારીને તેઓ રડે છે, રડવાનું કારણ પૂછતાં તેમણે કહ્યું કે મારા નામો અને સ્થાન બતાવો. તેથી બ્રહ્માએ કહ્યું કે જે કારણથી તું રડ્યો તેથી તું **'રુદ્ર'** નામથી ઓળખાશે. તદ્‌ઉપરાંત તું **મન્યુ, મનુ, મહેશન, મહાન, શિવ, ક્રતુધ્વજ, ઉગ્રરેતા, ભવ, કાળ, વામદેવ** અને **ધૃતવ્રત** નામથી પણ

ઓળખાશે. **ધી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુત્ સર્પિ, ઈલા, અંબિકા, ઈરાવતી, સુધા અને દીક્ષા એ રુદ્રાણી**ઓ તારી સ્ત્રીઓ હશે. વળી **હૃદય, ઈન્દ્રિયો, પ્રાણ, આકાશ, વાયુ, અગ્નિ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર તેમ જ તપ** એ સ્થાનો મેં તારા માટે પ્રથમ જ કર્યા છે. તેથી તું આ નામો અને સ્થાનો ગ્રહણ કરે અને આમનાથી ઘણી પ્રજાઓ ઉત્પન્ન કર. ગુરુ અર્થાત્ બ્રહ્માની આજ્ઞા મુજબ તે ભગવાન **'નીલલોહિતે'** બલ, આકૃતિ અને સ્વભાવથી પોતાની સમાન પ્રજા ઉત્પન્ન કરી. પરંતુ રુદ્રે ઉત્પન્ન કરેલા રુદ્રોના અસંખ્ય ટોળા જોઈને પ્રજાપતિ બ્રહ્માને ભય લાગ્યો. રુદ્રનું કાર્ય સંહાર કરવાનું છે ; તેને બદલે તેને ઉત્પન્ન કરવાનું કાર્ય સોંપ્યું. અગાઉ કાળે રચેલી સૃષ્ટિનો તે અનેક રુદ્રોએ સંહાર કરવા માંડ્યા, તેમનું ભક્ષણ કરવા લાગ્યા. પ્રજાપતિને પણ ભય લાગ્યો કે તેને પણ આ રુદ્રો ભક્ષણ કરી જશે તેથી તેમણે રુદ્રને કહ્યું, 'હે ઉત્તમદેવ, આવી પ્રજાઓ રચવાનું બંધ કરો. તમે સર્વ પ્રાણીઓને સુખ ઉપજે તેવું 'તપ' કરો. તેનાથી તમારું કલ્યાણ થશે. તમે તપથી જ પહેલાંના જેવું વિશ્વ રચશો. વળી પ્રજા ભલે ઉત્પન્ન ન થાય પરંતુ સાત્વિક તપ કરવામાં આવે ત્યારે ભગવાન પ્રસન્ન થાય છે. બ્રહ્માના ઉપદેશને સ્વીકારી તેમણે તે **'વાણીના પતિ'** (બ્રહ્મા)ની પ્રદક્ષિણા કરી તપ કરવા વનમાં પ્રવેશ કર્યો.

તે પછી ભગવાનની શક્તિવાળા બ્રહ્માજી સૃષ્ટિનું ધ્યાન ધરતાં લોકની પરંપરા કરનારા દસ પુત્રો ઉત્પન્ન કર્યા. પહેલા તો 'હું કર્તા છું', એવા અભિમાનથી તેઓ સૃષ્ટિ રચતા હતા. અહંકાર ત્રણ પ્રકારના છે (૧) પાંચ વિભાગવાળો **તામસી**, (૨) અહંકારમાં ભગવાનનું ધ્યાન ધરતાં ચિત્ત શુદ્ધ થાય ત્યારે તે **રાજસી** અને (૩) તે બન્નેનો નભાવ થાય તે માટે **સાત્વિક**, એવી ત્રણ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થઈ. સૃષ્ટિ ભગવદ્રૂપ હોવાથી બ્રહ્માએ તે સૃષ્ટિનું જ ધ્યાન ધર્યું. **તેથી દશ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થઈ - નવ ત્રણ ગુણવાળી અને એક ગુણાતીત, તેમ દસ.** 'લોકની પરંપરા કરનારા' કહેવાનું તાત્પર્ય તે ભગવાનની શક્તિ દ્વારા જ ઉત્પત્તિ બતાવી છે. આ દસ પ્રકારની ઉત્પત્તિના કારણ રૂપ જે ઉત્પત્તિ ભગવાને કરી તે છે- **મરીચિ, અત્રિ, અંગિરા, પુલત્સ્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ટ, દક્ષ** અને દસમાં **નારદ**, જે ગુણાતિત હતાં. પ્રથમ ત્રણ **સાત્વિક**, વચલા ત્રણ **તામસ** અને છેલ્લા ત્રણ **રાજસ** હતા. આ સર્વ કારણભૂત ઋષિઓની ઉત્પત્તિ સમજાવતાં કહે છે- નારદ ખોળામાંથી ઉત્પન્ન થયેલા, દક્ષ સ્વયંભૂના અંગુઠામાંથી, વશિષ્ટ પ્રાણમાંથી, ભૃગુ ત્વચામાંથી, ક્રતુ હાથમાંથી, પુલહ નાભિમાંથી ઉત્પન્ન થયા. પુલત્સ્ય બે કાનમાંથી, અંગિરા મુખમાંથી, અત્રિ બે આંખમાંથી અને મરીચિ મનમાંથી ઉત્પન્ન થયા. આમ દસ પુત્રોની ઉત્પત્તિ બતાવી, બીજા નવ સગુણ પુત્રોની ઉત્પત્તિ બતાવતાં કહે છે- જમણા સ્તનમાંથી **ધર્મ**, પીઠમાંથી **અધર્મ**, હૃદયમાંથી **કામ**, ભ્રમરમાંથી **ક્રોધ**, નીચેના હોઠમાંથી **લોભ**, મુખમાંથી **વાણી**, લીંગમાંથી **સમુદ્રો**, પાયુમાંથી **વિનાશ** ઉત્પન્ન થયા. તે ઉપરાંત છાયામાંથી દેવહુતિના પતિ સમર્થ **કર્દમ** ઉત્પન્ન થયા.

કારણ દશામાં અભિમાન હોય તેના કરતાં કાર્ય થયા પછીનું અભિમાન વધારે હાનિ કરનારું છે તેથી કહે છે કે સ્વયંભૂ (બ્રહ્મા)એ કામવાળા થઈ મન હરતી કોમળ અંગવાળી કામનારહિત પુત્રી **વાણી**ની કામના કરી. સૃષ્ટિમાં બધા પુરુષો રચેલા છે અને વાણી રૂપ **સરસ્વતી** એકલી સ્ત્રી છે. બ્રહ્મા યજ્ઞરૂપ હોવા છતાં અધિક સૃષ્ટિ રચવાની ઈચ્છાથી એવો વિચાર કર્યો કે 'વાણી લૌકિક હોવા છતાં હું તેને ગ્રહણ કરું.' વાણી એટલે લૌકિક સરસ્વતી. સ્વયંભુ શબ્દથી બ્રહ્માને કુલ વગેરેની મર્યાદાનો બાધ નથી તેમ સૂચવે છે **'મનહરતી'** વિશેષણથી કામના થવાનું કારણ બતાવે છે. બ્રહ્માની અંદર અહંકારનો આવેશ હોવાથી તેમનું મન તેને (કામને) આધિન થયું. આમ અધર્મમાં બુધ્ધિ કરેલા તે પિતાને જોઈને મરીચિ વગેરે મુનિઓએ પિતાને બોધ આપતાં કહ્યું કે વાણીમાં પ્રવૃત્તિ ન કરવી, કારણ કે પહેલાના ઉત્તમ પુરુષોએ તે કરેલ નથી. કેમ કે તે અપકીર્તિ કરાવનારી, નાશ કરાવનારી છે. તમે કામને ન રોકતાં પુત્રી સાથે ગમન કરવાની જે ઈચ્છા કરો છો તેવું કાર્ય આ પહેલાના પુરુષોએ કરેલું નથી અને પછીથી પણ આવું કૃત્ય કોઈ કરશે નહીં. તમે પોતાની ઈચ્છાથી તેની સાથે ગમનની ઈચ્છા રાખો છો, તે **'અધર્મ'** છે માટે હે સમર્થ, અર્થાત્ આપ કામને રોકવાનું સામર્થ્ય ધરાવો છો, તે યોગ્ય નથી. હે જગતના ગુરુ, જેમના આચારને અનુસરતાં લોક ખરેખર કલ્યાણ પ્રાપ્ત કરવા સમર્થ હોય તેવા તેજસ્વી પુરુષોમાં આવું કાર્ય પ્રશંસાને પાત્ર હોતું નથી. જો અંતર્યામી ભગવાન બ્રહ્માને પ્રેરણા કરે તો જ તેઓ આ કાર્ય કરતાં અટકે કારણ કે ભગવાને જ પોતાની અંદર રહેલા આ જગતને પ્રકટ કરેલું છે, અને તે પણ પોતાના તેજથી પ્રકટ કર્યું છે, દૈત્યની પેઠે અંધકારથી તે પ્રકટ થયેલું નથી, અને તે ધર્મથી જ નભે, અધર્મથી તેનો નાશ જ થાય.

બ્રહ્માજી યજ્ઞાત્મક છે, જ્યારે વાણી લૌકિક-સરસ્વતી છે. તેનો સ્વીકાર કરવા બ્રહ્માજી ઈચ્છે છે જેનાથી લૌકિક-પ્રચુર જગત ઉત્પન્ન થાય. તે વાત બ્રહ્માજીના વેદ પરાયણ પુત્રોને ન રૂચી, તેથી તેમને અટકાવ્યા, કારણ કે જો બ્રહ્માજી લૌકિક શબ્દોનો ઉપયોગ યજ્ઞમાં કરે તો બધું લૌકિક થઈ જાય, વૈદિક રહે નહીં, અને તેનાથી તામસ પ્રજા ઉત્પન્ન થાય તેથી ઋષિઓ તેમાં સંમત ન થયા. તેથી બ્રહ્માજીએ તેમના મનમાં જે પ્રકારનો ભાવ આવ્યો હતો તે છોડી દીધો. આમ પુત્ર દ્વારા પ્રભુએ તેમને અટકાવ્યા. બ્રહ્માજી પુત્રો પર ગુસ્સે ન થયા, કારણ કે તેમને માન્યું કે તેમને પ્રભુએ જ પ્રેરણા કરેલી છે. **કોઈ ભૂલ કરતા હોઈએ ત્યારે પ્રભુ સીધે સીધુ કહેવા નથી આવતાં, પરંતુ કોઈ સાધુપુરુષ દ્વારા, તેના હૃદયમાં બેસીને આપણને ચેતવે છે. સાધુપુરુષો દ્વારા ભગવાન જ શાસન કરે છે. સાધુપુરુષોના શબ્દો તેમના હૃદયમાં બિરાજતા શ્રી હરિની પ્રેરણાથી જ બોલાતા હોય છે.**

વિદુરજી મૈત્રેયજીને પૂછે છે કે વેદ ઈત્યાદિની રચના બ્રહ્માજીએ કઈ રીતે કરી તે મને સમજાવો. મૈત્રેય **ઋગ્વેદ**, **યજુર્વેદ**, **સામવેદ** અને **અથર્વવેદ**ની પૂર્વ વગેરે મુખથી ઉત્પત્તિ, તેમ જ

બધા મુખમાંથી **ઈતિહાસ** અને **પુરાણરૂપ** પાંચમા વેદની રચના, તથા **વિદ્યા**, **દાન**, **તપ** અને **સત્ય** એ ધર્મના ચાર ચરણો તેમજ ગૃહસ્થાશ્રમની વૃત્તિઓ સમજાવે છે. ચાર વેદ ઉપરાંત ચાર ઉપવેદ - **આયુર્વેદ**, **ધનુર્વેદ**, **ગાન્ધર્વવેદ** અને **સ્થાપત્યવેદ** પણ પ્રકટ થયા. બ્રહ્મચર્યના ચાર પ્રકાર બતાવે છે - ૧. **સાવિત્ર** - જે જનોઈવાળાનો ગાયત્રી શિક્ષા કાળ છે. તે ત્રણ રાત્રીનો હોય. ૨. **પ્રજાપત્ય** - તે વર્ષપર્યંત 'વેદવ્રત' છે. ૩. **બાહ્ય** - તે વેદ ગ્રહણાત્મક છે અને ૪. **બૃહત** - નૈષ્ઠિક છે. ગૃહસ્થાશ્રમની વૃત્તિના ચાર પ્રકાર બતાવે છે. ૧. **વાર્તા** - અર્થાત્ ખેતી વગેરે, ૨. **સંચય** - અર્થાત્ સંગ્રહ, ૩. **શાલીન** અર્થાત્ અલ્પ ધાન્ય યાચના (ભટકતો ભિખારી) અને ૪. **શીલોંચ્છ** - એટલે ખળા કે બજારમાં પડેલા દાણા વીણવા. વાનપ્રસ્થના ચાર પ્રકાર બતાવે છે - ૧. **વૈખાનસ** - એટલે વનમાં રહીને ભગવાનનું ભજન કરવું (જેનો વૈખાનસ સૂત્રમાં ઉપદેશ કરેલો છે), ૨ **વાલખિલ્ય** - સૂર્યપક્વ અન્ન ખાનાર. ૩. **ઔદુમ્બર** - વૃક્ષ-ફલ પર જીવનાર અને ૪. **ફેનપ** એટલે અરણ્યમાં રહેનાર, વાયુ અને જલ પર રહેનાર. તેવી જ રીતે સંન્યાસીના પણ ચાર પ્રકાર બતાવે છે - ૧. **કુટિચર** - પુત્રોએ બનાવેલી કુટિરમાં રહેનાર, ૨. **બહ્વોદ** - જ્યાં જલ બહુ હોય ત્યાં વસનાર, જેઓ કર્મને ગૌણ ગણે અને જ્ઞાનને મુખ્ય માને, ૩. **હંસ** - જ્ઞાનાભ્યાસમાં નિષ્ઠા રાખનાર અને ૪. **નિષ્ક્રિય** - જેણે તત્ત્વને પ્રાપ્ત કરી લીધેલું હોય તે. **શ્રુતિ કહે છે કે જ્યારે વૈરાગ્ય થાય તે જ દિવસે સંન્યાસ લેવો જોઈએ.**

દ્વિજે અર્થાત્ બ્રાહ્મણે આયુષ્યનો પહેલો ચોથો ભાગ ગુરુને ઘેર રહીને, આયુષ્યના બીજા ભાગમાં સ્ત્રી પરણી ઘરમાં વાસ કરવો, ત્રીજે વાનપ્રસ્થ અને અંતભાગમાં સંન્યાસ ગ્રહણ કરવો તેમ વિધાન છે. બ્રહ્મચર્ય પાળનાર ભક્તોએ સદા બ્રહ્મચર્ય પાળવું. તેઓનો એ એક જ આશ્રમ છે. તેમ **વૈરાગ્યરહિત અને પ્રબળ કામવાળાને ગૃહસ્થાશ્રમ જ આશ્રમ છે. તેઓએ શક્તિ પ્રમાણે વેદોનો અભ્યાસ કરી વિધિ પ્રમાણે લગ્ન કરી જીવતાં સુધી અગ્નિહોમ હોમ કરવો. શરીરનો નાશ થાય ત્યાં સુધી અગ્નિહોમ કરવાની શાસ્ત્ર આજ્ઞા છે.** બ્રાહ્મણોએ એક ભાગથી પણ શ્રુતિઓનું ઉલ્લંઘન ન કરવું જોઈએ. તેવી રીતે વાનપ્રસ્થ (એક આશ્રમ) હોય ત્યારે શક્તિ પ્રમાણે બ્રહ્મચર્યથી વેદનો અભ્યાસ કરીને દેહ પડે ત્યાં સુધી વનમાં વાસ અને તપ કરવા જોઈએ. જેમનો સંન્યાસ (એક આશ્રમ) હોય તેઓએ પહેલાના જન્મમાં તે જન્મના આયુષ્યના ભાગના અનુક્રમથી સંન્યાસ ધારણ કરેલ અને જ્ઞાન પ્રાપ્ત કરેલ. દૃઢ વૈરાગ્યવાળા અને સદા આત્માનું ચિંતન કરનાર પુરુષ હોય તેનો ભગવાનમાં પ્રેમ ન હોવાથી સત્પુરુષનો ઘેર ફરીથી જન્મ થાય છે. તેને વેદનો અભ્યાસ કરવામાં આવતાં પહેલાનું જ્ઞાન જાગ્રત થાય છે. ત્યારે જે દિવસે વૈરાગ્ય થાય તે જ દિવસે સંન્યાસ ધારણ કરવો જોઈએ, અન્યથા તે પતિત થાય છે.

આમ આશ્રમોને સમજાવી ઉપર કહ્યા તે ઉપવેદો જણાવી વિવિધ છંદોની ઉત્પત્તિ બતાવે છે. સમર્થ પ્રજાપતિના રૂંવાડામાંથી **ઉષ્ણિક** (૨૮ અક્ષર), ત્વચામાંથી **ગાયત્રી** (૨૪ અક્ષર),

માંસમાંથી **ત્રિષ્ટુપ** (૪૪ અક્ષર), સ્નાયુમાંથી **અનુષ્ટુપ** (૩૨ અક્ષર), હાડકામાંથી **જગતી** (૪૮ અક્ષર), મજ્જામાંથી **પંક્તી** (૪૦ અક્ષર) અને પ્રાણમાંથી **બ્રહતી** (૩૬ અક્ષર) છંદો ઉત્પન્ન થયા. આમ બ્રહ્માના દેહમાંથી સૂક્ષ્મ અને સ્થૂલ એવા ભેદવાળા છંદોની ઉત્પત્તિ થઈ છે. શબ્દ બ્રહ્મમાં **''ક''** થી **''મ''** સુધીના પચ્ચીસ **વ્યંજન** જીવરૂપ છે, **સોળ સ્વર અ, આ....** દેહરૂપ છે, ચાર ઉષ્મ **શ, ષ, સ, હ** ઈન્દ્રિય છે અંતસ્થ **ય, ર, લ, વ** તેના દેહનું બળ છે. એ પ્રમાણે ચાર મૂર્તિવાળા અક્ષરબ્રહ્મનું સ્વરૂપ બતાવ્યું છે. **ઉદાત્** (ઉંચો સ્વર), **અનુદાત્** (નીચો સ્વર) અને **સ્વરિત** (બેની વચ્ચેનો સ્વર), એમ ત્રણ પ્રકારનો સ્વર બતાવ્યો છે. **ષડજ** વગેરે સાત સ્વરો ઉત્પન્ન કર્યા છે. જેમ બ્રહ્મરૂપથી જગતનો પ્રકાશ કરે છે તેમ નામથી પણ પ્રકાશ કરે છે. એ જ **શબ્દબ્રહ્મ**નું પ્રયોજન છે. પરબ્રહ્મ પોતે જ પ્રકાશતું હોવા છતાં શબ્દબ્રહ્મથી જ તેનો પ્રકાશ છે, અર્થાત્ તેનું ભાન થાય છે.

બ્રહ્માજીએ આ સમગ્ર સૃષ્ટિને પ્રકટ કરી છતાં સંતોષ ન થયો. પોતાની પ્રજા કેમ વધે ? તેનો વિચાર કર્યો. તેમણે ફરીથી ભગવાનના સ્વરૂપનું ચિંતન કર્યું. તેમણે વિચાર્યું કે હું સદા ઉદ્યોગ કરતો હોવા છતાં પણ નિશ્ચિત પ્રજાની વૃદ્ધિ થતી નથી, શું દૈવ આમાં વિઘ્ન કરે છે ? તેમણે બીજો દેહ ધારણ કરીને બીજા પ્રકારની સૃષ્ટિ રચવાની ઈચ્છા કરી. તેમણે ઉત્પન્ન કરેલા **'મરીચિ'** વગેરે ઋષિઓ ઘણા પરાક્રમવાળા હોવા છતાં, તેટલા ઋષિઓથી સૃષ્ટિનો વિસ્તાર નહીં થાય તેમ જાણી બીજા દેહથી કાર્ય કરવાની તેમણે ઈચ્છા કરી. શ્રી મહાપ્રભુજી કહે છે- **'અશક્ય કાર્યમાં શ્રી હરિ જ શરણ છે'** તેથી પહેલાં થોડું તપ કરેલું ત્યારે ભગવાને પ્રસન્ન થઈને પણ ફરી તપ કરવાની આજ્ઞા કરેલી. તેમ આ સમયે પણ બ્રહ્માએ ભગવાનના સ્વરૂપનું ફરી ચિંતન કર્યું અને ભગવાન ક્યારે પ્રસન્ન થશે, એમ દૈવની રાહ જોતા હતા ત્યારે તેમની સૃષ્ટિ રચવાની અશક્તિ જાણીને ભગવાને જ બ્રહ્માના દેહનો બે વિભાગ કર્યા. ત્યારથી તે બે વિભાગને લોકો **'કાય'** કહે છે. **'કા ઈયમ્'** આસ્ત્રી કોણ ? **'કોડયમ્'** આ પુરુષ કોણ ? તે બેને ભેગા કરવા એક (સ્ત્રી)ના **'વિશેષ્ય'**નો અને બીજા (પુરુષ)ના **વિશેષણ**નો લોપ કરીને (લોકો) એટલે **'કાયમ્'** શબ્દથી ઓળખાય. આમ દેહના તે બે વિભાગથી યુગલ ઉત્પન્ન થયું. આ યુગલમાં જે પુરુષ હતો તે **'મનન'**થી ઉત્પન્ન થયેલ હોવાથી **'મનુ'** કહેવાયા, અને જે સ્ત્રી હતી તે ઈચ્છાથી થયેલ, તે **'શતરુપા'**. પોતાની મેળે ઉત્પન્ન થયેલ હોવાથી **'મનુ'**ને સ્વયંભુવ કહે છે, અને જેના સેંકડો રૂપ છે તે **'શતરુપા'** એમ સૂચવેલ છે. શ્લોકમાં **મહિષી** શબ્દથી સર્વ કામનાઓ પૂર્ણ કરનારી **'શતરુપા'**, જે **મનુ**ને અધિક ભોગ અને અધિક સૃષ્ટિ કરાવશે તેમ સૂચવે છે અને **'મહાન'** શબ્દથી ભગવાન જેના આત્મા છે તે મહાત્મા 'મનુ' માટે શબ્દ પ્રયોગ કર્યો છે. તેમ જ **'મિથુન'** શબ્દથી 'યુગલ'નો અર્થ છે એટલે ભેગા થવું. તે જ તેઓનો **'ધર્મ'** એટલે સૃષ્ટિ રચવાનો ઉપાય છે. આમ મૈથુન દ્વારા આનંદમાં આવેલી પ્રજાઓ વધવા લાગી તેમ સૂચવે છે. મિથુન ધર્મથી ખરેખર

પ્રજાઓ વધવા લાગી, તેમાં ‘ખરેખર’, તે આનંદમાંથી જ આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, તેમ સંકેત આપે છે.

તત્પશ્ચાત્ મનુ દ્વારા શતરુપાને પાંચ સંતાનો થયા. તેમાં **પ્રિયવ્રત** અને **ઉત્તાનપાદ** એ બે પુત્રો અને **આકૂતિ**, **દેવહૂતિ** અને **પ્રસૂતિ** નામની ત્રણ પુત્રીઓ ઉત્પન્ન થઈ. મનુએ ‘આકૂતિ’ને રૂચિ-ઋષિ સાથે પરણાવ્યા. કર્દમ ઋષિને દેવહૂતિ દીધી અને દક્ષ સાથે પ્રસૂતિને પરણાવ્યા. રુચિ એ બીજા કલ્પમાં ઉત્પન્ન થયેલા બ્રહ્માનો પુત્ર હતો, કર્દમ ઋષિ છાયાથી ઉત્પન્ન થયેલ જે ભગવદ્રૂપ **‘કાળ’** હતો, દક્ષ બ્રહ્માના અંગુઠામાંથી ઉત્પન્ન થયેલો. પુરુષ અંગુઠાના માપનો છે’ તેમ શ્રુતિ કહે છે. તેથી તે ભગવાનથી જ ઉત્પન્ન થયેલ તેમ બતાવે છે. આ ત્રણેય યુગલના સંબંધથી જે **‘કાર્ય’** થયું તેનાથી જગત ભરપૂર થયું તેમ સમજાવે છે.

❀ પ્રકરણ – ૫ (મુક્ત જીવસૃષ્ટિ)

આ પાંચમાં પ્રકરણમાં મુક્ત જીવસૃષ્ટિનું વર્ણન છે. તેમાં તેરથી ઓગણીસ એમ સાત અધ્યાય છે. તેરમા અધ્યાયમાં ત્રીજા વરાહકલ્પની કથા છે જેમાં **કાળ** અને **જીવ**ની સૃષ્ટિનું નિરૂપણ કર્યું છે જ્યારે ચૌદથી ઓગણીસમાં કલ્પ સુધીના છ અધ્યાયોમાં **‘મતાન્તર ભાષા’**થી પ્રાપ્ત થયેલ હિરણ્યાક્ષના વધના પ્રસંગ કહેલા છે. આ વિષયમાં એવી વ્યવસ્થા છે કે જે કથા કહેવામાં આવી રહી છે તેમાં ચાલતા પ્રસંગથી પ્રાપ્ત થયેલી કથાના ખાસ પ્રકારથી પ્રશ્નો પૂછવામાં આવે તો જે પૂછેલું હોય તેટલું જ માત્ર ન કહેવું પરંતુ જે કલ્પમાં પૂછેલ વિષય ઉત્તમ પ્રકારે સિધ્ધ થયેલ હોય તે જ કહેવું જોઈએ, કારણ કે પ્રશ્ન કરનારમાં ભક્તિ ઉત્પન્ન કરવી તે જ તેના ઉત્સાહમાં વધારો કરનારું હોય છે.

● અધ્યાયાર્થ (અધ્યાય ૧૩)

આ અધ્યાયમાં **યજ્ઞાત્મા વરાહ ભગવાન**ના પ્રાદુર્ભાવની કથા છે. અગાઉના અધ્યાયોમાં **કાલ** અને **જીવ**ની સૃષ્ટિનું નિરૂપણ કરવામાં આવ્યું. જેમાં **બ્રહ્મકલ્પ** અને **પદ્મકલ્પ**નું પણ નિરૂપણ આવી ગયું. ભૂમિ પણ સૃષ્ટિનું કારણ છે તેથી આ અધ્યાયમાં તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જેની સાથે જોડાયેલ **વરાહકલ્પ**નું પણ નિરૂપણ અહીં આવી જાય છે.

આ અધ્યાયમાં બધા તત્ત્વોનું નિરૂપણ કરેલું નથી કારણ કે પહેલા કલ્પના પદાર્થોના સાધારણ ગુણો સર્વ કલ્પમાં ચાલુ રહે છે. તેથી જે વધારાના ગુણો હોય તે જ કહેવામાં આવ્યા છે. **વરાહ કલ્પ**માં ભૂમિની સ્થિતિ પહેલા જેવી ન હતી. તે અગાઉના કલ્પમાં હતી તેનાથી જુદા પ્રકારની વરાહ કલ્પમાં હોવાથી તેનું વર્ણન આ અધ્યાયમાં કરવામાં આવ્યું છે. બ્રહ્માના ધ્યાન અને ઈચ્છા એવા બે વિભાગ થયાનું બારમા અધ્યાયમાં બતાવ્યું. જેનાથી ઈચ્છાથી **‘શતરૂપા’** અને ધ્યાનથી ‘મનુ’ ઉત્પન્ન થયેલા એમ કહ્યું. મનુની ઉત્પત્તિ ભગવાનની વિભૂતિઓનો વિસ્તાર થાય તે માટે કરેલી, જે ભગવાનની **‘લીલા’** છે વિદુરજી પ્રથમ **‘મનુ’** સંબંધી પ્રશ્ન કરે છે, જે સૂચવે છે કે મનુ

ભગવાનનો ભક્ત છે. (ભગવાનના ભક્તોની કથા કહેવા તેમણે મૈત્રેયજીને વિનંતિ કરેલી.) બ્રહ્માએ મનુને સંતાન ઉત્પન્ન કરવાની, પ્રજાનું અથવા પૃથ્વીનું ધર્મ પ્રમાણે પાલન કરવાની અને ભગવાનના યજ્ઞો કરવાની, એમ ત્રણ પ્રકારના કાર્ય કરવાની આજ્ઞા કરેલી. તેનું વર્ણન અહીં પ્રથમ શ્લોકમાં મનુ અને બ્રહ્માના સંવાદરૂપે રજુ કરવામાં આવ્યું છે.

શ્રી મહાપ્રભુજી અહીં સંદેહ ઉત્પન્ન કરી ખુલાસો કરે છે કે અગાઉના **પદ્મકલ્પ**માં ભગવાનની નાભિ કમલમાં રહી બ્રહ્માએ સૃષ્ટિ રચેલી, જે કમળ વરાહ કલ્પમાં નથી તો બ્રહ્માએ કેવી રીતે સૃષ્ટિ ઉત્પન્ન કરી હશે, તે સમજાવવા કહે છે કે અહીં ૧૭મા શ્લોકમાં બ્રહ્માજીનું વાક્ય છે કે **''હું સૃષ્ટિ રચતો હતો તેટલામાં તે જળમાં ડૂબી ગઈ.''** તેથી જણાય છે કે બ્રહ્માએ પોતે પહેલા જળમાંથી પૃથ્વી બહાર કાઢેલી અને તેના પાલન કરવાની તેમણે મનુને આજ્ઞા કરેલી. બારમા અધ્યાયમાં **પ્રિયવ્રત** વગેરેની સૃષ્ટિ કહી તે **'આદિવરાહ કલ્પ'**માં થયેલી અને આ અધ્યાયમાં મનુએ જે વિજ્ઞપ્તિ બ્રહ્માને કરી તે બીજા દિવસે સવારમાં કરેલી. બ્રહ્મા સત્યલોકમાં રહીને સૃષ્ટિ રચતા હતાં, ત્યારે મનુ પોતાને રહેવાનું સ્થાન શોધવા ગયેલ ત્યારે તેમણે પૃથ્વીને જળમાં ડૂબી ગયેલી જોઈ. ત્યાંથી પાછાઆવી બ્રહ્માને વિજ્ઞપ્તિ કરેલી તેમ સમજાવે છે. તે વિજ્ઞપ્તિ કરી ત્યારે જ નિકટના સમયમાં જ પૃથ્વી ડૂબી ગયેલ હોવાથી બ્રહ્માએ **''હમણાં જ ડૂબતી''** શબ્દો કહ્યાં. બ્રહ્માએ વિચાર્યું કે **''જો હું ફરીથી પૃથ્વીને ફરીથી જળમાંથી બહાર કાઢીશ, તો પણ પહેલાની પેઠે તે ફરી ડૂબશે,''** તેથી તેમણે પોતાની સર્વ ઈન્દ્રિયોને વશ કરીને આદરપૂર્વક પરમાત્માનું ધ્યાન ધર્યું. ધ્યાન ધરતાની સાથે જ પહેલા જ શ્વાસ સાથે શ્રી કૃષ્ણ તેમના નાકમાંથી બહાર નીકળ્યા એમ શ્લોક ૧૮માં જણાવે છે, અર્થાત્ શ્રી કૃષ્ણ **'વરાહ સ્વરૂપ'**થી બ્રહ્માના નાકમાંથી બહાર નીકળેલા. શ્રી મહાપ્રભુજી એનું તાત્પર્ય સમજાવે છે કે **'ભક્ત દુ:ખનો નિશ્વાસ (નિસાસો) મૂકે તે પહેલાં જ ભગવાન્ પ્રકટ થાય છે.'**

'વરાહ' યજ્ઞની સમાન છે. **'મન્યુ'** (ક્રોધી શબ્દનો અર્થ યજ્ઞ છે તેથી જ તે પશુઓને હણે છે (યજ્ઞમાં પશુઓનો વધ થાય છે). શ્રુતિ વચન છે કે ''પશુઓનો 'વરાહ' મન્યુ છે.'' તેથી ભગવાન વરાહ સ્વરૂપથી પ્રકટ થયા. બીજું એ પણ કારણ બતાવે છે કે **હાથી** અને **વરાહ** એ બે જ જળમાંથી પદાર્થ બહાર કાઢવાની શક્તિવાળા છે. વરાહ 'મન્યુ' (યજ્ઞ)નું રૂપ છે અને **'યજ્ઞ જ કર્મરૂપ છે'**, તેથી સૃષ્ટિના કારણ રૂપ પણ છે. તેથી ભગવાને હાથીનું રૂપ ન લેતા **'વરાહ'**નું રૂપ ધારણ કર્યું છે. તે ભગવાનનો અવતાર છે, તેમનું આનંદ સ્વરૂપ છે, તે ભગવાનની **'ક્રિયા શક્તિનો'** અવતાર છે, એમ જણાવવા તેમણે યજ્ઞને મળતા આવતા વરાહનું રૂપ લીધેલું તેમ સમજાવે છે. પૂર્વકાંડમાં 'યજ્ઞ' રૂપે ક્રિયાશક્તિનું નિરૂપણ છે.

શ્લોક ૪૬માં કહે છે કે ''પોતાની ખરીઓથી દબાયેલા જળમાં પૃથ્વીને સ્થાપી.'' તેનો મર્મ સમજાવતાં ખુલાસો કરે છે કે તે સમયે ભૂમિ પચાસ કરોડ યોજન વિસ્તારવાળી ન હતી પરંતુ માત્ર

એક લાખ યોજનવાળી હતી તેમ શ્રી મહાપ્રભુજીનો મત છે, કારણ કે **જંબુદ્વિપ** જ કર્મ કરવાની ભૂમિ છે અને આ વરાહ ભગવાને ઉધ્ધાર કરેલી ભૂમિનો તેમાં **કર્મ** કરાય તે માટે જ તેનો ઉધ્ધાર કરેલો છે. અન્ય વિદ્વાનોનો આવો મત નથી કારણ કે અગિયારમાં અધ્યાયમાં ભૂમિ પચાસ કરોડ યોજનના વિસ્તારવાળી બતાવી છે. (અહીં જ્યોતિષ શાસ્ત્ર મુજબ પણ તર્કયુક્ત ખુલાસો કર્યો છે. પરંતુ મૂળ પ્રયોજન એમ જણાવે છે કે જંબુદ્વિપ જ કર્મ કરવાની ભૂમિ છે, અને તેનો વિસ્તાર એક લાખ યોજનનો છે જેનો ખુલાસો પાંચમાં સ્કંધના સોળમા અધ્યાયમાં કરેલો છે.)

વરાહ ભગવાને ભૂમિનો ઉધ્ધાર કર્યો અને હિરણ્યાક્ષને હણ્યો ત્યારે ઋષિઓએ વરાહ સ્વરૂપમાં તેમની શ્રદ્ધા નથી તેમ કહી ભગવાનની સ્તુતિ કરેલી જેનું વર્ણન શ્લોક ૩૪થી ૪૬માં કર્યું છે. તે પછી વરાહે ભૂમિનું સ્થાપન કર્યું છે. કલ્પના આરંભમાં ભૂમિનો ઉધ્ધાર વરાહે કર્યો ત્યારે હિરણ્યાક્ષ તેમની સાથે યુદ્ધ કરવા આવ્યો તે કયા સમયનો ઉત્પન્ન થયેલો હશે તેવી ઉત્કંઠાનો ખુલાસો કરતાં કહે છે કે તેનો જન્મ આ કલ્પની પહેલાના કલ્પમાં થયેલો. પહેલાની સૃષ્ટિનો નાશ તો **મહાકલ્પ** (બ્રહ્માનું વર્ષ પૂર્ણ થાય) તે સમયે જ થાય છે. વચલા કલ્પોમાં ત્રણ લોકમાં જે જીવો હોય તે પૈકી અસૂરો નીચેના લોકમાં જાય છે અને મનુષ્યોનો તો નાશ થાય છે. મનુ વગેરેને દેવો જાણવા. ઋષિઓ પણ ઉપરના લોકમાં જાય છે અને સત્યલોકમાં રહે છે. તેથી આ કલ્પ પહેલાના કલ્પના અંતે કશ્યપ ઉપરના લોકમાં ગયેલ અને દિતિ નીચેના લોકમાં રહેલાં, જ્યારે દેવો ઉપરના લોકમાં ગયેલ. મનુષ્યો વગેરે બીજાઓનો તો નાશ જ થયેલો છે. ઋષિઓ અને તેઓના પુત્રો બ્રહ્માની સમાન છે. તેથી તેઓ સત્યલોકમાં જ રહેલા તેમ નિર્ણય કરેલ છે.

આ પ્રકરણ વરાહે ભૂમિનો ઉધ્ધાર કર્યો ત્યાં જ પુરું થાય છે. તે સિવાય આ પ્રકરણનું અન્ય પ્રયોજન નથી. હિરણ્યાક્ષ આ કલ્પમાં નમાલો હતો અને યજ્ઞ (વરાહ) તેને ભસ્મ કરનાર અર્થાત્ સહેલાઈથી હણનાર હતાં તેથી તે જેવો આવ્યો કે તરત જ વરાહ ભગવાને ભૂમિને પોતાની દાઢ ઉપર રાખેલી હોવા છતાં તેને હણેલા. ઋષિઓએ કરેલી સ્તુતિમાં વરાહ યજ્ઞરૂપ છે તે વાત સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ કલ્પમાં હિરણ્યાક્ષને હણવાનું જ મુખ્ય કાર્ય હતું. તેમાં ભગવાને પ્રથમ ભૂમિનો ઉધ્ધાર કર્યો અને પછી તેનું સ્થાપન કરેલ છે. તે પછી બ્રહ્માજીએ વરાહની સ્તુતિ કરી છે તેનું વર્ણન છે.

આ પ્રમાણે શ્રી મહાપ્રભુજીએ આ અધ્યાયના મર્મનો ખુલાસો કર્યો છે.

• સુબોધિની (અધ્યાય ૧૩)

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે આ તેરમા અધ્યાયમાં સૃષ્ટિના ‘કારણ’નું જેવું રૂપ છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. ભગવાન **‘વરાહ’**, વેદના અર્થરૂપ હોવાથી સૃષ્ટિના કારણરૂપ છે. જો તેઓ સર્વ વેદના અર્થરૂપ ન હોત તો વૈદિક સૃષ્ટિને બદલે તે પ્રાકૃત થવાને લીધે સ્વપ્ન સમાન હોત. આ અધ્યાયમાં **‘યજ્ઞ’**નું નિરૂપણ કરવામાં આવ્યું છે, જે સૃષ્ટિની પ્રવૃત્તિનું કારણ છે. તેને

માટે ભગવાન **'વરાહ'** રૂપથી પ્રકટ થયા છે. આ અધ્યાયમાં **'હિરણ્યાક્ષ'** સાથે યુદ્ધનું વર્ણન છે. પરંતુ તે તો મનુની પુત્રીના વંશમાં ઉત્પન્ન થયેલો છે. વળી આ અધ્યાયમાં જ મનુને સંતાન ઉત્પન્ન કરવાની આજ્ઞા બ્રહ્માજી કરે છે તો વરાહ ભગવાનનું હિરણ્યાક્ષ સાથે યુદ્ધ કેવી રીતે સંભવે ? એમ શંકા થાય તેનું સમાધાન કરતાં કહે છે કે મનુ પહેલાના કલ્પમાં ઉત્પન્ન થયેલ છે. તે જ કલ્પમાં તેને પાંચ સંતાનો ઉત્પન્ન થયેલા. પછી બ્રહ્માની રાત થતાં તે સત્યલોકમાં પત્ની અને સંતાનો સાથે રહેલા. બીજા કલ્પની શરૂઆતમાં તેનો બ્રહ્મા સાથે સંવાદ થયો, જેમાં તેમણે મનુને ગુણોમાં પોતાની સમાન સંતાન ઉત્પન્ન કરવા કહ્યું હતું. તે કથા બીજા કલ્પની શરૂઆતની છે. **'વરાહ કલ્પ'** તે પછીનો છે.

કલ્પભેદ સમજાવતાં કહે છે કે આ કલ્પમાં સર્વ જગતની ઉત્પત્તિ થયેલી હોવાનું બતાવ્યું છે. તેના પછી પેટા-કલ્પોમાં સર્વ જગત નહીં પણ માત્ર નાશ પામેલા લોકોની જ ઉત્પત્તિ કરી છે. વધુ વિસ્તાર કરતાં કહે છે કે જ્યારે પદ્મકલ્પનો નાશ થયેલો ત્યારે વરાહકલ્પના આરંભમાં બ્રહ્માએ કમલપત્ર ઉપર **પાતાલ**, **રસાતલ** અને **સત્યલોક** રાખી **'યજ્ઞભૂમિ'** થાય તે માટે બાકીની માટી વરાહરૂપથી કમલપત્ર ઉપર પાથરી, પછી પોતે સત્યલોકમાં રહી, **સ્વર્લોક** વગેરેની રચના કરી અને મનુ વગેરેને લઈ તેઓ સત્યલોકમાં સૂતા. આમ તે 'કલ્પ'ના પ્રલય દરમ્યાન તેઓ મનુ, કશ્યપ વગેરેને લઈ સત્યલોકમાં રહ્યા અને દિતિ વગેરે રસાતલમાં રહેલા, જ્યારે બીજા બધાનો નાશ થયો. પછી **'આદિવરાહ કલ્પ'**ની રાત પૂરી થતાં વરાહ કલ્પના પ્રાત :કાલે ભૂમિ ડૂબી ગઈ, તે સમયે મનુને સંતાન ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી. તે સાંજે ભૂમિ ડૂબી ગયાનું જાણી મનુએ સ્થાન માટે વિનંતી કરી. ત્યારે બ્રહ્માજીએ ભગવાનનું ચિંતન કરવાથી **'વરાહ ભગવાન'**નું પ્રાગટ્ય થયું અને રસાતલમાંથી ભૂમિ લાવતાં, ત્યાં રહેલા **'હિરણ્યાક્ષ'** સાથે તેમણે યુદ્ધ કર્યું.

વિદુરજી મનુની ઉત્પત્તિની વાત મૈત્રેયજી પાસે સાંભળી, તે પછી શું પ્રવૃત્તિ કરી તે પૂછે છે. મૈત્રેયજી સમજાવે છે કે **'ભગવાન' અને 'ભગવાનની કથા' બન્ને સ્વતંત્ર છે. ભગવાનના ભક્તોને ભગવાનનો આશ્રય હોય છે. તેમની કથા પણ ભગવાનના આશ્રયવાળી હોય છે. તે કહેનાર અને સાંભળનાર બન્નેનો ભગવાનમાં આશ્રય સિધ્ધ થાય છે. ભક્તોની કથા સાંભળવાથી ભગવાનમાં રૂચી ઉત્પન્ન થાય છે.** 'મનુ'ના કાર્ય વિશે જાણવા ઈચ્છતાં વિદુરજીને કહે છે કે મનુને ભગવાને સૃષ્ટિ રચવા માટે જ ઉત્પન્ન કર્યા હતાં તેથી તેમણે પ્રથમ **'વેદ ગર્ભ'** બ્રહ્માજીને બે હાથ જોડી વિનંતી કરી. અહીં **'સ્વભાર્યયા'** શબ્દ પ્રયોગ કર્યો છે તેનો મર્મ શ્રી મહાપ્રભુજી બતાવે છે કે **'પોતાની પત્ની સાથે'** એ શાસ્ત્રમાં મના કરવામાં ન આવી હોય તેવી પ્રજાને ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી છે. પુત્રના બે કાર્ય બતાવ્યા છે - (૧) **પિતાની સેવા** અને (૨) **તેમની આજ્ઞા મુજબ વર્તવું.** તેથી મનુએ બે હાથ જોડી બ્રહ્માજી પાસે સેવા કરવાની આજ્ઞા માગી. બ્રહ્માજીએ તેમને **પ્રજાનું સર્જન, ધર્મપૂર્વક પૃથ્વીનું પાલન** અને **યજ્ઞ દ્વારા ભગવાનનું 'યજન'**

કરવાની આજ્ઞા કરી. મનુએ નમસ્કાર કરી આજ્ઞાનો સ્વીકાર કર્યો. કપટ વગર, આદરપૂર્વક પોતાની શક્તિ પ્રમાણે આજ્ઞા પાળવી તે **'આત્મસમર્પણ'** છે. આજ્ઞા પાલન વગર આત્મસમર્પણ સંભવે નહીં. પુત્રે પિતાની સેવા કરવી જોઈએ, બ્રહ્માની આજ્ઞાથી મનુ પ્રજા ઉત્પન્ન કરે તે જ તેની સેવા છે. શ્રી મહાપ્રભુજી કહે છે **'ભગવાને જે કરવાનું છે તે કરવું એ ભગવાનની ઉત્તમ સેવા છે.'**

બ્રહ્માની આજ્ઞા સાંભળી મનુએ નમ્ર નિવેદન કરતાં તેમને કહ્યું કે 'આપે સૃષ્ટિનું સર્જન કરવાનું કહ્યું, પરંતુ પ્રલયના જલની અંદર સર્વના આધારરૂપ પૃથ્વી તો ડૂબી ગઈ છે. તેના ઉધ્ધાર માટે આપ પ્રયત્ન કરો.'

ભૂમિ દેવોનું પૂજન કરવાનું સ્થાન છે, જ્યાં યજ્ઞ કરી શકાય. આ પૃથ્વીને અગાઉ આપે જ ઉત્પન્ન કરેલી છે, કારણ કે **'આદિવરાહ કલ્પ'**માં આપે તેને બહાર કાઢી કમલ પત્ર ઉપર પાથરેલી. બ્રહ્માજીએ મનુના વચન સાંભળી અને પૃથ્વીને ડૂબી ગયેલી જોઈ. પોતાની બુદ્ધિથી લાંબા સમય સુધી વિચાર કર્યો કે આને હું કઈ રીતે બહાર કાઢીશ. તેમણે અગાઉની સ્થિતિનું સ્મરણ થયું. પહેલાં તો બ્રહ્મા કમળના પત્ર ઉપર બેઠેલા હતાં તે પત્રને દાંડાનો આધાર હોવાથી અને દાંડાને ભગવાનનો આધાર હોવાથી, તે સમયે તેમણે **રસાતલ**ના છેડેથી પૃથ્વીને લાવીને કમલના પત્ર ઉપર વિસ્તારેલી. હમણાં તેઓ સત્યલોકમાં સ્થિત હોવાથી એવી ચિંતા થઈ કે હું તેને કેવી રીતે બહાર કાઢું અને તેને ક્યાં મુકું? લાંબા સમય સુધી વિચાર કરવા છતાં કોઈ સાધન ન જણાયું ત્યારે તેમણે સ્વતંત્રપણાનો ત્યાગ કરીને ભગવાનને આધીન રહી ઉપાય કરવા વિચાર્યું, કારણ કે ભગવાનની કૃપાથી જ કોઈ સાધન પ્રાપ્ત થશે. તેથી તેમણે ભગવાનને વિનંતિ કરતાં કહ્યું કે **'જેમના હૃદયમાંથી હું ઉત્પન્ન થયો છું તે કરુણાસિંધુ** ઈશ મારું કાર્ય કરો?' અહીં **'કરુણા સિંધુ' કહેવાનું તાત્પર્ય છે કે સેવકથી ઘણા દુ:ખે કાર્ય થઈ શકે, પરંતુ પ્રભુ પોતે પ્રયાસ વિના જ કોઈ પણ કાર્ય કરી શકે. કરુણાવાળા પ્રભુ બીજાના દુ:ખથી દુ:ખી થતા હોવાથી પોતે જ કરે છે; કારણ કે તેમ ન કરે તો તેમનું 'ઈશપણું' ન રહે.**

આમ બ્રહ્મા જ્યારે ભગવાનનું ધ્યાન ધરતાં હતાં ત્યારે તેમની નાસિકાના છિદ્રમાંથી એક અંગુઠાના માપનું વરાહનું બાળક બહાર નિકળ્યું. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ભગવાન આ કાર્ય કરશે એવા નિશ્ચય સાથે જ્યારે ધ્યાન ધરતાં હતાં ત્યારે તેઓ વિચારતા કે ભગવાન ક્યારે અને કયા સ્વરૂપથી આ કાર્ય કરશે? ભગવાન અહીં ક્રિયા કરવાનું સ્થાન ન હોવાથી પોતાના આધ્યાત્મિક સ્વરૂપને પ્રકટ કર્યા વિના જ 'આધિ દૈવિક સ્વરૂપ'થી પ્રકટ થયા, જેમાં ક્રિયાએ તે સ્વરૂપમાં જ પ્રવેશ કરેલો. આ પહેલા અર્થાત્ વરાહ અવતાર પહેલા **'યજ્ઞ'** આધ્યાત્મિક જ હતો. યજ્ઞમાં 'યજમાનમાં રહેલો પ્રયત્ન', 'વૈદિક જ્ઞાન' અને 'ધ્યાન' દ્વારા પ્રકટ થતાં સ્વરૂપ, એ ત્રણેયનો એક બનેલો **'યજ્ઞ'** તેજ **'ભગવાન વારાહ'** છે. તેમની ક્રિયાથી જ યજમાનની ક્રિયા

(પ્રયત્ન) થાય છે. સર્વ યજ્ઞરૂપ અર્થાત્ યજ્ઞની સામગ્રી સાથેનું અને સર્વ યજ્ઞરૂપ એટલે વેદ તેમની અંદર જ રહેલા છે, કેમ કે વેદો **'ભગવાનના નિશ્વાસ'** છે તે શ્રુતિ પ્રમાણે - તેઓ બ્રહ્માના શ્વાસ લેવાના માર્ગથી બહાર નીકળ્યા. **'વરાહ'** એટલે **વરાન્** (ઈચ્છેલા પદાર્થોને) **આહરતિ** (એટલે લાવી આપે) તે **'વરાહ'.** તેઓ સર્વ ઈચ્છેલા પદાર્થો આપનાર છે. **'પુરુષ'** માત્ર અંગુઠા જેટલો છે એવી શ્રુતિ હોવાથી માત્ર અંગુઠા જેટલા માપવાળા જ વિશ્વનો ભોગ કરનાર અને ઈશ્વર છે. યજ્ઞનું સ્વરૂપ જ વિશ્વનો ભોગ કરનારુ છે, કારણ કે બધું અન્ન અને બધા પશુઓ તે સ્વરૂપમાં જ છે. **'અંગુઠો'** શબ્દ અંગુઠાના ટેરવાના અર્થમાં જ યોજાયેલ છે. આમ ઉત્પત્તિથી તે આધિદૈવિક સ્વરૂપ બતાવ્યું અને જ્ઞાનથી તે સ્વરૂપને કહેવા માટે તે 'ભગવાન' છે, તેમ બતાવવા, 'કાલ' વગેરેથી સીમિત નથી તેમ દર્શાવવા તે સૂક્ષ્મ સ્વરૂપની સ્થુળતા જણાવતાં કહે છે કે તેમના દેખતાં જ તે એક ક્ષણમાં હાથી જેટલું વધ્યું.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે બ્રહ્માજીએ ભૂમિનો ઉધ્ધાર કરવા ભગવાનનું ધ્યાન ધર્યું હતું. પરંતુ તેઓ લોક અને વેદમાં નિંદાયેલ આવા (વરાહ)ના સ્વરૂપથી કેમ પ્રકટ થયા?, તેવી શંકાના સમાધાનમાં કહે છે કે દૈત્યનો વધ કરવાનું પ્રયોજન હતું અને તેને માટે **'કાલ'** અને **'ક્રોધ'**ના રૂપવાળું સ્વરૂપ જ ઉપયુક્ત ગણાય. જો દૈત્ય ન હોય તો દૈત્યનો વધ તેમનાથી ન થાય. કારણ કે મર્યાદામાં ક્રૂર પ્રાણીથી જ ક્રૂરનો ઘાત થાય છે. વળી આ યજ્ઞરૂપ ભૂમિનું રક્ષણ વરાહથી થાય છે તે ભૂમિ પર દૈત્યોનું સ્થાન યજ્ઞની 'વેદિ' છે, તે જો દૈત્યનો વધ કરીને લાવવામાં આવે તો દેવોનો યજ્ઞ પૂર્ણ થાય. બ્રહ્મા, મરીચિ વગેરે પોતાના પુત્રો સાથે વિચાર કરતાં હતાં ત્યાં તો પર્વત જેવડા ભગવાન યજ્ઞપુરુષે ગર્જના કરી. બધી દિશાઓમાં પડઘા પાડતી ગર્જનાથી બ્રહ્માને અને ઋષિઓને હર્ષ ઉત્પન્ન થયો. પહેલા તો બ્રહ્માજી 'વરાહ' ભગવાનને ઓળખી ન શક્યા, કેમ કે વરાહ બે છે - એક **''વેદાત્મક યજ્ઞરૂપ ભગવાન વરાહ''** અને બીજા **''વામ મોષ''** વરાહ, તે દૈત્ય વરાહ છે, જે દેવોના યજ્ઞરૂપ દ્રવ્યની ચોરી કરનાર વરાહ છે. તેમણે વિચાર્યું- ''આ બેમાંથી કોણ હશે?'' તેઓ નક્કી ન કરી શક્યા, તેથી મનમાં ખેદ થયો. બ્રહ્માજીને અને ઋષિઓને હર્ષ કરાવવા ભગવાને પ્રચંડ ગર્જના કરી. વરાહનો અવાજ ''ધર-ધર'' થાય. બ્રહ્માજી તો **'ધર'** - અર્થાત્ પૃથ્વીની શોધમાં હતાં તેથી ભગવાનના ગળામાંથી ''ધર્-ધર્'' અવાજ નીકળવા માંડ્યો.

ભગવાનની દરેક લીલા જુદા જુદા કાર્યની પ્રવૃત્તિ કરાવનારી છે. ભક્તોને સુખ થાય તે માટે ભગવાને તેવા પ્રકારની લીલા કરેલી છે. વરાહ ભગવાનના સ્વરૂપ અને ક્રિયાનું વર્ણન કરતાં કહે છે કે તેઓએ પોતાનું પૂછડું ઊંચું રાખેલું જે યજ્ઞની દીક્ષારૂપ છે, કઠોર હતાં, જે તેમની ક્રૂરતા સૂચવે છે, રુંવાડાવાળી ત્વચા ધરાવનાર અને ખરીઓથી વાદળા વિખેરી નાખતા, શ્વેત દાઢો અને દૃષ્ટિરૂપ પ્રકાશવાળા ભગવાન શોભતા હતાં. જેમ હાથી જલમાં ક્રીડા કરવા પ્રવેશ કરે તેમ વરાહ ભગવાને જળમાં પ્રવેશ કર્યો. પૃથ્વી રસાતલમાં પાણીમાં ડૂબી ગઈ છે, ચારે તરફ પાણી ફરી વળ્યું

છે. **ભગવાને હાથીનું રૂપ ન લેતા વરાહનું રૂપ લીધું કારણ કે હાથી મલિનતાનો વધારો કરનાર પ્રાણી છે. સ્નાન કર્યા પછી પણ ધૂળ ઉડાડે છે જ્યારે વરાહ કાદવમાં જ રહે છે અને તેમાંથી જીવજંતુઓને કાઢી નાંખે છે. અર્થાત્ શુદ્ધિનું કાર્ય વરાહ કરે છે.** તે ક્રોધાત્મક પણ છે અને હિરણ્યાક્ષ લોભાત્મક છે. તેથી લોભને બાળવાનું કાર્ય ક્રોધ કરે તે સૂચક છે. તેઓ જળમાં પ્રવેશ કરી પૃથ્વીને પોતાની આંખથી નથી શોધતાં પરંતુ નાકથી શોધે છે. પૃથ્વીનો ગુણ ગંધ છે. ગંધ ઘ્રાણ દ્વારા ઓળખાય. તેથી ઘ્રાણેન્દ્રિય દ્વારા ભગવાન પૃથ્વીને ગંધથી શોધે છે. ભગવાન **'સર્વજ્ઞ'** અને **'સર્વ સમર્થ'** છે, છતાં અવતાર લઈને જેવું રૂપ પ્રકટ કર્યું હોય તેને અનુકુળ રીતે જ બધી ક્રિયાઓ કરે છે. સામાન્ય ભૂંડ સૂંઘીને વસ્તુ શોધે છે. તેથી ભગવાને વરાહ રૂપ ધારણ કર્યું હોવાથી તેઓએ સૂંઘીને પૃથ્વીનો માર્ગ શોધ્યો. રસાતલમાં રહેલી પૃથ્વીને તેમણે જોઈ. તે પૃથ્વીનો ઉધ્ધાર કરી ભવિષ્યમાં એટલે કે ઉધ્ધાર કર્યા પછી તેના પર શયન કરીશ એવી ભગવાને ઈચ્છા કરી. તેમની દાઢ યમરૂપ હોવાથી ભયંકર છે. પરંતુ તેમના નેત્રો સ્નેહરૂપ હોઈ અભય આપનારા છે. પૂરી ડૂબેલી પૃથ્વીને તેમણે પોતાની દાઢથી ઉપાડી. રસાતલમાં ઊભેલા વરાહ ભગવાન ઘણું શોભવા માંડ્યા. ત્યાં તો હાથમાં ગદા લઈને અસૂર હિરણ્યાક્ષ સામે દોડી આવ્યો. ભગવાને તેને જોયો. પૃથ્વીની નીચે સાત લોક છે - **સતલ**, **વિતલ**, **સુતલ**, **તલાતલ**, **રસાતલ**, **મહાતલ** અને **પાતાલ**. ભગવાને ક્ષણવારમાં ક્રોધથી પોતાનું ચક્ર ચલાવ્યું અને અસૂરનો નાશ કર્યો. તેમણે તેનું ઉદર ચીરી નાંખ્યું અને તેના જીવત્વને પોતાના મુખમાં સમાવ્યું કારણ કે તેમ ન કરે તો ભગવાન અને ભક્તોનો તેણે અપરાધ કર્યો હોવાથી તે નરકમાં પડે કે હિન યોનીમાં તેનો જન્મ થાય. ક્રોધથી ભગવાને તેનો વધ કર્યો હોવાથી પુન : તેનો જન્મ થવાનો હતો.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે દૈત્ય ગદા સાથે દોડી આવ્યો તેનું તાત્પર્ય તે શૂરવીર તેમ જ ઘણો વિઘ્ન કરે તેવો તાકાતવાળો હતો. ભગવાનના સુદર્શન ચક્રે વિચાર્યું કે જો ભગવાન ક્રોધ વિના મને ફેંકશે તો ગદા વગેરે શસ્ત્રો જેમ નાશ પામે છે તેમ હું પણ નકામું થઈ જઈશ. તેથી તેણે ભગવાનને તે અસૂરે બ્રાહ્મણોનો દ્રોહ કરેલો તેવા દુર્ગુણોનું સ્મરણ કરાવ્યું. તેથી ભગવાને તીવ્ર અને પ્રજ્વલિત ક્રોધવાળા થયા, જેનાથી તે હણાયો, તેથી જ તેની ફરીથી ઉત્પત્તિ થયેલ છે.

એ રીતે દૈત્યનો નાશ કર્યા પછી ભગવાને ભૂમિનો ઉધ્ધાર કર્યો હોવાથી ઋષિઓ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે - હે, અજીત, યજ્ઞ ઉત્પન્ન કરનાર, આપની સર્વ પ્રકારે જીત જ છે. હે ત્રણ વેદ રૂપ પોતાના શરીરને કંપાવતાં આપને નમસ્કાર. અહીં ત્રણવેદ - **ઋગવેદ**, **સામવેદ** અને **યજુર્વેદ** કહ્યા છે કારણ કે **અથર્વવેદ**ના મંત્રો મુખ્યત્વે બ્રહ્મનું જ નિરૂપણ કરતા હોવાથી પ્રમાણના મુખ્યપણા વિના શાસ્ત્રનું નિરૂપણ કરનાર અન્ય ત્રણને ગણાવેલ છે. તેથી વરાહનું સ્વરૂપ ત્રણ વેદોનું જ છે કારણ કે વેદોએ પણ તે શરીરમાં પ્રવેશ કરેલો કહ્યું છે. ભગવાનના રૂંવાડા બહાર નીકળવાના સ્થાને જે છીદ્રો છે તે વિશાલ ખાડાઓ છે, જેમાં બધા યજ્ઞો છુપાયેલા છે. આમ તેમનો

દેહ યજ્ઞરૂપ છે, ત્વચામાં છંદો છે, રૂંવાડા કુશ (દર્ભ) રૂપ છે. દ્રષ્ટિમાં તેજોરૂપ ઘી છે, ચરણમાં **'ચાતુ હોત્ર'** છે, મુખમાં ઘી હોમવાનું પાત્ર છે. નસ્કોરામાં સોમ હોમવાનું પાત્ર છે, ઉદરમાં **ઈડાપાત્ર** છે. (યજ્ઞમાં આહૂતિ આપ્યા પછીથી વધેલો ભાગ ઋત્વિક જે પાત્રમાં વહેંચી લે છે તે 'ઈડાપાત્ર' કહેવાય છે.) કાનના છિદ્રો 'ચમશો' (સોમરસનું પાન કરવાનું પાત્ર) છે. બ્રહ્મપાત્ર આપના શ્રી મુખમાં છે. બ્રહ્મભાગ દાંતનો સ્પર્શ કર્યા વિના ગળી જવાનો હોય છે. ગળામાં અને જીભના મૂળમાં બધા ઈન્દ્રા વાયુ વગેરેના ગ્રહ પાત્ર છે. ભગવાનનું ચાવવું તે સાક્ષાદ્ અગ્નિહોમ છે. યજ્ઞમાં દીક્ષાથી યજમાનપણું પ્રાપ્ત થાય છે. યજમાન પણ યજ્ઞરૂપ છે. દીક્ષાથી દરેક યજ્ઞમાં યજમાન રૂપે યજ્ઞનો જન્મ છે. આમ સમગ્રપણે વરાહ ભગવાન સાક્ષાત યજ્ઞરૂપ છે તેમ પ્રતિપાદિત કરે.

વળી કહે છે, હે ભગવન્, આપે દાંતના અગ્રભાગ પર આ પૃથ્વીને ધારણ કરી છે. આપ આ વિશ્વના પિતા છો. પૃથ્વી માતા છે તેને પ્રજાના કલ્યાણ માટે આપ પધરાવો. આપ વિશ્વવિસ્મય રૂપ છો પરંતુ અમને આપના પૃથ્વીના ઉધ્ધારરૂપ કાર્યથી વિસ્મય થતું નથી કેમ કે આપ સર્વ સમર્થ છો. આપના વેદાત્મક સ્વરૂપને આપ હલાવો છો ત્યારે કેશકલાપથી ઊડતાં જલબિંદુઓથી અમે ઋષિઓ પાવન થઈએ છીએ. અપાર કર્મનો પાર અમે પામી શકતા નથી. હે ભગવાન્ આપ અમારું કલ્યાણ કરો.

આ પ્રમાણે ઋષિઓની પ્રાર્થના સાંભળી વરાહ ભગવાને પૃથ્વીને જળની બહાર પધરાવ્યા. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે તે સમયે પૃથ્વી પચાસ કરોડ યોજનના વિસ્તારવાળા ન હતાં પણ માત્ર એક લાખ યોજન વિસ્તારવાળા હતાં. પૃથ્વીના ઉધ્ધારથી બ્રહ્માજી પ્રસન્ન થયા અને ભગવાન વરાહ જેમ પ્રગટ થયા હતાં તેમ તિરોધાન થઈ ગયા.

પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવી કઠીન છે, પણ જો પ્રભુ પ્રસન્ન થાય તો કંઈ પણ પ્રાપ્ત કરવું કઠીન નથી. માટે ભગવાનનું ભજન અનન્ય દૃષ્ટિથી કરવું જોઈએ. ભગવાન પાસે કાંઈ માંગવા માટે ભજન ગૌણ છે. તેનાથી પ્રભુ પ્રસન્ન થતાં નથી. કર્તવ્ય તરીકે પણ જે કાંઈ કરવામાં આવે તે ઉદ્વેગ સહિત હોય તો તેનું કાંઈ ફળ ન થાય. માટે પ્રસન્નતા પૂર્વક ભગવાનનું ભજન કરવું જોઈએ. જેઓ હરિમાં બુદ્ધિવાળા હોય અને હરિની આ કલ્યાણ કરનારી કથાનું ભક્તિભાવ રૂપ કથા કરે અથવા ભગવાનની સૃષ્ટિરૂપ લીલાનું શ્રવણ કરે કે કરાવે તેના હૃદયમાં **'જનાર્દન'** તરત જ પ્રસન્ન થાય છે. શ્રી મહાપ્રભુજી કહે છે કે ''જેઓ ભગવાનની કથામાં રસવાળા છે, તેઓની કથા-શ્રવણ કરવામાં પ્રવૃત્તિ થાય છે. વળી ભગવાનની કથામાં જેને અણગમો થતો હોય તે ઘણું કરીને મનુષ્ય જ નથી પણ વાંદરો અથવા બીજા કોઈ પશુ જ છે,'' તેમ કહી આ અધ્યાયનો ઉપસંહાર કરે છે.

• અધ્યાયાર્થ (અધ્યાય ૧૪થી ૧૯)

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે આ છ અધ્યાયની કથા મતાન્તર ભાષાથી પ્રાપ્ત થયેલ છે જેમાં

હિરણ્યાક્ષ દૈત્યના વધનો પ્રસંગ વર્ણવામાં આવેલો છે, જે ભાગવતના અર્થથી વિરુદ્ધ ન હોવાથી અહીં પ્રસ્તુત છે. તેમાં વિચાર એ છે કે જે પ્રસંગ ચાલી રહેલો હોય તે દરમ્યાન કોઈ ખાસ પ્રશ્ન કરવામાં આવેલો હોય તો તે જે કલ્પનો વિષય હોય અને તેમાં તે સારી રીતે સિધ્ધ થયેલ હોય, તે પણ કહેવું જોઈએ કારણ કે તે પ્રશ્નકર્તાના મનમાં ભક્તિ ઉત્પન્ન કરી તેનો ઉત્સાહ વધારવાનો આશય રહેલો હોય છે. અહીં શંકા ઉત્પન્ન કરે કે જેઓને વૈકુંઠમાં સ્થાન પ્રાપ્ત થયેલું હોય તેવા મુકતાત્મા પુનઃ સંસારમાં કેમ આવ્યા? તેના સમાધાનમાં કહે છે કે, અહીં **'જય'** અને **'વિજય'** બન્ને વૈકુંઠમાં ગયા હોવા છતાં પણ શ્રીકૃષ્ણની ઈચ્છાથી તેઓ સંસારમાં પુનઃ જન્મ લે છે. મતાંતરથી અહીં એ સમજાવે છે કે **ભગવાન વરાહ** અને **હિરણ્યાક્ષ**નું યુદ્ધ પૃથ્વી ઉપર જ થયેલું, જેમાં તેની મુક્તિ થયેલ ન હતી, કારણ કે **જ્યારે ભગવાન મુક્તિ આપવા માટે અવતાર ધારણ કરે ત્યારે જ તે જીવને મુક્તિ પ્રાપ્ત થઈ શકે.** તેથી હિરણ્યાક્ષને મુક્તિ પ્રાપ્ત ન થાય તે માટે ભગવાને તેને માર્યા પછી તેનું ઉદર ચીરેલું, અન્યથા તેનો પ્રાણ ભગવાનના મુખમાં પ્રવેશ કરે તો તેને મુક્તિ પ્રાપ્ત થાય, જે ભગવાન ઈચ્છતા ન હતાં અને તેથી તે ફરી દૈત્ય ન જન્મે.

ભગવાન વરાહ અને **હિરણ્યાક્ષ**નું યુદ્ધ બ્રહ્માના એક દિવસ સુધી ચાલ્યું, તેથી તેના બળનો ખ્યાલ આવે છે. અર્થાત્ 'વરાહ કલ્પ' જ આ યુદ્ધમાં વિત્યો અને તે પછીના **શ્વેત વરાહ** કલ્પમાં સૃષ્ટિ તેમ જ **હિરણ્યકશ્યપુ**નું રાજ્ય થયેલું. આનાથી એમ સિધ્ધ કરે છે કે મુક્ત જીવો ભગવાનની ઈચ્છાથી ફરી સંસારમાં આવે છે. ભગવાનની ઈચ્છા પણ ભગવદ્રૂપ હોવાથી અને ષડગુણયુક્ત હોવાથી છ અધ્યાયોથી સંસારનું વર્ણન આ છ અધ્યાયોમાં કરેલું છે. પ્રથમ ત્રણ અધ્યાયોમાં **જય** અને **વિજય**ની, **હિરણ્યાક્ષ** અને **હિરણ્યકશિપુ** તરીકે જન્મ અને પછીના ત્રણ અધ્યાયોમાં તેમના મરણનું વર્ણન કરેલું છે. ચૌદમા અધ્યાયમાં બીજની ઉત્પત્તિ અર્થાત્ **કશ્યપ** દ્વારા **દિતિ**માં કરેલ ગર્ભાધ્યાન, પંદરમા અધ્યાયમાં **જય** અને **વિજય**નું વૈકુંઠમાંથી સ્થાન ભ્રષ્ટ, સોળમા અધ્યાયમાં તેઓનો દિતિના ગર્ભમાં તેમનો પ્રવેશ, સત્તરમા અધ્યાયમાં તેઓનો જન્મ, અઢારમા અધ્યાયમાં હિરણ્યાક્ષના નાશનું બીજ જણાવ્યું છે અને ઓગણીસમા અધ્યાયમાં તેનો નાશ થયાનું કહ્યું છે. અહીં શંકા થઈ શકે કે વૈકુંઠમાં રહેનાર ભક્ત ઉત્તમ જીવની એવી સ્થિતિ શાથી થાય? તેનો ખુલાસો કરતાં કહે છે કે તે ઈશ્વરની ઈચ્છાને આધિન છે. ઈશ્વરની ઈચ્છા વિના કાંઈ પણ થઈ શકતું નથી. **'ઈશ્વરેચ્છૈવ ષટ્કસ્ય કારણમ્'**. જો આને ઈશ્વર ઈચ્છા ન માનીએ તો ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી **દક્ષ પ્રજાપતિ**ની પુત્રી **દિતિ**, ઈન્દ્રિયોથી અનુભૂત ન કરાતા પદાર્થોનું જ્ઞાન ધરાવનાર ઋષિ એવા કશ્યપના રોકવા છતાં, કામ ઉત્પન્ન થતાં ન રોકાઈ, તે ઘટના ઈશ્વરેચ્છા વગર સંભવ ન બને. મુનિના છ અઘટિત કાર્યો અહીં બતાવ્યા છે- ૧. મૌનનો ત્યાગ, ૨. અઘટિત વાતચિત, ૩. સ્ત્રીની સ્તુતિ કરી, ૪. સ્ત્રીને વશ થયા, ૫. શાસ્ત્રઆજ્ઞા વિરુદ્ધ સ્ત્રી સાથે સમાગમ અને ૬. તેનો વિરોધ ન કર્યો. તેમ છતાં મુનિનો ધર્મરૂપ સંવાદ જણાવે છે કે

આવું અયોગ્ય કાર્ય કરવું તે તેમનો સ્વભાવ ન હતો. તેથી આ કાર્ય ભગવદ્ ઈચ્છાથી જ સંપન્ન થયું તેમ કહેવાય. પંદરમા અધ્યાયમાં પણ **સનન્દન** વગેરે મુનિઓ, જેઓનો સ્વભાવ ક્યારે પણ ક્રોધ ન કરે તેવો હોવા છતાં, અને વૈકુંઠમાં તો તેઓ શ્રી કૃષ્ણનું ચિંતન કરવાની ઉત્તમ અવસ્થામાં હતાં તો પણ તેમણે શ્રી કૃષ્ણના સેવક જય-વિજય ઉપર ક્રોધ કરી તેમને શાપ આપ્યો તે કાર્ય પણ અયોગ્ય હતું. તદ્દુપરાંત જય-વિજયે પણ ભગવદ ગુણાનુવાદમાં રત, વૈકુંઠના લત્તાપત્તાઓ, પક્ષીઓ અને સ્ત્રીઓ જેઓ અહંકાર રહિત, ઈર્ષા રહિત ઉત્તમ હતાં અને જેમણે **સાલોક્ય**, **સાર્ષ્ટિ**, **સામીપ્ય** અને **સારુપ્ય** એવા ચાર પ્રકારની મુક્તિ પ્રાપ્ત કરી હતી, છતાં તેમના પર અહંકાર વશ પ્રતિબંધ મુક્યો, તે પણ તેમના સ્વભાવથી વિરુદ્ધ અયોગ્ય કાર્ય કર્યું. આ ઘટના પણ ઈશ્વર ઈચ્છા વિના ન સંભવે. તદ્દુપરાંત સોળમા અધ્યાયમાં નિરુપિત સનકાદિને મોહ ઉત્પન્ન થતાં તેઓ ભક્ત એવા જય-વિજય પ્રતિ બેદરકારી બતાવે છે, જેથી તેઓને (જય-વિજયને) ભગવાન પ્રતિ દ્વેષ ઉત્પન્ન થાય છે, જે સામાન્યત: સંભવ ન હતો. આ ત્રણેય અધ્યાયમાં એ વાત સ્પષ્ટ થાય છે કે તે સર્વ ઘટનાઓમાં ભગવાનની ઈચ્છા જ પ્રબળ રહેલી છે.

તે પછીના ૧૭, ૧૮, ૧૯ અધ્યાયોમાં **હિરણ્યાક્ષ** અને **હિરણ્યકશિપુ**ની ઉત્ત્પત્તિનું વર્ણન છે, જે સમયે ખરાબ શુકનો થયા છે. હિરણ્યાક્ષ અહીં વરાહ ભગવાનને દૂષ્ટ વચનો કહે છે અને તેમની સાથે યુદ્ધ પણ કરે છે. અહીં બ્રહ્માને એવો ભ્રમ પણ થાય છે કે વરાહ ભગવાન હિરણ્યાક્ષને કદાચ હણી નહીં શકે, અહીં પણ ઓગણીસમાં અધ્યાયમાં હિરણ્યાક્ષ ભગવાનની સન્મુખ તેમના મુખનું દર્શન કરતાં તેમનાથી હણાયો હોવા છતાં મુક્તિ નથી પ્રાપ્ત કરતો તે આશ્ચર્યજનક ઘટના કહેવાય. આ બધું જે સામાન્યત: ન ઘટી શકે તેમ છતાં તેમ બન્યું છે તે શ્રી કૃષ્ણની ઈચ્છાથી જ થયું છે તેમ માની શકાય. આમ છ અધ્યાયમાં મુક્ત જીવોનો જન્મ અને તેઓને આલોક - પરલોકનું ફળદાન ભગવાનની ઈચ્છાથી થયેલ છે તેમ સિધ્ધ કરે છે.

• સુબોધિની (અધ્યાય ૧૪)

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ચૌદથી ઓગણીસ સુધી છ અધ્યાયોમાં મતાંતર ભાષામાં સૃષ્ટિની લીલાનું વર્ણન છે જે સમાધિભાષાનું પોષણ કરનાર અર્થ હોવાથી તેમાં દોષ નથી. તેમાં દેખાતો વિરોધ કોઈક હેતુપુર: સહ છે, અજાણતા નથી, જેનું કારણ ભગવદ્-ઈચ્છા છે, કેમ કે અશક્ય અને ન બને તેવી વાત આ અધ્યાયોમાં છે. ભગવાનની સર્વસમર્થ ઈચ્છાનો જ તે પ્રભાવ છે. ભગવાન અને તેમની ઈચ્છા જુદા નથી, તે એકરૂપ છે. તે છ ગુણવાળી હોવાથી અહીં છ અધ્યાયમાં તેનું નિરૂપણ છે. પ્રથમ ત્રણ અધ્યાયમાં મુક્ત જીવોની ઉત્પત્તિ કામ, ક્રોધ, લોભના કારણે બતાવી, પછીના ત્રણ અધ્યાયમાં અનુક્રમે તેની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનું વર્ણન છે. જો કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે માર્ગનો નાશ ન થાય તો ભગવાન અવતાર ન લે. જો ભગવાન મોહ ઉત્પન્ન કરનારી લીલા ન કરે તો મુક્ત જીવોની ઉત્પત્તિ વગેરે ન થાય. જો તેમની ઉત્પત્તિ ન

થાય તો સૃષ્ટિ **'કર્મ'**થી જ ઉત્પન્ન થનારી હોય પરંતુ તે ભગવાનની **'લીલા'** ન હોય. તેથી માર્ગનો નાશ અને મોહ કરનારી લીલા બન્ને કહ્યા છે.

વિદુરે હિરણ્યાક્ષની સાથે યજ્ઞસ્વરૂપવાળા ભગવાન વરાહના યુદ્ધ વિશે પ્રશ્ન કરતાં મૈત્રેયજી પ્રસન્નતા વ્યક્ત કરતાં કહે છે કે તેં હરિના અવતારની કથા પૂછી છે, જે મૃત્યુના બંધનનો નાશ કરનારી છે. તેઓ કહે છે કે દેવોના પૂછવાથી દેવોના દેવ બ્રહ્માજીએ જે કલ્પમાં વરાહ અને હિરણ્યાક્ષના યુદ્ધની કથા કહેલી તેનો ઈતિહાસ મેં સાંભળેલો. તે ઈતિહાસ હોવાથી વ્યાસજી પાસેથી મેં સાંભળેલો છે. **વેદોનો સાર કાઢેલ તે 'સમાધિ ભાષા' અને ઈતિહાસનો સાર કાઢેલો તે 'મતાંતર ભાષા'.** એમ ભેદ છે. પૂર્વમાં ઘટેલી એ ઘટના ગર્વ કરાવનારી, હાસ્ય કરાવનારી અને આશ્ચર્યજનક હતી.

દક્ષની પુત્રી **'દિતિ'** જે કામથી પીડાયેલી હતી, તે સંતાન પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળી થઈ. મરીચિના પુત્ર અને પોતાના પતિ **કશ્યપ** પાસે સંધ્યા સમયે તેણે કામના કરી. **મરીચિના પુત્ર** શબ્દથી એમ સૂચવે છે કે મનમાંથી મરીચિ ઉત્પન્ન થયેલા, (બ્રહ્માએ તેમને મનથી ઉત્પન્ન કરેલા). અને મન સંકલ્પ ઉત્પન્ન કરનારું હોવાથી અને સંકલ્પ **કામ** ઉત્પન્ન કરનારો હોવાથી **'કશ્યપ'** કામનો અવતાર હતો. જો તેમ ન હોત તો તેની **'કામ'**માં પ્રવૃત્તિ ન થાત. (અગાઉ બ્રહ્મા અને તેમની પુત્રી સરસ્વતીના પ્રસંગમાં મરીચિ વગેરે છ પુત્રોએ બ્રહ્માની હાંસી કરેલી જેથી તેમણે આપેલ શાપના કારણે તેને આસુર યોની પ્રાપ્ત થઈ હતી) તેઓ દિતિના પતિ હોવાથી કામમાં પ્રવૃત્તિ બહુ અયોગ્ય ન હતી પરંતુ સંધ્યા સમયે શાસ્ત્રમાં મના કરેલ હોવાથી અને તે ટાણે સંતાનમાં દોષ ઉત્પન્ન થતો હોવાથી તેમને ક્રોધ ઉત્પન્ન થયો. તે સમયે કશ્યપ અગ્નિશાળામાં બેઠેલા હતા અને ભગવાનનું ધ્યાન ધરતાં હતાં ત્યારે દિતિ ઋષિ પાસે કામ પૂર્તિ માટે અનેક રીતે યાચના કરે છે. ત્યારે કશ્યપ પત્નીને સમજાવે છે. પ્રથમ તો સ્ત્રી અનેક પ્રકારના સુખ પ્રાપ્ત કરાવનારી છે એમ સિદ્ધ કરી તે દુઃખ દૂર કરનારી છે, તેના પ્રમાણો આપે છે. તે કહે છે કે આખા આયુષ્યથી પણ અમે સ્ત્રીઓનો બદલો આપવા શક્તિમાન નથી. પરંતુ તેને થોડો સમય થોભી જવા કહે છે અને સંધ્યા સમયના દોષોનું વર્ણન કરે છે. દિતિ મહાદેવની ભક્ત હતી તેથી મહાદેવના ગુણો કહી તેમનામાં ભક્તિ ઉત્પન્ન કરવાની ઈચ્છાથી કશ્યપે મહાદેવની પણ સ્તુતિ કરી, છતાં કામ પ્રકટ થયેલ હોવાથી તે અટકી નહીં અને કામથી જેની ઈન્દ્રિયો વલોવાઈ હતી તેવી દિતિએ લજ્જા ત્યજી બ્રહ્મર્ષિનું વસ્ત્ર પકડ્યું. તેથી કશ્યપ તેની ઈચ્છા પૂર્તિમાં તત્પર થયા.

તે પછી ઋષિએ પ્રાયશ્ચિત કરી, જ્યારે નિંદિત કર્મથી શરમાયેલી દિતિએ આવી પોતાના ગર્ભનો નાશ ન થાય તેમ વિનંતી કરી, ત્યારે પત્નીને સંબોધતાં તેઓ કહે છે કે 'તારો દેહ અપવિત્ર હોવાથી અને સમયના દોષને લીધે, વળી મારી આજ્ઞાના ઉલ્લંઘનને લીધે અને દેવોની પણ અવગણનાને લીધે, તેને બે દુષ્ટ પુત્રો થશે, જે લોકોને વારંવાર રડાવશે. ત્યારે ગરીબ દોષ

રહીત પ્રાણીઓનો વધ થશે, સ્ત્રીઓને નિગ્રહ અર્થાત્ પતિવ્રતપણાનો ત્યાગ કરવો પડશે અને મહાત્માઓને ક્રોધ ઉત્પન્ન થશે અને ભગવાનની સેવામાં વિઘ્ન થવાથી ક્રોધ ઉત્પન્ન થશે. ત્યારે કોપાયમાન થયેલા વિશ્વેશ્વર લોકનું પાલન કરનાર ભગવાન અવતાર લઈને તારા પુત્રોને હણશે.'

જ્યારે પતિએ ક્રોધથી અનિષ્ટ થવાનું સંભળાવ્યું, ત્યારે દિતિ પોતાના બે પુત્રોને ભગવાનનો સંબંધ થવાનું પ્રસન્ન થઈ અને **'તેમ થાઓ'** એમ ઉચ્ચાર્યું. તેણે ઈચ્છ્યું કે કોપેલા બ્રાહ્મણથી તેમનો વધ ન થાય કારણ કે તેમ થતાં તે જીવ જે જે યોનિમાં જાય ત્યાં નરકવાસીઓ પણ તેનો સ્પર્શ કરતાં નથી. આમ દિકરાને મારનાર પ્રભુમાં દિતિને દોષ બુદ્ધિ ન થઈ. તે જોતાં કશ્યપ મુનિએ કહ્યું કે 'તમને અયોગ્ય કામનો પસ્તાવો થયો અને વિનયથી ક્ષમા માગી, તેથી તમારા પૌત્રમાંનો એક **'મહાભાગવત'** થશે. તે સર્વત્ર બિરાજતા સાકાર ભગવાનના સાક્ષાદ દર્શન અનન્ય દૃષ્ટિથી કરશે.'

પ્રાણીઓને દશ ઈન્દ્રિયો, ચાર અંત:કરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) આત્માઓ દેહ એમ સોળ દૃષ્ટિઓ છે અને પ્રાણ સહિત તે સત્તર થાય અને તેના સંબંધી બહારના પુત્ર વગેરે પણ સત્તર હોય છે. તેવી જેની ચોતરીસે દૃષ્ટિઓ ભગવાનના સંબંધની અર્થાત્ ભગવાનને જોનારી થાય તે અનન્ય દૃષ્ટિવાળો, સર્વભાવથી શરણે આવેલો ગણાય. તેનાથી સર્વભાવરૂપ અર્થાત્ સર્વરૂપ ભગવાન પ્રસન્ન થાય. ભગવાનની પ્રસન્નતા એ જ ફલ છે, કારણ કે તેમ ન હોય તો ભગવાન વિશ્વમાં રમણ ન કરે. તેથી ભગવાનની પ્રસન્નતાથી જ આ બધું વિશ્વ પ્રસન્ન થાય છે. ભગવાન પ્રસન્ન થાય ત્યારે જ સમસ્ત વિશ્વ પ્રસન્ન થાય.

• સુબોધિની (અધ્યાય ૧૫)

ગયા અધ્યાયમાં **'કર્મનાશ'** ભગવાનના અવતારનું કારણ બતાવ્યું છે. જ્યારે આ અધ્યાયમાં **'જ્ઞાનમાર્ગ'**ના નાશ થવાનું કહે છે. તે અધ્યાયમાં મુક્તિ પામેલાની ઉત્પત્તિ કરાવનાર દિતિના કામનું વર્ણન કર્યું, તેમ અહીં **સનક** વગેરેના તથા **'જય'** વિગેરેનો ક્રોધ કહેલો છે. એમ એક જ પ્રયોજનવાળા આ બન્ને અધ્યાયો છે. આ અધ્યાયમાં દેવોને બ્રહ્માજીએ સંભળાવેલી કથા છે. કશ્યપ મુનિથી દિતિએ બે બાળકને પોતાના ઉદરમાં પધરાવ્યા. પરંતુ તે અસુર છે, તે જાણ્યું તેથી તેમને જન્મ ન આપ્યો અને સો વર્ષ વિતી ગયા. તેથી તેમના તેજથી વિશ્વ પીડાવા માંડ્યું. મંત્ર, ઔષધિ કે યોગથી લાંબા સમય સુધી પણ ગર્ભ ધારણ થઈ શકે, છતાં માતાને કે ગર્ભને હાનિ ન થાય. દિતિના ગર્ભના દુ:સહ તેજથી પીડાતા દેવોએ બ્રહ્માજીની પાસે જઈ નમસ્કાર કરી સ્તુતિ કરી અને પોતાનું દુ:ખ કહ્યું. તેમણે કહ્યું કે આ કશ્યપથી રોપાયેલું અસૂર ગર્ભનું તેજ સૌને પીડા આપી રહ્યું છે. સામાન્યત: બ્રાહ્મણ ધર્મરક્ષક હોય, પરંતુ જોતે અધર્મને પોષે તો અનર્થ જ થાય. આમ ઘણા ભયથી દેવોએ કહેલું વચન સાંભળી બ્રહ્માજી કહેવા લાગ્યા. 'એક સમયે ભગવાનના દર્શન હેતુ મારા માનસ પુત્રો સનત્કુમાર વગેરે આકાશમાર્ગે વૈકુંઠમાં ગયા.' વૈકુંઠ લોક બે છે -

એક **'વ્યાપિ વૈકુંઠ'** અને બીજો **'રમાવૈકુંઠ'** ભગવાને પાંચમાં મનુ **'રૈવત'**ના સમયમાં **'વૈકુંઠ'** નામનો અવતાર ધારણ કર્યો હતો, જેમણે લક્ષ્મીજીની પ્રાર્થનાથી **'રમાવૈકુંઠ'**ની રચના કરી હતી. તેમાં વ્યાપિવૈકુંઠનો આવેશ હોવાથી તે પણ નિત્ય છે. સાક્ષાત પુરાણ પુરુષના અવતારરૂપ તે વૈકુંઠ છે. તેમના નામથી બનાવેલો લોક **'વૈકુંઠ'** કહેવાય છે. વૈકુંઠમાં પુરુષો રહે છે. સ્ત્રીઓને સારુપ્ય મુક્તિ પ્રાપ્ત થતી નથી. પરંતુ વૈષ્ણવોની પતિવ્રતા સ્ત્રીઓ પતિની સાથે ત્યાં જાય છે અને ત્યાં ભગવાનના ગુણગાન કરે છે.

વૈકુંઠમાં **'નૈઃશ્રયેસ'** નામનું કલ્પવૃક્ષોનું વન છે. તેમાં સર્વ ઋતુઓની શોભા નિત્ય બિરાજે છે, જેમને બ્રહ્માનંદનો અનુભવ થાય છે. ગંધર્વ સ્ત્રીઓ ત્યાં સર્વ લોકના દોષોને હરનારી પ્રભુની લીલાઓનું ગાન કરે છે. નવગુણના ભેદવાળા પારેવડાં (કબુતર), કોયલ, સારસ, ચક્રવાક, ચાતક, હંસ, પોપટ, તેતર, મોર વગેરે અનેક પક્ષીઓ ત્યાં કૂંજન કરે છે. ભમરાઓ હરિકથા ગાતા હોય તેમ ગુંજન કરે છે. અત્યંત સુગંધિત પારિજાત વગેરે નિર્દોષ પુષ્પનો પરિમલ ત્યાં પ્રસરે છે. તપોમય તુલસીજી પણ ત્યાં સર્વત્ર નજરે પડે છે. **શ્રવણથી વંદન** સુધી છ પ્રકારની ભક્તિ યુક્ત ભક્તો ત્યાં વિમાનમાં વિહાર કરે છે. સાક્ષાદ્ બ્રહ્માનંદ રૂપા ભગવતી લક્ષ્મીજી પણ વૈકુંઠમાં બિરાજે છે. વૈકુંઠ લોક સંપૂર્ણપણે નિર્દોષ છે. આલોકમાં **આધિભૌતિક લક્ષ્મી** ચંચલ છે જે અભિમાન ધરાવે છે, પરંતુ **આધ્યાત્મિક** અને **આધિદૈવિક** લક્ષ્મીદેવી વૈકુંઠ લોકમાં ભગવાનની સેવા કરે છે. ત્યાં સ્ફટિકની દીવાલો છે. સોનાથી સ્ફટિક જડેલો છે, જેની સફાઈ લક્ષ્મીદેવી લીલા કમળથી કરે છે. બ્રહ્માદિ દેવો પણ એ લક્ષ્મીજીની કૃપા મેળવવા પ્રયાસ કરે છે. ત્યાં કચરો ક્યાંય નજરે ન ચઢે તેવી સ્વચ્છતા હોય છે.

આવા વૈકુંઠમાં સનત્કુમારો ફરતાં ફરતાં આવ્યા. તે ભગવાનનું ધામ છે, જેમાં તો ભક્તિથી જ પ્રવેશ મળી શકે. ભગવાનની આજ્ઞા વિના ત્યાં ન જવાય. ત્યાં જવા માટે ભક્તિ સિવાય કોઈ પણ યોગ્યતા ન ચાલે. ભક્તિ ભક્તને દિન બનાવે છે. અન્ય યોગ્યતા તેનું અભિમાન આપે છે, વ્યક્તિને ધૃષ્ટ બનાવે છે. કુમારો ભક્ત ન હતાં તેઓ યોગબળથી વૈકુંઠમાં આવ્યા હતા. યોગમાયાને સૃષ્ટિની રચના કરવાની આજ્ઞા ભગવાને કરી હતી. તદનુસાર તેને સૃષ્ટિની રચના કરી, જેને જોવા તેણે ભગવાનને બોલાવ્યા. પણ તે કુમારોને પોતાના બળથી વૈકુંઠના દ્વારે લઈ આવી હતી. યોગમાયા કુમારોને વૈકુંઠમાં લાવી તો સાતમે દરવાજે **જય-વિજય** દ્વારપાલોએ તેમને અટકાવ્યા. કુમારો વૈકુંઠનું માહાત્મ્ય જોતા હર્ષથી છ દરવાજા તો ઓળંગ્યા હતા કારણ કે તેઓ વિરક્ત હતા. તેથી **ઐશ્વર્ય**, **વિર્ય**, **યશ**, **શ્રી**, **જ્ઞાન** અને **વૈરાગ્ય** એ છ ગુણ પ્રતિપાદક કક્ષાઓ તો વટાવી ગયા, પણ સાતમી કક્ષા ભક્તિની આવી. સનત્કુમારો તો જ્ઞાની હતા, ભક્ત હોત તો તે આગળ જઈ શકત. ભક્તમાં **દાસ્ય**, **શરણાગતિ** અને **સ્નેહ**નો ભાવ હોય, પણ જ્ઞાનીઓ ભગવાનનું દાસ્ય જલ્દી સ્વીકારતા નથી. તેમને જ્ઞાનનો અહં હોય છે. સનત્કુમારોએ ભક્તિ કરી

ન હતી તેથી દાસ્ય સ્વીકાર્યું ન હતું. તેથી તેમને આગળ પ્રવેશ મળ્યો નહીં. ત્યાં બે ભગવાનના સમાનરૂપવાળા દ્વારપાલ ઊભેલા હતા. તેમને **'સારુપ્ય મુક્તિ'** મેળવી હતી. તેમના હાથમાં **'આસન્યપ્રાણરૂપ'** ગદા હતી, જે મૃત્યુ અને દૈત્યો પર વિજય સૂચવે છે. તેમણે કિમતી આભૂષણો, મુકુટ ઈત્યાદિ ધારણ કર્યા હતા.

દ્વારપાલોએ સનત્કુમારોને જોયા. ચારે કુમારો દિગમ્બર હતાં. તેમના શરીરે વસ્ત્ર ન હતાં. જય-વિજયને તેઓ પાગલ લાગ્યા. ચારેય એક સરખા દેખાતા હતાં તેથી આશ્ચર્ય થયું. પાંચ વર્ષની તેમની આયુ જણાતી હતી. જય-વિજય માયાના પ્રભાવથી, જેઓ પ્રભુના દાસ હતા અને ભક્તિમાર્ગનિષ્ઠ હતાં, છતાં તેમની ભ્રમર ક્રોધથી વાંકી થઈ, પોતાની અંદર બિરાજતાં ભગવાનના દર્શન જ તેમનું સર્વસ્વ હતું તેથી તેના લોભથી ચિંતા થતાં તેમનો નિશ્વાસ નિકળવા માંડ્યો. પોતાને પ્રભુના અધિકારી માન્યા હતાં તેથી તે બીજાને ન મળે તેવી કામનાથી તેમને ક્રોધ આવ્યો. આમ **કામ**, **ક્રોધ** અને **લોભ**, **જે નરકના દરવાજા છે** તે ત્રણે દોષથી તેઓ ગ્રસ્ત થયા. એ ત્રણ દોષથી તેમને ત્રણ જન્મનો અંતરાય થયો. જે તેમના પ્રત્યેક જન્મમાં, એક એક દોષ સ્પષ્ટરૂપે દેખાયો.

કુમારો ચાર ગુણો - **અવિષમ દૃષ્ટિ**, **શંકાનો અભાવ**, **મનન** અને **આત્મજ્ઞાનવાળા** જ્ઞાની હતાં, છતાં ભગવાને જેમને અધિકાર આપ્યો હતો તે દ્વારપાલોનું ઉલ્લંઘન કર્યું, તેમના અસાધારણ ગુણોની અવગણના કરી. તેઓ પૂછવાનો વિવેક કર્યા વિના સીધા દ્વારમાં પ્રવેશ્યા. દ્વારપાલોએ પણ વિનંતીપૂર્વક મુનિઓને અટકાવવાને બદલે હાથમાંની છડીથી અટકાવ્યા તે ગર્વની નિશાની છે. **ભગવાનને ગર્વ ગમતો નથી.** તેથી મુનિઓએ ભગવદિચ્છાથી ક્રોધાન્ધ થઈને શાપ આપ્યો. તેમણે કહ્યું કે ભગવાન કોઈની સાથે કલહ કે દ્વેષ કરતાં નથી. તેઓ કોઈને પોતાની પાસે આવતાં અટકાવતાં નથી, પરંતુ સામે ચાલીને સ્વીકારે છે જ્યારે તમે તો અમને અટકાવ્યા, જે અસૂરનું કાર્ય છે. આવું કાર્ય પાપના સંબંધી કામ, ક્રોધ અને લોભનું કાર્ય હોય છે. તેથી તમે પણ અસૂર થશો. આવા વચન સાંભળી દ્વારપાલો ડર્યા અને મુનિઓને પગે પડી વિનંતી કરી, કે ભલે તમે અમને શાપ આપ્યો પણ અમારી બુદ્ધિ ફરી ન બગડે તેવી કૃપા કરો. અમારું અધ:પતન થવા છતાં અમને સંસારમાં મોહ ન થાય તેવી દયા કરો. જય-વિજયને એ અધર્મ જન્મ મળવાનું જાણ્યું, પ્રથમ લોભ રૂપ **હિરણ્યાક્ષ** અને **હિરણ્યકશ્યપુ** તરીકે દૈત્યજન્ય, પછી કામ રૂપ **રાવણ** અને **કુંભકર્ણ** તરીકે રાક્ષસ જન્મ અને એને **શિશુપાલ** અને **દન્તવક્ત્ર** તરીકે મનુષ્ય જન્મ, જેમાં ભગવાનને ભૂલાવે તેવો મોહ તેમને ભયાનક સંસાર સાગરમાં ડુબાડી દેશે તેમ જાણ્યું.

આમ થયું ત્યારે તરત જ ભગવાન લક્ષ્મીજી સાથે ત્યાં પધાર્યા. અહીં ભગવાને મુનિઓનો અપરાધ માન્યો કે પોતાના બે સેવકોનો?, એમ સંદેહ થાય. આનો ખુલાસો અહીં **'પોતાના સેવકોએ કરેલો સત્પુરુષોનો અત્યાચાર જાણીને'**, એમ કહે છે, અર્થાત્ પહેલો અપરાધ તે બેઉ

દ્વારપાલોનો હતો. પ્રભુને પ્રિય જ્ઞાની કુમારો વૈકુંઠમાં આવ્યા હતાં, જે તેમને પ્રિય હતું. અહીં પ્રશ્ન એ પણ થાય કે મુનિઓનો અપરાધ કેમ નહીં? કારણ કે તેમણે પૂછ્યા વિના જ બારણામાં પ્રવેશ કર્યો! આનો ખુલાસો કરતાં કહે છે કે તેઓ ભગવાનમાં પ્રીતિ કરનારા હતાં, તેમ છતાં દ્વારપાલોએ કરેલ અપરાધ હતો, અને સેવકોનું ગૌરવ સ્વામી સાચવે તેથી ભગવાને મુનિઓને અંદર ન બોલાવ્યા પરંતુ તેઓ દર્શન દેવા સામા પધાર્યા, અને સાથે લક્ષ્મીજી પણ હતા. ત્યારે ભગવાનની શોભાનું વર્ણન કરતાં કહે છે કે તેમણે વૈકુંઠની શોભા જેવું **શ્રી વત્સ ચિન્હ** ધારણ કરેલું હતું, વેદરૂપ પીતાંબર અને કટી ઉપર કંદોરો ધારણ કર્યો હતો, જે ઉપનિષદોના અર્થ રૂપ છે તે બ્રહ્મવિદ્યા કે જ્ઞાન માર્ગનું સૂચન કરે છે. તેમણે કીર્તિરૂપ વનમાળા ધારણ કરી હતી, જે કથારૂપ છે, તે ભક્તિ માર્ગનું સૂચન કરે છે. પૃથ્વી ઉપર મનુષ્યનું કલ્યાણ કરનાર **કર્મ**, **જ્ઞાન** અને **ભક્તિયોગ**નું દર્શન આથી પ્રગટ કરે છે. પ્રભુના ચાર શ્રી હસ્ત ચાર પુરુષાર્થ રૂપ છે. તેમાં ધારણ કરેલા અલંકારો તેના જ્ઞાનરૂપ છે. ભગવાનનું વાહન **'ગરુડ'** કાલરૂપ છે, ભગવાનના પરાક્રમથી તેનું નિયંત્રણ થાય છે. પ્રભુએ એક શ્રી હસ્ત ગરુડના ખભે મુક્યો છે અને બીજા હાથથી તેઓ કમલ ઘુમાવે છે, જે ભક્તો માટે અભયદાન અને લોકોનું પરિભ્રમણ સૂચવે છે. પ્રભુએ **સાંખ્ય** અને **યોગ** રૂપ મકરાકૃતિ કુંડળ ધારણ કર્યા છે. મકર જેવી આકૃતિ અભિમાન અને શરીર સંબંધ છોડાવનારી છે જેના કારણે વૈરાગ્ય અને પ્રભુ સ્મરણ થાય છે જેનાથી પ્રભુમાં પ્રેમ અને શરણાગતિ પ્રાપ્ત થાય છે. પ્રભુના ગંડસ્થલ (કપાળ), અને કપોલ (ગાલ) શોભી રહ્યા છે જે પ્રેમ અને પ્રપત્તિ રૂપ છે. ભગવાનની ઊંચી નાસિકા તેમની નિર્દોષતા સૂચવે છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે - **'સાંખ્ય અને યોગ બે કુંડલો છે, વીજળી મૃત્યુ છે અને બે કપોલ પ્રેમ અને પ્રપત્તિ છે. સાંખ્ય અને યોગ તે બે તેના અંગ છે, અને તેમનો ઉપયોગ વૈરાગ્ય પ્રાપ્ત કરવામાં અને ભગવાનનું સ્મરણ કરવામાં થાય છે.** વળી બ્રહ્માજીની ઉત્પત્તિથી અંત સુધી બ્રહ્માંડમાં પુણ્યપૂંજને પ્રકટ કરતાં લોકો પ્રભુના હાર રૂપ છે. ભગવાન ભક્તોની રક્ષા કરે છે. તેમ ગળામાં હાર ભગવાનના બાહુદંડની વચમાં છે. પ્રભુની સ્તુતિથી શોભતા ભગવદ્ ભક્તો (મુક્તજીવો) કૌસ્તુભ સમાન છે, તેમ જ શ્રીકંઠમાં બીજા આભરણ શ્રી ગોપીજનરૂપ છે. કુમારો લક્ષ્મીજીના સૌંદર્યના ગર્વને છોડાવતું, સુંદરતાની સમૃદ્ધિ ભગવાનનું રૂપ જોઈ તેમના ચરણોમાં આનંદમગ્ન થઈ નમી પડ્યા.

ભક્તિથી આકુળ થઈ ભગવાનના બે ચરણાર્વિંદનું ચારેય કુમારોએ ધ્યાન ધર્યું. તેઓ અક્ષરબ્રહ્મના ઉપાસક છે. તેમને દેહેન્દ્રિય વગેરેના અધ્યાસ નથી. તેઓ જ્ઞાની હોઈ તેમને ભક્તિરસનો અનુભવ નથી પણ પ્રભુના પધારવાથી તેમના ભગવદ્ ધર્મો પણ સ્વત: જ આવે, જેનાથી દોષો દૂર થાય અને પ્રભુ પ્રત્યે ભાવ ઊભરાય. ભગવાને પોતાની કૃપા કટાક્ષથી ચારેય કુમારોને ભક્ત બનાવવા કૃપા કરી. ભગવાનના ચરણાર્વિંદના સંબંધવાળો તુલસીના આધિદૈવિક

ગંધવાળો વાયુ તેમના નાસિકામાં ગયો, જે પદારવિંદના સ્પર્શવાળો હોવાથી તેમનો આત્મજ્ઞાનનો આગ્રહ ઓગળી ગયો. ચરણરજ યુક્ત ગંધ તેમના દેહમાં જવાથી શરીરમાં ફેરફાર વગર તેમનો ભગવદીય દેહ થયો તેમના અંતઃકરણમાં ભક્તિ પ્રકટ થઈ. સામાન્ય જીવોને થતો દેહ-ભાવ તેમનામાં ન હતો પણ બ્રહ્મભાવ હતો. જ્યાં સુધી **દેહભાવ**ની નિવૃત્તિ થતી નથી ત્યાં સુધી **બ્રહ્મભાવ** આવતો નથી, અને જ્યાં સુધી બ્રહ્મભાવ ન જાય ત્યાં સુધી **દાસભાવ** ન થઈ શકે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **જ્યાં સુધી દેહભાવ નિવૃત્ત થતો નથી ત્યાં સુધી બ્રહ્મભાવ આવતો નથી, અને બ્રહ્મભાવ જતો નથી ત્યાં સુધી દાસભાવ આવતો નથી. દેહભાવ દોષરૂપ છે, બ્રહ્મભાવ નિર્દોષ છે, જ્યારે દાસભાવ પ્રેમપૂર્ણ છે, સર્વોત્તમ છે.**

ભગવદ્ દર્શન અને તેમની કૃપાથી કુમારોમાં દાસભાવ આવ્યો. ભૌતિક અનુરાગ છોડાવનારા, મધુર હાસ્યવાળા પ્રભુના લાલ નખમણિથી શોભતાં ચરણોનું દર્શન કરીને કુમારોએ તેનું ધ્યાન ધર્યું, જેથી તેમના બધા મનોરથો પૂર્ણ થયા. નયનાભિરામ પ્રભુના દર્શન કરતાં તેમણે ભગવાનની સ્તુતિ કરી. તેમણે કહ્યું કે હે અનંત, આપ પ્રત્યેક પ્રાણીમાત્રમાં રહેલ હોવા છતાં પણ દુષ્ટોને દર્શન દેતા નથી છતાં આપના દર્શન અમને આજે જ થયા છે તેમ નથી પરંતુ અમારા પિતો (બ્રહ્માજીએ) આપનું વર્ણન અમારી પાસે કર્યું હતું ત્યારે આપ અમારા કાન દ્વારા હૃદયમાં પધાર્યા હતાં. આપ કલેશ પામતા ભક્તો પર કૃપા કરવા આપનું સ્વરૂપ પ્રકટ કરો છો. આપ જ **'પરબ્રહ્મ'** છો તે અમે જાણીએ છીએ. હે વહાલા! જેઓ આપના ચરણને શરણે આવેલા છે તેઓ મોક્ષનો પણ બહુ આદર કરતાં નથી. તેઓને તો આપની કથામાં જ રસ પડે છે. રૂપ લીલામાં આસક્તિવાળાઓ ભગવાનને અનુકુળ થઈને રહે છે કારણ કે જો તેમ ન કરે તો સેવા ન કરી શકાય. કથાનો રસ અનુભવથી જ જણાતો હોવાથી અહીં **'રસ જાણનાર'** એમ કહ્યું છે. બીજી લૌકિક વસ્તુઓમાં જેમનું ચિત્ત લાગેલું હોય છે તેમને કથામાં રસ આવતો નથી. કથા તીર્થરૂપ છે. તેના સેવનથી બધા જ પુરુષાર્થો પૂર્ણ થઈ જાય છે. કથા મગ્ન ભક્તો સ્વલ્પ સુખ દેનારા નાશવંત પદાર્થોની ઈચ્છા કરતાં નથી. ભગવદ્ સંબંધવાળા પદાર્થો ભયપ્રદ કે નશ્વર ન હોવાથી અમારું ચિત્ત આપનામાં જ રમ્યા કરે છે. તેઓ સ્વીકારે છે કે અમે **જય-વિજય**, આપના પહેરાદોરોને છલપૂર્વક શાપ આપ્યો નથી પણ ભગવાનના દર્શનની ઈચ્છાથી એમ થયું છે. આથી જો અમારો અપરાધ થયો છે તો અમારો નરકવાસ થશે તો અમને તે દુઃખકારક નહીં હોય કારણ કે આપે આવું મનોહર રૂપ ધારણ કરી અમને દર્શન આપ્યા છે. તેનાથી અમારી આંખને અત્યંત આનંદ થયો છે તેથી અમે આપને નમસ્કાર જેવું માત્ર કરીએ છીએ, કારણ કે આપનો અપરાધ કર્યો હોવાથી અમે યથાર્થ નમન કરી શકીએ તેમ નથી.

• સુબોધિની (અધ્યાય ૧૬)

કુમારોની ઉપરોક્ત વાણી સાંભળી ભગવાન તેમના બે પાર્ષદો જય-વિજય, જેમણે

ભગવાનની અવગણના કરી હતી તેમના વિશે કહે છે કે તેઓ પહેલાના કલ્પમાં **'મધુ'** અને **'કૈટભ'** નામના બે અસૂરો હતાં. તેઓ ભગવાનના ખોળામાં મૃત્યુ પામેલા હોવાથી ભગવાને તેમને વૈકુંઠમાં લાવ્યા હતાં. તે સમયે બીજા અનેક સેવકો હાજર હોવાથી, કોઈને સંદેહ ન થાય માટે તેમના જય-વિજય નામ કહેલા. જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયો વગેરે ઉપર **'જય'** કરવામાં આવે છે, જ્યારે ભક્તિ માર્ગમાં ભગવાન માટે જય **(વિજય)** પ્રાપ્ત કરવામાં આવે છે. જેમ અંત:કરણનો જય, તેમાં ભગવાન રહે તેવું તેને બનાવનારો છે તેમ વૈકુંઠમાં ભગવાન રહે તેમ કરનારા આ બે છે. મન બારોબાર ભગવાનને પ્રાપ્ત કરી શકતું નથી પરંતુ તેનો જય કરવા જ તેમને પ્રાપ્ત કરી શકાય છે તેથી તેમણે મારી અવગણના કરીને વ્યવહારમાં તમને હિતકારી બનવાના બદલે તમારા પર અત્યાચાર કર્યો છે. તેથી તેમને શિક્ષા કરવી યોગ્ય છે. અહીં સમજાવે છે કે અંત:કરણ અને ઈન્દ્રિયને પ્રભુને માટે જીતવા તે જય અને વિજય (વિવિધ જય) છે. માત્ર મનથી પ્રભુ પાસે પહોંચવું સહેલું નથી, પણ અંત:કરણ અને ઈન્દ્રિયના સંયમરૂપ જય અને વિજય દ્વારા મન પ્રભુમાં સ્થિર થાય છે. **જ્યારે અંતરમાંથી વાસના અને ઈન્દ્રિયમાંથી વિષય વિદાય થાય તે પછી પ્રભુ પાસે પહોંચાય, મન પ્રભુમાં લાગે.** સનત્કુમારો બ્રહ્મચારી છે, સંયમી છે, જ્ઞાની છે. તેઓ જય-વિજય સુધી પહોંચ્યા છે. જય-વિજય મળ્યા પછી ગર્વ આવે, પરંતુ **અભિમાન ઉન્નતિમાં અવરોધ બને છે, આગળ જતાં અટકાવે છે. માટે જો ભક્તિ હોય અર્થાત્ નમ્રતા અને દાસભાવ હોય તો જ તે આગળ વધી શકે અને પ્રભુ સુધી પહોંચી શકે છે.**

અહીં શંકા થાય કે તે બે દ્વારપાલોનો અપરાધ શું હતો? દ્વારનું રક્ષણ કરવાનો તેમનો ધર્મ હતો. તેથી કહે છે **'દેવોની અવગણના કરી હોવાથી.'** આ દેવો બ્રાહ્મણો છે અને પ્રત્યક્ષ દેવ યજ્ઞાના અધિષ્ટતા વિષ્ણુ છે, અર્થાત્ બ્રાહ્મણ, યજ્ઞ અને વિષ્ણુની અવગણના કરી તે તેમનો અપરાધ હતો. ભગવાન કહે છે કે મારા સેવકોએ કરેલો અપરાધ તે મેં જ કરેલો ગણાય. તેથી હું તમારી ક્ષમા માગું છું. ભગવાને બ્રાહ્મણોની મુખ્યતા બતાવી તેમણે આપેલો શાપ મંજુર રાખ્યો, કેમ કે તેઓ ભગવાનનો યશ ગાઈને વિશ્વમાં વિસ્તરે છે. કીર્તિ, લક્ષ્મી અને ભોગ બ્રાહ્મણની કૃપાથી જ મળે. લક્ષ્મીજી પણ બ્રાહ્મણ ભૃગુ ઋષિની કન્યા રૂપે જન્મ્યા છે અને ભૃગુ ઋષિના ચરણપ્રહાર દ્વારા ભગવાનના વક્ષ:સ્થળમાં સ્થિર થયા છે. બ્રાહ્મણો ભગવાનના મુખ રૂપ છે. ભગવાન યજ્ઞ રૂપે અગ્નિમાં હોમ કરવાથી જેટલા પ્રસન્ન થતા નથી તેટલા સર્વ કર્મ સમર્પણ કરનાર બ્રાહ્મણને ભોજન કરાવવાથી પ્રસન્ન થાય છે. **જેઓ બ્રાહ્મણ, ગાય અને અનાથનો અપરાધ કરે - અર્થાત્ દુ:ખ દે, તેને ભયંકર યમ યાતના સહન કરવી પડે છે.** બ્રાહ્મણનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે બ્રાહ્મણ તિરસ્કાર કરે છતાં બ્રાહ્મણનો આદર કરનાર પર પ્રભુ પ્રસન્ન થાય છે. તેનું કારણ બતાવતાં કહે છે કે 'સર્વ પુરુષાર્થ રૂપ હું જ છું. તેથી તેમાં હું જ રહેલો છું એવી બુદ્ધિથી અર્થાત્ તેઓ મારા દેહ રૂપ છે. અર્થાત્ ભગવાન છે એવી બુદ્ધિથી તેમને પ્રસન્ન કરે તે

મને જ પ્રસન્ન કરવાનો તેમનો પ્રયાસ હોય છે. આમ જો બ્રાહ્મણોના માહાત્મ્યનું જ્ઞાન હોય ત્યારે તે મારી પ્રસન્નતા હોય છે.

આ પ્રકારની ભગવાનની વાણી સાંભળી, તે ઋષિઓએ બે હાથ જોડી તેમને વિનંતી કરતાં કહ્યું કે આપતો બ્રાહ્મણોનું હીત કરનારા અને તેમને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારા હોવાથી આપ ઉપાસના કરવા યોગ્ય છો, છતાં પણ આપ બ્રાહ્મણોને ઉત્તમ દેવરૂપ બતાવો છો. આપ અમારા સનાતન ધર્મ રૂપ છો અને વિવિધ અવતારો ધારણ કરી ધર્મનું રક્ષણ કરો છો. વૈરાગ્યવાળા યોગીઓ પણ જેમના અનુગ્રહથી મૃત્યુને સહેલાઈથી તરી શકે છે, તેવા આપ ઉપર બીજાઓ શું અનુગ્રહ કરી શકે ? બ્રાહ્મણોની સ્થિતિ બતાવતાં તેઓ કહે છે કે ધન ઈચ્છનાર ઈન્દ્ર વગેરે પાસે માગવા જાય છે તે ઈન્દ્ર જ લક્ષ્મીના ચરણની રેણુની પૂજા કરનાર છે. તેથી તે બ્રાહ્મણોનો નિર્વાહ કરનારાઓનો નિર્વાહ કરનારી હોવાથી લક્ષ્મી બ્રાહ્મણોને અધીન કેમ હોય. ભગવાને પણ-**'જેઓ મને જે ભાવથી ભજે છે.'** (તે ગીતા વાક્યના આધારે) તેનો તુલસીની માફક ભક્ત તરીકે સ્વીકાર કરેલો છે. લક્ષ્મી તુલસીનો પણ ઘણો આદર કરે છે. અર્થાત્ ભગવાનના ચરણાર્વિંદમાં રહેનાર તુલસીની ઉત્તમ કક્ષા બતાવે છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **જેઓનું ચિત્ત ધનમાં આસક્ત છે તેઓ ભગવાનને સન્મુખ થતા નથી. તેઓ સ્તનપાન કરવા દુ:ખી થતાં બાળકો જ છે અને માતા લક્ષ્મીનો જ આદર કરે છે.**

ભગવાને 'ત્રિયુગ' (અર્થાત્ ત્રણ યુગોમાં પ્રકટ થનાર) એમ સંબોધે છે, કારણ કે ત્રણ યુગોમાં જ ભગવાનનો આવિર્ભાવ થાય છે, કલિયુગમાં થતો નથી. તેથી જ રક્ષણ કરનાર કોઈ ન હોવાથી, કલિમાં ધર્મ પણ નથી. **ષડગુણ યુક્ત ભગવાન તેમાંથી બબે ગુણોથી ભગવાન એક એક યુગમાં ધર્મનું રક્ષણ કરે છે. જ્ઞાન અને વૈરાગ્યથી સત્યયુગમાં યશ અને શ્રી થી ત્રેતા યુગમાં અને ઐશ્વર્ય-વીર્યથી દ્વાપર યુગમાં રક્ષણ કરે છે. એટલે ધર્મનું રક્ષણ કરનાર કોઈ પણ ગુણ કલિયુગમાં બાકી રહેતો નથી.** ઋષિઓ કહે છે કે જો આપ દ્વિજોના ઉત્તમ કુળનું રક્ષણ ન કરો તો તેથી આપના કલ્યાણકારી વેદમાર્ગનો નાશ થાય. વેદમાર્ગનું પ્રયોજન સમજાવતાં કહે છે કે બીજા માર્ગો અકસ્માતથી લાભકારી બને છે જ્યારે વેદમાર્ગ કલ્યાણકારી છે. બ્રાહ્મણો જ વેદ માર્ગનો બોધ કરે છે, બીજાઓ કરતાં નથી. તેથી તેમનું જો સન્માન થાય તો વેદમાર્ગની પ્રવૃત્તિઓ નહીં થાય અને તે પાખંડ બની રહેશે. અહીં એ **'વૃષ'** એમ સંબોધન કરવામાં આવ્યું છે જેનો અર્થ છે ભગવાન ધર્મરૂપ છે અને ઈચ્છેલા પદાર્થોની વૃષ્ટિ કરનાર છે તેમ જણાવે છે.

સનત્કુમારો વધુમાં કહે છે કે આપ કાલરૂપ છો અને સર્વ કરનારા છો. આ વાત 'સત્વના નિધિરૂપ' શબ્દથી કહે છે. ભગવાન નમ્ર બની નમન કરે છે તેનો ખુલાસો કરતાં કહે છે કે હલકા પુરુષોનું નમ્રપણું તેમની હલકાઈ જણાવે છે પરંતુ ઉત્તમ પુરુષોનું નમ્રપણું તો તેમનો ભાર - અર્થાત્ ઉત્તમ પણ સૂચવે છે કારણ કે જેઓ ઘણા ભારવાળા હોય તેઓ નમ્ર થાય છે. માટે આપ

હલકા પુરુષોની માફક નમન કરો તે નાટ્યરૂપ હોવાથી ગમત માટે હોય, તે રસ ઉત્પન્ન કરનારું છે. નમન એ આપનો વિનોદ માત્ર છે. ભગવાનને **'ઈશ'** સંબોધનથી કહે છે કે આપ અમારા તેમ જ આ બે દ્વારપાળોના અધિષ્ટતા છો. અમે શુદ્ધ ભાવથી સ્વીકારીએ છીએ કે આપ અમોને જેમ ઈચ્છો તે સજા કરી શકો છો કારણ કે અમે આ બે નિરપરાધીઓને અપરાધી બનાવ્યા છે. અમે તેમને જે સજા કરી તે અમને જ થાઓ, અથવા અમને જે સજા યોગ્ય હોય તે આપ કરો. આ સાંભળી ભગવાન તે ઋષિઓએ દ્વારપાલોને આપેલ શાપથી પોતે જ ભય પામેલા જાણી કહે છે કે તમેઓ જે શાપ આપ્યો તે વાસ્તવમાં મેં જ આપેલો છે કારણ કે તેઓ દેવથી જુદી ગતિ પ્રાપ્ત કરીને એટલે કે દૈત્યપણુ રાક્ષસપણુ અને મનુષ્યપણુ એમ ત્રણ પ્રકારની ગતિ કરીને ફરીથી યોગવાળા થઈ મારી સમીપ જ આવશે. યોગથી સર્વ પાપનો નાશ થાય છે.

આ પ્રમાણે ભગવાને તે મુનિઓના સર્વ દુ:ખ દૂર કરવાથી, તેઓ પ્રભુરૂપ વૈકુંઠના દર્શન કરી, ભગવાનની પરિક્રમા કરી, તેમની રજા લઈ આનંદ પામેલા તેઓ પોતપોતાના સ્થાને ગયા. ભગવાન તે દ્વારપાલોને પણ કહે છે કે તમે પણ જાઓ, ભય ન રાખો, તમારું કલ્યાણ થાઓ. તમારે બ્રાહ્મણોના શાપનું પ્રાયશ્ચિત કરવું જોઈએ કારણ કે પ્રાયશ્ચિત કર્યા પછી જ પુરુષ શુદ્ધ થાય છે અને જે શુદ્ધ હોય તેણે જ વેદમાં કહેલું કર્મ કરવું જોઈએ. શ્રી મહાપ્રભુજી કહે છે કે **ભગવાનના ભક્તોનું પ્રાયશ્ચિત ભગવાનનું સ્મરણ જ છે.**

આ પ્રમાણે પ્રભુએ તે સનત્કુમારોને વિદાય કર્યા પછી પોતાના બન્ને દ્વારપાલોને આશ્વાસન આપ્યું અને તેઓને પ્રભુમાં ચિત્ત રાખી વૈકુંઠમાં પાછા આવવાનું વરદાન આપ્યું. પ્રભુ પરમ ઉદાર છે. તેઓના ભક્તો જો નરકમાં પડતા હોય તો તેઓ પોતે પરિશ્રમ કરી, નરકમાં પધારીને પણ ભક્તોનો ઉધ્ધાર કરે તેવા દયાળુ છે તે માટે તેઓ પોતે અવતાર લઈને પધારે છે. પ્રભુ વૈકુંઠમાં અંદર પધાર્યા જ્યારે જય-વિજય દ્વારપાલો શાપવશ અસુરરૂપે પૃથ્વી પર આવ્યા જ્યારે સંધ્યાકાળ હતો જે દિતિ-કશ્યપનો આધાન કાળ હતો તેથી દિતિના ઉદરમાં તે બે પાર્ષદો આવ્યા. તેમણે તેઓ અસુર જાણી પ્રસવ ન કરાવ્યો. આ વાત બ્રહ્માજીએ દેવોને કહી સંભળાવી.

• સુબોધિની (અધ્યાય ૧૭)

અગાઉ કહ્યું તેમ **'આત્મભૂ'** અર્થાત્ બ્રહ્માજીના વચન સાંભળી દેવો (સનત્કુમારો) ભયરહિત થઈ સ્વર્ગમાં ગયા. માતા દિતિએ સો વર્ષ સુધી બાળકોનો જન્મ ન થવા દીધો. તે કાલ દરમ્યાન સ્વર્ગમાં ભૂમિ પર અને અંતરિક્ષમાં લોકોને ભય કરાવનારા અનેક ઉત્પાતો થયા. પર્વતો સાથે ભૂમિઓ કાંપવા લાગી, બધી દિશાઓ સળગવા લાગી. આકાશમાં દુ:ખ દેનારા ધૂમકેતુઓ પડવા લાગ્યા. વારંવાર ફૂંફાડાનો અવાજ કરતો વાયુ વાવા લાગ્યો. વૃક્ષોને મૂળમાંથી ઊખેડી નાંખે તેવા વંટોળીયા થવા લાગ્યા. વીજળીના કડાકા-ભડાકા થવા લાગ્યા. સમુદ્રમાં મોજા ઉછળવા લાગ્યા. નદીઓ જલાશયો ખળભળવા લાગી. રાહુ સાથેના ચંદ્ર તથા સૂર્યના કુંડાળા વારંવાર થવા લાગ્યા.

શિયાળો અને ઘૂવડોના અમંગલ અવાજો સંભળાવા લાગ્યા. કૂતરાઓ રુદન કરવા લાગ્યા. ગધેડાઓ ટોળાબંધ દોડવા લાગ્યા. પક્ષીઓ રડતાં રડતાં પોતાના નેસડામાં જવા લાગ્યા. ગાયો ભય પામી લોહી દૂઝવા લાગી. આમ મોટા ઉત્પાતો થવા માંડ્યા, તે જોઈ બ્રહ્માના પુત્રો સિવાયની, જેઓ તેમના તત્ત્વને જાણતી ન હતી તે પ્રજા ભય પામવા લાગી. આમ કાળરૂપ સો વર્ષ વ્યતિત થતાં દિતિને ત્યાં બે પુત્રો જન્મ્યા, જે પથ્થર જેવી દૃઢ કાયાની જેમ બે મોટા પર્વત હોય તેમ વધવા લાગ્યા. પ્રજાપતિ કાશ્યપે તે બે જોડકા પુત્રોના નામ પાડ્યા. પહેલો તે જન્મ્યો તે **હિરણ્યાક્ષ** અને પાછળથી જન્મ્યો તે **હિરણ્યકશિપુ**, જેનું વર્ણન આગળ સાતમા સ્કંધમાં કરવામાં આવશે.

હિરણ્યાક્ષનું વર્ણન કરતાં કહે છે કે તે વેગવાળો હતો, સુવર્ણના નૂપુર અને વૈજ્યન્તિમાલા ધારણ કરેલા હતા અને ખભા ઉપર મોટી ગદા રાખેલી હતી, જે તેના શ્રમ અને સાધનનું અધિકપણું બતાવે છે. તે વીર્ય અને મદને લીધે ઉચ્છૃંખલ, અંકુશ વિનાનો, અહંકારી હતો. આવો હિરણ્યાક્ષ, જે મદવાળા હાથીની માફક મહા બળવાન હતો તેણે સમુદ્રમાં ક્રીડા કરવાની ઈચ્છાથી તેમાં કુદી પડ્યો, પરંતુ ક્રોધ અથવા યુદ્ધમાં આસક્તિ હોય તો ક્રીડા થઈ શકે નહીં તેથી પાછો ફર્યો.

તેરમા અધ્યાયના આરંભમાં **વારાહ** અને **આદિ વારાહ** કલ્પની કથાની સંગતિ બતાવવામાં આવી હતી તે અહીં જુદા પ્રકારે કહે છે કારણ કે એ **'મતાંતર ભાષા'માં** છે. તેથી શ્રી મહાપ્રભુજી અહીં સુબોધિનીમાં 'આ રીતે સમજવું' તેમ કહે છે.

આ બે અસૂરો હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ તે બન્ને પદ્મ કલ્પમાં ઉત્પન્ન થયેલા છે અને તેમણે મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરેલો હોઈ તે કલ્પના અંતે તેમનું મરણ થયેલ ન હોવાથી તે કલ્પમાં જ ત્રણ લોક હિરણ્યકશિપુએ વશ કરી દીધેલા. તે પછી મોહ પામેલા તે બન્ને જણ **રસાતલ**માં **'આદિ વરાહ કલ્પ'**માં પ્રલય સમયે સૂતા, ત્યારે હજી **'આદિ વરાહ કલ્પ'** પુરો થયો ન હતો, ત્યારે ભૂમિ ઉત્પન્ન થયેલી અને બ્રહ્માજીએ દેવો તેમ જ કેટલીક પ્રજા રચેલી, ત્યારે હિરણ્યકશિપુ જે મોટો હતો તે પ્રલયના જળમાં સૂતો હતો. તે સમયે હિરણ્યાક્ષ, જે નાનો હતો તે બ્રહ્માના પ્રાત : કાળે સ્વર્ગે ગયો અને અર્ધ બનેલી હોવાથી ભૂમિ વચલા સમયમાં પાછી ડુબી ગઈ. ત્યાં સ્વર્ગથી પાછો ફરેલો હિરણ્યાક્ષ પ્રલયના જળમાં જ પડ્યો. ત્યારે **મનુ** વગેરે ઉત્પન્ન થયેલા હોવાથી પદ્મકલ્પમાં જ ઉત્પન્ન થયેલા **નારદ** વગેરે ઉપર એટલે સાત લોક પૈકિ પાંચ લોક ડુબેલા હોવાથી છઠ્ઠા **મહર્લોક** અને સાતમા લોક **સ્વર્ગ**માં રહેલા ત્યારે **દિતિ** રસાતળમાં રહેલી, પણ **કશ્યપ** ઉપર રહેલા. પૃથ્વી ડુબી ગયેલી ત્યારે દૈત્યો તેનો ભોગ કરતાં હતાં અર્થાત્ તેને ભોગવતા હતાં તેથી નારદજીના કહેવા પ્રમાણે હિરણ્યાક્ષને વારાહનો સંબંધ થયો હતો, એમ શ્રી મહાપ્રભુજી ખુલાસો કરે છે. તેઓ કહે છે કે પુરાણો એક જ ચોકડીની અર્થાત્ **સત્ય**, **ત્રેતા**, **દ્વાપર** અને **કલી** એ ચાર યુગની કથા કહે છે, જેમાં મનુષ્યના ૪૩,૨૦૦૦૦ વર્ષ થાય છે. પછી બીજી ચોકડીની કથા અથવા બીજા કલ્પની કથા **મતાંતર** હોવાથી તેનો વિરોધ સંભવી શકે છે, જેનો ભય

ન રાખવો. કારણ કે શાસ્ત્રમાં જણાવેલ વિષયોનું બંધ બેસવું એ તેમાં પ્રમાણ છે.

હિરણ્યાક્ષ મદવાળો હોવાથી તેને ‘હાથીની માફક’ તેમ કહ્યું છે. તેના પ્રવેશના કારણે વરુણના જલચરોના સમૂહો ભય પામ્યા અને તેઓ રાક્ષસના તેજથી બળહીન થઈ ઘણા દૂર દોડી ગયા. અસૂર હિરણ્યાક્ષ હાથમાં ગદા લઈ દિગ્વિજય કરવા ચાલ્યો. **જ્યારે મનમાં કુવિચાર આવે તો તેનો સ્વભાવ છે - સદ્ વિચારોને દબાવી દેવાનો અને દૂર કરી દેવાનો.** ‘**હિરણ્યાક્ષ**’નો સમાસ વિગ્રહ કરતાં અર્થ થાય કે ‘‘**હિરણ્ય એવ અક્ષિણી યસ્યાસ્તીતિ - હિરણ્યાક્ષ**’’ અર્થાત્ દ્રવ્ય કે સોનામાં જ જેની દૃષ્ટિ હોય તે હિરણ્યાક્ષ. તે જીવનભર માત્ર દ્રવ્ય જ શોધે, તેમાં નીતિની પરવા ન કરે, તે રીત અને પ્રીત બન્ને છોડી દે, કોઈની નીતિ ન રાખે તેને ‘**હિરણ્યાક્ષ**’ કહેવાય. તે દ્રવ્ય સિવાય કશો વિચાર કરતો નથી. દ્રવ્ય સિવાય કશું શોધતો નથી. યોગ્ય-અયોગ્યનું ભાન રાખતો નથી. તેથી માત્ર પૈસા પાછળ જ પડેલો માણસ પણ ‘**હિરણ્યાક્ષ**’ કહેવાય. જ્ઞાન, વિજ્ઞાન, કલા, કૌશલ, સદ્ગુણ, વિશિષ્ટતા વગેરેને ગૌણ ગણીને માત્ર પૈસાને જ પોતાની પ્રતિષ્ઠા ગણે તે સમાજ પણ હિરણ્યાક્ષનું સ્વરૂપ ગણાય. ‘**હિરણ્યકશ્યપુ**’નો સમાસ વિગ્રહ થાય- ‘**હિરણ્યમેવ કશિપૌ યસ્યાસ્તીતિ હિરણ્યકશિપુ**’ અર્થાત્ જે સોનાની પથારીમાં સૂઈ જનારો, એશ આરામી, ઓશિકે સોનું રાખનારો હિરણ્યાકશિપુ કહેવાય. જે ધનનો સદુપયોગ ન કરી શકે, માત્ર ધન એકઠું કરવામાં જ જેને રસ હોય તે હિરણ્યકશિપુ.

હિરણ્યાક્ષે અસૂરોનું પાલન કરનાર, જલચરોના સમૂહોના પતિ ‘**પ્રચેતસ**’ પાસે જઈ, તેમની મશ્કરી કરતો હોય તેમ પ્રણામ કરીને કહ્યું ‘**મહારાજ મને યુદ્ધ આપો.**’ વરુણે પોતાને ઉત્પન્ન થયેલ ક્રોધ ને પોતાની વિચાર શક્તિથી શાંત રાખી તેનો ઉત્તર આપતાં કહ્યું કે ‘હું અત્યારે શાંત થયેલો છું, મેં શસ્ત્રો મૂકી દીધેલા છે. જો તું માત્ર યુદ્ધ ઈચ્છતો હોય તો તેવા ભગવાન સિવાય અન્ય કોઈ જ નથી જેઓ તારા જેવા દુષ્ટોનો નાશ કરવા અને સત્પુરુષોના ઉપર કૃપા કરવાની ઈચ્છાથી અવતાર ધારણ કરે છે તે આવી તારું અભિમાન ઉતારશે અને તને રણમાં રોળશે.’

• સુબોધિની (અધ્યાય-૧૮)

ઉપર કહ્યું તેમ વરુણનું વચન સાંભળી તે દુષ્ટ મદવાળો, નારદજી પાસે આવી ભગવાન ક્યાં છે તે જાણીને ઝડપથી રસાતલમાં ગયો. ત્યાં તેણે જેઓનો હંમેશાં જય થાય છે તેઓને જળમાંથી પૃથ્વીને પોતાના દાઢના ટેરવામાંથી પૃથ્વીને ઉંચ પકડી રાખનાર લાલ રંગવાળા નેત્રથી પોતાની કાંતિને ઉજાગર કરનાર ભગવાનને જોયા. તેથી તેણે ભગવાનની મશ્કરી કરતાં કહ્યું કે ‘આ તો કોઈ વનની બહાર ફરનારો મૃગ લાગે છે.’ અહીં ભગવાનના ચાર પ્રકારના ગુણ બતાવતાં કહે છે કે તેમનામાં **પરાક્રમ**, **કાર્ય કરવાની ક્ષમતા**, **શૂરવીરપણું** અને **શત્રુનો પરાજય કરનારા** ચાર કુદરતી ગુણ છે. હિરણ્યાક્ષે ભગવાનને લલકારતા કહ્યું કે હે ‘અજ્ઞ’, (અર્થાત્ અજ્ઞાની) તમે ભૂમિને મુકી દો. વિશ્વ રચનારે અમો રસાતળ વાસીઓને તે આપેલી છે. ભગવાનને વરાહના

રૂપમાં જોઈ, કહે છે કે સૂકરની આકૃતિનો સ્વીકાર કરનાર તમે મારા દેખતા આ પૃથ્વીને સુખપૂર્વક નહીં લઈ જઈ શકો. વધુમાં ધમકીભર્યા સ્વરે કહે છે કે મારા હાથથી ગદાથી છુંદાઈ ગયેલા મસ્તકવાળા તમે નાશ પામશો.

જ્યારે કોઈનીય સાથે યુદ્ધ થાય તે ત્રણ ક્રમમાં થતો હોય છે- **સૌથી પહેલાં મન બગડે છે. પછી માનસિક સંઘર્ષ થાય છે, મન નારાજ રહેતું હોય છે. પછી સંઘર્ષ વધે એટલે માનસિકમાંથી તે વાચિક બને છે. મનમાં જે કડવાશ હોય તે વાણીમાં વ્યક્ત થાય. મનનો જે બળાપો હોય તે બકવાદ રૂપે બહાર નીકળે છે. કાળજાની કડવાશ વાણીમાં આવે છે. જ્યારે વાત આટલેથી ન અટકે ત્યારે શારીરિક સંઘર્ષ શરૂ થાય છે. ક્રિયામાં દ્વેષ આવતાં વાત મારામારી સુધી પહોંચી જાય છે.**

ભગવાને આવા શત્રુના દુષ્ટ વચનો સાંભળી પોતાના દાઢના ટેરવા ઉપર રહેલી પૃથ્વીને ભય પામેલી જોઈ, જેમ મગરથી પીડાયેલ હાથી હાથણી સામે જળમાંથી બહાર નીકળે તેમ તેઓ બહાર આવ્યા. તે જ ક્ષણે તેમનું હિરણ્યાક્ષ સાથે યુદ્ધ આરંભાયું. ભગવાનની આ **'યુદ્ધ લીલા'** છે. ભગવાન પોતાના દ્દષ્ટ્રાંગ્ર (દંતના અગ્ર ભાગ પર) રાખેલી પૃથ્વી બ્રહ્માજીને આપ્યા પછી યુદ્ધ ચાલુ રાખે છે. જેમ ચતુર વ્યક્તિ પોતાના કર્તવ્યમાં જ મગ્ન હોય છે. તે પોતાનું કર્તવ્ય બગડે તેમ કોઈની સાથે સાધારણતયા કલેશ કરે નહીં. ભગવાને અસૂરનેકહ્યું કે અમે મૃગ છીએ. તેથી તારા જેવા કૂતરાઓને શોધીએ છીએ. તે પછી બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તે યુદ્ધ લાંબુ ચાલવા લાગ્યુ. બ્રહ્માજીની સવારથી સાંજ સુધી તે યુદ્ધ ચાલ્યું. બ્રહ્માજી ત્યાં પધાર્યા અને ભગવાનને સ્તુતિ કરતાં બોલ્યા કે હે દેવ જો સાયંકાળ થઈ જશે તો અસૂરનું બળ વધી જશે અને તે જીતાશે નહીં. તેથી આપ એને જલ્દીથી મારો અને લોકોને સુખી કરો.

• સુબોધિની (અધ્યાય ૧૯)

ઉપર પ્રમાણેના બ્રહ્માજીના કપટરહિત અમૃત વચનો સાંભળી ભગવાન પ્રેમથી હસ્યા અને આંખના ઈશારાથી તેમની વાતમાં સંમતિ દર્શાવી. ભગવાન સર્વરૂપ હોવાથી હિરણ્યાક્ષને હણ્યા પહેલા તેની જે કામના હતી તે પૂર્ણ કરે છે. તેને એવી કામના હતી કે પોતે યુદ્ધ કરવું અને તેમાં જીત મેળવવી. તેથી આરંભમાં ભગવાન તે બન્ને બાબત સિધ્ધ કરે છે. તેથી પહેલા યુદ્ધમાં તેને જય પ્રાપ્ત કરાવે છે જેનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. શ્રી મહાપ્રભુજી કહે છે કે **ભગવાન જ્યારે કામના પૂર્ણ કરે છે ત્યારે તેઓ મર્યાદાનું ઉલ્લંઘન કરીને પણ તે પૂર્ણ કરે છે.** તેથી અહીં પણ તે જ પ્રમાણે બન્યું છે. ગદાથી પ્રહાર કરતાં તે ગદા ભગવાનના કરમાંથી પડી જાય છે. આ કાર્ય ભગવાને સ્વેચ્છાથી કરેલું તેથી અહીં ધર્મબુધ્ધિ કહ્યું છે. અહીં હિરણ્યાક્ષને લાગ પ્રાપ્ત હોવા છતાં તેણે શસ્ત્રરહીત ભગવાન ઉપર પ્રહાર ન કર્યો. તેનું કારણ બતાવતાં કહે છે કે સંગ્રામમાં શસ્ત્રરહીત શત્રુને મારવો નહીં એવો ધર્મ છે. તે ધર્મનું પાલન કરતાં તેણે પ્રહાર ન કર્યો. આ જય

ભગવાને સ્વયં કરેલો હતો. પરંતુ હિરણ્યાક્ષમાં ધર્મ સ્વાભાવિક ન હતો. ભગવાનની ગદા પડી જવાથી હાહાકાર થયો ત્યારે તે સર્વશક્તિમાને તેમના ધર્મનો આદર કર્યો અને પોતાના **'સુદર્શન'**નું સ્મરણ કર્યું. ભગવાને ધર્મનો આદર કર્યો તેમ કહેવાનું કારણ સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે **ભગવાને સાદર ન કરેલો ધર્મ ફળ આપનારો ન થાય.** સુદર્શનનું સ્મરણ કર્યું કહેવાનું તાત્પર્ય પોતાના સ્વભાવનું સ્મરણ કર્યું. અર્થાત્ પોતાનું **'ભગવતપણું'** ત્યાં દર્શાવે છે. ભગવાન સર્વ કરવાની શક્તિવાળા છે. ભગવાને પુન : આયુધ ધરેલા જોઈ તેમના ભક્તોના હૃદયમાં પણ તેમનો જય સ્ફૂર્યો અને ભગવાનને ફરી શત્રોનો વધ કરવાની પ્રાર્થના કરતાં કહ્યું કે 'દિતિના આ અધમ પુત્રનો આપ વધ કરો.'

ભગવાનને ચક્ર ધારણ કરેલું જોઈ, હિરણ્યાક્ષે ક્રોધના કારણે પોતાના હોઠને ડસ્યો અને તેણે ફૂફાડા મારવા માંડ્યા. તે ક્રોધના ત્રણ કારણો હતાં. એક ભગવાનની સરસાઈ જોઈ, તેને અદેખાઈ આવી, ભગવાને ચક્રધારણ કરેલ હોઈ, હવે તે હણશે તેમ નિશ્ચિત લાગ્યું અને પોતાનું અભિમાન હવે ટકશે નહીં, તેથી તે ક્રોધીત થયો. તેના નેત્ર ક્રોધાગ્નિથી લાલ થયા અને સામો દોડી આવી 'મારેલ છે' તેમ બોલતાં ભગવાન ઉપર પ્રહાર કર્યો. ભગવાને રમતમાં તે ગદાથી તેના પગ પર પ્રહાર કરતાં તેને ભૂમિ પર પાડી દીધો. અહીં યજ્ઞરૂપ 'સૂકર' કહ્યું છે, કારણે તે યજ્ઞ માટે જ તેમણે અવતાર લીધો હતો. હિરણ્યાક્ષની ગદા નિષ્ફળ જતાં ફરીથી ક્રોધીત થતાં ભગવાને કહ્યું કે આયુધ લે અને યુદ્ધ માટે ફરીથી તૈયાર થા, કારણ કે તું જીતવા ઈચ્છે છે. આ ત્રણ વચનો ભગવાને તેના અભિમાનનો નાશ કરવા કહ્યા. તેણે ફરી ગદાથી પ્રહાર કરતાં ગર્જના કરી ત્યારે જેમ ગરુડ નાગણને પકડે તેમ આવેલી ગદાને રમતમાં પકડી લીધી. તે પછી પણ તેણે ત્રિશુલ તેમ જ પોતાની માયાનો પ્રયોગ પણ કર્યો, જે શ્રી હરિએ નિષ્ફળ બનાવ્યા. દિતિના હૃદયમાં પણ અસૂરના વધથી કંપ થયો. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, ભગવાનનો જય જયકાર કર્યો. ભગવાન વરાહે આમ અસૂર વધ કરી, બ્રહ્માજીને કૃતાર્થ કરી પોતે તિરોહીત થઈ ગયા.

મૈત્રેય પાસેથી આ કથા સાંભળતાં **'મહા-ભાગવત'** વિદુરજી પરમાનંદ પામ્યા. તેઓ **'ક્ષત્તા'** હતાં અર્થાત્ અંત :પુરના રક્ષક હતાં. તેનું વ્રત તલવારની ધાર જેવું હોય. પોતે સંપૂર્ણ સ્વસ્થ હોય છતાં સુંદર અલંકૃત અભિલાષવાળી સ્વકીય અને પરકીય સ્ત્રીઓની વચમાં રહેવા છતાં મનમાં પણ વિકાર ન આવે તેમ નિર્લેપ રહેનારા છે. તેણે અહીં **મહાભાગવત** કહ્યા છે કારણ કે જેઓ કેવળ ભગવાનના કાર્ય માટે જ પ્રયત્ન પરાયણ હોય, સ્વલ્પ પણ સ્વાર્થવશ ન બને, લૌકિક વિરોધ આવવા છતાં દૃઢ રહે તે મહાભાગવત કહેવાય. વિદુરજીમાં આ બન્ને લક્ષણ છે. તેવાને જ કથામાં પરમાનંદ મળે.

❀ પ્રકરણ – ૬ (તત્ત્વ મુક્તિ)

આ પ્રમાણે ૧થી ૧૯ અધ્યાયોમાં **બંધ સૃષ્ટિ**નું પાંચ પ્રકરણોમાં વર્ણન કરીને હવે મુક્ત સૃષ્ટિનું

નિરૂપણ અધ્યાય ૨૦થી ૩૩ સુધીમાં કરવામાં આવશે. તેમાં પણ પાંચ પ્રકરણો છે - (૬) **તત્ત્વ મુક્તિ**, (૭) **કાલ મુક્તિ**, (૮) **ગુણાતીત મુક્તિ**, (૯) **સગુણ મુક્તિ** તથા (૧૦) **જીવ મુક્તિ**. ઉપરોક્ત ૧૯ અધ્યાયોમાં ભગવાને કરેલો **'સર્ગ'** કહેવામાં આવ્યો. હવેના ૧૪ અધ્યાયોમાં ભગવાન માટે કરવામાં આવેલા **'સર્ગ'**નું વર્ણન છે. અહીં પ્રકરણ (૬) જે તત્ત્વ મુક્તિનું છે તેમાં પાંચ અધ્યાયોમાં પ્રથમ એક અધ્યાયથી **આધિ ભૌતિક** અને બીજા ચાર અધ્યાયોમાં **આધ્યાત્મિક** ગુણોનું વર્ણન છે.

શોનક ઋષિ સૂતજીને પ્રશ્ન કરે છે કે પૃથ્વી મળ્યા પછી સ્વાયંભૂવ મનુએ સૃષ્ટિ રચવા માટે કયો ઉપાય કર્યો? તે વિશે વિદુરે મૈત્રેયને શું પૂછ્યું હતું? વિદુરજી પ્રભુ પરાયણ છે અને પ્રભુનો અપરાધ કરનાર સ્વજનોનો પણ ત્યાગ કરે તેવા સ્વભાવવાળા છે. તેઓ ભગવાન અને ભક્તોને હંમેશાં અનુકુળ રહેવાવાળા છે. મૈત્રેય સાથે તેમનો સંવાદ સૌને પાવન કરવાવાળો છે. માટે તે જાણવાની ઋષિઓને ઉત્કંઠા બતાવી. સૂતજી ઉત્તર આપે છે જે તેમણે વિદુરજીએ મૈત્રેયને, બ્રહ્માજીએ કરેલી સૃષ્ટિ-પરંપરા સંબંધમાં પ્રશ્નો કર્યા હતાં. અગાઉના ૪ અધ્યાયો (૧૬થી ૧૯), 'મતાન્તર ભાષા'થી **'ભગવાનની ઈચ્છા જ સર્વથી બળવાન છે'** એમ જણાવી હવે **'સમાધિભાષા'**માં પણ આજ વિષય જણાવે છે એમ કહેવા **સાંખ્ય મત** પ્રમાણે સૃષ્ટિ વગેરેનું વર્ણન કરેલ છે. આમ પ્રથમ અધ્યાય ૨૦માં **'સાંખ્ય સૃષ્ટિ'**નું નિરૂપણ કરવામાં આવ્યું છે.

- **અધ્યાયાર્થ (અધ્યાય ૨૦ – સાંખ્ય સૃષ્ટિ)**

આ અધ્યાયમાં નવી નવી પ્રજા કરવા માટે જે તે કાલના અધિષ્ટાતા દેવોનો સ્વીકાર કરીને નવા નવા મનોભાવો બ્રહ્માજી પ્રકટ કરે છે. મનુ ભગવાનનો ભક્ત હતો અને તેણે જે કાંઈ કરેલું તે ભગવાન પ્રસન્ન થાય તેવું જ કરેલું હોવાથી તે **'લીલા'**ના પ્રયોજનથી કરેલ હોવાથી તે **'ભગવાનની લીલા'** જ છે. અહીં સંવાદ **શોનક** અને **સૂતજી** વચ્ચે થાય છે તે જ મૂળમાં **પરીક્ષિત** અને **શુકદેવજી** વચ્ચે થયેલો, તેથી પ્રશ્ન સંબંધી કોઈ વિરોધાભાસ નથી, તેમ ખુલાસો કરે છે. તે જ વાત અહીં મૈત્રેય વિદુરજીને કરે છે. આ સૃષ્ટિનું વર્ણન **'સાંખ્યમત'** પ્રમાણે કરવામાં આવ્યું છે તો તે કયા કલ્પની સૃષ્ટિ હશે તેવા પ્રશ્નનું સમાધાન કરતાં કહે છે કે ત્રણ લોકને ડુબાડનાર પ્રલયના જળમાં જે કમલ થયેલું (જેનું વર્ણન અગાઉ ૮/૯ અધ્યાયમાં આવેલું) તે કે કેવળ પદ્મકલ્પથી જુદો (તે પછીનો) જે પદ્મકલ્પ બ્રહ્માંડમાં થયેલો. તેમાં જ સાંખ્યમતની પ્રસિધ્ધિ થયેલી છે, કારણ કે **સાંખ્યાચાર્ય કપિલ** તે જ કલ્પમાં થયેલા છે. સાંખ્ય સૃષ્ટિના પહેલા જે સૃષ્ટિ આરંભમાં કહી (અધ્યાય ૫માં) તે સૃષ્ટિ કરતાં આ સૃષ્ટિ જુદા પ્રકારની છે. પ્રાકૃત પદાર્થોની ઉત્પત્તિ સંખ્યા સહિત કહેલી હોવાથી આને **'સાંખ્યમત'** કહે છે. આ મતમાં પદાર્થો તત્ત્વરૂપે બતાવ્યા છે તેથી સૃષ્ટિનું વર્ણન વિસ્તારથી કરવામાં આવ્યું નથી. આગળ એકવીસમાં અધ્યાયમાં અગિયાર પ્રકારની સૃષ્ટિનું વર્ણન છે, જેમાં સ્વભાવ અને ગુણોના જુદા જુદા પ્રકારોને લઈને કાર્ય

તરીકે જુદા જુદા પ્રકારની સૃષ્ટિ બતાવેલી છે.

ગુણો મુખ્યત્ત્વે ત્રણ છે, જે પ્રત્યેકનાં ત્રણ-ત્રણ પ્રકાર થાય (**સાત્વિક-સાત્વક**, **સાત્વિક-રાજસ**... વગેરે) તેથી નવ ગુણો, એક **નિર્ગુણ**, અને અગિયારમું **ભગવાનનું ચિંતન**, એમ ગુણો અને સ્વભાવના ૧૧ ભેદ બતાવ્યા છે. પ્રથમ તામસ સૃષ્ટિ ત્રણ પ્રકારની ઉત્પન્ન થઈ જેમાં યક્ષો, રક્ષસ દેવો અને દૈત્યો એમ અનુક્રમે **તામસ-તામસ**, **તામસ-સાત્વિક** અને **તામસ-રાજસ** સૃષ્ટિ થઈ. જુદા પ્રકારે સૃષ્ટિ ઉત્પન્ન થાય તે માટે બ્રહ્માએ શરીરનો ત્યાગ કર્યાનું કહેલું છે. સાત્વિક ત્રણ પ્રકારની સૃષ્ટિમાં **ગંધર્વો**, **પિશાચો** અને **પિતૃઓ** ઉત્પન્ન થયા જે અનુક્રમે **સાત્વિક-સાત્વિક**, **સાત્વિક-તામસ** અને **સાત્વિક-રાજસ** ગુણોવાળા હતાં, ત્યાર પછી રાજસ ત્રણ પ્રકારોમાં **સિધ્ધો**, **કિન્નરો** અને **સર્પો** ઉત્પન્ન થયા જે અનુક્રમે **રાજસ-સાત્વિક**, **રાજસ-રાજસ** અને **રાજસ-તામસ** ગુણોવાળા હતાં.

આ પછીના તેર અધ્યાયોમાં (૨૧થી ૩૩), જ્ઞાન અને ભક્તિનું વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યું છે, જેના બે વિભાગ છે - પહેલા ચાર અધ્યાયો (૨૧-૨૪) સુધીમાં **પુરુષ**ની સૂખપૂર્વક થતી મુક્તિનું વર્ણન છે જ્યારે પાછલા નવ અધ્યાયો (૨૫-૩૩) સુધીમાં **સ્ત્રી**ની મુક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પુરુષની મુક્તિનું વર્ણન માત્ર ચાર અધ્યાયોમાં અને સ્ત્રીની મુક્તિ માટે નવ અધ્યાયોમાં વિસ્તાર કર્યો તેનું કારણ સમજાવતાં કહે છે કે પુરુષને તો શ્રીકૃષ્ણની કૃપાથી જ્ઞાન એની મેળે જ પ્રાપ્ત થયેલું, અને તેમાં પણ પુરુષાર્થો ચાર છે એમ જણાવવા ચાર અધ્યાયો કહેલા છે, અને તે પ્રાપ્ત કરવાના સાધનરૂપ જ્ઞાન તેને એની મેળે જ પ્રાપ્ત થયેલું, કારણ કે તેમને ભગવાનની કૃપાથી જ સાધનો સાથે પુરુષાર્થો પ્રાપ્ત થયેલા, જ્યારે સ્ત્રીને, તેની સાથે હોવાથી **ધર્મ**, **અર્થ**, **કામ** એ ત્રણ પુરુષાર્થો તો પ્રાપ્ત થયા, છતાં તેને પ્રાપ્ત થતાં મોક્ષનું જુદું નિરૂપણ કરવાનું રહ્યું કેમ કે મોક્ષ તો તેને જુદા રહેજ પ્રાપ્ત કરવાનો રહે, સ્ત્રી-પુરુષ ભેગા રહે તેમને પ્રાપ્ત ન થાય. સ્ત્રીની મુક્તિ તો અંત:કરણના નવ ગુણરૂપ દોષોનો ત્યાગ કરાવવા તે નવ અધ્યાયોથી (૨૫-૩૩) કહેલા છે.

અહીં નવ કન્યાઓ ઉત્પન્ન થવાનું કહેલું છે. તેનું રહસ્ય જણાવતાં કહે છે કે ભગવાનની માયા શક્તિ નવ સ્વરૂપવાળી છે, કારણ કે તે ત્રણ ગુણવાળી છે અને દરેક ગુણના ત્રણ પ્રકારો હોઈ તે નવ સ્વરૂપવાળી છે. અહીં **'સ્ત્રીજીવ'** પ્રકૃતિને આધીન છે, ત્યાં સ્ત્રીપણુ એટલે શું તેવા પ્રશ્નનો ખુલાસો કરતાં કહે છે કે **'શુદ્ધ સત્ત્વ'** વગેરે ગુણોના ભેદને લીધે પ્રકૃતિ રમણ કરવા યોગ સ્વરૂપવાળી થાય તે **'સ્ત્રી'**. કેટલાક માને છે કે પ્રકૃતિ ત્રણ ગુણવાળી છે તેથી ગુણના મુખ્યપણાને લીધે ક્રોધ વગેરેને વશ થયેલા પુરુષ પણ સ્ત્રી થાય છે. ગુણો વિનાની તો પ્રકૃતિ હોતી જ નથી.' પરંતુ આ મત ખોટો છે કારણ કે ગુણોની સ્થિતિનો ત્યાગ કરીને જે પુરુષને રમણ કરાવતાં સ્વરૂપ (શક્તિરૂપ)થી રહે તે પ્રકૃતિ **'સ્ત્રીરૂપ'** કહેવાય. શુદ્ધ સત્વ વગેરે ગુણોના ભેદને

લીધે પ્રકૃતિ રમણ કરવા યોગ્ય સ્વરૂપવાળી થાય તે **'સ્ત્રી'** કહેવાય. એકબીજા સાથે ભળેલા હોય તો જ ગુણો કહેવાય છે. તેમાં જો **'સત્વગુણ'** મુખ્ય હોય ત્યારે તે **દેવની સ્ત્રી** થાય છે, **'રજોગુણ'** મુખ્ય હોય ત્યારે તે **મનુષ્યની સ્ત્રી** થાય છે અને **'તમોગુણ'**ની મુખ્યતા હોય ત્યારે તે **'પશુ સ્ત્રી'** થાય છે. વળી તેનું સ્વરૂપ આનંદના અંશવાળું હોય છે, જેથી તે ભોગ કરવા યોગ્ય હોય છે. શુદ્ધ સત્વાદિ ગુણોના કારણે શક્તિ તેમાં મુખ્ય હોવાથી તે **'સ્ત્રી'** થાય છે. પુરુષમાં પણ આનંદના અંશના પ્રવેશ થવાથી તે પણ સ્ત્રીથી ભોગ કરવા યોગ્ય થાય છે, છતાં સ્ત્રીમાં ગુણો ઘણા બળવાન હોવાથી શક્તિના મુખ્યપણાને લઈને તે 'સ્ત્રી' થાય છે. યથાર્થ પુરુષના અંશો ભેગા થતાં તે પુરુષ થાય છે. સ્ત્રીમાં પ્રકૃતિનું રૂપ વધારે હોવાથી તે મોહ કરાવનાર છે. આ અધ્યાયમાં **કર્દપ ઋષિ**ના ચરિત્રના વર્ણનનો મર્મ જણાવતાં કહે છે કે પ્રકૃતિ અને પુરુષનો સંબંધ સદાનો છે એમ જણાવવાનું તાત્પર્ય છે. **'પ્રકૃતિ'** અને **'પુરુષ'**નો સંબંધ **'સર્ગ'**માં ઉપયોગી છે. તે બન્ને જુદા જુદા હોવા છતાં સ્વભાવથી જ તેઓને મુક્તિ થઈ ન હોય ત્યાં સુધી એક બીજાની ઈચ્છા રહે છે. સાથે ઉત્પન્ન થયેલા (કુદરતી સંબંધવાળાં) પણ છુટા પડે ત્યારે મુક્તિ થાય છે, એમ કહી આ પ્રકરણનો ઉપસંહાર કર્યો છે.

હવે (૨૧થી ૨૪), ચાર અધ્યાયમાં **ધર્મ**, **અર્થ**, **કામ** અને **મોક્ષ**નું નિરૂપણ કરી પુરુષની મુક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

- **અધ્યાયાર્થ (અધ્યાય ૨૧થી ૨૪)**

અધ્યાય ૨૧માં વિદુરજીએ મનુવંશ અને કર્દમ-દેવહૂતિજીની કથા વિશે જાણવાની ઈચ્છા કરી. કર્દમે ભગવાનને પ્રસન્ન કરવા તપ કરવાનું પ્રયોજન સમજાવતાં કહે છે કે શ્રીકૃષ્ણની પ્રસન્નતા જ સર્વનું કારણ છે. તેનાથી જ બધા પુરુષાર્થો સિધ્ધ થાય છે. **કર્દમ** ભગવાનના ભક્ત છે. પૂર્વમાં ભગવાન તેમના તપથી પ્રસન્ન થયા ન હતાં. 'જ્યારે કોઈ પોતાની ખામીઓ જણાવે ત્યારે તે ભક્ત છે એવો નિર્ણય થાય,' તેવું વચન પોતાના સ્વાર્થ માટે કર્દમે કહેલું. પરંતુ **'કપટ રહિત જ્યારે ભગવાનનું ભજન કરવામાં આવે ત્યારે ભગવાન પ્રસન્ન થાય છે.** કર્દમે કામના પૂર્ણ કરવા ભગવાનને પ્રાર્થના કરી તે પહેલાં જ ભગવાને તેમના ઉપર કૃપા કરેલી તેવી સ્પષ્ટતા અહીં કરી છે. આમ આ અધ્યાયમાં **'ધર્મ'** પુરુષાર્થનું નિરૂપણ છે.

બાવીસમાં અધ્યાયમાં **'અર્થ'** પુરુષાર્થ સમજાવે છે. **'ભગવાનને જે પ્રિય હોય તેને સર્વ પુરુષાર્થો પોતાની મેળે જ આવી મળે છે.'** અહીં મનુએ પોતે જ ઉદ્યમ કરી દેવહૂતિનો સ્વીકાર કરવા કર્દમને પ્રાર્થના કરી છે. તેથી **'ભગવાનને પ્રિય થવું તે જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, બીજું કાંઈ પ્રાપ્ત કરવા યોગ્ય નથી.'** ભગવાનને પ્રિય થવાથી સર્વ પદાર્થો અને પુરુષાર્થો પ્રાપ્ત થાય છે. માટે જ ભગવાને મનુને પ્રેરણા કરી જેથી તેમણે કર્દમને દેવહૂતિનું વર્ણન કર્યું છે તે કર્દમનો તેના માટે પ્રેમ ઉદ્‌ભવે માટે હતું. કર્દમે પોતે દેવહૂતિ સાથે એક જ વાર સંબંધ કરશે તેમ કહ્યું હોવા

છતાં મનુએ તેની સાથે પોતાની પુત્રી પરણાવી કારણ કે તે ભગવાનનો ભક્ત હોવાથી સર્વને સમાન જોતો હતો.

અધ્યાય ૨૩માં **કામ** પુરુષાર્થનું નિરૂપણ કરતાં અનેક બાબતોની શંકાઓનું નિરૂપણ શ્રી મહાપ્રભુજીએ કર્યું છે. વિવાહ પછી દેવહૂતિએ ભક્તિથી કર્દમની સેવા કરી અને કર્દમે તપ કર્યું, તે બાબતોનો ખુલાસો કરતાં કહે છે કે તેઓના કાર્ય-પુત્રીઓ શુદ્ધ થાય તે હેતુ હતો, અન્યથા જેમ પુત્રના દોષથી પિતા નરકમાં જાય તેમ કાર્ય (પુત્રીઓ)ના દોષથી કારણ (દેવહૂતિ અને કર્દમ)ને પણ દોષ લાગે. કર્દમે તપ કર્યાનું પ્રયોજન બતાવતાં કહે છે કે તેથી પોતાને અને દેવહૂતિને પણ મુક્તિ પ્રાપ્ત થાય. કર્દમનું તપ ભક્તિની પ્રાપ્તિ માટે અને દેવહૂતિના તપનું કારણ પવિત્રપણું સાચવવા માટે, તેમ જ વિષય ભોગમાં આસક્તિ ન રહે તે માટે હતાં. કર્દમે 'યોગ' અર્થાત્ ભગવાનનું ધ્યાન ધર્યું. જેથી ભગવાનની કૃપાથી તેને વિમાન વગેરે પ્રાપ્ત થયા, અન્યથા વિષયભોગથી તેમને **'બંધન'** થાત.

કર્દમે પોતાના સ્વરૂપના નવ વિભાગો કરીને દેવહૂતિમાં ગર્ભાધાન કર્યું હતું તેનો ખુલાસો કરતાં કહે છે કે તેમણે પોતાના નવ સ્વરૂપોથી જુદા જુદા સ્વરૂપથી ગર્ભાધાન કર્યું કારણ કે ભવિષ્યમાં સંતાનોમાં પરસ્પર વિવાહ થઈ શકે તે માટે જુદી જુદી પરંપરા (ગોત્ર) થયેલ. ગુણથી પર સૃષ્ટિ તો ભગવદ્ રૂપ છે તેથી ગુણવાળી સૃષ્ટિ હોવાથી કાયાના વિભાગ કરી જુદા જુદા નવ પ્રકારે ગર્ભાધાન કર્યું. આ પ્રમાણે કરવામાં દેવહૂતિની સહમતિ વિશે પ્રશ્ન ઉદ્ભવે તેનું સમાધાન કરતાં કહે છે કે કર્દમે ધારણ કરેલા સ્વરૂપો એક સરખા હતાં તેથી તેને તેની જાણમાં તે બાબત આવી નહીં. તેથી જ સંતાનો દોષ વિનાના થયાં. વળી ગર્ભાધાન પણ એક પછી એક તરત જ થયું હોઈ દેવહૂતિ તે જાણી શકી નહીં.

અગાઉ કહ્યું તેમ મૈથુન ધર્મથી જ સૃષ્ટિ ઉત્પન્ન થાય તેમ ભગવાનની ઈચ્છા હતી અને **'મરીચિ'** વગેરે ઋષિઓને પણ પત્નીની જરૂર હોવાથી, તેમ જ દેવહૂતિ પણ ઘણા સંતાનો પોતાને થાય તેવી આકાંક્ષા હોવાથી, આવી વ્યવસ્થા ભગવાનની ઈચ્છાથી થઈ. કર્દમ પણ ઈચ્છતા હતાં કે દેવહૂતિ તેનું તેજ ધારણ કરે ત્યાં સુધી જ તેની સાથે વ્યવહાર કરશે. અહીં એવી શંકા, કે ઘણા પુરુષોનો સંબંધ થવાથી કર્દમ તેમ જ દેવહૂતિ બન્નેને દોષ લાગે તેના ખુલાસામાં કહે છે કે તે **'આત્મન : મે'** અર્થાત્ **'મારા આત્માનું તેજ ધારણ કર'** કહ્યું છે, જેમાં 'આત્મન :' એકવચનથી તે પોતે જ એવો નિર્દેશ મળે છે.

વળી એક બીજો પ્રશ્ન પણ ઉદ્ભવે છે કે કર્દમ જો યોગથી દેહ તજે તો પણ તે મુક્તિ પ્રાપ્ત કરી શકે, છતાં વનમાં જવાનું પ્રયોજન શું? તેના ખુલાસામાં કહે છે કે અન્યથી દેવહૂતિને સંસારમાં વૈરાગ્ય ન થાત, અને યોગમાં પણ ઘરનો ત્યાગ આવશ્યક છે, અન્યથા પૂર્ણ શક્તિ પ્રાપ્ત ન થાય.

અધ્યાય ૨૪માં **મોક્ષ** પુરુષાર્થનું નિરૂપણ કરતાં એક શંકા ઉદ્‌ભવે કે ભગવાનને **‘કપિલ’**નો અવતાર લેવાનું પ્રયોજન શું તેવા પ્રશ્નના સમાધાનમાં કહે છે કે વૈરાગ્યવાળો પુરુષ પોતાને જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે ભગવાનનું ચિંતન કર્યું જેના કારણે ભગવાનના જ્ઞાન અંશરૂપ ‘કપિલ’નો અવતાર થયો. કર્દમે કહેલું કે **‘મારા તેજને ગ્રહણ કર’**, તે પ્રસ્તાવથી તે વાત ‘કપિલ’ના પ્રાકટ્યથી પુરો થયો. જે નવ પુત્રીઓ જન્મી તે તો જુદા જુદા સ્વરૂપ હતાં.

જ્ઞાન પ્રાપ્તિ માટે અને કર્દમ ભગવાનનું ચિંતન કરે જેથી ભગવાનના અંશનું પ્રાકટ્ય થાય તે માટે બ્રહ્મા કર્દમના આશ્રમે ગયા, જેથી લોકોને ભગવાનના અવતારની ખાતરી થાય. **‘જ્યારે જ્યારે ભગવાનનો અવતાર થાય છે ત્યારે બ્રહ્મા પોતાની મેળે ત્યાં જાય છે,’** તેમ શ્રી મહાપ્રભુ સમજાવે છે. અહીં વળી એક પ્રશ્ન થાય કે, તો પછી ભગવાનના સર્વ અવતાર સમયે બ્રહ્માએ ત્યાં જવું જોઈએ, જ્યારે કેટલાક અવતારો થયા ત્યારે બ્રહ્માનું ત્યાં ગયેલ હોવાનું વિધાન નથી. આનો ખુલાસો કરતાં કહે છે કે બ્રહ્માએ ભગવાનની એવી સ્તુતિ કરેલી કે ભગવાન અવતાર ધારણ કરી જે-જે કર્મો કરે તેમાં મારા મનની પ્રવૃત્તિ કરાવે. (આ વાત અધ્યાય ૯ના ત્રેવીસમાં શ્લોકમાં છે). ભગવાને તેમને બંધન ન થાય અને તેમનું મન સદા ભગવાનમાં આસક્ત રહે તે માટે ભગવાનના અવતાર સમયે બ્રહ્મા ગયેલ હોવાનું કહેલ ન હોય તે સ્થળે પણ તે ગયેલા હતા એમ આ વરદાનને લીધે જાણવું જોઈએ. મુખ્ય રીતે બ્રહ્માની સંપૂર્ણ સ્તુતિ તો જ્યારે પૂર્ણ ભગવાન શ્રી કૃષ્ણનો અવતાર થાય ત્યારે જ કરે છે.

તેમણે કર્દમના આશ્રમે જઈ તેને **‘મરિચી’** વગેરેને તેની કન્યાઓ પરણાવી તે સમયે કહેલ કે આ **‘કપિલ ભગવાન’** છે. કર્દમ અને દેવહૂતિએતો તે પહેલા જ જાણી લીધું હતું. **મરિચી** વગેરે ઋષિઓ વિવાહ પછી પોતપોતાના આશ્રમે ગયાનું કહ્યું છે તેનું પ્રયોજન જણાવતાં કહે છે કે- તેથી સર્વના જાણવામાં આવે કે કર્દમે પોતાની પુત્રીઓ તેમની સાથે પરણાવેલી છે, અન્યથા તે કલ્પમાં લોકો એમ જાણે કે સ્ત્રીઓ પોતાની ઈચ્છાથી પતિનો સંબંધ કરે છે. વળી એવી શંકા થાય કે **‘જ્ઞાનરૂપ ભગવાન કપિલ’**નો ત્યાગ કરી કર્દમ ઋષિ વનમાં ગયા તે અયોગ્ય કહેવાય !, તેનો ખુલાસો શ્રી મહાપ્રભુજી કહે છે કે **‘હરિ સ્વયં પુત્ર થયા હોય તો પણ સર્વનો ત્યાગ કરી તેમનું ભજન કરવું આવશ્યક છે.’**

આમ આ ચાર અધ્યાયોથી ભોગથી આરંભી મુક્તિ સુધીના પુરુષાર્થો પુરુષને કેવી રીતે પ્રાપ્ત થયા તેનું આ **‘મુક્તિ પ્રકરણ’**માં નિરૂપણ કર્યું છે.

• સુબોધિની (અધ્યાય ૨૦)

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ભગવાનનો પ્રાદુર્ભાવ થાય તેની યોગ્યતા માટે જ્ઞાનમાં ઉપયોગી એવા મહાભૂત, તન્માત્રા, ઈન્દ્રિય તથા બુદ્ધિનો, તેમના ગુણો પ્રકટે તે હેતુથી ૨૦થી ૨૫ સુધીના ૫ અધ્યાયોનું આ પ્રકરણ છે. અહીં ચૌદ અધ્યાયોથી **‘સર્ગ’** કહેલો છે. આ પ્રકરણનો

પહેલો ઉત્પત્તિરૂપ (૨૦મો અધ્યાય) છે. **હિરણ્યાક્ષ**નો વધ કરી ભૂમિ મનુને માટે જળમાંથી આણેલી હોવાથી મનુના ચરિત્ર સંબંધથી શૌનક ઋષિ સૂતજીને પ્રશ્ન કરે છે. આરંભમાં વિદુરને સંયમી હોવાને કારણે ભક્ત હોવાનું જણાવે છે કારણ કે તે પોતે પુષ્ટ અને જુવાન, તેમજ કામનાવાળી સ્ત્રીઓની સમીપ રહેતો હોવા છતાં તેના મનમાં વિકાર આવ્યો નથી તેથી તેને **'અસિધારાવ્રત'** વાળો કહે છે. વળી તે સંપૂર્ણ રીતે શ્રી કૃષ્ણના આશ્રયવાળો તેમજ તેમના સેવકોની પણ સેવા કરનારો છે. આમ વિદુરની ભક્ત તરીકે સ્તુતિ કરી તેણે તત્ત્વજ્ઞાની મૈત્રેયને પૂછેલા પ્રશ્ન વિશે જાણવા ઉત્કંઠા બતાવી. તેનો ઉત્તર આપતાં વિદુરજીના વચન કહે છે કે તેઓ એમ માનતા હતા કે ભક્ત બ્રહ્માએ સૃષ્ટિની તો ઉત્પત્તિ કરી જ છે અને તેથી હવે ભક્તિમાં ઉપયોગી થાય તેવું જ કાંઈક કાર્ય કરશે. મૈત્રય જવાબ આપતાં કહે છે કે સમજી ન શકાય તેવા **દૈવથી**, **પરથી** અને **કાલથી** ખળભળેલા ભગવાનના ત્રણ ગુણોમાંથી **'મહત્ તત્ત્વ'**ની સૌપ્રથમ ઉત્પત્તિ થઈ. અહીં **'દૈવ'** એટલે ભગવાનની ઈચ્છા, **'પર'** શબ્દથી **'પુરુષ'** અથવા **'અક્ષર'** એમ સૂચવે છે, અને 'કાલ' જે કર્મ, સ્વભાવ વગેરે 'કાલ'ના જ વિભાગો છે જે કારણ બને છે. આ ત્રણેય અનુક્રમે **સત્, રાજસ્** અને **તામસ** ગુણોના રૂપો છે તે ભગવદ્રૂપ હોવાથી તેને **'તત્ત્વ'** કહ્યા છે. આ **મહત્ તત્ત્વ** ત્રણ ગુણવાળુ હોવા છતાં તેમાં રજો ગુણ મુખ્ય છે, જેમાંથી **'અહંકાર'** ઉત્પન્ન થયો. દૈવ પ્રેરણાથી તેમાંથી ભૂતાદી, જ્ઞાન કરાવનારી ઈન્દ્રિયો, કર્મ કરાવનારી ઈન્દ્રિયો, પાંચ તન્માત્રાઓ, પ્રાણ વગેરે ઉત્પન્ન કર્યા અને **'દેવાદિ'** શબ્દથી જુદા જુદા અભિમાનવાળા દેવોને, દિશાઓને, પાંચ અગ્નિને અને અંત:કરણના ચાર દેવતાઓ - **ચંદ્ર, રુદ્ર, બ્રહ્મા** અને **ચૈત્ય** ઉત્પન્ન કર્યા.

આ બધા દેવો એક એક બ્રહ્માંડ રચી શકે તેમ ન હોવાથી તેમણે ભેગા મળીને સુવર્ણમય બ્રહ્માંડ રચ્યું. તે આત્મા વિનાનો અંડકોશ પ્રલય જલમાં પૂરા એક હજાર વર્ષ રહ્યું. પ્રલયના જલમાં કહેવાનો આશય આરંભમાં જલ જ ઉત્પન્ન કર્યું. જેમાં બ્રહ્માંડ કમલની કલી જેવું થયું. જેમ ઈંડામાંથી પક્ષી થાય તેમ તે ઈંડું કલીરૂપ થયું જેને **'આંડકોશ'** કહે છે. તે ભગવાનને માટે રચાયેલ હોવાથી તેમાં બીજો કોઈ પ્રવેશ કરવા યોગ્ય ન હોય, તેથી હજાર વર્ષ પછી ભગવાને તેમાં પ્રવેશ કર્યો, જેનું પ્રયોજન જાણવાની ઈચ્છા ન કરવી તે માટે અહીં **'ઈશ્વર'** શબ્દ પ્રયોગ કર્યો છે. તે ભગવાનની નાભિમાંથી એક હજાર સૂર્યો કરતાં અધિક તેજવાળુ સર્વ જીવોના સમૂહોના રહેઠાણરૂપ કમલ ઉત્પન્ન થયું, જેમાં ભગવાન પોતે જ બ્રહ્મા રૂપ થયા. **'અનુવિષ્ટા'** શબ્દથી બ્રહ્માએ ભગવાન જે જલમાં **'નારાયણ'** રૂપે રહેલા હતાં તેની સાથે પ્રવેશ કર્યો, અને લોકોની વ્યવસ્થા કરી, અર્થાત્ જાતિ, ગુણો અને સ્થાનના વિભાગથી જેવી પહેલાના કલ્પમાં હતી તેવી લોકોની સારી વ્યવસ્થા કરી. તેમણે પહેલાં **તામિસ્ર, અંધતામિસ, તમ:, મોહ** અને **મહાતમ:** એ પાંચ અવયવોવાળી અવિદ્યા ઉત્પન્ન કરી. (આ અગાઉ આવી ગયું છે). આમાં પ્રથમ તામિસ્ર,

તે ભગવાનથી વિમુખ હોઈએ ત્યારે મહાભોગની ઈચ્છા થાય, જે નડતરરૂપ છે, પછી ભોગની ઈચ્છા, અજ્ઞાન, નિર્બલ હોવાનો મોહ, જે વૈરાગ્ય ઉત્પન્ન કરે અને દેહનો અહંકાર. આ અવિદ્યાના સર્જનથી બ્રહ્માજીને સંતોષ ન થતાં તેમણે પોતાનું તે રાત્રીમય શરીર છોડી દીધું જે પહેલાના કલ્પમાં થયેલા યક્ષ-રાક્ષસ વગેરે એ લીધું, જે અજ્ઞાનવાળુ હતું. તેમાંથી ભૂખ અને તરસ ઉત્પન્ન થાય તેવું હતું. બ્રહ્માજી આ સૃષ્ટિના ક્રમમાં નવા નવાં શરીર ધારણ કર્યા અને જુનાનો ત્યાગ કર્યો. જે દેહ બ્રહ્માજીએ ધારણ કરીને રહ્યા તે કાલના અભિમાન દેવતાઓ છે. નિર્લજ્જ અસુરો પાછળ પડતાં બ્રહ્માજી વૈકુંઠમાં આવી ભગવાનને વિનંતી કરી કે હે પરમાત્મા ! મેં આપની પ્રેરણાથી આ પ્રજા ઉત્પન્ન કરી તે પાપીઓ મૈથુન માટે મારી પાછળ પડ્યા છે. તેમનાથી મારું રક્ષણ કરો. આપ એક જ છો. **આપના સેવકોને બીજો કોઈ સુખ અથવા દુ:ખ આપનારો નથી પણ આપ જ છો.** અર્થાત્ કાલ સર્વને સમાન હોવાથી દુ:ખ આપે છે, પણ તેનો નાશ કરનાર આપ જ છો. ભગવાને બ્રહ્માની આવી દીનતા જોઈને બ્રહ્માજીને આજ્ઞા કરી કે **'આ ઘોર દેહનો ત્યાગ કર'** જેથી બ્રહ્માજીએ તેનો ત્યાગ કર્યો.

બ્રહ્માજીએ દેહ ત્યાગ કરતાં ત્યાં એક દેવી રૂપ ધારણ કરેલી સુંદર સ્ત્રી દેખાઈ. તેને દુષ્ટ બુધ્ધિવાળાઓએ આદર આપી ત્રણ પ્રશ્નો કર્યા કે **'તું કોણ છે, તું કોની છે**, અને **તારૂં અહીં આવવાનું શું પ્રયોજન છે ?** તારા દર્શનથી અમારા ચિત્ત ક્ષણે ક્ષણે હણાઈ જાય છે. તે સુંદરીને, જે સાંજની સંધ્યા દેવી હતી તેને મૂઢ બુધ્ધિવાળાઓએ સ્ત્રી માનીને પકડી અને તે કમળના જેવી ગંધવાળી હોવાથી તેને સુંઘવા લાગ્યા. અગાઉ જે તામસ પ્રકારની સૃષ્ટિ બતાવી તેનાથી બીજા પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરતાં ભગવાને **ગંધર્વો** અને **અપ્સરાઓ**ના સમૂહોને ઉત્પન્ન કર્યા. આ **'રાજસી સૃષ્ટિ'** કહેવાઈ. તે પછી **સિધ્ધો** અને **પિતૃઓ**ની **સાત્વિક સૃષ્ટિ**. આમ બ્રહ્માની આળસ અને નિંદ્રાથી **ભૂતો** અને **પિશાચો** ઉત્પન્ન થયા, સિધ્ધો અને પિતૃઓના સમૂહોને અદષ્ટ પ્રકારે ઉત્પન્ન કર્યા અને પોતાના પ્રતિબિંબરૂપથી **કિન્નરો** અને **કિં પુરુષો** (દેવોના ગવૈયાઓ)ને ઉત્પન્ન કર્યા. તે બધા સ્ત્રી અને પુરુષ શરીરવાળા જોડકારૂપે પ્રકટ થયા, જેમાંથી અનેક પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થઈ.

અંતમાં ભગવાનથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ પોતાને કૃત કૃત્ય જેવા માનતાં અંતે લોકોને આનંદ કરાવનાર, મનુઓને મનથી ઉત્પન્ન કર્યા. પ્રસન્ન થયેલા તે પુરુષે પોતાનું 'પુર' તેઓને આપ્યું, પુરમાં જે શયન કરે - **'પુરિશેતે'** તે **'પુરુષ'**. તેથી બ્રહ્માએ શયન કરવા મનુઓને બ્રહ્માંડનું રક્ષણ કરવા તે સોંપી દીધું.

• સુબોધિની (અધ્યાય ૨૧)

બ્રહ્માની સૃષ્ટિનું વર્ણન ગત અધ્યાયમાં થયા પછી વિદુરજી મૈત્રેયને સ્વાયંભુવ મનુ દ્વારા મૈથુનથી થયેલ પ્રજોત્પત્તિ વિશે પૂછતા, તેમના બે દિકરા **પ્રિયવ્રત** અને **ઉત્તાનપાદ** અને **આકૂતિ** તથા **દેવહુતિ** એ બે કન્યા વિશે કહે છે. પછી મનુ-પત્નીની ઈચ્છાથી થયેલ ત્રીજી કન્યા, **પ્રસૂતિ**

થયેલ. મનુએ બ્રહ્માજીના પુત્ર **રુચિ**-ઋષિ, જેઓ પૂર્વ સૃષ્ટિના પ્રલય પછી બચેલા હતા, તેની સાથે 'આકૂતિ'ના લગ્ન કર્યા અને **'કર્દમ'** મહર્ષિ, જેમણે સરસ્વતી નદીના કિનારે દશ હજાર દેવ વર્ષ પર્યંત તપ કર્યું હતું, અને જેમની સમાધિ સહિતની પ્રેમભક્તિથી ભગવાન વેદપુરુષ (શબ્દ બ્રહ્મ) પ્રસન્ન થયા હતાં તેમની સાથે દેવહુતિને પરણાવ્યા. આ કર્દમ ઋષિ સત્ય યુગમાં તપ કરવા બેઠા હતાં. તેમનું અંતઃકરણ શુદ્ધ થતાં ત્રેતામાં પણ તેમનું તપ ચાલુ રહ્યું જેના કારણે તેમને પ્રભુ મળ્યા. તેમણે દ્વાપર યુગમાં તેમની સેવા કરી હતી. તે પ્રભુનું વર્ણન કરતાં કહે છે - તેમણે શ્વેતાંબર ધારણ કર્યું હતું, શ્વેત કમળની માળા કંઠમાં હતી. શ્રી હસ્તમાં શ્વેત કમળ ધર્યું હતું. કૌસ્તુભ મણી તેમ જ વક્ષ સ્થળે શ્રી વત્સ ચિન્હ હતું. મુખ પર મધુર સ્મિત હતું. ચારે હસ્તમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કર્યા હતા. મસ્તકે મુકુટ અને કાનમાં કુંડલ શોભતા હતા. કંદર્પ ઋષિએ આવા મંદસ્મિતની શ્રી મુખ પર શોભા નિહાળી, કૃતાર્થ થઈ પ્રભુને દંડવત કરી તેમની સ્તુતિ કરતાં કહ્યું- હે પ્રભુ !, યોગી પુરુષો પણ યોગ દ્વારા આપને મેળવી શકતા નથી, તેથી યોગ-સિધ્ધ પુરુષો પણ આપને મેળવવાની આશા કરે છે અને હંમેશા પ્રયત્નશીલ રહે છે, તેવા અદ્‌ભૂત સ્વરૂપવાળા આપના દર્શન થતાં મારા નેત્ર તૃપ્ત થયા. આપના ચરણાર્વિન્દનું આરાધન કરનારને આપ સઘળીએ કામનાઓનું દાન કરો છો જેથી તેમને આ ભવસાગર તરવાનું મોટું વહાણ મળી જાય છે. માયાથી ભટકેલા લોકો ભોગ શોધતા હોય છે, જે આપ આપો પણ છો પરંતુ ભોગ તો નરકમાં પણ મળે છે. આ જાણવા છતાં દુઃષ્ટ અંતઃકરણવાળો છે, પણ આપનું આરાધન કર્યું છે, જેનો હેતુ મારે યોગ્ય કન્યા સાથે લગ્ન કરવાની કામના છે. એવી કન્યા જે શીલ અને સ્વભાવમાં સમાન હોય, જેનાથી મારો ગૃહસ્થાશ્રમ ઋષિના આશ્રમ જેવો બને, યજ્ઞરૂપ બને, તેમાં જોયતાં યજ્ઞોપયોગી પદાર્થોનું સંપાદન કરનારી ધેનુરૂપ પત્નીની મને કામના છે. જે પોતાના સુખને, સંતોષને અને મોજશોખને પોષવા ક્લેશ વહોરે તેવી સ્ત્રીની અપેક્ષા નથી પરંતુ પોતાના સુખના ભોગે સૌને સુખી કરવા આતુર હોય તેવી પત્નીની મને આશા છે. જેના સહવાસથી ડરતો મનુષ્ય નીડર બને, દુર્જન સજ્જન બને દુઃખી હોય તે સુખી બને, કઠોર કોમલ બને, કટુ હોય તે મધુર બને, અમંગળ મંગળ બને, જે નવજીવન બક્ષે તેવું ઘર બનાવે તેવી પત્ની મેળવવા હું ઈચ્છું છું. તે માટે આપને શરણે આવ્યો છું કારણ કે આપ ભક્તોના કલ્પવૃક્ષ સમાન છો, સૌની કામના પૂર્ણ કરનાર છો. આમ વિસ્તારપૂર્વક કર્દમ ઋષિ ભગવાનની સ્તુતિ કરે છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **''જેઓ નજીવી અભિલાષા માટે ભગવાનના ચરણ કમલની ઉપાસના કરે છે તેઓ માયાથી હરાયેલા ચિત્તવાળા હોય છે, કારણ કે માયાથી મોહિત થયેલ બાળક ઘણું સુવર્ણ આપી મુઠ્ઠી ચવેણું લે છે,** તેવી આ વાત છે.'' કર્દમ ઋષિ પણ અહીં પોતાની લૌકિક કામના પૂર્ણ કરવાની પ્રભુને વિનંતી કરે છે, તે આવી જ વાત છે. વધુમાં આચાર્ય ચરણ કહે છે- **''ભગવાનના મુખ્ય ભક્તો ત્રણ ગુણવાળા હોય છે. (૧) પહેલા તેઓ લોકોનો ત્યાગ કરે છે,**

(૨) ત્યાર પછી ભગવાનના ચરણછત્રનો આશ્રય કરે છે, અને (૩) પોતાના દેહ વગેરેનું ભાન ભૂલી જઈ સદા તેવા (મુખ્ય ભક્તો) સાથે ભગવાનના ગુણોનું ગાન કરે છે.'' વળી જો આમાંથી એક પણ ગુણ ઓછો હોય તો તે વૈષ્ણવ મુખ્ય નથી. 'જેમ લોકોનો ત્યાગ કરવાનો છે, એવી જ રીતે ભગવાનના ભક્તો પણ જો લોકોને જ અનુસરનારા હોય તો તેઓનો પણ ત્યાગ કરવો જોઈએ. લોકોના કરતાં પણ આવાનો ખાસ ત્યાગ કરવો જોઈએ એ વાત કહેવા માટે અહીં શ્લોકમાં લોકોને અનુસરનારા પશુઓનો ત્યાગ કરવો કહ્યું છે. અગર આંધળો કૂવામાં પડે તે તો સમજી શકાય પણ જો 'આંખવાળા' અર્થાત્ દેખતો પડે તો તે મોટો આંધળો છે, તેમ સમજાવે છે. ભક્તો કોને કહેવાય તેનો ખુલાસો કરતાં કહે છે કે **'જેઓ કથારૂપ અમૃતનું પાન કરતાં દેહના ધર્મ રહિત થાય (અર્થાત્ દેહના ધર્મો બાધા ન કરે) તેઓ જ ભગવાનના ભક્તો છે અને જે દેહના ધર્મોને દૂર કરે તે જ ''અમૃત'' છે.**

કર્દમ ઋષિની વિનંતી સાંભળી અદ્‌ભૂત કર્મ કરનાર ભગવાને શું કર્યું તે જાણવાની ઈચ્છા થાય તેથી મૈત્રેય ભગવાનની અમૃતવાણી વિશે કહે છે કે જ્યારે ભગવાન પહેલાં ભક્તની ઈચ્છા પૂર્ણ કરવાનું કહે ત્યારે જ ભક્તના હૃદયમાં ઈચ્છા થાય કારણ કે કામ સિધ્ધ થયેલ હોય ત્યારે જ ભગવાન સાધન કરાવે છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'બધા માર્ગોમાં ભગવન્માર્ગ ઉત્તમ એટલા માટે છે કે તેમાં સર્વ સાધનો જ સદા સફળ જ હોય છે'**. ભગવાન પ્રેમ પુલકિત થઈ કહે છે કે ''મેં તમારી ચિત્તવૃત્તિ જાણીને પહેલેથી જ ફળ તૈયાર રાખેલું છે, જેને માટે તમે તપ:પૂર્વક ભક્તિ કરી છે. મારું ભજન ક્યારે પણ વૃથા જતું નથી. તેમાં જે અનન્ય ભાવથી ભજન કરે તેનું તો શું કહેવું? કર્દમ ઋષિની ઈચ્છા પૂર્ણ કરવાને માટે ભગવાન કહે છે કે પ્રજાપતિનો પુત્ર, જે સદાચારવાળો મનુ છે, અને આ બ્રહ્માવર્તમાં રહી સમગ્ર પૃથ્વી પર રાજ્ય કરે છે તે તને મળવા પરમ દિવસે અહીં આવશે. તે પોતાની દિકરીનું કન્યાદાન તને કરવા ઈચ્છે છે. બ્રહ્માવર્ત એટલે દેવોએ રચેલો તે દેશ જે સરસ્વતી અને દૃષદ્‌વતી એ બે દેવનદીઓની વચ્ચે આવેલો પ્રદેશ જે હાલ કુરુક્ષેત્ર તરીકે પ્રસિધ્ધ છે. ભગવાન કહે છે કે તે શીલ અને ગુણવાળી, પતિને શોધતી પુત્રી, જેનું તારું હૃદય વર્ષો સુધી ચિંતન કરતું હતું તે 'નૃપવધુ' તને સુખ થાય તે પ્રમાણે તારી સેવા કરશે. તેની સાથે તને ગૃહસ્થાશ્રમ ભોગવવો ફાવશે, જેનાથી તમારે ત્યાં દીકરીરૂપ નવ સંતાનો થશે અને અંતે હું તે તારી પત્ની દેવહૂતિમાં આવિર્ભૂત થઈશ. તું મારી આજ્ઞાનું પાલન કરીને અંતે મને પ્રાપ્ત કરીશ. મારા વીર્ય સાથે હું મારા અંશ અને કલાથી પ્રકટ થઈ તારી પત્નીને સાંખ્ય સિધ્ધાંતનો બોધ કરનારી તત્ત્વસંહિતા કહીશ. આમ કહી ભગવાન તે સરસ્વતીથી વીંટળાયેલાં બિંદુ સરોવરમાંથી પધારી ગયા. ભગવાન જતાં જતાં આ બ્રાહ્મણના ભોળપણાને જાણે અર્ધ્ય દેતા હોય તેમ તેમના નેત્રરૂપ અર્ધ્યપાત્રમાંથી અશ્રુના બે બિંદુ સરી પડ્યા જે પાછળથી 'બિંદુસરોવર' નામે પ્રસિધ્ધ થયું. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'જ્યારે શરણે આવેલો દુ:ખી થાય ત્યારે તેના ઉપર કૃપા થાય છે.**

કૃપાથી તરબોળ વ્યક્તિ જ્યારે ધસી આવે ત્યારે તેના નેત્રમાંથી બિંદુઓ સરી પડે છે. **ભગવાને પોતાની કૃપા શરણ આવેલાઓને જ આપેલી છે. તેથી સર્વ ગરીબડાઓ ઉપર ભગવાનની દયા થતી નથી કારણ કે તેમણે તે શરણ આવેલાઓને આપેલી છે.**

ભગવાનના પધારી ગયા પછી કર્દમ ઋષિ ભગવાને કહેલા સમયની રાહ જોતા બિંદુ સરોવર પર બિરાજ્યા હતાં ત્યારે ભગવાને કહેલ તે પ્રમાણે મનુ પોતાની પત્ની શતરૂપા અને કન્યા દેવહૂતિને લઈને ત્યાં આવ્યા. કર્દમ ઋષિના તે પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર જ્યાં સુંદર વૃક્ષો ઊગેલા છે, પક્ષીઓ કલરવ કરી રહ્યા છે, વિવિધ પશુઓ ત્યાં ફરી રહ્યા છે તેવા ઉત્તમ તીર્થરૂપ સ્થાનમાં મુનિને બેઠેલા મનુએ જોયા જેમણે રાજાને આવકાર આપી યોગ્ય પૂજાથી તેનો સત્કાર કર્યો. મુનિના સ્વાગતનો સ્વીકાર કરી, મનુ ત્યાં બિરાજ્યા ત્યારે તપમાંથી નિવૃત્ત થઈને બેઠેલા મુનિ હિરાની માફક શોભતા હતા. તેમણે મધુરવાણીમાં મનુનું અભિનંદન કરતાં કહ્યું કે હે દેવ આપ પૃથ્વી પર સાધુઓના રક્ષણ માટે પરિભ્રમણ કરો છો. ભગવાને પોતાની રક્ષણ કરનારી શક્તિ આપ રાજાઓને સોંપી છે. જેમ સૂર્ય એક હજાર કિરણો સાથે ફરતાં 'ધર્મકાર્ય' કરે છે અને અંધકારનો નાશ કરે છે તેમ આપ મોટી સેના સાથે ફરતાં સંતોનું રક્ષણ કરવાનો 'ધર્મ' બજાવો છો અને દૂષ્ટોનો નાશ કરો છો. આપ અહીં કયા પ્રયોજનથી પધાર્યા છો તે આપ કહો જેનો હું નિષ્કપટ હૃદયથી સ્વીકાર કરીશ.

- **સુબોધિની (અધ્યાય ૨૨)**

આ અધ્યાયમાં ઋષિ કર્દમને સ્ત્રી તેમ જ ધનરૂપ અર્થની પ્રાપ્તિ થયેલી છે. અહીં મનુના ધર્મનું વર્ણન કરેલું છે. ભગવાનની કૃપાથી જ ઉત્તમ અર્થ પ્રાપ્ત થાય છે તેમ સમજાવ્યું છે. જેણે પોતાની ઈચ્છાથી 'આકૂતિ'ને પરણાવેલી તે અત્યંત દીનતાપૂર્વક દેવહૂતિને પરણાવે છે અને પોતાને કૃતકૃત્ય માને છે. મનુ કર્દમ ઋષિને કહે છે કે ''ભગવન્, તમે તો બ્રાહ્મણ છો જેને ભગવાનનું મૂળ કહ્યું છે અને અમે ક્ષત્રિય છીએ, જે ભગવાનના બાહુમાં પ્રકટ થયા છે. બ્રાહ્મણ બુધ્ધિરૂપ છે જ્યારે ક્ષત્રિય બળરૂપ છે. બ્રહ્મ હૃદય છે જ્યારે ક્ષત્રિ તેમનું અંગ છે. બન્ને એકબીજાનું - પોતાનું રક્ષણ કરે છે અને જે સર્વરૂપ છે તે વિકાર રહિત દેવ બન્નેનું રક્ષણ કરે છે. બુધ્ધિપૂર્વકનું બળ કાર્ય સાધક બને છે. તમારા દર્શન માત્રથી જ મારા સર્વ સંશયો દૂર થયેલા છે કેમ કે ભગવાને પોતે જ મને રક્ષણ કરવાનો ધર્મ કહેલો છે.''

મનુ કહે છે કે 'મેં તમને વિવાહ માટે તત્પર થયેલા સાંભળ્યા છે. હું આ કન્યા લાવ્યો છું જે **ઉત્તાનપાદ** અને **પ્રિયવ્રત**ની બહેન છે. તે આપને માટે યોગ્ય છે. આપ તેનો પત્ની તરીકે સ્વીકાર કરો.' મનુની વાણી સાંભળી કર્દમે ઉત્તર આપતાં કહ્યું કે તે સાચું છે કે હું પરણવાની ઈચ્છાવાળો છું. આપની કન્યા સુયોગ્ય છે. જે પોતાની કાંતિથી જ જાણે લક્ષ્મીની અવગણના કરતી હોય તેવી તમારી પુત્રીનો આદર કોણ ન કરે? પરંતુ મારી એક શર્ત છે કે મને તો પરમહંસ ધર્મ અતિપ્રિય

છે. અમારે ત્યાં પુત્ર પ્રકટ થતાં હું સન્યાસ લઈ અહિંસા રહિત ધર્મોનો હું આદર કરીશ. અહીં ઋષિનું વાક્ય છે **‘મારું પોતાનું તેજ ધારણ કરશે ત્યાં સુધી હું ગૃહસ્થાશ્રમ કરીશ’**. અહીં કહેલો **‘આત્મન :’** શબ્દ અહંકાર પ્રકટ કરે છે. અહંકારના **સત્વ**, **રજ** અને **તમ :** એમ ત્રણ ભેદ છે. આ ત્રણેના અંતર્ગત ભેદ ગણતા નવા થાય, અને મૂળ અહંકાર, એમ કુલ દશ ભેદ થાય. તેથી આ પ્રતિજ્ઞાના શબ્દોમાં નવ કન્યાઓ થવાની વાત છે અને દશમા આત્મારૂપ ભગવાન પુત્ર રૂપે પ્રકટ થવાના છે તેવા સંકેત છે. આમ અહીં પ્રકૃતિના ગુણ રૂપ નવ કન્યાઓ પ્રકટ થયા પછી સાંખ્યપ્રવર્તક પુરુષ પ્રકટ થવાનું સૂચન કર્યું છે.

પ્રકૃતિ પ્રભુની શક્તિ રૂપ છે. તે ત્રણ ગુણવાળી છે, જેના મિશ્રભેદ સાથે તેના નવ પ્રકાર થાય. **સ્ત્રી જીવ હંમેશ પ્રકૃતિ પરવશ હોય છે. જ્યારે બધા ભેદથી પ્રકૃતિ વિહાર-યોગ્ય રૂપવાળી થાય ત્યારે તે સ્ત્રી થાય છે.** તેમાં જો સત્વગુણની મુખ્યતા હોય તો તે **દેવ સ્ત્રી** થાય, રજોગુણની મુખ્યતા તેને **‘માનવ સ્ત્રી’** બનાવે અને તમોગુણના કારણે તે **પશુસ્ત્રી** બને. સર્વ તત્ત્વોમાં પુરુષ અને પ્રકૃતિના અંશો હોય છે. જેવા અંશો ભેગા મળે તેવું તેનું સ્વરૂપ બને છે. સ્ત્રીમાં માયા (પ્રકૃતિ)નું સ્વરૂપ વિશેષ હોવાથી તેમાં ‘મોહ’ કરાવવાનો ગુણ રહેલો છે.

મનુએ કર્દમ ઋષિની પ્રતિજ્ઞા સાંભળીને વિચાર કર્યો કે જો હું મારો પુરુષાર્થ સિધ્ધ કરવાનું વિચારી રહ્યો છું તો આ બ્રાહ્મણ શા માટે પોતાનો પુરુષાર્થ સિધ્ધ ન કરે ? તેમણે શતરૂપા સામે જોયું જેમણે આશ્રમની સમૃધ્ધિ જોઈને કોઈ અમાન્ય વાત ન લાગી અને મંદ હાસ્યથી પતિને પોતાની સંમતિ જણાવી, જ્યારે મનુએ દેવહૂતિ સામે દૃષ્ટિપાત કર્યો તો તેમણે તેનું મન પણ લોલુપ થયેલું જોયું અને લજ્જિત થઈ તેમણે નજરો ઢાળી દીધી. મનુને તેની પણ સંમતિ જણાઈ ગઈ તેથી મંગળ વિવાહ વિધિ સંપન્ન કરી કર્દમ ઋષિ સાથે પોતાની કન્યાને પરણાવી પ્રસન્નતા વ્યક્ત કરી પોતાના નગર બર્હિષ્મતીમાં આવ્યા. જ્યાં ભગવાન યજ્ઞ-વરાહના રોમ ખરી પડ્યા હતાં તે ભૂમિ પર દર્ભ ઊગી આવ્યા હતાં તે સ્થળે બર્હિષ્મતી નામની નગરી વસેલી, જે મનુની રાજધાની હતી. અહીં મનુની સત્કીર્તિનું સારી રીતે જ્યાં અનેક રાત્રીઓ ગાન કરતી હતી તે સ્થાનમાં દર પ્રાત : કાળે એકાગ્રહ્દય ભગવત્પરાયણ બની હરિની કથાનું શ્રવણ કરતાં પોતાની પ્રજા અને પત્ની સાથે બીજા પુરુષાર્થોનો વિરોધ ન થાય તેમ તેઓ ભોગ કરવા લાગ્યા.

• સુબોધિની (અધ્યાય ૨૩)

અગાઉ જોયું તેમ કર્દમ ઋષિએ પોતાની ઈચ્છાથી કામનો સ્વીકાર કરેલ હોવાથી આ અધ્યાયમાં તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો ત્યાં સુધીના તેના ‘કામ’નું વર્ણન કરેલું છે. ગત અધ્યાયમાં ભગવાનના ભોગની સૃષ્ટિમાં તન્માત્રાઓનું નિરૂપણ કરી હવે, તેને ગ્રહણ કરનારી ઈન્દ્રિયોનું નિરૂપણ છે, માટે દેવહૂતિની પતિસેવાનું વર્ણન કરી કર્દમની પ્રસન્નતા, દેવહૂતિની વિજ્ઞપ્તિ અને તદનુસાર સંપૂર્ણ પ્રકારના ભોગ અને તેનાથી નવ કન્યાઓના જન્મ તેમ જ બન્નેના વૈરાગ્યનું

વર્ણન કરવામાં આવ્યું છે.

માતાપિતાની વિદાય થયા પછી દેવહૂતિએ પતિની બધી ઈચ્છાઓ જાણી, તદનુસાર તેની સેવા પ્રેમથી કરવા માંડી. અહીં બતાવે છે કે પતિની કે પ્રભુની સેવા તેમના હૃદયના અભિપ્રાયને જાણીને કરવી જોઈએ. તેમના સ્વભાવની સમજ સેવામાં અતિ ઉપયોગી થાય છે. દેવહૂતિએ પોતાના અંત:કરણની શુદ્ધિથી અને ઈન્દ્રિયોનો નિગ્રહ કરી કામ, દંભ, દ્વેષ, લોભ, પાપ અને મદનો ત્યાગ કરી સાવધાન કરી પતિને પ્રસન્ન કર્યા. તેથી તેને માટે **'સાધ્વી'** શબ્દ પ્રયોગ કરાયો છે. **'પતિમિંગિતકોવિશ'** શબ્દથી તે પતિના હૃદયના આશયને ઓળખવામાં નિપૂણ છે એમ સૂચવે છે. અહીં જેની સેવા કરવી હોય તેના સ્વરૂપનું જ્ઞાન હોવું જરૂરી ગણાય તેવો નિર્દેશ છે. અહીં એમ સમજાવે છે કે **'સેવા' સ્નેહપૂર્વક જ થાય જેને માટે સેવાના સ્વરૂપનું જ્ઞાન હોવું આવશ્યક છે. સ્વ-સ્વરૂપ, સેવ્ય સ્વરૂપ અને સેવાના સ્વરૂપના જ્ઞાનથી સેવા માટેની યોગ્યતા આવે છે, જેમાં સ્નેહ અને આદર બન્ને આવશ્યક છે. વળી સેવા કરનારના શરીર એવમ્ અંત:કરણની પવિત્રતા પણ આવશ્યક છે. સેવાના ગૌરવ માટે ઈન્દ્રિયોની ચંચલતાને વશમાં રાખી સંયમ રાખવો જરૂરી ગણાય. સેવા કરનારની વાણી વક્ર, કઠોર, કર્કશ કે કપટભરી ન હોવી જોઈએ, પરંતુ મધુર હોવી જોઈએ. સેવા કરનારે સાવધાન રહેવું જોઈએ, સેવ્યને શું જોઈશે તે સમજીને અગાઉથી તૈયારી રાખવી જોઈએ. તે માટે સતત્ કાળજી રાખવી જોઈએ. આવી સેવા જ સ્વામીને સંતુષ્ટ કરી શકે.**

દેવહૂતિએ પતિસંબંધ કે વૈભવ-વિલાસની અપેક્ષા રાખ્યા વિના નિષ્કામ ભાવથી પતિની સેવા કરી. પોતાના દેહનિર્વાહ પરંતુ જે મળે છે તેમાં સંતોષ માની પતિની સઘળી સાનુકૂલતા સાચવી સેવા કરવાથી ઘણા સમય પછી કર્દમ ઋષિએ પ્રસન્ન થઈ દેવહૂતિને સંબોધન કરતાં કહ્યું કે હે **'મનુપુત્રી'**, હું તમારી નિષ્કપટ સેવાથી અતિ પ્રસન્ન થયો છું. આમ માનવાચક શબ્દો કહેવાનું કારણ બતાવતાં કહે છે કે તેણે ઘણી અલૌકિક શુશ્રૂષા, જે અંતરંગ સેવાનું સાધન છે અને **'પરાં'** શબ્દથી માહાત્મ્યના જ્ઞાન સાથેની ઉત્તમ ભક્તિ અર્થાત્ પ્રીતિ સૂચવે છે. **'સમુચિત'** શબ્દથી સારી રીતે યોગ્ય, પોતાને સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારનો નિર્દેશ કરે છે, જે ઋષિની પ્રસન્નતાનું કારણ છે. માટે ઋષિ કહે છે કે મેં સ્વધર્મનું આચરણ કરતાં **તપ**, **સમાધિ**, **ભક્તિ** અને **આત્મયોગ**થી જે ભગવાન પાસેથી પ્રસાદો રૂપ પ્રાપ્ત કર્યું છે તે હું તને આપું છું. જે પ્રભુને પ્રિય અને તેના સઘળા પુરુષાર્થો સ્વત: સિધ્ધ થાય છે. પ્રભુને પ્રિય થવું, તે જ પરમ પુરુષાર્થ છે, કૃતાર્થતા છે.

મૈત્રેય સમજાવે છે કે પતિની આવી આનંદપ્રદ વાણી સાંભળી ચિંતારહિત વિવેક અને સ્નેહને કારણે ગદ્ગદ્ થયેલ વાણીમાં દેવહૂતિ ઋષિને વિનંતી કરતાં કહે છે કે આપે જે શરત કરેલી તે એકવારનો મને આપનો અંગસંગ થાવો એવો આશિર્વાદ આપો. અહીં **'અહો'** શબ્દ દેવહૂતિનો હર્ષ પ્રકટ કરે છે. **'હે પતિ'** શબ્દથી તે પોતાનો 'કામ' પૂર્ણ કરે તે માટે સંબોધે છે. 'હે

શક્તિમાન' શબ્દ પણ પતિના ગુણથી જ પત્નીને શક્તિ પ્રાપ્ત થાય છે તેમ સૂચવે છે. વિવાહમાં જે શરત કરેલી તેનાથી અધિક માગવામાં પોતાના ધર્મનો ક્ષય થાય, તેથી **'આપે જે શરત કરેલી'** તે સ્મરણ કરાવવા કહે છે. અહીં એ સ્પષ્ટ કરે છે કે **પતિનો એકવારનો અંગસંગ જ પતિવ્રતાઓના ગુણોને પ્રસવ છે. પતિવ્રતાઓ કામાતુર હોતી નથી અને પતિનું વ્રત એ જ પોતાનું વ્રત છે એમ માને છે.** અને તેથી દેવહૂતિ તે વાત પ્રકટ કરે છે. વળી કહે છે કે શાસ્ત્ર પ્રમાણે આપ વિચારી લો કે જે કામથી હું પરાભવ પામેલી છું તેને પરિપૂર્ણ કરવા માટે આપ યોગ્ય ભવનની વ્યવસ્થા કરો. કર્દમે વિચાર્યું કે પત્નીને માત્ર રસ જોય તો નથી પરંતુ તે વૈભવ સાથે જોઈએ છે, તેથી તેમણે ભગવાને આપેલી યોગની શક્તિથી દેવહૂતિની ઈચ્છાપૂર્ણ કરવા એક દિવ્ય વિમાન પ્રકટ કર્યું. કર્દમનું સામર્થ્ય દેવહૂતિને સમજાય તે માટે ભગવાને સીધું ન મોકલતાં કર્દમે પ્રકટ કર્યું તેમ કહ્યું. આ વિમાન અદ્‌ભૂત હતું જેમાં દિવ્ય સાધનો હતાં જેનાથી સર્વકાલમાં તે સુથ આપે. તેમાં વિવિધ પ્રકારના સુખના સાધનો, મંગલ માલિકાઓ, પતાકાઓ, તોરણો વગેરે લાગેલા હતાં. તેમાં અનેક સજાવેલા ઓરડાઓ અને માળ હતાં. મણિના સ્તંભ અને રત્નના દીપ હતાં. તેમાં યોગ્ય પ્રકારના વિહારસ્થાનો, વિશ્રામ સ્થાનો, આંગણાઓ, બેઠકો વગેરે કલાત્મક રીતે સજાવેલા હતાં. દેવહૂતિએ પોતે ઈચ્છેલા ભવનથી અધિક સુંદર આ વિમાન જોઈ વિસ્મય પામ્યા પણ તેને યોગ્ય તેના શરીરને કરવા કર્દમે તેમને કહ્યું કે આ સરોવરમાં સ્નાન કરી આ વિમાન પર ચઢ. પતિનું વચન ગ્રહણ કરીને દેવહૂતિએ સ્નાન માટે સરસ્વતીમાં પ્રવેશ કર્યો જ્યાં તેની અંદર રહેલ કિશોર વયની એક હજાર કન્યાઓ લાલ કમલના સુગંધ વાળી હતી. એક હજારની સંખ્યા કામ શાસ્ત્ર પ્રમાણે તે સ્થાનની સરસાઈ જણાવવા કહેલી છે તથા 'લાલ કમલના ગંધવાળી' શબ્દથી સ્ત્રીના સ્વભાવમાં રજોગુણની આસક્તિ હોવાનું સૂચવે છે. તે કન્યાઓએ દેવહૂતિને કહ્યું કે અમે તમારી દાસીઓ છીએ અને તમારી સેવા કરવા ઉપસ્થિત થઈ છે માટે આજ્ઞા કરો. તે કન્યાઓએ અનેક સુગંધી દ્રવ્યોથી દેવહૂતિને સ્નાન કરાવી અનેકવિધ વસ્ત્ર આભૂષણોથી તેમને સજાવ્યા. આવા દેહથી તે 'ભોગ કરવાને' યોગ્ય છે તેમ વિચારી તેમણે ઋષિઓમાં ઉત્તમ એવા પોતાના પ્રિય પતિનું સ્મરણ કરી તેઓ જ્યાં હતાં ત્યાં તે સ્ત્રીઓ સાથે પહોંચી. કર્દમ પણ કંદર્પ જેવા સુંદર લાગતાં હતાં. વિમાન ચાલવા લાગ્યું. સો દેવ વર્ષ પર્યંત તે દેવોના સઘળા ઉદ્યાનોમાં વિહારો કર્યા. ભગવાનની કૃપાથી કર્દમને આ દેવી પ્રદેશોનું જ્ઞાન થયું. આમ પત્નીને ઘણો આશ્ચર્ય પમાડે તેવા પૃથ્વી પરના અદ્‌ભૂત પ્રદેશોના દર્શન કરાવી પોતાના આશ્રમે આવ્યા. તે દેવહૂતિનો કામ પૂર્ણ કરવાનું સાધન તો તેનું પત્નીપણું જ હતું. યોગના બળથી તેમણે દેવહૂતિને પૃથ્વી પરના બધા પ્રદેશો, તેને ત્યાં લઈ જઈને બતાવ્યા. જો અંતરિક્ષમાં સંતાન ઉત્પન્ન થાય તો તે રુદ્રનો પૂજક થાય તેથી ઋષિઓની પત્નીઓની ઉત્પત્તિ થઈ શકે તે માટે ભૂમિ ઉપર આવી તેમણે પ્રજા ઉત્પન્ન કરી. તેમણે પોતાના નવ વિભાગ કરીને, અર્થાત્ જુદા જુદા

સ્વભાવથી રમણ કર્યું. એક મૂહૂર્ત હોય તેમ ઘણા વર્ષો સુધી રમણ કર્યું તેમ કહે છે કારણ કે કાલની ગણાત્રી કરતાં વર્ષો થાય છે અને આનંદનો અનુભવ થતો ન હોય ત્યારે કાલની ગણાત્રી થાય છે, પરંતુ તે સમય સુખનો અનુભવ કરાવનારો હોઈ એક મૂહૂર્ત એમ કહ્યું છે. આવી રીતે પતિ પત્ની યોગના પ્રભાવથી રમણ કરતાં હતાં એટલામાં એક સો શરદ્ વીતી, જે કામની લાલસાવાળાને અલ્પ સમય જણાયો. ઉત્તમ સમય હોવાના કારણે **'શરદ'** શબ્દ કહ્યો છે. એક સો વર્ષ થવા છતાં કામ અગ્નિરૂપ હોવાથી તેની તૃપ્તિ થઈ નથી, તેથી તેને અલ્પ સમય કહ્યો છે. આવા રમણના અંતે સર્વના સંકલ્પ જાણનાર સમર્થ તે આત્મવેળાએ પોતાના રૂપને નવ પ્રકારનું કરીને પોતાની મેળે તેનું ચિંતન કરતાં તેનામાં પોતાના વીર્યનું આધાન કર્યું.

આમ પિતાથી થયેલી ઉત્પત્તિ બતાવી માતાથી ઉત્પત્તિ કહેતાં કહે છે કે દેવહૂતિએ તરત જ સ્ત્રી પ્રજાઓને જન્મ આપ્યો, જેઓ સર્વ સુંદર સર્વ અંગવાળી અને લાલકમલના જેવી સુગંધવાળી હતી. આનો મર્મ સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે **'અતઃ'** શબ્દથી દેહનો પરિપાક તો આધાન કરનાર કર્દમ ઋષિ સામર્થ્યવાન હોવાથી તરત જ જન્મ આપ્યો કહ્યું છે અને **'સુંદર સર્વ અંગવાળી'** વિશેષણથી તેમના અંગોમાં કોઈ ખોટ ન હોવાનું અને ઘણું જ સૌંદર્યવાન હોવાનું સૂચવે છે. ફૂલવતી સ્ત્રીઓ જણાવવા **'લાલ કમલના જેવી સુગંધવાળી'** વિશેષણ લગાડ્યું છે.

પતિની પૂર્વ શર્ત મુજબ, તેઓ સંન્યાસ લેશે તે જાણીને દેવહૂતિએ દુ:ખવાળા હૃદયથી પીડાતાં છતાં પતિનું કલ્યાણ ઈચ્છતી હોઈ હસતું મુખ રાખીને કહે છે કે 'આપની આ પુત્રીઓ માટે તેમની સમાન પતિઓ શોધવા માટે અને આપ વનમાં જાઓ **'ત્યારે મારો શોક દૂર કરનાર કોઈ હો'** તેમ કહી પુત્ર આપવાની વિનંતી કરે છે. ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિ રાખનારી મેં આપનો ઘણો સંગ કર્યો પણ તે મને અભય આપનારો થાઓ. **સત્-પુરુષનો સત્સંગ સાધન છે**, જે મને અકસ્માતે મળ્યો, પરંતુ જેમ કોઈકને ભોગ માટે ખાધેલી સાકર પણ ઔષધરૂપ થાય છે તેમ મને પણ આપનો આ સંગ, આપ સત્ પુરુષ છો એવું જ્ઞાન ન થયું હોવા છતાં તે વાસ્તવિક રીતે તો સત્સંગ જ થયો. આપનું સામર્થ્ય જાણ્યું ન હતું છતાં હું પતિવ્રતા હોવાથી, આપની સેવા, જે ભોગ માટે નો ઉપભોગ ન હતો, અને પતિ સાથે ભોગ શાસ્ત્રમાં વર્જીત નથી, તેથી મને તે અભય આપનારો થાય. અજ્ઞાનથી દુષ્ટો સાથે કરેલો સંગ સંસાર કરનારો છે પરંતુ **સત્પુરુષો સાથે નો સંગ સંસારને દૂર કરનારો નીવડે છે. જે કર્મથી ધર્મ, વૈરાગ્ય અથવા ભક્તિ ઉત્પન્ન થાય તે કર્મ જ સફળ થાય, અન્યથા ઉલટું ફલ પ્રાપ્ત થાય**, તેથી મારું કર્મ પણ ઉલટું ફલ આપે, તેથી હું ભગવાનની માયાથી ઠગાઈ છું અને તેથી મુક્તિ આપનાર આપને પ્રાપ્ત કરીને પણ હું બંધનમાંથી મુક્ત થઈ નથી, પરંતુ તે મોહ આપે જ કરાવેલો હોઈ મારો ઉધ્ધાર થાય તેમ કરવું જોઈએ.

• સુબોધિની (અધ્યાય ૨૪)

આ અધ્યાયમાં મોક્ષ અને બુધ્ધિનું વર્ણન કરવામાં આવ્યું છે. કર્દમ ઋષિનો મોક્ષ થયો તેમ

જણાવવા તેના ત્રણ ઋણના ત્યાગનું વર્ણન તેમાં છે મૈત્રેય કહે છે કે મનુની પુત્રી વૈરાગ્યની વાત કરતી હતી ત્યારે મુનિ બોલ્યા. દેવહૂતિ વિષયોના ભોગથી વૈરાગ્યવાળી થઈ હતી અને કર્દમ તેનો પતિ ત્યાં સુધી જ હતો તેથી **‘મનુની પુત્રી’** એમ અહીં કહ્યું છે. ‘શુકલનારાયણ’ના સ્મરણથી કહેવાનું તાત્પર્ય છે કે તેને ભગવાને કહેલું વચન કે ‘હું પુત્ર થઈશ’ તેની સ્મૃતિ થઈ. શ્રી મહાપ્રભુજી કહે છે કે **સત્પુરુષો પણ ભગવાનનો સંબંધ ઉત્પન્ન કરવાથી મોક્ષ પ્રાપ્ત કરાવે છે.** મોક્ષ આપનાર તો ભગવાન જ છે તેથી તેઓ જો પુત્ર થાય તો દેવહૂતિનું સર્વ કાર્ય સિધ્ધ થાય માટે કર્દમ ઋષિ કહે છે કે ‘તું ખેદ કરીશ નહીં. થોડા સમયમાં જ ભગવાન તારા ગર્ભમાં આવશે માટે તું વ્રત ધારણ કરી સંયમ અને નિયમપૂર્વક શ્રધ્ધા રાખી ઈશ્વરનું ભજન કર.’ શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ભગવાન પ્રાપ્ત થાય ત્યારે સાધનો અડચણ વિના થાય છે. જ્યારે ભગવાન વિચારે કે **‘હું પોતે આવીશ’** ત્યારે કરવામાં આવેલા સાધનો ભગવાનને પ્રાપ્ત કરાવે છે, વશ કરે છે અને સમીપ આવે છે. સાધનો આરંભમાં દેહશુદ્ધિ માટે કરવાના હોય છે. પતિના વચનનો આદર કરી દેવહૂતિએ સારી રીતે શ્રધ્ધા રાખી કુટસ્થ અર્થાત્ અંતર્યામી પ્રભુનું આરાધન કર્યું. તેથી જેમ કામમાં અગ્નિ પ્રકટ થાય તેમ કર્દમના વીર્યમાં પ્રવેશ કરેલા ભગવાન દેવહૂતિમાં પ્રકટ થાય. પુત્ર રૂપે પ્રકટ થનાર ભગવાને તેના ‘ગુરુ’ થવાના છે, તેથી મર્યાદાનું રક્ષણ કરનાર પ્રથમ તે કર્દમના વીર્યમાં પ્રકટ થયા અને પછી દેવહૂતિમાં પ્રકટ થશે. ભગવાનનો અવતાર થયો એમ જણાવવા તે સમયના ચિન્હોનું વર્ણન કરે છે. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી દિશાઓ અને પ્રાણીઓના મન પ્રસન્ન બન્યા. જે અલૌકિક આધિદૈવિક રૂપ બતાવે છે બ્રહ્માજીએ જ્યારે આ જાણ્યું ત્યારે તેઓ સ્તુતિ કરવા આવ્યા. જ્યાં જ્યાં ભગવાનનો અવતાર થાય ત્યાં ત્યાં બ્રહ્માજી સ્તુતિ કરવા આવે છે. તેમણે કર્દમને અભિનંદન આપ્યા.

કર્દમે ઋણોમાંથી ઉન્મુક્ત થયા છે તે પૈકિના પિતૃના ઋણના સંબંધમાં બ્રહ્મા પિતા હોવાના કારણે તેમણે ઈચ્છેલું કરવું જોઈએ તેથી તે કહે છે કે તે મારા વચનનો આદર કરી તેનો સારી રીતે સ્વીકાર કરેલો છે. શ્રી મહાપ્રભુજી ખુલાસો કરે છે કે **‘‘મા-બાપ જે આજ્ઞા કરતાં હોય તેને હાથ જોડીને ‘સારું’ એમ કહીને સ્વીકારી લેવું અને સામે દલીલ ન કરવી, તે પણ માબાપની સેવા છે.’’** તે માટે પાંચ બાબત કહે છે - (૧) **વચનનું પાલન** કરવું, (૨) **પોતાના કામની લાલસા ન હોવા છતાં તેનું પાલન કરવું**, (૩) **તેમને દોષ દીધા વિના તેમ કરવું**, (૪) **તેમના ઉપર ઉપકાર કરનાર તરીકે તેમ ન કરવું** અને (૫) **પોતાના ઉપર ઉપકાર કરતાં હોય તેમ ન કરવું**. બ્રહ્માજી કહે છે કે તારી આ પુત્રીઓ પોતાના પ્રભાવથી સૃષ્ટિની અનેકવિધ વૃધ્ધિ કરશે માટે તું મુખ્ય ઋષિઓને તેઓના સ્વભાવ પ્રમાણે અને રુચિ પ્રમાણે પરણાવી તારા યશનો વિસ્તાર કર. ભગવાન કપિલને ઓળખાવતાં કહે છે કે તે જ્ઞાન, વિજ્ઞાન અને યોગ પ્રકટ કરશે. જ્ઞાન અર્થાત્ સાંખ્ય, વિજ્ઞાન એટલે સાધન સહિતનો અનુભવ અને આઠ અંગવાળો યોગ. આધિભૌતિક

કર્મોનો સાંખ્યના જ્ઞાન વડે નાશ થાય, આધ્યાત્મિક કર્મો અનુભવથી અને આધિ દૈવિક કર્મો યોગ વડે મૂળમાંથી નાશ થાય છે. 'કપિલ' દેવહૂતિના પુત્ર તરીકે તારી કીર્તિની વૃધ્ધિ કરશે તેમ કહી તેમનું ઉત્તમપણું બતાવી હંસરૂપ બ્રહ્માજી, સનત્ કુમારો અને નારદજી સાથે હંસના વાહનથી ત્રિધામ ગયા. ત્રિધામ એટલે ત્રણ લોકોના તેજરૂપ ધામમાં, જ્યાં ત્રણ ગુણો સમાન છે.

શતધૃતૌ એટલે બ્રહ્માના ગયા પછી, તેમણે જેમ પ્રેરણા આપી હતી તેમ કર્દમે પોતાની પુત્રીઓને અલગ-અલગ ઋષિઓ સાથે પરણાવી. **મરીચિ ઋષિ સાથે કલાને, અત્રિ સાથે અનસૂયા, અંગિરા સાથે શ્રધ્ધા, પુલસ્ત્ય સાથે હવિર્ભૂ, પુલહ સાથે ગતિ, ક્રતુ સાથે ક્રિયા, ભૃગૃ સાથે ખ્યાતિ, વશિષ્ઠ સાથે અરુંધતી અને અથર્વા સાથે શાંતિને પરણાવ્યા.** લગ્ન કર્યા પછી તે ઋષિઓ કર્દમની રજા લઈ આનંદ પામીને પોતપોતાના આશ્રમ સ્થાને ગયા.

આ પ્રમાણે કર્દમ ઋષિએ લોકનું કાર્ય સમાપ્ત કરી પુત્ર રૂપ કપિલ દેવને નમસ્કાર કરી, તેમની આજ્ઞા લઈ પરમહંસ ધર્મના સ્વીકાર માટે તૈયાર થયા. ભગવાને ઋષિઓને જવાની આજ્ઞા આપતાં કહ્યું કે મને સર્વ કર્મ સમર્પણ કરી, મૃત્યુને જીતી, પરમાનંદની પ્રાપ્તિ માટે મારું ભજન કરો.

શ્રી મહાપ્રભુજી કહે છે કે ઘણા એ જન્મે પ્રાપ્ત કરેલો યોગ જો પક્વ થાય તો ચિત્ત નિર્મળ થાયછે અને ત્યારે ભગવાનના દર્શન કરવાની ઈચ્છા થાય છે, પરંતુ દર્શન થતાં નથી. આમ જેમના દર્શન દુર્લભ છે તેવા પ્રભુ જો ઘરમાં અવતરે તો તેના ભાગ્યનું શું વર્ણન કરવું? ભગવાન કોઈકના પુત્ર, કોઈકના ભાઈ, સાળા, મામા એમ ઘણા પ્રકારનો સંબંધ બાંધી પ્રકટ થાય છે તેથી અહીં 'ઘરોમાં' એમ બહુવચન કહ્યું છે. જેમ વેદો પ્રમાણ છે તેમ ભગવાનના વચન પણ પ્રમાણ હોવાથી અહીં પોતાના અંશ અને કલાથી એ અગાઉ કહેલા વચન પ્રમાણે ભક્તોનું માન વધારનાર ભગવાન પોતાનું વચન સત્ય કરવા જ્ઞાનનો પ્રચાર કરવાની ઈચ્છાથી કર્દમના ઘરે અવતરેલા છે. **ભગવાનના 'આનંદમય' વગેરે જે રૂપો સર્વ વેદોમાં પ્રસિધ્ધ છે અને જે ભક્તોને ગમે છે તેવા અનેક રૂપો હોવા છતાં ભગવાન રૂપ વિનાનાં જ છે.** ભગવાને વિવિધ રૂપો ભક્તોની **અનુકુળતા માટે જ ધારણ કર્યા છે, તે હમણાના સમયના છે જેનો ઉલ્લેખ વેદોમાં નથી. તેથી ભક્ત સિવાયના ને ભગવાનને રૂપ નથી તેવું ખોટું જ્ઞાન તો બુધ્ધિના દોષથી થાય છે, ભક્તોને તો તે પ્રત્યેક રૂપ આનંદ રૂપ જ દેખાય છે, કારણ કે તેમ ન દેખાતું હોત તો તેમને તેમાં રૂચિ ન થાય.**

આ પ્રમાણે કપિલ ભગવાનનો અવતાર હોવાનું દૃઢ કરીને તેમને નમન કરતાં કહે છે કે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી વિદ્વાનોએ શ્રીના ચરણને સદા વંદન કરવા યોગ્ય બતાવ્યું છે તેવા **ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યથી** ભરપૂર છે તેવા આપને હું વંદન કરું છું. મોક્ષ જ્ઞાનથી પ્રાપ્ત થાય છે અને જ્ઞાન ગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે, અને તે પણ જ્યારે તેમની સેવા કરવામાં

આવે ત્યારે તે જ્ઞાન આપે છે તેથી તેમના ચરણોમાં વંદન કરવા યોગ્ય ગણ્યું છે. આ લોકનું ફળ પણ તેમનાથી જ પ્રાપ્ત થાય છે. મોટામાં મોટો દાન કરનાર પણ પોતાની પાસે ન હોય તે આપી શકતો નથી તેથી આ લોકના ફળ માટે પણ ભગવાન જ સેવા કરવા યોગ્ય છે, જેઓ સર્વ કોઈ પ્રકારના ફળ આપી શકે છે.

એ રીતે ભગવાન ફળરૂપ છે અને ફળ પ્રાપ્ત કરાવનાર છે એમ બતાવી, તે (કપિલ મુનિ) બ્રહ્મ છે તે સિધ્ધ કરવા કહે છે કે તે સર્વરૂપ કપિલ જે પરમ અક્ષર, અર્થાત્ **પ્રધાન** (પ્રકૃતિ), પુરુષ તે પ્રકૃતિનો અધિષ્ઠાતા મહત્ તત્ત્વ, મુખ્ય ત્રણ ગુણો તેમાં ખળભળાટ કરાવનાર કાળ, તેમના અભિમાનવાળા દેવતા વગેરે હું નમન કરું છું, એમ કહી કર્દમે ભગવાનથી વિદાય લીધી.

અગાઉ **'મુક્ત સૃષ્ટિ'**ના પ્રકરણ ૬ અને ૭માં **'તત્ત્વ મુક્તિ'** અને **'કાલ મુક્તિ'** બતાવી હવે બે અધ્યાય- ૨૬/૨૭માં **'ગુણાતીત મુક્તિ પ્રકરણ'** ૮માં સમજાવે છે. ચાર અધ્યાયોમાં પુરુષની મુક્તિનું વર્ણન કરી અધ્યાય ૨૭થી ૩૩માં સ્ત્રીની મુક્તિનું નિરૂપણ કરે છે. આ અધ્યાયોના અધ્યાયાર્થનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે ભગવાન કપિલે તેમની માતા દેવહૂતિને ઉપનિષદમાં દર્શાવેલ જ્ઞાનનો ઉપદેશ નહીં કરતાં સાંખ્યશાસ્ત્રમાં જણાવેલ જ્ઞાનનો ઉપદેશ શા માટે કર્યો તેવો પ્રશ્ન ઉદ્ભવે, તો તેનું કારણ એ છે કે **ઉપનિષદોમાં દર્શાવેલું જ્ઞાન તેમ જ ભાગવતમાં કહેલું જ્ઞાન પણ માત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને એ ત્રણેય વર્ગના પુરુષોને જ પ્રાપ્ત થાય છે પરંતુ સ્ત્રીઓને અને શુદ્રોને તે પ્રાપ્ત નથી. ગાર્ગી મૈત્રેયી** વગેરે કેટલીક સ્ત્રીઓને વેદાદિનું જ્ઞાન પ્રાપ્ત થયેલ હોવાનું કારણ સમજાવતાં કહે છે કે તેઓના પતિ સાથે તેમને યજ્ઞનો અથવા વેદનો સંબંધ પ્રાપ્ત થયેલ હતો, જેનો સંબંધ દેવહૂતિને થયો ન હતો. શ્રી ભાગવતનું જ્ઞાન પણ ત્રણ વર્ણના પુરુષોને જ પ્રાપ્ત થાય છે કારણ કે તેમાં ઉપાસના મુખ્ય છે. તેથી જે કાંઈ જ્ઞાન ભગવાને બ્રહ્માને કહેલ તે જ ત્રણ વર્ણાના પુરુષોને જ પ્રાપ્ત થાય છે કારણ કે તેમાં ઉપાસના મુખ્ય છે. તેથી જે કાંઈ જ્ઞાન ભગવાને બ્રહ્માને કહેલ તે જ ત્રણ વર્ણાના પુરુષોને જ અપાય તેમ વિધાન છે.

આ પ્રકરણની કથામાં વિદુર મુખ્ય શ્રોતા છે, જેને મૈત્રેય ભાગવતનું જ્ઞાન આપી રહેલ, છતાં તેમના હૃદયમાં તે ઉતરી રહ્યું ન હતું તેથી મૈત્રેય તેને આઠમા અધ્યાયની સાંખ્ય જ્ઞાનનો જ ઉપદેશ કરવા માંડ્યો છે. જોકે તે શુદ્ર હોવાથી સાંખ્ય જ્ઞાનનો પણ અધિકારી ન હોવા છતાં તે બ્રાહ્મણ (વ્યાસ)ના બીજથી ક્ષત્રિય વંશમાં જન્મેલો હોઈ તેને સાંખ્યનો બોધ આપેલ છે. આ પ્રકરણમાં **સાંખ્ય, યોગ** અને **ભક્તિમાર્ગ** એ ત્રણેયનો ઉપદેશ કરવામાં આવ્યો છે. તે પૈકી યોગ આચરવાથી દેવહૂતિને ભગવાનની પ્રાપ્તિ થઈ છે કપિલ ભગવાન સામે અહીં દેવહૂતિએ કહ્યું છે કે ''દુષ્ટ ઈન્દ્રિયોનું પોષણ કરવાથી હું ઘણી કંટાળી ગઈ છું.'' - તેનો મર્મ સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે **સંસારથી કંટાળેલા એ ગુરુ પાસે જઈ શ્રધ્ધા અને ભક્તિપૂર્વક પોતે જે તજવાનો વિષય**

હોય તે ગુરુને જણાવવો જોઈએ, અને ત્યારે જ ગુરુએ તેને તે તત્ત્વનો ઉપદેશ કરવો જોઈએ. કપિલ ભગવાન છે તેમ દેવહૂતિ તેના પતિ કર્દમના કહેવાથી અને બ્રહ્માજીના વચનથી જાણતી હતી તેથી તેણે તેમને આ પ્રકારે વિનંતી કરી.

કર્દમ દેવહૂતિને સાંખ્યના પ્રકાર વિશે કહેલું, તેથી તે જાણતી હતી કે દેહને જ આત્મા તરીકે સમજવાથી મોહ ઉત્પન્ન થાય છે, જેના કારણે જન્મ-મરણ અને સંસારની ઉત્પત્તિ થાય છે, પરંતુ સાંખ્યનું જ્ઞાન પ્રાપ્ત થતાં મોહ દૂર થાય છે. તેથી તેણે કપિલને પ્રકૃતિ અને પુરુષનું જ્ઞાન આપવા પ્રાર્થના કરી. અહીં પ્રથમ કપિલ માતાને **‘યોગ’** વિશે કહે છે કેમ કે તે મનમાં જે શંકાઓ ઉત્પન્ન થાય તેને દૂર કરનારી છે. **જ્યાં સુધી ચિત્તના દોષો દૂર થાય ત્યાં સુધી યોગ આચરવો જરૂરી છે, કેમ કે જ્યારે ચિત્ત સર્વત્ર સમદષ્ટિવાળું બને ત્યારે જ તે સાંખ્યનું જ્ઞાન ગ્રહણ કરી શકે.** વળી માત્ર યોગથી જ તે પ્રયોજન સરતું નથી, તેથી કપિલે દેવહૂતિને ભક્તિનો ઉપદેશ કર્યો છે. **ભગવાનની ભક્તિ જ સર્વ પ્રયોજન સિધ્ધ કરનારી છે. તેના વિના માત્ર યોગથી ચિત્તની શુદ્ધિ થઈ શકતી નથી.** તેથી પ્રથમ ભક્તિ પ્રાપ્ત કરવા સત્સંગ કરવાનો ઉપદેશ આપેલો છે. તેનું કારણ સમજાવતાં કહે છે કે નવા-નવા સંદેહો ઉત્પન્ન થાય તે સત્પુરુષોથી જ દૂર થઈ શકે છે. **સત્પુરુષોનો સંગ થતાં ભગવાનની કથાનું શ્રવણ થાય, તેઓએ કહેલા પ્રકારે યોગ આચરવાથી ચિત્ત નિર્મલ બને, પછી ભગવાનના ગુણોમાં પ્રીતિ થાય, જેના દ્વારા ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થતાં ભગવાનનો સાક્ષાત્કાર થાય.**

ભગવાન કપિલ દેવહૂતિને પોતાના સાંખ્ય માર્ગમાં ભક્તિ મુખ્ય હોવાનું કહે છે, કારણ કે ભક્તિથી જ સર્વ પુરુષાર્થો સિધ્ધ થાય છે. તેથી તેણે યોગ અને ભક્તિ સંબંધી પ્રશ્નો કર્યા જેના કારણે કપિલ તેના ઉપર અતિ પ્રસન્ન થયા, અને પોતે ભક્તિનો અને જ્ઞાનનો ઉપદેશ કરવાનો નિશ્ચય કર્યો. તેમણે **ભક્તિ, આત્મા અને અનાત્મા વચ્ચેનો ભેદ, જ્ઞાન** અને **યોગ** એમ ચાર પદાર્થોનો બોધ કર્યો. અહીં પ્રશ્ન ઉદ્‌ભવે કે કપિલે સાંખ્ય શાસ્ત્રનું નિરૂપણ કર્યા પહેલા ભક્તિનું નિરૂપણ શા માટે કર્યું?, તેના ખુલાસામાં કહે છે કે સાંખ્ય શાસ્ત્રથી જ્ઞાનરૂપ ફલ પ્રાપ્ત થાય છે, જેના અનેક સાધનો કહેવાના છે, એટલે પ્રથમ ભક્તિનું નિરૂપણ કરે છે. આમ આ ચાર પદાર્થો ૨૫થી ૨૯ એમ ચાર અધ્યાયોમાં કહ્યા છે જેમાં પચ્ચીસમાં અધ્યાયમાં **ભક્તિ** કહી બાકીના ત્રણ અધ્યાયોમાં ક્રમશઃ **સાંખ્ય, જ્ઞાન** અને **યોગ** કહેલા છે.

આ ૨૫માં અધ્યાયમાં માત્ર ભક્તિનું સ્વરૂપ જ બતાવ્યું નથી પરંતુ ભક્તિમાર્ગ સમગ્રપણે કહેલો છે જેમાં નીચે પ્રમાણે વિષયો સમજાવ્યા છે-

(૧) **ભક્તિનું સ્વરૂપ**, (૨) **ભક્તિથી પ્રાપ્ત થનારું ફલ**, (૩) **મોક્ષ**, (૪) **લોકમાં ભયરહિત થવાનો નિશ્ચય**, (૫) **ભયરહિત થવાનું કારણ**, (૬) **ઉત્તમ પુરુષોની સમ્મતિ** અને (૭) **કર્તવ્ય સંબંધિ નિશ્ચય**.

ભક્તિ માર્ગનો અધિકાર દેવહૂતિને ન હતો તેના કારણો સમજાવતાં કહે છે કે (૧) **તેને સત્પુરુષોનો સંગ ન હતો**, (૨) **તેને મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા હતી, જે ભક્તિમાર્ગમાં અડચણરૂપ ગણાય**, (૩) **ભગવાનની પ્રાપ્તિમાં નડતરરૂપ સ્ત્રીઓનો પણ ત્યાગ કરવો જોઈએ** (દેવહૂતિની સેવામાં રત્નાલંકારોથી શોભતી સ્ત્રીઓ સાથે રહેતી હતી), અને (૪) **દેવહૂતિ સ્ત્રી હોવાથી તેનાથી સંસારનો રાગ ત્યજી શકાય તેમ ન હતો.**

૨૫માં અધ્યાયમાં ભક્તિયોગ કહી હવે ૨૬માં અધ્યાયમાં 'સાંખ્ય'નું અર્થાત્ આત્મા-અનાત્માના ભેદનું નિરૂપણ કરે છે. અહીં આત્મા દેહથી જુદો છે એવા જ્ઞાનનું પ્રયોજન સમજાવતાં કહે છે **જેઓને વેદનો અધિકાર નથી તેઓને મુખ્ય જ્ઞાનનો પણ અધિકાર નથી.** તેથી અહીં પૂર્ણ જ્ઞાનોપદેશ કે સર્વ જગત બ્રહ્મ છે તેવું જ્ઞાન આપ્યું નથી. આત્મા સર્વ જડ પદાર્થોથી જુદો છે, એવું જ્ઞાન અપૂર્ણજ્ઞાન છે અને જેઓને વેદનો અધિકાર નથી તેઓને તે જ્ઞાન જ અપાય. સાંખ્યમાં આત્મા સર્વ પદાર્થોથી જુદો હોવાનું દર્શાવેલું છે. આવા જ્ઞાનથી દેવહૂતિને તે પોતે સંસારથી જુદી છે તેવું જ્ઞાન થાય, તે ઉદેશ્ય છે.

સત્તાવિસમાં અધ્યાયમાં **જ્ઞાન**નો ઉપદેશ કરતાં કહ્યું છે કે આત્મા પ્રકૃતિથી જુદો હોવા છતાં તેને પ્રકૃતિનો સંબંધ થતાં સંસાર પ્રાપ્ત થાય છે, તથા આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનો બતાવ્યા છે. અહીં પુરુષને પ્રકૃતિથી છૂટો કેવી રીતે કરાય તે સંબંધી વિચાર કરેલ છે.

તે પછી અઠ્ઠાવિસમાં અધ્યાયમાં **'યોગ'**નું નિરૂપણ કરવામાં આવ્યું છે જેના આઠ અંગો - **યમ**, **નિયમ**, **આસન**, **પ્રાણાયામ**, **ધારણા**, **પ્રત્યાહાર** અને **ધ્યાન** અને છેવટે **સમાધિ**નું નિરૂપણ કરાયું છે. દેવહૂતિને 'યોગ' આચરવાનો હોવાથી, અહીં વિસ્તારથી તેને કહેવામાં આવ્યો છે.

ઓગણાત્રીસમાં અધ્યાયમાં દેવહૂતિ ભક્તિ અને વૈરાગ્ય સંબંધી પ્રશ્ન કરે છે, તેથી તેની યોગ માટે મહત્તા છે તેમ સમજાવે છે, કારણ કે ભક્તિ અને વૈરાગ્ય ન હોય તો યોગ આચરી શકાય નહીં. આ ભક્તિના અધ્યાયમાં ભગવાનના માહાત્મ્યનું ભાન કરાવવા ભયના કારણરૂપ કાલનું નિરૂપણ કરવામાં આવ્યું છે કારણ કે ભગવાનનું માહાત્મ્ય એ ભક્તિનું અંગ છે.

ત્રીસમાં અને એકત્રીસમાં, એમ બે અધ્યાયોથી વૈરાગ્યનું નિરૂપણ કરેલું છે. દોષ મૃત્યુ અને જન્મ કરાવનાર હોવાથી તે બેના ભેદથી અહીં વૈરાગ્યનો ઉપદેશ કરાયો છે, સંગનો ત્યાગ કર્યા વિના જ્ઞાન ઉપયોગી થતું નથી એમ સમજાવવા અહીં **'ગર્ભ સ્તુતિ'** કહેલી છે, કેમ કે ગર્ભમાં બધાને જ્ઞાન થાય છે, અર્થાત્ ગર્ભમાં સર્વ જ્ઞાનવાળા હોય છે.

બત્રીસમાં અધ્યાયમાં સર્વ ગુણવાળા જીવોએ કરવાના સાધન અને ફળનો નિર્ણય જે રાજસ, સાત્વિક અને તામસ તથા ગુણથી પર જીવોના સંબંધમાં છે, તે કહેવામાં આવ્યો છે. અહીં કપિલ દેવહૂતિને આ ઉપદેશ અધમ પુરુષને ન આપવો તેમ કહે છે. આમ આ આઠ અધ્યાયોથી સર્વ

સાધનોનો નિર્ણય થાય તેમ વિભાગ પાડી વિસ્તારથી '**તત્ત્વ**'ને સમજાવવામાં આવ્યું છે.

અંતમાં છેલ્લા તેત્રીસમાં અધ્યાયમાં બધા અધ્યાયોનો સાર કહેવામાં આવ્યો છે, જેના કારણે તે ફલ પ્રાપ્ત કરાવનારો અને સર્ગને પૂર્ણ કરનારો છે. અહીં અંતમાં દેવહૂતિ ગુરુ કપિલની કૃપા પ્રાપ્ત કરવા સાત શ્લોકોથી સ્તુતિ કરે છે, કેમ કે કપિલ ભગવાનની જ્ઞાન કલાનો અવતાર હોવાથી સરસ્વતી (વાણી) રૂપ હોવાથી તેઓ સ્તુતિ માત્રથી પ્રસન્ન થયા. આ અધ્યાયના અંતમાં દેવહૂતિએ પોતાના દેહનો સંસ્કાર જલ ધારણ કરી પોતાના દેહને જલરૂપ બનાવ્યો હોવાનું કારણ સમજાવતાં કહે છે કે તે સ્ત્રી હતી અને ગુરુ કપિલ સરસ્વતી રૂપ હતાં જેણે સમુદ્રમાં વાસ કરેલો હોઈ, તેને ગુરુ સાથે સાયુજ્ય થવાથી ઊંચી ગતિ પ્રાપ્ત થાય તેમ તેણે વિચારેલું. આ રીતે આ કથામાં ભગવાનના અવતાર કપિલનું ચરિત્ર હોવાથી તેનું શ્રવણ ફલ પ્રાપ્ત કરાવનારું છે તેમ અંતમાં કહે છે.

• સુબોધિની (અધ્યાય ૨૫)

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ગત્ ચાર અધ્યાયો (૨૧થી ૨૪)માં ભગવાનના જ્ઞાનાવતાર '**કપિલ**'ના જન્મ પ્રસંગનું વર્ણન કરી, હવે નવ અધ્યાયોમાં દેવહૂતિના નવ સ્વભાવોનું નિરૂપણ કરી તેની મુક્તિનો મર્મ સમજાવે છે. આ અધ્યાયમાં 'ભક્તિયોગ' કહેવામાં આવે છે, જેના **વૈરાગ્ય** અને **જ્ઞાન** અંગ છે. મુક્તિ પ્રાપ્ત કરાવનારું ઉત્તમ સાધન ભક્તિ છે, અને ભક્તિ પ્રાપ્ત કરાવનાર સત્પુરુષોનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે.

ભગવાન પોતે જન્મરહિત હોવા છતાં મનુષ્યોને આત્માનું જ્ઞાન થાય તે માટે માયાથી મનુષ્ય દેહ ધારણ કર્યો તે વિશે શૌનકે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં સૂત કે મૈત્રેયે વિદુરને કહે છે કે કર્દમ ઋષિના વનમાં ગયા પછી માતાનું પ્રિય કરવાની ઈચ્છાથી ભગવાન કપિલ બિન્દુ સરોવરની સમીપ રહ્યા. પતિના જવા પછી દેવહૂતિને શોક જતો રહ્યો. તેણે પોતાના પુત્રને, અર્થાત્ જેઓ કર્મમાં એટલે કે તપ, યોગ વગેરેમાં રોકાયેલ ન હતાં, તેમને વિવેકપૂર્વક વંદન કરી પોતાની વ્યથાની રજુઆત કરતાં કહે છે કે 'હે સર્વ શક્તિવાળા, મારી દુષ્ટ ઈન્દ્રિયોની વૃત્તિથી મારો અંધતમ : પ્રવેશ થયો છે જેનો મને અત્યંત ખેદ છે. આપ આદ્ય પુરુષ છો સૂર્યની પેઠે અંધકારને લીધે અંધ બનેલા લોકનો પ્રકાશ કરનાર છો. માટે આપ મારા મોહને દૂર કરો. આપ પોતાના શરણે આવેલ સેવકોના સંસારરૂપ વૃક્ષના કુહાડારૂપ છો. હું પ્રકૃતિ અને પુરુષનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળી આપને નમન કરું છું. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે જેમ વિદ્યાઓમાં જેની જે વિદ્યા હોય તે તેની અંદર જ રહે છે, તેમ શરણ આવેલા પ્રતિનો ધર્મ પણ શરણ કરવા યોગ્યમાં રહેલો હોય છે. વળી **''સ્વભાવથી પણ ભગવાન પોતાના સેવકોના સંસારને ફીટાડે છે અને શરણે આવેલાઓ સેવક સમાન હોય છે. અર્થાત્ તેઓ શરણે આવેલાઓને આશ્રય આપે છે.''** જેમ કુહાડાનો વૃક્ષમાં પ્રવેશ થતાં તેનો નાશ થાય છે તેમ સંસારમાં જો ભગવાન પ્રવેશ કરે

તો તેનો નાશ થાય છે. **'વૃક્ષ'**ના એ એકવચનથી એમ સૂચવેલું છે કે બધાએ ભક્તો ભગવદીય તરીકે એક ભાવના વગેરે ગુણવાળા હોવાથી તેઓનો સંસાર એક જ છે. અહીં પોતાના દોષનો એકરાર કરી દેવહૂતિએ ઈચ્છેલા જ્ઞાનની પ્રાર્થના કરી છે. ગુરુને મળી, જ્ઞાન મેળવીએ પરંતુ ગુરુ પાસે શરણાગતિપૂર્વક સ્વદોષ નિવેદન કરી ઈચ્છેલું મેળવવાનો માર્ગ પૂછવો જોઈએ. જ્યાં સુધી આપણે દોષો જાહેર ન કરીએ ત્યાં સુધી દોષો દૂર થતાં નથી. અંતરમાં અંધારું જ રહે છે. **સામાન્ય લોકો દોષ કદાચ નીંદારૂપે દેખાડે પણ નિર્દોષ થવાનો ઉપાય બતાવી શકતા નથી જ્યારે ગુરુજન તો દોષ દેખી ને દયા કરે અને તેને દૂર કરવાનો ઉપાય બતાવે.**

આમ પોતાની માતાનું દોષ રહિત, પુરુષોના મોક્ષની વૃધ્ધિ કરનારું, ઈચ્છેલ જાણીને કપિલ ભગવાન મુખ પર હાસ્ય લાવી તેને અભિનંદન આપી બોલ્યા. અહીં **'પુરુષોના મોક્ષની વૃધ્ધિ કરનારું'** એ વિશેષણથી એમ જણાવે છે કે જો એક પુરુષને સાધનથી મુક્તિ પ્રાપ્ત થાય તો તેને જોઈને બીજો પણ તે સાધન કરવાનો ઉદ્યમ કરે. અહીં માતાએ પોતાનો દોષ કહ્યો છે- **''હું કંટાળી છું, થાકી ગઈ છું. આ ઈન્દ્રિયોને પોષવાથી સંસારમાં જન્મમરણમાં આથડવાનું જ મળે છે.'' 'સર્વ કાંઈ બ્રહ્મ જ છે'**, એમ માની જો પ્રીતિથી ઈન્દ્રિયોના ઈચ્છેલા પદાર્થો, વિષયો તેને ભોગવવા દઈએ, અનેક રીતે તેને લાડ લડાવીએ તો પણ તે માનવને સંસારમાં ઘસડી જાય છે, ભગવાનથી આપણાને વિમુખ બનાવે છે, મનને વિષાદ કરાવે છે. **જો કોઈ જન્મમાં ભગવાનની કૃપા થાય તો કે ભગવદીયોની કૃપા થાય તો જ ભાન થાય અને ભોગ છોડી દેવાની ઈચ્છા જાગે, એવી સાચી સમજ આવે.** જેમ વય વધે તેમ ભોગનું સ્વરૂપ બદલાતું જાય છે. લૌકિક સમજ મેળવવા પ્રયત્ન કરવાની આવશયકતા હોતી નથી. તે સંસારીઓના સંગમાં આપો આપ જ મળે છે. ક્યારેક સાધુ પુરુષોનો સંગ મળે છે ત્યારે તેમને ઓળખી શકાતા નથી કે તેમનો લાભ લઈ શકાતો નથી. આપણે કદાચ ઉપેક્ષા કરીએ છીએ. ક્યારેક તેમનો સંગ મળે ત્યારે સાંભળીએ છતાં સમજી શકતા નથી અને જો સમજતા હોઈએ તો પણ તેને સ્વીકારતાં કે તે મુજબ આચરતા હોતા નથી.

અહીં સાચી સમજ દેનારા ત્રણ લક્ષણો દેવહૂતિ બતાવે છે- (૧) **સદ્ધર્મ ભૃતાં વરિષ્ઠં**, (૨) **સ્વભૃત્ય સંસાર તટોઃ કુઠારં** અને (૩) **શરણ્યં**. ભગવાન પોતાના સેવકોના સંસારમાં પ્રવેશ કરીને સંસારવૃક્ષને કાપે છે, તેને પોષતા નથી. ગાઢ સ્નેહસંબંધ બાંધી ક્યારેક ભક્તો પણ લોકજીવનમાં પ્રવેશ કરીને સંસાર સંબંધ છોડાવે છે. સુદૃઢ સંબંધ હોવા છતાં ભક્તો તેનો ગેરલાભ લેવાનો પ્રયાસ કરતાં નથી. તેથી અહીં **''સદ્ધર્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ''** કહ્યું છે. એવા સદ્ધર્મ જાણનારાના જીવનમાં જ્ઞાનની સાથે આચાર પણ વણાઈ ગયેલો હોય છે. તેઓ કહે તેવું કરતાં હોય છે. તેમની વાણી અને વર્તન વચ્ચે વિસંવાદ હોતો નથી. સ્નેહ કરનારા સદાચારી સાધુપુરુષ મળે તો તેમનું શરણ લેવા લાયક હોય છે.

કર્દમ ઋષિની આજ્ઞાને અનુસરીને દેવહૂતિ યોગ સાધવાના છે તેથી કપિલ ભગવાને તેમને

યોગનું જ્ઞાન આપવાનો નિર્ધાર કર્યો છે. પરંતુ ભક્તિ વગરનો યોગ કૃતાર્થ કરતો નથી. તેથી ભક્તિનું પણ નિરૂપણ આ અધ્યાયમાં કરે છે. આમ ચાર બાબતોનો ઉપદેશ કપિલ ભગવાને માતાને આપ્યો છે- (૧) **ભક્તિ**, (૨) **આત્મા - અનાત્મા** (જડપદાર્થ)**નો ભેદ**, (૩) **જ્ઞાન** અને (૪) **યોગ.** ભક્તિ બધા જ પ્રયોજનને સફળ કરનારી છે. તેથી પ્રથમ આ અધ્યાયમાં ભક્તિનું નિરૂપણ કર્યું છે. ભગવાને માને સર્વ સંદેહ દૂર કરનારી ભક્તિને દૃઢ કરવા માટે સત્પુરુષોનો સંગ કરવાનો ઉપદેશ આપ્યો છે. તેવા સત્પુરુષોને જાણવા માટે તેમણે સત્પુરુષોના ૧૬ લક્ષણો ગણાવ્યા છે. સત્પુરુષના સંગથી કથા શ્રવણ થાય છે. યોગાચરણથી ચિત્ત નિર્મળ થાય અને ભગવાનના ગુણો સાંભળવામાં પ્રીતિ થાય જેનાથી પ્રભુમાં પ્રીતિ થતાં ભગવાનનું સ્વરૂપ જ્ઞાન થાય, ભગવદ્ સાક્ષાત્કાર થાય.

કપિલ ભગવાન આરંભમાં આધ્યાત્મિક યોગ સમજાવે છે. યોગ ત્રણ પ્રકારના બતાવ્યા છે. (૧) **આધિદૈવિક યોગ**- જે ભગવાનને પ્રસન્ન કરે અને જીવને ભગવાનની પાસે લઈ જાય છે. આ યોગનો તેમણે પિતા કર્દમને ઉપદેશ કર્યો હતો. (૨) **આધ્યાત્મિક યોગ**- જે ચિત્તને સંસારની આસક્તિમાંથી જીવને છોડાવે છે અને પ્રભુમાં અભિમુખ કરે છે. તે ચિત્તને ગુણ-સંગમાંથી છોડાવી, વૃત્તિઓને અન્યત્ર આથડતી અટકાવી, સત્સંગ દ્વારા પ્રભુમાં પ્રીતિ કરાવે છે. તે માનવ માટે અતિ કલ્યાણકારી છે. (૩) **આધિભૌતિક યોગ**- તેનાથી અણિમા, મહિમા, લઘિમા, ગરિમા વગેરે સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે.

કપિલ ભગવાન **'આધ્યાત્મિક યોગ'**, બીજા યોગથી જુદો પાડી સમજાવતાં કહે છે તે તેમણે પહેલા ઋષિઓને સમજાવ્યો હતો. **'ચિત્તની ક્રિયાઓને રોકવી'**, તે યોગનું લક્ષણ છે. ચિત્ત ખરેખર આ આત્માનો બંધ કરાવનાર તેમ જ મોક્ષ કરાવનારું માનવામાં આવે છે. જો તે ગુણોમાં આસક્ત હોય તો તે બંધ કરાવે છે અને ભગવાનમાં સ્નેહ ધરાવનારું હોય તો મોક્ષ પ્રાપ્તિનું કારણ બને છે. મન જ્યારે 'હું' અને 'મારું' એવા અભિમાનથી ઉત્પન્ન થયેલા કામ લોક વગેરે મલોથી મુક્ત થઈ શુદ્ધ, દુઃખ રહિત, સુસ સહિત સમ થાય છે, ત્યારે જ્ઞાન અને વૈરાગ્યવાળા તથા ભક્તિવાળા મનથી પુરુષ આત્માને કેવળ પદ્ધતિથી પર, ભેદ રહિત, પોતાની મેળે પ્રકાશનાર જુએ છે અને પ્રકૃતિને બલરહિત જુએ છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે દેવહૂતિના સંસારવૃક્ષને કાપવા પુત્રરૂપે પ્રભુએ પ્રવેશ કર્યો છે. કાપવાનું કામ કુહાડાનું છે જે કઠોર હોય છે, કોમલ નહીં. પણ ભગવાનની આ વિલક્ષણતા છે કે તેઓ ભક્તના સંસારરૂપી વૃક્ષને કાપતા કઠોર નથી બનતા, કોમલ જ રહે છે. સંસારને છેદવા છતાં ભક્ત આક્રન્દ નથી કરતો, આનંદ પામે છે. **કુહાડાનો સ્વભાવ કાષ્ટને કાપવાનો છે, ભગવાનનો સ્વભાવ સંસારના કષ્ટને કાપવાનો !**

ગીતામાં જ્ઞાન માટે ત્રણ ઉપાય બતાવ્યા છે - (૧) **પ્રણિપાત** અર્થાત્ નમન, (૨) **પરિપ્રશ્ન**

અર્થાત્ ઝીણવટપૂર્વક પ્રશ્ન કરવા, અને (૩) સેવા - તન, મન અને ધનથી. અહીં પણ માતા દેવહૂતિએ નમન કર્યા છે, પ્રકૃતિ અને પુરુષ સંબંધી જ્ઞાન માટે જીજ્ઞાસા વ્યક્ત કરી છે અને શરણાગતિ સ્વીકારી છે તેથી સેવારંભ પણ શરૂ થઈ ગયો છે. તેથી ભગવાન કપિલે જવાબ દેતાં સૌ પ્રથમ **આધ્યાત્મિક યોગ**થી શરૂઆત કરી. તેઓ જાણે છે કે કર્દમે આપેલ આદેશ મુજબ દેવહૂતિ યોગ સાધવાના છે. તેથી **'યોગ'**નો ઉપદેશ કહેવા માંડ્યો. સંસાર ભગવાનની ઈચ્છાથી અથવા અજ્ઞાનથી થાય છે તો યોગનું શું પ્રયોજન, એવી શંકાનું સમાધાન કરતાં કહે છે કે સંસાર ચિત્તને આધિન છે તેમ શાસ્ત્ર કહે છે, કેમ કે **'ચિત્તની વૃત્તિઓને - ક્રિયાને રોકવી'** તેને 'યોગ' કહે છે. માટે કહે છે કે ચિત્ત ખરેખર આ આત્માનો બંધ કરાવનારું તેમ જ મોક્ષ કરાવનારું છે. જો તે ગુણોમાં એટલે વિષયોમાં આસક્ત હોયતો 'બંધ' કરાવે છે અને ભગવાન ઉપર સ્નેહવાળું હોય તો મોક્ષ કરાવે છે. ચિત્તના **'આસક્તિ'** અને **'સ્નેહ'** એવા બે ગુણ છે.

અહીં સમજાવે છે કે આધ્યાત્મિક યોગથી સુખ અને દુ:ખ બન્ને સંપૂર્ણપણે દૂર થઈ જાય છે. **સાનુકુળ લાગે તેને આપણે 'સુખ' કહીએ છીએ, અને જે પ્રતિકુળ લાગે તેને 'દુ:ખ'. બીજી રીતે કહીએ તો, આનંદનો અનુભવ દે તે 'સુખ', અને આનંદનો સર્વથા અનુભવ ન થાય તે 'દુ:ખ'.** આ બન્ને પ્રકારની લાગણી આપણે મનથી અનુભવીએ છીએ. અહીં 'સાંખ્ય' અને 'યોગ'ના અભેદથી 'મન' અને 'ચિત્ત'ને એક ગણ્યા છે. ઉપનિષદમાં પણ કહ્યું છે- **''મન એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો.''** બંધન અને મોક્ષમાં મન જ કારણરૂપ છે. મન જ્યારે વિષયોમાં આસક્ત બને છે ત્યારે **'બંધન'** થાય છે. અને જ્યારે તે પ્રભુમાં આસક્ત થાય તો **મુક્તિ** મળે, મનમાં જ્યારે **'હું'** અને **'મારું'** આવે ત્યારે બંધનનો આરંભ થાય છે. પોતાનો 'અહં'થી અને સ્વજન, સંપત્તિ વગેરેના સાનુકુલ સંગથી બંધન મજબુત થાય છે. જેમ જેમ સંગ વધે છે, સુખકર લાગવા માંડે છે તેમ તેમ તે વધતો જાય છે અને તે જ પ્રસંગમાં પરિણામે છે અને પછી તો પ્રસંગની પરંપરા ઊભી થાય છે. આપણા સૌનો અનુભવ છે કે **પહેલાં સાધારણ રીતે મળવાથી ઓળખાણ થાય છે. તે ઓળખાણ જ્યારે અનુકુળ લાગે ત્યારે 'આત્મિયતા' લાગે, જે માત્ર મળવા સુધી સીમિત ન રહેતાં તેમાંથી વ્યવહાર શરૂ થાય છે. વ્યવહાર શરૂ થતાં માણસ સામાને સારું લગાડવા સંબંધ સાચવ્યા કરે છે. આમ પ્રસંગની પરંપરા સર્જાતા પરિણામે તે બંધનમાં બંધાય છે. અર્થાત્ પ્રસંગની સાનુકૂળતાથી રાગ વધે, અથવા દ્વેષમાં પણ તે પરિણામે, જે બન્ને, ગમો અને અણગમો તે બંધનરૂપ છે.** સંસારીઓને આ બધુ સ્વાભાવિક લાગે છે. પરંતુ જે ભક્ત કે જ્ઞાને છે તેને આ પ્રસંગથી સર્જાતી બંધનની સ્થિતિ જાણે છે અને તેને માટે સાવધ રહેતા હોય છે. આમ **પ્રસંગ પરવશ બનાવે, પતન કરાવે, આસક્તિ કરાવે અને ભગવાનથી વિમુખ બનાવે છે.**

આવી સ્થિતિથી બચવા માટે અહીં સત્પુરુષોનો સંગ કરવાનો ઉપદેશ આપે છે. અહીં કવિઓ

અર્થાત્ વિદ્વાનો આવા 'પ્રસંગ'ને આત્માનું બંધન કરનાર છે તેમ જાણે છે તેથી સત્પુરુષોના સંગને મોક્ષનું દ્વાર ગણાવે છે. ભક્તિ માત્ર ત્યાગથી પ્રાપ્ત થતી નથી પરંતુ ચિત્તનો સંસર્ગ જ્યારે બંધન કરાવે તેવા પ્રસંગોથી દૂર રહેવાથી અને તેને માટે સત્પુરુષોના સંગથી થાય છે. માટે તેવા સંગને મોક્ષનું દ્વાર ગણાવે છે. સંગ-પ્રસંગમાં સાવધ રહેવા સનાતન ધર્મમાં પોતાના ઈષ્ટદેવના સ્મરણનો શિષ્ટાચાર છે. પુષ્ટિમાર્ગમાં **''જય શ્રીકૃષ્ણ''** કહેવાનું એજ તાત્પર્ય છે. તે સંગમાં સાવધ રહી, મનને પ્રભુની યાદ કરાવી, નિઃસંગ રહેવાનો ઉપાય છે, જેને આપણે માત્ર વ્યવહારમાં ખપાવી દીધો છે. ભક્તોના મુખે ભગવદ્વાર્તાનો પ્રારંભ એ મોક્ષનો દરવાજો ખોલવાની પ્રક્રિયા છે, જેનાથી વિષય-વાસના છૂટે, પ્રભુના આનંદનો અનુભવ થાય, જન્મ-મરણ ટળે, તે જ મોક્ષ. માટે અહીં ભાગવત ભક્તોને 'મોક્ષ'નું દ્વાર ગણાવે છે. સાધુ પુરુષો સાથેનો સંગ-પ્રસંગ એ મોક્ષનું ખુલેલું દ્વાર છે. શ્રી મહાપ્રભુજી કહે છે - **'જેમ ભગવાન ઉપરનો સ્નેહ મુક્તિ કરાવે છે, તેમ સત્પુરુષોનો સંગ મોક્ષનું દ્વાર છે.**

કપિલ ભગવાન માતા દેવહૂતિને સાધુપુરુષના સોળ લક્ષણો બતાવતાં સમજાવે છે કે આવા લક્ષણો ધરાવતાં સત્પુરુષનો સમાગમ કરવો જોઈએ. આ લક્ષણોમાં ત્રણ આધિભૌતિક છે (૧થી ૩), ચાર આધ્યાત્મિક છે (૪થી ૭) અને બાકીના નવ (૮થી ૧૬) આધિદૈવિક લક્ષણો છે.

(૧) **તિતિક્ષવ :-** તિતિક્ષા, આવી પડેલા બધા જ દુઃખો દુઃખી થવા સિવાય સહન કરવું તેને 'તિતિક્ષા' કહેવાય. અર્થાત્ સૌ કોઈનો અપરાધ પોતે સહન કરી લેવું તે.

(૨) **કારુણિકા :-** કરુણાવાળો, જે પોતાને માથે આવેલું દુઃખ સહન કરી લે છતાં કોઈની સાથે કઠોર વ્યવહાર ન કરે. જે પારકાનું દુઃખ દૂર કરવા દોડી જાય તેવો દયાળુ હોય, પોતાનો અપરાધ કરનારના પણ જે દુઃખ દૂર કરે તેને **'કરુણાવાળો'** કહેવાય.

(૩) **સુહૃદ - સર્વદેહિનામ્ :-** કોઈ કારણ વગર, પોતાના કોઈ સ્વાર્થ વિના જે સ્વાભાવિક પણે, પોતાનો અપરાધ કરનારનું પણ હિત કરનાર હોય તે. ક્યારેક લોકોમાં આવો મિત્રતાનો ગુણ હોય છે, પરંતુ તે પોતાના સ્વજન પ્રત્યે કે કોઈ સ્વાર્થ પૂર્તિ માટે હોય છે. સાધુ પુરુષની આવી મિત્રવૃત્તિ સર્વ પ્રાણીઓ પ્રત્યે હોય છે- આ ત્રણેય ગુણો **આધિભૌતિક** છે.

(૪) **અજાત શત્રુવ :-** કોઈના પણ પ્રત્યે દુશ્મનાવટ ન રાખનાર. ક્રોધથી દુશ્મનાવટ ઊભી કરે છે. ક્રોધ મનમાં હોય કે પ્રકટ હોય, તે શત્રુતા પેદા કરે છે. સાધુપુરુષના મનમાં ક્યારેય ક્રોધ પ્રકટતો નથી. કદાચ કોઈ તેને શત્રુ માને તો પણ તેનો કોઈ પણ શત્રુ હોય નહીં.

(૫) **શાંન્તા :-** જેના ચિત્તમાં વ્યગ્રતા-લય-વિક્ષેપ હોતો નથી. જે હંમેશ પ્રસન્ન ચિત્ત, કામ અને લોભ રહિત હોય છે. આવું અનેક જન્મોના સંસ્કારોથી સંભવ હોય છે.

(૬) **સાધવ :-** સાધુપુરુષ, અથવા સદાચારવાળો. જે પોતાનો પ્રાણ દઈને પણ અન્યના પ્રાણની રક્ષા કરે. જેના આચરણથી કોઈને ક્યારેય પણ દુઃખ ન પહોંચે તેને **'સાધુ'** કહેવાય.

(૭) **સાધુભૂષણા :**- જેના વાણી, વિચાર, વ્યવહાર, વેષ વગેરે સર્વ કાંઈ સાધુતાનું વ્યક્તિત્વ પ્રકટ કરે, ઉપરોક્ત સર્વ ગુણોથી જે શોભતા હોય, તેવા સાધુઓના સંગરૂપ ભૂષણાવાળો હોય તે. આ ચાર લક્ષણોને **આધ્યાત્મિક** લક્ષણો બતાવ્યા છે.

(૮) **મય્યન્યેન ભાવેન ભક્તિં કુર્વન્તિયેદઢામ્ :**- ભગવાનમાં જે અનન્યભાવથી દૃઢ ભક્તિવાળો હોય, જેણે પોતાના પ્રભુ વિના અન્ય કોઈ દેવી-દેવતામાં કે વસ્તુ, વ્યક્તિ અથવા માર્ગમાં લેશમાત્ર ઈચ્છા ન જાગે, અથવા તેમાં આકર્ષાય નહીં તે. આવા સત્પુરુષની ઈન્દ્રિય, અંત:કરણ વગેરે હંમેશાં અત્યંત ઉત્સાહપૂર્વક પોતાના પ્રભુ પ્રત્યે દૃઢ હોય, જેની ભક્તિ, પ્રમાણ, પ્રમેય, સાધન કે ફલની ઈચ્છા વિનાની, કેવલ નિસ્વાર્થ ભાવવાળી હોય, જે ક્યારેય ચલિત ન થાય તેવા હોય.

(૯) **મત્કૃતેત્યક્ત કર્માણ :**- પ્રભુને માટે જ પોતાના બધા જ લૌકિક તથા શાસ્ત્રોક્ત કર્મનો ત્યાગ કરનાર, નિરંતર ભગવત્સેવા-સ્મરણાદિમાં બધા કર્મો બાધક બને છે, ભગવાન પ્રત્યેની અનન્યતામાં અંતરાય ઊભો કરે છે. માટે સત્પુરુષો-ભગવદ્ ભક્તો તેવા સર્વ કર્મોનો ત્યાગ કરે છે જે પ્રભુસેવામાં, પ્રભુની અનન્યતામાં બાધારૂપ થાય. વાસ્તવમાં પ્રભુ પ્રેમની પ્રબળતામાં તેમના બધા જ કર્મ છૂટી જાય છે.

(૧૦) **ત્યક્ત સ્વજન બાન્ધવા :**- ભગવાનના ભક્તો પ્રભુની ભક્તિ/સેવામાં બાધક હોય તેવા સ્ત્રી-પુત્રાદિ વગેરે સ્વજનો તેમ જ સ્વજાતીય લોકોનો ત્યાગ કરે છે. સંતો કડવાશથી કે પોતાના સુખ સગવડ માટે નહીં, પરંતુ ભગવદ્ સેવાર્થે સ્વજનોને છોડે છે.

(૧૧) **''મદાશ્રયા'' :**- ભક્તો ભગવાન સિવાય કોઈના ઉપર આધાર રાખે નહીં કે કોઈની આશા રાખે નહીં. તેઓ ભગવાનમાં જ અનન્ય દ્રઢ ભાવવાળા હોય છે. સત્પુરુષો-સંતોનું સર્વસ્વ ભગવાન જ હોય છે. તેઓનો અચલ વિશ્વાસ હોય છે કે ભગવાન તેઓનું સર્વ સાંભળે છે.

(૧૨) **''કથા મૃષ્ટા: શ્રુણ્વંતિ'' :**- ભક્તો ભગવાનના જ આશ્રયવાળી, ભગવાનના ગુણાનુવાદ જેમાં હોય તેવી કથાઓનું જ શ્રવણ કરે છે.

(૧૩) **''કથયન્તિ ચ'' :**- સંતો માત્ર ભગવાનમાં જ આશ્રય કરાવનારી, નિર્દોષપૂર્ણ ભાવવાળી ઉજ્જવલ કથાઓનું જ અવગાહન કરે છે/ કહે છે, તેમ જ તેનું **'સ્મરણ'** કરે છે.

(૧૪) **''તપન્તિ વિવિધાસ્તાપા: નૈતાન્ મદગત ચેતસ'' :**- પ્રભુની કથાના શ્રવણકીર્તનાદિના પ્રભાવથી ભક્તોનું/સંતોનું ચિત્ત ભગવાનમાં જ રહે છે. તેઓને સંસારના વિવિધ સંતાપો સતાવતા નથી.

(૧૫) **''સર્વ સંગ વિવર્જિતા'' :**- સંતપુરુષોને કોઈ અપેક્ષા નથી હોતી, તેથી તેઓ સર્વસંગ રહિત હોય છે. તેઓ કોઈનો સંગ કરતા નથી. નિર્પેક્ષ રહે છે.

(૧૬) **''સંગદોષ હર :''** સત્પુરુષ કોઈનો સંગ કરતાં નથી એમ જ નહીં પણ તેઓ સંગ

દોષને હરનારા છે. સંતો તેને શોષનારા છે. સંતોનો એ સહજ ગુણ હોય છે કે તેઓ દોષોને દૂર કરે છે.

આ પ્રમાણે ભક્તિ પ્રાપ્ત કરાવનાર તરીકે સત્પુરુષોને ઉત્તમ પુરુષો બતાવી તેઓ ભક્તિ કેવી રીતે પ્રાપ્ત કરાવે છે તેનું વર્ણન કરતાં કહે છે કે એવા ઉત્તમ પુરુષોનો સંગ પ્રાપ્ત થવાથી તેઓ સાથે મારું 'વીર્ય' જણાવનારી કથાઓનું પ્રીતિપૂર્વક સેવન કરવાથી **શ્રધ્ધા**, **પ્રેમ** અને **ભક્તિ** પ્રકટે છે. ભક્તિથી વૈરાગ્ય થાય છે અને તેનાથી સદા સ્મરણ થતાં યોગમાં પ્રવૃત્તિ થાય છે. એવી રીતે વિદ્યાના અંગરૂપ **ત્યાગ**, **જ્ઞાન**, **વૈરાગ્ય**, **યોગ** અને **ભક્તિ**થી ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આવા ભગવદિયોના સંગ/પ્રસંગથી પ્રભુના પરાક્રમનું જ્ઞાન કરાવતી કથા થાય. પ્રીતિપૂર્વક વારંવાર કથાના સેવનથી મન ભટકતું અટકે, તે નિષ્પાપ થાય, પછી ક્રમશઃ શ્રદ્ધા, રતિ અને ભક્તિ થાય. જેનાથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં નિરંતર ભગવાન યાદ આવ્યા કરે, પછી ભગવદ્ ધ્યાનરૂપ યોગ પ્રવૃત્તિ થાય, જેના કારણે અંતે ભગવત્પ્રાપ્તિ થાય છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **''જેમ કામમાં આસક્ત રહેનારના ચક્ષુ કામિનીમાં રસવાળુ હોઈ બલથી પાછું વાળવા છતાં પાછું વળતું નથી, પરંતુ તેના દર્શન કરવાની ઈચ્છા જ સદા તેને રહે છે, તેવી રીતે ભગવાનની કથા જ બલથી પણ પોતાની અંદર રોકી રાખે છે અને શ્રવણ કરવાની ઈચ્છા તે સદા કરે છે.''**

ભક્તોના મુખથી ભગવાનની કથા શ્રવણ કરવાના માહાત્મ્યને સમજાવતાં કહે છે કે સર્વત્ર કથાઓ થતી હોય છે પરંતુ તે ભગવાનના પરાક્રમ-લીલાનું પ્રતિપાદન કરનારું નથી હોતું પરંતુ ભગવાનનું સામર્થ્ય લૌકિક રીતે કહેવાતું હોવાથી તેની અસર કારકતા હોતી નથી. ભગવદીયો જ ભગવદ્લીલા જાણે છે, અને તેથી તેમના મુખેથી શ્રવણ કરેલી કથાથી કૃષ્ણ કાનમાં સ્વતઃ પ્રવેશ કરે છે, અને હૃદયમાં બિરાજે છે. તેથી ભગવદ્ધ્યાનરૂપ યોગ દ્વારા ભગવાનમાં ભક્તિ યોજીને હૃદયસ્થ પ્રભુને પ્રાપ્ત કરી શકાય છે, તેનાથી **'સદ્યોમુક્તિ'** સહજ થાય છે.

દેવહૂતિ પ્રશ્ન કરે છે કે મારાથી થઈ શકે તેવી કેવા પ્રકારની ભક્તિ છે કે જેનાથી હું સહેલાઈથી નિર્વાણધામનો અનુભવ કરી શકું? શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે અહીં **શ્રધ્ધા**, **પૂજન કરવા યોગ્ય તરીકે જ્ઞાન**, **સેવા** અને **માહાત્મ્યનું જ્ઞાન થયા પછીનો સ્નેહ**, તે પૈકિ **'ભક્તિ'** શબ્દનો કયો અર્થ યોગ્ય છે તેનો ખુલાસો પૂછે છે. વળી યોગ સંબંધી પ્રશ્ન કરતાં પૂછે છે કે જેનાથી 'તત્ત્વો'નું જ્ઞાન થાય, તે કેવા પ્રકારનો યોગ છે અને તેના અંગો કેટલા છે? માતાનું તાત્પર્ય જાણીને ભગવાન કપિલ યોગ, ક્રિયારૂપ અર્થાત્ સેવારૂપ, ભક્તિ, જ્ઞાન અને સાંખ્ય વિશે ખુલાસો કરતાં પ્રથમ **ભક્તિ**નું લક્ષણ સમજાવે છે. તેઓ કહે છે કે રૂપ વગેરે ગુણોથી, વેદમાં કહેલા કર્મ કરનારી એકાગ્ર મનવાળા પુરુષની, દૈવી ઈન્દ્રિયોની માત્ર સત્વમૂર્તિ ભગવાનમાં, કોઈ હેતુ વગરની સ્વાભાવિકી વૃત્તિ (મતિ)ને ભક્તિ કહે છે. કોઈ પણ હેતુ વગરની ભગવાનની

ભક્તિ, કોઈપણ પ્રકારની પ્રાપ્ત કરેલી સિધ્ધિથી ઉત્તમ છે.

આ તથ્યનો વિસ્તાર કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ઈન્દ્રિયો બે પ્રકારની છે- **દેવી** અને **આસુરી**. જે ઈન્દ્રિયો વેદમાં કહેલા કર્મ કે જ્ઞાનમાં પ્રવૃત્ત રહેતી હોય તે **‘દૈવી’**, અને જે લૌકિકમાં પ્રવૃત્તિ કરે તે **‘આસુરી’**. તે બન્ને એક જ સ્થાનમાં રહે છે અને પરસ્પર હરિફાઈ કરે છે. તેમાં આસુરી ઈન્દ્રિયો ઘણી બલવાળી હોય છે, જેના લીધે દૈવી ઈન્દ્રિયો પોતાના કાર્યમાં પ્રવૃત્તિ કરી શકતી નથી. આંખ લૌકિક સુંદરતા (સ્ત્રી વગેરે)ને જોઈને આકર્ષાય છે જેને પરાણે પાછી વાળવા પ્રયત્ન કરવો પડે છે. તે પ્રભુના દર્શન વગેરેમાં સ્થિર રહેતી નથી. આવી ઈન્દ્રિયને આસુરી કહેવાય. આવી અસ્થિર ઈન્દ્રિયવાળો ભક્તિ કરી શકતો નથી. સ્વાભાવિક રીતે આંખ બધુ જુએ છે છતાં જો તે લૌકિકમાં આકર્ષાય નહીં, તેનાથી વ્યગ્રતા ન આવે અને પ્રભુમાં અને વેદ-કાર્યમાં તેની સ્થિરતા રહે, તેને દૈવી ઈન્દ્રિય કહેવાય. તેવી ઈન્દ્રિયવાળો ભક્તિ કરી શકે છે. આવી ઈન્દ્રિયો કેમ હોય છે તેનો ખુલાસો કરવા વેદ માટે **‘અનુશ્રવ.’** શબ્દ કહ્યો છે. અર્થાત્ ‘અનુ’- ગુરુએ ઉચ્ચાર કર્યા પછી ‘શ્રૂયતે’. જે શ્રવણ કરવામાં આવે તે **‘વેદ’**. વેદમાં કહેલા કર્મોને **‘અનુશ્રવિક’** કહેવાય. વળી ભગવાન માટે સાંખ્યદૃષ્ટિથી **‘સત્વમૂર્તિ’** કહ્યા છે, કેમ કે ભગવાન વાસ્તવમાં **નિર્ગુણ** છે, **ગુણાતીત** છે. તેથી ગુણાતીત ભગવાનમાં જે સર્વ ઈન્દ્રિયોની સ્વાભાવિક વૃત્તિ, તેનું નામ **‘ભક્તિ’**. ભક્તિમાં ન કાંઈ અપેક્ષા હોય કે ન કોઈ પ્રયોજન. તે **‘સ્વાભાવિકી’** હોવી જોઈએ. વળી **‘એકમનસો’**, અર્થાત્ એક મનવાળી કહી છે. એટલે જેનું એક જ મન છે, તેવા, કેમ કે મન પણ **દૈવ** અને **આસુર**ના ભેદથી બે પ્રકારનું છે. તે પૈકી આસુર મન સંકલ્પ અને વિકલ્પરૂપ જુદી જુદી સ્થિતિ પ્રાપ્ત કરનારું અને ગુણોથી ખળભળાટ પામનારું હોય છે, જ્યારે **‘દૈવ’** મન તો એક સ્વભાવવાળું માત્ર મનનરૂપ જ હોય છે. તેથી કહે છે કે ઈન્દ્રિયો તો ભલે બન્ને પ્રકારની હોય પણ મન આસુર ન હોવું જોઈએ. તેનાથી જ ભક્તિ થઈ શકે.

ભગવાન કહે છે કે ‘મારા ભક્તો તો મોક્ષની (સાયુજ્ય)ની પણ ઈચ્છા રાખતા નથી. તેઓનું મન મારી ભક્તિમાં જ સદા રહે છે.’ (શ્રી મહાપ્રભુજી ચતુ:શ્લોકીમાં કહે છે- **સ્મરણ ભજન ચાપિ ન ત્યાજ્યમ્** - પુષ્ટિમાર્ગીય મોક્ષ). કપિલ ભગવાન સમજાવે છે કે **‘‘હું સાયુજ્ય મુક્તિ આપું તો પણ મારા ભક્તો તેની સ્પૃહા કરતાં નથી. તેઓ તો મારી સેવા અને કથામાં જ મગ્ન રહે છે. તેઓ તો મારા સાક્ષાદ્ દર્શન કરે છે.’’** અહીં **‘રુપાણિ’** - બહુવચનમાં કહ્યું છે - જેનું તાત્પર્ય છે કે ભગવાનનું મૂળરૂપ તો એક જ છે, પણ ભક્તો અનેક છે. જે ભક્તને ભગવાનના જે સ્વરૂપમાં આસકિત હોય, તે સ્વરૂપે ભગવાન ભક્તને દર્શન દે છે. તેથી અનેક રૂપ ભગવાન થાય છે. જેવી રીતે મિત્રો એકબીજાની સાથે રમત રમે તેમ તેઓને સદા ભગવાનનો સાક્ષાત્કાર થાય છે, અર્થાત્ ભક્તોને પોતાના ભાવ મુજબ ભગવાનના સ્વરૂપના દર્શન થાય છે. ભગવાનના સ્વરૂપનું વર્ણન કરતાં તેમને **‘પ્રસન્ન મુખવાળા’**, **‘રાતા નેત્રવાળા’**, તેમ કહે છે, જે ભક્તનો ભગવાનમાં

અનુરાગ સૂચવે છે. ભગવાનને પણ તેવા ભક્તો પ્રત્યે અનુરાગ હોય છે. તેથી ભક્તને જેવી વાતો કરવાનું મન થાય તેવી બધી વાતો તેઓ ભગવાન સાથે કરે છે. આ પ્રકારે અહીં ફલ અવસ્થાનું વર્ણન કરે છે. ભક્તિનું **‘સાયુજ્ય’** ફલ સમજાવતાં કહે છે કે તે ‘સુંદર અવયવવાળા’, ઉદાર વિલાસવાળા, હાસ્ય સાથે દૃષ્ટિ કરનારાં, મનોહર વાણીવાળા સ્વરૂપોથી જેમના અંત:કરણ અને પ્રાણો છે તેઓને ન ઈચ્છવા છતાં, તેમની ભક્તિ ભગવાનનું સૂક્ષ્મ સ્થાન પ્રાપ્ત કરાવે છે. અહીં ભક્તોને ચાર પ્રકારના પુરુષાર્થો પ્રાપ્ત થાય તે માટે ભગવાનનું ચાર ગુણોવાળા સ્વરૂપનું વર્ણન કર્યું છે. (૧) સુંદર અવયવોથી **‘કામ’** પૂર્ણ કરનારા છે, (૨) ઉદાર વિલાસ એ **‘અર્થ’** પુરુષાર્થ સૂચવે છે, (૩) હાસ્ય યુક્ત દૃષ્ટિથી **‘ધર્મ’** પુરુષાર્થનું સૂચન કર્યું છે અને (૪) મનોહર વાણી ‘મોક્ષ’ પ્રાપ્ત કરાવનારી છે. **‘સૂક્ષ્મધામ’**રૂપની પ્રાપ્તિથી ભગવાનમાં સાયુજ્યનું સૂચન કરે છે. આ પ્રકારે અહીં સાયુજ્ય પ્રાપ્તિનું ફલ બતાવી **‘સાલોક્ય’** પ્રકારની મુક્તિ વિશે કહે છે કે ‘જેઓ મારી માયાવી પ્રસિધ્ધ વિભૂતિ, આઠ અંગવાળા ઐશ્વર્ય યુક્ત સંપત્તિ અર્થાત્ મોક્ષરૂપ સંપત્તિની જેઓ કામના કરે છે તેઓને મારા ઉત્તમ લોકમાં ભોગ પ્રાપ્ત થાય છે.’’ શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે અહીં કહેવાનું તાત્પર્ય છે કે જો તે ભક્તિ મધ્યમ હોય તો અને જેઓ ધન વગેરે અને સ્વર્ગ વગેરે રૂપ મારી વિભૂતિની ઈચ્છા કરે તો તેમને તે લોકમાં વાસ મળે છે. અને **‘માયાવી’** શબ્દથી સ્પષ્ટતા કરે છે કે તેમાં વાસ્તવમાં ભોગ કરવા યોગ્ય કાંઈ હોતું નથી. **‘અણિમા’** વગેરે આઠ અંગો છે જેના છે, તેવું **ઐશ્વર્ય**, તેમ જ ભગવાનના ભજનથી આવતી **‘શ્રિયમ્’** અર્થાત્ મોક્ષ સુધીની બધી એ સંપત્તિ નો, તેવી ઈચ્છાથી ભજન કરનારા ભોગ કરે છે. આમ આ પ્રકારની મધ્યમ ભક્તિનું ફલ કહે છે. **‘ઉત્તમ લોક’** કહેવાનું તાત્પર્ય **‘વ્યાપિવૈકુંઠ’**નું પ્રયોજન છે.

અહીં પ્રશ્ન થાય કે લોકોને કાલનો ભય હોવાથી ‘પુણ્યનો ક્ષય થાય ત્યારે મર્ત્યલોકમાં પ્રવેશ કરે છે’ એમ ભગવદ્ ગીતા (૯/૨૧)માં કહ્યું છે. તો વૈકુંઠલોકમાં વિષયોનો અનુભવ કરવાથી શું લાભ?, તેના સમાધાનમાં ભગવાન કહે છે કે ‘હે માતા, શાંત સ્વરૂપવાળા વૈકુંઠમાં મારામાં આસકિત રાખનાર જેઓના પ્રિય, દેહ અને પુત્ર, મિત્ર, ગુરુ, બાંધવો, દેવ અને ફલ હું છું. તેઓનો કોઈપણ સમયે નાશ થતો નથી અને મારું જ આયુધ ‘કાલ’ તેમનું ભક્ષણ કરતો નથી.’ વળી તેઓ કહે છે કે આ લોક તેમ જ પરલોકનો તો સર્વનો ત્યાગ કરી જેઓ **‘સર્વત્ર મુખવાળા’** મારું અનન્ય ભક્તિથી ભજન કરે છે તેઓને હું મૃત્યુના પેલે પાર લઈ જાઉં છું. અહીં સર્વનો ત્યાગ કરવામાં આવે ત્યારે સર્વથી થતાં લાભોની જરૂર હોવાથી કેવી રીતે મુક્તિ સંભવે, તેવી શંકાનું સમાધાન કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે અહીં ‘એવી રીતે સર્વત્ર મુખવાળું મારું ભજન કરે છે’, એમ કહ્યું છે તેનું કારણ કે ભગવાન સર્વરૂપ છે. તે સર્વનો જેઓ ભગવાન માટે ત્યાગ કરે તો તેટલા રૂપવાળા તેઓ થાય છે. ‘સર્વત્ર મુખવાળા’ વિશેષણથી એમ સૂચવે છે કે ભગવાનને નવીન કશું કરવાનું રહેતું નથી, તે ભજનનું સાધન ભક્તિ જ છે. તેઓ સમજાવે છે કે **‘પરલોક પ્રાપ્ત**

કરવા માટે, ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે, અથવા બીજા પ્રયોજન માટે ભક્તિ સિવાય અથવા ભગવાન સિવાય જેઓને બીજું સાધન નથી.' તેઓ **'અનન્ય'** હોય છે. મૃત્યુથી પેલે પાર લઈ જવાનું તાત્પર્ય એ છે કે ફરીથી તે આત્માને મૃત્યુ ગળી જાય તેવા દેહનો સંબંધ થતો નથી, તેઓને મુક્તિ થતી નથી તેમ મૃત્યુ પણ થતું નથી, અર્થાત્ **સનક** વગેરેની પેઠે તેઓ રહે છે. આમ અહીં **સાયુજ્ય, વૈકુંઠ પ્રાપ્તિ** અને **'જીવનમુક્તિ'** એવા ત્રણ પ્રકારના ફલ બતાવ્યા છે.

અંતમાં ઉપસંહાર કરતાં ભગવાન કહે છે કે 'હું'- અર્થાત્ ભગવાન બીજા કોઈ પણ સાધનથી પ્રસન્ન થતાં નથી અને મુક્તિ આપનાર પણ તેઓ જ છે. સંસાર પ્રકૃતિ અને પુરુષથી ઉત્પન્ન થાય છે તેથી તે બેને વશમાં રાખનાર ભગવાન હોઈ તેમનાથી જ તે દૂર થાય છે. તેઓ સર્વ પ્રાણીઓના આત્મા હોવાથી તેઓ સંસાર દૂર કરે છે. તેઓ જ્ઞાન વગેરે રૂપ હોવાથી પ્રકૃતિ વગેરેને અટકાવનાર હોઈ ફરી સંસાર થવા દેતા નથી. તેઓ કહે છે કે **વાયુ** મારા ભયથી વાય છે, **સૂર્ય** મારા ભયથી તપે છે, **ઈંદ્ર** ભયના કારણે વૃષ્ટિ કરે છે, **અગ્નિ** બાળે છે, કેટલાક વાયુ વગેરેની ઉપાસનાથી મૃત્યુને દૂર કરવું, ઈત્યાદિ સૂચવતા હોય છે તેવા મતોને ખોટા ઠરાવી પોતાનો સિધ્ધાંત કહેતાં અંતમાં કહે છે કે **જ્ઞાન** અને **વૈરાગ્ય** એ **ભક્તિ**ની સાથે કાર્ય કરનારાં છે. ભક્તિ જ મોક્ષનું સાધન છે માટે ભગવાન કહે છે કે મારા ચરણના મૂળમાં અર્થાત્ ચરણના આસનરૂપ **'અક્ષર'**માં પ્રવેશ કરે છે, તેને ક્યાંય ભય રહેતો નથી.

તેથી જ શ્રી મહાપ્રભુજી કહે છે કે સર્વ કાંઈ છોડી અનન્યતાથી ભજનારને પ્રભુ મૃત્યુથી પાર ઉતારે છે. **પરલોક માટે, પ્રભુ કૃપા માટે, કે અન્ય પ્રયોજન માટે, જેને ભગવાનની ભક્તિ વગર બીજું કાંઈ સાધન નથી તેને અનન્ય ભક્ત કહે છે.** આજ ભાગવત - સિધ્ધાંત છે.

• સુબોધિની (અધ્યાય ૨૬)

આગળના અધ્યાયમાં કપિલ ભગવાને 'ભક્તિયોગ' સમજાવ્યો. પરંતુ માતા દેવહૂતિને સત્સંગ નથી, અને મોક્ષની ઈચ્છા છે. વિમાન અને વિહાર વખતે પ્રકટ થયેલી દાસીઓનો ત્યાગ કર્યો નથી, તેથી તેમને સંસારમાં રાગ હતો જે ભક્તિમાં બાધક હોઈ તેમને ભક્તિ થાય તેમ ન હોવાથી આ અધ્યાયમાં તેમને કપિલજી **'સાંખ્ય'**નું જ્ઞાન આપે છે. અહીં **આત્મા** અને **અનાત્મા** (જડ) એ બન્નેનો ભેદ સમજાય તે માટે **'સાંખ્ય શાસ્ત્ર'**નો બોધ આપે છે, જેનાથી પ્રાકૃત ગુણોથી મુક્ત થવાય. તે માટે અહીં **'તત્ત્વો'**ના લક્ષણ બતાવતાં કહે છે- પુરુષ 'આત્મા' છે, જે આરંભ રહિત, નિર્ગુણ, પ્રકૃતિને વશમાં રાખનાર પોતાની મેળે પ્રકાશનાર છે, જેની સાથે સમગ્ર વિશ્વ જોડાયેલ છે. 'આત્મા'ની વ્યુત્પત્તિ કરતાં કહે છે- **'અતતિ વ્યાપ્નોતિ ઈતિ આત્મા'** અર્થાત્ જે સર્વમાં વ્યાપિને રહે તે આત્મા. **પ્રકૃતિ** ગુણાવાળી છે જ્યારે **પુરુષ** નિર્ગુણ છે. તે પ્રકૃતિથી પર છે. **'આરંભ રહિત'** શબ્દથી અહીં દેહને જુદો પાડેલો છે. **'નિર્ગુણ'** શબ્દથી સર્વ પ્રાકૃત પદાર્થને ભિન્ન બતાવ્યા છે. **'પ્રકૃતિને વશમાં રાખનાર'** કહી પ્રકૃતિથી તે અલગ છે તેમ સૂચવે છે. આમ

અલગ અલગ વિશેષણોથી પ્રકૃતિમાં રહેલા જુદા જુદા પદાર્થોને આત્માથી જુદા હોવાનું પ્રતિપાદિત કરે છે.

આમ આત્મારૂપ પુરુષ વાસ્તવિક રીતે દોષ રહિત અને પ્રકૃતિને વશમાં રાખનાર હોવાથી તેનામાં **'જીવપણું'** સ્વાભાવિક નથી, તેમ સમજાવવા કહે છે કે સાંખ્યના એક મતવાળા (અર્થાત્ **અનીશ્વર વાદી સાંખ્ય શાસ્ત્ર પ્રમાણે પ્રકૃતિ આત્માથી જુદી અને પુરુષની પેઠે તે નિત્ય છે તેમ કહે છે. 'ભગવદીય સાંખ્ય' (સેશ્વર સાંખ્ય) પ્રમાણે તો પ્રકૃતિ ભગવાનની શક્તિ છે.** 'સાંખ્ય શાસ્ત્ર' તો ભગવાનનું જ્ઞાન કરાવતું નથી, અન્યથા તેમાં અને **'બ્રહ્મવાદ'**માં ભેદ ન રહે. ભગવાન તેને એટલે પ્રકૃતિને વશમાં રાખનાર હોવાથી અહીં પુરુષને સંસાર પ્રાપ્ત થાય તે માટે તે 'પ્રકૃતિને વશ થાય છે' એમ કહે છે, અર્થાત્ પુરુષ જ પ્રકૃતિને વશ રાખનારી અવસ્થાનો ત્યાગ કરી પ્રકૃતિને આધિન હોવાની અવસ્થા પ્રાપ્ત કરી **'જીવ'** થાય છે. આરંભમાં જે **'વિભુ'** એટલે શક્તિમાન છે તે પુરુષે કામને લીધે દેવના સંબંધવાળી એટલે **'દૈવી'**, બંધન કરાવનાર ગુણો જેનામાં છે, તે મોહ કરાવનારી, ભગવાનની શક્તિરૂપ તે પ્રકૃતિનો ભોગ કરવા આદર કર્યો, અર્થાત્ ભગવાનની પ્રેરણાથી ભોગ કરવા યોગ્ય થઈ પોતે જ આવી હોઈ, એટલે પ્રભુની તે લીલા યોગ્ય હોવાથી પુરુષે તેનો ભોગ કરવા માટે તેની સાથે ઐક્ય સાધ્યુ. અહીં શંકા ઉત્પન્ન કરતાં કહે છે કે આ પુરુષ ભગવદ્‌રૂપ હોવાથી **જ્ઞાન** અને **શક્તિ** જેને સદાના છે, તેવા હોવા હોવાથી તે પ્રકૃતિના દર્શન કરતાં તેને મોહ કેમ થાય? તેના સમાધાનમાં કહે છે કે અહીં 'જ્ઞાનને ઢાંકી દેનારી' એમ પ્રકૃતિ માટે વિશેષણ કહેલું છે, કારણ કે પ્રકૃતિ જ્ઞાનને ઢાંકી દે છે એટલે કોઈ અન્ય વિચાર આવ્યા પહેલાં તરત જ તે પુરુષ શક્તિવાળો હોવા છતાં મોહ પામે છે અર્થાત્ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. એ રીતે મોહવશ બીજાને પોતે હોવાનું માનવાને લીધે જ્યારેકોઈ કર્મ કરવામાં આવે ત્યારે પુરુષ પ્રકૃતિના 'કર્તાપણા'ને પોતાનું માને છે. તેથી લોકમાં પણ, પુરુષ, સ્ત્રીએ કરેલું જે કાર્ય હોય તે પોતે જ કરેલું માને છે. પ્રકૃતિ ગુણોને લીધે કર્મો કરે છે, ત્યારે તેમનું ફળ જે મુખ્ય છે તેવું કર્તાપણું પુરુષ પોતાનું હોવાનું માને છે. અહીં પોતે કર્તા હોવાનું અભિમાન જ **'સંસાર'**નું મૂળ છે તેમ સમજાવે છે.

આવું કર્તાપણું જ એ જીવનો **'સંસાર'** છે. કર્મોથી તેનો **'બંધ'** અને કર્તાપણાનું અભિમાન થાય છે. પરંતુ જીવ ભગવાનનો અંશરૂપ હોઈ સચ્ચિદાનંદરૂપ, ઐશ્વર્ય આદિ ગુણોવાળો છે, છતાં 'કર્તાપણું' અને 'ભોગવનારપણું' એક પદાર્થમાં રહેલા દેખાય છે તે **પુરુષ** અને **પ્રકૃતિ** બન્ને ભેગા થયેલા હોવાથી કોનો કયો ગુણ છે તે નિશ્ચય થઈ શકતો નથી. અહીં **'કાર્ય' એ આધિભૌતિક દેહ, 'કારણ' આધ્યાત્મિક ઈન્દ્રિયો અને 'કર્તા' આધિદૈવિક અંતઃકરણ છે. ચેતનરૂપ પુરુષ એ ત્રણ પ્રકારના જડની સ્થિતિ પ્રાપ્ત કરે છે, જેનું કારણ પ્રકૃતિ છે.** તેથી કહે છે કે પુરુષમાં પહેલાથી કર્તાપણું જણાતું નથી, પરંતુ પ્રકૃતિનો અધ્યાસ થયા પછી તે થાય છે,

કેમકે તેના કારણે તો તે **'જીવ'** બને છે. ભોગ કરવાની અવસ્થામાં 'પુરુષ' પ્રકૃતિને વશ રાખનાર જ હોય છે કારણ કે પોતાનો 'ભોગ' કોઈથી થઈ શકતો નથી કેમકે ભોગવવામાં આવતો પદાર્થ બીજાને જ રસરૂપ થાય છે. **પ્રકૃતિ કાર્ય કરનારી અને ઘણો મોહ કરનારી છે અને ભોગવવાના સમયે પુરુષ પ્રકૃતિથી મોહ પામેલો હોય છે અને તેથી જ્યારે તે દેહ વિગેરેનો આકાર પ્રાપ્ત કરે ત્યારે 'પુરુષ' હોય છે. તેથી કહ્યું છે ''પુરિ શેતે ઈતિ પુરુષ:''.**

દેવહૂતિ પૂછે છે કે આ જગતના બે કારણો **પ્રકૃતિ** અને **પુરુષ**, જેના બે લક્ષણો- **સત્** અને **અસત્** છે તેના લક્ષણો કેવા હોય? દેહભાવ પ્રાપ્ત થાય? કપિલમુનિ ઉત્તર આપતાં કહે છે કે મૂળભૂત પ્રકૃતિ **ત્રિગુણાત્મિકા** છે - **સત્ત્વ**, **રજ** અને **તમ** તેના ત્રણ ગુણો છે. તે નિત્ય છે. પરંતુ **'વ્યક્ત'** નથી. **'સદસદાત્મકમ્'** એટલે કાર્ય અને કારણ રૂપ છે, તેથી તેને **'પ્રધાન'** એટલે મુખ્ય કહે છે. 'પ્રધાન' એટલે ભગવાને જગતનાં કારણ તરીકે બનાવેલું અથવા જગત રચવા સમર્થ છે. તે જણાવવા, ભગવાનની માફક તેના છ ગુણો **'ત્રણ ગુણવાળું'**, **અસ્પષ્ટ**, **સદા એકરૂપ**, **કાર્યકારણ રૂપ**, **વિશેષ રહિત** અને **વિશેષવાળું** એમ અનુક્રમે **ઐશ્વર્ય**, **વીર્ય**, **યશ**, **શ્રી**, **જ્ઞાન** અને **વૈરાગ્ય**ના સૂચક છે.

પ્રકૃતિ આત્માથી જુદી અને પુરુષની જેમ નિત્ય છે. એમ અનીશ્વરવાદી સાંખ્યશાસ્ત્રનો મત છે. પરંતુ ભાગવત સંમત સાંખ્યમાં પ્રકૃતિ ભગવાનની શક્તિ છે, જેમાં ત્રણ ગુણો- સત્વ, રજ:, તમ: ની 'સામ્યાવસ્થા' છે, અર્થાત્ તે **balanced** હોય છે. આ કપિલનો મત છે. અનીશ્વરવાદી સાંખ્યનો વિષય ભગવાન નથી. પ્રકૃતિના સંબંધવાળા તત્ત્વો ગણાવતાં **પાંચ**, **પાંચ**, **ચાર** અને **દશ** એમ કહે છે- અર્થાત્ **પંચ મહાભૂત**- પૃથ્વી, જલ, વાયુ, તેજ અને આકાશ, **પાંચ તન્માત્રાઓ**- રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ, **દશ ઈન્દ્રિયો** (પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો) અને અંત:કરણના ચાર ભેદ - **મન**, **બુધ્ધિ**, **ચિત્ત** અને **અહંકાર** એમ **૨૪** તત્ત્વો ગણાવે છે. પચ્ચીસમાં તત્ત્વ તરીકે **'કાલ'**ને ગણાવે છે. કેટલાક માને છે કે કાલ એ પ્રકૃતિનો પ્રથમ ભાવ અથવા અવસ્થા છે, જ્યારે અન્ય કેટલાક તેને પુરુષનો ધર્મ અથવા સામર્થ્ય બતાવે છે. કપિલના મત મુજબ પ્રકૃતિની જેનાથી ચેષ્ટા થાય છે તે **'કાલ'** ભગવાન છે. **કાલ 'કલન' અર્થાત્ ગણના કરે છે.** ભગવાન સ્વયં સૌ પ્રાણીઓની અંદર **'પુરુષરૂપે'** અને બહાર **'કાલરૂપે'** બિરાજે છે. **કાલ રૂપે તે બહિર્મૂખનું ભક્ષણ અર્થાત્ નાશ કરે છે, અને અંતર્મુખ હોય, એટલે કે ભગવાનની સન્મુખ હોય તેને આનંદ આપે છે.**

ઉપર પ્રમાણે તત્ત્વોના નામ બતાવી પછી 'ઉત્પત્તિ'નો પ્રકાર સમજાવતાં કહે છે કે **'દૈવ'** એટલે કે કાલને લીધે તેના ગુણોમાં ખળભળાટ થતાં **'યોનિ:ક્ષેત્ર'** અર્થાત્ પ્રકૃતિમાં **'પર:પુમાન'** એટલે પ્રથમ પુરુષે વીર્યનું આધાન કર્યું. આ વીર્ય ભગવાનના **સત્** અને **ચિત્** અંશોવાળું હતું, (કેટલાક માત્ર **'ચિત્'** અંશવાળું જ માને છે અને **'સત્'** અંશનો સંબંધ પ્રકૃતિથી છે). તેના કારણે

પ્રકૃતિએ સર્વ પ્રથમ **'મહત્ તત્વ'**ને જન્મ આપ્યો. તેનું શરીર સૂર્યની અંદર રહેલા નારાયણના શરીર જેવું સુવર્ણમય હતું. આ **'મહત્ તત્વ'** વિકાર રહિત જગતના અંકુર રૂપ છે, અર્થાત્ જેમ અંકુરમાંથી વૃક્ષ થાય તેમ 'મહત્ તત્ત્વ' પોતાની અંદર રહેલા વિશ્વને પ્રકટ કરે છે. 'મહત્ તત્વ'ના ત્રણ માહાત્મ્ય બતાવતાં કહે છે- (૧) **જગતનો પ્રકાશ કરનાર**, (૨) **જગતને ઉત્પન્ન કરનાર** અને (૩) **ઘણાં સમર્થ અંધકારનો નાશ કરનાર**, તે છે. **પૂર્વમાં લય કરાવનાર જે અંધકાર હતો તેનો 'મહત્ તત્વ' નાશ કરે છે જેના કારણે પૂનઃ 'જગત' ઉત્પન્ન થાય છે.** આ ત્રણે ગુણો અનુક્રમે **સાત્વિક, રાજસ** અને **તામસ** છે.

આ 'મહત્ તત્વ'ના **આધિદૈવિક**, **આધ્યાત્મિક** અને **આધિભૌતિક** એમ ત્રણ લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે. શુદ્ધ સત્વરૂપ **'વસુદેવ'**નું સ્વરૂપ છે, જેમાંથી અવિર્ભૂત થતું આધિદૈવિક સ્વરૂપ તે **'વાસુદેવ'** છે. તે સત્, ચિત્ અને આનંદરૂપ હોઈ તેના ત્રણ ગુણો- (૧) 'સ્વચ્છ' અથવા 'નિર્મલ' જે સદ્રૂપ છે, (૨) 'શાંત' ચિદ્રૂપ અને (૩) ભગવાન પુરુષોત્તમનું સ્થાન આનંદરૂપ છે. આમ ચિત્તના **'વાસુદેવ'** મનના **અનિરુદ્ધ**, બુધ્ધિના **પ્રદ્યુમ્ન** અને અહંકારના **'સંકર્ષણ'** અધિષ્ઠાતા ગણાવ્યા છે.

જ્ઞાન જેમાં મુખ્ય છે તેવા મહત્ તત્વને ભગવાનનું વીર્ય બતાવ્યું જેમાંથી **'અહંકાર'** ઉત્પન્ન થયો, જે ત્રણ પ્રકારનો છે- (૧) **વૈકારિક** (૨) **તેજસ** અને (૩) **તામસ**, જે અનુક્રમે **સાત્વિક**, **રાજસ** અને **તામસ** છે. આ અહંકારનું આધ્યાત્મિક સ્વરૂપ છે જેમાંથી અનુક્રમે **મન**, **દશ ઈન્દ્રિયો** અને **પંચ મહાભૂત** તથા **પાંચ તન્માત્રાઓ** ઉત્પન્ન થઈ છે. આધિદૈવિક અહંકારનું લક્ષણ બતાવતાં કહે છે કે તેનો અધિષ્ટાતા દેવ સંકર્ષણ છે, અને આધિભૌતિક અહંકારનું લક્ષણ સમજાવતાં કહે છે કે તેમાં **કર્તાપણુ** તથા **કાર્યપણું** અથવા **શાંતપણુ**, **ઘોરપણુ** અને **વિમુઢપણું** એવા ગુણો છે. **પ્રાણીઓમાં સાત્વિક અહંકારનું લક્ષણ કર્તાપણુ છે, રાજસનું કારણપણું છે અને તામસનું કાર્યપણું છે.** મનની ઉત્પત્તિ સમજાવતાં કહે છે કે તે **'વૈકારિક અહંકાર'**માંથી ઉત્પન્ન થયું છે જેના સંકલ્પ-વિકલ્પોથી **'કામ'**ની ઉત્પત્તિ થાય છે. સંકલ્પ એટલે **ઈચ્છા** અને વિકલ્પ એટલે **સંશય**. મનનું પાલન કરનાર દેવ **'અનિરુદ્ધ'** છે. મન વશ કરવા યોગ્ય છે. તેથી શ્રી મહાપ્રભુજી કહે છે **'સર્વ કાળમાં સર્વ દોષ રહિત થઈ સ્નેહથી ભગવાનની સેવા કરવાથી મનના દોષો દૂર થાય છે.** 'રાજસ' અહંકારમાંથી **'બુધ્ધિ'** તત્વની ઉત્પત્તિ બતાવી છે. અહંકાર 'રાજસ' હોવા છતાં તેમાંથી ઉત્તમ બુધ્ધિ જ ઉત્પન્ન થાય છે કારણ કે બુધ્ધિ સર્વ પદાર્થના સંબંધવાળી જ ઉત્પન્ન થાય છે. જેમ મન ઈન્દ્રિયોને પ્રેરણા કરનારું છે, તેમ બુધ્ધિ ઈન્દ્રિયો ઉપર ઉપકાર કરનારી છે. બુધ્ધિ એ ઉપકાર કરેલી ઈન્દ્રિયોને જ જુએ છે અર્થાત્ તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી કાર્ય કરે છે. તેથી જ અર્થાત્ 'દ્રવ્ય'નું જ્ઞાન બુધ્ધિને આધિન હોઈ ઈન્દ્રિયોના જ્ઞાન અને ક્રિયા જુદા જુદા થાય છે. અહિં **'દ્રવ્ય'** શબ્દથી ગુણ સૂચવેલા છે, જેમ કાર્ય રૂપ વસ્ત્ર ઉત્પન્ન થયા

પછી કારણરૂપ તેના તાંતણાઓ પણ તેના 'અવયવ' છે, તેમ ગુણો પણ દ્રવ્ય ગણાય, તેમાં વિરોધ થતો નથી. વળી દ્રવ્યનું ભાન થતાં અમુક પ્રકારના જ્ઞાનરૂપ શબ્દથી સ્વરૂપનું લક્ષણ કહેલું છે. 'ભાન થવું' એટલે વિદ્યમાન પદાર્થમાં સંશય વિના પાછળથી અમુક પ્રકારનું જ્ઞાન તે 'બુધ્ધિ'.

રાજસ અહંકારમાંથી **'બુધ્ધિ તત્વ'** ઉત્પન્ન થાય છે. **મન** ઈન્દ્રિય પ્રેરક છે જ્યારે **બુધ્ધિ** ઉપકારક છે આધિભૌતિક રૂપે તેના પાંચ વિભાગ બતાવ્યા છે એટલે કે પાંચ ક્રિયાઓથી બુધ્ધિ સમજાય છે (૧) **સંશય**, (૨) **વિપર્યાસ**, (૩) **નિશ્ચય**, (૪) **સ્મૃતિ** અને (૫) **સ્વાપ**.

(૧) **સંશય** - દ્રવ્યનું ભાન જુદું જુદું થવાથી બુધ્ધિ જુદા જુદા પ્રકારની થાય છે. એટલે કે જુદુ જુદુ સમજાય છે, તેથી નિર્ણય થતો નથી. જેમ કોઈ ઝાડનું ઠુંઠું હોય તેને લાકડું કે માણસ, 'શું' હશે તે સમજાતું નથી. આમ જુદી જુદી બુધ્ધિ થવી તે સંશય છે. **'સમ'** એટલે અનેક પદાર્થો જણાવનારા. પહેલા પદાર્થ જોયો હોય ત્યારે મન ઉપર તેનો સંસ્કાર પડેલ હોય તે તથા પદાર્થને જણાવનારું તેજ, એ બેથી પદાર્થ ઓળખાય છે.

(૨) **વિપર્યાસ** - જેનાથી હોય તેનાથી જુદું ભાન થાય તે (ભિન્ન પદાર્થ પ્રતિપાદક). તેને 'તત્વજ્ઞાન'માં **'ખ્યાતિ'** કહેવાય છે. તે મતને **'ખ્યાતિવાદ'** કહે છે. **(Doctrine of illusion)** શ્રી મહાપ્રભુજી બે પ્રકારની ખ્યાતિ સ્વીકારે છે. (૧) એક વિદ્વદ્ દશામાં **'અખ્યાતિ'** અને (૨) અવિદ્વદ્ દશામાં **'અન્યખ્યાતિ'**. વિદ્વદ્ દશામાં તો સઘળું બ્રહ્મરૂપ જ છે, તેથી વિપર્યાસ હોઈ શકતો જ નથી. વિદ્વદ્ દશાનો અર્થ છે- **'બ્રહ્મભાવાપન્નદશા'**. તેમાં અન્યથા ભાન હોવાનું સંભવ જ નથી. માટે તેને **'અખ્યાતિ'** કહે છે. જ્યાં સુધી બ્રહ્મજ્ઞાન પુરેપુરું નથી થયું ત્યાં સુધી તે 'અન્ય ખ્યાતિ' કહેવાય. વિપર્યાસ એ ભ્રમ અથવા ભ્રાંતિનું લક્ષણ છે. 'જુદો' શબ્દથી 'કોનાથી જુદો' એ જાણવાની આવશ્યકતા રહેતી હોવાથી બીજું વાક્ય યોજવું પડે. ઈન્દ્રિયોનો સંયોગ કરાવનારી ક્રિયા, જે પદાર્થના સંબંધમાં થાય છે, તેથી જે જુદો પદાર્થ હોય તેનું જ ભાન કરાવનારા, જે અમુક વૃત્તિ હોય તેને **'વિપર્યાસ'** કહે છે. છીપ પડી હોય તેને આપણા ચક્ષુનો સંયોગ થાય, ત્યારે આપણે છીપ જોઈએ. તે છીપથી જુદા પદાર્થ **'રૂપુ'** છે, એવું જેનાથી ભાન થાય તે વૃત્તિને **'વિપર્યાસ'** કહેવાય.

(૩) **નિશ્ચય** - પદાર્થ જેવો હોય તેવો નિર્ણય થવો અથવા તે 'યથાર્થ અનુભવ' કહેવાય.

(૪) **સ્મૃતિ** - સંસ્કારમાંથી ઉત્પન્ન થનારી સ્વતંત્ર બુધ્ધિ ને 'સ્મૃતિ' કહેવાય છે. અપ્રબળ સંસ્કાર દ્વારા માત્ર મનોજન્ય જ્ઞાનને **'સ્મૃતિ'** કહે છે, અર્થાત્ પ્રબળ ન હોય તેવા સંસ્કાર દ્વારા માત્ર મનથી જ ઉત્પન્ન થતું જ્ઞાન તે 'સ્મૃતિ' છે.

(૫) **સ્વાપ** - એટલે સ્વપ્ન રૂપે ભાસ થવો. નિંદ્રામાં માયા સૃષ્ટિ સર્જાય છે તેનો તે વિષય છે. અર્થાત્ સ્વપ્નમાં થતું જ્ઞાન. સંસ્કારથી ઉત્પન્ન થવાથી 'સ્મૃતિ' હશે, જુદા પદાર્થ તરીકે જ્ઞાન કરાવનારું 'વિપર્યાસ' હશે અને જાગ્રત અવસ્થામાં થતા જ્ઞાનની સમાન હોવાથી સંશય હશે, તેવી

શંકાઓ થાય તે દૂર કરવા આ **‘સ્વાપ’** કહેવામાં આવ્યું છે.

આમ ચાર અંત:કરણની ઉત્પત્તિ કહી, ઈન્દ્રિયોની ઉત્પત્તિ સમજાવતાં કહે છે કે જ્ઞાન કરાવનારી અને ક્રિયા કરાવનારી બન્ને પ્રકારની ઈન્દ્રિયો **‘રાજસ’** છે કારણ કે તે જ્ઞાન અને ક્રિયા બેમાંથી એક કરાવનાર સાધન છે. ક્રિયામાં ‘પ્રાણ’ આધાર છે જ્યારે જ્ઞાનમાં ‘બુધ્ધિ’ આધાર છે. ભગવાનના વીર્યથી પ્રેરાયેલા કાર્ય કરવા તત્પર થયેલા ‘તામસ’ અહંકારમાંથી સર્વપ્રથમ **‘શબ્દ’** તન્માત્રા ઉત્પન્ન થઈ, જેમાંથી **‘આકાશ’** ઉત્પન્ન થયું. કર્ણેન્દ્રિય શબ્દને ગ્રહણ કરનારી છે. તે પછી કાલની ક્રિયાથી કાર્ય કરવા તત્પર થયેલા આકાશ અને શબ્દ તન્માત્રામાંથી ‘સ્પર્શ’ની, પછી વાયુની અને તે પછી ‘સ્પર્શ’ને ગ્રહણ કરનારી ‘ત્વચા’ ઉત્પન્ન થઈ. **મૃદુપણું** અને **કઠણપણું**, **શીતલપણું** અને **ઉષ્ણપણું** તે સ્પર્શના જ અંગ છે, જે વાયુનું સૂક્ષ્મ રૂપ છે. **હલાવવું**, **ભેગા કરવું**, **પ્રાપ્ત કરાવવું**, દ્રવ્ય અને શબ્દને લઈ જવા અને બધી ઈન્દ્રિયોના આત્મા હોવાનું લક્ષણ, કર્મ રૂપે ‘વાયુ’નું છે. તત્પશ્ચાત ‘દૈવ પ્રેરિત’ અર્થાત્ ‘કાલ’ની પ્રેરણાથી સ્પર્શ તન્માત્રામાંથી **‘રૂપ’** તન્માત્રા ઉત્પન્ન થયું. **‘ચક્ષુ’** રૂપને ગ્રહણ કરનાર ઈન્દ્રિય છે. રૂપના લક્ષણો બતાવતાં કહે છે કે **‘આકૃતિ’**, **‘અધીનપણું’**, **વ્યક્તિ**ના જેવી સ્થિતિ અને **‘તેજપણું’** તે રૂપની તન્માત્રા એટલે કે તેની સૂક્ષ્મ અવસ્થા છે. સર્વ પદાર્થોમાં રહેવા આ ચાર વૃત્તિઓ છે.

તે પછી **‘તેજ’**ના લક્ષણો કહે છે - (૧) **પ્રકાશ કરવો**, (૨) **પાચન કરવું**, (૩) **પાન કરવું** અને **ખાવું**, (૪) **ઠંડી દૂર કરવી** અને (૫) **શોષણ કરવું** એ પાંચ તેજના લક્ષણ છે. જળની ઉત્પત્તિ બતાવતાં કહે છે કે દૈવ પ્રેરિત કાર્ય કરવા તત્પર થયેલા **‘રૂપ’** તન્માત્રા તેમ જ **‘રસ’** તન્માત્રાઓમાંથી જળ ઉત્પન્ન થયું. ‘જીભ’ એ રસને ગ્રહણ કરનારી ઈન્દ્રિય છે. રસના વિવિધ પ્રકારો- **મીઠો**, **કડવો**, **તીખો**, **ખારો** એમ અનેક ભેદો છે. જળના લક્ષણો બતાવતાં- **ભીંજવવું**, **પીંડ કરવો**, **તૃપ્તિ કરવી**, **જીવાડવું**, **પ્રાણોની તૃપ્તિ કરવું**, **વહી જવું**, **સંતાપ દૂર કરવો** અને **‘ભૂયસ્ત્વં’** અર્થાત્ **‘ભરપૂર પણું’** એટલે જેમાં તે પ્રવેશ કરે તેવો આકાર ગ્રહણ કરવો. તે પછી પૃથ્વીની ઉત્પત્તિ બતાવતાં કહે છે દૈવ પ્રેરણાથી **‘રસ તન્માત્ર’** અને જળમાંથી ‘ગંધ’ તન્માત્રા ઉત્પન્ન થઈ, જેમાંથી **‘પૃથ્વી’** ઉત્પન્ન થઈ. નાક ગંધને ગ્રહણ કરનાર ઈન્દ્રિય છે. પછી તેના અનેક પ્રકાર બતાવ્યા છે, મિશ્ર, **દુર્ગંધ**, **સુગંધ**, **શાંતગંધ**, ઉગ્રગંધ, **ખાટી** ગંધ ઈત્યાદિ.

‘પૃથ્વી’ના લક્ષણ બતાવતાં કહે છે- (૧) **આકાર પ્રાપ્ત કરવો**, **બ્રહ્મનું સ્થાન રહેવું**, **ધારણ કરવું**, **તત્વોનો ભેદ જણાવવો**, **સર્વ પ્રાણીઓના ગુણો પ્રકટ કરવા**, વગેરે, પૃથ્વીના લક્ષણ છે.

અંતમાં આ પ્રમાણે **મહત્ તત્વ**, **અહંકાર** અને **પંચ મહાભૂત** એ સાતે ભેગા થયા વિના રહ્યા, ત્યારે **કાલ**, **કર્મ** અને **ગુણો** (સ્વભાવ) સહિત પ્રભુએ તેમાં પ્રવેશ કર્યો. અચેતન **‘વિશેષ’** નામનું અંડ થયું, જેમાંથી તે વિરાટ થયા. ભગવાને તેમાં છીદ્રો કર્યા અને દેવતાઓ સહિત ઈન્દ્રિય પ્રવેશ થયો. સ્વ સામર્થ્યની પરીક્ષા માટે દેવતાઓ આવ્યા જે જુદા જુદા સ્થાનમાંથી પ્રકટ થયેલા, બધા

ભગવાનના અંશ છે, પણ જળમાંથી વિરાટને જગાડી શક્યા નહીં. ગતિ સાથે વિષ્ણુ પણ ચરણમાં વસ્યા. અહીં 'વિષ્ણુ' માત્ર ગતિ પૂરતું કાર્ય કરે છે, અધિક નહીં. મંત્રોના દેવતાઓ માત્ર કહેલું જ ફલ આપે છે. દેહના અભિમાનવાળા 'જીવે' ચિત્ત સાથે હૃદયમાં પ્રવેશ કરતાં વિરાટ જળમાંથી જાગ્યા. આમ પ્રવૃત્તિ કરનાર 'જીવ' શરીરથી જુદો છે, જે જગતમાં ચેતન રૂપે રહેલો છે.

• સુબોધિની (અધ્યાય ૨૭)

ગત્ અધ્યાયમાં આત્મા દેહમાં રહેલ હોવા છતાં પણ તે દેહથી જુદો છે, તેમ સમજાવી હવે આ અધ્યાયમાં તેના મોક્ષનું નિરૂપણ કરે છે. જેવી રીતે રંગ દ્વારા વસ્ત્રને રંગાય છે, અર્થાત્ વસ્ત્રમાં રંગ ચઢે છે તેમ જ્યારે આત્મા પ્રકૃતિથી રંગાય છે ત્યારે તેનો મોક્ષ સંભવતો નથી. તેથી ભગવાન દેવહૂતિને સમજાવે છે કે જીવ સદા પ્રકૃતિમાં અથવા પ્રાકૃત દેહમાં જ રહે છે, છતાં પણ તે પ્રકૃતિના ગુણો - **સત્વ**, **રજ:**, **તમ:**, ગુણોથી લેપાતો નથી. પરંતુ જ્યારે પ્રકૃતિના ગુણોમાં આસક્ત થાય છે, ત્યારે તે અહંકારથી મૂઢ થયેલા અંત:કરણને લીધે **'હું કર્તા છું'** તેમ અભિમાન કરે છે. જેના પરિણામે તે **'હું'** અને **'મારું'** તેમ સમજતાં, તેને સંસાર ઉત્પન્ન થાય છે, તે માર્ગે તે ઘસડાતો જાય છે અને અનેક પ્રસંગોથી થતાં કર્મના દોષથી તે અનેક સારી-ખોટી યોનીઓમાં ભટકે છે, અને અનેક પ્રકારના દુ:ખાદિ અનુભવે છે તથા વિષયભોગ વગેરે અનેક પીડાઓનો તે અનુભવ કરે છે. તે કર્તાપણાના અભિમાનને લીધે કર્મને આધિન થઈ, આમ સંસારની સ્થિતિ પ્રાપ્ત કરે છે. તેમાંથી બચવા માટે કહે છે કે **'ભક્તિયોગ'** અને **'વૈરાગ્ય'** એ બે તે માટેના સાધન છે. 'ભક્તિયોગ' એટલે ભગવાનમાં સ્નેહ, અને 'વૈરાગ્ય' એટલે વિષયોમાં પ્રીતિ ન હોવી. અર્થાત્ ભક્તિયોગથી મનને ધીમે ધીમે વશ કરીને ખરાબ માર્ગે જતા - આસક્ત ચિત્તને અટકાવીને પ્રભુના માર્ગે વાળવું જોઈએ. પ્રભુમાં દૃઢ પ્રીતિ થાય અને વિષયમાં વૈરાગ્ય ઉત્પન્ન થતાં ધીમે ધીમે ચિત્ત આથડતું અટકે છે. આ પ્રકારની સ્થિતિ ઉત્પન્ન થાય તે માટેના બાર ઉપાયો બતાવે છે.

(૧) **યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ - એ યોગના આઠ અંગ.**

(૨) **ભગવાનમાં ચિત્ત સ્થિર કરવાનો અભ્યાસ (સંયમપૂર્વક ટેવ પાડવી).**

(૩) **અપનાવેલ માર્ગ - 'સંપ્રદાય'ના સિધ્ધાંતોમાં શ્રધ્ધા રાખવી.**

(૪) **ભગવાનમાં ભાવ રાખવો, વિશ્વાસ કેળવવો.**

(૫) **વાણી, વિચાર અને વ્યવહારમાં સત્યપૂર્વક આચરણ કરવું.**

(૬) **ભગવાનની કથાનું શ્રવણ કરવું - કીર્તન કરવું.**

(૭) **પ્રાણીમાત્રમાં સમાનદૃષ્ટિ કેળવવી.**

(૮) **કોઈ પણ માનવી કે પ્રાણી પ્રત્યે વેર ન રાખવું.**

(૯) **કોઈની સાથે પ્રસંગ ન પાડવો અથવા સંગ ન રાખવો.**

(૧૦) **અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરવું.**

(૧૧) **મિથ્યા વાતચિતનો ત્યાગ કરવો. અસદાલાપ ન કરવો.**

(૧૨) **દઢતાપૂર્વક પોતાના વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવું.**

તદ્ઉપરાંત પોતાની મેળે મળી આવે તેવા અન્ન વગેરેથી સંતોષ માનવો. આમ સંતોષને **તેરમું સાધન** બતાવ્યું છે. તે સિવાય બીજા આઠ અંતરંગ સાધનો બતાવે છે - (૧) **મીતાહાર** - ઓછું ભોજન, (૨) **સતત્ મનન**, (૩) **એકાન્તમાં સ્થિતિ**, (૪) **પરમ-શાંતિ**, (૫) **સર્વત્ર મૈત્રી**, બધામાં મિત્રતાનો ભાવ કેળવવો, (૬) **દયા**, (૭) **સ્વાદીન અંત:કરણ**, (૮) **દેહ** અને તેના સંબંધીઓ - પુત્રાદિમાં વગર જોઈતી આસક્તિનો અભાવ. આમ કુલ એકવીસ સાધનો દ્વારા મનુષ્ય **'આત્મદર્શન'** કરી શકે છે તેમ દેવહૂતિને ભગવાને ઉપદેશ આપ્યો.

દેવહૂતિને પ્રશ્ન કરે છે કે પુરુષ ને પ્રકૃતિ અન્યોન્યાશ્રયથી છોડતી નથી. વળી જેમ પૃથ્વી અને ગંધ બન્ને એકબીજામાં ઓતપ્રોત છે, તેમની ભિન્ન સ્થિતિ નથી, તેમ બન્ને નિત્ય છે, એકબીજાથી સંકળાયેલ છે, તો તેમને છુટાં કેવી રીતે પાડવા? ભગવાન કપિલે પ્રકૃતિના બંધનમાંથી છૂટવાના દશ સાધનો માતાને બતાવ્યાં - (૧) **નિષ્કામ કર્મ**, (૨) **સ્વધર્મ એટલે વર્ણાશ્રમ ધર્મનું પાલન**, (૩) **નિર્મલ અંત:કરણ** - (નિષ્કામ કર્મ અને વર્ણાશ્રમ ધર્મના પાલનથી અંત:કરણ નિર્મલ બને છે), (૪) **સ્નેહપૂર્વક ભગવાનની સેવા** અર્થાત્ **ભક્તિ**, (૫) 'ચ' અક્ષરથી **'ગુરુભક્તિ'**નો નિર્દેશ કરેલ છે, (૬) **દીર્ઘકાલ પર્યંત ભગવદ્ ગુણ- શ્રવણ**, જેનાથી ભક્તિની વૃધ્ધિ થાય છે, (૭) 'જ્ઞાન' - અર્થાત્ સાંખ્યના અનુભવથી ઉત્પન્ન થયેલું જ્ઞાન - જે તત્ત્વોના સાક્ષાત્કારથી થાય છે, અને (૮) **વિષયોમાં દઢ વૈરાગ્ય** અર્થાત્ કોઈપણ સમયે વિષયોમાં જરાયે આસક્તિ ન થવી, (૯) **તપ:પૂર્વક અષ્ટાંગ યોગ**, (૧૦) **આત્માનો પ્રકાશ કરવાના સામર્થ્યવાળી સમાધિ** અર્થાત્ આત્માનો આવિર્ભાવ કરી શકે તેવી સમાધિ અવસ્થા.

આવા દસ સાધનો એક પછી એક ઉત્પન્ન થઈ અથવા બધા ભેગા થઈ ક્રમશ: પુરુષના સંબંધવાળી પ્રકૃતિને સમાપ્ત કરે છે. આમ તત્ત્વને જાણીને જે પોતાના મનને પ્રભુમાં જોડે છે તેને પ્રકૃતિ પીડા આપતી નથી.

અહીં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અને પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જેટલા સાધનો બતાવ્યા તે બન્ને ઘણા જન્મો સુધી વારંવાર કરવાના છે. ત્યાર પછી જ **અધ્યાત્મજ્ઞાન** ઉત્પન્ન થાય છે. જ્ઞાન તો ઘણા પ્રકારે થઈ શકે છે, પરંતુ જ્ઞાનમાં પ્રીતિ કોઈક પ્રસંગે જ ઉત્પન્ન થાય છે, જે માટે કોઈ નિયમ નથી. એવી રીતે જ્ઞાનમાં પ્રીતિ થવાની ઈચ્છાવાળો - ઘણા જન્મો થાય તેટલા સમયે આત્મજ્ઞાનમાં પ્રીતિવાળો થાય ત્યારે પદાર્થોમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અહીં **'બ્રહ્મલોક સુધીના સર્વ પદાર્થો'** શબ્દથી એમ જણાવે છે કે **'ક્રમ મુક્તિ'**માં પણ વૈરાગ્ય જરૂરી છે, જેને માટે

સતત્ **'મનન'** કરવું આવશ્યક છે, જેના સિવાય બહારના પદાર્થો દૂર થવા મુશ્કેલ છે.

શ્રી મહાપ્રભુજી ઉપસંહાર કરતાં સમજાવે છે કે આમ ઘણાં જન્મો થતાં જે ભગવાનનો ભક્ત થાય છે, ત્યારે તે પુરુષાર્થ જાણે છે. **જ્યાં સુધી ભગવાનમાં ભક્તિ થતી નથી, ત્યાં સુધી પુરુષાર્થ કયો તે જ તે જાણતો નથી.** ભક્તિ થયા પછી જ ભગવાન જ ઉત્તમ પુરુષાર્થ છે એવું જ્ઞાન થાય છે. ત્યારે જ ભગવાનની ઘણી કૃપા થાય છે, જેનાથી અંતમાં તે વૈકુંઠને પ્રાપ્ત કરે છે.

• સુબોધિની (અધ્યાય ૨૮)

આ અધ્યાયમાં અગાઉ કહેલા **ભક્તિ, સાંખ્ય** અને **જ્ઞાન**નો ઉપદેશ આપી હવે ચિત્ત શુધ્ધિના માટે **'યોગ'** સમજાવે છે. અહીં બે પ્રકારના યોગનું નિરૂપણ કરે છે, જેમાં 'ધ્યાન' અંતર નિહિત છે. (૧) **નિર્બીજ** અને (૨) **સબીજ**, જેના પણ અનેક પ્રકાર છે. ભગવાનના સ્વરૂપવાળો 'યોગ' ચિત્તને સન્માર્ગે લઈ જાય છે. ભગવાનના ધ્યાનથી મન તેની મલીનતા દૂર થતાં શુદ્ધ બને છે. દેવહૂતિને યોગ આચરવાનો હોવાથી કપિલ ભગવાને આ અધ્યાયમાં વિસ્તારપૂર્વક **'સબીજ યોગ'** સમજાવ્યો છે, જેના દ્વારા મન પ્રસન્ન થઈને સન્માર્ગે અર્થાત્ ભગવન્માર્ગે અથવા વેદોક્ત માર્ગે જાય છે. ભગવાન કૃષ્ણે ગીતાજીમાં **'નિર્બીજ યોગ'** બતાવ્યો છે જેનું આચરણ કઠીન છે. અહીં યોગનું આચરણ કરનાર 'રાજકન્યા' હોવાથી ભગવાન સરળ એવો **'સબીજયોગ'** સમજાવે છે.

સાંખ્યમાં બતાવેલ ૨૫ તત્ત્વોથી પર થવાના હેતુસર ભગવાને ૨૫ સાધનો બતાવ્યા છે-

(૧) **વર્ણાશ્રમ ધર્મનું શક્તિ પ્રમાણે પૂરેપૂરું પાલન કરવું.** (શ્રી મહાપ્રભુજી પણ સર્વનિર્ણયમાં કહે છે- 'સ્વધર્માચરણં શકત્યા'.)

(૨) **પોતાના ધર્મથી જે વિરૂધ્ધ હોય તેનો તથા જે અધર્મની શાખાઓ હોય તેનો સંપૂર્ણપણે ત્યાગ કરવો.**

(૩) **દૈવથી અર્થાત્ ભાગ્યથી જે મળે તેમાં સંતોષ રાખવો.**

(૪) **આત્મજ્ઞ મહાપુરુષોનું દાસત્વ સ્વીકારવું.**

(૫) **લૌકિક ધર્મોનો સંપૂર્ણપણે ત્યાગ કરવો.**

(૬) **મોક્ષ માર્ગમાં પ્રીતિ રાખવી, અર્થાત્ 'મુમુક્ષુ' હોવું.**

(૭) **હંમેશ થોડું અને પવિત્ર ભોજન લેવું.**

(૮) **એકાંત તેમ જ નિર્ભય હોય તેવા સ્થાનમાં જ વાસ કરવો.**

(૯) **મન, વચન અને શરીરથી કોઈનો પણ દ્રોહ ન કરવો.**

(૧૦) **હંમેશા 'સત્ય' જ બોલવું. અસત્યવાણી ન ઉચ્ચારવી.**

(૧૧) **કદી ચોરી ન કરવી.**

(૧૨) **જેટલું નિર્વાહ માટે આવશ્યક હોય તેટલું જ લેવું, અન્યાયથી કોઈનું ક્યારે પણ ન લેવું.**

(૧૩) **અષ્ટાંગ બ્રહ્મચર્યનું દૃઢતાપૂર્વક પાલન કરવું.**

(૧૪) **‘તપ:’ સંયમપૂર્વક કરવું.**

(૧૫) **આંતરીક તેમ જ બાહ્ય, બન્ને પ્રકારે પવિત્રતા જાળવવી.**

(૧૬) **નિયમિત ‘સ્વાધ્યાય’ કરવો.**

(૧૭) **પ્રભુસેવા નિયમપૂર્વક, સ્નેહપૂર્વક નિત્ય કરવી.**

(૧૮) **કોઈની પણ સાથે વ્યર્થ વાતો ન કરવી, અસદાલાપનો ત્યાગ કરવો.**

(૧૯) **ચિત્તની સ્થિરતા માટે ‘આસનજ્ય’ (એક સ્થિતિમાં સ્થિર બેસવું).**

(૨૦) **ચંચલતાનો અભાવ હોવો ઘટે, જે માટે પ્રયત્નશીલ રહેવું.**

(૨૧) **‘પ્રાણજ્ય’ - અર્થાત્ પ્રાણાયમ કરવો.**

(૨૨) **ઈન્દ્રિયોને બળપૂર્વક વિષયોમાંથી પાછી ખેંચવી, પ્રત્યાહાર - સંયમ રાખવો.**

(૨૩) **મનથી પ્રાણોને બધા સ્થાનોમાંથી ખેંચીને એક સ્થાનમાં રાખવો.**

(૨૪) **ભગવાનની લીલાઓનું ધ્યાન - અવગાહન કરવું.**

(૨૫) **સર્વ પરિસ્થિતિમાં અંત:કરણની વ્યગ્રતાનો અભાવ હોવો અર્થાત્ મન-બુધ્ધિ-ચિત્ત-અહંકારને વશમાં રાખવા.**

ભગવાન કપિલ માતાને સમજાવે છે કે આ બધા સાધનોથી મનને બુધ્ધિ વડે દોષવાળા માર્ગે જતું અટકાવીને ભગવાનના માર્ગે લઈ જવું, અને પછી ફલ પ્રાપ્ત કરાવે તેવા યોગમાં તેને જોડવું. તે માટેની પ્રક્રિયા સમજાવતા કહે છે કે સૌ પ્રથમ કોઈ પવિત્ર સ્થાનમાં સ્વસ્તિકા અને બેસવું, અને પ્રાણાયમ - **પુરક-કુંભક-રેચક** અનુક્રમે કરવા. અંદર શ્વાસ લેવાની ક્રિયા ‘**પુરક**’ કહેવાય, શ્વાસને અંદર રોકી રાખવો તે ‘**કુંભક**’ અને બીજે નાકેથી એક સરખી રીતે ધીરે ધીરે શ્વાસને બહાર કાઢવો તે ‘**રેચક**’ કહેવાય. સામાન્ય રીતે આને માટે કોઈ બીજ કે મંત્રનો (૧:૪:૨) પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે. આમ પ્રાણાયામ કરવાથી નાડીઓ અને પ્રાણનો માર્ગ શુધ્ધ થાય છે તેમ જ ચિત્તની ચંચળતા દૂર થાય છે. પ્રાણાયમથી મનની મલિનતા દૂર થાય, દોષ બળે છે અને ધારણાથી વાસના, તેમ જ પાપની નિવૃત્તિ થાય છે. પ્રત્યાહારથી સંસર્ગજન્ય દોષ દૂર થાય છે. ધ્યાન દ્વારા સંસારપ્રદ અજ્ઞાનનો નાશ થાય છે ધ્યાન માટે મન શુધ્ધિ કરી નાકના અગ્ર ભાગે દૃષ્ટિને સ્થિર રાખવી અને ભગવાનના ધામનું ધ્યાન કરવું, તેમ જ ભગવાનના રૂપની કલ્પના કરવી.

ભગવાન પુરુષોત્તમ જેઓ ‘ષડ્ગુણ’ યુક્ત છે તેનું વર્ણન કરતાં કહે છે - તેઓ (૧) **પ્રસન્ન મુખ કમલવાળા**, (૨) **કમળ જેવા લાલ નેત્રવાળા**, જે કૃપા વરસાવનાર અને દોષોનું નિવારણ કરનાર હોવાનું સૂચવે છે. (૩) **તેમનું શ્રી અંગ નીલકમળ પત્ર જેવા સ્થાન-સૌંદર્ય ધરાવતા** - જે શુધ્ધિ અને ઉગ્રતાનો અભાવ તથા શ્રુંગાર રસને સૂચવે છે. (૪) **શંખ, ચક્ર-ગદાધારી જે જલ,**

તેજ : અને વાયુની શુધ્ધિ કરનાર છે. (૫) **પીતામ્બરધારી** - પીતામ્બરના છેડે મોતી ગૂંથેલા છે, જે મુક્ત જીવરૂપ હોવાનો નિર્દેશ કરે છે, તેમજ તેની લાલ-કેસરી કિનાર દેવના નિવાસરૂપ છે. રેશ્મિ પીતામ્બર વેદમય છે. (૬) **'શ્રી વત્સ ચિન્હવાળા'** શબ્દથી તેમના હૃદયમાં બ્રહ્માનંદ પ્રકાશવાને સૂચન કરે છે. (૭) **કંઠમાં કૌસ્તુભ મણી** - ભક્તો અને મુક્ત જીવો તેમને અતિ પ્રિય હોવાથી કંઠે ધારણ કરવાનું સૂચવે છે. (૮) **ગળામાં ધારણ કરેલી વનમાળા ભ્રમરના છ પગ** - જે દર્શનશાસ્ત્રરૂપ અને તેમાં પારંગત લોકો દ્વારા ગવાતી ભગવાનની કીર્તિનું સૂચન કરે છે. (૯) **અમૂલ્ય હાર, કંકણ, મુકુટ, બાજુબંધ, નૂપુર** એ પાંચ અમૂલ્ય આભરણ ભગવાનના અમૂલ્યપણાનો નિર્દેશ કરે છે. (૧૦) **કંદોરાથી શોભતી કટિવાળા** દ્વારા કેડરૂપ પૃથ્વીમાં સ્ત્રી અને ધનથી તેમની પ્રસિધ્ધનું વર્ણન કરે છે. (૧૧) **'હૃદયકમલરૂપ આસનવાળા'**થી પ્રાણીમાત્રના હૃદયકમળમાં બિરાજવાનું સૂચન કરે છે. (૧૨) **'દર્શન કરવા યોગ્ય કહી'** - જગતના સર્વ રસને ભૂલાવી દેનાર હોવાનું બતાવે છે. (૧૩) **'શાન્ત'** શબ્દથી કામ વગેરે સર્વ દોષનાશક કહે છે. (૧૪) **મન અને આંખને આનંદ દેનાર** - યોગ અને જ્ઞાનની વૃધ્ધિ કરનાર ભાવ અને દર્શનેચ્છા વધારનાર છે, એમ કહે છે. (૧૫) **'સદા સુંદર'** શબ્દો દ્વારા સ્ત્રીઓને પણ પોતાનામાં આસક્તિ દઈ મોક્ષ દેનાર દર્શન માત્રથી પરમાનંદજનક હોવાનું સૂચવે છે. (૧૬) **સર્વલોકોથી નમસ્કૃત** અર્થાત્ સર્વપ્રમાણ સિધ્ધ અને સર્વરૂપ હોવાનું સૂચન કરે છે. (૧૭) **કિશોરાવસ્થાવાળા**, (૧૮) **દાસ પર દયા કરવા આતુર**, (૧૯) **કીર્તન કરવા યોગ્ય** અર્થાત્ તીર્થરૂપ, કીર્તિવાળા, પાપનાશક, કલ્યાણકારક, સંતાપશામક, દુ:ખહારક, સુખદાયક ગાન કરવા લાયક, યશ:વાળા, (૨૦) **'પૂણ્ય શ્લોક'** શબ્દથી ભક્તોને યશ: આપનાર અને (૨૧) **આમ સર્વ ધર્મો**વાળા **સર્વ મંગળરૂપ ભગવાન** પોતે.

આવા પ્રભુનું ધ્યાન સંપૂર્ણપણે કરવું તેવો અહીં નિર્દેશ છે. ચાર અવસ્થાવાળા - (૧) **'સ્થિત:'** એટલે ઊભેલા, (૨) **'વ્રજન્ત'** - ચાલતા, (૩) **'આસીન'** - બિરાજેલા અને (૪) **'શયાનં'** અર્થાત્ મા યશોદાના ખોળામાં પોઢેલા અથવા શેષ-શૈયા પર પોઢેલા - **'પ્રક્ષણીયેહિં'** અર્થાત્ દર્શનીય લીલાવાળા એમ અનેક લીલાયુક્ત ભગવાનનું તેમના પ્રત્યેક શ્રી અંગનું, પ્રત્યેક લીલાઓનું બાળલીલા, ગોચારણલીલા, નિકુંજલીલા તેમ જ રાસાદિ લીલાઓનું ધ્યાન કરવું. તેવો નિર્દેશ આપે છે. ભગવાનના ચરણાર્વિંદના ચિન્હોનો વિચાર કરવો તે માટે **'સંચિન્તયેત્'** કહ્યું છે. તે માટે ભગવાનના ચરણાર્વિંદમાં રહેલા ચિન્હોનું વિસ્તારથી વર્ણન કર્યું છે. ભગવાનના **'પદારવિન્દ'**ના ઉપલા ભાગમાં નળચંદ્ર, જે હૃદયમાં રહેલા અજ્ઞાનને, મોહને, અભિમાનને વગેરે બધા પ્રકારના અંધકારને સંપૂર્ણપણે દૂર કરનાર છે તેમ સમજાવે છે.

ભગવાનના ઉપરના શ્રી અંગોનું ધ્યાન ધરવા કહે છે કે પ્રભુના ચરણાર્વિંદનું ધ્યાન ધરી ક્રમશ: ઉપના અંગોનું ધ્યાન કરતાં ભગવાનના ઢીંચણ સુધીનું ધ્યાન ધરવું, અને તે પછી ઊરુ,

જેવી ગરુડની પાંખોની તુલના કરી છે, નાભિહૃદયનું - બ્રહ્મા, બુધ્ધિ અને પદ્મનું નિરૂપણ છે, વિશાળ વક્ષ :સ્થળ લક્ષ્મીજીના વાસરૂપ છે, બાહુઓ સકળ પુરુષાર્થના પ્રતીક રૂપ છે, આયુધોમાં કાળરૂપ સુદર્શન ચક્ર છે, શંખ વેદાત્મક છે, મુખ્ય પ્રાણ (આસન્ય)રૂપ કૌમોદકી ગદા છે. વનમાળા અને કૌસ્તુભના ધ્યાનથી ભગવાનની કીર્તિ અને ભક્તોનું સાહચર્ય સૂચવે છે.

તત્પશ્ચાત ભગવાનના મુખાર્વિંદનું ધ્યાન કહેતાં નવ વિશેષણથી નવધા ભક્તિ અને નવરસનું વર્ણન કરે છે. જેમાં ક્રમશ :-

(૧) **મકરાકૃતિ કુંડળ** - સાંખ્ય અને યોગમય છે. કાન શબ્દ પ્રમાણનું શ્રવણ હોઈ **શ્રવણ** ભક્તિ સૂચક છે.

(૨) **નાસિકા** - સર્વ પુરુષાર્થ પ્રદ - **કીર્તન** ભક્તિ છે.

(૩) **શ્રીનિકેતન** - શોભાના ધામ રૂપ - **સ્મરણ** ભક્તિ છે.

(૪) **ભમરાઓથી સેવાતું** - કહી **પાદસેવન** ભક્તિનું સૂચન છે.

(૫) **લક્ષ્મીજીથી સેવાતું** - **અર્ચન** ભક્તિ છે.

(૬) **કુટિલ કુંતલ** - વાંકડીયાવાળ - **વંદન** ભક્તિ સૂચવે છે.

(૭) **મીન દ્વય :** બે મત્સ્ય જેવા નેત્ર - **દાસ્યભક્તિ** સૂચક છે.

(૮) **મનોભય** - **સખ્યભક્તિ**ને સૂચવે છે અને

(૯) ઉલ્લરદ્ભ્રૂ - શબ્દથી - શોભતી ભમરવાળું કહી **આત્મનિવેદન** ભક્તિ છે.

આ પ્રકારે એકાગ્રચિત્ત થવાથી સઘળા દોષો દૂર થઈ જાય, હૃદય પીગળી જાય, સ્વરૂપ પ્રાપ્ત થાય, પ્રકૃતિથી આત્માભિન્ન દેખાય, જીવ સ્વરૂપસ્થ બને, કૃતાર્થ થાય, આમ અહીં સાંખ્યના અંગ તરીકે 'યોગ' અને ભક્તિનું વર્ણન કર્યું છે.

• સુબોધિની (અધ્યાય ૨૯)

અધ્યાય ૨૯થી ૩૩ એ પાંચ અધ્યાયમાં હવે વૈરાગ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વૈરાગ્ય દુ :ખાદિના અનુભવથી થાય છે. પરંતુ દુખાદિનો અનુભવ 'કાળ'થી થાય છે. અગાઉ જે ભક્તિ વગેરે કહ્યાં તે કાલના સંબંધ વિનાના હતાં તેથી દુ :ખ વગેરે ઉત્પન્ન કરાવનારાં ન હતાં, જેથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારાં પણ ન હતાં. આ અધ્યાયમાં કાલથી થતી ભક્તિ, સાધન સહિત કહી છે. કાળનું પણ માહાત્મ્ય કહ્યું છે. કાળ ભગવાનની **'ચેષ્ટા'** રૂપ છે. ભગવાને કાળને અધિકાર આપ્યો છે, તેથી ભગવાનની લીલા તરીકે જ કાળને વશ પદાર્થોની કથા કહેવામાં આવી છે.

આ પૂર્વે માતા દેવહૂતિએ કપિલ ભગવાન પાસેથી સાંભળ્યું કે વૈરાગ્ય વિના જ્ઞાન ન થાય, જોકે ભક્તિથી વૈરાગ્ય થાય પણ કેવી ભક્તિથી વૈરાગ્ય થાય? તે આ અધ્યાયમાં પૂછે છે, તેમ જ ભક્તિના પ્રકારો પણ પૂછે છે. તેઓ કપિલજીને **'યોગભાસ્કર'** કહે છે. 'ભાસ્કર' એટલે સૂર્ય, કપિલે લોકને મોક્ષ પ્રાપ્ત થાય તે માટે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા યોગનો પ્રકાશ કર્યો છે.

એ એવા સૂર્ય છે જે (૧) અભિમાનથી વ્યાકુળ થયેલા જીવો, જેણે સત્પુરુષોના માર્ગનું જ્ઞાન નથી, અર્થાત્ -તેવી દૃષ્ટિ રહિત છે તેને 'ચક્ષુ' આપે છે. (૨) તે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે, (૩) જેઓને ભાન નથી અર્થાત્ સૂતેલા છે, તેને જગાડે છે, (૪) જેમની બુધ્ધિ 'કર્મ'થી થાકી ગયેલી છે તેનો થાક ઉતારે છે, અને (૫) તેમની કર્મમાંથી આસક્તિ દૂર કરાવે છે, (૬) જે તેમના ખોટાં અભિમાનને દૂર કરે છે, (૭) જેઓ આધાર દેનાર અર્થાત્ રક્ષણ કરનાર છે, અને (૮) જેઓ કૃતાર્થ કરનાર છે, એ પ્રકારે, યોગના યમ, નિયમ આદિ ૮ અંગોવાળા યોગનો પ્રકાશ કરનાર, અર્થાત્ ઉધ્ધાર કરનાર છે. તેથી તેમને **'યોગ ભાસ્કર'** શબ્દથી સંબોધે છે.

દેવહૂતિ 'ભક્તિયોગ'નો માર્ગ વિસ્તારથી કહેવા વિનંતી કરે છે. તેને અનુલક્ષીને મૈત્રેય, વિદુરને ભગવાને કહેલા વચન સંભળાવે છે. કપિલ ભગવાન કહે છે કે 'ભક્તિયોગ' ઘણા પ્રકારનો છે, કારણ કે વ્યક્તિના જુદા જુદા સ્વભાવ અને ગુણોથી તેના અનેક ભેદો છે. જેમાં હિંસા, દંભ, દ્વેષ, અદેખાઈ વગેરેને મનમાં રાખીને જે ભક્તિ કરે છે તે **'તામસ ભક્ત'** છે. જે સુખ, યશ, ઐશ્વર્ય વગેરે પ્રાપ્ત કરવા માટે ભગવાનનું ભજન કરે છે તે **'રાજસ ભક્ત'** છે અને જે પોતાના કર્મોનો નાશ કરવા, કર્મ કરીને તે માત્ર પ્રભુને અર્પણ કરવું જોઈએ તેમ સમજીને ભક્તિ કરે છે તે **'સાત્વિક ભક્ત'** છે. નિર્ગુણ 'ભક્તિયોગ'નું લક્ષણ સમજાવતાં કહે છે કે જેમ ગંગાનું જળ પર્વત વગેરેને તોડીને સમુદ્ર તરફ ગતિ કરે છે તેમ ભગવાન વિશે, કોઈ પણ અટકાવ વિના જેના મનની ગતિ ભગવાન તરફ વહે છે, જેમ ગોપીજનોની કાયાની ગતિ ભગવાન પાસે કોઈ પણ વિરોધની પરવા કર્યા વગર ભગવાન પાસે જતાં થયેલી હતી તેવા પ્રકારની ભક્તિ તે **'નિર્ગુણ ભક્તિ યોગ'** કહે છે.

આવા નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ બતાવતાં કહે છે કે જે ભક્તિ પુરુષોત્તમમાં હેતુ વગરની અને અટકે નહીં તેવી હોય, જે કોઈ પણ બદલાની અર્થાત્ ફલની અપેક્ષા વિનાની હોય તેમ જ પ્રતિકુળ પરિસ્થિતિમાં પણ જે અટકે નહીં તેવી હોય, તેવી 'ભક્તિ'ને **'નિર્ગુણ ભક્તિ'** કહેવાય છે. નિર્ગુણ ભક્તિયોગમાં ભગવાનના અન્ય અવતારોનો આદર હોય, પણ તેમાં આસક્તિ ન હોય. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'અનન્યતા'**નો અર્થ બીજાનો અનાદર નથી, પરંતુ સર્વનું કલ્યાણ કરનાર કલ્પતરુ રૂપ, ભગવાન કૃષ્ણમાં જ આસક્તિ હોય, તેમના પ્રત્યે સ્નેહની સ્વાભાવિકતા હોય, તેને **'અનન્યાશ્રય'** કહે છે. આવી ભક્તિ, જેનો સામાન્ય અર્થ છે- પ્રેમપૂર્વકની સેવા, જેમાં 'કાળ' અને 'કર્મ' પણ બાધારૂપ ન બને, જેમાં નિદ્રા, ભોજન અને દેહધર્મો પણ પોષણરૂપે સેવાના અંગ બની જાય, વિઘ્નરૂપ ન રહે, જે સન્માર્ગે મેળવેલા પદાર્થોથી થતી હોય તેવી લોક-વેદમાં પ્રસિધ્ધ ભક્તિ છે તેવી ભક્તિ કરનારને 'નિર્ગુણ ભક્ત' કહે છે. આવી ભક્તિથી **'સાલોક્ય'** એટલે વૈકુંઠમાં રહેઠાણ, **'સાર્ષ્ટિ'** એટલે ભગવાનની સમાન સત્તા - ઐશ્વર્યની પ્રાપ્તિ, **'સામીપ્ય'** અર્થાત્ ભગવાનની સમીપમાં સ્થિતિ જે **'સાલોક્ય'**થી પણ અધિક

છે. **'સારુપ્ય'** એટલે ભગવાનના જેવું રૂપ અને **'સાયુજ્ય'** અર્થાત્ ભગવાન સાથે 'ઐક્ય' એકપણુ પ્રાપ્ત થવું. આવા મુખ્ય ફળ જણાવ્યા છે. પરંતુ આમાંથી કોઈ પણ પ્રકારની મુક્તિ ભગવાન સામે ચાલીને આપવા આવે છતાં તે **'નિર્ગુણ ભક્તો'** તે સ્વીકારતાં નથી. તેઓ માત્ર 'ભગવાનની સેવા' જ ઈચ્છે છે, તે સિવાય અન્ય કોઈ ફળની તેઓ ઈચ્છા રાખતા નથી.

ભગવાન હવે આવી ભક્તિના સાધનો સમજાવે છે. **નિર્ગુણ ભક્તિનું મુખ્ય સાધન અંત:કરણની શુધ્ધિ છે.** અંત:કરણને સોળ 'કલા'ઓ વાળું કહ્યું છે. તેથી તેની શુધ્ધિ માટે ૧૬ સાધન અહીં બતાવ્યા છે જે આધિભૌતિક રૂપે અંત:કરણને ધર્માનુકુળ બનાવે છે, આધ્યાત્મિક રૂપે જ્ઞાન-યોગ્ય બનાવે છે અને આધિદૈવિક રૂપે તે 'ભક્તિ'ને યોગ્ય બનાવે છે.

૧. ફલની ઈચ્છા રાખ્યા વગર **'સ્વધર્મ'** અર્થાત્ દેહના કાર્યથી પ્રાપ્ત થયેલો **'વર્ણાશ્રમધર્મ'**, જો તે સારી રીતે અર્થાત્ શાસ્ત્રોક્ત રીતે આચરેલો હોય તો તે સાધન થાય છે, પરંતુ જો પોતાના નિર્ણય પ્રમાણે તે આચરેલો હોય તો તે સાધન નથી.

૨. યજ્ઞરૂપ વૈદિક ક્રિયા યોગ, જે વિદ્વાનોએ વખાણેલો અર્થાત્ જે હિંસાપ્રચુર ન હોય તેવા યજ્ઞ ઈત્યાદિ.

૩. પાંચ રીતે કરવામાં આવેલું ભગવાનનું પૂજન, ભગવદ્ધામના દર્શન, ચરણસ્પર્શ, ભગવાનની સ્તુતિ અને વંદન.

૪. પ્રાણીમાત્રમાં ભગવદ્ ભાવના કરવી. સર્વમાં ભગવાનની ભાવના હોવી.

૫. 'સત્ત્વ ગુણ' હોવો જે સત્પુરુષોનું સ્વરૂપ પ્રાપ્ત કરાવે છે. ભગવાન આકાશરૂપ શરીરવાળા હોય છે, તેથી આ સાધનથી આકાશની શુધ્ધિ થાય છે.

૬. સર્વના સંગનો ત્યાગ. સંગરહિત રહેવાથી ઈન્દ્રિયોની શુધ્ધિ કહેલી છે, અર્થાત્ સંગની ઈચ્છાનો ત્યાગ.

૭. પોતાનાથી મોટાનું સન્માન કરવું.

૮. દુ:ખી કે જે પોતાનાથી ઉતરતા હોય તેમના પ્રત્યે દયા રાખવી.

૯. જેઓ પોતાની સમાન હોય તેમનામાં મૈત્રીભાવ રાખવો, તેમના પ્રત્યે ઈર્ષા ન કરવી, કે હરિફાઈ ન કરવી.

૧૦. 'યમ'નું પાલન એટલે અહિંસા, સત્ય, ચોરી ન કરવી, નિ:સંગ લજ્જા, અસંગ્રહ, આસ્તિકતા, બ્રહ્મચર્ય, મૌન, સ્થિરતા, ક્ષમા અને અભય.

૧૧. 'નિયમ'નું સેવન એટલે બાહ્ય અને આંતર પવિત્રતા, જપ, તપ, હોમ, શ્રધ્ધા, આતિથ્ય, પ્રભુસેવા, તીર્થાટન, પારકાના કલ્યાણ માટે પ્રયત્ન, સંતોષ અને ગુરુસેવા.

૧૨. સાંખ્ય યોગ વગેરે શાસ્ત્રોનું ગુરુના મુખથી શ્રવણ કરવું, જેનાથી કાનની શુધ્ધિ થાય છે.

૧૩. ભગવાનના નામનું નિરંતર કીર્તન કરવું, એટલે ભગવાન્નામ લેવું.

૧૪. સર્વસ્થલે સરલતા રાખવી.

૧૫. ઉત્તમ પુરુષોનો-ભક્તોનો સંગ કરવો, જે ભગવાન સિવાયના બીજા રસને અટકાવનાર છે.

૧૬. અહંકાર ન રાખવો જેનાથી મનની શુધ્ધિ થાય છે. આ નમ્રતાનો ગુણ સૂચવે છે.

ભગવાન કપિલ કહે છે કે આ બધા ગુણો ભક્તિ ઉત્પન્ન કરનારા છે જેના કારણે તેના આચરણોથી અંતઃકરણ શુદ્ધ થતાં તે ભગવાનને પ્રાપ્ત થાય છે. હવે ભગવાનને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન બતાવતાં કહે છે કે જેમ વાયુનો ઉપર ચઢવાનો સ્વભાવ છે જેની ગંધ નાક તરફ જાય છે, તેવી જ રીતે વિકાર વિનાનું, યોગમાં રમી રહેલું ચિત્ત આત્મા તરફ જાય છે. આ બધા સાધનાથી ઉત્તમ પ્રકારની ભક્તિ પ્રાપ્ત થાય છે તેમ બતાવી, ત્રણ પ્રકારની **'સગુણ ભક્તિ'**ની અયોગ્યતા સમજાવતાં કહે છે કે જેઓ, સર્વ પ્રાણીઓમાં આત્મા તરીકે ભગવાનનો સદા વાસ હોવા છતાં, તેમની અવગણના કરી જેઓ મરણશીલ એવા મનુષ્યની પ્રતિમાનું પૂજન કરે છે, એટલે કે સર્વ પ્રાણીઓમાં રહેલા આત્મા અને ઈશ્વરને ત્યજી જેઓ મુર્ખાઈથી ક્ષુદ્ર પ્રતિમાઓને ભજે છે તેઓ જાણે રાખમાં હવન કરે છે, તેઓને સાચી શાંતિ મળતી નથી કારણ કે સૌમાં ભગવાન બિરાજે છે, તેથી કોઈનો પણ દ્વેષ કરવાથી ભગવાનનો દ્વેષ કર્યો ગણાય. ભગવાન કહે છે કે પ્રાણીમાત્રમાં હું જ રહેલો છે, તેથી બીજાના દેહમાં રહેલાનો - મારો જ દ્વેષ કરનારનું મન કોઈપણ સમયે શાંતિ પ્રાપ્ત કરતું નથી, કારણ કે પોતાની અને બીજાની વચ્ચે જે જરા પણ ભેદ કરે છે તે ભેદ દૃષ્ટિવાળાને મૃત્યુરૂપ હું તીવ્ર ભય ઉત્પન્ન કરું છું. તેથી, સર્વ પ્રાણીઓમાં આત્મારૂપ રહેલા મારામાં ભેદ રહિત દૃષ્ટિથી દાન, માન અને મૈત્રીથી સત્કાર કરવો જોઈએ.

આમ અહીં સમજાવે છે કે જગતમાં સૌ ફરિયાદ કરે છે કે તેને ક્યાંય શાંતિ નથી. માનવી પાસે સામર્થ્ય છે, સગવડ, સંપત્તિ, સ્વજન અને સ્વાસ્થ્ય પણ છે. તેમ છતાં શાંતિ નથી તેનું કારણ તેની સમજનો અભાવ છે, ભગવાનની સેવાની સૂઝ નથી. ભગવદ્ ભાવના અભાવમાં તે શાંતિ ગુમાવે છે. જો પદાર્થ માત્રમાં ભગવદ્‌ભાવ થાય, કોઈની સાથે વેર-ઝેર ન રહે તો મનની શાંતિ સ્વતઃ મળી શકે છે. સૌમાં ભગવાન બિરાજે છે. તેથી કોઈનો પણ દ્વેષ ન કરવો જોઈએ કેમ કે તેનાથી ભગવાનનો દ્વેષ થાય. કોઈની સાથે વેર, કડવાશ, કપટ, કઠોરતા વગેરે કરવાથી તે ભગવાન સાથે કર્યા ગણાય. આમ કરનાર તે શાંતિ ક્યાંય-ક્યારેય મળી શકતી નથી. કોઈની સાથે કડવાશ કરીને આપણે આપણી શાંતિ આપણા હાથે જ ગુમાવીએ છીએ. અભિમાની, ભેદભાવ ભરી દૃષ્ટિવાળા અને કોઈની તરફ વેર રાખનારને શાંતિ મળી શકતી જ નથી. જો મનુષ્યને શાંતિ જોઈતી હોય તો- **'ભગવાન સર્વત્ર બિરાજે છે'** તે દૃષ્ટિ કેળવતાં શિખવું જોઈએ. કોઈનાયે પ્રત્યે કડવાશ ન રાખવી જોઈએ, કવચિત્ સ્વભાવ પરવશપણે કોઈ વખત કટૂતા થઈ જાય તો પણ તે ભૂલી જવી જોઈએ. કોઈનો પણ તિરસ્કાર કરવાથી પ્રભુ પ્રસન્ન થતાં નથી.

કેટલાંક જીવોની શ્રેષ્ઠતા, શ્રેષ્ઠતર કે શ્રેષ્ઠતમ અવસ્થા સમજાવતાં ભગવાન કહે છે કે **નિર્જીવ પથ્થર વગેરે કરતાં પ્રાણવાળા વૃક્ષ વગેરે જીવો શ્રેષ્ઠ છે. તેમનાથી પ્રાણ ધારણ કરનારા જીવો શ્રેષ્ઠ છે. તેમના કરતાં પણ જેમનામાં ક્રિયાશક્તિ મુખ્ય છે તે, તેમનાથી ચિત્તવાળા એટલે જેમનામાં જ્ઞાનશક્તિ મુખ્ય છે તે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.** વળી સ્પર્શના જ્ઞાનવાળાથી રસના જ્ઞાનવાળા ઉત્તમ છે. તેમનાથી ગંધના જ્ઞાનવાળા, તેમનાથી શબ્દના જ્ઞાનવાળા, તેમનાથી રૂપના ભેદ જાણનારાઓ ઉત્તરોત્તર ઉત્તમ છે. તેમનાથી બેવડી દંત પંક્તિઓવાળા, તેમનાથી ઘણા પગવાળા, તેમનાથી ચાર પગવાળા, તેમનાથી બે પગવાળા શ્રેષ્ઠ છે.ચાર વર્ણોમાં બ્રાહ્મણ ઉત્તમ છે, બ્રાહ્મણોમાં વેદ ભણનારા, તેમનાથી વેદનો અર્થ જાણનારા, તેનાથી પણ સંશયને દૂર કરનારા, તેનાથી પોતાનું કર્મ કરનાર શ્રેષ્ઠ છે. તેનાથી દેહાભિમાન રહિત ઉત્તમ છે. આમ ઉત્તરોત્તર ઉત્તમ અવસ્થા બતાવી છે.

ભગવાન કહે છે કે નિરર્થક ત્યાગ કરતાં તેમને સમર્પણ કરવું એ ઉત્તમ છે તેથી તેમના વિશે જેણે સર્વ કર્મના ફલ અને આત્માઅર્પણ કરેલા છે અર્થાત્ આત્મનિવેદન કરેલું છે અને ભગવાનને આત્મા તરીકે જાણે છે તે ઉત્તમ છે. વળી કહે છે કે સર્વ કરતાં ભક્તિ અને જ્ઞાન ઉત્તમ છે, અને ભક્તિમાં પણ આત્મસમર્પણ ઉત્તમ છે. જેને કર્તા હોવાનું અભિમાન નથી અને સમાન દૃષ્ટિવાળો છે તેની ઉત્તમતા બતાવી છે.

આ પ્રમાણે ભક્તિની ઉત્તમતાનું નિરૂપણ કરી, વૈરાગ્ય થાય તે માટે ‘કાલ’નું પરાક્રમ કહેતાં, તેનું સ્વરૂપ સમજાવે છે. પ્રકૃતિ અને પુરુષ, દૈવ (કાલ), કર્મ અને સ્વભાવ. એવું આ જગત ભગવાનનું જ રૂપ છે. આ સર્વ જગત ભગવાનનું જ રૂપ છે. જો તેમ ન હોય તો કાળ ભગવાન હોવાથી આ જગત કાળરૂપ હોવાનું સિધ્ધ કરી શકાય નહીં. કાળનું કાર્ય ઉત્પત્તિ અને પ્રલય છે અને તેમાં રહેલ જીવ પોતાના અધિકાર પ્રમાણે કાળનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે અને તેમાં લય પામેલો તે કાળરૂપ થાય છે. અગાઉ બતાવેલ (૩-૨૬-૧૭), કાળનું લક્ષણથી કહેલું છે કે પ્રકૃતિની ક્રિયા ઉત્પન્ન કરનારો કાળ સ્વયં ભગવાન જ છે, તેથી જ જગત ભગવદ્ રૂપ છે તેમ સિધ્ધ થાય છે. અહીં શ્લોકમાં **બ્રહ્મ**, **પરમાત્મા**, **ભગવાન** એ ત્રણ શબ્દનો પ્રયોગ કર્યો છે, જે ત્રણેયની માન્યતાઓનું ઐક્ય બતાવે છે. લોકમાં ઐશ્વર્ય વગેરે ગુણોનો આદર કરી ભગવાન હોવાનું કહે છે, જગતના ભેદનો આદર કરી ‘પરમ આત્મા’ હોવાનું અને સત્ સ્વરૂપ હોવાનું સૂચવી બ્રહ્મ હોવાનું કહે છે.

કાળનું આધિદૈવિક સ્વરૂપ સમજાવતાં કહે છે કે શ્રુતિવાક્ય **‘યજ્ઞ એ જ વિષ્ણુ છે’** પ્રમાણે યજ્ઞના અધિષ્ટતા દેવ વિષ્ણુ છે. તે જ કાળ અને વિષ્ણુ બન્ને છે. તે જે મહાભૂતો સાથે અંદર પ્રવેશ કરી, સર્વનો આધાર થઈ રહેલ છે અને બહાર પણ સર્વ સ્થળે તે વ્યાપ્ત છે, તે જ કાળ- **‘કળયતિ’** અર્થાત્ ગણે છે, જાણે છે, અને ભક્ષણ કરે છે. તે જ પ્રેરણા કરનાર બ્રહ્મા વગેરેને

પણ વશમાં રાખનાર છે. આ કાળને કોઈપણ ઉપાસના કરનારને પણ વહાલો નથી કે જે તેનો દ્વેષ કરે છે તેનો શત્રુ પણ નથી. બધા જ કાળમાં ઉત્પન્ન થયેલ હોઈ, તેનો કોઈ બાંધવ નથી, છતાં તે સર્વનું મુલકારણ હોવાથી જે તેને જુએ છે તેને ગ્રહણ કરતો નથી, પરંતુ પ્રમાદી મનુષ્યને તે વાઘની પેઠે ભક્ષણ કરવા તેમાં પ્રવેશ કરે છે. જેના ભયથી વાયુ વાય છે, સૂર્ય તપે છે, દેવ વૃષ્ટિ કરે છે, નક્ષત્રો પ્રકાશે છે, વનસ્પતિ, લતા ઈત્યાદિ સમયસર પુષ્પો અને ફૂલો ધારણ કરે છે તે આ ભગવદ્રૂપ કાળ છે. તેના ભયથી જ નદીઓ વહે છે, સમુદ્રો તોફાની હોવા છતાં મર્યાદા ત્યજતા નથી. અગ્નિ જલે છે અને પર્વતો સાથે પૃથ્વી ડુબતી નથી. બ્રહ્મા વગેરે રજોગુણ વગેરેના અભિમાની દેવો પણ સર્વના ઉત્પત્તિ-સ્થિતિ અને પ્રલય કાળને અનુસરીને દરેક યુગમાં વશમાં રહે છે, અનેક પ્રકારે અવતાર લઈને પોતાનું કાર્ય કરે છે. તે કાળ અંત કરનારો હોઈ અનંત છે, આરંભ કરનારો હોઈ આરંભ રહિત છે, અવ્યય છે. તે પુત્ર વગેરે ઉત્પન્ન કરનાર અથવા સૃષ્ટિની ઉત્પત્તિ અને સૌને હણનાર એટલે લય કરનાર છે. આ રીતે કાળના માહાત્મ્યનું વર્ણન કરેલું છે, જેના જ્ઞાનથી વૈરાગ્ય થાય છે.

• સુબોધિની (અધ્યાય ૩૦)

શ્રી મહાપ્રભુજી અહીં સમજાવે છે કે **'જે મૂઢ લોકો કાળના કાર્યોને અવગણીને ભય પામ્યા વગર જેમ નદીના પ્રવાહમાં ઘર હોય (તે દુ:ખી થાય) તેમ દુ:ખી કહેવાય છે.'** અગાઉ કહ્યું તેમ બધાં યથાર્થ રીતે પોતાનું કાર્ય કરે છે. પરંતુ જેઓ કામના ભયને ભૂલીને મોહવશ, મૂઢ બની ઘરમાં આસક્ત થઈને જીવનને વ્યર્થ વેડફી દે છે, તે અંતે દુ:ખી થાય છે. અર્થાત્ **જેની અંત:કરણની વૃત્તિ અને ઈન્દ્રિયોની પ્રવૃત્તિ મુખ્ય રીતે લૌકિકમાં જ રહેલી છે, પરંતુ ભગવાન માટે નથી, તેઓ બહિર્મુખ છે. આવા બહિર્મુખને કાળ પ્રવાહ દુ:ખ આપે છે, તેમના દેહ અને ચિત્તને ખાઈ જાય છે પરંતુ જેઓ અંતર્મુખ છે, અથવા પ્રભુની સન્મુખ છે, તેમને કાલાદિ પીડા આપતા નથી.** માયામાં મોહ પામેલો મનુષ્ય સ્ત્રી, પુત્ર, ધન આદિની પ્રાપ્તિમાં જ કૃતાર્થતા સમજે છે, અને તેને માટે સર્વ પ્રકારના અનર્થનું આચરણ કરે છે, અને તે પામવા માટે જીવનભર મથામણ કરતો રહે છે. માનવ જેવા કર્મ કરે છે તેની તેવી ગતિ થાય છે. સત્કર્મ કરનારને સદ્ગતિ મળે છે જ્યારે દુષ્કર્મ કરનારને દુર્ગતિ પ્રાપ્ત થાય છે.

મનુષ્ય આખી જીંદગી પોતાના કુટુંબનું ભરણપોષણ કરવામાં જ આસક્ત બની પોતાની આખી જીંદગી તેમાં જ વેડફી દેતો હોય છે અને તેમાં જ તે મૃત્યુ પામે છે, ત્યારે બે ભયંકર યમદૂતો તેને લેવા આવે છે અને પોતાના પાશમાં પકડી જાય છે. જેવા સ્વરૂપજી જીવ યમરાજાની સજા ભોગવવા જાય તે તેનો **'યાતનાદેહ'** કહેવાય છે. એક યમદૂત તેને સજા કરતો જાય છે જ્યારે બીજો તેને ઘસડતો જાય છે. તે બે યમદૂતોમાં એક પુણ્યનો અને બીજો પાપનો અધિષ્ટતા હોય છે. તેને બન્ને રીતે સજા કરે છે, એક તો પુણ્ય ન કર્યા હોવાથી અને બીજો તેને પાપાચાર કર્યો

હોવાથી. આમ એવા દુષ્કર્મી જીવને તે બન્ને યમદૂતો છાયા અને જળ વગરના માર્ગે ઘસડતાં બે-ત્રણ પ્રહરમાં તે જીવને ૯૯ હજાર યોજન સુધી ચલાવે છે. જો પાપ ઓછા હોય તો ત્રણ પ્રહરમાં અને પાપ વધુ હોય તો તેને બે પ્રહરમાં ઘસડી જાય છે, અને નરકમાં તેને અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે.

આ માત્ર કાલ્પનિક ભય નથી પણ અહીં તેનું પ્રમાણ દેખાય છે. **જેઓ સુખ ભોગવે છે તે તેમના પૂર્વજન્મના સત્કાર્યનું ફળ છે અને જેઓ દુ:ખ વેઠે છે તે નરકની નિશાની છે, તેમના પાપનું ફળ ભોગવે છે.** આલોકમાં પણ આવું સુખ-દુ:ખ દેખાય છે, તેવું જ પરલોકમાં પણ ભોગવવું પડે છે. નરકમાં પાપફળને ભોગવતો જીવ અંતે શુદ્ધ થઈને પુન: આ લોકમાં આવે છે.

• સુબોધિની (અધ્યાય ૩૧)

અગાઉના અધ્યાયમાં મરણથી થતાં દુ:ખના કારણે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, તે બતાવી હવે જન્મથી થતાં દુ:ખનું નિરૂપણ કરતાં કહે છે કે ભગવાનની ઈચ્છાને આધીન કર્મના કારણે દેહ પ્રાપ્તિ માટે જીવ પુરુષના વીર્ય બિંદુનો આશ્રય કરી સ્ત્રીના ગર્ભમાં પ્રવેશ કરે છે. ગર્ભદશામાં સૌને જ્ઞાન હોય છે, તેથી તે સમયના દુ:ખમાંથી મુક્ત થવા જીવ પ્રભુની સ્તુતિ કરે છે. પરંતુ જન્મ થતાં પુન: સંગ વગેરેથી તે ભાન ભૂલે છે, તેથી તેને વૈરાગ્ય થતો નથી. માતાના ગર્ભમાં જીવના ક્રમશ: વિકાસની પ્રક્રિયા અહીં બતાવવામાં આવી છે. તે વિકાસ દરમ્યાન અનેક પ્રકારની પીડાનો તે અનુભવ કરે છે. પીંજરામાં પુરાયેલા પોપટની જેમ તેની દશા થતાં તે મૂંઝાય છે. ત્યારે તેને પોતાના પૂર્વજન્મના કર્મોનું ભાન થાય છે. પ્રસૂતિ પર્યંત તેને જ્ઞાન રહે છે અને ભગવાન તેને તે પીડાથી છોડાવે તેવી અભિલાષા સેવે છે. તેથી ભગવાનના ચરણકમલનું શરણ કરી તે પ્રભુની પ્રેમપૂર્વક સ્તુતિ કરે છે. અલૌકિક જ્ઞાન અને સ્તુતિની સ્ફૂરણાને કારણે અહીં જીવને માટે **'ઋષિ'** શબ્દ વાપર્યો છે. વળી **'ભિત:'** અર્થાત્ 'ભય પામેલો' શબ્દ પ્રયોગનું કારણ બતાવતાં કહે છે હજી ન તો **'અંતર્યામી'** ભગવાન પ્રકટ થયા છે, ન તે પ્રસન્ન થયા છે, માટે તે **'ભયભીત'** છે. તે પોતાની પ્રાણ રક્ષા માટે ભગવાનને સ્તુતિ કરે છે. જેનું વર્ણન અહીં દસ શ્લોકોમાં કરવામાં આવી છે.

જીવ કહે છે કે ''જેણે મને દુ:ષ્ટને આ પ્રકારનું જ્ઞાન આપ્યું છે, જેઓએ પોતે પ્રકટ કરેલા વિશ્વની રક્ષા માટે વિવિધ અવતારો લીધા છે, અને જે ભયરહિત છે, તેવા પ્રભુને હું શરણે જાઉં છું. **'નમામિ'** શબ્દથી પોતે ભગવાનનું શરણ સ્વીકારે છે તેમ સૂચવે છે. તે ભગવાનને સંબોધીને કહે છે કે **''પંચમહાભૂતના બનેલા શરીરમાં 'ચેતનરૂપ'** જે **ઢંકાયેલો છે, તેવા મને, પ્રબળ મહિમા જેનું છે, અને જે 'પ્રકૃતિ' અને 'પુરુષ'ને વશમાં રાખનારા છે તેને હું નમન કરું છું.''** બે હાથ જોડવા સિવાય તે કહે છે હું અન્ય કશું જ કરી શકતો નથી. પ્રભુના ઉપકારને બદલે પ્રત્યુપકાર વગેરે તે કાંઈ કરી શકતો નથી. જેમની માયાથી ઘણા ગુણ અને બંધનવાળા જીવો

ભગવાનના ભક્તની કૃપા વિના મુક્ત થઈ શકતાં નથી. શ્રી મહાપ્રભુજી કહે છે કે **'જે કોઈએ જીવની સ્થિતિ પ્રાપ્ત કરેલી છે, તેઓનો ઉત્તમ ધર્મ ''દાસ્ય'' છે. દેહની સ્થિતિનો ત્યાગ કર્યા પછી જ બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત થાય ત્યાં સુધી તેની જીવની જ સ્થિતિ છે.'**

જીવ ભગવાનને વિનંતી કરતાં કહે છે કે બીજાના (માતાના) દેહના પોલાણ (ઉદર)માં જઠરાગ્નિથી ઘણો દુ:ખી થયેલ દેહવાળો અને લોહી, વિષ્ઠા અને મૂત્રના ખાડામાં પડેલો, ત્રણ પ્રકારના દુ:ખ ભોગવનારો છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુ:ખોથી દુ:ખી થયેલો જીવ, ભગવાનને વિનંતી કરે છે કે 'હે ભગવાન આપ મને બહાર ક્યારે કાઢશો ?' વધુમાં કહે છે કે આપ ઘણી દયાવાળા હોઈ દશ માસના મને આવું જ્ઞાન આપ્યું છે તેનો બદલો કોણ વાળી શકે ? માટે હું બે હાથ જોડ્યા સિવાય કાંઈ કરી શકું તેમ નથી. આવી વિનંતી જીવ કોને કરી રહ્યો છે, કારણ કે ત્યાં કોઈ દેખાતો નથી. એવી શંકાના સમાધાનમાં કહે છે કે 'જેમણે બુધ્ધિ ઉત્પન્ન કરી છે, તે બંધનોવાળો હોવા છતાં જાણે છે કે શરીરના સંબંધવાળા પોતાના દેહમાં બીજો (અંતર્યામી) રહેલ છે, તે જીવની માફક જણાતા **'પુરાણ પુરુષ'**ને હું હૃદયમાં અને બહાર જોવું છું. 'સર્વ સ્થળે ભગવાનના દર્શન થતાં, જેમને આત્માનું જ્ઞાન થયેલું છે, તેમને બ્રહ્મ સમીપ આનંદ હોય છે', તે વાક્ય પ્રમાણે કાંઈક સુખ પ્રાપ્ત કરી ગર્ભમાં જ દુ:ખ રહિત થતાં, બહાર પીડા કરનારનું સ્મરણ કરી જીવ કહે છે કે - 'હે શક્તિમાન, ઘણાં દુ:ખથી રહેવાય તેવી રીતે હું અહીં રહેતો હોવા છતાં ગર્ભમાંથી બહાર અંધારીયા કુવામાં નિકળવા ઈચ્છતો નથી કે જ્યાં ગયેલાઓની પાસે દેવની માયા આવે છે, જેના કારણે તે મિથ્યા બુધ્ધિવાળો થાય છે અને પછી તે આ સંસાર ચક્રને પ્રાપ્ત કરે છે. ત્યાં ગર્ભની બહારનો માયાથી થતાં મોહને લીધે વિષ્ણુના ચરણની પ્રાપ્તિ થશે કે નહીં એવો સંદેહ રહે છે. આ સ્તુતિ કહી, તેનું ફળ કહે છે, કે હરકોઈ સ્થળે રહી ભગવાનના ચરણની પ્રાપ્તિ, તે જ ઉદ્દેશ્ય રહેલો હોવો જોઈએ.

આવી બુધ્ધિવાળો દસ માસનો ગર્ભ સ્તુતિ કરતાં પ્રસવ કરાવતા વાયુ તે જીવને બહાર ધકેલે છે. તે વાયુથી ત્યાંથી ધકેલાયેલો જીવ, કષ્ટથી દુ:ખી થઈ, શ્વાસ કાઢી ન શકતાં સ્મરણ રહિત થઈને કષ્ટથી બહાર નિકળે છે. બહાર આવતાં તે બાળકની ઈચ્છા ન જાણનાર માણસથી પોષણ કરાતો, તે ન ઈચ્છેલું પ્રાપ્ત કરે છે. બહાર આવતાં તેના દુ:ખનું વર્ણન કરતાં કહે છે કે જેની જાતે કાંઈ પણ કરી શકવાની અશક્તિને કારણે અપવિત્ર ખાટલામાં સૂવાડેલો હોય છે, તેની કાચી ત્વચા જે મચ્છર ઈત્યાદિનો પ્રતિકાર કરવાની સ્થિતિમાં ન હોવાથી તેવા જંતુઓનો ત્રાસ ભોગવે છે.

તત્પશ્ચાત્, તેના બાળપણ (પાંચ વર્ષ સુધી) અને પછી પૌગંડ અવસ્થા (પાંચથી નવમાં વર્ષ પર્યંત)નું દુ:ખ ભોગવીને વધી ગયેલા ક્રોધવાળો થઈ શોક ભોગવે છે. (અજ્ઞાનના કારણે ક્રોધવાળો તેમ કહે છે) પંચમહાભૂતોથી બનેલા દેહમાં દેહીપણાનું અભિમાન રાખનારો તે

‘સંસાર’ પ્રાપ્ત કરે છે, જેના કારણે તેને અવિદ્યા અને કર્મને લીધે સંબંધ થાય છે. જેઓના સંગી **સત્ય**, **શૌચ**, **દયા**, **મૌન** વિહિન થઈ તે સંસારના માર્ગમાં રમણ કરતો હોય છે. પુરુષમાં બાર ગુણો મોક્ષ માટે જરૂરી છે, તેનું વર્ણન કરતાં કહે છે- (૧) **સત્ય** - કાયા, વાણી, મનથી સત્યને વળગી રહેવું, (૨) **શૌચ**- પવિત્ર-પણું, (૩) **દયા** - બીજાના દુઃખનો નાશ કરવાની ઈચ્છા, (૪) **મૌન** - નકામી વાતચિત ન કરવી, (૫) ભગવાન/ સત્પુરુષોના સંબંધોવાળી બુધ્ધિ, (૬) **શ્રી** - ધન, શોભા, (૭) **લજ્જા**, (૮) **યશઃ** એટલે કીર્તિ, (૯) **ક્ષમા** અર્થાત્ શાંતિ, (૧૦) **શમ** - મનને વશમાં રાખવું, (૧૧) **દમ**,– ઈન્દ્રિયોને વશમાં રાખવી, (૧૨) **ભગ** એટલે ભાગ્ય, ઐશ્વર્ય વગેરે ભગવાનના ગુણો. દુષ્ટોના સંગ માત્રથી આ ગુણો જતાં રહે છે. તેથી કહે છે કે શાંતિ વિનાના, મૂઢ, અંતઃકરણનો નાશ થયેલા, અનાચારી, સ્ત્રીઓના રમકડાંરૂપ અને શોક કરવા પાત્રનો કદી સંગ ન કરવો.

મોક્ષ ઈચ્છનાર પુરુષને જેવો સ્ત્રીના સંગથી મોહ ઉત્પન્ન થાય છે, તેવો અશ્વ, વસ્ત્રો વગેરેથી થતો નથી. ઉદાહરણ આપતાં કહે છે કે પ્રજાપતિ પોતાની પુત્રીને જોઈ, તેના રૂપથી વિવેકહીન થયા હતાં અને લજ્જા રહિત થઈ તેની પાછળ દોડ્યા હતાં. ભગવાન કહે છે કે ‘મારી સ્ત્રી રૂપ માયા, દસે દિશાઓમાં વિજય પ્રાપ્ત કરનારાને માત્ર ભ્રમરના વિલાસથી પગ તળે કચડી શકે છે.’ તેથી જેઓ ‘યોગ’ની છેવટની સ્થિતિ પ્રાપ્ત પામવા ઈચ્છનારે, જેણે મારી સેવાથી ભગવદ્ભાવ પ્રાપ્ત કરેલો છે, તેણે, જેમને ‘નરકનું દ્વાર’ કહે છે તેવી પ્રમદાઓ સાથે કોઈ પણ સમયે સંગ કરવો નહીં. ધીરેધીરે હૃદયમાં પ્રવેશ કરતી તે સ્ત્રી ‘માયા’ જ છે, જે મોહ ઉત્પન્ન કરવા જ દેવે રચેલી છે. તેથી તેના સંગથી સંસાર અને ઘોર નરક પ્રાપ્ત થાય છે.

દેહના દોષનું વર્ણન કરતાં કહે છે કે જીવનું સ્થાન પ્રાપ્ત કરેલા દેહથી પુરુષ એક લોકમાંથી બીજા લોકમાં જતાં કર્મોનો ભોગ કરતાં જ સદા કર્મો કર્યા કરે છે. જેમ ચક્ષુસ્થાનની જ્યારે દ્રવ્યના અવયવો જોવાની આ યોગ્યતા થાય છે, ત્યારે જ ‘ચક્ષુ’ અને ‘જોનાર’, એ બન્નેની અયોગ્યતા થાય છે. રૂપ વગેરે દ્રવ્યોના જ્ઞાનનું ઈન્દ્રિયોને રહેવાના ઠેકાણારૂપ જે સ્થાન, તે જ્યારે દ્રવ્ય જોવા માટે અયોગ્ય થાય છે (જેમ આંખમાં ઝાંખ, કમળો વગેરેને કારણે) ત્યારે જ ચક્ષુ પણ દ્રવ્ય જોવા અયોગ્ય થાય છે અને જોનાર (પુરુષ) પણ દ્રવ્ય જોવા અયોગ્ય થાય છે, એટલે કે સાધન (આંખ) અને જોનાર (દ્રષ્ટા) પણ જોવાને અયોગ્ય થાય છે. અહીં ‘મૃત્યુ’ની સ્થિતિનું વર્ણન કરે છે. દ્રવ્યનો વ્યવહાર કરાવનાર દેહ જ્યારે સર્વ દ્રવ્યનો વ્યવહાર કરવા માટે અયોગ્ય થાય છે, તે સ્થિતિને **‘મરણ’** કહે છે. જેનો જે સ્વભાવ હોય તે સંપૂર્ણરીતે જો દૂર થાય તો તેનો પોતાના ‘કારણ’માં લય થયો છે તેમ જાણવું. તે પ્રમાણે પંચ-મહાભૂતોમાંથી ઉત્પન્ન થયેલો દેહ જો પોતાનું કાર્ય ન કરે તો તે ‘કારણરૂપ’ થયેલ હોવાથી મૃત્યુ પામેલો જ છે. જીવ તો દેહના અભિમાનને લીધે મરણ પામેલો જણાય છે. દ્રવ્યોનું દેખાવું એટલે શ્વાસ લેવો વગેરે કાર્ય કરવાની શક્તિ, તે જ

દેહની ઉત્પત્તિ છે, જીવ પણ તેની અંદર પ્રવેશ કરી અભિમાન રાખતો હોય છે, તે જીવની ઉત્પત્તિ છે.

આ અધ્યાયમાં બાળપણાથી આરંભી તરુણ અવસ્થા સુધીમાં કાલથી થતાં 'કામ' અને ધર્મથી આરંભી, આધિભૌતિક ઈન્દ્રિયોની ઉત્પત્તિ બતાવી છે.

- **સુબોધિની (અધ્યાય ૩૨)**

આ અધ્યાયમાં **સાત્વિક**, **રાજસ** અને **તામસ** ગુણવાળા જીવોએ કરવાના સાધન અને ફળનો નિર્ણય સંક્ષેપમાં કપિલ ભગવાન કહે છે. જીવને મળતી ઉત્તમ ગતિનું પણ અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે. તેઓ સમજાવે છે કે ગૃહસ્થાશ્રમનું પાલન શાસ્ત્રોક્ત આજ્ઞા મુજબ યથાર્થ ધર્માનુસાર કરવું આવશ્યક છે.

તેઓનું ઘર ઋષિના આશ્રમ જેવું બને છે. જેઓ મોહમાં ફસાઈને ધર્મ અને ભગવાનથી વિમુખ થાય છે, તેમનું ઘર ગળી જનારા અજગર જેવું બને છે. તેવા લોકો બધી તરફથી શ્રમ વધારી સંસારમાં ભટકે છે. **ગૃહસ્થાશ્રમમાં રહેવાથી ભગવદ્ધર્મોનું આચરણ સરળતાથી થઈ શકે અને દોષનું નિવારણ અને ગુણોનું પોષણ થાય છે, અને પુરુષાર્થ સિદ્ધ થાય છે.** તામસ લોકો અનેક ઈચ્છાઓથી મૂઢ થઈ જાય છે, જેથી ભગવદ્ધર્મથી વિમુખ બને છે. માત્ર પોતાના લાભ માટે જ તેઓ દેવો અને પિતૃઓનું પૂજન, વ્રત અને યજ્ઞ વગેરે કરે છે. તેઓ ચન્દ્રલોક સુધી જઈને પાછા આવે છે. લોકો પોતાની લૌકિક-કામનામાં ભગવાનને પણ ભૂલે છે, જેના કારણે તેઓ ભવમાં ભટકે છે અને ભયમાં જીવે છે.

નિષ્કામ સાત્વિક લોકો, શુદ્ધ અંત:કરણથી નિષ્કામ કર્મ કરી મુક્તસંગ થઈને સૂર્યદ્વારથી પ્રભુને પ્રાપ્ત કરે છે અને બ્રહ્માજીના આયુષ્ય સુધી તે લોકો ત્યાં '**પરલોક**'માં રહે છે.

ભગવાનના ભક્તો ભગવાનને પ્રાપ્ત કરીને કૃતાર્થ થાય છે. જેઓમાં અભિમાન હોય તો તેમને જ્ઞાન, યોગ વગેરેથી પણ સફળતા મળતી નથી. તેથી સમજાવે છે કે પ્રભુનું માહાત્મ્ય સાંભળીને, ભગવન્માર્ગ પ્રમાણે, પ્રેમથી પ્રભુને શરણે જવું જોઈએ.

જેઓ રાજસ ગુણવાળા છે તેઓ શ્રદ્ધાપૂર્વક કર્મ કરીને પણ ઈન્દ્રિય-વિજયાદિ તેમનામાં ન હોવાથી તેઓ બ્રહ્મલોકનાં સુખ ભોગવીને પુન: પાછા આવે છે.

જેઓ સંસારાસક્ત લોકો હોય છે તેઓ લોકની વાત જ સાંભળે છે. તેઓને ભગવાનની કથા સાંભળવામાં રૂચી હોતી નથી. તેમને તેવા બનાવીને હણેલા હોય છે. ઉત્તરક્રિયાઓ થઈ હોય તે આવા લોકો દક્ષિણમાર્ગથી પિતૃલોકમાં જઈ પાછા જન્મે છે.

માટે શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે સર્વભાવે ભગવાનને ભજવા જોઈએ. કપિલ મુનિ પણ એ જ આજ્ઞા કરતાં કહે છે કે સેવવા યોગ્ય ચરણ કમળવાળા ભગવાનનું, તેમના ગુણોથી થતી ભક્તિથી, સર્વભાવે ભજન કરવું એ જ યોગ્ય છે.

લોકો અનેક પ્રકારના હોય છે. જેને જેમ રૂચે તેમ તેઓ કરતાં હોય છે. પરંતુ જો કૃતાર્થ થવું હોય તો તેણે સર્વભાવથી ભગવાનનું ભજન કરવું એ જ એક ઉપાય છે. જેટલાં સેવવા (ભજન કરવા) યોગ્ય સ્વરૂપો છે તે આ લોક અને પરલોકના સાધનો છે. દેહથી લઈને પ્રભુપર્યંતના સઘળા જેટલા, જે રીતે ભજન કરવા યોગ્ય છે, તે બધા જ પ્રકારના ભાવ ભગવાનમાં જ કરવા તેને **'સર્વભાવ'** કહે છે. સર્વ તરફ થતો, સર્વ પ્રકારનો (ઉત્તમ) ભાવ ભગવાનમાં કરવો - તેવો 'સ્વભાવ', સર્વમાં ભગવદ્‌ભાવ રાખવો, તે પણ 'સર્વભાવ' છે.

વાસુદેવ ભગવાનમાંનો ભક્તિયોગ ઝડપથી વૈરાગ્ય અને ભગવદદર્શન થાય તેવું જ્ઞાન ઉત્પન્ન કરે છે. એક જ ભગવાન અનેક રૂપે બિરાજતાં દેખાય છે ! જ્ઞાન મનુષ્યને સંગરહિત બનાવે છે, તેથી કૃતાર્થ થવાય છે. ભગવન્નિષ્ઠ જ્ઞાનયોગ અને નિર્ગુણ ભક્તિયોગ બંનેનું ફલ **'ભગવાન'** છે ! ભગવાન્ અનેક ધર્મયુક્ત હોવાથી શાસ્ત્રના જુદા જુદા મતથી જુદી જુદી રીતે ભાસે છે. દ્રષ્ટાના ભાવભેદોથી જુદાં સ્વરૂપ લાગે છે. જેમ એક જ વ્યક્તિ કોઈના માટે કાકા, મામા, પિતા, ભાઈ, પુત્ર તરીકે જુદા લાગે, તેમ એક જ ભગવાન ભાવાનુસાર જુદા લાગે છે !

હવે શ્રવણના અનધિકારી અને અધિકારી લોકોના લક્ષણ બતાવે છે.

નવ પ્રકારના લોકોને ઉપરોક્ત સિધ્ધાંત ન સંભળાવાય તેમને ઉપદેશનો લાભ થતો નથી - (૧) **દુર્જન**, (૨) **ઉદ્ધત**, (૩) **અશ્રદ્ધાળુ**, (૪) **બીજા મતને અનુસરનાર**, (૫) **પાખંડી**, (૬) **લોભી (વિષયી)**, (૭) **ગૃહાસક્ત**, (૮) **અભક્ત**, (૯) **ભક્તદ્વેષી**. આવા લોકોને ઉપદેશની અસર થતી નથી.

હવે અગિયાર પ્રકારના લોકો જેઓ ઉપદેશ સાંભળી લાભ મેળવી કૃતાર્થ થાય છે. તે છે - (૧) **શ્રદ્ધાળુ**, (૨) **ભક્ત**, (૩) **વિવેકી**, (૪) **ઈર્ષા-રહિત**, (૫) **પ્રાણીમાત્રનું હિત કરનાર**, (૬) **સેવારત**, (૭) **લોકમાં વૈરાગ્યવાળા**, (૮) **શાંત**, (૯) **દ્રોહ-રહિત**, (૧૦) **પવિત્ર**, (૧૧) ઉપર કહેલા નવ દોષ હોવા છતાં પણ **પ્રભુમાં અત્યંત પ્રીતિયુક્ત** દૃઢ પ્રભુપ્રીતિથી દોષ પણ ગુણરૂપ બની જાય છે.

શ્રોતા તેમના વક્તા બન્ને જો પ્રતિષ્ઠા કે પૈસાને બદલે પ્રભુપ્રીતિ માટે શ્રવણ-કીર્તન કરે તો બન્ને કૃતાર્થ થાય છે.

• સુબોધિની (અધ્યાય ૩૩)

આ અધ્યાયમાં અંતમાં ભગવાનની કૃપાથી કૃતાર્થ થયેલાં મા દેવહૂતિજીની ગુરુસ્તુતિ કરે છે. જેથી તેઓ અંતે ગુરુમાં સાયુજ્ય પામે છે.

અહીં **''સ્ત્રી-મુક્તિ''** કહી છે. મુક્તિ ભગવાનની કૃપાથી જ થાય છે. તે શાસ્ત્ર કે સાધનથી થતી નથી. આનંદરૂપ પ્રભુની કૃપા થવી દુર્લભ છે. કૃપા તો સંબંધ વગેરેથી પણ થતી નથી. કૃપા પ્રભુની પ્રસન્નતાથી જ થાય છે. અહીં **સ્તુતિ**, **કૃપા**, **મુક્તિ** એમ ત્રણ કહેલાં છે. તેઓ સમજાવે છે

શાસ્ત્ર સાચું સમજ્યા પછી, પ્રભુની કૃપા મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. **શીલ**, **સેવા**, **સત્સંગ**, **સ્વધર્મ** ને **સન્નિષ્ઠા**ની સંપત્તિથી સુયોગ્ય અને સફળ થવાય છે.

મા દેવહૂતિ પાસે એ સંપત્તિ હતી. સાંખ્યશાસ્ત્રપ્રવર્તક, જ્ઞાનકલાના અવતાર ભગવાન કપિલદેવજીની વાત સાંભળીને દેવહૂતિજીએ પ્રભુનાં પાદપદ્મમાં પ્રણામ કર્યા, તેમની સ્તુતિ કરી. જેના કારણે દેવહૂતિની દીનતા અને કપિલની કરુણા પ્રકટ થઈ. તેઓ કહે છે- ''ભગવન્ ! આપ જન્મરહિત છો ! વિશ્વના કારણ રૂપ, અનંત શક્તિવાળા છો, છતાં મારા પુત્ર રૂપે પધાર્યા ! વિશ્વ આપના ઉદરમાં છે પરંતુ આપ મારા ઉદરમાં કઈ રીતે વિરાજ્યા ? આપ પ્રલય સમયે વટપત્ર ઉપર પણ પોઢો છો. પગના અંગુષ્ઠને ચૂસતાં રસપાન દો છો !''

ભગવાનનું સ્વરૂપ આશ્ચર્યકારક છે. ભગવન્નામ અધમને પણ ઉત્તમ બનાવે છે. દોષો દૂર કરી, ગુણ પ્રકટ કરે છે. **શ્રવણ**, **કીર્તન**, **સ્મરણ**થી કૃતાર્થ કરે છે. એ વાત જાણીતી છે કે વાલ્મીકિજી નામસ્મરણથી લૂંટારામાંથી ઋષિ થયા, આદિ કવિ થયા હતા.

''વેદગર્ભ ! કપિલ મુનિ ! હું આપને વંદન કરું છું !'' માએ વંદન કર્યાં. માતાની સ્તુતિથી સરસ્વતીરૂપ કપિલ સંતુષ્ટ થયા. ભગવાન્ કપિલે કૃપા કરી કહ્યું કે મારાં કહેલાં અસંપ્રજ્ઞાત-સમાધિ અને પછી ભગવત્સાયુજ્ય મેળવશે !'' આટલું કહી તેઓ વિદાય થયા.

પ્રભુના પધારતા, જેમ વાછરડું ચાલ્યું જતાં ગાય દુ:ખી થાય તેમ, વત્સલ મા દુ:ખી થયાં ! તેમણે ભગવાન કપિલે આપેલા જ્ઞાનને યાદ કરી શોક નિવૃત્ત કર્યો અને યોગ-સાધન કર્યું. દિવ્યવિમાન અને કિશોરીઓ પાસે જ હતાં પણ હવે તેઓ તેમાં આસક્ત ન થયાં, પરંતુ એકમાત્ર પ્રભુમાં પરાયણ થયાં અને હવે ભગવદ્ગતિ પ્રાપ્ત કરવાનો સમય આવ્યો. તેમણે વિચાર કર્યો કે - ''કપિલ વાણી રૂપ છે. અગ્નિરૂપા બની સાયુજ્ય સિદ્ધ થઈ શકે, પણ તો ગુરુની કીર્તિ કોણ ગાશે ?'' તેઓ ખૂબ બુદ્ધિશાળી હતા તેથી પોતે જલ રૂપ સ્વીકાર્યું. શ્રેષ્ઠ જલ રૂપ થયાં અને સરસ્વતીજીમાં અને ગુરુનો અમર યશ : પૃથ્વીમાં પ્રકટ કરતાં વહેવા લાગ્યાં !

આ સ્થાન સિદ્ધિ દેનારું થયું. ''સિદ્ધપદ'' - સિદ્ધપુર ''માતૃગયા'' ગણાયું ! ત્યાં મહર્ષિ કર્દમજીએ ભગવાન કપિલે અને મા દેવહૂતિજીએ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. છ દર્શનશાસ્ત્રમાંથી ત્રણ દર્શનના પ્રણેતા ગુજરાતના હોવાનું કહેવાય છે ! સાંખ્યશાસ્ત્રના પ્રણેતા ભગવાન્ કપિલ સિદ્ધપુરમાં થયા, સૌરાષ્ટ્રમાં વળા નામના ગામમાં કણાદ મુનિ થયા. જેમણે વૈશેષિક-દર્શનનું નિરૂપણ કર્યું અને નવસારી આગળ પૂર્ણાનદીના કિનારા ઉપર યોગશાસ્ત્રના પ્રણેતા પતંજલિજી થયા.

ફલ શ્રુતિ કહેતાં કહે છે કે કપિલ મુનિજીનો આ સાંખ્યમત જેઓ સાંભળે, સંભળાવે - તે કાલની કનડગત વિના, પ્રભુમાં દૃઢબુદ્ધિ પ્રાપ્ત કરી, કૃતાર્થ થાય અને પ્રભુને પ્રાપ્ત કરે.

તૃતીય સ્કંધ સંપૂર્ણ

❀

ચતુર્થ સ્કંધ

• વિસર્ગ લીલા •

- **ચતુર્થ સ્કંધના અધ્યાયો (કુલ ૩૧ અધ્યાય)**

૧. સ્વાયંભુવ મનુની કન્યાઓના વંશ તથા એમાં થયેલા ભગવાનના યજ્ઞાદિ અવતારો.
૨. મહાદેવજી અને દક્ષ વચ્ચે દ્વેષનું કારણ.
૩. સદાશિવે સતીને દક્ષના યજ્ઞમાં જતાં અટકાવ્યા.
૪. દક્ષે સદાશિવનું અપમાન કરવાથી યજ્ઞમાં સતીએ કરેલો દેહત્યાગ.
૫. સદાશિવના કોપથી ઉત્પન્ન થયેલા વીરભદ્રે દક્ષના યજ્ઞનો ભંગ કર્યો.
૬. બ્રહ્માજીએ સદાશિવની પાસે જઈ દક્ષાદિને સજીવન કરવાની સ્તુતિ કરી.
૭. સજીવન થયેલા દક્ષે તથા મહાદેવે ભગવાનની સ્તુતિ કરી અને યજ્ઞ પૂરો કર્યો.
૮. સાવકી માતાના કઠોર વચનોથી ધ્રુવજીએ વનમાં જઈને તપ કરીને ભગવાનને પ્રસન્ન કર્યા.
૯. ધ્રુવજીએ ભગવાનની સ્તુતિ કરી; વરદાન પ્રાપ્ત કરી પાછા આવી રાજ્ય કર્યું.
૧૦. પોતાના ભાઈને મારનાર યક્ષોનો ધ્રુવજીએ નાશ કર્યો.
૧૧. યક્ષનો નાશ કરનાર ધ્રુવજીને સ્વાયંભુવ મનુએ કહેલો તત્ત્વોપદેશ.
૧૨. યજ્ઞોથી ભગવાનનું પૂજન કરી ધ્રુવજી વિષ્ણુપદ પામ્યા.
૧૩. ધ્રુવજીના વંશના વેન રાજાની દુષ્ટતાથી એના પિતા સંગ વનમાં જતા રહ્યા.
૧૪. બ્રાહ્મણોએ વેનને રાજ્ય આપ્યું અને પછીથી દોષથી એને મારી નાંખ્યો.
૧૫. બ્રાહ્મણોએ વેનના હાથનું મથન કરીને પૃથૂ રાજાને ઉત્પન્ન કર્યા અને એનો રાજ્યાભિષેક કર્યો.
૧૬. સૂત, માગધ તથા બંદીજનોએ પૃથૂ રાજાની કરેલી સ્તુતિ.
૧૭. લોકોનું દુ :ખ મટાડવાને પૃથ્વીને મારવા માંડતાં એણે પૃથુની કરેલી સ્તુતિ.
૧૮. પૃથુરાજાએ પૃથ્વીનું દોહન કર્યું.
૧૯. યજ્ઞનો ઘોડો હરી જનાર ઈન્દ્રનો વધ કરતા પૃથૂરાજાને બ્રહ્માજીએ વાર્યા.
૨૦. યજ્ઞમાં ભગવાને પૃથુને કરેલો ઉપદેશ તથા એમની પરસ્પરની પ્રીતિ.
૨૧. યજ્ઞમાં દેવો વગેરેની સભામાં પૃથુરાજાએ પ્રજાને કરેલો ઉપદેશ.
૨૨. સનત્કુમારોએ પૃથુને બ્રહ્મજ્ઞાન આપ્યું.
૨૩. પૃથુરાજાનું વૈકુંઠગમન.
૨૪. પ્રચેતાઓની ઉત્પત્તિ અને એઓને ભગવાન શંકરે કરેલો રુદ્રગીતાનો ઉપદેશ.

૨૫. પુરંજનનું આખ્યાયન.
૨૬. પુરંજનની સાંસારિક સ્થિતિનું ચિત્ર.
૨૭. પુરંજનનું પોતાના સ્વરૂપનું વીસરી જવું.
૨૮. સ્ત્રીની ચિંતાથી પુરંજનનો થયેલો સ્ત્રીનો અવતાર તથા મોક્ષ.
૨૯. સ્ત્રીસંગથી જન્મમરણ અને પ્રભુના સંગથી મોક્ષની પ્રાપ્તિ - પુરંજન ઉપાખ્યાનનું તાત્પર્ય.
૩૦. પ્રચેતાઓનાં વૃક્ષની કન્યા સાથે લગ્ન અને રાજકાર્ય
૩૧. નારદજીના ઉપદેશથી પ્રચેતાઓનો મોક્ષ અને દક્ષને રાજ્ય પ્રાપ્તિ.

• કથા સાર •

સ્વાયંભુવ મનુની ત્રણ પુત્રીઓમાંથી આકૂતિ રુચિ નામના ઋષિને આપી હતી. બ્રહ્મતેજવાળા પ્રજાપતિ ઋષિએ આકૂતિથી સ્ત્રીપુરુષનું યુગલ ઉત્પન્ન કર્યું એમાંનો જે પુરુષ તે **યજ્ઞસ્વરૂપે પ્રકટેલા ભગવાન વિષ્ણુ** હતા અને જે સ્ત્રી હતી તે **લક્ષ્મીના અંશરૂપ દક્ષિણા** હતી. તેજસ્વી પુત્રને સ્વાયંભુવ મનુ હર્ષપૂર્વક પોતાને ઘેર લાવ્યા અને યથા સમયે તેને લક્ષ્મીરૂપા દક્ષિણા સાથે પરણાવ્યો. દક્ષિણા વિશે યજ્ઞસ્વરૂપ ભગવાને બાર પુત્રો ઉત્પન્ન કર્યા. આ બારે પુત્રો તે સમયમાં **'તુષિત'** નામના દેવ થયા. મરીચિ વગેરે પ્રજાપતિઓ સપ્તર્ષિ થયા હતા, યજ્ઞ ઈંદ્ર થયા હતા. સ્વાયંભુવ મનુના બે પુત્રો **પ્રિયવ્રત** અને **ઉત્તાનપાદ** પૃથ્વીનું પાલન કરતા હતા. સ્વાયંભુવ મનુની બીજી પુત્રી **દેવહૂતિ** કર્દમ મુનિને પરણાવી હતી. હવે મનુની પુત્રી જે **પ્રસૂતિ** તેને ભગવાન મનુએ **દક્ષ પ્રજાપતિ** સાથે પરણાવી હતી. કર્દમની પુત્રી કલા મરીચિની પત્ની થઈ, **કશ્યપ** અને **પૂર્ણિમા** નામનાં બે સંતાનોને જન્મ આપ્યો હતો. અત્રિની પુત્રી **અનસૂયા**એ ઉત્તમ યશવાળા **દત્તાત્રેય**, **દુર્વાસા** અને **ચંદ્ર ઋષિ**ને જન્મ આપ્યો હતો, જે **વિષ્ણુ**, **શિવ** અને **બ્રહ્માના અંશથી** ઉત્પન્ન થયા હતા.

મૈત્રેય બોલ્યા : વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ એવા અત્રિને બ્રહ્માએ સૃષ્ટિ રચવાની આજ્ઞા કરી હતી. અત્રિ મુનિ તે પછી ભગવત્કૃપાને પાત્ર બની રહેવા ઋક્ષ પર્વત પર ગયા અને ત્યાં તપ કરવા લાગ્યા. તેમના અતિ ઉગ્ર તપથી પ્રસન્ન બની રહી **બ્રહ્મા વિષ્ણુ** અને **મહેશ** ત્રણ ભગવાનો તેમના આશ્રમમાં ગયા. ઋષિએ એમનાં દર્શનથી પ્રસન્ન બની પૂછ્યું- મને પુત્રોત્પત્તિની આજ્ઞા થઈ હોવાથી સુયોગ્ય પ્રજાની પ્રાપ્તિ અર્થે મેં તપ આદર્યું હતું. માત્ર એક જ પરમાત્મ-તત્ત્વના દર્શનની મારી મહેચ્છા હતી, પણ આપ ત્રણ પધાર્યા છો.

દેવો બોલ્યા : તમે જેનું જે રીતે ધ્યાન ધરો છો તે જ અમે ત્રણ છીએ. અમે ત્રણે તમારે ત્યાં અંશરૂપે અવતાર લઈશું. સતી અનસૂયાના પેટે બ્રહ્માના અંશથી ચંદ્ર ઋષિ, વિષ્ણુના અંશથી દત્તાત્રેય અને મહાદેવના અંશથી દુર્વાસા અવતર્યા. કર્દમની **શ્રદ્ધા** નામક પુત્રી **અંગિરા** ઋષિ

સાથે પરણી હતી એમનાથી તેને **સિનીવાલી**, **કુહૂ**, **રાકા** અને **અનુમતિ** એમ ચાર કન્યાઓ તથા **સ્વારોશિષ** નામના બીજા મનુના સમયમાં **ભગવાન ઉતથ્ય** અને **બ્રહ્મનિષ્ઠ બૃહસ્પતિ** નામે પ્રખ્યાત થયેલા બે પુત્રો પણ જન્મ્યા હતા. **હવિર્ભૂ** નામની પુત્રી પુલસ્ત્ય મુનિને પરણી હતી અને તેમણે ઋષિ **અગત્સ્ય** તથા તપસ્વી **વિશ્રવા**ને જન્મ આપ્યો હતો. **ઈડવિડા** નામની પુત્રી **વિશ્રવા**ને આપી હતી અને તેને યક્ષોના પતિ **કુબેર** પુત્રરૂપે પ્રાપ્ત થયા હતા. એ વિશ્રવાને બીજી **કેશિની** નામની સ્ત્રીમાં **રાવણ**, **કુંભકર્ણ** અને **વિભીષણ** નામના ત્રણ પુત્ર થયા હતા. **પુલહ**ની સતી સ્ત્રી **ગતિ**એ **કર્મશ્રેષ્ઠ**, **વરીયાન** અને **સહિષ્ણુ** નામના ત્રણ પુત્રોને જન્મ આપ્યો હતો. **ક્રતુ**ની પત્ની **ક્રિયા**એ સાઠ હજાર **વાલખિલ્ય** ઋષિઓને જન્મ આપ્યો હતો. **વસિષ્ઠ**ની પત્ની **ઊર્જા**એ સાત પુત્રોને જન્મ આપ્યો હતો. **ભૃગુ** ઋષિએ **ખ્યાતિ** નામની પત્ની વિશે **ધાતા** અને **વિધાતા** નામના પુત્રો અને લક્ષ્મીના અંશરૂપ **શ્રી** નામની પુત્રીને ઉત્પન્ન કર્યાં હતાં. **ભૃગુ**ને **કવિ** નામે એક પુત્ર પણ હતો તે જ ભગવાન **શુક્રાચાર્ય**. બ્રહ્માના પુત્ર **દક્ષ પ્રજાપતિ** મનુની **પ્રસૂતિ** નામની પુત્રીને પરણ્યા હતા. એનાથી સોળ પુત્રીઓ જન્મી હતી તેમાંની તેર **ધર્મ**ને, એક **અગ્નિ**ને, એક **પિતૃઓ**ને અને એક **મહાદેવ**ને આપી હતી. ગુણસંપન્ન મૂર્તિએ નર-નારાયણને જન્મ આપ્યો હતો. જે જન્મીને તરત ગંધમાદન પર્વત તરફ ગમન કર્યું હતું. એ જ નરનારાયણ ભગવાન હમણાં શ્રીકૃષ્ણરૂપે તેમ અર્જુનરૂપે પૃથ્વી પર અવતર્યા હતા.

પૂર્વે પ્રજાપતિઓના યજ્ઞમાં દેવો ઋષિઓ તથા અગ્નિઓ પોતપોતાના પરિવાર સાથે ભેગા થયા હતા. દક્ષપ્રજાપતિને આવતા જોઈને એમના સંમાનાર્થે બ્રહ્મા અને મહાદેવ સિવાય સર્વ ઊભા થયા. પોતે આવ્યા છતાં ઊભા ન થયેલા અને આસન પર બેસી રહેલા મહાદેવ સામે વક્ર દૃષ્ટિથી જોઈ કહેવા લાગ્યા : સત્પુરુષોના આચારનું ઉલ્લંઘન કરનાર આ મહાદેવ નિર્લજ્જ છે. તે મારો જમાઈ છે એટલે મારા પુત્રસમાન છે. વડીલ એવા મને એણે વાણીથી પણ સત્કાર્યો નથી.

એના જેવા અપવિત્ર, અભિમાની અને મર્યાદાનું ભાન ન રાખનાર એવાને મારા પિતા બ્રહ્માના કહેવાથી મેં મારી પુત્રી આપી છે. તે તામસી સ્વભાવનો છે, એનું નામ શિવ છે, પણ વાસ્તવમાં તો તે અશિવ છે. મહાદેવ તો શત્રુભાવથી રહિત હોવાથી હસતા મુખે સસરાને આવું બોલતા સાંભળી રહ્યા. દક્ષે આજ્ઞા ફરમાવી કે આ મહાદેવ દેવગણોમાં અધમ છે, એને આજથી દેવોના યજ્ઞમાં યજ્ઞભાગ આપવાનું બંધ કરવામાં આવે છે. મહાદેવના અનુચરોમાં મુખ્ય એવા નંદીશ્વરથી આ બધું સહન ન થતાં તેણે દક્ષને સત્ય વસ્તુથી ભ્રષ્ટ બની રહેવાનો શાપ અને બોકડાના મુખવાળો થવાનો પણ શાપ આપ્યો. ભૃગુ ઋષિએ પણ સામેથી શંકરને અનુસરનાર પાખંડી અને સત્શાસ્ત્રથી વિરુદ્ધ બની રહો એવો શાપ ઉચ્ચાર્યો. આ રીતે પરસ્પર અપાતા શાપોથી મહાદેવજીને ખૂબ જ ખેદ થયો એટલે તેઓ પણ પરિવાર સાથે લઈને ત્યાંથી નીકળી ગયા.

ત્યાર પછી ઘણા કાળે બ્રહ્મા દ્વારા પ્રજાપતિ તરીકે દક્ષની નિમણૂંક થતાં તેણે બૃહસ્પતિસત્ર

નામનો મહાયજ્ઞ આરંભ્યો. આ યજ્ઞમાં બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, પિતૃઓ, દેવતાઓ અને તેમની પત્નીઓ પણ આવ્યાં હતાં. સર્વની સ્ત્રીઓ પિતાના યજ્ઞમહોત્સવમાં જતી હતી, દક્ષપુત્રી સતીને પણ ત્યાં જવાનું મન થાં પોતાના પતિની પાસે જઈ પિતાના યજ્ઞમાં જવાની ઈચ્છા પ્રકટ કરી.

મહાદેવજીએ તને સમજાવ્યાં છતાં, સતી જવા માટે ખૂબ જ તત્પર હતાં. એમને સારાસારનું ભાન રહ્યું નહીં અને મૂઢ જેવાં બની પિતાને ઘેર જવા માટે નીકળી પડ્યાં. શિવજીના સૂચનથી હજારો સેવકો નંદિકેશ્વરની આગેવાની હેઠળ એમની પાછળ ગયા. યજ્ઞમંડપની નિકટ આવી તેમણે પિતાની સામે પણ જોયું, પણ સર્વ કોઈએ નજર ફેરવી લીધી. સતીએ જોયું તો પોતાના સ્વામીનો અનાદર કરવાના એક માત્ર ઉદ્દેશથી જ પિતાએ એ મહોત્સવનું આયોજન કર્યું હતું. યજ્ઞનો કોઈ ભાગ મહાદેવને મળવાનો ન હતો. પતિએ ના કહ્યા છતાં આ રીતે આવવા બદલ સતી ખૂબ જ પસ્તાઈ રહ્યાં. પોતાનું અને પતિનું આ રીતે દક્ષે જે અપમાન કર્યું તેથી તેઓ કોપાયમાન બની રહ્યાં. પિતાને ઉદ્દેશી તેઓ બોલવા લાગ્યાં : આ બ્રહ્માંડમાં ભગવાન શંકરથી ઉચ્ચ કોઈ જ નથી. તે નિર્વૈર પ્રાણિમાત્રના આત્મા છે. મારા એવા પવિત્ર શુભ, શુદ્ધ અને દરેકનું શિવ યા કલ્યાણ કરનારા પતિનું અપમાન કરનારાનું અપમાન હું સહન નહીં જ કરું. તમારા જેવા પિતાની હું પુત્રી છું એથી હું મારી જાતને ધિક્કારું છું. હવે દાક્ષાયણી તરીકે ઓળખાવા ઈચ્છતી નથી. હું તમારાથી અસ્તિત્વમાં આવેલા મારા આ શરીરનો ત્યાગ કરીશ.

આંખો બંધ કરી એમણે અગ્નિ દેવનું આવાહન કર્યું. અગ્નિદેવ પ્રકટ થયા અને સર્વના દેખતાં સતીનો દેહ બળીને ભસ્મરૂપ બની રહ્યો. પ્રજામાં સર્વત્ર હાહાકાર થઈ રહ્યો. શંકરના ગણો સતીના બલિદાનનો બદલો લેવા દક્ષને મારવા ધસ્યા, પણ ભૃગુ ઋષિએ શંકરના ગણોને હરાવી ત્યાંથી ભગાડી મૂક્યા.

નારદ દ્વારા શ્રી શંકરે સતીએ આપેલા બલિદાન તથા પોતાના ગણોને ભૃગુએ નસાડી મૂક્યાનો વૃતાન્ત જાણી અપાર ક્રોધ ધારણ કર્યો. અગ્નિની જ્વાળાઓની જેમ ચમકતી પોતાની જટા તેમણે પૃથ્વી પર પછાડી. એમાંથી ભયંકર દેખાતો હજારો બાહુઓવાળો અને ઘણો જ વિશાળ વીરભદ્ર જન્મ્યો. શ્રી શંકરે એને દક્ષ અને તેના યજ્ઞનો નાશ કરવાની આજ્ઞા કરી. મહાદેવના અગણિત ગણો સાથે વીરભદ્ર દક્ષ તરફ ધસી ગયો. દક્ષની યજ્ઞશાળામાં સ્થિત ઋત્વિજો, યજમાનો, બ્રાહ્મણો, સભાજનો, દક્ષ તથા સ્ત્રીવર્ગ આ શું બની રહ્યું છે તે ન સમજી શકતાં પરસ્પર પૂછી રહ્યાં કે રાત્રિને તો હજુ બહુ વાર છે તો આ અંધકાર શાથી છવાયો ? દક્ષની પત્ની પ્રસૂતિ વિવેકબુદ્ધિવાળી હતી. તે સમજી ગઈ કે દક્ષના પાપનું જ આ પરિણામ છે. મહાભયંકર એવા વીરભદ્ર અને શંકરના ગણોથી યજ્ઞશાળા ચારે બાજુથી ઘેરાઈ ગઈ. તેમણે આવાસો, સભામંડપને નષ્ટ કર્યો, આગ્નીધ્રશાળા તોડી નાખી, અગ્નિઓ બુઝાવી નાખ્યા, યજ્ઞકુંડો નષ્ટ કર્યા, સર્વત્ર નાશભાગ મચી ગઈ. વીરભદ્રે દક્ષને પકડ્યો-ભૃગુનાં દાઢીમૂછ ઉખાડી

નાખ્યાં. દક્ષને ગળું દબાવી મારી નાખ્યો અને તેનું મસ્તક કાપી દક્ષિણાગ્નિમાં હોમી દીધું.

આ પ્રમાણે શંકરના ગણોએ દક્ષ અને દેવોનો પરાજય કર્યો. ઋત્વિજો દેવો વગેરે ભયગ્રસ્ત બની રહી બ્રહ્મા પાસે ગયા અને તેમને પ્રણામ કરી સઘળી વાત જણાવી. દેવોનું કથન સાંભળી બ્રહ્મા બોલ્યા : કોઈ શક્તિશાળી વ્યક્તિ કંઈક ખોટું કરે ત્યારે તેનો પક્ષ લેવો કોઈ રીતે યોગ્ય નથી. યજ્ઞના ભોક્તા એવા તે ભગવાનને યજ્ઞમાં ભાગ ન આપી એમની ઉપેક્ષા કરી છે એટલે હવે તેમની ક્ષમા માગવાનો જ માર્ગ તમારે માટે રહ્યો છે. માટે તમે તત્કાલ તેમની પાસે જાઓ અને તેમની ક્ષમા માગો. એ ભગવાન દયાળુ છે તે જરૂર તમને ક્ષમા આપશે.

પછી દેવો વગેરે બ્રહ્માને વિનંતીપૂર્વક સાથે લઈને મહાદેવના નિવાસસ્થાન કૈલાસ તરફ ગયા. ભગવાન શંકર પદ્માસન વાળીને દર્ભના આસન ઉપર બેઠા બેઠા પ્રશ્ન કરતા નારદને સનાતન બ્રહ્માનો ઉપદેશ કરતા હતા. બ્રહ્માની સાથે દેવો ઋત્વિજો વગેરે તેમની પાસે ગયા અને હાથ જોડી ઊભા રહ્યા. બ્રહ્માને પધારેલા જોઈ શંકર ઊભા થયા અને પ્રણામપૂર્વક તેમને આવકાર્યા. બ્રહ્મા બોલ્યા : તમે તો જગતના સ્વામી છો, કેવલ કર્મો જ કરે છે એવા જીવાત્માઓએ અપરાધ કર્યો હોય તેમની ઉપર કૃપા કરવા આપ જ યોગ્ય છો. એમના અપરાધની શિક્ષા એમણે ભોગવી છે, હવે આપ એમને ક્ષમા આપો, આપની કૃપાથી યજમાન દક્ષ સજીવન થાઓ.

બ્રહ્માનાં વચનોથી પ્રસન્ન થયેલા મહાદેવ બોલ્યા : અજ્ઞાનીઓના અપરાધને હું ધ્યાનમાં લેતો નથી. ધર્મમર્યાદાના રક્ષણ માટે જ મેં એમને શિક્ષા કરી છે. આપ કહો છો એમ હવે બધું નિર્વિઘ્ને પાર પડો. દક્ષ બકરાના માથા સાથે જીવતો થાઓ.

બ્રહ્માના કહેવાથી શંકર પણ બધાની સાથે યજ્ઞમાં પધાર્યા. પ્રજાપતિ દક્ષ નિદ્રામાંથી ઊઠ્યો હોય એમ આળસ મરડી બેઠો થયો. દેવો બ્રહ્મા અને મહાદેવને જોઈ ચકિત બની રહ્યો. મહાદેવની મહત્તા અંગે ખૂબ જ આભારવશ બની રહી, તેણે તેમની વિવિધ રીતે સ્તુતિ કરી, તેમની ક્ષમા માગી યજ્ઞ ફરીથી શરૂ કર્યો. ભગવાનના નારાયણ ત્યાં પ્રકટ થયા. બ્રહ્મા, શંકર, ઈંદ્ર આદિ દેવોએ એકદમ ઊભા થઈ તેમને પ્રણામ કર્યા. દક્ષ પ્રજાપતિએ તેમની ઉત્તમ સાહિત્ય વડે પૂજા કરી, પછી સ્તુતિ કરી.

વીરભદ્રે નષ્ટ કરેલો એ યજ્ઞ પુન : ચાલો થયો. પૂર્ણાહુતિને અંતે સર્વ દેવો પોતપોતાના સ્થાને પધારી ગયા. દક્ષપુત્રી સતી પુનર્જન્મમાં હિમાલયની પત્ની મેના વિશે ઉત્પન્ન થયાં હતાં પાર્વતીદેવીરૂપે ફરી તે જ પતિ શંકરને તપને અંતે પ્રાપ્ત થયાં હતાં.

બ્રહ્માએ સૃષ્ટિ રચવાની ઈચ્છાથી સનકાદિ કુમારો, નારદ, ઋભુ, હંસ, અરુણિ અને યતિ નામના માનસ પુત્રોનું સર્જન કર્યું, પણ તેમણે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો નહીં. એ પછી બ્રહ્મા દ્વારા સ્વાયંભુવ મનુનું પ્રાકટ્ય થયું. એમનાં પત્ની શતરૂપા હતાં. તેમના મિથુનધર્મથી પ્રજાઓની શરૂઆત થઈ. સ્વાયંભુવ મનુને **પ્રિયવ્રત** અને **ઉત્તાનપાદ** નામે બે પુત્રો હતા. તેમાં ઉત્તાનપાદને બે

પત્નીઓ હતી : **સુરુચિ** અને **સુનીતિ**. તેમાં સુરુચિ રાજાની માનીતી પત્ની હતી અને સુનીતિ અણમાનીતી હતી. સુરુચિના પુત્રનું નામ હતું **ઉત્તમ** અને સુનીતિના પુત્રનું નામ હતું **ધ્રુવ**. એક દિવસ રાજા ઉત્તાનપાદ ઉદ્યાનમાં બેસી, સુરુચિના પુત્ર ઉત્તમને ખોળામાં બેસાડી તેને રમાડતા હતા ત્યાં ધ્રુવ અચાનક જઈ ચડતાં તેને પણ પિતાના ખોળામાં બેસવાની ઈચ્છા થઈ. તે તેમ કરવા જતો હતો, પણ સુરુચિએ તેને તેમ કરતાં અટકાવ્યો અને કહ્યું કે હે પુત્ર! તું તારા પિતાના ખોળામાં બેસવા યોગ્ય નથી. તું રાજપુત્ર તો છે, પણ મારી કૂખે તું જન્મ્યો નથી. તુ સદ્ભાગી નથી, કેમકે તું અણમાનીતિનો પુત્ર છે. ઉત્તમની જેમ તારે તારા પિતાના ખોળામાં બેસવું હોય તો તું તપશ્ચર્યા કર. આવતા જન્મે તું સુરુચિનો પુત્ર બન એવી ભગવાનને પ્રાર્થના કરજે.

કશું જ બોલ્યા વગર પાંચ વર્ષનો એ બાળ રાજકુમાર માતા પાસે ગયો અને રડી પડ્યો. સુનીતિએ રડતા પુત્રને ખોળામાં બેસાડી તેને આશ્વાસન આપ્યું. એ બોલી : જો બેટા ! એટલું નક્કી સમજજે કે જે બીજાનું અનિષ્ટ ઈચ્છે છે તે ઈચ્છનારનું જ અનિષ્ટ થાય છે. તારી સાવકી માતાએ સાચું જ કહ્યું છે. તું ભગવાન નારાયણને પ્રાર્થના કર. કર્તા એ ભગવાન વાસુદેવ જ છે, એ સૌ સારાંવાનાં કરશે.

માતાનું વચન સાંભળી ધ્રુવ મક્કમ મનથી પિતાના નગરમાંથી બહાર નીકળી ગયો. નારદ મુનિ તેને સામે મળ્યા, તેમણે એક વખત તો તેના ઘેર પાછો જવા સમજાવ્યો.

ધ્રુવ બોલ્યા : હે બ્રહ્મન્ ! મારા વડીલોએ ત્રણે જગતમાં ઉત્કૃષ્ટ એવું જે સ્થાન પ્રાપ્ત કર્યું એવું સ્થાન મારે મેળવવું છે તો મને યોગ્ય માર્ગદર્શન આપો.

આ સાંભળી નારદજી પ્રસન્ન બની બોલ્યા : તારું કલ્યાણ થાઓ. યમુના નદીના તટ પર પવિત્ર મધુવન છે ત્યાં તુ જા. પ્રાણાયમ કરી ભગવાનમાં તારું મન એકાગ્ર કરી દે. હું તને એક મંત્ર આપું છું એનું પઠન કરવાથી તું ભગવાનને તારી સમક્ષ પ્રકટ થવા સમર્થ બની રહીશ. મંત્ર છે : ૐ **નમો ભગવતે વાસુદેવાય**. પરમાત્મા તારી બધી વાંછનાઓ પૂર્ણ કરશે.

ધ્રુવે નારદની પ્રદક્ષિણા કરી તેમના ચરણોમાં પ્રણામ કર્યા અને એમની વિદાય લઈ યમુનાતટ થઈ મધુવન તરફ એ રવાના થયો.

ધ્રુવે પછી નારદના કહ્યા પ્રમાણે તપ આદર્યું. ધ્રુવનું એવું તપ ખૂબ જ ઉગ્ર બની રહ્યું. દેવો નારાયણના શરણે ગયા અને કહ્યું : હે પ્રભુ ! ધ્રુવ એની તપશ્ચર્યામાં એટલો બધો તલ્લીન થઈ ગયો છે કે એથી પ્રાણી માત્રને શ્વાસ લેવામાં પણ ત્રાસ ઊભો થાય છે. કૃપા કરી એના એવા તપને અટકાવો.

નારાયણ વાસુદેવ યમુનાતટે ગયા. ધ્રુવે ધ્યાનમાંથી જાગ્રત બની જોયું તો ભગવાન સંમુખ ઊભા હતા. તે કશું બોલી શક્યો નહીં, પણ હર્ષાશ્રુઓથી તેની આંખો છવાઈ ગઈ. બે હાથ જોડી તે ઊભો રહ્યો. અપૂર્વ ભક્તિભાવપૂર્વક તે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.

ભક્તવત્સલ ભગવાન બોલ્યા : તારું કલ્યાણ થાઓ. જે સ્થાન હજી સુધી કોઈએ પ્રાપ્ત કર્યું નથી એવું પ્રકાશમાન અવિચલ એવું સ્થાન હું તને આપું છું. તારા પિતા તને પૃથ્વી આપી વનમાં જશે એટલે છત્રીસ હજાર વર્ષ સુધી તું ધર્મનો આશ્રય કરી પૃથ્વીનું રક્ષણ કરીશ.

ધ્રુવની સાથે વાતચીત કરીને નારદજી ઉત્તાનપાદની પાસે ગયા. તેમનું મુખ ગ્લાનિયુક્ત પ્રતીત થતું હતું. રાજાએ કહ્યું કે સ્ત્રીને વશ થતાં નિર્દોષ પુત્રને મારે લીધે વનમાં જવું પડ્યું છે એથી મને ખૂબ દુ :ખ થઈ રહ્યું છે.

નારદ બોલ્યા : હે રાજા! તું ચિંતા છોડી દે. ભગવાન તેની રક્ષા કરે છે. તારો પુત્ર તો સર્વશ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરીને તારો યશ ફેલાવશે. થોડા સમયમાં જ એ અહીં પાછો આવશે.

રાજા ઉત્તાનપાદને સમાચાર મળ્યા કે ધ્રુવકુમાર વનમાંથી પાછો આવી રહ્યો છે. રાજાના આનંદનો પાર ન રહ્યો. ધ્રુવ પિતાના ચરણમાં નમ્યો. બન્ને માતાઓને પણ પ્રણામ કર્યા. અપર માતા સુરુચિએ બાળપુત્રને ગદ્‌ગદ કંઠે આશીર્વાદ આપ્યા : હે પુત્ર? તું ઘણું જીવ. સમસ્ત પ્રજા તેમના ભાગ્યને વખાણવા લાગી.

ધ્રુવકુમાર યુવાવસ્થાને પ્રાપ્ત થયો ત્યારે મંત્રીઓ અને પ્રજાજનોની સંમતિથી રાજા ઉત્તાનપાદે તેનો રાજ્યાભિષેક કર્યો.

ધ્રુવ પ્રજાપતિ શિશુમારની પુત્રી **ભ્રમિ**ને પરણ્યો હતો તેને **કલ્પ** તથા **વત્સર** એમ બે પુત્રો થયા હતા. તેનું બીજું લગ્ન વાયુની પુત્રી **ઈલા** સાથે થયું હતું અને તેને વિશે **ઉત્કલ** નામક પુત્ર અને એક કન્યાને ઉત્પન્ન કર્યાં હતાં. તેના ભાઈ ઉત્તમને કોઈ યક્ષે મારી નાખ્યો હતો. તેનો બદલો લેવા ધ્રુવ વિજયરથમાં બેસી અલકા નગરી તરફ ગયો. ત્યાં પહોંચી ધ્રુવજીએ ઘણા યક્ષોને મારી નાખ્યા. ધ્રુવના દાદા સ્વાયંભુવ મનુએ પોતે આવી કહ્યું કે તારા ભાઈના વધ માટે નિમિત્ત બનેલા યક્ષોનો આમ સંહાર કરવો એ આપણા કુળને શોભે એવું નથી. પ્રાણી માત્ર ઉપર ક્ષમા, દયા રાખવાથી જ શ્રીભગવાન પ્રસન્ન થાય છે.

એ પછી ધ્રુવે ઘણા યજ્ઞો કર્યા. તેણે છત્રીસ હજાર વર્ષ સુધી રાજ્ય કર્યું અને પછી વિરક્ત બની ભગવાનનું ધ્યાન કરવા લાગ્યો અને અંતિમ સમાધિ-અવસ્થા સુધી પહોંચી ગયો. આકાશમાંથી એક શ્રેષ્ઠ વિમાન ઊતરતું જોયું. પાર્ષદોએ કહ્યું અમે તમને ભગવાનના સ્થાનમાં લઈ જવા આવ્યા છીએ. એ પછી ધ્રુવજી ત્રણે લોકને તથા સપ્તષિઓને પણ ઓળંગી એમની ઉપર રહેલા વિષ્ણુપદમાં પહોંચ્યા.

ધ્રુવના બદરિકાશ્રમમાં ગયા પછી એના મોટા પુત્ર ઉત્કલનો રાજ્યાભિષેક થવો જોઈએ તેણે સંપત્તિની ઈચ્છા કરી નહીં એટલે મંત્રીઓએ તેના નાના ભાઈ **વત્સર**નો રાજ્યાભિષેક કર્યો. તેના પછી તેના મોટા પુત્ર **પુષ્પાર્ણ**ને રાજા બનાવ્યો, પુષ્પાર્ણનો **વ્યુષ્ટ**, વ્યુષ્ટનો **સર્વતેજા**, સર્વતેજાનો **ચક્ષુષ્માન**, તેનો **ઉલ્મુક** અને ઉલ્મુકનો **અંગ** ક્રમશ : રાજાઓ થાય. અંગને **સુનીથા** નામની સ્ત્રી

હતી, જેણે વેન નામના ઉગ્ર પુત્રને જન્મ આપ્યો હતો. વેનના દુરાચારોથી કંટાળી અંગ રાજ્ય છોડી વનમાં જતો રહ્યો. રાજા થવા માટે દુરાચારી વેન યોગ્ય ન હતો, પણ પ્રજાના રક્ષણ માટે રાજા તો જોઈએ જ. તેથી ન છૂટકે વેનનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. પરંતુ તે દુરાચારી હોઈ બ્રાહ્મણોએ તેને મારી નાખ્યો. દેશમાં ચારે બાજુ અંધાધૂંધી પ્રસરી ગઈ. વેનને મારનારા બ્રાહ્મણ ઋષિઓએ તેના શબની સાથળને બળપૂર્વક મથવા માંડી એટલે એમાંથી કદરૂપો પુરુષ ઉત્પન્ન થયો. **'નિષાદ'** એવા નામે પ્રસિદ્ધ થયો.

એ પછી બ્રાહ્મણ ઋષિઓએ વેન રાજાના બન્ને બાહુઓનું મથન કર્યું એટલે એમાંથી સ્ત્રીપુરુષનું યુગલ ઉત્પન્ન થયું. ઋષિઓ બોલ્યા : આ પુરુષ છે તે જગતનું પાલન કરનાર વિષ્ણુનો અંશ છે અને સ્ત્રી લક્ષ્મીનો અંશ છે. પુરુષ મહારાજા **પૃથુ**નામે પ્રસિદ્ધ થશે અને આ સ્ત્રી **અર્ચિ** નામે ઓળખાશે તથા પતિપત્ની બની રહેશે.

યથાસમયે પૃથુનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

સુતો માગધો અને બંદીજનોએ તેમની ભવ્ય સ્તુતિ કરી ત્યારે મહારાજા પૃથુ બોલ્યા : મારી વધુપડતી સ્તુતિ ન કરો. પ્રજાને માટે એક સારા રાજા તરીકે મારી જાતને હું પુરવાર કરી શકું ત્યાર પછી જ મારી પ્રશંસાજનક સ્તુતિ કરજો.

પૃથુ રાજાનાં આવાં વિવેકભર્યા વિનમ્ર વચનોથી મુનિઓ પ્રસન્ન બની રહ્યા.

મૈત્રેયે કહ્યું : પૃથુ રાજાનો રાજ્યાભિષેક થયો તે વખતે પૃથ્વી અન્ન વિનાની હતી. દુર્બલ બનેલી પ્રજાઓ રાજા પાસે આવી કહેવા લાગી : હે સ્વામી, કૃપા કરી અમને અન્ન આપો. અમારું રક્ષણ કરવા તમે અવતાર લીધો છે તો અમને બચાવી લો.

પૃથુ રાજા વિચારમાં પડી ગયા. પ્રજાની ભૂખનું કારણ તેમને સમજાઈ ગયું. પૃથ્વી સર્વપોષણદાયક ઔષધિના બીજ ગળી ગઈ હતી. પૃથુરાજા ક્રોધિત બની રહ્યા. તેને શિક્ષા કરવા તેમણે ધનુષ લઈ બાણ સાધ્યું. પૃથ્વી ભયભીત બની ગાયનું રૂપ લઈ નાસવા લાગી. પૃથુરાજા તેની પાછળ પડ્યા. તેને ક્યાંય પણ સહારો મળ્યો નહીં. તેથી રાજાના શરણે ગઈ અને કહેવા લાગી : હે શરણાગતવત્સલ ! મારું રક્ષણ કરો.

પૃથુ બોલ્યા : હે પૃથ્વી ! તમે દોષિત છો જ. મનુષ્યો યજ્ઞ કરે છે ત્યારે તમે તમારો ભાગ લો છો, પણ તમે પ્રજાને અન્ન આપતાં નથી. ગાયરૂપે તમે ઘાસ ખાઓ છો, પણ દૂધ આપતાં નથી.

પૃથ્વી બોલી : આપને હું નમસ્કાર કરું છું. આપ ક્રોધને દૂર કરો અને મારી વિનંતી સાંભળો. તમે મારા માટે કોઈ સુયોગ્ય વાછરડો કલ્પો જેથી એના પર વાત્સલ્યભાવથી હું દૂધ આપતી થઈ જઈશ. હું તમારી ઈચ્છા પ્રમાણે પ્રજા માટે અન્ન વગેરે આપીશ. હું ઊંચી નીચી છું એટલે ચોમાસાનું પાણી બરાબર ટકાવી શકતી નથી એને સરખી કરો એટલે પાણી ટકી રહે.

આ પ્રમાણે પૃથ્વીનું કથન સાંભળી પૃથુરાજાએ સ્વાયંભુવ મનુને વાછરડો બનાવ્યા અને પોતે જ

દોહનારા બની પોતાના હાથે જ સર્વ ઓષધિઓ અને બીજો દોહી કાઢ્યાં. પૃથુ રાજાએ પૃથ્વી ઉપર નિવાસ-સ્થાનોની રચના કરી. નગરો, ગ્રામો, કિલ્લા વગેરે બધુ સ્થાપ્યું અને સમસ્ત પ્રજા નિર્ભય બની રહી તે તે સ્થળે સુખપૂર્વક રહેવા લાગી.

એ પછી પૃથુ રાજાએ યજ્ઞો કરવાનું વિચાર્યું. સર્વ કોઈના સહકારથી નવાણુ યજ્ઞો નિર્વિઘ્ને પૂરા કરી પૃથુરાજાએ સોમો અશ્વમેઘ શરૂ કર્યો. સો યજ્ઞો પૂરા થાય તો પૃથુ રાજા ઈંદ્રાસન માટે યોગ્ય બની રહે. ઈંદ્રથી સહન ન થતાં તેણે વિઘ્ન ઊભું કર્યું. તેણે અશ્વમેઘના ઘોડાનું હરણ કર્યું. મહર્ષિ અત્રિએ અશ્વ લઈને આકાશમાર્ગે દોડતા ઈંદ્ર રાજાને જોયો. અત્રિની સૂચનાથી એને પકડવા રાજકુમાર તેની પાછળ દોડ્યો. પૃથુનો તે વીર પુત્ર ઘોડાને લઈને યજ્ઞશાળામાં પાછો ફર્યો. તેને 'વિજિતાશ્વ' એવું નામ આપ્યું. ઈંદ્રરાજાએ પુન: અંધકાર છાઈ દઈને અશ્વનું હરણ કર્યું. તેથી ઈંદ્રનો વધ કરવા સ્વયં પૃથુ રાજા તત્પર બની રહ્યા, પરંતુ બ્રાહ્મણોએ તેમને વાર્યા. તેમણે કહ્યું- આ ઈંદ્ર પણ ભગવાનના અવતારરૂપ છે, તમારે તેનો આદર કરવો જોઈએ. તમે બન્ને પરસ્પરના મિત્ર બની રહો. ઈંદ્ર મહાસમર્થ છે. સો અશ્વમેઘ યજ્ઞો પૂરા થાય તો, હે રાજન્! તમે ઈંદ્રના સમકક્ષ બની રહો. ઈન્દ્ર સામેની સ્પર્ધા બંધ કરી દો. તમે નવાણુ યજ્ઞો કર્યા છે એ તમારે માટે પુરતા છે. તમે સો યજ્ઞો કર્યા છે એમ અમે માની લઈશું. ઈંદ્ર પ્રત્યેનો ક્રોધ ભૂલી જાઓ. ઈંદ્ર અને તમે બન્ને નારાયણના અવતાર છો. એ દેવ છે, તમે મનુષ્ય છો. મર્યાદામાં રહીને પરસ્પરના મિત્રો બની રહો. યજ્ઞો વડે પ્રસન્ન થયેલા, યજ્ઞોના સ્વામી, ભગવાન વિષ્ણુએ ઈંદ્રને સમક્ષ રાખી પૃથુને કહ્યું: ઈંદ્ર સાથે તમે કરેલા સમાધાનથી હું પ્રસન્ન બની રહ્યો છું. હું તમારા ગુણોથી અને ઉમદા સ્વભાવથી પ્રસન્ન થયો છું તો કોઈ પણ જાતનું વરદાન માગો. આ સાંભળી પૃથુ રાજા બોલ્યા : હે પ્રભુ! માતા જેમ કશા જ બદલાની આશા વગર પુત્રનું નિરંતર કલ્યાણ જ કરે છે તેમ આપ પણ પ્રાણીમાત્રનું કલ્યાણ જ કરો છો એટલે આપની પાસે કશું જ માગવાનું રહેતું નથી, છતાં હું એટલું માગું છું કે આપની હરિકથાઓ સાંભળવા માટે આપ મને દશ હજાર કાન આપો.

એક સમયે તે રાજાએ મોટા યજ્ઞની દીક્ષા લીધી હતી તે વેળા ત્યાં બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ અને પ્રજાજનોની સભા મળી હતી. રાજા ઊભા થયા અને સર્વને ઉદ્દેશીને બોલ્યા : આપ સૌને વિનંતી કે તમે નિષ્કપટ બની ભગવાનને શરણે જાઓ અને એમનું ભજન કરો, અધિકાર પ્રમાણે અવશ્ય કાર્યસિદ્ધિ થશે. બ્રાહ્મણો અને ભક્તજનો તો જગદ્વંદ્ય છે. એમની સેવા કરવાથી જ ભગવાન પ્રસન્ન બની રહે છે.

પૃથુ રાજાએ મહાદેવના મોટા ભાઈઓ એવા એ મુનિઓને 'આ સંસારમાં કયા ઉપાયથી કલ્યાણ થાય?' એવો પ્રશ્ન પૂછ્યો. બ્રહ્મજ્ઞાની સનત્કુમારોએ પૃથુરાજાને આત્મગતિનો ઉપદેશ કર્યો.

એ પછી પૃથુ રાજા વૃદ્ધાવસ્થા આવતાં પુત્રોને રાજ્ય સોંપી દઈ પત્નીઓ સાથે વનમાં સિધાવ્યા

અને ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા અને યથાસમયે તેમણે પ્રારબ્ધ કર્મ પૂરાં થતાં અંતે દેહનો ત્યાગ કર્યો. તેમની પત્ની અર્ચિ દેવી પતિ સાથે સ્વધામે સિધાવ્યાં.

પૃથુ રાજા પછી એનો વિશાળકીર્તિ વાળો પુત્ર **વિજિતાશ્વ** પૃથ્વીનો મહારાજા થયો હતો. તેની પત્નીનું નામ **નભસ્વતી** હતું. ઈંદ્ર પાસેથી અંતર્ધાન થવાની શક્તિ પ્રાપ્ત કરી તેણે **'અંતર્ધાની'** નામ ધરાવ્યું હતું. ઈંદ્ર પાસેથી અંતર્ધાન થવાની શક્તિ પ્રાપ્ત કરી તેણે 'અંતર્ધાની' નામ ધરાવ્યું હતું. તેના પછી તેનો પુત્ર **હવિર્ધાન** થયો. યુવાવસ્થાથી જ તે વિરક્ત બની રહ્યો હતો. તેની પત્નીનું નામ **હવિર્ધાની** હતું તેને છ પુત્રો થયા હતા તેમાં બર્હિષદ સૌથી મોટો હતો. **બર્હિષદ** મોટા ભાગ્યવાળો અને કુશળ મહારાજા બની રહ્યો હતો. તેનું બીજું નામ **'પ્રાચીનબર્હિષ'** પડ્યું હતું. તેને દશ પુત્રો થયા હતા. એ દસે પુત્રો સરખા જ નામવ્રતવાળા હોવાથી તેઓ સર્વ ધર્મના પારગામી યા **પ્રચેતા** કહેવાતા હતા. તેમના પિતાએ વંશપરંપરા ચાલુ રાખવાની આજ્ઞા કરવાથી એ પ્રચેતાઓ સમુદ્રકિનારે ગયા અને ત્યાં તેમણે ઉગ્ર તપશ્ચર્યા કરી. એ પ્રચેતાઓ તપશ્ચર્યા અંગે જતા હતા ત્યાં માર્ગમાં તેમણે જોયું તો સરોવરમાંથી પરિવારો સાથે નીકળતા દેવો વડે સ્તુતિ કરાતા દેવોમાં શ્રેષ્ઠ એવા ભગવાન શંકર પ્રગટ થયા અને તે પ્રચેતાઓને કહેવા લાગ્યા : તમે પ્રાચીનબર્હિષના પુત્રો છો. તમારા પર કૃપા કરવા જ મેં તમને દર્શન આપ્યાં છે, કેમકે જે મનુષ્ય સૃષ્ટિના નિયંતા ભગવાન નારાયણ વાસુદેવને શરણે જાય છે તે મને પ્રિય છે.

હે પ્રચેતાઓ ! તમે ભગવાનમાં મન રાખી રુદ્રગીતનો પાઠ કરજો. તમારું કલ્યાણ થાઓ.

આ જ સમયે પ્રચેતાઓના પિતા પ્રાચીનબર્હિષ રાજાને અધ્યાત્મતત્ત્વના જ્ઞાતા નારદજીએ ઉપદેશ આપ્યો હતો. પ્રાચીનબર્હિષ કેવલ કર્મકાંડમાં જ પ્રવૃત્ત બની રહ્યો હતો. નારદ મુનિને તેની દયા આવી હતી. તે સીધી રીતે એ ઉપદેશને ગ્રહણ કરી શકે એમ ન લાગવાથી તેને તેઓએ **પુરંજન રાજા**નું સંભળાવ્યું.

પુરંજન નામે વિશાળ કીર્તિવાળો એક રાજા હતો. રાજધાની માટેની શોધમાં આખી પૃથ્વી પર ભટક્યો, પણ ભોગસ્થાન એને મળ્યું નહીં. એક વાર તેણે હિમાલયનાં દક્ષિણ શિખરો ઉપર એક નગર જોયું. તેને નવ દરવાજા હતા. એમાં અસંખ્ય વૃક્ષો, લતાઓ, વિવિધ પ્રકારના પક્ષીઓથી શોભતું મોટું ઉદ્યાન હતું. એ ઉદ્યાનમાં પુરંજન રાજાએ એક સુંદર સ્ત્રીને જોઈ. તેની સાથે તેના દશ સેવકો હતા. પાંચ મસ્તકોવાળો એક સર્પ એનું સર્વ તરફથી રક્ષણ કરતો હતો. તે સ્ત્રી પોતાના ભોક્તાની - પતિની શોધમાં હતી. રાજાએ યુવતિને પૂછ્યું : તું કોણ છે ? તું કોની પુત્રી છે ? તું ક્યાંથી આવે છે ? વીરોમાં શ્રેષ્ઠ અને કર્મકુશળ એવા મારી સાથે રહી આ નગરીને શોભાવવા તું સર્વ રીતે યોગ્ય છે. તું મારા પર કૃપા કર. મારી પત્ની બની તું મને સુખી કર.

પુરંજન રાજાનાં આ વચન સાંભળી તે યુવતિ બોલી : તમે અહીં ભલે પધાર્યા. તમારી ઈચ્છાઓ પૂરી થાઓ. આ નવ દરવાજાવાળા નગરમાં તમે રહો. મારા સાથીઓની સહાયથી તમારી સર્વ

ઈચ્છાઓ હું તૃપ્ત કરી શકું એમ છું. પૂરાં સો વર્ષ સુધી તમે સુખનો ભોગવટો કરી શકશો.

આમ પરસ્પર આસક્તિપૂર્વક પુરંજન અને પેલી સુંદરી એ સુંદર નગરીમાં સ્થિર થયાં. એ નગરીના નવ દરવાજા હતા. એમાં સાત ઉપર અને બે નીચેનાં ભાગમાં હતા. કર્મો કરવામાં આસક્ત રાજા રાણી જે જે ઈચ્છતી તેને જ અનુસરતો, એક ક્ષણ પણ તે તેનાથી જુદા ન પડતો. તેનું આગવું ગણાય એવું કશું જ વ્યક્તિત્વ જ રહ્યું ન હતું. સંપૂર્ણપણે તે તેનામા નિમગ્ન બની ગયો. એમને સંતાનો પણ થયાં. એમ કરતાં તે વૃદ્ધ બનતો ગયો છતાં તેની આસક્તિ તો એની એ જ રહી. પ્રેમમાં ચકચૂર રાજાને સાચી પરિસ્થિતીનો પણ જાણે ખ્યાલ રહ્યો ન હતો. અસ્વીકાર્ય પુરંજન રાજાને અગિયારસો પુત્રો અને એકસો દસ પુત્રીઓ પ્રાપ્ત થઈ હતી.

ચંડવેગ નામનો એક પ્રખ્યાત ગંધર્વ રાજા એને ત્રણસો અને સાઠ શક્તિશાળી સેવકો છે, ગંધર્વી સ્ત્રીઓ પણ તેટલી જ સંખ્યામાં છે. પુરુષો શ્વેત હતા અને સ્ત્રીઓ શ્યામ હતી. સર્વ કામિનીઓથી પૂર્ણ એવાં નગરોને લૂંટવાનું જ તે રાજાનું કાર્ય હતું. તે ચંડવેગે પુરંજનની ભોગવતી નગરી પર હુમલો કર્યો. પુરંજન રાજા એટલા બધો આસક્ત બની રહ્યો હતો કે વૃદ્ધાવસ્થા હોવા છતાં ચંડવેગના એ આક્રમણને વધુ મહત્ત્વ ન આપતાં ધીમી ગતિએ જ એ સંબંધમાં એણે વિચાર કરવા માંડ્યો. કાલને દુર્ભગા નામની એક પુત્રી હતી, એનો પતિ થવા કોઈની પણ તૈયારી ન હતી. તે મૃત્યરૂપે યવનેશ્વર પાસે ગઈ અને પોતાનો સ્વીકાર કરવાનું કહ્યું. યવનેશ્વર તેને કહેવા લાગ્યો : આ બધા લોકો તને અમંગળ માનીને તને સ્વીકારતા નથી, પણ તું પોતે જ કોઈ ન જાણે એમ ગુપ્ત રીતે તેમનામાં ભળી જા અને સમગ્ર લોકને ભોગવ.

એ લોકોએ પુરંજનની નગરીને ઘેરી લીધી. કાલકન્યાને ગુપ્ત રીતે પુરંજન ભોગવવા માંડ્યો. ગાંધર્વોએ અને યવનોએ પુરંજનની નગરી તોડી પાડી. પુરંજન નગરીમાંથી નાસી છૂટવા ઈચ્છતો હતો, પણ યવનરાજે તેને પકડી લીધો એટલે કે મૃત્યુએ તેને ગ્રહી લીધો. પુરંજન મૃત્યુ પામ્યો ત્યારે મનમાં તો પોતાની સ્ત્રીનું જ સ્મરણ કરતો હતો. બીજા જન્મમાં તે વિદર્ભ દેશના રાજા રાજસિંહને ત્યાં સ્ત્રી તરીકે અવતર્યો. રાજકુમારી ઉંમર લાયક થઈ એટલે પાંડ્યના રાજા નરાયણના પરમ ભક્ત એવા મલયધ્વજે લગ્ન કર્યાં. વૃદ્ધ થતાં મલયધ્વજ પુત્રોને રાજ્ય સુપ્રત કરી ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરવાની ઈચ્છાથી કુલાચલ પર્વત તરફ ગયો. તેની પત્ની વૈદર્ભી પણ તેને અનુસરી.

હે રાજા ! મેં જે પુરંજન કહ્યો તે **‘જીવ’** જાણવો, જીવનો મિત્ર જે **અવિજ્ઞાત** નામે કહેવાયો, તે ઈશ્વર જાણવો. જીવાત્માને પ્રકૃતિના સમગ્ર ગુણો ગ્રહણ કરવાની ઈચ્છા થઈ ત્યારે અનેક પ્રકારનાં શરીરોમાંથી **ચક્ષુ**, **કર્ણ**, **નાસિકા**, **મુખ**, **લિંગ** અને **ગુદા** એ નવ ઈન્દ્રિય દ્વાર અને હાથપગવાળા મનુષ્યશરીરને શ્રેષ્ઠ જે સ્ત્રી કહી તે **બુદ્ધિ**, એ બુદ્ધિના મિત્રો યા સેવકો તે **ઈન્દ્રિયો** છે અને ઈન્દ્રિયોની વૃત્તિઓ તે સ્ત્રીની સખીઓ સમજવી. પાંચ મસ્તકવાળો સર્પ તે **પ્રાણ**, **અપાન**,

સમાન, **ઉદાન** અને **વ્યાન** એમ પાંચ વૃત્તિઓવાળો પ્રાણવાયુ છે. અગિયારમો જે નાયક યોદ્ધો તે મનુષ્યનું મન છે. વસ્તુત: જીવ કર્તા નથી, પણ બુદ્ધિનું અનુકરણ કરી પોતે જ કર્મ કરે છે એમ માને છે. ચંડવેગ નામનો ગાંધર્વ રાજા તે વર્ષ સમજવું. એના ગંધર્વો તે શ્વેત **દિવસો** અને પત્નીઓ તે શ્યામ **રાત્રિઓ** છે તથા ત્રણસો ને સાઠની સંખ્યામાં પુરંજન અર્થાત્ જીવનું આયુષ હરે છે. કાલકન્યા તે **વૃદ્ધાવસ્થા**, યવનનો રાજા મૃત્યુ એ જગતનો નાશ કરવા એ કાલકન્યાને બહેન માની અને આધિવ્યાધિરૂપી સૈનિકો તથા અતિ વેગવાળા બન્ને પ્રકારના તત્ત્વરૂપી પ્રજ્વર નામક એના ભાઈ દ્વારા સંસારમાં બદ્ધ થયેલો જીવાત્મા વિવિધ લોકને પામે છે અને દુ:ખ થાય છે.

નારદ ઋષિએ પ્રાચીનબર્હિષ રાજાને આ પ્રમાણે જ્ઞાન આપીને સિદ્ધ લોકમાં સિધાવી ગયા. પ્રાચીનબર્હિષ રાજા પણ તે પછી પુત્રોને રાજ્ય સોંપવાની મંત્રીઓને આજ્ઞા કરી તપ કરવા કપિલાશ્રમમાં ગયા અને ત્યાંથી મોક્ષ પામ્યા.

પ્રચેતાઓએ રુદ્રગીતનો જપ કરી શ્રીહરિને પ્રસન્ન કર્યા. ભગવાને તપને અંતે પ્રચેતાઓને દર્શન આપ્યાં અને વરદાન આપતાં કહ્યું કે પ્રમ્લોચા નામની એક અપ્સરાએ કુંડ ઋષિથી કમલનયના એવી એક સુંદર કન્યાને જન્મ આપ્યો હતો. એ કન્યાને તે વૃક્ષની નીચે મૂકી સ્વર્ગમાં ચાલી ગઈ હતી. તમે એ સુંદર વૃક્ષકન્યાને પરણો. મારી કૃપાથી તમે વર્ષો પર્યંત રાજ્ય કરશો. ભગવાનની સ્તુતિ કરી પ્રચેતાઓ પછી વૃક્ષકન્યા મારિષા સાથે લગ્ન કરી રાજ્યમાં પાછા આવ્યા. મારિષાથી તેમને પુત્ર પ્રાપ્ત થયો એ દક્ષપ્રજાપતિ જ હતા. યથાસમયે પ્રચેતાઓ પુત્રને રાજ્ય સુપ્રત કરી ઘરમાંથી ચાલી નીકળ્યા અને બ્રહ્મજ્ઞાનની દીક્ષા લીધી. ભગવાનની અનેક કથાઓ નારદજી દ્વારા સાંભળી પ્રચેતાઓ ભગવાનના શ્રીચરણોમાં ધ્યાન કરતા કરતા પોતાની ગતિ પામ્યા.

મૈત્રેય દ્વારા વર્ણવાયેલી અને ભગવાનના માહાત્મ્યવાળી આ કથા સાંભળી વિદુરજી મૈત્રેયજીના ચરણમાં નમસ્કાર કરી, તેમની આજ્ઞા લઈ તેઓ પછી પોતાનાં સગાંસંબંધીઓને મળવા હસ્તિનાપુર તરફ સિધાવ્યા.

(શ્રીમદ્ ભાગવતના ચતુર્થ સ્કન્ધનો કથા સાર સંપૂર્ણ)

❀ સ્કંધાર્થ

ત્રીજા સ્કંધમાં ૩૩ અધ્યાયોથી ‘સર્ગ’નું વર્ણન કર્યું, તેમ જ તેનું ફલ પણ બતાવ્યું. તે લૌકિક સર્ગનું નિરૂપણ હતું. હવે ચતુર્થ સ્કંધમાં અલૌકિક **‘સર્ગ’**નું અર્થાત્ **‘વિસર્ગ’**નું નિરૂપણ કરવામાં આવશે. તેમાં ૩૧ અધ્યાયો છે જેની સંગતિ - આ દેવો દ્વારા રચાયેલ સર્ગ હોવાથી તે ૮ **વસુઓ**, ૧૧ **રૂદ્રો** અને ૧૨ **આદિત્ય** એમ ૩૧ દેવતાઓ હોઈ આ સ્કંધના ૩૧ અધ્યાયો છે. **‘વિસર્ગ’**નો અર્થ છે **‘વિવિધ’**, પરંતુ તે જુદા પ્રકારનો એમ નહીં, **‘વિશિષ્ટ પ્રકાર’**નો અથવા **ઉત્તમ પ્રકાર**નો સર્ગ છે તેમ સમજાવ્યું છે. ભગવાનની લીલા વિપરીત હોવાથી પ્રથમ આદિત્યોનું, મધ્યમાં રુદ્રોનું અને છેલ્લે વસુઓનું નિરૂપણ કરેલું છે. **‘વિસર્ગ’**ની વ્યાખ્યા કરતાં કહે છે કે તે સર્વ જીવોના

સંબંધવાળી ક્રિયાશક્તિ (જે રજસ ગુણ સૂચવે છે) વાળા ભગવાનની **'મુક્તજીવ'** રૂપી **'કાર્ય'**ની ઉત્પત્તિ કરાવનારી લીલા છે.

'વિસર્ગલીલાનું તાત્પર્ય સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે આ 'લીલા'. ક્રિયાશક્તિવાળા ભગવાનની છે જે સર્વ જીવોના સંબંધવાળી છે, તેથી આ લીલામાં જે જીવો ઉત્પન્ન થવાના તે **'સર્વશક્તિવાળા'** થશે, જે આ સૃષ્ટિનું **'ઉત્તમપણું'** દર્શાવે છે તેથી તે કારણથી આ લીલામાં જે જીવો પ્રકટ થશે તે પોતાનું સામર્થ્ય પ્રકટ કરીને મુક્ત થશે. માટે જ આને **'અલૌકિક સર્ગ'** કહ્યો છે. તૃતિય સ્કંધના દશમા અધ્યાયમાં **'વિસર્ગઃ પૌરુષઃ સ્મૃતઃ'** કહ્યું છે. તે 'વિસર્ગ'નું લક્ષણ સૂચવે છે કે 'વિસર્ગ' એ પુરુષના આકારવાળો અથવા પુરુષાતન ધરાવતો હશે. આ સ્કંધનો પ્રારંભ મનુના વંશના નિરૂપણથી કરેલો છે, તેનું કારણ **'પ્રસંગ'** જે ઘટીત થઈ ચૂક્યો છે તેનું વૃતાંત ન કરવામાં આવે તો આ 'લીલા'નું જ્ઞાન થઈ શકે નહીં. વળી લૌકિક પુરુષો આ કથાનું શ્રવણ કરનારા હોઈ, તેના પર ઉપકાર કરવા માટે પણ અગાઉનો 'પ્રસંગ' કહેવો આવશ્યક ગણાય. અહીં એ પણ સ્પષ્ટ કરવા માગે છે કે **આ પુરુષાતનવાળા પુરુષોની સૃષ્ટિ છે, સાધારણ મનુષ્યોની સૃષ્ટિ નથી. ભાગવતનો હેતુ સર્વનો ઉધ્ધાર કરવાનો છે, તે માટે તે સર્વવેદો અને ઈતિહાસનો સાર કાઢીને તે કહેવામાં આવ્યું છે**, માટે જ આ સ્કંધમાં પુરુષાતનવાળા પુરુષોની સૃષ્ટિનું વર્ણન કરેલું છે, જેથી તેના શ્રવણથી પ્રત્યેક જીવનો ઉધ્ધાર થઈ શકે. આમ **આ સ્કંધનો અર્થ કરી શકાય કે તે 'પુરુષાતનવાળા પુરુષોના સર્ગ'ની લીલા છે.**

❀ પ્રકરણો

આ સ્કંધના ૩૧ અધ્યાયોને ચાર પ્રકરણોમાં વહેંચવામાં આવ્યા છે કારણ કે ભગવાનનું સામર્થ્ય અનંત પ્રકારનું હોવા છતાં મનુષ્યે સદ્‌બુદ્ધિથી ચાર પુરુષાર્થો - **'ધર્મ', અર્થ, કામ અને મોક્ષ'** પ્રાપ્ત કરવાનો છે, જે શ્રીકૃષ્ણના ચરણકમળની સેવાથી જ સિધ્ધ થઈ શકે, અન્યથા નહીં, તેમ જણાવવું એ આ સ્કંધનું પ્રયોજન છે, એમ શ્રી મહાપ્રભુજી સ્પષ્ટતા કરે છે.

પ્રકરણોનું વિશ્લેષણ

વિસર્ગ-લીલા

ધર્મ પ્રકરણ	**અર્થ પ્રકરણ**	**કામ પ્રકરણ**	**મોક્ષ પ્રકરણ**
(અ. ૧થી ૭)	(અ. ૮થી ૧૨)	(અ. ૧૩થી ૨૩)	(અ. ૨૪થી ૩૧)

ધર્મ પ્રકરણ (અ. ૧થી ૭) - અગ્નિષ્ટોમ, ઉક્‌થ્ય, ષોડશી, અતિસત્ર, અપત, અર્યામ અને વાજપેય; પ્રત્યેક અધ્યાયમાં.

અર્થ પ્રકરણ (અ. ૮થી ૧૨) - સાધનથી, સાધ્યથી, મનુના ઉપદેશથી, દોષ નિવૃત્તિથી અને

ફલ પ્રાપ્તિથી પ્રત્યેક અધ્યાયમાં.

કામ પ્રકરણ (અ. ૧૩થી ૨૩) - પૃથુનો આવિર્ભાવ, સર્વકામ, સ્વકામ.

મોક્ષ પ્રકરણ (અ. ૨૪થી ૩૧) - બ્રહ્મભાવ - અ. ૨૪થી ૨૮, સાયુજ્ય અ. ૨૯થી ૩૧.

પ્રકરણાર્થ

પ્રકરણોનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે જીવોના **ધર્મ-અર્થ-કામ-મોક્ષ**, પુરુષાર્થો ભગવાન કૃષ્ણના ચરણાર્વિંદની સેવાથી જ થઈ શકે છે, અન્ય પ્રકારથી નહીં અને તે સમજાવવું એ જ આ 'વિસર્ગ' લીલાના સ્કંધનું પ્રયોજન છે. જો આમ ન હોત તો **દક્ષે** - ધર્મ, **ધ્રુવે** - અર્થ, **પૃથૂએ** - કામ અને પ્રચેતસોએ મોક્ષ પ્રાપ્તિ કેવી રીતે કરી હોત? એ ચારેયને અલગ અલગ પુરુષાર્થોની પ્રાપ્તિના કારણરૂપ ભગવાનના ચરણકમળની સેવા જ છે. માટે જ તેઓ કહે છે કે **''શ્રીકૃષ્ણના ચરણકમળની સેવાથી જ પુરુષાર્થ પ્રાપ્ત થાય છે, બીજા કોઈ સાધનથી પ્રાપ્ત થતાં નથી.''** કેટલાક એવો મત ધરાવતાં હોય છે કે સ્ત્રી **(સતી)**, બાળક **(ધ્રુવ)**, જુવાન **(પૃથૂ)** અને વૃધ્ધ **(પ્રાચીન બર્હી)**, એમ અવસ્થા ભેદથી આ **'વિસર્ગ'** બતાવ્યો છે, પરંતુ તેમ અર્થ કરવો બરાબર નથી, કારણ કે જે બધી જ રીતે ભગવત્-કૃત કાર્ય હોય તે પુરુષાર્થ રહિત કેવી રીતે હોઈ શકે ?, કે વેદમાં વર્ણવેલ ભગવત્ કાર્ય નિરર્થક કેમ હોઈ શકે ?

પ્રથમ પ્રકરણમાં જ 'સતી' અર્થાત્ સ્ત્રીનો પ્રસંગ આવે છે, તેનું પ્રયોજન બતાવતાં કહે છે કે સ્ત્રી માત્ર પત્ની જ નહીં, પરંતુ પુત્રી, માતા અને દેવતાની સ્ત્રીઓ પણ પુરુષાર્થની વિરોધી એટલે કે પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં વિઘ્ન કરનારી છે, તેમ સૂચવે છે.

પ્રથમ પ્રકરણ **'ધર્મ'**નું છે જેના સાત અધ્યાયો છે અને બીજું પ્રકરણ **'અર્થ'**નું છે, જેના પાંચ અધ્યાયો છે. તે બન્ને મળીને બાર અધ્યાયો થાય છે, જે ૧૨ **આદિત્યોના** સૂચક છે. **'ધર્મ'**થી તાત્પર્ય **'યજ્ઞ'**નો છે, જે સાત **'તન્તુવાળો'** એટલે કે સૂત્ર અથવા 'સંતતિ'વાળો છે. **'જ્યોતિષ્ટોમ'** યજ્ઞના સાત પ્રકારનો હોવાથી અહીં તેનું સાત અધ્યોયમાં નિરૂપણ કરવામાં આવ્યું છે, જેમાં યજ્ઞના સાત પ્રકાર - **અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ્ય, ષોડશી, અતિરાત્ર, આપ્તોયમિ** અને **વાજપેય** બતાવ્યા છે. ધર્મ પણ ભગવાનની સહાયથી જ થઈ શકતો હોવાથી વશિષ્ટ વગેરે ત્યાં હોવા છતાં ધર્મ આચરવામાં **'દક્ષ'** મુખ્ય હોવાથી દક્ષને જ ધર્મ સિધ્ધ થયેલ હોવાનું કહેલ છે. 'દક્ષ' નામ પણ તે શબ્દના અર્થ પ્રમાણે જ કહેલું છે. તે કર્મમાર્ગમાં ઘણો દક્ષ અર્થાત્ ચતુર હતો.

પ્રકરણ ૧

'ધર્મ'પ્રકરણના પ્રથમ સાત અધ્યાયમાં વર્ણવેલી કથાનું પ્રયોજન ધર્મ પુરુષાર્થમાં ઉપયોગી બાબતો હોય તેમ જણાય છે. **પહેલા અધ્યાયમાં 'અનર્થ'**નો પ્રસંગ વર્ણવેલો છે, જેમાં **'સતી'** (પાર્વતી)ના સંબંધની વાત છે. **બીજા અધ્યાયમાં** 'અનર્થ'ના કારણરૂપ - અનર્થના અંકુરરૂપ પરસ્પર શાપ આપવાની કથા કહેવામાં આવી છે. આથી ભવિષ્યમાં જે ઘટના ઘટવાની છે તેનો

સંકેત મળે છે. કેમ કે અંકુર ઉત્પન્ન થયા વગર બીજમાંથી 'ફૂલ' થઈ શકતું નથી. **ત્રીજો અધ્યાય**, એ અંકુરમાંથી ફૂટી નીકળેલા બે પાંદડારૂપ છે. આમ 'અનર્થ'ની ઉત્પત્તિ થવાના એંધાણ મળે છે. તેમાં અનર્થ થતો અટકાવવા પોતાની શક્તિ મુજબ શિવજીનો પ્રયાસ બતાવે છે. શિવજીના વાક્યોથી સંકેત છે કે મનુષ્યે દ્વેષ કરવો જોઈએ નહીં કેમ કે તે અનર્થનું કારણ છે. પોતાની શક્તિ અને બુદ્ધિની કલ્પનાથી અનર્થ અટકાવવાનો પ્રયાસ કરવો જોઈએ. **ચોથા અધ્યાય**માં 'સતી'ના દેહનો નાશ વર્ણવ્યો છે. **પાંચમાં અધ્યાય**માં યજ્ઞના નાશનું વર્ણન કરી **છઠ્ઠા અધ્યાય**માં યજ્ઞ સિધ્ધ થવાનું બતાવે છે. છેલ્લે **સાતમા અધ્યાય**માં સાત તન્તુઓવાળો યજ્ઞની સિધ્ધિનું વર્ણન છે જેમાં ભગવાન વિષ્ણુની સ્તુતિ સૂચવે છે કે યજ્ઞ તેમની કૃપાથી જ સિધ્ધ થાય છે.

- **અધ્યાય ૧**

આ પ્રથમ પ્રકરણ - **'ધર્મ અધ્યાય'**માં ભગવાનના ત્રણ અવતારોની કથા કહી છે - (૧) **ક્રિયાવતાર 'યજ્ઞ'**, (૨) **જ્ઞાનાવતાર દત્ત ભગવાન** અને (૩) **જ્ઞાન અને ક્રિયા એમ ઉભય અવતાર નારાયણ.** ધર્મ પુરુષાર્થની સિધ્ધ માટે ભગવાનના આ ત્રણેય અળતારો પહેલા મન્વન્તરમાં થયા છે. અહીં વર્ણવેલા બે અવતારો - **'દત્ત'** તથા **'નારાયણ'** ના અવતારો માત્ર આ મન્વન્તર પૂરતાં જ નહીં પરંતુ બધા જ મન્વન્તરોમાં ઉપયોગી છે તેમ જણાવે છે. આ અધ્યાયમાં ઋષિ **'અત્રિ'** એ કરેલું ભજન 'દેવ પરત્વે' છે **'પરબ્રહ્મ'** પરત્વે નથી કેમ કે 'પરમેશ્વર ક્યા?' તે વિશે નો નિશ્ચય અત્રિને થયો નથી. અહીં સમજાવે છે કે **'કર્મમાર્ગમાં બધા દેવો સરખા જ છે, પરબ્રહ્મ પણ માત્ર દેવ જ છે.'** એવું સૂચવે છે ધર્મ કરવાનું કર્મ ત્રણ પ્રકારનું હોવાથી તેના અધિદેવ પણ ત્રણ **બ્રહ્મા-વિષ્ણુ-શિવ** છે. તેમાંથી કોઈ પ્રત્યે દ્વેષ ન થાય માટે એ ત્રણેય એક છે તેમ નિરૂપણ કરેલું છે.

ભાગવતમાં જેટલા પણ ઋષિઓનું વર્ણન છે તેઓ બધા **'સર્વજ્ઞ'** છે તેમ છતાં તેઓ એકબીજાથી વિરુદ્ધ વૃતાંત શા માટે કરતાં હશે તેવી શંકાના સમાધાનમાં કહે છે કે જે ઋષિની જે સ્વરૂપમાં શ્રધ્ધા હોય તે પ્રમાણે બોધ કરે છે. ભગવાન સ્વયં પણ પ્રત્યેકની પાસે ક્રિયા-પોતાના જુદા જુદા અંશરૂપે પ્રકટ થઈ કરાવે છે તેથી આમ જણાય છે. ભગવાન દત્ત, જ્ઞાનાવતાર હોવાથી તેમણે તપ કરેલું. મુખ્ય સિધ્ધાંત એ છે કે ભગવાનથી અમુક અંશે વિષ્ણુ જુદા નથી પણ ભગવાન જ છે કારણ કે ત્રણેય દેવો - **બ્રહ્મા, વિષ્ણુ અને શિવ અનુક્રમે ઉત્પત્તિ-સ્થિતિ** અને **વિનાશ**ના કાર્ય કરનારા હોવા છતાં ભગવાન જ સર્વ કાર્ય કરે છે. અહીં સમજાવે છે કે ઉત્પત્તિ અને વિનાશ તો કોઈ પણ પ્રકારે થાય, પરંતુ **'સ્થિતિ'** કરવામાં ઘણું કાર્ય કરવાનું હોય છે, તેથી પરમેશ્વરની સ્થિતિસંબંધી સર્વ ફલની પ્રાપ્તિ તો સ્વયં ભગવાનની જ તે પ્રવૃત્તિ છે, કેમ કે તેઓ અભિમાનરહિત છે, જે વાત દશમ સ્કંધમાં પણ કહેવામાં આવી છે. આમ દત્તાત્રય એ વિષ્ણુનો જ અવતાર હોઈ તે ભગવાન બરોબર જ છે તેમ નિર્દેશ કરે છે.

વધુ ખુલાસો કરતાં કહ્યું છે કે ત્રિદેવતા - બ્રહ્મ અત્રિના પુત્ર **'સોમ'** તરીકે, વિષ્ણુ **'દત્તાત્રય'** તરીકે અને શંકર એ **દુર્વાસા** મુનિ તરીકે અવતરેલા છે. તેથી **સોમે** વંશ ચલાવવાનું **'દત્તે'** યોગથી રક્ષણ કરવાનું અને દુર્વાસાને તપ કરી અનુગ્રહ કરવાનું તેમ જ **'શાપ'** આપી શિક્ષા કરવાનું કાર્ય કરે છે. ભગવાન **'દક્ષ'**નું સ્વરૂપ સમજાવતાં કહે છે કે તેઓ પિતૃઓ અને દેવોના વ્રત આચરનાર, ઘણા ધાર્મિક અને અભિમાની હતાં. તેમને સોળ કન્યાઓ થયેલી જેમાંથી પંદર **'સગુણ'** હતી જ્યારે એક વિપરીત સ્વભાવની હતી. ૧૩ કન્યાઓને તેમણે **'ધર્મ'** (ઋષિ) સાથે પરણાવી હતી.

આ **'વિસર્ગ લીલા'** ઉત્તમ સૃષ્ટિ ઉત્પન્ન કરવાના હેતુવાળી હોઈ, માત્ર ધર્મ જ તેને માટે બહુ ઉપયોગી ન થાય, તેથી ભગવાન દક્ષની તેરમી પત્ની **'મૂર્તિ'** દ્વારા **'નર'** અને **'નારાયણ'** એમ બે સ્વરૂપથી પ્રકટ થયા. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે અહીં **'પુષ્ટિમાર્ગ'** અને **'મર્યાદામાર્ગ'** એ બન્ને માર્ગ સંબંધી 'ક્રિયા', 'જ્ઞાન' વગેરે દર્શાવવા બે સ્વરૂપથી - (૧) **સર્વ બ્રહ્માંડરૂપ 'નર' સ્વરૂપથી** અને (૨) **અંતર્યામી સ્વરૂપે - 'નારાયણ'નો અવતાર ભગવાને લીધેલો**, જે 'તપ' કરનારૂ સ્વરૂપ છે. તેઓ સર્વકાર્ય કરતાં હોવાથી **'સર્વરૂપ'** છે, જેથી પુષ્ટિનું કર્મ કરવા તેમણે જુદા જુદા અવતારો ધારણ કરેલાં. 'નર' સ્વરૂપમાંનો નારાયણનો માત્ર આવેશ જ છે.

'દક્ષ'ની સૌથી નાની પુત્રીનું નામ **'સતી'** હતું. જેમ દીવામાંથી કાજળ થાય છે તેમ દક્ષના અભિમાનના અંશને ગ્રહણ કરી તે જન્મી હતી, અર્થાત્ દક્ષનો અભિમાનનો અંશ જ તેનાથી છુટો પડી પુત્રીરૂપે જન્મ્યો હતો. આમ તે દોષરૂપ અભિમાનનું સ્વરૂપ હોઈ, પિતાના ઘરના નાશનું અને પતિને મલિન કરનાર શાપનું કારણ બની હતી, તે અભિમાનનું સ્વરૂપ હોવાથી અભિમાનરૂપ તમો ગુણના અધિષ્ઠતા દેવ શિવની સાથે તેને પરણાવવામાં આવી હતી, કારણ કે તેમ કરવાથી જ તેનું સ્વરૂપ નભે તેમ હતું. તેનાથી તેનો પોતાના મૂળ સ્વરૂપમાં 'લય' થાય.

ત્રીજા સ્કંધની **'સર્ગ લીલા'**માં દેવહુતિની કથા બતાવી, હવે ચોથા સ્કંધની **'વિસર્ગ લીલા'**માં સ્વાયંભુવ મનુની બીજી બે પુત્રીની કથા કહી છે. ભગવાને પોતાની શક્તિ પધરાવી, તેનાથી થતી ભગવાનની લીલાના ક્રમ પ્રમાણેની કથા છે. આ લીલામાં **'આહૂતિ'** પ્રસૂતિ અને ઉત્તાનપાદનો અંગીકાર ભગવાને કર્યો છે, તેથી તેનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. **ભાગવતમાં કોઈ વ્યક્તિ કે રાજાઓની કથાના ઉદ્દેશ્ય નથી પરંતુ ભગવાનની લીલાઓની કથાનો જ મુખ્ય ઉદ્દેશ્ય છે.**

આહૂતિને મનુએ **રુચિ-ઋષિ** સાથે પરણાવ્યા છે, એવી શરત સાથે કે તેમનો પુત્ર તેમને મન્વન્તર રક્ષા માટે પાછો મળે. તદ્નુસાર તેમના પુત્ર 'સુયજ્ઞ'ને મનુ લઈ ગયા અને બીજી પુત્રી થઈ જેનું નામ **'દક્ષિણા'** હતું. આ બન્ને 'લક્ષ્મીનારાયણ'ના અંશરૂપ હતાં તેથી બન્ને જુદા ન રહે, માટે બન્નેનો વિવાહ થયો. ભગવાન અપ્રાકૃત હોવાથી આ વિવાહ તેમને માટે દોષરૂપ ન હતો. 'સુયજ્ઞ' અને દક્ષિણાને બાર પુત્રો 'તુષિતા' નામના દેવો થયા.

મનુના બીજા પુત્રી દેવહૂતિ કર્દમ ઋષિને વર્યા હતાં, જેમને ત્યાં પુત્ર રૂપે ભગવાન 'કપિલ' પધાર્યા. તેઓ કપિ જેવી ચંચળતાને-વિષમભોગવૃત્તિઓને પોતાના જ્ઞાનોપદેશથી છેદીને દૂર કરનાર હોવાથી 'કપિલ' કહેવાયા. તેમની નવ પુત્રીઓ નવ બ્રહ્મર્ષિઓને પરણાવવામાં આવી. મરીચિને **કલા**, અત્રિને **અનસૂયા**, અંગિશને **શ્રદ્ધા**, પુલત્સ્યને **હવિર્ભૂ**, પુલહને **ગતિ**, ક્રતુને **ક્રિયા**, ભૃગુને **ખ્યાતિ**, વશિષ્ટને **અરુંધતિ** અને અથર્વાને **શાંતિ**.

બ્રહ્માજીની પ્રેરણાથી અત્રિ ઋષિએ એક પગે ઉભા રહી સો વર્ષ પર્યન્ત તપ કરી પ્રભુની શરણાગતિ કરવાથી તેમની સમક્ષ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ત્રણેય પ્રસન્ન થઈ પ્રકટ થયા અને તેમને ત્યાં અનુક્રમે **'ચંદ્ર'**, **'દત્ત'** અને **'દુર્વાસા'** પુત્રરૂપે અવતર્યા. અત્રિના પુત્ર 'આત્રેય' કહેવાય તેથી દત્ત- **'દત્તાત્રય'** કહેવાયા.

મનુએ ત્રીજી પુત્રી પ્રસૂતિને દક્ષ સાથે પરણાવ્યા. દક્ષ કર્મકાંડમાં નિપૂણ હતાં, પરંતુ અભિમાન અનર્થ ને સર્જે છે. તેમને ત્યાં મનની ૧૬ કલારૂપ ૧૬ દીકરીઓ થઈ. તેમણે પોતાની ૧૬માંથી ૧૩ કન્યાઓને **'ધર્મ'** સાથે પરણાવી. ધર્માચરણ કરનારને ધર્મની સફળતા માટે તેનામાં પતિનરૂપ ગુણ હોવા જરૂરી છે, જેનાથી ધર્મનું સારૂં ફલ મળે જે પુત્રરૂપ ગણાય. જો પત્નીના નામે ઓળખાયેલો ગુણ ન હોય તો ધર્મ અધૂરો રહે અને તેનામાં અનર્થ ઘૂસે જેનાથી અશાંતિ અનુભવાય. ધર્મના વિભિન્ન પત્નીઓથી ફલ રૂપ પુત્રો આ પ્રમાણે બતાવ્યા છે - (૧) શ્રધ્ધાથી **'શુભ'**, (૨) મૈત્રીથી **પ્રસાદ**, (૩) દયાથી **અભય**, (૪) શાંતિથી **સુખ**, (૫) તુષ્ટિથી **મુહૂ**, (૬) પુષ્ટિથી **સ્મય**, (૭) ક્રિયાથી **યોગ**, (૮) ઉન્નતિથી **દર્પ**, (૯) બુધ્ધિથી **અર્થ**, (૧૦) મેધાથી **સ્મૃતિ**, (૧૧) તિતિક્ષાથી **ક્ષેમ**, (૧૨) હ્રીથી **પ્રશ્રય** અને (૧૩) (સત્વ) મૂર્તિથી **નર-નારાયણ**. જ્યાં ધર્મ હોય ત્યાં પત્નીરૂપે કહેલા તેર ગુણો આવે અને પુત્ર રૂપે કહેલા સત્ફલ મળે. એજ ધર્મની પૂર્ણતા કહેવાય.

● અધ્યાય ૨

પ્રજાપતિઓના યજ્ઞમાં ઋષિઓ-દેવો સૌ એકઠા થયા હતા તે સમયે જ્યારે 'દક્ષ' ત્યાં આવ્યો ત્યારે અભિમાનના કારણ **શિવજી**એ ઊભા થઈ સત્કાર ન કર્યો. **'સતી'** રૂપે 'દક્ષ'નું અભિમાન છુટ્ટું પડી ગયેલું હોવાથી તેમને દ્વેષ ન થવો જોઈએ, પરંતુ તેની પુત્રી 'સતી'નું તેના મનમાં સદા સ્મરણ રહેવાથી, તેનું **અભિમાન** અને **દ્વેષ** ભાવના બન્ને તેમાં જાગ્રત હતા, અને તેથી તેણે શિવજીને શાપ આપ્યો કે તે દેવના સમૂહમાં અધમ હોઈ તેને યજ્ઞમાં ભાગ નહીં મળે તેમ સૂચવ્યું. અર્થાત્ યજ્ઞરૂપે કર્મ સાથે શિવને સંબંધ ન રહે તે માટે 'શાપ' આપ્યો. આમ થવા છતાં શિવજી તો શાંત રહ્યા, પરંતુ તેમના મુખ્ય સેવક ધર્મરૂપ **નન્દી** પોતાના અધિદેવનું અપમાન સાંખી ન શકવાથી તેણે દક્ષને અને તે યજ્ઞ કાર્ય કરાવી રહેલા બ્રાહ્મણોને, **'તેઓને ધર્મથી પ્રાપ્ત થનારૂં તત્ત્વજ્ઞાનરૂપ ફળ ન મળે'** તેવો શાપ આપ્યો. તેનો હેતુ એ હતો કે સત્સંગ વૈરાગ્ય વગેરે સાધનો કરીને પણ

તેઓ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત ન કરે. આમ ધર્મનો નાશ થાય તેવો નન્દીનો શાપ **ભૃગુઋષિ** સહન ન કરી શક્યા કેમ કે તેઓ ધર્મરૂપ બ્રહ્માના દેહની ત્વચારૂપ હતાં અને સૌ પ્રથમ બહારનું દુ :ખ ત્વચાને જ થાય. તેથી તેમણે પરત સામો શાપ આપ્યો કે જેનાથી (૧) **વૈદિક મુખ્ય ધર્મમાં શિવજીનું પાખંડ પ્રવેશ ન કરે**, અર્થાત્ તેનાથી તેની હાની ન થાય, (૨) **શિવજીનો ધર્મ અધર્મ જ રહે**. જેનાથી નરક ઈત્યાદિની પ્રાપ્તિ થાય, (૩) **તેમના શિષ્યો પાખંડ ધર્મમાં જ પ્રવૃત્ત રહે**. ભૃગુનો આ શાપ નન્દીએ આપેલા શાપથી ઘણો ભારે હતો, તેથી શ્રી મહાપ્રભુજી કહે છે કે **'વેદ પ્રમાણે ભગવાનનું ભજન કરવાનું પડતું મૂકી, બીજા માર્ગે ભજન કરવાનો પ્રયાસ ન કરવો.'** નન્દીએ શાપ આપતાં **''શિવનો દ્વેષ કરનારાઓને મોહ થાઓ''** એમ કહેલું તેથી તેમનો શાપ શિવજીનો દ્વેષ કરનારાઓને જ લાગે તેમ હતો, તેથી જે શિવજીનો દ્વેષ બંધ કરે તો તે ધર્મ આચરી શકે તેમ હતું પરંતુ ભૃગુનો શાપ તો ક્યારેય અટકે તેમ ન હતો.

વાસ્તવમાં શિવજી આ બધું થશે તેમ જાણતાં હતાં, છતાં આમ પરસ્પર શાપ આપવામાં આવતાં તેઓ ખેદ પામ્યા. તેમણે વિચાર્યું કે પાખંડ ધર્મ ઘણા વધી ગયા હોઈ, પહેલા જેવો ધર્મ-પ્રચાર હવે થશે નહીં. જો 'કાળ'ના પ્રતાપે તેમ બન્યું હોત તો તેઓ દુ :ખી ન થાત પરંતુ પોતાના કારણે જ આમ થયું છે તેમ વિચારી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. યજ્ઞની મધ્યમાં જ તેનો નાશ થાય તેવું વિઘ્ન આવવાથી ઋષિઓ પણ વિચલિત થયા પરંતુ ભગવાનને આધીન **'કર્મ'** હોઈ તે પૂર્ણ થશે તેવી શ્રધ્ધા રાખી. ભગવાન સર્વ કાંઈ કરશે તેમ વિચારી તેઓ બે નદીઓના સંગમમાં સ્નાન કરી નિર્મલ થયા.

આમ યજ્ઞની મધ્યમાં જ યજ્ઞનો નાશ કરે તેવું વિઘ્ન ઉત્પન્ન થવાથી ઋષિઓ પણ ભય પામ્યા, પરંતુ તેઓ ઋષિઓ હોવાથી તેમણે જાણ્યું કે ભગવાન જ દોષ ન રહે તે પ્રકારે યજ્ઞ પૂર્ણ કરાવશે. તેથી તેમણે તે કર્મ ભગવાનને અધીન કરી તેમને સમર્પણ કરી તેમનું એકલાનું જ તેમાં પૂજન કર્યું. એ રીતે યજ્ઞ સંપૂર્ણ થાય તેવું સાધન કર્યુ. તે પછી ત્યાં ભગવાનના તીર્થ પ્રયાગમાં સર્વ દોષને દૂર કરનારા ભગવાનની ચરણની રજવાળી ગંગાથી અલૌકિક શરીર પ્રાપ્ત થશે અને પહેલાના દોષો દૂર કરવાનું નહીં થાય તો પણ ભગવાન પુષ્ટિમાર્ગથી તે સર્વ કરશે એમ વિચારીને, તે પવિત્ર નદીઓના સંગમમાં સ્નાન કરીને નિર્મલ થયા. આમ ભવિષ્યમાં ધર્મ પ્રાપ્ત થશે તેમ વિચાર્યું.

● અધ્યાય ૩

આ અધ્યાયમાં 'અનર્થ'ની ઉત્પત્તિ અને શિવજીએ કરેલા તેના નિવારણના પ્રયાસનું વર્ણન કરવામાં આવ્યું છે. અભિમાન રૂપ **'સતી'**ના સંબંધને લીધે શિવજીને દ્વેષ થયેલ પરંતુ તેમને શાપના કારણે **'કર્મ'** અર્થાત્ **'યજ્ઞ'** સાથે સંબંધ રહ્યો નહીં. તેથી તેમને 'દ્વેષ' થવાનું કારણ રહ્યું નહીં, અને તેવી જ રીતે દક્ષને પણ દ્વેષ થવાનું સંભવતું નથી, છતાં દ્વેષના કારણરૂપ **'સતી'** સાથે તેનો દેહથી સંબંધ હતો. તેથી તેને પણ દ્વેષ થયો હતો. દક્ષ શિવજીનો ઘણો દ્વેષ કરતો હોવા છતાં

બ્રહ્માજીએ તેની પ્રજાપતિઓના અધિપતિ પદે, તેમનો અભિષેક કર્યો. જેનાથી તેમનું અભિમાન વધે તે સ્વાભાવિક છે, પ્રજાપતિઓના અધિપતિના અધિકારનું ક્ષેત્ર ઘણું વિશાળ હોવાથી તે અધિકારથી ધર્મનો નાશ થાય તેમ હતું. દક્ષે વાજપેય યજ્ઞ કર્યો, જે એક વિશિષ્ટ પ્રકારના યજ્ઞ હોવાથી અને તેને બ્રહ્મનિષ્ઠ પુરુષોનું અપમાન કર્યું, તે કારણે દક્ષને અભિમાન થયું. દક્ષે આ ઉત્તમ વૈદિક યજ્ઞ કર્યો જે પ્રતિષ્ઠાની અવધિરૂપ હતો, અને તે પોતે બ્રહ્મનિષ્ટ પણ હતો. તેમ છતાં તે યજ્ઞનો પણ નાશ થયો કારણ કે આ યજ્ઞ કાલગ્રસ્ત ભૂમિમાં થયેલો હતો. ભૃગુ વગેરે યજ્ઞ કરાવનાર ઋષિઓ સર્વજ્ઞ હતાં, છતાં ભગવાનની ઈચ્છાને લીધે અથવા દક્ષ વગેરેના દુર્ભાગ્યને લીધે તેમણે કાળ ગ્રસ્ત ભૂમિમાં યજ્ઞ કરાવ્યો, તેથી દક્ષને ત્રણ દોષ થયા - (૧) **પ્રજાપતિના અધિપતિનો અધિકાર,** (૨) **બ્રહ્મનિષ્ઠોનું અપમાન થયું તેવો વાજપેય યજ્ઞ કર્યો, અને તે બન્ને ક્રિયાના દ્વારા તેને અભિમાન થયું,** અને (૩) **કાળગ્રસ્ત યજ્ઞભૂમિમાં યજ્ઞ કર્યો.**

દક્ષે યજ્ઞ શરૂ કર્યો ત્યારે સૌને નિમંત્રણ આપ્યા પરંતુ **'સતી'**ને ત્યાં નિમંત્રણ ન મોકલ્યું. તેઓ શંકરને તો બોલાવવા જ માંગતાં ન હતાં. જ્યારે સતીએ આકાશ માર્ગે વિમાનોમાં દેવ-સ્ત્રીઓને જોયાં ત્યારે તેમણે જાણ્યું કે પિતા દક્ષને ત્યાં યજ્ઞ મહોત્સવ થવાનો છે. તેથી તેમણે જઈ પતિને ત્યાં શાસ્ત્રીય યજ્ઞમાં જવા માટે આજ્ઞા માંગી, અને સમજાવ્યું કે પિતાને ત્યાં મંગળ પ્રસંગે જવાનું તેમને મન છે, તેને માટે પિતાના નિમંત્રણની રાહ જોવાની આવશ્યકતા ન હોય. શંકરે તેમને સમજાવતાં કહ્યું કે અજાણતાં નિમંત્રણ ન મળ્યું હોય તો જવામાં વાંધો ન હોય પરંતુ ઈરાદાપૂર્વક ઈર્ષાથી કે અનાદર થતો હોય ત્યાં જવું અનુચિત ગણાય. તેમણે કહ્યું કે 'તમે પ્રજાપતિના પુત્રી છો, છતાં મારે કારણે તમને બોલાવ્યાં નથી.' વળી કહ્યું કે દેવોના યજ્ઞમાં હું નિર્દોષ હોવા છતાં દક્ષે મારો અપશબ્દોથી તિરસ્કાર કર્યો છે, તેથી તમારો તે પિતા હોવા છતાં મારો દ્વેષી છે, માટે તેને મળવું પણ યોગ્ય નથી.

જ્યારે સતીએ પૂછ્યું કે 'દક્ષ સભામાં આવ્યા ત્યારે તમે ઉભા કેમ ન થયા?' તેનો ખુલાસો કરતાં શંકર કહે છે કે **માન ત્રણ પ્રકારે અપાય. પ્રિય કે પૂજ્ય આવે ત્યારે ઉભા થઈ સામા જવાય, સામાન્ય કે સમાન આવે ત્યારે આદર અપાય અને અધિકારી કે ગુરુજન આવે તો વંદન અને વિવેકથી આદર થાય. પણ માન દેહને નહીં તેમાં બિરાજતા દેવને અપાય! મેં દેહાભિમાની દક્ષને ભાન કરાવવા તેના પર દયા કરી છે!** તેમ છતાં જો તમે ત્યાં જશો તો અમંગલ જ થશે તેમ જાણજો.

અહીં સ્વાભાવિક પ્રશ્ન થાય કે જો દક્ષને આ ત્રણ દોષ લાગેલા હતા તો તેના ઉત્સવનું વર્ણન શા માટે કર્યું હશે? વળી પતિભક્ત 'સતી'ને ત્યાં જવાની ઈચ્છા કેમ થઈ? તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **''ઉત્તમ પુરુષનો તિરસ્કાર કોઈ પણ પુરુષના સર્વ કલ્યાણનો નાશ કરે છે.''** અહીં શિવજીનો દ્વેષ તેમણે કર્યો હોય તેવાની ઉન્નતિ થાય નહીં; આ વાત

જાણવા છતાં સતીએ તે ઉન્નતિ જોઈને યજ્ઞમાં વિઘ્ન કરાવવા માટે જ પ્રવૃત્તિ કરી, તે વાત જણાવવા આ યજ્ઞના ઉત્સવનું વર્ણન કરવામાં આવ્યું છે. સતી **'પતિ-ભક્ત'** હતી, તેથી તેમનો દ્વેષ કરનારની જો ઉન્નતિ જુવે તો તે તેમાં વિઘ્ન કરે તે યોગ્ય જ પ્રતિક્રિયા હતી. બીજી મહત્ત્વની વાત એ હતી કે દક્ષની ઉન્નતિ તેના પ્રારબ્ધ કર્મને કારણે થયેલી, **'ભગવદ્-દત્ત'** ન હતી, અન્યથા તેમાં વિઘ્ન કરવાનું અશક્ય જ હોય.

પ્રારબ્ધ કર્મ - (જે કર્મના ફળ ભોગવવાનો આરંભ થયેલો છે તે **'પ્રારબ્ધ કર્મ'** કહેવાય અને જેના ફળ ભોગવવાનો આરંભ ન થયો હોય તેને **'સપ્રારબ્ધ કર્મ'** કહેવાય) ના કારણ થયેલી દક્ષની ઉન્નતિનો નાશ શા માટે થયો તેવી શંકાનો ખુલાસો કરતાં, શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે અહીં સર્વ કર્મોને બાળી નાખનાર તત્ત્વજ્ઞાનથી પણ જે બંધ થઈ શકતો નથી તેવા પ્રારબ્ધથી ઉત્પન્ન થયેલા ભોગનો આરંભ પણ મોટા પુરુષના દ્વેષથી બંધ થઈ ગયો. અહીં દક્ષ શિવનો દ્વેષ કરતો હોવાથી, ફળના ભોગનો આરંભ થયેલ તેવા શુભ પ્રારબ્ધવાળા દક્ષના શરીરનો પણ નાશ થયો છે. સતી તે માટે નિમિત્ત બની કેમ કે દ્વેષ તેના લીધે ઉત્પન્ન થયેલો હોવાથી તે તેનું ફલ પ્રાપ્ત કરાવનારી થઈ. **શ્રી વલ્લભાચાર્યજીએ આ શાપ અને તેનાથી પ્રાપ્ત થતાં ફળનો ખુલાસો અણુભાષ્યના 'ફળ' અધ્યાયમાં વિસ્તારથી કર્યો છે.**

પાપ અને પુણ્ય કોઈ સ્થૂળ પદાર્થ નથી અને તેથી તે કોઈથી લેવાય તેવા પદાર્થ નથી, છતાં શ્રુતિમાં કહ્યું છે તેમ કોઈ એકાદશીનો ઉપવાસ કરવા માટે જો અશક્ત હોય તો તેને પત્ની પોતે કરેલો ઉપવાસ આપે તો તેનું પુણ્ય તેને મળે છે. પુરાણમાં પણ **'પુરુ'** એ યયાતિનું ઘડપણ લીધાનું જણાવેલ છે તેમ અહીં પણ પાપ અને પુણ્ય શત્રુઓ અને મિત્રો લે તે સંભવે છે. શ્રુતિ વચન છે કે મિત્રો પુણ્ય લે છે અને શત્રુઓ પાપ લે છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **''મોટા પુરુષની કૃપાથી પુણ્ય વિના પણ, બીજાથી રોકાઈ ન શકે તેવું શુભ ફળ પ્રાપ્ત થાય છે અને તેમનો દ્વેષ કરવાથી પાપ વિના પણ બીજાથી રોકાઈ ન શકે તેવું દુ:ખ પ્રાપ્ત થાય છે.''** અહીં દક્ષના સંબંધમાં પણ એમ જ થયું છે. ભગવાન જ ધર્મની સિધ્ધિ કરાવી શકે છે તે આ પ્રકરણનો **'અર્થ'** અહીં સમજાવે છે.

અહીં પ્રશ્ન ઉદ્‌ભવે કે સતીએ પતિ માટે જ એવી પ્રવૃત્તિ કરી ત્યારે શિવે તેને તેમ કરતાં શા માટે અટકાવી નહીં? તેનો ખુલાસો કરતાં કહે છે કે શિવ સતીના તેમ જ યજ્ઞના પણ અધિદેવ હતાં. તેથી જો દક્ષના યજ્ઞમાં જશે તો સતીનો અને યજ્ઞનો બન્નેનો નાશ થશે એવા વિચારથી તે બન્નેનું રક્ષણ થાય તે માટે શિવજીએ સતીને ત્યાં જતાં અટકાવનારા વચન કહ્યા હતાં, પણ તેમને અટકાવ્યા ન હતાં; કારણ કે પિતાને ત્યાં યજ્ઞમાં જતા અટકાવે તો પણ સતી મૃત્યુ પામત. વળી યજ્ઞમાં જઈને જો સતી મૃત્યુ પામે તો કદાચ દ્વેષ કરતાં દક્ષ અટકે, પરંતુ જો પોતાને ઘેર મૃત્યુ પામે તો 'પુત્રી આવવા ઈચ્છતી હતી છતાં રોકી' જાણીને દક્ષનો દ્વેષ વધત. તેથી શિવે સતીને યજ્ઞમાં

જતાં અટકાવવાના વચન જ કહ્યા પણ તેને અટકાવ્યા નહીં, અને જવા દીધાં.

- **અધ્યાય ૪**

આ અધ્યાયમાં બતાવ્યું કે શિવજી સતીને યજ્ઞમાં જતાં અટકાવવાના વચન કહીને શાંત થયા, પરંતુ 'સતી'ને શાંતિ થઈ નહીં, અને પોતાનું ધાર્યું જ કર્યુ. ભગવાન શંકરે વિચાર્યું કે 'જો સતીને નહીં જવા દઉં તો તેઓ અહીં જ મરશે અને જવા દઈશ તો ત્યાં મરશે એ નિશ્ચિત છે. જો અહીં મરશે તો દક્ષનો દ્વેષ વધશે.' આમ વિચારી તેમણે સતીને નંદીકેશ્વર પર પધરાવ્યા અને જોઈતી ચીજવસ્તુઓ આપી વિદાય કર્યા. સતી પિતાને ત્યાં આવ્યાં, માતા-બહેનને મળ્યા, પણ પિતાએ તેમના તરફ લક્ષ ન આપ્યું. તેઓ યજ્ઞ કાર્યમાં રોકાયેલ છે તેમ સતીએ માન્યું. તેમણે જોયું કે રુદ્રનું સ્થાન મંડપમાં ક્યાંય ન હતું. તેથી સમજાયું કે ઈરાદાપૂર્વક પતિનું અપમાન કરવામાં આવ્યું છે. તેથી પોતાની ભૂલ સમજાઈ અને પશ્ચાતાપ થવા લાગ્યો. ક્રોધમાં આવી પિતાને સંબોધીને બોલવા લાગ્યા કે ''નિર્વેર શંકરનો વિરોધ તમારા વિના કોણ કરે ? કોઈના દોષને પણ ગુણ ગણે, અલ્પ ઉપકારને પણ અમૂલ્ય સમજીને યાદ કર્યા કરે, તેવા પુણ્યતમ પુરુષો તો કોઈક જ હોય. દુષ્ટ પુરુષોને તો ગુણમાં પણ દોષ જ દેખાય. જ્યાં પ્રિય કે પૂજ્યની નિંદા થતી હોય તે સાંભળ્યા વિના કાન બંધ કરી ત્યાંથી ચાલ્યા જવું જોઈએ અને સામર્થ્ય હોય તો નિંદા કરનારને રોકવો જોઈએ, અથવા પોતાના પ્રાણ ત્યજી દેવો જોઈએ. તમારો દીધેલો આ દેહ પણ ભારરૂપ છે. મોટાનો અપરાધ કરનારનો જન્મ ધિક્કાર રૂપ છે. શંકરના અપમાન નિમિત્ત થનારો દેહ હું છોડી દઈશ.''

સતીએ ભગવાન શંકરના ચરણાર્વિંદ હૃદયમાં ધારણ કર્યા અને અનલ (અગ્નિ) અને અનિલ (વાયુ)ની ધારણ કરી, જેથી યોગાગ્નિ પ્રકટ થયો અને સતીનું શરીર ભસ્મભૂત થયું. આમ પિતાને ત્યાં સન્માન ન થતાં પોતાના દેહને બાળી તેનો નાશ કર્યો. તેનું કારણ એ હતું કે તેમના દેહનો નાશ અન્ય કશાથી થઈ શકે તેમ ન હતો અને તેથી તેઓ મૃત્યુ ન પામે ત્યાં સુધી તેઓના દ્વેષનો પણ નાશ થાય તેમ ન હતું. મૃત્યુ પામીને તેમણે પોતાના **'પાતિવ્રત્ય'**નું રક્ષણ કર્યું, પતિ પરત્વે ભક્તિ બતાવી, તેમ જ નન્દીએ બ્રાહ્મણોને આપેલા શાપને પણ સત્ય કર્યું. અહીં પોતાના અસાધારણ કાર્યનો ઉદ્દેશ્ય સમજાવ્યો છે.

- **અધ્યાય ૫**

આ અધ્યાયમાં દક્ષના અને તેન યજ્ઞના બન્નેના નાશની વાતનું નિરૂપણ કર્યું છે. અભિમાનરૂપ સતીએ પોતાના દેહને બાળી શિવજીના દેહમાં પ્રવેશ કર્યો, તેના સમાચાર નારદજીએ શિવજીને આપ્યા જેનાથી દક્ષના યજ્ઞનો નાશ થવાનો સંભવ હતો. શિવજીના સેવકો જેઓ પણ સતી સાથે યજ્ઞમાં ગયેલા પરંતુ તેમણે તે સમાચાર શિવજીને ન હતાં આપ્યા. શિવજીએ સમાચાર મળતાં, પોતાની અંદર પ્રવેશેલી (સતીરૂપ) અભિમાનને કાઢી નાંખવા પોતાની જટા કાઢીને જમીન પર

નાંખી જેનાથી દ્વેષ સાથેના અભિમાનરૂપ **વીરભદ્ર** ઉત્પન્ન થયો તેના દ્વારા શિવજીએ દક્ષના યજ્ઞનો નાશ કરાવ્યો, જે માટે તેઓ દોષિત ન હતા કારણે તે યજ્ઞ તેના અધિદેવ વિનાનો હતો. આમ દક્ષના પોતાના દોષથી જ તેના યજ્ઞનો નાશ થયો. વીરભદ્રે યજ્ઞશાલા, યજ્ઞપાત્રો વગેરે સર્વનો નાશ કર્યો જેથી તેવો યજ્ઞ ફરીથી પ્રકટ ન થાય.

શ્રુતિ વચન - **'યજ્ઞ ખરેખર યજમાન છે'**, એના ગીતાવાક્ય- **'જેની જેમાં શ્રધ્ધા હોય છે, તે તેજ છે'** (૧૭/૩) પ્રમાણે દક્ષને યજ્ઞ ઉપર ઘણો જ પ્રેમ હતો તેથી જ્યાં સુધી દક્ષને હણવામાં ન આવે ત્યાં સુધી યજ્ઞનો સંપૂર્ણપણે નાશ થાય નહીં. તેથી દક્ષને વીરભદ્રે હણ્યો. માથુ મુખ્ય અવયવ હોવાના કારણે તેથી દક્ષનું માથું હણી લીધું અને તેનો જ અગ્નિમાં હોમ કરી બાળી નાંખ્યું. તેના માથામાં દોષવાળી ઈન્દ્રિયો હતી જે તામસ હોવાથી તેમાં રાક્ષસોનો ભાગ હતો. જો માથાને બાળવામાં ન આવે અને તેજ માથું પાછું ધડ સાથે જોડવામાં આવે તો ફરી શિવજીનો દ્વેષ કરે. તેવી સ્થિતિ ટાળવા તેના માથાને ભસ્મ કરવામાં આવ્યું.

બ્રહ્માજીની પ્રાર્થનાથી દક્ષને જીવતો કરવા તેના ધડ સાથે બોકડાનું માથું જોડી દેવામાં આવ્યું કારણે જેમ યજ્ઞમાં હોમવાના પશુનું માથું ઉતારવામાં આવે છે, તે પ્રમાણ દક્ષનું માથું ઉતારવામાં આવ્યું હતું. આનું કારણ સમજાવતાં કહે છે કે જેમ બ્રહ્મજ્ઞાનીને મોક્ષ પ્રાપ્ત થાય ત્યારે તે બ્રહ્મમાં જ લીન થાય છે, તેમ અહીં કર્મમાર્ગમાં **સંજ્ઞપન વિધિથી** (શ્વાસ અંદર રાખીને) માથું ઉતારેલ હોય તો તેના પ્રાણને યજ્ઞમાં જ લય થાય છે, એમ કર્મમાર્ગવાળાઓની માન્યતા છે. યજ્ઞની ભાવનાથી યજ્ઞરૂપ બનેલા દક્ષના પ્રાણો પણ તેના આત્મામાં જ જો લય પામે તો **'યજ્ઞ ખરેખર 'વિષ્ણુ' છે'**, તે શ્રુતિવાક્ય પ્રમાણે તે યજ્ઞરૂપ બની પોતાના અધિદેવ સ્વરૂપ વિષ્ણુમાં જ લીન થઈ, ફરી તેમાંથી બહાર નીકળવાની શંકા ન રહે તેવો થાય. આવા પ્રયોજનથી તેનું માથું સંજ્ઞપન વિધિથી ઉતારેલું હતું.

અહીં એક શંકાનો ખુલાસો કરતાં કહે છે કે જેમ શ્રુતિવચન પ્રમાણે 'બ્રહ્મ જાણનારનો તે પ્રમાણે બ્રહ્મમાં લય થાય છે', તેવો કોઈ શ્રુતિનિર્દેશ કર્મમાર્ગના સંબંધમાં નથી તો અહીં સંજ્ઞપન વિધિથી વધ કરવાનું શા માટે સુચન છે? તે માટે કહે છે કે- ''શ્વાસને અંદર રાખીને મરણ પામનારો'' જ્ઞાની જેમ પોતાના આત્મામાં લય પામે છે તેમ અહીં પણ સંજ્ઞપન વિધિથી મરણ પામનાર કર્મમાર્ગવાળા હોવાથી તેમનો યજ્ઞરૂપ પોતાના આત્મામાં જ લય પામે છે, એવો મત છે. બીજો ખુલાસો કરતાં કહે છે કે **''મરણ પામ્યા પછી કર્મનું જે ફળ રહે છે તે કર્તાને તેની આજ્ઞા કરનારને અને તેમાં સમ્મતિ આપનારને સમાન છે.''** એવું શાસ્ત્ર વચન છે, તેથી જ્યારે સભામાં દક્ષ શિવજીને શાપ આપતો હતો ત્યારે દાઢી-મૂછ દેખાડીને હસનાર ભૃગુની દાઢી-મુછ ખેંચી કાઢ્યા, આંખની સૂચના આપનારની આંખો ખેંચી નાંખી, દાંત દેખાડી હસનારના દાંત પાડી નાંખ્યા. વળી સંજ્ઞપન વિધિથી હણાયેલ પશુઓને બીજો દેહ પ્રાપ્ત થાય છે તેમ દક્ષને પણ જીવતો

કરી શકાયો, પરંતુ ભૃગુ ઈત્યાદિને બીજી ઈન્દ્રિયો આપવામાં ન આવી. બીજી એક શંકા કે સંજ્ઞપનવિધિથી વધ કરવામાં આવે તો તે ધર્મ છે, તેવી જો શાસ્ત્ર આજ્ઞા હોય તો દક્ષના વધનું કારણ પાપ કેમ હોઈ શકે? તેના ખુલાસામાં કહે છે કે દક્ષ યજ્ઞમાં અધિદેવ વિના, તે કરતો હોઈને યજ્ઞ વૈદિક ન હતો. તેથી લૌકિક પશુની હિંસા જેમ પાપરૂપ છે તેના સમાન આ દક્ષનું પાપ હતું. યજ્ઞ તો લૌકિક જેવો હોવા છતાં યજ્ઞના જેવો હતો, તેથી તેને યજ્ઞ કહેલો છે.

આમ યજ્ઞનો સંપૂર્ણપણે નાશ કરી વીરભદ્રે કોઈપણ યજ્ઞના મંડપમાં ન રહે તે હેતુથી બાળી નાંખ્યો. કોઈ યજ્ઞ મંડપમાં છાયા માટે પણ બસે તો તેને ધર્મલાભ મળે, તેથી તેમ પણ ન થાય તે હેતુથી યજ્ઞ મંડપનો સંપૂર્ણપણે નાશ કરી વીરભદ્ર ત્યાંથી ચાલ્યો ગયો.

● અધ્યાય ૬

આ અધ્યાયમાં યજ્ઞસિધ્ધિની પ્રક્રિયા સમજાવે છે. ભૃગુ વગેરેએ શિવજીનો અપરાધ કરેલો, જેથી પોતાને દુ :ખ થયું છે તેમ કોઈ આગળ કહે તો તેના પર જ તેઓ ક્રોધ કરે પરંતુ જોતે પોતાના પિતા પાસે જાય તો પિતા કોપ ન કરે અને તેઓના સ્વભાવ મુજબ પ્રસન્નતા જ વ્યક્ત કરે તેવા વિચારથી તેઓ બધા પોતાના પિતા બ્રહ્મા પાસે ગયા. પ્રથમ તો બ્રહ્માજીએ તેઓને ઉપદેશ આપ્યો. ત્યાર પછી તેઓ કુબેર અને શિવજીના ધામ કૈલાસમાં બ્રહ્મા સાથે ગયા. અહીં કૈલાસધામનું વર્ણન કરેલું છે અને જે હેતુથી બ્રહ્માજી આવ્યા હતા તે મુજબ તેમણે શિવજીની સ્તુતિ કરી અને પછી પોતાના પ્રયોજન માટે તેમને પ્રાર્થના કરી.

બ્રહ્માજી પાસે દેવો એવા વિચારથી ગયા હતા કે તેઓ પોતાના પિતા હોવાના કારણે તેઓ પક્ષપાત કરીને શિવજીને પણ પક્ષપાત કરવાં કાંઈક કહેશે. આમ શિવજીમાં પણ દોષબુધ્ધિ રાખી તે તો બ્રહ્મા પાસે આવેલા જેનાથી અનર્થ દૂર થાય નહીં. તેથી જ પ્રથમ બ્રહ્માજીએ તેઓને બોધ આપ્યો, જેથી દેવોને સમજાય કે શિવ અને બ્રહ્મામાં ભેદ નથી, બન્ને એક જ છે. તેઓ સૌ જ્યારે શિવજીને મળવા કૈલાસ પર આવ્યા ત્યારે તે વનના સૌન્દર્યનું વર્ણન કર્યું. જેનું કારણ સમજાવતાં કહે છે કે જો દેવો શિવજીને દરીદ્ર જુએ તો તેઓ એમ વિચારે કે ‘‘અમે આપને (શિવજીને) યજ્ઞના ‘હવિષ’નો ભાગ આપ્યા નહીં તેથી તેઓ આમ દરિદ્ર થયા છે.’’ આવો વિચાર આવતાં દેવોને ગર્વ થાય, અને તેવા અભિમાનથી તેઓનું કલ્યાણ થાય નહીં, તેનું પરિણામ સારૂં ન આવે. દેવોને શિવજીના ઐશ્વર્યનું ભાન થાય. તે માટે તેઓની આગળ શિવજીના અને તેના મિત્ર કુબેરના વન, તેમની નગરી, નદી, વાવ વગેરેની સુંદરતાનું વર્ણન કરેલું છે. તદુપરાંત ત્યાંના પુષ્પો, ફળ, સુગંધ, પક્ષી, મૃગ, અપ્સરા, તેઓના વિલાસ, ત્યાં રહી તપસ્યા કરનાર મુનિઓ વગેરે જે ચારેય પુરુષાર્થની પ્રાપ્તિમાં ઉપયોગી છે, તે સર્વનું નિરૂપણ કર્યું છે.

આમ ખુબ સારી રીતે નિરૂપણ કરી બ્રહ્માજી પ્રથમ શિવની સ્તુતિ એવા આશયથી કરે છે કે તેઓ ‘બ્રહ્મ’ છે એમ સમજાવવા તેમનું માહાત્મ્ય પણ દેવોને બતાવી દઉં. સંક્ષિપ્તમાં તેઓ કહે છે

કે શિવજી તો સ્વયં 'બ્રહ્મ' છે, તેથી તેમને ક્રોધ થઈ શકતો નથી, આમ પ્રમાણ સહિત કહ્યું. વધુ સ્પષ્ટતા કરતાં કહે કે સર્વના કર્તા શિવ જ બ્રહ્મ છે, અને તેમના તે ગુણો વડે જ આ દેવો વગેરેના જે અંગો નાશ પામ્યા હતાં તેઓ તે પુનઃ પ્રાપ્ત કરાવશે. બ્રહ્માએ આવાં આશયથી શિવજીને પ્રાર્થના કરી કે દેવોના અવયવોનો પણ ભગવાનની સૃષ્ટિમાં સમાવેશ થાય છે તેથી તેમના અંગો ફરી રચવા જોઈએ તેમ બ્રહ્માજી શિવજીને વિનંતી કરે છે.

• અધ્યાય ૭

આ અધ્યાયમાં ભગવાન વિષ્ણુથી 'યજ્ઞ'ની સિધ્ધિ બતાવી છે. બ્રહ્માજીની પ્રાર્થના છતાં શિવે દેવોના અવયવો રચ્યા નહીં, કેમકે તેઓ પૂર્ણ ભગવાન નથી પણ માત્ર ભગવાનની સંહાર શક્તિનું રૂપ - તમોગુણના આધિદેવ માત્ર છે. વળી શિવજીએ પોતે જ વીરભદ્ર દ્વારા દેવોને શિક્ષા કરેલી, તે કારગત નીવડે નહીં. દક્ષનું માથું કાપવું વગેરે જે શિક્ષા કરી તેનું કારણ સમજાવતાં કહે છે કે શિવને યજ્ઞના હવિષનો ભાગ મળતો હતો તે તેણે બંધ કરાવેલ, અને યજ્ઞમાં જે ઉચ્છિષ્ટ રહે તે ભાગ દક્ષે આપવા માંડેલો. ઉપનિષદ વચન છે કે 'યજમાન પશુ છે', જેમ પશુ બીજાનું (દેવોનું) પોષણ કરે છે, તેમ યજમાન પણ પશુ વગેરે દ્વારા દેવોનું પોષણ કરનારો છે. આમ યજમાન અને પશુ બન્ને પશુરૂપ છે કારણ કે દેવોના પોષણ કરવાનું બન્નેનું પ્રયોજન એક જ છે. દક્ષના ધડ સાથે બોકડાનું માથું જોડવાનું પ્રયોજન બતાવતાં કહે છે કે યજ્ઞમાં દેવોના પોષણનું તાત્પર્ય હોવાથી, યજ્ઞમાં હોમવાના પશુનું જ માથું મુખ્ય હોઈ તે યજમાનના માથાને યોગ્ય ગણાય.

આ પછી પુનઃ દક્ષે વૈષ્ણવ યજ્ઞ કર્યો. તે પહેલાં યજ્ઞના આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક એ ત્રણેય સ્વરૂપનો નાશ થયેલ, અર્થાત્ તે યજ્ઞ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયેલ, તેથી તે પુનઃજીવિત કરવાનું શક્ય ન હતું. ભગવાન વિષ્ણુ પાલન કરનાર હોવાથી તે યજ્ઞનું પાલન કરે તે હેતુથી વિષ્ણુનું ભજન કરવું આવશ્યક હતું. પરંતુ માત્ર સ્તુતિથી તેમનું ભજન કરે તો તે વૈદિક ન ગણાય તેથી તેનાથી વૈદિક ફલ ન મળે માટે દક્ષે ફરીથી વિષ્ણુનો યજ્ઞ કર્યો. પૂર્વનો યજ્ઞ સંપૂર્ણપણે નષ્ટ થયો હોવા છતાં યજ્ઞ સ્વરૂપ ધર્મી તો હતા જ તેથી આ પુનઃ કરેલ યજ્ઞ સાર્થક હતો. દેશ કાલ વગેરે સાથેનું યજ્ઞનું સ્વરૂપ તિરોહિત થયેલ હોવાથી, યજ્ઞ સ્વરૂપથી કાર્ય થઈ શકે માટે દક્ષે આ વિષ્ણુનો યજ્ઞ કર્યો હોવાથી સર્વ કાર્ય સિધ્ધ થાય. તે માટે દક્ષે વિષ્ણુનું ધ્યાન ધર્યું, જેનાથી યજ્ઞસ્વરૂપ પ્રકટ કરવું અને યજ્ઞનું પાલન કરવું એ બે કાર્ય કરવાના હોઈ, બમણી ક્રિયાશક્તિ અર્થાત્ આઠ હસ્તોવાળા ભગવાન પ્રકટ થયાં. આમ કર્મથી જ ફલ પ્રાપ્તિ થાય એ સિધ્ધાંત ખોટો ઠરે છે, કેમ કે ભગવાન પોતે ફળ આપે છે. આવા પ્રકટ થતાં પ્રભુને શાસ્ત્રમાં **'અવતાર'** કહે છે. તેથી શ્રી મહાપ્રભુજીએ નિબંધ અને સુબોધિનીમાં અવતારોનું નિરૂપણ કરતાં **'કલ્કિ'**, **'ધન્વન્તરિ'** અને **'પ્રભુ'** એમ અવતારો ગણાવેલ છે. અગાઉ જણાવેલ અવતારો દ્વારા સર્વ કાર્ય સિધ્ધ થાય છે. આ સ્વરૂપો જ સર્વથી ઉત્તમ છે એવું જ્ઞાન કરાવવા તેમનું વર્ણન અને સ્તુતિ

કરવામાં આવેલ છે. આ અધ્યાયમાં ઓગણીસ જુદી જુદી સ્તુતિઓનું નિરૂપણ છે કારણ કે દક્ષથી બ્રાહ્મણો સુધીના ઓગણીસ સુધીનો પ્રત્યેકનો અપરાધ જુદો જુદો હતો.

અહીં એવી શંકા ઉત્પન્ન થાય કે જેમ યજ્ઞના દોષો દૂર કરવા વૈદિક કર્મ કરવાનું વિધાન છે તો સૌએ વૈદિક કર્મ જ કરવું જોયતું હતું, પરંતુ તેમણે તેમ ન કરતાં ભગવાનની સ્તુતિ માત્ર જ કેમ કરી? તેના ખુલાસામાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે જ્યાં સુધી ભગવાનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી જ અન્ય સાધન કરાય, પરંતુ જ્યારે ભગવાન પ્રાપ્ત થાય, તે પછી ન કરાય, કેમ કે ભગવાન શ્રીકૃષ્ણ **'સદાનંદ'** છે, જેમનો કોઈ પણ પ્રકારે સંબંધ થતાં જ, તેમના 'સત' તત્ત્વથી જ દોષો દૂર થઈ જાય છે, અને 'આનંદ' તત્ત્વથી 'ધર્મ' વગેરે ગુણો પ્રાપ્ત થાય છે. આમ જ્યારે **'સત્ + આનંદ'** એવા સદાનંદનો અવતાર થાય ત્યારે સૌ સેવકોએ પોતપોતાનું દૈત્ય પ્રકટ કરી પોતાના દોષો દૂર કરવા વૈદિક કર્મ કર્યા કરતાં તેમની સ્તુતિ કરવી જ યોગ્ય ગણાય, અને માટે જ અહીં સર્વેએ ભગવાનની સ્તુતિ કરી છે. ભગવાન પ્રકટ થયા પછી જો દોષ દૂર કરવા કર્મ કરે તો તે ધર્મમાર્ગથી તેમ જ ભગવાન્માર્ગથી પણ વિરૂધ્ધ ગણાય. માટે અહીં અંતમાં બધાની સ્તુતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

અધ્યાયના અંતમાં આ પ્રથમ પ્રકરણનો ઉપસંહાર કરતાં કહે છે કે ભગવાન શ્રીકૃષ્ણે 'પ્રભુ' સ્વરૂપે અવતાર લઈ દક્ષનો યજ્ઞ પૂરો કરાવ્યો, જેનાથી દક્ષને ધર્મ ઉત્તમ પ્રકારે સિધ્ધ થયો. કાળ વિતી ગયો હોવા છતાં તે જ કાળ સાથે દક્ષના પ્રયાસ વિના, તે જ કાળમાં તેનો 'યજ્ઞ' ઉત્તમ પ્રકારે સિધ્ધ થયો. અહીં બ્રહ્મા, વિષ્ણુ અને શિવને એક જ જાણવા એવો બોધ જે પ્રથમ બ્રહ્માજીએ દેવોને બોધ આપ્યો હતો તે ઉપદેશ ભગવાને દૃઢ કર્યો. તેથી તે ઉપદેશની યથાર્થતા સિધ્ધ થઈ. અહીં એ તથ્ય પ્રસ્તુત કર્યું કે ''જેમ વિષ્ણુ શિવમય છે, તેમ શિવ વિષ્ણુમય છે. ભગવાને સ્વયં જ આ સર્વ કાર્ય સિધ્ધ કર્યું. છતાં દક્ષને વરદાન આપ્યું કે તારી સદા ધર્મમાં જ બુદ્ધિ રહો. જેથી ભવિષ્યમાં નંદીના શાપને લીધે કુદરતી ધર્મ થાય તેમ ન હોવાથી દેવોના વરદાનથી શાપ દૂર થાય અને ધર્મની વૃધ્ધિ થાય.

પ્રથમ પ્રકરણમાં આપણે જોયું કે 'દક્ષ'ને ધર્મ પુરુષાર્થ ફલિત થયો; અર્થાત્ ધર્મના ફલરૂપ ભગવાન તેમને મળ્યા, તેમના દર્શન થયાં. તે પ્રભુની પ્રસન્નતાથી જ શક્ય બન્યું. અહીં સમજાવ્યું કે પ્રભુની પ્રસન્નતાથી જ પુરુષાર્થ સફળ થાય છે, અર્થાત્ મુખ્ય બાબત પ્રભુની પ્રસન્નતા છે, પ્રયત્ન તેમાં ગૌણ છે.

❀ પ્રકરણ ૨

આમ પ્રથમ પ્રકરણમાં સાત અધ્યાયોથી **ધર્મ** પુરુષાર્થનું નિરૂપણ કરી બીજા પ્રકરણમાં અધ્યાય (૮)થી (૧૨) પર્યંત પાંચ પ્રકરણોમાં **અર્થ** પુરુષાર્થને સમજાવે છે. આ પ્રકરણની શરૂઆતમાં બાળક **'ધ્રુવ'**ની કથા કહી છે. તે બાળક હોવા છતાં **'અર્થપુરુષાર્થ'** પ્રાપ્ત કરી શકે છે, કારણ કે

જ્યારે શ્રી હરિ જો પ્રસન્ન થાય ત્યારે મોટા-નાનાનો ભેદ નથી હોતો તે અહીં સ્પષ્ટ કર્યું છે. અર્થ પ્રાપ્ત કરાવનારા ‘તપ’ વગેરે સાધનો ધ્રુવજી કરી શક્યા તેનું કારણ તેના પર ભગવાનની કૃપા હતી તેમ સૂચવે છે.

‘અર્થ’ બે પ્રકારનો છે- (૧) **આલોકનો** અને (૨) **પરલોકનો**. પ્રભુએ ધ્રુવજીને આલોક અને પરલોક બન્નેમાં સ્થાન આપ્યું છે. પિતા ઉત્તાનપાદ પાસેથી તે પૃથ્વીનું રાજ્ય પામે છે, તેમ જ ભગવાને તેને **‘ધ્રુવસ્થાન’** આપ્યું છે. આમ ભગવાને તેમની બધી જ ઈચ્છાઓ પૂર્ણ કરી છે. તે માટે માતા સુનીતિએ તે બન્ને પ્રકારના અર્થ સંબંધી ભાન કરાવેલું. તેણે કહેલું કે **‘‘જો તું પિતાના રાજ્યાસનને ઈચ્છતો હોય તો ભગવાનના ચરણકમલનું આરાધન કર, તેનાથી તને આલોકના અર્થનું તેમ જ તારા દાદા મનુએ યજ્ઞો કરી આલોક તેમ જ દિવ્ય લોકનું સુખ પ્રાપ્ત કરેલ હતું, તે મળશે.’’** માતા પાસેથી આ વાત જાણી ધ્રુવને તે બન્ને પ્રકારના અર્થ પ્રાપ્ત કરવાની કામના થઈ હતી. પિતા પાસેથી રાજ્યનો હક્ક તો તે મેળવી શકત પરંતુ તે પિતા તેને આપે તેમ ન હતો, તેમ જ પરલોકમાં ઈન્દ્રનું સ્થાન તો અશ્વમેધાદિ યજ્ઞથી જ પ્રાપ્ત થઈ શકે, જે માટે ઉપનયન આદિ સંસ્કારો તેને પ્રાપ્ત ન હોવાથી તે મેળવવાનો પણ તેને અધિકાર ન હતો. આમ છતાં પણ ભગવાનની કૃપાથી જ તે આ બન્ને અર્થ પુરુષાર્થો તેને પ્રાપ્ત થયાં હતાં. આમ અહીં ભગવદ્ કૃપાનું માહાત્મ્ય બતાવ્યું છે.

અહીં સમજાવે છે કે **પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની બધી જ સાનુકુળતા ગૃહસ્થાશ્રમમાં મળી શકે. પરંતુ જો તેમાં વિવેક બુધ્ધિ ન હોય તો તેમાં વાસના, વિષય અને વ્યવહારથી બધુ વ્યર્થ થાય અને વ્યથા જ વધે. વ્યર્થ વાતો અને વિચારો મનુષ્યને વ્યગ્ર બનાવે છે, જેના કારણે તે પ્રભુભજન કરી શકતો નથી, જેનો અધિકાર પ્રાણી માત્રને છે.**

- **અધ્યાય ૮**

ધ્રુવ પાંચ વર્ષનો નાનકડો બાળક છે. તે ઉત્તાનપાદ રાજાની અણમાનીતિ રાણી સુનીતિનો પુત્ર હતો. જ્યારે તે પોતાના પિતાની ગોદમાં બેસવા જતો હતો ત્યારે બીજી રાણી સુરુચિએ તેને પિતા પાસે જવા ન દીધો અને કહ્યું કે તને સિંહાસન પર બેસવાનો અધિકાર નથી કારણ કે મારી કૂખે તારો જન્મ થયો નથી. પિતાએ પણ તેને પ્રેમ ન આપ્યો. તેની માતાએ તેને સાંત્વન આપતાં પિતાની સાવકી મા તો દ્વેષ ન કરતાં વનમાં જઈ ભગવાનની આરાધના કરવા કહ્યું અને આશિર્વાદ આપ્યા. તેથી તેને વનની વાટ પકડી.

જ્યારે ધ્રુવજી ઘર છોડી વનમાં જાય છે ત્યારે રસ્તામાં નારદજી મળતાં તેમને પોતાની ઈચ્છા જણાવે છે, તેમાં તે કહે છે કે ‘‘વડવાઓએ ન પ્રાપ્ત કરેલ એવા ત્રિભુવનમાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરવાની તેની કામના છે.’’ અહીં તેણે રાજ્યની કામનાની વાત કહી ન હતી. તેનું કારણ જણાવતાં કહે છે કે પોતે પાટવીકુંવર હોવાથી રાજ્ય તો તેને ન્યાયથી જ પ્રાપ્ત થાય તેમ હતું, જેને

માટે ભગવાન તેને તે મેળવવા જે વિઘ્ન હતું તે દૂર કરવાનું હતું. પરંતુ ધ્રુવના સ્થાનરૂપ પરલોકનો પુરુષાર્થ, તેને કોઈ નિયમ પ્રમાણે મળવાની શક્યતા ન હતી, તે માટે તેણે નારદજીને પ્રાર્થના કરી હતી. બારમા અધ્યાયમાં **'પ્રચેતા'**ના યજ્ઞમાં નારદજીએ ધ્રુવની પ્રશંસા કરી છે. તેમાં ધ્રુવની પરલોકની કામના હોવાની સ્પષ્ટતા કરી છે, તે વાત સમજાવી છે.

અધ્યાય (૮)થી (૧૨)ના તાત્પર્યને સમજાવતાં શ્રી મહાપ્રભુજી ભાગવતાર્થ નિબંધમાં ખુલાસો કરે છે કે- અધ્યાય (૮)માં અર્થ પ્રાપ્તિનું સાધન કહેલું છે. ભક્તિપૂર્વક ભગવાનની સેવા દ્વારા ભગવાન **'ધર્મ'** વગેરે જે ઈષ્ટ હોય તે પુરુષાર્થો આપે છે. અહીં તેના સાધનરૂપ, **'સુરુચિ'** એ કરેલો તિરસ્કાર અને **'સુનિતિ'** એ ધ્રુવજીને આપેલ બોધનું વર્ણન છે. અધ્યાય નવમાં ધ્રુવજીને થયેલા ભગવાનના દર્શન અને રાજ્ય પ્રાપ્તિનું વર્ણન છે. દસમા અધ્યાયમાં ધ્રુવજીને રાજ્ય પ્રાપ્ત થતાં તેને થયેલ ક્રોધ ઈત્યાદિના દોષોનું વર્ણન છે. મનુના ઉપદેશરૂપ ફળ પ્રાપ્તિ અગિયારમા અધ્યાયમાં બતાવી છે, જેનાથી 'ધ્રુવ'નો ક્રોધ દૂર થાય છે. અંતે ધ્રુવને પ્રાપ્ત થયેલ ફળનું અને નારદજી વગેરે કરેલ સ્તુતિરૂપ ધ્રુવની કીર્તિનું નિરૂપણ બારમા અધ્યાયમાં કરેલ છે. ત્રીજા સ્કંધમાં 'સનકાદિ' મુક્ત જીવોની સૃષ્ટિનું વર્ણન કરવામાં આવ્યું હતું. ગૃહસ્થાશ્રમરૂપ ધર્મ આચરવો બહુ યોગ્ય ન હોવાથી વિવેકવાન પુરુષ તેનો ત્યાગ કરે છે તે અહીં સમજાવે છે. મર્યાદા માર્ગમાં ગૃહસ્થાશ્રમ આચરવાની આજ્ઞા કરેલ છે, છતાં પુષ્ટિરૂપ પુરુષાર્થ લીલામાં તેના ત્યાગનો મર્મ અહીં જણાવેલ છે. શાસ્ત્રમાં ગૃહસ્થાશ્રમ આચરવાની આજ્ઞા હોવા છતાં તે ન આચરવો તે **'અધર્મ'** નથી, તે આ અધ્યાયમાં જણાવ્યું છે. ધર્મ પ્રકરણમાં 'અધર્મ'ની કથા ન કહેતાં અહીં ભાગવતકાર કહી રહ્યા છે. તેનો ખુલાસો કરતાં કહે છે કે 'અધર્મ'ની માફક અનર્થનું મૂળ અર્થ હોવાથી, અનર્થ ઉત્પન્ન કરાવવા તરીકે અર્થનો અધર્મ સાથે સંબંધ હોવાથી તેનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે. અર્થ-અનર્થ વચ્ચેનો ભેદ સમજાવતાં કહે છે કે **ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલ અર્થ એ 'અર્થ-પુરુષાર્થ' છે, અને બીજી રીતે પ્રાપ્ત થયેલ અર્થ 'અનર્થરૂપ'** છે. જ્યારે ભગવાનની કૃપા હોય તો **'અધર્મ'** હોવા છતાં પણ ફળની પ્રાપ્તિ થાય છે, પરંતુ ભગવાનની કૃપા વિના કોઈ અન્ય અનર્થના કારણરૂપ 'અધર્મ' આચરવામાં આવે તો તે ફળ પ્રાપ્ત કરાવતું નથી. આ વાત અહીં 'ધ્રુવ'ના આખ્યાનમાં સમજાવી છે. મોટા પુત્રના હોવા છતાં જો નાનો રાજ્ય કરે તે 'અધર્મ' છે, પરંતુ અહીં ઉત્તાનપાદની હયાતીમાં જ ધ્રુવજીએ રાજ્ય કર્યું છે, તે ભગવાનની કૃપાનું ઉત્તમ ફળ છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **''અર્થ પોતે જ અનર્થરૂપ નથી, પરંતુ અનર્થરૂપ સંસારની પ્રવૃત્તિ કરાવનારો તે હોવાથી અનર્થરૂપ છે. ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલ અર્થ સંસારની પ્રવૃત્તિ કરાવતો નથી, પરંતુ તેથી ઉલટું સંસારમાં વૈરાગ્ય કરાવે છે તેથી તે અર્થરૂપ છે.''**

અહીં સમજાવે છે કે સૃષ્ટિની ઉત્પત્તિ કાજે સર્વ પ્રથમ બ્રહ્માજી દ્વારા સનકદિ ચાર કુમારો,

નારદ, ઋભુ, હંસ, અરુણિ અને યતિ ઉર્ધ્વરેતસ્ ઋષિઓ થયા. બ્રહ્માજીના આ પુત્રો બ્રહ્મચર્ય પરાયણ હતા. વિદ્યાભ્યાસ, ભગવદ્ ભજન, સામર્થ્ય સંચય તથા સત્કાર્ય પરાયણ હતા. વિદ્યાભ્યાસ, ભગવદ્ ભજન, સામર્થ્ય સંચય તથા સત્કાર્ય-સફળતા માટે બ્રહ્મચર્ય-સંયમ આવશ્યક છે. શરૂઆતમાં સાવધપણે સંયમ સ્વાભાવિક છે, પરંતુ જ્યારે તે સુદૃઢ થાય ત્યારે યોગી, તપસ્વી અથવા જિતેન્દ્રિયને પણ સંયમ સાચવવો પડે. બ્રહ્માજીના સંયમી પુત્રોએ ગૃહસ્થાશ્રમ ન કર્યો, તેને ‘અધર્મી’ નથી ગણ્યો. અધર્મનું વર્ણન ધર્મપ્રકરણમાં ન કરતાં આ પ્રકરણમાં કર્યું છે, તે સૂચક છે, કેમકે અર્થમાંથી અધર્મરૂપ અનર્થ ઉદ્ભવે છે. જ્યારે પ્રભુ પરાયણતા ઘટે અને અર્થ પરાયણતા વધે, ત્યારે **‘અધર્મ’**નો ઉદય થાય છે, જે અંતે **‘અનર્થ’**માં પરિણમે છે. ત્યાં અર્થ સ્વયં અનર્થરૂપ બને છે, જ્યારે ભગવાનની કૃપાથી મળેલો અર્થ પુરુષાર્થરૂપ હોઈ, તે સંસારમાં વૈરાગ્ય વધારે છે. પૈસા, પ્રયોજન, સ્વાર્થ કે પદાર્થ-પ્રાપ્તિ પાછળ પડેલા મનુષ્યના જીવનમાં અનર્થની પરંપરા સર્જાય છે.

અધર્મની પત્નીનું નામ **‘મૃષા’** છે. **જ્યાં અધર્મ હોય ત્યાં જુઠ્ઠાણું અચૂક આવે છે.** અધર્મની ઉત્પત્તિ બ્રહ્માજીની પીઠમાંથી થયેલ છે. જ્યારે **‘અધર્મ’** અને **અસત્ય** આવે એટલે **અનર્થ**ની પરંપરા સર્જાયા વગર રહે નહીં. તે બન્નેના પરીણામે **દંભ** અને **માયા** ઉત્પન્ન થાય, કારણ કે અધર્મને છુપાવવા માટે દંભ કરવો પડે, ધર્મનો દેખાવ કરવો પડે, જેની રક્ષા માટે **જુઠાણા**, **છળકપટ** કર્યા વિના ચાલે નહીં, તેના પરિણામ સ્વરૂપ **અસૂરભાવ**, **કઠોતા**, **લોભ**, **શઠતા** જન્મ લે. તેનાથી **લોભ** વધે, જે **ક્રોધ** અને **હિંસા**ને પ્રકટ કરે, **કલેશ** થાય, **કઠોર** ભાષાનો ઉપયોગ થાય જે **વિનાશ**નું, મૃત્યુનું કારણ બને છે. આના નિર્ણયરૂપે કહે છે- (૧) **અધર્મ-મૃષા**, (૨) **દંભ-માયા**, (૩) **લોભ-શઠતા**, (૪) **ક્રોધ-હિંસા**, (૫) **કલહ-દુરુક્તિ**, (૬) **ભય-મૃત્યુ** અને (૭) **નરક-યાતના** એ સાત અધર્મ-પરંપારા અંતે વિનાશનું કારણ બને છે.

ભગવાનની આ **‘વિસર્ગલીલા’**માં ઉપયોગી ચાર પુરુષાર્થમાંના, **અર્થ**, **કામ** અને **મોક્ષ**- ક્રમશઃ, **ધ્રુવ**, **પૃથુ** અને **‘પ્રચેતસો’**ને મળ્યા છે. તે સર્વે ઉત્તાનપાદના વંશમાં જન્મ્યા છે. માટે અહીં મનુના વંશનું વર્ણન કરવામાં આવ્યું છે.

સ્વાયંભુ મનુને બે પુત્રો હતાં- **પ્રિયવ્રત** અને **ઉત્તાનપાદ**. પ્રિયવ્રત મોટો હતો, છતાં તેની કથા ન કહેતા ઉત્તાનપાદના વંશજોની કથા પ્રથમ કહેવાનું તાત્પર્ય સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે અહીં ઊંચા-નીચા અધિકાર બતાવવાનો હેતુ નથી પરંતુ ભગવાનની લીલાઓનું નિરૂપણ કરવાનું પ્રયોજન છે. તેથી તેમાં ભગવાનની જે લીલામાં જ્યારે જેની જરૂર પડે તેનું નિરૂપણ કરવાનું તાત્પર્ય છે. તેથી **પ્રિયવ્રત**નું ચરિત્ર આ પછીની **‘સ્થાનલીલા’**માં કહેવામાં આવશે. અહીં **ઉત્તાનપાદ**ના વંશની કથા કહેવામાં આવી છે, કારણ કે ચાર પુરુષાર્થોની સૃષ્ટિરૂપ ભગવાનની આ **‘વિસર્ગલીલા’**માં જેને જે પુરુષાર્થ પ્રાપ્ત થયો તેનું નિરૂપણ કરવું જરૂરી છે.

ઉત્તાનપાદ રાજાને બે રાણીઓ હતી- **'સુનીતિ'** અને **'સુરુચિ'**. 'ઉત્તાન'નો અર્થ છે **'ભોળુ'** અને 'પાદ' એટલે **'ચરણ'** કે આચરણ, અર્થાત્ નિષ્કપટ આચરણવાળો તે **'ઉત્તાનપાદ'**. પરંતુ **જો સકામ ભજન કરવું હોય તો જે ફળ જોયતું હોય તેવા ફળની કામનાવાળાએ કરવાની વિધિ જાણી, તે પ્રમાણે ભજન કરવું આવશ્યક છે.** ધ્રુવને આ તથ્યની જાણ ન હતી, અને તેથી તે ખોટી રીતે પણ કરી શકે છે જે તેને માટે ઘાતક નીવડી શકે. તે માટે જ નારદે તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. આવી જાણકારીના અભાવમાં તે અમુક સમય સુધી ભજન કરી, ફળ પ્રાપ્ત ન થતાં દુ:ખી થઈ, તે છોડી દેત, જેથી પડતુ મુકત. ધ્રુવને તેની માતાએ કહેલ કે ભજન કરવાથી અવશ્ય ફળ મળશે, તેથી નારદજીએ અન્ય કોઈ સાધનનો ઉપદેશ ન કરતાં, તેને ભગવાનના સ્વરૂપનું ધ્યાન ધરવાનું કહ્યું. નારદજીના ઉપદેશથી ધ્રુવે કામનાનો ત્યાગ ન કર્યો, તો શા માટે નારદજીએ ઉપદેશ આપ્યો, તેનો ખુલાસો કરતાં કહે છે કે તેઓ ભગવાનની પ્રેરણાથી જ, તેને સમજાવવા ગયેલ, કારણ કે અન્યથા તેને **'અર્થ'** પુરુષાર્થની સિધ્ધિ થાત નહીં. વિસર્ગલીલામાં **'અર્થ'** પુરુષાર્થ સિધ્ધ કરવા ભગવાને ધ્રુવનો અંગીકાર કરેલો હતો. ધ્રુવે પણ ભગવાનનું ધ્યાન વગેરે સાધનો કર્યા પરંતુ તેની કામના દૂર ન થઈ, કારણ કે તેનો 'ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરવો' એ દૃઢ નિશ્ચય હતો. તેથી નારદનો ઉપદેશ તેને ફળ્યો નહીં.

સુરુચિના વર્તનને સમજાવતાં કહે છે કે તેને કહેલા વાક્ય કે 'ભગવાન કૃપા કરી મારો પુત્ર બનાવે તો રાજ્ય મળે'', તેમાં ભગવાનને પણ જો ધ્રુવને રાજ્ય દેવું હોય તો તેને સુરુચિના પુત્ર બનાવવા પડે, તે તેના અભિમાનની પરાકાષ્ટા છે. **અભિમાન આંખ અને અંત:કરણ ઉપર આવરણ બની જતું હોય છે. અત્યંત ઊંચું પદ મેળવીને પણ જો પ્રભુની અવજ્ઞા કરે તો તેનું પતન થાય છે.** તેથી જ અભિમાનથી કરેલી પ્રભુની અવજ્ઞાને લીધે સુરુચિને વનમાં અગ્નિમાં બળવાનું થાય છે.

આ ઘટના ઘટવા છતાં સુનીતિની વાણીમાં કોઈનો અપવાદ, અભિશાપ કે ઉકળાટ દેખાતો નથી. તેણે વિવેક જાળવી રાખ્યો છે. તે સમજે છે કે પોતાના દુ:ખમાં કોઈને નિમિત્ત ગણી તેના ઉપર ગુસ્સે ન થવું જોઈએ, કે તેનું અમંગળ ન ઈચ્છવું જોઈએ, કેમ કે **મનુષ્યે પોતે જ કરેલાં કર્મના કારણે પોતે સુખી કે દુ:ખી થતાં હોય છે.**

સુનીતિએ દુ:ખની જવાબદારી પોતાને માથે વ્હોરી લીધી છે. તેથી જ ધ્રુવને કહે છે કે 'હું દુર્ભાગી છું કે તું મારો દીકરો થયો. મારા દુર્ભાગ્યના કારણે તું સદ્ભાગી હોવા છતાં દુખી થયો.' સુરુચિના પર દ્વેષ લાવવાને બદલે પુત્રને કહે છે કે 'તું ઉત્તમની અદેખાઈ ન કરતાં તેના જેવું રાજ્યાસન જો ઈચ્છતો હોય તો ભગવાનને ચરણના શરણેજા'. તારા દાદા મનુને પ્રભુએ જ સુખ આપેલું છે.' 'રુચિ' બીજાના દોષ જુએ જ્યારે **'નીતિ'** પોતાના દોષ જુએ. તેથી જ સુનીતિ પુત્રને સન્માર્ગ સુઝાડે છે. માટે જ પુત્રને કહે છે કે **''બેટા, ગાયને જેટલું વાછરડું વહાલું હોય તેમ તું**

મને વહાલો છે. છતાં મારા જેવી ગરીબડી મા તને કેટલું સુખ દઈ શકે? માટે એક માત્ર ભગવાનનો આશ્રય કરવો તે જ ઉપાય છે.'' ભગવાન '**ભક્ત વત્સલ**' છે. તે ગાય જેમ વાછરડાની પાછળ પાછળ ફર્યા કરે તેમ પોતાના ભક્તની પાછળ પાછળ ફર્યા કરે છે. ભગવાન જ ભક્તને શોધતા સામે આવે છે. ભગવાન જ ભક્તના બધા દોષો પોતે પ્રયત્ન કરી દૂર કરે છે, અને તે જ '**પુષ્ટિ**'નું લક્ષણ છે. **ગાય જેમ પોતાના વત્સનું કાળજીથી પોષણ કરે છે તેમ ભગવાન પણ કાળજી લઈ પોતાના 'ભૃત્ય'ની ઈચ્છાઓ પૂર્ણ કરે છે, તેનું પોષણ અને રક્ષણ કરે છે, ભગવાન કદાચ પ્રત્યક્ષમાં દર્શન ન આપતા હોય, તેમ છતાં, ભગવાનનું ચિત્તપણ પોતાના ભક્તમાં જ રહેતું હોય છે.**

આમ માતાએ પુત્રને ઉપદેશ આપી દૃઢતાપૂર્વક ભગવાનને ભજવાનો આદેશ આપ્યો. કહે કે 'ભગવાન સિવાય તારું દુ:ખ દૂર કરે તેવું જગતમાં બીજું હું જોતી નથી.'

અહીં સમજાવે છે કે 'વત્સલ માતા' અને વત્સલ સાધુપુરુષો ભગવદ્ભક્તો,ના સંગથી બાલક ધ્રુવ ભક્ત બને છે, દિવ્ય બને છે. ભગવદ્કૃપાથી ધ્રુવજીને મા સુનીતિ અને ભક્ત નારદ પ્રભુના માર્ગે જવામાં સાનુકુળ થયા છે. ગુરુજનની આજ્ઞા, આશિષ અને ઉપદેશથી સફળતા મળે છે. નારદજીના ઉપદેશ મુજબ ધ્રુવ **મધુવન**માં આવે છે, જ્યાં પ્રભુ નિત્ય બિરાજે છે. નારદજીએ કરેલી આજ્ઞા મુજબ ભગવાનનું ધ્યાન ધર્યું, જેના કારણે વિશ્વના આધારરૂપ ભગવાનનું સ્વરૂપ તેના હૃદયમાં પ્રકટ થયું, પરિણામે લોકોના શ્વાસ બંધ થતાં દેવોએ ભગવાન પાસે જઈ, સર્વનું દુ:ખ દૂર કરવા પ્રાર્થના કરી. અહીં પ્રશ્ન થાય કે જે સ્વરૂપ ધ્રુવજીના હૃદયમાં પ્રકટ થયું અને જેની દેવોએ પ્રાર્થના કરી, તે બન્ને સ્વરૂપ એક જ કે જુદા જુદા હશે? તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ધ્રુવના હૃદયમાં પ્રકટેલું ભગવાનનું અક્ષર સ્વરૂપ જે જગતનું કારણરૂપ '**પ્રકૃતિ**' અને '**પુરુષ**' બન્ને છે. ધ્રુવના હૃદયમાં ભગવાનનો આવિર્ભાવ થતાં પૂર્વે સર્વ પ્રાણીઓના પ્રાણરૂપ મુખ્ય પ્રાણ સાથે પ્રથમ અક્ષર સ્વરૂપ પ્રકટ થવાથી, ધ્રુવના ભક્તિભાવથી પ્રસન્ન થયેલા ભગવાને તેના ઉપર કૃપા કરી, જેના કારણે તેને સર્વકામ પ્રાપ્ત થાય અને તે માટે ભગવાને સર્વરૂપથી તેના હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે ધ્રુવ શ્વાસ લેતો ન હોવાથી - તેના પ્રાણ રોકાયેલ હોવાથી પ્રાણી માત્રને પીડા થવા લાગી, તેના કારણે ભગવાનને દેવેઓ પ્રાર્થના કરી. ભગવાન સર્વરૂપથી ધ્રુવના હૃદયમાં પ્રકટ થાય, તો સર્વની હરવા ફરવાની અને બીજી બધી શક્તિઓનો પણ નાશ થાય તેથી, તે પહેલાં દેવોને પોતપોતાને સ્થાને જતાં રહેવા કહ્યું.

• અધ્યાય ૯

આ અધ્યાયમાં ધ્રુવજીને અર્થરૂપ ભગવાનની પ્રાપ્તિનું વર્ણન કરે છે. સર્વનું પાલન કરનાર, આનંદરૂપ ભગવાને ધ્રુવના હૃદયમાં, વીજળીના ઝબકારાની માફક દર્શન આપી ક્ષણમાં તિરોહિત થઈ, તેજ રૂપથી બહાર પ્રકટ થઈને દર્શન દેવા લાગ્યા. સામાન્યત:, પ્રભુના દર્શન કરવા સેવક

જાય છે. ધ્રુવજી સમક્ષ ભગવાન સામેથી પધાર્યા. પ્રભુ ગરુડજી પર આરૂઢ થયેલા છે, જે કાલરૂપ છે, જે પોતાના ભક્તોને ત્રાસ નથી આપતો. પાલક સાથે વિશ્વ અને ધ્રુવની રક્ષા કરનાર આનંદરૂપના દર્શન કરી ધ્રુવજી પુલકિત થયા અને દંડવત પ્રણામ કર્યા. નાના બાળકને વિવશ દશામાં જોઈ, ભગવાને પોતાના શંખનો તેના ગાલે સ્પર્શ કરાવ્યો, જેનાથી ધ્રુવજીને અર્થસહિત વેદનું જ્ઞાન પ્રાપ્ત થયું. શંખ વેદનું - શબ્દ બ્રહ્મનું રૂપ છે. ધ્રુવજીને યજ્ઞોપવિત સંસ્કાર ન થયેલ હોવાથી, તેમને વેદનો અધિકાર ન હતો. પ્રભુકૃપાથી વેદ જ્ઞાન મળતાં ધ્રુવજીએ ભક્તિભાવથી ભગવાનની સ્તુતિ કરી.

ધ્રુવજીની સર્વે કામનાઓ પૂર્ણ થાય તે માટે ભગવાને પોતાના શંખથી, તેના ગાલને સ્પર્શ કરાવ્યો, જેના કારણે તેમની વાણી સ્ફૂરીત થઈ, અને તેણે ભગવાનની સ્તુતિ કરવા માંડી. માત્ર વાણી જ નહીં પરંતુ ધ્રુવને બધા પ્રકારની શક્તિઓ પ્રાપ્ત થઈ. ભગવાનનો શંખ **'જલનું તત્ત્વ'** છે, જેના સ્પર્શના કારણે તેને **'શબ્દબ્રહ્મ'**નું ભાન થયું, કેમ કે ભગવાન તે ફૂંક દ્વારા પોતાનો પ્રાણવાયુ પૂરે છે, જે વેદની ઉત્પત્તિનું કારણ હોવાથી **'બ્રહ્મમય'** છે. તે ક્ષત્રિય અને સંસ્કાર (યજ્ઞોપવિત) વિનાનો હોવા છતાં, તે પૂર્વજન્મમાં ઋષિ હોવાથી વેદના અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે યોગ્ય હતો, તેથી તેની બુધ્ધિ શંખના સ્પર્શથી વેદના અર્થ - જ્ઞાન પ્રાપ્ત કરેલાની હોય તેવી થઈ.

દ્વાદશાક્ષર મંત્ર **'ૐ નમો ભગવતે વાસુદેવાય'**થી ધ્રુવજી પ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે ભગવાન કૃપાથી જ્ઞાન આપે તો મોહ ન થાય અને મોક્ષ મળે તેવા ઉપકારક ભગવાનને ભૂલાય કેમ? ભોગ માટે ભગવાનને ભજનારા ભાન ભૂલેલા છે, તેઓ માયાથી મોહિત છે. **જીવનમાં ઉત્તમ સુખ બે રીતે મળે છે- (૧) પ્રભુના ચરણકમલના ધ્યાનથી, (૨) ભક્તોની કથાના રસપાનથી, કે ભક્તો દ્વારા કરાતી ભગવત્કથા રસપાનથી.** બ્રહ્મના ચિંતન કે મોક્ષથી મળતાં બ્રહ્માનંદ કરતાં પણ ભગવત્કથામાં વિશેષ આનંદ મળે છે. એવા નિર્મળ અંતઃકરણવાળા મહાપુરુષોનો સંગ ભગવત્કૃપાથી જ પ્રાપ્ત થાય છે. ભક્તો દ્વારા કરાતા ભગવદ્ ગુણાનુવાદની સુધાનુ રસપાન સાંભળનારને મત્ત બનાવે છે, તેનું ભાન ભૂલાવે છે અને ભયંકર ભવસાગરને પાર કરાવે છે. **ભગવાનમાં પ્રીતિવાળા સંનિષ્ઠ ભક્તોના સત્સંગથી દેહ-ગેહનું વિસ્મરણ થઈ પ્રભુમાં નિરોધ થાય છે.**

આ સમગ્ર વિશ્વ ભગવાનનું જ સ્થુળરૂપ છે. તેનો આદિ પ્રભુ હોવા છતાં ભગવાન તેનાથી ભિન્ન પણ છે. ભગવાન સર્વપુરુષાર્થરૂપ છે. તેઓ શરણાગત ભક્તોનું રક્ષણ અને પોષણ કરે છે. જેમ ગાય તરતના જન્મેલા વાછરડાને ચાટીને સાફ કરે, દૂધ પાઈને પોષે અને શીંગડાથી તેની રક્ષા કરે, તે સ્નેહની સ્વાભાવિકતા છે. તેવી જ રીતે ભગવાન પણ ભૃત્યવત્સલ છે. તેઓ દોષને પણ ગુણ ગણે. માનવને કૃપા મેળવવાની જેટલી ઝંખના નથી તેટલી આતુરતા પ્રભુને કૃપા કરવાની હોય છે. આમ ભગવાનની સ્તુતિ કરી જેમાં ભગવાનના ગુણોની કથારૂપ પોતાને પાન

થાય તેવી પ્રાર્થના કરી, જેને માટે ભગવાને ધ્રુવજીનું અભિનંદન કર્યું. કારણ કે ભગવાન જો તેની ભક્તિની પ્રાર્થનાનું ફલ આપે તો તેને મોક્ષ પ્રાપ્તિ થાય, અને **'અર્થ'**ની પ્રાપ્તિ ન થાય, જે આ વિસર્ગલીલાના **'અર્થ પ્રકરણ'**નું પ્રયોજન છે. પુષ્ટિમાર્ગમાં ભગવાનની ઈચ્છા જ સર્વથી બળવાન છે, અને તેથી તેમણે અહીં ધ્રુવજીને અભિનંદન આપ્યા છે, જેના પરિણામે તેને રાજ્ય દીધું, ભક્તિ ન આપી. સામાન્યત : સત્તા અને સંપત્તિરૂપ રાજ્ય તો **'અનર્થ'** કરનારું છે. પોતાના ભક્તને મોહ ન થાય અને રાજ્ય કોઈ અનર્થ ન કરે તે માટે ભગવાન બોલ્યા કે **''તારું કલ્યાણ થજો.''** ભગવાને આપેલો અર્થ જ કલ્યાણ કરે છે, જ્યારે પ્રારબ્ધ કે પ્રયત્નથી પ્રાપ્ત થયેલો બધો જ અર્થ સંસારમાં આસક્તિ કરી અનર્થ કરનારો હોય છે. ભગવાને તેને ૩૬૦૦૦ વર્ષ પર્યંત રાજ્ય કર્યા પછી. સપ્તર્ષિઓથી પરિક્રમા કરાતા ધ્રુવસ્થાન અંદર વાસ મળે તેવું વરદાન દીધું.

ભગવાને ધ્રુવજીને કહ્યું કે ઉત્તમ (તેનો ભાઈ) યક્ષ સાથેના યુદ્ધમાં મરશે અને તેની અપરમાતા તેને શોધતી દાવાગ્નિમાં બળશે. વળી તે ખુબ દક્ષિણાવાળુ યજન કરી કૃતાર્થ થશે અને અંતે તેમનું સ્મરણ કરતાં તેમના ધામમાં આવશે જ્યાં ગયેલા ક્યારેય પાછા આવતા નથી. આમ વરદાન આપી ભગવાન બાળક ધ્રુવના દેખતા તિરોહિત થઈ ગયા. ભગવાન પાસે ધ્રુવે માત્ર **'અર્થ'** જ માગ્યો હતો તેથી તેને પશ્ચાતાપ થયો. તેનાથી વૈરાગ્ય ઉત્પન્ન થયો છતાં તે પોતાને ઘરે જ ગયો કારણ કે ગુરુના ઉપદેશથી અને ભગવાનના દર્શનથી તેનું અંત:કરણ શુદ્ધ થઈ ગયું હતું. ભગવદ્ આજ્ઞાના પાલન માટે તે નગરમાં પાછા ફર્યા. રાજા ઉત્તાનપાદને ધ્રુવજીના આગમનની વધાઈ મળતા તે આદરથી પુત્રને વધાવવા સામે ગયા. ધ્રુવજી પિતાને પગે પડ્યા. 'આ પુષ્ટિનું લક્ષણ છે'. મર્યાદામાં પહેલા માતાને વંદન થાય, કારણ કે **'માતૃદેવો ભવ'** પછી **'પિતૃદેવો ભવ'** કહ્યું છે. અપરમાતા **'સુરુચિ'**ને પણ રુચિપૂર્વક તેમણે વંદન કર્યા. તે ઉત્તમને પણ ભેટ્યા અને પછી સ્વમાતા **સુનિતિ**ને મળી તેને ભેટી પડ્યા. રાજાએ તેને હાથણી ઉપર બેસાડીને નગરમાં પધરાવી લાવ્યા અને તેને રાજ્યાધિરુઢ કરી વનમાં સિધાવ્યા.

• અધ્યાય ૧૦/૧૧

કુમાર ધ્રુવ રાજા થયા અને શિશુમારની પુત્ર **ભ્રમિ**ને વર્યા, તેનાથી તેને **કલ્પ** અને **વત્સર** બે પુત્રો થયા. પુન : વાયુના પુત્રી **ઈલા** સાથે લગ્ન કર્યા, જેનાથી **ઉત્કલ** નામનો પુત્ર થયો. તેના ભાઈ ઉત્તમે વિવાહ કર્યો ન હતો. એક દિવસ શિકારે ગયો ત્યાં તે યક્ષોના હાથે મરાયો. તેની મા સુરુચિ પણ તેને શોધતી વનમાં ગયી, જ્યાં દાવાગ્નિ લાગતાં તે ભસ્મિભૂત થઈ. ભાઈના મૃત્યુના સમાચાર જાણી ધ્રુવને ક્રોધ આવ્યો, કારણ કે રાજ્ય **'અનર્થ'** રૂપ છે. શાસ્ત્રમાં પંદર પ્રકારના **અનર્થ** બતાવેલા છે, તેમાં રાજ્યનો પણ સમાવેશ થયેલો છે. ભાઈના પ્રત્યે પ્રેમના કારણે તેણે યક્ષોને હણ્યા, જે યોગ્ય ન હતું, પરંતુ રાજાને 'સાત' વ્યસનો હોય છે, તેમાંનું એક શત્રુને મારવાનું છે. આમ અનર્થરૂપી રાજ્ય પ્રાપ્ત થવાથી તેને ત્રણ દોષો લાગ્યા. ક્રોધના આવેશથી તેને ભગવાનનું

વિસ્મરણ થયું, પરંતુ ધ્રુવ ભગવદીય હોવાથી મુનિજનોએ આવી તેને ભગવાનનું સ્મરણ કરાવ્યું, જેનાથી તેનો ક્રોધ કાબુમાં આવ્યો.

રાજા ધ્રુવે યક્ષોનો સંહાર નારાયણ અસ્ત્રથી કર્યો, કેમ કે ભગવાને તેને શંખનો સ્પર્શ કરાવ્યો હતો તેથી તેનામાં સર્વ સામર્થ્ય આવ્યું હતું. યુદ્ધમાં તેણે પરાક્રમ બતાવ્યું. સ્વજનના વિયોગનો શોક અને પરજન સાથેનું યુદ્ધ મનુષ્યને ઉદ્વેગ કરાવે છે. તેને હિતોપદેશ આપવા તેના દાદા સ્વયં મનુએ આવી તેના દોષ અને અભિમાનને દૂર કરાવ્યા. તેમણે ધ્રુવને ઉપદેશ આપ્યો કે ક્રોધ એ નરકનું દ્વાર છે. તેનો ભાઈ ઉત્તમ તો દૈવવશ મર્યો હતો અને યક્ષો તો ઉપદેવો છે, તેથી તેમનો વધ ન કરાય. કોઈ એકના કારણે અનેકનો વધ કરવો ઉચિત નથી. યક્ષો કુબેરના પુત્ર હતાં અને મનુએ ધ્રુવને કુબેરને પ્રસન્ન કરવાનો ઉપદેશ આપેલો, પરંતુ ધ્રુવ સંસારી હોવાથી અને તેનામાં મનુષ્યનો ભાવ હોવાથી તે કુબેર પાસે ગયો નહીં. તેમ છતાં ધ્રુવ બાળક હતો અને **''બાળકોમાં ગુણ તથા દોષને સ્થાન નથી''**, તેમ જાણી કુબેરે તેનો અપરાધ લક્ષમાં લીધો નહીં.

- **અધ્યાય ૧૨**

કુબેરે ધ્રુવના અપરાધને ધ્યાનમાં લીધા વિના તે તેની પાસે આવ્યા અને તે તેના પર પ્રસન્ન છે તેમ જણાવવા તેને ભગવાનમાં અચલભક્તિ રહે તેવું વરદાન આપ્યું. ધ્રુવમાં ભક્તિ પહેલા પણ હતી જ, પરંતુ રાજ્ય મળતાં તેને દોષ લાગતાં તેને ભગવાનનું વિસ્મરણ થયેલું. મુનિઓએ તેને ભગવાનનું પુન : સ્મરણ કરાવ્યું અને મનુએ તેના દોષ દૂર કરાવ્યા જેના કારણે તેને ભક્તિ પાછી પ્રાપ્ત થઈ. વળી કુબેરે પણ તેને ભક્તિનું દાન કર્યું. ક્ષત્રિયમાં વેર સ્વાભાવિક હોય છે, જેથી તે છુટતું નથી પરંતુ ઉપદેશથી ધ્રુવે તે છોડ્યું. દોષો દૂર કરવા ધ્રુવે યજ્ઞ વગેરે કર્યા, જેનાથી તેની ક્રિયાના દોષ દૂર થયા અને ભગવાનના ધ્યાનથી ભગવાનનો સંબંધ થતાં તેના રહેવાથી થયેલ દોષો પણ દૂર થયા. આમ આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક દોષો દૂર થવાથી તે શુદ્ધ થયો તે પછી તેને ફળની પ્રાપ્તિ થઈ.

ધ્રુવે ૩૬૦૦૦ વર્ષ પર્યંત સુખપૂર્વક રાજ્ય કર્યું, જે દરમ્યાન તેણે અનેક યજ્ઞોનું આયોજન કર્યું. એક દિવસ **નંદ** અને **સુનંદ** નામના બે ભગવાનના પાર્શદો દિવ્ય વિમાન લઈને આવ્યા અને ધ્રુવજીને તેમાં બેસવા આગ્રહ કર્યો. ધ્રુવજી જ્યાં વિમાનમાં આરુઢ થવા તત્પર થયા ત્યાં **મૃત્યુ** આવ્યું, પરંતુ તેઓ મૃત્યુના મસ્તકે પોતાનું ચરણ પધરાવી તે અદ્‌ભૂત વિમાનમાં બેઠા. અહીં 'મૃત્યુનું મસ્તક' સંજ્ઞાત્મક છે. તેનો અર્થ છે મોટા મોટા સાહસ. પાંચ વર્ષની વયે સર્વ છોડી વનમાં જવું, તપ કરવું, વગેરે મહાસાહસ છે. સાહસ વિના સિધ્ધિ નથી. ભગવાનના ભક્તો ભગવાન માટે સર્વત્યાગ રૂપ સાહસ કરે છે. પોતાની સલામતી કે સુખની ચિંતા કર્યા વિના ભગવાનને મેળવવા મથે છે. ધ્રુવજીને પણ ભગવાનના ધ્યાનથી ભગવત્સંબંધીના અભાવમાં જે આસુસવેશ આવેલો તે દૂર થતાં તેમને ધ્રુવસ્થાનમાં સદેહ વાસ મળ્યો અને તેઓ કૃતાર્થ થયા. જતાં જતાં તેને પોતાની

જનનીની યાદ આવી, જેણે સૌ પ્રથમ પ્રભુ પંથે જવાનો આદેશ આપેલો, તેણે દેવદૂતને તે વિશે પૃચ્છા કરતાં તેને (માતાને) પણ સ્વર્ગે જતા વિમાનના દર્શન કરાવ્યા.

અહીં બતાવ્યું છે કે સંતાનની સુશીલતા, ભક્તિ અને ઉત્તમતા એ વડીલોની સદ્ગતિનું સોપાન છે. ધ્રુવજી પોતાના સ્થાનમાં આવી સ્થિર થયા છે. પ્રચેતસોના સત્રમાં પણ મહર્ષિએ ભક્તોનો યશ ગાઈને સર્વ સાધન કરતાં ભક્તિની ઉત્તમતા બતાવી છે. સંસ્કાર, સ્વાધ્યાય, મનન, યજ્ઞ, તપ: કરતાં પણ વિષયવાસના રહિત થઈને ગુરુના ઉપદેશથી, પ્રભુ જ્યાં બિરાજતાં હોય, ત્યાં ભગવદ્ ભજન કરવું ઉત્તમ છે, જેનાથી ભગવાનની કૃપા શીઘ્ર થાય છે. તેમાં પણ ભગવાનની સેવા દુર્લભ છે તે સમજાવતાં નારદજી કહે છે કે આજ્ઞાપાલક શિષ્ય અને તેની સફળતા તો ગુરુનું ગૌરવ છે.

ધ્રુવજીએ પાંચ વર્ષની વયે અપરમાના વાગ્બાણે વીંધ્યાં તેથી તેણે નારદજીનો ઉપદેશ સ્વીકારી પોતાના ભક્તોના ગુણોથી પરાજીત થઈ અજિત સેવા પ્રભુને પણ પ્રેમ પરવશ કર્યા છે. તેથી ઉપસંહાર કરતાં કહે છે કે જેઓ ભગવાનના ભક્તોનાં શ્રધ્ધાપૂર્વક, વારંવાર ગુણગાનથી ભગવાનની ભક્તિ કરે છે, તેને ક્લેશ રહેતો નથી. કોઈ અપેક્ષા વગર માત્ર દયાથી, અજ્ઞાની લોકોને સાચું સમજાવી, પ્રભુમાં પ્રીતિ કરાવે તેના પર દેવો પ્રસન્ન થાય છે.

આ અર્થના પ્રકરણમાં ધ્રુવના સાધનોથી તેને ઉત્તમ ફળ મળ્યું તેમ જણાવેલું છે. બીજાના પ્રસંગમાં જુનો દેહ તજીને જ તે પ્રાપ્ત થવાનું પ્રસિધ્ધ છે, છતાં ધ્રુવે તે તજ્યા વિના જ પોતાના દેહથી જ તે લોક પ્રાપ્ત કર્યા છે, તે તેની બીજાથી વિશેષતા છે. તેને દેહનો ત્યાગ કર્યા વિના તે લોક પ્રાપ્ત થયા છે કારણ કે તેનો દેહ દોષ રહિત હતો. **''ઉપનયન સંસ્કાર, વેદનો અભ્યાસ, તેના અર્થનો વિચાર, અને તે વિચાર કર્યા પછી કરવાના યજ્ઞ-તપ** એ બધું કરવા કરતાં, વિષયોમાં આસક્તિ ન **હોય તેવી દશામાં જ, ગુરુના ઉપદેશથી કોઈક ભગવાનની સન્નિધિવાળા પ્રદેશમાં ભગવાનનું ભજન કરવું તે ઉત્તમ છે,''** તેમ આ પ્રકરણમાં જણાવેલું છે, જેના કારણે ભગવાનની કૃપા તરત જ થાય છે.

❀ પ્રકરણ ૩ – કામ (અધ્યાય–૧૩–૨૩)

આ સ્કંધનું ત્રીજું **'કામ પ્રકરણ'**-૧૩થી ૨૩ અધ્યાયોનું છે, જેમાં પૃથુરાજા એ **'કામ પુરુષાર્થ'** પ્રાપ્ત કરેલો છે, જે અંતે 'મોક્ષ' પ્રાપ્ત કરે છે. આમાં અધ્યાય ૧૩થી ૧૬ એ ચાર અધ્યાયોમાં સર્વ કામનાઓથી **પૃથુ**ની ઉત્પત્તિનું વર્ણન છે, તે પછીના અધ્યાય ૧૭-૧૮માં પૃથુની સર્વ કામનાઓ પૂર્ણ થયાનું વર્ણન છે અને અધ્યાય ૧૯થી ૨૩ - પાંચ અધ્યાયોમાં પૃથુને પોતાની કામનાઓ પ્રાપ્ત થયાનું નિરૂપણ છે. આમ આ પ્રકરણના આરંભ-મધ્ય-અંત એમ કામનાઓનું જ નિરૂપણ હોઈ તે **'કામ-પ્રકરણ'** જ છે. અગિયાર ઈન્દ્રિયોથી કામ પૂર્ણ થવાનું બતાવ્યું હોઈ તેના અગિયાર અધ્યાયોમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પ્રકરણમાં સમજાવ્યું છે કે અહીં શાસ્ત્ર દ્વારા નિષિધ્ધ કે ધર્મ વિરુદ્ધ કામની કથા નથી પરંતુ ધર્મ સંમ્મત **'કામ પુરુષાર્થ'** કહ્યો છે. સ્ત્રી કામનાથી

ભગવાનનું ભજન ન થાય પરંતુ ભગવાનના ભજનમાં સાનુકુળતા માટે સ્ત્રીકામના હોય તો ભગવદ્‌ભજન થઈ શકે તેમ સમજાવ્યું છે.

આ પેટા પ્રકરણમાં ત્રણ અધ્યાયો છે - જેમાં (૧) **પૃથુની શુદ્ધિ**, (૨) **તેના ઉપર થયેલી ભગવાનની કૃપા**, (૩) **તેણે આચરેલ પોતાનો ધર્મ** (૪) **તેણે પ્રાપ્ત કરેલ જ્ઞાન** અને (૫) **તેનો મોક્ષ** બતાવ્યો છે.

અહીં એવી શંકા થાય કે **'કામ'** તો સ્ત્રી સમ્ભોગ વગેરેથી થતાં સુખરૂપ પુરુષાર્થ છે અને મોક્ષમાં સ્ત્રી વગેરે બીજા કોઈની જરૂર હોતી નથી, છતાં પૃથુને મોક્ષ પ્રાપ્તિ બતાવી છે, તેનો ખુલાસો કરતાં કહ્યું છે કે ભગચ્છાસ્ત્ર પ્રમાણે મોક્ષની કામનાવાળો તેમજ પદાર્થ માત્રની કામનાવાળો ભગવાનનું સકામ ભજન કરી શકે છે પરંતુ સ્ત્રીની કામનાવાળો તેવું ભજન કરી શકતો નથી કારણ કે તે કામના તુચ્છ છે. પૃથુની કથા મોક્ષ પ્રકરણ નથી કારણ કે પૃથુની ભક્તિ, તેણે પ્રાપ્ત કરવાના જ્ઞાનના સાધનરૂપ જ હતી અને તે જ્ઞાનથી પૃથુને મુક્તિ પ્રાપ્ત થયાનું જણાવેલ છે. વળી પૃથુની ભક્તિ સકામ હોવાથી ભક્તિમાર્ગીય મુક્તિથી તેણે પ્રાપ્ત કરેલી મુક્તિ જુદા પ્રકારની હતી. પૃથુ સર્વ પદાર્થની કામનાવાળો હતો તેથી મોક્ષ પ્રકરણ કહેવા માટે જ તેની પૂર્વ ભૂમિકા રૂપ અહીં આ વાત કહી છે, પરંતુ આ મોક્ષનું પ્રકરણ નથી.

• અધ્યાય ૧૩

આ અધ્યાયમાં વિદુરજી **'પ્રચેતસા'** કોણ હતા, કોના પુત્ર હતા, કોના વંશમાં તેઓ પેદા થયા હતા અને તેમણે **'સત્ર'** (અનુષ્ઠાન) ક્યાં કર્યો, એવા પ્રશ્ન પુછે છે. અહીં ભગવદ્ ગુણાનુવાદ ગાવામાં વક્તાની વિશિષ્ટતા બતાવી છે, જેના દ્વારા શ્રોતાને પ્રભુમાં પ્રીતિ થાય છે. કામપુરુષાર્થની આ લીલા હોઈ **'કામ'**નું નિરૂપણ આ અધ્યાયમાં કરવામાં આવ્યું છે. તેમાં ધ્રુવજીના વંશનું વર્ણન કરવાનું કારણ સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે જો શ્રી કૃષ્ણની ભક્તિ કરેલી હોય તો તે પુત્રને અથવા વંશને ફળ આપે છે એમ જણાવવા અહીં ધ્રુવના વંશનું વર્ણન કર્યું છે. શ્રીકૃષ્ણની ભક્તિ એટલે ભક્તિમાર્ગીય ભક્તિ, જેનું મુખ્ય ફળ પુરુષોત્તમના સ્વરૂપની પ્રાપ્તિ છે. બ્રહ્માનંદ સુધીનું ફળ એ તેનું ગૌણ ફળ છે, પરંતુ તેની પ્રાપ્તિ કરાવીને મુખ્ય ફળની પ્રાપ્તિ સમાપ્ત થઈ જતી નથી, તે જણાવવા અહીં ધ્રુવના વંશનું વર્ણન કરવામાં આવ્યું છે.

ધ્રુવનો મોટા પુત્ર **કલ્પ** હતો, જે ધ્રુવને નાનપણમાં પડેલા દુ :ખને કારણે તે વિરક્ત હતા ત્યારે જન્મેલો હોવાથી **કલ્પ** પણ વિરક્ત હતો. તેને રાજ્યની ઈચ્છા ન હતી. ધ્રુવે રાજ્ય ભોગવ્યા પછી તેને વૈરાગ્ય થયો ત્યારે તેના નાના પુત્ર **ઉત્કલ**નો જન્મ થયેલ હોવાથી તે પણ વૈરાગ્યવાળો હતો. આ બન્ને પુત્રોને મુક્તિ પ્રાપ્ત થયેલી. તે દરમ્યાન જ્યારે ધ્રુવને સંસારમાં રાગ હતો ત્યારે **'વત્સર'** નામના પુત્રનો જન્મ થયો હતો તેથી તે રાજા થયેલ.

તે પછી વત્સરનો વંશ આગળ ચાલ્યો. તેને **પુષ્પાર્ણ**, તેના **વ્યુષ્ટ**, તેના **સર્વતેજા**, તેના **'ચક્ષુ'**

(મનુ), તેનો **'ઉલ્મુક'**, તેના **'અંગ'** થયો જેના લગ્ન 'મૃત્યુ'ની કન્યા **'સુનીથા'** સાથે થયા. વત્સરથી ઉલ્મુક સુધીના છ વંશજો માં ભગવાનના ઐશ્વર્ય વગેરે છ ગુણ હતાં, (પ્રત્યેકમાં એક એક), તેથી તે ગુણ તેમનું રક્ષણ કરતો હોવાથી તેઓ દોષ રહિત હતાં. **'અંગ'** સાતમી પેઢીએ થયો. જેનું રક્ષણ કરનાર ભગવાનનો એક પણ ગુણ ન હોવાથી તે દોષવાળો હતો. 'વત્સર'ના બીજા પુત્ર **'તિગ્મકેતુ'** ઈત્યાદિના વંશનું અહીં વર્ણન નથી કારણ કે કેટલાક દેવ તરીકે અથવા મુક્તિમાર્ગમાં અવતરેલા હોવાથી, આ **'કામપ્રકરણ'**માં તેનો કોઈ ઉપયોગ નથી.

રાજા 'અંગ' સ્વભાવથી ધર્મપરાયણ હતા, કાલાનુકુલ ધર્માચરણમાં તેમણે પ્રમાદ કરેલો, તેથી મૃત્યુની અધર્મરૂપ કન્યા **'સુનીથા'** સાથે તેને સ્નેહ થયેલો. આળસ અને અંત:કરણની અસાવધાનીથી પ્રમાદ થાય જેના કારણે ધર્માચરણમાં શિથિલતા આવે, અને તેનાથી **'અધર્મ'** ઉદ્ભવે, જે નિષ્ક્રિયતા કે વિમુખતારૂપ મૃત્યુ સાથે સંબંધ કરાવે. આ બધા દોષોના નિવારણ માટે રાજા અંગે અશ્વમેઘ યજ્ઞ કર્યો, જેમાં દેવો આવ્યા નહીં, કેમ કે તેને પુત્ર થયો ન હતો. પુત્ર ઉત્પન્ન કરવા સ્ત્રી સાથે સંબંધ થવો આવશ્યક હતો, પુત્ર થવાનું કારણ **'ધર્મ'** છે, જે તેનામાં ન હતાં, તેથી જ તેને સર્વને હણનાર **'મૃત્યુ'** સાથે સંબંધ થયો હતો.

યજ્ઞમાં દેવો ન આવવાનું કારણ સમજાવતાં કહે છે કે શ્રુતિ પ્રમાણ છે કે **''જે અશ્વમેઘ યજ્ઞથી ભગવાનનું પૂજન કરે છે તે સર્વ પાપ તરે છે, બ્રહ્મહત્યા તરે છે,''** તો પણ **''પુત્ર રહિતને પરલોક પ્રાપ્ત થતો નથી,''** યજ્ઞથી આધિભૌતિક અને આધ્યાત્મિક દોષો દૂર થાય, વંશ અને મુક્તિ મળે, તે કારણથી અંગે પૂન: **'વૈષ્ણવ યાગ'** કરાવ્યો, જેમાં **યજ્ઞનારાયણ** પ્રકટ થયા જેના આશિર્વાદથી તેને **'વેન'** નામનો પુત્ર થયો, જે અતિ દુષ્ટ હતો. અંગ દોષ રહિત થાય અને તેનો વંશ ચાલુ રહે તે પ્રયોજનથી તેણે **'વૈષ્ણવ યાગ'** કરેલો. છતાં તે દુષ્ટ થયો તેનું કારણ સમજાવતાં કહે છે કે અંગનો દોષ તેના પુત્ર વેનમાં ઉતર્યો પરંતુ યજ્ઞના **'ચરુ'** ભક્ષણનું ફળ તેના પૌત્ર પૃથુને મળ્યું, કેમ કે દોષ અને ચરુના ભક્ષણનું શુભ ફળ એકબીજાથી વિરુધ્ધ હોવાથી શુભ ફળ પૌત્રને મળ્યું. પુત્ર વેન દુ:ષ્ટ હોવાથી અંગને વૈરાગ્ય ઉત્પન્ન થયો જેના પરિણામે તેને મુક્તિ મળી.

અંગે પોતાનો પુત્ર **વેન** દુષ્ટ હોવાથી તેને રાજ્ય ન આપતાં તે (વેન) 'અંગ'ને શોધવા ગયા, કારણ કે સામાન્ય રીતે રાજા જ્યારે રાજ્યનો ત્યાગ કરે ત્યારે **'શાસ્ત્ર'** એટલે શાસન અથવા પ્રજાને આજ્ઞા કરવા રૂપ રાજાનો ધર્મ પોતાના પુત્રને સોંપીને જાય, પરંતુ અંગે તેમ કરેલું નહીં. વેને પિતાની શોધ કરતાં તે મળ્યા નહીં તેથી લોકો ઈચ્છતા કે જો તેનો **'પૃથુ'** જેવો પુત્ર ઉત્પન્ન થાય તો પ્રજાનું રક્ષણ થાય. આમ પુત્ર **'વેન'** પ્રજાને પીડા આપનાર થયેલ હોવાથી, પ્રજાપીડક પુત્રને કારણે પિતાને દુ:ખ થયું. પોતાનો પુત્ર પ્રજાને પીડે એ ઋષિ હૃદય અંગ રાજાને અસહ્ય થયું, તેથી તે ઘર છોડી ચાલ્યા ગયા. છતાં અનર્થમાંથી પણ તેને આશ્વાસન શોધ્યું. શાસ્ત્ર કહે છે- **'સર્વત્ર સાર ગ્રહણ કરવો.'** ''ખરાબ દિકરો મળ્યો તો તેને વૈરાગ્ય થયો, નહીંતર હું રાજ્યભોગમાં આસક્ત

થાત.'' અંગે વિચાર્યું કે ભગવાન જે કોઈ પરિસ્થિતિ આપે તેને સુખ માનીને વધાવી લેવી જોઈએ. અંગે રાજ્યશાસન પુત્રને સોંપ્યુ ન હતું. અયોગ્યને અધિકાર મળતાં અનર્થ વધે, દોષ અધિકાર દેનારને પણ લાગે. પ્રજા અને પુરોહિત રાજાને શોધવા ગયા, પરંતુ તે ન મળ્યા. સુરક્ષા મળે તેવી કામના સૌના મનમાં હતી.

● અધ્યાય ૧૪

'વેન' ભવિષ્યમાં પ્રજાને દુખી કરવાનો છે તે **ભૃગુ** વગેરે મુનિઓ સર્વજ્ઞ હોવાથી જાણતાં હતાં, પરંતુ જ્યાં સુધી વેન પ્રજાનો દ્રોહ ન કરે ત્યાં સુધી, વેનને રાજ્ય દેવામાં ન આવે તો લોકો, તે પ્રજાનો નાશ કરત એમ જાણી શકે નહીં, અને તેની અયોગ્યતાનો લોકોને અનુભવ થાય તો તેઓ શાસક બદલવા બદલવા સંમત થાય, તે પછી જ પ્રજાને યોગ્ય શાસક મળે, તેમ વિચારી ઋષિઓએ વેનને રાજા બનાવ્યો. તેનામાં રાજાના ગુણ તેમ જ દુષ્ટતા બન્ને હતાં, અર્થાત્ તેમાં રાજાનો અંશ હતો તથા દોષનો અંશ પણ હતો, જે ઉગ્ર હતો તેથી તેનાથી **ધર્મ**નો નાશ થયો. તેણે **અધર્મ**નું શાસન ચલાવ્યું. તેનામાં અભિમાન આવ્યું અને તે પોતાને જ પ્રભુ માની બેઠો. તેથી તેણે રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો કે **'કોઈએ પણ યજ્ઞ, દાન, હોમ કરવા નહીં.'** યજ્ઞ આદિ પ્રજાને ધર્મ પરાયણ બનાવે, તેમને સુખ સમૃધ્ધિ આપે. દાન અનેકવિધ આવશ્યકતાઓને સંતોષે. તેનાથી સામાજિક ઉન્નતિ થાય. પરંતુ વેન પ્રજાને પીડવા લાગ્યો, જેનાથી ધર્મનો નાશ થવા લાગ્યો, અને અધર્મના સ્થાપનથી ઘણો ભય ઉત્પન્ન થયો. જ્યારે રાજાનું સ્થાન રિક્ત હતું ત્યારે પણ ભયનું વાતાવરણ સર્જાયુ હતું. પરંતુ વેનના શાસનમાં તો ભય તેનાથી પણ વધવા લાગ્યું.

વેન પ્રજાને પીડા આપવા લાગ્યો હતો, જેના કારણે ધર્મનો નાશ થવા લાગ્યો. આમ લૌકિક તેમ અલૌકિક બન્નેનો નાશ થવાથી અને અધર્મના સ્થાપનથી ઘણો ભય ઉત્પન્ન થયે. વળી રાજ્યમાં રાજા રહ્યો ન હતો તેથી પણ ઘણો ભય થવા લાગ્યો. જો અધર્મ વધે તો લોકોના અંત:કરણમાં રહેલો ધર્મ પણ નાશ પામે તેથી તેને માટે વેનને અધર્મ કરતાં અટકાવવો જરૂરી હતો.

ઋષિઓ **'સર્વજ્ઞ'** હોવાથી જાણતા જ હતા કે **'વેન'** અધર્મનું આચરણ કરશે અને તેમનો ઉપદેશ તે માનશે નહીં. તેમ છતાં તેમણે વેનને રાજા બનાવ્યો તેથી તેઓ પણ દોષના ભાગીદાર બને, કારણ કે **'દોષ કરનારને, તેમ જ તે કરવાની આજ્ઞા કરનારને અને તેમાં સંમતિ આપનારને પણ દોષો લાગે'** તેવો નિયમ છે. ઋષિઓ આ જાણતાં હોવાથી તેમણે વેનને અધર્મ ન આચરવા માટે તેને **'અધર્મ'** ન કરવાનો બોધ આપ્યો, પરંતુ વેનને ઋષિઓએ આપેલું જ્ઞાન ગળે ઉતર્યું નહીં. વેન અભિમાનથી પોતાને જ પ્રભુ માની બેઠો હતો. તે પાખંડ પરાયણ હતો. તેણે ઋષિઓને એવા ભાવાર્થનો ઉત્તર આપ્યો કે **'રાજા જ ઈશ્વર હોય છે, અને સર્વ દેવો તેના દેહમાં રહેલા છે. તેથી તમે દેવને ચઢાવવાનું 'બલિ' (અર્ધ્ય) મને જ આપો.'** ઋષિઓએ તો ધર્મનું

રક્ષણ કરવા વેનને સમજાવેલો કે રાજામાં સર્વ દેવોનો વાસ હોય છે, તેથી તેઓનો (દેવોનો) તિરસ્કાર તેણે કરવો જોઈએ નહીં. પરંતુ વેને તેનો અવળો અર્થ લીધો, અને કહ્યું કે **‘મારું પૂજન કરવાથી બધા દેવોનું પૂજન થશે.’** આમ વેને પાખંડનું આચરણ કર્યું, કેમ કે રાજામાં દેવનો અંશ હોય છે, તે સાચું, અને તેથી જ રાજાને **‘નરેન્દ્ર’** કહેવાય છે. પરંતુ, રાજા પોતે જ પ્રભુ બની બેસે, તે **પાખંડ** કહેવાય.

જ્ઞાની ઋષિઓએ તેથી વેનનો ઉપહાસ કર્યો, અને પ્રભુથી નીંદાયેલ વેનને મારી નાંખ્યો. રાજા હોવાથી વેનને હણવો તે પાપ હતું, છતાં ઋષિઓને તેનો દોષ ન લાગ્યો, કારણ કે **‘જે ઘણી ક્રુરતાપૂર્ણ વર્તન કરે તે જીવતો હોવા છતાં ખરેખર મરેલો જાણવો’** તેવું શાસ્ત્ર વચન છે. મૃત હોવા છતાં **‘સુનીથાએ** ઔષધવિજ્ઞાનની વિધિથી વેનના શરીરને સાચવી રાખ્યું. ઋષિઓએ વિચાર્યું કે **‘‘જે કાર્ય કરીએ અને તેનું પરિણામ આવે તે ફળ તેઓને ભોગવવું પડે. આ પાપ આપણને લાગશે. યોગ્ય શાસનના અભાવમાં પ્રજા પીડાઈ રહી છે.’’** તેથી ઋષિઓ પુન: સુવ્યવસ્થિત રાજ્ય શાસન થાય તેમ કરવા તત્પર થયા. તેમણે પ્રથમ વેનના સાથળનું મથન કર્યુ, જેનાથી દોષ નીકળી જાય, કારણ કે અધમ દોષવાળું એ પવિત્ર અંગ પુરુષની નાભિની નીચેનો ભાગ છે. તેની ઉપરનો ભાગ પવિત્ર છે. આમ ઋષિઓએ વેન રાજાના દોષને દૂર કર્યો જે મથનથી ઉત્પન્ન થયેલ **‘નૈષાદ’** (ભીલો)માં ગયો.

- **અધ્યાય ૧૫**

સાથળના મથન પછી ઋષિઓએ વેનના બે બાહુનુ મથન કર્યું. અહીં સમજાવે છે કે જો પહેલા હૃદયનું મથન કરે તો સ્વતંત્ર અવતાર **‘નારાયણ’** રૂપે પ્રકટ થાય, જેનાથી ધર્મરક્ષા તો થાય, પરંતુ વંશ પરંપરા ન ચાલે. તેથી ક્ષત્રિયત્વ માટે ધર્મના આધારરૂપ બાહુઓનું મથન કર્યું. જેથી કામ પૂર્ણ થાય. હવે દોષ તો રહ્યો ન હતો અને ‘કામ’ પૂર્તિ માટે મિથુન (સ્ત્રી-પુરુષના જોડકારૂપ) ભગવાન **વિષ્ણુ** અને **લક્ષ્મીજી**ના અંશરૂપ એક યુગલ પ્રકટ થયું, જેને ઋષિઓએ **‘પૃથુ’** અને **‘અર્ચિ’** નામ આપ્યા. અહીં સમજાવે છે કે માત્ર લોકનું રક્ષણ કરવા માટે એક પુત્ર ઉત્પન્ન થાય તે પર્યાપ્ત હતું, પરંતુ તેનાથી તે પુરુષ રાજાના ગુણવાળો થાત જે ઋષિઓએ તેના પિતાને હણ્યો છે તેમ જાણી, પ્રજાનો દ્વેષ જ કરત. પરંતુ સર્વકામની સિધ્ધિ માટે **‘પૃથુ’**નું પ્રાકટ્ય થયું જેમાં શ્રી હરિનો આવિર્ભાવ થયેલ હોવાથી સર્વ કામનાઓની સિધ્ધિ થઈ શકે.

આમ પ્રકટ થયેલા વિષ્ણુ-લક્ષ્મીરૂપ **પૃથુ** અને **અર્ચિ**ના દર્શને બ્રહ્માજી અન્ય દેવો સહિત પધાર્યા. પૃથુના જમણા હાથમાં ગદાનું ચિન્હ હતું અને ચરણમાં પદ્મનું. વિપ્રોએ તેમની પ્રશંસા કરી તેમનો રાજ્યાભિષેક કર્યો. તેમનામાં રાજા તરીકેના સર્વે ગુણ હતાં. લોકપાલોએ પોતપોતાની સમૃધ્ધિ પૃથુને સમર્પણ કરી. **સૂત**, **માગધ** અને **બન્દીજનો**એ પૃથુની સ્તુતિ કરવા માંડી, જે તેમણે અટકાવી. આને પૃથુનો મોટો ગુણ માનવામાં આવ્યો, કારણ કે **‘હલકો પુરુષ પોતાની સમક્ષ**

પોતાની સ્તુતિ કરાવે છે, પરંતુ મોટા પુરુષ તો કોઈ તેમની સમક્ષ સ્તુતિ કરે તો તે લજ્જા અનુભવે છે. શુશીલ પુરુષો (ઉત્તમ શ્લોક) તો ભગવાનના ગુણાનુવાદ કરે-કરાવે, પોતાના નહીં. કુબેરજીએ સુવર્ણનું સુંદર આસન આપ્યું (વેનનું દોષવાળુ રાજ્યાસન પૃથુને ન દેવાય). વરુણે જલશ્રવતું છત્ર આપ્યું, વાયુએ ચામર આપ્યા, ધર્મે કીર્તિમય માળા આપી, ઈન્દ્રે ઉત્તમ મુકુટ આપ્યા, યમે સંયમ કરનારો દંડ આપ્યો, બ્રહ્માએ વેદમય કવચ આપ્યું. શ્રી હરિએ સુદર્શન ચક્ર આપ્યું, રુદ્રે તલવાર આપી, ચંદ્રે આશિષ આપ્યા, અગ્નિએ ધનુષ આપ્યું, સમુદ્રે શંખ આપ્યો, વગેરે પ્રત્યેક દેવે પૃથુને વિવિધ અસ્ત્ર-શસ્ત્રો આપ્યા.

સાધુ પુરુષો પોતાના વખાણ સાંભળીને સંકોચ પામતા હોય છે, જ્યારે સામાન્ય લોકો પોતાની પ્રશંસાની સંતોષ મેળવે છે. પૃથુએ પોતાની સ્તુતિ કરનારને રોકીને કહ્યું કે ''મારા ગુણો અપ્રકટ છે, તેથી મારું સ્તવન કરશો નહીં. સુશીલ લોકો ઉત્તમ શ્લોક એવા ભગવાનના ગુણાનુવાદ કરે છે અને કરાવે છે, પરંતુ પોતાની પ્રશંસા કરાવતાં નથી. તેઓ ન તો વ્યર્થ વાણી વિલાસ કરે છે, ન કોઈ અયોગ્યનું ગુણગાન કરે છે.

● અધ્યાય ૧૬

અગાઉ કહ્યું તેમ **સૂત** (પુરાણી), **માગધ** (વંશ વર્ણન કરનાર), **બંદીજ**ને (પ્રસંગોચિત સ્તુતિ કરનાર), પુનઃ આવી પૃથુ રાજાની પ્રશંસા કરવા લાગ્યા, અને તેઓ ભવિષ્યમાં જે પરાક્રમ કરવાના હતાં તે ગાવા લાગ્યા. મુનિઓએ સૂત વગેરેને પૃથુની સ્તુતિ કરવાની પ્રેરણા કરી, પણ તેમણે પોતે ન કરી, તેનું કારણ સમજાવતાં કહે છે કે ભવિષ્યમાં પૃથુરાજા જે પરાક્રમ કરવાના હતાં. તે માત્ર ઋષિઓ માટે જ નહીં પરંતુ સામાન્ય જનતાનું કલ્યાણ થવાનું હતું, તેથી તેમની સ્તુતિમાં તેઓ પૃથ્વીનું દોહન કરી સૌને સુખ દેવાના હતાં, અનેક પ્રકારના યજ્ઞો કરવાના હતાં તેનું વર્ણન કરેલુ હતું. અહીં એક શંકા વ્યક્ત કરી છે કે **સૂત** પુરાણોનું જ્ઞાન ધરાવતાં હતાં, તેથી તેમને ભવિષ્યનું જ્ઞાન હતું પરંતુ **'માગધ'** અને **બન્દીજનોને**, તે કેવી રીતે હોય? આનો ખુલાસો કરતાં કહે છે કે પ્રથમ સૂત ભવિષ્યના વૃતાંત કહેતાં. તે પછી તેના આધારે માગધ અને બન્દીજન સ્તુતિ કરતાં.

શાસ્ત્રમાં આઠ **'લોકપાલ'** ગણાવવામાં આવ્યા છે જેના દ્વારા રાજ્યનું **'સુસાશન'** ચાલે છે. તે સર્વેના ધર્મો પૃથુમાં એક સાથે હતાં.

૧. સૌનું સમાન હિત કરવું, કર ઉઘરાવી તેનો પ્રજાહિતમાં યોગ્ય ઉપયોગ કરવો, જેમ સૂર્યનો ગુણ જળને શોષી-વરસાદ રૂપે પાછું આપવાનો છે.

૨. પૃથ્વી જેવા ક્ષમાશીલ, પરોપકારી, ભૂતલમાં રહેલી સમૃધ્ધિ પ્રકટ કરનાર.

૩. ભેદભાવ વિના સૌને સુખ-સમૃધ્ધિ આપનાર - સર્વત્ર વરસાવનાર.

૪. ચંદ્રની માફક અમૃત વરસાવનાર, મધુર વચનથી સૌને આશ્વાસન આપનાર, પોષણ અને

વિકાસ કરનાર.

૫. વરુણની જેમ પોતાનો અભિપ્રાય ગુપ્ત રાખીને પ્રજાનો મનોભાવ જાણી, સમૃધ્ધિની રક્ષા કરનાર.

૬. અગ્નિની જેમ દુશ્મનોને દુ:સહ બની દુષ્ટોને દંડ દેનાર.

૭. વાયુની જેમ સર્વત્ર ફરી, ગુપ્તચરોની જેમ શત્રુ-મિત્રોની વૃત્તિ-પ્રવૃત્તિ જાણી પ્રજાનું હિત જાણી વ્યવહાર કરનાર.

૮. શત્રુ અને મિત્રનો સંકોચ કે શેહ-શરમ વિના યોગ્ય ન્યાય કરનાર, કાયદાનું પોતે પાલન કરી સર્વ પાસે પાલન કરાવનાર, ધર્મ માર્ગે દૃઢ રહેનાર.

આવા ગુણો સાથેનું પવિત્ર જીવન જીવી પ્રજાનું પાલન કરનાર લોકપાલોના બધા ગુણો પૃથુરાજામાં હતા.

• અધ્યાય ૧૭

તેરમા અધ્યાયથી જ પૃથુના ચરિત્રનું વર્ણન મૈત્રેય વિદુરજીને કહી રહ્યા છે, છતાં આ અધ્યાયમાં વિદુરજી, અલૌકિક ભગવદાવેશવાળા 'પૃથુ'ના કાર્યો વિશે જાણવાની ઈચ્છા પ્રકટ કરે છે, કેમ કે તેઓ પોતે રાજ્યમંત્રી રહી ચૂકેલા હોઈ, શાસન વિશેના અનેક અનુભવો તેમને થયેલ હતાં. તેથી પૃથુની સામાન્ય રાજા તરીકેની વાતોમાં તેમને રસ ન હતો. પરંતુ તેઓ ભગવત્કથા સાંભળવાની અપેક્ષા સેવતાં હોઈ ગાયનું રૂપ ધારણ કરેલી પૃથ્વીનું દોહન 'પૃથુ'એ ભગવદાવેશથી જે રીતે કર્યું અને પ્રજાની કામના પૂર્ણ કરી તે જણાવવા મૈત્રેયને વિનંતી કરી.

મૈત્રેય કહે છે કે પૃથુ રાજા થયા પછી એક સમયે જ્યારે પ્રજા અન્ન વિના પીડાઈ રહી હતી ત્યારે તેમણે રાજાને અન્નની વ્યવસ્થા કરવા વિનંતી કરી. અન્ન પ્રજાની પ્રાથમિક આવશ્યકતા છે. તેની અછતના કારણે મોંઘવારી વધે, ઉદ્યોગો પર તેની અસર થાય, અનેક પ્રશ્નો ઉદ્‌ભવે, જે અંતમાં સર્વનાશ નોતરે. રાજા પૃથુએ પળનો પણ વિલંબ કર્યા વિના દીર્ઘદૃષ્ટિથી પરિણામનો, કાર્યનો, વ્યવસ્થાનો, સ્વ સામર્થ્યનો વિચાર કરી પરિસ્થિતિને કાબુમાં લેવાનો નિર્ધાર કર્યો. તે ધનુષ્ય-બાણ લઈ પૃથ્વી પર શાસન કરવા માટે તૈયાર થયા. પૃથ્વી દેવી છે, સ્ત્રી છે અને સર્વનો તેના ઉપર આધાર રહે છે. ગાયનું રૂપ ધારણ કરી આધિદૈવિકરૂપે પૃથ્વી દેવી આગળ દોડવા લાગ્યા. તેમણે પરીક્ષા કરવા રાજાને કહ્યું **''હે પૃથુરાજા, સ્ત્રીનો વધ તમારાથી કરી શકાય નહીં.''** પ્રત્યુત્તર આપતાં પૃથુ કહે છે કે **'પ્રજાનું કલ્યાણ કરવા માટે કોઈનો વધ કરવામાં રાજાને દોષ લાગે નહીં.'** મારા શાસનથી વિમુખ થયેલી તને હું અવશ્ય સજા કરીશ. પ્રજાની જરૂરિયાતની ચીજો ને છુપાવી રાખનાર સજાને પાત્ર છે. તું ઘાસ ખાવા છતાં જો દૂધ ન દેતી હોય તો તું શિક્ષાપાત્ર છે. **'પ્રમાદ'** અને **'પ્રમોદ'** પ્રજાને પાયમાલ કરે છે. માટે સત્તા ચલાવનારે સાવધ રહી સૌને કર્તવ્યનિષ્ઠ બનાવવા ઉપાય કરવો પડે.

અહીં પ્રશ્ન ઉદ્ભવે કે રાજાએ ભૂમિ રૂપ ગાયને હણવાનો પ્રયત્ન કર્યો તે યોગ્ય ન હતો, જેનો ખુલાસો કરતાં કહે છે કે, પૃથુએ ધનુષ્ય-બાણ ચઢાવી, ભયથી ગાયનું રૂપ ધારણ કરેલી પૃથ્વી બધું કાર્ય પાર પાડશે, એમ ભવિષ્યમાં જે કાંઈ થવાનું હતું તે જાણીને પ્રજાની કામનાઓ પુરી કરવાનો હેતુ રહેલો હતો. તેનામાં ભગવાનનો આવેશ હોવાથી આ કાર્ય કરવાની તેનામાં શક્તિ હતી, તે જાણતા હતાં.

- **અધ્યાય ૧૮**

પૃથ્વી પૃથુરાજાને ઉપાય સૂચવતાં કહે છે કે આ લોક અને પરલોકમાં માનવના કલ્યાણ માટે તત્વજ્ઞ ઋષિઓએ અનેક ઉપાયો વિચાર્યા છે અને તેને આચર્યા પણ છે. જે શ્રધ્ધાથી જો તેને અનુસરે તો કૃતાર્થ થાય. સામાન્યતઃ આજના વિજ્ઞાન સાથે **'અનર્થ'** પણ વિકસે છે જ્યારે ઋષિઓનું વિજ્ઞાન અનર્થ વિના કૃતાર્થ કરે છે. સર્વના કલ્યાણની કામના વિના અસંયમી, સાધન સંપન્ન, લાલચુ લોકોએ વિજ્ઞાન તેમ જ ઔષધિઓનો દૂરુપયોગ કરી તેનો ગેરલાભ લેવાની પ્રવૃત્તિ કરી. લોકોની મનોવૃત્તિ અને પ્રવૃત્તિ ચોર જેવી થઈ ગઈ. પદાર્થોમાં ભેળસેળ પ્રવૃત્તિ, ઓછી મહેનતે વધારે મેળવવાની વૃત્તિ, સંગ્રહખોરી જેવાં અનેક દૂષણોને અનેક અનર્થો પરિણામ પામ્યા જેના ફળરૂપે પરિસ્થિતિ વણસી છે.

વધુમાં કહે છે કે પ્રજા પ્રત્યે પ્રીતિ રાખનાર અને જેના પ્રત્યે પ્રજા પ્રીતિ ધરાવે તેવા લોકસેવકો, સમાજ સુધારકો, પોતપોતાના ક્ષેત્રમાં નિષ્ણાતો, સેવાનિષ્ઠ અને સદાચારી લોકોને જો યોગ્ય સ્થાન અને માન અપાય તો ઈચ્છિત ફળ પ્રાપ્ત કરી શકાય, સફળતા સાંપડે. સત્તા અને પ્રજાના સહકારથી સમૃધ્ધિ સરળાથી પ્રાપ્ત થઈ શકે. **'પૃથ્વી'** રાજાને સમજાવે છે કે તમે ક્રોધ ન કરતાં, મને સમાન બનાવો તો જળસંગ્રહ થશે અને અન્ન વધુ પાકશે. રાજાએ ધનુષ્યના અગ્રભાગથી પૃથ્વીના ખાડા ટેકરાઓને સમાન કર્યા. વિશાળ ખેતરોના રૂપે જમીન એકત્ર કરી અને વધારે અન્ન પાકી શકે તેવી સર્વ વ્યવસ્થા ગોઠવી. ઋષિઓ, દેવો, દૈત્યો વગેરેએ પણ પૃથ્વીનું દોહન કરી પોત-પોતાના ઈષ્ટ પદાર્થો પ્રાપ્ત કર્યા. તેઓમાં ભગવાનનો આવેશ ન હતો, પરંતુ પૃથુમાં ભગવાનનો આવેશ હોવાથી તેઓ પણ પૃથ્વીનું દોહન કરી શક્યા.

૧. પૃથ્વી ગાયનું રૂપ ધરીને ઊભા હતાં ત્યારે વિવિધ લોકો માટે વિવિધ વત્સો દ્વારા અનેક પ્રકારે દોહન કર્યું. 'મનુ' બુધ્ધિરૂપ છે, હાથ પાત્ર છે અને શાસન ક્રિયા વ્યવસ્થારૂપ છે. તેના ઉપયોગથી મહેનત દ્વારા પૃથ્વી પાસેથી સર્વ પ્રકારની ઔષધી પ્રાપ્ત કરી શકે. તે જ પ્રકારે વિવિધ 'વત્સ' રૂપે પ્રાપ્ત કરી અનેક પ્રકારે દોહનની પ્રક્રિયાનું વર્ણન કર્યું.

૨. ઋષિઓએ બૃહસ્પતિને વત્સ બનાવી, વેદરૂપ દોહન કરી વિશ્વકલ્યાણ કરનારું જ્ઞાન પ્રાપ્ત કર્યું. અન્ન દ્વારા તન અને વેદ દ્વારા મન સ્વસ્થ રહે. આમ લોકો માટે ભોજન અને ભજન બન્ને પ્રાપ્ત કર્યા.

૩. દેવોએ ઈન્દ્રને વત્સ બનાવી સુવર્ણમય પાત્રમાં સોમરૂપ દૂધ દોહી ગયા.

૪. દાનવોએ પ્રલ્હાદને વત્સ બનાવી લોહમય પાત્રમાં સૂરા-આસવફલ દોહી લીધું. (આ ભક્ત પ્રલ્હાદ નથી)

૫. અપ્સરા-ગંધવો વિશ્વવસુને વત્સ બનાવી પદ્મમય પાત્રમાં મધુર સંગીતરૂપ દૂધ દોહી લીધું.

૬. પિતૃઓએ **'અર્યમા'**ને વત્સ બનાવી આપમય પાત્રમાં કાવ્યરૂપ દૂધ દોહી લીધું.

૭. સિધ્ધોએ કપિલને વત્સ બનાવી આકાશરૂપ પાત્રમાં અણિમા વગેરે સિધ્ધિઓને પ્રાપ્ત કરી.

૮. વિદ્યાધરો કપિલને વત્સ બનાવી આકાશમય પાત્રમાં ખેચરી વિદ્યા રૂપ દૂધ દોહી લીધું.

૯. માયાવિ લોકો 'મય'ને વત્સ બનાવી આકાશમય પાત્રમાં માયારૂપ દૂધ દોહી લીધું.

૧૦. યક્ષ વગેરેએ રુદ્રને વત્સ બનાવી મનુષ્ય-કપાલ પાત્રમાં રુધિર (આસવ)રૂપ દૂધ દોહ્યું.

૧૧. નાગો (અજગર (ફણાવગરના અને ફણાવાળા સર્પો, વીંછી વગેરે) તક્ષકને વત્સ બનાવી દર રૂપ પાત્રમાં વિષરૂપ દૂધ દોહી લીધું.

૧૨. પશુઓ નંદીશ્વરને વત્સ બનાવી અરણ્યમય પાત્રમાં લીલા ઘાસ રૂપ દૂધ દોહી લીધું.

૧૩. દાંતવાળા - કવ્યાદિ પશુઓ સિંહને વત્સ બનાવી સ્વકલેવરમય પાત્રમાં કલ્પરૂપ દૂધ દોહી લીધું.

૧૪. પક્ષીઓ ગરુડને વત્સ બનાવી સ્વકલેવર પાત્રમાં કીટ-ફલ રૂપ દૂધને દોહી લીધું.

૧૫. વનસ્પતિઓ વડને વત્સ બનાવી સ્વકલેવર પાત્રમાં રસરૂપ દૂધ દોહી લીધું.

૧૬. પર્વતો હિમાલયને વત્સ બનાવી શિખરમય પાત્રમાં ધાતુ-રાજા રૂપ દોહી લીધું.

આ રીતે પૃથ્વી પાસેથી ખૂબ અન્નનું ઉત્પાદન કરીને તેની રક્ષા-વ્યવસ્થા માટે પૃથુરાજાએ સૌ પ્રથમ ગામડા-નગર વગેરે વસાવ્યા. તેથી સર્વને ઈચ્છેલું બધું મળ્યું, અને સર્વની કામનાઓ પૂર્ણ કરીને પૃથુએ પૃથ્વીને પુત્રીરૂપે ગણી અને તેથી પોતે પૃથ્વીપતિ ગણાય છતાં પૃથ્વીના પિતા થયા. પ્રજાને પણ પુત્રી જેવી ગણી.

એ પ્રમાણે પૃથુએ પુર, ગ્રામ, નગર ઈત્યાદિની યોગ્ય રચના કરી, કિલ્લાઓ બનાવડાવ્યા. તેના પહેલાં અહીં ગામ-નગરોની આવી કલ્પના પણ ન હતી. પૃથુએ સૌ પ્રથમ આવી રચના કરી, અને અનાજ રાખવાની જગ્યા, અગ્નિગોત્રીઓને વસાવવા માટેના સ્થાન, વ્રજ-સ્થાન, સૈન્ય-શિબિર, ખાણો વગેરે સર્વ પ્રકારની સુવિધાપૂર્ણ સ્થાનો ઊભા કર્યા.

અહીં એવી શંકા થાય કે પૃથ્વી તો દેવી છે, સ્ત્રી છે અને સર્વનો તેના પર આધાર રહેલો હોય છે, તો પછી પૃથુએ ભૂમિને મારવા માટે ઉદ્યમ કર્યો તે અયોગ્ય હતું. તેનો ખુલાસો કરતાં કહે છે કે પૃથ્વી પૃથુના તેવા પ્રયત્નથી ભય પામીને ગાયનું રૂપ ધારણ કરશે અને તેનાથી ઈચ્છેલું બધુ કાર્ય પૂર્ણ થશે, એવું ભવિષ્યમાં થવાનું છે તેમ પૃથુ જાણતા હોવાથી પ્રજાઓની બધી કામનાઓ પૂરી

થશે. તેમ વિચારીને તેઓ ધનુષબાણ ચઢાવી પૃથ્વીની પાછળ પડેલા. તેમનામાં ભગવદ્ આવેશ હોવાથી આ કાર્ય કરવાની તેનામાં શક્તિ હતી તેમ અહીં જણાવ્યું છે.

● અધ્યાય ૧૯

ત્રીજા **'કામ'** પ્રકરણના પ્રથમ ચાર (૧૩થી ૧૬) અધ્યાયમાં સર્વની કામનાથી **'પૃથુ'**ની ઉત્પત્તિ બતાવી. અધ્યાય (૧૭-૧૮)માં પૃથુએ સર્વની કામનાઓ પૂર્ણ કરવાનું જણાવ્યું. હવે પાંચ અધ્યાયો (૧૯થી ૨૩)માં અનુક્રમે પૃથુની શુદ્ધિ, તેના ઉપર થયેલી ભગવાનની કૃપા, તેણે આચરેલો પોતાનો ધર્મ, તેણે પ્રાપ્ત કરેલ જ્ઞાન અને છેલ્લે તેના મોક્ષનું વર્ણન કર્યું છે. પૃથુએ સર્વ કામનાઓ પૂર્ણ કર્યા પછી સ્વકામના-પૂર્તિનો પ્રારંભ કર્યો. લૌકિક-કામનાઓની પૂર્તિ થયા પછી અલૌકિક કામના થાય. તેની પૂર્તિ માટે પૃથુએ સો અશ્વમેઘ યજ્ઞો કરવાની દીક્ષા લીધી. આનું કારણ સમજાવતાં કહે છે કે જે પદાર્થોની તેને કામના હતી તે બધા માટે આરંભમાં, પોતે કામનાઓ સિધ્ધ કરી શકે, તેને માટે પોતાની શુદ્ધિની જરૂર હતી, કારણ કે **'શુદ્ધ પુરુષ જે કાર્ય કરે છે તે સિધ્ધ થાય છે.'** લૌકિક કામના પૂર્ણ થયા પછી અલૌકિક કામના થાય તે માટે સ્વાન્ત શુદ્ધિ કરવી આવશ્યક છે.

પૃથુરાજાના યજ્ઞમાં **લોકપાલો, દેવી, મુનિગણ, ગાંધર્વ, દૈત્ય વર્ગ, સિધ્ધો, પ્રભુના પાર્ષદો** અને **ભગવદ્ ભક્તો** આવ્યા. પૃથ્વીએ પણ સર્વ પદાર્થો યજ્ઞ માટે પ્રેમથી દીધા, રસની નદીઓ વહેવા લાગી. વૃક્ષો, ફળ-ફૂલની અઢળક વૃષ્ટિ કરવા લાગ્યા. યજ્ઞ માટે સર્વવિધ સમૃધ્ધિ સુલભ હતી. અગાઉ (૧-૩-૧૨માં) કહ્યું તેમ **રુચિથી આહૂતિ**માં 'યજ્ઞ'નો સાતમો અવતાર થયેલ, જે તે મન્વન્તરમાં **'ઈન્દ્ર'** થયેલ. **ઈન્દ્ર થવા માટે બે વસ્તુઓની જરૂર હોય (૧) એકસો અશ્વમેઘ કરવો જોઈએ અને (૨) ઈન્દ્ર થવાની કામના હોવી જોઈએ.** પૃથુને ઈન્દ્ર થવાની કામના થાય તો તેને તે પદ પ્રાપ્ત થાય. પરંતુ ભગવાનની આ કામ લીલાથી વિરુદ્ધ હતું. પૃથુને ઈન્દ્રપદની કામના થાય તો તે પ્રાપ્ત થઈ શકે તેમ હતું. પૃથુની સમૃધ્ધિ જોઈ ઈન્દ્રને ઈર્ષા થઈ. તેથી તેણે છેલ્લા યજ્ઞમાં વિઘ્ન કરવા માંડ્યું. ભગવાન **'સુયજ્ઞ'** ત્યારે ઈન્દ્રરૂપ હતાં. સ્વર્ગરૂપ સર્વ સમૃધ્ધિમાં રહેનારને પણ ઈર્ષા મનમાંથી જતી નથી. ઈન્દ્રપણુ કર્મનું ફળ છે અને એકસો અશ્વમેઘ યજ્ઞ ઈન્દ્રના અને પૃથુના સરખાં હોવાથી ઈન્દ્રને પોતાનું પદ ગુમાવવાની ચિંતા થઈ. અહીં શંકા ઉદ્‌ભવે કે યજ્ઞ નામના ઈન્દ્રનો અવતાર ધર્મનું રક્ષણ કરવા થયેલો તો તેને પૃથુના યજ્ઞમાં વિઘ્ન નાંખવાના પ્રયાસ કેમ કર્યા? તેના સમાધાનમાં સમજાવે છે કે **'સત્તા અને સંપત્તિના સંઘર્ષની પાપયુક્ત યુક્તિ-પ્રયુક્તિઓમાં પાખંડ છે.' પ્રમાણ વિનાનું ધર્માચરણ પણ પાખંડ ગણાય.** ઈન્દ્રે પૃથુના છેલ્લા અશ્વમેઘમાં બનાવટી વેશ ધારણ કરી તેના અશ્વ હરી લેવા ત્રણ વખત પ્રયત્ન કર્યા.

પૃથુને તો ઈન્દ્રના સ્થાનની કામના ન હતી, અને તેના શુદ્ધ અંત:કરણમાં તે સ્થાનની ઈચ્છા થાય પણ નહીં, છતાં ભવિષ્યમાં પણ જો થાય તો તેનામાં દોષો ઉત્પન્ન થાય. તેથી ઈન્દ્રે પાખંડો

ઉત્પન્ન કર્યા કે જેનાથી યજ્ઞનો નાશ થાય અને પૃથુને સ્વર્ગ મળવાનું કારણ જ ન રહે. ઈન્દ્ર દ્વારા પાખંડની પ્રવૃત્તિ ચાલુ રાખી. ઈન્દ્રના વારંવારના પ્રયત્નથી પૃથુને મનમાં ગ્લાનિ ઉત્પન્ન થઈ, જેથી તેના મનમાં અશુદ્ધિ આવી, જેના કારણે તેને ઈન્દ્રને શિક્ષા કરવાની તીવ્ર ઈચ્છા થઈ, મનમાં દ્વેષ જાગ્યો. આમ શુદ્ધિના સત્કર્તામાં અશુદ્ધિ આવી. તેથી ઈન્દ્રનો વધ કરવા તૈયાર થયા. બ્રાહ્મણો યજ્ઞમાં ઈન્દ્રને બોલાવી તેને હોમી દેવા તૈયાર થયા અને તે માટે મંત્રોચ્ચાર કરવા લાગ્યા. ત્યાં બ્રહ્માજી આવ્યા અને યજ્ઞ બંધ કરવાની આજ્ઞા કરી. પૃથુના નવ્વાણુ યજ્ઞ થયા હતાં, છતાં તેણે ઈચ્છેલી શુદ્ધિ આપી. પૃથુએ યજ્ઞ બંધ કરાવી ઈન્દ્ર સાથે સંધિ કરાવી સૌને દાન-માન આપી વિદાય કર્યા. અહીં સમજાવે છે કે **'આપણું મન જેનાથી મલિન બને, પ્રભુ સંબંધ રહિત બને, તેવી પ્રવૃત્તિ ગમે તેવી પ્રિય હોય, આવશયક લાગે, ધર્મમય લાગે, છતાં સંતોની સંમતિથી છોડી દેવી જોઈએ.'**

• અધ્યાય ૨૦

મનુષ્ય પોતાની મનગમતી પ્રવૃત્તિ ક્યારેક બીજાના ઉપદેશથી છોડી દેવા છતાં તેના અંત:કરણમાંથી તે નીકળી જતી નથી, તેની વૃત્તિ બદલાતી નથી. તેના પરિણામે તેનામાં સદ્‌ભાવ કે ભગવદ્‌ભાવ જાગતો નથી હોતો. **જો અપેક્ષા વગર, રાગ દ્વેષ વગર ભગવાનનું ભજન કરવામાં આવે તો જ મન શુદ્ધ થાય છે અને તેવા સમચિત્તવાળાને પ્રભુ સુલભ થાય છે. જેઓ સ્વધર્મ નિષ્ઠ રહી, અપેક્ષા વગર, શ્રદ્ધાપૂર્વક ભગવાનને ભજે છે, તેનું મન ધીમે ધીમે દોષરહિત થાય છે, તે પ્રસન્નતા અને શાંતિનો અનુભવ કરે છે.**

બ્રહ્માએ પૃથુની ઈન્દ્ર સાથે સંધિ કરાવી છતાં પણ પૃથુનો ઈન્દ્ર ઉપરનો દ્વેષ દૂર ન થયો, કેમ કે તેની કર્મ (યજ્ઞ)માં આસક્તિ હતી, તેના કારણે તેને શાંતિ પ્રાપ્ત ન થાય અને તેથી ભવિષ્યમાં જે જ્ઞાન પ્રાપ્ત કરાવવાનું છે તેનો અધિકાર ન રહે, તેથી પૃથુને કર્મમાં રહેલી આસક્તિ દૂર કરવા ભગવાને સ્વયં યુક્તિપૂર્વક તેને બોધ આપ્યો. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **''ફલરૂપ (સદાનંદ કૃષ્ણ) જ સાધનોમાંથી આસક્તિ દૂર કરી શકે છે.''** તેથી જ બ્રહ્માએ જ્ઞાનનો ઉપદેશ આપ્યો. **'સ્વધર્મનિષ્ઠ રહી', અપેક્ષા વગર, શ્રધ્ધાપૂર્વક ભગવાનને ભજે તેનું મન ધીમે ધીમે દોષ-રહિત થાય છે અને તે પ્રસન્ન બની શાંતિનો અનુભવ કરે છે.** શ્રી મહાપ્રભુજી કહે છે- **''દ્વેષ ન હોય છતાં મન મળેલા ન હોવાથી એકબીજા ઉપર પ્રીતિ ન હોવાથી સમય જતાં પુન: દ્વેષ ઉત્પન્ન થાય તે માટે જ ઈન્દ્ર અને પૃથુની સંધિ કરાવી.''** પૃથુની શુદ્ધિ કેટલી થઈ તે જાણવા માટે ભગવાને વરદાન માંગવા કહ્યું.

પૃથુએ ભગવાનની સ્તુતિ કરી જેનાથી તેના અંત:કરણમાં જરાયે અશુદ્ધિ ન રહી અને તે ભક્તિ કરવા યોગ્ય બન્યો. પૃથુને ઈન્દ્રાસનની અપેક્ષા ન હતી. તેમણે કહ્યું કે ''નરનું સુખ તો નરક જેવું છે, તેથી તેવું વરદાન હું માંગતો નથી. મહત્તમ-પુરુષોના મુખમાંથી શ્રવતો આપના

ચરણકમળનો આસવ જ્યાં ન હોય, તેવું પણ હું ઈચ્છતો નથી. મને દશ હજાર કાન આપો, તેવું વરદાન હું માંગું છું.'' ભક્તિ રસાસ્વાદ મત્ત બનીને પ્રેમ પરવશ બની, પ્રભુને ગાયા કરે, તેના રસને ઝીલવા બે કાન પૂરતાં નથી. તેથી તેમણે બે કાનમાં દશ હજાર કાનનું સામર્થ્ય માંગ્યું. ભગવાને પ્રસન્ન થઈ **''તારી મારામાં ભક્તિ હો''**, એમ વરદાન આપ્યું. પૃથુએ માંગેલુ અને પોતે ઈચ્છેલું ભગવાને આપતાં કહ્યું કે **''મારી આજ્ઞાનું પાલન કરો,''** આમ કહી પ્રજાપાલન અને ભૂમિરક્ષણ માટેનું સામર્થ્ય પણ ભગવાને આપ્યું. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **''ભક્તિ થવી દુર્લભ છે. પહેલા સત્સંગ થાય અને સત્પુરુષોના ઉપદેશથી સર્વ તત્ત્વનું ઉત્તમ જ્ઞાન થાય, પછી વેદમાં કહેલી વિધિ પ્રમાણે ફળનું અનુસંધાન રાખ્યા વિના, જે કર્મો કરેલા હોય તે બધાં બ્રહ્મને અર્પણ કરવા, વિષયોના દોષ જાણીને તેમાં આસક્તિ ન રાખવી. ભગવાનની આજ્ઞાનું પાલન કરવા તેમને આધિન રહીને સર્વ કરવાથી ઉત્તમ સ્થિતિ જે પ્રાપ્ત કરે છે, તેનાથી જ ભક્તિ થઈ શકે છે.''** ભગવાને **''ભક્તિ થાઓ''**, એવું વરદાન આપવાનું કારણ કે **''સાધનો કરવા છતાં પણ ભગવાનની કૃપા વિના ભક્તિ પ્રાપ્ત થતી નથી.''** ભગવાનની કૃપાને બીજા કોઈ સાધનની જરૂર નથી, છતાં જ્યારે ભક્તિનું દાન કરવું હોય ત્યારે ભગવાન જ ભક્તિ થઈ શકે એવી સ્વરૂપની યોગ્યતા પ્રાપ્ત કરાવી તેવી કૃપા કરે છે. તે જ શ્રુતિ કહે છે- **''જેને ભગવાન ઉપર ચઢાવવા ઈચ્છે છે, તેની પાસે સત્કર્મ કરાવે છે.''**

અહીં સમજાવ્યું છે કે ભક્તિ પ્રાપ્ત થવા માટે ભગવાનની કૃપા હોવી જરૂરી છે અને ભગવાનની કૃપાથી જ ભક્તિ પ્રાપ્ત થાય છે. આનો અર્થ એવો પણ નથી કે સાધનોની જરૂર નથી, કારણ કે સાધનો ભક્તિ માટે આપણા સ્વરૂપની યોગ્યતા પ્રાપ્ત કરાવે છે, જેવી રીતે ભંડારમાં રાખેલા ચોખામાં ખોરાક બનવાની યોગ્યતા હોવા છતાં રાંધનાર ન હોય તો તે સ્વયં ખોરાક બનતા નથી. જ્યારે ભક્તિનું દાન કરવું હોય ત્યારે ભગવાન જ ભક્તિ થઈ શકે તેવી સ્વરૂપની યોગ્યતા પ્રાપ્ત કરાવી તેવી કૃપા કરે છે, તે ઉપરોક્ત શ્રુતિવાક્યથી સિધ્ધ થાય છે.

• અધ્યાય ૨૧

સત્સંગ, તત્ત્વજ્ઞાન, ફલની અપેક્ષા વગર કરેલા વેદ સંમત કર્મનું પ્રભુને સમર્પણ, વિષયોમાં અનાસક્તિ, સંસારમાં વૈરાગ્ય અને ભગવદાજ્ઞા પાલનથી ભક્તિ કરવાની યોગ્યતા આવે છે, છતાં પણ 'ભગવાનની કૃપા જ મુખ્ય' છે. પૃથુ રાજાને ભગવાનના વરદાનથી જ ભોગ પ્રાપ્ત થયો, જેનાથી તેણે પોતાના ધર્મોનું આચરણ કર્યું. જેમ ચોખામાં ભાત રૂપ થવાની સ્વરૂપયોગ્યતા છે, છતાં તેમાં રાંધનારની જરૂર રહે છે, તેમ સાધન દ્વારા યોગ્યતા મળ્યા પછી કૃપા તેમાં સહકારી બને છે, ત્યારે જ ભક્તિ મળે છે. ભગવાન જો ઈચ્છે તો સાધન કરાવ્યા વિના જ **'સ્વરૂપ યોગ્યતા'** પોતાની કૃપાથી આપી દઈ **'ભક્તિ'** દે છે.

રાજાના ત્રણ પ્રકારના ધર્મો શાસ્ત્રોમાં બતાવ્યા છે - ૧. **યજ્ઞ કરવા**, ૨. **રક્ષણ કરવું** અને ૩.

ઉપદેશ કરવો. યજ્ઞ અને પ્રજાનું રક્ષણ આ બે બાબતો તો પૃથુના જીવનમાં જણાય જ છે, પરંતુ છેવટના યજ્ઞમાં પાખંડનો પ્રચાર થવાથી તે યજ્ઞો ન ગણાય તેથી આ અધ્યાયમાં પણ યજ્ઞનું વર્ણન છે. પૃથુરાજા ગંગા અને યમુનાની વચ્ચેના પ્રદેશમાં પોતાની રાજધાનીમાં આવ્યાં, જ્યાં પ્રજાએ તેમનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યુ. રાજાએ અનેક યજ્ઞો કર્યા અને પ્રજાની રક્ષા કરી ઈંદ્રે કરેલા પાખંડનો પ્રચાર અટકાવવા ધર્મનો ઉપદેશ આપ્યો. જેઓ વિપ્ર અને વૈષ્ણવના હિત માટે જીવે તેમના ઉપર કોઈ શાસન ન કરે. પૃથુએ પ્રજાને સુંદર, અલંકૃત, મધુર, સ્પષ્ટ, ગંભીર, અર્થપૂર્ણ વાણીમાં ધર્મોપદેશ આપ્યો અને બધાનું કલ્યાણ ઈચ્છયું. તેમણે કહ્યું કે હું રક્ષણ, આજીવિકા અને મર્યાદા સ્થાપન માટે પ્રજાનો નિયોજીત રાજા છું, તેથી ધર્મમાં પ્રજાને નિયોજીત કરવું મારું કર્તવ્ય છે. ઋષિઓને સંબોધતાં કહે છે કે- ‘‘આમાં આપનું અનુમોદન આપો. તમે અંતઃકરણપૂર્વક ભગવાનનું ભજન કરો છો. અધિકાર મુજબ ફળ ભગવાન અવશ્ય આપશે.’’ **સદ્ગુણ**, **શીલ**, **ઉપકાર સ્મરણ** અને **સુજન સંશ્રય** - એ ચારેય માનવજીવનની સાચી સંપત્તિ છે. અન્ય બધી સંપત્તિ તેનાથી આકર્ષાઈને અનાયાસે આવી મળે છે. ભગવાનની કૃપા સઘળી સંપત્તિને મેળવી આપે છે જેનાથી **બ્રાહ્મણ**, **ગાય**, **ભગવાન** અને **ભક્તની સેવા** સુલભ બને છે.

- **અધ્યાય ૨૨**

જ્યારે લોકો પૃથુરાજાના ગુણગાન ગાઈ રહ્યા હતાં ત્યાં તેમણે સૂર્ય જેવા તેજસ્વી ચાર સનતકુમારોને ત્યાં આવતાં જોયાં. તેમણે તેમનું દીનતાપૂર્વક સ્વાગત કરી સ્તુતિ કરી કરતાં કહ્યું કે ‘‘હે વિપ્રવર્યો, આપનું સ્વાગત છે. રાજા જ્ઞાનમાં અભિરુચિવાળા હતાં તેથી કુમારોને કુશળ પ્રશ્ન ન કરતા સરળતાથી કલ્યાણ થાય તેનો ઉપાય પૂછ્યો. સિધ્ધ પુરુષો ગુરુરૂપે નિજજનો પર કૃપા કરવા પરિભ્રમણ કરે છે. ગુરુમાં ભગવદ્ બુધ્ધિ રાખવાથી કૃતાર્થ થવાય છે. કુમારોએ નમ્રતા બતાવતાં કહ્યું કે ‘‘મહારાજ, આપ જાણવા છતાં સર્વના હિત માટે આ પ્રશ્ન કરો છો!’’ આવા સત્પુરુષોના સંવાદથી સૌનું કલ્યાણ થાય છે. ભગવાનના ગુણાનુવાદ ભગવાનમાં અચલ પ્રીતિ કરાવે છે, અંતઃકરણમાંથી કામ, ક્રોધ, મોહ, કટુતા, ક્રુરતા, કપટ વગેરે દોષો દૂર કરે છે અને મનને સ્થિર કરે છે.

પ્રચેતાઓની માફક મોક્ષના સાધન તરીકે ભક્તિનો ઉપદેશ કરનાર નારદજી વગેરેનો સંગ પૃથુ રાજાને મળ્યો નથી કારણ કે આ **‘કામ-પ્રકરણ’** હોવાથી **‘માર્ગ ભક્તિ’** એટલે માર્ગરૂપ ઈચ્છેલા પદાર્થો પ્રાપ્ત કરાવે તેવી અથવા સાધનરૂપ ભક્તિ પ્રસિધ્ધ થાય, તે માટે પૃથુને જ્ઞાન આપવા **સનક** વગેરે કુમારોના તેમને દર્શન થયા. ત્યારે રાજાએ દીનતાપૂર્વક તેમનું સ્વાગત કર્યું અને પોતાની સ્વધન્યતા વર્ણવી, તેમની સ્તુતિ કરી. અહીં સમજાવે છે કે સનતકુમારોએ જ્ઞાન પ્રાપ્ત કરાવે તેવી સાધન ભક્તિનો ઉપદેશ આપ્યો, કેમ કે તેઓ માત્ર જ્ઞાનથી જ પ્રસિધ્ધિ પામ્યા છે. પોતાના આત્મામાં જ રમણ કરનારા તે સનત્કુમારોની પૃથુરાજાએ પૂજા કરી અને કુમારોએ

સાધન સમુદાય (શમ-દમ-વૈરાગ્ય આદિ)નો ઉપદેશ પૃથુને કર્યો અને સાધન ભક્તિ સમજાવી, જેથી તેને જ્ઞાન મળે. તેઓ કહે- **''ભજવાલાયક ભગવાનના ચરણની નૌકા બનાવીને દુસ્તર-દુ:ખરૂપ આ 'ભવ જલધિ' ને તર.''** આ જ્ઞાનમાર્ગીય નિવેદન છે. પૃથુએ પ્રથમ વિષયોનો ભોગ કર્યો અને તે ભોગથી તેને મુક્તિ પ્રાપ્ત કરવામાં કાંઈ પ્રતિબંધ ન રહ્યો. **'ભોગ અને મોક્ષ, તે બન્ને ભગવાનની કૃપા વિના પ્રાપ્ત થવાનું સંભવતું નથી'**, તેથી તેનું વર્ણન કરી પૃથુ ઉપર ભગવાનની કૃપા હોવાનું જ અહીં જણાવેલું છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **''કર્મો બ્રહ્મને અર્પણ કરવા કરતાં ભગવાનની ભક્તિ પ્રાપ્ત કરવા, એ કર્મ કરવાં એ વધારે સારું છે, કેમ કે કર્મો બ્રહ્મને અર્પણ કરવાથી આત્મામાં સ્થિતિરૂપ મુક્તિ પ્રાપ્ત થાય છે, તેના કરતાં ભક્તિ પ્રાપ્ત કરી ભગવાનના કીર્તન કરવા તે વધારે સારું છે, કેમ કે તેમાં અધિક રસ છે.''** તેમ છતાં પૃથુએ ભક્તિમાટે કર્મ ન કરતાં બ્રહ્મને અર્પણ કર્યા અને કર્મ નિવેદન નકરતાં આસક્તિ વિના તેમણે કર્મ કર્યા, કારણ કેપૃથુ જ્ઞાનમાર્ગીય ભક્ત હોવાથી તે માર્ગની રીત પ્રમાણે આત્મામાં સ્થિતિરૂપ મોક્ષ થાય તે પ્રમાણે તેણે કર્યું. એ પ્રમાણે ભોગ ભોગવતાં જ જ્ઞાનમાર્ગ પ્રમાણે જ્ઞાનના સાધનો તેને પ્રાપ્ત થયા તે તેના પર ભગવાનની કૃપા જ જણાવે છે.

- **અધ્યાય ૨૩**

આ અધ્યાયમાં પૃથુને પ્રાપ્ત થયેલ મોક્ષનું નિરૂપણ છે. પૃથુ રાજામાં પ્રભુનો આવેશ હતો. જે પોતાનું જે કાર્ય હતું તે પૂર્ણ થતા તે તિરોહિત થયો. તેને મોક્ષ મેળવવાની કામના થઈ. ભગવાનની તેના પર કૃપા હતી છતાં તેણે એક પછી એક સાધનો કર્યા, ત્યારે તેને પ્રેમરૂપ ભક્તિ પ્રાપ્ત કેમ ન થઈ ? તેવી શંકાના સમાધાનમાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે પૃથુ મોક્ષ પ્રાપ્ત કરવા ઈચ્છતો હતો, તેથી તેને પ્રેમભક્તિ પ્રાપ્ત ન થઈ. તે ભગવાનની કલાનો અવતાર હતો, તેમ છતાં ભૂમિનું દોહન કરવું, ધર્મનું અને પ્રજાનું પાલન કરવું વગેરે કાર્યો કરવા માટે જ તે અવતારનું તાત્પર્ય હતું. તેને સહાય કરવા લક્ષ્મી, તેની પત્ની **અર્ચિ**માં પ્રકટ થયેલાં. જ્યારે પૃથુએ પોતાનું કાર્ય પૂરું કર્યું ત્યારે તેનામાંથી ભગવાનનો અંશ તિરોહિત થયો, તેથી **''જેને માટે તેણે અવતાર લીધેલો તે ઈશ્વરની આજ્ઞા તેણે પૂરી કરી''** તેમ કહ્યું છે. ભગવદ્ અંશ તિરોહિત થતાં તે કેવળ **'જીવ'** જ રહ્યો, તેથી તેને મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા થયેલી. તેમનો અવતાર અહીં અગાઉ કહેલા કાર્યો માટે હતો, તેથી ધર્મ વગેરેનું પાલન કરવા જ તેમનામાં **'ભગવદ્ આવેશ'** થયેલો, નહીં કે **'ભક્તિમાર્ગનો પ્રચાર કરવા'** માટે અને તેથી તેનામાં ભગવાનનો આવેશ હોવા છતાં તેને મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા થઈ હતી. અહીં **'ભગવાનની ઈચ્છા બળવાન છે'**, તે સાર્થક થાય છે.

જ્ઞાનમાં ત્યાગ આવશ્યક છે. તેમણે **વિજિતાશ્વ'**ને રાજ્ય સોંપી દઈ. પતિ-પત્ની બન્ને વનમાં આવ્યા અને ભગવાન પુરુષોત્તમનું રાજાએ તપથી આરાધન કર્યું, તેમને જ્ઞાનની અપેક્ષા હતી તેથી

સ્વતંત્ર ભક્તિ પ્રાપ્ત થઈ નથી, તેથી **'ભજનરસ'**નો અનુભવ તેને થયો નહીં. અહીં સંદેહ ઉત્પન્ન થાય કે પૃથુને જ્ઞાનની ઈચ્છા હોવાનું કહ્યું છે, તેથી એમ ન માનવું કે તેણે પુરુષોત્તમનું નહીં પરંતુ અંતર્યામીનું અથવા બીજા કોઈ સ્વરૂપનું ભજન કર્યું હશે. અહીં ખુલાસો કરે છે કે **''શ્રી કૃષ્ણનું આરાધન કરવા માટે ઉત્તમ તપ કરવા માંડ્યું.''** તેમ છતાં તેણે પુરુષોત્તમની સેવા કરી ન હોવાથી અને ભજન વિના **'રસ'** પ્રકટ ન થાય, અને તેના કારણે **'ભક્તિ રસ'**નો અનુભવ તેમણે કર્યો નહીં. તેમણે ભક્તિને જ્ઞાનના સાધન તરીકે જ જાણેલ હોવાથી મોક્ષના કારણરૂપ **'સાધન ભક્તિ'** જ પ્રાપ્ત થઈ. અહીં મોક્ષ પ્રાપ્ત કરવાના સાધનરૂપ ભક્તિ બતાવી છે. તેનાથી સમજાય કે મોક્ષ પ્રાપ્ત કરવા ભક્તિ આવશ્યક છે, અથવા ભક્તિથી જ મોક્ષ પ્રાપ્ત થાય તેમ જણાય છે, તો તેનો ખુલાસો કરતાં કહે છે કે ભક્તિનો સ્વભાવ **'કલ્પતરુ'**ના જેવો હોવાથી જે જ્ઞાનથી જ મોક્ષ થાય એમ જાણતો હોય તેને જ્ઞાન પ્રાપ્ત કરાવીને પણ ભક્તિ **'મોક્ષ'** આપે છે. તેથી ભક્તિએ પૃથુને **વૈરાગ્ય** અને **જ્ઞાન** પ્રાપ્ત કરાવ્યા, જેનાથી તેની **અવિદ્યા** અને **વિકાર**નો પણ નાશ કર્યો. તે પછી યોગથી તેના લિંગ શરીરનો નાશ કર્યો અને 'સદ્' એટલે **બ્રહ્મરૂપ વૈકુંઠ** અથવા **વ્યાપિવૈકુંઠ** તેને પ્રાપ્ત થાય તે માટે વૈકુંઠને ઢાંકી રાખનારી માયાને યોગથી હટાવી તેને **વ્યાપિ વૈકુંઠ**ની પ્રાપ્તિ કરાવી. તેની પત્ની **'અર્ચી'** પોતાના પાતિવ્રત્ય ગુણમાં શ્રધ્ધાવાળી હોઈ, પહેલા પતિલોકમાં ગઈ અને ત્યાં સદા પોતાના પતિનું ચિંતન કરતી હોવાથી અને તેનો પતિ વૈકુંઠમાં ગયેલ હોવાથી તે પણ ક્રમે-ક્રમે વૈકુંઠમાં ગઈ.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ભાગવત શાસ્ત્ર ભક્તિરૂપ ફળ આપનારું હોવાથી, અહીં બીજા ફળ પ્રાપ્ત થયાનું કહેલ છે તે અયોગ્ય ન ગણવું જોઈએ કારણ કે આ પ્રકરણમાં ભક્તિ સ્વતંત્ર ફળ તરીકે કહેલી નથી, તેથી અહીં અન્ય ફળ પ્રાપ્તિ પણ બતાવી છે. આ પ્રકરણમાં ભક્તિને સ્વતંત્ર પુરુષાર્થ તરીકે કહેલી નથી તેથી કહે છે- ''જેમના ચરણ સંસારરૂપ સમુદ્રના વહાણરૂપ છે તેવા ભગવાનને પ્રાપ્ત કરે છે.'' આમ સંસાર ફિટાડનારી અથવા મોક્ષ અપાવનારી સાધનભક્તિનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે.

❀ પ્રકરણ ૪ (મોક્ષ)

હવે ૨૪થી ૩૧ - આઠ અધ્યાયમાં ચોથા 'મોક્ષ પ્રકરણ'નો વિચાર કરવામાં આવ્યો છે. વિદુરજીએ 'કામ પ્રકરણ'ના આરંભમાં જ 'મોક્ષ' સંબંધી પ્રશ્ન કરેલો. શાસ્ત્રાર્થ નિબંધમાં શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે કે **''વિદ્યાથી અવિદ્યાનો નાશ થતાં બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે અને શ્રીકૃષ્ણની સેવાથી સાયુજ્ય પ્રાપ્ત થાય છે.''** આમ મોક્ષના બે પ્રકાર ત્યાં બતાવવામાં આવ્યા છે- (૧) **બ્રહ્મભાવ**, (૨) **શ્રીકૃષ્ણનું સાયુજ્ય**. આ બન્ને પ્રકારના મોક્ષનું નિરૂપણ આ પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

ગીતામાં ભગવાન કહે છે- **''બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલો પ્રસન્ન અંતઃકરણવાળો સર્વ પ્રાણીઓ**

પ્રતિ સમાનભાવ રાખનાર પુરુષ ભગવાનની ભક્તિ પ્રાપ્ત કરે છે, અને પછી ભક્તિથી ભગવાનનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી ભગવાનમાં પ્રવેશ કરે છે.'' (૧૮/૫૩-૫૫) અહીં એ સ્પષ્ટ થાય છે કે - **અહંકાર વગેરેના ત્યાગથી મમતા રહિત બનનાર પુરુષ ત્યારે તેને પુરુષોત્તમમાં પ્રવેશરૂપ સાયુજ્ય પ્રાપ્ત થાય. આમ બ્રહ્મભાવમાં બ્રહ્મ સાથે ભળી જવાનું હોઈ, તે ગૌણ છે જ્યારે સાયુજ્યમાં પ્રવેશ જુદા રહેવાથી થાય, જેના કારણે ભગવદ્ રસનો અનુભવ થઈ શકે, તેથી તે મોક્ષનો મુખ્ય પ્રકાર છે.** આ કારણથી આ પ્રકરણમાં બ્રહ્મભાવરૂપ મોક્ષ વચ્ચે કહેલો છે, અને તેના આરંભમાં અને અંતમાં સાયુજ્યના અધિકારી **પ્રચેતસો** ભક્તો હોવાથી તેમની કથા કહેલી છે. આનું તાત્પર્ય સમજાવતાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે પ્રથમ બ્રહ્મભાવના અધિકારી પ્રચેતસોના પિતાને પ્રાપ્ત થયેલ બ્રહ્મભાવની કથા દ્વારા, તે **'સાયુજ્ય'**નું સાધન છે તેમ સૂચવે છે. અંતમાં પ્રચેતસોના મોક્ષનું નિરૂપણ કરતાં પહેલાં તેમની ભક્તિ કહીને, વચ્ચે તેમના પિતા **બર્હિષદ**ની કથા કહી, જેથી જણાવે છે કે **ભગવાન જ ભક્તોને મુખ્ય ફલનું દાન કરે છે, અને તેઓ ભક્તિમાર્ગમાં સ્થિર થયેલા હોવાથી, તેમના સંબંધીઓને તેમનો સંબંધ જ ફલ પ્રાપ્ત કરાવનારો હોઈ ગૌણ ફલ આપે છે.**

બ્રહ્મભાવ પ્રાપ્ત કરવાનું કાર્ય ભારે હોવાથી, તેના અધિકારીના સંબંધમાં પાંચ અધ્યાય - ૨૫થી ૨૯ સુધીમાં તેનું વર્ણન છે, જ્યારે ભક્તોને તો થોડા પ્રયાસથી જ ભગવાનની કૃપા અને ફલ પ્રાપ્ત થાય, તેથી તેનું વર્ણન અધ્યાય ૨૪, ૩૦ અને ૩૧માં કર્યું છે. આ ત્રણ **'સાયુજ્ય પ્રકરણ'**ના અધ્યાય છે. તેમાં અધ્યાય ૨૪માં સાયુજ્યનું સાધન બતાવ્યું છે, ૩૦માં ભગવાનની પ્રચેતસો ઉપર **કૃપા** અને **રાજ્યભોગ**નું વર્ણન છે, જ્યારે અધ્યાય ૩૧માં પ્રચેતસોને મળેલ ફલ સાયુજ્ય મુક્તિનું નિરૂપણ છે. અધ્યાય ૨૫થી ૨૯ - પાંચ અધ્યાયોમાં **બર્હિષદ**ની મુક્તિનું વર્ણન છે.

આ સ્કંધનું આ ચોથું **'મોક્ષ પ્રકરણ'** છે. જેમાં ૨૪થી ૩૧ આઠ અધ્યાયો છે. તેમાં અનુક્રમે પ્રચેતસોની ઉત્પત્તિ અને તેઓને ભગવાન શંકરે કરેલો **'રુદ્રગીત'**નો ઉપદેશ, પુરંજનનું આખ્યાન, પુરંજનનું પોતાના સ્વરૂપને વીસરી જવું, તેનો થયેલો સ્ત્રીનો અવતાર અને તેનો મોક્ષ, તેના ઉપાખ્યાનનું તાત્પર્ય, પ્રચેતસોના વૃક્ષની કન્યા સાથે લગ્ન અને તેમનું રાજકાર્ય, તથા અંતમાં નારદજીના ઉપદેશથી પ્રચેતસોનો મોક્ષ અને દક્ષને રાજ્ય પ્રાપ્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પ્રકરણમાં પૃથુરાજાની વંશાવલીનું નિરૂપણ છે. તેના પુત્ર **'વિજિતાશ્વ'**, ઉર્ફે **'અન્તર્ધાન'** નામ હતું. તેને **'હવિર્ધાન'** નામે પુત્ર હતો, જેના પુત્રનું નામ **'બર્હિષદ'** ઉર્ફે **'પ્રાચીન બર્હિષ'** હતું અને તે પછી તેના પુત્રો **'પ્રચેતસો'**ના નામથી ઓળખાયા. આ મોક્ષ-પ્રકરણમાં, આમ પૃથુના પુત્ર **'બર્હિષદ'** અને તેના પુત્રો પ્રચેતસોની મુક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. કેમ કે પિતાની મુક્તિ થયા વિના પુત્રની મુક્તિ થતી નથી, તેથી પૌત્ર **બર્હિષદ** અને તેના પુત્રોની મુક્તિ પહેલા પૃથાના

પુત્ર **‘અન્તર્ધાન’** (વિજિતાશ્વ) બતાવી છે.

- **અધ્યાય ૨૪**

આ અધ્યાયમાં પ્રચેતસોને પ્રાપ્ત થયેલ સાયુજ્યનું સાધન સમજાવ્યું છે. પૃથુના પુત્ર **‘વિજિતાશ્વ’**ને ઈન્દ્રે ‘અંતર્ધાન’ થવાની વિદ્યા આપી હતી. તેથી તે **‘અંતર્ધાન’** નામથી પણ ઓળખાયા. તેનો પુત્ર **‘હવિર્ધાત’** થયો જેનાથી **‘હવિર્ધાન’** થયો જેનાથી **‘બર્હિષદ’** થયો જે કર્મકાંડ અને યોગમાં નિષ્ણાત હતો. તેણે યજ્ઞમાં પ્રાચી દિશામાં દર્ભાગ્ર પાથર્યા હતાં જેનાથી સમગ્ર પૃથ્વી ભરાઈ ગઈ હતી, જેના કારણે તેનું નામ **‘પ્રાચીનબર્હિ’** પડ્યું હતું. તેની યોગ અને કર્મથી શુદ્ધિ થયેલી, જેના વિવાહ બ્રહ્માજીના કહેવાથી સમુદ્ર પુત્રી **‘શતદ્રુતિ’** સાથે થયેલા. તે અતિસુંદર અને શુદ્ધ હતાં. આમ માતા-પિતા બન્ને શુધ્ધ હોવાથી તેમના દશ સંતાનો થયા જે સમાન શીલવાળા હોવાથી બધા જ **‘પ્રચેતસો’**ના નામથી ઓળખાયા. તેમની ભક્તિ કથાનું નિરૂપણ આ અધ્યાયમાં કરવામાં આવ્યું છે. ભગવાન ભક્તોને થોડા પ્રયાસથી પણ મુખ્ય ફળ આપે છે, પરંતુ ભક્તોના સંબંધીઓને સંબંધ માત્રથી ગૌણ ફળ દે છે.

આ અધ્યાયમાં બર્હિષદની મુક્તિ કહેવા માટે પ્રથમ ‘અન્તર્ધાન’ની મુક્તિ બતાવી છે. તે પછી પ્રચેતસોની આધિભૌતિક શુધ્ધિનું વર્ણન છે, કેમ કે માતા-પિતા શુધ્ધ હોય તો આધિભૌતિક શુધ્ધિ થાય. અહીં સમજાવે છે કે સત્કુલમાં ઉત્પન્ન થવાથી જે શુધ્ધિ થાય તેનાથી **‘યોગ’** અને **‘કર્મ’**થી થયેલી શુધ્ધિ ઉત્તમ છે. માતા સત્કુળમાં જ ઉત્પન્ન થઈ હતી અને તેથી સુંદર અને શુધ્ધ હતી. માતા-પિતા વિષયોથી વિરક્ત હતાં, તેમજ તેઓ સનકાદિ ઋષિઓની માફક પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા ન હતાં. **‘પ્રાચીન બર્હિ’** અને **‘શતદ્રુતિ’**થી તેમને આજ્ઞા પાલક પ્રચેતસો નામના પુત્રો ઉત્પન્ન થયા.

આ આઠેય અધ્યાયોમાં **પ્રાચીનબર્હિ** અને પ્રચેતસોની મુક્તિની કથા છે, અને તેથી જ આ પ્રકરણને ‘મોક્ષ પ્રકરણ’ કહ્યો છે. મોક્ષ બે પ્રકારનો હોય - (૧) **બ્રહ્મભાવ રૂપ** અને (૨) **સાયુજ્ય**. જ્યારે વિદ્યાથી અવિદ્યાનો નાશ થાય ત્યારે બધું જ **‘બ્રહ્મરૂપ’** દેખાય. તેનેજ **‘બ્રહ્મભાવ’** કહેવાય છે. તેમાં સર્વવસ્તુઓના યથાર્થ જ્ઞાનથી બ્રહ્મનું અને આત્માનું જ્ઞાન થવાથી આત્મામાં જ સુખ વર્તાય છે. પરંતુ **‘સાયુજ્ય’**માં તો બધીએ ઈન્દ્રિયોને અને આત્માને પણ બીજી સર્વ ભૂલોને તેવા અમુક પ્રકારનો આનંદ હોય છે. અર્થાત્ ભગવાનની સેવાથી ભગવાનમાં ભળી જવું, તે જ **‘સાયુજ્ય’** છે. **બ્રહ્મભાવ સંપન્ન, પ્રસન્ન, સમદ્રષ્ટિવાળો, ભક્તિ પ્રાપ્ત કરે, તેને યથાર્થ જ્ઞાન થાય ત્યારે તેને ‘સાયુજ્ય’ મળે. બ્રહ્મભાવમાં માત્ર તદ્‌રૂપતા લાગે છે જ્યારે સાયુજ્યમાં - પ્રભુમાં પ્રવેશ મળે છે. તેથી જ બ્રહ્માનંદનો અનુભવ અધિક થાય છે. બ્રહ્મભાવ કરતાં સાયુજ્ય શ્રેષ્ઠ છે.**

અહીં સંદેહ ઉત્પન્ન થાય કે **‘પ્રાચીનબર્હિય’**ને નારદજીના ઉપદેશથી જ બ્રહ્મભાવરૂપ ફળની

પ્રાપ્તિ બતાવી છે, તો ભગવાનની કૃપા વિના ‘મોક્ષ’ કેવી રીતે પ્રાપ્ત થયો? તેનું સમાધાન કરતાં કહે છે કે **‘નારદ’** શબ્દની વ્યુત્પત્તિ કરતાં - **‘નારં’** - **‘દ્યતિ’**, થાય અર્થાત્ **‘મનુષ્યના સમૂહપણા’ (નારં)**નું જે ખંડન **(દ્યતિ)** કરે તે **‘નારદ’**. અર્થાત્ - જે જીવની સ્થિતિનો અંત લાવે, તેવું કાર્ય ભગવાનથી જ થઈ શકે, માટે ‘નારદ’માં ભગવાનનો આવેશ છે, અર્થાત્ તે ‘ભગવદ્રૂપ’ છે. અને તેથી જ નારદ દ્વારા પ્રાચીન બર્હિષને બ્રહ્મભાવ રૂપ મોક્ષની પ્રાપ્તિ થયેલ છે. આમ ભગવાન બહાર પ્રકટ થયા વિના પણ આત્મા બ્રહ્મનું સ્વરૂપ હોવાનું ભાન થાય તે ‘બ્રહ્મભાવ’ રૂપ ફળની પ્રાપ્તિનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે.

આમ પ્રાચીનબહિં ને નારદ દ્વારા બ્રહ્મભાવનું જ્ઞાન થવાથી તેમનો ઉધ્ધાર બતાવ્યો છે જ્યારે પ્રચેતસોને સ્વયં ભગવાને ફલદાન કર્યું છે. ‘બર્હિષદ’નું નામ **પ્રાચીન બર્હિ** પડ્યું તે તેનું ગૌરવ છે. કર્મકાંડમાં **નિષ્ઠા** અને **નિપુણતા** વ્યક્તિને સફળતાના શિખરે પહોંચાડે છે. તેને માટે કંટાળ્યા વિના અવિરત ઉત્સાહથી કાર્ય કરવું પડે. આવું કાર્ય ગૌરવ બર્હિસદ - પ્રાચીન બર્હિને પ્રાપ્ત થયું છે. તેના પુત્ર પ્રચેતસો થયા, જેઓ શુધ્ધ માબાપના સંતાનો હોઈ, તેમની આધિભૌતિક શુધ્ધિ બતાવી છે, તેમના પૂર્વજોની મુક્તિ - એ આધ્યાત્મિક શુધ્ધિના કારણે અને તેમને તપ: કરતાં, ભગવાનના ભજનની ઉત્તમતા વિચારી, પુરુષોત્તમની સેવા કરી છે, તે તેમની આધિભૌતિક શુધ્ધિ બતાવી છે.

પિતાએ પ્રજા કરવાની આજ્ઞા કરેલી છતાં પ્રચેતસોએ તુર્ત ગૃહસ્થાશ્રમ શરૂ ન કરતાં, સુયોગ્યતા પ્રાપ્ત કરવા તેઓએ તપ કર્યું અને પ્રભુભજનમાં પ્રવૃત્ત થયા. **જેઓ પોતાના કાર્યક્ષેત્રની નિપુણતા, શારીરિક-માનસિક દઢતા, અંત:કરણની નિર્મળતા અને સ્વધર્મનું જ્ઞાન, તેમજ પ્રભુ પ્રેમ પ્રાપ્ત કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવૃત્ત થાય છે, તેમના જીવનમાં સફળતા, સુખ, શાંતિ સ્વત: આવે છે.** પ્રચેતસોએ દસ હજાર વર્ષ સુધી જળમાં તપ: કર્યું. **કાર્યનો આરંભ કરવો તે બુધ્ધિનું એક લક્ષણ છે, અને આરંભેલા કાર્યને પાર પહોંચાડવા સુધી, ઉત્સાહપૂર્વક તેમાં કાર્યરત રહેવું તે બુધ્ધિનું બીજું લક્ષણ છે. કર્મનિષ્ઠા અને જ્ઞાનનિષ્ઠા દ્વારા ભગવદ્ પ્રસન્નતા પ્રાપ્ત કરવી તે ભક્તિ-નિષ્ઠાનું ચિન્હ છે.** શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે પિતા એ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરેલી, તે પ્રવૃત્તિ માર્ગની આજ્ઞા હતી, જેનાથી બંધન પ્રાપ્ત થાય, પરંતુ જો તપ દ્વારા તેમ કરે તો તેવું બંધન પોતાને ન થાય તેમ વિચારી તેમણે તપ કરેલું, અને તેની સાથે પુરુષોત્તમનું ભજન પણ કરવાથી કૃતાર્થ થઈશું તેવો નિશ્ચય કરી તેમણે તપ અને શ્રીકૃષ્ણની સેવા, એમ બન્ને કરવાથી તેઓની આધિદૈવિક શુધ્ધિ પણ થઈ, તેમ સર્વ પ્રકારે શુધ્ધ થયા. ‘પ્રચેતસો’ની વ્યુત્પત્તિ કરતાં કહે છે કે તેઓ **‘પ્ર’-પ્રકૃષ્ટ** અને **‘ચેતસ્’-જ્ઞાન**, અર્થાત્ **‘પ્રકૃષ્ટ જ્ઞાન’**-ભગવાનની સેવા જ મુખ્ય છે, સ્વતંત્ર-પુરુષાર્થ છે એવું જ્ઞાન પ્રચેતસોને છે, જેના કારણે તેમણે વર્ષો સુધી જળ નીચે રહી તપ કર્યું હતું.

આવા શુધ્ધ થયેલા પ્રચેતસોને જોઈ મહાદેવજીએ તેમનો ઉપદેશ આપ્યો છે. તેઓ જ્ઞાનવાળા ઈશ્વર છે તે આ અધ્યાયના છ શ્લોકથી જણાવ્યું છે. તેમણે આપેલું આ સ્તોત્ર **''રુદ્રગીત''** કહેવાય છે. મહાદેવજીને હરિ પ્રિય હોવાથી તેમને હરિભક્તિનું જ્ઞાન હતું. **ભગવાન પ્રેમથી જ પ્રકટ થાય, અને ભગવાનના સ્વરૂપનું ચિંતન અને કીર્તન કરવાથી ભગવાનમાં પ્રેમ થાય**, તે મહાદેવજી જાણતાં હોઈ તેમણે આ સ્તોત્ર દ્વારા પ્રચેતસોને બોધ આપ્યો અને આ સ્નોત્રનો જપ કરજો તેમ ઉપદેશથી જણાવ્યું. આ પ્રસંગ જણાવતાં કહે છે કે જ્યારે પ્રચેતસો તપ કરવા જતા હતા ત્યારે એક સુંદર સરોવરના કાંઠે તેમણે મંગળવાદ્યો સાથે સંગીતનો મધુર ધ્વનિ સાંભળ્યો અને સામેથી ભગવાન રુદ્ર પધારતાં જોયા. તેમણે પાસે આવી 'તમારું કલ્યાણ થાઓ, તે માટે જ મેં તમને દર્શન દીધાં છે', એમ વચન કહી, ખુલાસો કર્યો કે- **'તમે ભક્ત છો, મને પ્રભુ જેવા પ્રિય છો, મને ભક્તો જેવો કોઈ ક્યારેય પ્રિય નથી. ભક્તોને જ ભક્તોમાં પ્રીતિ થાય છે.'** મહાદેવજીએ પ્રચેતસોને વિશ્વાસ થાય તે માટે આ સ્તોત્રની પરંપરા કહી કે, તે બ્રહ્માજીએ તેમને (મહાદેવજીને), ભૃગુ વગેરે ઋષિઓને આપેલું આ સ્તોત્ર છે.

અહીં પૂન : એક સંદેહ ઉત્પન્ન થાય કે જ્યારે મહાદેવજીએ સ્વયં ભગવાન પ્રસન્ન થાય તેવા સ્તોત્રનો ઉપદેશ કર્યો છતાં પ્રચેતસોને ફલ પ્રાપ્તિમાં વિલંબ શાથી થયો ?, તેનો ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે પ્રચેતસો ઘણા સમયથી તપ કરી રહ્યા હતાં તો તેઓ ભક્તિરસને લીધે બીજુ બધું ભૂલી જાય, પરંતુ તેમને તપ કરતાં ઉદ્વેગ થાય છે કે નહીં એવી પરીક્ષા કરવા ભગવાને જ તેને ફળ આપવામાં વિલંબ કર્યો. આમ આ અધ્યાયમાં પ્રચેતસોએ કરેલા સાધનોમાં રુદ્રે આપેલા સ્તોત્રને મુખ્ય સાધનને મુખ્ય સાધન માનેલ હોઈ, તેમા તપ વિશે વિશેષ ખુલાસો કર્યો નથી.

- **બ્રહ્મભાવ પ્રકરણના અધ્યાય ૨૫થી ૨૯નો અર્થ**

આ પાંચ અધ્યાયોનો અર્થ સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે સર્વ વસ્તુઓના સ્વરૂપનું જ્ઞાન મનુષ્યને **જાગ્રત** અને **સ્વપ્ન** અવસ્થામાં એમ બે પ્રકારે થાય છે. અહીં અધ્યાય ૨૫માં **'જાગ્રત અવસ્થા'**નું તેમજ અધ્યાય ૨૬માં **'સ્વપ્ન અવસ્થા'**નું નિરૂપણ કરવામાં આવ્યું છે. અધ્યાય ૨૭માં વિનાશ કરનારાં સર્વ સાધનોની નિકટતા બતાવી અધ્યાય ૨૮માં વિનાશ વર્ણવ્યો છે. તેમાં સત્સંગ, ભક્તિ તેમ જ જ્ઞાન વિશેની ચર્ચા કરેલ હોવાથી સંસારના વિનાશ વિશે સમજાવવામાં આવ્યું છે. અધ્યાય ૨૯માં સર્વ સંદેહોનું નિરાકરણ કહી ફલ પ્રાપ્તિ વિશે બતાવ્યું છે.

આ પાંચેય અધ્યાયો, જેમાં **'બ્રહ્મભાવ'** વિશેની ચર્ચા કરવામાં આવી છે, તેમાં સંસાર તેમજ મોક્ષ માર્ગ જુદા જુદા સમજાવવામાં આવ્યા છે, કેમ કે જે રીતે સંસારમાં જીવની ગતિ થાય છે, તે રીતે મોક્ષના માર્ગમાં થતી નથી. સ્ત્રી તથા પુરુષ દેહમાં મુક્તિનો ભેદ હોય છે કારણ કે પહેલાની વાસના પ્રમાણે સ્ત્રી અથવા પુરુષનો દેહ પ્રાપ્ત થતો હોય છે, તેથી સત્સંગ વગેરે મોક્ષના સાધનો દ્વારા સ્ત્રીને પણ મુક્તિ પ્રાપ્ત થાય છે તેમ જણાવ્યું છે. ગીતામાં પણ ભગવાન કહે છે કે ''મારો

આશ્રય કરનાર સ્ત્રીઓને પણ ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે.'' (૯/૩૨)

- **અધ્યાય ૨૫**

આ અધ્યાયમાં પ્રચેતસોએ કરેલા તપનું વર્ણન છે. મહાદેવજી પ્રચેતસોને સ્તોત્ર આપી તિરોહીત થઈ ગયા. તે પછી તેમણે ઊંડા જળમાં પ્રભુસેવા અને તપ : બન્ને શરૂ કર્યા, અને દસ હજાર વર્ષો પર્યંત તેમાં મગ્ન રહ્યા. ફળ આપવામાં વિલંબનો ખુલાસો અગાઉ કર્યો તેમ ભક્તોને ભક્તિમાં જરાપણ ક્લેશ સ્પર્શતો નથી. પ્રચેતસો તપો મગ્ન હતાં, તેમ જ ભગવાનની સેવા પણ કરતાં હતાં, જ્યારે તેમના પિતા **'પ્રાચીન બર્હિ'** યજ્ઞમાં આસક્ત હતાં, ત્યારે દેવર્ષિ નારદ સ્વત : પધાર્યા, અને રાજાને પૂછ્યું કે તેઓ આ કર્મ કઈ કામનાથી કરી રહ્યા છે, કારણ કે મનુષ્ય જીવનમાં બે બાબતો માટે મથતો હોય છે - **'દુ :ખને દૂર કરવા અને સુખ મેળવવા'.** ધર્મ તથા અર્થથી દુ :ખ નાશ પામે છે, જ્યારે કામ અને મોક્ષ સુખ લાભ આપે છે, તે માત્ર કર્મથી પ્રાપ્ત થતાં નથી. રાજાએ નિર્મળ જ્ઞાન પ્રાપ્તિ કેવી રીતે થાય, જેથી પોતે કર્મબંધનમાંથી મુક્ત થાય તે વિશે જાણવાની ઈચ્છા જણાવી. નારદજીએ રાજાની ચિત્ત શુધ્ધિ થયેલ છે કે નહીં તે જાણવા ઉપરોક્ત પ્રશ્ન કર્યો હતો, કેમ કે તે સિવાય પોતે આપેલ ઉપદેશ નકામો થાય. પોતાના ઉપદેશથી રાજાનું હિત થાય તે માટે નારદજી તેને **પુરંજનનું** ચરિત્ર કહીને બોધ આપે છે.

પ્રચેતસોના તપ: પછી જ્યારે તેમનું ભગવદ્ હૃદય જ્ઞાનરૂપ થયું ત્યારે નારદજી રાજાને બ્રહ્મભાવ દેવા માટે પધાર્યા. તેને માટે સંસાર અને મોક્ષમાર્ગની સમજણ આપવી પડે. સંસાર અને મોક્ષમાં જીવની ગતિ ભિન્ન ભિન્ન પ્રકારે થાય છે, તેથી તેઓને કથા જુદી જુદી કહી. જીવને વાસના પ્રમાણે સ્ત્રી કે પુરુષનું શરીર પ્રાપ્ત થાય છે, તે પછી તે સંસારમાં સરે છે. જ્યારે સત્સંગ વગેરે સાધન ઉપલબ્ધ થાય છે ત્યારે તેને મુક્તિ મળે છે.

જીવને વસ્તુઓનું જ્ઞાન જાગ્રત તથા સ્વપ્ન બે અવસ્થામાં થાય છે. આ અધ્યાયમાં જાગ્રત અવસ્થાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પછીના અધ્યાયમાં સ્વપ્નાવસ્થા કહેવામાં આવી છે, અને તે પછી અર્થનાશક સાધનોની પ્રાપ્તિ સમજાવી છે.

નારદજીએ પ્રાચીન બર્હિને 'પુરંજન'નું આખ્યાન સંભળાવ્યું.

પુરંજનનો અર્થ થાય - **'પુર' એટલે શરીર ધારણ કરીને જે જન્મે છે તે 'જીવ'.** પ્રત્યેક પ્રાણીઓને શરીર મળે છે પણ તેમાં તેમને સર્વ પ્રકારના ભોગ મળતાં નથી. તે માટે માનવ દેહ જ સાનુકૂળ થાય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ એ પાંચે વિષયોનો ભોગ મનુષ્ય કરે છે. દેહ એક નવ દ્વારાવાળો કિલ્લો છે. (નવ દ્વાર છે - બે કાન, બે નસ્કોરાં, બે આંખ, મુખ, લિંગ અને ગુદા.) આ કિલ્લાને ઢાંકનારી ત્વચા છે. **આ પુરમાં રહેનાર જીવને તેમાં રૂચિ થાય છે, કારણ કે તેને સર્વ પ્રકારના ભોગ ભોગવવાની ઈચ્છા હોય છે, જેની પૂર્તિ તે મનુષ્ય દેહથી જ કરી શકે છે, જે બીજા પ્રાણીઓના દેહથી થઈ શકતી નથી.**

અહીં **'પુરંજન'** એટલે જન્મ-મરણરૂપ પ્રવાહ સૃષ્ટિનો સામાન્ય જીવ, જે મરજી મુજબ જીવનું, સુખ મેળવવા મથવું, એ જ તેની માન્યતા છે. તેનો સખા **'અંતર્યામી'**, હૃદયમાં તેની સાથે જ રહે છે છતાં તેનું નામ કે કામ જીવ જાણતો નથી. ભગવદ્ ઈચ્છાથી કે કર્મના ભગવાને આપેલા ફળ રૂપે આવેલી ઉત્તમ 'પ્રમદા' તે જુએ છે. **જે પ્રમાદ અને પ્રમાદમાં પ્રેરે તે 'પ્રમદા'.** તે મોહ કરાવે છે, ભાન ભુલાવે છે, **આ દેહ જ આત્મા છે', એવું ભાન કરાવતી અવિદ્યા રૂપ બુધ્ધિના કારણે તે મોહ કરાવતી સ્ત્રીરૂપ છે, જે અહંતા-મમતામાં પ્રવૃત્તિ કરાવે છે.** બુધ્ધિ દેહમાં હોવા છતાં તેના ગુણો બહાર અનુભવાય છે. જીવ મોહથી તેને અનુસરે છે.

તેના દસ સેવકો છે - પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય રૂપ અને પંચ પ્રાણ રૂપ પાંચ માથાવાળા નાગથી રક્ષાયેલી તે સ્ત્રી પતિને શોધતી હોય છે. તેણે પુરંજનને જોઈને પૂછ્યું - ''તું કોણ છે ?, કોની સંબંધી છે, અને શું કરવા ઈચ્છે છે ? તે પૂછે છે - શું તું લક્ષ્મી છે ? પાર્વતી છે ? તે પૃથ્વીનો સ્પર્શ કરતી હોઈ 'દેવી' ન હોવાનું અનુમાન કરે છે કારણ કે દેવોને 'લીલા' માટે દેહસંબંધ હોય છે. તેને દેહાત્મભાવ રૂપ બુધ્ધિ ન હોય. બ્રહ્માદિ દેવોની જ્ઞાનેન્દ્રિયો જ્ઞાનમય અને કર્મેન્દ્રિયો યોગમય હોય છે. તે અહંકારથી ઉત્પન્ન થયેલી હોતી નથી. તે ભગવાનની ઈચ્છાને વશ હોય, માયાવશ હોતી નથી. તેથી અવિદ્યાના દેહાદિ અધ્યાસ તેમનામાં નથી હોતા.

પુરંજન પાસે તે **'દેહાત્મતિ'** રૂપ પ્રમદા આવવાના કારણે તે દેહ વિના અશક્ત થવાને કારણે પ્રાર્થના કરી ત્યારે તે પ્રમદાએ ઉત્તર આપ્યો કે ''મારા પોતાના અને અન્ય કર્તાને હું સ્પષ્ટપણે જાણતી નથી. તેણે પોતાના પરિકરનો પરિચય આપતાં કહ્યું કે આ પ્રાણવાયુ રૂપ નાગ, આ નગરની રક્ષા કરે છે. હું તમારી સાથે વિવાહ કરીશ. ભક્તિ રહિત, પ્રભુ પ્રીતિથી અજાણ, જ્ઞાન રહિત, જેના મૃત્યુનો વિચાર નથી, આ લોક-પરલોકના વિચારરહિત એવા અજિતેન્દ્ર અને મોહ થાય છે. આધિભૌતિક બુધ્ધિમાં કારણ રૂપે આધિ દૈવિક બુધ્ધિ રહેલી છે જે દેવતારૂપ છે જ્યારે પ્રાણ તથા ઈન્દ્રિયોની સમીપ હોવાથી વાણી છે. તેને જ્ઞાન પ્રકાશ થતાં દેહાત્મ બુધ્ધિ નાશ થાય, પણ તે ક્રિયા પરાયણ હોવાથી તેમાં અધ્યાસાદિ રહે છે, તેથી પોતાના બાહુમાં તેને આસક્તિ છે. તે બન્ને પુરમાં પ્રવેશ કરે છે જે જન્મરૂપ છે. **દેહમાં જીવ સાથે અંતર્યામી પણ પ્રવેશે છે, જેની પ્રેરણાથી જીવ કાર્ય કરે છે. અંતર્યામી પ્રેરક, અનાસક્ત, બુધ્ધિથી પર, બંધનરહિત છે. ભગવાનની અનેકરૂપ થવાની ઈચ્છાથી તે નિયામક કે સાક્ષી તરીકે દેહમાં પ્રવેશ કરે છે.**

અહીં જીવના શરીરમાં પ્રવેશ પહેલાં બુધ્ધિનું વર્ણન કરતાં કહે છે કે જીવનો લિંગદેહ સાથે સ્થૂળ દેહમાં પ્રવેશ થાય છે. ગર્ભ પ્રવેશ પહેલાં તેને લિંગદેહ પ્રાપ્ત થાય છે. **બુધ્ધિ પ્રાણ, ઈન્દ્રિયો વગેરેના કર્તા ભગવાન છે. અવિદ્યાથી તેને અધ્યાસ થવાથી, દેહનું ભાન થાય છે**, હું 'જાડો-પાતળો' છું તેવો અહેસાસ થાય છે. **વાસ્તવમાં તે ચૈતન્યરૂપ, ભગવદંશ છે**, શરીરથી જુદો છે, છતાં પ્રમદા સાથે પુરંજનના પુર પ્રવેશથી **'દેહ જ આત્મા છે'**, તેવી દેહાત્મ બુધ્ધિ થાય છે. આમ

પુર-પ્રવેશ થાય ત્યારે સંગીત વાગે છે. જે બાળકના રૂદન રૂપે છે, પણ લોકો આનંદ મનાવે છે.

પુર પ્રવેશ પછી પુરંજનના વિષયવિહાર શરૂ થાય છે. **ચક્ષુ-ઈન્દ્રિય** સાથે તે રૂપવાળા પદાર્થોમાં જાય છે. તે જગતના રૂપ જુએ છે, જગદીશના નહીં. **ઘ્રાણેન્દ્રિય** દ્વારા સુગંધ માણે છે. **મુખ** દ્વારા લોકરંજન વાણી પ્રગટે છે, **સ્વાદમય** ભોજન આરોગી **રસનેન્દ્રિય** અને **વાગિન્દ્રિય** સાથે તેને માણે છે પરંતુ પ્રભુ પ્રસાદ કે ભગવન્નામથી દૂર રહે છે. **કર્ણેન્દ્રિય** દ્વારા લોકવાતોને રસપૂર્વક સાંભળે છે પરંતુ ભગવાનની વાતો માત્ર ઉપર ઉપરથી શ્રવણ કરે છે. **લિંગ** દ્વારા સ્પર્શ સુખ માણે છે મળ દ્વારથી મળ ત્યાગ કરે છે. આમ હૃદયમાં - અંત :પુરમાં મન સાથે મોહ-હર્ષ-પ્રસન્નતાનો અનુભવ કરે છે. પત્નીને તે સર્વથા અનુકુળ રહે છે, મોહ પામેલો તે જીવ બુધ્ધિને અનુકુળ રહી સર્વ સુખ માણે છે. આમ અત્રે જીવની બાલોચિત ચંચળતાનું વર્ણન છે. જાગ્રત અવસ્થાથી નિંદ્રાવસ્થાનું વર્ણન કર્યું છે. તેને **'ક્રીડામૃગ''** - વાનર જેવો કહી તેની ચંચળતા દર્શાવી છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'પુર' અર્થાત્ દેહમાં પ્રવેશ કરવો તે 'જન્મરૂપ' છે**, જેના બે પ્રકાર હોય છે. (૧) **વેદાન્તોનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે 'ઉપવીત' લેવાથી પ્રાપ્ત કરેલો** અને (૨) **'કર્મ'ના ફળ સ્વરૂપે 'જન્મ-મરણ'ની શૃંખલા સર્જાય** તે. અહીં આ બીજા પ્રકારનો જન્મ બતાવેલો છે, કારણ કે 'કામોની કામના કરતો' તેમ 'વિષયના ભોગની ઈચ્છા' એમ કહ્યું છે. **જીવ અને અંતર્યામી બન્ને દેહમાં સાથે જ પ્રવેશ કે છે અને રહે છે.** અંતર્યામીની પ્રેરણા વિના જીવ કાંઈ પણ કાર્ય કરવા સમર્થ ન હોવાથી તે જ સર્વ કાર્યનો કર્તા છે, છતાં જીવને જન્માદિરૂપ સંસાર થાય છે. કેમ કે **જે કાલ-કર્મને આધિન હોય તેને જ જન્મ વગેરે સંભવે છે.** જેમ મહારાજા સેવકને પ્રેરે તેમ અંતર્યામી જીવને કર્મ કરવા પ્રેરે છે. જેમાં અંતર્યામીને આસક્તિ હોતી નથી, તેથી તેને કર્મ બંધન કરતાં હોતું નથી, તેથી શ્રુતિ કહે છે કે **'બીજું પક્ષી ખાધા વિના જોયા કરે છે.'**

અહીં દેહની પ્રાપ્તિ થયા પહેલાં બુધ્ધિનું વર્ણન કર્યું છે જેનું તાત્પર્ય સમજાવતાં કહે છે, જીવને **'સ્થુલ દેહ'**માં પ્રવેશ કર્યા પહેલાં તેને **'લિંગદેહ'** પ્રાપ્ત થાય છે. બુધ્ધિ, પ્રાણ અને ઈન્દ્રિયો ભગવાને બનાવેલા છે, તે અવિદ્યાથી ઉત્પન્ન થતાં નથી. **જીવને અવિદ્યાના કારણે ''હું દેહ છું'', જેવી માન્યતા ઉત્પન્ન થાય છે.** પુરંજનો અર્થાત્ જીવે 'પ્રમદા' રૂપ બુધ્ધિ સાથે તે 'પુર' (દેહ)માં પ્રવેશ કરવાથી તેને **''દેહ જ આત્મા છે''** - તેવી **'દેહાત્મ બુધ્ધિ'** થાય છે. **'પુરુષપણું' કે 'સ્ત્રીપણું' એ દેહના ગુણો છે, જીવના નથી**, જ્યારે અહીં જીવને દેહની પ્રાપ્તિ થયા પહેલાં 'પુરુષ' અથવા 'સ્ત્રી' હોવાનું શાથી કહ્યું. તેવી શંકાના સમાધાનમાં કહે છે કે 'જીવ' સ્વતંત્ર હોઈ દેહ વગેરેમાં રમણ કરે છે તેથી તેને પુરુષ કહ્યો છે પરંતુ બુધ્ધિને **'પ્રમદા'** (સ્ત્રી) કહી છે, કારણ કે તે **'માયા'** છે. બુધ્ધિ **'દેહ જ આત્મા છે'** એવી માન્યતારૂપ હોવાથી તે એક પ્રકારની અવિદ્યા છે. જે મોહ ઉત્પન્ન કરાવાનારી હોઈ 'સ્ત્રી' રૂપ કહી છે. મોહ પામેલો જીવ, તે પ્રમદાની ઈચ્છા

પ્રમાણે વર્તતો હોય છે.

'જીવ' તે **'પ્રમદા'**ને - 'તું કોણ છે', તેમ પૂછે છે, તે વિશે પ્રશ્ન થાય કે ઈન્દ્રિયોના દેવ જીવમાં હોય તો તે 'પ્રમદા'નું સ્વરૂપ જાણતા હોય, તો શા માટે તેણે પ્રશ્ન કર્યો હશે? તેના ખુલાસામાં કહે છે કે કોઈ કામીજન ઉત્તમ સ્ત્રીને ઓળખતો હોવા છતાં, તેની સાથેની બીજી સ્ત્રીને પણ રસ ઉત્પન્ન કરવા તેમની પૃચ્છા કરે, તેવી રીતે આણે પ્રશ્ન કર્યો છે. દેવોની પત્ની, લક્ષ્મી, પાર્વતી વગેરેમાંથી કોઈક આ સ્ત્રી નહીં હોવાથી તે કલ્પના કરે છે કારણ કે દેવોને તો લીલા માટે જ દેહનો સંબંધ થતો હોવાથી તેમને **'દેહ જ આત્મા છે'** એવી બુધ્ધિ હોતી નથી, જ્યારે આ પ્રમદા તો 'દેહ એ આત્મા' છે તેમ સમજે છે. પુરંજન, તેને - તે લક્ષ્મી કે પાર્વતી વગેરે દેવી નથી તેમ કહી મોહ પમાડે તેવી માયા હોવાનો નિર્ધાર કરે છે. 'પ્રમદા' પુરંજનને ઉત્તર આપે છે કે હું મને અથવા બીજા કોઈ રચના કરનારને જાણતી નથી, અથવા મારું ગોત્ર કે નામ કોણ ધર્યું તે જાણતી નથી. પુરંજન તે પ્રમદાને પુરમાં પ્રવેશ કરવા વિનંતી કરે છે, અને એક સો વર્ષ સુધી ભોગ ભોગવવાનું કહે છે. તેનો ખુલાસો કરતાં તે એમ કહે છે કે- **''પુષ્કળ કર્મવાળા મારી સાથે આ પુર શોભાવ''**, જે સૂચવે છે કે જ્યાં સુધી તે પુરમાં રહે તેટલા સમયની અંદર જો તેને વિષયમાં વૈરાગ્ય થાય તો ધીરે ધીરે તે દેહાત્મ જાતિનો ત્યાગ થતાં તેણે **'પ્રમદા'** (બુધ્ધિ)ની સાથે પુરમાં પ્રવેશ કરવામાં કપટ કર્યું ગણાય, અને જો તે સમયની અંતર તેનો ત્યાગ ન કરે તો તે વિષયો ભોગવ્યા કરે, જેનાથી તે ઘણા કર્મવાળો બને, અને તેનો મોક્ષ ન થાય.

પુરંજને **''સ્ત્રીઓ સાથે ક્રીડા કરતાં સરોવરમાં પ્રવેશ કર્યો''** એ શબ્દો અહીં નિદ્રાનું સૂચન કરે છે. સર્વ કાર્યોમાં બુધ્ધિ મુખ્ય છે, અહીં ભોગના સાધનોનું વર્ણન કર્યું છે અને ભોગ બુધ્ધિને આધિન હોવાથી, જીવ બુધ્ધિને આધિન રહીને જ સર્વ કાર્યો કરે છે તેમ સૂચવે છે. બાળકની સ્થિતિમાં જાગ્રત અવસ્થા અને નિદ્રા જ હોય છે, સ્વપ્ન હોતું નથી, તેમ જણાવી આ અધ્યાયમાં આ બે અવસ્થાઓનું જ નિરૂપણ કર્યું છે. બાલ્ય અવસ્થામાં પહેલાની વાસનાને લીધે સ્વપ્ન થવાનું સંભવે તો પણ તે વિષયનો નિશ્ચય કરાવનારું કાંઈ પ્રમાણ ન હોવાથી સ્વપ્ન અવસ્થાનું વર્ણન અહીં નથી. અર્થાત્ જાગ્રત અવસ્થામાં જે ઘટે છે તેનો ખુલાસો અહીં કર્યો છે.

આગળના અધ્યાયમાં જેમ બાળકની અવસ્થા કહેવામાં આવી છે તેમ અહીં પ્રૌઢાવસ્થાનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમ મૃગયામાં અસ્થિરતા હોય છે તેવી જ દશા પ્રૌઢાવસ્થામાં થાય છે. અહીં રૂપક તરીકે વર્ણન કરતાં કહે છે કે જ્યારે પુરંજન અંત:પુરમાં પ્રવેશે છે ત્યારે તેની સ્ત્રી રિસાઈને બેઠી છે. ત્યારે તે તેને મનાવવા પ્રયત્ન કરે છે અને ક્રોધ ત્યજી દેવા વિનવે છે.

• અધ્યાય ૨૬

આ અધ્યાયમાં **'સ્વપ્નાવસ્થા'**નું નિરૂપણ છે. પ્રૌઢ અવસ્થામાં સ્વપ્ન સ્પષ્ટપણે સમજાય છે, જેનું વર્ણન મૃગયા રૂપે કરવામાં આવ્યું છે. શિકારમાં અસ્થિરતા હોય અને સ્વપ્નમાં પણ સ્થિરતા

હોતી નથી. પુરંજન રથમાં બેસીને શિકારે અર્થાત્ સ્વપ્નવિહારમાં જાય છે. તે રથને પાંચ ઘોડા જોડેલા છે જે તેની **જ્ઞાનેન્દ્રિયો** છે. **પુણ્ય** અને **પાપરૂપ** બે રથના ચક્રો છે **અહંતા-મમતા** રૂપી તેમાં બે બાજુ **'ઘૂંસરી'** છે અને **મન** રૂપી **લગામ** છે. **બુધ્ધિ** તેની **સારથી** છે. તેના પર લાગેલી ત્રણ ધ્વજા એ ત્રણ ગુણ - **'સત્વ, રજ, તમ'** છે. પાંચ દોરી રૂપ તેના **પાંચ પ્રાણ** છે. બે ઘૂંસરીના બંધન સ્થાન તે તેને થતો **મોહ** અને **શોક** છે. પાંચ વિષયો - **રૂપ**, **રસ**, **ગંધ**, **શબ્દ** અને **સ્પર્શ** તેના **પાંચ આયુધ** છે અને સત્વ ધાતુ - **ત્વચા**, **માંસ**, **રૂધિર**, **મેદ**, **મજ્જા**, **અસ્થિ**, **શુક્ર** અને **સ્નાયુ** તેના સાત પડદા છે. તે અનેક પ્રાણીઓનો શિકાર કરી, થાકીને ભૂખ્યો-તરસ્યો ઘેર આવે છે અને પોતાની સ્ત્રીને શોધે છે. તે અંત:પુરમાં બેઠેલી કોપાયમાન સ્ત્રીને મનાવવા ખુબ કોશિષ કરે છે, અને જે કોઈ એ અપરાધ કર્યો હોય તેને સજા કરવા કહે છે. અહીં સમજાવે છે કે **પુરંજન સંસારી હોવાથી બહિર્મુખ હતો, છતાં ચિંતન કરતાં તે ભગવાન પ્રતિ ચિત્ત જવાથી, ભગવાનના ભક્ત અથવા બ્રાહ્મણ સિવાય જેણે પણ અપરાધ કર્યો હોય તેને શિક્ષા કરવાનું કહે છે. આમ કદાચિત જીવનું ચિત્ત ભગવાનમાં કે સદ્‌ધર્મમાં જાય છે પણ પુન: તે પાછો સંસાર મગ્ન બની જાય છે.**

- **અધ્યાય ૨૭**

આ અધ્યાયમાં વિનાશ કરનારા સાધનોનું સાન્નિધ્યનું વર્ણન કરે છે. સંસારમાં દ્રઢ આસક્તિથી, દેહને આત્મા માનતી બુધ્ધિથી આવતા પરિણામનું નિરૂપણ કર્યું છે. અહીં પુત્રોની પ્રાપ્તિનું વર્ણન કર્યું છે. **વિનાશના સાધનો એટલે જીવને ઘડપણ, જ્વર વગેરેનો સંબંધ થવો તે જ છે.** યૌવનમાં થતો અતિભોગ જીવનને રોગમય બનાવે છે. રજોગુણના પ્રભાવથી ભોગમાં રૂચિ વધે, ભોગ-વિલાસમાં પુરંજન અને પ્રમદાનું યૌવન વેગમાં વીતી જાય છે. વિષયોનો ભોગ રજોગુણથી થાય છે. ઈન્દ્રિયોના પરિણામોને પુત્રો અને બુધ્ધિની ક્રિયાઓને પુત્રીઓ જણાવી પુરંજનના વંશની વૃધ્ધિનું નિરૂપણ કર્યું છે. તેમને ૧૧૦૦ પુત્રો- ઈન્દ્રિયના પરિણામરૂપે અને ૧૧૦ પુત્રીઓ બુધ્ધિની ક્રિયાઓ (ઈચ્છાઓ)ના કારણે થાય છે. અહીં જણાવે છે કે જે પુરુષનો જેટલો સંસાર બહાર હોય છે તેટલો અંદર તેના અંત:કરણમાં પણ હોય. કારણ કે અંદર અંત:કરણમાં સંસાર ન હોય તો બહાર સંસાર થવાનું સંભવતું નથી.

અહીં સમજાવે છે કે બહારથી જીવો યજ્ઞ કરે છે તે ઈચ્છેલા ફળ લાભ માટે કરતાં હોય છે. નજીવા પદાર્થો પ્રાપ્ત કરવાના પણ મનોરથ જીવ રાખતો હોય છે, જેને માટે તે અલ્પફળ આપનાર દેવો વગેરેનું પણ પૂજન કરે છે. યજ્ઞો પણ જે પ્રકારે બીજાઓને પીડા થાય તેવા પ્રકારથી કરે છે, અર્થાત્ હિંસાનું આચરણ કરે છે. **પ્રાચીન બર્હિષ** પણ જુદા જુદા પદાર્થોની કામના કરી તેવા જ યજ્ઞો કરતો હતો. અહીં પાંચ યજ્ઞાત્મક કાર્યો ભગવત્સ્વરૂપ બતાવ્યા છે. તે છે - અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ અને હોમ. તે સિવાય અન્યત્ર પશુવધ દોષરૂપ છે.

આ અધ્યાયમાં સર્વનાશક કાળના આક્રમણ થયાનું વર્ણન છે. પ્રચંડ ગતિવાળો, અટકાવી ન શકાય તેવો કામ આવી પુર અર્થાત્ શરીરને ઘેરી લે છે. દિવસ અને રાત્રિને ગંધર્વ તરીકે વર્ણવવામાં આવ્યા છે, અને તેઓની સાથે પ્રાણ યુધ્ધ કરે છે, જેનું તાત્પર્ય છે કે કાળ સંપૂર્ણ પ્રકારે, સદા નાશ કરનારો છે. બાળપણમાં પણ તે નાશ કરે છે પરંતુ પ્રાણ મરણ અટકાવે છે. પ્રાણ હોય ત્યાં સુધી દેહ ટકે, ઈન્દ્રિયો બળવતી રહે. ઈન્દ્રિયોની અશક્તિ પ્રાણની ક્ષીણતા સૂચવે છે. ઈન્દ્રિયો સ્થૂળ-પ્રાણથી કાર્યક્ષમ રહે છે. ભોગથી ઈન્દ્રિયો કાળ ક્રમે ક્ષીણ-પ્રાણ થતી જાય છે. ભોગાદિ પ્રારબ્ધાનુસાર પ્રાપ્ત થાય છે. પ્રાણ લડતાં થાકે, ઈન્દ્રિયોની શક્તિ ઘટે, ઘડપણ આવે. લોકમાં તે કોઈને ગમે નહીં. જે સંયમી હોય તેને વૃધ્ધાવસ્થા પીડે નહીં, અશક્તિ વગેરે આવે નહીં. ચાલવું તે મોટી કસરત છે. શરીરને તે સ્વસ્થ રાખે છે. રોગાદિનો સ્વામી મૃત્યુ છે. ઘડપણ સાથે સામાન્યત: મૃત્યુ આવે. જ્વર, સન્નિપાતાદિની સાથે લોકમાં મૃત્યુ ઘૂમે છે.

કાળની કન્યા જરા (ઘડપણ) છે, તે દેવતા છે, તે મૃત્યુ થવાનું છે, તેનું સૂચક છે. જ્યારે જરા દેહમાં પ્રવેશ કરે ત્યારે જ મૃત્યુ આવ્યું છે તેમ ભાન થાય છે. જરા આવવડાથી દેહની અશક્તિ થાય છે. તેને દૂર કરવાનો કોઈ ઉપાય જ નથી. કાળ જ વિનાશકારી સામગ્રીનું સાનિધ્ય કરાવનારી છે. તેથી કાળને જીવની શક્તિનો નિગ્રહ થવો એ આ અધ્યાયનો અર્થ છે.

- **અધ્યાય ૨૮**

આ અધ્યાયનો અર્થ વિનાશ છે. વિનાશ કરનાર **'ભય'** નામના 'યવનરાજા' ભાઈ **'પ્રજ્વાર'** તથા યવન સૈનિકો સ્વતંત્રતાથી નાશ કરનારા નથી, પરંતુ **પ્રજ્વાર** એટલે **'જ્વર'** વગેરે રોગો સાથે મળી 'જરા' (વૃધ્ધાવસ્થા) જ સર્વ વિનાશ કરનારી છે. આમ પ્રજ્વાર (જ્વર) અને તેના સૈનિકો (રોગો) વિનાશ કરવામાં જરાનું કાર્ય કરે છે, પરંતુ વિનાશ તો જરા કારણે જ થાય છે. રૂપક આપી અહીં સમજાવ્યું છે કે **પ્રજ્વાર** અને કાલકન્યા જરાની સાથે મૃત્યુ ભૂમિ પર ભમે છે, અને દેહ રૂપી નગર પર ચઢાઈ કરે છે. કાળ ક્રમે જેમ ઉંમર વધે ત્યારે ઘડપણ પાસે આવે છે અને શરીરને પીડા આપે છે. તેના બચાવ માટે નગરરક્ષક રૂપ પાંચ માથાવાળો નાગ (પ્રાણ) પ્રયાસ કરે છે, પરંતુ આખરે થાકે છે. રોગની ધીમે ધીમે શરૂઆત થાય છે. જરા (વૃધ્ધાવસ્થા) શરીરની કાન્તિ, બુધ્ધિ, શક્તિ વગેરેનો નાશ કરે છે. સંસાર આસક્ત જીવને મૃત્યુ ટાણે ભગવાન યાદ આવતા નથી, પરંતુ ત્યારે તેનું ચિત્ત સ્ત્રીમાં જ હોવાથી જ્યારે તે શરીર છોડે છે ત્યારે તેને સ્ત્રીનું શરીર પ્રાપ્ત થાય છે, કારણ કે અંત સમયે જેવી મતિ હોય તેવી ગતિ થાય. અધિકારી **યમરાજા** શરીરમાંથી જીવને બળથી બહાર કાઢે છે. **બીજું શરીર મળવું તે જીવની ઈચ્છાને આધિન નથી પરંતુ તેના કરેલા કર્મો અને ભગવદિચ્છાને આધિન હોય છે. જીવ પોતે સ્ત્રી કે પુરુષ હોતા નથી પણ જાતિ એ શરીરનું સ્વરૂપ છે. પુરુષપણું સ્વચ્છંદતા સૂચક છે જ્યારે સ્ત્રીપણું પ્રભુને વશ હોવાનું કહ્યું છે. 'દેહ આત્મા છે' એવી સમજથી સંસાર મળે છે જ્યારે 'ભગવાન આત્મા છે',**

તેવી સમજથી મોક્ષ પ્રાપ્તિ થાય છે. 'સ્વજન સંગ સંસાર આપે છે જ્યારે ભક્તજનસંગ મુક્તિ આપે છે.

પુરંજનને સ્ત્રીરૂપે ભગવદિચ્છાથી દક્ષિણમાં જન્મ મળે છે. ભગવાનની કૃપાનું લક્ષણ છે કે તે 'હીન'ને પણ પાવન કરી શકે છે. દક્ષિણ ભક્ત દેશ છે. પુરંજનનો જન્મ વિદર્ભની કન્યા રૂપે થાય છે. **'વિ-દર્ભ'નો અર્થ થાય 'કર્મત્યાગ' પછીનો 'ભક્તિમાર્ગ'**. પુરંજનના લગ્ન **'મલય ધ્વજ'**, જે ભક્તિનો અહંકાર રૂપ છે તેની સાથે થાય છે. તેનાથી તેને સાત પુત્રો - જે **'શ્રવણ'થી 'દાસ્ય'** સુધી ભક્તિના પ્રકારે છે, અને કાળક્રમે કરોડો પૌત્રો થયા છે. જ્યારે શ્રવણાદિનું આવર્તન થાય ત્યારે જ કૃતાર્થ થવાય.

નિબંધમાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'પુરંજનને ચિંતા થવાનું વિધાન કરેલ છે' તેનું કારણ કે તેના પુત્રો વગેરે જે ચિંતાના વિષયો અંતઃકરણમાં વાસનારૂપે રહેલા તે સર્વનો નાશ થશે એમ માની તે ચિંતા કરવા લાગેલો. તે દેહને જ આત્મા માનતો હતો જે માન્યતા જ બુધ્ધિની ક્રિયાઓ વગેરે સર્વનો નાશ કરાવનારી છે. ચિંતાનું બીજું કારણ એ કે માનવને મરણ સમયે પણ ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ થતું નથી. જીવ દેહમાંથી નીકળી જાય છે ત્યારે તેની પાછળ પ્રાણ, ઈન્દ્રિયો, બુધ્ધિ પણ નીકળી જાય છે. જીવ બ્રહ્મનો અંશ હોઈ તેને નીકળી જવું પડે તે યોગ્ય નથી, છતાં પણ યમ પોતાના અધિકારને લીધે બળપૂર્વક શરીરમાંથી બહાર કાઢે છે**, અર્થાત્ **જીવનું દેહમાંથી નીકળી જવું યમને આધીન છે**. વળી **'અંત સમયે જે જે પદાર્થનું સ્મરણ કરતાં દેહ તજે છે, તે પદાર્થ જ પ્રાપ્ત થાય છે''** તેમ ગીતામાં ભગવાન જણાવે છે (૮/૬). તેથી ફરીથી તે પ્રાકૃત દેહ ધારણ કરી જન્મ લે છે, અને એમ વારંવાર જન્મ-મરણ પ્રાપ્ત કર્યા કરે છે.

વધુમાં સમજાવે છે કે **સંસાર માર્ગ બહારના વિચારોથી ગ્રહણ થતો હોવાથી તે બહારનો છે, જ્યારે મુક્તિ માર્ગ અંદરના વિચારથી ગ્રહણ થતો હોવાથી તે અંદરનો માર્ગ છે.** સંસારમાર્ગમાં દેહને જ આત્મા માનવાથી બુધ્ધિના અંગથી અને ઈન્દ્રિયો વગેરેને આત્મા માનવાને લીધે, તેના પરિણામે અને ક્રિયાઓને પુત્ર અને પુત્રીઓ કહેલાં છે. તેવી જ રીતે મુક્તિમાર્ગમાં ભગવાન આત્મા છે એવી બુધ્ધિ હોવાથી, તેમનામાં સ્નેહ થતાં, તેમનો ઉપદેશ કરનાર ગુરુના સંગથી હરિની સેવામાં રુચિ - શ્રવણ વગેરે રૂપ સંતાનો બતાવ્યા છે અહીં. અંદરનો બુધ્ધિ વગેરે પદાર્થોનું બહારના સ્ત્રી વગેરે પદાર્થો તરીકે વર્ણન કરીને ગૂઢ અર્થ સમજાવતાં કહ્યું છે કે ભગવાનના ધર્મોના સંબંધને કારણે મુક્તિ થવાનું કહ્યું છે. સંસાર માર્ગમાં જેમ **'જરા'** ઈન્દ્રિયોને નબળી કરે છે, તેમ મુક્તિ માર્ગમાં યોગથી તેઓના ઉપર વિજય પ્રાપ્ત થાય છે. સંસારી માર્ગમાં જેમ પ્રાકૃત બુધ્ધિથી પ્રાકૃત થવાય છે, તેમ મુક્તિ માર્ગમાં આત્મા બ્રહ્મરૂપ છે એવી બુધ્ધિથી બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે.

પુરંજનના સ્ત્રી તરીકેના જન્મનો વિચાર કરતાં કહે છે કે પુરંજન જેવા સંસારી જીવને મોક્ષ પ્રાપ્ત થાય તે સંભવતું ન હોવાથી તેના સ્ત્રી તરીકેના જન્મનું વર્ણન કરે છે. ભગવાનની ઈચ્છાથી તેનો જન્મ દેવાલય વગેરે સ્થાનમાં ભગવાનના સેવકોમાં થયો, જેના કારણ શ્રીકૃષ્ણના કાર્યો કરવામાં તેને ભક્તોનો સંગ થયો, જેને માટે ભગવાનની ઈચ્છા જ કારણભૂત હતી. અહીં સમજાવે છે કે જો પ્રાકૃત સ્થિતિમાં જ ભગવાનની કૃપા ન થાય અને અપ્રાકૃત સ્થિતિમાં જ થાય, તો જીવ ઉપર કોઈ પણ સમયે ભગવાનની કૃપા થાય જ નહીં, કારણ કે અપ્રાકૃત સ્થિતિ થાય ત્યારે જ ભગવાનની કૃપા થાય, અને ભગવાનની કૃપા થાય ત્યારે જ પ્રાકૃત સ્થિતિ ટળી એને અપ્રાકૃત સ્થિતિ થાય, એટલે ભગવાનની કૃપા થવી અને અપ્રાકૃત સ્થિતિ થવી એ બન્ને એકબીજા ઉપર આધાર રહે. તેથી પહેલાં ભગવાનની કૃપા થાય તેમ જ હોય. ભગવાનની કૃપા થતાં સંસારી જીવ અવિવેકથી એટલે કે ભગવાનનું કાર્ય અલૌકિક છે એવાં ભાન વિના શ્રીકૃષ્ણની સેવાના કાર્યોમાં ભગવાનના ભક્તો સાથે જોડાય છે. આવા અવિવેકથી જ સંસારી જીવ તરીકે ઓળખાતાનો જન્મ ભક્તોમાં થાય છે. માટે જ તેનો જન્મ દક્ષિણમાં વિદર્ભ દેશમાં થયેલો બતાવ્યું છે, જ્યાં ભગવાનની પૂજાનો પ્રવાહ વહેતો હોય છે, અન્યત્ર નહીં, અને તેથી જ તે શ્રીકૃષ્ણના કાર્યો કરવામાં ભક્તો સાથે જોડાયો તેના કારણે તેને કૃષ્ણમાં પ્રેમ થવાથી શ્રવણાદિ દાસ સુધી સાત પ્રકારની ભક્તિ થઈ શકી. આ સાત પ્રકારની ભક્તિ કરવામાં આવતા તે દરેકના કરોડો પ્રકાર છે, કારણે તે વારંવાર કરવામાં આવતાં અનેક પ્રકાર થાય છે. આમ ભગવાનનું કાર્ય કરતાં તેને ભગવાન ઉપર દૃઢ પ્રેમ થયો. આ પ્રેમને લીધે સેવા કરનાર બીજું કોઈ હોય તો પણ પોતે સેવા કર્યા વિના રહી શકતો ન હતો. આવા દૃઢ પ્રેમના કારણે તે બીજાઓ તેની સેવામાં વિઘ્ન નાંખશે તેવા જ્ઞાનને લીધે સ્વભાવથી જ તેને બીજાઓમાં વૈરાગ્ય થયો, અને તે ભક્તો સાથે જ સંગ કરતો, જ્યાં ભગવાનની કથાના શ્રવણ કરવાથી તેને ભગવાનના માહાત્મ્યનું પણ જ્ઞાન થશે, તેનો ભાવ ઉત્તરોત્તર દૃઢ થતા ભગવાનમાં સર્વથી અધિક સ્નેહ થયો જેને કારણે તે ભગવાનની ભક્તિ કરવા લાગ્યો. તેના કારણે તેના પ્રાણ, ઈન્દ્રિય અને અંત:કરણના અધ્યાસો દૂર થયા. પરંતુ ‘હું મારા પ્રયાસથી સર્વ પ્રાપ્ત કરીશ’, એવો અહંકાર તેનામાં રહ્યો પરંતુ બાકી મન, બુધ્ધિ, ચિત્ત, અંત:કરણમાંથી દૂર થયા. અહંકારને લીધે જે પ્રવૃત્તિ થાય તેમાં કલેશ થાય છે. હું પોતે પ્રાપ્ત કરેલા સાધનોથી પુરુષાર્થ પ્રાપ્ત કરીશ એવા વિચારથી, તે અહંકારના કાર્યરૂપ શ્રીકૃષ્ણનું જે કાર્ય તેને **‘મલયધ્વજ’** કહ્યું છે, તે જ તેનો અહંકાર છે.

કેટલાક સમય પછી તેને સાત્ત્વિક અંત:કરણમાં તેને ભાન થયું કે ‘હું કેટલો નીચ છું અને બ્રહ્મા વગેરેને પણ પ્રાપ્ત થવા દુર્લભ એવા ક્યાં ભગવાન’, એવો વિચાર આવતાં તેનામાં દીનતા પ્રકટ થવાથી ‘‘હું મારા પ્રયાસથી ભગવાનને પ્રાપ્ત કરીશ એવા પ્રકારનો તેનો અહંકાર દૂર થયો અને મારા જેવા નીચથી ભગવાનની સેવા કેમ થશે તેવી ચિંતા થવા માંડી. તેના કારણે તેને ઘણું

દુ:ખ થવા લાગ્યું. આ અહંકારનો નાશ તે જ 'મલયધ્વજ'નું મૃત્યુ થયાનું બતાવે છે. આમ અહંકાર દૂર થતાં તેને સમજ આવી કે મારી દીનતાથી જ ભગવાન પ્રસન્ન થશે, અને તેમ વિચારી તે શ્રીકૃષ્ણનું કાર્ય કરવા લાગ્યો. તેમ છતાં તેને ભગવાનની પ્રાપ્તિ થઈ નહીં, ત્યારે તે અહંકારના અંશ સંપુર્ણપણે જ્યારે દૂર થયો ત્યારે, અર્થાત્ મલયધ્વજના શરીરને ચિતામાં બાળ્યું ત્યારે, ''બધું ભગવાનને આધિન છે અને ભગવાનને પ્રસન્ન કરવા બહુ જ કઠણ હોવાથી મારાથી કાંઈ થઈ શકે તેમ નથી'' એવો વિચાર કરતાં અંતર્યામી શ્રી હરિ પોતે જ પ્રકટ થયા જેથી તેનો અહંકાર સંપુર્ણપણે નષ્ટ થઈ ગયો.

અહીં એક શંકા થાય કે નારદજીએ કહેલ આખ્યાનથી વૈદર્ભી થયેલા પુરંજનને જ્ઞાન થયું તેમ બર્હિષદને કેમ ન થયું તેનો ખુલાસો કરતાં કહ્યું છે કે બર્હિષદે એવો નિશ્ચય કરેલો કે કર્મ જ કરવું જોઈએ અને બીજું કાંઈ કરવું યોગ્ય નથી. આવા નિશ્ચયને કારણે તે જડ જેવો થઈ ગયેલો, અર્થાત્ તે વિરુદ્ધ જ્ઞાનવાળો હોવાથી તેને કોઈ અસર થઈ નહીં. આમ શ્રીકૃષ્ણની કૃપાથી પુરંજનને જીવન્મુક્તિ પ્રાપ્ત થઈ. **જો ભગવાન કૃપા કરે તો ભક્તિનું પણ દાન તે જ સમયે કરી પોતે પ્રકટ થઈ પરમ મુક્તિનું પણ દાન કરે.** પરંતુ પુરંજન ઉપર પૂર્ણ કૃપા થયેલ ન હોવાથી તેને જીવન્મુક્તિ જ પ્રાપ્ત થઈ. માત્ર આ પુરંજનની કથા જ કહી છે તેમ બર્હિષદ ન માની લે તે માટે નારદ તેને કહે છે કે **'વસ્તુત: તેને અધ્યાત્મજ્ઞાન'**નો જ ઉપદેશ કહેલો છે.

- **અધ્યાય ૨૯**

કર્મ મોહિત રાજા પ્રાચીન બર્હિને આ કથા ન સમજાઈ. તેથી તેનો ખુલાસો કરવા નારદજીને વિનંતી કરી. તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું કે **લૌકિક સંગથી બહિર્મુખ થવાય - બંધન થાય, ભગવદીયના સંગથી ભગવદ્-અભિમુખ થવાય, બંધનમાંથી છૂટાય.** તેમણે ભટકતા જીવને કૂતરા જેવો કહ્યો, જેને ક્યારેક માર પડે, ક્યારેક માલ ખાવા પણ મળે. તેમજ જીવ ક્યારેક હીન કે ઉત્તમ યોનિઓમાં કર્મફળ ભોગવતાં ભટકવું પડે. લોકો દેહ અને અંત:કરણના વિક્ષેપોથી કથા રહિત અને ભગવદ્ વિમુખ રહે છે. તે પ્રભુ કૃપાથી જ તેમાંથી મુક્ત થઈ શકે છે.

નારદજીએ તેને કર્મ-જ્ઞાનનું સાચું સ્વરૂપ સમજાવ્યું. ભગવાનના ચરણકમળ જ અભય આપી શકે. તે માટે મૃગનું દૃષ્ટાંત આપ્યું જે વિષયસુખમાં ભટક્યા કરે છે. વધુ ખુલાસો કરતાં કહ્યું કે **સ્થૂળ દેહમાં કર્મ કરવાનું સામર્થ્ય નથી. સૂક્ષ્મ દેહ વિના શબ નિષ્ક્રિય થઈ જાય છે. સૂક્ષ્મ અર્થાત્ લિંગ દેહમાં જ સામર્થ્ય છે, જેના કારણે સ્થૂળ દેહ કાર્ય કરે છે. સૂક્ષ્મ દેહ વાસ્તવમાં કર્તા છે અને તે જ કર્મના ફળ ભોગવે છે. આમ લિંગ દેહવાળો આત્મા જ કર્તા છે, લિંગ દેહ આત્માનું સાધન છે. અહંતા-મમતા રૂપ અધ્યાસથી બંનેનો સંબંધ છે.** આ સમજાવવા સુથારના રંધાનું દૃષ્ટાંત આપે છે, જેમાં વાસ્તવમાં રંધો લાકડું છોલતો નથી, તેમાં રહેલ લોખંડનું પાનું છોલે છે.

પાંચ તન્માત્રા અને અગિયાર ઈન્દ્રિયો, બુધ્ધિ સહિત ત્રણ ગુણનો કાર્ય મૂળ લિંગ દેહ છે. ચૈતન્ય યુક્ત તે 'જીવ' કહેવાય છે. કર્મ જોવામાં ન આવતું હોવા છતાં, તે આત્માને આધારે રહે છે. આપણી ચિત્ત વૃત્તિઓની વિચિત્રતા પૂર્વજન્મમાં કર્મને અનુકૂળ હોય છે. આ જન્મમાં ન જોયેલા, ન સાંભળેલા, છતાં મનમાં થતાં વિચિત્ર તરંગો - અનુભવ - પૂર્વ જન્મના કર્મથી થાય છે.

આ પ્રમાણે રાજા પ્રાચીન બર્હિને, સર્વાત્મપણે હરિનું ભજન કરવાનો ઉપદેશ આપી નારદજી વિદાય થયા પછી રાજાએ પુત્રોને રાજ્ય સોંપી કપિલાશ્રમે તપ કરવા પ્રસ્થાન કર્યું.

પુરંજન ઉપાખ્યાનનું તાત્પર્ય

- **પુરંજન** શરીરમાં રહેલ જીવ, પુર-શરીર-જન-જીવ.
- **શરીર** - કેટલાક એક, બે, ત્રણ, ચાર, ઘણા પગવાળા.
- **અવિજ્ઞાન** - નામનો સખા - **સખા** - અંતર્યામી.
- **નવ દ્વાર** - બે આંખ, બે નાક, બે કાન, ૧ મુખ, લિંગ, ગુદા.
- **સ્ત્રી પ્રમદા** - બુધ્ધિ. - તેમાંથી 'હું' અને 'મારું' એવી સમજ ઉદ્ભવે.
- જીવને અધ્યાસને કારણે ઈન્દ્રિયો વડે વિષયો ભોગવે છે **ઈન્દ્રિયો** બુધ્ધિના મિત્રો
- **ઈન્દ્રિયોની વૃત્તિ** - બુધ્ધિની સખીઓ
- **પાંચ માથાવાળો સર્પ** - પાંચ વૃત્તિવાળો પ્રાણ.
- **'મન'** - તે 'બૃહદ્બલ' - **મહાબલી**. ૫ કર્મેન્દ્રિયો, ૫ જ્ઞાનેન્દ્રિયોનો સેનાપતિ.
- **પંચાળ દેશ** - પાંચ વિષયો - રસ, રૂપ, ગંધ, શબ્દ, સ્પર્શ.
- ઉપરની ઈન્દ્રિયો - બે આંખ, બે નાક, મુખ, **પૂર્વ તરફના દરવાજા**, **ઉત્તરનો દરવાજો** - ડાબો **કાન**, **દક્ષિણ**નો દરવાજો - જમણો કાન, **પશ્ચિમનો દરવાજા** લિંગ-ગુદા.
- **પ્રત્યેક ઈન્દ્રિયના નામ**
- **'અંત:પુર'** એટલે હૃદય, તેમાં **'વિષૂચી'** તે મન, સ્તવ, રજ, તમ તેના ગુણો.
- **રથ** - સ્વપ્ન અવસ્થાનો દેહ

વાસ્તવમાં સ્વપ્ન અવસ્થાના પદાર્થો બુધ્ધિમાં જ પેદા થાય છે.

એટલે ત્યારે તો દેહ ગતિ-હીન છે. **બે પૈડા**-પાપપુણ્ય, **ત્રણ ધ્વની**, ત્રણ ગુણ, **પાંચ બંધન**, પાંચ પ્રાણ, **લગામ**-મન, **સારથિ**-બુધ્ધિ, **બેસવાની જગ્યા**, હૃદય, **ઘૂંસરી**- ઈન્દ્રિયોના સુખ-દુ:ખ વગેરે દ્વંદો, **પાંચ આયુધ**-વિષયો.

સાત પડદા - રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય, **મૃગયા શિકાર** - પાંચ જ્ઞાનેન્દ્રિયોથી અન્યાયપૂર્વક વિષયોનું ગ્રહણ કરવું.

૩૬૦ ગંધર્વો - વર્ષના દિવસો, ૩૬૦ ગંધર્વી - ૩૬૦ રાત્રી, **કાળ કન્યા** - જરા અવસ્થા યવનોનો રાજા-મૃત્યુ

પુરપ્રવેશ પછી પુરંજનના વિષય વિહાર -
ખદ્યોત - ઓછા પ્રકાશવાળી ડાબી આંખ.
આવિર્મુખી - વધુ પ્રકાશવાળી જમણી આંખ.
દ્યુમાન - ચક્ષુ ઈન્દ્રિય સાથે જીવ.
વિભ્રાજિત - રૂપવાળા પદાર્થોમાં જાય છે - જગતનારૂપ જુએ - જગદીશના નહીં.
નલિની - ડાબું નાક
નાલિની - જમણું નાક
અવધૂત - ઘ્રાણેન્દ્રિય સાથે.
સૌરભ - સુગંધ માણે છે.
મુખ્યા - મોં દ્વારા, **આપણ** - મનોરંજન કરતી વાણી.
બહૂદન - સ્વાદમય ભોજન, **રસજ્ઞ** - રસનેન્દ્રિય
વિપણ - વાગિન્દ્રિય સાથે માણે, પ્રભુ પસાદ અને ભગવન્નામથી દૂર રહે.
પિતૃહૂ - દક્ષિણ કર્ણ, **દેવહૂ :** વામ કર્ણ
શ્રુતધર - બન્ને કર્ણ દ્વારા લોકવાતો રસથી સાંભળે.
દક્ષિણ પાંચાલ - પૂર્વમિમાંસા, **ઉત્તર પાંચાલ** - ઉત્તર મીમાંસાનું ક્યારેક જ શ્રવણ કરે.
ભાસુરી - લિંગ દ્વારા - **ગામડું** - ગ્રામ્ય સુખ માણે
દૂર્મદ : - જનનેન્દ્રિય સહિત માણે,
નિઋતિ - મલદ્વારથી - **લુબ્ધક :** - પાયુઈન્દ્રિય સાથે રહી.
વૈશરૂં - મળત્યાગ કરે
નિર્વાક શકતૌ - હાથ પગ દ્વારા ગતિ અને કાર્ય કરે
અંત :પુર - હૃદયમાં, **વિષૂચીત** - મન સાથે મોહ-હર્ષ, પ્રસન્નતા અનુભવે.

- **અધ્યાય ૩૦**

અધ્યાય (૨૯)માં પુરંજનના આખ્યાન સાથે **'બર્હિષદ'**ની કથા પૂરી કરી, જે ચોથા **'મોક્ષ પ્રકરણ'**ના પ્રથમ ભાગ, જેમાં **'બ્રહ્મભાવ'**નું નિરૂપણ હતું. અધ્યાય ૨૫થી ૨૯ અગાઉ અધ્યાય ૨૪માં **'સાયુજ્ય પેટા-પ્રકરણ'**માં સાયુજ્યના સાધન તરીકે મહાદેવજીએ પ્રચેતસોને કરેલ **'રુદ્રગીત'** દ્વારા ઉપદેશની કથા કહી. હવે તેના જ અનુસંધાનમાં અધ્યાય-૩૦ અને ૩૧માં પ્રચેતસોને **આલોકમાં** અને **પરલોકમાં** ફળની પ્રાપ્તિનું નિરૂપણ કરવામાં આવ્યુંછે.

અગાઉ કહ્યું તેમ પ્રચેતસો ઊંડા જળમાં પ્રભુનું આરાધન કરતાં હતાં, તેમનું તે તપ દસ હજાર વર્ષ સુધી ચાલ્યું. તેમની તપસ્યા અને ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાને પ્રસન્ન થઈ અને દર્શન દીધા. ભગવાને તે પ્રચેતસોને વરદાન માંગવા કહ્યું. ભગવાન કહે છે કે જે લોકો મહાદેવજીએ આપેલ

રુદ્રગીતથી મોટી સ્તુતિ કરશે તેને હું મનવાંછિત ફળ ઉપરાંત સદ્‌બુધ્ધિ આપીશ. તમે પિતાની આજ્ઞાનુંખુશીથી પાલન કર્યું છે, તેનાથી તમારી કીર્તિ સમસ્ત લોકમાં ફેલાઈ જશે. તેમણે આજ્ઞા કરી કે **'કુંડુ ૠષિ'**ના સંગથી **પમ્લોમા** નામની અપ્સરાને એક પુત્રી થઈ હતી, જે તેણે ત્યજી દીધી હતી, અને વૃક્ષોએ તેમને પાસે રાખી ઉછેરી હતી. તમારા પિતાએ તમને પ્રજાની સૃષ્ટિ કરવાની આજ્ઞા કરી છે, તો તમે બધા જ તે કન્યા સાથે લગ્ન કરી, મારા અનુગ્રહથી દસ લાખ દિવ્ય વર્ષ સુધી તમે આ પૃથ્વી તેમજ સ્વર્ગના સુખોને ભોગવશો અને અંતમાં મારી અવિચલ ભક્તિના કારણે મારા પરમ ધામને પામશો.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે એવી શંકા જો થાય કે 'ભગવાનના દર્શન થતાં પ્રચેતસો સ્તુતિ કરે, જેના કારણે ભગવાન વરદાન આપે છે, પરંતુ અહીં ફળ મળ્યા પછી પ્રચતેસો સ્તુતિ કરે છે, તેમ શા માટે ?' તેનું સમાધાન કરતાં કહે છે કે **પ્રચેતસોને આ લોક અને પરલોકનું સર્વ ફલ ભગવાને જ આપેલું છે.** તેઓએ વચન કહ્યા કે **''આલોકના અને પરલોકના ભોગો તમે ભોગવશો''**, તેથી તે ભગવાનના વચનથી (તેમની કૃપાથી) તેમને ફળપ્રાપ્તિ બતાવી છે. તેમણે, **તે પોતાના તપથી નથી મેળવ્યું, પરંતુ ભગવાને જ તેમને પોતાની કૃપાથી આપ્યું છે.** તેમ અહીં બતાવ્યું છે. તો વળી એમ પ્રશ્ન થાય કે તો પછી પ્રચેતસોએ સ્તુતિ કરી તેનું પ્રયોજન શું? તેનું સમાધાન કરતાં કહે છે કે **બીજા માર્ગોમાં સ્તુતિથી પ્રસન્ન થયેલા ભગવાન પાસેથી ભક્ત ફલ પ્રાપ્ત કરે છે, પરંતુ ભક્તિ માર્ગમાં તો ભગવાન પોતેજ ભક્તોને પોતાના સમજી કૃપા કરી સર્વ ફળ પ્રાપ્ત કરાવે છે, અને ત્યારે ભક્ત પોતાને તે અધિકાર પ્રાપ્ત થયો છે તેમ જાણી ભગવાનની સ્તુતિ કરે છે. જે તેને થઈ રહેલા આનંદને અભિવ્યક્ત કરે છે.** આમ અહીં ભક્તિમાર્ગની વિશેષતા બતાવી છે. ભક્તિમાં ભગવાન ભક્તોને આત્મીય ગણી તેનો અંગીકાર કરે છે, તેથી તેની સર્વ ઈન્દ્રિયોમાં ઊભરાતો આનંદ સ્તુતિરૂપે વાણીથી પ્રકટ થાય છે. પ્રચેતસો ભગવાનને **'નમ: કમલપાદાય'** કહી ભક્તિમાર્ગની કોમલતા સરળતા પ્રકટ કરે છે.

પ્રચેતસોએ જન્મોજન્મ સત્સંગની કામના કરી જેથી તેમને ભવમાં ભટકવું ન પડે. તેમણે પોતાના સર્વ સત્કર્મના ફળરૂપે પ્રભુની પ્રસન્નતા જ વાંછી. વરદાન આપી ભગવાન પધારી ગયા પછી પ્રચેતસો જળમાંથી બહાર આવ્યા. તેમણે જોયું કે વૃક્ષો જાણે આકાશનો માર્ગ રોકી દેવા માંગતા હોય તેવા ઊંચા થયેલા હતાં, જેના કારણે પૃથ્વી ઢંકાઈ ગયેલી હતી. તે જોઈ તેમને વૃક્ષો ઉપર ભારે ક્રોધ ઉત્પન્ન થયો, જેના કારણે તેમના મુખમાંથી અગ્નિ પ્રકટ થયો અને સઘળા વૃક્ષો બળી ગયા. તે જોઈ બ્રહ્માજી ત્યાં આવ્યા અને નીતિવચનોથી પ્રચેતસોને શાંત કર્યા. બચી ગયેલા વૃક્ષોએ બ્રહ્માજીના કહેવાથી પોતાની **'મારિષા'** નામની કન્યાને પ્રચેતસોને આપી જેની સાથે તેઓએ બ્રહ્માજીની આજ્ઞાથી લગ્ન કર્યા. તેઓ પોતાને ઘેર આવી રાજ્યારૂઢ થયા. તે કન્યાથી તેમને ત્યાં દીકરો થયો, જેનું નામ **'દક્ષ'**. આજ સ્કંધમાં અગાઉ કહેલી 'સતી'નો પિતા, તે દક્ષ, જે

કર્મ નિષ્ણાત હતો, તેથી તેને 'દક્ષ' (પ્રવીણ) કહેવામાં આવ્યો. બ્રહ્માજીએ એ દક્ષનો પ્રજાપતિઓના અધ્યક્ષપદે અભિષેક કરી સૃષ્ટિની રક્ષા માટે નિમણુંક કરી.

● અધ્યાય ૩૧

આ અધ્યાયમાં નારદજીના ઉપદેશથી પ્રચેતસોના મોક્ષની અને 'દક્ષ'ને રાજ્ય પ્રાપ્તિની કથા કહેવામાં આવી છે. અહીં પ્રચેતસોને ભગવદ્ ભજનથી પ્રાપ્ત થયેલી સફળતા, અર્થાત્ તેઓને પરલોકના ફળની પ્રાપ્તિનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રચેતસોને ભગવાને કહેલી વાતનું સ્મરણ થઈ આવ્યું. તેથી તેઓએ પોતાની ભાર્યા **'મારીષા'**ને પોતાના પુત્રને સોંપી ઘરનો ત્યાગ કરી પશ્ચિમ દિશામાં સમુદ્ર કિનારે ગયાં, જ્યાં **'જાજલી'** ઋષિએ તપ કર્યું હતું. અહીં તેઓ **'આત્મ તત્ત્વ'**નું જ્ઞાન થાય તેમ પ્રાણ, મન, વાણી, દૃષ્ટિને વશ કરી, પરબ્રહ્મમાં ચિત્ત લગાડી બેઠા. ત્યારે નારદજી ત્યાં આવ્યા. મુનિને પધારેલા જોઈ પ્રચેતસોએ તેમની વિધિવત્ પૂજા કરી, આદર સત્કાર કરી બેઠા. ત્યારે તેમણે નારદજીને વિનંતી કરી કે મહાદેવજી તેમ જ ભગવાન વિષ્ણુએ અમને જે જ્ઞાન આપ્યું હતું તે વિસ્મૃત થઈ ગયું છે, તેથી આપ અમને તે જ્ઞાન આપો કારણ કે **જ્ઞાન ગુરુ દ્વારા જ મળે, અને ત્યારે જ ભગવાનને સમજી શકાય.** નારદજીએ વિસ્તારથી પ્રચેતસોને મોક્ષ માટે ઉપયોગી તે શિવજીના ઉપદેશનું સ્મરણ કરાવી કહ્યું કે **'ભગવદ્ ભજન કઠીન છે, પરંતુ ભગવદ્ ભજનથી જ સર્વ ફળ મળે. જો ભગવાન ન મળે તો ઉચ્ચકુળમાં જન્મ લેવાનું કે સત્કર્મનું પ્રયોજન નથી. જેવી રીતે મૂળમાં પાણી રેડીએ તો વૃક્ષ સમગ્ર પણે પોષાય, અને ડાળ, પાંદડાઓ પર પાણી રેડવું પડતું નથી. તેવી જ રીતે ભગવદ્ ભજનમાં બધું જ સમાઈ જાય છે.** તેમણે સમજાવ્યું કે **પ્રાણીમાત્ર પર દયા, મળે તેમાં સંતોષ, સર્વ ઈન્દ્રિયોનો સંયમ, અને વ્રત આદીના ઉપવાસથી, અવિદ્યાનો નાશ કરનાર ભગવાન જલ્દી પ્રસન્ન થાય છે.**

અહીં શંકા ઉદ્ભવે કે નારદે પ્રચેતસોને ઉપદેશ કર્યો, તે શું વ્યર્થ ગયો ? તેનું સમાધાન કરતાં કહે છે કે- **'આચાર્યવાન પુરુષ ભગવાનને જાણે છે'** એ શાસ્ત્ર વચન સત્ય થાય તે માટે નારદે પ્રચેતસોને ઉપદેશ કર્યો છે. અગાઉ શિવજીએ પ્રચેતસોને ઉપદેશ કરેલો તે સૃષ્ટિ કરવામાં અર્થાત્ વંશ મળાવવામાં ઉપયોગી થાય તે માટે ઉપદેશ કરેલો, જે મોક્ષ પ્રાપ્તિમાં ઉપયોગી ન હતું. વળી પ્રચેતસોએ કહ્યું શિવજીએ અને ભગવાને કરેલો ઉપદેશ અમે ભૂલી ગયા છીએ, તેથી આપ અમને અધ્યાત્મ જ્ઞાનનો ઉપદેશ કરે તે ઉપદેશ પ્રચેતસો ભૂલી ગયા તેનું કારણ બતાવતાં કહે છે તેઓ લાંબા સમય સુધી સંસારમાં રચ્યાપચ્યા રહેલા હોઈ ભગવદ્ ભજન કરી શક્યા ન હતાં.

શ્રી મહાપ્રભુજી નિબંધમાં સમજાવે છે કે **ભગવાનનું માહાત્મ્ય જાણીને આદરથી ભગવાનની સંપૂર્ણ રીતે સેવા કરવી જોઈએ.** આજ વાતનો નિર્દેશ આ સમગ્ર સ્કંધમાં અને તેના ચારેય પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

આ બધા જ પ્રકરણોનું શ્રવણ કરી વિદુરજી અતિ પ્રસન્ન થયા. **ભગવાનના ભજનથી જ સર્વફળ પ્રાપ્ત થાય છે, અન્ય કોઈ રીતે નહીં**, તેમ તેઓ આ કથા દ્વારા સમજ્યા, કે માહાત્મ્ય જાણીને ભગવાનનું ભજન/સેવા કરવાથી જ સર્વ ફળ પ્રાપ્ત થાય છે. વિદુરજીએ હૃદયમાં ભગવાનના ચરણાર્વિંદને ધારણ કર્યા અને આ જ્ઞાન આપનાર ગુરુ મૈત્રેયજીના ચરણ કમળને પણ મસ્તકે ધારણ કર્યા, જેથી તેઓ નિર્દોષ થયા અને ત્યાંથી ચાલી નિકળ્યા. તેમને ભજનની પ્રાપ્તિ થઈ હતી, જેથી તેમના બધા દોષ દૂર થયા એટલે પુન : હસ્તિનાપુર આવી તેનો અપકાર કરનાર ધૃતરાષ્ટ પર ઉપકાર કર્યો.

ચતુર્થ સ્કંધ સંપૂર્ણ

ગ્રંથ પ્રકાશનનું તાત્પર્ય

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના પ્રાકટ્યનો એક હેતુ શ્રીમદ્ ભાગવતજીના ગૂઢ અર્થને પ્રકાશિત કરવાનો હતો. તેઓ સ્વયં સુબોધિનીજીના મંગલાચરણમાં ખુલાસો કરે છે કે– '' આનંદ વિનાના આ લોકમાં શ્રી ભાગવતના અર્થ કરવા વાણીના પતિ વૈશ્વાનર સિવાય બીજો કોઈ સમર્થ નથી. તેથી મને મનુષ્ય દેહરુપ ધારણ કરીને શ્રી વ્યાસજીની માફક શ્રી લક્ષ્મીપતિએ આજ્ઞા આપી. એવી રીતે, જે કારણે કૃપા કટાક્ષ કરવામાં ચતુર થયા, એ કારણથી વિષ્ણુરુપ વ્યાસને પ્રિય ગૂઢ અર્થ અનેક રીતે હું આનંદપૂર્વક પ્રકટ કરું છું.''

તદર્થ શ્રી મહાપ્રભુજીએ ભાગવતજીના સાત પ્રકારે અર્થ કર્યા છે– (૧) શાસ્ત્રાર્થ (૨) સ્કંધાર્થ (૩) પ્રકરણાર્થ (૪) અધ્યાયાર્થ (૫) શ્લોકાર્થ (૬) શબ્દાર્થ અને (૭) અક્ષરાર્થ. પ્રથમ ચાર અર્થ તેમણે તત્ત્વાર્થદીપ નિંબધના 'ભાગવતાર્થ પ્રકરણ'માં નિરુપિત કર્યા છે, જ્યારે બાકીના ત્રણ અર્થ સુબોધિનીજીમાં આલેખ્યા છે. શ્રી ભાગવતનો અર્થ કરતી વખતે અક્ષરાર્થથી આરંભીને જે અર્થ કરવામાં આવે તે ક્રમશઃ આગળના અર્થને અનુકૂળ થવો જોઈએ. સંપૂર્ણ જે અર્થ કર્યો હોય તે ભાગવતના મુખ્યાર્થ–આનંદરુપ સાકાર ભાગવતની લીલા–સાથે સુસંગત થવો જોઈએ. આ સાત પ્રકારે, એકબીજા સાથે વિરોધ ન આવે તેમ અર્થ સમજાય ત્યારે સંસારબંધનમાંથી મુક્તિ મળે છે, ભક્તિ મળે છે.

શ્રી ભાગવતજીને યથાર્થ રીતે સમજવા માટે ભાગવતની કથાવસ્તુ સાથે ભાગવતાર્થ નિબંધ અને સુબોધિનીજીનું પણ વાંચન કરવું પડે, જે જુદાજુદા ગ્રંથરુપે ઉપલબ્ધ છે. અહીં, એ ત્રણેય ગ્રંથનું સમન્વયાત્મક ચિંતન કરવામાં આવ્યું છે, અર્થાત્ સંક્ષિપ્તમાં ભાગવતજી સાથે ભાગવતાર્થ નિબંધ અને સુબોધિનીજી પણ આલેખ્યા છે, જેથી તેનું સમગ્રપણે ચિંતન કરી શકાય, તે આ પ્રકાશનનો હેતુ છે. આ પ્રથમ ભાગમાં પહેલા ચાર સ્કંધો આવરી લેવામાં આવ્યા છે. આશા છે કે વાંચકવૃંદ તેનાથી લાભાન્વિત થશે.

–ડૉ. જયેન્દ્ર સોની

એમ.એ., એડ. ડીપ્લોમા વ.વેદાંત, પી.એચ.ડી.

Khushi Multi Prints
Mo. : 09227504555